ચોથી શ્રેણી

પુસ્તકઃ ૧૪

સોમવાર, તા. ૭મી જુલાઈ, ૨૦૧૪
આષાઢ ૧૬, ૧૯૩૬ શાકે

થી

ગુરૂવાર, તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૪
આષાઢ ૧૯, ૧૯૩૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૧૪)** **ચોથી શ્રેણી**

| **વિષય** | **અ નુ ક્ર મ ણિ કા** | **પાના નંબર** | |
|---|---|---|---|


**તા. ૭મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૧૬, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭ | ૧૦૦ |
| તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬) | ૧૦૧ | ૧૦૩ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૦૪ | ૧૪૧ |

**તા.૮મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૧૭, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૪૨ | ૧૫૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫૭ | ૨૩૧ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૩૨ | ૨૭૧ |

**તા.૯મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૧૮, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૭૨ | ૨૮૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૦ | ૩૪૧ |
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૩૪૨ | ૩૪૨ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૪૩ | ૩૭૮ |

**તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૪/આષાઢ ૧૯, ૧૯૩૬ શાકે**

| | | |
|---|---|---|
| પહેલી બેઠક | ૩૭૯ | ૪૧૯ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | | |
| બીજી બેઠક | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૨૦ | ૪૩૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૩૪ | ૪૮૯ |
| બિનસરકારી સંકલ્પો | ૪૯૦ | ૫૧૧ |

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૭મી જુલાઇ, ૨૦૧૪**
**આષાઢ ૧૬, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકામાં મંજૂર કરેલ નવા ફીડરો

* ૮૮૦૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકામાં કેટલા નવા ફીડરો મંજૂર કરવામાં આવેલા છે,

(૨) તે અન્વયે કયા કયા ફીડરો કાર્યરત છે, અને કયા કયા ફીડરો બંધ હાલતમાં છે, અને

(૩) તેને કેટલા સમયમાં કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નસવાડી તાલુકામાં એક નવું ફીડર મંજુર કરવામાં આવેલ છે, જેને ટૂંક સમયમાં કાર્યરત કરવામાં આવશે. જ્યારે બોડેલી અને સંખેડા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કોઈ નવીન ફીડર મંજુર કરવામાં આવેલ નથી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખેડૂતો માટે ખાસ પૂછ્યો છે. મેં પ્રશ્ન પૂછ્યો છે કે નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકામાં નવા કેટલા ફીડરો બનાવવામાં આવ્યા છે? ખેડૂતોને ૮ કલાક વીજળી મળતી નથી. આ જે ફીડરો છે એ જૂના છે. મેં પૂછ્યું હતું કે કેટલા મંજૂર કરવામાં આવ્યા? તો જવાબ આપ્યો છે કે નસવાડીમાં એક જ ફીડર મંજૂર થયેલ છે. હું પૂછવા માગું છું કે ખેડૂતોને ૮ કલાક વીજળી મળી રહે એના માટે નવા કોઇ ફીડર મંજૂર કરવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન છે કે બોડેલી અને સંખેડા તાલુકામાં એક પણ ફીડર મંજૂર કરવામાં આવેલ નથી ત્યારે આ ખેડૂતોની આપની પાસે વારંવાર રજૂઆતો થઇ છે ત્યારે એ ધ્યાને લઇને બોડેલી અને સંખેડા તાલુકાને પણ નવા ફીડર મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એ હું સમજું છું કે આમાં વધારે ફીડર બાયફર્કેશન કરવાની જરૂર છે. મારે સભ્યશ્રીને માહિતી આપવી છે કે આવતા દિવસોમાં નસવાડી, બોડેલી અને સંખેડામાં ૩ નવા સબ સ્ટેશનો ઉભા કરવા જઇ રહ્યા છીએ અને એમાં જે નસવાડી છે એની અંદર કાંડામાં સાઇટ સિલેક્શન થઇને જમીન માટે દરખાસ્ત કલેકટર પાસે છે. સૂર્યઘોડામાં પણ દરખાસ્ત કલેકટર પાસે છે. ભાગપુરમાં સાઇટ સીલેકશન થઇ ગયું છે અને પ્રપોઝલ કામગીરી ચાલી રહી છે. આ કામગીરી ચાલુ થઇ ગયા પછી આવતા દિવસોમાં ૪૨ હયાત ફીડરો છે, એમાંથી ૧૬ ફીડરોનું બાયફર્કેશન કરવામાં આવશે અને એની અંદર ખૂબ મોટા પ્રમાણમાં જ્યોતિગ્રામ અને એગ્રીકલ્ચરમાં, જ્યોતિગ્રામમાં ૯ અને એ.જી. ફીડરમાં ૭ એમ કુલ ૧૬ નવા ફીડરોનું બાયફર્કેશન આ ત્રણ નવા સબ સ્ટેશનોના કારણે કરવામાં આવશે. બીજો પ્રશ્ન છે એમાં એમની વાત સાચી છે કે અત્યારે એગ્રીકલ્ચરમાં કનેકશનોની તકલીફ છે. ઓવર લોડના કારણે હાલના ફીડરોમાં થોડી તકલીફ થઇ રહી છે. મૂળ કારણ એ છે કે વીજળી બીજેથી લાવવી પડતી હોય છે એના કારણે ૨–૩ કલાક કોઇવાર લોડ વધારે હોવાના કારણે અમુક એરિયામાં લોડ શેડીંગ કરીએ છીએ. જ્યારે બીજા સમયે વીજળી મળે છે ત્યારે વીજળી પાછી આપી દઇએ છીએ. આ બધું જ કરવાથી આ પ્રશ્નોનો સંપૂર્ણપણે કાયમ માટેનો ઉકેલ આવશે.

ડો. અનિલ જોષીયારા : આ જે ત્રણ તાલુકા નસવાડી, સંખેડા અને બોડેલી છે એ ફીડરોનું બાયફર્કેશન કરવાનું સરકારના ધ્યાન ઉપર ક્યારે આવ્યું? ધ્યાન ઉપર આવ્યા પછી અત્યાર સુધી શું શું કાર્યવાહી કરવામાં આવી? ઘણા સમયથી આ કર્યું નથી એના કારણે વીજળી મળતી નથી. એમણે જાતે સ્વીકાર્યું છે કે ૩–૩ કલાક સુધી વીજળી મળતી નથી.

શ્રી સૌરભ  પટેલ : આ કન્ટીન્યુઅસ પ્રોસેસ છે અને આ જાન્યુઆરી ૨૦૧૪માં આ લોડ શેડીંગનું પ્રમાણ વધારે આવ્યું એટલે એનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કર્યો. મારે સભ્યશ્રીને કહેવું છે કે આખી આદિવાસી પટ્ટીમાં અંબાજીથી ઉમરગામ સુધીમાં આ વખતે આપણે પ્રાયોરિટી એરિયા લીધો છે અને એમ્પીફિયરનો ઓવરલોડ ન હોવા છતાં વધારે સબ સ્ટેશનો કરવા માગીએ છીએ. આ વિસ્તારોના બધા સભ્યોને કહેવું છે કે ઓછામાં ઓછા ૫૦ નવા સબ સ્ટેશનો માત્ર આવતા દોઢ વર્ષમાં નાખવાનું મારું આયોજન છે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે આ ફીડરોના વિભાજનથી કયા કયા ગામોને લાભ થશે?

શ્રી સૌરભ  પટેલ : અત્યારે જે એક અમરોલી ફીડરનું કામ હાથ ઉપર લીધું છે. એ ૯૫ કિલોમિટરની લાઇન છે અને એસ.ટી.લાઇન ૯૫ કિલોમિટરની છે અને એસ.સી. લાઇન ૧૩૫ કિલોમિટર છે અને ૫૩ ગામડાં છે આને મોડિફાય કરીને આને બે ભાગ પાડ્યા છે. એક ૪૬ કિલોમિટર અને ૫૯ કિલોમિટર અને ૨૧ ગામડાં અને ૩૨ ગામડાં એમ કર્યા છે. મોડિફાય ૨૧ ગામડાં થયા છે અને પ્રપોઝ ૫૨ ગામડાં છે આમ કરીને ૫૩ ગામડાંમાં હાલમાં ૫૦૦૦ લોકો રહે છે એ ૫૦૦૦ રેશીડેશ્યલ કનેકશન છે. આને ૨૦૦૦ અને ૩૦૦૦ એ પ્રમાણે બાયફરકેશન કરવા માગીએ છીએ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, છોટાઉદેપુર તાલુકાના મીઠીબોર વિસ્તારના ૧૦ ગામો એ દાહોદ જિલ્લામાં દેવગઢબારિયા તાલુકાની ફિડર લાઇનથી જોડાયેલ છે. એ પ્રમાણે છોટાઉદેપુર  તાલુકાનું વછેડી ૬૬ કે.વી. સબસ્ટેશન છે, ત્યાં જોડી આપવા માટે અનેક વખત રજૂઆતો કરી છે. માનનીય મંત્રીશ્રી એવી સૂચના આપે કે છોટાઉદેપુર તાલુકાને વછેડી સબસ્ટેશનથી જોડી આપવામાં આવે.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અત્યારે માહિતી નથી, એટલે હું કહી શકતો નથી. સભ્યશ્રીની લાગણી સમજું છું. ત્યાં જોઇ લઇશું કરવા જેવું હશે તો કરી આપીશું.

શ્રી યોગેશ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ખેડૂતોને જ્યાં બોર કરવા માટે એને ૩૦ મિટરમાં લાઇટ કનેકશન આપવામાં આવે છે પણ ઘરગથ્થું લાઇટ આપવામાં આવતી નથી એનું કારણ શું? અને લાઇટ આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે બીજી નોટિસ આપવામાં આવે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, પ્રશ્નોત્તરીના પેટા પ્રશ્ન–૨ માં કયા ફીડરો બંધ હાલતમાં છે? એની સામે કોઇ જવાબ આપવામાં આવ્યો નથી તો મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ફીડર બંધ છે કે નહિ?

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફીડર બંધ થાય નહિ. જો બંધ હોય તો જે તે વીજળી જ્યોતિગ્રામની અને એગ્રીકલ્ચરની જાય છે એ બંધ થઇ જાય છે. લાઇટ જાય છે એ બરાબર પૂરતી જાય છે.

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ ખાલી/ચાર્જમાં હોવા બાબત**

* ૯૮૭૨ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં કુલ કેટલી અને તાલુકા વિકાસ અધિકારીઓની કઇ જગ્યાઓ કેટલા સમયથી ચાર્જમાં અથવા તો ખાલી છે, | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કુલ–૪ જગ્યાઓ ખાલી છે.<br>(૧) ઇડર તા. ૧–૧૧–૧૩ થી ખાલી<br>(૨) વડાલી તા. ૨૮–૨–૧૪ થી ખાલી<br>(૩) માલપુર તા. ૯–૫–૧૩ થી ખાલી<br>(૪) મેઘરજ તા. ૧–૧૧–૧૩ થી ખાલી |
| (૨) માલપુર તાલુકા વિકાસ અધિકારીની જગ્યા છેલ્લા ૧૨ માસ કરતા પણ વધુ સમયથી ચાર્જમાં ચાલે છે શું આ હકીકત સાચી છે, અને | (૨) હા. |
| (૩) જો હા, તો આના શાં કારણો છે? | (૩) તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં |

અધિકારીઓની ઘટ હોવાથી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી છે. તાલુકા પંચાયતની વાત કરીએ તો તા. ૯–૫–૨૦૧૩ થી અને તા. ૩૦–૬–૨૦૧૩ થી ટી.ડી.ઓ.ની જગ્યા ખાલી છે. ૨૦૧૨ થી વિસ્તરણ અધિકારી, સહકારની જગ્યા ખાલી છે. ૨૦–૯–૨૦૧૦થી આંકડા મદદનીશની જગ્યા ખાલી છે. આખો તાલુકો જો આ રીતે ચાલતો હોય તો કઇ રીતે વિકાસના કામો થવાના છે? એટલે હું સીધો પ્રશ્ન એ પૂછવા માગું છું કે કાયમી તાલુકા વિકાસ અધિકારી તમે મૂકવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે ટૂંક સમયમાં કે વહેલી તકે નહીં, પણ ચોકકસ કેટલા સમયગાળામાં આ તાલુકા વિકાસ અધિકારી મૂકવા માગો છો? ત્યાં આગળ કરાર આધારિત ટી.ડી.ઓ. મૂકયા છે. એમાં પરિસ્થિતિ એવી થાય છે કે એમની કોઇ જવાબદારી રહેતી નથી. આખા વર્ષના ગાળા દરમ્યાન ઘણા કામો થતાં હોય ત્યારે કદાચ કોઇ પ્રશ્ને મોટો ઇસ્યુ થાય તો કરાર આધારિતની જવાબદારી રહેતી નથી, તો જવાબદારી ફિકસ કરવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ૪ જગ્યા ખાલી છે. એક જગ્યા એવી છે કે જે એક જગ્યા એક વર્ષથી ખાલી છે.

અધ્યક્ષશ્રી : એ તો આમાં લખેલ છે. એમનો જવાબ આપોને.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : સભ્યશ્રીનો જે પ્રશ્ન છે. સ્વાભાવિક રીતે નાણા વિભાગે...

અધ્યક્ષશ્રી : ડિટેઇલમાં નહીં, ટૂંકમાં જવાબ આપો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠાની અંદર ચાર જગ્યા છે અને એક ભરાયેલી છે. ૩ જગ્યા ખાલી છે, પણ મારે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે...

અધ્યક્ષશ્રી : ગૃહને નહીં. ગૃહને જનરલ હોય. એમને સ્પેસિફિક જવાબ આપો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગે ૬૦ ટી.ડી.ઓ. ભરવા માટેની મંજૂરી આપી દીધી છે. જી.પી.એસ.સી.ની અંદર એની ઓનલાઇન અરજીઓ મંગાવી લીધી છે. ૩૦ તારીખે છેલ્લો દિવસ હતો. મારી દ્રષ્ટિએ આ ટી.ડી.ઓ.ની ભરતી થયા પછી સમગ્ર ગુજરાતની અંદર આ જગ્યાઓ ભરાઇ જશે. બાકી એમનો બીજો જે પ્રશ્ન છે, એમણે ટી.ડી.ઓ.નો જ પ્રશ્ન પૂછ્યો છે, એમણે ગ્રામ સેવક કે જે કાંઇ છે એ પ્રશ્ન પૂછ્યો નથી, અલગથી પૂછશે તો હું જવાબ આપીશ.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન કરાર આધારિત જે તમે ટી.ડી.ઓ. મૂકો છો, એક વર્ષની એની જવાબદારી હોય છે, એને કામ કરવામાં રસ નથી હોતો. અને કદાચ કોઇક કયાંક ગંભીર પ્રશ્ન ઉભો થાય ભ્રષ્ટાચાર કે ક્વોલિટી બાબતમાં તો એની કોઇ જવાબદારી ટી.ડી.ઓ. માટે ફીક્સ કરવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા: માનનીય અધ્યક્ષશ્રી, જે ટી.ડી.ઓ.ને કરાર આધારિત મૂકીએ છીએ એની વહીવટી જવાબદારી હોય જ છે. મારો સાહેબ, એક જ વિષય છે કે, આ વિષય છે એ, ૬૦ ટીડીઓ ભરાઇ જશે એટલે કરાર આધારિત ભરવામાં એની જગ્યાએ ફ્રેશ ટી.ડી.ઓ. આવી જશે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે, સાબરકાંઠા જિલ્લો અને અરવલ્લી જિલ્લામાં કુલ તેર તાલુકાઓ આવેલા છે. એમાંથી ચાર તાલુકાઓ એવા છે કે, ટી.ડી.ઓ.ની જગ્યાઓ ખાલી છે, પણ દુ:ખની બાબત એ છે કે, આ સરકારના કેબિનેટ મંત્રી શ્રી રમણલાલ વોરા સાહેબ છે એમની પણ, ૨૦૧૩થી એમની જગ્યા ટી.ડી.ઓ.ની જગ્યા છે. મારી કહેવાની બાબત એવી છે કે, મારા મત વિસ્તાર ખેડબ્રહ્મામાં તાલુકા વિકાસ અધિકારી છે, આ ચૂંટણી પહેલાં એમણે રાજીનામું આપ્યું હતું, આ રાજીનામું ન આપવાના લીધે એ કામ કરતા બંધ થયા છે, કામ કરતા નથી. હમણાં ૨૬મી જાન્યુઆરીએ માનનીય મુખ્ય મંત્રી અને હાલના પી.એમ.શ્રી જ્યારે ધ્વજવંદન કરવા..

અધ્યક્ષશ્રી : તમારો સવાલ જ પૂછો, આ ચાર જગ્યાઓ ખાલી છે, એના વિશે જ પૂછો. તમે પાંચમો તાલુકા વિકાસ અધિકારીનો પૂછો છો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬મી જાન્યુઆરી જયારે પી.એમ. સાહેબ ત્યાં ઉજવવાના હતા ત્યારે લોકાર્પણના કામો કરેલા એના કામોના પણ બિલો તાલુકા પંચાયત ખેડબ્રહ્મામાં બન્યા નથી, રાજીવ ગાંધી ભવનના અને સરદાર આવાસના પણ બિલો બન્યા નથી.

અધ્યક્ષશ્રી : નહી, તમારો પ્રશ્ન, તમે પ્રશ્ન ઉપર આવો, નહીં તો બેસી જાઓ. અત્યાર સુધી વર્ણન જ કર્યું છે.

શ્રી અશ્વિન કોટવાલ : હું એમ કહેવા માગુ છું કે, એમને નોકરી ત્યાં કરવી નથી, કામ કરતા નથી તો એમનું પણ જે મહેકમ છે એ રાજીનામું એમનું મંજૂર કરવા માગો છો કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્માની જગ્યા છે એ પી.ઓ. કમ ટી.ડી.ઓ.ની જગ્યા છે, એ જગ્યા ભરાયેલી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ઇડર, વડાલી, માલપુર અને મેઘરજમાં જે છ મહિના, બાર મહિના સુધી જગ્યાઓ ખાલી હતી. એવી જ રીતે મારા તલોદ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી હમણાં ૩૦-૬ના રોજ જ નિવૃત્ત થયા છે. માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છુ કે, મારે પણ એક વર્ષ સુધી આવી રાહ જોવી પડશે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યા ખાલી થશે એ જગ્યા ભરવા માટેનું આયોજન છે જ.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં તાલુકા વિકાસ અધિકારીની જે તે તાલુકા પંચાયતમાં જગ્યા ખાલી છે. તો વહીવટમાં કોઇ ગેરરીતિની ફરિયાદ મળી છે કે કેમ અને જગ્યા ખાલી હોવાથી ત્યાંની જનતામાં કોઇક વહીવટમાં નકારાત્મક અસર પડી છે, મારે જાણવું છે?

જયંતિભાઇ રા. કવાડીયા: એમાં વહીવટમાં કોઇ જગ્યાએથી ફરિયાદ આવી નથી અને કયાંય ને ક્યાંય ફરિયાદ આવી હોય તો, તરત જ નિકાલ કરી દઇએ છીએ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, આ કરાર આધારિત તાલુકા વિકાસ અધિકારી સિવાય રાજ્યામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, રેવન્યુ વિભાગમાં કરાર આધારિત જે કર્મચારીઓ મૂકવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : બધે ય કરાર આધારિત નહીં, આનું જ પૂછો તાલુકા વિકાસ અધિકારીનું.

શ્રી સી. કે. રાઉલજી : આ કરાર આધારિતનું પગાર ધોરણ શું છે અને આ કરાર આધારિત આ તાલુકા વિકાસ અધિકારીની નિમણૂક એક વર્ષથી ખાલી છે તો કરાર આધારિત રીતે કર્મચારીની નિમણૂક ક્યારે કરવામાં આવી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : કરાર આધારિત જે લોકો નોકરી કરવા માગતા હોય એવા લોકોની જયારે અરજી આવે છે, ત્યારે એની વિભાગ તરફ દરખાસ્ત આવે તો કરાર આધારિતને મૂકવાના હોય છે. સ્વાભાવિક રીતે, એના પગારનું ધોરણ છે એ, મૂળ પગારના ૪૦ ટકા હોય છે અને એ પગાર ધોરણના આધારે કરાર આધારિત ટી.ડી.ઓ.ની ભરતી કરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં પંચવટી યોજના પૂર્ણ થયેલ પંચવટીના કામો**

* ૯૨૩૧ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલી પંચવટી કામો પૂર્ણ થયેલ છે, અને | (૧) એકપણ નહિ. |
| (૨) બાકી પંચવટીના કામો કયા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચવટી યોજના શું છે? એમાં સહાયનું ધોરણ કેટલું છે? અને લોકફાળો કેવી રીતે આપી શકાય?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પંચવટી યોજનાનો મૂળ હેતુ એ છે કે ગામડાંમાં સિનિયર સિટિઝન વૃદ્ધો, બહેનો, કોઇ બાળકો જે રમાડવા માટેની ગામડાંની અંદર આ પંચવટી યોજના જે છે, એનું કાયદેસરનું બગીચા જેવું વાવેતર કરીને બેસવા લાયક સારી ગામડાંમાં જગ્યા બને એ આશય છે અને એના નિયમો છે. રાજય સરકારના માધ્યમથી એક લાખ રૂપિયા મળે છે અને પચાસ હજાર રૂપિયા ગામફાળો આપવામાં આવે છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે પંચવટી યોજનામાં જે લોકોને એક વખત લાભ મળે વૃદ્ધો, મહિલાઓ માટે અને બાળકોને રમવા માટે, પણ પંચાયત પાસે ફંડ હોતું નથી, એટલે એની અંદર આંકડા અને ઝાંખરા ઉગી નીકળે છે તો મેન્ટેનન્સ માટે કોઇ યોજના કરવામાં આવી છે કે કેમ? જેથી કરીને સતત એનું મેન્ટેનન્સ થઇ શકે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાએ પંચવટી બનાવવામાં આવી છે એમાં આવી કોઇ ફરિયાદ આવી નથી. અત્યારે ગામડાંના લોકો જાગૃત છે. બેસવા માટેની આ સારી જગ્યા છે અને એ જગ્યાની મરામત લોકો કરતા હોય છે. બાકીનું સૂચન છે.

**વ્યારા તાલુકામાં ઈન્દીરા આવાસ અને સરદાર આવાસ યોજના હેઠળ આવાસો/સહાય આપવા**

* ૯૫૪૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઈન્દીરા આવાસ અને સરદાર આવાસ યોજના હેઠળ આવાસો /સહાય આપવામાં આવી, અને

(૨) બાકી રહેતા ઈસમોને કેટલા સમયમાં આવાસો કે સહાય આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૬૮૭ લાભાર્થીઓને ઈન્દીરા આવાસ યોજના હેઠળ આવાસો /સહાય આપવામાં આવી જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ/સમયગાળો | આપેલ આવાસ |
|---|---|---|
| ૧ | તા. ૧–૬–૨૦૧૨ થી તા. ૩૧–૫–૨૦૧૩ | ૩૦૦ |
| ૨ | તા. ૧–૬–૨૦૧૩ થી તા. ૩૧–૫–૨૦૧૪ | ૩૮૭ |
| | **કુલ** | **૬૮૭** |

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના લાભાર્થીઓને સરદાર આવાસ યોજના હેઠળ આવાસો /સહાય આપવામાં આવી.

| | **આવાસ** | **સહાય (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ઈન્દીરા આવાસ | ૬૮૭ | ૨૮૧.૬૮ |
| સરદાર આવાસ | ૭૫૮૮ | ૨૪૩૬.૬૦ |

(૨) બનતી ત્વરાએ.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના હેઠળ કેટલા અરજદારોએ બે વર્ષમાં અરજી કરી અને વર્ષ દરમિયાન તાલુકામાં લક્ષ્યાંક ઇન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજનાનો કેટલો હતો?

અધ્યક્ષશ્રી : કેટલી અરજી આવી, કેટલાની મંજૂર કરી અને કેટલાને આપ્યા?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ૬૮૭ અરજી ઇન્દિરા આવાસમાં આવી, ૬૮૭ મંજૂર કરવામાં આવી. સરદાર આવાસમાં ૭૫૮૮ અરજી આવી. ૭૫૮૮ મંજૂર કરવામાં આવી. ઇન્દિરા આવાસમાં લક્ષ્યાંક કરતા

વધારે ફાળવવામાં આવ્યુ છે. અત્યારે કાયદેસર બધા લોકોને આપી દેવામાં આવ્યું છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે યુનિટ કોસ્ટ સરદાર આવાસમાં વધારવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ઇન્દિરા આવાસ અને સરદાર આવાસની ગાઇડલાઇન જુદી છે. ઇન્દિરા આવાસ જે તે લાભાર્થીને જગ્યા ઉપર બનાવી આપીએ છીએ અને ગામ તળની જગ્યા નીમ કરીને સરદાર આવાસ ગામની બહાર બનાવવામાં આવે છે એટલે મોટાભાગના સરદાર આવાસ ખંડેર થાય છે તો ઇન્દિરા આવાસની જેમ ગાઇડલાઇનમાં ફેરફાર કરીને સરદાર આવાસ પણ જે તે જગ્યા પર લાભાર્થીઓને આપવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર આવાસ કે ઇન્દિરા આવાસ મૂળ લાભાર્થીનો જયાં પ્લોટ હોય એને જ આ લાભ આપવામાં આવે છે બાકી કોઇપણ જગ્યાએ એમણે જે કાંઇ ફરિયાદ કરી છે એ ફરિયાદ કયાંય હોય તો મારા ધ્યાને મૂકશે તો સો ટકા એનું નિરાકરણ થશે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આવાસો કોના નામે ફાળવવામાં આવે છે અને છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસો મહિલાના નામે ફાળવવામાં આવ્યા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધયક્ષશ્રી, આવાસો ફાળવવા માટે જે નામનું પૂછયું છે, રાજય સરકારનો આશય છે કે મહિલાના નામે જયાં સુધી લાભાર્થીને લાભ મળતો હોય તો મહિલાને પહેલા લાભ આપીએ છીએ અને આની અંદર ૬૮૬માંથી ૪૦૩ મહિલાના નામે આ આવાસો આપવામાં આવ્યા છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૬૮૭ આવાસ મંજૂર કર્યા છે. બહુ સારી વાત છે, પણ એમાં પહેલો હપ્તો કેટલાને આપ્યો?, બીજો હપ્તો કેટલાને આપ્યો અને એમાં ફાઇનલ કેટલા થયેલા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો હપ્તો તો ૬૮૭ લોકોને જયારે મંજૂર કરવામાં આવે છે ત્યારે આપવામાં આવતો હોય છે. બીજો હપ્તો ૨૪૭ લોકોને આપ્યો છે. ત્રીજા હપ્તાના ૯૫ ટકા લોકોને પૂર્ણતાના આરે આપી દીધો છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૭–૨૦ ના ગુણાંક પાત્રતા ધરાવતા લાભાર્થીને ઇન્દિરા આવા યોજનાનો લાભ મળે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ઇન્દિરા આવાસના લાભાર્થીઓને ૦ થી ૧૬ સુધી લાભ અપાતો હતો. રાજયના મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો કે ૧૭ થી ૨૦ ના લોકોને જે સરદાર આવાસમાં લાભ આપવામાં આવતો હતો. આજે ૦ થી ૨૦ ના ગુણાકાર સુધી તમામને ઇન્દિરા આવાસનો લાભ આપવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરદાર આવાસ અને ઇન્દિરા આવાસ ફાળવ્યા છે, તેમાં પ્રથમ હપ્તો આપ્યા પછી કામની શરૂઆત જ ન કરી હોય તેવા કેટલા લાભાર્થીઓ છે? બીજું જ્યાં પ્લોટ પોતાના નથી હોતા ત્યાં સરકારશ્રી પ્લોટ ફાળવવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આમાં ઇન્દિરા આવાસમાં ૬૮૭ જેટલા અને સરદાર આવાસમાં ૭૮૮૮ જેટલા લાભાર્થીઓને કાયદેસરનો પહેલો હપ્તો આપવામાં આવ્યો છે. ત્યાં સંપૂર્ણ લોકોનું કામ ચાલુ છે.

**સાબરકાંઠા જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન**

* ૮૭૫૨ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તા અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન વિભાજીત કરવામાં આવેલ ફીડરોની સંખ્યા અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **વિભાજન કરવામાં આવેલ ફીડરોની સંખ્યા** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૭ | ૨૧૯.૫૫ |
| ૨૦૧૩–૧૪ | ૩૬ | ૨૭૭.૭૮ |

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લાની અંદર છેલ્લાં બે વર્ષમાં કેટલા ફિડરોનું તાલુકાવાર વિભાજન કરવામાં આવ્યું? એના માટે કેટલી લાઇન નાખવામાં આવી? એમાં કેટલો ખર્ચ થયો. બીજો પ્રશ્ન આ ફિડરોના વિભાજનથી ગ્રાહકોને શું શું ફાયદો થાય છે? ત્રીજો પ્રશ્ન છેલ્લાં બે વર્ષમાં કેટલાં સબસ્ટેશનો કાર્યરત થયાં? બીજા આવનારાં ર વર્ષમાં કેટલા કાર્યરત કરવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : જિલ્લાની અંદર કુલ ૫૯૨ ફિડરો છે, એની અંદર ૬૩ ફિડરોનું આ વખતે બાયફર્કેશન કરવામાં આવ્યું. જ્યોતિગ્રામ યોજનામાં ૧૮, એગ્રીકલ્ચરમાં ૩૪, અર્બનના ૫ અને ઉદ્યોગોના ૬ નો સમાવેશ થાય છે. જે તાલુકા વિશેની વાત કરી. હિંમતનગરમાં કુલ ૧૨, પ્રાંતિજમાં ૩, ઇડરમાં ૧૪, ખેડબ્રહ્મામાં ૪, વિજયનગરમાં ૩, ભીલોડામાં ૩, વડાલીમાં ૬, બાયડમાં ૨, ધનસુરામાં ૪, તલોદમાં ૩, વીરપુરમાં ૩, મોડાસામાં ૨, માલપુરમાં ૪ એમ ૬૩ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું છે. જે કામગીરી કરવામાં આવી છે. આ બધા જ ફિડરોની અંદર એની અંદર ૨૦૧૩–૧૪ ની વાત કરીએ તો હિંમતનગરમાં ૮.૭૫ કિ.મી. ૧૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઇડરમાં ૨૦ કિ.મી. માં ૭૮ લાખ, પ્રાંતિજમાં ૦.૧૨ કિ.મી.માં ૧.૨૩ લાખ, તલોદમાં ૭ કિ.મી. માં ૧૬ લાખનો, ખેડબ્રહ્માામાં ૧૧ કિ.મી. માં ૩૯ લાખનો, વિજયનગરમાં ૧૩ કિ.મી.માં ૪૭ લાખનો, મોડાસમાં ૩ કિ.મી. માં ૯ લાખનો, ભિલોડામાં ૨ કિ.મી.માં ૧૫ લાખનો, ધનસુરામાં ૩ કિ.મી.માં ૯ લાખનો, બાયડમાં ૧૩ કિ.મી. માં ૨૯ લાખનો, વીરપુરમાં માં ૪ કિ.મી.માં ૧૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. એવી રીતે કુલ ૭૮.૫૧ કિ.મી.માં ૨ કરોડ ૭૭ લાખનો ખર્ચો કરવામાં આવ્યો છે. સભ્યશ્રીએ સબસ્ટેશનની વાત કરી તો આવતા બે વર્ષની અંદર સાબરકાંઠા જિલ્લામાં ૧૪ નવાં સબસ્ટેશનોનું પ્લાન કરવાનું આયોજન છે. હિંમતનગરમાં ૪, ઇડરમાં ૧, ખેડબ્રહ્મામાં ૨, પ્રાંતિજમાં ૧, તલોદમાં ૩, વિજયનગરમાં ૩ એ પ્રમાણેનો સમાવેશ થાય છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ફિડરોના દબાણના લીધે ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારોમાં ડી.પી.ઓ ઉડી જાય છે. તો ડી.પી. ઓ બદલવાનો સમય ૧૦ થી ૧૫ દિવસનો લાગે છે, ત્યારે ચોક્કસ સમય મર્યાદામાં ડી.પી.બદલાઇ જાય તેવું આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, સમય મર્યાદાની અંદર થતું હશે. તે સિવાય સભ્યશ્રીના ધ્યાન ઉપર કંઇ આવે તો મારું ધ્યાન દોરે, તો ચોક્કસ તેના માટે કાર્યવાહી કરીશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા: માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં બે વર્ષમાં ૬૩ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે. આજે પણ ખેડૂતો છ–છ મહિનાથી વીજ કનેકશનના પૈસા ભરી અને પોતાના ખેતરમાં વીજ કનેકશન જોડાણ મળે તેની રાહ જોઇ રહ્યા છે.

અધ્યક્ષશ્રી : તેનો સવાલ નથી આ. આ ફીડર માટેનો સવાલ છે. પૈસા ભરીને વારો નથી આવતો, તે આમાં ન આવે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, છ–છ મહિનાથી વીજ કનેકશન મળતા નથી. ૬૩ વીજ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, ત્યારે મારે જાણવું છે કે પ્રાંતિજ અને તલોદમાં સંભવિત ૩–૩ જે નવા ફીડરો નાંખવાની વાત કરી છે, તે કંઇ કંઇ જગ્યાએ છે અને હાલ જગ્યાના પ્રશ્નના કારણે પ્રાંતિજમાં વીજ ફીડર ઉભું ન થયું હોય તેવું કંઇ છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,પ્રાંતિજમાં ૩ ફીડર નાંખીએ છીએ અને તે કયા ફીડર છે અને કયા ફીડરનું વિભાજન કરવામાં આવે છે, તે મારી પાસે અત્યારે આ ૬૩ ફીડરો છે, એટલે મારી પાસે છે નહીં. આ માહિતી હું ટેબલ ઉપર મૂકીશ.

અધ્યક્ષશ્રી : સારુ ટેબલ ઉપર મૂકી દેજો.

**નવસારી જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

* ૮૭૨૬ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂા. ૧/–લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં નવસારી જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં નવસારી જિલ્લામાં ૧૦૮૦ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી? | (૩) રૂા. ૧૦૨૦.૧૪ લાખ (અંકે રૂપિયા દશ કરોડ વીસ લાખ ચૌદ હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આ ધિરાણ મારફત સખી મંડળોને આર્થિક રીતે પગભર કરવા ખૂબ સારી રીતે આ યોજના ચલાવી રહી છે. તેનો નજીકથી હું સાક્ષી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછો. કયાં સાક્ષી રહ્યા અને કયાં તહોમતદાર થયા, એ જરૂર નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા સ્વસહાય જૂથોના બેન્ક લીંકેજ માટે કયા કયા પ્રયત્નો કરવામાં આવે છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે, સભ્યશ્રીએ જે વાત કરી કે રાજયની અંદર મહિલાઓ માટે આર્થિક પગભર કરવા માટેની સારામાં સારી યોજના આજે ગુજરાતમાં મહિલાઓના સ્વસહાય જૂથોના માધ્યમથી જે રીતે મહિલાઓની પ્રગતિ થઇ રહી છે તે ખરેખર નોંધપાત્ર છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન બેંક લીંકેજનો પૂછયો છે. તાલુકા વિકાસ અધિકારી, કે.એલ.એમ. અને પ્રોગ્રામ અધિકારી, ડી.ડી.ઓ.શ્રી, કલેકટરશ્રી આ બધા લોકો રીવ્યુ કમિટી બોલાવી જિલ્લાની બેન્કના તમામ અધિકારીઓને બોલાવી આ સખી મંડળની બહેનોને વ્યવસ્થિત ધિરાણ મળે, એનો વ્યવહાર સારો રહે, આ બધી કામગીરી કરવા માટે બેન્કના તમામ અધિકારીઓ, લીડ બેન્ક આ બધા ભેગા થઇ સ્વસહાય જૂથને પગભર કરવા માટે કાયમને માટે કલેકટર અને ડી.ડી.ઓ.ના માધ્યમથી સારી રીતે ધિરાણ કરે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મિશન મંગલમ્ યોજના હેઠળ નવસારી જિલ્લામાં માર્ચ ૨૦૧૪ અંતીત કુલ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી અને તે પૈકી માર્ચ ૨૦૧૪ અંતે કુલ કેટલા સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ અને બેન્ક ધિરાણ કેટલી રકમનું આપવામાં આવ્યું છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં ૨૦૧૪ અંતીત ૬૯૮૪ મહિલા જૂથો છે. જેમાં બેનનો પ્રશ્ન છે કે કેટલા લોકોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું તો તેમાં ૪૯૯૧ જૂથોને આ ફંડ આપવામાં આવ્યું છે. ૨૩૭૭ લોકોને બેન્કનું ધિરાણ આપવામાં આવ્યું છે.

**વલસાડ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

* ૮૮૬૨ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન વલસાડ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ।. ૭૨૭.૯૮ કરોડ. |
| (૨) વલસાડ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) કેમીકલ<br>(૨) પેપર<br>(૩) ઓટો મોબાઈલ્સ<br>(૪) લુબ્રીકન્ટ<br>(૫) યાર્ન |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૨૦૧૩-૧૪માં વાણિજય વેરાની જિલ્લાની કુલ રકમ દર્શાવી છે તે વલસાડ જિલ્લામાં વેટની તાલુકાવાર આવક શી છે? કયા તાલુકાએ વેટની આવક સૌથી વધુ આપી છે. વલસાડ જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટી દર્શાવી છે તેના પર વેરાનો દર શું છે અને વર્ષ ૨૦૧૩-૧૪માં આ કોમોડીટી દીઠ વેરાની રકમ કેટલી છે?

અધ્યક્ષશ્રી : વેરાનો દર કહેવાની જરૂર નથી. તે છાપેલ છે. તે તમારી માહિતીમાં હોવું જોઇએ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ કહ્યું એમાં કેમિકલ્સની અંદર વર્ષ ૧૩-૧૪ની અંદર ૮૦.૮૨ કરોડ, પેપરમાં ૪૯.૬૨ કરોડ, ઓટોમોબાઇલ્સમાં ૪૬.૬૬ કરોડ, લુબ્રીકન્ટસમાં ૩૧.૫૪ કરોડ, યાર્નમાં ૧૮.૮૮ કરોડ માનનીય અધ્યક્ષશ્રી, જે વેરાના દરની વાત કરી એ ચોપડીમાં દર નથી આપેલો એટલે સભ્યશ્રીને ખાલી માહિતી આપુ કે કેમિકલ્સમાં ૫ ટકા છે, પેપરમાં ૧૫ ટકા છે, ઓટોમોબાઇલ્સમાં ૧૫ ટકા છે, લુબ્રીકન્ટમાં ૧૫ ટકા છે અને યાર્નમાં ૫ ટકા છે. અને ત્રીજો જે એમણે સવાલ પૂછ્યો કે, તાલુકાવાઇસ તો વલસાડ તાલુકામાં ૯૨.૫૯ કરોડ, ધરમપુર તાલુકામાં ૨. ૮૬ કરોડ, કપરાડામાં ૩.૮૩ કરોડ, પારડીમાં ૧.૮૮ કરોડ, ઉમરગામમાં ૧૯.૬૧ કરોડ, વાપીમાં ૬૦૭.૨૭ કરોડ એમ કુલ ૭૨૭.૯૮ કરોડની આવક છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં જે આવક બતાવી છે, એમાં મારે ખાસ કરીને પૂછવું છે માનનીય મંત્રીશ્રીને કે ૨૦૧૩-૧૪માં રીફંડ માટે કેટલા લોકોએ અરજી કરી અને એમાં આજની તારીખે કેટલા લોકો બાકી છે?

શ્રી સૌરભ પટેલ : મારી પાસે અહીં એ માહિતી નથી. આપને જોઇશે તો હું અલગથી મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : રીફંડનો સવાલ જ નથી આમાં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પહેલા સાંભળો, હું એટલા માટે પૂછું છું કે ખાસ કરીને જે આવક બતાવવામાં આવી છે ૨૦૧૩-૧૪ની, એ આવકની અંદર રીફંડ માટેની કેટલાય લોકોની અરજી વર્ષ વર્ષ સુધી પેન્ડીંગ રહે છે.

અધ્યક્ષશ્રી : રીફંડનો સવાલ આપ પૂછી શકો છો, પણ એના માટે અલગથી સવાલ પૂછવો પડે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પણ મારે એ પૂછવું છે કે, આ બહુ મહત્વનો પ્રશ્ન છે. આખા ગુજરાતમાં રીફંડ માટે ત્રણ મહિનાના બદલે બાર બાર મહિના સુધી રીફંડ મળતું નથી, માટે આ પ્રશ્ન મારે પૂછવો છે.

અધ્યક્ષશ્રી : રીફંડનો સવાલ આમાં આવે નહીં. આ આવક આવે એમાં રીફંડ બાદ કરતા જે રકમ હોય એ જ આવક છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આવક લખી છે ત્યારે મારે એ પૂછવું છે કે આવક રીફંડ વગરની છે? આજે રીફંડ આપવાનું બાકી હશે એટલે આવક ન ગણાય.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક કન્ટીન્યુઅસ પ્રોસેસ છે અને રીફંડની અંદર સભ્યશ્રીના એસેસમેન્ટ થાય એ પ્રમાણે રીફંડ લોકોને આપતા જ જઇએ છીએ અને આપને કેટલું રીફંડ બાક છે એ જાણવું હશે તો આપને જોઇએ એ માહિતી અલગથી માગશો તો આપીશું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી પાસે હું જાણવા માગુ છું કે વેટના કાયદા અનુસાર વેરો ભરવાની શું જોગવાઇ છે, અને ક્યા વેપારીએ ફરજિયાત ઇ–રીટર્ન અપલોડ કરવું પડે છે અને ક્યા વેપારીએ ફરજિયાત ઇ–પેમેન્ટ કરવું પડે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ડિલરો ૬૦ હજારથી વધારે ટેકસ ભરતા હોય એમનો મહિનો પૂરો થાય એના ૨૨માં દિવસ પહેલા એ લોકોને આડવેરો ભરવો પડતો હોય છે. જે ડિલરોનો ટેકસ ૬૦ હજારથી ઓછો હોય એ લોકોને કવાર્ટર્લી ભરવો પડતો હોય છે અને કવાર્ટર પૂરું થાય એના ૨૨ દિવસ પહેલા ભરવો પડતો હોય છે. પેટ્રોલના ધંધામાં હોય, ડિઝલના ધંધામાં હોય એમને દર મહિને ૧૨ દિવસ પૂરા થયે ભરવો પડતો હોય છે. સુગર અને ખાંડસરીના ધંધામાં ૭૫ ટકા ઓફ ટેકસ મન્થલી બેઇઝ પર ભરવો પડતો હોય છે એટલે ૨૨ દિવસના કમ્પ્લીશનની અંદર ભરવાનો અને ૨૫ ટકા ટેકસ ૨૫મી નવેમ્બર સુધીમાં એ લોકોને ભરવો પડતો હોય છે. જે ઇ–રીટર્નની વાત કરી એમાં જે ૫૦ લાખ રૂપિયા ઉપર ટેકસેબલ ટર્નઓવર હોય એવા બધા જ ડિલરોને ઇ–રીટર્ન ભરવું ફરજિયાત છે સી.એસ.ટી. એકટની અંદર જે રજીસ્ટર થયેલા હોય એના માટે ફરજિયાત છે. બાકીના પ્રોડકટમાં ટીમ્બર, સીરામીક, સ્ક્રેપ આયર્ન સ્ટીલ, ટોબેકો પ્રોડકટ અને આવી પ્રોડકટને આપણે ઇ–રીટર્નની અંદર આજની તારીખમાં ફરજિયાત રાખ્યું છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વલસાડ જિલ્લામાં રાસાયણિક ખાતર ઉપર અત્યાર સુધીમાં કેટલો ટેકસ લેવામાં આવ્યો છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે, એમ્પવર્ડ કમિટીની અંદર વેટના રેટ નક્કી કરવામાં આવ્યા છે એ રેટના આધાર ઉપર જે આખા દેશની અંદર એ લોકોએ સ્પેસિફિક ગાઇડલાઇન આપી છે એ જ પ્રમાણે આ રાસાયણિક ખાતરમાં ગુજરાત સરકાર ટેકસ લે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે વલસાડ જિલ્લાની અંદર વર્ષ ૧૩–૧૪માં ૭૨૩.૯૮ કરોડની આવક થઇ હતી એ પેટે પેટ્રોલ–ડિઝલ ઉપર કેટલી આવક થઇ?

અધ્યક્ષશ્રી : આઇટમ વાઇસ જુદું જુદું ન હોય, કઇ કઇ આઇટમમાં કેટલા કેટલા આવ્યા એ જાણવું હોય તો અલગ પ્રશ્ન દેવો જોઇએ. એમાં એક એક આઇટેમ આવે, એમાં ઇલેકટ્રીક ઉપર કેટલા આવે, ઓટોમોબાઇલ્સ ઉપર કેટલા આવે, ગુડ્સ ઉપર કેટલા, આઇટમ મુજબ ન હોય એમની પાસે, સ્પેસિફિક તમે માગ્યું હોય પ્રશ્નમાં તો જ હોય..

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ આમાં આવકની જ વાત છે કે કેટલી આવક વલસાડ જિલ્લામાં થઇ?

અધ્યક્ષશ્રી : ટોટલ આવક બતાવે એક એક આઇટમ વાઇઝ ના હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : ટોટલ આવકમાં પેટ્રોલ ડિઝલની આવકનું પૂછી શકાય.

અધ્યક્ષશ્રી : ના, ના, એ જુદુ ના હોય. કોઇ બીજો પ્રશ્ન પૂછવો હોય તો પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : એ સિવાય વાણિજ્ય વેરાની પેટ્રોલ ડિઝલમાં માહિતી નથી આપતા તો કેટલા એવા એકમો છે વલસાડ જિલ્લાની અંદર કે છેલ્લાં પાંચ વરસની અંદર એ ઇન્ડસ્ટ્રીયલ એકમો પાસેથી વાણિજ્ય વેરાની કેટલી રકમ લેવાની નીકળે છે તે મારે જાણવું છે.

શ્રી સૌરભભાઇ પટેલ : મારી પાસે કયા એકમો પાસે કેટલા લેવાના નીકળે છે એની વિગત નથી પણ ટોટલ વિગત છે કે આજની તારીખમાં ૩૧–૩–૨૦૧૪ સેલ્સ ટેકસ એટલે કે જૂના કાયદા હેઠળ અને વેટ એટલે નવા કાયદા હેઠળ કુલ ૬૨૭.૭૩ કરોડ રૂપિયાનું લેણું બાકી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : વલસાડ જિલ્લામાં વાણિજ્ય વેરાની આવક બાબતમાં જે ઇ–પેમેન્ટની સુવિધા આપણે આપીએ છીએ. એમાં વેપારી વર્ગને કયો ફાયદો થાય છે અને કેટલી બેન્કો મારફતે ઇ–પેમેન્ટ સ્વીકારવામાં આવે છે?

શ્રી સૌરભભાઇ પટેલ : આ ટેકનોલોજીના જમાનાની અંદર જે ડિલરોને ૧૦ લાખ રૂપિયા ઉપરથી વધારે ટેક્સ ભરવાનો હોય છે એને ફરજિયાત ઇ–પેમેન્ટ દ્વારા જ ભરવો પડતો હોય છે અને આ લોકોને ફાયદાની વાત કરીએ તો ફીઝીકલ કોપી આપવાની જરૂર પડતી નથી એટલે સમય પણ બચે છે. કન્વીનીયન્ટ અને સિક્યોરિટી પણ રહે છે, કોઇપણ જગ્યાએથી એ ટેક્સ ભરી શકે છે. ૧૬ બેન્કો દ્વારા આપણે આ વ્યવસ્થા ગોઠવી છે અને હાલ ૨૦૧૩–૧૪માં રાજ્યના ૪૪૨૪૧ કરોડ રૂપિયાની આવકમાં ૭૭ ટકા એટલે કે ૩૪૦૯૪ કરોડ રૂપિયા ઇ–પેમેન્ટની સુવિધાથી આપે છે.

**જામનગર જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મંજૂર કરેલ મકાનો**

* ૮૭૦૮ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૦૫૫. |
| (૨) તે પૈકી કુલ કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) ૧૦૧૧. |
| (૩) કેટલા મકાનો બાંધવાનાં બાકી છે, અને | (૩) એકપણ નહિ (૪૪ મકાનો લાભાર્થીઓ કામ શરૂ કરવા માંગતા ન હોઈ રદ કરવામાં આવેલ હોઈ) |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં તાલુકા વાઇઝ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વરસમાં સરદાર આવાસ યોજનાના કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા અધૂરાં છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : સભ્યશ્રીએ જે પ્રશ્ન પુછ્યો છે એમાં જામનગર જિલ્લામાં ૯૪ મકાનો મંજૂર કરવામાં આવ્યા, એ ૯૪ મકાનો પૂર્ણ છે. ધ્રોલ તાલુકામાં ૫૨ મકાનો મંજૂર કરવામાં આવ્યા. ૪૮ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૪ મકાનો રદ કરવામાં આવ્યા છે, જોડીયા તાલુકામાં ૬૦ મકાનો મંજૂર કરવામાં આવ્યા, ૫૩ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૭ મકાનો રદ કરવામાં આવ્યા છે, કાલાવાડ તાલુકામાં ૨૩ મકાનો મંજૂર કરવામાં આવ્યા, ૨૦ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૩ મકાનો રદ કરવામાં આવ્યા છે, લાલપુર તાલુકામાં ૧૮૪ મકાનો મંજૂર કરવામાં આવ્યા, ૧૮૧ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૩ મકાનો રદ કરવામાં આવ્યા છે, જામજોધપુર તાલુકામાં ૧૭૭ મકાનો મંજૂર કરવામાં આવ્યા, ૧૬૦ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૧૭ મકાનો રદ કરવામાં આવ્યા છે, ભાણવડ તાલુકામાં ૧૦૩ મકાનો મંજૂર કરવામાં આવ્યા, ૯૬ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૭ મકાનો રદ કરવામાં આવ્યા છે, ખંભાળીયા તાલુકામાં ૨૨૪ મકાનો મંજૂર કરવામાં આવ્યા, ૨૨૪ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે, કલ્યાણપુર તાલુકામાં ૪૫ મકાનો મંજૂર કરવામાં આવ્યા અને ૪૫ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે, દ્વારકા તાલુકામાં ૯૩ મકાનો મંજૂર કરવામાં આવ્યા, ૯૦ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૩ મકાનો રદ કરવામાં આવ્યા છે,

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ ૧૦૧૧ જેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે તે પૈકીના કોઇ લાભાર્થીને પેમેન્ટ કરવાનું બાકી છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે મકાનો પૂર્ણ બતાવ્યા છે એ સોએ સો ટકા એ લોકોને છેલ્લાં હપ્તાથી મકાન પૂર્ણ કરીને પેમેન્ટ કરી દીધેલ છે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સરદાર આવાસ યોજના હેઠળ સહાય ચૂકવવાની પદ્ધતિ મુજબ કેટલા હપ્તામાં રકમ ચૂકવવામાં આવે છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : સરદાર આવાસ યોજનામાં ૩ હપ્તામાં સહાય ચૂકવવામાં આવે છે. જ્યારે લાભાર્થીનું મકાન મંજૂર કરવામાં આવે છે ત્યારે પહેલો હપ્તો ૨૧,૦૦૦ રૂપિયાનો ચૂકવવામાં આવે છે,

પછી બીજો હપ્તો ૧૫,૦૦૦ રૂપિયાનો ચૂકવાય છે અને છેલ્લે જ્યારે કમ્પ્લીશન સર્ટીફિકેટ જ્યારે આપવામાં આવે ત્યારે છેલ્લો હપ્તો ૯૦૦૦ રૂપિયાનો ચૂકવવામાં આવે છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૪૪ મકાન જે લાભાર્થી લેવા નથી માગતા તો આ સરકારની સારી સિધ્ધિ કહેવાય. અગાઉ સો રૂપિયામાં ફોર્મ વહેંચાયા હતા તેમાં એકેય મકાન આપ્યા નથી.

અધ્યક્ષશ્રી : તમારો સવાલ પૂછો, કાંઇ નથી. કાંતિભાઇ તમને જવાબ નટવરસિંહ આપે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની ઇંદિરા આવાસ યોજનામાં ૭૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે અને રાજ્ય સરકારની આ સરદાર આવાસ યોજનામાં ૪૫ હજારની સહાય આપવામાં આવે છે, જેના કારણે લોકોમાં રાજ્ય સરકારની યોજનાનો લાભ લેવાની બહુ ઇચ્છુકતા દેખાતી નથી, તો આપણે પણ કેન્દ્ર સરકારના ધોરણે સરદાર આવાસ યોજનાની સહાય ૭૦ હજાર રૂપિયા કરવા માગીએ છીએ કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા :માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના અત્યારના વડાપ્રધાન એમણે જે સૂચન કર્યુ તે કરીને ગયા છે. તેઓ અહીંયાથી મંજૂર કરીને ગયા છે.

અધ્યક્ષશ્રી : એમ નહીં, એ એમ કહે છે કે આખા હિન્દુસ્તાનમાં આવું કરાવો એમ કહે છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો જવાબ છે કે ઇંદિરા આવાસ યોજના એટલે ૦ થી ૧૬ના લાભાર્થી ૧૭ થી ૨૦ના લાભાર્થી માટે જ આ સરદાર આવાસ યોજના હતી. રાજયના મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન એ વખતે નિર્ણય કરીને ગયા છે કે ૧૭ થી ૨૦ના લોકોને ઇંદિરા આવાસનો લાભ મળશે.

અધ્યક્ષશ્રી : તેઓ એમ કહે છે કે ઇંદિરા આવાસ યોજનામાં ૪૫ હજાર કેન્દ્ર સરકાર આપે છે અને આપણે ૭૦ આપીએ છીએ તો કેન્દ્ર સરકાર ૭૦ આપે એવુ કરાવો.

શ્રી અમિત અ. ચાવડા : સરદાર આવાસના ૭૦ હજાર કરવા માગો છો કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબની અંદર કહી દીધું ૧૭ થી ૨૦ના લાભાર્થીને સરદાર આવાસ,

અધ્યક્ષશ્રી : અરે, કરવા માગો છો કે નહીં ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તે સભ્યશ્રીનું સૂચન છે.

**દાહોદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ માનવદિન**

* ૯૨૨૧ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયા, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ માનવદિન ઉત્પન્ન થયા.

| ક્રમ | તાલુકો | ઉત્પન્ન થયેલ માનવદિન (લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ |
| ૧ | દાહોદ | ૩.૪૧ | ૨.૭૪ |
| ૨ | દે. બારીયા | ૪.૧૬ | ૩.૧૯ |
| ૩ | ધાનપુર | ૩.૫૨ | ૨.૯૫ |
| ૪ | ફતેપુરા | ૩.૨૫ | ૦.૨૩ |
| ૫ | ગરબાડા | ૩.૭૬ | ૪.૯૮ |
| ૬ | ઝાલોદ | ૨.૧૬ | ૨.૧૧ |
| ૭ | લીમખેડા | ૪.૧૯ | ૫.૬૪ |

| | | | |
|---|---|---|---|
| | **કુલ** | **૨૪.૪૫** | **૨૧.૮૪** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા નીચે દર્શાવ્યા મુજબ માનવદિન ઉત્પન્ન થયા.

| **ક્રમ** | **તાલુકો** | **મહિલાઓ દ્વારા ઉત્પન્ન થયેલ માનવદિન (લાખમાં)** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૨-૧૩** | **વર્ષ ૨૦૧૩-૧૪** |
| ૧ | દાહોદ | ૧.૬૪ | ૧.૩૬ |
| ૨ | દે. બારીયા | ૧.૯૮ | ૧.૪૮ |
| ૩ | ધાનપુર | ૧.૬૫ | ૧.૩૮ |
| ૪ | ફતેપુરા | ૧.૩૮ | ૦.૧૧ |
| ૫ | ગરબાડા | ૧.૭૬ | ૨.૩૮ |
| ૬ | ઝાલોદ | ૦.૯૫ | ૦.૯૮ |
| ૭ | લીમખેડા | ૧.૯૯ | ૨.૭૨ |
| | **કુલ** | **૧૧.૩૫** | **૧૦.૪૧** |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર દાહોદ તાલુકામાં ૧૫,૫૯૭ કુટુંબોને રોજગારી આપવામાં આવી. દેવગઢબારીયામાં ૧૫,૧૭૧ લોકોને આપવામાં આવી, ધાનપુર તાલુકામાં ૧૩,૦૫૭ લોકોને આપવામાં આવી, ફતેપુરામાં ૮૩૭૧ લોકોને રોજગારી આપવામાં આવી, ગરબડામાં ૧૯,૩૩૭ લોકોને આપવામાં આવી, ઝાલોદની અંદર ૧૧,૬૩૯ લોકોને અને લીમખેડામાં ૨૧,૭૯૦ કુટુંબોને રોજગારી આપવામાં આવી. ટોટલ જિલ્લામાં ૧,૦૪,૯૬૨ લોકોને રોજગારી આપી.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે જાણવા માંગુ છું કે, દાહોદ જિલ્લામાં કઇ કઇ કેટેગરીમાં કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા અને આવા જે જોબકાર્ડ આપવામાં આવ્યા એવા જોબકાર્ડ ધારકોને રોજગારી મળી છે કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લાની અંદર ૨,૭૩,૮૫૬ લોકોને જોબકાર્ડ આપવામાં આવ્યા. જેમાંથી કામ કરવા માટે ૧,૮૬,૫૩૬ લોકોએ જોબકાર્ડનું કામ કર્યુ છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દાહોદ તાલુકામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી જોબકાર્ડ ધારકોએ કયા કયા પ્રકારના કામો શરૂ કર્યા? અને કેટલા પૂર્ણ થયા? અને કેટલા જોબકાર્ડ ધારકોનું ચૂકવણું કર્યુ છે અને કેટલું બાકી છે? બીજો પ્રશ્ન દાહોદ તાલુકામાં છેલ્લા પાંચ વર્ષથી મનરેગા યોજના હેઠળ કૂવાઓનું ખોદકામ જોબકાર્ડ દ્વારા પૂર્ણ કરેલ છે. છતાં પણ હજુ સુધી તેનું ચૂકવણું કરવામાં આવ્યુ નથી તે વાત સાચી છે? આ જોબકાર્ડ ધારકોનું ચૂકવણું કરવા માગો છો કે કેમ અને કયારે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પહેલો સવાલ હતો કે, આમાં કયા કયા પ્રકારના કામો કરવામાં આવે છે, તો આમાં ચેકડેમ, નવીન તળાવ, ખેત તલાવડી, માટીનો બંધ, ટેરેસ તલાવડી, નર્સરીનું વનીકરણ બનાવવામાં આવે છે, ગૌચર વિકાસની યોજના આમાં લઇ શકાય છે, રોડ સાઇડનું વનીકરણ કરવા માટે પણ લઇ શકાય છે અને કેનાલની સુધારણા માટે લઇ શકાય છે. સરકારી પડતર જમીન સુધારણા માટે પણ આમાંથી લઇ શકાય છે. આમ, અનેક કામો કરવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, મનરેગા યોજનાના ઉદ્ધેશો અને હેતુ શું છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મનરેગાનો હેતુ છે કે ગામડાંની અંદર જે ગરીબ માણસ હોય એનું જીવનધોરણ ઉંચું આવે, એના માટે આ યોજનાનો સાચો ઉદ્દેશ છે કે, આપણા રાજયમાં ગરીબમાં ગરીબ માણસ હોય એને રોજગારી મળે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, મારા દાહોદ જિલ્લામાં મનરેગા યોજનાનું કામ ચાલે છે, એ યોજનામાં મારા મતવિસ્તાર ધાનપુર, ગરબાડા અને દાહોદમાં કેટલી બહેનોને લાભ મળ્યો છે અને દાહોદ જિલ્લામાં આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલો ભ્રષ્ટાચાર થયો છે અને એ માટે સરકારે શું પગલાં લીધાં છે?

અધ્યક્ષશ્રી : આપની પાસે કંઇ માહિતી હોય તો કહો. ભ્રષ્ટાચાર થયો હોય અને પગલાં લીધાં હોય તો કહો.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર થયો હોય એવું કંઇપણ અમારા ધ્યાનમાં આવ્યું નથી.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ મનરેગા યોજનામાં મટીરીયલ અને મજદૂરીનો રેસિયો શું છે? કેટલા ટકા મટીરીયલ આમાં વાપરવા માટે પરમિશન આપવામાં આવે છે અને કેટલા ટકા મજદૂરી કરી શકીએ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો નિયમ છે કે આની અંદરથી ૪૦ ટકા મટીરીયલ પાછળ ખર્ચ કરી શકાય છે અને ૬૦ ટકા મજૂરી પાછળ ખર્ચ કરી શકાય છે.

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું અને અમારા માનનીય સભ્યશ્રીના ઉત્તરમાં કહ્યું કે, ગરીબ માણસો જ મનરેગા યોજનાનો ઉપયોગ કરે છે, પરંતુ એમાં જોબકાર્ડ ઇસ્યુ થયા પછી અને રોજી પર ગયા પછી પાંચ કે છ મહિને એને રોજી મળે છે, તો એ તાત્કાલિક એક બે દિવસમાં મળે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના ધ્યાનમાં કોઇ એવી બાબત હોય તો કે જે મજૂર કામ કરવા ગયો છે અને એને છ મહિનાની રોજગારી ન મળી હોય તો એ મારા ધ્યાને મૂકશે તો તાત્કાલિક એને ચૂકવણું કરવામાં આવશે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી મારફતે જાણવા માગું છું કે, આ મનરેગા યોજનાની અંદર ૨૦૧૩ની અંદર કુલ કેટલા જોબકાર્ડ નોંધાયા અને બીજો પ્રશ્ન એ છે કે એમને મીનીમમ કેટલી રોજગારી આપીએ છીએ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે દાહોદ જિલ્લામાં ૨૦૧૩માં જોબકાર્ડ જે આપવામાં આવ્યાં છે એ મેં પહેલા પ્રશ્નમાં પણ કહ્યું હતું કે, ૨ લાખ ૭૨ હજાર જોબકાર્ડ આપવામાં આવ્યાં છે અને એ જિલ્લામાં એનાથી માનવદિન ઉત્પન્ન થયા છે એ ૨૪ લાખ ૪૫ હજાર છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, એ તો ટોટલ જવાબ આપ્યો છે પણ મેં તો ૨૦૧૩–૧૪માં કેટલા નોંધાયા એનો પ્રશ્ન પૂછ્યો છે.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩–૧૪ના બે સંયુક્ત ભેગું છે. ૨ લાખ ૮૬ હજાર જોબકાર્ડ આપ્યાં છે એમાંથી ૧ લાખ ૮૬ હજાર હાજર રહ્યા છે જેના કુટુંબોએ લાભ લીધો છે.

**ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશનની માર્ગદર્શિકા ગ્રાહક ફરીયાદ નિવારણ**

* ૮૮૧૧ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશનની માર્ગદર્શિકા ગ્રાહક ફરીયાદ નિવારણ માટેની હોવા છતાં પી.જી.વી.સી.એલ ના ડીવીઝનોમાં તેનું પાલન થતું નથી શું સરકારે એ હકીકત | (૧) અને (૨) જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકો તરફથી મળેલ ફરિયાદોના નિવારણ માટે, નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની માર્ગદર્શિકા મુજબ. પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા રાજકોટ, ભાવનગર અને ભુજ એમ ત્રણ |

જાણે છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકારે શાં પગલા લીધા?

મુખ્ય મથકો ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના કરવામાં આવેલી છે.

તદ્અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪માં રાજકોટ ફોરમમાં ૫૮૩ ફરિયાદોમાંથી ૫૪૬, ભાવનગર ફોરમમાં ૩૧૭ ફરિયાદોમાંથી ૨૯૪ અને ભુજ ફોરમમાં ૧૧૧ ફરિયાદોમાંથી ૧૦૭ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવેલ છે.

આમ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની માર્ગદર્શિકા મુજબ ગ્રાહક ફરિયાદ નિવારણની કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ જ સ્પેસિફિક છે અને હું જયારે પણ પ્રશ્ન પૂછું છું ત્યારે એની ઝેરોક્ષ નકલ પણ રાખું છું. મેં પ્રશ્ન પૂછયો હતો ડી.જી.વી.સી.એલ.નો અને મને જવાબ પી.જી.વી.સી.એલ.નો આપવામાં આવ્યો છે. અહીં બહુ જ સ્પષ્ટ રીતે જર્ક તરફથી સૂચના આપવામાં આવી છે કે ડિવિઝન વાઇઝ રજીસ્ટર રાખવામાં આવે અને આપના ચેકિંગ દરમ્યાન પકડાયું છે કે એના ડિવિઝનમાં રજીસ્ટરર જ રાખવામાં આવતાં નથી. આ રિપોર્ટ છે અને એના સંદર્ભમાં જ મારો ડી.જી.વી.સી.એલ.નો પ્રશ્ન હતો. આ અતિ ગંભીર બાબત છે. મને આ ડી.જી.વી.સી.એલ.ના બદલે પી.જી.વી.સી.એલ.નો જવાબ આપવામાં આવ્યો છે. તો આ કેવી રીતે થઇ શકે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ખ્યાલ પ્રમાણે તો આ પી.જી.વી.સી.એલ.નો જ પ્રશ્ન છે, પરંતુ હું આજની તારીખમાં બૂકમાં પણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : અહીં બૂકમાં તો પી.જી.વી.સી.એલ. જ છાપેલું છે. સચિવશ્રી, પટેલ આ જરા જાઇ લો ને કે ખરેખર શું છે? એક મિનિટ એ ચેક કરે છે(અંતરાય)

શ્રી શક્તસિંહજી હ. ગોહિલઃ હું જયારે પ્રશ્ન પૂછું છું ત્યારે એની ઝેરોક્ષ રાખું છું અને એ પ્રમાણે તો આ ડી.જી.વી.સી.એલ. જ છે.

અધ્યક્ષશ્રી : આ જરાક અંગ્રેજીમાં લખ્યું છે તમે એમાં ડી કરીને જે વળાંક લખ્યો છે એટલા માટે એ પી કે ડી એ તમે જ લખેલ છે. એમાં તો એ પ્રમાણે જ છે એ જોવું હોય તો જોઇ લો. હવે અત્યારે તો આ ડી.જી.વી.સી.એલ.ના બદલે પી.જી.વી.સી.એલ.નો જ જવાબ છે એટલે તમારે એમાં કાંઇ પેટાપ્રશ્ન હોય તો પૂછી લો.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલઃ હું પેટાપ્રશ્ન ઉપર જ આવું છું. આમાં કોઇપણ અંગ્રેજી હેન્ડ રાઈટિંગના એકસપર્ટને બતાવવામાં આવે તો આ ડી જ છે એમ જ કહે, પરંતુ હું એના વિવાદમાં પડવા માગતો નથી, કારણ કે આ વિધાનસભા સચિવાલયની બાબત છે. મારો પ્રશ્ન એટલો જ છે કે ડી.જી.વી.સી.એલ હોય કે પી.જી.વી.સી.એલ. હોય માનનીય મંત્રીશ્રી આ આપની મોનોપેલાઇઝડ કંપની છે એટલા માટે આપની જવાબદારી વધારે થાય છે. ગ્રાહકોને બીજે જવાનો સ્કોપ નથી. આપને જર્કે કહ્યું કે ડિવિઝન વાઇઝ ફરિયાદ રજીસ્ટર રાખવાનાં છે. જે ડી.જી.વી.સી.એલ.માં નહોતાં રખાતા અને કયાં ડિવિઝન છે એનો રિપોર્ટ પણ મોકલ્યો છે. તો આવાં રજીસ્ટર નહીં રાખનાર ડિવિઝનોના અધિકારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલઃ મારે માનનીય સભ્યશ્રીને ખાલી એટલું જ કહેવું છે કે આ બહુ જ સિરીયસ બાબત છે અને એ અમે બહુ જ સિરીઅસલી લઇએ છીએ અને કાયદામાં જે જોગવાઇ છે એ પ્રમાણે આજની તારીખમાં મારી પાસે પી.જી.વી.સી.એલ.ની બધી જ માહિતી છે એ હું આપવા તયાર છું. કાયદામાં બહુ જ સ્પષ્ટ છે કે કલોઝ નંબર ૪૨ માં છે કે " Every distribution licensee shall, within six months from the appointed date or date of grant of license, whichever is earlier, establish a Forum for redressal of grievances of consumers in accordance with the guidelines as specified by the State Commission." આ જે ફોરમની અમે કામગીરી કરી છે અને એના કારણે આજની તારીખમાં પી.જી.વી.સી.એલ.ના રાજકોટ, ભાવનગર અને ભૂજ આ ત્રણેય જગ્યાએ અમે આ ફોરમ ઉભાં કર્યા છે અને એમાં રાજકોટ ૭ જિલ્લામાં કામગીરી કરે છે, ભાવનગર ચાર

જિલ્લામાં કામગીરી કરે છે અને ભૂજ એક જ જિલ્લામાં કામગીરી કરે છે. ૨૦૧૩–૧૪ માં કુલ ફરિયાદ રાજકોટમાં અમને ૫૮૩ મળી એમાંથી ૫૪૬ ફરિયાદોનો નિકાલ થયો છે, ભાવનગરમાં ૩૧૭ ફરીયાદ મળી એમાંથી ૨૯૪ નો નિકાલ થયો છે અને ભૂજમાં ૧૧૧ મળી અને ૧૧૭ નો નિકાલ થયો છે. મારી પાસે ડિટેઇલમાં માહિતી છે, પરંતુ હું સભ્યશ્રીને માહિતી આપવા માગું છું કે ૨૦૧૩–૧૪ માં જે ફરિયાદો મળી એ પેન્ડિંગ વત્તા જે રિસિવ કરી એ ૫૪.૩૮ ટકાનો નિકાલ અને ગ્રાહકોની ફેવરમાં આપેલ છે અને કંપનીના ફેવરમાં ૩૪.૪૨ ટકા ગઇ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ મારો સવાલ સીધો એટલે કે પોઇન્ટેડ એટલો જ છે કે આપે સકારાત્મક જવાબ આપ્યો છે એને હું આવકારું છું, પરંતુ ડી.જી.વી.સી.એલ.માં જર્કે કહ્યું છે એ પ્રમાણે ડિવિઝનમાં રજીસ્ટરો રાખવાનાં છે, પરંતુ ચેકિંગ દરમ્યાન એ રજીસ્ટરો મળ્યાં નથી. હું આપને એની વિગતો મોકલીશ, આપની સરકારમાં મેં રિપોર્ટ કર્યો છે અને આ ચેકિંગ મેં નથી કર્યુ, પણ ઇન્ડીપેન્ડન્ટ એજન્સીએ કર્યુ છે અને કહ્યું છે કે આવાં રજીસ્ટર નથી. ફરિયાદ કરવાનું તો બીજું સ્ટેજ આવે છે. તો જયાં આ રજીસ્ટરો નથી એવા ડિવિઝનના અધિકારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે વિધાનસભામાંથી પી.જી.વી.સી.એલ.નો પ્રશ્ન આવેલો એટલે અત્યારે માહિતી પી.જી.વી.સી.એલ.ની મારી પાસે છે, ડી.જી.વી.સી.એલ.ની માહિતી નથી, પણ આજની તારીખમાં દરેક સર્કલમાં આપણે આ પ્રમાણે મીટીંગો ગોઠવીએ છીએ અને આ ફરિયાદ સર્કલમાં આવી તો પી.જી.વી.સી.એલ.માં લેવાયેલ છે, જે પ્રમાણે ફરિયાદની લેવાની પદ્ધતિ બનાવી છે, એ પદ્ધતિના આધારે કોઇ પણ વ્યકિત ફરિયાદ કરી શકે છે અને જે વ્યકિત ફરિયાદ કરે તે વ્યકિતને સંતોષ ન મળે તો ઉપર પણ ફરિયાદ કરી શકે છે. એ ધ્યાનમાં રાખીને પી.જી.વી.સી.એલ.ની આ પ્રમાણે સંપૂર્ણ પણે રેગ્યુલેટરી કમિટીના નિયમો પ્રમાણે લીધી હતી અને જે કમિટી બનાવી હતી તે કમિટીએ નિકાલ કર્યો છે અને મોટા ભાગની ફરિયાદ પોઝીટીવ આવી છે તે પ્રમાણેની માહિતી છે.

અધ્યક્ષશ્રી : એ કહે છે કે પી.જી.વી.સી.એલ.ની માહિતી છે પણ ડી.જી.વી.સી.એલ. માં અમુક જગ્યાએ રજિસ્ટર જ નથી, તો એ તપાસ કરીને જોજો કે કયા ડિવીઝનમાં રજિસ્ટર નથી.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો આખો વિષય ડી.જી.વી.સી.એલ.નો હું સંપૂર્ણપણે અભ્યાસ કરી અને જે કંઇ કચાશ હશે તે કચાશ પૂર્ણ કરીશું. એટલું જ નહીં એમની ફરિયાદ છે એ વાત જો સાચી હશે તો અમો એનો પૂરેપૂરો ખુલાસો માગીશું કે કેમ નથી થયું, અને આ ફોર્મેશન આજે નથી થયું, આ સ્ટેટ કમિશનનું ફોર્મેશન છે તે રેગ્યુલેટરી કમિશન એકટમાં આપ્યું છે અને એ એકટને વર્ષો થયા છે, સરકારની જ ડીસ્ટ્રીબ્યુશન કંપની હોય તે બધી કંપનીમાં થતું હોય અને ડી.જી.વી.સી. એલ.માં ન થતું હોય તો તેના ઉપર યોગ્ય પગલાં લેવાશે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીજ કંપનીના ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમની રચના કયા નિયમોનુસાર કરવામાં આવી છે, તેમાં કેટલા સભ્યો હોય છે તેની પસંદગી કરવાના નિયમો શું છે, અને ફોરમને કયા પ્રકારની સત્તાઓ આપવામાં આવી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેની સમિતિ હોય છે તેમાં એક ચેરમેન હોય છે, એક ટેકનિકલ મેમ્બર અને એક ઇન્ડીપેન્ડેન્ટ વ્યકિત હોય છે, ચેરપર્સન રિટાયર્ડ ડિસ્ટ્રીકટ જજ, અથવા રિટાયર્ડ સિવિલ સર્વન્ટ નોટ બીલો ધ રેન્ક ઓફ કલેકટર, અથવા સિનિયર ઇલેકટ્રીકલ એન્જિનિયર, નોટ બીલો ધી રેન્ક ઓફ ચીફ એન્જિનિયર, એ પ્રમાણે બેમાંથી કોઇ એક વ્યકિતને ચેરમેન તરીકે મૂકી શકાય છે, અને આ સંપૂર્ણ પ્રોસેસ કરવામાં આવે છે તેમાં છાપામાં જાહેરખબર આપવામાં આવે છે એડવલપમેન્ટ લેવામાં આવે છે અને સિલેકશન કર્યા પછી ઓનરેબલ GERC ની મંજૂરી લેવામાં આવે છે. એ જ પ્રમાણે ઇન્ડીપેન્ડેન્ટ મેમ્બર છે તે કમિશન આપે છે, એટલે કન્ઝયુમર પ્રોટેકશન ઓર્ગેનાઇઝેશન છે તે એસોસિએશનના સભ્ય હોય છે તેના દ્વારા આપવામાં આવે છે.

**ગાંધીનગર જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો**

* ૮૭૦૦ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજના ગાંધીનગર જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે, | (૧) ૪ ગામો. |
| (૨) આ કામો તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ૧ કામ પૂર્ણ.<br>૩ કામોના ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ. છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે. અને | (૩) રૂા. ૭૦૧.૫૨ લાખ . |
| (૪) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે? | (૪) ૩ કામો ડીપીઆર તબક્કે હોઈ, ડીપીઆર મંજૂર થયા બાદ તેની તાંત્રિક અને વહીવટી મંજૂરી મળ્યા બાદ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રૂર્બન યોજના કયારથી અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે, અને જવાબમાં જણાવ્યું છે કે ૪ ગામો સમાવ્યા છે તો એ કયા કયા ગામો છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૨૦૧૦માં આવી, આ યોજનાનો મૂળ હેતુ ગામડાંમાં રહેતા માણસને શહેરો જેવું જીવન આપવાનો આ રાજય સરકારનો આશય હતો, એના કારણે આજે આ યોજના અમલમાં આવી છે, સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે આમાં કયા કયા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે તો પહેલા ફેઝની અંદર એક ગામનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, ગાંધીનગરના બીજા ગામો છે એમાં ૩ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને હું તે ગામોની યાદી આપી દઇશ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના તળે રૂર્બન પ્રોજેક્ટ તળે જે કામગીરી આખા રાજયમાં ચાલે છે એમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થાય છે તેવી અવાર નવાર રજૂઆતો રાજય સરકારને મળે છે કે કેમ? અને જો હા તો એ કોન્ટ્રાકટરો સામે કોઇ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જે ફરિયાદની વાત કરે છે, પણ આ યોજના હાલ ૭૯ ગામોમાં ચાલુ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**ભાવનગર જિલ્લામાં પંચવટી યોજનામાં પૂર્ણ થયેલ પંચવટી કામો**

* ૯૨૩૩ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ–૨૦૧૩–૧૪માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને | (૧) ૩ (ત્રણ). |
| (૨) બાકી પંચવટીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) બાકી ૩ (ત્રણ) પંચવટીના કામો સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

---------

**વડોદરા જિલ્લામાં ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે મળેલ અરજીઓ**

* ૮૭૦૭ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચોરસ વાર ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | શિનોર | ૧૧૬ | ૧૦૧ |
| ૨ | પાદરા | ૨૩ | ૦ |
| ૩ | ડભોઈ | ૨૫૦ | ૦ |
| ૪ | વાઘોડિયા | ૩૯ | ૦ |
| ૫ | સાવલી | ૦ | ૪૩ |
| ૬ | કરજણ | ૦ | ૧૧૯ |
| | **કુલ** | **૪૨૮** | **૨૬૩** |

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન નથી.

---------

**અમરેલી જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં વાયર બદલવાની કામગીરી**

* ૮૭૪૮ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ અમરેલી જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨)

''સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના'' હેઠળ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા અમરેલી જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૩૩.૧૮ લાખના ખર્ચે ૩૫૨ કિ.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વિવેકાધીન જોગવાઈ હેઠળ ગ્રાન્ટની ફાળવણી**

* ૮૭૫૭ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

રાજ્યમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨ વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન વિવેકાધીન જોગવાઈ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) રાજ્યમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વિવેકાધીન જોગવાઈ હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | ૨૦૧૧–૧૨ | ૩૨૩૨૧.૦૦ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૩૬૨૯૬.૦૦ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૩૬૨૯૬.૦૦ |

---------

**વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ**

* ૮૭૬૦ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૪૦૪૪ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૬૭૨ |
| ૩ | સાવલી | ૫૩૧ |
| ૪ | વાઘોડીયા | ૧૬૩ |
| ૫ | ડભોઈ | ૬૮૨ |
| ૬ | પાદરા | ૮૧૪ |
| ૭ | કરજણ | ૩૨૦ |
| ૮ | શિનોર | ૧૭૯ |
| | **કુલ** | **૭૪૦૫** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી ૨૬૯૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી?

(૩) રૂ. ૩૭૭.૪૭ લાખની સહાય (સબસીડી) ચુકવવામાં આવી.

---------

**અમદાવાદ હાટ ખાતે મેળાનું આયોજન**

* ૮૭૬૨ **શ્રી વલ્લભભાઈ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ હાટ ખાતે તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આવા મેળામાં કેટલા કારીગરોએ ભાગ લીધેલ છે, અને

(૩) મેળાવાર કેટલી રકમનું વેચાણ થયેલ છે?

**જવાબ**

(૧) ૫૩ મેળાનું આયોજન કરવામાં આવ્યું.

(૨) ૩૪૬૨ કારીગરોએ ભાગ લીધેલ છે.

(૩) મેળાવાર થયેલ વેચાણની રકમનું **પત્રક ''અ'' તથા ''બ''** સામેલ છે.

**વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન અમદાવાદ હાટમાં યોજાયેલ મેળાની વિગતો દર્શાવતું**

**પત્રક–અ**

| ક્રમ | તારીખ | મેળાનું નામ | થયેલ વેચાણ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ૪–૪–૧૨ થી ૧૦–૪–૧૨ | કુટિર મેળો | ૧૭૮૨૫ |
| ૨ | ૧૧–૪–૧૨ થી ૨૦–૪–૧૨ | કુટિર મેળો | ૨૫૫૯૦ |
| ૩ | ૨૧–૪–૧૨ થી ૩૦–૪–૧૨ | કુટિર મેળો | ૨૮૧૯૦ |
| ૪ | ૨૭–૫–૧૨ થી ૩–૬–૧૨ | કુટિર મેળો | ૨૯૪૧૪૭ |
| ૫ | ૧–૮–૧૨ થી ૭–૮–૧૨ | કચ્છ ક્રાફ્ટ મેળો | ૮૩૧૬૫૦ |
| ૬ | ૮–૮–૧૨ થી ૧૫–૮–૧૨ | કચ્છ ક્રાફ્ટ મેળો | ૮૩૫૬૬૧ |
| ૭ | ૧૬–૮–૧૨ થી ૨૨–૮–૧૨ | હાથશાળ – હસ્તકલા મેળો | ૮૮૭૫૨૫ |
| ૮ | ૨૩–૮–૧૨ થી ૨૯–૮–૧૨ | હાથશાળ – હસ્તકલા મેળો | ૮૮૫૪૮૦ |
| ૯ | ૩૦–૮–૧૨ થી ૬–૯–૧૨ | હાથશાળ – હસ્તકલા મેળો | ૮૯૫૮૮૩ |
| ૧૦ | ૮–૯–૧૨ થી ૧૪–૯–૧૨ | માટીકલા મેળો | ૧૪૬૦૨૦૦ |
| ૧૧ | ૧૫–૯–૧૨ થી ૨૨–૯–૧૨ | માટીકલા મેળો | ૧૪૬૧૫૨૪ |
| ૧૨ | ૨૩–૯–૧૨ થી ૩૦–૯–૧૨ | માટીકલા મેળો | ૧૪૭૬૫૩૦ |
| ૧૩ | ૨–૧૦–૧૨ થી ૮–૧૦–૧૨ | ગાંધી ખાદી મેળો | ૧૮૩૨૮૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ૯–૧૦–૧૨ થી ૧૫–૧૦–૧૨ | ગાંધી ખાદી મેળો | ૧૮૪૨૮૮૨ |
| ૧૫ | ૧૬–૧૦–૧૨ થી ૨૨–૧૦–૧૨ | હાથશાળ–હસ્તકલા મેળો | ૬૯૧૧૨૪ |
| ૧૬ | ૨૩–૧૦–૧૨ થી ૨૯–૧૦–૧૨ | હાથશાળ–હસ્તકલા મેળો | ૬૯૭૧૨૩ |
| ૧૭ | ૧૯–૧૧–૧૨ થી ૨૮–૧૧–૧૨ | હાથશાળ–હસ્તકલા મેળો | ૩૭૨૮૪૦ |
| ૧૮ | ૧૧–૧૨–૧૨ થી ૧૭–૧૨–૧૨ | હાથશાળ–હસ્તકલા મેળો | ૩૧૪૨૧૦ |
| ૧૯ | ૧૮–૧૨–૧૨ થી ૨૪–૧૨–૧૨ | હાથશાળ–હસ્તકલા મેળો | ૩૧૫૬૫૦ |
| ૨૦ | ૨૫–૧૨–૧૨ થી ૩૧–૧૨–૧૨ | હાથશાળ–હસ્તકલા મેળો | ૩૧૯૧૬૦ |
| ૨૧ | ૧૭–૧–૧૩ થી ૨૩–૧–૧૩ | સ્ટેટ હેન્ડલુમ એક્ષ્પો–૧૩ | ૧૬૮૫૪૨૦ |
| ૨૨ | ૨૪–૧–૧૩ થી ૩૧–૧–૧૩ | સ્ટેટ હેન્ડલુમ એક્ષ્પો–૧૩ | ૧૭૩૬૫૩૦ |
| ૨૩ | ૧–૩–૧૩ થી ૭–૩–૧૩ | કુટિર મેળો | ૫૯૮૫૨૦ |
| ૨૪ | ૮–૩–૧૩ થી ૧૫–૩–૧૩ | કુટિર મેળો | ૬૧૨૦૩૦ |

**વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન અમદાવાદ હાટમાં યોજાયેલ મેળાની વિગતો દર્શાવતું**

**પત્રક–બ**

| ક્રમ | તારીખ | મેળાનું નામ | થયેલ વેચાણ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ૩–૪–૧૩ થી ૯–૪–૧૩ | કુટિર મેળો | ૮૧૨૬૭૮ |
| ૨ | ૧૦–૪–૧૩ થી ૧૬–૪–૧૩ | કુટિર મેળો | ૫૮૨૭૩૫ |
| ૩ | ૧૭–૪–૧૩ થી ૨૪–૪–૧૩ | કુટિર મેળો | ૭૦૨૨૯૮ |
| ૪ | ૨૫–૪–૧૩ થી ૧–૫–૧૩ | કુટિર મેળો | ૪૨૧૦૫૦ |
| ૫ | ૨–૫–૧૩ થી ૭–૫–૧૩ | કુટિર મેળો | ૩૦૯૦૦૫ |
| ૬ | ૧૭–૫–૧૩ થી ૨૩–૫–૧૩ | કુટિર મેળો | ૩૨૯૭૩૦ |
| ૭ | ૨૪–૫–૧૩ થી ૩૧–૫–૧૩ | કુટિર મેળો | ૨૭૯૦૯૨ |
| ૮ | ૧–૬–૧૩ થી ૮–૬–૧૩ | કુટિર મેળો | ૧૨૭૦૧૦ |
| ૯ | ૯–૬–૧૩ થી ૧૬–૬–૧૩ | કુટિર મેળો | ૨૧૯૮૨૦ |
| ૧૦ | ૧૭–૬–૧૩ થી ૨૪–૬–૧૩ | કુટિર મેળો | ૯૨૨૨૭૯ |
| ૧૧ | ૨૫–૬–૧૩ થી ૩૦–૬–૧૩ | કુટિર મેળો | ૨૭૩૫૭૦ |
| ૧૨ | ૧–૭–૧૩ થી ૭–૭–૧૩ | કુટિર મેળો | ૨૧૨૨૧૫ |
| ૧૩ | ૮–૭–૧૩ થી ૧૪–૭–૧૩ | કુટિર મેળો | ૩૧૩૩૪૦ |
| ૧૪ | ૧૫–૭–૧૩ થી ૨૧–૭–૧૩ | કુટિર મેળો | ૪૩૫૬૦૦ |
| ૧૫ | ૨૨–૭–૧૩ થી ૩૧–૭–૧૩ | કુટિર મેળો | ૫૫૨૬૮૨ |
| ૧૬ | ૧–૮–૧૩ થી ૧૧–૮–૧૩ | રાખી મેળા | ૬૮૪૦૫૬ |
| ૧૭ | ૧૨–૮–૧૩ થી ૨૩–૮–૧૩ | રાખી મેળા | ૧૦૧૨૫૪૦ |
| ૧૮ | ૨૪–૮–૧૩ થી ૩૦–૮–૧૩ | કચ્છી હસ્તકલા મેળો | ૨૭૭૬૭૭૫ |
| ૧૯ | ૩૧–૮–૧૩ થી ૯–૯–૧૩ | માટી કલા મેળો | ૧૯૪૬૭૩૫ |
| ૨૦ | ૧૦–૯–૧૩ થી ૧૮–૯–૧૩ | માટી કલા મેળો | ૧૧૯૬૮૨૫ |
| ૨૧ | ૨–૧૦–૧૩ થી ૧૩–૧૦–૧૩ | ખાદી મેળો | ૨૪૮૭૦૦૦ |
| ૨૨ | ૨૨–૧૦–૧૩ થી ૩૧–૧૦–૧૩ | દિવાળી મેળો | ૨૭૪૫૦૦૦ |
| ૨૩ | ૮–૧૧–૧૩ થી ૧૫–૧૧–૧૩ | દિવાળી વેકેશન મેળા | ૩૯૦૩૬૫ |
| ૨૪ | ૧૬–૧૧–૧૩ થી ૨૫–૧૧– | વુલન મેળા | ૧૧૯૭૬૯૦ |

| | ૧૩ | | |
|---|---|---|---|
| ૨૫ | ૧–૨–૧૪ થી ૫–૨–૧૪ | કુટિર મેળો | ૨૬૫૩૧૦ |
| ૨૬ | ૧૨–૨–૧૪ થી ૧૯–૨–૧૪ | કુટિર મેળો | ૫૩૩૪૦૦ |
| ૨૭ | ૧–૩–૧૪ થી ૧૦–૩–૧૪ | ફાલગુન મેળો | ૮૮૦૨૪૦ |
| ૨૮ | ૧૧–૩–૧૪ થી ૧૫–૩–૧૪ | કુટિર મેળો | ૨૦૫૨૬૫ |
| ૨૯ | ૧૮–૩–૧૪ થી ૩૦–૩–૧૪ | મસાલા મેળો | ૧૦૬૦૪૮૦ |

---------

**અમરેલી જિલ્લાના મુસાફરોને આંતર રાજ્ય હવાઈ મુસાફરીનો લાભ**

* ૯૭૭૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી શહેરમાં આવેલ હવાઈ પટ્ટીને કાર્યાન્વિત કરવા સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત હવાઈ પટ્ટીને કાર્યાન્વિત કરી અને અમરેલી જિલ્લાને હવાઈ મુસાફરીની સુવિધા ક્યારે આપવામાં આવશે, અને

(૩) ઉપરોક્ત સુવિધા પ્રાપ્ત થતા અમરેલી જિલ્લાને શું શું લાભ મળશે?

**જવાબ**

(૧) અને (૨) અમરેલી હવાઈ પટ્ટી હાલમાં કાર્યાન્વિત છે.

પરંતુ પુરતા પ્રમાણમાં ટ્રાફિક ઉપલબ્ધ ન હોવાના કારણે કોમર્શિયલ ઓપરેશન હાલમાં શરૂ થઇ શકેલ નથી.

(૩) આ સુવિધા પ્રાપ્ત થવાથી આ વિસ્તારના આર્થિક, સામાજીક ક્ષેત્રો સહિત સર્વાંગી વિકાસમાં વેગ આવશે.

---------

**જૂનાગઢ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

* ૮૭૨૩ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે?

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૯૪૦ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી ૩૨૧ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૧૭,૫૫,૦૦૦/–રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં વાયર બદલવાની કામગીરી**

* ૮૭૪૭ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરીત વાયર બદલવાની કામગીરી હેઠળ કચ્છ જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨)

''સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના'' હેઠળ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા કચ્છ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૬૭.૯૬ લાખના ખર્ચે ૪૨૪ કિ.મી. જર્જરીત વીજ વાયર બદલવામાં આવેલ છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પંચવટી યોજનામાં પૂર્ણ થયેલ પંચવટીના કામો

* ૯૨૩૨ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ–૨૦૧૩–૧૪ માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને | (૧) ૨ પંચવટી. |
| (૨) બાકી પંચવટીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

## રાજ્યમાં નવી આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન

* ૮૭૬૪ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય શ્રમ રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કેટલી નવી આઇ.ટી.આઇ. શરૂ કરવાનું આયોજન છે, અને | (૧) ૪૫. |
| (૨) તેમાં ટ્રેડવાર કેટલી નવી બેઠકો ઉમેરવાનું આયોજન છે ? | (૨) ૯૦૦૦ બેઠકો જેની ટ્રેડ વાર વિગત નીચે મુજબ છે. |

| | ટ્રેડનું નામ | બેઠકો |
|---|---|---|
| (૧) | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) | ૯૬ |
| (૨) | કારપેન્ટર | ૧૬ |
| (૩) | કેટરીંગ એન્ડ હોસ્પિટાલિટી આસીસ્ટન્ટ | ૩૨ |
| (૪) | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧૮૦૦ |
| (૫) | કટીંગ એન્ડ સુઇંગ | ૩૨૦ |
| (૬) | ડીજીટલ ફોટોગ્રાફર | ૪૪૮ |
| (૭) | ડ્રાફ્ટસમેન સિવિલ | ૬૪ |
| (૮) | ઇલેક્ટ્રીશીયન | ૩૨૦ |
| (૯) | ઇલેક્ટ્રોપ્લેટર | ૩૨ |
| (૧૦) | ફાયનાન્સ એક્ઝિક્યુટીવ | ૪૬૦ |
| (૧૧) | ફાયર ટેકનોલોજી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી મેનેજમેન્ટ | ૨૦૦ |
| (૧૨) | ફીટર | ૬૦૮ |
| (૧૩) | હેર એન્ડ સ્કીન કેર | ૪૦૦ |
| (૧૪) | હેલ્થ સેનીટરી ઇન્સ્પેક્ટર | ૧૬ |
| (૧૫) | હેલ્થ સેનીટરી એન્ડ એન્વાયર્નમેન્ટ | ૧૪૦ |
| (૧૬) | હ્યુમન રિસોર્સ એક્ઝિક્યુટીવ | ૪૦ |
| (૧૭) | ઇન્ડસ્ટ્રીયલ પેઇન્ટર | ૮૦ |
| (૧૮) | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) | ૩૨ |
| (૧૯) | માર્કેટીંગ એક્ઝિક્યુટીવ | ૪૪૦ |
| (૨૦) | મીકેનીક રીપેર એન્ડ મેન્ટેનન્સ ઓફ હેવી વ્હીકલ્સ | ૧૨૮ |
| (૨૧) | મીકેનીક રીપેર એન્ડ મેન્ટેનન્સ ઓફ લાઇટ વ્હીકલ્સ | ૧૨૮ |
| (૨૨) | મીકેનીક કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનીક્સ | ૧૪૦ |
| (૨૩) | મીકેનીક ડીઝલ | ૩૨૦ |
| (૨૪) | મીકેનીક ઇન્ડસ્ટ્રીયલ ઇલેક્ટ્રોનીક્સ | ૪૦ |
| (૨૫) | મીકેનીક મેન્ટેનન્સ (કેમીકલ પ્લાન્ટ) | ૩૨ |
| (૨૬) | મીકેનીક મેટાટ્રોનીક્સ | ૬૪ |
| (૨૭) | મીકેનીક મેડીકલ ઇલેક્ટ્રોનીક્સ | ૩૦૦ |
| (૨૮) | મીકેનીક મોટર વ્હીકલ્સ | ૨૮૮ |
| (૨૯) | ફોટોગ્રાફર | ૩૨ |

| | | |
|---|---|---|
| (૩૦) | ફિઝિયોથેરાપી ટેકનીશીયન | ૩૫૨ |
| (૩૧) | પ્લમ્બર | ૧૬૦ |
| (૩૨) | રેડિયોલોજી ટેકનીશીયન (રેડિયો ડાયગ્નોસિસ એન્ડ રેડિયોથેરાપી) | ૩૫૨ |
| (૩૩) | સેક્રેટરીયલ પ્રેકટીસ | ૨૮૮ |
| (૩૪) | સ્ટેનોગ્રાફી (હિન્દી) | ૩૨ |
| (૩૫) | સ્ટુઅર્ટ | ૪૮ |
| (૩૬) | સર્વેયર | ૩૨ |
| (૩૭) | ટુલ એન્ડ ડાઈ મેકર (ડાઈઝ એન્ડ મોલ્ડ્સ) | ૪૮ |
| (૩૮) | વેલ્ડર | ૨૮૮ |
| (૩૯) | વાયરમેન | ૩૮૪ |
| | **કુલ:-** | **૯૦૦૦** |

---------

## સુરત જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૮૮૬૩ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન સુરત જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂા. ૪૫૭૩.૫૮ કરોડ. |
| (૨) સુરત જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) (૧) નેચરલ ગેસ<br>(૨) યાર્ન<br>(૩) ઓટોમોબાઈલ્સ<br>(૪) આયર્ન સ્ટીલ<br>(૫) ડાઈઝ એન્ડ કેમીકલ |

---------

## અમરેલી જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

* ૮૬૯૮ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં અમરેલી જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે, | (૧) ૬ (છ). |
| (૨) આ કામો તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ૪ કામો પ્રગતિમાં<br>૨ કામોના ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂા. ૩૭૯૩.૦૪ લાખ. |
| (૪) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ? | (૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

* ૮૬૯૯ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે, | (૧) ૧૮ ગામો. |
| (૨) આ કામો તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ૫ કામો પૂર્ણ<br>૩ કામો પ્રગતિમાં.<br>૧૦ ગામોના ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ. |

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂા. ૪૩૦૩.૨૦ લાખ.

(૪) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

(૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ.

---------

**પાટણ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ**

૯૨૩૯ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨–૧૩માં થયેલ ખર્ચ | વર્ષ ૨૦૧૩–૧૪માં થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૩૮૫.૨૪ | ૧૭૧.૯૬ |
| ૨ | સિધ્ધપુર | ૧૧૬.૩૯ | ૧૪૬.૦૧ |
| ૩ | ચાણસ્મા | ૧૬૯.૭૮ | ૧૨૨.૫૮ |
| ૪ | હારીજ | ૨૬૧.૮૮ | ૧૫૮.૪૧ |
| ૫ | સમી | ૬૮૨.૪૬ | ૨૨૯.૭૯ |
| ૬ | રાધનપુર | ૩૪૯.૭૩ | ૧૫૪.૨૭ |
| ૭ | સાંતલપુર | ૩૪૧.૮૩ | ૧૯૩.૦૪ |
| | **કુલ** | **૨૩૦૭.૩૧** | **૧૧૭૬.૦૬** |

(૨) તે પૈકી વર્ષવાઈઝ અને તાલુકાવાઈઝ માલસામાન અને વેતન (મજુરી) ના ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨–૧૩નો ખર્ચ | | વર્ષ ૨૦૧૩–૧૪નો ખર્ચ | |
|---|---|---|---|---|---|
| | | માલ સામાન | વેતન | માલ સામાન | વેતન |
| ૧ | પાટણ | ૨૩૪.૪૫ | ૧૩૮.૯૮ | ૬૪.૦૧ | ૯૭.૪૯ |
| ૨ | સિધ્ધપુર | ૫૮.૬૬ | ૫૦.૩૧ | ૪૫.૧૦ | ૯૩.૮૧ |
| ૩ | ચાણસ્મા | ૯૯.૬૫ | ૬૧.૮૯ | ૭૬.૮૦ | ૩૮.૬૪ |
| ૪ | હારીજ | ૧૫૮.૪૭ | ૯૫.૮૬ | ૯૯.૬૭ | ૫૧.૫૫ |
| ૫ | સમી | ૪૩૨.૨૫ | ૨૩૭.૫૭ | ૧૦૬.૬૬ | ૧૧૪.૯૦ |
| ૬ | રાધનપુર | ૨૩૮.૦૮ | ૧૦૧.૧૪ | ૧૨૩.૦૦ | ૨૨.૦૮ |
| ૭ | સાંતલપુર | ૨૨૧.૭૪ | ૧૧૨.૬૧ | ૯૮.૩૨ | ૮૫.૭૯ |
| | **કુલ** | **૧૪૪૩.૩૦** | **૭૯૮.૩૬** | **૬૧૩.૫૬** | **૫૦૪.૨૬** |

---------

**વિસાવદર તાલુકામાં કૃષિ વિષયક વિજ જોડાણો**

૯૯૨૮ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ વિસાવદર તાલુકામાં ખેડૂતોને કૃષિ વિષયક વિજ જોડાણો એકજ સર્વેમાં બે વિજ જોડાણો મિલકતના ભાગ પડતા આપવામાં આવતા નથી, તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો આવા કિસ્સામાં વિજ જોડાણો આપવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) : ના, જી.

નામ. ગુજરાત વીજ નિયમન પંચના સપ્લાય કોડ નોટીફીકેશન નંબર ૧૧–૨૦૦૫ના સેક્શન ૪–પ્રોસીઝર ફોર ગ્રાન્ટ ઓફ સપ્લાય, પેરા નંબર ૪.૧.૧૭ મુજબ એક જ પ્રીમાઇસમાં એક કરતાં વધુ વીજ જોડાણ આપી શકાતા નથી. પરંતુ જો એક જ સર્વે નંબર વાળી જમીનના કૃષિ વિજ

જોડાણની અરજીની તારીખ પહેલાં,ભાગ પડેલ હોય અને તે અંગેના દસ્તાવેજી પુરાવા સીધી લીટીના વારસદાર દ્વારા રજુ થયા હોય તો નવા સર્વે નંબરમાં અરજદારને કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે.

---------

## રાજ્ય સરકારનું દેવું

૯૪૯૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારનું દેવું કેટલું છે ?

**જવાબ**

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | કુલ દેવું |
|---|---|
| ૨૦૧૩–૧૪ (સુધારેલ અંદાજ મુજબ) | ૧૫૦૧૫૩ |

---------

## ખાનગી ઉદ્યોગ ગૃહો પાસે વીજળી ખરીદવા બાબત

૯૮૫૫ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવી, અને

(૨) ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી વીજળી ખરીદવાના શા કારણો છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદી તથા તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| છેલ્લા બે વર્ષની વિગત | મિ. યુ. | દર (રૂા./યુનીટ) |
|---|---|---|
| ૧.૦૬.૧૨ થી ૩૧.૦૫.૧૩ | ૨૪૭૮૧ | ૨.૯૯ |
| ૧.૦૬.૧૩થી ૩૧.૦૫.૧૪ | ૨૯૨૫૩ | ૨.૯૧ |

(૨) સમગ્ર દેશની વધતી જતી વીજ માંગને અનુલક્ષીને વીજ ઉત્પાદનમાં ખાનગી સાહસોના મુડી રોકાણને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની નીતિ તેમજ તે અન્વયે ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩માં થયેલ જોગવાઈઓ અને કેન્દ્ર સરકારની નેશનલ ટેરીફ પોલીસી ૨૦૦૬ની માર્ગદર્શિકાને અનુરૂપ રહીને રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પર્યાપ્ત વીજ પૂરી પાડી શકાય તે ધ્યાનમાં રાખીને વિવિધ સ્ત્રોતો મારફત વીજ ખરીદવામાં આવે છે. તદ્ઉપરાંત સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી (સી.ઈ.એ.) ના સર્વેના આધારે રાજ્યની લાંબાગાળાની વીજ જરૂરિયાત તેમજ તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગ ધ્યાનમાં રાખીને, નામદાર વીજ નિયમન આયોગની મંજૂરી મેળવીને લાંબાગાળાના વીજ ખરીદી કરારો કરવામાં આવે છે અને જે તે સમયની વીજ માંગ તેમજ વીજ મથકોની માલિકીને નહી, પરંતુ સૌથી સસ્તા બળતણ ખર્ચના ભાવના ક્રમ મુજબ વીજ ખરીદી કરવા અંગેના નામદાર વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ, વીજ માંગ સંતોષાય ત્યાં

સુધીની ખરીદી કરવામાં આવે છે.

---------

**તારાપુર ગામની ગટર લાઈનનું કામ**

૯૮૯૫ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ તારાપુર તાલુકાના તારાપુર ગામની ગટર લાઈનનું કામ કરારની સમય મર્યાદા પૂરી થઈ ગઈ હોવા છતાં ૨૫ ટકા પણ થયેલ નથી તે હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામના પરવાનેદાર આ કામ અધુરુ છોડી ચાલ્યા ગયેલ છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો આવા પરવાનેદારનો પરવાનો રદ કરી નવા કોન્ટ્રાક્ટરને કામ સોંપી અધુરુ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સમયમર્યાદા પૂરી થયેલ છે. પરંતુ ૩૨.૭૫ ટકા કામગીરી થયેલ છે.

(૨) ના, મૂળ ઈજારદારશ્રી દ્વારા જ કામગીરી ચાલે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજુર આવાસ**

૯૨૩૭ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજુર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી મહિલાઓના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) પતિ–પત્નિના સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩–૧૪માં પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૨૫૦૦ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી મહિલાઓના નામે ૫૬૦ આવાસો મંજૂર કરેલ છે.

(૩) પતિ–પત્નીના સંયુક્ત નામે ૧૫૪૭ આવાસો મંજૂર કરેલ છે.

---------

**ઠાસરા તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા મળેલ દરખાસ્ત**

૮૪૮૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા માટે સરકારે ક્યારે દરખાસ્ત મળી,

(૨) મળેલ દરખાસ્ત પછી સરકારે તે અન્વયે શી કામગીરી કરી, અને

(૩) કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) વિધિવત દરખાસ્ત મળેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

---------

**નવસારી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા**

૮૫૭૯ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની સંખ્યા રોજગાર વિનિમય કચેરી હેઠળ નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૨૧૦૨ |
| ૨ | જલાલપોર | ૨૨૯૪ |
| ૩ | ગણદેવી | ૪૦૩૨ |
| ૪ | ચીખલી | ૫૯૩૫ |

| | | |
|---|---|---|
| ૫ | વાંસદા | ૬૧૮૪ |
| | **કુલ** | **૨૦૫૪૭** |

(૨) તે અન્વયે ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલ બેરોજગારોની સંખ્યા કેટલી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ત્રણવર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૧૩૨૬ |
| ૨ | જલાલપોર | ૯૬૩ |
| ૩ | ગણદેવી | ૧૫૩૮ |
| ૪ | ચીખલી | ૨૬૪૩ |
| ૫ | વાંસદા | ૩૭૧૯ |
| | **કુલ** | **૧૦૧૮૯** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી વિનિમય કચેરી દ્વારા અપાઈ ?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોજગારી અપાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૭૨૫ |
| ૨ | જલાલપોર | ૬૯૪ |
| ૩ | ગણદેવી | ૧૦૩૦ |
| ૪ | ચીખલી | ૧૧૧૫ |
| ૫ | વાંસદા | ૮૪૫ |
| | **કુલ** | **૪૪૦૯** |

---------

## રાજકોટ જિલ્લામાં કાર્યરત સબ સ્ટેશનો

૮૭૪૧ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૩–૧૪ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૩) તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કુલ ૯૭ સબ સ્ટેશનો કાર્યરત છે.

(૨) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન કુલ ૧૬ નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી કુલ ૧૬ નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) રૂ. ૧૨૬૦૯.૦૨ લાખ ખર્ચ થયેલ છે.

---------

## ખેડા જિલ્લામાં ગૌચરની જમીનો ઉપર દબાણ

૯૬૯૯ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી ગૌચર જમીનો ઉપર દબાણ થયેલ છે,

(૨) આ દબાણો દૂર કરવા સરકાર દ્વારા પગલાં ભરવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) કુલ–૨૩.૫૩.૫૪ હે.આરે.પ્ર.આરે. ગૌચર જમીનો ઉપર દબાણ છે. જેની કુલ સંખ્યા–૭૯ છે.

(૨) દબાણો દૂર કરવા ગ્રામ પંચાયત કક્ષાએથી ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવામાં આવે છે તથા કોર્ટ કેસ

વાળા દબાણોમાં નામ. સુપ્રિમ કોર્ટના સ્પે. સી.એ. નં.૧૧૩૨/૨૦૧૧ (એ) એસ.એલ.પી (સી) નં. ૩૧૦૯/૨૦૧૧ના ચૂકાદા અન્વયે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને કાર્યવાહી કરવા જણાવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ દબાણ દૂર ન થવાના કારણો કયા છે ?

(૩) કુલ-૭૯ ગૌચરના દબાણો પૈકી ૭૩ દબાણોમાં કોર્ટ કેસ ચાલુ હોઈ મેટર સબજ્યુડીસ છે. ૬ દબાણો બાબતે તાલુકા વિકાસ અધિકારીશ્રી કક્ષાએથી કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

૮૮૫૯ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) સુરેન્દ્રનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઈ છે ?

**જવાબ**

(૧) ૧૧૦.૯૮ કરોડ.

(૨) (૧) કોટન
(૨) ઓટોમોબાઈલ
(૩) એગ્રી પ્રોડક્ટ્સ (કોટન સિવાય)
(૪) પેટ્રોલ-ડીઝલ
(૫) મારબલ-સીરામીક

---------

**વિજાપુર તાલુકામાં બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા**

૮૫૭૮ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં બી.પી.એલ. લાભાર્થીઓની કેટલી સંખ્યા છે, અને

(૨) જે બી. પી. એલ. ની યાદી છે તે યાદી નવેસરથી બનાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં ૦ થી ૧૬ સ્કોર ધરાવતા બી.પી.એલ. લાભાર્થી ૭૯૭૭ અને ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતા લાભાર્થી ૬૩૦૪ છે. જે મળી ૦ થી ૨૦ સ્કોર ધરાવતા કુલ ૧૪૨૮૧ લાભાર્થી છે.

(૨) ના. જી.

---------

**રાજ્યના વિજ એકમોમાં દૈનિક વીજળી ઉત્પન્ન કરવા બાબત**

૯૧૬૯ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારના વિજ એકમોમાં દૈનિક કેટલી વીજળી ઉત્પન્ન થાય છે, તેની સામે માંગ કેટલી છે,

(૨) તે અન્વયે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજળીની માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર કે ખાનગી વિજ કંપની પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ના રોજ રાજ્ય સરકારના વિજ એકમોમાં કુલ ૭૫.૬૭૯ મિલિયન યુનિટસ વીજળીનું ઉત્પાદન થયેલ, તેની સામે રાજયની કુલ વિજ માંગ ૨૮૭.૫૩૦ મીલીયન યુનીટસ હતી.

(૨) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં ખાનગી કંપનીઓ પાસેથી તથા સેન્ટ્રલ પુલમાંથી કરવામાં આવેલ વીજ ખરીદીની વિગત નીચે મુજબ છે.

(પ્રોવિઝનલ)

| ક્રમાંક | વિગત | ૦૧.૦૬.૧૨થી ૩૧.૦૫.૧૩ (મિ.યુ.) | દર રૂ/યુનીટ | ૦૧.૦૬.૧૩થી ૩૧.૦૫.૧૪ (મિ.યુ.) | દર રૂ/યુનીટ |
|---|---|---|---|---|---|
| (અ) | કેન્દ્રીય | ૧૯૨૧૮ | ૨.૬૧ | ૧૯૦૫૮ | ૨.૯૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | સાહસો | | | | |
| (બ) | ખાનગી સાહસો | ૨૪૭૮૧ | ૨.૯૯ | ૨૯૨૫૩ | ૨.૯૧ |

(૩) રાજ્યમાં કેટલા વિજ એકમો બંધ છે અથવા ઓછું ઉત્પાદન કરી રહ્યા છે ?

(૩) તા. ૩૧-૦૫-૨૦૧૪ને ૧૫.૦૦ કલાકની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય હસ્તકના તથા ખાનગી વિજ એકમોના ઉત્પાદન તથા બંધ વિજ એકમોની વિગતો નીચે પ્રમાણે છે.

| વિજ મથકનુ નામ | સ્થાપિત વિજ ઉત્પાદન ક્ષમતા (મેગા વોટ) | ૩૧-૦૫-૨૦૧૪ને ૧૫.૦૦ કલાકની સ્થિતિએ વિજ ઉત્પાદન (મેગા વોટ) | બંધ વિજ એકમોની વિગતો |
|---|---|---|---|
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૩૫૦ | ૬૧૩ | યુનીટ-૬ (૫૦૦ મેગાવોટ) |
| વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ | ૯૩૪ | યુનીટ-૩ (૨૧૦ મેગાવોટ) |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૮૭૦ | ૪૮૭ | યુનીટ-૧,૨ (૧૨૦+૧૨૦ મેગાવોટ) |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૨૪૦ | ૮૬ | યુનીટ-૨ (૧૨૦ મેગાવોટ) |
| કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ | ૧૯૧ | યુનીટ-૩ (૭૫ મેગાવોટ) |
| ઉતરાણ ગેસ પાવર સ્ટેશન | ૫૦૯.૫૭૧ | ૦ | સ્ટેજ-૧ જીટી-૧,૨,૩ અને એસટીજી (૧૩૫ મેગાવોટ) સ્ટેજ-૨-જીટી-૧ અને એસટીજી (૩૭૫ મેગાવોટ) |
| ધુવારણ ગેસ પાવર સ્ટેશન | ૨૧૯.૦૬૭ | ૦ | સ્ટેજ-૧ જીટી-૧ અને એસટીજી (૧૦૬.૧૭ મેગાવોટ) સ્ટેજ-૨-જીટી-૧ અને એસટીજી (૧૧૨.૪૫ મેગા વોટ) |
| ઉકાઈ હાઈડ્રો પાવર સ્ટેશન | ૩૦૫ | ૭૭ | યુનીટ-૧,૨,૩ (૭૫ મેગાવોટ*૩) |
| કડાણા હાઈડ્રો પાવર સ્ટેશન | ૨૪૦ | ૬૯ | યુનીટ-૨,૩,૪ (૬૦ મેગાવોટ*૩ ) |
| અદાણી પાવર લિમિટેડ | ૪૬૨૦ (જીયુવીએનએલ નો હીસ્સો ૨૦૦૦) | ૩૯૮૩ | -- |
| એસ્સાર પાવર ગુજરાત લિમીટેડ | ૧૨૦૦ (જીયુવીએનએલ નો હીસ્સો ૧૦૦૦) | ૪૭૮ | યુનીટ-૧ (૬૦૦ મેગાવોટ) |
| ટૉરેન્ટ પાવર લી. | ૫૨૨ | ૪૧૩ | જીટી-૧,૨ અને એસટીજી (૧૦૦ મેગાવોટ) |
| સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ | ૩૭૭ | યુનીટ-૪ (૧૨૫ મેગાવોટ) |
| અકરીમોટા લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૨૫૦ | ૨૦૪ | --- |
| સુજેન પાવર પ્લાન્ટ | ૧૧૪૭.૫ | ૨૬૪ | યુનીટ-૧ (૩૮૨.૫ મેગાવોટ) |
| ઉનો સુજેન પાવર પ્લાન્ટ | ૩૮૨.૫ | ૦ | યુનીટ-૧ (૩૮૨.૫ મેગાવોટ) |

| | | | |
|---|---|---|---|
| ચાઈના લાઈટ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લિમીટેડ | ૬૫૫ | ૦ | જીટી–૧,૨,૩ અને એસટીજી (૬૫૫ મેગાવોટ) |
| જીસેગ પાવર પ્લાન્ટ | ૧૫૬ | ૦ | જીટી–૧,૨ અને એસટીજી (૧૫૬ મેગાવોટ) |
| જીઆઈપીસીએલ પાવર પ્લાન્ટ | ૩૧૦ | ૬૯ | સ્ટેજ–૧–જીટી–૧ (૪૫ મેગાવોટ) સ્ટેજ–૨–જીટી–૧ અને એસટીજી (૧૬૫ મેગાવોટ) |

---------

**નર્મદા કેનાલ ઉપર સૂર્ય શક્તિથી વીજ ઉત્પાદન મેળવવા પ્રોજેક્ટ કાર્યાન્વિત**

૮૭૩૯ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા નર્મદા કેનાલ ઉપર સૂર્ય શકિતથી વીજ ઉત્પાદન મેળવવા માટે નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર કોઈ પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્ય સરકારના જાહેર સાહસ હસ્તકની કંપની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ દ્વારા માર્ચ–૨૦૧૨ (નાણાકીય વર્ષ ૨૦૧૧–૨૦૧૨)માં ગામ ચંદ્રાસણ તા. કડી જિ.મહેસાણા ખાતે નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર ૧. મે.વો સૌર ઉર્જા પ્રોજેકટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

**બાલાશીનોર,વીરપુર અને કપડવંજ તાલુકામાં સરદાર આવાસોની ફાળવણી**

૮૩૦૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બાલાશીનોર, વિરપુર અને કપડવંજ તાલુકામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા સરદાર આવાસોની ફાળવણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને બીજા હપ્તાની રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર (તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫** |
| ૧ | બાલાસિનોર | ૯૦૫ | ૭૫ | ૧૩૩૫ |
| ૨ | વિરપુર | ૪૨૨ | ૭૮ | ૯૩૮ |
| ૩ | કપડવંજ | ૩૪૫૦ | ૨૬૩ | ૨૬૩૨ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓને બીજા હપ્તાની ચૂકવેલ રકમ | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫** |
| ૧ | બાલાસિનોર | ૬૬૧ | ૫૩ | ૦ |
| ૨ | વિરપુર | ૩૦૩ | ૪૮ | ૦ |
| ૩ | કપડવંજ | ૩૦૪૦ | ૧૫૪ | ૦ |

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ આવેલ અરજીઓ**

૮૪૮૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓનો સર્વે કર્યો છે અને કેટલાને વીજ જોડાણ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત તારીખ ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં મળેલ અરજીઓ, સર્વે થયેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | સર્વે થયેલ અરજીઓ | રદ થયેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| લુણાવાડા | ૧૪૮૫ | ૧૪૮૫ | ૧૪૪ | ૧૩૪૧ |
| ખાનપુર | ૧૧૨૧ | ૧૧૨૧ | ૧૨૪ | ૯૯૭ |

(૩) બાકી કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

**જસદણ વિંછીયા સહિત રાજકોટ જિલ્લામાં બી. પી. એલ. લાભાર્થીઓની અરજીઓ**

૯૬૦૬ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જસદણ–વિંછીયા સહિત રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી અંગે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જસદણ–વિંછીયા સહિત રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી અંગેની કુલ ૬૧૬૮૬ અરજીઓ મળેલ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ધોરાજી | ૨૦૩૬ |
| ગોંડલ | ૭૪૭૬ |
| જસદણ | ૧૫૪૮૭ |
| જામકંડોરણા | ૧૯૪૨ |
| જેતપુર | ૪૫૨૯ |
| કોટડા સાં. | ૨૪૦૬ |
| લોધિકા | ૧૦૫૮ |
| માળીયા મી. | ૧૫૬૭ |
| મોરબી | ૩૭૪૦ |
| પડધરી | ૨૪૫૫ |
| રાજકોટ | ૫૦૧૭ |
| ટંકારા | ૨૫૦૧ |
| ઉપલેટા | ૪૮૯૬ |
| વાંકાનેર | ૬૫૭૬ |
| **કુલ :–** | **૬૧૬૮૬** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ ૦ થી ૧૬ માં અને ૧૭ થી ૨૦ માં લાભાર્થીઓ તરીકે મંજૂર કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આવેલ અરજીઓ પૈકી ૦ થી ૧૬માં ૩૫૮૫ અને ૧૭ થી ૨૦માં ૩૨૫૦ લાભાર્થીઓ તરીકે મંજુર કરવામાં આવ્યા.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કે નામંજૂર કરવામાં આવી તથા અરજીઓ નામંજુર કરવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કુલ ૬૮૩૫ અરજીઓ મંજુર કરવામાં આવી તથા ૪૬૦૦૬ અરજીઓ નામંજુર કરવામાં આવી. બાકીની અરજીઓ ચકાસણી હેઠળ છે.

મોજણી (સર્વે) માં ૨૧ કરતા વધારે જેનો સ્કોર આવેલ છે. તેવી અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે.

(૪) પડતર અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ?

(૪) છેલ્લા બે વર્ષ દરમ્યાન મળેલ અરજીઓ પૈકી જે અરજીઓ તાલુકા કક્ષાએ પડતર છે. તેનો સર્વે (મોજણી) ની કામગીરી ચાલુ હોય સર્વેની કામગીરી પુર્ણ થયે સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

**જામનગર જિલ્લાની એસ્સાર કંપનીએ જમા કરાવવાની રકમ**

૯૪૯૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લાની એસ્સાર કંપનીને વેરાઓમાં આપેલ

**જવાબ**

(૧) રૂ।. ૪૧૩૯.૪૮/- કરોડ.

રાહત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાથી રદ કરવાના નિર્ણય અન્વયે સરકારની તિજોરીમાં એસ્સાર કંપનીએ કેટલી રકમ જમા કરાવવાની થતી હતી,

(૨) તે અન્વયે કેટલી રકમ ક્યારે કયારે જમા કરાવવામાં આવી, અને

(૨) સામેલ પત્રક મુજબ

**પત્રક**

**(રૂ. કરોડમાં)**

| | ભરેલ રકમની વિગત | | | |
|---|---|---|---|---|
| રકમ ભર્યા તારીખ | મુદ્દલ | વ્યાજ | સુપ્રિમકોર્ટના આદેશ અનુસાર નિયત તારીખ બાદ ભર્યા અંગેનું વ્યાજ | કુલ |
| ૦૨-૦૧-૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૫૪૭.૭૨ | ૦.૦ | ૧૧૯૩.૩૭ |
| ૦૨-૦૪-૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૧૧૧.૪૪ | ૦.૦ | ૭૫૭.૦૯ |
| ૦૨-૦૭-૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૯૬.૫૮ | ૦.૦ | ૭૪૨.૨૩ |
| ૨૨-૧૧-૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૮૧.૩૬ | ૯.૭૪ | ૭૩૬.૭૫ |
| ૦૨-૦૧-૨૦૧૪ | ૬૪૫.૬૫ | ૬૪.૩૯ | ૦.૦ | ૭૧૦.૦૪ |
| **કુલ** | **૩૨૨૮.૨૫** | **૯૦૧.૪૯** | **૯.૭૪** | **૪૧૩૯.૪૮** |

(૩) કંપની દ્વારા વિલંબથી થયેલ ચૂકવણી પર સરકાર દ્વારા વ્યાજ વસુલવામાં આવેલ છે કે કેમ ?

(૩) નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર એકમ દ્વારા વિલંબથી ચુકવણી પર વ્યાજ ભરપાઈ કરવામાં આવેલ છે.

---------

## દાહોદ જિલ્લામાં કૃષિ તત્કાલ વીજ કનેકશન હેઠળ મળેલ દરખાસ્ત

૮૪૮૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) :** માનનીય **ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કૃષિ તત્કાલ વીજ કનેકશન અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી વિજ કનેકશનો ચાલુ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં ૧ અને ફતેપુરા તાલુકામાં ૯ અરજીઓ એમ મળી કુલ ૧૦ અરજીઓ મળેલ હતી. અન્ય તાલુકાઓમાં કોઈ અરજી મળેલ નથી.

આ અરજીઓ પૈકી ફતેપુરા તાલુકાના ૬ અરજદારોએ ''તત્કાલ યોજના-૨૦૧૩''ની શરત મુજબ સુક્ષ્મ પિયત પધ્ધતિ હેઠળ વીજ જોડાણ મેળવવા અસંમતિ દર્શાવતા રદ કરવામાં આવેલી છે.

જ્યારે બાકીની ૪ અરજીઓ કે જેમાં ઝાલોદ તાલુકાની ૧ અને ફતેપુરા તાલુકાની ૩ અરજીઓનો સમાવેશ થાય છે. તેના અરજદારોએ પોતાના માંગણીવાળા સર્વે નંબરમાં સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવાની સંમતી દર્શાવેલ હોવાથી તે અરજીઓ ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ છે જે કાર્યવાહી પૂર્ણ થયે અરજદારોને અંદાજપત્ર પાઠવી, અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેથી નવીન વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરી શકાશે.

---------

## પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણની અરજીઓ

૮૭૭૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક

૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કૃષિવિષયક વીજજોડાણ માટેની કેટલી અરજીઓ મળી હતી, અને

વર્ષમાં કૃષિ વીજ જોડાણ માટે પાટણ જિલ્લામાં ૩૫૭ અને બનાસકાંઠા જિલ્લામાં ૨૯૨૬ અરજી મળેલ.

(૨) તે પૈકી કેટલા વીજ જોડાણો આપવાના બાકી છે, કયા કારણોસર ?

(૨) અગાઉ ડાર્કઝોન વિસ્તારમાં સમાવિષ્ટ તાલુકાઓમાં ડાર્કઝોનનો પ્રતિબંધ દૂર થયા બાદ સૌ પ્રથમ અગાઉની પડતર અરજીઓ પરત્વે અગ્રતાક્રમાનુસાર વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરી તે પૂર્ણ થયા બાદ નવી અરજીઓની નોંધણી અને વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરવાની થતી હતી. તદ્અનુસાર છેલ્લા એક વર્ષમાં નોંધાયેલ અરજીઓનો અગ્રતાક્રમ પાછળ હોઈ વિજ જોડાણ મંજુર થયેલ નથી. પરંતુ, અગાઉની પડતર અરજીઓ પૈકી તારીખ ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ૯૧૬ અને બનાસકાંઠા જિલ્લામાં ૭૨૬૦ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

---------

## ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણો

૮૭૪૬ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડા જીલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન રૂપિયા ૧૮૫૮.૮૧ લાખના ખર્ચે ૧૪,૪૪૪ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

---------

## પોરબંદર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ

૯૨૨૮ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

**જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩માં થયેલ કુલ ખર્ચ (રૂા. લાખમાં) | વર્ષ ૨૦૧૩-૧૪માં થયેલ કુલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | પોરબંદર | ૧૯૩.૪૧ | ૨૧૨.૩૬ |
| ૨ | રાણાવાવ | ૧૯૬.૧૮ | ૧૭૫.૭૪ |
| ૩ | કુતિયાણા | ૧૨૫.૧૫ | ૬૪.૧૨ |
| | **કુલ** | **૫૧૪.૭૪** | **૪૫૨.૨૨** |

(૨) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

(૨) વર્ષવાર માલસામાન અને વેતન હેઠળ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩માં માલસામાન અને વેતન હેઠળ થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | વર્ષ ૨૦૧૩-૧૪માં માલસામાન અને વેતન હેઠળ થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | |
|---|---|---|---|---|---|
| | | માલ સામાન હેઠળ થયેલ ખર્ચ | વેતન હેઠળ થયેલ ખર્ચ | માલ સામાન હેઠળ થયેલ ખર્ચ | વેતન હેઠળ થયેલ ખર્ચ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પોરબંદર | ૩૯.૦૩ | ૧૪૧.૨૧ | ૪૫.૫૫ | ૧૫૨.૨૯ |
| ૨ | રાણાવાવ | ૪૫.૪૨ | ૧૩૯.૩૦ | ૪૯.૮૯ | ૧૧૪.૦૯ |
| ૩ | કુતિયાણા | ૩૫.૮૫ | ૮૧.૬૪ | ૦.૦૦ | ૫૪.૮૨ |
| | **કુલ** | **૧૨૦.૩૦** | **૩૬૨.૧૫** | **૯૫.૪૪** | **૩૨૧.૨૦** |

---------

**મેઘરજ તાલુકામાં મનરેગા યોજનામાં લેબર અને મટીરીયલ કોમ્પોનન્ટમાં થયેલ ઉચાપત** ૯૮૦૯

**ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં મેઘરજ તાલુકામાં મનરેગા યોજનામાં લેબર અને મટીરીયલ કોમ્પોનન્ટમાં વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં કેટલા રૂપિયાની નાણાકીય ઉચાપત થયેલ છે ?

**જવાબ**

તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં મેઘરજ તાલુકામાં મનરેગા યોજનામાં લેબર અને મટીરીયલ કોમ્પોનન્ટમાં વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં નાણાંકીય ઉચાપત થયેલ હોવાનું જણાયેલ નથી.

---------

**ભરૂચ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જુથની રચના**

૮૭૨૧ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જુથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે ?

**જવાબ**

(૧) મિશન મંગલમ્ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૬૦૯ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૩૫૧ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૨૮.૯૫/– લાખ રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

**સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવા અંગે**

૮૭૧૩ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને પ્રથમ વખત ખાસ પ્રોત્સાહન અનુદાન આપવામાં આવેલ છે,

(૩) કેટલી ગ્રામ પંચાયતોને બીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે,

(૪) કેટલી ગ્રામ પંચાયતોને ત્રીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, અને

(૫) કુલ કેટલી રકમ ખાસ પ્રોત્સાહક અનુદાન તરીકે આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૪૭(એકસો સુડતાલીસ)

(૨) ૫૯ (ઓગણસાઈઠ)

(૩) ૩૫ (પાંત્રિસ)

(૪) ૫૩ (ત્રેપન)

(૫) રૂા. ૩,૯૩,૯૫,૦૦૦/–
(ત્રણ કરોડ ત્રાણું લાખ પંચાણું હજાર પુરા)

---------

**ગીર સોમનાથ તથા જુનાગઢ જિલ્લામાં તત્કાલ ખેડૂત વિજ યોજના**

૮૮૦૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે દાખલ કરેલ તત્કાલ ખેડુત વિજ યોજના અન્વયે તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ તથા જુનાગઢ જિલ્લામાં કેટલા ખેડુતોની અરજીઓ મળી,

(૨) તે અન્વયે કેટલા ખેડુતોને કૃષિ વિષયક વિજ

**જવાબ**

(૧) ૩૧/૦૫/૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તત્કાલ વીજ જોડાણ યોજના–૨૦૧૩ હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં ૩૪૨ અને જુનાગઢ જિલ્લામાં ૧૭૦૦ અરજીઓ મળેલ છે.

(૨) "તત્કાલ વીજ જોડાણ યોજના ૨૦૧૩" હેઠળ

જોડાણો તત્કાલમાં આપવામાં આવ્યા, અને

સૂક્ષ્મ પિયત પદ્ધતિ સ્વીકારવી ફરજીયાત હોવાથી અરજદારની અરજી સૂક્ષ્મ પિયત પદ્ધતિની આગળની કાર્યવાહી અર્થે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને મોકલવામાં આવે છે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ વીજ વિતરણ કંપની દ્વારા અંદાજપત્ર પાઠવવામાં આવે છે, જે ભરપાઈ થયા બાદ વીજ જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે.

ગીર સોમનાથ જિલ્લામાં અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ ૬૮ અરજદારો પૈકી ૨૪ અરજદારોને કૃષિ વિજ જોડાણ આપવામાં આવ્યા છે. અન્યને વિજ જોડાણ પુરા પાડવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

જુનાગઢ જિલ્લામાં અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ ૪૬૫ અરજદારો પૈકી ૨૪૫ અરજદારોને કૃષિ વિજ જોડાણ પુરા પાડવામાં આવ્યા છે. અન્યને વિજ જોડાણ આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) બાકી રહેતા વિજ કનેકશનો કેટલા સમયમાં આપવામાં આવશે?

(૩) સૂક્ષ્મ પિયત પદ્ધતિ માટે નિયત થયેલ કાર્યપદ્ધતિ પૂર્ણ થયા બાદ, વિજ કંપનીઓ દ્વારા પાત્રતા ધરાવતા અરજદારોને અંદાજપત્ર પાઠવવામાં આવશે. અંદાજપત્રના નાણાં ભરપાઈ થયા બાદ તમામ અરજદારોને શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ પુરા પાડવાનું આયોજન છે.

---------

**રાજકોટ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૮૮૫૮ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન રાજકોટ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂા. ૮૪૬.૩૧ કરોડ. |
| (૨) રાજકોટ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) વ્હીકલ (ટુ વ્હીલર, ફોર વ્હીલર)<br>(૨) સીરામીક<br>(૩) કોટન<br>(૪) ફુડ પ્રોડક્ટ્સ<br>(૫) સીમેન્ટ |

---------

**વડોદરા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૮૮૬૬ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન વડોદરા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂા. ૨૦૫૪.૧૯ કરોડ |
| (૨) વડોદરા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) ઓટોમોબાઈલ્સ એન્ડ પાર્ટસ<br>(૨) ક્રુડ ઓઈલ<br>(૩) કેમિકલ્સ<br>(૪) ઈલેક્ટ્રિકલ ગુડ્ઝ<br>(૫) ટોબેકો પ્રોડક્ટ્સ |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેત વિષયક વિજ જોડાણની પડતર અરજીઓ**

૯૪૪૮ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેત વિષયક વિજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ તાલુકાવાર કેટલા સમયથી પડતર છે,

(૨) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૩) પડતર રહેલ અરજીઓનો નિકાલ કરી કેટલા સમયાં વિજ-જોડાણ આપવામાં આવશે?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓ અને પડતર રહેવાના સમયની તાલુકાવાર માહિતી પત્રક "અ" માં સામેલ છે.

(૨) અને (૩) : કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

**પત્રક-''અ''**

તારીખ ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી

| જીલ્લો | તાલુકો | વર્ષવાર નોંધાયેલ પડતર અરજીઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | સપ્ટેમ્બર ૨૦૧૨થી | ૨૦૧૩ | ૨૦૧૪ | કુલ |
| ગાંધીનગર | દહેગામ | ૨૩૧૩ | ૮૦ | ૩૮ | ૨૪૩૧ |
| | ગાંધીનગર | ૯૧૩ | ૮૪ | ૧૯ | ૧૦૧૬ |
| | કલોલ | ૩૩૩ | ૩૮ | ૧૧ | ૩૮૨ |
| | માણસા | ૫૬૦ | ૩૩ | ૧૪ | ૬૦૭ |
| મહેસાણા | બેચરાજી | ૧૦૩ | ૪૫ | ૧૩ | ૧૬૧ |
| | ગોઝારીયા | ૩૮૭ | ૨૦ | ૮ | ૪૧૫ |
| | જોટાણા | ૨૩૬ | ૧૮ | ૩ | ૨૫૭ |
| | કડી | ૩૧૪ | ૨૬ | ૨૧ | ૩૬૧ |
| | ખેરાલુ | ૨૨૬૮ | ૯૮ | ૭૫ | ૨૪૪૧ |
| | મહેસાણા | ૫૭૨ | ૪૬ | ૧૬ | ૬૩૪ |
| | સતલાસણા | ૨૦૫૧ | ૧૬૨ | ૬૦ | ૨૨૭૩ |
| | ઉંઝા | ૪૨૬ | ૫૯ | ૨૧ | ૫૦૬ |
| | વિજાપુર | ૧૫૪૮ | ૭૩ | ૪૯ | ૧૬૭૦ |
| | વિસનગર | ૯૭૯ | ૧૮૦ | ૯૧ | ૧૨૫૦ |
| | વડનગર | ૦ | ૧૪૮ (સપ્ટે.૧૩થી) | ૯૬ | ૨૪૪ |

---------

## તાપી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો

૯૨૨૩ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં હાથ ધરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩માં હાથ ધરવામાં આવેલ કામો | વર્ષ ૨૦૧૩-૧૪માં હાથ ધરવામાં આવેલ કામો |
|---|---|---|---|
| ૧ | નિઝર | ૭૪૮ | ૭૮૪ |
| ૨ | સોનગઢ | ૬૪૫ | ૫૭૪ |
| ૩ | ઉચ્છલ | ૩૨૫ | ૫૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વાલોડ | ૬૫ | ૧૨૫ |
| ૫ | વ્યારા | ૭૪૧ | ૩૭૮ |
| | **કુલ** | **૨૫૨૪** | **૨૩૯૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો પૂર્ણ થયેલ છે?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર પૂર્ણ થયેલ કામોની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩ માં પૂર્ણ થયેલ કામો | વર્ષ ૨૦૧૩-૧૪ માં પૂર્ણ થયેલ કામો |
|---|---|---|---|
| ૧ | નિઝર | ૧૧૭ | ૩ |
| ૨ | સોનગઢ | ૬૦૫ | ૪૧૭ |
| ૩ | ઉચ્છલ | ૧૪૯ | ૧ |
| ૪ | વાલોડ | ૬૨ | ૩ |
| ૫ | વ્યારા | ૬૫૫ | ૮૨ |
| | **કુલ** | **૧૫૮૮** | **૫૦૬** |

---------

**ભાવનગર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં વાયર બદલવાની કામગીરી**

૮૭૪૯ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ ભાવનગર જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) "સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના " હેઠળ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન બદલવામાં આવેલ વીજ વાયરો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | બદલવામાં આવેલ વીજ વાયર (કી.મી.) | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૬૦ | ૫૫.૩૭ |
| ૨૦૧૩-૧૪ | ૬૯ | ૨૩.૭૫ |

---------

**વલસાડ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

૮૭૩૦ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે,

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં વલસાડ જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને

(૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ?

**જવાબ**

(૧) મિશન મંગલમ્ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂા. ૧/- લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪માં વલસાડ જિલ્લામાં ૨૩૯૮ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું.

(૩) રૂા. ૨૦૫૩.૫૨ લાખ (અંકે રૂપિયા વીસ કરોડ ત્રેપ્પન લાખ બાવન હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે.

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં તલાટી કમ મંત્રી કારકુનની મંજૂર જગ્યાઓ**

૯૪૦૬ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતમાં તાલુકાવાર કેટલા કારકુન અને તલાટી કમ

**જવાબ**

(૧)

મંત્રીશ્રીની જગ્યાઓ મંજૂર થયેલ છે,

**જવાબ**

| ક્રમ | જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત | મંજૂર જગ્યા | | ક્રમ | જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત | મંજૂર જગ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| | | કારકુન | તલાટી કમ મંત્રી | | | કારકુન | તલાટી કમ મંત્રી |
| ૧ | જિ. પં. મહેસાણા | ૯૧ | ૦ | ૧ | જિ. પં. અમદાવાદ | ૭૬ | ૦ |
| ૨ | તા. પં. મહેસાણા | ૧૨ | ૧૦૭ | ૨ | તા. પં. દસક્રોઈ | ૯ | ૬૪ |
| ૩ | તા. પં. કડી | ૧૨ | ૮૯ | ૩ | તા. પં. સાણંદ | ૧૦ | ૫૩ |
| ૪ | તા. પં. બેચરાજી | ૪ | ૩૪ | ૪ | તા. પં. વિરમગામ | ૧૪ | ૪૬ |
| ૫ | તા. પં. ઉંઝા | ૫ | ૪૨ | ૫ | તા. પં. દેત્રોજ | ૩ | ૪૦ |
| ૬ | તા. પં. ખેરાલુ | ૬ | ૩૨ | ૬ | તા. પં. માંડલ | ૩ | ૨૫ |
| ૭ | તા. પં. સતલાસણા | ૪ | ૨૬ | ૭ | તા. પં. બાવળા | ૩ | ૪૬ |
| ૮ | તા. પં. વિસનગર | ૯ | ૬૨ | ૮ | તા. પં. ધોળકા | ૧૮ | ૭૬ |
| ૯ | તા. પં. વડનગર | ૬ | ૩૦ | ૯ | તા. પં. ધંધુકા | ૧૨ | ૭૨ |
| ૧૦ | તા. પં. વિજાપુર | ૧૨ | ૬૮ | ૧૦ | તા. પં. રાણપુર | ૩ | ૩૩ |
| | **કુલ** | **૧૬૧** | **૪૯૦** | ૧૧ | તા. પં. બરવાળા | ૩ | ૨૪ |
| | | | | ૧૨ | તા. પં. સીટી | ૩ | ૦ |
| | | | | | **કુલ** | **૧૫૭** | **૪૭૯** |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત | કારકુન | | તલાટી કમ મંત્રી | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | જિ.પં.મહેસાણા | ૫૦ | ૪૧ | ૦ | ૦ |
| ૨ | તા.પં.મહેસાણા | ૮ | ૪ | ૭૦ | ૩૭ |
| ૩ | તા. પં. કડી | ૫ | ૭ | ૫૮ | ૩૧ |
| ૪ | તા.પં.બેચરાજી | ૪ | ૦ | ૨૨ | ૧૨ |
| ૫ | તા. પં. ઉંઝા | ૩ | ૨ | ૩૦ | ૧૨ |
| ૬ | તા. પં. ખેરાલુ | ૪ | ૨ | ૨૪ | ૮ |
| ૭ | તા.પં.સતલાસણા | ૨ | ૨ | ૧૮ | ૮ |
| ૮ | તા.પં.વિસનગર | ૮ | ૧ | ૪૫ | ૧૭ |
| ૯ | તા.પં.વડનગર | ૫ | ૧ | ૨૦ | ૧૦ |
| ૧૦ | તા. પં. વિજાપુર | ૫ | ૭ | ૪૫ | ૨૩ |
| | **કુલ** | **૯૪** | **૬૭** | **૩૩૨** | **૧૫૮** |

| ક્રમ | જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત | કારકુન | | તલાટી કમ મંત્રી | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | જિ.પં.અમદાવાદ | ૪૫ | ૩૧ | ૦ | ૦ |
| ૨ | તા.પં.દસક્રોઈ | ૬ | ૩ | ૫૦ | ૧૪ |
| ૩ | તા. પં. સાણંદ | ૬ | ૪ | ૪૦ | ૧૩ |
| ૪ | તા.પં.વિરમગામ | ૪ | ૧૦ | ૨૨ | ૨૪ |
| ૫ | તા. પં. દેત્રોજ | ૩ | ૦ | ૧૮ | ૨૨ |
| ૬ | તા. પં. માંડલ | ૧ | ૨ | ૧૩ | ૧૨ |
| ૭ | તા.પં. બાવળા | ૩ | ૦ | ૨૯ | ૧૭ |
| ૮ | તા.પં. ધોળકા | ૯ | ૯ | ૪૮ | ૨૮ |
| ૯ | તા.પં. ધંધુકા | ૮ | ૪ | ૩૬ | ૩૬ |
| ૧૦ | તા. પં. રાણપુર | ૧ | ૨ | ૧૦ | ૨૩ |
| ૧૧ | તા. પં. બરવાળા | ૨ | ૧ | ૧૨ | ૧૨ |
| ૧૨ | તા. પં. સીટી | ૧ | ૨ | ૦ | ૦ |
| | **કુલ** | **૮૯** | **૬૮** | **૨૭૮** | **૨૦૧** |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો, હા, તો ક્યાં સુધીમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

(૪) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલ આગામી ૧૦ વર્ષમાં નિયત કરાયેલ જગ્યાઓ ભરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે પ્રથમ વર્ષે નીચે મુજબની જગ્યાઓ ભરવાની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.

| ક્રમ | સંવર્ગ | જિલ્લા પંચાયત મહેસાણા | જિલ્લા પંચાયત અમદાવાદ |
|---|---|---|---|
| ૧ | કારકુન | ૮ | ૧૧ |
| ૨ | તલાટી કમ મંત્રી | ૪૭ | ૪૯ |

---------

**ભાવનગર જિલ્લામાં ૧૦૦ ચો. વાર ઘરથાળના પ્લોટ માટે મળેલ અરજીઓ**

૮૭૦૫ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચોરસ વાર ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી,

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૬ |
| ૨ | ઘોઘા | ૨૦ |
| ૩ | તળાજા | ૭૨ |
| ૪ | મહુવા | ૪૯ |
| ૫ | ગારીયાધાર | ૦ |
| ૬ | પાલીતાણા | ૨૯૪ |
| ૭ | શિહોર | ૧૦૪ |
| ૮ | ઉમરાળા | ૧૪૨ |
| ૯ | વલ્લભીપુર | ૨૧૩ |
| ૧૦ | ગઢડા | ૯૮ |
| ૧૧ | બોટાદ | ૫૮૧ |
| | **કૂલ** | **૧૫૭૯** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ૪૪ પડતર

(૩) પડતર અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

(૩) તાલુકા લેન્ડ કમીટી મળ્યેથી.

---------

**અમીરગઢ તથા દાંતા તાલુકાના ગામોમાં વિજળીની સુવિધાઓ**

૯૬૧૫ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તથા દાંતા તાલુકામાં ગામોનો વિજળી જેવી પ્રાથિમક જરૂરીયાતની સુવિધાઓના અભાવે વિકાસ રૂંધાઈ રહ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અપૂરતી વીજળીની સમસ્યા ગામોમાં દૂર કરવા સરકારે કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે ખરી, અને

(૩) જો હા, તો તેવી કાર્યવાહીની વિગતો શી છે?

(૧), (૨) અને (૩) : ના, જી.

તારીખ ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકાના સેન્સસ મુજબના તમામ ગામોનું વીજળીકરણ થયેલ છે. આ ગામોમાં ગૃહ વપરાશ, વાણિજ્યિક અને ઔદ્યોગિક હેતુ માટે "જ્યોતિગ્રામ" યોજના હેઠળ ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તદ્ઉપરાંત કૃષિ હેતુ માટે ખેતી વિષયક

ફીડરો પરથી ઓછામાં ઓછા ૮ કલાક, ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ થ્રી ફેઇઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. વધુમાં વાડી/વિસ્તાર ખેતરમાં વસવાટ કરતા ખેડૂતોને પણ સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર્સ દ્વારા ગૃહ વપરાશ માટે ૨૪ કલાક સીંગલ ફેઇઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં તીર્થગામ/પાવનગામ જાહેર કરવા અંગે**

૮૭૧૧ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા તીર્થગામ-પાવનગામ જાહેર કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૮ તીર્થ ગામ
૨ પાવનગામ

(૨) ૮ તીર્થગામને રૂ઼ા. ૧૬.૦૦ લાખ
૨ પાવનગામ રૂ઼ા. <u>૨.૦૦ લાખ</u>
કુલ રૂ઼ા. ૧૮.૦૦ લાખ

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં ખેત વિષયક વિજ જોડાણની પડતર અરજીઓ**

૯૪૬૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં ખેત વિષયક વિજ જોડાણ માટેની કેટલી અરજીઓ તાલુકાવાર કેટલા સમયથી પડતર છે,

(૨) અરજીઓ પડતર રહેવાનાં કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં વિજ જોડાણ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજકોટ અને મોરબી જિલ્લામાં તારીખ ૩૧-૫-૧૪ ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની પડતર અરજીઓ અને પડતર રહેવાના સમયની તાલુકાવાર માહિતી પત્રક ''અ'' માં સામેલ છે.

(૨) અને (૩)

કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

-----------------

**પત્રક-અ**

| જિલ્લો | તાલુકા | ૧૯૯૩ | ૧૯૯૪ | ૧૯૯૫ | ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ | ધોરાજી | ૦ | ૦ | ૦ | ૬ | ૯ | ૨૨ | ૨૯ | ૨૩ | ૭ | ૧૫ | ૬ | ૧૯ | ૧૪ | ૭૮ |
| | ગોંડલ | ૦ | ૦ | ૦ | ૨ | ૧૨ | ૨૮ | ૧૦૫ | ૧૨૧ | ૧૨ | ૧૦૧ | ૧૯૪ | ૧૨ | ૧૬૩ | ૪૪૩ |
| | જામંકડોરણા | ૦ | ૦ | ૨ | ૬ | ૭ | ૧૩૧ | ૧૧૧ | ૯૮ | ૧૯ | ૫૯ | ૫૮ | ૧૩ | ૫૫ | ૨૪ |
| | જસદણ | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૮૯ | ૧૨૮ | ૧૧૨ | ૮૮ | ૩૮ | ૧૦૦ | ૧૨૪ | ૨૭ | ૯૧ | ૧૬૧ |
| | જેતપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૬ | ૨૨ | ૨૦ | ૬ | ૧૩ | ૨૦ | ૩ | ૨૦ | ૩૧ |
| | કોટડાસાંગાણી | ૦ | ૦ | ૦ | ૮ | ૧૯ | ૧૭ | ૯૦ | ૪૩ | ૧૪ | ૭૩ | ૧૦૬ | ૪ | ૧૩૪ | ૩૦૪ |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લોધિકા | ૦ | ૦ | ૦ | ૧૧ | ૫૦ | ૫૭ | ૭૭ | ૮૭ | ૧૬ | ૪૮ | ૬૪ | ૦ | ૧ | ૫૦ |
| | પડધરી | ૦ | ૦ | ૧૧ | ૨૭ | ૧૯ | ૧૪૦ | ૧૫૪ | ૧૩૨ | ૨૪ | ૭૭ | ૯૩ | ૨૬ | ૭૩ | ૧૪૨ |
| | રાજકોટ | ૦ | ૦ | ૨ | ૦ | ૧૯૮ | ૨૬૯ | ૧૨૩ | ૧૪૬ | ૬૫ | ૧૬૪ | ૧૪૦ | ૧૦૫ | ૧૩૭ | ૧૯૨ |
| | ઉપલેટા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫ | ૨૬ | ૫૨ | ૪૭ | ૧૦ | ૨૩ | ૧૮ | ૩૨ | ૨૨ | ૪૩ |
| | વીંછીયા | ૦ | ૦ | ૭ | ૯ | ૨૦ | ૧૬૪ | ૭૭ | ૭૦ | ૨૧ | ૪૦ | ૭૨ | ૧૫ | ૪૫ | ૨૦૮ |
| મોરબી | હળવદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | માળીયા મિયાણા | ૨ | ૧ | ૧૨ | ૫૫ | ૬ | ૬ | ૦ | ૩ | ૨ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ |
| | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૧ | ૭ | ૩ | ૩ | ૮ | ૧૬ |
| | ટંકારા | ૦ | ૦ | ૧ | ૫ | ૬ | ૨૮ | ૧૪ | ૮ | ૧૨ | ૧૨ | ૬ | ૪ | ૧૬ | ૧૩ |
| | વાંકાનેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |

| જિલ્લો | તાલુકા | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ભાવપત્રક અપાયેલ હોય પણ નાણાં ભરવાના બાકી | નાણા ભરાયેલ હોય પણ કામ પૂર્ણ કરવાનું બાકી હોય તેવી અરજી | કુલ પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ | ધોરાજી | ૧૫૮ | ૩૯૪ | ૬૬૩ | ૪૨૦ | ૪૯૧ | ૪૮૯ | ૬૨૪ | ૨૧૨ | ૦ | ૪૪૪ | ૪૧૨૩ |
| | ગોંડલ | ૫૪૯ | ૧૯૭૦ | ૨૨૦૨ | ૧૩૨૦ | ૧૫૫૪ | ૧૨૧૫ | ૧૧૩૬ | ૩૦૧ | ૧૦૬ | ૮૪૦ | ૧૨૩૮૬ |
| | જામકંડોરણા | ૮૫ | ૯૫૦ | ૧૫૭૭ | ૫૩૬ | ૪૧૧ | ૩૮૬ | ૩૦૭ | ૧૩૦ | ૯ | ૫૪૫ | ૫૫૧૯ |
| | જસદણ | ૨૮૩ | ૮૨૭ | ૧૧૪૩ | ૭૯૧ | ૧૦૬૭ | ૯૨૫ | ૮૫૩ | ૨૨૨ | ૪૯ | ૫૮૨ | ૭૭૨૬ |
| | જેતપુર | ૪૨ | ૫૭૦ | ૭૭૮ | ૭૯૨ | ૮૩૬ | ૮૨૭ | ૮૧૮ | ૨૦૪ | ૪૬ | ૨૫૮ | ૫૩૧૪ |
| | કોટડાસાંગાણી | ૨૮૯ | ૩૧૨ | ૫૫૩ | ૪૫૪ | ૫૧૩ | ૩૧૬ | ૪૨૦ | ૯૮ | ૨૧ | ૨૩૪ | ૪૦૨૨ |
| | લોધિકા | ૧૬૯ | ૩ | ૫૨૩ | ૨૯૭ | ૩૨૯ | ૨૬૫ | ૩૦૦ | ૧૦૦ | ૨ | ૨૦૮ | ૨૬૫૭ |
| | પડધરી | ૩૪૩ | ૪૮૫ | ૯૫૬ | ૫૦૩ | ૫૬૧ | ૬૪૯ | ૬૧૬ | ૧૬૨ | ૧૧૯ | ૩૮૭ | ૫૬૯૯ |
| | રાજકોટ | ૩૮૨ | ૪૮૦ | ૬૭૧ | ૬૧૫ | ૧૨૮૬ | ૭૬૩ | ૭૯૯ | ૨૭૩ | ૫૭ | ૩૮૯ | ૭૨૫૬ |
| | ઉપલેટા | ૨૦૭ | ૬૧૪ | ૮૯૪ | ૫૬૬ | ૭૬૩ | ૭૭૭ | ૬૪૩ | ૧૯૮ | ૬ | ૫૪૮ | ૫૫૦૪ |
| | વીંછીયા | ૪૯૩ | ૪૫૭ | ૬૭૮ | ૪૦૩ | ૬૧૮ | ૭૫૮ | ૬૯૮ | ૧૪૧ | ૧ | ૩૧૮ | ૫૩૧૩ |
| મોરબી | હળવદ | ૦ | ૦ | ૩ | ૧૦ | ૫૭ | ૨૨૭ | ૩૬૭ | ૧૩૪ | ૫૯ | ૧૦૪ | ૯૬૧ |
| | માળીયા મિયાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૧૩ | ૪ | ૦ | ૭ | ૧૨૯ |
| | મોરબી | ૧૫ | ૩૩ | ૪૦ | ૬૮ | ૨૪૫ | ૫૫૮ | ૪૨૧ | ૨૩૨ | ૩૦ | ૧૮૩ | ૧૮૬૬ |
| | ટંકારા | ૧૪૧ | ૮૪૫ | ૮૯૪ | ૪૬૩ | ૮૨૩ | ૭૯૩ | ૯૧૧ | ૨૧૮ | ૬૬ | ૨૨૪ | ૫૫૦૩ |
| | વાંકાનેર | ૧૫ | ૭૩ | ૫૦૨ | ૪૬૪ | ૧૦૬૩ | ૨૦૪૭ | ૧૨૭૨ | ૩૩૭ | ૮૭ | ૩૪૮ | ૬૨૧૧ |

## નર્મદા જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના

૮૭૨૫ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી, | (૧) મિશન મંગલમ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૪૦૯ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી ૩૨૫ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે ? | (૩) કુલ રૂા. ૩૩,૧૮,૦૦૦–રિવોલ્વીંગ ફંડ આપેલ છે. |

---------

## સુરત જિલ્લાના ઉકાઈ ખાતે નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિતની વીજ ઉત્પાદન ક્ષમતા

૮૭૩૭ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપની દ્વારા સુરત જિલ્લાના ઉકાઈ ખાતે જે નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે તેની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપની (ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસીટી કોર્પોરેશન લીમીટેડ) દ્વારા સુરત જિલ્લાના ઉકાઈ ખાતે (વિસ્તરણ એકમ–૬) જે નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે તેની વીજ ઉત્પાદન ક્ષમતા ૫૦૦ મેગાવોટ છે. |
| (૨) તે પ્લાન્ટ કાર્યાન્વિત કરવા માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) ઉકાઈ ખાતે વિસ્તરણ એકમ–૬ વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવા માટે રૂા. ૨૮૬૨.૫૧ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

## ગાંધીનગર ખાતે નોંધાયેલ બેરોજગાર

૮૭૬૫ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર ખાતે તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૨૬૨૦૨. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાં બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૦૨૩૯. |

---------

## બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વેચાણવેરા ખાતામાં જુદા જુદા સંવર્ગની ખાલી જગ્યાઓ

૯૯૬૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વેચાણ વેરા ખાતામાં જુદા જુદા મંજૂર થયેલ સંવર્ગમાં કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લાની વિગત –**પત્રક અ** મુજબ<br>સાબરકાંઠા જિલ્લાની વિગત–**પત્રક બ** મુજબ |
| (૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા ભરતી કેલેન્ડર નક્કી કરવામાં આવેલ છે. બઢતીથી જગ્યાઓ ભરવા પાત્રતા ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થતાં નિયત પ્રક્રિયા હાથ ધરવાની રહે છે. |

**પત્રક–અ**

**તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વેચાણવેરા ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત**

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | કઈ તારીખથી જગ્યા ખાલી છે ? |
|---|---|---|---|---|---|
| ૧ | સહાયક વાણિજ્યિકવેરા કમિશરશ્રી | ૬ | ૨ | ૪–૧<br>૧<br>૨ | ૧૨–૦૭–૧૨<br>૨૩–૦૭–૧૨<br>૦૩–૧૦–૧૨ |
| ૨ | વાણિજ્યિકવેરા અધિકારી | ૩૧ | ૧૧ | ૨૦–૨<br>૧૦<br>૨<br>૬ | ૦૧–૦૫–૧૨<br>૦૩–૧૦–૧૨<br>૦૧–૧૦–૧૩<br>૨૮–૦૧–૧૪ |
| ૩ | વાણિજ્યિકવેરા નિરીક્ષક | ૩૯ | ૧૫ | ૨૪–૨૨<br>૨ | ૦૩–૧૦–૧૨<br>૦૭–૧૨–૧૩ |
| ૪ | સિનિયર કારકુન | ૧૪ | ૧૪ | ૦૦ | ––– |
| ૫ | જુનિયર કારકુન | ૨૦ | ૧૭ | ૦૩– | ૧૭–૦૨–૧૪ |
| ૬ | નાયક | ૦૨ | ૦૧ | ૦૧ | ––– |
| ૭ | પટાવાળા | ૦૯ | ૦૭ | ૦૨–૧<br>૧ | ૦૩–૦૪–૧૪ છેલ્લા પાંચ વર્ષથી ખાલી |
| | **કુલ :** | **૧૨૧** | **૬૭** | **૫૪** | **–––** |

**પત્રક–બ**

**તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વેચાણવેરા ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત**

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | કઈ તારીખથી જગ્યા ખાલી છે ? |
|---|---|---|---|---|---|
| ૧ | સહાયક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી | ૦૪ | ૦૧ | ૦૩–૧<br>૧<br>૧ | ૦૩–૧૦–૧૨<br>૨૦–૧૧–૧૨<br>૦૧–૦૨–૧૪ |
| ૨ | વાણિજ્યિકવેરા અધિકારી | ૧૮ | ૦૯ | ૦૯–૧<br>૧<br>૧<br>૧<br>૩<br>૨ | ૦૭–૦૬–૧૦<br>૩૦–૦૪–૧૧<br>૩૧–૦૫–૧૨<br>૧૩–૦૭–૧૨<br>૦૩–૧૦–૧૨<br>૦૧–૧૧–૧૩ |
| ૩ | વાણિજ્યિકવેરા નિરીક્ષક | ૨૪ | ૧૬ | ૦૮ | ૦૩–૧૦–૧૨ |
| ૪ | સિનિયર કારકુન | ૧૮ | ૧૮ | ૦૦ | ––– |
| ૫ | જુનિયર કારકુન | ૧૪ | ૧૩ | ૦૧– | ૦૧–૦૩–૧૪ |
| ૬ | નાયક | ૦૧ | –– | ૦૧ | ૩૦–૦૯–૦૫ |
| ૭ | પટાવાળા | ૦૭ | ૦૫ | ૦૨–૧<br>૧ | ૦૪–૦૬–૦૮<br>૩૧–૦૭–૦૯ |
| ૮ | રાત્રિ રક્ષક | ૦૧ | ૦૧ | ––– | ––– |
| ૯ | નોટિસ સર્વર | ૦૨ | ૦૨ | ––– | ––– |
| | **કુલ :** | **૮૯** | **૬૫** | **૨૪** | |

–––––––––

તા. ૭મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

### ખેડા અને આણંદ જિલ્લામાં ચાલુ થયેલ નવા કુટિર ઉદ્યોગો

૯૭૯૫ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ખેડા તેમજ આણંદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલા નવા કુટિર ઉદ્યોગો કાર્યરત થયેલ છે, | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ૨૮૩૭ તેમજ આણંદ જિલ્લામાં ૩૨૯૬ નવા કુટિર ઉદ્યોગો કાર્યરત થયેલ છે. |
| (૨) ખેડા તેમજ આણંદ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ખેડા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૨૨૭૦ લાભાર્થીઓને તેમજ આણંદ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૩૪૭૩ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) બાકી અરજદારોને સબસીડી ક્યારે ચૂકવવામાં આવશે ? | (૩) બાકી અરજદારોની અરજીઓની ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયેથી સબસીડી ચૂકવવામાં આવશે. |

---------

### ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મંજૂર કરેલ મકાનો

૮૭૧૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૧૯૮૯ આવાસો. |
| (૨) તે પૈકી કુલ કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) ૧૧૩૮૩ આવાસો. |
| (૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૩) ૬૦૬ આવાસો. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) લાભાર્થી બાંધતા હોઈ તેમના દ્વારા પૂર્ણ કર્યેથી. |

---------

### સાણંદ તાલુકાની ગ્રામ પંચાયતોને સેસની રકમ ફાળવવા બાબત

૮૦૯૪ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાણંદ તાલુકાની ગ્રામ પંચાયતોને સેસની કેટલી રકમ ફાળવવામાં આવી ? | છેલ્લા ત્રણ વર્ષમાં લોકલ ફંડ સેસ તથા પંચાયત સેસ બંન્ને મળીને કુલ રૂા. ૧,૬૧,૯૪,૮૬૦– ની રકમ ની ફાળવણી તાલુકા પંચાયત સાણંદની ગ્રામ પંચાયતોને કરવામાં આવેલ છે. |

---------

### મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

૮૭૬૬ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૨ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૯૬૮. |

---------

### તાપી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ

૯૨૨૭ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તાપી જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૧) તાપી જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે |

(રૂા. લાખમાં)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩નો કુલ ખર્ચ | વર્ષઃ ૧૩-૧૪નો કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | નિઝર | ૧૨૯૭.૭૮ | ૧૦૮૪.૧૨ |
| ૨ | સોનગઢ | ૧૧૪૩.૮૭ | ૬૫૩.૨૨ |
| ૩ | ઉચ્છલ | ૮૩૫.૮૭ | ૭૦૨.૦૮ |
| ૪ | વાલોડ | ૮૬.૪૨ | ૬૪.૦૭ |
| ૫ | વ્યારા | ૧૨૪૧.૫૪ | ૭૮૩.૯૫ |
| | કુલ : | ૪૬૦૫.૪૮ | ૩૨૮૭.૪૪ |

(૨) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

(૨) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

(રૂા. લાખમાં)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩નો કુલ ખર્ચ | | વર્ષઃ ૨૦૧૩-૧૪નો કુલ ખર્ચ | |
|---|---|---|---|---|---|
| | | માલ સામાન | વેતન | માલ સામાન | વેતન |
| ૧ | નિઝર | ૪૨૫.૬૩ | ૮૪૭.૪૬ | ૩૪૦.૩૬ | ૭૨૦.૩૯ |
| ૨ | સોનગઢ | ૪૬૭.૮૯ | ૬૪૭.૫૬ | ૧૦૯.૫૭ | ૫૧૪.૧૬ |
| ૩ | ઉચ્છલ | ૫૩૦.૫૦ | ૨૮૯.૪૧ | ૨૪૪.૬૮ | ૪૪૦.૧૧ |
| ૪ | વાલોડ | ૪૨.૫૯ | ૨૮.૪૯ | ૬.૯૨ | ૪૬.૯૬ |
| ૫ | વ્યારા | ૪૫૨.૧૧ | ૭૪૮.૨૨ | ૨૨૩.૮૭ | ૫૨૧.૨૭ |
| | કુલ : | ૧૯૧૮.૭૨ | ૨૫૬૧.૧૪ | ૯૨૫.૪૦ | ૨૨૪૨.૮૯ |

---------

**રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજનામાં લાભાર્થીને પ્લોટ આપવા માટે સહાય**

૮૭૧૯ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજનામાં લાભાર્થીને પ્લોટ આપવા માટે કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) આ સહાય કોને મળવાપાત્ર છે,

(૩) આ સહાયની રકમ કેટલી, અને

(૪) આ સહાયમાં કેન્દ્ર/રાજ્યનો હિસ્સો કેટલો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભૂમિહીન ગરીબોને આ સહાય મળવાપાત્ર છે.

(૩) ઘરથાળ પ્લોટની જમીન માટે રૂ. ૨૦,૦૦૦/- ની નાણાંકીય સહાયની જોગવાઇ છે.

(૪) આ સહાયમાં કેન્દ્રનો ૫૦% લેખે રૂ. ૧૦,૦૦૦/- અને રાજ્યનો ૫૦% લેખે રૂ. ૧૦.૦૦૦/- નો નાણાંકીય હિસ્સો છે.

---------

**કચ્છ જિલ્લામાં ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે મળેલ અરજીઓ**

૮૭૦૬ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૯૯ | ૧૧ |
| ૨ | માંડવી | ૧૦૪ | ૩૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | મુંદરા | ૧૪૭ | ૬૮ |
| ૪ | નખત્રાણા | ૪૧૦ | ૧૪૧ |
| ૫ | અબડાસા | ૦ | ૦ |
| ૬ | લખપત | ૧૨૧ | ૦ |
| ૭ | અંજાર | ૪૭ | ૨૭ |
| ૮ | ગાંધીધામ | ૭૫ | ૭૭ |
| ૯ | ભચાઉ | ૨૦ | ૧૨ |
| ૧૦ | રાપર | ૦ | ૦ |
| | **કુલ :** | **૧૦૨૩** | **૬૬૧** |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ૮૭

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) પુનઃચકાસણી કરી લેન્ડ કમીટીની બેઠક મળ્યેથી.

---------

**આણંદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને જોબકાર્ડ આપવા બાબત**

૯૨૨૫ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કુંટુંબોને આપેલ જોબકાર્ડની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૨ | ૪૧૧ |
| ૨ | ઉમરેઠ | ૧૬ | ૮૯ |
| ૩ | બોરસદ | ૮ | ૧૩૮ |
| ૪ | આંકલાવ | ૪૧ | ૧૮૧ |
| ૫ | પેટલાદ | ૨ | ૨૫૫ |
| ૬ | સોજિત્રા | ૧૬૫ | ૯૨૮ |
| ૭ | ખંભાત | ૪૬ | ૨૦ |
| ૮ | તારાપુર | ૪૧ | ૨૪૫ |
| | **કુલ :** | **૪૨૧** | **૨૨૬૭** |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી ?

(૨) તાલુકાવાર રોજગારી આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ ૨૦૧૨–૧૩માં રોજગારી આપેલ કુટુંબની સંખ્યા | વર્ષઃ ૨૦૧૩–૧૪માં રોજગારી આપેલ કુટુંબની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૨ | ૪૧૧ |
| ૨ | ઉમરેઠ | ૧૬ | ૮૯ |
| ૩ | બોરસદ | ૮ | ૧૩૮ |
| ૪ | આંકલાવ | ૪૧ | ૧૮૧ |
| ૫ | પેટલાદ | ૨ | ૨૫૫ |
| ૬ | સોજિત્રા | ૧૬૫ | ૯૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ખંભાત | ૪૬ | ૨૦ |
| ૮ | તારાપુર | ૪૧ | ૨૪૫ |
| | **કુલ :** | **૪૨૧** | **૨૨૬૭** |

---------

**કલોલ તાલુકાના ઔદ્યોગિક એકમોમાં લઘુતમ વેતન ધારાના ભંગ**

૯૬૪૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકાના ઔદ્યોગિક એકમોમાં લઘુતમ વેતન ધારાના ભંગ તથા પ્રવર્તમાન શ્રમિક કાયદાઓના ભંગ બદલ કેટલા એકમો સામે તપાસ કરવામાં આવી, અને | (૧) ૧૯૭૫. |
| (૨) સરકારની તપાસ દરમિયાન કેટલા એકમો કસુરવાર જણાયા ? | (૨) ૨૨૨. |

---------

**કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકનાં ઈન્ડેક્ષ્ટ–સી દ્વારા કારીગરોના બજાર પ્રોત્સાહન માટે મેળાઓ યોજવા બાબત**

૮૭૬૧ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાધાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકના ઈન્ડેક્ષ્ટ–સી દ્વારા કારીગરોના બજાર પ્રોત્સાહન માટે તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ મેળા યોજવામાં આવ્યા, | (૧) ૧૧૭ મેળા. |
| (૨) ક્યા ક્યા સ્થળોએ અને કેટલા મેળા યોજવામાં આવ્યા, | (૨) આ સાથે *જોડાણ–૧ સામેલ છે. |
| (૩) કેટલા કારીગરોએ મેળામાં ભાગ લીધેલ છે, અને | (૩) ૭૮૫૪ કારીગરો. |
| (૪) મેળાવાર કેટલી રકમનું વેચાણ થયેલ છે ? | (૪) આ સાથે *જોડાણ–૨ સામેલ છે. |

(*જોડાણ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વડોદરા જિલ્લામાં પંચવટી યોજનામાં પૂર્ણ થયેલ પંચવટીના કામો**

૯૨૩૦ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) બાકી પંચવટીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ૫ (પાંચ) પંચવટીના કામો પ્રગતિમાં છે. કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

---------

**પંચમહાલ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

૮૭૨૭ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂા. ૧/–લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં પંચમહાલ જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં પંચમહાલ જિલ્લામાં ૭૭૧ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ? | (૩) રૂા. ૪૭૪.૮૨ લાખ (અંકે રૂપિયા ચાર કરોડ ચુમ્મોત્તર લાખ બયાસી હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ |

આપ્યા છે.

---------

**અમરેલી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર આવાસ**

૯૨૩૬ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩−૧૪ માં અમરેલી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી મહિલાઓના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) પતિ−પત્ની સંયુકત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩−૧૪ માં અમરેલી જિલ્લામાં ઇન્દીરા આવાસ યોજના હેઠળ કુલ ૨૦૦૦ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી મહિલાઓના નામે ૧૬૧૫ આવાસો મંજૂર કરેલ છે.

(૩) પતિ−પત્ની સંયુક્ત નામે ૮૦ આવાસો મંજૂર કરેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજનામાં મકાન તથા આર્થિક સહાય**

૯૯૨૧ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧−૫−૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને મકાન/આર્થિક સહાય આપવામાં આવી,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧−૦૫−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્દીરા આવાસ યોજના હેઠળ ૨૨,૫૭૬ લાભાર્થીઓને મકાન આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | તા.૦૧−૬−૧૨ થી તા.૩૧−૫−૧૩ | તા.૦૧−૬−૧૩ થી તા.૩૧−૫−૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૪૩૪ | ૩૧૨૪ | ૫૫૫૮ |
| ૨ | મોરવા | ૨૨૮૫ | ૧૦૬૦ | ૩૩૪૫ |
| ૩ | શહેરા | ૩૧૬૬ | ૨૦૧૦ | ૫૧૭૬ |
| ૪ | કાલોલ | ૨૧૯૫ | ૯૩૨ | ૩૧૨૭ |
| ૫ | હાલોલ | ૭૩૮ | ૧૩૫ | ૮૭૩ |
| ૬ | જાંબુઘોડા | ૭૭૪ | ૨૩૮ | ૧૦૧૨ |
| ૭ | ઘોઘંબા | ૨૧૪૯ | ૧૩૩૬ | ૩૪૮૫ |
| | **કુલ :** | **૧૩૭૪૧** | **૮૮૩૫** | **૨૨૫૭૬** |

અને સરદાર આવાસ યોજના હેઠળ નીચે મુજબ મકાન/આર્થિક સહાય આપવામાં આવી.

| ક્રમ | તાલુકો | સરદાર આવાસ (મકાન) | આર્થિક સહાય |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૧૪૫૫ | ૭૭૮.૬૨ |
| ૨ | મોરવા (હ) | ૯૬૪ | ૯૪૧.૭૯ |
| ૩ | શહેરા | ૨૪૧૪ | ૧૩૪૮.૩૬ |
| ૪ | કાલોલ | ૧૫૦૩ | ૬૮૨.૦૨ |
| ૫ | હાલોલ | ૭૯૫ | ૩૬૧.૯૫ |
| ૬ | જાંબુઘોડા | ૧૪૮ | ૧૨૦.૪૫ |
| ૭ | ઘોઘંબા | ૯૨૨ | ૮૧૯.૮૭ |
| ૮ | લુણાવાડા | ૮૨૦૧ | ૭૧૩.૩૭ |
| ૯ | સંતરામપુર | ૧૫૭૫ | ૫૬૦.૬૧ |
| ૧૦ | કડાણા | ૭૨૬ | ૫૧૭.૯૮ |
| ૧૧ | ખાનપુર | ૪૪ | ૩૦૫.૫૮ |
| | **કુલ :** | **૧૧૧૨૫** | **૭૧૪૪.૮૯** |

(૨) ઉકત સ્થિતિએ બાકી રહેતા લાભાર્થીઓને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા ૭૨૬૨ લાભાર્થીઓને

ક્યારે આવાસ સહાયતા ચૂકવવામાં આવશે, અને

ઈન્દીરા આવાસ યોજનામાં ભારત સરકારશ્રી તરફથી જેમ જેમ લક્ષ્યાંક ફાળવણી કરવામાં આવશે અને જેમ જેમ આવાસ પૂર્ણ કરવામાં આવશે તેમ તેમ સહાય ચૂકવવામાં આવશે. જ્યારે સરદાર આવાસ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સરદાર આવાસ યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી રકમ સહાયતા પેટે ચૂકવી ?

(૩) ૧૧૧૨૫ લાભાર્થીઓને કુલ ૭૧૪૪.૮૯ ચૂકવેલ સહાય.

---------

**જામનગર જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

૮૭૨૨ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના હેઠળ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી, | (૧) મિશન મંગલમ યોજના હેઠળ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં ૧૩૬૮ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી ૧૦૦૭ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કુલ કેટલી રકમનો રીવોલ્વીંગ ફંડ આપેલ છે ? | (૩) કુલ રૂા.૫૮,૩૫,૦૦૦/- રિવોલ્વીંગ ફંડ આપેલ છે. |

---------

**ધરમપુર તાલુકાના વિલ્સન હીલને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત**

૯૧૮૨ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વિલ્સન હિલને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા અન્વયે છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વિલ્સન હિલને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા અન્વયે છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

---------

**રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો**

૮૭૪૦ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો, અને | (૧) તારીખ ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્યમાં પવન ઉર્જા દ્વારા ૪૮૮ મે.વો. વીજ ઉત્પાદન ક્ષમતાનો વધારો થયો છે. |
| (૨) આગામી નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ? | (૨) આગામી નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં અંદાજે ૫૦૦ મે.વો. ક્ષમતાનો ઉમેરો કરવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો**

૮૬૯૭ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં અમદાવાદ જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે, | (૧) ૫ (પાંચ). |
| (૨) આ કામો તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૨) ૧ કામ પૂર્ણ<br>૨ કામો પ્રગતિમાં |

૨ કામોના ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ.

(૩) ઉકત સ્થિતિએ તે કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂા.૧૦૮૦.૮૩ લાખ.

(૪) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

(૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ.

---------

**રાજ્યમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રકમની ફાળવણી**

૮૭૫૬ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજના કાર્યક્રમ હેઠળ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૧૨, વર્ષ ૨૦૧૨–૧૩, વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| **ક્રમ** | **વર્ષ** | **ફાળવેલ રકમ** | **થયેલ ખર્ચ** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૧–૧૨ | ૯૦૯૨૫.૦૦ | ૭૫૭૯૦.૧૧ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૯૭૭૭૫.૦૦ | ૭૨૨૯૨.૧૩ |
| ૩ | ૨૦૧૩–૧૪ | ૯૮૦૨૫.૦૦ | ૩૯૩૩૫.૩૭ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખેતીવાડીના વીજ એસ્ટીમેટ ભરાયા છતાં કનેકશનો આપવા બાબત**

૯૭૩૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેતીવાડીના વીજ એસ્ટીમેટ ભરાયા છતાં કનેકશનો આપવાના બાકી હોય તેવા કેટલા કિસ્સા તાલુકાવાર છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કૃષિ વીજ જોડાણની અંદાજપત્રના નાણા ભરપાઇ થયેલ અરજીઓ, તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ અને કનેકશનો આપવાના બાકી હોય તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **તાલુકો** | **નાણા ભરપાઇ થયેલ અરજીઓ** | **આપવામાં આવેલ વીજ જોડાણ** | **કનેકશનો આપવાની બાકી અરજીઓ** |
|---|---|---|---|
| ઇડર | ૧૭૯૩ | ૯૪૬ | ૮૪૭ |
| હિંમતનગર | ૧૭૬૨ | ૮૯૩ | ૮૬૯ |
| પ્રાંતિજ | ૯૮૩ | ૫૦૮ | ૪૭૫ |
| તલોદ | ૭૩૯ | ૩૧૭ | ૪૨૨ |
| વડાલી | ૯૫૭ | ૪૮૬ | ૪૭૧ |
| ખેડબ્રહ્મા | ૧૨૮૯ | ૧૦૭૮ | ૨૧૧ |
| પોશીના | ૨૭૨ | ૭૨ | ૨૦૦ |
| વિજયનગર | ૧૦૮૨ | ૭૭૧ | ૩૧૧ |

(૨) આ કનેકશનો કેટલા સમયથી આપવાના બાકી છે,

(૨) આ કનેકશનો નવેમ્બર ૨૦૧૩ થી આપવાના બાકી છે.

(૩) કનેકશનો આપવાના બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) કનેકશનો આપવાના બાકી રહેવાના કારણો નીચે મુજબ છેઃ

- વીજ કંપનીનો સ્ટાફ લોકસભાની ચૂંટણીમાં ફરજ પર હોવાને કારણે વીજ જોડાણની કામગીરીમાં વિલંબ થવા પામેલ છે.

- નાણાં ભરપાઇ થયેલ અરજદારોની કામગીરી પૂર્ણ થયેલ પરંતુ અરજદારોએ ટેસ્ટ રીપોર્ટ તથા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી. તરફથી ટ્રાયલ રન સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ ન હોય.
- ગત વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ૨૩૧૩ અરજદારોએ અંદાજપત્રના નાણાં ભરપાઇ કર્યા હતા. જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ૬૫૬૪ અરજદારોએ અંદાજપત્રના નાણા ભરપાઇ કર્યા છે. આમ ત્રણ ગણા અરજદારોએ નાણાં ભરપાઇ કર્યા છે. તેથી આટલા વધુ પ્રમાણમાં વિજ જોડાણ આપવાની કામગીરી સ્વાભાવિક રીતે જ વધુ સમય માંગી લે.
- લાઇન ઊભી કરવાની કામગીરી દરમિયાન પડોશી ખેડૂત દ્વારા વાંધા અરજી કરવામાં આવેલ જે કલેક્ટરશ્રીના નિર્ણય અર્થે પડતર છે.

(૪) ક્યાં સુધીમાં કનેકશનો આપવાનું આયોજન છે ?

(૪) શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## વડોદરા જિલ્લામાં વીજ પુરઠા માટે ફીડરોનું વિભાજન

૮૭૫૩ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે વડોદરા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન વિભાજીત કરવામાં આવેલ ફીડરોની સંખ્યા અને તે માટે થયેલ ખર્ચની વર્ષ વાર વિગતો નીચે મુજબ છેઃ

| **વર્ષ** | **વિભાજન કરવામાં આવેલ ફીડરોની સંખ્યા** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪ | ૩૬.૩૩ |
| ૨૦૧૩-૧૪ | ૬ | ૪૩.૩૯ |

---------

## અમરેલી જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના

૮૭૨૦ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રીવોલ્વીંગ ફંડ આપેલ છે ?

**જવાબ**

(૧) મિશન મંગલમ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં ૫૪૮ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૨૯૦ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂા.૨૩,૬૬,૦૦૦/- રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવાની પડતર અરજીઓ**

૯૬૭૧ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વીજ જોડાણ મેળવવા માગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કૃષિ વીજ જોડાણો માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છેઃ

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| દાહોદ | ૬૧૪ |
| લીમખેડા | ૧૭૯૫ |
| ઝાલોદ | ૧૮૫૩ |
| ફતેપુરા | ૧૧૯૯ |
| ગરબાડા | ૩૨૬ |
| ધાનપુર | ૩૧૬ |
| દેવગઢ બારીયા | ૭૭૪ |
| સંજેલી | ૬૨૦ |

(૨) આ પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

(૨) કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઊભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**મોરબી જિલ્લામાં કાર્યરત સબ સ્ટેશનો**

૮૭૪૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૩) તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ કુલ ૬૮ સબ સ્ટેશનો કાર્યરત છે.

(૨) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન કુલ ૧૦ નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી કુલ ૧૦ નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) રૂા.૯૪૧૬.૧૪ લાખ ખર્ચ થયેલ છે.

---------

**રાજ્યમાં લીગ્નાઇટ ખનિજ**

૮૭૫૮ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં લીગ્નાઇટ ખનિજ કયા કયા જિલ્લામાં મળી આવે છે,

(૨) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં લીગ્નાઇટ ખનિજની કેટલી માઇનીંગ લીઝો અસ્તિત્વમાં છે,

**જવાબ**

(૧) કચ્છ, ભરૂચ, ભાવનગર અને સુરત

(૨) ૧૩ (તેર)

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લીગ્નાઈટ ખનિજનું કેટલું ઉત્પાદન થયેલ છે, અને

(૪) કેટલી આવક થયેલ છે ?

(૩) વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૪૪.૯૨ લાખ મે.ટન અને વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૧૪.૨૯ લાખ મે.ટન

(૪) રૂ.૧૬૧૮૮.૨૩ લાખ.

---------

**રાજ્યમાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન**

૮૭૫૫ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસુલાત માટે વિવાદ નહિં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહિં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો સમાધાનના કેસની સંખ્યા અને વસુલાતમાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં અવેલ લોક અદાલત ની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૬૭૪ | ૭૯૦૨ | ૩૯૪.૬૫ | ૨૧૨.૯૧ | ૧૮૧.૭૪ |
| ૨૦૧૩-૧૪ | ૧૮૧૪ | ૩૧૯૭૮ | ૧૮૩૯.૮૮ | ૮૫૪.૫૭ | ૯૮૫.૩૧ |

---------

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર આવાસ**

૯૨૩૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩-૧૪માં મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી મહિલાઓના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) પતિ-પત્નિ સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩-૧૪માં મહેસાણા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૧૨૩૦ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી મહિલાઓના નામે ૪૪૫ આવાસો મંજૂર કરેલ છે.

(૩) પતિ-પત્નિ સંયુક્ત નામે ૭૪૭ આવાસો મંજૂર કરેલ છે.

---------

**સુરત જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૮૭૧૨ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પ્રથમવાર સમરસ થઈ,

(૩) કેટલી ગ્રામ પંચાયતોને બીજીવાર સમરસ થઈ,

(૪) કેટલી ગ્રામ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ થઈ, અને

(૫) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૪૭ (એકસો સુડતાલીસ)

(૨) ૫૯ (ઓગણસાઈઠ)

(૩) ૩૫ (પાંત્રિસ)

(૪) ૫૩ (ત્રેપન)

(૫) રૂ.૩,૯૩,૯૫,૦૦૦/- (ત્રણ કરોડ ત્રાણું લાખ પંચાણું હજાર પુરા)

---------

તા. ૭મી જુલાઈ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર આવાસ**

૯૨૩૪ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કુલ ૮,૮૩૫ આવાસ મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી મહિલાઓના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી મહિલાઓના નામે કુલ ૮,૮૧૮ આવાસો મંજુર કરેલ છે. |
| (૩) પતિ–પત્નિના સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા ? | (૩) પતિ–પત્નિના સંયુક્ત નામે કોઈ આવાસ મંજુર કરવામાં આવેલ નથી. |

---------

**કચ્છ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

૮૭૨૪ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી, | (૧) મિશન મંગલમ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૩૮૯ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી, |
| (૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી ૮૧ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, |
| (૩) કુલ કેટલી રકમનો રિવોલીંગ ફંડ આપેલ છે ? | (૩) કુલ રૂ.૪,૮૩,૦૦૦/- રિવોલ્વીંગ ફંડ આપેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મંજુર કરેલ મકાનો**

૮૭૦૯ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજનામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૭૭૬૩ આવાસ |
| (૨) તે પૈકી કુલ કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) ૬૫૮૦ આવાસ |
| (૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૩) ૧૧૮૩ આવાસ |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) લાભાર્થીઓ બાંધતા હોઈ તેમના દ્વારા પૂર્ણ કર્યેથી |

---------

**ખેડા જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

૮૮૬૭ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ખેડા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૨૧૪.૧૧ કરોડ |
| (૨) ખેડા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) (૧) કોલ્ડ્રીંક્સ<br>(૨) તમાકુ અને તેની બનાવટો<br>(૩) ઓટોમોબાઈલ અને તેના ભાગો<br>(૪) પેટ્રોલ–ડીઝલ<br>(૫) સીમેન્ટની બનાવટો |

---------

**બનાસકાંઠા જિલ્લામાં લીઝો મેળવવા/રીન્યુ કરવા મળેલ અરજીઓ**

૯૮૪૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મારબલ અને ગ્રેનાઈટની કેટલી લીઝો મેળવવા તથા રીન્યુ કરવા માટે અરજીઓ મળી છે, | (૧) લીઝો મેળવવા ૧૩ રીન્યુ કરવા માટે ૭ અરજીઓ મળી છે. |
| (૨) તે પૈકી કેટલી લીઝો મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી છે, | (૨) તે પૈકી ગ્રેનાઈટ ખનીજ લીઝની એક રીન્યુ અરજી મંજૂર કરવામાં આવી અને એક રીન્યુ અરજી નામંજૂર કરવામાં આવી છે. |
| (૩) નામંજૂર થયેલ અથવા રીન્યુ ન થયેલ માંગણી વાળી જગ્યા પર ખનીજનું ખનન ન થાય તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૩) ખનીજ ચોરી અટકાવવા જીલ્લા કચેરી દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવે છે તેમજ મામલતદારશ્રી, પ્રાંત અધિકારીશ્રી અને વન અધિકારીશ્રી ગેરકાયદેસર ખનીજ ખોદકામ ઉપર નિયંત્રણ રાખે તે માટે જીલ્લામાં ટાસ્ક ફોર્સ તથા ગ્રીવાન્સ રીડ્રેસલ સેલની રચના કરવામાં આવેલ છે. |
| (૪) આ જવાબદારી કોને સોંપવામાં આવી ? | (૪) આ જવાબદારી જીલ્લા કચેરીના ક્ષેત્રિય અધિકારી/કર્મચારીઓ તથા જીલ્લા ટાસ્ક ફોર્સને સોંપાયેલ છે. |

---------

**સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમના સફળ અમલીકરણનો પુરસ્કાર**

૮૭૩૧ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમના સફળ અમલીકરણ સારૂ ભારત સરકાર તરફથી કોઈ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો તે કયા કયા પુરસ્કાર ? | (૨) ‘‘ગુજરાત રાજ્યમાં સહભાગી વૈજ્ઞાનિક જળસ્ત્રાવ વ્યવસ્થાપન’’ જાહેર વહીવટમાં ઉત્કૃષ્ટતા માટે વડાપ્રધાનશ્રી પુરસ્કાર ૨૦૧૦–૧૧ |

---------

**સુરત જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

૮૭૨૯ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂા.૧/- લાખનું ધિરાણ બેંક મંજૂર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં સુરત જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં સુરત જિલ્લામાં ૪૦૨ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી? | (૩) રૂા.૨૪૬.૫૭ લાખ (અંકે રૂપિયા બે કરોડ છેતાલીસ લાખ સત્તાવન હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે. |

---------

**રાજકોટ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ**

૮૭૨૮ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે,

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ।.૧/- લાખનું ધિરાણ બેંક મંજૂર કરી શકે છે.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪માં રાજકોટ જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં રાજકોટ જિલ્લામાં ૮૫૭ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું.

(૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી?

(૩) રૂ।.૭૩૦.૦૭ લાખ (અંકે રૂપિયા સાત કરોડ ત્રીસ લાખ સાત હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન**

૮૭૫૦ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન વિભાજીત કરવામાં આવેલ ફીડરો અને તે માટે થયેલ ખર્ચની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | વિભાજન કરવામાં આવેલ ફીડરોની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૨૧ | ૧૬૩.૪૩ |
| ૨૦૧૩-૧૪ | ૧૩ | ૧૨૯.૮૬ |

---------

**જામનગર સ્થિત એસ્સાર રિફાઈનરીને સેલ્સટેક્ષમાં છુટછાટના લાભો**

૯૧૪૨ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર સ્થિત એસ્સાર રિફાઈનરીને જે-તે સમયે સેલ્સટેક્ષમાં છુટછાટના લાભો અપાયા હતા, તે અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે એસ્સાર કંપની પાસે તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારે કુલ કેટલી રકમ વસુલ કરવાની થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત કંપની દ્વારા કેટલી રકમ તા. ૩૧-૦૫-૨૦૧૪ની સુધીમાં જમા કરાવવામાં આવી અને કેટલી રકમ બાકી છે, અને

(૩) બાકી નીકળતી રકમ ન ભરવા સામે રાજ્ય સરકાર કેટલા સમયમાં આ રકમ પરત લેવા માંગે છે કે કેમ અથવા કંપની સામે ફોજદારી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) રૂ.૪૮૩૨.૮૯/- કરોડ.

(૨) જમા કરાવેલ રકમ રૂ।.૪૮૩૨.૮૯/- કરોડ કોઈ રકમ જમા કરાવવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યનું કુલ દેવું**

૯૦૯૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યનું કુલ દેવું કેટલું હતું,

**જવાબ**

(૧)

**(રૂ.કરોડમાં)**

| નાણાકીય વર્ષ | કુલ દેવું |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૩૬૩૬૭ |

| | |
|---|---|
| ૨૦૧૩-૧૪ (સુધારેલ અંદાજ મુજબ) | ૧૫૦૧૫૩ |

(૨) આ દેવાના ચૂકવણા પાછળ વ્યાજ અને હપ્તાની પાછળ કુલ કેટલું વાર્ષિક ચૂકવણું રાજ્ય સરકારે કર્યુ, અને

(૨)
**(રૂ.કરોડમાં)**

| **નાણાકીય વર્ષ** | **વાર્ષિક ચૂકવણું** | |
|---|---|---|
| | વ્યાજ | મુદ્દલ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૮૮૩ | ૬૫૩૭ |
| ૨૦૧૩-૧૪ (સુ.અં) | ૧૧૯૮૯ | ૬૨૦૩ |

(૩) દેવું ઘટાડવા સરકારે કેવા પગલાં લીધા છે?

(૩) રાજવિત્તીય શિસ્તનું પાલન અને તે દ્વારા દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરીયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહે છે.

---------

## નર્મદા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૮૮૬૧ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન નર્મદા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂ.૧૧.૮૮ કરોડ.

(૨) નર્મદા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે?

(૨) ૧. સુગરકેન/મોલાસીસ
૨. પેટ્રોલ, ડીઝલ
૩. કપચી, મેટલ
૪. કરીયાણા (તેલ, સુકો મેવો તથા અન્ય વેરાપાત્ર ચીજવસ્તુ)
૫. કુટવેર.

---------

## ભાવનગર જિલ્લામાં શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારોની નોંધણી

૯૯૩૯ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી, અને

(૧)

| | |
|---|---|
| શિક્ષિત | ૧૪૭૨૪ |
| અશિક્ષિત | ૧૧૨૪૪ |
| કુલ | ૨૫૯૬૮ |

(૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ બેરોજગારો પૈકી કેટલાને રોજગારી આપવામાં આવી?

(૨)

| ઉક્ત નોંધણી કરાવેલ બેરોજગારો પૈકી રોજગારી આપવામાં આવેલ બેરોજગારોની સંખ્યા | |
|---|---|
| શિક્ષિત | ૪૮૪ |
| અશિક્ષિત | ૮૧૪૪ |
| કુલ | ૮૬૨૮ |

---------

## રાજ્યમાં રાસાયણિક ખાતર પર વેટ/વેરો વસૂલવા બાબત

૮૪૮૦ **ડો.શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કયા કયા પ્રકારના રાસાયણિક ખાતર

(૧) તમામ પ્રકારના રાસાયણિક ખાતરના પ્રથમ તબક્કાના વેચાણ પર ૪% + ૧% વધારાનો વેરો લેવામાં આવે છે. ત્યારબાદ

ઉપર કેટલો વેટ/વેરો વસુલવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાસાયણિક ખાતર પર કુલ કેટલી રકમ વેટ/વેરો પેટે રાજ્ય સરકાર દ્વારા વસૂલવામાં આવી?

તમામ પ્રકારના પુનઃ વેચાણો વેરામાફ છે.

(૨)

| વર્ષ | આવક (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૦૬.૨૭ |
| ૨૦૧૨-૧૩ | ૭૪.૪૩ |
| ૨૦૧૩-૧૪ | ૮૯.૭૧ |

---------

**પંચમહાલ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૮૮૬૪ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન પંચમહાલ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ.૨૨૧.૪૦ કરોડ. |
| (૨) પંચમહાલ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) ૧. ઓટો મોબાઈલ્સ અને તેના ભાગો<br>૨. સેફ કસ્ટડી લોક<br>૩. પેટ્રોલીયમ પ્રોડકટ્સ<br>૪. રેલ્વે સ્લીપર<br>૫. આર્યન એન્ડ સ્ટીલ |

----------

**છોટાઉદેપુર જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૮૮૬૫ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન છોટાઉદેપુર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ.૨૯.૬૮ કરોડ. |
| (૨) છોટાઉદેપુર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) ૧. મીનરલ્સ<br>૨. દીવેલ<br>૩. કોટન એન્ડ કોટન સીડ્સ<br>૪. પેટ્રોલ<br>૫. વ્હીકલ |

---------

**ભરૂચ જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવા અંગે**

૮૭૧૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, | (૧) ૧૪ (ચૌદ) |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને પ્રથમ વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, | (૨) ૧૧ (અગિયાર) |
| (૩) કેટલી ગ્રામ પંચાયતોને બીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, | (૩) ૧ (એક) |
| (૪) કેટલી ગ્રામ પંચાયતોને ત્રીજી વખત ખાસ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે, અને | (૪) ૨ (બે) |
| (૫) કુલ કેટલી રકમ ખાસ પ્રોત્સાહક અનુદાન તરીકે | (૫) રૂા. ૩૨,૭૫,૦૦૦/- (બત્રીસ લાખ પંચોતેર |

આપવામાં આવેલ છે ?

હજાર પૂરા)

---------

**જામનગર જિલ્લામાં ખુલ્લા વિજ વાયરથી અકસ્માતો**

૯૪૩૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા. ૨૫/૨/૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૦૭૮ (અગ્રતા-૧૫૦) અન્વયે **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨માં ખુલ્લા વીજ વાયરો તથા વીજ સપ્લાયના ખામી ભરેલા સાધનોને લીધે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાગરિકો અને પ્રાણીઓ સંપર્કમાં આવવાના કિસ્સામાં નાગરિકોના ૨૨ પ્રાણઘાતક તથા ૧૭ બિન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૭૧ પ્રાણઘાતક અકસ્માત થયા હતા તે કિસ્સાઓમાં કેટલા જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, | (૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતાં નથી. પરંતુ કુદરતી આફતો /આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકસાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતાં હોય છે. તેમ છતાં, જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨માં થયેલ અકસ્માતો બાબતે, PGVCL દ્વારા પૂરતી તપાસ કરાયા બાદ, (ચાર કિસ્સામાં) ત્રણ કર્મચારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) કુલ ૨૨ નાગરિકોના મૃત્યુના કિસ્સા પૈકી ૧૩ કેસોનું તથા ૪૮ પ્રાણીઓના કેસોમાં વળતર ચુકવવાનું બાકી હતું તે પૈકી કેટલા કિસ્સામાં દસ્તાવેજો મેળવી તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ચૂકવવામાં આવ્યું છે, અને | (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ, કુલ ૨૨ પૈકી ૧૩ નાગરિકોના મૃત્યુના કિસ્સાઓમાં અસરગ્રસ્તોના વારસદારો દ્વારા જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા મળેલ નથી તેથી ચૂકવણી થઇ શકેલ નથી.<br>જ્યારે ૪૮ પ્રાણીઓના કિસ્સાઓમાંથી ૯ કિસ્સાઓમાં રૂા. ૨.૧૨ લાખ (૧૦૦% વળતર) ચૂકવવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેલા કિસ્સામાં ક્યાં સુધીમાં વળતર ચુકવવામાં આવશે / | (૩) નાગરિકોના કુલ ૧૩ કિસ્સાઓમાં અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજુ કર્યા ન હોવાથી, રજુ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વળતર ચૂકવણી માટેની કાર્યવાહી કરવામાં આવશે.<br>જ્યારે પ્રાણીઓના ૩૯ કિસ્સાઓમાં પ્રાણીઓના માલિકો તરફથી અરજી / જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરાયા ન હોવાથી વળતર ચૂકવણી માટેની કાર્યવાહી કરવામાં આવેલ નથી. સદર દસ્તાવેજો રજુ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વળતર ચૂકવણી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---------

તા. ૭મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણોના સર્વે**

૮૧૨૨ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક કેટલા વિજ જોડાણોના સર્વે થયા છે,

(૨) એક સર્વે નંબર–બ્લોક નંબરમાં હયાત કનેક્શન હોય અને બીજુ કનેક્શન નહીં આપવાના કારણો શાં છે, અને

(૩) નવા કેટલા કનેક્શનો તાલુકાવાર રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણો માટે થયેલ સર્વેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | સર્વે કરવામાં આવેલ કૃષિ વિષયક વીજ જોડાણોની સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૩૪૬૪ |
| ઇડર | ૩૧૬૫ |
| ખેડબ્રહ્મા | ૬૨૦ |
| પોશીના | ૨૪૪ |
| પ્રાંતિજ | ૨૧૩૨ |
| તલોદ | ૨૩૧૦ |
| વડાલી | ૮૨૪ |
| વિજયનગર | ૬૪૬ |

(૨) નામ. ગુજરાત વીજ નિયમન પંચના સપ્લાયકોડ નોટીફીકેશન નંબર ૧૧–૨૦૦૫ના સેકશન ૪–પ્રોસીઝર ફોર ગ્રાન્ટ ઓફ સપ્લાય, પેરા નંબર ૪.૧.૧૭ મુજબ એક જ પ્રીમાઈસીસમાં એક કરતાં વધુ વીજ જોડાણ આપી શકાતા નથી.

(૩) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં એક બ્લોક સર્વે નંબરમાં હોવાના કારણે કોઇ હયાત વીજ જોડાણ રદ કરવામાં આવ્યા નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન**

૮૭૫૧ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન વિભાજીત કરવામાં આવેલ ફીડરોની સંખ્યા અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વિભાજન કરવામાં આવેલ ફીડરોની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૩૦ | ૨૦૯.૯૨ |
| ૨૦૧૩–૧૪ | ૩૩ | ૨૦૮.૭૭ |

---------

**વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

૮૭૬૮ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય શ્રમ રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૩/૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા

**જવાબ**

(૧) ૬૨

ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? (૨) ૯૩૫૦

---------

**રાજ્યમાં બજેટમાં ફાળવેલ રકમો**

૮૮૦૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વર્ષમાં રાજ્યમાં બજેટમાં ફાળવેલ રકમો અન્વયે વહીવટી ખર્ચ કેટલો અને વિકાસના કામો માટે ખર્ચ કેટલો કરવામાં આવ્યો ?

(૧)

| વર્ષ | વિકાસના કામો માટેનો ખર્ચ | વહીવટી ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ. ૬૮૧૦૦.૨૫ કરોડ | રૂ.૩૦૦૪૧.૨૬ કરોડ |
| ૨૦૧૩–૧૪ (સુ. અંદાજ) | રૂ.૭૫૯૧૧.૧૦ કરોડ | રૂ.૩૧૪૬૧.૭૪ કરોડ |

---------

**છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં આવેલ સબ સ્ટેશનો**

૮૮૦૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં કેટલા સબસ્ટેશનો આવેલા છે,

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં કુલ ૧૩ અને વડોદરા જિલ્લામાં કુલ ૬૬ સબ સ્ટેશનો આવેલા છે.

(૨) આ સબસ્ટેશનો દીઠ ફીડર વાઇસ ખેડૂતોને કેટલા કલાક વિજ પુરવઠો આપવામાં આવે છે, અને

(૨) આ સબ સ્ટેશનો દીઠ ખેડૂતોને ખેતીવાડી ફિડર પર ઓછામાં ઓછા ૮ કલાક થ્રી ફેઝ અને બાકીના સમય ગાળા દરમ્યાન સીંગલ ફેઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. પાકની જરૂરીયાત પ્રમાણે ચોમાસામાં વરસાદની અછત ઉભી થાય તેવા સંજોગોમાં પાક બચાવવા માટે જરૂર જણાય તો ૧૦ કલાક ખેતીવાડી માટે વીજ પુરવઠો આપવામાં આવે છે.

(૩) વિજ પુરવઠો ઓછો અપાય છે તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રેતી કે પત્થરની લીઝ ફાળવવા બાબત**

૯૮૭૩ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રેતીની કે પત્થરની લીઝ ફાળવવામાં આવી, અને

(૧) **પત્રક** મુજબ

(૨) ઉક્ત સ્થિતિએ આ ફાળવણીથી જિલ્લાવાર કેટલી આવક થઈ ?

(૨) સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૧૫૪૬.૨૮ લાખ અને અરવલ્લી જિલ્લામાં રૂ. ૬૨૯.૧૮ લાખ

**પત્રક**

**સાબરકાંઠા જિલ્લોઃ–**

| **ખનિજનું નામ** | **તાલુકાનું નામ** | | | | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | **તલોદ** | **ઇડર** | **ખેડબ્રહ્મા** | **વડાલી** | **હિંમતનગર** | **પ્રાંતિજ** | **પોશીના** | **વિજયનગર** | |
| રેતી | ૧ | ૦ | ૩ | ૦ | ૪ | ૧૬ | ૦ | ૦ | ૨૪ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પથ્થર | ૬ | ૯ | ૦ | ૧ | ૮ | ૦ | ૦ | ૦ | ૨૪ |
| કુલ | ૭ | ૯ | ૩ | ૧ | ૧૨ | ૧૬ | ૦ | ૦ | ૪૮ |

**અરવલ્લી જિલ્લોઃ–**

| ખનિજનું નામ | તાલુકાનું નામ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | ધનસુરા | બાયડ | મોડાસા | ભિલોડા | માલપુર | મેઘરજ | |
| રેતી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| પથ્થર | ૩૪ | ૧૬ | ૧૧ | ૨ | ૧ | ૦ | ૬૪ |
| કુલ | ૩૫ | ૧૭ | ૧૧ | ૨ | ૧ | ૦ | ૬૬ |

---------

**વ્યારા તાલુકામાં કૃષિ વિષયક વિજ જોડાણો**

૯૫૪૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યારા તાલુકામાં કેટલા ખેડૂતોને તત્કાલ કૃષિ વિષયક વિજ જોડાણો આપવામાં આવ્યા, અને વિજ પુરવઠો અપાયો, અને

(૨) તત્કાલ કૃષિ વિજ જોડાણ માટેની બાકી રહેલી અરજીઓનો ક્યારે નિકાલ કરી વિજ કનેક્શનો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તત્કાલ વીજ જોડાણ–૨૦૧૩ અન્વયે વીજ જોડાણ મેળવવા માટે તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ૨ અરજીઓ મળેલ હતી.

આ બન્ને અરજદારોએ તત્કાલ યોજના–૨૦૧૩ની શરત મુજબ સૂક્ષ્મ પિયત પદ્ધતિ હેઠળ વીજ જોડાણ મેળવવા અસંમતિ દર્શાવતાં તેમની અરજી રદ કરવામાં આવેલ છે.

---------

**ડાંગ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ**

૯૨૨૬ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં થયેલ કુલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧૧૨૭.૪૯ | ૮૦૯.૫૧ | ૧૯૩૭.૦૦ |

(૨) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

| વર્ષ | માલસામાન | વેતન |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૩૦૭.૧૯ | ૭૬૫.૬૫ |
| ૨૦૧૩–૧૪ | ૧૧૦.૮૧ | ૬૩૯.૧૬ |
| **કુલઃ** | **૪૧૮.૦૦** | **૧૪૦૪.૮૧** |

---------

**દાહોદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશના વીજ જોડાણો**

૮૭૫૪ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ

વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘરવપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ વાર તે માટે કેટલો ખર્ચ થયો ?

દરમિયાન દાહોદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ગરીબ લાભાર્થીઓને ગૃહ વપરાશના આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૨૬૪ | ૧૪૫.૨૪ |
| ૨૦૧૩-૧૪ | ૪૫૧૭ | ૧૬૮.૧૦ |

---------

**ગેસના શોધકામ માટે કે. જી બ્લોકના ડ્રીલીંગ**

૮૮૧૨ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગેસના શોધકામ માટે કે. જી. બ્લોકના ડ્રીલીંગ માટેના રૂા. ૧૦૪.૨૯ કરોડનો ખર્ચ રાજ્ય સરકારે ભારત સરકારની મેનેજમેન્ટ કમીટી કે જે FDP માટેની છે તેની મંજૂરી વગર કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ માટે જવાબદાર સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી અને કુંકાવાવ તાલુકામાં બી. પી.એલ. યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ**

૯૭૭૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૦૧-૦૧-૨૦૧૩થી તા. ૩૧-૫-૨૦૧૪ સુધીમાં અમરેલી અને કુંકાવાવ તાલુકામાં કુલ કેટલા અરજદારોએ બી.પી.એલ. યાદીમાં પોતાના કુંટુંબનો સમાવેશ કરવા માટે અરજીઓ કરી,

(૨) તે પૈકી તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલી અરજીઓ મંજૂર અને ના મંજૂર કરવામાં આવી તથા કેટલી અરજીઓ પડતર છે, અને પડતર રેહવાના કારણો શા છે, અને

(૩) ઉપરોક્ત મંજૂર થયેલી અરજીઓ પૈકી કેટલા કુંટુંબોનું મુલ્યાંકન ગુણાંક ૧ થી ૧૬માં છે, અને કેટલા કુંટુંબોનું મુલ્યાંકન ગુણાંક ૧૭ થી ૨૦ માં છે ?

**જવાબ**

(૧) તા. ૦૧-૦૧-૨૦૧૩થી તા. ૩૧-૫-૨૦૧૪ સુધીમાં અમરેલી તાલુકામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટે કુલ-૧૯૪૫ અરજીઓ તથા કુંકાવાવ તાલુકામાં કુલ-૧૮૪૬ અરજીઓ આવેલ છે.

(૨) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ

| અમરેલી | | કુંકાવાવ |
|---|---|---|
| મંજૂર | ૮૨૪ | ૭૩૬ |
| નામંજૂર | ૫૫૨ | ૨૩૯ |
| પડતર | ૫૬૯ | ૮૭૧ |

તાલુકા કક્ષાએ અરજીની ચકાસણી તથા સર્વે બાકી હોવાથી પડતર છે.

(૩) નીચેના લાભર્થીઓનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ છે.

| અમરેલી | | કુંકાવાવ |
|---|---|---|
| ૦ થી ૧૬ | ૫૬૦ | ૪૯૫ |
| ૧૭ થી ૨૦ | ૨૬૪ | ૨૪૧ |

---------

**કચ્છ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને રોજગારી**

૯૨૧૯ **ડાં. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં મનરેગા યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર રોજગારી પુરી પાડેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ ૨૦૧૨-૧૩ | વર્ષઃ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|

છે, અને

| | | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૫૩૮ | ૬૯૪ |
| ૨ | અંજાર | ૫૬૯ | ૩૦૯ |
| ૩ | ભચાઉ | ૪૭૪ | ૬૧ |
| ૪ | ભુજ | ૧૭૩૧ | ૧૧૩૨ |
| ૫ | ગાંધીધામ | ૫ | ૦ |
| ૬ | લખપત | ૬૧૬ | ૯૦૨ |
| ૭ | માંડવી | ૫૭૨ | ૪૬ |
| ૮ | મુન્દ્રા | ૭૬ | ૫૮ |
| ૯ | નખત્રાણા | ૭૭૬ | ૩૮૪ |
| ૧૦ | રાપર | ૩૩૧૧ | ૧૮૨૩ |
| | **કુલ** | **૮૭૧૩** | **૫૪૦૯** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે?

(૨) કચ્છ જિલ્લા મનરેગા યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર રોજગારી પુરી પાડેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષઃ ૨૦૧૨-૧૩** | **વર્ષઃ૨૦૧૩-૧૪** |
|---|---|---|---|
| | | **ઉત્પન્ન થયેલ માનવદિન** | **ઉત્પન્ન થયેલ માનવદિન** |
| ૧ | અબડાસા | ૧૭૩૫૭ | ૩૩૮૧૧ |
| ૨ | અંજાર | ૧૬૬૦૫ | ૧૩૪૧૩ |
| ૩ | ભચાઉ | ૧૯૧૯૫ | ૧૯૦૫ |
| ૪ | ભુજ | ૭૨૮૩૫ | ૪૪૫૧૯ |
| ૫ | ગાંધીધામ | ૬૬ | ૦ |
| ૬ | લખપત | ૨૬૭૦૪ | ૩૩૦૨૮ |
| ૭ | માંડવી | ૧૮૩૭૮ | ૧૯૩૬ |
| ૮ | મુન્દ્રા | ૧૬૭૩ | ૨૪૯૨ |
| ૯ | નખત્રાણા | ૨૫૬૪૭ | ૧૮૪૧૬ |
| ૧૦ | રાપર | ૧૪૦૮૦૪ | ૯૭૫૮૯ |
| | **કુલ** | **૩૩૯૨૬૪** | **૨૪૭૧૦૯** |

---------

## રાજ્યમાં બી. પી. એલ. યાદીનો સર્વે

૯૪૯૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બી. પી. એલ. યાદી માટેનો સર્વે ક્યા વર્ષમાં કરવામાં આવ્યો હતો,

(૨) નવેસરથી સર્વે કરવાનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્યમાં બી. પી. એલ. યાદી માટેનો સર્વે ૨૦૦૨ના વર્ષમાં કરવામાં આવ્યો હતો.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા/ઝૂંપડપટ્ટીઓની ગણતરી

૯૮૫૭ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જિલ્લાવાર ઝુંપડા/ઝુપડપટ્ટીઓની સંખ્યા કેટલી છે તથા તે માટે છેલ્લે ક્યારે ગણતરી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) **અમદાવાદ જિલ્લોઃ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કાચા આવાસની સંખ્યા** |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૩૦૩૩ |
| ૨ | સાણંદ | ૨૨૭૫ |

| | | |
|---|---|---|
| ૩ | વિરમગામ | ૩૮૯૫ |
| ૪ | બાવળા | ૯૬૬૮ |
| ૫ | ધોળકા | ૭૭૭૯ |
| ૬ | માંડલ | ૨૬૧૬ |
| ૭ | દેત્રોજ | ૩૯૯૫ |
| ૮ | ધંધુકા | ૩૫૩૮ |
| ૯ | રાણપુર | ૩૮૯૩ |
| ૧૦ | બરવાળા | ૨૭૯૮ |
| | **કુલ** | **૪૩૪૯૦** |

**ગાંધીનગર જિલ્લોઃ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કાચા આવાસની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૪૯૨૭ |
| ૨ | દહેગામ | ૧૩૭૮૬ |
| ૩ | કલોલ | ૩૫૦૯ |
| ૪ | માણસા | ૪૯૫૬ |
| | **કુલ** | **૩૭૧૭૮** |

છેલ્લે વર્ષ ૨૦૧૩–૧૪માં ગણતરી કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા આ ઝુંપડા/ઝુંપડપટ્ટીઓની જગ્યાએ પાકા મકાનો બનાવવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર શાં પગલાઓ લીધા ?

(૨) ગ્રામ્ય વિસ્તારમાં કાચા મકાનો પાકા કરવા સરદાર આવાસ યોજના–૨ તા.૧૮–૨–૧૪ થી અમલમાં મુકેલ છે.

---------

**ખેડા જિલ્લામાં ઇન્દીરા આવાસ યોજના લાભાર્થીઓ**

૮૪૯૦ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ઇન્દીરા આવાસ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આવાસો બનાવી લાભાર્થીઓને આપવામાં આવ્યા ?

**જવાબ**

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ૯૭૧ ગામોમાં ૬૭૭૧ આવાસો બનાવી લાભાર્થીઓને આપવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ગામોની સંખ્યા** | **આવાસોની સંખ્યા** | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | | **તા.૧/૬/૧૧ થી તા.૩૧/૫/૧૨** | **તા.૧/૬/૧૨ થી તા.૩૧/૫/૧૩** | **તા.૧/૬/૧૩ થી તા.૩૧/૫/૧૪** | |
| ૧ | બાલાશિનોર | ૫૨ | ૫૧ | ૧૪૪ | ૨૦૮ | ૪૦૩ |
| ૨ | કપડવંજ | ૨૫૧ | ૧૬૧ | ૨૯૨ | ૫૮૯ | ૧૦૪૨ |
| ૩ | કઠલાલ | ૧૦૯ | ૧૪૪ | ૫૨૯ | ૮૨૧ | ૧૪૯૪ |
| ૪ | ખેડા | ૩૧ | ૫ | ૯૯ | ૪૮ | ૧૫૨ |
| ૫ | મહુવા | ૬૧ | ૨ | ૧૫૨ | ૧૩૬ | ૨૯૦ |
| ૬ | માતર | ૮૫ | ૮૦ | ૨૭૬ | ૨૨૨ | ૫૭૮ |
| ૭ | મહેમદાવાદ | ૧૦૩ | ૧૪૧ | ૧૧૭ | ૩૩૩ | ૫૯૧ |
| ૮ | નડીયાદ | ૮૨ | ૮૦ | ૪૬૪ | ૪૯૩ | ૧૦૩૭ |
| ૯ | ઠાસરા | ૧૪૩ | ૧૯૪ | ૫૭૫ | ૧૨૧ | ૮૯૦ |
| ૧૦ | વિરપુર | ૫૪ | ૬૩ | ૨૦ | ૨૧૧ | ૨૯૪ |

---------

**નવસારી જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજના અને ઇન્દીરા આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ**

૮૫૮૦ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર સરદાર પટેલ આવાસ યોજના અને ઇન્દીરા આવાસ યોજના હેઠળ

**જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરદાર આવાસ યોજના અને ઇન્દીરા આવાસ યોજના હેઠળ પૂર્ણ કરેલ આવાસની

કેટલા લાભાર્થીઓને આવાસના કબજા સોંપવામાં આવ્યા, અને

વિગતો.

**સરદાર આવાસ યોજના**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૪૩૪ | ૬૯ |
| ૨ | જલાલપોર | ૨૨૮ | ૭૧ |
| ૩ | ગણદેવી | ૪૯૦ | ૧૨૩ |
| ૪ | ચીખલી | ૧૮૪૧ | ૫૨૫ |
| ૫ | વાંસદા | ૩૭૮૪ | ૪૭૯ |
| | **કુલ** | **૬૭૭૭** | **૧૨૬૭** |

**ઈન્દીરા આવાસ યોજના**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૧૬ | ૨૧૪ |
| ૨ | જલાલપોર | ૬૮ | ૧૬૬ |
| ૩ | ગણદેવી | ૨૩ | ૨૯૩ |
| ૪ | ચીખલી | ૯૧ | ૭૯૭ |
| ૫ | વાંસદા | ૮ | ૮૪ |
| | **કુલ** | **૨૦૬** | **૧૫૫૪** |

સરદાર આવાસ યોજના અને ઈન્દીરા આવાસ યોજનામાં લાભાર્થીઓ જાતે જ આવાસનું બાંધકામ કરતાં હોઈ આવાસનો કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) બાકી રહેલા ઇસમોને કેટલા સમયમાં આવાસો આપવાનું આયોજન છે?

(૨) પાત્રતા ધરાવતા લાભાર્થીઓ અરજી કર્યેથી જે તે આવાસ યોજનાની શરતો મુજબ લાભ અપાશે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો**

૯૨૨૪ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં હાથ ધરેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૯૨ | ૩૭ |
| ૨ | ચુડા | ૪૨ | ૨૫ |
| ૩ | ધ્રાંગધ્રા | ૬૬ | ૪૩ |
| ૪ | લીંબડી | ૬૫ | ૧૫ |
| ૫ | લખતર | ૩૦ | ૧૩ |
| ૬ | મુળી | ૧૨૬ | ૫૪ |
| ૭ | પાટડી | ૪૯ | ૧૬ |
| ૮ | સાયલા | ૨૦ | ૧૬ |
| ૯ | હળવદ | ૩૨ | ૨૧ |
| ૧૦ | વઢવાણ | ૧૮ | ૮ |
| | **કુલ** | **૫૪૦** | **૨૪૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તાલુકાવાર હાથ ધરેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૯૨ | ૩૭ |
| ૨ | ચુડા | ૪૨ | ૨૫ |
| ૩ | ધ્રાંગધ્રા | ૬૬ | ૪૩ |
| ૪ | લીંબડી | ૬૫ | ૧૫ |
| ૫ | લખતર | ૩૦ | ૧૩ |
| ૬ | મુળી | ૧૨૬ | ૫૪ |
| ૭ | પાટડી | ૪૯ | ૧૬ |
| ૮ | સાયલા | ૨૦ | ૧૬ |
| ૯ | હળવદ | ૩૨ | ૨૧ |
| ૧૦ | વઢવાણ | ૧૮ | ૮ |
| | **કુલ** | **૫૪૦** | **૨૪૮** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

(૩) તાલુકાવાર પૂર્ણ થયેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૮૬ | ૬ |
| ૨ | ચુડા | ૪૦ | ૧૩ |
| ૩ | ધ્રાંગધ્રા | ૬૨ | ૨૩ |
| ૪ | લીંબડી | ૬૫ | ૧૨ |
| ૫ | લખતર | ૨૪ | ૩ |
| ૬ | મુળી | ૧૨૧ | ૯ |
| ૭ | પાટડી | ૩૩ | ૦ |
| ૮ | સાયલા | ૧૯ | ૩ |
| ૯ | હળવદ | ૧૬ | ૪ |
| ૧૦ | વઢવાણ | ૧૨ | ૨ |
| | **કુલ** | **૪૭૮** | **૭૫** |

---------

**વિજાપુર તથા સાબરકાંઠાને જોડતી સાબરમતી નદીના કિનારા પર રેતીની લીઝમાં ગેરરીતીઓ**

૮૫૭૭ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૧૩ની સ્થિતિએ વિજાપુર તથા સાબરકાંઠાને જોડતી સાબરમતી નદીના કિનારા ઉપર રેતીની કેટલી લીઝો અપાયેલા છે,

(૨) આ રેતીની લીઝમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિઓ થાય છે તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો જપ્ત કર્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ઇસમો પાસેથી દંડ વસુલ કરી કાનુની કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) ૫૧.

(૨) તા.૦૧-૦૨-૨૦૧૧ થી ૩૧-૦૧-૨૦૧૨ દરમ્યાન ૨૯ અને તા.૦૧-૦૨-૨૦૧૨ થી ૩૧-૦૧-૨૦૧૩ દરમ્યાન ૧૯.

(૩) ૩૪.

---------

**રાજ્યના જિલ્લા પંચાયતોના વિકાસના કામો માટે ફાળવેલ રકમ**

૯૧૭૧ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કેન્દ્રના ૧૩માં નાણા પંચ દ્વારા રાજ્યની જિલ્લા પંચાયતોના વિકાસના

**જવાબ**

તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કેન્દ્રના ૧૩માં નાણાપંચ દ્વારા રાજ્યની જિલ્લા પંચાયતોના વિકાસના કામો

કામો માટે છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમ ફાળવી ?

માટે છેલ્લા બે નાણાકીય વર્ષમાં રૂ.૭૪૨૫૭.૪૬ લાખની રકમ ફાળવવામાં આવી છે.

---------

**મહીસાગર જિલ્લામાં ખેતી માટેની વીજજોડાણની પડતર અરજીઓ**

૮૪૮૫ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ખેતી માટેની વીજ જોડાણ મેળવવા માટે કેટલા અરજદારોની અરજીઓ પડતર છે, અને

(૨) આવા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની ૬૬૦૫ અરજીઓ પડતર છે.

(૨) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**ગઢડા તાલુકાના ઈતરીયા ગામે સ.નં. ૪૨ની જમીનમાં લીઝ માટેની મળેલ અરજીઓ**

૯૬૪૮ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઈતરીયા ગામે સં.નં. ૪૨ની જમીનમાં લીઝ માટેની કેટલી અરજીઓ સરકારને મળી હતી,

(૨) તે પૈકી સ.નં. ૪૨માં કેટલા અને કયા લીઝ ધારકોની અરજી મંજૂર કરી અને કેટલા અને કયા લીઝ ધારકોની અરજી નામંજૂર કરી, અને

(૩) લીઝ નામંજૂર કરવા પાછળના કારણો શાં હતાં ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવા બાબત**

૯૧૯૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ માં ૧૨ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૪૧ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ શૂન્ય અને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૨ લીઝો મંજૂર કરેલ છે. જેની વિગતનું પત્રક સામેલ છે. લીઝ કોઈ ચોક્કસ જથ્થા માટે મંજૂર કરવામાં આવતી નથી.

**પ ત્ર ક**

| જિલ્લો | વર્ષ | ખનિજનો પ્રકાર | જમીનનો પ્રકાર | લીઝની સંખ્યા |
|---|---|---|---|---|
| જામનગર | ૨૦૧૨-૧૩ | મુખ્ય ખનિજ | સરકારી | ૩ |
| | | | ખાનગી | ૦ |
| | | ગૌણ ખનિજ | સરકારી | ૧ |
| | | | ખાનગી | ૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૨૦૧૩–૧૪ | મુખ્ય ખનિજ | સરકારી | ૧ |
| | | | ખાનગી | ૧ |
| | | ગૌણ ખનિજ | સરકારી | ૨૯ |
| | | | ખાનગી | ૧૦ |
| દેવભૂમી દ્વારકા | ૨૦૧૨–૧૩ | મુખ્ય ખનિજ | સરકારી | ૦ |
| | | | ખાનગી | ૦ |
| | | ગૌણ ખનિજ | સરકારી | ૦ |
| | | | ખાનગી | ૦ |
| | ૨૦૧૩–૧૪ | મુખ્ય ખનિજ | સરકારી | ૧ |
| | | | ખાનગી | ૦ |
| | | ગૌણ ખનિજ | સરકારી | ૧ |
| | | | ખાનગી | ૦ |

(૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને

(૨) આવી લીઝો મંજૂર થયા પછી જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ માં એક તથા વર્ષ ૨૦૧૩–૧૪ માં એક અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૦૧૨–૧૩ માં શૂન્ય તથા વર્ષ ૨૦૧૩–૧૪ એક વખત સ્થળ તપાસ કરવામાં આવી જેમાં ત્રણ લીઝ ધારકોની ગેરરીતિ સામે આવી.

(૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકોને કરારખત શરતભંગ બદલ નોટીસ આપી દંડ વસૂલવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજ–રેતી ચોરી કરતા જપ્ત કરેલ વાહનો**

૮૪૮૭ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજ–રેતી ચોરી કરતા કેટલા વાહનો છેલ્લા બે વર્ષમાં જપ્ત કરવામાં આવ્યા, અને

(૨) તેમની પાસેથી દંડ પેટે કેટલી રકમ વસુલ કરી અને શી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૧૯.

(૨) રૂ.૧૭.૨૩ લાખ,

ગુજરાત ખનીજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો–૨૦૦૫ હેઠળ નિયત કરેલ કાર્યવાહી કરી.

---------

**જૂનાગઢ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

૮૮૬૦ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) જૂનાગઢ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ?

**જવાબ**

(૧) રૂ.૧૧૦.૯૮ કરોડ.

(૨) ૧. કોટન/કોટન સીડ્સ
૨. ટોબેકો પ્રોડક્ટ્સ
૩. ઓટો મોબાઈલ
૪. ઓઈલ સીડ્સ
૫. ચા

---------

**સરદાર આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને ફાળવેલ રકમ**

૯૮૧૫ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સરદાર આવાસ યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં વર્ષવાર અને કેટેગરીવાર એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. ના લાભાર્થીઓ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૧)

ફાળવેલ રકમ (રૂ.લાખમાં)

| વર્ષ | એસ.ટી. | એસ.સી. | જનરલ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૫૪૫૬૩ | ૧૦૬૫૯ | ૪૪૫૬૧ | ૧૦૯૭૮૩ |
| ૨૦૧૩-૧૪ | ૪૦૪૩૪ | ૨૨૮૮ | ૪૪૫૮૧ | ૮૭૩૦૩ |
| ૨૦૧૪-૧૫ | ૦ | ૦ | ૦ | ૦ |

ઓ.બી.સી. ના લાભાર્થીઓની ગ્રાન્ટનો જનરલ કેટેગરીમાં સમાવેશ થાય છે.

(૨) તે પૈકી વર્ષવાર અને કેટેગરીવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

ખર્ચ (રૂ.લાખમાં)

| વર્ષ | એસ.ટી. | એસ.સી. | જનરલ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪૬૯૮૦ | ૪૭૨૫ | ૪૮૦૮૮ | ૯૯૭૯૩ |
| ૨૦૧૩-૧૪ | ૨૬૦૪૭ | ૨૧૪૧ | ૨૨૨૬૪ | ૫૦૪૫૧ |
| ૨૦૧૪-૧૫ | ૬૩૮ | ૧૩૬ | ૧૪૧૭ | ૨૧૯૨ |

ઓ.બી.સી. લાભાર્થીઓના ખર્ચનો જનરલ કેટેગરીમાં સમાવેશ થાય છે.

---------

## ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સરદાર આવાસ અને ઈન્દિરા આવાસ યોજના આવાસો

૮૮૦૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો આપવાનું આયોજન હતુ,

(૧)

| જિલ્લો | સરદાર આવાસ | ઈન્દિરા આવાસ |
|---|---|---|
| ગીર સોમનાથ | ૧૯૯૨ | ૨૧૨૭ |
| જૂનાગઢ | ૧૪૦૧ | ૧૯૪૨ |
| **કુલ** | **૩૩૯૩** | **૪૦૬૯** |

(૨) તે સામે કેટલા લાભાર્થીઓને વર્ષવાર આવાસો ફાળવવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લો | સરદાર આવાસ | | ઈન્દિરા આવાસ | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
| ગીર સોમનાથ | ૧૯૯૨ | ૦ | ૪૪૬ | ૪૧૦ |
| જૂનાગઢ | ૧૪૦૧ | ૦ | ૧૩૩૦ | ૮૨૫ |

(૩) બાકી રહેતા લાભાર્થીઓને કેટલા સમયમાં આવાસો ફાળવવામાં આવશે ?

(૩) આવાસ બાંધકામ લાભાર્થી દ્વારા થતા હોઈ ફાળવવાનો પ્રશ્ન નથી.

---------

## રાજ્યે ખનીજ વીજ કંપનીઓ અને સેન્ટ્રલ પુલમાંથી ખરીદેલ વીજળી

૯૪૪૯ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ અને સેન્ટ્રલ-પુલમાંથી કેટલી વીજળી શા ભાવથી

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં ખાનગી કંપનીઓ પાસેથી તથા સેન્ટ્રલ પુલમાંથી કરવામાં આવેલ વીજ ખરીદીની વિગત નીચે

ખરીદી, અને

મુજબ છે.

| ક્રમાંક | વિગત | ૧/૬/૧૨ થી ૩૧/૫/૧૩ (મિ.યુ.) | દર (રૂ. યુનીટ) | ૧/૬/૧૩ થી ૩૧/૫/૧૪ (મિ.યુ.) | દર (રૂ. યુનીટ) |
|---|---|---|---|---|---|
| (અ) | કેન્દ્રીય સાહસો | ૧૯૨૧૮ | ૨.૬૧ | ૧૯૦૫૮ | ૨.૯૬ |
| (બ) | ખાનગી સાહસો | ૨૪૭૮૧ | ૨.૯૯ | ૨૯૨૫૩ | ૨.૯૧ |

(૨) તે અન્વયે રાજ્ય સરકારના વીજ-મથકોમાં ઉક્ત સ્થિતિએ કેટલી વિજ-ઉત્પાદન ક્ષમતા સામે કેટલું વીજ-ઉત્પાદન થયું, અને

(૨) રાજ્યના વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય છે અને પ્લાન્ટ અવેલીબીલીટી ફેક્ટર આ ઉપલબ્ધતા દર્શાવે છે. રાજ્યની વીજ માંગને અનુલક્ષીને સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર (એસ.એલ.ડી.સી.) દ્વારા વીજ નિયમન આયોગની મેરીટ ઓર્ડર પ્રક્રિયા (Merit Order Dispatch) મુજબ વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે. વીજ મથકની ઉત્પાદન ક્ષમતાની સામે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા કરવામાં આવેલ વીજ ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમાંક | વિગત | ઉત્પાદન ક્ષમતા (મે.વો.) | ૧/૬/૧૨ થી ૩૧/૫/૧૩ (મિ.યુ.) | ૧/૬/૧૩ થી ૩૧/૫/૧૪ (મિ.યુ.) |
|---|---|---|---|---|
| **(અ) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી લી.** | | | | |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર પ્લાન્ટ | ૧૩૫૦ | ૪૬૫૬ | ૪૬૮૧ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર પ્લાન્ટ | ૮૭૦ | ૩૫૨૬ | ૧૬૫૯ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | ૧૪૭૦ | ૮૦૧૦ | ૪૭૧૭ |
| ૪ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૫૧૦ | ૬૫૩ | -- |
| ૫ | કચ્છ લીગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૨૯૦ | ૧૫૪૦ | ૧૫૩૪ |
| ૬ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ (૭-૮) | ૨૧૯ | ૬૯૫ | ૧૭૭ |
| ૭ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૨૪૦ | ૮૧૫ | ૬૨૩ |
| ૮ | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ | ૬૧૫ | ૮૬૯ |
| ૯ | કડાણા હાઈડ્રો | ૨૪૨ | ૨૩૧ | ૪૦૯ |
| **(બ) સરકારી ક્ષેત્રના આઈપીપી** | | | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી., હજીરા | ૧૫૬ | ૬૦૫ | ૨૨૨ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૬૫ મે.વો.) | ૧૬૫ | ૩૧૧ | ૧૧૬ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ | ૨૫૦ | ૧૫૪૪ | ૧૩૧૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | પાવન કંપની લી. (એસએલપીપી) | | | |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી એક્ષ્પાન્શન) | ૨૫૦ | ૧૫૧૩ | ૧૩૨૯ |
| ૫ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૪૫ મે.વો.) | ૪૨ | ૨૬૩ | ૨૪૪ |
| ૬ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ | ૬૬૬ | ૯૩૭ |

ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૪૫ મે.વો.) એ એક કેપ્ટીવ પાવર પ્લાન્ટ છે. જેમાંથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમનો હિસ્સો ૨૮.૭૪ ટકા (૪૨ મે.વો.) છે. આ ઉપરાંત ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી., હજીરા એક્ષ્પાન્શન ૩૫૧ મે.વો. જી.એસ.ઈ.સી. એલ. ધુવારણ ૩૯૬ મે.વો. તથા જી.પી.સી.સી. પીપાવાવ-૭૦૦ મે.વો. વીજ મથકો કાર્યરત થયેલ છે. પરંતુ આ વીજ મથકોને પર્યાપ્ત માત્રામાં ડોમેસ્ટિક ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકોમાંથી વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી.

(૩) કુલ વિજળી પૈકી કેટલી વિજળી ઉદ્યોગ-ગૃહોને તેમજ કેટલી વિજળી ખેડૂતોને ફાળવવામાં આવી ?

(૩) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગ ક્ષેત્રે તેમજ ખેતી ક્ષેત્રે નીચે પ્રમાણે વીજ વપરાશ મીલીયન યુનીટમાં નોંધાયેલ છે.

| | ઉદ્યોગ ક્ષેત્રે | ખેતી ક્ષેત્રે |
|---|---|---|
| જૂન-૨૦૧૨ થી મે-૨૦૧૩ સુધી | ૨૪૬૨૨ | ૨૧૩૬૦ |
| જૂન-૨૦૧૩ થી મે-૨૦૧૪ સુધી | ૨૮૧૭૦ | ૧૮૧૧૨ |

*નોંધ : ઉપરોકત જણાવેલ વિગત ઉદ્યોગ અને ખેતી ક્ષેત્રેના ફીડર્સમાં નોંધાયેલ વીજ પુરવઠા મુજબ છે.

---------

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યા**

૯૪૦૪ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ ખાલી છે,

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા પંચાયત કચેરીઓમાં તાલુકા વિકાસ અધિકારીઓની કુલ-૭૭ જગ્યાઓ ખાલી છે.

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે,

(૨) વહીવટી અનુકુળતા મુજબ.

(૩) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૩) તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં અધિકારીઓની ઘટ હોવાથી.

(૪) રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓનું કુલ કેટલું મંજૂર થયેલું મહેકમ છે ?

(૪) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા પંચાયત કચેરીઓમાં તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ની કુલ-૨૧૨ જગ્યાઓ મંજૂર થયેલ છે. અને તે સિવાય તાલુકા વિકાસ અધિકારી સંવર્ગની કુલ-૩૮૯ જગ્યાઓ મંજૂર થયેલ

છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો**

૯૬૫૧ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કઇ કઇ ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરખાસ્તો મંજૂરી માટે ક્યા તબક્કે પડતર છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નીચેની વિગતે ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત થયેલ છે.

| અ.નં. | તાલુકો | ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | પાલનપુર | પેડાગડા |
| ૨ | ધાનેરા | માલોત્રા |
| ૩ | કાંકરેજ | વડા |
| ૪ | દાંતીવાડા | ભિલાચલ |
| ૫ | અમીરગઢ | જેથી |

(૨) ઉક્ત સ્થિતિએ બે દરખાસ્તો જિલ્લા કક્ષાએ ચકાસણી હેઠળ પડતર છે.

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં વીજ–સબસ્ટેશનો ઊભા કરવાનું આયોજન**

૯૪૭૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં સન ૨૦૧૩–૧૪ માં કેટલા વીજ સબસ્ટેશનો ઊભા કરવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ સબસ્ટેશનો ક્યાં સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ૨૦૧૩–૧૪ ના વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૭ નવા વીજ સબ–સ્ટેશનો અને મોરબી જિલ્લામાં ૬ નવા વિજ સબસ્ટેશનો ઉભા કરવાનું આયોજન હતું.

(૨) તે પૈકી રાજકોટ જિલ્લામાં ૭ અને મોરબી જિલ્લામાં ૬ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૩) તમામે તમામ આયોજીત સબ–સ્ટેશનો કાર્યાન્વિત થયેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વેચાણ વેરા વસુલ કરવા બાબત**

૯૯૭૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાંથી કુલ કેટલો મૂલ્ય વર્ધિત વેરો વસૂલ કરવામાં આવ્યો ?

**જવાબ**

| જિલ્લો | આવક (રૂ.કરોડમાં) |
|---|---|
| સાબરકાંઠા | ૪૧૭.૨૦ |
| બનાસકાંઠા | ૪૮૭.૭૩ |
| **કુલ** | **૯૦૪.૯૩** |

---------

**ખેડા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલયો બાંધવા ચુકવાયેલ સહાય**

૯૭૯૯ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં શૌચાલયો બાંધવા માટે કેટલી સહાય ચૂકવાઇ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં શૌચાલયો બાંધવા માટે કુલ રૂ.૬૯૯.૭૬ લાખની સહાય ચુકવાઇ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૧૦૦૩ શૌચાલયો મંજૂર થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલી રકમની ફાળવણી કરેલ છે ?

(૩) તે પૈકી કુલ રૂ.૬૯૯.૭૬ લાખની રકમની ફાળવણી કરેલ છે.

---------

**સાણંદ અને બાવળા તાલુકામાંથી ગેર કાયદેસર રીતે માટી ખોદકામની ફરીયાદો**

૮૦૯૭ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ખાણ અને ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાણંદ અને બાવળા તાલુકામાંથી ગેરકાયદેસર રીતે માટી ખોદકામ અન્વયે કેટલા ઇસમોની સામે ફરિયાદો નોંધી પગલાં લેવામાં આવ્યા, અને

(૨) માટી ખોદકામની બેરોકટોક ચાલતી પ્રવૃત્તિ અટકાવવા સરકારે ક્યા ક્યા પ્રકારના અસરકારક પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાણંદ અને બાવળા તાલુકામાંથી ગેરકાયદેસર રીતે માટી ખોદકામ અન્વયે કોઇપણ ઇસમ સામે ફરિયાદ નોંધી પગલાં લેવામાં આવ્યા નથી.

(૨) માટી ખોદકામની બિનઅધિકૃત પ્રવૃતિ અટકાવવા સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

(૧) રાજ્ય સ્તરે તથા જિલ્લા સ્તરે ટાસ્ક ફોર્સ તથા ગ્રીવન્સ રીડ્રેસલ સેલની રચના કરવામાં આવેલ છે.

(૨) ૨૪ કલાક ગેરકાયદે ખનિજ વહન/ખોદકામની ફરીયાદો નોંધવા આઇ.વી.આર.એસ. સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) રેલ્વે, બંદર, કસ્ટમ ખાતા સાથે સંકલન સાધી ખનિજ હેરફેર પર દેખરેખ રાખવામાં આવે છે.

(૪) ઓવરલોડીંગ ખનિજનું વહન અટકાવવા રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વજનકાંટાઓ અધિકૃત કરવામાં આવેલ છે.

(૫) ખનિજના ટ્રેડર્સોનું રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.

(૬) તમામ લીઝોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા સિસ્ટમ ઓડીટ કરાવવામાં આવે છે.

(૭) રોયલ્ટી પાસનો દુરુપયોગ અટકાવવા બારકોડીંગ પદ્ધતિ અપનાવેલ છે.

(૮) ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા સરપ્રાઇઝ ચેકીંગ હાથ ધરવામાં આવે છે.

(૯) તપાસ ટીમો સાથે એક્સ–આર્મીમેનની ટીમ પણ ફાળવવામાં આવેલ છે.

---------

**કલોલ તાલુકામાં ઔદ્યોગિક એકમો પાસે વેચાણવેરાની બાકી વસુલાત**

૯૬૪૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકાના કેટલા અને ક્યા ક્યા ઔદ્યોગિક એકમો પાસે વેચાણવેરાની કેટલી બાકી વસુલાત લેણા નીકળે છે,

(૨) આ સમયગાળા દરમિયાન સદર એકમો પાસેથી કેટલી રકમની વસુલાત કરવામાં આવી, અને

(૩) બાકી રકમની વસુલાત માટે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) *પત્રક મુજબના ઔદ્યોગિક એકમો પાસેથી રૂ.૫૩.૧૨ કરોડની વસુલાત બાકી છે.

(૨) રૂ.૦.૩૩/– કરોડ.

(૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**શહેરા તાલુકામાં પંચાયતમાં માર્શલ જીપની જાહેર હરાજી**

૯૭૨૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શહેરા તાલુકા પંચાયતમાં માર્શલ જીપ તા.૧૬–૦૨–૨૦૧૩ થી જાહેર હરાજી કરેલ તે હકીકત સરકારશ્રી જાણે છે, | (૧) હા. |
| (૨) જો હા, તો નવા વાહન માટે ક્યારે દરખાસ્ત મળી, અને | (૨) તા.૨–૪–૨૦૧૩ |
| (૩) ક્યારે વાહન ફાળવવામાં આવશે ? | (૩) નાણાં વિભાગના પરામર્શમાં કાર્યવાહી ચાલી રહેલ છે, જે પૂર્ણ થયેથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં ખાણ ખનીજની ચોરી કરતા જપ્ત કરેલ વાહનો**

૯૯૨૨ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ખાણ અને ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ખાણ અને ખનીજની ચોરી કરતા કેટલા ઇસમો સામે છેલ્લા બે વર્ષમાં પગલા લેવામાં આવ્યા, અને કેટલા વાહનો જપ્ત કર્યા, અને | (૧) ૩૨૦ ઇસમો<br>૨૫૭ વાહનો. |
| (૨) ખનીજ ચોરી અન્વયે કેટલો દંડ ફટકારી કેટલી રકમ વસુલવામાં આવી ? | (૨) રૂ.૧,૧૫,૫૧,૮૪૩/–. |

---------

**રાજ્યમાં વીજળી વેચવા બાબત**

૯૭૩૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કેટલી વીજળી ક્યા–ક્યા રાજ્યમાં શા–શા ભાવે વેચવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અલગ–અલગ રાજ્યોમાં વેચવામાં આવેલ વીજળી તથા તેના ભાવની વિગત નીચે મુજબ છે.

પ્રોવિઝનલ

| | **૧.૦૬.૧૨ થી ૩૧.૦૫.૧૩** | | **૧.૦૬.૧૩ થી ૩૧.૦૫.૧૪** | |
|---|---|---|---|---|
| | **મી.યુ.** | **રૂા./યુનીટ** | **મી.યુ.** | **રૂા./યુનીટ** |
| કર્ણાટક | ૪૩૮૮ | ૪.૧૦ | ૩૫૦ | ૪.૩૪ |
| રાજસ્થાન | ૧૧૬ | ૩.૬૯ | ૫૬ | ૩.૪૯ |
| ઉત્તરપ્રદેશ | ૦.૨૦ | ૩.૦૭ | ૨૩૩ | ૩.૨૪ |
| આસામ | ૦.૩૯ | ૫.૬૬ | ૩૧ | ૩.૦૪ |
| પશ્ચિમબંગાળ | ૭ | ૪.૯૪ | ૫૫ | ૩.૦૪ |
| દિલ્હી | ૩ | ૪.૩૮ | ૧૮ | ૪.૨૨ |
| આન્ધ્ર પ્રદેશ | ૭ | ૪.૦૭ | ૭ | ૩.૦૭ |
| મહારાષ્ટ્ર | ૮ | ૪.૮૫ | – | – |
| મધ્ય પ્રદેશ | ૬ | ૩.૩૬ | – | – |
| કેરલ | ૪ | ૩.૯૮ | – | – |
| ઝારખંડ | ૦.૦૫ | ૫.૦૦ | – | – |

(૨) રાજ્ય બહાર વીજળી વેચવાના શા કારણો હતા ?

(૨) સ્થાપિત વીજક્ષમતામાં થયેલ વધારાને કારણે, ગુજરાત રાજ્ય આજે વીજ સરપ્લસ રાજ્ય છે તથા રાજ્યની વીજક્ષમતા રાજ્યના તમામ વર્ગના ગ્રાહકોની વીજ માંગ સંતોષવા માટે પુરતી છે.

વીજ ઉત્પાદનનો સંગ્રહ કરવો શક્ય નથી. આથી વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે અને કુલ પાવર ખરીદ કિંમત ઘટાડવા સારૂ અને સાથો સાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલ 'રાષ્ટ્રિય સંપત્તિ' કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પુરી કર્યા બાદ સરપ્લસ વીજળી દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને વેચવામાં આવે છે.

---------

**દાહોદ જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં એ.ટી.વી.ટી. હેઠળ ફાળવેલી રકમ**

૯૬૭૦ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં સન ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં કેટલી રકમ તાલુકાવાર એટીવીટી હેઠળ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જુદા જુદા સદરે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને કેટલી રકમ ખર્ચ કરવાની બાકી છે, અને

(૪) જો રકમ ખર્ચ ન થઇ હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨)
તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં સન ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં તાલુકાવાર અને સદરવાર ફાળવવામાં આવેલ રકમની વિગતો **પત્રક–૧** માં સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી ખર્ચ કરવામાં આવેલ અને ખર્ચ કરવાની બાકી રકમની વિગતો **પત્રક–૨** માં સામેલ છે.

(૪) સને ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ ના વર્ષના પ્રગતિ હેઠળના કામોના ચૂકવણા બાકી હોવાથી ખર્ચ થયેલ નથી.

**પત્રક–૧**

**(રૂ।.લાખમાં)**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૧–૧૨** | | | | |
|---|---|---|---|---|---|---|
| | | **એટીવીટી કાર્યવાહક સમિતિ** | **પ્રાંત અધિકારીશ્રીને તાલુકા દીઠ** | **પ્રાંત અધિકારીશ્રીને પ્રાંતદીઠ** | **વિકાસશીલ તાલુકા યોજના** | **કુલ** |
| ૧ | દાહોદ | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | – | – | ૧૫૦.૦૦ |
| ૨ | ગરબાડા | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૨૫.૦૦ |
| ૩ | ઝાલોદ | ૧૫૦.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૭૫.૦૦ |
| ૪ | ફતેપુરા | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૫૦.૦૦ |
| ૫ | લીમખેડા | ૧૫૦.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૭૫.૦૦ |
| ૬ | ધાનપુર | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૫૦.૦૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૫૦.૦૦ |
| | **કુલ** | **૯૦૦.૦૦** | **૧૭૫.૦૦** | **–** | **૬૦૦.૦૦** | **૧૬૭૫.૦૦** |

**(રૂ।.લાખમાં)**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૨–૧૩** | | | | |
|---|---|---|---|---|---|---|
| | | **એટીવીટી કાર્યવાહક સમિતિ** | **પ્રાંત અધિકારીશ્રીને તાલુકા દીઠ** | **પ્રાંત અધિકારીશ્રીને પ્રાંતદીઠ** | **વિકાસશીલ તાલુકા યોજના** | **કુલ** |
| ૧ | દાહોદ | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | – | ૧૭૫.૦૦ |
| ૨ | ગરબાડા | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૨૫.૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | ઝાલોદ | ૧૫૦.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૧૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ૪ | ફતેપુરા | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૫૦.૦૦ |
| ૫ | લીમખેડા | ૧૫૦.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૧૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ૬ | ધાનપુર | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | – | ૧૦૦.૦૦ | ૨૫૦.૦૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૧૦૦.૦૦ | ૨૭૫.૦૦ |
| | **કુલ** | **૯૦૦.૦૦** | **૧૭૫.૦૦** | **૧૦૦.૦૦** | **૬૦૦.૦૦** | **૧૭૭૫.૦૦** |

**પત્રક–૨**

**(રૂ।.લાખમાં)**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૧–૧૨ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એટીવીટી કાર્યવાહક સમિતિ | | પ્રાંત અધિકારીશ્રીને તાલુકા દીઠ | | પ્રાંત અધિકારીશ્રીને પ્રાંત દીઠ | | વિકાસશીલ તાલુકા યોજના | |
| | | થયેલ ખર્ચ | બાકી રકમ | થયેલ ખર્ચ | બાકી રકમ | થયેલ ખર્ચ | બાકી રકમ | થયેલ ખર્ચ | બાકી રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | દાહોદ | ૧૨૩.૯૨ | ૧.૦૮ | ૨૪.૪૫ | ૦.૫૫ | – | – | – | – |
| ૨ | ગરબાડા | ૮૬.૯૩ | ૧૩.૦૭ | ૨૨.૬૨ | ૨.૩૮ | – | – | ૨૨.૫૦ | ૭૭.૫૦ |
| ૩ | ઝાલોદ | ૧૪૪.૫૪ | ૫.૪૬ | ૧૮.૮૮ | ૬.૧૨ | – | – | ૫૧.૪૯ | ૪૮.૫૧ |
| ૪ | ફતેપુરા | ૬૮.૨૩ | ૫૬.૭૭ | ૧૯.૮૮ | ૫.૧૨ | – | – | ૨૬.૦૦ | ૭૪.૦૦ |
| ૫ | લીમખેડા | ૧૪૧.૨૪ | ૮.૭૬ | ૨૩.૪૨ | ૧.૫૮ | – | – | ૧૨.૮૫ | ૮૭.૧૫ |
| ૬ | ધાનપુર | ૧૨૩.૮૩ | ૧.૧૭ | ૨૪.૨૨ | ૦.૭૮ | – | – | ૩૬.૨૯ | ૬૩.૭૧ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૨૪.૩૪ | ૦.૬૬ | ૨૪.૯૪ | ૦.૦૬ | – | – | ૭૭.૩૨ | ૨૨.૬૮ |
| | **કુલ** | **૮૧૩.૦૩** | **૮૬.૯૭** | **૧૫૮.૪૧** | **૧૬.૫૯** | **–** | **–** | **૨૨૬.૪૫** | **૩૭૩.૫૫** |
| **કુલ થયેલ ખર્ચ = ૧૧૯૭.૮૯ કોલમ (૩)+(૫)+(૭)+(૯)** | | | | | **કુલ બાકી રકમ = ૪૭૭.૧૧ કોલમ (૪)+(૬)+(૮)+(૧૦)** | | | | |

**(રૂ।.લાખમાં)**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એટીવીટી કાર્યવાહક સમિતિ | | પ્રાંત અધિકારીશ્રીને તાલુકા દીઠ | | પ્રાંત અધિકારીશ્રીને પ્રાંત દીઠ | | વિકાસશીલ તાલુકા યોજના | |
| | | થયેલ ખર્ચ | બાકી રકમ | થયેલ ખર્ચ | બાકી રકમ | થયેલ ખર્ચ | બાકી રકમ | થયેલ ખર્ચ | બાકી રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | દાહોદ | ૧૨૨.૧૦ | ૨.૯૦ | ૨૪.૩૮ | ૦.૬૨ | ૨૨.૮૨ | ૨.૧૮ | – | – |
| ૨ | ગરબાડા | ૮૩.૮૧ | ૧૬.૧૯ | ૧૪.૨૫ | ૧૦.૭૫ | – | – | ૨૦.૫૦ | ૭૯.૫૦ |
| ૩ | ઝાલોદ | ૧૨૪.૨૩ | ૨૫.૭૭ | ૪.૨૫ | ૨૦.૭૫ | ૫.૪૬ | ૧૯.૫૪ | ૫૭.૫૨ | ૪૨.૪૮ |
| ૪ | ફતેપુરા | ૬૪.૪૦ | ૬૦.૬૦ | ૩.૪૩ | ૨૧.૫૭ | – | – | ૩૬.૦૦ | ૬૪.૦૦ |
| ૫ | લીમખેડા | ૧૪૫.૪૭ | ૪.૫૩ | ૨૩.૬૦ | ૧.૪૦ | ૨૧.૪૫ | ૩.૫૫ | ૯.૦૦ | ૯૧.૦૦ |
| ૬ | ધાનપુર | ૧૨૩.૩૬ | ૧.૬૪ | ૨૪.૮૧ | ૦.૧૯ | – | – | ૪૯.૭૯ | ૫૦.૨૧ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૨૩.૬૯ | ૧.૩૧ | ૧૫.૮૪ | ૯.૧૬ | ૨૪.૬૪ | ૦.૩૬ | ૬૬.૭૬ | ૩૩.૨૪ |
| | **કુલ** | **૭૮૭.૦૬** | **૧૧૨.૯૪** | **૧૧૦.૫૬** | **૬૪.૪૪** | **૭૪.૩૭** | **૨૫.૬૩** | **૨૩૯.૫૭** | **૩૬૦.૪૩** |
| **કુલ થયેલ ખર્ચ = ૧૨૧૧.૫૬ કોલમ (૩)+(૫)+(૭)+(૯)** | | | | | **કુલ બાકી રકમ = ૫૬૩.૪૪ કોલમ (૪)+(૬)+(૮)+(૧૦)** | | | | |

---------

### બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવવા બાબત

૯૮૪૧ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓને તા.૩૧−૦૫−૨૦૧૪ની સ્થિતિએ કેટલા મફત પ્લોટ સરદાર આવાસ તથા ઈન્દીરા આવાસ યોજનાનો લાભ આપવા માટે છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવ્યા, | (૧) ૯૧૦ મફત પ્લોટ |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સરદાર આવાસ તથા ઈન્દીરા આવાસ હેઠળ આવરી લઈ મકાન સહાય આપવામાં આવી, | (૨) સરદાર આવાસ યોજના−૫૧૨<br>ઈન્દીરા આવાસ યોજના−૩૯૫ |
| (૩) કેટલાને મકાન સહાય આપવાની બાકી છે, અને તેના શા કારણો છે, અને | (૩) બાકી ૩ (ત્રણ) લાભાર્થીની સહાય માટેની માંગણી નહિં આવવાના કારણે. |
| (૪) આ તમામને કયાં સુધીમાં મકાન સહાય આપવાનું આયોજન છે? | (૪) બનતી ત્વરાએ. |

---------

### આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લીધેલ લોકો

૮૭૬૯ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી−૨૦૧૪ના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં કેટલા લોકોએ ભાગ લીધો હતો, અને | (૧) જાન્યુઆરી−૨૦૧૪ના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં અંદાજે ૫૦,૩૦૦ થી વધુ લોકોએ ભાગ લીધેલ હતો. |
| (૨) કેટલા વિદેશી પ્રવાસીઓએ ભાગ લીધો હતો? | (૨) અંદાજે ૬૦૦ જેટલા વિદેશી પ્રવાસીઓએ ભાગ લીધેલ હતો. |

---------

### અમદાવાદ શહેર અને જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યા

૯૧૪૪ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૦૫−૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧−૦૫−૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યા ૧૫૯૨૭૦ની છે તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | બી.પી.એલ. પરિવારોની સંખ્યા |
|---|---|
| સીટી | ૪૮૩૨ |
| બરવાળા | ૭૯૨૪ |
| બાવળા | ૧૪૬૦૯ |
| દસક્રોઈ | ૨૪૬૧૪ |
| દેત્રોજ | ૧૪૫૫૧ |
| ધંધુકા | ૧૫૩૮૬ |
| ધોળકા | ૧૮૦૫૫ |
| માંડલ | ૭૯૮૫ |
| રાણપુર | ૮૧૬૭ |
| સાણંદ | ૨૧૫૮૬ |
| વિરમગામ | ૨૧૫૬૧ |
| **કુલ :** | **૧૫૯૨૭૦** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બી.પી.એલ. યાદીમાં કેટલા નામો રદ કરવામાં આવ્યા?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બી.પી.એલ. યાદીમાં એકપણ નામ રદ કરવામાં આવેલ

નથી.

---------

**રાજ્યમાં પેટ્રોલ ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પરના વેટના દરો**

૯૦૯૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણગેસ પરના વેટના દરો શાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ?

**જવાબ**

(૧)

| વિગત | વેટનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩% |
| ડીઝલ | ૨૧% |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૨૫% + ૨.૫૦% વધારાનો વેરો |
| રાંધણ ગેસ એલ.પી.જી.) | માફી |
| રાંધણ ગેસ (પી.એન.જી.) | ૧૨.૫૦% + ૨.૫૦% વધારાનો વેરો |

(૨) (રકમ રૂા. કરોડમાં)

| | **વેટની આવક** | | | |
|---|---|---|---|---|
| **વર્ષ** | **પેટ્રોલ** | **ડીઝલ** | **કેરોસીન** | **પી.એન.જી.** |
| ૨૦૧૨–૧૩ | ૧૯૮૧.૧૨ | ૪૧૭૭.૯૨ | ૧.૪૦ | ૪૬.૨૮ |
| ૨૦૧૩–૧૪ | ૨૨૨૨.૦૬ | ૪૯૫૪.૦૫ | ૧.૧૬ | ૭૩.૭૪ |
| **કુલ :** | **૪૨૦૩.૧૮** | **૯૧૩૧.૯૭** | **૨.૫૬** | **૧૨૦.૦૨** |

---------

**નર્મદા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ માનવદિન**

૯૨૨૦ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયા, તેની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** | | **કુલ માનવદિન** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **તા.૩૧/૦૩/૧૪ની સ્થિતિએ** |
| ૧ | ડેડીયાપાડા | ૮૬૫૦૫૪ | ૧૧૩૨૪૭૫ | ૧૯૯૭૫૨૯ |
| ૨ | નાંદોદ | ૬૪૫૭૭૩ | ૭૦૯૭૪૪ | ૧૩૫૫૫૧૭ |
| ૩ | સાગબારા | ૩૦૧૦૨૯ | ૨૯૩૧૫૯ | ૬૯૪૧૮૮ |
| ૪ | તિલકવાડા | ૧૧૬૪૨૦ | ૧૩૫૩૧૮ | ૨૫૧૭૩૮ |
| | **કુલ** | **૧૯૨૮૨૭૬** | **૨૩૭૦૬૯૬** | **૪૨૯૮૯૭૨** |

(૨) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા, તેની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** | | **કુલ માનવદિન** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **તા.૩૧/૦૩/૧૪ની સ્થિતિએ** |
| ૧ | ડેડીયાપાડા | ૩૦૫૨૪૧ | ૪૨૪૨૮૦ | ૭૨૯૫૨૧ |
| ૨ | નાંદોદ | ૨૧૭૦૯૫ | ૨૫૯૧૯૭ | ૪૭૬૨૯૨ |
| ૩ | સાગબારા | ૧૧૪૧૯૬ | ૧૮૭૫૭૬ | ૩૦૧૭૭૨ |
| ૪ | તિલકવાડા | ૩૫૦૭૬ | ૩૯૮૬૪ | ૭૪૯૪૦ |
| | **કુલ :** | **૬૭૧૬૦૮** | **૯૧૦૯૧૭** | **૧૫૮૨૫૨૫** |

---------

તા. ૭મી જુલાઈ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં ખેતી માટે મંજૂર કરેલ વીજ કનેકશન**

૯૯૪૦ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે કેટલા વીજ કનેકશન મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેકશન મેળવવાની કુલ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) અને (૨)
તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટે આવેલ અરજીઓ તથા મંજૂર કરવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે :

| તાલુકો | આવેલ અરજીઓ | મંજૂર કરવામાં આવેલ અરજીઓ |
|---|---|---|
| ભાવનગર | ૭૪૯ | ૧૦૩૩ |
| ગારીયાધાર | ૧૦૩૫ | ૧૩૨૬ |
| ઘોઘા | ૮૦૯ | ૧૧૯૨ |
| જેસર | ૩૭૭ | ૪૯૪ |
| મહુવા | ૨૨૮૫ | ૨૪૬૦ |
| પાલીતાણા | ૧૩૦૧ | ૧૬૨૪ |
| સિહોર | ૧૪૩૦ | ૧૮૬૯ |
| તળાજા | ૧૯૫૬ | ૧૯૩૯ |
| ઉમરાળા | ૫૪૦ | ૮૬૦ |
| વલ્લભીપુર | ૫૩૦ | ૮૯૬ |

(૩) બાકી રહેતા વીજ કનેકશનો કેટલા સમયમાં આપવામાં આવશે,

(૩) કૃષિ વિજ જોડાણની મળતી અરજીઓની સમયાનુસાર નોંધણી કરી તેનો અગ્રતાક્રમ આપવામાં આવે છે અને આ અગ્રતાક્રમ મુજબ વિજ જોડાણ મંજુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તદ્અનુસાર ભાવનગર જિલ્લામાં કૃષિ વીજ જોડાણની અગાઉ નોંધાયેલ અરજીઓમાં વીજ જોડાણ આપવાની કામગીરી પૂર્ણ થયા બાદ બાકી રહેલ અરજદારોની અરજીઓ સંદર્ભે અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે.

(૪) મંજૂર થયેલ કનેકશન કેટલા સમયમાં જોડાણ કરી આપવામાં આવશે, અને

(૪) મંજુર થયેલ અરજીઓ પૈકી નાણાં ભરપાઈ થયેલ અરજીઓની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે નાણાં ભરપાઈ કરવાના બાકી હોય તેવી અરજીઓના નાણાં ભરપાઈ થયેથી કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૫) વીજ કનેકશન બાકી રહ્યા હોય તો તેના કારણો મુખ્યત્વે કયા છે?

(૫) કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે.

---------

**રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. ગેસ પર વેટ/વેરો વસૂલવા બાબત**

૮૪૮૧ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. ગેસ ઉપર કેટલો વેટ/વેરો વસૂલવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| વિગત | વેટનો દર |
|---|---|

| | |
|---|---|
| પેટ્રોલ | ૨૩% |
| ડીઝલ | ૨૧% |
| સી.એન.જી ગેસ | ૧૨.૫૦% + ૨.૫૦% વધારાનો વેરો |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. ગેસ પર કુલ કેટલી રકમ વેટ/વેરો પેટે રાજય સરકાર દ્વારા વસુલવામાં આવી?

(૨) (રકમ રૂા. કરોડમાં)

| | વેટની આવક | | |
|---|---|---|---|
| **વર્ષ** | **પેટ્રોલ** | **ડીઝલ** | **સી.એન.જી. ગેસ** |
| ૨૦૧૧–૧૨ | ૧૭૮૨.૦૧ | ૩૫૭૨.૨૪ | ૨૦૭.૫૮ |
| ૨૦૧૨–૧૩ | ૧૯૮૧.૧૨ | ૪૧૭૭.૯૨ | ૨૮૪.૨૪ |
| ૨૦૧૩–૧૪ | ૨૨૨૨.૦૬ | ૪૯૫૪.૦૫ | ૩૨૩.૨૧ |
| **કુલ :** | **૫૯૮૫.૧૯** | **૧૨૭૦૪.૨૧** | **૮૧૫.૦૩** |

---------

**રાજ્યની પ્રજાને ગેજેટની નકલ સરળતાથી પ્રાપ્ત ન થવા બાબત**

૯૮૨૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર તરફથી પ્રસિધ્ધ કરવામાં આવતા ગેઝેટ વેબસાઈટ પર મુકવામાં આવતા નથી પરિણામે સમગ્ર રાજ્યની પ્રજાને ગેઝેટની નકલ સરળતાથી પ્રાપ્ત થતી નથી તે હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરી છે?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર તરફથી પ્રસિધ્ધ કરવામાં આવતા ગેઝેટની નકલ પ્રજાને સરળતાથી મળી રહે તે માટે સરકારી પુસ્તક ભંડાર, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગર ખાતે વેચાણ અર્થે મૂકવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નેશનલ રોજગાર ગેરંટી હેઠળ મટીરીયલસ અન્વયે સીમેન્ટની ખરીદી**

૮૭૯૦ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ નેશનલ રોજગાર ગેરંટી હેઠળ કામના મટીરીયલ્સ અન્વયે સીમેન્ટની ખરીદી કઈ કઈ રીતે કરવામાં આવે છે?

**જવાબ**

તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ નેશનલ રોજગાર ગેરંટી (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના) હેઠળ કામના મટીરીયલ્સ અન્વયે સીમેન્ટની ખરીદી જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયત કક્ષાએથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર કરવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ માનવદિન**

૯૨૨૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા માનવદિન ઉત્પન્ન થયા, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ઉત્પન્ન થયેલ માનવદિનની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** | |
|---|---|---|---|
| | | **વર્ષઃ૨૦૧૨–૧૩** | **વર્ષઃ૨૦૧૩–૧૪** |
| ૧ | અમીરગઢ | ૪૪૩૮૮૦ | ૪૦૪૯૪૭ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ભાભર | ૭૧૮૯૯ | ૪૩૩૦૧ |
| ૩ | દાંતા | ૫૪૬૯૬૭ | ૧૯૮૨૩૧ |
| ૪ | દાંતીવાડા | ૭૩૭૧૦ | ૭૩૪૯૭ |
| ૫ | ડીસા | ૫૨૦૬૫૮ | ૩૧૬૮૦૮ |
| ૬ | દીયોદર | ૩૦૪૮૨ | ૨૪૧૭૨ |
| ૭ | ધાનેરા | ૨૫૪૬૯૩ | ૨૦૩૬૩૦ |
| ૮ | કાંકરેજ | ૧૩૬૦૧૩ | ૧૬૫૩૯૦ |
| ૯ | પાલનપુર | ૨૧૨૨૭૦ | ૭૧૬૮૯ |
| ૧૦ | થરાદ | ૧૫૫૬૫૪ | ૧૦૧૦૯૯ |
| ૧૧ | વડગામ | ૧૦૧૧૧૨૦ | ૨૭૯૨૯૮ |
| ૧૨ | વાવ | ૨૧૨૨૯૭ | ૧૯૨૬૩૯ |
| | **કુલ :** | **૩૬૬૯૬૧૩** | **૨૦૭૪૭૦૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા?

(૨) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મહિલાઓ દ્વારા ઉત્પન્ન થયેલ માનવદિનની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઉત્પન્ન થયેલ માનવદિન** | |
|---|---|---|---|
| | | **વર્ષ:૨૦૧૨-૧૩** | **વર્ષ:૨૦૧૩-૧૪** |
| ૧ | અમીરગઢ | ૨૧૮૫૨૩ | ૧૯૪૪૫૨ |
| ૨ | ભાભર | ૨૩૧૩૫ | ૧૫૮૮૦ |
| ૩ | દાંતા | ૨૩૬૮૬૭ | ૮૨૭૦૦ |
| ૪ | દાંતીવાડા | ૩૨૦૭૨ | ૩૨૪૯૧ |
| ૫ | ડીસા | ૧૮૦૬૩૮ | ૧૦૯૮૫૩ |
| ૬ | દીયોદર | ૯૨૩૩ | ૬૭૯૫ |
| ૭ | ધાનેરા | ૯૧૮૯૨ | ૭૧૦૦૬ |
| ૮ | કાંકરેજ | ૪૮૭૮૫ | ૬૩૮૭૩ |
| ૯ | પાલનપુર | ૧૦૧૫૩૯ | ૪૧૩૬૦ |
| ૧૦ | થરાદ | ૬૭૦૧૯ | ૪૦૯૩૨ |
| ૧૧ | વડગામ | ૪૨૬૬૩૫ | ૧૧૨૮૦૫ |
| ૧૨ | વાવ | ૬૨૭૦૬ | ૬૧૪૩૭ |

---------

**આણંદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા**

૮૮૧૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની સંખ્યા રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ છે,

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નોંધાયેલ બેરોજગારોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૪૫૦ |
| ૨ | ખંભાત | ૪૯૭૯ |
| ૩ | બોરસદ | ૪૯૭૨ |
| ૪ | પેટલાદ | ૪૭૨૪ |
| ૫ | ઉમરેઠ | ૨૭૦૧ |
| ૬ | આંકલાવ | ૧૧૮૪ |
| ૭ | સોજીત્રા | ૧૧૭૩ |
| ૮ | તારાપુર | ૮૬૨ |
| | **કુલ** | **૩૧૦૪૫** |

(૨) નોંધાયેલ ઉમેદવારો અન્વયે ત્રણ કે તેથી ઉપરના વર્ષના કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૭૪ |
| ૨ | ખંભાત | ૯૬૮ |
| ૩ | બોરસદ | ૯૦૬ |
| ૪ | પેટલાદ | ૯૫૭ |
| ૫ | ઉમરેઠ | ૬૦૯ |
| ૬ | આંકલાવ | ૨૧૩ |
| ૭ | સોજીત્રા | ૨૩૦ |
| ૮ | તારાપુર | ૧૪૨ |
| | **કુલ** | **૫૯૯૯** |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાને રોજગારી અપાઇ ?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોજગારી અપાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૬૬૪૧ |
| ૨ | ખંભાત | ૪૪૯ |
| ૩ | બોરસદ | ૩૫૨ |
| ૪ | પેટલાદ | ૩૧૪ |
| ૫ | ઉમરેઠ | ૧૨૮ |
| ૬ | આંકલાવ | ૧૦૬ |
| ૭ | સોજીત્રા | ૧૧૯ |
| ૮ | તારાપુર | ૫૮ |
| | **કુલ** | **૮૧૬૭** |

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાંથી ખનીજ ચોરી કરતા જપ્ત કરેલ વાહનો**

૮૮૧૩ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાંથી ખાણ ખનીજની ચોરી કરતા કેટલા ઇસમોની ધરપકડ થઇ અને કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૨) આવી ખાણ ખનીજની ચોરી અન્વયે કોની કોની લીઝ રદ કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાંથી ખાણ ખનિજની ચોરી કરતા ૫ ઈસમોની ધરપકડ થઈ અને ૧૭૧ વાહનો જપ્ત કરવામાં આવ્યા. જ્યારે છોટા ઉદેપુર જિલ્લામાંથી ૨ ઈસમોની ધરપકડ થઈ અને ૧૧૩ વાહનો જપ્ત કરવામાં આવ્યા.

(૨) આવી ખાણ ખનિજની ચોરી અન્વયે કોઈ લીઝ રદ કરેલ નથી.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાઓમાં વીજ કનેકશનની પડતર અરજીઓ**

૯૮૭૪ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં તાલુકાવાર ખેડૂતોને ખેતી માટે વીજ કનેકશન આપવાની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વીજ કનેકશનો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓ અને છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર માહિતી **પત્રક-"અ"** માં સામેલ છે.

**પ ત્ર ક – અ**

| જિલ્લો | તાલુકો | પડતર અરજીઓ | છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ | |
|---|---|---|---|---|
| | | | ૧–૬–૨૦૧૨ થી ૩૧–૫–૨૦૧૩ | ૧–૬–૨૦૧૩ થી ૩૧–૫–૨૦૧૪ |
| સાબરકાંઠા | ઈડર | ૩૬૫૭ | ૩૬ | ૧૦૫૦ |
| | હિંમતનગર | ૨૫૨૬ | ૭૯૪ | ૧૧૭૮ |
| | પ્રાંતિજ | ૧૨૨૨ | ૩૪૦ | ૬૩૨ |
| | તલોદ | ૧૮૫૮ | ૪૪૪ | ૪૧૧ |
| | વડાલી | ૬૫૮ | ૧૪૩ | ૭૦૫ |
| | ખેડબ્રહ્મા | ૩૧૧ | ૫૫૬ | ૪૦૭ |
| | પોશીના | ૩૧૦ | ૩૭૦ | ૨૭૨ |
| | વિજયનગર | ૧૪૭ | ૭૯૬ | ૪૯૦ |
| અરવલ્લી | મેઘરજ | ૫૪૧૭ | ૦ | ૧૭૨ |
| | મોડાસા | ૩૦૪૮ | ૧૧૧ | ૫૮૮ |
| | બાયડ | ૨૧૬૫ | ૫૬૯ | ૪૧૪ |
| | ધનસુરા | ૧૦૪૧ | ૨૮૯ | ૩૩૪ |
| | માલપુર | ૧૪૪૮ | ૩૫૩ | ૫૧૯ |
| | ભિલોડા | ૨૦૦ | ૨૫૩૩ | ૮૫૨ |

(૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓની બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**વ્યારા તાલુકામાં ગ્રામ પંચાયતોના પોતાના મકાનો**

૯૫૪૫ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોને પોતાના મકાનો છે, અને કેટલી ગ્રામ પંચાયતોના પોતાના મકાનો નથી, અને

(૨) જે ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી તેને પોતાના મકાનો બનાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ૧૧૧ ગ્રામ પંચાયતોને પોતાના મકાનો છે. ૪ ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી.

(૨) ૪ ગ્રામ પંચાયતોને સને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં રાજીવ ગાંધી ભારત સેવા કેન્દ્ર હેઠળ મનરેગામાં સમાવેશ કરવામાં આવશે.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં વસાહત/કોલોની સ્વરૂપે સરદાર આવાસ બનાવવા**

૯૪૯૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ આણંદ અને

**જવાબ**

(૧) **જિલ્લો** **ગામો**

ખેડા જિલ્લામાં તાલુકાવાર કયા કયા ગામે વસાહત/કોલોની સ્વરૂપે સરદાર આવાસ બનાવવામાં આવેલ છે,

આણંદ ૧૩૪
ખેડા ૩૭
(આણંદ જિલ્લાનું ગામવાર ***પત્રક-૧** અને ખેડા જિલ્લાનું ગામવાર ***પત્રક-૨** સામેલ છે.)

(૨) કેટલા આવાસોનો ઉપયોગ રહેણાંક રહેણાંક હેતુસર થાય છે, અને

(૨) **આણંદ જિલ્લો –** ૫૪૪૫
**ખેડા જિલ્લો –** ૧૨૯૨

(૩) કેટલા આવાસો જર્જરિત, ખંડેર કે બંધ હાલતમાં બિનઉપયોગી છે, અને

(૩) **આણંદ જિલ્લો –** ૨૨૯
(ખંડેર અને જર્જરિત નથી, પરંતુ લાભાર્થી મજૂરી કામે બહારગામે જતા હોવાથી બંધ રહે છે.
**ખેડા જિલ્લો –** એકપણ નહી.

(૪) કેટલા મકાનોની ફાળવણી કરવાની બાકી છે ?

(૪) **આણંદ જિલ્લો –** એકપણ નહી.
**ખેડા જિલ્લો –** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વેચાણ વેરા/વેટ વસુલવાની બાકી સિમેન્ટ કંપનીઓ**

૯૮૫૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વેચાણવેરા/વેટ વસુલવાનો બાકી હોય તેવી કઇ કઇ સિમેન્ટ કંપનીઓ છે, અને

(૨) આ કંપનીઓ સમયસર વેચાણવેરો/વેટ ભરતા ન હોય તે રકમો વસુલવા કયા પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧) **અમદાવાદ જિલ્લો :**
૧. જે.કે.લક્ષ્મી સિમેન્ટ લીમી.,
૨. શ્રી રામ સિમેન્ટ લીમી.
૩. બિનાની સિમેન્ટ

**ગાંધીનગર જિલ્લો :**
૧. હનુમાન સિમેન્ટ પ્રા.લીમી.

(૨) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલા લેવામાં આવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં કૃષિ વિજ જોડાણોની પડતર અરજીઓ**

૮૪૯૧ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિજ જોડાણો માટેની કેટલી અરજીઓ પડતરમાં છે, અને

(૨) તે અન્વયે આવા વિજ જોડાણો કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કૃષિ વીજ જોડાણો માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ગલતેશ્વર | ૫૪ |
| ખેડા | ૧૯૦ |
| મહુધા | ૧૪૨ |
| માતર | ૧૬૪ |
| નડીયાદ | ૨૭૪ |
| ઠાસરા | ૪૫૨ |
| વસો | ૧૧૯ |
| મહેમદાવાદ | ૧૪૧૯ |
| કપડવંજ | ૪૨૦૮ |
| કઠલાલ | ૧૨૨૬ |

(૨) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ

ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્ અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**રાજ્યના મંત્રીમંડળના કર્મચારીઓને સ્પેશ્યલ પે ના રકમનો વધારો**

૮૫૮૧ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના મંત્રી મંડળમાં ફરજ બજાવતા કર્મચારીઓને સ્પેશ્યલ પે આપવામાં આવે છે તેમાં છેલ્લે કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો, અને

(૨) આ સ્પેશ્યલ પે માં ઘણા વર્ષોથી કોઇ ફેરફાર થયેલ નથી તેમાં વધારો કરવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) નાણા વિભાગના તા.૧–૬–૧૯૮૮ના ઠરાવથી મુળ પગારના ૧૦% પરંતુ વધુમાં વધુ રૂ.૩૦૦/- અને ઓછામાં ઓછા રૂ.૧૫૦/- સ્પેશ્યલ પે નક્કી કરવામાં આવેલ છે.

(૨) ના, જી.

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ઈન્દીરા આવાસ અને સરદાર આવાસના લાભાર્થીઓ**

૯૧૭૦ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં અને ગીર સોમનાથ જિલ્લામાં વર્ષવાર ઈન્દીરા આવાસ અને સરદાર આવાસ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવાસ /સહાય આપવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ૧૨૩૫ અને ગીર સોમનાથ જિલ્લામાં ૧૭૭૬ એમ કુલ ૩૦૧૧ લાભાર્થીઓને ઈન્દીરા આવાસ યોજના હેઠળ આવાસ/સહાય આપવામાં આવેલ છે. જેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ/પીરીયડ | આપવામાં આવેલ આવાસો | | |
|---|---|---|---|---|
| | | જૂનાગઢ જિલ્લો | ગીર સોમનાથ જિલ્લો | કુલ |
| ૧ | ૨૦૧૨–૧૩ (તા.૧–૪–૧૨ થી તા.૩૧–૩–૧૩) | ૪૧૦ | ૪૪૬ | ૮૫૬ |
| ૨ | ૨૦૧૩–૧૪ (તા.૧–૪–૧૩ થી તા.૩૧–૩–૧૪) | ૮૨૫ | ૧૩૩૦ | ૨૧૫૫ |
| ૩ | ૨૦૧૪–૧૫ (તા.૧–૪–૧૪ થી તા.૩૧–૫–૧૪) | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૨૩૫** | **૧૭૭૬** | **૩૦૧૧** |

તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં અને ગીર સોમનાથ જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને સરદાર આવાસ યોજના હેઠળ આવાસ–સહાય આપવામાં આવેલ છે.

**જૂનાગઢ જિલ્લો ( તા.૩૧-૫-૨૦૧૪ અંતિત)**

| વર્ષ | લાભાર્થીઓ | ચૂકવેલ આવાસ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૪૦૧ | ૩૫૩.૪૦ |
| ૨૦૧૩-૧૪ | ૦ | ૮૨.૫૩ |
| ૨૦૧૪-૧૫ | ૦ | ૧૦.૭૧ |
| **કુલ** | **૧૪૦૧** | **૪૪૬.૬૪** |

**ગીર સોમનાથ જિલ્લો ( તા.૩૧-૫-૨૦૧૪ અંતિત)**

| વર્ષ | લાભાર્થીઓ | ચૂકવેલ આવાસ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૯૯૨ | ૫૪૯.૨૫ |
| ૨૦૧૩-૧૪ | ૦ | ૧૬૧.૫૩ |
| ૨૦૧૪-૧૫ | ૦ | ૮.૫૦ |
| **કુલ** | **૧૯૯૨** | **૭૧૯.૨૮** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ઇસમોને આવાસ કે સહાય આપવાની બાકી છે ?

(૨) ઉકત સ્થિતિએ ઈન્દીરા આવાસ યોજનાના ૧૦૫૭ લાભાર્થીઓને આવાસ સહાય આપવાની બાકી છે. તથા સરદાર આવાસ યોજના હેઠળના લાભાર્થીએ કરેલ બાંધકામ સ્ટેજ મુજબ સહાય ચૂકવવાની બાકી નથી.

---------

**જામનગર શહેર અને જિલ્લા સહાયક નિરીક્ષક સ્થાનિક હિસાબ ભંડોળના પડતર કેસો**

૯૧૯૪ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉચ્ચતર પગાર ધોરણો મંજુરના હુકમો થયા પછી જિલ્લા સહાયક નિરીક્ષક સ્થાનિક હિસાબ ભંડોળ જામનગર પાસે વર્ષવાર કેટલા કેસો પડતર છે,

(૨) આવા કેસો સત્વરે નિકાલ ન થવાના કારણો શાં છે,

(૩) આવા કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને

(૪) આવા કેસો સમયસર નિકાલ ન થયા હોય તો કસુરદારો સામે સરકાર પગલાં લેવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| વર્ષ | પડતર કેસો |
|---|---|
| ૨૦૧૧-૧૨ | શૂન્ય |
| ૨૦૧૨-૧૩ | શૂન્ય |
| ૨૦૧૩-૧૪ | ૩૩૭ |

(તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ)

(૨) અગાઉના વર્ષમાં કોઈ જ કેસ બાકી નથી. તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ૩૩૭ કેસો પડતર છે. અગાઉના માસ એપ્રિલ-૨૦૧૪ તથા મે-૨૦૧૪ માં સ્ટાફ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ હોવાથી કેસો બાકી છે.

(૩) બાકી કેસોને ક્રમાનુસાર સત્વરે નિકાલ કરવામાં આવે છે.

(૪) બેદરકારી જણાય આવેલ ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૭મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં સફેદ પથ્થરની લીઝ આપવા બાબત**

૮૪૮૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સફેદ પથ્થરની કેટલી લીઝ કોને કોને આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોયલ્ટી પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સફેદ પથ્થરની ૬ લીઝો નીચે મુજબ આપવામાં આવી છે

| અનું. | તાલુકો | પટેદારનું નામ |
|---|---|---|
| ૧. | લીમખેડા | શ્રી વિડીયોકોન ઇન્ટરનેશનલ લી. |
| ૨. | દે. બારીયા | શ્રી રમજાની અબ્દુલા શેખ |
| ૩. | ધાનપુર | શ્રી અબ્દુલા મજીદ અદુલ રહીમ બક્કર |
| ૪. | ધાનપુર | શ્રી સીરાજ શબ્બીરભાઈ કાપડીયા |
| ૫. | ગરબાડા | શ્રી શબ્બીરભાઈ સૈફુદીન કાપડીયા |
| ૬. | ગરબાડા | શ્રી યુસુફભાઈ અબ્બાસભાઈ પીથાપુરવાલા |

(૨) રૂા.૧૬,૮૭,૯૦૭/-

--------

**ભિલોડા તાલુકામાં લક્ષ્મણપુરા અને નવલપુર ખાતે સબસ્ટેશનો મંજૂર કરવા બાબત**

૯૮૦૭ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં લક્ષ્મણપુરા અને નવલપુર (ઉબસલ) ખાતેના સબસ્ટેશનો ક્યારે મંજૂર કરવામાં આવ્યા હતા,

(૨) આનું ખાત મુહૂર્ત ક્યારે કરવામાં આવ્યું,

(૩) હવે સ્થળ પર કામગીરી ક્યારે શરૂ થશે, અને

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં લક્ષ્મણપુરા (લુસડીયા) ખાતે વર્ષ ૨૦૧૦ અને ઉબસલ (નવલપુર) ખાતે વર્ષ ૨૦૧૧ દરમ્યાન ૬૬ કેવી સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ.

(૨) લક્ષ્મણપુરા (લુસડીયા) ખાતે ૬૬ કેવી સબસ્ટેશનનું ખાત મુહૂર્ત તા.૧૭–૦૧–૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ.

ઉબસલ (નવલપુર) ખાતે સબસ્ટેશનનું ખાત મુહૂર્ત કરવામાં આવેલ નથી.

(૩) લક્ષ્મણપુરા (લુસડીયા) ખાતે ૬૬ કેવી સબસ્ટેશન બનાવવા માટે કલેક્ટર દ્વારા તા.૩૧–૦૧–૨૦૧૪ના રોજ જમીનની ફાળવણી કરવામાં આવેલ. ફાળવવામાં આવેલ જમીન ડુંગરાળ અને ઢોળાવવાળી હોવાથી સદર સબસ્ટેશનના ફાઉન્ડેશન માટે ખાસ પ્રકારની તાંત્રિક ડિઝાઇનની જરૂરીયાત હોઇ ડિઝાઇન બનાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. લોકસભાની ચૂંટણી દરમ્યાન આચાર સહિંતા લાગુ હોવાના કારણે સદર સબસ્ટેશનના સિવીલ બાંધકામની નિવિદા પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે.

ઉબસલ (નવલપુર) ખાતે સબસ્ટેશન બનાવવા માટે માગણી કરવામાં આવેલ જમીનની કિંમત તા. ૨૧–૦૪–૨૦૧૪ ના રોજ સરકારશ્રીને ભરપાઈ કરવામાં આવેલ છે. કલેક્ટર દ્વારા તા.૨૧–૦૬–૨૦૧૪ ના

રોજ જમીનની ફાળવણી કરવામાં આવેલ. સદર સબસ્ટેશન બનાવવા માટે સિવીલ બાંધકામ અંગેની નિવિદા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

(૪) આમ જનતાને અપૂરતી વિજળીની પડતી મુશ્કેલીઓ ક્યાં સુધીમાં નિવારવામાં આવશે ?

(૪) હાલ આ વિસ્તારમાં પર્યાપ્ત વીજ પુરવઠો અપાતો હોઇ, આમ જનતાને કોઇ મુશ્કેલી નથી. તેમ છતાં લક્ષ્મણપુરા (લુસડીયા) અને ઉબસલ (નવલપુર) ખાતે ૬૬ કેવી સબસ્ટેશન કાર્યાન્વિત થયેથી જનતાને મળતી વીજળીની ગુણવત્તામાં ચોક્કસ પણે સુધારો થવા પામશે અને આગામી દિવસોમાં વધતી જતી વીજ માંગને પણ સંતોષી શકાશે.

લક્ષ્ણપુરા(લુસડીયા) અને ઉબસલ (નવલપુર) ખાતે ૬૬ કેવી સબસ્ટેશન માર્ચ ૨૦૧૫ અંતિત કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વિજ–સબસ્ટેશન ઊભા કરવાનું આયોજન**

૯૪૫૦ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ૨૦૧૩–૧૪ ના વર્ષમાં કેટલા વિજ–સબ સ્ટેશનો ઊભા કરવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા વિજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૩) બાકી ક્યાં સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ ૨૦૧૩–૧૪ના વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૨ અને મહેસાણા જિલ્લામાં ૭ નવા વીજ સબસ્ટેશનો ઊભા કરવાનું આયોજન હતું.

(૨) તે પૈકી ગાંધીનગર જિલ્લામાં ૨ અને મહેસાણા જિલ્લામાં ૭ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૩) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં આયોજીત બધાજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

**રાજ્યે ખાનગી વીજ કંપનીઓ અને સેન્ટ્રલ પુલમાંથી ખરીદેલ વીજળી**

૯૪૭૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ અને સેન્ટ્રલ–પુલમાંથી કેટલી વીજળી શા ભાવે ખરીદી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં ખાનગી કંપની પાસેથી તથા સેન્ટ્રલ પુલમાંથી કરવામાં આવેલ વીજ ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમાંક | વિગત | ૧–૦૬–૧૨ થી ૩૧–૦૫–૧૩ (મિ.યુ.) | દર (રૂા./ યુનીટ) | ૧–૦૬–૧૩ થી ૩૧–૦૫–૧૪ (મિ.યુ.) | દર (રૂા./ યુનીટ) |
|---|---|---|---|---|---|
| (અ) | કેન્દ્રીય સાહસો | ૧૯૨૧૮ | ૨.૬૧ | ૧૯૦૫૮ | ૨.૯૬ |
| (બ) | ખાનગી સાહસો | ૨૪૭૮૧ | ૨.૯૯ | ૨૯૨૫૩ | ૨.૯૧ |

(૨) તે અન્વયે રાજ્ય હસ્તકનાં વિજ મથકોમાં ઉક્ત સ્થિતિએ કેટલી વિજ–ઉત્પાદન ક્ષમતા સામે કેટલું વિજ ઉત્પાદન થયું ?

(૨) રાજ્યના વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય છે અને પ્લાન્ટ અવેલીબીલીટી ફેક્ટર આ ઉપલબ્ધતા દર્શાવે છે. રાજ્યની વીજ માંગને અનુલક્ષીને સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર (એસ.એલ.ડી.સી.) દ્વારા વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડર પ્રક્રિયા (Merit Order Dispatch) મુજબ વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે. વીજ મથકની ઉત્પાદન ક્ષમતાની સામે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા કરવામાં આવેલ વીજ ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમાક | વિગત | ઉત્પાદન ક્ષમતા (મે.વો.) | ૧–૦૬–૧૨ થી ૩૧–૦૫–૧૩ (મિ.યુ.) | ૧–૦૬–૧૩ થી ૩૧–૦૫–૧૪ (મિ.યુ.) |
|---|---|---|---|---|
| (અ) | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. | | | |
| ૧ | ઉકોઇ થર્મલ પાવર પ્લાન્ટ | ૧૩૫૦ | ૪૬૫૬ | ૪૬૮૧ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર પ્લાન્ટ | ૮૭૦ | ૩૫૨૬ | ૧૬૫૯ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | ૧૪૭૦ | ૮૦૧૦ | ૪૭૧૭ |
| ૪ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૫૧૦ | ૬૫૩ | – |
| ૫ | કચ્છ લીગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૨૯૦ | ૧૫૪૦ | ૧૫૩૪ |
| ૬ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ(૭–૮) | ૨૧૯ | ૬૯૫ | ૧૭૭ |
| ૭ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૨૪૦ | ૮૧૫ | ૬૨૩ |
| ૮ | ઉકાઇ હાઇડ્રો | ૩૦૫ | ૬૧૫ | ૮૬૯ |
| ૯ | કડાણા હાઇડ્રો | ૨૪૨ | ૨૩૧ | ૪૦૯ |
| (બ) | સરકારી ક્ષેત્રના આઇપીપી | | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા | ૧૫૬ | ૬૦૫ | ૨૨૨ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૬૫ મે.વો.) | ૧૬૫ | ૩૧૧ | ૧૧૬ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | ૨૫૦ | ૧૫૪૪ | ૧૩૧૪ |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી એક્ષ્પાન્શન) | ૨૫૦ | ૧૫૧૩ | ૧૩૨૯ |
| ૫ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૪૫ મે.વો.) | ૪૨ | ૨૬૩ | ૨૪૪ |
| ૬ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ | ૬૬૬ | ૯૩૭ |

ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૪૫ મે.વો.) એ એક કેપ્ટીવ પાવર પ્લાન્ટ છે જેમાંથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમનો હિસ્સો ૨૮.૭૪ % (૪૨ મે.વો.) છે. આ ઉપરાંત ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા એક્ષ્પાન્શન ૩૫૧ મે.વો., જી.એસ.ઈ.સી.એલ.–ધુવારણ ૩૯૬ મે.વો. તથા જી.પી.પી.સી. પીપાવાવ – ૭૦૦ મે.વો.વીજ મથકો કાર્યરત થયેલ છે. પરંતુ આ વીજ મથકોને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકોમાંથી વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી.

---------

## સાણંદ અને બાવળા તાલુકામાં ખેતીવાડી વિજ જોડાણની પડતર અરજીઓ

૮૦૯૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં ખેતીવાડી વિજ જોડાણ મેળવવા બાબતની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતરમાં છે, અને

**જવાબ**

(૧) કૃષિ વીજ જોડાણ મેળવવા માટે તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં ૧૦૩૧ અરજીઓ ઓક્ટોબર–૨૦૧૨થી પડતર છે જ્યારે બાવળા તાલુકામાં ૧૧૩૭ અરજીઓ ડીસેમ્બર ૨૦૧૨થી પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોને વિજ કનેકશન આપી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આપવામાં આવેલ કૃષિ વિજ જોડાણની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તારીખ ૦૧-૦૬-૨૦૧૨ થી તા.૩૧-૦૫-૨૦૧૩ | તારીખ ૦૧-૦૬-૨૦૧૩ થી તા.૩૧-૦૫-૨૦૧૪ |
|---|---|---|
| સાણંદ | ૮૫ | ૩૧૨ |
| બાવળા | ૫૮૬ | ૨૮૨ |

---------

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતી વિષયક તત્કાલ વીજ જોડાણની અરજીઓ

૯૬૪૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર તેમજ મહેસાણા જિલ્લામાં કેટલા ખેડૂતોને ખેતી વિષયક હેતુ માટે તત્કાલ વીજ જોડાણ મેળવવાની અરજીઓ સરકારને મળી,

(૨) આ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલા અરજદારોને વીજ જોડાણ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર તેમજ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તત્કાલ યોજના-૨૦૧૩ હેઠળ કૃષિ વીજ જોડાણ મેળવવા માટે મળેલ અરજીઓ, તે પૈકી મંજુર કરવામાં આવેલ અને નામંજુર કરવામાં આવેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | મળેલ અરજીઓ | મંજુર કરવામાં આવેલ અરજીઓ | નામંજુર કરવામાં આવેલ અરજીઓ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૫૪૨ | ૫૪૦ | ૨ |
| મહેસાણા | ૫૪૩ | ૫૨૬ | ૧૭ |

(૩) ''તત્કાલ વીજ જોડાણ યોજના-૨૦૧૩'' હેઠળ સુક્ષ્મ પિયત પદ્ધતિ સ્વીકારવી ફરજીયાત હોવાથી અરજદારની અરજી સુક્ષ્મ પિયત પદ્ધતિની આગળની કાર્યવાહી અર્થે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને મોકલવામાં આવે છે. અરજદાર દ્વારા સુક્ષ્મ પિયત પદ્ધતિ સ્વીકારવા સંબંધિત ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા બાદ, વીજ વિતરણ કંપની દ્વારા અંદાજપત્ર પાઠવી તે ભરપાઇ થયા બાદ વીજ જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે.

તદ્અનુસાર ગાંધીનગર જિલ્લાની ૪૧૪ અરજીઓ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ જેમાંથી ૩૫૬ અરજીઓની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.જે પૈકી ૧૦૨ અરજદારોએ અંદાજપત્રના નાણાં ભરપાઇ કરતાં તેમને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

જ્યારે મહેસાણા જિલ્લાની ૪૧૩ અરજીઓ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ જેમાંથી ૩૩૫ અરજીઓની કાર્યવાહી પૂર્ણ થયેલ છે, જે પૈકી ૧૪૭ અરજદારોએ નાણાં ભરપાઇ કરતાં, તેમને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં ઘરથાળ પ્લોટ માટેની માંગણીઓ**

૯૭૨૦ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના અરજદારો અને ગૌપાલકોની ઘરથાળ પ્લોટો માટેની તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | અ.જા. | અ.જ.જા. | બક્ષીપંચ | ગોપાલક | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨ | ૨૭ | ૪૪ | ૦ | ૭૩ |
| ૨ | કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | હાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ઘોઘંબા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | મોરવા હ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | સંતરામપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | લુણાવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨ | ૨૭ | ૪૪ | ૦ | ૭૩ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલા અરજદારોને ઘરથાળના પ્લોટો ફાળવવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | અ.જા. | અ.જ.જા. | બક્ષીપંચ | ગોપાલક | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૦ | ૧૧ | ૨૬ | ૦ | ૩૭ |
| ૨ | કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | હાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ઘોઘંબા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | મોરવા હ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | સંતરામપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | લુણાવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૧૧ | ૨૬ | ૦ | ૩૭ |

(૩) જો ના, તો ક્યા કારણોસર પ્લોટો ફાળવવામાં આવતા નથી ?

(૩) ૩૬ નામંજૂર અરજીઓ પૈકી
૩૩ બી.પી.એલ. નંબર ન હોવાથી
૦૧ સાધનિક કાગળો રજુ કરેલ નથી.
૦૨ કોતર ખરાબાની જમીનની માંગણી કરેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને તત્કાલ વિજ જોડાણ યોજના**

૯૯૨૦ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ વિજ કનેકશનો આપી

**જવાબ**

(૧) તારીખ ૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજના–૨૦૧૩ અન્વયે મળેલ ૩૪ અરજીઓ પૈકી ૩ અરજદારોએ સુક્ષ્મ પિયત

| | |
|---|---|
| પુરવઠો ચાલુ કરવામાં આવ્યો, અને | પદ્ધતિ અપનાવવા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથે ફોર પાર્ટી એગ્રીમેન્ટ કરતાં તેમને અંદાજપત્ર પાઠવવામાં આવેલ , જે પૈકી ગોધરા તાલુકાના એક અને ઘોઘંબા તાલુકાના એક અરજદારે નાણાં ભરપાઈ કરતાં કૃષિ વીજ જોડાણ રીલીઝ કરવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતા ખેડૂતોને કેટલા સમયમાં આવા વીજ જોડાણો આપવાનું સરકારનું શું આયોજન છે ? | (૨) બાકીના ૩૧ અરજદારોની અરજીઓ '' ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની'' ને સુક્ષ્મ પિયત પદ્ધતિ માટે આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ છે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ, અરજદારો તરફથી અંદાજપત્રની રકમ ભરપાઈ થયેથી કૃષિ વીજ જોડાણ મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં ખનીજ ચોરી પકડવાના કિસ્સા

૯૭૩૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરીના કેટલા કિસ્સા પકડવામાં આવ્યા, | (૧) **પત્રક** મુજબ. |

**પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | કેસની સંખ્યા |
|---|---|---|
| ૧. | ઇડર | ૩૭ |
| ૨. | ખેડબ્રહ્મા | ૧૩ |
| ૩. | તલોદ | ૬ |
| ૪. | પ્રાતિજ | ૧૧૮ |
| ૫. | વડાલી | ૧ |
| ૬. | વિજયનગર | ૩ |
| ૭. | હિંમતનગર | ૧૯૭ |
| ૮. | ધનસુરા | ૬ |
| | **કુલ** | **૩૮૧** |

| | |
|---|---|
| (૨) કેટલા ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) ૩૫૫ |
| (૩) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા ? | (૩) ૩૩૮ |

---------

## દાહોદ જિલ્લામાં ઇન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજનામાં મળેલ અરજીઓ

૯૬૬૯ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના અન્વયે તાલુકાવાર કુલ કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના અન્વયે તાલુકાવાર મળેલ કુલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકો | તા.૦૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | તા.૦૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૪૩૩૬ | ૨૩૮૮ | ૬૭૨૪ |
| ૨ | દે.બારીયા | ૧૨૩૪ | ૩૪૮૨ | ૪૭૧૬ |
| ૩ | ધાનપુર | ૧૫૭૫ | ૧૩૬૪ | ૨૯૩૯ |
| ૪ | ફતેપુરા | ૭૭૩૪ | ૧૯૨૭ | ૯૬૬૧ |
| ૫ | ગરબાડા | ૫૧૬૮ | ૧૧૭૨ | ૬૩૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ઝાલોદ | ૧૬૬૭૦ | ૪૩૦૮ | ૨૦૯૭૮ |
| ૭ | લીમખેડા | ૧૦૩૫ | ૩૧૯૮ | ૪૨૩૩ |
| | **કુલ** | **૩૭૭૫૨** | **૧૭૮૩૯** | **૫૫૫૯૧** |

તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના અન્વયે તાલુકાવાર મળેલ કુલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષઃ૨૦૧૨–૧૩ | વર્ષઃ૨૦૧૩–૧૪ |
|---|---|---|
| દાહોદ | ૮૨૦૨ | ૦ |
| ગરબાડા | ૬૦૬૯ | ૦ |
| ઝાલોદ | ૧૬૨૫૨ | ૦ |
| ફતેપુરા | ૮૮૯૪ | ૦ |
| લીમખેડા | ૮૫૨૭ | ૦ |
| ધાનપુર | ૫૩૫૯ | ૦ |
| દે. બારીયા | ૬૨૫૪ | ૦ |
| **કુલ** | **૫૯૫૫૭** | **૦** |

વર્ષ–૨૦૧૩–૧૪ (તા.૩૧–૦૫–૨૦૧૪ અંતિત) માં સરદાર આવાસ યોજનામાં લક્ષ્યાંકની ફાળવણી થયેલ નથી. જેથી લાભાર્થીઓની અરજી મેળવવાનો પ્રશ્ન નથી.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા.૦૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | તા.૦૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૪૩૩૬ | ૨૩૮૮ | ૬૭૨૪ |
| ૨ | દે.બારીયા | ૧૨૩૪ | ૩૪૮૨ | ૪૭૧૬ |
| ૩ | ધાનપુર | ૧૫૬૧ | ૧૩૬૪ | ૨૯૨૫ |
| ૪ | ફતેપુરા | ૭૨૫૨ | ૧૬૭૭ | ૮૯૨૯ |
| ૫ | ગરબાડા | ૫૧૫૯ | ૧૦૦૬ | ૬૧૬૫ |
| ૬ | ઝાલોદ | ૧૬૩૪૩ | ૩૬૦૫ | ૧૯૯૪૮ |
| ૭ | લીમખેડા | ૧૦૩૫ | ૩૧૯૮ | ૪૨૩૩ |
| | **કુલ** | **૩૬૯૨૦** | **૧૬૭૨૦** | **૫૩૬૪૦** |

ઉક્ત સ્થિતિએ સરદાર આવાસ યોજનામાં ૫૯૫૫૭ અરજીઓ મંજૂર કરવામાં આવી

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ૧૭૦૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી અને ૨૫૦ અરજીઓ પડતર છે.

| ક્રમ | તાલુકો | તા.૦૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | | તા.૦૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | નામંજૂર | પડતર | નામંજૂર | પડતર | નામંજૂર | પડતર |
| ૧ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | દે.બારીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ધાનપુર | ૧૪ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૦ |
| ૪ | ફતેપુરા | ૪૮૨ | ૦ | ૦ | ૨૫૦ | ૪૮૨ | ૨૫૦ |
| ૫ | ગરબાડા | ૯ | ૦ | ૧૬૬ | ૦ | ૧૭૫ | ૦ |
| ૬ | ઝાલોદ | ૩૨૭ | ૦ | ૭૦૩ | ૦ | ૧૦૩૦ | ૦ |
| ૭ | લીમખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | ૮૩૨ | ૦ | ૮૬૯ | ૨૫૦ | ૧૭૦૧ | ૨૫૦ |

સરદાર આવાસ યોજનામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા આવાસો પૂર્ણ થયા અને કેટલા અધૂરા છે ?

(૪) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર પૂર્ણ થયેલ અને અધુરા આવાસોની વિગત નીચે મુજબ છે.

ઈન્દીરા આવાસ યોજના

| ક્રમ | તાલુકો | **તા.૦૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩** | | **તા.૦૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩** | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પૂર્ણ થયેલ આવાસો | અધુરા આવાસો | પૂર્ણ થયેલ આવાસો | અધુરા આવાસો | પૂર્ણ થયેલ આવાસો | અધુરા આવાસો |
| ૧ | દાહોદ | ૨૬૧૩ | ૧૭૨૩ | ૦ | ૨૩૮૮ | ૨૬૧૩ | ૪૧૧૧ |
| ૨ | દે.બારીયા | ૧૨૩૪ | ૦ | ૧૫ | ૩૪૬૭ | ૧૨૪૯ | ૩૪૬૭ |
| ૩ | ધાનપુર | ૬૪૦ | ૯૨૧ | ૬ | ૧૩૫૮ | ૬૪૬ | ૨૨૭૯ |
| ૪ | ફતેપુરા | ૧૫૦૦ | ૫૭૫૨ | ૦ | ૧૬૭૭ | ૧૫૦૦ | ૭૪૨૯ |
| ૫ | ગરબાડા | ૨૦૩૦ | ૩૧૨૯ | ૦ | ૧૦૦૬ | ૨૦૩૦ | ૪૧૩૫ |
| ૬ | ઝાલોદ | ૧૨૫૭ | ૧૫૦૮૬ | ૩ | ૩૬૦૨ | ૧૨૬૦ | ૧૮૬૮૮ |
| ૭ | લીમખેડા | ૯૯૩ | ૪૨ | ૦ | ૩૧૯૮ | ૯૯૩ | ૩૨૪૦ |
| | **કુલ** | ૧૦૨૬૭ | ૨૬૬૫૩ | ૨૪ | ૧૬૬૯૬ | ૧૦૨૯૧ | ૪૩૩૪૯ |

સરદાર આવાસ યોજના

| **તાલુકો** | **પૂર્ણ** | **અધુરા** |
|---|---|---|
| દાહોદ | ૮૦૭૫ | ૧૨૭ |
| ગરબાડા | ૪૧૨૬ | ૧૯૪૩ |
| ઝાલોદ | ૧૪૪૭૯ | ૧૭૭૩ |
| ફતેપુરા | ૬૨૪૭ | ૨૬૪૭ |
| લીમખેડા | ૮૫૨૭ | ૦ |
| ધાનપુર | ૪૯૫૯ | ૪૦૦ |
| દે. બારીયા | ૫૯૪૨ | ૩૧૨ |
| **કુલ** | **૫૨૩૫૫** | **૭૨૦૨** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને પુરા વોલ્ટેજથી સીંગલ ફેઈસ વીજ પુરવઠો પુરો પાડવા બાબત**

૯૮૪૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ફાર્મ હાઉસમાં રહેતા ખેડૂતોને ચોવીસ કલાક સીંગલ ફેઈસ પાવર પુરતા વોલેટેજથી મળતો નથી તે તકલીફથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ખેડૂતોને પુરા વોલ્ટેજથી સીંગલ ફેઈસ વીજ પુરવઠો પુરો પાડવા શુ આયોજન કરેલ છે, અને

(૩) આ સમસ્યાનું નિરાકરણ કરવા કોને જવાબદારી સોંપવામાં આવી છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ફાર્મ હાઉસમાં રહેતા ખેડૂતોને તેમના ઘર વપરાશ માટે ગુજરાત સરકાર દ્વારા સંશોધિત કરી વિકસાવવામાં આવેલ ખાસ પ્રકારના સ્પેશ્યલ ડિઝાઇન ટ્રાન્સફોર્મર (SDT) હયાત કૃષિ વીજ લાઇન પર સ્થાપિત કરી તે મારફતે સીંગલ ફેઇઝ વીજ પુરવઠો ૨૪ કલાક માટે પૂરો પાડવામાં આવે છે. પરંતુ, આ પ્રકારના ટ્રાન્સફોર્મરની વિજ ભાર વહન કરવાની મર્યાદા હોય છે. તે ધ્યાને લઇ ફાર્મ હાઉસના વીજ જોડાણની સંખ્યામાં વધારો થાય ત્યારે, વધારે વીજ ગ્રાહકોનો સમાવેશ થઇ શકે તે માટે, વધુ ક્ષમતાનું પાયલોટ ટ્રાન્સફોર્મર બનાવવામાં આવેલ છે અને પ્રાયોગિક ધોરણે બનાસકાંઠા જિલ્લામાં ૧૦ કૃષિ વિષયક ફીડરો પર સ્થાપિત કરવામાં આવેલ છે. જેની સફળતાના મૂલ્યાંકન બાદ જ્યાં જરૂરી લાગે તે ફીડરો ઉપર વધુ પાયલોટ ટ્રાન્સફોર્મર મૂકવાનું આયોજન છે.

---------

**ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને રોજગારી આપવા**

૯૨૨૯ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં કુલ ૧૮૫૨૩ અને સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કુલ ૯૫૩૪ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે, અને

(૨) ખેડા જિલ્લામાં મનરેગા યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર રોજગારી પૂરી પાડેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ ૨૦૧૨–૧૩ રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | વર્ષઃ ૨૦૧૩–૧૪ રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૫૮૯ | ૫૮૯ |
| ૨ | કપડવંજ | ૩,૬૪૨ | ૬૨૧ |
| ૩ | કઠલાલ | ૪૮૮ | ૭૧૦ |
| ૪ | ખેડા | ૧,૨૬૨ | ૪૭૪ |
| ૫ | મહુધા | ૧,૫૦૯ | ૧,૩૧૨ |
| ૬ | માતર | ૨,૫૨૨ | ૫૬૨ |
| ૭ | મહેમદાવાદ | ૨,૦૭૩ | ૧,૭૮૧ |
| ૮ | નડીયાદ | ૯૦૩ | ૧,૦૭૦ |
| ૯ | ઠાસરા | ૪,૯૧૩ | ૧,૮૭૭ |
| ૧૦ | વિરપુર | ૬૨૨ | ૫૩૮ |
| | **કુલ** | **૧૮,૫૨૩** | **૯,૫૩૪** |

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે?

(૩) ખેડા જિલ્લામાં મનરેગા યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર ઉત્પન્ન થયેલ માનવદિન વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ ૨૦૧૨–૧૩ ઉત્પન્ન થયેલ માનવ દિન | વર્ષઃ ૨૦૧૩–૧૪ ઉત્પન્ન થયેલ માનવ દિન |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧૯,૭૧૯ | ૧૮,૨૫૦ |
| ૨ | કપડવંજ | ૧,૬૮,૫૯૩ | ૧૯,૧૪૫ |
| ૩ | કઠલાલ | ૧૪,૬૭૪ | ૨૩,૧૮૨ |
| ૪ | ખેડા | ૫૬,૧૦૧ | ૨૦,૧૩૭ |
| ૫ | મહુધા | ૬૮,૮૭૪ | ૫૬,૯૫૪ |
| ૬ | માતર | ૧,૧૩,૪૪૫ | ૩૪,૭૬૩ |
| ૭ | મહેમદાવાદ | ૮૮,૧૯૯ | ૬૪,૧૯૪ |
| ૮ | નડીયાદ | ૩૪,૪૭૮ | ૫૨,૯૮૨ |
| ૯ | ઠાસરા | ૨,૧૯,૭૮૮ | ૧,૨૨,૪૩૯ |
| ૧૦ | વિરપુર | ૨૨,૩૪૩ | ૧૫,૪૫૫ |
| | **કુલ** | **૮,૦૬,૨૧૪** | **૪,૨૭,૫૦૧** |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ**

૯૦૯૩ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | તા.૦૧–૦૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | કુલ ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૫૪.૫૧ | ૨૪૯.૪૫ | ૬૦૩.૯૬ |
| ૨ | જેતપુરપાવી | ૧૩૦૫.૯૮ | ૧૦૫૪.૬૮ | ૨૩૬૦.૬૬ |
| ૩ | કવાંટ | ૧૨૧૨.૫૮ | ૧૦૨૨.૩૮ | ૨૨૩૪.૯૬ |
| ૪ | નસવાડી | ૪૭૧.૫૭ | ૩૩૨.૩૯ | ૮૦૩.૯૬ |
| ૫ | સંખેડા | ૪૬૫.૭૭ | ૧૨૫.૪૩ | ૫૯૧.૨૦ |
| | **કુલ** | **૩૮૧૦.૪૧** | **૨૭૮૪.૩૩** | **૬૫૯૪.૭૪** |

(૨) તાલુકાવાર વર્ષવાર કેટલા કામો હાથ ધરાયા તેની પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) તાલુકાવાર વર્ષવાર કેટલા કામો હાથ ધરાયા તેની પાછળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૬-૧૨ થી તા.૩૧-૫-૧૩** | | **તા.૦૧-૦૬-૧૩ થી તા.૩૧-૫-૧૪** | |
|---|---|---|---|---|---|
| | | **હાથ ધરાયેલ કામો** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** | **હાથ ધરાયેલ કામો** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
| ૧ | છોટાઉદેપુર | ૧૨૭૦ | ૪૦૭.૬૧ | ૧૩૨૭ | ૩૪૧.૫૧ |
| ૨ | જેતપુરપાવી | ૧૯૭૫ | ૧૨૯૧.૦૧ | ૨૩૦૭ | ૧૦૦૪.૭૧ |
| ૩ | કવાંટ | ૪૮૭૦ | ૧૨૨૮.૪૪ | ૧૭૫૪ | ૧૦૭૪.૬૨ |
| ૪ | નસવાડી | ૯૨૫ | ૪૭૬.૮૪ | ૫૨૨ | ૩૩૫.૯૬ |
| ૫ | સંખેડા | ૨૨૬ | ૪૧૪.૧૨ | ૨૯૯ | ૧૯૩.૨૦ |

(૩) કેટલા કામો પૂર્ણ થયા

(૩) પૂર્ણ થયેલ કામો

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૬-૧૨ થી તા.૩૧-૫-૧૩** | **તા.૦૧-૦૬-૧૩ થી તા.૩૧-૫-૧૪** |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૭૨ | ૨૧૧ |
| ૨ | જેતપુરપાવી | ૨૫૭ | ૪૩૨ |
| ૩ | કવાંટ | ૩૪૨૮ | ૧૬૧ |
| ૪ | નસવાડી | ૫૩૬ | ૮૬ |
| ૫ | સંખેડા | ૧૩૭ | ૧૧૩ |
| | **કુલ** | **૪૬૩૦** | **૧૦૦૩** |

(૪) કેટલા કામો બાકી છે, અને

(૪) બાકી રહેલ કામો

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૬-૧૨ થી તા.૩૧-૫-૧૩** | **તા.૦૧-૦૬-૧૩ થી તા.૩૧-૫-૧૪** |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૯૯૮ | ૧૧૧૬ |
| ૨ | જેતપુરપાવી | ૧૭૧૮ | ૧૮૭૫ |
| ૩ | કવાંટ | ૧૪૪૨ | ૧૫૯૩ |
| ૪ | નસવાડી | ૩૮૯ | ૪૩૬ |
| ૫ | સંખેડા | ૮૯ | ૧૮૬ |
| | **કુલ** | **૪૬૩૬** | **૫૨૦૬** |

(૫) કેટલી વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવામાં આવી?

(૫) વ્યક્તિઓને રોજગારી પુરી પાડેલાની વિગત

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૬-૧૨ થી તા.૩૧-૫-૧૩** | **તા.૦૧-૦૬-૧૩ થી તા.૩૧-૫-૧૪** |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬૫૧૭ | ૫૬૭૨ |
| ૨ | જેતપુરપાવી | ૧૧૪૮૬ | ૧૯૨૩૭ |
| ૩ | કવાંટ | ૧૭૫૦૩ | ૧૮૬૧૧ |
| ૪ | નસવાડી | ૪૯૬૭ | ૪૮૪૨ |
| ૫ | સંખેડા | ૩૪૮૧ | ૨૧૬૦ |
| | **કુલ** | **૪૩૯૫૪** | **૫૦૫૨૨** |

---------

તા. ૭મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ ચોરીના નોંધાયેલ કેસ/ફરિયાદો**

૯૯૩૮ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર ખનીજ ચોરીના કેટલા કેસ નોંધાયા અને કેટલી ફરિયાદો નોંધાઈ,

(૧) **પત્રક** મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધવામાં આવેલ કુલ કેસ | નોંધવામાં આવેલ કેસો પૈકી નોંધાયેલ પોલીસ ફરિયાદ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૦૯ | ૦ |
| ૨ | ઘોઘા | ૩૨ | ૨ |
| ૩ | તળાજા | ૪૨ | ૦ |
| ૪ | પાલીતાણા | ૨૧ | ૦ |
| ૫ | મહુવા | ૨૬ | ૦ |
| ૬ | ઉમરાળા | ૩૧ | ૧ |
| ૭ | વલ્લભીપુર | ૫૦ | ૨ |
| ૮ | ગારીયાધાર | ૨૩ | ૦ |
| ૯ | શિહોર | ૩૩ | ૦ |
| ૧૦ | જેસર | ૦ | ૦ |
| | **કુલ** | **૩૬૭** | **૫** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી કિંમતની ખનીજ ચોરી પકડાઈ,

(૨) રૂ.૭૭૯.૧૪ લાખ.

(૩) ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલા કેસનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) ૩૪૭.

(૪) બાકી રહેલા કેસોમાં કયારે પગલા લેવામાં આવશે?

(૪) ૧૫ કેસોમાં સુનાવણીની પ્રક્રિયા પુરી થયેથી અને ૫ કેસોમાં પોલિસ ફરિયાદોનો નિકાલ થયેથી.

---------

**રાજ્યનું જાહેર દેવું**

૮૪૮૨ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૧) (રૂ.કરોડમાં)

| **નાણાકીય વર્ષ** | **કુલ દેવું** |
|---|---|
| ૨૦૧૩–૧૪ (સુધારેલ અંદાજ મુજબ) | ૧૫૦૧૫૩ |

(૨) ઉક્ત દેવામાં છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો વધારો થયો,

(૨) (રૂ.કરોડમાં)

| **નાણાકીય વર્ષ** | **વર્ષવાર દેવામાં ચોખ્ખો વધારો** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૨૬૦ |
| ૨૦૧૨–૧૩ | ૧૨૯૬૧ |
| ૨૦૧૩–૧૪ (સુ.અં.) | ૧૩૭૮૬ |

(૩) ઉકત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ દેવાના વ્યાજ પાછળ ચુકવવામાં આવી, અને

(૩) (રૂ.કરોડમાં)

| **નાણાકીય વર્ષ** | **વર્ષવાર ચુકવેલ વ્યાજ** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૯૮૪૦ |
| ૨૦૧૨–૧૩ | ૧૦૮૮૩ |
| ૨૦૧૩–૧૪ (સુ.અં.) | ૧૧૯૮૯ |

(૪) જાહેર દેવું ઘટાડવા રાજ્ય સરકારે છેલ્લાં ત્રણ વર્ષમાં કેવા પ્રકારના પગલાંઓ લીધા?

(૪) રાજવિત્તીય શિસ્તનું પાલન અને તે દ્વારા દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરિયાત પ્રમાણે અને

કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહે છે.

---------

**કે. જી. બેઝિનમાં ઓઈલ તથા ગેસના જથ્થાનું ઉત્પાદન**

૯૪૩૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ કે. જી. બેઝિનમાંથી છેલ્લા એક વર્ષમાં કેટલા ઓઈલ તથા ગેસના જથ્થાનું ઉત્પાદન થયુ,

(૨) ઉત્પાદિત થયેલ ઓઈલ અને ગેસની કેટલી કિંમત થવા જાય છે, અને

(૩) ઉત્પાદીત થયેલ ઓઈલ અને ગેસથી રાજ્ય સરકારને કેટલો ફાયદો થયો છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

જીએસપીસી દ્વારા કે.જી. બેઝીનમાં ખૂબ પડકારરૂપ સંજોગોમાં દરિયાના તળથી ગેસનું ઉત્પાદન મેળવી ગેસને સમુદ્રના કિનારા સુધી લઇ આવવાની કામગીરી સફળ રીતે પૂર્ણ કરવામાં આવી છે. ગેસનું વ્યાવસાયિક ઉત્પાદન ટુંક સમયમાં શરૂ કરવાની અપેક્ષા છે.

---------

**પ્રાંતિજ અને માણસા તાલુકામાં સાબરમતી નદીમાં બ્લોક બનાવવા બાબત**

૮૭૯૧ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ પ્રાંતિજ અને માણસા તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીમાં કૂલ કેટલા બ્લોક બનાવવામાં આવ્યા, અને કેટલી લીઝો આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા બ્લોકો ફાળવવાના બાકી છે?

**જવાબ**

(૧) ૩૨ બ્લોક અને ૧૩ લીઝો.

(૨) ૧૨.

---------

**રાજ્યમાં વિદ્યુત મથકોમાં વિજ ઉત્પાદન**

૮૮૧૦ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિદ્યુત મથકોમાં વર્ષવાર કેટલી વિજળી ઉત્પન કરવામાં આવી, તેમજ ખાનગી વિજ કંપનીઓ પાસેથી કેટલી વિજળી ખરીદી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્ય હસ્તકના વિદ્યુત મથકોમાંથી તથા ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદીની વિગત નીચે મુજબ છે.

(પ્રોવિઝનલ)

| ક્રમાંક | વિગત | ૧.૦૬.૧૨ થી ૩૧.૦૫.૧૩ | ૧.૦૬.૧૩ થી ૩૧.૦૫.૧૪ |
|---|---|---|---|
| | | (મિ.યુ.) | (મિ.યુ.) |
| **(અ)** | **ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી.** | | |
| ૧ | ઉકાઇ થર્મલ પાવર પ્લાન્ટ | ૪૬૫૬ | ૪૬૮૧ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર પ્લાન્ટ | ૩૫૨૬ | ૧૬૫૯ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | ૮૦૧૦ | ૪૭૧૭ |
| ૪ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૬૫૩ | – |
| ૫ | કચ્છ લીગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૧૫૪૦ | ૧૫૩૪ |
| ૬ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ (૭–૮) | ૬૯૫ | ૧૭૭ |
| ૭ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૮૧૫ | ૬૨૩ |
| ૮ | ઉકાઇ હાઇડ્રો | ૬૧૫ | ૮૬૯ |
| ૯ | કડાણા હાઇડ્રો | ૨૩૧ | ૪૦૯ |
| | **કુલ–અ** | **૨૦૭૪૧** | **૧૪૬૬૯** |
| **(બ)** | **સરકારી ક્ષેત્રના આઇપીપી** | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી.–હજીરા | ૬૦૫ | ૨૨૨ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૬૫ મે.વો.) | ૩૧૧ | ૧૧૬ |
| ૩ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | ૩૦૫૭ | ૨૬૭૨ |
| ૪ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (૧૪૫ મે.વો.) | ૨૬૩ | ૨૪૪ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૬૬૬ | ૯૩૭ |
| | **કુલ-બ** | **૪૯૦૨** | **૪૧૯૧** |
| **(ક)** | **ખાનગી સાહસો** | | |
| ૧ | એસ્સાર પાવર લીમીટેડ | ૩૦૭ | - |
| ૨ | એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૪૫૬૪ | ૪૭૬૭ |
| ૩ | ચાઇના લાઇટ એન્ડ પાવર ઇન્ડીયા પ્રાઇવેટ લી. | ૧૧૫૧ | ૧૯૭ |
| ૪ | અદાણી પાવર લીમીટેડ-૧ | ૬૪૬૨ | ૫૮૧૩ |
| ૫ | અદાણી પાવર લીમીટેડ-૨ | ૪૫૦૬ | ૭૨૮૫ |
| ૬ | એ.સી..બી. (ઇન્ડીયા) લી. | ૧૨૦૬ | ૧૪૨૦ |
| ૭ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૬૫૨૮ | ૯૭૫૩ |
| ૮ | કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૫૭ | ૧૮ |
| | **કુલ-ક** | **૨૪૭૮૧** | **૨૯૨૫૩** |

(૨) રાજ્ય હસ્તકના વિજ મથકોમાં વિજ ઉત્પાદન વધારવા સરકારે શાં પગલાંઓ લીધા?

(૨) રાજ્ય હસ્તકના વિજ મથકોમાં વિજ ઉત્પાદન વધારવા સરકાર દ્વારા નીચે મુજબના પગલાંઓ લેવામાં આવ્યા છે.

૧. વોશ્ડ કોલનો મહત્તમ ઉપયોગ.
૨. નવા કાર્યક્ષમ વીજ મથકોની સ્થાપના.
૩. આયાતી કોલસાનો વપરાશ.
૪. જુના વીજ મથકોનું આધુનિકરણ અને નવીનીકરણ.
૫. ઉપલબ્ધ ગેસ વડે કાર્યક્ષમ વીજ મથક દ્વારા વીજ ઉત્પાદન.
૬. લિગ્નાઇટ આધારીત વીજ મથકો માટે સારી ગુણવત્તા ધરાવતા લિગ્નાઇટનો વપરાશ.

---------

# તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ - ૧૧૬)

## અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં ટેન્કરમાં બ્લાસ્ટ થતાં મજૂરોમાં ઉભી થયેલી દહેશતની પરિસ્થિતિ અંગે

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)નું ધ્યાન દોરું છું અને તેમને તે સબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું.

''ભાવનગર નજીક આવેલા અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં તા. ૨૮-૬-૨૦૧૪ના રોજ પ્લોટ નંબર ૧૩૮માં ઓઇલ ટેન્કરના જહાજના કટીંગ વેળાએ એક ભયંકર બ્લાસ્ટ થતાં પાંચ મજૂરોના ઘટના સ્થળે જ સળગી જવાથી મૃત્યુ થયા છે, જયારે નવ મજૂરો ગંભીર રીતે દાઝી ગયા છે. જેમાંના ત્રણની સ્થિતિ ગંભીર છે. આ બનાવથી યાર્ડમાં કામ કરતા હજારો કામદારોમાં ભય અને અસલામતીની લાગણી ફેલાઇ છે. આ ગંભીર ઘટનામાં ગુન્હાહીત બેદરકારી દાખવનાર સંચાલકો સામે કાનુની કાર્યવાહી કરવા તેમજ ભવિષ્યમાં આવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં''

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અલંગ ખાતે સોસિયામાં આવેલ ૧૪૦ નંબરના પ્લોટમાં તા. ૨૮મી જૂન, ૨૦૧૪ના રોજ સવારે આશરે ૧૦–૩૦ વાગ્યાના સુમારે જયારે ડેડ વેસલ કેમિકલ ટેન્કર અડધાથી પણ વધારે કપાયું હતું ત્યારે જહાજના તળિયાં પાસે કામદારો જહાજ કાપવાની કાર્યવાહી કરતા હતા, ત્યારે અચાનક વિસ્ફોટ થવાના કારણે પાંચ કામદારોના મૃત્યુ નીપજેલ અને આઠ મજૂરોને ઇજા થવા પામેલ. તમામ ઈજાગ્રસ્ત હાલમાં ભય મુકત છે તમામને દવાખાનેથી રજા અપાઇ છે. આ અકસ્માત થયાના દિવસે જ ગુજરાત મેરીટાઇમ બોર્ડ (ગુ.મે.બો.)ના મુખ્ય કારોબારી અધિકારી અને ઉપાધ્યક્ષશ્રી તથા બીજા દિવસે ગુજરાત મેરીટાઇમ બોર્ડના અધ્યક્ષશ્રી અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા સ્થળ પર પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવેલ.

બોર્ડ દ્વારા ઉપભોકતા મે. પારસ સ્ટીલ કોરપોરેશને જહાજ ભાંગવા માટે પ્લોટને ઉપયોગમાં લેવા સરકારના વિવિધ ખાતાઓ જેવા કે પર્યાવરણ, કારખાના નિરીક્ષક, એકસપ્લોસીવ, ગુ.મે.બો. વગેરેની જરૂરી મંજૂરી મેળવી હતી જે ક્રમાંક ૧ થી ૫ મુજબ છે.

(૧) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જહાજમાંથી નીકળતા જોખમી અને બિન જોખમી કચરાની પ્લોટ ખાતેના વ્યવસ્થાપન માટે પ્લોટ નંબર ૧૪૦ને ડિસેમ્બર, ૨૦૧૮ સુધીની જરૂરી મંજૂરી આપેલ છે.

(૨) પ્લોટ નંબર ૧૪૦ ધારકે ગુ.મે.બો. એ બનાવેલ હેઝાર્ડસ વેસ્ટ મેનેજમેન્ટ ફેસેલિટીનું સભ્યપદ ધરાવે છે જેની અવધિ ૩૧–૩–૨૦૨૧ સુધીની છે.

(૩) પ્લોટ ધારકે તેના પ્લોટમાં એલ.પી.જી. વગેરે સિલિન્ડર સંગ્રહ કરવા માટે એક્સપ્લોસીવ ખાતા પાસેથી પરવાનો લીધેલ છે કે જેની અવધિ ૩૦–૯–૨૦૧૪ સુધીની છે.

(૪) ફેકટરી ઇન્સ્પેકટર દ્વારા પ્લોટ ધારકને સલામતીના ધારા ધોરણ જાળવવાની શરતે જહાજ ભાંગવાના ઉદ્યોગ ચલાવવા માટેનો જરૂરી પરવાનો તા. ૧૮–૧૧–૨૦૧૧થી આપેલ છે જે ૨૦૧૬ સુધીની અવધિ ધરાવે છે.

(૫) પ્લોટ ધારક પાસે કામદારોની સલામતી અને વ્યવસાયિક આરોગ્ય જળવાય તેમજ હયાત પર્યાવરણની જાળવણી થાય તે રીતે જહાજ ભાંગવાની તૈયારી દર્શાવતો શીપ રિસાયકલીંગ ફેસિલિટી મેનેજમેન્ટ પ્લાન, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ૧–૧–૨૦૦૯ ના રોજ મંજૂર કરેલ છે જે ૩૦–૯–૧૪ સુધીની અવધિ ધરાવે છે.

જહાજને ભાંગવાની પ્રક્રિયા ચાલુ કરતા પહેલા સંલગ્ન સરકારી ખાતાઓની મેળવવાની રહેતી મંજૂરીઓ.

તા. ૩–૪–૨૦૧૪ના રોજ કસ્ટમ ડિપાર્ટમેન્ટે કાર્ગો ફ્રી સર્ટિફિકેટ તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડે એંકરેજ પર દરિયામાં જહાજનું નિરીક્ષણ કરી જહાજમાં લૂઝ સ્થિતિમાં હેઝાર્ડસ વેસ્ટ નથી તે માટે બંદર અધિકારીને બીચિંગ માટે ભલામણ કરેલ. બંદર અધિકારીએ તા. ૫–૪–૨૦૧૪ના રોજ બીચિંગ માટેની મંજૂરી આપતા જહાજ પ્લોટ નંબર ૧૪૦માં બીચ થયેલ. ત્યારબાદ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડે એ લાંગરેલ જહાજનું ફરીથી નિરીક્ષણ કરી અને ખરાઇ કરેલ કે તેમાં રહેલ તમામ લૂઝ અવસ્થાનો જોખમી પદાર્થ દૂર થયેલ છે અને તે મતલબનું ડિકન્ટામિનેશન સર્ટિફિકેટ તા. ૫–૫–૨૦૧૪ના રોજ આપેલ છે. દરમિયાનમાં ફેકટરી રૂલ્સની કલમ ૬૮(એચ) પ્રમાણે તા. ૧૨–૪–૨૦૧૪ના રોજ જહાજ ભાંગવા માટેની વર્ક પરમિટ (જહાજમાં કામદાર દ્વારા દાખલ થવાની અને કન્ફાઇન જગામાં કામ કરવા માટે) તથા તા. ૨–૫–૨૦૧૪ના રોજ બત્તીથી કામ કરવા માટે જાહાજ તૈયાર છે એટલે હોટ વર્ક પરમિટ ડીશ દ્વારા અધિકૃત વ્યકિતએ આપેલ હતી. ત્યારબાદ બંદર અધિકારી અલંગ દ્વારા શીપને તા. ૬–૫–૨૦૧૪ના રોજ જહાજ ભાંગવાની મંજૂરી આપેલ હતી.

**પ્રાથમિક અવલોકનઃ**

સ્થળ પર રૂબરૂ તપાસ કરતા જે નિરીક્ષણ કરેલ તે મુજબ નીચેના પ્રાથમિક તારણો પર આવી શકાય.

(૧) એક કે બે કામદારો બત્તીથી (ગેસ ટોર્ચ) જહાજના તળિયાં પાસેની ઉભી પ્લેટ પર અગાઉથી પાડેલ આશરે બે ફીટ બાય દોઢ ફીટની ખુલ્લી બારી વધુ પહોળી કરતા હતા ત્યારે અંદરની જગ્યાએથી અચાનક વાયુ ખૂબ જ મોટા ધડાકા સાથે ધસી આવતા આ કામદારો સહિત સામેની બાજુમાં આશરે ૨૦ ફૂટ અંતરે કામગીરી કરતા બીજા કામદારો ફંગોળાઇને ઉંચકીને ફેંકાતા, ઉપર જણાવ્યા મુજબ પાંચ કામદારોના મૃત્યુ નીપજેલ અને આઠ મજૂરોને ઇજા થયેલ.

(૨) ગુ.મે.બો.દ્વારા બનાવેલ કોઇ પણ ટેન્કર જહાજને કાપવા માટે તેની પાઇપ લાઇન, ટેન્કસ અને કન્ફાઇડ સ્પેસ સબંધી જગા એ કામ કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (શોપ) બનાવેલ છે કે જે જહાજ ભાંગનાર પ્લોટ ધારક દ્વારા ચુસ્ત પણે અમલવારી કરાયેલ હોય તેવું જણાતું નથી.

ગુજરાત મેરિટાઇમ બોર્ડનું હાલનું પગલું

ગુ.મે.બો. દ્વારા શીપ રિસાકલીંગ રેગ્યુલેશન, ૨૦૦૩ મુજબ વિગતે અકસ્માત બાબતે સંશોધન કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે કે જે આશરે દસ દિવસમાં પૂર્ણ થઇ જશે અને તેમાંથી મળનાર નિષ્કર્ષ અનુસાર જવાબદારી નક્કી કરી ત્વરિત કાર્યવાહી કરવામાં આવશે. ભવિષ્યમાં આ પ્રકારના અકસ્માત નિવારવા માટે હાલમાં બેઝિક સેફટી અવેરનેસ ટ્રેનિંગ દ્વારા ૧ લાખથી વધારે કામદારોને પ્રશિક્ષિત કરાયેલ છે અને આવનાર સમયમાં બેઝિક સેફટી અવેરનેસ ટ્રેનિંગ કાર્યક્રમને વધુ સઘન બનાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (શોપ)ની ચુસ્તપણે અમલવારી થાય તે માટે સમયાંતરે નિરીક્ષણ ગોઠવવામાં આવશે.

મૃતકોના વારસદારોને આપેલ તાત્કાલિક સહાયઃ

(૧) પ્લોટ ધારક દ્વારા તમામ મૃતકોના વારસદારોને રૂપિયા ૩૫,૦૦૦/–તા. ૨૮/૨૯–૬–૧૪ના રોજ ચૂકવેલ છે.

(૨) પ્લોટ ધારક દ્વારા પાંચેય મૃતકોના વારસદારોને મૃતક દીઠ રૂપિયા ૨,૦૦,૦૦૦/–નું કરવાના થતા ચૂકવણા સામે પ્લોટ ધારક દ્વારા ગુ.મે. બો. ને રૂપિયા ત્રણ લાખના પાંચ ચેક જમા કરાવેલ છે જે સંબંધિત વારસદારોની ખરાઇ કરી રૂબરૂમાં ટૂંક સમયમાં ચૂકવી દેવાશે.

(૩) તદ્‌ઉપરાંત પ્લોટ ધારક દ્વારા ગુ.મે.બો. ના વેલફેર ફંડમાં મૃતક દીઠ રૂપિયા એક લાખ પ્રમાણે કુલ રૂપિયા પાંચ લાખ જમા કરાવેલ છે.

(૪) ઉપરોકત વેલફેર ફંડમાંથી મૃતકોના વારસદારોને મૃતક દીઠ રૂપિયા બે લાખનું ચૂકવણું કરવામાં આવશે.

(૫) પ્લોટ ધારક દ્વારા અકસ્માતમાં ઇજા પામેલ તમામ આઠ કામદારોને રૂપિયા ૫૦૦૦/– તા. ૨૮/૨૯–૬–૧૪ના રોજ ચૂકવેલ છે.

(૬) બનાવ બાબતે તલ સ્પર્શી તપાસ અર્થે ગુ.મે.બો. દ્વારા સમિતિની રચના કરી છે, જેમાં દિન દસમાં અહેવાલ રજૂ કરવા જણાવેલ છે.

(૭) કામદાર રાજય વીમા કોરપોરેશન (ઇએસઆઇસી)માં આ તમામ મૃતકો નોંધાયેલા હતાં. જેથી તેમની વય તથા પગારના ધોરણ પ્રમાણે ઇએસઆઇસી દ્વારા મૃતકોના વારસદારોને મળવાપત્ર પેન્શનનું આજીવન ચૂકવણું કરવામાં આવશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અલંગ શીપ યાર્ડમાં ૨૮મી જૂન, ૨૦૧૪ના રોજ પ્લોટ નંબર–૧૪૦ પર ચાલુ કામ વખતે જયારે આ બ્લાસ્ટ થયો એ બાબત બહુ ગંભીર છે. આ યાર્ડ પર કામ કરતા મજૂરો છે, એની સલામતી માટે અલંગ યાર્ડમાં શીપ બ્રેકીંગ વખતે સુપ્રીમ કોર્ટ તરફથી ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૭ના રોજ ચુકાદો આપવામાં આવ્યો એનું પાલન કરવામાં આવેલ નથી. તેમજ અલંગ શીપીંગ યાર્ડમાં મોનિટરીંગ માટે મેરીટાઇમ બોર્ડ, પ્રદુષણ બોર્ડ, ઉદ્યોગ વિભાગ અને શ્રમ રોજગાર વિભાગ આ બધાની સંયુકત જવાબદારી છે એ પણ મોનિટરીંગ કરવામાં નિષ્ફળ ગયા છે. એના પરિણામે ૨૦૦૧માં ૮ મોત થયા હતા, ૨૦૧૨ માં ૧૯ થયા, ૨૦૦૩ માં ૨૫ થયા, ૨૦૦૪ માં પાંચ થયા. એમ કરીને અત્યાર સુધી

૧૩૪ ધડાકાના કારણે મોત થયા છે. આ ગંભીર પ્રશ્નના ધ્યાન માટે જવાબદારો સામે કડક પગલાં લેવા અને ભવિષ્યમાં આવા બનાવો બનતા અટકે, મજૂરોની સલામતી જળવાઇ રહે એના માટે રાજય સરકારે બહુ ગંભીરતાથી પગલાં લેવાની જરૂર છે એટલા માટે મેં આ પ્રશ્ન અંગે સરકારનું ધ્યાન દોરવા ઉઠાવ્યો છે. મારો સીધો સવાલ છે કે તારીખ ર૮મીના રોજ અલંગ યાર્ડમાં જે બ્લાસ્ટ થયો એમાં ડાયરેકટર ઓફ ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ વાલ અને પ્રદુષણ બોર્ડનું નો ઓબ્ઝેકશન સર્ટિફિકેટ મેળવવામાં આવેલ હતું કે કેમ, આ બ્લાસ્ટ માટે અલંગ શીપ યાર્ડમાં શ્રમ અને રોજગાર વિભાગ, ઉદ્યોગ વિભાગ, પ્રદુષણ બોર્ડના કયા કયા અધિકારીઓ સીધી રીતે જવાબદાર છે અને તેમની સામે શી શી કાર્યવાહી હાથ ધરવાની થાય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો મારે એક સ્પષ્ટતા કરવી છે કે પ્લોટ નંબર ૧૩૮માં આવો કોઇ અકસ્માત થયો જ નથી અને અકસ્માતમાં સળગી જવાથી મૃત્યુ પણ થયા નથી. રાજય સરકારની ઉદારતા અને આ બનાવની ગંભીરતાને લઇને હું જવાબ આપું છું. ૧૪૦ નંબરના પ્લોટમાં અકસ્માતનો બનાવ બન્યો છે અને ત્યારપછી તરત જ અમારા મુખ્ય અધિકારીશ્રીઓએ બીજા દિવસે એ ઘટના સ્થળની મુલાકાત લીધી છે. પોલીસ કેસ થયો છે. અને તહોમતદારોએ આગોતરા જામીનની અરજી કરી છે જેની સુનાવણી આજે છે. દરમિયાનમાં ઉચ્ચ કક્ષાના અમારા વિભાગના અધિકારીના વડપણ હેઠળ એક કમિટીની રચના કરવામાં આવી છે.અને તે કમિટી અત્યારે તપાસ કરી રહી છે. કમિટીનો જે રિપોર્ટ આવશે તે પ્રમાણે પગલાં લેવામાં આવશે. બીજું તેમણે પૂછ્યું છે કે આ બધા વિભાગની મંજૂરી લેવામાં આવી છે કે નહીં? કટીંગ પહેલાં તમામ વિભાગની મંજૂરી લેવામાં આવે છે. આ કેસમાં પણ મંજૂરી લેવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ પોતાના નિવેદનમાં એક નંબરમાં જણાવ્યું છે કે જે જગ્યાએ બ્લાસ્ટ થયો છે ત્યાં અચાનક વાયુ ખૂબ જ મોટા ધડાકા સાથે ધસી આવતા આ કામદારો સહિત સામેની બાજુમાં આશરે ર૦ ફીટ અંતરે કામગીરી કરતા કામદારો ફંગોળાઇ ગયા અને તેમાંથી આઠ કામદારોના મૃત્યુ થયા. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે ટેંકર હતું તે કેમિકલના કારણે બ્લાસ્ટ થયો છે કે જવલનશીલ પદાર્થ હતો તેના કારણે થયો છે? અલંગમાં આ પ્રકારના બનાવો વારંવાર બને છે. અત્યાર સુધી કોઇ નક્કર તારણો ઉપર આવી શકાય એવી સ્થિતિ પેદા થતી નથી, તો આ બ્લાસ્ટ કયા કારણોસર થયો છે તે જાણવા માગું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જે તે જહાજમાં સાત કમ્પાર્ટમેન્ટ હતા. તેમાં ચાર કમ્પાર્ટમેન્ટનું કટિંગ પૂરું થઇ ગયું હતું. ચોથા અને પાંચમા કમ્પાર્ટમેન્ટ વચ્ચે એક દિવાલ હોય છે. એ કટિંગ ચાલતું હતું તે વખતે અચાનક બ્લાસ્ટ થયો. તેની ગંભીરતા એટલી હતી કે પાંચ મજૂરો જે ગુજરી ગયા છે તે ૬૦થી ૭૦ ફૂટ દૂર ફંગોળાયા અને તેના કારણે તેમને જે ઇજા થઇ તેના કારણે શોક અને હેમરેજના કારણે તેમનું મૃત્યુ થયું, પણ ભૂતકાળના તમામ અનુભવોને ધ્યાનમાં રાખીને આ વખતે પણ પૂરતા પ્રમાણમાં કાળજી રાખવામાં આવી હતી અને આ રિપોર્ટ આવ્યા પછી કંઇ પણ ખૂટતું હશે તો ભવિષ્યમાં અમે કાળજી લઇશું. તે ઉપરાંત આ પ્લોટ ધારકો પાસેથી આવા પ્રસંગે બે લાખ રૂપિયા જમા કરાવવાની જોગવાઇ છે. આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી બે લાખ રુપિયાના બદલે ત્રણ લાખ રૂપિયા જમા કરાવ્યા છે. વેલ્ફેર ફંડમાંથી એક પણ રૂપિયાની મદદ આપવામાં આવતી નહોતી. એ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી આ વખતે બે લાખ રૂપિયા એટલે કુલ મળીને પહેલાં એમને બે જ લાખ રૂપિયા મળતા હતા. આ વખતે તેમના વારસદારને પાંચ લાખ રૂપિયા મળવાના છે.

અધ્યક્ષશ્રી : પછી વર્કમેન કોમ્પેન્સેશન એકટ નીચે તો વધારાના મળે ને? કે આ મદદ મળી એટલે પેલી મદદ ન મળે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પછી નિયમાનુસાર જીંદગીભર તેમના વારસદારોને ૭પ–૮૦ ટકા પેન્શન તો મળવાની જોગવાઇ છે જ.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બ્લાસ્ટ થયો એ વારંવાર અલંગમાં થાય છે. તો અલંગમાં મોતનો સીલસીલો અટકશે તેવી ખાતરી સરકાર આપવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અમે પૂરતી કાળજી લઇશું.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મેં આજે પ્રશ્ન પૂછ્યો છે. અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કેટલા પરિવારો છે,

અધ્યક્ષશ્રી : પ્રશ્ન નંબર કહો.

શ્રી શૈલેષ મ. પરમાર : પ્રશ્ન નંબર–૧૫૩.

અધ્યક્ષશ્રી : ૧૫૩ નંબરના પ્રશ્નનું આમાં ન આવે. જે પ્રશ્નની ચર્ચા થઇ હોય તેનું જ હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : તેમાં સાહેબ, મેં જે પ્રશ્ન પુછ્યો છે..

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. એમાં ન હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : આમાં શહેરની માહિતી જ નથી આપી. અમદાવાદ જિલ્લા અને શહેરનો પ્રશ્ન પૂછ્યો હતો તેમાં અમદાવાદ શહેરની માહિતી આપવાનું રહી ગયું ટોટલી...

અધ્યક્ષશ્રી : અહીં ચર્ચા થઇ હોય, તેને જવાબ આપવાની તક મળી હોય અને ખોટો જવાબ આપે તો કહો.

શ્રી શૈલેષ મ. પરમાર : જે માહિતી હાઉસ પાસે માગી હતી, શહેર અને જિલ્લા બન્નેની માગી છે અને બુકલેટમાં જિલ્લાની જ માહિતી આપાવામાં આવી છે. શહેરની માહિતી જ આપવામાં આવી નથી.

અધ્યક્ષશ્રી : જેની ચર્ચા ન થઇ હોય તેનું આમાં ન થઇ શકે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, પ્રોપર્ટી ઓફ હાઉસના લીધે પૂછું છું.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, નેકસ્ટ..

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ)

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાના અવકાશ અંગે.

અધ્યક્ષશ્રી : આ જનરલ ચર્ચા છે. તમને ગમે કે ન ગમે. શાંતિથી સાંભળવાનું.

આજે અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચાનો પહેલો દિવસ છે. માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાઓની ઝીણીઝીણી વહીવટી વિગત કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનોની માગણીઓ ઉપર ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોકિત થશે નહીં અને ચર્ચા ઉપયોગી થશે. કોઇએ વચ્ચે કંઇ બોલવાનું નથી. તમને ગમે કે ના ગમે, સાંભળવાનું જ. ન ગમતું હોય એનો જવાબ તમે પછી આપજો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌની બજેટ પ્રપોઝલ્સ, થ્રી ફોર્થ સૌરભભાઇ અને વન ફોર્થ નીતિનભાઇની, ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. ગઇ કાલે સવારે એસ.પી. હાઇવે રોડ ઉપર એક ટ્રક જેમાં ડુંગળી ભરેલી હતી અને એની લૂંટનું દ્રશ્ય જોવાનો લહાવો મને મળ્યો, સાહેબની કવિતા મને યાદ આવી કે, 'આંખ આ ધન્ય છે.' ડુંગળી લૂંટવા વાળા લોકો જે હતા, એ સામે મળીને મને કહે કે, 'બાપુ અચ્છે દિન આ ગયે, ડુંગળી લૂંટને કે અચ્છે દિન આ ગયે'. એમાંથી મને એમ થયું કે આ બજેટ દરખાસ્તમાં સરકાર જરૂર જે મોંઘવારીના નામે મતો લઇને આખા દેશમાં અને ગુજરાતમાં સવિશેષ એ ગુજરાતની જનતાને મોંઘવારી ઓછી થાય એના માટે પેટ્રોલિયમ પ્રોડકટસ, જેની આવક ઉપર ગુજરાત સરકાર લગભગ દર દર્ષે વધારે પડતી કામણી કરી રહી છે એ પેટ્રોલ, ડિઝલ,

ફર્ટીલાઇઝર્સ એની ઉપર કમસેકમ વેટ ઓછો કરશે. એમના જ પક્ષની સરકારો ગોવામાં વગેરે જગ્યાએ ઓછો કર્યો છે.

સાહેબ, આ દુષ્કાળ માટે અમે આપની પાસે આગ્રહ રાખેલો કે બજેટમાં એક અક્ષર દુષ્કાળનો નથી. હવે દુષ્કાળ ડોકીયા કરી રહ્યો છે. આપણે ઇચ્છીએ, ભગવાનને પ્રાર્થના કરીએ, આખુ ગૃહ પ્રાર્થના કરે, આખુ ગુજરાત પ્રાર્થના કરે, દેશ પ્રાર્થના કરીએ કે વરૂણ દેવ રીજાય. પણ એ ન રીજાય તો આગ લાગે અને કૂવો ખોદવા બેસવાની વાત હોય તો આ દુષ્કાળ આવી રહ્યો છે. કચ્છમાં સવિશેષ સૌરાષ્ટ્રમાં, ઉત્તર ગુજરાતમાં મધ્ય ગુજરાતમાં બધે પીવાના પાણીનો પ્રોબ્લેમ, જે આજે પણ ઘણા ગામોમાં શહેરોમાં દૂર દૂરથી પાણી આવે છે. ટેન્કરો કયાંથી આવશે એ તંત્રને ખબર નથી. તંત્રને છેલ્લા પંદર વર્ષથી દુષ્કાળ શું હોય એનો અનુભવ નથી એટલે ભગવાનની મહેરબાનીથી આ તંત્ર ચાલતુ હતું, અત્યારે જયારે ભગવાન રૂઠવાની શરૂઆત છે ત્યારે આ તંત્ર સજાગ નહીં થાય તો લોકો મરશે, મુંગા જાનવર મરશે અને કદાચ હિઝરત કરવી પડે એવું પણ આપણને દેખાઇ રહ્યું છે. આ બધાના મૂળમાં નર્મદા યોજના જે દુષ્કાળ માટે જેને સાકાર કરવા માટેનો આખા ગુજરાત અને બીજા રાજયો પણ સંમત હતા જેમાં ભારત સરકારે પણ પૂરી મદદ કરેલી એ નર્મદા યોજના સમયસર જો પૂરી થઇ હોત તો હું માનુ છું કે ૨૦૦૫-૦૬માં કલીયરન્સ મળ્યા પછી એમણે જ વાયદા કર્યા હતા કે ૨૦૧૦માં અમે નર્મદા પૂરી કરીશું. આ બજેટમાં ૨૦૧૬માં નર્મદા પૂરી થશે તો એક એવી ગુનાહિત બેદરકારી કહેવાય, ગુજરાતની તરસી જનતા, તરસ્યા ખેતરો અને તરસ્યા ઢોર અને જાનવરો માટે કે જેથી કરીને એમને બાકીની બધી વાહ વાહ નર્મદાની પણ જે નર્મદાનું કોઝ હતું જેમના માટે નર્મદા બનેલી એના માટે એમણે જે ખેતર સુધી પાણી પહોંચવું જોઇએ એ તરસ્યા લોકો સુધી પાણી પહોંચવું જોઇએ એનું આયોજન જે કરવું જોઇએ એનું આયોજન આજ દિન સુધી થયું નથી.

એટલું જ નહીં, ગઇકાલે સમાચાર મળ્યા કે મધ્ય પ્રદેશની ભાજપની સરકારે નર્મદાનું પાણી જે ઇન્દિરા સાગરમાંથી જે સરદાર સરોવરમાં આવતું હતું એ રોકયું છે. એક જ પક્ષની સરકાર માનવતાના આધારે અત્યારે હાલ કંઇ પાણી રોકવાની જરૂર નહોતી, જે પાણી રોકાયું, જેના લીધે હાઇડ્રોપાવરનું આપણું જે ઉત્પાદન હતું એ વીજ ઉત્પાદન એક મહિનાથી બંધ થઇ ગયું છે. તમે ૧૫ દિવસમાં નર્મદાના દરવાજા મૂકવાની વાત કરીને વાહવાહ જો કરતા હોય તો ટેકનિકલ વસ્તુ હતી. ભારત સરકાર અને નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીનું દરવાજા મૂકવા કે ન મૂકવા એમાં કોઇ કન્સલ્ટેશન નથી હોતું. પોલિટીકલ નિર્ણય લઇ શકાય. હવે તમે દરવાજા ત્રણ વર્ષે મૂકો કે આજે મૂકો પણ જે પાણી ૨૦૦૬માં ૧૨૧-૧૨૨ મિટર હતું, પણ ૧૨ હજાર કરોડ ફાળવીએ અને એક પણ પૈસાનો ઉપયોગ ન થવાનો હોય, પાણીનો ઉપયોગ ન થવાનો હોય અને નર્મદાનું પાણી લોકોને આપી શકવાના ન હોય તો હું માનું છું કે રાજય સરકારની બેદરકારી છે અને બહુ મોટી બેજવાબદારી છે.

જે પોટેન્શિયલ જે જે વખતે પાણી મળવાનું હતું, ટોટલ કમાન્ડ એરિયા ૧૭.૯૨ એ બધામાં જૂન ૨૦૦૭માં ૩.૫૬ લાખ હેકટર પોટેન્શિયલ પિરિયડ હતો. એકચ્યુઅલ મેક્સિમમ યુટિલાઇઝેશન જે વખતે કરવું જોઇએ એ જૂન ૨૦૦૭માં ૧.૫૩ લાખ હેકટર, ૧૭-૧૮ લાખ હેકટરમાંથી ૨૦૦૬માં નર્મદા કલીયર થઇ ગયું, તમે જે કાંઇ નર્મદાનો રાજકીય લાભ લીધા પછી જે રિયાલિટી છે એના ઉપર આપનું ધ્યાન આકર્ષિત કરું છું. ૨૦૦૮માં ૨.૫૩ અને ૨૦૧૦માં ૨.૫૩, ૨૦૧૨માં ૧.૯૩ જે મેક્સિમમ યુટિલાઇઝેશ આટલા લાખ હેકટરનું હતું એ ૧.૯૩ અને ૨૦૧૩માં ૨.૦૯. તમે જો ૨.૫૩ સુધી પહોંચ્યા હતા તો આ ૨.૦૯ ૨૦૧૩માં કેવી રીતે આવ્યું. વાયદો કરેલ કે ૨૦૧૦માં નર્મદા પૂરી કરીશું. એના બદલે પાણી સાબરમતિમાં લઇ ગયા. તમે પાણી સરસ્વતિનું મિલન કરીને જે સરસ્વતિ માટે નર્મદાના પાણી લઇને, મારે કોઇ બીન સંસદીય શબ્દપ્રયોગ નથી કરવો કે •(xxxxxx) કે વાહવાહ કરવા, પણ એમાં કોઇ લોજિક ન હતું. શું સાબરમતિમાં હોડકા ફેરવવા નર્મદાનું પાણી હતું? શું સરસ્વતિમાં પાણી લઇ જઇને કોઇની વાહવાહ કરવાની હતી? આજે ત્યાં કાંઇ નથી. શાના માટે હતું? એ નર્મદા દુષ્કાળ માટે હતી,પીવાના પાણી માટે હતું અને વીજળી માટે હતું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

જે વીજળી અત્યારે બંધ છે. મારા ખ્યાલથી ૧૫ કે ૧૬ ટકા આપણા ભાગમાં આવતી હતી, ત્યારે જે રીતે આ વીજળીની હાલત ગુજરાતમાં છે અને હાઇડ્રો મથક બંધ થવાનું હોય ત્યારે બહુ મોટી કટોકટી હું જોઇ રહ્યો છું. સરકારે હમણાં જવાબ આપ્યો કે ખેડૂતો માટેની વીજળી છે. હું માનું છું કે ભારતીય જનતા પક્ષે પોતાના ઢંઢેરામાં દર વર્ષે લગભગ ૫૦૦ થી ૧૦૦૦ મેગાવોટનો વધારો કરશે એવું કહેલું. તમે ૨૦૦૧માં જે આપણી ઇન્સ્ટોલ કેપેસિટી હતી ૪૯૬૦ મેગાવોટ, એ આજે ૨૦૧૪માં આપણી રિયલ કેપેસિટી ૫૪૯૬ મેગાવોટ છે, એટલે લગભગ ૫૦૦ મેગાવોટનો વધારો આટલા વર્ષોમાં એમણે કર્યો છે. હોઇ શકે, કદાચ આ હાઇડ્રોમાંથી ૫૦૦ મેગાવોટ મળતી હોય. હકીકતમાં ભારતીય જનતા પક્ષે જી.ઇ.બી.ની કાર્યક્ષમતા માટે તમે ડિવિઝન કર્યા એ ડિવિઝનમાં તમારી કલ્પના હતી કે સારું થશે. પણ તમે જાણી જોઇને જી.ઇ.બી.ના ભાગ કરીને રાજ્ય સરકારનું વીજ ઉત્પાદન થવું જોઇએ એ ૫૦૦ મેગાવોટ આજે ૨૦૧૪ સુધીમાં થયું અને જેનો પ્લાન્ટ લોડ ફેકટર ૨૦૦૧માં ૨૬૭૮ મેગાવોટ એટલે કે ૫૪ ટકા હતો એ આજે લગભગ ૧૮૩૩ મેગાવોટ પી.એલ. એફ.છે, એટલે કે ૨૦૦૧માં હતું એની નજીકમાં પી.એલ.એફ. કામ કરી રહ્યું છે.

તમે હાથે કરીને, મારો સરકાર ઉપર આક્ષેપ છે કે,જાણી જોઇને રાજ્ય સરકારનું વીજ ઉત્પાદન ઓછું કરવામાં આવે છે. જેથી કરીને જે પ્રાઇવેટ સેકટરવાળા લોકો છે, જેમને કદાચ કુદકે ને ભુસકે ૨૦૦૧માં જે એમનું સરવૈયું હતું અને ૨૦૧૪માં હમણાં ૨૫૦૦ કરોડનો નફો બતાવ્યો છે. હમણાં જે એમનું સરવૈયું છે એ અને ગુજરાત સરકારની હાલત આપણે જોઇએ તો જે પ્લાંટ લોડ ફેકટર અને બાકીનું જે ટી એન્ડ ડી લોસીસ એમાં જાણી જોઇને અન્યાય કરતા પ્રાઇવેટ સેકટર ૩૩ ટકાવાળું પી.એલ.એફ.થી પોતાનો પ્લાંટ ચલાવે નહિ. એ આપણે ચાલવા દઇએ છીએ. બાકીની કેપેસિટી હાઇડ્રો હોય તો ૧૦૦ ટકા થઇ શકે, ગેસ હોય તો ૧૧૦ ટકા થઇ શકે. એના બદલે તમે ૩૩ ટકા પ્રોડકશન સાથે જે ગુનાહિત બેદરકારી રાજ્ય સરકારની જનતા સાથેની કહી શકાય એ તમે આમાં કરી રહ્યાં છો. ૨૦૦૪-૦૫માં જી.ઇ.બી.ને વધુ કાર્યક્ષમ બનાવવાનું હતું એના બદલે આખું તંત્ર ખાડે જતું હોય તેવું આપણને દેખાય છે.

તેની સાથે સાથે વીજળીમાં આપણે એકસેસ છીએ. હું માનું છું ત્યાં સુધી દવાના બહુ પ્લાંટ ગુજરાતમાં કેડિલા, ટૌરેન્ટ, સીપ્લા. ઘણાં બધા એમ તમે પી.પી.એ.ના આધારે તમે કહી શકો કે વીજળીમાં આપણે એકસેસ છીએ. આ વીજળી પાકિસ્તાન મોકલવાની વાત કરીએ છીએ. સાહેબ, ઘરના ખેડૂતો જેમને ડાર્કઝોન કાઢવા માટેનું જે કાંઇ કર્યુ એ પોતાની જાતને છેતરી છે અને ગુજરાતના ખેડૂતોને એમણે છેતર્યા છે. આવો ડાર્કઝોન ના હોય. કંડીશ્નલી ડાર્કઝોન ના કઢાય. તેનો લાભ આજદિન સુધી હું આંકડાની અપેક્ષા રાખીશ તમે જ્યારે ડાર્કઝોન પાર્ટલી કે કંડીશ્નલી સ્પ્રિંકલર વિગેરેમાં તમે કીધું. કેટલા ખેડૂતોએ લાભ લીધો? સાહેબ, આજે ૬ લાખ કરતા વધુ ખેડૂતો આ દુષ્કાળ જેવું મારણ ઈરીગેશન હોઇ શકત એગ્રીકલ્ચર કનેકશન સાથે એવા ૬ લાખ જેટલા ખેડૂતો વીજળીથી વંચિત છે. સરકારે કહ્યું છે કે ૯૦ હજાર, ૯૫ હજાર, એક લાખ લોકોને માની લો કે દર વર્ષે કનેકશન આપશે તો આ ૬ લાખ લોકોનો બેકલોગ ક્યારે પૂરો થશે? ૧૦ વર્ષે અને નવી સંખ્યા વધશે એનો એમની પાસે શું જવાબ હશે? એટલે કે સબસિડીની લાહમાં આ માલિકો ભલે કમાય. પ્રાઇવેટ લોકો ભલે ૨૦૦૦-૨૫૦૦ કરોડનો નફો કમાય. ભા.જ.પ.ને મત લેવા છતાં ખેડૂતોને સબસિડી આપવામાં તકલીફ છે. સબસિડી ના મળે માટે થઇને ખેડૂતોને આ વીજ કનેકશનથી વંચિત રાખવામાં આવે છે. એટલું જ નહિ જે રીતે પાવર માટે નોન કન્વેશ્નલની અંદર એ લગભગ સાડા ત્રણ ટકાના કંડીશન સાથે ગ્રીન એનર્જી હોવી જોઇએ. એવું જે સોલર ચારણકાનો સંતરામપુરનો જે આખો પ્લાંટ, માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં અને કદાચ દુનિયામાં સૌથી વધારે નીચલો ભાગ વીજ પ્રોડકશન નોન કન્વેશનલ સોલર એનર્જીનો એ ગુજરાત આપે છે. ૧૫ રૂપિયા કરતા વધારે, કદાચ ૧, ૧.૫ ટકા સેસ લાગતો હોય તો ૧૬-૦૦ રૂપિયા , ૧૬-૫૦ રૂપિયા તમે ૧૫, ૧૬ રૂપિયે યુનિટે વીજળી તમે ખરીદો છો. સાહેબ, બે રૂપિયે, દોઢ રૂપિયે, પોણા બે રૂપિયે, ત્રણ રૂપિયે પાવર મળે છે, તો તમે શેના માટે તમે આટલી બધી વીજળી, લગભગ ૧૦૦૦ મે.વોટ અને જેમાં ધારે તો ૩.૫ ટકાના હિસાબે આ જે કાંઇ કીધું હોય, ગાઇડલાઇન હોય આ ગ્રીન એનર્જી માટે એ ૬૫૦ મે.વોટ મેકસીમમ થાય છે તો ૩૫૦ મે.વોટ કોને ખુશ કરવા માટે આ વીજળી ખરીદવામાં આવે છે? એટલું જ નહિ સાહેબ, કોઇ ટેન્ડર વગર ઊભું કરવામાં આવે છે. પોતાના વહાલા-

દવલા જાણીતા ફિલ્મના એકટરોના ફોટા પડાવીને વીજળીનો લાભ અત્યારે આ લોકો ૧૫ રૂપિયે જે કમાય છે એની સામે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં તમારી બી.જે.પી. સરકાર છે. એ લોકોએ ટેન્ડર બહાર પાડ્યા મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ૬.૫ રૂપિયે, ૭.૫૦, ૮ રૂપિયે યુનિટ અને આપણે ૫૦ ટકા વધારો કરીને હાથે કરીને ખાલી સોલર માટે જુઓ ગુજરાતનું મોડલ. જે મોડલમાં ગુજરાતની પબ્લિકને ૧૦૦૦ કરોડ રૂપિયા વગર મતલબના કોઈની વાહ વાહ માટે ભોગવી રહી છે. આવું ગુજરાત મોડલ હોય? બી.જે.પી.ને મુબારક. એટલું જ નહિ જો બાકીના ટેન્ડરિંગ સાથે આ સોલરનું પણ ટેન્ડરિંગ કર્યું હોત તો કદાચ પાંચ કે છ રૂપિયે યુનિટ આવત. તો સરકાર કેમ ટ્રાન્સપરન્સી રાખતી નથી? અને એટલા માટે ભવિષ્યમાં જ્યારે પણ આવું કાંઈ હોય તો ટેન્ડરિંગ થાય. ટ્રાન્સપરન્સી હોય. જેના માટે તમે દાવો કરો છો, એ ઉપયોગ કરવો જોઈએ. એટલું જ નહીં પણ T & D Loss સાહેબ, જે હમણાં ઉલ્લેખ કર્યો, આ T & D Loss પણ લગભગ ૨૦૦૧–૦૨માં જેટલું હતું એટલું જ એટલે ૧,૮૪૭ મેગાવોટ, ૨૦૧૨–૧૩માં લગભગ ૧,૮૮૧ મેગાવોટ એટલે ૨૦૦૧–૦૨માં જે T & D Loss હતું એજ T & D Loss આજે પણ, આટલા વર્ષે એટલે લગભગ દસ–બાર વર્ષે પણ સરખો જ T & D Lossઅને એટલા માટે આપણે અપેક્ષા રાખીએ એમની પાસે કે, આનો કોઈ પ્રજાને માર ન પડે. કારણ વગરની પ્રાયવેટ લોકોને કમાવી આપવા માટે આટલો મોટો T & D Loss એનો વિચાર સરકારે કરવો જોઈએ.

એટલું જ નહીં, આ બધાયમાં જે સામાન્ય માણસને એની જે આવકનું બતાવ્યું છે, કે અમારો ગુજરાતમાં લગભગ દરેક ઠેકાણે અમે નંબર– વન છીએ. સાહેબ આ એમનું એક અધ્યક્ષશ્રી, ગુજરાત અમોન્ગસ્ટ્ ધ સ્ટેટસ્ ઓફ ઈન્ડિયા– ૨૦૧૨, એક પણ પેરિટીમાં એક પણ ઠેકાણે, ક્યાંય નંબર– વન નથી. પાંચ નંબર, સાત નંબર, સત્તર નંબર, વીસ નંબર, છવ્વીસ નંબર. આમાં ક્યાંય નંબર– વન નથી. તો નંબર– વન, આપણે ઈચ્છીએ કે નંબર– વન થાવ, ગુજરાત નંબર– વન થાય પણ આ બધાયમાં તમે જ કહો છો કે, નંબર– વન અમે ક્યાંય નથી. તો શેના માટે આટલી બધી ગુજરાત મોડેલ, ગુજરાત મોડેલ જો દસમા અને પંદરમા અને વીસમા અને પચીસમા નંબરને નંબર– વન કહેવાતું હોય, આપણને એના માટે દયા ઉપજે, આશ્ચર્ય થાય કે આ શું છે ?

હું ખાલી મુદ્દા જ લઈશ સાહેબ, જે ૨૦૧૨–૩નું નીતિનભાઈનું મેં જે સૌની બજેટ પ્રપોજલ કીધી, નીતિન પટેલ અને સૌરભભાઈની. નીતિન પટેલનું જે ફેબ્રુઆરી– ૨૦૧૪નું હતું, એમાં એમનો કરન્ટ પ્રાઈસ એ ૬૭૦૦૧૬/- કરોડ એમની બજેટ સ્પીચમાં હતું આ, એજ ફિગર સૌરભ પટેલ જુલાઈ –૨૦૧૪માં ૬૦૦૧૬/- કરોડ એ એમણે એસીઆર થી વન ફોરમાં તમે કહ્યું છે. મારો મુદ્દો સાહેબ એ છે કે, ૨૦૧૧–૧૨માં આ કરન્ટ પ્રાઈસીસ જે નીતિનભાઈના ભાષણમાં હતા એ ૬૧૧૭૬૭/- કરોડ એ અને સૌરભભાઈના જે ભાષણમાં એ ૨૦૧૧–૧૨માંના જીએસડીપી ૫૯૪૫૬૩/- કરોડ. હું માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખીશ કે, તમે આ જે આંકડામાં પહેલાંમાં બરાબર છે, બીજામાં ફેરફાર કર્યો, એ ગ્રોથ રેઈટ કરન્ટ પ્રાઈસીસમાં નીતિનભાઈના હિસાબે ૯.૫૨ થાય છે પર્સન્ટ, ૧૦ ટકાની નજીકમાં, એક ડિફ્લેશન ફેકટર હોય છે ઈન્કમ ટેકસના આધારે ઈન્ફલેશ ઈન્ડેક્ષ, આ ૯.૫૨ પર્સન્ટેજ કરન્ટ પ્રાઈસીસનો ગ્રોથ રેઈટ ગુજરાત સરકારના બજેટનો હોય તો માયનસ ૮.૫૩ ઈન્ફલેશન રેઈટ, આ જો બાદ કરીએ તો સાહેબ ૧ ટકો એકચ્યુઅલ ગ્રોથ રેઈટ ૨૦૧૨–૧૩નો ૧ ટકો આવે છે, ૧૦ ટકા નહીં, ૧ ટકો, ૦.૯૯ આ રિયાલીટી છે. હવે ૦.૯૯ તમને ન ગમે એ હું સમજી શકું છું. તો શું કર્યું તમે ? ૬૭૦૦૧૬માંથી તમે તમારા ૨૦૧૧–૧૨ના આંકડા જે હતા એમાં એમાં ફેરફાર કરીને ૫૯૪૫૬૩ કરોડ. કયો આધાર લીધો તમે આંકડા ઓછા કરવાનો? શું તમારા મનમાં આ ૧ ટકો છે એ બરાબર નથી માટે ટકાવારી વધારવા માટે આંકડા ઓછા કર્યા? કોઈ બેઈઝ વગર જો આ રીતે તમે જો આ ફિગર ઓછી કરતા હોય અને પરિણામે તમારો જે ગ્રોથ રેઈટસ્ કરન્ટ પ્રાઈસીસનો ૧૨.૭ થતો હોય, ૧૨ ટકાની ઉપર ૭, અને એમાંય સાહેબ જો ૮.૫૩ પર્સન્ટ ઈન્ફલેશન રેઈટ બાદ કરીએ તો આ ઓલ ઈન્ડિયા, આખા દેશમાં આનો ઉપયોગ થાય છે તો પણ તમે ૧ ટકાના બદલે ૪ ટકાના ઉપર આવો છો ૪.૭. એનો અર્થ કે, તમે આ ૧૨ ટકા વધારે ગ્રોથ બતાવવા માટે આનો જે ઉપયોગ

કરીને લગભગ આંકડા આધાર વગર ફેરફાર કરીને એમ કે, આ વધારે ગ્રોથ દેખાય. હકીકતમાં આ ગ્રોથ ૪ ટકા છે, ૮ ટકા નહીં.

એટલું જ નહીં ખેતીવાડીને પણ આ ટેકન ફોર ગ્રાન્ટેડ લીધેલું છે. ગયા વખતે ગવર્નરના બજેટમાં મેં ૧૪૫ લાખ હેકટર જમીન જે ગુજરાત સરકાર ઉપયોગ કરી રહી છે એનો મુદ્દો ઉભો કરેલો એનો કોઇ જવાબ નથી. કોઇ આધાર વગર ગુજરાતમાં બસ બધું લીલું જ છે, ખેતીની વાહ વાહ છે. મેં કીધું એમ આમાં કયાંય કોઇ ઠેકાણે આપણે પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમા નંબરે નથી. પાંચમા પછીના નંબરે છીએ ઇનકલુડીંગ એગ્રીકલ્ચર તો ખેતીવાડીમાં પણ ટોટલ ક્રોપ એરીયા ૨૦૧૧–૧૨માં જે છે એમાં અલગ અલગ ફીગર મેં લીધેલા છે. બહુ વિગતમાં હું નહીં જઉં પરંતુ એમાં આપણે સત્તરમા નંબરમાં છીએ અને એમાં જે ટોટલ ક્રોપ એરીયા ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં લગભગ કુડ ગ્રેઇન્સ, ઓઇલ સીડસ, કોટન, ટોબેકો અને બીજું બધું એ બધાયનો સરવાળો થઇને ૯૬.૮૦લાખ હેકટર એટલે રીયલ જે ફીગર છે એ ૯૬.૮૦ લાખ હેકટર. આ બધા ફીગર એસઇઆરમાંથી લીધેલા છે એટલે બેઇઝ જો તમારે અભ્યાસ કરવા માટે જોઇએ તો મને પૂછી શકો કે આ આંકડા કયાંથી લાવ્યા તો આ આંકડા ગુજરાત સરકારના એસઇઆરમાંથી છે અને એ ૯૬.૮૦ એના બદલે ૧૪૫ લાખ હેકટર. એનો આધાર હું માનું છું ત્યાં સુધી કોઇ ઠેકાણે બીજે મને જોવા નથી મળ્યો. એ પણ જો તમે બધાનું ધ્યાન એમાં જાય, બધા જાણે કે આ શું હકીકત છે તો અમને આનંદ થશે. એવી જ રીતે લગભગ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪, આ વખતે તમે ૨૦૧૩–૧૪ ઉપર બજેટમાં વધારે ધ્યાન આપ્યું છે. હોઇશું આપણે અધ્યક્ષશ્રી, આવતા વર્ષે ૨૦૧૩–૧૪નો વારો આવતા વર્ષે આવશે અને તમે અને હું અહીં હોઇશું તો એ લોકોને વિચાર થશે, પણ અત્યારે હાલ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ એની બાબતમાં લગભગ ગુજરાત સરકારના એગ્રીકલ્ચર પ્રોડકશનમાં માઇનસ છે. કુડ ગ્રેઇન્સમાં માઇનસ, ઓઇલ સીડસમાં માઇનસ, કોટનમાં પણ પ્રમાણમાં જે થવું જોઇએ એના કરતા પણ ઓછું. ટોબેકોમાં માઇનસ(સમયસૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : શંકરસિંહભાઇ, આપની પાસે બે મિનિટ છે. એટલે વધારે બોલવું હોય તો આપ જેટલું બોલશો બાકીનાની એટલી મિનિટ ઓછી કરી નાખીશ. બોલો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું જલદી પુરું કરીશ. આ મુદ્દામાં જે ઓવરઓલ ડિકલાઇન્ડ એગ્રીકલ્ચર પ્રોડકશનમાં ૨૦૧૨–૧૩માં લગભગ ૪૦ ટકા પોઇન્ટ સેવન્ટી વન આ અધ્યક્ષશ્રી, એટલા માટે કે જે ગુજરાત મોડલ, ગુજરાત મોડલ સારુ હોય તો અમને પણ ગમે પણ આ જે હકીકત છે કે ૪૦ ટકા અને એ પણ ડિકલાઇન ફોર્ટીપોઇન્ટ સેવન્ટી વન જો હોય, ૨૦૧૨–૧૩ના આઉટપુટની સામે તો તમે જે ૨૬,૭૭૫ કરોડ એ હકીકતમાં ૪૦૮૨૦ કરોડ થાય. એટલા ન થાય અને એમાં પણ તમારી લાઇન ડિકલાઇન થાય. એવરેજ તમારું ટોટલ જે agricultural compound annual average declines by 3.72. એટલે ૧૦ ટકાના બદલે માઇનસ થ્રી પોઇન્ટ સેવન્ટી ટુ આ એગ્રીકલ્ચરની આપણી હાલત છે. મારી અપેક્ષા હતી કે અહીં લગભગ ગુજરાત વેટમાં કંઇ ઓછું કરશે, લોકોને રાહત આપશે. માનનીય નાણામંત્રીએ પોતાની શરૂઆત બેકારીથી કરેલી છે કે બેકારી દૂર કરીશું. ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૩ આ બધામાં ગુજરાત સરકારે જે એમ.ઓ.યુ. કરવા માટે વાઇબ્રન્ટ ગુજરાત કર્યું, કયા ખર્ચા કયા હેડ નીચે, કયાં નાખ્યા, શું નાખ્યા, શેના માટે વાઇબ્રન્ટ હતું ? ૨૦ લાખ કરોડ કરતા વધારે ઇન્વેસ્ટમેન્ટના આંકડા આવ્યા પછી આમાંય ધોલેરા–સર બી એમ.ઓ.યુ. કલ્પસર બી એમ.ઓ.યુ., ભાડભૂત એમ.ઓ.યુ. ૨૦૦૯ના બધા એમ.ઓ.યુ. એવું કાંકરીયાની આબાદ ડેરીની જમીન જે સરકારે એક રૂપિયા ટોકનમાં આપેલી છે સ્ટેડીયમ, એનું પણ ૨૦૦૯માં એમ.ઓ.યુ. કરેલું. હું અપેક્ષા રાખું કે પબ્લીકની જાહેર પ્રોપર્ટી આબાદ ડેરી જેવી લગભગ દસ હજાર કરતા વધારે મીટરની એ જગ્યા એક રૂપિયા ટોકનમાં સરકાર કેવી રીતે આપી શકે? એના માટે પણ ટેન્ડર બહાર પાડીને કહેવું જોઇએ કે આવો આટલી બધી જમીન છે, આ અપેક્ષા છે અમારી, કોઇ માણસને વહાલા દવલા કરીને એક રૂપિયા ટોકન તમે આપો છો? એટલું જ નહીં, એમ.ઓ.યુ.માં દોઢ ટકો પ્રોગ્રેસ. આ રાજય ઓરિસ્સા હોય, છત્તીસગઢ હોય, બીજા બધા રાજયો હોય કોઇએ વાઇબ્રન્ટ કર્યું નથી તો પણ આપણા કરતા એમનો ગ્રોથ રેટ વધારે છે અને અહીં એમ.ઓ.યુ., એમ.ઓ.યુ. આ બધાને એક કરોડ કરતા

વધારે લોકોને નોકરી આપીશું. હું અપેક્ષા રાખીશ મંત્રીશ્રી પાસેથી કે તમે નોકરી આપવામાં બે ભાગ પાડો. એમ.ઓ.યુ. જેટલા થયા હોય એમને વાઇબ્રન્ટ નીચે એક કરોડ કરતા વધારે લોકોના તમારા પ્રોમીસીસ હતા.એમાંથી કેટલા લોકોને નોકરીઓ આપી. કેટલા યુનિટ કામ કર્યુ. એક–દોઢ ટકો. આટલું બધુ કર્યા પછી એક–દોઢ ટકા માટે સાહેબ આપણે ખર્ચા કરવાના હોય તો મને સરકાર ઉપર શરમ આવે છે. આવું નહિ થવું જોઇએ. અંદર કોન્સિયસ થવો જોઇએ.

જો એમને થોડી પણ નાણાકીય ડિસિપ્લિન હોય. ટાટા બંગાળમાંથી કાઢ્યું. ટાટાને કેમ કાઢ્યુ? તમે ટાટાને શા માટે અહીયા લાવ્યા? શેના માટે ટાટા છે? કેટલા જણા નોકરી કરે છે આપણા? આ ટાટામાં નેનો બંધ થઇ ગયું. જગુઆરનું પ્રોડક્શન થાય છે. જે નેનો માટે વાહ વાહ કરીને અહીંયા લાવેલા હતા. નેનો બંધ અને ગુજરાતના ૧૦૦–૨૦૦ છોકરાઓને પણ નોકરી નથી મળી અને એના ઉપર એક હજાર, દસ–દસ હજાર કરોડની લોન. કયા અધિકારીઓ છે કે જેમને બેઠા બેઠા ૩૫૦ કરોડનો હપ્તો એમને આપી રહ્યા છીએ. જેનો ચીફ સેક્રેટરી પાસે જવાબ માગવો જોઇએ. જે નેનો પ્રોજેકટ બંધ છે, એને એક રૂપિયો પણ ન મળવો જોઇએ. આ સરકારની મીલી ભગતથી ટાટા સાથે જે કંઇ હોય, જે માણસ બીજા લોકોને ૧૨ ટકા ૧૬ ટકા વ્યાજ આપે છે એ કંપની ગુજરાતની ગરીબ પબ્લિક જે ટાટા પાસેથી મફત વ્યાજવા ૦૦૧ પર્સન્ટ હિસાબ રાખવા માટે અને હપ્તા ચાલુ કરી દીધા. ટાટા લઇ જાવ. કઇ વાહ–વાહ હતી? શું છે નેનો? અને આ બધામાંથી ડીપલી એક વ્હાઇટ પેપર જે માટે બધાને કન્સેસન આપવાની વાત કરો છો તેમાં એક વ્હાઇટ પેપર બહાર પાડીને જો ગુજરાતની જનતા પાસે મૂકી શકાય તો હું એનો આભારી થઇશ. મને જે તક આપી તે બદલ આભાર. જય હિંદ.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સૌ પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું આ પહેલું બજેટ અને આ બજેટ જે અહીયા રજૂ કરવામાં આવ્યું છે. જેમાં ૩૧,૩૩૦ કરોડના કદનું બજેટ છે. અને ગયા બજેટ કરતા ૨૧ ટકાનો વધારો છે. અભિનંદન વારંવાર આપવાનું મન એટલા માટે થાય છે કે મહિલા મુખ્યમંત્રીએ મહિલાઓને કેન્દ્રમાં રાખીને મહિલાઓના આર્થિક ઉત્કર્ષ અને સ્ત્રી સશક્તિકરણ માટેની ૭૨થી પણ વધુ યોજનામાં બજેટ ફાળવ્યું છે, જેના માટે મને ચોક્કસ વિશ્વાસ છે કે મહિલાઓના વિકાસ અને સ્ત્રી સશક્તિકરણથી ગુજરાતનો વિકાસ અનેકગણો વધશે અને એટલા માટે સમગ્ર ગુજરાતની મહિલા વતી હું આભાર પણ માનું છું અને અભિનંદન પણ આપું છું.

આ બજેટમાં ખાસ કરીને પહેલા તો વિરોધ પક્ષના નેતા આદરણીય શ્રી શંકરસિંહ જે વાત કરતા હતા. હું ધ્યાનથી સાંભળતી હતી. એની એક જ વાત કરવાની છે. વધારે કઇ નથી કહેવું. હું બેઠી બેઠી વિચાર કરતી હતી કે આપણે નંબર ગણીએ, ટકાવારી ગણીએ. આ બધી ચર્ચા કરીએ, પણ ગુજરાતની પ્રજા નહિ, પણ સમગ્ર દેશની પ્રજાએ નંબર વન ગણી લીધા અને ગુજરાત મોડેલને પ્રથમ નંબર સમગ્ર દેશમાં રાખીને સ્વીકૃતિ આપી દીધી અને આપણા અહીના મુખ્યમંત્રી વડાપ્રધાન બની ગયા, એટલે ટકાવારી ગણવામાં, નંબર ગણવામાં ગુજરાત કેટલા નંબરે છે એ બધુ ગણવામાં અહીયા સફાચટ થઇ ગયા. ૨૬ માંથી ૨૬ જેટલા લોકસભામાં આવી ગયા. અહીયા કાઇ ન વધ્યું. ત્યાંથી વધારે કહું તો વિરોધ પક્ષનો હોદ્દો પણ ન મળ્યો. દેશની અંદર લોકોએ વિરોધ પક્ષના હોદ્દા જેટલી સીટો ન આપી. એનું વિશ્લેષણ કરવાની જરૂર છે. ગુજરાત નંબર–૧ થયું કે નહિ, એનું કોઇ વિશ્લેષણ કરવાની અહીંયા જરૂર નથી. એ પ્રજાએ કરી લીધું છે.

અહીંયા મારે ખાસ વાત કરવી છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની વાત કરવી છે. આમાં શહેરી વિકાસની અંદર ૯૬૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા થતા સ્વર્ણિમ જયંતિ ઉજવવાનું નક્કી કર્યુ. એની અંદર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના રજૂ કરવામાં આવી. આ શહેરી વિકાસ યોજનામાં જે વિકાસ થયો, જે કામો થયા અને જે સુંદર શહેરો બન્યા તેના માટેની જે યોજનાઓ હતી તેમાં હું અહીં કહેવા માગું છું કે જે રીતે ગુજરાતનો વિકાસ થયો. તેના લીધે ગુજરાતમાં લોકો રોજગારી માટે આવતા થયા. આમ તો ગુજરાતના લોકો સમગ્ર દેશ અને વિદેશમાં રોજગારી પ્રાપ્ત કરવા માટે જતા હતા. એમાં મારા કચ્છમાંથી તો જયાં જુઓ ત્યાં આખા દેશમાં તમને કચ્છી જોવા મળે અને પોતે પોતાના ધંધા રોજગારથી પોતાની નામના પ્રાપ્ત કરતો હોય છે. એવા આ ગુજરાતમાં આ તેર વર્ષમાં

જે વિકાસ થયો, તે વિકાસની અંદર લોકો ધંધા રોજગારી માટે ગુજરાતમાં આવતા થયા. એ આવતા થયા તેના લીધે શહેરોની વસ્તી વધારે વધી. શહેરીકરણ થયું, ૪૦ ટકાથી વધારે શહેરોની વસ્તી વધી અને જેના લીધે શહેરોના વિકાસની અને શહેરોના સારા પ્લાનિંગની જરૂરત પડી અને તેવા વખતે આ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની અંદર સુંદર રસ્તાઓ બનાવવામાં આવ્યા. ગૌરવપથ બનાવવામાં આવ્યા કે લાકો આવીને જુએ કે કેટલી સુંદર એન્ટ્રી હોય શહેરની. અંદરના રસ્તાઓ બનાવવામાં આવ્યા. ભૌગોલિક અને સામાજિક ઇન્ફ્રસ્ટ્રકચર બનાવવામાં આવ્યું અને તેની સાથે સાથે પાણી યોજના અને ગટર યોજનાનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું કે જેથી કરીને લોકોને કોઇ તકલીફ ન પડે.

આ બજેટની અંદર આપણે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી યોજના બનાવી. તેમાં આપણે પાણી પુરવઠા માટે ૪ હજાર કરોડ રૂપિયા આપ્યા અને તેમાં ૧૧૦ જેટલી નગરપાલિકાઓને આવરી લીધી છે અને ખૂબ સારુ પાણીનું આયોજન કરેલ છે. આવતા ૨૦ વર્ષ સુધી કોઇપણ લોકોને પાણીની તકલીફ ન પડે તેવી ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ પણ બનાવવામાં આવી છે અને ખૂબ સારુ કામ થઇ રહ્યું છે. તે જ પ્રમાણે ભૂગર્ભ ગટરની યોજના પણ લેવામાં આવી છે. ૧૫૯ નગરપાલિકાઓને આ ભૂગર્ભ ગટર યોજનામાં આવરી લઇ તેના માટે ૨૫૦૦ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી. તે ઉપરાંત પણ શહેરોને સુંદર બનાવવા માટે, લોકો બહારથી આવે છે. દેશ વિદેશના લોકો ગુજરાતમાં આવે છે. ગુજરાતના વિકાસને જોઇ લોકો આકર્ષિત થયા છે. ત્યારે શહેરની આગવી ઓળખ માટે પ્રવાસન ધામમાં ખૂબ સારુ આયોજન કરવામાં આવ્યું છે. આગવી ઓળખ માટે અનેક યોજનાઓ મૂકવામાં આવી છે. તેની સાથે સાથે સૌથી અગત્યનું જે કામ કરવામાં આવ્યું છે તે આવાસ યોજના બનાવવાનું છે. શહેરી ગૃહ નિર્માણની જે યોજના બનાવી તેમાં ગત વર્ષે આપણે ૧ લાખ મકાનો પૂરા કરી દીધા છે. અત્યારે લગભગ ૧ લાખ મકાનો પૂર્ણ થવાની તૈયારીમાં છે. તે અલગ અલગ પાઇપલાઇનની અંદર છે.

આ વર્ષે આપણે શહેરી વિકાસની અંદર આવાસ યોજનામાં મુખ્યમંત્રી આવાસ યોજના ઓગષ્ટ ૨૦૧૩માં જાહેર કરી તેની અંદર આપણે જે આયોજન કર્યુ છે તેમાં સ્લમ ફ્રી સીટી બનાવવાનું આયોજન કરેલ છે. જે ઝૂંપડપટ્ટી વધી રહી છે તે ઝીરો ઝૂંપડપટ્ટી શહેરોની અંદર બને અને લોકોને વ્યાજબી ભાવે આવાસ પ્રાપ્ત થાય તે જાતની યોજના આ મુખ્યમંત્રી આવાસ યોજના બનાવવામાં આવી છે. આ યોજનામાં હું જણાવું તો લાભાર્થીઓનું લીસ્ટ કેવી રીતે બનાવવું તે નકકી કરવામાં આવ્યું. આમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે જે લોકો છેલ્લા ત્રણ વર્ષથી ઝૂંપડપટ્ટી અને સ્લમ એરીયામાં રહેતા હોય તેનો આમાં સમાવેશ કરવામાં આવ્યો. પાંચ થી દસ કિલોમીટરની રેન્જમાં રહેતા હોય અને તેની અંદર કોઇ આવાસ ન હોય તો તેમને લેવા. આ આવાસ બન્યા પછી સાત વર્ષ સુધી તે લોકો વેચી શકશે નહીં કે કોઇને ભાડે આપી શકે નહીં. તેની સાથે સાથે જે ઝૂંપડપટ્ટીની અંદર ઇન સીટીની અંદર જે લોકો રહે છે તે યોજનામાં ૨૫ ચો.મી.નું મકાન બનાવવામાં આવ્યું અને તેની અંદર લગભગ એમ કહી શકાય કે ત્રણ લાખ રૂપિયાનું આ ઘર બને. તેમાં દોઢ લાખ રૂપિયા સરકાર તરફથી આપવામાં આવે અને દોઢ લાખ રૂપિયાની લોન લાભાર્થી લઇ શકે અને તેના માટે વ્યાજ સહાય જાહેર કરવામાં આવી. લોન લેવામાં પણ સરકારે બેન્કો સાથે આયોજન ગોઠવ્યું. તે ઉપરાંત એફોર્ડેબલ હાઉસ બનાવવાની સ્કીમ મૂકવામાં આવી તેમાં ઇ.ડબલ્યુ.એસ. અને એલ.આઇ.જી. હાઉસ બનાવવામાં આવ્યા. તેની અંદર સાત લાખથી અગિયાર લાખ સુધીના ઘર બનાવવાના. ૩૧.૫૦ ચો.મી. કાર્પેટ એરીયાનું બનાવવામાં આવ્યું.

આ રીતે જે અલગ અલગ યોજનાઓ બનાવવામાં આવી તેમાં સાથે સાથે ઇન્ફ્રાસ્ટ્રકચર પણ લેવામાં આવ્યું. રસ્તા, ગટર, પાણી, સ્ટ્રીટલાઇટ વગેરેની યોજના પણ કરવામાં આવી અને એ ઉપરાંત પણ જે યોજના બનાવવામાં આવી છે યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. એમાં અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર સ્કીમ ફોર સ્મોલ એન્ડ મિડિયમ સીટી અને તે ઉપરાંત અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સ્કીમ ફોર સેટેલાઇટ સીટી કે જેમાં સાણંદનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આમ શહેરી વિકાસ યોજનાની અંદર જે રીતે આમાં બજેટ ફાળવીને કામગીરી કરવામાં આવી છે એ જોતા ફરી વખત મારે સૌનું આમાં ધ્યાન દોરવું છે કે આ બજેટની અંદર જે જે યોજનાઓ મૂકવામાં આવી છે એ તમામની અંદર તમામ સભ્યો પૂરેપૂરો લાભ પોત પોતાના

વિસ્તારના લોકોને મળે એવું આયોજન કરે એવી મારી વિનંતી છે અને ફરી વખત હું અભિનંદન આપુ છું અને આભાર વ્યકત કરું છું અને આ બજેટને સર્વાનુમતે પાસાર કરે એવી આ ગૃહને વિનંતી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજ પત્ર લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશને આઝાદ થયા પછી એ વખતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ ૧૬ વરસ અને ૨૮૬ દિવસ રાજ કર્યું, ત્યાર બાદ સ્વ.ઇન્દિરા ગાંધીએ ૧૫ વરસ અને ૯૧ દિવસ રાજ કર્યું, ત્યાર બાદ રાજીવ ગાંધીજીએ ૫ વરસ અને ૩૨ દિવસ રાજ કર્યું અને ત્યાર બાદ ડો.મનમોહનસિંઘે ૧૦ વરસ અને ૪ દિવસ રાજ કર્યું. આમ જોવા જઇએ તો ૪૭ વરસ અને ૪૮ દિવસના રાજમાં આજ દિન સુધી કોઇ અચ્છે દિન કે અચ્છી બાતની વાત કરી શક્યા નથી અને માત્ર ૩૫ દિવસ ભારતીય જનતા પાર્ટીની સરકારને થઇ છે ત્યારે અચ્છે દિનની અપેક્ષા રાખે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આડકતરી રીતે અચ્છે દિન નથી થયા, આ બધાના વખતમાં, એટલે એ ટીકાનું સ્વરૂપ કહેવાય. તમે અહીંની વાત પર આવી જાવ, બજેટ ઉપર આવો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટેકાથી સરકાર બનતી જોઇ છે, પણ ટેકાથી વિપક્ષ બને છે, એ પહેલીવાર જોયું છે. અને ઇંગ્લીશમાં એક બહુ સરસ વાક્ય છે કે, Well done is better than well said. બીજું પણ છે કે Some people make headlines, others make history.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ વિશે વાત કરું છું. ભારત અને વિદેશમાં આજે ગુજરાતની વિકાસ યાત્રા અને સિદ્ધિઓની નોંધ લેવાય છે અને વિકાસ અને સમૃદ્ધિ એ ગુજરાતની એક ઓળખ બની ગઇ છે. છેલ્લા દસ વરસમાં એવરેજ વિકાસદર આ ગુજરાત રાજયએ જાળવી રાખ્યો છે. આનું કારણ વિશેષ કહી શકાય તો લોકાભિમુખ વહીવટ, ગુડ ગવર્નન્સ, સ્થિર સરકાર, સુશાસન શાંતિ–સલામતિ અને યોગાનુયોગ અને સમયાન્તરે સરકારે હિંમતપૂર્વક અને દીર્ઘદ્રષ્ટિભર્યા વિઝનરી નિર્ણયો પણ લીધા છે અને આજે એમ કહી શકાય કે ગુજરાતનો દરેક નાગરિક આની નોંધ લે છે. ઔદ્યોગિક વિકાસ, કૃષિ વિકાસ અને સેવાકીય ક્ષેત્રનું ત્રણેયનું સંતુલન જાળવીને આ સરકારે ખૂબ સારી કામગરી કરી છે અને આજે આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે ગુજરાત એક મજબૂત પાયા પર ઉભું છે.

ખાસ અગત્યની બાબત એ છે કે, વિકાસને વિશ્વના પ્રવાહને સતત બદલાતી જતી આર્થિક સ્થિતિઓની વચ્ચે રહીને કાર્યરત રાખવાની આ સરકારે એક કળા કેળવી લીધી છે. આ સફળતાના પાયામાં બે પરિબળો મુખ્ય છે, એક ગુજરાતની પ્રજાનો અતૂટ વિશ્વાસ અને બીજું ગુજરાત રાજયનું શિસ્તબધ્ધ નાણાકીય સુવ્યવસ્થાપન અને સુચારું આયોજન. અહીંયા વાઇબ્રન્ટ ગુજરાતની પણ વાત કરવામાં આવી, ૨૦૦૩ની અંદર મારે યાદ કરાવવું રહ્યું જ્યારે પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત યોજવામાં આવ્યું ત્યારે ઘણાં બધા ટીકાકાર, ઘણાં બધા ઉદ્યોગકાર અને દેશો વતી એવું કહેવામાં આવ્યું કે Y ગુજરાત? ગુજરાત જ કેમ? કારણ કે તે વખતે કોમ્યુનલ રાયોટ્સ થયા હતા અને આ ગુજરાત માટે Y ગુજરાત એવું કહેવામાં આવ્યું. આજે ૬ એપિસોડ પૂરા થયા ત્યાર બાદ ૨૦૧૩નો વાઇબ્રન્ટ ગુજરાત જ્યારે યોજાયો ત્યારે તે જ ઉદ્યોગકાર અને તમામ લોકોએ કહ્યું કે હવે રોકાણ કરવું હોય તો ઓન્લી ગુજરાત. માનનીય અધ્યક્ષશ્રી, હું એનો જવાબ એ રીતે આપીશ કે જેમ આ ૬ વાયબ્રન્ટ ગુજરાત થયાં અને એની અંદર દેશની અંદર ગુજરાતનો કેટલો ફાળો છે એના થોડાક અંશ આપું તો – મિનરલ પ્રોડક્શનની અંદર દેશની સરખામણીમાં આપણે આજે ૧૦ ટકા છે, ટેક્ષટાઇલ્સમાં ૩૧ ટકા આપણો શેર છે, કોટનની અંદર ૩૧ ટકા છે, ઓનશોર નેચરલ ગેસની અંદર ૩૫ ટકા છે, ફાર્માસ્યુટીકલ્સમાં ૩૬ ટકા છે, કેમિકલ્સની અંદર આપણો શેર ૫૧ ટકા છે, પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટસની અંદર આપણો ૬૨ ટકા શેર છે, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝની અંદર આપણો ૬૫ ટકા શેર છે, સોલ્ટ પ્રોડકશનની અંદર આપણો ૭૮ ટકા શેર છે, ડાયમંડ પ્રોસેસીંગની અંદર વર્લ્ડમાં સૌથી વધારે ડાયમંડ પ્રોસેસ અહીંયા થાય છે, એમાં આપણો ૮૦ ટકા શેર છે, સોડા એશ પ્રોડકશનમાં ૯૮ ટકા આપણા ગુજરાત રાજ્યનો શેર છે, એની સાથે સાથે વિશ્વની સાથે પણ કમ્પેર કરી શકાય એવી વર્લ્ડની લાર્જેસ્ટ કહી શકાય એવી કસ્ટર્ડ ઓઇલ, દિવેલા, ઇસબગુલ અને વરિયાળી આપણે સૌથી વધારે પેદા કરીએ છીએ, વર્લ્ડ લાર્જેસ્ટ ગેસ બેઝ સિંગલ

લોકેશન, સ્પોન્જ આર્યન પ્લાન્ટ આપણા રાજ્યની અંદર છે, વર્લ્ડ થર્ડ લાર્જેસ્ટ પ્રોડ્યુસર ઓફ ડેનીમ આપણે છીએ, એશિયાની અંદર લાર્જેસ્ટ પેટ્રોલિયમ રિફાઇનરી જામનગર ખાતે છે તે ગુજરાત પાસે છે. વર્લ્ડ લાર્જેસ્ટ સિંગલ લોકેશન કોપર Smelter પ્લાન્ટ દહેજ મારા ભરૂચની અંદર છે, એ પણ ગુજરાતમાં છે, એલ.એન.જી. છે. જે વર્લ્ડની અંદર ૨૫ ડેરી છે એમાં અમૂલ ડેરીનો ૨૧મો નંબર આવે છે.

આમ કહેવાય કે પોપ્યુલેશન વાઇઝ દેશની સરખામણીમાં આપણું પોપ્યુલેશન ૫ ટકા છે, જીયોગ્રાફિકલ એરિયા ૬ ટકા, નંબર ઓફ ફેકટરીઝ ગણીએ તો ૧૦ ટકા, વેલ્યુ આઉટપુટ ૧૬ ટકા, ફિક્સ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ આપણું ૧૭ ટકા છે અને એકસપોર્ટ કહી શકીએ એ ૨૨ ટકા થઇ રહેલ છે, વધુમાં ૨૨૦૦ કિલોમીટર ગેસ ગ્રીડ આપણી પાસે છે, ગુજરાત પહેલું એવું એક સ્ટેટ છે કે જેણે સોલાર પોલિસી ડિકલેર કરી છે, ગુજરાત પહેલું એવું રાજ્ય છે કે જેણે ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગ પ્રથમ શરૂ કર્યો છે, સૌથી વધારે કાર્બન ક્રેડિટ મેળવનાર જો રાજ્ય હોય તો તે ગુજરાત છે, ગુજરાત રાજ્ય એ દેશનું પેટ્રો કેપીટલ છે, લાર્જેસ્ટ શિપ બ્રેકીંગ યાર્ડ  અહીંયા છે વર્લ્ડની અંદર જે ૧ થી ૨૫ એસ.ઇ.ઝેડ છે એમાં ભરૂચના દહેજના એસ.ઇ.ઝેડનો એમાં સમાવેશ થાય છે. નવી ટેક્સટાઇલ પોલિસી ગુજરાત રાજ્યએ જાહેર કરી છે. આપણે ૩ વાઇડ રિવોલ્યુશન કર્યા છે, સોલ્ટ, મિલ્ક અને કોટનમાં, ગર્વની વાત એ છે કે આ રાજ્યની અંદર ૬૬૦૦ કેમિકલ અને પેટ્રો કેમિકલ્સ થઇ રહેલ છે.

એવું કહી શકાય કે, આ દેશ પૈકીનું ગુજરાત રાજ્ય એક એવું રાજ્ય છે કે જ્યાં બધા જ પ્રકારના ઉદ્યોગો છે, છેલ્લાં ૧૦ વરસનો રેકોર્ડ કહી શકીએ કે મેન્યુફેકચરીંગ સેક્ટરમાં આપણો ૨૨૦ ટકા ગ્રોથ રહ્યો છે, આ તમામ ચીજ જો જોઇએ તો ગુજરાતનો વિકાસ એક ગુડ ગવર્નન્સ કહી શકાય.  મેં આગળ પણ કહ્યું કે સિંગલ વિન્ડો કલીયરન્સ, ટ્રાન્સપરન્ટ ગવર્નમેન્ટ, ચોવીસ કલાક વીજળી, કોઇ લેબર પ્રોબ્લેમ નથી,  યુનિયન નથી, કોઇ સ્ટ્રાઇક નથી, ગુડ એન્વાયર્નમેન્ટ છે, શાંતિ છે, સલામતી છે, પોલિટીકલ સ્ટેબિલિટી છે, પૂરતા પોર્ટસ,  એરપોર્ટસ, રોડ્ઝ, રેલ્વેઝ, તમામ ચીજો અહીંયા આગળ આપણી પાસે ઉપલબ્ધ છે, ગુજરાતમાં હજી પણ ઘણી બધી વિકાસ કરવાની તકો છે, ઇન્વેસ્ટમેન્ટની ઘણી બધી તક છે, આ બજેટની અંદર એ લીધા છે, આપણી પાસે ૧૬૦૦ કિલોમીટર જેટલો લાંબો દરિયો છે, ત્યાં આપણે પોર્ટસ પણ વિકસાવવાના છીએ, શીપ બ્રેકીંગ અને શીપ બીલ્ડીંગના નવા ઉદ્યોગો આપણે લાવવાના છીએ.  સૌથી મોટો વોટર ડિસલાઇનેશન પ્લાન્ટ, એની જોગવાઇ કરી છે.  સૌથી વધારે વીજળી, એનર્જી જેને કહી શકાય એ એનર્જીના ક્ષેત્રે પણ ઘણું બધું કરવાનું છે. ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયો હોય તો ત્યાં ટાઇડલ એનર્જીની પણ બહુ વધારે પડતી અપેક્ષા રાખી શકીએ તો આપણને ઘણુ બધુ તેની અંદરથી મળી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કહી શકાય, રેક્રીસીએશન, સ્પોર્ટસ, ટુરીઝમ્સ એ ઘણું બધુ આ બજેટની અંદર લીધું છે, પણ સમયના અભાવે હું બોલી શકતો નથી. પણ modern  વર્લ્ડની અંદર ત્રણ ચીજ ખૂબ અગત્યની છે. તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાને જે સૌથી વધારે ભાર મૂકયો છે તે સ્પીડ, સ્કીલ અને સ્કેલ પર મૂકયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નન્સની અંદર સ્પીડ લાવવા માટે ટેકનોલોજીના ઉપયોગથી ગતિ લાવી શકાય છે. અને સ્કીલ ડેવલપમેન્ટમાં ગુજરાતે ઘણુ બધુ કર્યુ છે. ઓસ્ટ્રેલિયા અને જર્મની જોડે આપણે ભાગીદારી કરીને જે કૌશલ્યવર્ધન કેન્દ્ર  રાજ્ય સરકારે શરૂ કર્યા છે તેના દ્વારા આપણાં યુવાનોને આવતીકાલ સમજી શકે એવા યુવાનો આપણે તૈયાર કરવા છે અને પ્રોજેકટ એવા લાવવા છે જે ઇનોવેટીવ હોય, કોમ્પીટીટીવ હોય, ambitious  હોય અને futuristic  હોય. માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર વર્ષ ૨૦૧૪-૧૫ની સામાન્ય ચર્ચાના ભાગરૂપે કલાઇમેટ ચેન્જ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મીંગના કારણે ઉભી થયેલી અનેક સમસ્યાઓના નિરાકરણ માટે સમગ્ર વિશ્વ આજે ચિંતા કરી રહ્યું છે. અનેક પ્રકારના પ્રદુષણના કારણે વાતાવરણમાં ગ્રીન હાઉસ belt  એટલે કે કાર્બન ડાયોકસાઇડ અને મિથેનનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ

થતો હોય છે અને તેના કારણે પૃથ્વીનું જે વાતાવરણ છે તે વાતાવરણનું ઓઝોન લહેર છે તેને નુકસાન પહોંચતું હોવાના કારણે વિશ્વ ગ્લોબલ વોર્મીંગ અને કલાઈમેટ ચેન્જ તરફ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેન્જની ગંભીર અસરો આજે દેશ અને દુનિયા અનુભવી રહી છે. અતિવૃષ્ટિ છે, અનાવૃષ્ટિ છે, બરફ અને સમુદ્રના તોફાનો છે, વાવાઝોડા છે, આભ ફાટે છે, પૂરના કારણે માનવ મરણ, ખાના-ખરાબી, વિનાશ, બરબાદીએ દુનિયાની મહાસત્તાઓને પણ હચમચાવી નાખી છે. આ એક રાજયનો, રાષ્ટ્રનો પ્રશ્ન નથી પરંતુ આ સમગ્ર વિશ્વનો જયારે પ્રશ્ન છે ત્યારે, કેટલીક મોટી સંસ્થાઓ Rockfeller ફેડરેશન જેવા સમગ્ર દુનિયામાં આ વિષય ઉપર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ કરી રહ્યાં છે. આ આપણાં રાજયમાં થાય છે, સ્ટેટમાં થાય છે, દેશમાં થાય છે પણ ઇન્ટરનેશલ કોન્ફરન્સ પણ આ વિષયની ઉપર જયારે થઈ રહી હોય ત્યારે આ વિષયની ગંભીરતા કેટલી હોઇ શકે તેનો આપણને અંદાજ આવે છે. આવી જ બે કોન્ફરન્સ હતી એક બેંગકોક અને એક હતી વિયેતનામમાં. વિયેતનામમાં દનાંક શહેરની અંદર હું પણ આવી કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ગયો હતો ત્યારે એ વિષયની ચિંતા કરી ત્યારે આપણે ખરેખર આ સમસ્યાને કેટલી મોટી આવનાર વર્ષોમાં થનાર છે એની આ વિશ્વ કેટલી ચિંતા કરે છે એનુ ખરું હાર્દ પ્રાપ્ત કરવાનો મને મોકો મળ્યો હતો. આજે ખૂબ સારુ વાતાવરણ આપણાં પૂર્વજો આપણને આપી ગયા છે પણ આપણે શું આપી જવા માગીએ છીએ તેની પણ ચિંતા કરવાનો આ વિષય એટલે કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મીંગ. આપણે આપણી પછીની જનરેશનને શું આપવા માગીએ છીએ? આ વિષયને ધ્યાનમાં રાખીને એક વિઝન સાથે એક ગંભીર અસર અને સાવચેતીના પગલાં આપણાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આ ખ્યાલમાં હતું અને એટલે જ ૨૦૦૯માં રાજય સરકારે કલાઈમેટ ચેન્જના અલગ વિભાગની આપણાં રાજયમાં સ્થાપના કરી હતી.

Gujarat is the first State આમ તો પહેલા શબ્દ સાથે ઘણાં બધાને Gujarat is the first State not only in India but in the entire Asian continent to have a separate Climate Change department. સાહેબ, આ માનનીય મુખ્યમંત્રીશ્રીનું વીઝન હતું એના કારણે ૨૦૦૯માં આ સમસ્યા સામે લડવા માટેની તૈયારી કરવા માટે આ એક ચોકકસ વિભાગ આપણે ૨૦૦૯માં શરૂ કરી દીધો અને વિભાગ આ કલાઇમેટ ચેઇન્જને પહોંચી વળવા માટે અવારનવાર, એક પછી એક અનેક પગલાં આ વિભાગ લઈ રહ્યો છે. આ કલાઇમેટ ચેઇન્જ વિભાગ તરફથી અત્યાર સુધીમાં ૫૦૦થી વધારે શિક્ષકો અને ૨૦૦ જેટલા પ્રોફેસર કલાઇમેટ ચેઇન્જની બાબતની અંદર જનજાગૃત્તિ કેળવી શકાય એ માટે એમને પોતાને પણ સઘન તાલીમ આપવામાં આવી છે. They have been trained એ લોકોને ટ્રેઇન્ડ કરવામાં આવ્યા છે, to create awareness કે લોકોને સમજાવો કે કલાઇમેટ ચેઇન્જની હવે પછી અસર શું થનાર છે એવી સઘન તાલીમ આપવા માટે પણ આ શિક્ષકો અને પ્રોફેસરોને તૈયાર કરવામાં આવ્યા છે અને આ પ્રકારની પ્રવૃત્તિ કરનાર આખા દેશમાં એક માત્ર ગુજરાત રાજય છે.

કલાઈમેટ ચેઇન્જ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને પણ, બીજા બધા એજ્યુકેશનની સાથે પ્રાથમિક શાળાના બાળકોને પણ કલાઇમેટ ચેઇન્જ બાબતમાં એવરનેસ કેળવવા માટે રાજય સરકારે અત્યારથી જ તૈયારી કરી છે અને ધોરણ ૫ થી ૮માં જે વિદ્યાર્થીઓ ભણે છે એમના માટે ખાસ શૈક્ષણિક મોડ્યુલ્સ તૈયાર કરવામાં આવ્યા છે. હવે પછીની જનરેશનને આ સમસ્યાને છાવરવા માટે રાજય સરકાર અત્યારથી જ તૈયારી કરાવી રહી છે અને એના માટેના મોડ્યુલ્સ પણ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને સાથે સાથે નાગરિકોમાં -people at large - સરકારની જવાબદારી ખરી, પણ નાગરિક પણ આ જવાબદારી કલાઇમેટ ચેઇન્જને પહોંચી વળવા માટે, કાયમને માટે પહોંચી વળવા માટે તૈયાર થાય એ માટે રાજય સરકારે પ્રજા માટે પણ પ્રકાશનો તૈયાર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની શાળાઓમાં મોટાપાયે ઉર્જા શિક્ષણ કાર્યક્રમ હાથ ધરનારા રાજયોમાં ગુજરાત રાજય એ પ્રથમ અગ્રણી રાજય છે. ઉર્જાના નીતિમય અને શાણપણભર્યા ઉપયોગ કરતા સમાજના ઘડતર માટે, ઉર્જાના નીતિમય અને શાણપણભર્યા ઉપયોગ કરતા સમાજના ઘડતર માટે મૂળ આશયથી બાળ ઉર્જા રક્ષણ દળ - BURD કાર્યક્રમ way back in ૨૦૦૩-૦૪ની અંદર આ સરકારે શરૂ

કર્યો હતો. BURDના કાર્યક્રમ અંતર્ગત રાજયની ૧૮૦૦ શાળાઓના ૫૦૦૦૦ બાળ ઉર્જા રક્ષક બાળકો ૧૮૦૦ જેટલા ટ્રેઇન્ડ શિક્ષકો BURD હેઠળ પોતાની ઘર, પોતાની શાળા અને નિકટવર્તી વર્તુળમાં ઉર્જા વપરાશનું ઓડિટ આ લોકો કરતા આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇએ કહ્યું તે પ્રમાણે સમગ્ર દેશમાં Generation of Green Energy હેઠળ green energy generate કરનાર ગુજરાત renewable energy ને પ્રોત્સાહન પૂરું પાડે છે. આ પોલિસીના ભાગરૂપે કુલ ૮૯૧ મેગાવોટ ક્ષમતાના સોલર પાર્ક ગુજરાતની અંદર ઓલરેડી કામ કરતા થયા છે, ગુજરાત સરકારે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચાણકડા ગામે માનનીય દુષ્યંતભાઇએ કહ્યું એ પ્રમાણે બસો હેકટર સુક્ષ્મ જમીનની અંદર ૨૫૪ મેગાવોટ જેટલી મેગાવોટ renewable energy generation ના પ્લાન્ટ કાર્યરત કર્યા છે. કલાઇમેટ ચેઇન્જ અને ગ્લોબલ વોર્મિંગને અસરને કાબૂમાં રાખવા માટે આપણા પાટનગર ગાંધીનગરને Solar City and Carbon Neutral City તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે સરકારના મોટા મોટા બિલ્ડીંગો અને સરકાર પાસેથી solar power pack, તમામ સહકારી સંસ્થાઓની પણ આ solar heater, solar AC તથા solar geyser ગોઠવવામાં આવી રહ્યાં છે. Solar - wind policy ને સાકાર કરવા માટે પણ રાજય સરકારે policy જાહેર કરી છે. આ પોલિસીના ભાગરૂપે અત્યાર સુધીમાં ૩૩૫૨ મેગાવોટ ક્ષમતાના પ્લાન્ટ ઉભા કરવામાં આવ્યા છે. આવતા વર્ષમાં, ચાલુ વર્ષમાં વધુ ૫૦૦ મેગાવોટ શરૂ કરવા માટેની અપેક્ષા છે. રાજય સરકાર કલાઇમેટ ચેઇન્જ વિભાગના માધ્યમથી રહેણાંક, વાણિજ્ય અને ઔદ્યોગિક ક્ષેત્રે energy efficient યંત્રો, સાધનો લોકપ્રિય બનાવવા ઉદ્યોગમાં energy efficiencyલેવલ ઉંચું લાવવા LED lightsસિસ્ટમ માટેના demonstration કરવા વગેરે અનેક પ્રકારના કાર્યક્રમ આ વિભાગ કરી રહ્યું છે. કલાઇમેટ ચેઇન્જ વિભાગ દ્વારા વન વિભાગના સહયોગ સાથે Developing Environment Friendly Green Projects at Eco Tourism Sites…..

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સને ૨૦૧૪–૧૫ નું બજેટ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતનું બજેટ હતું એમાં ૨૧ ટકા વધારા સાથેનું ૭૧૩૩૦ કરોડ રૂપિયાનું બજેટ લઇને માનનીય નાણાં મંત્રીશ્રી આવ્યા છે. અહીં સામે જયારે મારા વિરોધપક્ષના નેતા વાત કરતા હતા ત્યારે એમણે ઘણી બધી યોજનાઓની વાત કરી. મારે તો મારી સામે બેઠેલા વિરોધપક્ષના મિત્રોને કહેવું છે કે મનોમન વિચાર તો કરો કે આખું ૨૦૧૧–૧૨ નું વર્ષ અને સાથોસાથ ૨૦૧૩ થી ૩૦ મી એપ્રિલ, ૨૦૧૪ સુધી સમગ્ર રાજયમાં જે કર્યુ છે એનો પ્રજાએ સ્વીકાર કર્યો નથી. આટલું તો વિચારો કે આપણે કઇ સ્થિતિમાં બેઠા છીએ? બહેન શ્રીમતી નીમાબેન કહેતાં હતાં કે સમગ્ર દેશનું સુકાન જે નરેન્દ્રભાઇ મોદીએ સંભાળ્યું અને ગુજરાતમાં ૨૬એ ૨૬ બેઠકો ભાજપના ફાળે ગઇ છે એટલા ઉપરથી તો કંઇક બોધપાઠ લો.

અધ્યક્ષશ્રી : માનનીય પરબતભાઇ, આપ બજેટ ઉપર આવો.

શ્રી પરબતભાઇ સ. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટ ઉપર જ આવું છું. આ વખતનું જે બજેટ છે અમાં હું કહેવા માગું છું કે આ કામ એમને એમ થતું નથી. આજે હું આરોગ્ય વિભાગ ઉપર વાત કરવા માગું છું. મારા પહેલાં નીમાબહેને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની વાત કરી, કલાઇમેન્ટ ચેઇન્જની માનનીય સભ્યશ્રી રણજીતભઇ ગિલીટવાલાએ વાત કરી, ભાઇ શ્રી દુષ્યંતભાઇએ ઉદ્યોગ વિભાગની વાત કરી. આજે આપણે જોઇએ તો એકેએક ક્ષેત્રમાં વિકાસ થયો છે. હું આજે આરોગ્ય વિભાગની વાત કરવા માગું છું.

રાજયના આરોગ્ય વિભાગનું બજેટ જે ગઇ વખતે ૩૮૦૦ કરોડ રૂપિયાનું હતું, એની સામે આ વખતે ૫૬૬૭ કરોડ રૂપિયાનું બજેટ છે. આજે રાજયમાં ૭૬૭૪ સબ સેન્ટર, ૧૨૩૩ પ્રાયમરી હેલ્થ સેન્ટર, ૩૧૦ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, ૨૪ જિલ્લા હોસ્પિટલ, ૩૦ સબ જીલ્લા હોસ્પિટલના માધ્યમથી સમગ્ર રાજયમાં આ આરોગ્ય સેવાનું માળખું ચાલી રહ્યું છે અને ગ્રાસ રૂટ લેવલે આશા વર્કર, એમ.એચ.ડબલ્યુ અને એફ.એમ.ડબલ્યુ.ના માધ્યમથી શરૂઆત થઇ છે અને રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ છેવાડાના માનવીને લક્ષમાં રાખીને જે કામ કર્યા છે એના લીધે વિદેશના લોકોએ પણ આજે આપણી આરોગ્ય સેવાની નોંધ લીધી છે અને વિદેશથી સારવાર માટે અહીં આવતા થયા છે. બીજા રાજયોમાં મધ્યપ્રદેશ હોય કે રાજસ્થાન હોય એમાં ખાસ કરીને મધ્યપ્રદેશની વાત કરું તો જાવરાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલના નામે બસ ચાલે છે. મારા કહેવાનો મતલબ એ થાય છે કે ગુજરાતની આરોગ્ય સેવાઓમાં ચિરંજીવી યોજના, બાળસખા યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, ૧૦૮ ની એમ્યુલન્સ સેવા, મુખ્યમંત્રીશ્રીની અમૃતમ્ મા યોજના, આવી તો અનેક યોજનાઓ કે જેના માધ્યમથી છેવાડાના માનવીને આશીર્વાદરૂપ થાય છે. મારે તો એટલું જ યાદ કરાવવાનું બધા મિત્રોને કે ભૂતકાળમાં કયાંક મારી બહેન દીકરીઓની ડિલીવરી હોય કે કોઇ અકસ્માત થયો હોય અને એમાં સાધનોના અભાવે કે પૈસાના અભાવે કેટલીય આવી બહેન દીકરીઓ ભગવાનને વહાલી થઇ જતી હતી. આજે આ આશીર્વાદ જેવા તેવા નથી અને જેના લીધે ૧૦૮ ની સેવાના માધ્યમથી આવા કેસોમાં બહેન દીકરીઓની ૨૦૦૩ માં ૬૫ ટકા પ્રસુતિ હતી એ અત્યારે ૯૬ ટકા પ્રસુતિ એ હોસ્પિટલમાં થાય છે. માતૃ મરણ અને બાળ મરણમાં આજે ઘટાડો થયો છે. પહેલાં માતૃ મરણ ૨૦૦૩ માં ૧ લાખે ૧૭૨ મરણ થતાં હતાં, અત્યારે ૨૦૧૨-૧૩માં ૧૨૨ સુધી આવ્યું છે, બાળ મરણમાં ૧૦૦૦ ની સામે ૬૦ બાળકોના મરણ થતાં હતાં તે અત્યારે ૩૮ સુધી નીચે આવ્યું છે. મિત્રો, આ સુધારો સૂચવે છે. જે કામ કર્યું છે, શાળા આરોગ્ય કાર્યક્રમમાં બાળક જયારથી જન્મે ત્યારથી ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરે અને ૧૮ વર્ષની ઉમરનો થાય ત્યાં સુધીની કેન્સર, કીડની, હૃદનું બાયપાસ, હાર્ટનો વાલ્વ બદલવાનો હોય, આ રાજયના તત્કાલિન મુખ્ય મંત્રીશ્રીએ ૨૦૧૩ સુધી જે સુધારા કરીને લીવર ટ્રાન્સપ્લાન્ટ અને સાથે સાથે જે ડીપ એન્ડ ડમ્પ બાળક હોય તેને સારવાર માટે જે કામ કર્યું છે જેથી કરીને આજે પુરુષ પ્રધાન દેશમાં દીકરા દીકરીઓની વચ્ચે કોઇ ભેદભાવ હોય અને જેના લીધે દીકરી નાની હોય, ઢબુડી બે વર્ષની અને કદાચ સારવાર કોઇ જગ્યાએ ન મળે, તો આ કાર્યક્રમ અંતર્ગત એકે એક બાળકને સારવાર મળી શકે, આ વખતે આ રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રીએ મા અમૃતમ યોજના હેઠળ જે મધ્યમ વર્ગના કુટુંબની આવક ૧ લાખ અને ૨૦ હજાર હોય તે પરિવારની મહિલાઓને પણ એ યોજનાનો લાભ આપવાની વાત કરી છે અને તેમના સંતાનોને લાભ મળવાનો છે, અત્યાર સુધી આ યોજનાનો લાભ બી.પી.એલ. હોય તેમને મળતો હતો પણ હવે બી.પી.એલ. સિવાયના પણ ૧ લાખ અને ૨૦ હજાર સુધીની આવક ધરાવતા હોય તે પરિવારના ૨૧ વર્ષ સુધીના સંતાનોને પણ વિના મૂલ્યે સારવાર આપવાનું નક્કી કર્યું છે. ૧૦૮ ની ઇમરજન્સી સેવાની વાત થતી હતી, હું ધ્યાન દોરવા માગું છું કે કેવી સારવાર મળે છે, આશીર્વાદ શાના મળે છે? આશિર્વાદની વાત કરું, ચીરંજીવી યોજનામાં ૧૦૮ની સેવામાં કુલ ઇમરજન્સી કોલ ૪૪૧૧૯૭૧, એમાં મેડિકલમાંથી ૪૩,૪૪,૦૦૦, પ્રેગનન્સી સંબંધી ૧૪, ૯૭, ૮૨૪ કેસ, અને ૪૫૩૦૫ ની પ્રસૂતિ તો માત્ર ૧૦૮ માં થઇ છે, જેમાં લાઇફ સેવિંગના કેસ ૩, ૨૨,૦૨૦, હ્દય રોગના ૨,૧૭,૫૭૬, આ જે કામ થયું છે અને તેના લીધે પ્રજાના આશીર્વાદ મળ્યા છે, શાળા આરોગ્ય કાર્યક્રમમાં બાળકો માટેની જે સેવા લેવાય છે, જેમાં અમદાવાદથી યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ અને કીડની હોસ્પિટલમાં બાળકોને જે સારવાર મળી છે તેની વાત કરું તો જે હ્દયના કેસો હતા એમાં ૫,૫૬૬ ને યુ. એન. મહેતામાં , કીડનીમાં ૨૧૬૧ ને સારવાર મળી, કેન્સરમાં ૧૪૮૫ અને કોકલીયર ઇનપ્લાન્ટ, હજુ ગઇ સાલ જ ચાલુ કર્યું છે, છતાં ૧૨૦ને સારવાર મળી, અને લીવર ટ્રાન્સપ્લાન્ટ ના ૧૦ કેસોને સારવાર મળી છે, આદરણીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. આભાર.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫ ના વર્ષનું બજેટ એ વિશિષ્ટ બજેટ છે, આ બજેટની જોવાઇ ઉપર મારા અગાઉ શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ, આરોગ્ય, કલાયમેન્ટ ચેન્જ વગેરે બાબતો ઉપર બહુ સંદર રીતે રજૂઆતો થઇ છે. આ બધી જ બાબતોમાં સામાન્ય નાગરિકોને કેન્દ્રસ્થાને રાખીને બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે તેવું ફલિત થાય છે. આજે હું એવા જ સરકારના એક વિભાગ માટે મારી વાત કરવા માટે ઉભો થયો છું.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ગરીબોના હિતને લક્ષમાં રાખીને ઉત્તરોત્તર જે પ્રકારની સુંદર કામગીરી કરવામાં આવી રહી છે તેના આધાર ઉપર જ સરકારે જોગવાઇઓ કરી છે એને હું મારી રીતે મૂલવવાની કોશિશ કરીશ.

સન ૨૦૦૧–૨૦૦૨ના વર્ષમાં આ વિભાગ માટે થઇને ૧૫૭.૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેના બજેટમાં કુલ જોગવાઇ ૫૫૩.૮૮ કરોડની કરવામાં આવી છે. એ જ બતાવે છે કે આ સરકાર ગરીબોની સમસ્યા ઉપર ખૂબ સજાગ રીતે કામ કરી રહી છે એનું આ ઉદાહરણ છે. અન્ન સલામતી અન પોષણ સલામતી આ સરકારનું મુખ્ય ધ્યેય છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવ વાદના સિદ્ધાંત આધારિત એકે એક દરિદ્ર નાયરણ ભૂખ્યો સૂઇ ન રહે બધાને પોષણક્ષમ આહાર મળી રહે તે માટેની જોગવાઇઓ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બજેટમાં કરવાની મથામણ કરી છે. આ વિભાગે જે સુંદર કામગીરી કરી છે એમાં હું પણ એક સાક્ષી છું કે જે તે સમયે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં પુરવઠા મંત્રીશ્રીઓની બેઠક હતી ત્યારે તમામ પ્રકારનું આ વિષય ઉપર ડેમોસ્ટ્રેશન આપણા વિભાગ દ્વારા ત્યાં કરવામાં આવ્યું હતું અને ગુજરાતમાં જે કામગીરી થઇ રહી છે તેની જબરજસ્ત ચાહના ઉભી કરવામાં આવી હતી. બાયો મેટ્રિક આધારિત બારકોડેડ રેશનકાર્ડ આપવાની પદ્ધતિ સૌ પ્રથમ ગુજરાત રાજયે અમલમાં મૂકી છે. બારકોડેડ રેશનકાર્ડ માટે સદર બજેટમાં ૭૦ કરોડની જોગવાઇ કરેલ છે. કામ ત્વરિત ગતિથી થાય, સારી રીતે વિતરણ વ્યવસ્થા ગોઠવાય એની કામગીરી કયા પ્રકારે લેવામાં આવે છે એ આ બજેટ ઉપરથી આપણને ખ્યાલ આવી જાય છે. એપ્રિલ, ૨૦૧૦ની સ્થિતિએ રેશનકાર્ડ ધારકોની સંખ્યા ૧.૨૫ કરોડ કુટુંબની હતી. બારકોડેડ રેશનકાર્ડની યોજના અમલમાં મૂકવાથી આ સંખ્યા ૨૦૧૪ની સ્થિતિએ ૧.૧૧ કરોડની થયેલ છે. ૧૪ લાખ જેટલા ભૂતિયાકાર્ડ રદ થયા છે. આટલી સુંદર કામગીરી પુરવઠા વિભાગ તરફથી કરવામાં આવી છે. ટેકનોલોજીના ઉપયોગથી બારકોડ રેશનકાર્ડ અને કૂપન પદ્ધતિ દાખલ કરી છે એને નામદાર સુપ્રીમ કોર્ટેની કમિટી અને કેન્દ્ર સરકારે પણ પ્રશંસા કરેલ છે. જાહેર વિતરણ વ્યવસ્થાને સુદૃઢ બનાવવા માટે અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા આપણે આ સિદ્ધિ હાંસલ કરી છે એને કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા દ્વારા ડિસેમ્બર,૨૦૧૨માં ઇ–ગવર્નન્સ એકસલન્સ એવોર્ડ પણ એનાયત કરવામાં આવેલ છે.

વિતરણ વ્યવસ્થામાં ગોડાઉનોનું પણ મહત્વ છે. એપ્રિલ, ૨૦૧૨થી ગોડાઉનથી દુકાન સુધી અનાજના જથ્થાની ડોરસ્ટેપ ડિલિવરી અમલમાં આવી છે. આ ડોરસ્ટેપ ડિલિવરી જેના કારણે અનાજનો જથ્થો જે વગે થઇ જતો હતો એ સીધે સીધો વેપારીની દુકાન ઉપર જાય છે એનો તમામ ખર્ચો સરકાર ભોગવે છે અને એ માટે ૭૪.૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હવે સરકાર સોએ સો ટકા ટ્રાન્સપોર્ટનો ખર્ચ ઉઠાવે છે પહેલા વેપારીઓ ઉઠાવતા હતા એટલે બારોબાર માલ ગોલમાલ થઇને વગે થઇ જતો હતો એટલે જથ્થાના ડાયવર્ઝનની પણ આને કારણે રોક થઇ છે અને ગોલમાલ બંધ થઇ ગઇ છે. સદર બજેટમાં બી.પી.એલ. યોજના માટે ૯૭.૪૧ કરોડની જોગવાઇ છે. રાજય સરકાર ઘઉંમાં પ્રતિકિલો ૩.૩૪ અને ચોખામાં પ્રતિકિલો ૩.૯૭ રૂપિયાની સબસિડી ભોગવે છે. અત્યંત ગરીબો માટેની અંત્યોદય યોજના માટે..

અધ્યક્ષશ્રી : જીતુભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય રાઘવજીભાઇ..

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૪–૧૫ના વર્ષનું અંદાજપત્ર લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણામાં એક કહેવત છે કે ‘ પુત્રના પગ પારણામાં અને વહુના પગ બારણામાં...’

અધ્યક્ષશ્રી : કહેવત અને દાખલા બંધ કર્યા છે, હાઉસમાં. એ જાહેરસભામાં કહેજો. ધારાસભામાં રહેવા દો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : આ દાખલો મેં એટલા માટે આપ્યો ..

અધ્યક્ષશ્રી : દાખલો આપવાની જરૂર નથી. સીધી વાત કરો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આનંદીબહેનના અધ્યક્ષપદે નવી સરકારનું આ પહેલું અંદાજપત્ર છે એટલા માટે મેં દાખલો આપ્યો. મેં જોયું કે મહેસૂલ વિભાગમાં લગભગ ૨૫૭૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. તેના વિભાગો મેં વાંચ્યા. એમાં કયાંય આ સરકારને અછતની સ્થિતિ નજરમાં આવતી નથી. સામાન્ય રીતે સૌરાષ્ટ્રમાં કે ગુજરાતમાં ૧૦ જૂન પછી ગમે ત્યારે વરસાદ થાય, વાવણી થઇ જાય. હજી વરસાદનું ઠેકાણું નથી. પાણીની તકલીફો શરૂ થઇ ગઇ છે. લોકોને રોજગારીના પ્રશ્નો ઉભા થયા છે. પશુઓને ઘાસચારા માટેના પ્રશ્નો ઉભા થયા છે. એવા સંજોગોમાં આ રાજય સરકારને આવનારી આ આફત વિશે જરા પણ અંદાજ ન હોય એ કેવી રીતે માની શકાય? મારા મિત્રો વારંવાર કહે છે કે આફતને અવસરમાં પલટીએ. આ આફત આવી ગઇ છે. આ આફત નિવારવા માટે સરકાર શું કરવા માગે છે? આ દુષ્કાળનો સામનો કઇ રીતે કરવા માગે છે? તેના માટે તેમની પાસે કેટલું ભંડોળ છે તેનો કંઇક અમને ખ્યાલ હોત તો અમે માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપી શકત.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ બીજી એક યોજના. કૃષિ વિભાગમાં પાક વીમા યોજના. તેમાં પાક વીમા નીધિ માટે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. ૨૦૧૨–૧૩માં ૩૦૦૦ કરોડ રૂપિયા પાક વીમાના ચૂકવવાના થતા હતા. રાજય સરકારના હિસ્સે જે ભાગ આવે, હું માનું છું ત્યાં સુધી ૫૦ ટકા આવતો હોય તો ૧૫૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના થાય અને હવે તો ધિરાણનો રેશિયો વધ્યો છે. વીમાપાત્ર ધિરાણ વધ્યું છે એટલે એ રકમ વધે. એટલે આ સરકારને પાક વીમા યોજના વિશે જરા પણ ગંભીરતાથી ખ્યાલ નથી. સરકારની નીતિ પણ તેમાં સ્પષ્ટ નથી. ગયા વખતે અમારા સૌરાષ્ટ્રના અડધા તાલુકાના ખેડૂતોને પાક વીમા યોજનામાં રાજય સરકારની બેદરકારીના કારણે ગોળના પાણીએ રોવું પડ્યું હતું, એવી સ્થિતિ આ સરકારની ખેડૂતો પ્રત્યેની નીતિ અંગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવો જ પ્રશ્ન, મેં જોયું કે નર્મદા વિભાગની વાત આવી. બજેટ પૂરતું ફાળવ્યું છે. હું નાણાંમંત્રીશ્રીને અભિનંદન આપીશ, કારણ કે આપણાં બધા માટે જીવાદોરી સમાન યોજના છે પણ જે વાત કરે છે કે અમે અત્યાર સુધીમાં ૨૫,૦૦૦ ચોરસ કિલોમીટરનું કેનાલોનું કામ જે થયું છે અને હવે ૫૨,૩૪૦ કિલોમીટરનું જે કામ બાકી છે એ ૨૦૧૫–૧૬ના વર્ષ દરમ્યાન અમે પૂરું કરી દઇશું. સાહેબ, આ તો નેવાના પાણી મોભે ચડાવવાની વાત છે. જે ૪૦ વર્ષમાં નથી કરી શકયા એ એક વર્ષમાં કરી દે એ માનવાને કોઇ કારણ નથી અને છતાંય આ સરકાર તેનું લક્ષ્યાંક પૂરું કરે તો હું તેમને પહેલાં અભિનંદન આપીશ. કારણ કે કરવું એ જરૂરી છે. પણ આવા અવાસ્તવિક ખ્યાલોમાં સરકાર ન રાચે એવી મારી વિનંતી છે. એવો જ એક પ્રશ્ન છે, સૌની યોજના એ અમારા સૌરાષ્ટ્ર માટે બહુ મહત્વની યોજના છે. કોઇ ધારાસભાની ચૂંટણી વખતે •(xxxxxx) જાહેરાત કરી,

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : જાહેરાત કરી, ખેડૂતોએ એમને ખોબે અને ખોબે મત દીધા, સરકાર આવી, ગયા વર્ષના બજેટ સત્ર વખતે મેં પ્રશ્ન પૂછયો હતો કે આ તમારી સૌની યોજના હેઠળ મારા જિલ્લામાં ફલાણા ફલાણા ડેમો તમે કયારે ભરશો ત્યારે મને એમ જવાબ આપ્યો હતો કે જૂન–૨૦૧૪માં અમે ભરશું. આ જૂન તો પૂરો થયો હજી એના ટેન્ડરો નીકળ્યા કે નથી નીકળ્યા એની પણ કોઇને ખબર નથી. કહેવાની વાત એ છે કે યોજનાઓ બતાવે છે, પૈસા ફાળવે છે પણ અમલીકરણ કંઇ થતું નથી. માનનીય સિંચાઇ મંત્રીને મારી ખાસ વિનંતી છે આ બાબતમાં ધ્યાન આપે, કારણ કે સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની એટલી તકલીફ, એટલી સિંચાઇ માટેની સગવડતાનો અભાવ અને એમાં પણ છેલ્લા અઢાર વર્ષ થયા જયારથી આ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે ત્યારથી સૌરાષ્ટ્રમાં એક પણ મધ્યમ કદની કે નાની સિંચાઇ યોજનાના કામો થયા નથી. સૌરાષ્ટ્ર પ્રત્યે તો આમેય ઉપેક્ષા રાખે છે. એવા સંજોગોમાં કમસેકમ અમને સૌની યોજનાના પાણી દ્વારા અમારા ડેમો જો ભરવામાં આવે તો પણ અમે એના આભારી થઇશું પણ મને નથી લાગતું કે આ લોકો કોઇ એની યોજના સમયસર પૂરી કરી શકે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

અમારા કાયદો અને વ્યવસ્થાની વાતમાં તો બહુ સ્વપ્ના દેખાડે કે ગુજરાત તો ઝીરો ગુનાખોરીનું રાજય થઇ ગયું છે. એક વર્ષમાં મારા જિલ્લામાં બે નાની નાની બાળકોઓ ઉપર બળાત્કાર થયા અને એને મારી નાખવામાં આવી. રાજયના કેબીનેટ મંત્રી ના ઘરે ચોરી થાય, (અંતરાય) મિત્રો, મારી વાત તમે શાંતિથી સાંભળો, જયારે દિલ્હીમાં એક બાળકી ઉપર બળાત્કાર થયો હતો ત્યરે ભાજપવાળા કેન્ડલ લાઇટ લઇ અને નીકળી પડયા હતા. સુવા નહોતા દેતા કોઇને. આ તમારું રાજય છે. તમારી જવાબદારી છે. નાની નાની બાળા ઉપર બળાત્કાર થાય, એની હત્યા થાય અને આપને જો શરમ ના આવતી હોય તો હવે તો મારે કોની પાસે રાવ કરવી? કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ગુજરાતની હાલત બહુ ખરાબ છે.

મારો મત વિસ્તાર છે એ આખા દરિયાકાંઠે આવેલ છે. ગુજરાતમાં વધુમાં વધુ લાંબો દરીયાકિનારો છે. મેં નાણામંત્રીના પ્રવચનમાં જોયું કે મત્સ્યઉદ્યોગના વિકાસ માટે ૮૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ૮૭ નહીં પણ ૭૦૦ કરોડ રૂપિયા ફાળવે તો પણ આ વિભાગ માટે ઓછા પડે એટલા માટે કે ખેતી પછી આ રાજયનો બીજા નંબરનો ધંધો હોય તો માછીમારીનો ધંધો છે. આ માછીમારીના ધંધાને પ્રોત્સાહન મળે એના માટે બજેટરી પ્રોવિઝન જો વધુ હોય તો એ લોકોની આવકમાં વધારો થાય, રાજયનો વિકાસ પણ ઝડપી બને અને લોકો આર્થિક રીતે સદ્ધર થાય.

કલાયમેટ ચેઇન્જની મારા મિત્રો વાત કરતા હતા. આ રાજયમાં તો કલાયમેટ ચેઇન્જનું ખાતુ પણ છે પણ કલાયમેટ ચેઇન્જનું ખાતુ શું કામ કરે છે એ આજ સુધી અમને તો કોઇ ખબર નથી. રાજયમાં આ ખાતુ શરૂ થયું, દેશમાં પણ એની પ્રથમ આપણા રાજયએ પહેલ કરી, અમને તો આનંદ હતો, કેન્દ્રના કૃષિમંત્રીએ ત્યાં જાહેરાત કરી કે દુષ્કાળ પડવાનો છે પણ અહીંના કલાયમેટ ચેઇન્જ ખાતાને હજી ખબર નથી. આ લોકોને હજી કોઇ માહિતી નથી કે શું આપણા રાજયના હવામાનની સ્થિતિ છે. એટલે હું આશા રાખુ કે કલાયમેટ ચેઇન્જ પાછળ હજી વધુ પૈસા વાપરે, બજેટની ફાળવણી પણ વધુ કરે. એમાં અમને કોઇ વાંધો નથી. જરૂરી પણ છે, પણ એ ખાતુ શું કામ કરે છે એ મંત્રીશ્રી અમને જો કયાંક બતાવે તો અમને ખબર પડે કે તમારું કલાયમેટ ચેઇન્જ ખાતુ આ જાતની કામગીરી કરે છે. સૌરાષ્ટ્રમાં એવો જ પ્રશ્ન પીવાના પાણી માટેનો છે. આપણે બજેટ માટે પૂરતું નાણાકીય પ્રોવિઝન કરીએ છીએ, કામો પણ થાય છે પણ વાસ્તવિક ધોરણે લોકોને ઉપયોગમાં આવે એવા કામો બહુ ઓછા થાય છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ૩–૧૫ કલાકે ગૃહ ફરીથી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે. આપની બે મિનિટ બાકી છે.

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી રાઘવજીભાઇ પટેલ** (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેતો હતો કે નાણામંત્રીશ્રીના અંદાજપત્રની મેં એવી જોગવાઇ જોઇ કે રાજયના એક લાખથી વધુ ખેડૂત ખાતેદારોના પડતર વીજ કનેકશન માટે ૧૦૬૨ કરોડની ફાળવણી કરી છે. હું નાણામંત્રીશ્રીને અભિનંદન આપત કે રાજયના ૬ લાખ જેટલા ખેડૂતોની ખેતીવાડીના પડતર વીજ કનેકશન આપવા માટે આનાથી વધારે જોગવાઇ કરી હોત તો હું અભિનંદન આપતો, બજેટને આવકારતો. જો નાણામંત્રીશ્રીએ તત્કાલ વીજ યોજના અને સામાન્ય ખેડૂત કે જેની વર્ષોથી માગણી પડતર છે એમાં ભેદભાવ કરીને વધુ પૈસા ખર્ચે એવા ખેડૂતોને તાત્કાલિક વીજ કનેકશન આપવાની ભેદભાવભરી યોજના કરી છે એ નાબૂદ કરી હોત અને લક્ષ્યાંક ડબલ કર્યો હોત તો હું અભિનંદન આપતો, પણ અફસોસ સાથે કહેવું પડે છે કે રાજયના નાણામંત્રીશ્રી હોય કે ઉર્જા મંત્રીશ્રી હોય, વાતો ખેડૂતોના હિતની કરે પણ એના હિતના જે પગલાં સરકારે લેવા જોઇએ એ કોઇ પગલાં લેવાતા નથી. આપણે ખેડૂતને જગતનો તાત કહીએ છીએ. ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી એવી વાતો કરીએ છીએ. આજે રાજયના ખેડૂતો દેવાદાર બની ગયા છે. રાજયમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫૦૦થી વધારે ખેડૂતોએ આપઘાત કર્યા છે અને આ આર.ટી.આઇ. મારફત મેળવેલ સત્તાવાર માહિતી છે. ગાંધીનગર

જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦૪૯૮ જેટલા ખેડૂતો આજે ખેડૂત મટી ગયા છે. (અંતરાય) એટલા માટે નાણામંત્રીશ્રીની બજેટ દરખાસ્તો સાથે હું સંમત નથી.

**ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સૌથી વધુ વેરા પ્રજા પર નાખ્યા છે. ૪૭ હજાર કરોડ, અન્ય વેરાઓ ૧૬૦૬૭ કરોડ એમ મળીને કુલ ૬૩,૦૬૭ કરોડ ૫૧ લાખના એટલા બધા વેરાઓ પ્રજા પર નાખ્યા છે. આ બજેટ છે એમાં આવકો મેળવવાનું બતાવ્યું છે એમાં જાહેર દેવું કરીને ૨૪,૮૯૭.૮૫ લાખના જાહેર દેવા કરીને આવકો ગુજરાતના વિકાસ માટે મૂકી છે. અન્ય રાજ્યો કરતાં આ દેશમાં સૌથી વધુ કરબોજ પ્રજા પર છે. છેલ્લા ત્રણ વર્ષમાં જે આપણું બજેટ છે એમાંથી જે વ્યાજ માટે પૈસા ચૂકવવા પડશે એ લગભગ ૩૨,૭૧૨ કરોડ થાય છે.

નાણા મંત્રીશ્રી વાત કરતા હતા કે વર્ષ ૨૦૦૪-૦૫ની સરખામણીએ પ્લાન સાઇઝ ૫ ગણી વધારી, નોન પ્લાન સાઇઝ ડબલ કરી પણ છેલ્લા ઘણા સમયથી આપણે જોઇ રહ્યા છીએ કે કોઇપણ બાબતનું આયોજન છે એની કિંમત ૫ ગણી વધી ગઇ છે. છેલ્લા ઘણા સમયથી ઉત્પાદન ખર્ચ કરતાં બિન ઉત્પાદન ખર્ચ પાછળ સરકાર વધુ પૈસા ખર્ચે છે. મેળાઓ અને ઉત્સવો પ્રજાના પરસેવાના પૈસે કરીને પૈસા મોટા ભાગે એમાં જાય છે. ઘણી વખત એવું થાય છે કે પ્લાન સાઇઝ વધારે પણ એમાં જોઇએ છીએ કે રસ્તાઓ જે પહેલા બનતા હતા એ એક કિલોમિટરનો રસ્તો કરવો હોય તો ૫ લાખ રૂપિયા થતા. આજે એક કિલોમિટરની પાછળ ૪૦ લાખ રૂપિયા થાય છે. આઠ ગણી કિંમત વધી ગઇ છે. રાજ્યમાં પરિસ્થિતિ એ થઇ છે કે ઘણા વિસ્તારો એવા છે, ખાસ કરીને ટ્રાયબલના કે જ્યાં રસ્તા થતા નથી. તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૭માં જાહેરાત કરી હતી કે આદિજાતિ વિસ્તારમાં ૨૫૦ થી ઓછી વસતિ ધરાવતા તમામ ગામ ફળિયાને બારેમાસ પાકા રસ્તાથી જોડી દેવામાં આવશે. આજે પરિસ્થિતિ એ થઇ છે કે ટ્રાયબલ વિભાગ અને ખાસ કરીને પ્રાયોજના વહીવટદારે જે ગામ-ફળિયાની નિયુક્તિ કરવી જોઇતી હતી, જાહેર કરવા જોઇતા હતા એ ન કર્યા એના લીધે માર્ગ અને મકાન વિભાગને જે ફળિયા દર્શાવ્યા ન હોય એના કારણે કામગીરી થઇ શકી નહીં અને આજે પરિસ્થિતિ એવી છે કે ઘણા ગામડાં એવા છે કે જે રસ્તા વિહીન છે. ઘણા રસ્તાઓ છેલ્લા ૨૫ વર્ષથી ડામર થઇ શક્યા નથી. સાહેબ, રાજ્યમાં ૨૦૦૨ માં જે પરિસ્થિતિ હતી એ અને અત્યારે ૨૦૧૪માં બહુ ઝાઝો ફેરફાર રસ્તાની લંબાઇમાં વધ્યો નથી. એનાથી વિશેષ સ્ટેટ હાઇવે આ રાજ્યમાં ૨૦૦૨માં હતા એના કરતાં અત્યારે ૬૯૮ કિલોમિટર રસ્તા ઘટ્યા છે. એટલા તમે નથી કરી શક્યા. અને એમ.ડી.આર. રસ્તાઓ - મેગા ડીસ્ટ્રીકટ રસ્તાઓ ૨૦૦૨માં હતા એના કરતા અત્યારે ૪૬૭ કિલોમિટરના રસ્તા નથી થઇ શકયાં. ઘટ્યા છે અને એવા અધર ડિસ્ટ્રીકટ રોડ પણ ૩૬૯ કિલોમિટર રસ્તાઓ ઘટ્યા છે. સાહેબ, કહેવાનો મતલબ એ છે કે સરકાર બજેટ ઘણું બધું છે એમ વાત કરે છે પણ કામગીરી સ્થળ ઉપર જે થવી જોઇએ એ થઇ શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એમ કહે છે કે આ વખતે કૃષિ વિકાસ વર્ષ ઊજવવાના છીએ અને કૃષિ વિકાસ દર ૧૦ ટકાથી વધુ છે. ખેડૂતો મહેનત કરીને પરસેવો પાડે છે અને આ રાજ્ય સરકાર એનો યશ લે છે. ખેડૂતોને શું જોઇએ છે? ખેડૂતોને અત્યારે તો ગામડાંમાં વિના મૂલ્યે કીટ આપવાની વાત સરકારે કરી છે. હમણાં જ મારા ભિલોડા તાલુકામાં વિના મૂલ્યે કીટ તો નથી મળતી. કીટના ૫૦૦ રૂપિયા અને ૧૦૦૦ રૂપિયા ઉઘરાવે છે. મેં મંત્રીશ્રીના કાર્યાલયનું ઘ્યાન દોર્યુ તો આજે એ કીટના વિતરણનું કામ પણ બંધ કરી દીધું. એ ખાનગી કંપનીને વિતરણનું કામ સોંપ્યું છે તો સરકાર પોતે કેમ પોતાની જવાબદારી સ્વીકારતી નથી? સરકાર વિતરણનું કામ કેમ કરતી નથી? શાના માટે આ ખાનગી કંપનીઓને કામ આપવામાં આવે છે? આના લીધે ખેડૂતોને ખૂબ મોટી મુશ્કેલી પડે છે. વરસાદ હજુ જુલાઇનું એક અઠવાડિયું જતું રહ્યું છે. મોંઘાં બિયારણો જે કપાસ અને મગફળી છે એ મોટાભાગે ખેડૂતોએ પોતાના ખેતરમાં વરસાદ આવશે એ આધારે નાંખી દીધા છે. ખેડૂત કપાસ પકવે છે. જ્યારે કપાસ પકવે છે અથવા તો બિયારણ ઉત્પન્ન કરે છે ત્યારે ૧ કિલોના ૪૨૦ રૂપિયે મળે છે. એ જ બિયારણ સરકાર કે કંપની દ્વારા પેકિંગ થઇને પાછું આવે છે ત્યારે ફક્ત

૪૦૦ ગ્રામના ૯૩૦ રૂપિયા થાય છે, બરાબર છે. એટલે ખેડૂતોને કેટલી વધારે રકમ આપવી પડે છે. એક કિલોના ભાવ પ્રમાણે ગણવા જઇએ તો ૨૩૨૫ રૂપિયા થાય એટલો ભાવ મળવો જોઇએ. સરકાર આપણી છે, આપ આના માટે વિચારો. જે તમે પેકિંગ જુદું કરીને ઓછું આપો છો એના કરતા કમસેકમ એની અડધી કિંમતે મળે તો ખેડૂતોને રાજી થશે અને ઉત્પાદન સારું થશે.

સાહેબ, આ સરકાર ગામડાંમાં જમીન લેવલની વાત કરે છે પણ જમીન લેવલિંગ માટે ગામડાંમાં અને તાલુકા લેવલે સાધનોની કોઇ સુવિધા નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આના માટે જોગવાઇ કરે.

સાહેબ, સુક્ષ્મ સિંચાઇની પદ્ધતિ સારી છે એમાં જી.ડી.આર.સી. દ્વારા કામ ચાલે છે. આજે એ પરિસ્થિતિ એ છે કે જી.ડી.આર.સી. બરોડા અને ગામડાંમાં જે સિંચાઇની બે વચ્ચેની જે લીંક છે એ જે કામગીરી કરવામાં આવે છે એ પ્રાઇવેટ ખાનગી સંસ્થાવાળા કામગીરી કરી રહ્યાં છે અને એના લીધી પરિસ્થિતિ એવી થાય છે કે એક વખત એક હેકટરના ૫૦ ટકા સહાય મળે છે અને આદિવાસી માટે ૭૫ ટકા સહાય આપવામાં આવે છે પણ આ જે નળીઓ ગોઠવવામાં આવે છે એ અડધીપડધી આપવામાં આવે છે. સરકાર જ એમ કહે છે કે પાક પદ્ધતિ બદલવી. કપાસનો પાક હોય ત્યારે ઓછી નળી મળે છે અને બીજા પાક માટે નળીઓ મળતી નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તપાસ કરવામાં આવે. પૂર્ણ એમને જે સિંચાઇની સગવડ છે એ મળવી જોઇએ તો ખેડૂત આગળ આવી શકશે. સાહેબ, ખેડૂતોને વીજળી મળે. ઊર્જા મંત્રી અને નાણા મંત્રી બંને ખાતા એમની પાસે છે. ૨૦૦૨માં જે વીજળી ખેડૂતોને મળતી હતી તમે તો ૧૬ કલાકની વાત કરતા હતા. ૨૦૦૨માં ૧૫૬૯૫ મિલિયન વીજળી ખેડૂતોને મળતી હતી અને આ આપના રેકર્ડ ઉપર છે. આજે એ વીજળી ઓછી થઇ ગઇ છે. તમે ઓછી વીજળી આપો છે એ તમારા રેકર્ડ ઉપર છે. ૫૭૧ મિલિયન વીજળી ઓછી મળે છે. ઘણાં ખેડૂતો કનેકશન માટે રાહ જોઇ રહ્યાં છે. તમે એમને કનેકશન આપો. સરકારે જ સાહેબ બીજો પરિપત્ર કર્યો છે કે એક સરવે નંબરમાં બીજું કનેકશન નહિ આપવું. સરકારને ખબર છે કે જમીન હંમેશા ભાઇઓના ભાગે જ આવતી હોય છે. એક ખેડૂતના વડીલ હોય એના ત્રણ કે ચાર દીકરા હોય અને એકજ સરવે નંબર હોય તો બીજું કનેકશન મળી શકતું નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તમે ઉદ્યોગોને જોઇએ એટલા કનેકશન આપો છો તમે ખેડૂતોને શા માટે બીજું કનેકશન આપતા નથી? બીજા ભાઇઓને શું કરવાનું, સાહેબ? એ કેવી રીતે ખેતી કરી શકશે? એના માટે મારી વિનંતી છે કે બીજું કનેકશન આપવા માટે અથવા બીજું કે ત્રીજું કનેકશન જેટલા ભાગ હોય એટલા કનેકશન, જેટલા ભાઇઓ હોય એટલા કનેકશન સરકાર આપે એવી મારી વિનંતી છે.

ઉદ્યોગોને તમે ૨૦૦૨માં જે વીજળી આપતા હતા. સાહેબ, ઉદ્યોગોને તમે ૨૦૦૨ જે વીજળી આપતા હતા, એ સાહેબ, ઘણી ઓછી હતી, ૯,૮૧૭ મિલિયન યુનિટ. આજે સાહેબ, ૨૮,૩૭૨ મિલિયન યુનિટ એટલે તમે આટલો બધો વધારો કરી દીધો અને એનાથી કદાચ નોકરીઓમાં છોકરાઓને ફાયદો થયો હોત તો ઘણું સારું પણ હમણાં જ બાપુએ વાત કરી તેમ ઘણી એવી કંપનીઓ છે કે, આપણા છોકરાઓને નોકરીએ રાખતા જ નથી, તો આ આપણને નુકસાન જાય છે. આપણે જે રીતે આગળ વધી રહ્યા છીએ, તો ખેડૂતોને પ્રાધાન્ય આપો એવી મારી વિનંતી છે. સાહેબ, આદિવાસી વિસ્તારમાં તત્કાલીન મુખ્ય મંત્રીશ્રીએ કહેલું કે, ૪૫.૫ ટકા વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવે છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે, (સમય સૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

ડો. અનિલ જોષીયારા : તો સાહેબ, આદિવાસી વિસ્તાર જે છે, મોટાભાગે ડેમ જે છે એ ડેમો ટ્રાયબલ વિસ્તારમાં આવેલા છે અને જે ટ્રાયબલ પટ્ટી છે એ ઉપરના લેવલમાં છે. તો આ વિસ્તારોમાં સિંચાઇની કોઇ સુવિધા નથી, બજેટમાં પણ કોઇ જોગવાઇ કરવામાં આવતી નથી અને મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા વિસ્તારો જે છે એમાં સ્પેશ્યિલ, અમારે નર્મદામાંથી પાણી લાવવું અઘરું છે. અમે પણ જાણીએ છીએ, એ કોસ્ટલી પણ છે. કારણ કે, ત્રણ-ચાર જગ્યાએ લિફ્ટ કરવું પડે તો એની કોસ્ટ પણ વધી જાય, પાવર પણ વધારે વપરાય તો મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા જે વિસ્તારો છે એમના માટે સ્પેશ્યિલી તમે ઉદ્વહન સિંચાઇ યોજનાઓ શરૂ કરો. ગયા વખતે થોડીક શરૂઆત કરેલી પરંતુ જે તમે કોન્ટ્રાકરને કામ

આપ્યું એ કોન્ટ્રાકટરે ફક્ત પાઇપો દબાવી, એમણે પાણીનો સોર્સ નહીં જોયો. સાહેબ, ડેમ છે તો ડેમ આધારિત તમે શાના માટે સિંચાઇની લિફ્ટ ઈરીગેશનની યોજનાઓ બનાવતા નથી? એવું ને એવું ઘરે ઘરે નળથી પાણી આપવાની યોજના હતી. સાહેબ, આજે પરિસ્થિતિ એ છે કે, સરકારે એક પરિપત્ર કર્યો છે કે, બે ગુંઠા જમીન હોય તો જ હેન્ડ પંપ બનાવવો. સાહેબ, ઘરે ઘરે તો પાણી નથી મળી શકતું અમને પરંતુ જે હેન્ડ પંપો હતા, એમાં પણ આ પરિપત્ર કરવાથી અમને હેન્ડ પંપ મળી શકતો નથી. મંત્રીશ્રીને વિનંતી છે કે, ટ્રાયબલ પટ્ટીમાં ખાસ આ જે બે ગુંઠાની જમીન લખવાનું તમે જે નક્કી કરો કે જેથી લોકો પાણી પીતા થાય. સાહેબ, બીજું કુપોષણની વાત સાહેબ. કુપોષણ અત્યારે એટલું બધું વધારે છે.(સમય સૂચક ઘંટડી)એક જ મિનિટ સાહેબ.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. પૂરું આપનું. તમને અગાઉ જાણ કરી હતી, આટલી મિનિટ જ બાકી રહી છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબે પ્રથમ વખત વર્ષ ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર રજૂ કર્યું છે તે માટે આ અંદાજપત્રને હું આવકારું છું અને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને કુલ ૧,૯૫૭ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. જે ગત વર્ષ કરતાં લગભગ ૩૫ ટકા જેટલો વધારો આ વિભાગને જયારે આપવામાં આવ્યો છે ત્યારે હું ચોક્કસ કહીશ કે, રાજ્ય સરકાર વંચિતો અને નબળા વર્ગો માટે સાચું કામ કરવા માટે કેટલી કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક તૃપ્તિ, કોઇ કારણોસર સામાન્ય વ્યક્તિ કરતાં કમજોર હોય તેવા વર્ગ તરફ રાજ્ય સરકારની વિશેષ સહાનુભૂતિ રહી છે ત્યારે એ તમામ લોકો સમાજની મુખ્ય ધારામાં જોડાય અને પોતે સક્ષમ અને સુરક્ષિતતાની ભાવના અનુભવે તે કારણથી રાજ્ય સરકારની અનેક યોજનાઓ બની છે અને આ યોજનાઓ દ્વારા આ તમામ વર્ગને લાભન્વિત કરાયો છે. એટલા માટે કહેવાયું છે કે, જેનું કોઇ ના હોય એનું ભગવાન એમ કોઇ ના હોય એનું આ રાજય સરકારે ધ્યાન રાખ્યું છે એમ કહી શકાય. આવા નિરાધાર અને અનાથ બાળકો માટે પાલક માતા-પિતાની યોજના આ રાજ્ય સરકારે બનાવી છે અને આ દત્તક લેતા બાળકને સહાયરૂપે રૂપિયા ૧,૦૦૦/-ની સહાય રાજ્ય સરકાર ચૂકવે છે. આ ઉપરાંત આ અનાથ બાળકો જયારે પોતાની સંસ્થામાંથી મુક્ત થાય છે ત્યારે તેની શિષ્યવૃત્તિના રૂપિયા ૧,૫૦૦/-ની જોગવાઇ પણ આ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. અનાથ બાળકોને સાચવે છે એવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, ભગવાને જે વ્યક્તિને એકાદ ખામી આપી છે પરંતુ તેની અંદર ભગવાને અનેક ખૂબીઓ પણ આપી છે. તેવા આપણા વિકલાંગ સમાજની અંદર જે વ્યક્તિઓ છે તેના માટે આ રાજ્ય સરકાર ચિંતિત થઇ અનેક યોજનાઓ બનાવી છે. આ વિકલાંગો માટે શિક્ષણ હોય, તબીબી વ્યવસ્થા હોય કે પરિવહનની વ્યવસ્થા હોય એમાં મદદરૂપ થવા માટે અનેક યોજનાઓ પણ બનાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં વિકલાંગ વ્યક્તિઓને પોતનું ઓળખ કાર્ડ લેવું હોય તો જિલ્લા મથકે ધક્કા ખાવા પડતા હતા, ખૂબ મુશ્કેલીઓ પડતી હતી પરંતુ આ ગુજરાતની સંવેદનશીલ સરકારે ૨૦૦૬-૦૭ની અંદર તાલુકા મથકે આ ઓળખ કાર્ડ મળી રહે તે માટે પહેલી વખત મેડિકલ કેમ્પનું તાલુકા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું અને ત્યારથી વિકલાંગ વ્યક્તિઓને તાલુકા કક્ષાએથી ઓળખ કાર્ડ મળે છે. ૨૦૧૩-૧૪ની અંદર લગભગ ૨૮૪ મેડિકલ કેમ્પો તાલુકા મથકે કરી અને આ વિકલાંગ વ્યક્તિઓને આ ઓળખ કાર્ડો આપવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઓળખ કાર્ડ મળે એટલે શું? આ ઓળખ કાર્ડ મળે એટલે આ વિકલાંગ વ્યક્તિ બસમાં મફત મુસાફરી કરી શકતી હોય છે. આ ઉપરાંત આપણામાં જે સમજાવ્યું છે એ પ્રમાણે કે કોઇપણ વ્યકિતનો વિકાસ કરવો હોય તો એના માટે શિક્ષણ જરૂરી છે અને એટલા માટે વિકલાંગ વ્યકિતઓને, વિકલાંગ વિદ્યાર્થીઓને ભણવા માટે રાજય સરકારે અનેક યોજનાઓ બનાવી છે અને એમાં ખાસ કરીને રૂપિયા એક હજારથી ચાર હજાર સુધીની શિષ્યવૃત્તિની જોગવાઇ આ વિકલાંગ

વિદ્યાર્થીઓને ભણાવવા માટે કરવામાં આવી છે. જે વ્યકિત વિકલાંગ છે તેની સ્કીલને ઓળખીને તેને સ્વાવલંબી બનાવવા માટે સાધન સહાય યોજના પણ પૂરી પાડવામાં આવી છે.

આપણે બધા ગરીબ કલ્યાણ મેળાના સાક્ષી છીએ. ગરીબ કલ્યાણ મેળાની અંદર આ વિકલાંગ વ્યકિતઓને શોધી, શોધીને સાધન આપવામાં આવ્યું અને સાથેસાથે આ વિકલાંગ વ્યકિતઓની આંખમાં આપણે આભારનો ભાવ જોઇ શકયા છીએ અને સરકાર માટે એણે પોતે પણ પોતાની વાતમાં આભાર વ્યકત કર્યો છે ત્યારે આથી વધારે આગળ વધીને જયારે વિકલાંગ મહિલા વિધવા બને છે ત્યારે રાજય સરકારે આ વિકલાંગ વિધવા મહિલાને પોતાની પાસે જો જમીન હોય તો રાજય સરકાર એને ૪૭૦૦૦ જેવી માતબર રકમ આપી અને મકાન બનાવવાની સહાય પૂરી પાડે છે. આવો વિકલાંગ વ્યકિત કોઇ અકસ્માતમાં મૃત્યુ પામે તો રૂપિયા એક લાખનો વીમો રાજય સરકાર ચૂકવે છે અને કદાચ અકસ્માતની અંદર વ્યકિત બચી જાય પરંતુ જો એનું એકાદ અંગ ગુમાવે તો રાજય સરકાર રૂપિયા પચાસ હજાર જેવી રકમ આપે છે. આ વિકલાંગની વાત પછી સમાજની અંદર સતત વૃદ્ધોની સંખ્યા નિરાધારોની વધતી રહી છે એ જે આપણા સૌ માટે ચિંતાનો વિષય છે એવા આ વૃદ્ધોને સાચવવા માટે વયવંદના યોજના દ્વારા વૃદ્ધોને સાચવવામાં આવે છે અને સહાય કરવામાં આવે છે. આ ઉપરાંત રાજય સરકારે સ્વતંત્ર યોજના બનાવી છે અને એની અંદર નિરાધાર એવા વૃદ્ધોને પેન્શન આપીને પણ સહાય પૂરી પાડેલ છે. રાજયના લગભગ ૮૨૮૦૯ નિરાધાર વૃદ્ધોને સહાય આપવામાં આવી છે.

આ ઉપરાંત રાષ્ટ્રીય કુટુંબ આર્થિક સહાય યોજના પણ થઇ છે. જેમાં ગરીબી રેખા હેઠળની કોઇ વ્યકિતનું અવસાન થાય તો એ કુટુંબની અંદર એ મોભીનું અવસાન થાય ત્યારે કમાનાર વ્યકિત જયારે મૃત્યુ પામ્યા હોય ત્યારે એને ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. આ રીતે આપણા રાજયની અંદર ૧૫૬ જેટલી સંસ્થાઓ છે કે જે આવા નિરાધાર વૃદ્ધ લોકોને સાચવે છે અને આ ગ્રાન્ટેડ સંસ્થાઓની અંદર મફત આશ્રય, તબીબી સેવા શિક્ષણ, તાલીમ વગેરે સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આમ બહાર તો આપણે સમજયા પરંતુ જે વ્યકિતના પરિવારનો કોઇ એક વ્યકિત જેલની અંદર કારાવાસ ભોગવી રહ્યો છે એવા કેદીના પરિવારને પણ સહાય પૂરી પાડવા માટે રાજય સરકાર રૂપિયા ૫૦૦૦ હજારની રકમ, પશુ અથવા સાધન સહાય માટે ચૂકવે છે. આ પ્રમાણે રાજય સરકારની અંદર અનેક યોજનાઓ દ્વારા આ નબળા અને અબાલવૃદ્ધ નિરાધાર વ્યકિતઓને સાચવવાનો જયારે રાજય સરકાર જિલ્લા સુરક્ષા સમાજ દ્વારા કાર્ય કરી રહી છે ત્યારે રાજયનો કારભાર એક મહિલા માતા સમાન, જયારે આનંદીબેન સંભાળી રહ્યા છે, ત્યારે સહાય સાથે એક મમતાનો વહાલભર્યો હાથ આ સમાજના વિશેષ વ્યકિતઓને મળશે અને આ જે બજેટ રજૂ થયું છે એને મારું સમર્થન આપુ છું. ધન્યવાદ.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) (શહેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં સૌનો સાથ સૌનો વિકાસ એનું સૂત્ર જે છે એ સૂત્ર આજે આખા દેશની અંદર પણ 'સૌનો સાથ સૌના વિકાસ' સાથે સૂત્ર બન્યું છે ત્યારે જે બજેટ લઇને આવ્યા છે એ બજેટની અંદર, આ વર્ષના બજેટમાં ૭૧,૩૩૦ કરોડ રૂપિયાના કદ સાથેનું ૨૧ ટકા વધારા સાથેનું બજેટ લઇને આવ્યા છે એમાં સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

આજે ગુજરાતની અંદર પશુપાલનનો ધંધો પૌરાણિક કાળથી વંશપરંપરાગત ઘરેલુ વ્યવસાય તરીકે એનો ઉપયોગ કરીને વર્ષોથી પશુપાલકો આ ધંધાની અંદર પરોવાયેલા છે અને વર્ષો સુધી એ ધંધાથી પોતાનું જીવન નિર્વાહ કરી શકયા છે. રાજયની અંદર દૂધનું ઉત્પાદન સહકારી માળખાના નામે અમૂલના નામે ઓળખાય છે. અમૂલ તરીકે અમૂલ વર્ષો સુધી આપણે ગુજરાતમાં તો ઠીક દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, એમ.પી. લખનૌ, આ બધા રાજયોની અંદર આજે ગુજરાતનું દૂધ પી અને એમની ચા પીતા સવાર પડે છે ત્યારે ટેસ્ટ ઓફ ઇન્ડિયા જે સૂત્ર છે એ ખરેખર સાર્થક બન્યું છે. અમૂલના નામે જે આજે આપણે ગુજરાતની અંદર ગૌરવ લઇ શકીએ એવી વસ્તુ બનેલી છે. મારે કહેવું છે કે મહિલા મુખ્યમંત્રી પ્રથમ વખત બન્યા છે. ત્યારે આ દૂધના ધંધા સાથે, પશુપાલનના ધંધા સાથે મહિલાઓ સંકળાયેલી હોય છે, ત્યારે બજેટમાં ખાસ જોગવાઇ કરીને મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ આયોજન કર્યુ છે એ ખરેખર ૩૬૫ કરોડનું

બજેટ ફાળવેલ છે, એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીને અભિનંદન જરૂર આપવા પડે, કારણ કે જે પશુપાલકોની સાથે જે ધંધો કરે છે એ ધંધો મહિલાઓ કરતી હોય છે. મહિલાઓનો આર્થિક વિકાસ વધારે સારી રીતે થાય એના માટેનું સૌ પ્રથમવાર કોઇ બજેટની અંદર આ વખતે બજેટ ફાળવેલ હોય તો ગુજરાતની અંદર પ્રથમ બનાવ હશે. મહિલાઓના વિકાસ માટે, પશુપાલનના વિકાસ માટે, પશુઓની સારવાર માટે જે બજેટની ફાળવણી થઇ હોય તે પ્રથમ વખત છે.

મારે અભિનંદન મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીને આપવા જરૂરી છે. એની અંદર પશુઓની સારવાર વિનામૂલ્યે થાય છે. ગામડાંની અંદર માણસની સારવાર માટે જેમ ૧૦૮ની સરકારે વ્યવસ્થા કરેલી છે. તેમ પશુઓની સારવાર માટે ૧૦૮ જેવી વ્યવસ્થા કરેલી છે. ફરતી લેબોરેટરી મારફત સંઘની અંદર વ્યવસ્થા કરી છે. પશુઓની આંખનું નિદાન થાય. જેમ માણસની આંખનું ઓપરેશન કરી શકાય તેમ પશુઓનીઆંખનું ઓપરેશન કરીને આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આ દેશની અંદર નહિ, પણ વિશ્વની અંદર પશુઓ માટેની આટલી માનવતા બતાવી હોય તો પહેલી વખત અને તેમ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ એ જ રીતે આગળ વધી રહ્યા છે, ત્યારે મારે ખૂબ અભિનંદન આપવાની જરૂરિયાત છે. પશુઓનું શુદ્ધિકરણ થાય, પશુઓની સારી ઓલાદ મળે, સારી રીતે દૂધ આપતા મળે, ગામડાંની અંદર, શહેરોની અંદર જે લોકો દૂધ પીવે છે એમાં બાળકોના, માણસોના આરોગ્યની સાથે ચેડાં ન થાય, એમના આરોગ્યની સાચવણી થાય એના માટે સરકારે આ વખતે બજેટમાં ચિંતા કરી છે. એની અંદર જો કોઇ ભેળસેળવાળું દૂધ લઇને આવે તો મશીનથી જણાઇ જાય અને દૂધ ભેળસેળવાળું હોવાથી મંડળીવાળા તેનો સ્વીકાર ન કરે અને પાછું મોકલે. આ રીતે માણસની ચિંતા કરી હોય તો સંવેદનશીલ સરકાર આ ભાજપની સરકારે કરી છે. એના માટે પણ આ વખતે ડેરીને ઉપયોગી થાય, ડેરીને મદદરૂપ થાય તેવાં સાધનો લાવવાં માટેની સરકારે પહેલ કરી હોય તો આ વખતની સરકારે કરી છે.

મારે આપ સૌને એક વાત જરૂર કરવી છે કે ઘણી જગ્યાએ રાજયની અંદર પશુપાલનનો ધંધો મહિલાઓ કરે છે અને એમનું ખૂબ મોટું યોગદાન છે. એમને સારી ક્વોલિટીની ગાયો, ભેંસો, ચોખ્ખું દૂધ, વર્ષના અંતે કેટલું દૂધ ભર્યુ એના માટે પ્રોત્સાહન મળે એના માટે ઈનામની વ્યવસ્થા કરવામાં આવી છે. ઈનામ આપીને પ્રોત્સાહિત કરીને ગુજરાતમાં મહિલાઓ આગળ વધે અને આગળ વધી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરી શકે એના માટેનો પ્રયત્ન થયો છે. આ વખતે સૌ પ્રથમ ગામની અંદર દૂધની ડેરી બનાવવી હોય, ડેરીનું મકાન બનાવવું હોય તો ઘણી બધી તકલીફ ઉભી થતી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીએ આ વખતે એની અંદર જોગવાઇ કરી છે. ગામડાંની અંદર દૂધ ડેરી બનાવવા માટે ૩૦૦ વાર જમીન આપવાનું નક્કી કરેલ છે. દૂધ ડેરીનું મકાન બનાવવા માટે ૫ લાખની મર્યાદામાં ૫૦ ટકા સહાય આપવા માટેનું આયોજન કર્યુ છે. માનનીય મંત્રીશ્રીએ જે આયોજન કર્યુ છે એ આયોજન ખરેખર આજદિન સુધી ગામડાંની ડેરીનું, આદિવાસી વિસ્તારની ડેરીનું, બીજા લોકોની ડેરીનું દૂધ કલેક્શન માટે બહારથી દૂધ લાવવું પડતું હોય અને એ પણ લાંબા રૂટ ઉપરથી લાવવું પડતું હોય અને તે દૂધ ખરાબ થઇ જતું હોય છે, એટલા માટે એ દૂધ બગડી ન જાય તે માટે બલ્ક કૂલર આપવાની સિસ્ટમ આપી છે. એની અંદર સહાય આપવાનું નક્કી કર્યુ છે. આવી રીતે ખરેખર અભિનંદન આપવા પડે.

દૂધના ધંધા સાથે હું પણ સંકળાયેલ છું. જન્મજાત ધંધો છે. પશુપાલકો વતીથી ખાસ કરીને બોલું છું, ત્યારે બધા જ મારા મિત્રો, એની અંદર તમામ વિરોધ પક્ષના મિત્રો પણ મારી સાથે સંમત થશે માનનીય અધ્યક્ષશ્રી, કારણ કે તે બધા જ પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા છે. આ અમારો એકલાનો ધંધો નહીં હવે તો સર્વેનો ધંધો થઇ ગયો છે, તમામ લોકોનો ધંધો થઇ ગયો છે. માટે આ ધંધામાં સો ટકા મને વિશ્વાસ છે કે મને સમર્થન આપશે એવી મારી લાગણી છે.

મહિલા જૂથોની અંદર પણ, સ્વસહાય જૂથો છે તે જૂથોમાં પશુપાલક મહિલાઓ માટે ત્રણ વર્ષ માટે ત્રણ ટકા વ્યાજથી સહાય આપવાનું રાજય સરકારે શરૂ કરેલ છે. આ બધું જોવા જઇએ તો આ વખતના બજેટની અંદર ખૂબ સરસ ગરીબના ઘર સુધી, છેવાડાના માનવી સુધી પહોંચવા માટેનો પ્રયત્ન કર્યો છે. સૌનો સાથ સૌનો વિકાસ, બધાને સાથે લઇને ચાલવાનો પ્રયત્ન કર્યો છે તે બજેટની અંદરથી ફલિત થાય

છે. સારી ઓલાદના પશુઓ મળી રહે, સારી ઓલાદની ગાય મળી રહે, સારી ઓલાદની ભેંસ, ગીર, કાંકરેજ, કચ્છની બન્ની, મહેસાણી, જાફરાબાદી મળી રહે આવા સારી ઓલાદના અને દેશી ઓલાદના પશુઓ મળી રહે, જે શંકર ગાય બહારથી લાવીએ છીએ. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ બાકી છે.

અધ્યક્ષશ્રી : તમને મિનિટ આપી એટલી જ હું આપું છું. માનનીય ભરતભાઇ પટેલ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બહેન શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં ચાલતી સરકારના નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ૨૦૧૪–૧૫નું વિકાસલક્ષી બજેટ રજૂ કરેલ છે તેમને હું મારું સમર્થન આપું છું અને ગ્રામ વિકાસ બાબતમાં ચર્ચા કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની છ કરોડ પૈકીની વસ્તીમાંથી ૬૦ ટકા વસ્તી ગુજરાતના ગામડાંઓમાં વસે છે. ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર કુલ ૧ લાખ ૯૬ હજાર ૨૪ ચોરસ કિલોમીટર છે. જેમાં ૧૬૦૦ કિલોમીટર દરિયાઇ કાંઠો છે. રાજયમાં કુલ ૧૮૫૩૫ ગામડાંઓ આવેલા છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા કે સાચું ભારત ગામડાંમાં વસે છે. ૨૧મી સદીના પ્રથમ દાયકામાં આપણા દેશની ૭૫ ટકા વસ્તી ગામડાંમાં વસે છે. ભારત એટલે ગામડાંનો દેશ. સાચા ભારતના દર્શન કરવા હોય તો ગામડાંમાં જવું પડે. આ જ ગામડાંનો સર્વાંગી વિકાસ કરીશું તો ગુજરાત સમૃદ્ધ બનશે. દેશ સમૃદ્ધ બનશે. ગામડાં ટકશે તો રાષ્ટ્ર ટકશે તે નિર્વિવાદ સત્ય છે. ગાંધીજીની માફક સરદાર વલ્લભભાઇના પણ આ જ વિચારો હતા. તેમને ગામડાં પ્રત્યે વિશેષ ચિંતા હતી. તેમણે પણ ગામડાંનાં ઉદ્ધાર માટે અનેક વિચારો વહેતા મૂકયાં હતાં. આદર્શ ગામ કેવું હોવું જોઇએ, ગામમાં પાકી સડક હોવી જોઇએ. ગામમાં હાઇસ્કૂલ, સ્કૂલો હોવી જોઇએ. ગામમાં લાઇટની સુવિધા હોવી જોઇએ, પાણીની સુવિધા હોવી જોઇએ. આ બધી બાબતોને ઘ્યાનમાં લઇને સૌનો સાથ અને સૌનો વિકાસના સૂત્રને લઇને ચાલતી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના નેતૃત્વવાળી સરકારે અને નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ગ્રામ વિકાસ માટે ૨૦૧૪–૧૫ના વર્ષમાં કુલ્લે ૨૩૧૧ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે. બીજા વિભાગની કરોડો રૂપિયાની ગ્રાન્ટ આ ગ્રામ વિકાસ સાથે સંકળાયેલી છે. જેથી ગામડાંને જરૂર લાભ મળશે. ગામ કયારે સમૃદ્ધ બને? જો ગામના લોકો જીવન જરૂરિયાતની ચીજો ગામડાંમાંથી જ મળી રહે, ધંધો રોજગાર ગામડાંમાંથી મળી રહે તો ગામડું સમૃદ્ધ કહેવાય. ગુજરાત સરકારે ગ્રામ વિકાસને ઘ્યાનમાં લઇને વિકાસલક્ષી બજેટ બહાર પાડ્યું છે. આપશ્રીએ પણ ૨૦૦૯–૧૦ના વર્ષમાં નાણામંત્રી તરીકે વિકાસલક્ષી બજેટ બહાર પાડ્યું હતું. ત્યારપછી પૂર્વ મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના શાસનમાં પણ દરેક નાણામંત્રીએ વિકાસલક્ષી બજેટ રજૂ કરવાને પરિણામે ગતિશીલ સરકારે વિકાસલક્ષી યોજના ઘડી તેના લીધે ગામડાં વિકસિત થઇ રહ્યા છે.

૧૯૯૫ પહેલાંનુ શાસન અને ૧૯૯૫ પછીનું શાસન એમ બે ભાગલા પાડીએ તો ૧૯૯૫ પહેલાંના ગામડાં કેવા હતા? પાણી વગરનું ગામડું, રસ્તા વગરનું ગામડું, લાઇટ વગરનું ગામડું, રોજગારી વગરનું ગામડું, સૂકી ખેતીવાળું ગામડું, શિક્ષણ વગરનું ગામડું, બસ સુવિધા વગરનું ગામડું. ગરીબાઇથી ત્રસ્ત ગામડું, આ હતી ૧૯૯૫ પહેલાંની સ્થિતિ. હવે ૧૯૯૫ પછી અત્યાર સુધીની સરકારનો સુધારો તમે જૂઓ સમૃદ્ધ ગામડું, લાઇટથી ઝગમગતું ગામડું, વિકાસશીલ ગામડું, પાકા રસ્તાવાળું ગામડું, શિક્ષિત ગામડું, ગામડે ગામડે સ્કૂલ અને હાઇસ્કૂલવાળું ગામડું, ખેતી અને હરિયાળીવાળું ગામડું, ડેરી વિકાસવાળું ગામડું, આ બધું ભારતીય જનતા પાર્ટીની સરકારના સબળ નેતૃત્વ અને પ્રખર નેતૃત્વ અને સુવ્યવસ્થિત આયોજન થકી થયું છે. ગામડાંઓનો વિકાસ બીજા વિભાગના કરોડો રૂપિયાની વિકાસલક્ષી યોજનાઓના થકી થયો છે, એ રીતે ગામડાંઓને પણ લાભ થઇ રહ્યો છે, કૃષિ વિભાગ, પશુપાલન વિભાગ, ડેરી વિભાગ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગામડાંઓમાં અનેક પ્રકારે વિકાસના કામો થઇ રહ્યા છે અને ગામો વિકાસ કરી રહ્યા છે.

હું પણ વલસાડ તાલુકાના એક ગામડાંમાંથી આવું છું. વલસાડ તાલુકાના એક ગામમાં દસ વરસ સરપંચ રહી ચૂક્યો છું, પાંચ વરસ તાલુકા પંચાયતનો સભ્ય રહી ચૂક્યો છું, ત્યારે તે સમયે ૨૦,૦૦૦ કે ૫૦,૦૦૦ રૂપિયાની ગ્રાન્ટ મળે તો અમે ખુશ થઇ જતા હતા, પરંતુ આજની ભારતીય જનતા પાર્ટીની સરકારે

દરેક ગામડાંને આર્થિક રીતે સમૃદ્ધ કર્યા છે, દરેક ગામોને લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ મળી રહી છે, આજે ગામનો કોઇપણ સરપંચ એક લાખ રૂપિયાથી પાંચ લાખ રૂપિયા સુધીનું કામ કરી શકે એવી ક્ષમતાવાળો થયો છે, ગામોમાં રહેતા બી.પી.એલ.ના લાભાર્થીઓને સરદાર આવાસ યોજના હેઠળ સાત લાખ લોકોને ઘર આપ્યા છે, ગુજરાત સરકારે સરદાર આવાસ યોજના-૨ બહાર પાડી છે એમાં બી.પી.એલ. હોય કે ના હોય છતાં પણ તેના લાખ્ખો પરિવારને આ સરદાર આવાસ યોજનાનો લાભ મળવાનો છે, ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં દસ વરસથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન થઇ રહ્યું છે અને ૧૦૯૮ ગરીબ કલ્યાણ મેળામાં ૮૧ લાખ લાભાર્થીઓને ૧૨૦૦૫ કરોડ રૂપિયાની સહાય આપી ગુજરાત સરકારે પારદર્શકતાથી ગામમાં ગરીબ પરિવારોને ઉદ્યોગોના કીટ્સ આપ્યા છે બીજા સાધનો આપ્યા છે અને આર્થિક રીતે સમૃદ્ધ કર્યા છે, આજે ગામડાંની પ્રજા અણસમજું રહી નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી ૨૦૧૪-૧૫ની સાલનું બજેટ લઇને આવ્યા છે. આ બજેટ ઉપર આપના મારફત મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

ગુજરાત રાજ્યની અંદર બનાસકાંઠા જિલ્લો એ સરહદી જિલ્લો છે. આર્થિક, સામાજિક શૈક્ષણિક રીતે પછાત જિલ્લો છે. મારી આપના મારફતે નાણામંત્રીશ્રી પાસે માગણી છે કે આ બનાસકાંઠા જિલ્લાને ખાસ પછાત જિલ્લા તરીકેનો દરજ્જો આપી એના વિકાસ માટે કામો કરવામાં આવે. રાજ્યના બીજા જિલ્લાઓની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લામાં વિકાસનું કામ કરવાનું ઘણું બાકી છે. જિલ્લાની અંદર મુખ્યત્વે દાંતા અને અમીરગઢ તાલુકા ટ્રાયબલના તાલુકા છે, આદિવાસીઓની અને આદિજાતિની વસતિ છે, એના પછીના બાકીના તાલુકાઓની અંદર અનુસૂચિત જાતિ અને વિકસતી આર્થિક રીતે પછાત જાતિની વસતિ છે. આ જિલ્લો મોટાભાગે ખેતી આધારિત જિલ્લો છે, વરસોવરસ ઓછાં વરસાદના કારણે જિલ્લાના ૭૫ ટકા વિસ્તારમાં ભૂગર્ભમાં પાણી રહ્યા નથી, બીજા જિલ્લાની સરખામણીમાં શૈક્ષણિક રીતે જે વિકાસ થવો જોઇએ તે થયો નથી. ગઇ સાલ માનનીય નીતિનભાઇ બજેટ લઇને પધાર્યા હતા, તે વખતે એમ પણ કહેવામાં આવ્યુ હતું કે બનાસકાંઠા જિલ્લાનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. મારી આ ગૃહને ફરીથી વિનંતી છે કે, બનાસકાંઠા જિલ્લાની અંદર શૈક્ષણિક રીતે જે કામ કરવાનુ બાકી છે હું દાખલા સાથે કહું દા.ત. ધાનેરા, થરાદ, વાવ તાલુકાની અંદર અનુસૂચિત જાતિની વ્યાપક પ્રમાણમાં વસતિ છે ત્યાં અમે કુમારના અને કન્યાના છાત્રાલયોની માગણી કરી છે. રાજયની અંદર બીજે જે છાત્રાલયો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને જે છાત્રાલયો આપવામાં આવ્યા છે ધાનેરાની અંદર છૂટા-છવાયા આદિવાસીઓની ૨૫ થી ૩૦ હજારની વસતિ છે છતાં એક પણ કુમાર છાત્રાલય કે કન્યા છાત્રાલય સૌરભભાઇ, આપે બજેટની અંદર મંજૂર કર્યુ નથી. જે પછાત લોકોને, આદિજાતિના લોકોના વિકાસ માટે આ જમાનાની અંદર કરવુ જોઇએ તે થયુ નથી. જિલ્લાની અંદર પ્રાથમિક શિક્ષણનો જે પાયો છે રાજયમાં શિક્ષણમાં બનાસકાંઠા જિલ્લો સૌથી પછાત છે એ પાયો મજબૂત કરવા માટે ધોરણ-૮માં અંગ્રેજી અને ગણિતના જે શિક્ષકો છે તે બધી જગ્યાઓ ખાલી છે. સાયન્સની અંદર ૧૧-૧૨ના પ્રવાહો જિલ્લામાં ચાલે છે તેમાં ૧૧-૧૨ના જે મંજૂર થયેલ વિજ્ઞાન પ્રવાહ છે તેમાં એક પણ શિક્ષકની જે નવા બે વર્ષમાં વર્ગો મંજૂર કર્યા છે તેમાં એક પણ શિક્ષક સરકારશ્રીએ મૂકયો નથી આ રેકર્ડ ઉપરની હકીકત છે. મારી આપના મારફતે ખાસ વિનંતી છે રાજય સરકારને અને નાણામંત્રીશ્રીને અને શિક્ષણ મંત્રીશ્રીને કે આ જે ત્રૂટી છે તે વહેલામાં વહેલી તકે દૂર કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની બાબતમાં જિલ્લાનો ૭૫ ટકા જે વિસ્તાર છે, જમીન છે તે જમીનમાં હવે પાણી રહ્યું નથી. પીયતના કોઇ સાધનો ઉપલબ્ધ નથી. જે આગોતરુ આયોજન કરવું જોઇએ અને દાંતીવાડા, હળબતીયા, મુકતેશ્વર અને સીપુ ડેમ એ ડેમની અંદર નર્મદાનું પાણી નાંખવાની જે કામગીરી કરવી જોઇએ, તે ઝડપથી થતી નથી. જો નજીકના ભવિષ્યમાં એકાદ બે વર્ષમાં આ કામગીરી કરવામાં નહીં આવે તો આવનારા દિવસોની અંદર જિલ્લાની મોટાભાગની ૭૫ ટકા વસતિ જે ખેતી ઉપર પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે તેને હિજરત કરવી પડશે એવા સંજોગો ફરી ઉભાં થયા છે. આપણે વાત આરોગ્યની કરી હમણાં આપણાં માનનીય પરબતભાઇ સાહેબ આરોગ્યની વાત કરતા હતા મારે સાહેબ આપના મારફતે સરકારશ્રીનું ધ્યાન દોરવું છે કે જિલ્લાની અંદર સાહેબ, બનાસકાંઠા જિલ્લાની અંદર વધારેમાં વધારે કુપોષણના કેસો છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : તો આ કેસોને પણ ધ્યાનમાં રાખી અને જિલ્લાનો આરોગ્યના ક્ષેત્રે કેવી રીતે વિકાસ થાય. એક જ સિવિલ હોસ્પિટલ જિલ્લાની અંદર પાલનપુરમાં આવેલી છે અને બીજી ડીસામાં આવેલી છે તો તેનો વિકાસ કરવો જોઇએ. ત્યાં ડોકટરોની જે જગ્યા ખાલી છે તે ભરવી જોઇએ, જે સાધનો મૂકવા જોઇએ તે આરોગ્ય વિભાગ તરફથી મૂકવામાં આવતા નથી જેના કારણે નાની નાની બાબતોમાં પણ લોકોને દવા કરાવવા માટે અમદાવાદ સુધી આવવું પડે છે. આખા રાજયમાં જિલ્લે જિલ્લે જુદા જુદા પ્રકારની કોલેજો છે. બનાસકાંઠા જિલ્લાના વિકાસ માટે અગાઉ પણ અમે મેડિકલ કોલેજની માગણી મૂકેલી હતી. અત્યારે આખા જિલ્લાની જનતાની માગણી છે કે, વહેલામાં વહેલી તકે બનાસકાંઠા જિલ્લાના વિકાસ માટે, સુખાકારી માટે બનાસકાંઠા જિલ્લાની અંદર મેડિકલ કોલેજ તાત્કાલિક અસરથી સરકારશ્રી મંજૂર કરે એવી અમારી માગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી જે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી છે એ ઉત્તર ગુજરાતના વિકાસ માટે એની સ્થાપના કરવામાં આવી હતી. મેં પ્રભારી મંત્રીશ્રીને અને ખેતી મંત્રીશ્રીને વારંવાર લેખિત રજૂઆત કરી છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની અંદર વાઇસ ચાન્સેલરની જગ્યા વર્ષોથી ખાલી છે આઠ ફેકલ્ટીઓના જે મુખ્ય વડાઓ છે એની જગ્યાઓ ખાલી છે. અત્યારે ત્યાં ડેરી ટેકનોલોજી કે વેટરનરી કોલેજ છે એની અંદર ભણાવવા માટે એક પણ પ્રોફેસર નથી, ખાલી વિદ્યાર્થી સ્કૂલમાં ભણવા જાય છે અને પાસ કરીને (અંતરાય) આ બેઠા જેઠાભાઇ, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની અંદરથી કોઇ ડેરી ટેકનોલોજી કરેલો વિદ્યાર્થી કે વેટરનરી કરેલો વિદ્યાર્થીને પસંદ જ કરતા નથી કારણ કે વિદ્યાર્થીઓને વગર પ્રોફેસરે પાસ જ કરવામાં આવે છે .

શ્રી નીતિનભાઇ ર. પટેલ(આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મેં વચ્ચે લીધું છે, કેમકે નવા માનનીય રાજયપાલશ્રી આવે છે એમને આવકારવા જવાનું છે એટલે મેં મારું પ્રવચન વહેલું લીધું છે. •(xxxxxx)

માનનીય અધ્યક્ષશ્રી, આજે અંદાજપત્રની સામાન્ય ચર્ચાનો પ્રથમ દિવસ છે અને (અંતરાય) નહીં, નહીં, (xxxxxx) એમાં શું વાંધો છે? (અંતરાય) નહીં, નહીં, રેકર્ડ ઉપર રહે. (xxxxxx)

અધ્યક્ષશ્રી : ભાઇ, રહે કે ન રહે, ફેર નથી પડતો, પણ રેકર્ડ ઉપરથી આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪-૧૫નું બજેટ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે રજૂ કર્યું છે, એની સામાન્ય ચર્ચા જે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી દ્વારા શરૂ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટ કોને કહેવાય, બજેટ શાના માટે હોય, બજેટના લાભાર્થી કોણ અને ગુજરાત રાજયની છ કરોડ જનતા રાજયમાં કરવેરા તરીકે જે રકમ ભરે છે. નાનામાં નાના વેપારીથી માંડીને મોટામાં મોટા ઉદ્યોગપતિ સુધી, નાનામાં નાની ભાગીદારી પેઢીથી માંડીને મોટામાં મોટા કોર્પોરેટ હાઉસ સુધીની જે આવક રાજય સરકારની તિજોરીમાં જમા થાય છે, એ રકમ પ્રજાની રકમ છે, પ્રજા સુધી એને વિવિધ યોજનાઓ તરીકે વિવિધ લાભો આપવા માટે, વંચિતોનો વિકાસ કરવા માટે, ગરીબોને મદદરૂપ થવા માટે, બેઘરોને ઘર આપવા માટે, બેરોજગારોને રોજગારી આપવા માટે, ઓછું ભણેલા અશિક્ષિત લોકોને વધુ ઉચ્ચ શિક્ષણ આપવા માટે, શહેરની અંદર રાજયની અંદર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટે, નાનામાં નાના આદિવાસી પેટા પરાંથી માંડી અમદાવાદ શહેર જેવા મહાનગર સુધી પ્રજાને બધી જ રીતે લાભ થાય એ રીતે બજેટ કેવી રીતે બનાવવું, રાજય સરકારના વિવિધ વિભાગોમાં કેવી કામગીરી માટે કેટલી રકમ ફાળવવી એ કામ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેનના સાનિધ્યમાં પરામર્શમાં માર્ગદર્શનથી અમારા નાણા મંત્રીશ્રી માનનીય સૌરભભાઇ પટેલે જે કર્યું છે એ માનનીય અધ્યક્ષશ્રી, આ બે ભાગની ચોપડી છે, ક અને ખ, તો એમાં ક ના પાના જે છે એના ફક્ત ૩૬ પાના છે. આ ૩૬ પાના આ સભ્યશ્રીઓ વાંચી જાય તો હું ગેરંટીથી કહું છું કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીથી માંડીને આ તમામ સભ્યશ્રીઓ એક અવાજે આ બજેટને સમર્થન આપે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કારણ કે સમાજનો કોઇ વર્ગ એવો બાકી નથી, સમાજનો કોઇ વિસ્તાર એવો બાકી નથી, ગુજરાતનો કોઇ એવો ભૌગોલિક વિસ્તાર બાકી નથી કે જેને આ બજેટમાં અમારી સરકારે વધુને વધુ લાભ આપવા માટેનો સતતને સતત પ્રયત્ન ના કર્યો હોય. અમને તો એમ કહેવાયને કે, ગળથુથીમાંથી જ મળેલું છે. ભારતીય જનતા પક્ષે ૧૯૯૫માં ગુજરાતમાં કોંગ્રેસ પાસેથી પ્રજાના સહયોગથી, પ્રજાના આશીર્વાદથી શાસન મેળવ્યું અને આજે ૨૦૧૪ સુધી સતત ગુજરાતની પ્રજાએ અનેક રીતે ભારતીય જનતા પક્ષને મદદ કરી છે. માનનીય નરેન્દ્રભાઇ જેવા કુશળ વહીવટકર્તા, પારદર્શક વહીવટકર્તા, દીર્ઘદર્શક વહીવટકર્તા અને પ્રજાના સૌથી વધુ વિશ્વાસપાત્ર એવા નેતા તરીકે ૧૩ વર્ષ સુધી એમણે અમને બધાને જે માર્ગદર્શન આપ્યું છે અને એ ચીલો અમને જે આપ્યો છે એ ચીલા ઉપર ચાલીને અમે આ ગુજરાતનું બજેટ માનનીય સૌરભભાઇએ જે રજૂ કર્યું છે એને આપણે સૌ સમર્થન આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક પ્રશ્નો હોઇ શકે, કેટલાંક સૂચનો હોઇ શકે, પરંતુ એની રજૂઆત કરવાની પદ્ધતિ એ એક અૌંશ ખોટી હોય અને એ સો ટકા ખોટી કહે એ વાજબી અને યોગ્ય નથી. મારે કોઇ રાજકીય રીતે વાત કરવી નથી અને હું એમાં મારો સમય પણ આપવા માગતો પણ નથી, કારણ કે ગુજરાતની પ્રજાએ જેટલી પરીક્ષાઓ લેવાઇ એ બધી જ પરીક્ષાઓમાં અમારા ભારતીય જનતા પક્ષને અને છેલ્લામાં છેલ્લે તો ૨૬ માંથી ૨૬ એટલે કે સો ટકા માર્કસ આપીને પાસ કર્યા છે ત્યારે ગુજરાત રાજયનું વિકાસનું મોડેલ એ આખા દેશમાં હવે પ્રસ્થાપિત થઇ ચૂકયું છે. બધા ગુજરાતીઓને આપણને સૌને આનંદ થાય કે માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા અને જે પોતે વચનો આપ્યાં છે એ નરેન્દ્રભાઇ મોદી માટે અને અમારા પક્ષ માટે અમે હંમેશાં કહીએ છીએ કે જે અમે જે કામ શરૂ કરીએ છીએ, જેનું અમે ખાતમુહૂર્ત કરીએ છીએ, એનું અમે જ ઉદ્ઘાટન કરીએ છીએ. આ વાતોને વાતો તરીકે નહીં પણ અમે લોકસભાની ચૂંટણી પહેલાં અહીં બેઠેલા તમામ કાર્યકરો અને ધારાસભ્યશ્રીઓએ પ્રજાને કહ્યું હતું કે આ કોંગ્રેસની સરકારે યુ.પી.એ.ની સરકારે છેલ્લા ૬ વર્ષથી જે •(xxxxxx) અને નર્મદાની ઉંચાઇ વધારવા માટે મંજૂરી આપતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, હવે એ બધું જવા દો ને.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ આ તો જે હકીકત છે એ જ હું કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, નહોતી આપી એ જવા દો અને લાવ્યા એ કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ નર્મદા યોજનાનો વિષય મૂકયો છે, શ્રી શંકરસિંહજીએ આ વાત કરી છે અને મારે એનો પ્રત્યુત્તર આપવાનો છે.

અધ્યક્ષશ્રી :હા, બોલ્યા હતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ (અંતરાય) (xxxxxx)એ તો રેકર્ડ ઉપર છે

અધ્યક્ષશ્રી : હા, હવે આગળ જવા દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ સારું સાહેબ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, (xxxxxx) એ શબ્દો દૂર કરવા જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ એ તો આખું ગુજરાત જાણે છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx)એ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ છૂપાવી રાખી એમ. સાહેબ, અમે પ્રજાને વચન આપેલ કે માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બનશે એના ટૂંક સમયમાં જ ગુજરાતની જીવાદોરી કહી કહીને આ સભામાં એક લાખ વખત બધા ધારાસભ્યશ્રીઓને બોલાવીશું. આપણે બોલ્યા છીએ અને આપણા પહેલાંના પણ બોલ્યા છે. કેટલીક વાતો થઇ હશે, પરંતુ આજે ઉંચાઇ વધારવાનું કામ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ મંજૂર કર્યુ અને માનનીય આનંદીબેન મુખ્યમંત્રી બન્યા પછી કેન્દ્ર સરકારના દરેક મંત્રીશ્રીને મળ્યા તેમાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગુજરાતના પડતર પ્રશ્નો અને ગુજરાતની માગણીઓ જે વર્ષોથી અગાઉની સરકાર કાને ધરતી નહોતી, ગુજરાતને •(xxxxxx)એને ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત બદલો લેવાનો સમય....

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, ટીકાત્મક વાતો રહેવા દો. (xxxxxx) એ રહેવા દો અને પોઝીટીવ બોલો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ રાજપૂતઃ આ (xxxxxx) એ શબ્દો દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ કાઢી નાંખ્યા છે, ભાઇ તમે બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ જે પડતર કામો હતાં એ કામોની મંજૂરી આપણને મળવાની થઇ ગઇ હતી. જે કામો પડતર હતાં એ પૂર્ણ થવા માંડયાં છે. એવો ખેડૂતોનો પ્રશ્ન હતો. પાક વીમા યોજનાનું પ્રિમિયમ અગાઉની સરકારે જે સાડા ત્રણ ટકા સુધી મેકસીમમ પ્રિમિયમ હતું એ ૧૫ ટકા સુધી કર્યુ હતું. લોકસભાની ચૂંટણી પહેલાં અમારા કૃષિ મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાએ છાપામાં જાહેર ખબર આપી હતી અને ખેડૂતોને નોટિસ આપી હતી કે આ ૧૫ ટકા પ્રિમિયમ થયું છે એ અમે રદ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદાની ઉંચાઇ વધી, ખેડૂતોના માટેની પાણીની કામગીરી શરૂ થશે, લોકોને પીવાનું પાણી મળશે, પશુપાલન માટે પાણી મળશે અને જયાં પાક વીમાનું ખાનગી કંપનીઓને જે રજીસ્ટ્રેશન કરાવીને અને વીમો લેવાનું ફરજીયાત બહુરાષ્ટ્રીય કંપનીઓમાં જે કર્યુ હતું, એમાંથી છૂટકારો પણ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતને આપી દીધો છે અને આ ગૃહને આપણને ૬ કરોડની ગુજરાતની જનતાને સૌને વિશ્વાસ છે કે હજી તો શરૂઆત છે. નરેન્દ્રભાઇને વડાપ્રધાન બને હજુ તો ૩૦-૪૦ દિવસ જ થયા છે. હવે તમે જોજો કે જેમ જેમ જેમ બજેટ આવશે અને જેમ જેમ યોજનાઓ મંજૂર થશે અને તમે કલ્પના પણ નહીં કરી શકો એટલો ગુજરાતની જનતાને લાભ મળવાનો છે.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ નર્મદા યોજનાની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, ૯૦૦૦ કરોડ રૂપિયા માનનીય સૌરભભાઇએ નર્મદા યોજનાનું બાંધકામ આગળ વધારવા માટે ફાળવ્યા છે અને આમ ૯૦૦૦ કરોડ જેવી માતબર રકમની જોગવાઇ કરી છે. એક જમાનામાં કોંગ્રેસની સરકારનું આખું બજેટ ૯૦૦૦ કરોડ રૂપિયાનું નહોતું થતું. આજે અમારી સરકારે એ મંજૂર કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રી અને માનનીય બીજા ધારાસભ્યશ્રીઓને હું ફરીથી વિનંતી કરું છું કે આજે ઘરે જઇ અને પહેલું કામ આ પુસ્તિકા વાંચી લેવાનું કરે, એમાં બધું જ તમારી પાસે સાહિત્ય આવી જવાનું છે.

વિપક્ષના નેતાશ્રીએ કહ્યું કે નર્મદા યોજનાનું કામ ખોરંભે પડયું છે અને પ્રજાને પાણી પહોંચતું નથી. પણ હું જણાવું કે નર્મદા યોજનાની આ વખતે જે જોગવાઇ કરી છે એમાં ૯૦૯૧ કરોડ રૂપિયાના ૨૩૨ કામો અત્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધીના ચાલુ છે. આ વર્ષે સૌરાષ્ટ્ર વિસ્તારની કેનાલોના કામો માટે ૧૪૦૬ કરોડ રૂપિયા, ઉત્તર ગુજરાત માટે ૧૪૨૨ કરોડ રૂપિયા અને કચ્છ વિસ્તાર માટે, અમારા કચ્છના જાગૃત ધારાસભ્યોની રજૂઆતો છે તેના કારણે ૧૧૩૮ કરોડ રૂપિયા આ નર્મદાના કામોને આગળ વધારવા માટે જોગવાઇ કરવામાં આવી છે. એ સિવાય જળસંપત્તિ વિભાગ છે એમાં ૩૫૭૦ કરોડ રૂપિયાની માતબર રકમની નાણામંત્રીશ્રીએ જોગવાઇ કરી છે.

માનનીય રાઘવજીભાઇએ સૌ ની યોજનાની વાત કરી, અત્યારે અહીં ઉપસ્થિત નથી, પણ આ સૌની યોજના આ રાજય સરકારે જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે નકકી કરેલું કે નર્મદાનું વધારાનું પાણી એક મિલિયન એકર ફૂટ ઉત્તર ગુજરાતને, એક મિલિયન એકર ફૂટ સૌરાષ્ટ્રને અને એક મિલિયન એકર ફૂટ કચ્છને ફાળવી આપવું, ઉત્તર ગુજરાતમાં ખેડા જિલ્લાના કપડવંજથી શરૂ કરીને સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા આ જિલ્લાઓમાં સૂઝલામ સુફલામ યોજનામાં નર્મદાના પાણી નાખીને તળાવો ભરવાનું અને પીવાના પાણી પહોંચાડવાનું કામ સફળતાપૂર્વક સાત આઠ વર્ષથી પૂર્ણ કરેલ છે. નર્મદા યોજનાના પાણી આપણે છેક સાબરકાંઠા અને પાટણ જિલ્લા સુધી ધરોઇ ડેમ સુધી પહોંચાડયા છે. એવી જ રીતે હવે તબકકો ચાલુ થયો છે સૌરાષ્ટ્ર માટેનો, સૌ ની જે પાઇપલાઇન અમે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મંજૂર કરી એના કામો માટે આ વખતે ખૂબ મોટી ૧૨૯૬ કરોડ રૂપિયાની જોગવાઇ માનનીય નાણા મંત્રીશ્રીએ કરી છે. સૌરાષ્ટ્રમાં ડેમોમાં પાણીની અછત હોય ખેડૂતોનો પાક સૂકાતો હોય એવા વખતે કમાન્ડ વિસ્તારમાં પાણી પહોંચાડવા માટે આ જોગવાઇ કરવામાં આવી છે. મને જણાવતા આનંદ થાય છે કે ચાર લીંક કેનાલો કરી છે અને ચારેય લીંક કેનાલના કામ પૂર જોશમાં સાઇટ ઉપર ચાલુ છે અને તેનો લાભ આવનારા સમયમાં તબકકાવાર સૌરાષ્ટ્ર વિસ્તારના જિલ્લાઓને અને પ્રજાને મળવાનો છે. સૌરાષ્ટ્રમાંથી દૂષ્કાળમાં હિજરત થતી હતી તે સૌરાષ્ટ્રના બધા જ વિસ્તારોને પીવાનું પાણી અમારી સરકારે પહોંચાડી દીધું છે. હવે સિંચાઇ માટેનું પાણી પણ અમારી સરકાર પહોંચાડવાની છે.

એ જ રીતે પૂર્વ પટ્ટીનો જે વિસ્તાર છે, આદિવાસી પટ્ટી, અંબાજીથી શરૂ કરીને ઉમરગામ સુધીનો વિસ્તાર એમાં આંતરીયાળ વિસ્તાર, ડુંગરાળ વિસ્તાર અને પહાડી વિસ્તાર હોય ત્યાં મોટી સિંચાઇ યોજનાઓ બનવાપાત્ર નથી, જે નદીઓ ઉપર ડેમ બનાવવા પાત્ર હતા તેવા ઉકાઇ, કરજણ, કડાણા બધા ડેમો બન્યા છે, સાબરકાંઠામાં પણ ડેમ બન્યા છે. છતાં આદિવાસી વિસ્તારના ખેડૂતો માટે સિંચાઇના પાણીની જે તકલીફ પડે છે તેનું નિરાકરણ કરવા માટે ફકત આદિવાસી વિસ્તાર માટેની સો ટકા વિસ્તાર માટે ૩૯૧ કરોડ રૂપિયાની જોગવાઇ પણ આમાં કરી છે. અમે ૩૩ કરોડ રૂપિયા તો ફકત પમ્પીંગ કરીને પાણી ઉપાડવા માટે ફાળવ્યા છે. એ પછી નર્મદા કેનાલ હોય કે નર્મદા યોજનાનો મૂળ ડેમમાંથી પાણી ઉપાડીને આદિવાસી ખેડૂતોને ખેતી માટે તથા પશુપાલન માટે જે પાણીની જરૂરિયાત છે એ પૂરી પાડવા માટેના કામો હાથ ઉપર લીધા છે. એવી જ રીતે ફકત આદિવાસી વિસ્તારમાં ચેકડેમો બનાવવા, તળાવો ઉંડા કરવા માટે ૪૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હું આ ફકત આદિવાસી વિસ્તાર પૂરતી જ વાત કરી રહ્યો છું. એ સિવાય જયાં આગળ દરિયાનું ધોવાણ થાય છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રનો કેટલોક વિસ્તાર ત્યાં ખેડૂતોની કિંમતી જમીનો ધોવાઇ જાય છે, ગામો ધોવાઇ ન જાય, ઘરો ધોવાઇ ન જાય, દરિયો આગળ ન વધે એના માટે ૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં દરિયાથી થતું ધોવાણ અટકાવવા માટે, ક્ષાર આગળ વધતો અટકાવવા માટે ૧૦૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હજી આ કામની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે એટલે આ વર્ષે નજરમાં નહિ.

એ જ રીતે કલ્પસર યોજનાનું કામ પણ અમારી સરકાર આગળ વધારી રહેલ છે. ભરૂચ પાસે ભાડભૂત યોજના બનાવવાના કામ માટે ૯૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. તેમ છતાં બધા જ માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે ગમે તેટલું કરીએ પરંતુ કુદરતી રીતે પાણી મળે છે એટલું જ મળે છે, જયારે આપણી વસતિ બે માંથી ત્રણ કરોડ, એમાંથી પાંચ કરોડ અને એમાંથી આઠ કરોડ થવાની, કુદરતી રીતે ભગવાન પાણી આપવાના છે એ જ રીતે આપવાના છે એ નહિ જૂએ કે વસતિ વધતી જાય છે એટલે પાણી વધારે જોશે પરંતુ ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વરસાદ આવવાનો છે એટલા માટે પાણીનો પૂરેપૂરો સદુપયોગ થાય ડ્રીપ ઇરિગેશન, ટપક સિચાઇ પદ્ધતિનો વધારેમાં વધારે ફેલાવો થાય એના માટે રાજય સરકારે આ યોજનાને ખૂબ અગ્રતા ઉપર લીધી છે એનું અત્યાર સુધીમાં ખૂબ સારું પરિણામ આપણને મળ્યું છે અને આખા દેશમાં ટપક સિંચાઇ પદ્ધતિમાં ગુજરાત પહેલા બીજા નંબરે રહેલ છે. આની અંદર પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરીને ઓછા પાણીએ વધારે સારી ખેતી અને ઉત્પાદન મેળવવા માટે જે જી.જી.આર.સી. કંપની બનાવી છે એના દ્વારા આદિવાસી ભાઇઓને ૭૫ થી ૮૦ ટકા સબસિડી જયારે સામાન્ય ખેડૂતોને ૫૦ ટકા સબસિડી આપીએ છીએ. એ સિવાય પણ ઓછા વ્યાજે સરકાર તરફથી બેંકોમાંથી લોન અપાવીએ છીએ. એટલા માટે આ વર્ષે જી.જી.આર.સી. કંપની રાજયમાં ટપક સિચાઇ પદ્ધતિનો ખેડૂતો વધારે ઉપયોગ કરે એટલા માટે થઇને અત્યાર સુધી જે રકમ ફાળવતા હતા એમાં આ વર્ષે એક સાથે ૨૦૦ કરોડ રૂપિયાનો વધારો કર્યો છે અને કુલ ૬૬૬ કરોડ રૂપિયા ડ્રીપ ઇરિગેશન માટે ફાળવ્યા છે. જે ખેડૂતો ટપક કે ફુવારા પદ્ધતિ નાખે એને ૫૦ થી ૯૦ ટકા સબસિડી આપવાની અમારા નાણામંત્રીશ્રીએ જોગવાઇ કરી છે.

અહીંયા વિરોધપક્ષના નેતાશ્રીએ પોતાના પ્રવચનમાં કૃષિ ઉત્પાદનની વાત કરી પરંતુ એ મારા ગળે ઉતાર્યું નહિ. બાપુએ બાપુની રીતે વિગતવાર વાત કરી, પણ કંઇ સમજણ પડી નહિ. કૃષિ ઉત્પાદન અને ઔદ્યોગિક ઉત્પાદન વિશે એમણે વાત કરી કે એમાં એક ટકાનો પણ વધારો નથી થતો, જયારે અમે કહીએ છીએ કે ૧૧ ટકા થયો છે. વિરોધપક્ષના નેતા એક ટકાની વાત કરે છે, એ એમની વાત અમે સમજી શકયા નથી, તેથી તમે સમજો તો તમારા પ્રવચનમાં વિગતવાર વાત કરજો. આખા દેશનો કૃષિ વકાસ દર ૩ ટકા હતો, જયારે આપણા રાજયનો કૃષિ વિકાસ દર રાજયના ખેડૂતોની મહેનત, ગુજરાત સરકારની મદદ અને કૃષિ વૈજ્ઞાનિકોની મદદ તથા કૃષિ મહોત્સના કારણે છેલ્લા દસ વર્ષથી ૧૧ ટકા સળંગ ચાલે છે. દેશનો ૩ ટકા અને આપણાં ગુજરાતનો ૧૧ ટકા.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડે ગામડે જમીનોની કિંમત વધી. ગામડે ગામડે ખેડૂતો પાસે સાધનો આવ્યા. મોટરો, મોટરસાઇકલો, ટ્રેકટરો બીજાં સાધનો. જો ખેડૂતની આવક એક ટકો વધી હોત તો આ બધું કયાંથી આવ્યું હોત? તમારા વખતે કેમ નહોતું તે તમારી જાતને પ્રશ્ન પૂછજો.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મંત્રીશ્રીએ આ વખતે ખેતીવાડીમાં કૃષિસંલગ્ન પ્રવૃત્તિઓ માટે ૪,૬૨૪ કરોડની ખૂબ મોટી જોગવાઇ કરી છે. ભારત સરકારની એક સ્કીમ છે, રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના. તેમાં પણ આપણી સરકારે ૫૯૪ કરોડ રૂપિયાની માતબર જોગવાઇ કરી છે. ખેડૂતો ટ્રેકટર ખરીદે તો ૪૫,૦૦૦, ૫૦,૦૦૦, ૫૫,૦૦૦ સુધીની તેમને પણ સબસિડી આપવા માટે મધ્યમ વર્ગના ખેડૂતોને સહાય આપવા ૪૬ કરોડ રૂપિયાના નવા ટ્રેકટરો ખરીદવાની સબસિડી આપવાની પણ આપણે વ્યવસ્થા કરી છે. ભૂતકાળમાં આપણને ખબર છે કે નામદાર સુપ્રીમ કોર્ટે પણ ભારત સરકારને ઠપકો આપેલો. એક બાજુ રેલવે ગોડાઉન ન હોય, અનાજ સંગ્રહ કરવાની વ્યવસ્થા ન હોય. વરસાદ આવે, માવઠું થાય, એક બાજુ ગરીબ પ્રજાને ઘઉં આપવાના હોય, ચોખા આપવાના હોય, અન્ય વ્યવસ્થા આપવાની હોય એ કેન્દ્ર સરકાર આપી ન શકે અને અબજો રૂપિયાનો પાક ઉંદરડાથી માંડીને, વરસાદથી માંડીને અન્ય રીતે, કુદરતી રીતે તેનો નાશ થતો હતો તેને અટકાવવા માટે અમે વાત નથી કરી. અમારી સરકારે, માનનીય મુખ્યમંત્રી આનંદીબહેને આગ્રહ રાખેલો કે આપણે ખેડૂતો માટે પણ ગોડાઉનો બનાવવાની વ્યવસ્થા મંજૂર કરીએ અને ખેતરે ખેતરે જે ખેડૂત ગોડાઉન બનાવવા માગતા હશે તેમને સરકાર સબસિડી આપશે. તાલુકા ખરીદ વેચાણ સંઘ ખાતર ભરવું હોય, બિયારણ ભરવું હોય, અનાજ ભરવું હોય એમને જો પોતાના તાલુકા મથક ઉપર ગોડાઉન બનાવવું હશે..(અંતરાય) સાહેબ, આ બન્ને સભ્યોને કહી દો. પ્લીઝ..

અધ્યક્ષશ્રી : તમારે મારા સામું જોઇને બોલવાનું હોય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જોઉં આપની સામે, પણ તેમનો અવાજ હું રોકી શકતો નથી.

અધ્યક્ષશ્રી : મારી સામે જૂઓ તેમ હું કહું છું. બોલો તેમના સામે પણ જૂઓ મારા સામે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે ગોડાઉનો બનાવવાની વ્યવસ્થા પણ અમારી સરકારે કરી છે. ખેડૂત પોતાનું અનાજ સંગ્રહ કરી શકે, તાલુકા સંઘ ઉપર ખાતર–બિયારણ સંગ્રહ કરી શકાય અને બીજી સહકારી મંડળીમાં પણ સંગ્રહ કરી શકાય તેવી વ્યવસ્થા આપીશું. અમારા મુખ્યમંત્રી માનનીય આનંદીબહેને બજેટ બનાવતી વખતે એવું સજેશન કર્યું કે સખી મંડળની બહેનો પણ તેમનું કોઇ ઉત્પાદન સંગ્રહ કરવા ગોડાઉન બનાવવા માગતી હોય તો તેમને મદદ આપો. તો અમે પણ સખી મંડળોને મદદ કરવાનું આયોજન આમાં કરી દીધું છે. ખેતી ખાતામાં તળાવો ઉંડા કરવા, ખેત–તલાવડી બનાવવી. સીમ–તલાવડી બનાવવી. તેના માટે પણ ૨૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અમારી સરકાર ખાલી રોડ, રસ્તા, લાઇટ, પાણી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર નહીં પણ ગરીબો માટે, સામાજીક રીતે એક–એક વ્યકિતને મદદરૂપ થાય એવી સામાજીક સેવાઓ જેને કહીએ, માનવ વિકાસ સૂચક આંક. તેને ઉંચો લાવવા માટે પણ જે વ્યવસ્થા અમે કરી છે. મને જણાવતા આનંદ થાય છે કે અમારું કુલ બજેટ છે તેમાંથી ૪૮.૭૬ ટકા રકમ શિક્ષણ, આરોગ્ય, પોષણક્ષમ આહાર અને કલ્યાણકારી યોજનાઓ જેનો ૧૦૦ ટકા લાભ ફકત ગરીબોને, મધ્યમ વર્ગને, સામાજીક રીતે પછાત વર્ગોને મળે છે એ વ્યવસ્થા ૪૮.૭૬ ટકા જેટલી રકમ ફકત ગરીબો માટે અમે ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ સમાજના વિકાસના પાયાનું મહત્વનું અંગ છે. તેની કોઇ ના નથી કહેતું. આંગણવાડીથી માંડીને ઉચ્ચ ટેક્નિકલ શિક્ષણ, મેડીકલ કોલેજો, એન્જિનિયરીંગ કોલેજો આ બધું ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટે ૨૨,૭૭૪ કરોડ રૂપિયા પ્લાન અને નોન પ્લાન હેઠળ આ સરકાર શિક્ષણ માટે વાપરશે. જે બજેટની ૧૭ ટકા રકમ થાય છે. પ્રાથમિક શિક્ષણમાં શું કર્યુ છે એ પણ મારે કહેવું જોઇએ કે જેથી બહુ ભૂલી જતા હોય એમને થોડુંક યાદ રહે. અમારી સરકાર ૧૫ વર્ષથી છે. ૧૫ વર્ષની અંદર અમારી રાજય સરકારે અમારા બધા જ શિક્ષણ મંત્રીશ્રીઓએ ૧,૪૪,૮૬૪ પ્રાથમિક શિક્ષકોની ભરતી કરી છે. ૨૧૫૯ મુખ્ય શિક્ષકોની ભરતી કરી છે અને શાળાના વર્ગનું કહું તો હું ૧૯૯૦માં ધારાસભ્ય હતો અને માનનીય કરસનદાસ સોનેરી શિક્ષણ મંત્રી હતા. મેં પ્રશ્ન પૂછ્યો હતો, લાયબ્રેરીમાં છે. એ વખતે તમારી કોંગ્રેસ સરકાર વખતે હજારો શિક્ષકોની ઘટ હતી, હજારો શાળાના રૂમની ઘટ હતી. છોકરાઓ ધરમશાળામાં લીમડા નીચે બેસી અને પડારીઓમાં બેસીને ભણતા હતા. એ તમારો સમય હતો. અમારી સરકારે ૧૫ વર્ષની અંદર ૧,૦૪,૬૩૭ નવા પ્રાથમિક શાળાના રૂમ બનાવી લીધા છે જેમાં લાખો વિદ્યાર્થીઓ અત્યારે અભ્યાસ કરી રહ્યા છે. આ વર્ષે અમારા શિક્ષણમંત્રી માનનીય ભુપેન્દ્રસિંહજીએ એ જે ટાર્ગેટ રાખ્યો છે કે હયાત વ્યવસ્થાને તો વધુ ડેવલપ કરવી પણ ગરીબ પછાત વિસ્તારોની અંદર ૪૫ નવી શાળાઓ બનાવવી, સરકારી શાળાઓ ૧૪૬૦ નવા વર્ગો શરૂ કરવા અને ગ્રાન્ટેબલ શાળામાં સળંગ એકમ પણ શરૂ કરવું.

મધ્યાહન ભોજન યોજના વિશે કહું તો આપને જાણીને આનંદ થશે કે રાજયમાં દરરોજ ૪૩,૬૬,૦૦૦ વિદ્યાર્થીઓ ઉચ્ચ પ્રકારનું પૌષ્ટિક આહાર વાળું દરરોજ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન લે છે. આપણે એમને આહાર આપવાનો આ મધ્યાહન ભોજનમાં સતત પ્રયત્ન કરીએ છીએ અને એના માટે આ વર્ષે ૧,૦૩૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આરોગ્ય વિભાગ હું સંભાળુ છું. એની કોઇ વધારે વાત નહીં કરું પણ મારા બજેટ વખતે કહીશ. ગરીબોને કેન્સર કીડની કે હૃદયરોગ જેવી ગંભીર બિમારી થાય, તો ૪૫૦ જેટલી એની પ્રોસીઝર છે, તો ગરીબ માણસ દેવાદાર થઇ જાય. સારવાર ના કરાવી શકે. પૈસા ના હોય અને પોતાના પરિવારનું વ્યકિત પોતાની નજર સામે ગંભીર બિમાર હોય, ગુજરી જાય એવું જોવું પડતું હતું. અમે ચર્ચા કરી, માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે, માનનીય આનંદીબેન સાથે ચર્ચા કરી અને અમે કીધું કે 'મા' યોજના લોકપ્રિય થઇ છે, ગરીબો માટે ખૂબ ઉપયોગી છે તો એનો વ્યાપ વધારીએ, કેવી રીતે વધારવાનો તો માનનીય આનંદીબેને સૂચન કર્યુ કે ૧ લાખ ૨૦ હજારની વાર્ષિક આવક હોય એટલે મહિને દસ હજારની જેમની આવક હોય એવા મધ્યમ વર્ગના બી.પી.એલ. તો ચાલુ જ ૩૫ લાખ બી.પી.એલ. ફરી વખત ચાલુ પણ બીજા મધ્યમ વર્ગના પરિવારોનો આપણે વ્યાપ વધાર્યો અને એ પરિવારમાં ૨૧ વર્ષનો બાળક હોય, યુવાન હોય એને પણ બીમારી થાય તો એનું જીવન બચાવવા સરકાર તરફથી દરેક કુટુંબને દર વર્ષે જરૂરિયાત પ્રમાણે બે લાખ રૂપિયા સુધીની રકમ સહાય તરીકે સરકાર તરફથી, આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવશે.

બીજું, સમયની મર્યાદા છે પણ બીજું એક કહેવું છે કે વાહન વ્યવહાર વિભાગની પણ જવાબદારી મારી પાસે છે. જયારથી ગુજરાતમાં એસ.ટી.ની બસો ચાલે છે લગભગ ત્યારથી એકઝેટ વર્ષ મેં નથી જોયા પણ ત્યારથી એસ.ટી.ની બસમાં દરરોજ ૨૪ લાખ મુસાફરો પ્રવાસ કરે છે. એમણે ૧૭.૫ ટકા પેસેન્જર ટેક્સ ચૂકવવો પડતો હતો. માનનીય રાઉલજી, માનનીય રામસિંહ અને માનનીય માનસિંહ વાહનવ્યવહાર મંત્રી રહી ચૂક્યા છે. એમના વખતે પણ ૧૭.૫ ટકા હતો. હવે અમારા મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ અમારા વાહન વ્યવહાર વિભાગની મુશ્કેલી સ્વીકારી ૧૦ ટકા પેસેન્જર ટેક્સ માફ કર્યો છે. હવે ફકત ૭.૫ ટકા પેસેન્જર ટેક્સ ભરવો પડશે. એવી રીતે બધા માનનીય સભ્યશ્રીઓને કહું કે જે દિવસે આ બજેટ મંજૂર કરશો, બજેટ સત્ર પૂરું થશે એના બીજા દિવસે ગુજરાતના એસ.ટી.માં મુસાફરી કરતાં તમામ મુસાફરોને સીધે સીધો ૯ થી ૧૦ ટકા ભાડા ઘટાડાનો લાભ આપીશું એ આપસૌની જાણકારી માટે. હું આરોગ્ય વિભાગનું અત્યારે બહુ નહીં કહું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની ૫૦ ટકા વસતિ કે દેશની ૫૦ ટકા વસતિ બહેનોની હોય, મહિલા હોય, સ્ત્રી હોય, સમાજનું એક આનુષંગિક ચક્ર છે કે જેમ પુરુષ વિકાસ કરે, યુવાન વિકાસ કરે એમ ભાઇ

અથવા બહેને પણ વિકાસ કરવો પડે. સમાજમાં સરખો વિકાસ કરવો હોય તો ભાઇ અને બહેન બન્નેનો વિકાસ થાય તો જ રાજ્ય અને દેશનો સર્વાંગી વિકાસ આપણે કરી શકીએ. એટલા માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગનું અમારું બજેટ છે એ ૨૪૩૬ કરોડ રૂપિયાની માતબર જોગવાઇ નાણામંત્રીશ્રીએ કરી છે. જે નિરાધાર અને વિધવા મહિલાઓ છે એમના પ્રશ્નો પણ આપણે એલ.એ.ક્યુ.માં લઇએ છીએ, એમના માટે ૧૬૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અમારા આરોગ્ય વિભાગની ૧૦૮ સેવા યોજના ખૂબ લોકપ્રિય થઇ છે. હજારો લોકોના જીવ બચાવવામાં આપણી ૧૦૮ એમ્બ્યુલન્સ ઉપયોગી સાબિત થઇ છે. આ વખતે અમારા બજેટમાં બીજી નવી ૧૦૦ એમ્બ્યુલન્સ વસાવવાની જોગવાઇ કરી છે. મારી પાસે માર્ગ અને મકાન વિભાગ પણ છે એટલે એની વાત પણ હું અત્યારે કરતો નથી. મારા વિભાગની ચર્ચા વખતે એની વાત કરીશ. ઉર્જાની વાત પણ માનનીય સૌરભભાઇ મારા કરતાં ખૂબ સારી રીતે કહેશે એટલે એ વાત પણ હું અત્યારે કરતો નથી.

આ બજેટ ગુજરાતના ગરીબમાં ગરીબ માણસને ઉપયોગી, શિક્ષણ, આરોગ્ય, મહિલાઓ, ગરીબો માટે આવાસો બનાવવા માટેની વ્યવસ્થા, ગરીબ કલ્યાણ મેળાઓ, કૃષિ મહોત્સવો વિગેરે સરકારી કાર્યક્રમો છે એને આગળ વધારીને બધું જ એમાં આવરી લીધું છે. છેલ્લે કેટલો વધારો કર્યો એ પણ કહી દઉં. ૨૦૦૪-૦૫માં ૯૪૯૦ કરોડ રૂપિયા અમારું નોન પ્લાન બજેટ હતું અને ૨૯,૬૦૮ પ્લાન બજેટ હતું. આજે ૧૦ વર્ષમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ અમે જે વધારો કર્યો છે એ ૨૦૧૩-૧૪માં ૫૬,૬૧૨ કરોડ રૂપિયા અને આ વખતે ૭૧ હજાર કરોડ રૂપિયાનું માનનીય સૌરભભાઇએ જે બજેટ રજૂ કર્યું છે એને આવકારી હું સમર્થન કરું છું.

**શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) :** માનનીય અધ્યક્ષશ્રી, નવી સરકારના નવા મંત્રી જે બજેટ લઇને આવ્યા છે અને સર્વાંગી વિકાસ, નાનામાં નાના માણસની, છેવાડાના માણસની ચિંતા કરી છે એવું બજેટ લઇને આવ્યા છે, એવા નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપું છું અને મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ સંતો, મહંતો, ઋષિ-મુનિઓ, સાધુ-સાધ્વીઓ, વીર અને પરાક્રમીઓનો દેશ છે. આ કૃષિ પ્રધાન દેશ છે. આની અંદર ગૌસેવાની અને ગૌ શહેરી વિકાસ બોર્ડની વાત કરીએ તો આ સરકારે જ (અંતરાય) બંધ કર્યા છે. મિત્રો, આ ગૌસેવાની તમને ખબર નહિ પડે. મિત્રો, એ તમારા માટે સમજવાની બહુવાર છે. ગૌસેવાની વાત કરીએ તો પ્રાચીન ઋષિ-મુનિઓ જે ૧૦૦-૧૫૦ વર્ષ જીવતાં હતાં અને જીવવાનું જો કોઇ કારણ હોય તો એ ગૌમાતાના દૂધના આધારે એ ૧૦૦-૧૫૦ વર્ષ જીવી શકતા હતા. ગૌ માતાના દૂધની વાત કરીએ તો દૂધ જનેતાના દૂધથી પણ અતિ મહત્વનું વાત્સલ્ય, પ્રેમસભર દૂધ છે. માતાના દૂધની કિંમત ચૂકવી શકતા નથી તેમ ગૌ માતાના દૂધની પણ કિંમત ચૂકવી શકાય નહિ અને એ અમૂલ્ય અને બહુમૂલ્ય છે. જન્મથી જ ગાયનું દૂધ પીનારા બાળક તીવ્ર બુદ્ધિશાળી બને છે. મોભી, મેધાવી, પ્રભાવશાળી અને એનો આઇક્યૂ ખૂબ ઉંચો હોય છે. આવા બાળકો મહાન વૈજ્ઞાનિકો, ડોકટર અને એન્જિનિયર પણ થાય છે. ગાયનું દૂધ પીનાર બાળકો મોટા થઇને મા-બાપની સેવા કરે છે અને તમને એ પણ કહી દઉં કે ગાયનું દૂધ પીતા હશે અને ના પીતા હોય તો મિત્રો તમે ચાલુ કરજો. •(xxxxxx)

અધ્યક્ષશ્રી : એ ગૌસંવર્ધન ઉપર જ બોલે છે. અત્યાર ટીકું મહારાજ આવ્યા છે. હવે સીધા આવશે. બોલો બોલો વાંધો નહિ.

શ્રી બાબુભાઇ જ. પટેલ : ગાય માતા દયાની બેલી છે. ગાય માતા સેવાનો યજ્ઞ, ગાય માતા પ્રેમની પ્રતિમા, ગાય માતા રત્નની ખાણ, ગાય માતા શહેરની સરિતા, ગાય માતા ભગવાનની કવિતા, ગાય માતા વાત્સલ્યનું મંદિર છે. સાહેબ, આમને શું ખબર છે કે, ગાય શું ચીજ છે. આપણો દેશ માતાને કેટલો બધો માને છે. ગાય માતા, ધરતી માતા, નદી માતા, માતાનું મહત્વ કોઇ દેશની અંદર હોય તો એ ભારતમાતા આમને ખબર નથી કે માતાનું શું મહત્વ છે અને એમને જો ખબર હોત તો આ (xxxxxx) અને ગુજરાતનો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગાયનું ભરણપોષણ કરનારો ખેડૂત એ જ્યારે કપાસ વેચવા જાય છે ત્યારે એના કપાસની નિકાસ બંધી કરનારા આ જ હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : સાહેબ, શરૂઆત કરી છે.

અધ્યક્ષશ્રી : હા, કાંઇ વાંધો નહિ. હવે ગાય માતાના મોઢેથી શરૂઆત કરી, હવે પૂંછડે આવી જાવ.

શ્રી બાબુભાઇ જ. પટેલ : ગાયની વાત કરવી છે તો સાહેબ, ગૌ રક્ષા વિના માનવ રક્ષા સંભવિત નથી. માતા–પિતા, પીઢજનો (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બાબુભાઇ. શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય સભ્યશ્રી બોલ્યા કે, (xxxxxx) માટે આ શબ્દો સત્યથી વેગળા છે.

અધ્યક્ષશ્રી : એ જોઇ લઇશું, રેકર્ડ ઉપર હશે તો કાઢી નાંખીશું. આ લોકો કીધું હશે તો એ કાઢી નાખીશું.

શ્રી પરેશ ધાનાણી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : ભાઇ, એ જોઇ લશો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : જેમ ભાઇ–બહેન આપણા કુટુંબીજન છે તેમ ગાય પણ આપણી કુટુંબીજન છે. સાહેબ, મેં કોઇ ખોટી વાત કરી નથી. •(xxxxxx) મારે એ વાત કરવી છે કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, માનનીય બાબુભાઇએ કીધું કે, (xxxxxx) (અંતરાય) સાંભળો, હું સાહેબ આજે વિધાનસભામાં બાબુભાઇને ચેલેંજ ફેકું છું કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચેલેંજ નથી કરવી. પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો કહો.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, જે રીતે બાબુભાઇ પટેલ વડીલ તરીકે પ્રવચન કરી રહ્યાં છે એનો આનંદ પણ અમે લઇ રહ્યાં છીએ. જે રીતે ગૃહમાં ખોટી માહિતી આપે છે, એ શબ્દો જે બોલ્યાં છે એ માહિતી સાથે કહો કે (xxxxxx) સાબિતી આપે.

અધ્યક્ષશ્રી : અહીં કોઇ સાબિતી આપવાનું નથી. બિન પાર્લામેન્ટરી શબ્દ હશે તો હું જોઇને કાઢી નાખીશ. (સચિવશ્રીને ઉદેશીને) ભાઇ, બાબુભાઇનું આખે આખું પ્રવચન જોઇ જજો, બિન–સંસદીય હોય એ બધા શબ્દો કાઢી નાખજો. બેસો, હવે નહીં બેસી જાવ. દર વખતે ન હોય પોઇન્ટ ઓફ ઓર્ડર, પરેશભાઇ, બેસી જાવ, તમારો એકેય પોઇન્ટ ઓફ ઓર્ડર ન હતો. બોલો તમે, જનરલ ચર્ચામાં ન હોય પોઇન્ટ ઓફ ઓર્ડર.

શ્રી બાબુભાઇ જ. પટેલ : સાહેબ, અમારા એક કોંગ્રેસી મિત્રએ મને વાત કરી હતી, કે (અ;તરાય) સાહેબ, (xxxxxx) કહોને ક્યાંથી રિઝે રામ, કહોને ક્યાંથી રિઝે રામ.

અધ્યક્ષશ્રી : બસ, બસ. બહેનશ્રી વિભાવરી બેન. બેસો બાબુભાઇ આપનું પૂરું. બસ, બસ, બાબુભાઇ પુરૂં. વિભાવરીબેન. (આ તકે સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી તેમના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલતાં) પરેશભાઇ, મેં આમને જનરલ સૂચના આપી, જે કાંઇ બિન–સંસદીય હશે એ આખેઆખું બાબુભાઇનું પ્રવચન જોઇ જશે, બિન–સંસદીય શબ્દો હશે એ બધા કાઢી નાખીશું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫ના અંદાજપત્ર ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. આ અંદાજપત્ર જે ૨૦૧૪–૧૫નું લઇને ગૃહની અંદર મંત્રીશ્રી આવ્યા છે અને ગૃહના નેતા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન, એમના નામ પ્રમાણે આખા રાજ્યની અંદર આ બજેટથી આનંદ પ્રસરી રહ્યો છે એટલું સારું આ બજેટ.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : પ્રશસ્તિ બંધ કરો વિભાવરીબેન, પહેલેથી જ, એક મિનિટ સાંભળો બધા, કોઇ રીતે કોઇનું નામ લઇને પ્રશસ્તિ કરવાની વાત નથી, સીધા બજેટ ઉપર જનરલ ચર્ચા ઉપર આવી જાઓ.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સાહેબ, આ ગૃહના મુખ્ય મંત્રી મહિલા છે અને આ બજેટની અંદર મહિલાઓ માટેની અનેક યોજનાઓ, ૭૨ જેટલી યોજનાઓને જેન્ડર બજેટ કહી શકાય એવું બજેટ લઇને આવ્યા છે, એક મહિલા ધારાસભ્ય તરીકે એને હું આવકારું છું અને સાથ સાથે મહિલા શિક્ષણનું ઉત્તમ ઉદાહરણ આપણી પાસે મોજુદ છે. ૪૦–૪૫ વર્ષ પહેલાં કોઇ દીકરી મેટ્રિક ભણે તો પણ એને સારું કહેવાતું કે, આ દીકરી મેટ્રિક સુધી ભણી છે. જો ગ્રેજ્યુએટ થાય તો એની વાહ વાહ થતી અને પોસ્ટ ગ્રેજ્યુએટ થાય અને એમાંય સાયન્સ વિષય સાથે, આપણા મુખ્ય મંત્રી એમ.એસ.સી., ગોલ્ડ મેડાલિસ્ટ છે. આવા અદ્યતન શિક્ષણ પામેલા અને એ સમયમાં હું જાણું છું ત્યાં સુધી આનંદીબેન એકલા જ આખા વર્ગમાં હતા અને બધાની વચ્ચે ગોલ્ડન મેડલ લઇને આવ્યા છે એવા આપણા મુખ્ય મંત્રી જ્યારે આપણી પાસે છે.

અધ્યક્ષશ્રી : તમે ફરીથી વખાણ ચાલુ કર્યા. તમે બજેટની ઉપર બોલો ને. તમારે ન બોલવું હોય તો પરાણે બોલવાની જરૂર નથી, એક જ વાર સૂચના અપાય, કોઇ પણ સભ્યને એક વાર સૂચના આપીશ.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : શિક્ષણની અંદર એમણે ખૂબ સારી કામગીરી કરેલી છે. કન્યા કેળવણીની વાત કરીએ તો કન્યા કેળવણીની શાળા પ્રવેશોત્સવની શરૂઆત જયારે થયેલી ત્યારે આજના મુખ્ય મંત્રી, એ શિક્ષણ મંત્રી હતા એટલે શિક્ષણ મંત્રી એ મુખ્ય મંત્રી બન્યા અને એ વખતે જે મુખ્ય મંત્રી હતા એ આ પ્રવેશોત્સવ અને શિક્ષણને જે પ્રાધાન્ય આપ્યું એના કારણે આજે એ વડાપ્રધાન પદ સુધી પહોંચ્યા છે. શિક્ષણને આખા રાજયમાં ખૂબ પ્રોત્સાહન આપ્યું છે અને ખૂબ લાંબા સમય સુધી ગુજરાતની અંદર રાજ કરી મુખ્ય મંત્રી બન્યા હતા ત્યારે તેર– તેર વર્ષ સુધી લાંબા સમય રાજ્ય કર્યું અને એ સમયની અંદર પણ ખૂબ સારી યોજનાઓ કરી અને રાજયને કોંગ્રેસ મુક્ત કર્યું છે અને આજે જયારે વડાપ્રધાન બન્યા છે ત્યારે આવતા દિવસોમાં આ દેશની અંદર પણ આવું જ બનવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે હું શિક્ષણની વાત કરવા માટે ઉભી થઇ છું ત્યારે આ રાજ્યની અંદર શિક્ષણની અને ઉચ્ચ શિક્ષણની વાત કરીએ તો અગાઉના સમયમાં જે પણ કાંઇ હતું એના કરતાં અદભૂત પરિસ્થિતિ આજે ઉભી થઇ છે. અગાઉના સમયમાં સરકારી, અનુદાનીત અને સ્વનિર્ભર કોલેજોની જો વાત કરીએ તો બાર વર્ષ પહેલાં ૩૩૧ હતી, અને આજે ૧,૦૩૩ થઇ છે. ટેકનિકલ શિક્ષણની વાત કરીએ તો એ સમયે ૭૩ કોલેજો હતી, આજે ૬૭૮ એટલે કે, નવ થી દસ ગણી થઇ છે. સીટોની જો વાત કરીએ, ટેકનિકલ શિક્ષણની સીટો ૨૩,૭૨૦માંથી ૧,૬૬,૮૪૬ સીટો બનાવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇજનેરી ક્ષેત્રે પણ દસ વર્ષની અંદર દસ નવી ઇજનેરી કોલેજો, છ પોલિટેકનીક કોલેજ અને એક એમ.સી.એ.ની કોલેજ સાથે સાથે વિશ્વ વિખ્યાત સંસ્થાઓ, આઇ.આઇ.એમ. આઇ.આઇ.ટી., એસ.વી.એન.આઇ.ટી.ની પણ રાજ્યની અંદર ઉપસ્થિતિ છે. યુનિવર્સિટીની વાત કરીએ તો, ૧૧ યુનિવર્સિટીઓમાંથી ૪૯ યુનિવર્સિટીઓ કરી છે. આ યુનિવર્સિટીઓ એવી અદભૂત છે કે, જે બીજા રાજ્યોમાં કયાંય નથી એવી યુનિવર્સિટીઓ પણ આપણા રાજ્યની અંદર છે. ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટિચર્સ યુનિવર્સિટી, લો–યુનિવર્સિટી પેટ્રોકેમિકલ, સ્પોર્ટસ એવી અદ્ધભૂત યુનિવર્સિટીઓ ગુજરાતની અંદર થઇ છે. અગાઉના સમયમાં જે વિદ્યાર્થીઓ હતા એ બી.એ., બી.કોમ.અને બી.એસ.સી. જેવા પરંપરાગત અભ્યાસક્રમો કરતા હતા અને પછી જો એને શિક્ષક બનવું હોય તો બી.એડ કરે અને પછી આગળ વધવું હોય તો લો નું ભણવું પડતું હતું એટલે કે પાંચ થી છ વર્ષનો સમયગાળો એમનો જતો હતો. એના બદલે આ ખાસ યુનિવર્સિટીઓ શરૂ કરી વિદ્યાર્થીઓનો સમય ઘટાડયો છે અને એનું જ્ઞાન વધે અને તાલીમ પણ સારામાં સારી મળે એવી વ્યવસ્થા આ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવી છે. અગાઉના સમયમાં વિદ્યાર્થીઓને ગુજરાતની બહાર ભણવા જવું પડતું હતું. આજે ગુજરાતની બહારથી ભણવા માટે આવે છે. આ ગુજરાતની અંદર અદભૂત જો કોઇ કાર્ય હોય તો એ નોલેજ હબ બનાવવાનું છે. આ બજેટની અંદર વડોદરાના પાદરા ગામ પાસે ચોકારી ગામે સ્પેશ્યલ એજયુકેશન કમ સ્પોર્ટસ ઝોનની સ્થાપના કરવાની છે અને સાથેસાથે ચિલ્ડ્રન સ્પોર્ટસ અને ટીચર્સ યુનિવર્સિટીના ઇન્ફ્રાસ્ટ્રકચરનો પણ આની અંદર સમાવેશ

કરવામાં આવશે. એક નવી યુનિવર્સિટી જી.એસ.એફ.સી.ની પણ આ પાદરા પાસે શરૂઆત કરવાની છે. અદભૂત કાર્ય આ સમય દરમિયાન થવાનું છે.

મુખ્યમંત્રી સ્કોલરશીપની વાત કરીએ. ઉચ્ચ શિક્ષણ ભણવા માટે આર્થિક રીતે સંકડામણ અનુભવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લઇ શકતા નહોતા એના માટેની વ્યવસ્થા મુખ્યમંત્રી સ્કોલરશીપ દ્વારા કરવામાં આવી છે અને એન.સી.સી. જેવા એટલે કે જ્ઞાન સાથે દેશભકિત વધે એવા આયોજન સાથે નવા આઠ યુનિટની પણ સ્થાપના કરવામાં આવી છે. ટેકનોસેવા દ્વારા વિદ્યાર્થીઓને અનુભવ નગરપાલિકાની અંદર સ્ટાફ મળે અને ૪૬૪ કરોડના વિકાસ કાર્ય આ ટેકનોસેવા દ્વારા કરવામાં આવ્યા છે. સેટેલાઇટ શિક્ષણ દ્વારા એટલે કે બધા જ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતાઓ હોય એ લોકોને શિક્ષણ મળે એટલા માટે થઇને સાત હજાર કલાક જેટલું સેટેલાઇટ શિક્ષણ આપવામાં આવ્યું છે. સોઇલ હેલ્થ કાર્ડ ખેડૂતોને પોતાની જમીનનું પૃથકકરણ મળે અને વિદ્યાર્થીઓને ભણતા ભણતા પોતે આવક ઉભી કરી શકે સાયન્સના વિદ્યાર્થીઓ સાયન્સની લેબોરેટરીનો ઉપયોગ કરી અને આ સોઇલ હેલ્થ કાર્ડનો ઉપયોગ થઇ શકે અને સાથેસાથે કમાણી પણ થઇ શકે. પાંચ હજારથી ત્રીસ હજાર સુધીની કમાણી વિદ્યાર્થીઓ આ દ્વારા કરી શકે છે. સ્કોપની વાત કરીએ તો આપણા વિદ્યાર્થીઓ ખૂબ જ્ઞાન ધરાવતા હોય છે પણ જયારે અંગ્રેજીની વાત આવે ત્યારે એ લોકો પોતાનો કોન્ફીડન્સ ગુમાવી દેતા હોય છે. આ કોન્ફીડન્સ બરકરાર રહે એટલા માટે થઇ અને અંગ્રેજીનું જ્ઞાન મળે એના માટે થઇને સ્કોપની શરૂઆત કરી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ (સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ૨૦૧૪–૧૫નું અંદાજપત્ર રજૂ કર્યું છે તેમાં હું મારા જે કાંઇ પ્રશ્નો છે તે રજૂ કરી અને તેમાં સૂર પુરાવું છું.

અધ્યક્ષશ્રી : એમને બોલવા દો પછી ખબર પડશે કે આ સૂર છે કે બેસૂર છે એ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી વાતો કરી કે ગૌ વધ થાય, ગૌ માતા થાય પણ ગુજરાતમાં ખરેખર દરેક ગામમાં જેટલું પશુધન હોય એના ચાલીસ ટકા જમીન ગૌચર માટે રાખવામાં આવી છે ત્યારે આ સરકારે ચાલીસ ટકા રાખવાના બદલે ગૌચર અને સરકારી પડતર જમીનો જે જે અન્ય કંપનીને વેચી દેવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : સાંભળો, આ સૂર પુરાવ્યો છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : જેઠાભાઇએ પ્રશ્ન કર્યો કે ગૌચર ગાયો માટે નથી, તો ગાયોને ઘાસ ખાવા માટે આ તો બીજી બધી ખાનગી જમીનોમાં ઢોર ચરાવી અને તેઓ આ ગાયોનું દૂધ વધારે મેળવે છે તો ખરેખર એ પણ દુઃખની બાબત છે તો ખરેખર આ ચાલીસ ટકા રાખવામાં આવી છે એ આખા રાજયમાં દરેક ગામડે ચાલીસ ટકા જમીન હયાત છે કે કેમ તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

બીજું, ગુજરાતમાં ૨૦૦૩–૦૪માં જે કોમ્પ્યુટરાઇઝ રેકર્ડ કરવામાં આવ્યું એ ૨૦૦૨–૦૩નું રેકર્ડ અસલ હતું તે રેકર્ડ સાથે કોમ્પ્યુટરમાં નાખવામાં આવ્યું ત્યારે એ કોમ્પ્યુટર રેકર્ડમાં લગભગ ૫૦ થી ૬૦ ટકા ભૂલો હતી. જે સુધારીને અત્યારે હાલ હજુપણ પંદરથી વીસ ટકા એક જમીનમાં અસલ રેકર્ડ અને ૨૦૦૩નું કોમ્પ્યુટરાઇઝ રેકર્ડમાં અત્યારે હાલ હજુ વીસ થી ૨૫ ટકા ક્ષતિઓ છે. દરેક ગામે ક્ષતિ સુધારણા રજીસ્ટર રાખવામાં આવેલ છે. તે મુજબ ખેડૂતો અત્યારે જમીનનું રેકર્ડ સુધારવા જાય ત્યારે મામલતદાર એમ કહે કે તમે આ હુકમ પ્રાંતમાં કરાવો, પ્રાંત કહે કે તમે આ બધી વિગતો લાવો. તો ખરેખર અસલ રેકર્ડ અને કોમ્પ્યુટરાઇઝ રેકર્ડ આપણે કર્યું છે તો ખરેખર ખેડૂતને આવી રીતના ધકકા ખાવાના ન હોય. ખરેખર આપણા સરકારી અધિકારીઓ હોય એમને ૨૦૦૨–૦૩નું જે રેકર્ડ હતું તો કોમ્પ્યુટરાઇઝમાં જે રીતે નામ હોય એ પ્રમાણે કરવું જોઇએ. ખરેખર રેકર્ડ અમલમાં મૂકતા પહેલા આનું પ્રમોલગેશન કરવામાં આવે છે કે ૧૦૦ ટકા તલાટી અને સર્કલ ચેક કરે, ૮૦ ટકા મામલતદારશ્રી ચેક કરે અને ૩૦ ટકા પ્રાંત ચેક કરે, પછી જ આ રેકર્ડ અમલમાં આવે છે, તો ખરેખર આવી બધી ભૂલો બાકી હોય અને કઇ રીતે સરકારશ્રીએ આ રેકર્ડ અમલમાં મૂક્યું?

બીજું હું આપના માધ્યમથી જાણવા માગું છું કે ગુજરાતમાં આનાવારી કરવામાં આવે છે. આનાવારી તદ્દન ખોટી કરવામાં આવે છે, કારણ કે ૭/૧૨ મામલતદાર કચેરીએ હોય અને પાણી પત્રક કરવાનું હોય તો ખરેખર એ તલાટીએ ૭/૧૨ પોતાના હસ્તક હોય તો એ રેકર્ડમાં આ સરવે નંબરમાં આ પાક છે, આ સરવે

નંબરમાં આ પાક છે, એ ગામ નમૂના નંબર–૧૩ માં દરેક ખેડૂતવાર, સરવે નંબરવાર પાકની વિગતો લખી હોય છે. આજની તારીખે ૨૦૦૩–૦૪ થી કોઇ પણ ગામે ગામ ગામનો નમૂનો રેકર્ડ ઉપર નથી અને ફરીથી આ રેકર્ડ દીઠ ફરી સુધારવા માટે મેં માનનીય મહેસૂલ મંત્રીશ્રી જેઓ અત્યારે મુખ્યમંત્રીશ્રી છે, તે વખતે ૧૨ થી૧૩ વખત મેં પત્રો લખ્યા હતા. ખરેખર રેકર્ડમાં ખેડૂતની ભૂલ છે, તે સુધારવી જોઇએ, પણ ભૂલ સુધરી નથી.

બીજું સાણંદ અને બાવળા તાલુકામાં ખાણ ખનીજ વિભાગ તરફથી અમારા લગભગ કડાણા ગામમાં ૧૦ થી ૧૨ ગૌચર અને સરકારી પડતર નંબરમાંથી માટી ગેરકાયદેસર રીતે ચોરી એક નંબર ધારો કે સરકારી અમલમાં કુલ લગભગ ૧ લાખ ચોરસ મીટર જમીનમાં ૫૦ ફૂટ ઉંડું ખોદકામ કરી ગેરકાયદેસર રીતે માટી સરકારી પડતર નંબરમાંથી લેવાય છે. આ સરકારી પડતર નંબરમાંથી ૫૦–૫૦ ફૂટ ઉંડા જે ખરેખર કાયદેસર ખાણ અને ખનીજ વિભાગ મંજૂરી આપતા હોય તો ૧૦૦ મીટર સુધી આપી શકે છે. આ સરકારી નંબર એમાં ય ગામના તલાટી, સરપંચ બંને જણ વેચે. આ બાબતે માનનીય અગ્ર સચિવ, ખાણ અને ખનીજ વિભાગના મંત્રીશ્રી સૌરભભાઇ, અગ્ર સચિવ, કલેકટર, પ્રાંત, મામલતદાર આવા બધાને મેં લગભગ ૨૦ કાગળો લખ્યા છે, તેમ છતા હજુ ખનીજ ચોરી બાબતે કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી અને એનું અબજો રૂપિયાનું વેચાણ ગેરકાયદેસર મને લાગે છે કે ખરેખર આ વિભાગ દ્વારા કરવામાં આવે છે તેવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થયુ. માનનીય શંભુજી ઠાકોર.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૧૪–૧૫નું બજેટ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે અને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

વંચિતોનો વિકાસ જ્યારે એ શબ્દને યાદ કરીએ છીએ, ત્યારે પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીને યાદ કર્યા સિવાય રહી શકાય તેમ નથી, કારણ કે આ વંચિતોના વિકાસ માટે માનનીય નરેન્દ્રભાઇએ એ વખતે ગરીબ કલ્યાણ મેળાઓ કર્યા હતા અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના, ગરીબ લોકો માટેના ગરીબ કલ્યાણ મેળા અને વંચિતોના વિકાસ માટે એમણે કામ કર્યુ હતું. આજે માનનીય નાણા મંત્રીશ્રી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સામાજિક સેવા માટે બજેટમાં ૪૮.૭૬ ટકા જેટલું બજેટ આ સામાજિક સેવા માટેની યોજના માટે લઇને આવ્યા છે, ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ કુલ રૂપિયા ૧૯૫૭ કરોડનું આયોજન જે ગત વર્ષના બજેટ કરતા ૩૫ ટકા જેટલું વધારે છે. વંચિતોનો વિકાસ કરવો હશે તો શિક્ષણ અનિવાર્ય અને શ્રેષ્ઠ માધ્યમ છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિના વિદ્યાર્થીઓ છે તેઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવા માટે અને તે લોકો શિક્ષણ લેતા થાય તેના માટે આવા ૧૧ હજાર વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૬૪૬ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાયુકત સ્વામી વિવેકાનંદ સમરસ છાત્રાલયોના બાંધકામનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે અને તેની કામગીરી માટે હવે વધુ પાંચ હજાર વિદ્યાર્થીઓ માટે આવા સમરસ છાત્રાલયોના બાંધકામ શરૂ કરવા માટે રૂપિયા ૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

ધોરણ ૬ થી ૧૦માં અભ્યાસ કરતી કન્યાઓને પ્રોત્સાહન આપવા માટે શિષ્યવૃત્તિનો દર રૂ. ૨૫૦ થી વધારીને રૂ.૭૫૦ કરવામાં આવ્યો છે. જિલ્લા કક્ષાએ ધોરણ ૧૦ અને ૧૨માં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને ઇનામ આપવાની નવી યોજના માટે રૂપિયા એક કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ ૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બે વર્ષ માટે આપવામાં આવતી ટ્યુશન સહાય રૂપિયા ૨૫ હજારથી વધારીને રૂપિયા ૩૦ હજાર કરી છે. આ યોજના માટે જોગવાઇ રૂપિયા બે કરોડ કરવામાં આવી છે. ધોરણ.૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ટેબલેટ આપવાની નવી યોજના શરૂ કરવા માટે બજેટમાં જોગવાઇ રૂપિયા ૨ કરોડ કરવામાં આવી છે. ઇજનેરી અને મેડિકલ વિદ્યાર્થીઓને સાધન સહાય રૂપિયા ૩ હજારથી વધારીને અનુક્રમે રૂપિયા પાંચ હજાર અને દસ હજાર સુધી કરવામાં આવેલ છે. મેડિકલ, એન્જિનિયરીંગ વિદ્યાર્થીઓને ફૂડ બીલમાં સહાય રૂ.૬૦૦ થી વધારી રૂ.૧૦૦૦ કરવામાં આવી છે. તેની જોગવાઇ માટે બજેટમાં ચાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ લોનની રકમ રૂપિયા દસ લાખથી વધારીને રૂપિયા પંદર લાખ કરી છે.

તેની જોગવાઇ માટે ૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વંચિતોના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ માટેની પ્રવેશ પરીક્ષાઓ તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોર્ચીંગ કલાસની સગવડ ઉપલબ્ધ કરાવવા માટે માન્ય સંસ્થાઓને વિદ્યાર્થી દીઠ રૂપિયા વીસ હજારની મર્યાદામાં સહાય આપવા માટેની નવી યોજના શરૂ કરવામાં આવી છે. આઇ.એ.એસ., આઇ.પી.એસ., આઇ.આર.એસ. જેવી ભારત સરકારની ઉચ્ચ સેવાઓમાં ભરતી માટેની યુ.પી.એસ.સી. પરીક્ષાઓમાં પ્રીલીમનરી પરીક્ષા પાસ કરે તેવા યુવકોને મુખ્ય પરીક્ષાની તૈયારી માટે રૂપિયા ૫૦ હજાર અને તેમાં પાસ થાય તો ઇન્ટરવ્યુની તૈયારી માટે રૂપિયા ૨૫ હજારની સહાય આપવામાં આવશે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ૨૦૧૪-૧૫નું બજેટ ગુજરાત રાજયના વિકાસલક્ષી અને નંબર વન એવા ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રીએ જે વિવિધ કક્ષાએ અને ગરીબ લોકોના આવાસો અને ગૃહ નિર્માણ વિશે જે કામ કર્યુ છે તેમના આશીર્વાદથી તે આજે દેશના વડાપ્રધાન બન્યા છે. તેમને આ ગૃહમાં લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫નું બજેટ લઇને માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જયારે આવ્યા છે ત્યારે આમાં ગૃહ અને ગ્રામ નિર્માણનું બજેટ ૫૮૧૮ કરોડની જોગવાઇવાળું છે. તેમાં સરદાર આવાસ યોજના ઘણા સમય પહેલાંથી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ઘણા સમય પહેલાંથી હતી પણ ગુજરાત રાજયના આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ચાલુ વરસમાં એમાં થોડો વધારો કરીને રચનાત્મક રીતે સારા કામો ગામોમાં થાય એના માટેની જમીનો ખરીદવી, પોતાની માલિકીમાં પણ એમને ઇન્દિરા આવાસ આપવા, એમાં પણ વધારો કરવો, એમને પણ સુવિધાઓ આપવી, એમને ગટર, પાણી અને આરોગ્યની સુવિધાઓ આપવી. એના માટે ગ્રામ ગૃહનિર્માણમાં જે જોગવાઇ કરી છે અને એનું બજેટ લઇને આવનાર માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલને હું સમર્થન કરું છું અને તેમાં હું મારો સુર પૂરાવું છું.

ભારતીય જનતા પક્ષની સરકારે ૦ થી ૨૦ સુધીના ૧ થી ૧૬ના ઇન્દિરા આવાસ અને ૧૭ થી ૨૦માં સરદાર આવાસ યોજનાની સમગ્ર ગુજરાતમાં જે પરિસ્થિતિ હોય તે પણ અમારા ગીર, સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આ ટાર્ગેટ વટાવી ગયા છે ત્યારે ભારતીય જનતા પક્ષની સરકાર - આનંદીબેન પટેલની સરકારે એમાં પરિપત્ર કાઢીને ૧૮ થી ૨૭, ૨૧, ૨૨ સુધીનાને પ્લોટો અને એમની પોતાની માલિકી હોય તો એમના આવાસો માટેની સુવિધાની પણ મંજૂરી આપી છે, એ ખૂબજ પ્રશંસાને પાત્ર છે. એક લાભાર્થી દીઠ ૪૦૦૦૦ રૂપિયાની જે જોગવાઇ છે એમાં ૭૪૪ કરોડ રૂપિયાનો વધારો કરીને વર્તમાન ભારતીય જનતા પક્ષની સરકારે આવતા દિવસોમાં હળપતિ આવાસ યોજનામાં પણ એમાં વધારો કરીને ૭૦૦૦૦ લાભાર્થીઓને લાભ કરવા માટે ૨૦૧૪-૧૫ના બજેટમાં જે કંઇ જોગવાઇ કરી છે એ પણ ખૂબજ આવકાર પાત્ર છે. શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબની સરકારે ૧૦૯૮ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ કરીને ૮૧ લાખ લોકોને વિવિધ યોજનાઓના હાથોહાથ કવર આપ્યા છે તે માટે ગુજરાત રાજ્યનું આ બજેટ લઇને આવનારા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલને તથા શ્રીમતી આનંદીબેન પટેલને પણ અભિનંદન આપું છું. ૧૬ શહેરોમાં ગ્રામ સભાઓ બોલાવી છે અને ૧૧૬ જેટલા ગામડાંઓમાં ગ્રામ સભા બોલાવીને ગામડાંઓના વિકાસ અને શહેરોના વિકાસના પ્રશ્નોની પણ ખૂબજ ચર્ચા કરી એને વેગ આપતું ભારતીય જનતા પક્ષની સરકાર જ્યારે કામ કરે છે ત્યારે આપ સૌને કહેતા મને આનંદ થાય છે કે, રર્બન યોજના અંતર્ગત પસંદ કરેલા ગામોને ભૂગર્ભ ગટર યોજના અને મેં અગાઉ કહ્યું તેમ ૧૩૦ કરોડ રૂપિયાના બદલે ૨૦૦ કરોડ રૂપિયાની જ્યારે જોગવાઇ કરી છે, ત્યારે આ ગૃહમાં માનનીય મંત્રીશ્રીને હું મારા ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

ઇન્દિરા આવાસ યોજના હેઠળ ૩૪૦૦૦ લાભાર્થીઓને આવાસની માન્યતા અને એ માટે ૨૪૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એમાં પણ માનનીય નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગરીબ લોકોના જે આવાસો બને છે ત્યાં એમના આરોગ્યની પણ ચિંતા કરવામાં આવે છે. એને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે પણ ચિંતા કરે છે. જ્યારે કોઇપણ પ્રકારની લોકોના વિકાસની વાત લઇને ગામડાંઓમાં જઇએ છીએ ત્યારે ગામડાંઓમાં સરદાર આવાસ યોજના અને ઇન્દિરા આવાસ યોજનામાં રહેનારા ગરીબ કુટુંબના લોકો સામેથી એમ કહે છે કે, તમારે એટલે કે ભારતીય જનતા પક્ષના કાર્યકરોએ અમને અમારા

સર્વાંગી વિકાસની કે ગરીબલક્ષી સરકાર કહેવાની કોઇપણ આવશ્યકતા નથી એટલા માટે કે અમે બધા તમારી સાથે છીએ અને એટલા માટે એના પરિણામરૂપે ગઇ લોકસભાની ચૂંટણીમાં છવ્વીસે છવ્વીસ બેઠક આપીને ગુજરાત રાજ્યના ગરીબોએ સાક્ષાત કરીને સર્ટીફિકેટ આપ્યું છે અને તેથી કરીને નાણામંત્રીશ્રી અને આપણા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું ખૂબ લાંબુ– દીર્ઘાયુ આયુષ્ય રહે અને તંદુરસ્તી રહે તેવી પ્રાર્થના કરીને આ બજેટને મારું સમર્થન આપું છું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જયારે ૨૦૧૪–૧૫ના વર્ષનું અંદાજપત્ર લઇને આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી મારફતે સને ૨૦૧૪–૧૫ના વર્ષમાં નર્મદાનું ૯ હજાર કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. મેં આ ૩૬ પાનાનું બજેટ વાંચ્યા પછી મને એમ થાય છે કે અહીંયા ઘણા બધા મિત્રો એમ કહેતા હતા કે, આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સગવડ માટે ઘણા બધા પૈસા આપ્યા છે. ત્યારે નર્મદાની કેનાલ માટે હાફેશ્વરથી પાણીની પાઇપ લાઇન દાહોદ, પંચમહાલ, વડોદરામાં નાખવા માટે તેમાં મામૂલી રકમ જોઉં છું ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આદિવાસી મિત્રો અહીંયા બેઠાં છે તમે આ બજેટ વાંચી લેજો. ફકત ૩ કરોડ રૂપિયા આપણા માટે ફાળવ્યા છે એ દુઃખની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય નાણામંત્રીશ્રીને કહેવું છે કે, નર્મદાના બંધ હોય, કરજણ બંધ હોય કે ગમે તે બંધ બાંધ્યા છે એ ટોટલી આદિવાસી વિસ્તારોમાં બાંધ્યા છે, અને આનો લાભ સમગ્ર ગુજરાત જયારે લઇ રહ્યું છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે અને વાત થયા કરે છે કે આદિવાસી વિસ્તારોમાં હેન્ડપંપોથી જ પાણી મળશે. યોજનાની વાત હોય તો આદિવાસી માટે કોઇ સારું જો આયોજન કરત તો હું સો ટકા આ બજેટને આવકારત, પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ બજેટમાં આંકડા જોયા પછી કેવળ અમને જે અન્યાય થઇ રહ્યો છે કારણ કે, નર્મદામાં અમે જે કષ્ટ વેઠયું છે, અમે જે જમીનો આપી છે, અમે નર્મદાના અસરગ્રસ્તોને વસાવ્યા છે અને એ નર્મદાના અસરગ્રસ્તો માટે પણ કયાંય જોગવાઇ નથી કરી.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રી કૃષિ વિભાગમાં પણ અહીંયા આયોજન કરવામાં આવ્યું છે. હમણાં જ નવા ખેડૂતોને ટ્રેકટર માટેની ૪૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હું માનનીય નાણામંત્રીશ્રીને કહું છું, ગયા વખતે નાણામંત્રીશ્રી અલગ હતા આ વખતે અલગ છે. ગયા વખતે ઓન લાઇન ટ્રેકટરોની સબસિડી માટે અરજી કરેલી. તેને આજે દોઢ વર્ષ થયેલું છે છતાં હજુ સુધી ઘણા ખેડૂતોને આજે ઓન લાઇન અરજી કર્યા પછી પણ તેને સબસિડી ચૂકવવામાં આવી નથી અને ચેક પણ મળ્યા નથી. મારે માનનીય નાણામંત્રી સાહેબને કહેવું છે કે, જે ઓનલાઇન અરજીઓ થયેલી છે તેમાં તેને થોડુંક વધારે મહત્વ આપીને, કૃષિ મંત્રીશ્રીને થોડીક ટકોર કરીને જે આવા મીની ટ્રેકટરો ખરીદેલાં હોય કે મોટા ટ્રેકટરો ખરીદેલાં હોય તેમને વહેલામાં વહેલી તકે સબસિડી મળે એ વાત મારે કરવી છે. હમણાં નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ વાત કરતા હતા કે શિક્ષણનું સ્તર બહુ ઉંચુ જતું રહ્યું છે, શિક્ષણમાં અમે આટલા શિક્ષકો ભરી દીધા છે. એ જયારે પંદર વર્ષના આંકડા આપતા હતા ત્યારે મેં જોયું કે ૧૫ વર્ષમાં ૧,૪૪,૮૦૦ શિક્ષકો ભર્યા છે પણ પંદર વર્ષમાં રિટાયર્ડ કેટલા થયા છે તે આપને સાહેબ ખબર નહીં હોય ? તમો એ આંકડા આપત તો સાચા ચિત્રની ખબર પડત કે ટ્રાયબલ વિસ્તારોમાં કેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે. આ આંકડા જો મેળવત તો હું માનત કે ખરેખર બહુ સાચી હકીકત કહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવું છે કે, વનબંધુ કલ્યાણ યોજનામાં ૧૧માનો વિજ્ઞાન પ્રવાહ ખોલવામાં આવ્યો. બારમું ખોલવામાં આવ્યું. ટ્રાયબલ વિસ્તારોમાં ખોલ્યા પછી બારમા પછી જે સાયન્સ કોલેજો માટે વારંવાર રજૂઆત કરી છે પણ તેમાં અહીંયા જે ઉલ્લેખો થયા છે તેમાં આદિવાસી વિસ્તારોમાં કોઇપણ જગ્યાએ સાયન્સ કોલેજ ખોલવા માટેનું આયોજન નથી કર્યુ. અમારા જ વનમંત્રી જોડે બેઠેલાં છે. એ સાહેબને પણ હું વિનંતી કરું છું કે સાહેબ થોડીઘણી નજર એ તરફ રાખો છો તો થોડીક વધારે નજર રાખત તો મને આનંદ થાત કે આદિવાસી વિસ્તારોમાં આ સેવાનો લાભ મળત.

અહીંયા ઘણી બધી આરોગ્યની પણ વાત કરવામાં આવી છે. આરોગ્યની વાતમાં પણ કહેવા માગુ છું કે, અહીંયા આયોજનમાં ઘણું બધું થયું છે, પણ આયોજન માટે જે આરોગ્ય માટેની જે વાત છે તે આરોગ્યની

સુવિધાઓ માટે નવા પીએચસી સેન્ટરો ખોલવાના, નવી હોસ્પિટલો ખોલવાની છે, પણ જો એમાં ડોક્ટરોની જોગવાઇ નહીં કરીએ ત્યાં સુધી આવું આયોજન કોઇ ચાલવાનું નથી. એટલે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, ડોકટરોની પણ આમાં જોગવાઇ કરીને ઉચ્ચ પગાર આપીને ટ્રાઇબલ વિસ્તારોમાં કોઇ સ્પેશીયલ પેકેજ જાહેર કરીને ડોકટરો માટે જો કરવામાં આવે તો હું માનું છું કે આદિવાસી વિસ્તારોમાં ડોકટરોની જગ્યાઓ ભરાશે. અહીંયા મહિલા અને બાળવિકાસ માટેની યોજનાની પણ વાત કરી, અહીંયા વાતો ઘણી બધી થઇ છે પણ વિધવા બહેનોના પેન્શનની વાત થતી હતી ત્યારે અહીંયાં જે જોગવાઇ કરવામાં આવી છે. હું માનું છું કે, માનનીય મુખ્ય મંત્રીશ્રી મહિલા છે ત્યારે મારું એક સૂચન એવું છે કે, મહિલા બેન જે દિવસથી વિધવા થાય તે દિવસથી જો પેન્શન નકકી કરવામાં આવે, કારણ કે એને અરજી કરતાં છ મહિના કે એક વર્ષ જેટલો સમય નીકળી જાય છે તો એના માટે થોડીક જોગવાઇ વધારે કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા શિક્ષણની પણ વાત થઇ છે, રસ્તાઓની પણ વાત થઇ છે, ત્યારે હું રસ્તાઓ માટેની પણ એક વાત કરીશ કે ૫૦૦ની વસતિવાળા ગામડાંને રસ્તાથી જોડી દઇશું, પણ હું માનું છું કે આદિવાસી વિસ્તારોમાં ૨૫૦ની વસતિવાળા જે ગામો છે, અને હજુ ઘણા ગામડાં બાકી રહી ગયાં છે એવી રીતે પેટા પરાંમાં જે રેવન્યુ વીલેજના ગામડાં નથી અને પેટા પરાંની યોજના નીચે ઓળખાય છે, નર્મદાના અસરગ્રસ્તો પણ જોડાય છે, એવાં જે ગામડાં છે એમાં હું માનું છું ત્યાં સુધી ૨૫૦ની વસતિવાળા ગામડાં જે છે એને જો જોડવાનો પ્રયત્ન કરવામાં આવે અને ટ્રાઇબલમાં વધારેમાં વધારે પૈસા જો આપશો તો સારી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આરોગ્યની વાત થઇ, ટ્રાઇબલની વાત થઇ, ટ્રાઇબલમાં જે આયોજન કરવામાં આવે છે, એ પ્રાયોજના વહીવટદાર કચેરી માટે અહીંયાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એ ટ્રાઇબલની ગ્રાન્ટમાં પણ જે ચાલે છે એમાં વીસ ટકા રકમ જે સરકાર કાપી લે છે, એ પણ રકમ ના કાપવી જોઇએ. હું માનું છું કે પ્રાયોજના વહીવટદાર હેઠળ જે યોજના વર્ષોથી ચાલે છે એ યોજના સરકાર વીસ ટકા રકમ ન કાપી લે અને એ સીધી પ્રાયોજના કચેરીએ જાય એવું કરવામાં આવે તો હું માનું છું કે, ટ્રાઇબલ વિસ્તારમાં જેટલું બનશે એટલું વધારે બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ એક વાત કરવા માગું છું કે, છોટાઉદેપુર જિલ્લો હમણાં નવો જાહેર કર્યો છે, આ જિલ્લામાં છ તાલુકા છે. એમાંથી પાંચ તાલુકા ટ્રાઇબલ છે, એક છોટાઉદેપુર પૉકેટ છે. સંખેડા પૉકેટ છે તો સંખેડાને પણ ટ્રાઇબલ તાલુકો જાહેર કરી દે જેથી કરીને છોટાઉદેપુર જિલ્લો આખો ટ્રાઇબલ થઇ જાય એવી મારી લાગણી છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ (નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકલાડીલા પ્રથમ મહિલા મુખ્ય મંત્રી અને ગોલ્ડ મેડાલીસ્ટ શ્રીમતી આનંદીબેનના માર્ગદર્શન હેઠળ નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જયારે ૨૦૧૪-૧૫નું બજેટ લઇને આવ્યા છે ત્યારે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વમાં આજે ભારતીય સંસ્કૃત્તિના વારસાની ગાથા ગવાય છે ત્યારે તેમાંય ગુજરાતની ધરા સાંસ્કૃત્તિક અને ધાર્મિક ભૂમિ તરીકે વિશ્વમાં વિખ્યાત છે જેના કારણે સમગ્ર ભારત વર્ષ માં ગુજરાતની એક આગવી ઓળખ ઉભી થઇ છે. ગુજરાત એટલે સમગ્ર વિશ્વમાં અહિંસાની મહાવીર સ્વામી અને મહાત્મા ગાંધીજીએ આખા ગુજરાતની એક આગવી ઓળખ ઉભી કરી છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની રચના પણ સૌ પ્રથમ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવી હતી. આ બોર્ડને સરકાર દ્વારા સો ટકા નિભાવ ખર્ચ ગ્રાન્ટ સ્વરૂપે સરકાર તરફથી અંદાજપત્રમાં સદર આયોજન હેઠળ ચૂકવવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ધરા ઉપર લોકો ખૂબ જ ધાર્મિક અને દયાળુ અને સંતો મહંતોની એક ભૂમિ તરીકે આગવી છાપ ધરાવે છે ત્યારે ગુજરાતની ભૂમિ દેવોની ભૂમિ તરીકે પંકાય છે. મને કહેતાં આનંદ થાય છે કે આજના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી તરીકેના સુશાસન દરમિયાન ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને તેમના માર્ગદર્શન હેઠળ આ બોર્ડ દ્વારા વિવિધ દેવસ્થાનોનો ખૂબ જ વિકાસ કરવામાં આવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની અંદર દેવસ્થાનોમાં જે છેલ્લા દશ વર્ષમાં વિકાસ થયો છે એ છેલ્લા પચાસ વર્ષોમાં પણ, હું આ મિત્રોને કહીશ કે, છેલ્લા દશ વર્ષમાં જે વિકાસ થયો છે આપણા દેવસ્થાનોનો એના કારણે ગુજરાતની અંદર દેશ વિદેશોમાંથી સમગ્ર ભારતની અંદર પ્રવાસીઓની સંખ્યામાં પણ ખૂબ જ વધારો થયો છે અને આના કારણે, પ્રવાસન વધવાના કારણે જયાં દેવસ્થાનો આવેલા છે ત્યાંના આજુબાજુના ગામડાંઓમાં રોજીરોટી પણ પૂરી પાડવામાં ખૂબ જ ફાયદો થયો છે. પ્રવાસન વધવાથી લાખો લોકોને રોજગારીની તકો મળી છે. આજુબાજુના વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ થયો છે. યાત્રાધામ અને દેવસ્થાનના વિકાસને કારણે ગ્રામ્ય વિસ્તારમાંથી શહેર તરફ રોજગારી માટે જતા લોકોમાં ઘટાડો થયો છે અને નાના–મોટા ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન મળેલ છે. જેવા કે ગ્રામ્ય વિસ્તારમાં બનતી ભાતીગળ ચીજવસ્તુઓનું વેચાણ વધ્યું છે, યાત્રાળુઓને રાત્રીરોકાણ કે આરામ કરવા માટે નાના મોટા ગેસ્ટ હાઉસ, હોટેલો, ખાણી પીણી માટેના સ્ટોલો, હોટેલો, રેસ્ટોરન્ટ ઉભાં થયાં છે. આમ યાત્રાધામ વિકાસની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોનો પણ વિકાસ થયેલ છે.

ગુજરાતમાં ઐતિહાસિક અને ધાર્મિક યાત્રાધામો અંબાજી, દ્વારકા, સોમનાથ, ડાકોર, ગીરનાર,પાવાગઢ, સિધ્ધપુર, શામળાજી, પાલીતાણા, બહુચરાજી જેવાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના વહીવટ હેઠળનાં કુલ નાનાં મોટાં થઈને ૩૪૩ ધાર્મિક યાત્રાધામો આવેલાં છે.

અંબાજીનો ઉલ્લેખ એ કદાચ વિશ્વમાં એક અલગ આગવી ઓળખ ધરાવે છે. ગુજરાતની ઉત્તર દિશામાં રાજસ્થાનની સરહદ પાસે અરવલ્લીની ગીરીમાળાઓની વચ્ચે આવેલું અંબાજી ખૂબ જ પ્રસિદ્ધ યાત્રાધામ ગણાય છે. અંબાજી મંદિરમાં કોઈ દેવીની મૂર્તિની પૂજા થતી નથી. શ્રીયંત્રની પૂજા થાય છે. જે ઉજ્જૈન, નેપાળનાં શક્તિપીઠોનાં મૂળ યંત્ર સાથે સંકળાયેલ છે. આ તીર્થક્ષેત્રમાં બારેમાસ યાત્રાળુઓ દર્શન કરવા આવે છે. દર માસની પૂનમે યાત્રિકો અહીં આવી મંદિરનાં શિખર દર્શન કરવામાં આવે છે. દર માસની પૂનમે યાત્રિકો અહીં આવી મંદિરના શિખર ઉપર ધજા ચઢાવે છે. ભારતના શક્તિપીઠોમાં અંબાજી મહત્વનું સ્થાન ધરાવે છે.

અંબાજી ખાતેના ગબ્બર પર્વત ઉપર ૫૧ શક્તિપીઠો બનાવવામાં આવી છે. સમગ્ર ભારતભરમાં જયાં જયાં અલગ અલગ શક્તિપીઠો આવેલી છે તેવી જ કલાકૃતિવાળી શક્તિપીઠો પરિક્રમ્મા માર્ગ હમણાં જ માનનીય વડાપ્રધાન જયારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ખૂલ્લી મૂકવામાં આવી હતી. તેની વિશેષતા પણ એવી છે કે જે તે શક્તિપીઠોમાં જે રીતે પૂજા અર્ચના કરવામાં આવે છે એ જ રીતની પૂજા અર્ચના અહીંયાં પણ કરવામાં આવે છે. આ ૫૧ શક્તિપીઠો બનવાથી અંબાજી ખાતે આવતા દર્શનાર્થીઓની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે. ભાદરવી પૂનમનું ખૂબ જ મહત્વ રહેલું હોવાથી આ દિવસે લાખો લોકો દર્શન કરવા આવતા હોય છે. ખૂબ જ મોટી સંખ્યામાં લોકા ઉમટી પડે છે ત્યારે તેમાં દર્શનની વ્યવસ્થામાં અને અન્ય વ્યવસ્થામાં સરકારશ્રી તરફથી ખૂબ જ કાળજી લેવામાં આવે છે.

અંબાજીમાં રૂપિયા ૪૨૫ કરોડ ઉપરાંતના ભવ્ય પ્રોજેકટનાં નિર્માણ કાર્ય ચાલી રહ્યાં છે જે મોટાભાગનાં કાર્યો પૂર્ણતાને આરે છે. એમાંથી અંબાજી–હિંમતનગર રોડનું વાઈન્ડિંગ કામ માટેની ૩૦ કરોડની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. નવીન હોસ્પિટલની કામગીરીના ૨૩.૪૫ કરોડનું કામ ૧૦૦ ટકા પૂર્ણ થયેલ છે. શ્રી એકાવન શક્તિપીઠ દર્શન પરિક્રમ્મા માર્ગ માટે ૨૯.૮૬ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરેલ છે. શક્તિપીઠના મંદિર (સ્ટોન વર્ક) માટે ૨૩.૩૨ કરોડની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરેલ છે. મંદિર સંકુલ ડેવલપ્મેન્ટ–બ્યુટીફીકેશન માટે ૧૧.૮૭ કરોડના ખર્ચે ૮૦ ટકા કામગીરી પૂર્ણ કરેલ છે. નવીન હોસ્પિટલ સંકુલના કવાર્ટસ માટે ૩.૧૩ કરોડની ૯૫ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. પાલનપુરથી દાંતા રોડ માટે ૩૦ કરોડ મંજૂર થયેલ છે જેમાંથી ૭૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન શ્રીકૃષ્ણ મથુરામાં જન્મ્યા અને સૌરાષ્ટ્રમાં દ્વારકા નગરી વસાવી. દ્વારકા એ ગુજરાત રાજયના પશ્ચિમ છેડે સિંધુ સાગર (અરબી સાગર)ના કિનારે વસેલું છે અને શ્રીકૃષ્ણ ભગવાનના જીવન સાથે સંકળાયેલું પ્રાચીન તીર્થધામ છે. દ્વારકા એક મોક્ષ નગરી મનાય છે જેથી હિન્દુ ધર્મના યાત્રાળુઓ અહીં બારેમાસ દર્શન માટે આવતા હોય છે. ચારધામ અને સતપૂરી પૈકીનું પ્રથમ તીર્થ સ્થાન દ્વારકા ગણાય છે.

દ્વારકાની નગરીમાં મંદિરના વિકાસનું કામ ૧.૩૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે. સુદામા સેતુ અને પંચકુઇ વિકાસ યોજના રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ૫૦–૫૦ ટકા ભાગીદારીથી કામગીરી પૂર્ણ કરેલ છે. ગોમતીઘાટ વિકાસ યોજના માટે અંદાજીત ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. બેટ દ્વારકા વિકાસ અનુસંધાને રૂપિયા ૩૦ કરોડ પ્રોજેકટ માટે મંજૂર થયેલ છે. ભાડ્કેશ્વર મહાદેવ મંદિરને દરિયાના મોજાંથી થતા નુકસાન અટકાવવા દિવાલ બનાવવા માટે રૂપિયા ૧.૫૦ કરોડ મંજૂર થયેલ છે જેની કામગીરી પ્રગતિમાં છે. દ્વારકાધીશ મંદિર રોશની અને દ્વારકાના મંદિરથી હાઇવે એપ્રોચ માર્ગ બ્યુટીફીકેશન માટે રૂપિયા ૧ કરોડ મંજૂર થયેલ છે.

સૌરાષ્ટ્ર સિંઘુ સાગરના (અરબી સમુદ્રના) કિનારે આવેલ સોમનાથ હિન્દુઓનું જગ પ્રસિદ્ધ યાત્રાધામ છે. સોમનાથમાં ચંદ્રની ભક્તિથી પ્રસન્ન થયેલા શિવજીનાં દર્શન થાય છે. સોમનાથમાં જયોતિર્લીંગનો મહિમા ખૂબ જ અનેરો છે અને પૌરાણિક સમયથી આ શિવમંદિર ખૂબ જ આસ્થા સભર છે.

આમ ભારતવર્ષનું પ્રથમ જયોર્તિલીંગ ખૂબ જ મહત્વનું અને શિવ ભક્તો માટે વિશેષ સ્થાન ગણાય છે. પૂરાણું મંદિર ભગ્ન અવસ્થામાં હોઇ આજે સોમનાથમાં પ્રાચીન મંદિર પાસે નવું સોમનાથ મંદિર બાંધવામાં આવ્યું છે જે ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિજ્ઞાની ફળસ્તૃતિ છે.સોમનાથ સમુદ્ર રત્નાકર તટ વિકાસ પ્રયોજના માટે ૧.૯૦ કરોડ, સોમનાથ ગુફાના વિકાસ માટે અંદાજે ૧૬ કરોડ, સોમનાથ દ્વારથી હમીરજી સર્કલથી દેહોત્સર્ગ સુધીના બ્યુટીફીકેશન માટે ૪.૯૮ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ઠાકોર ગોમતી તળાવના કિનારે વસેલું છે. ઠાકોરમાં હાલનું મંદિર ઇ.સ. ૧૭૭૨માં બાંધવામાં આવ્યું હતું. આ મંદિર ઘણું વિશાળ છે. આ મંદિરમાં કેટલીય કલાત્મક શિલ્પકૃતિઓ છે. ગુજરાતની ધર્મપ્રેમી પ્રજા ઠાકોરમાં દર માસની પૂનમે હજારો યાત્રિકો આવે છે.

અધ્યક્ષશ્રીઃ માનનીય જગદીશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે આજરોજ પાર્લામેન્ટરી એસોસિએશનની મિટિંગ રાખવામાં આવી હતી, પરંતુ અમુક કારણોસર આ મિટિંગ આવતીકાલે વિધાનસભા પૂરી થયા પછી દસ મિનિટ બાદ નકકી થયેલા સ્થળ ઉપર મળશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૫ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તારીખ ૮ મી જુલાઇ, ૨૦૧૪ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૮મી જુલાઇ, ૨૦૧૪**
**આષાઢ ૧૭, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

(સભાગૃહની શરૂઆતમાં વિપક્ષના દંડકશ્રી બલવતસિંહ રાજપૂત રજૂઆત કરવા ઊભા થતા)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પછી થશેને? અરજન્ટ છે? આપ કોઇ બૂક વગરનું કહો કાંઇ અરજન્ટ હોય તો. (અંતરાય) પ્રશ્નોત્તરીમાં કોઇ વસ્તુ હોય જ નહિ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સમાચાર મળ્યાં છે કે (અંતરાય) અમારાં વિરોધપક્ષના નેતાશ્રીની, ધારાસભ્યશ્રી બળદેવજીની અને ધારાસભ્યશ્રી રમેશભાઇની ધરપકડ નંદાસણ મૂકામે કરવામાં આવી છે તો માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કોઇપણ ધારાસભ્યની અટકાયત થઇ છે કે ધરપકડ છે એ પોલીસ ન્યૂઝ અહીંયા આવશે. હજુ તો કદાચ બેસાડીને રાખી મૂક્યાં હોય, અટકાયત પણ ના કરી હોય અને ધરપકડ પણ ના કરી હોય (અંતરાય) ભાઇ, સાંભળોને તમારા નેતા શું? મિનિસ્ટર અને નેતાને ય પકડે. એમાં અમારાં નેતા, અમારાં નેતા શું કરો છો? ગમે તેના નેતાને પકડે. પોલીસ છે, કાયદો અને વ્યવસ્થાનો ભંગ કરે તો એ પકડે નહિ તો શું કરે? મારી પાસે આવે કે કઇ કલમ નીચે પકડ્યાં છે એની હું જાહેરાત કરીશ. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : હજી કોઇ મારી પાસે પોલીસ ડિપાર્ટમેન્ટની માહિતી આવી નથી, આવશે એટલે જાહેરત કરશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, ધરપકડ થઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, પણ કરે ધરપકડ પણ, આંદોલન કરવા જાવ તો ધરપકડ ના કરે તો શું કરે? થાય જ હવે. આંદોલન કરવા જે જાય એની ધરપકડેય થાય, લાઠીચાર્જ થાય, ટીયર ગેસ છૂટે અને ગોળીબાર પણ થાય, બધું થાય એ તો સ્વાભાવિક છે. (અંતરાય) આ બધાને પૂછોને કે કેટલી લાકડી ખાધી છે અને ધરપકડ થઇ છે. (અંતરાય) એ કોઇ સવાલ અત્યારે ઊભો ના થાય, કોઇ સવાલ નહિ બલવંતસિંહ (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મારે પૂછવું છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કોઇ સવાલ ઊભો નહિ થાય. (અંતરાય) વાત સાંભળી લીધી. ( આ તબક્કે કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ દ્વારા બેઠા બેઠા સૂત્રોચ્ચારો અને સતત અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નિયમમાં છે કે પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કોઇ વાત ના ઉપાડાય તમે બેસો. (અંતરાય) પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કોઇ વાત ના હોય. પ્રશ્નોત્તરી થઇ જાય પછી કહેજો. (અંતરાય) નહિ, નહિ (અંતરાય) હું તમને કહું છું કે પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કોઇ વાત ના હોય. જે તમારે કહેવું હોય એ અમે વર્ષોથી આ હાઉસમાં રહ્યાં છીએ પ્રશ્નોત્તરી પછી જ અમારી વાત સાંભળી છે. એટલે કોઇ એવું ના હોય બલવંતસિંહ અને એમાં ગભરાઇ શું જાવ છો? આંદોલન કરે એટલે ધરપકડ થાય એમાં શું થઇ ગયું? ફાંસીએ થોડા ચઢાવી દીધા છે? (અંતરાય) તો પછી? થાય હવે, ધરપકડ કરીને સાંજે છોડી દેશે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ મુજબની વાત કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, હું પણ નિયમ મુજબ તમને વાત કરું છું. પ્રશ્નોત્તરી દરમ્યાન કોઇ વાત ના હોય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : (અંતરાય) નિયમમાં છે આદેશ છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આદેશ નહિ, નહિ (અંતરાય) મારે કોઇને સાંભળવા નથી. કોઇ સવાલ હોય તો સાંભળુંને? તમારો પ્રશ્ન કોઇ યથાયોગ્ય છે નહિ. આપ શાંતિથી બેસો, પછી હમણાં ન્યૂઝ આવશે તો જાહેરાત કરી દઇશ. ચલાવો પ્રશ્નોત્તરી. નહિ, બલવંતસિંહ, ખોટી પ્રણાલિ નથી પાડવી. પ્રશ્ન ક્રમાંક:૧ ઇન્દ્રનીલ રાજ્યગુરૂ. (આ તબક્કે કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ દ્વારા બેઠા બેઠા સૂત્રોચ્ચારો અને સતત અંતરાય સાથે પાટલીઓ થપથપાવવાના અવાજો.) પ્રશ્ન ક્રમાંક:૧ ઇન્દ્રનીલ રાજ્યગુરૂ. (સતત સૂત્રોચ્ચાર અને પાટલીઓ થપથપાવવાના અવાજો.) પાટલીઓના અવાજ ના હોય, આટલું તો તમને કીધું. પોલીસનો રિપોર્ટ આવશે ને એટલે, પટેલભાઇ નથી આવ્યોને? હજુ સુધી નથી આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ધરપકડ થઇ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે સવારે ૯, ૧૦ અને ૧૧ વાગ્યે ધરપકડ કરે અને અડધા કલાકમાં થોડો રિપોર્ટ આવે? આવશે એટલે તુરત જાણ કરીશ. (સતત સૂત્રોચ્ચાર) પણ એ જોગવાઇ છે એ મને ખબર છે. એ આવશે ત્યારે જાણ કરીશ. ભાઇ, પ્રશ્નોત્તરી ચાલવા દોને, પ્લીઝ. (સતત સૂત્રોચ્ચાર) નહિ,

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : (અંતરાય) નિયમ વિરુદ્ધ (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ નિયમની વિરુદ્ધની વાત નથી. પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કોઇ પ્રશ્ન ઉઠાવાય નહિ. બીજા પ્રશ્ન હોય તો પણ ભલે, પ્રશ્નમાંથી ઊભા થયેલા પ્રશ્નો હોય તો પણ ભલે એટલે કોઇ સવાલ નહિ. (અંતરાય) ભાઇ, પાટલીના અવાજ ના કરો (અંતરાય) કાર્યવાહી ચાલવા દો. તમારો કોઇ સવાલ નહિ, બલવંતસિંહજી (અંતરાય) (વિપક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર વચ્ચે) (અંતરાય) (કોંગ્રેસના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત તેમના સ્થાને ઉભા થઇ કાંઇક બોલતાં) નહીં, પ્રશ્નોત્તરી દરમિયાન નહીં. પ્રશ્નોત્તરી પછી તમે ઉઠાવજો, હું તમને ઉઠાવવા દઇશ તમારો સવાલ, પ્રશ્નોત્તરી દરમિયાન નહીં. આવા બનાવો તો રોજ બને. કાયમ વિપક્ષવાળા આંદોલન કરે, પક્ષવાળા આંદોલન કરે, ગામના વેપારી આંદોલન કરે, મજૂરો આંદોલન કરે, આ કાયમ થતું હોય.(અંતરાય) જો ભાઇ, આંદોલન કરવા જઇએ તો આપણે બધાએ પરિણામનો વિચાર કરીને જવું જોઇએ. એમાં આપણી ધરપકડ પણ થાય, ધરપકડ થયા પછી સજા, ગમે ત્યાં લાઠીચાર્જ પણ થાય, ટિયર ગેસ પણ છૂટે, આંદોલનમાં આ સ્વાભાવિક વાત છે. (આ તકે શ્રી બલવંતસિંહ કાંઇક બોલતાં) મારે કાંઇ સાંભળવું નથી, બેસો. પ્રશ્નોત્તરી ચાલુ જ છે. બેસો તમે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પણ મારી વાત તો સાંભળો, હું નિયમ..(આ તકે નિયમની બુક બતાવતાં)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પછી બતાવજો નિયમ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ તાત્કાલિક જાણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના. તાત્કાલિકનું ના હોય. ભાઇ નિયમની અંદર એવું છે કે, ચોવીસ કલાકની અંદર પકડનારે જાણ કરવી જોઇએ. ચોવીસ મિનિટમાં મને જાણ ન કરે. (અંતરાય) એવો કોઇ સવાલ જ નથી બલવંતસિંહ બેસી જાઓ, કોઇ તમારો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પ્રશ્નોત્તરી પછી કહેજો (વિપક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર તથા સતત પાટલી થપથપાવતાં) (અંતરાય) બેસો તમે, નહીં, એ પ્રશ્નોત્તરી પછી શરૂ થશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમોથી વાત કરવા માગુ છું.

અધ્યક્ષશ્રી : નહીં. હું નિયમોથી વાત કરું છું. (અંતરાય) અરે, ભાઇ જે જોગવાઇ હોય એ પ્રશ્નોત્તરી પછી પૂછજો, મેં ક્યાં ના પાડેલ છે. તમે કહેશો એટલે તરત ને તરત? પ્રશ્નોત્તરી પછી (અંતરાય) હવે તો તમે જે કહેશો (અંતરાય) તો પ્રશ્નોત્તરી પછી પણ નહીં દઉં. હું તમને રિલેક્સેશન આપું છું, હું એમાંથી રિલેક્સેશન આપું છું, પ્રશ્નોત્તરી દરમિયાન નહીં એ સ્પષ્ટ લખેલ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નિયમમાં સ્પષ્ટ લખેલ છે કે, જાણ કરવી પડે.

અધ્યક્ષશ્રી : ચોવીસ કલાકની અંદર કરવી પડે જાણ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તાત્કાલિક.

અધ્યક્ષશ્રી : તાત્કાલિક એટલે બે–ત્રણ દિવસ પછી ન કરે, તાત્કાલિક જાણ કરશે, એની ધરપકડ

કરશે તો ને? એને અટકાયત કરીને પોલીસવાળા છોડી દેશે, તો એ ધરપકડ ન કહેવાય (અંતરાય) એ કાંઇ નહીં, એમાં લખ્યું હોય, આપણે સમજીએ અટકાયત કોને કહેવાય, ધરપકડ કોને કહેવાય. (વિપક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર તથા સતત પાટલી થપથપાવવાનું ચાલુ) (અંતરાય,) એમાં એ પ્રશ્નોત્તરી, હવે લખ્યું હોય ધારો કે, એક મિનિટ, લખ્યું હોય અને ન કર્યું હોય તો આપણે એના ઉપર પગલાં લેવાના હોય, એમાં એક કલાકમાં શું ફેર પડવાનો ?(અંતરાય) નહીં, નહીં. તાત્કાલિક એટલે કાંઇ પાંચ મિનિટમાં નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, બે કલાક થવા આવ્યા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પણ તમને ખબર છે ને ધરપકડ કરી? મારે તો ધરપકડની જાણ જ કરવાની હોય એ વસ્તુ તમે જાણો જ છો પછી મારે કયાં જાણ કરવાની હોય? (અંતરાય) નહીં, નહીં. પ્રશ્નોત્તરી દરમિયાન મારે આ પ્રોસીઝર પાડવી જ નથી. પ્રશ્નોત્તરી દરમિયાન કોઇ વાત નહીં. (વિરોધ પક્ષના સભ્યો દ્વારા પાટલી થપથપાવીને સતત સૂત્રોચ્ચાર) તમારે પાટલી થપથપાવવી હોય તો થપથપાવો. મારી ધીરજ રહેશે ત્યાં સુધી હું અહીં શાંતિથી બેઠો છું. ત્યાં સુધી કોઇ વાત નહીં. (અંતરાય) માનનીય નીતિનભાઇ, તમારે પગલાં લેવા હોય તો કહો. બધા શાંતિ જાળવો. આ હાઉસમાં વારંવાર પગલાં લેવા પડે એ કોઇ યોગ્ય વાત નથી. આપ શાંતિ રાખો. આમપ પણ બેસી જાવ. એક મિનિટ નીતિનભાઇ, તમે પણ બેસો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એમને કયા નિયમ મુજબ આપ્યું? મને નથી આપતાને? એમનું માઇક ચાલુ છે તો કયા નિયમ મુજબ આપ્યું? હું નિયમ બતાવું.

અધ્યક્ષશ્રી : તમે નિયમ બતાવો. હું એમને પણ નથી કહેતો. એક મિનિટ, કોઇ ચર્ચા નહીં. શાંતિથી બેસો. (વિરોધ પક્ષના સભ્યો દ્વારા પાટલી થપથપાવીને સૂત્રોચ્ચાર) બધા સભ્યોને હું ફરીથી વિનંતી કરું છું. હાઉસની કાર્યવાહી ચાલવા દો. આ યોગ્ય નથી. જે નિયમ પ્રમાણેના અધિકાર છે એ અધિકાર મુજબ પ્રશ્નોત્તરી બાદ આ મુદ્દો ઉઠાવવા દઇશ. હું એની ના નથી પાડતો અને છતાં તમારે પ્રશ્નોત્તરી ન ચાલવા દેવી હોય (અંતરાય) બલવંતસિંહભાઇ, આપ બેસી જાવ. પ્રશ્નોત્તરી દરમિયાન આ ગૃહમાં નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : વિનંતી કરવાનો સમય છે પ્રશ્નોત્તરી પછીનો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આમાં તાત્કાલિક શબ્દ લખેલો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી: એની તાત્કાલિક જાણ કરવાની હોય છે. જો ભાઇ, કેટલા વાગે ધરપકડ કરી (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂતઃ સાહેબ, સાડા દસ વાગે.

અધ્યક્ષશ્રી : એ પોલીસ ડાયરીમાં લખાય ત્યારે એને ધરપકડ કહેવાય. પોલીસ ડાયરીમાં લખાય ત્યારે એ ધરપકડ કરશે અને મારી પાસે ચોકકસ રિપોર્ટ આવશે એટલે હું અહીં હાઉસમાં જાણ કરીશ. (અંતરાય) તાત્કાલિક એટલે એક મિનિટ કે બે મિનિટ એમ નહીં. ના, બલવંતસિંહ, એ વાત જ નહીં. (વિરોધ પક્ષના સભ્યો દ્વારા પાટલી થપથપાવીને સૂત્રોચ્ચાર) પ્લીઝ, સૂત્રો બોલાવવાનું અને પાટલી થપથપાવવાનું બંધ રાખો. બલવંતસિંહ, આપના સભ્યોને કહો. કાર્યવાહીમાં ભાગ લેવો હોય તો શાંતિથી બેસો. પ્રશ્નોત્તરી દરમ્યાન આ હાઉસની વર્ષોથી જે પદ્ધતિ છે. પ્રશ્નોત્તરી દરમયાન કોઇ પ્રશ્ન ઉઠાવાતો નથી. આ છેલ્લી ચેતવણી હું આપું છું. પછી તમારે જે કરવું હોય તે તમારા રીસ્કે તમે કરજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : વિનંતી પણ ન કરી શકીએ?

અધ્યક્ષશ્રી : હું ના નથી પાડતો. એક મિનિટ સાંભળો. હું ના નથી પાડતો. તમે કહો છો અત્યારે જ હું પ્રશ્ન ઉઠાવું. હું એમ કહું છું કે પ્રશ્નોત્તરી બાદ ઉઠાવો. તમે આગ્રહ રાખો છો અત્યારે જ. એમને તાત્કાલિક છોડવા જોઇએ. એ તાત્કાલિક પ્રશ્ન ઉઠાવવો જોઇએ એવી વાત છે. એ જે છે. તમે ઉઠાવજો. એને છોડવાનું તાત્કાલિક કીધું છે? પ્રશ્ન હું તમને વિધાનસભાની અંદર કહું છું ને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : જાણ કરવી જોઇએ. સ્પષ્ટ જોગવાઇ છે.(અંતરાય) એમને ગોંધી રાખ્યા છે.

અધ્યક્ષશ્રી :એમાં ગોંધી રાખ્યા ન કહેવાય. અહીથી જાણ કરે. એમને તાત્કાલિક પકડ્યા પછી છોડી દેવા જોઇએ એવું લખ્યું છે? પકડ્યા પછી જાણ કરવી જોઇએ. જાણ કરશે એ. મને એનો રિપોર્ટ આવશે.

આટલા વાગ્યે ધરપકડ થઇ છે અને આટલા વાગ્યે મુક્તિ. હવે ૨ કલાક તમે કહો છો. આંદોલન થાય, પકડે, પછી માણસ ભેગા કરે. એનો પોલીસ કેસ થાય. અમારો તો કાયમી ધંધો હતો બલવંતસિંહ. એ કોઇ વાજબી વાત ન કહેવાય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ લોકહિતનું કામ છે.

અધ્યક્ષશ્રી : લોકહિતનું જ છે. હું ગંભીરતા સમજું છું. વિપક્ષના નેતાને પકડે. પક્ષના કોઇ મંત્રીને પકડે. મુદ્દો એક કલાક પછી થાય. તમારે જે નિર્ણય લેવો હોય તે લો. હાઉસ ચાલવા દો. એવી વિનંતી કરું છું. વારંવાર વિનંતી શા માટે કરવી જોઇએ? હું વિનંતી કરું તમે નિયમ મુજબ. સાંભળો. એક મિનિટ. તમે મને નિયમ બતાવો છો અને બધા પાટલી થપથપાવે છે. એને કહોને આ નિયમ વિરુદ્ધનું કરે છે એને. મને શું કરવાને કહો છો નિયમ બતાવીને. છતાય હું તમને આ પ્રશ્ન આ એક કલાક પ્રશ્નોત્તરી પતે પછી ઉઠાવવા દઇશ. કયાંય જોગવાઇ નથી છતાંય તમને તે પ્રશ્ન ઉઠાવવા દઇશ. એ દરેક સભ્યનો હક્ક અને અધિકાર છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આપ નિર્ણય કરજો. નિયમ છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં વાંચેલ છે ૨૬૪. બોલવું હોય તો તમને મોકો આપીશ. અત્યારે ને અત્યારે નહીં. બધા શાંતિથી બેસજો. વિનંતી છે. હું પ્રશ્નોત્તરી શરૂ કરું છું. (અંતરાય) નહિ, નહિ, નહિ. બલવંતસિંહ. એક વાર ના પાડ્યા પછી કોઇ સવાલ નથી. નિયમમાં જોગવાઇ એમાં લખ્યું છે કે આ મુદ્દો તાત્કાલિક ઉઠાવવો જોઇએ?(અંતરાય) તમારા રક્ષણ માટે તમને મોકો આપું છું. વિપક્ષના નેતાને પકડે. વાંકમાં આવે તો પક્ષના નેતાને પણ પકડી જાય. એ તો પોલીસ છે. ગુનો થતો હોય તો બધાને પકડી જાય. અમે દિલ્હીની અંદર જેલમાં ગયા હતા ત્યાં મંત્રીઓ ભેગા આવ્યા હતા. એમને પણ ઉપાડીને ભેગા લઇ લીધા હતા. ગમે તેને પકડે તેઓ. આ ૨૬૪ મેં વાંચ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ૨૬૪ માં સ્પષ્ટ લખ્યું છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ.(અંતરાય) તમે બોલો નહિ. નીતિનભાઇ પ્લીઝ. ચર્ચા કરો નહિ. આ તરફથી કોઇ બોલતા નહિ. તમે શાંતિ રાખો. પ્રશ્ન ક્રમાંક-૧ ઇન્દ્રનીલ રાજ્યગુરુ. (અંતરાય) તમારા વિપક્ષના નેતા ઉપર લીધું ને. મારે અહીયા આપના ઉપર લેવું પડશે કે ના પાડ્યા પછી ઉભા રહો તો. નહિ,યોગ્ય લાગે તેમ નહિ. તમે કાયદાની વાત કરો અને અહીં કાયદાનો ભંગ કરો. કાયદાનો ભંગ કરીને કાયદાની વાત કરવી અને ન્યાય માગવો. અન્યાયી રીતે વર્તન કરવું અને ન્યાય માગવા આવો. બંને કોન્ટ્રાડીકટરી કેવું થાય છે. એ કોઇ નહીં. બલવંતસિંહ આપને મેં ના પાડી પછી આપે બેસી જવું જોઇએ. બસ બેસી જાઓ. મને કહોને હું સાંભળીશ. અત્યારે આમને આમ વીસ મિનિટ તો થઇ ગઇ. નહીં મારે પ્લીઝ નહીં. મારે આ હાઉસમાં ખોટો પ્રીસીડન્ટ નથી પાડવો. આજે તમે કહો છો, કાલે આ તરફથી કહેશે. મારે આ હાઉસમાં કોઇ ખોટો પ્રીસીડન્ટ પાડવો નથી. પ્રશ્નોત્તરી દરમ્યાન કોઇ રજૂઆત નહીં. કાલ સવારે આંદોલન થાય તેની અંદર ગોળીબાર થાય, ટીયરગેસ છૂટે તો પણ તેની વાત પ્રશ્નોત્તરી પછી જે વાત કરવી હોય તે કરી શકશો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ.

અધ્યક્ષશ્રી :ના, ના એક સેકન્ડ પણ નહીં. આ રેકર્ડ ઉપર કોઇ વાત મારે રાખવી નથી. તમે પહેલાં નકકી કરો કે પ્રશ્નોત્તરી ચાલવા દેવી છે કે તમારું જ કહેવું છે. તો પછી હું એ પ્રમાણે નિર્ણય લઉં. તમારી વાત ચાલવા દઇએ તો જ તમે હાઉસ ચાલવા દો? તમારી વાત હું ન સાંભળું તો હાઉસ ચાલવા ન દેવું એવું નકકી કર્યુ છે? નહીં,એક મિનિટ. તેને તાત્કાલિક છોડવા જોઇએ પણ નિયમમાં છે કે અહીં તાત્કાલિક રજૂઆત તમારી સાંભળવી જોઇએ? હાઇકોર્ટના ન્યાયાધીશ સજા કરે તો તે તાત્કાલિક જાણ કરે? બીજા દિવસે તેની જાણ કરે. એવું નહીં. મેં પણ નિયમ-૨૬૪ વાંચ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બે કલાકથી..

અધ્યક્ષશ્રી :એ વાત આવશે એટલે હું તરત જ હાઉસમાં ડીકલેર કરીશ. અત્યાર સુધી મારી પાસે કોઇ માહિતી આવી નથી. મોડી માહિતી આવશે તો એના જે પગલાં લેવા હશે તે પોલીસ ડિપાર્ટમેન્ટને અમે કહીશું કે તેના માટે પગલાં લેજો. અહીં જાણ ન કરી તેના માટે. બાકી તમે કહો કે આ કરવું જોઇએ તે વાજબી વાત

નથી. હવે શાંતિથી બેસો. તમને હું હજી કહું છું કે જો પ્રશ્નોત્તરીમાં નહીં માન્યા તો પ્રશ્નોત્તરી પછી પણ મુદ્દો નહીં ઉઠાવવા દઉં. અહીં તમે પચ્ચીસ મિનિટ બગાડો. બેસો તમે. તમે બેસો. તમે બેસો. તમારે મનફાવે ત્યારે હું આ મુદ્દો ઉઠાવવા દઉં? રાઘવજીભાઇ તમે બેસો. અરે, તમે બેસો. કોઇ સવાલ નથી.

**(આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી જોઇતાભાઇ પટેલ અને કરમશીભાઇ પટેલ વેલમાં ધસી આવ્યા)**

અધ્યક્ષશ્રી : ના, ના આવતા રહો ચાલો જેટલાને વેલમાં આવવું હોય તે. આવો આવો. કોઇ સવાલ જ નથી. કાંઇ નથી તમે બોલો નહીં. છેલ્લી સૂચના આપું છું કે મહેરબાની કરીને પાટલી થપથપાવવાનું બંધ કરો.(સતત અંતરાય) હું જ કરીશ. નહીં કોઇ નહીં. કોઇ નહીં. જેટલા લોકો, કોંગ્રેસના લોકો પાટલી થપથપાવે છે અને પાંચથી દસવાર કહેવા છતાં પણ તમે નથી માનતા અને વેલમાં આવ્યા છે, આ બલવંતસિંહ સિવાય, દંડકશ્રી સિવાય હું તમામ લોકોને....

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે બોલવું છે.

અધ્યક્ષશ્રી :નહીં નહીં. તમારે બોલવું હોય તો તમને પચ્ચીસવાર કહ્યું. તમને પચ્ચીસવાર કહ્યું કે પ્રશ્નોત્તરી પછી  બોલવા દઇશ અને છતાંય તમે નથી માનતા તો મારે શું આવી રીતે બધાને પગે લાગવું? એ શું કરવા આપણે? તમે તમારી જગ્યાએ બેસો. પહેલાં તમારી જગ્યાએ બેસો. મહેરબાની કરીને પ્રશ્નોત્તરી ચાલવા દેવી છે? છેલ્લો મોકો આપું છું. પ્લીઝ

**(આ તબકકે વેલમાં ધસી આવેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી જોઇતાભાઇ પટેલ અને કરમશીભાઇ પટેલ પોતાના સ્થાન ઉપર બેસી ગયા.)**

અધ્યક્ષશ્રી :પ્લીઝ બલવંતસિંહ તમે બેસો. નહીં નહીં. તમે નકામી ઓપોર્ચ્યુનિટી જવા દેશો. હું તમને કહું છું પ્રશ્નોત્તરી..(અંતરાય) મારે કાંઇ સાંભળવું નથી. પ્રશ્નોત્તરી પછી સાંભળીશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ પ્રમાણે..

અધ્યક્ષશ્રી :નથી થતું. એ જે કંઇ ભૂલ હશે તેની માટે પગલાં લેવા કે ન લેવા તે તેના હાયર અધિકારી ડીકલેર કરશે. તમારે શું કરવું તે નકકી કરો. પ્રશ્ન ક્રમાંકઃ૧. ઈન્દ્રનીલ રાજયગુરૂ.

**ચીખલી તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ**

* ૯૦૨૮ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અન્વયે નવસારી જિલ્લાનાં ચીખલી તાલુકામાં તા. ૩૦–૦૪–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૮ યોજનાઓ મંજુર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૧૭.૬૬ લાખ. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ભારત સરકાર દ્વારા જે રાષ્ટ્રિય ગ્રામિણ પેયજળ કાર્યક્રમ છે એને માટેના જે નોર્મ્સ નક્કી થયા છે એમાં વ્યક્તિ દીઠ દરરોજ કેટલું પાણી પૂરું પાડવાની જોગવાઇ સૂચવેલ છે? તથા હાલમાં આપણા ગુજરાતમાં માથાદીઠ કેટલા પ્રમાણમાં પાણી આપવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ  ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા ગ્રામિણ મૂળભૂત લઘુતમ પીવાના પાણીની જરૂરિયાત ૫૫ લિટર પાણીની વ્યક્તિદીઠ છે અને ૨૦૨૨ સુધીમાં ૭૦ લિટર સુધી લઇ જવાની છે. હાલમાં ગુજરાત સરકાર ૭૦ લિટર પાણી આપે છે.

શ્રીમતી સંગીતાબેન  રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ગામોને પાણી પૂરું પાડવા માટે કઇ કઇ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ગુજરાતના પાણી વિતરણ માટે જુદી જુદી ત્રણ પ્રકારની યોજનાઓ દ્વારા પાણી આપે છે. એક જૂથ પાણી પુરવઠા યોજના છે કે જ્યાં પાણી ન મળતું હોય, સ્ત્રોત ન હોય તેવા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા દૂરથી પાણી લાવીને પૂરું પાડવામાં આવે છે, બીજું વ્યક્તિગત પાણી પુરવઠો જે ગામમાં કૂવો, બોર કે ડંકી દ્વારા પાણી આપવામાં આવે છે, અને ત્રીજી યોજના હેન્ડપંપ દ્વારા જ્યાં ફળીયા વિસ્તાર હોય, નાના વિસ્તાર હોય એવા વિસ્તારમાં હેન્ડપંપ દ્વારા પાણી આપવામાં આવે છે અને ભારત સરકારશ્રીના ધોરણ મુજબ ૨૫૦ માણસની વસતિ દીઠ એક હેન્ડપંપ આપવાનું નક્કી થયેલું છે. આદિજાતિ વિસ્તારમાં ૫૦ માણસોની વસતિ દીઠ એક હેન્ડપંપ અને અન્ય જાતિની વસતિ ૧૫૦ માણસની હોય તો ત્યાં પણ એક હેન્ડપંપ આપવાનું ધોરણ અત્યારે ચાલુ છે. એ ઉપરાંત મીની પાઇપલાઇન દ્વારા જ્યાં ૨૦૦-૨૫૦ માણસની વસતિ હોય એવા ગામમાં બોર દ્વારા, કૂવા દ્વારા એમાં મોટર મૂકી અને ૫૦૦૦ થી ૧૦૦૦૦ લિટરની એક ટેન્ક મૂકી અને પાણી ઘર સુધી પહોંચે એની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, નવસારી જિલ્લાના ચીખલી તાલુકાનો આમાં પ્રશ્ન બતાવેલો છે પણ એના સિવાય બીજા જે તાલુકા છે એમાં આવી કોઇ યોજના મંજૂર થઇ છે કે કેમ? અને જે યોજનાઓ દ્વારા આપણે લોકોને પાણી પૂરું પાડીએ છીએ એમાં વીજ કનેકશનો વરસ વરસ દિવસ સુધી અપાતા નથી તો એવી કેટલી યોજનાઓ છે કે જેમાં વીજ કનેકશનો નથી આપ્યા?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જિલ્લાનો અન્ય જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે પણ આ માત્ર ચીખલી તાલુકા માટેનો પ્રશ્ન છે અને એના અંગેની જે કાંઇ જવાબ હશે એ માટે તેઓ અલગથી પ્રશ્ન પૂછશે તો હું એનો જવાબ આપીશ.

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા એ જાણવા માગુ છું કે, ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા જે ગામડાઓમાં ટાંકી થયેલી એ પાણી સોર્સના અભાવે એમને એમ પડી છે તે એના માટે વૈકલ્પિક વ્યવસ્થા બોર માટે કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇપણ ફરિયાદો હશે કે જ્યાં ટાંકી મૂકી હશે, બોર હશે, કૂવો હશે મોટર ખરાબ થઇ ગઇ હશે આવી કોઇપણ ફરિયાદ હશે તો એ રિપેર કરીને ચાલુ કરવામાં આવશે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, નવસારી જિલ્લામાં તારીખ ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલી જૂથ યોજના પૂર્ણ થયેલ છે, અને તેમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે, અને તે પૈકી કેટલા ગામો પાણી મેળવે છે? અને બાકીના ગામો શા માટે પાણી નથી લેતા?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં તારીખ ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કુલ ૯ જૂથ યોજના પૂર્ણ થયેલી છે, જેમાં જિલ્લાના ૧૧૯ ગામોનો સમાવેશ થયેલ છે અને આ ૧૧૯ ગામો પૈકી ૮૨ ગામો આ યોજનાનો લાભ મેળવે છે જ્યારે ૩૭ ગામ સ્થાનિક સોર્સ દ્વારા પાણી મેળવે છે એટલે આ યોજનાનો લાભ લેતા નથી.

શ્રી પ્રફૂલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રી પાસેથી જાણવા માગુ છું કે, નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ગામોની અંદર પીવાના પાણીની શું વ્યવસ્થા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના કુલ ૬૨ ગામો છે એ ૬૨ ગામો પૈકી ૪૭ યોજનાઓ તૈયાર થઇ છે એમાંથી ૪૧ પૂર્ણ છે અને ૬ પ્રગતિ હેઠળ છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે એટલે મારે પ્રશ્ન પૂછવાનો રહેતો નથી.

તા.૮મી જુલાઇ, ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

## ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૮૯૨૩ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓમાં એચબી–૨૦૦–૧ .૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ...નાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪ (ચાર) ભુગર્ભ ગટર યોજનાઓ (૧) ઉના (૨) તલાલા (૩) કોડીનાર અને (૪) સુત્રાપાડાને રૂ.૧૦૦૬૮.૮૮ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, | (૨) કોઈ યોજના પૂર્ણ થઈ નથી. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | (૩) ઉના, તાલાલા અને કોડીનાર એ ત્રણ યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સુત્રાપાડા યોજના DTP પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર કરવાનું આયોજન છે ? | (૪) ગીર સોમનાથ જિલ્લામાં તમામ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના મંજૂર થયેલ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના નીચે ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લાં બે વરસમાં કેટલી નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવી, તેમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, છેલ્લાં બે વરસમાં મંજૂર કરેલ ઉના, તાલાલા, કોડીનાર નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી પ્રગતિમાં છે તો એ કયા તબક્કે છે અને બીજો પ્રશ્ન એ છે કે, છેલ્લાં બે વરસમાં મંજૂર થયેલ સુત્રાપાડા શહેરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે અને કઇ કઇ નગરપાલિકાઓમાં કેટલો કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પુછ્યો છે તેમાં ગીર, સોમનાથ જિલ્લા માટે એમણે માહિતી માંગી છે એમાં માનનીય જશાભાઇએ એમ પણ કહ્યું છે કે છેલ્લાં બે વરસની માહિતી જોઇએ છીએ, તો બે વરસ પહેલાંનો ગીર સોમનાથ જિલ્લો અને અત્યારનો જુનાગઢ જિલ્લો આ બન્ને જિલ્લા એક હતા એ વખતે એ જિલ્લામાં કુલ ૧૨ નગરપાલિકા આવેલ આ બારેય નગરપાલિકાની અંદર રાજ્ય સરકાર તરફથી શહેરો સ્વચ્છ રહે, સ્વસ્થ રહે અને સુંદર થાય એ માટે કરોડો રૂપિયાના આયોજનથી ભૂગર્ભ ગટર યોજનાઓ જૂના જુનાગઢમાં અને હવે ગીર સોમનાથ જિલ્લામાં આવતી તમામ નગરપાલિકાઓ માટે આપણે મંજૂર કરેલી છે એ પૈકી જુદી જુદી યોજનાઓના જુદા જુદા પેકેજ આપણે બનાવ્યા છે અને એ પેકેજ પ્રમાણે અત્યારે કામગીરી ચાલી રહી છે. માનનીય સભ્યશ્રીએ સુત્રપાડા નગરપાલિકાની કામગીરી કયા તબક્કે છે એવું પુછ્યું છે, એમાં અત્યારે ડિટેઇલ પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે અને અન્ય જે યોજનાઓ છે એ યોજનાઓમાં કેશોદ, માણાવદર, બાંટવા, વિસાવદર, ઉના, તાલાલા અને કોડીનાર આ જે શહેરો છે એ શહેરો માટે એક પેકેજ બનાવી ૨૧૧ કરોડ રૂપિયાના ખર્ચે એનું કામ એલ. એન્ડ ટી. કંપનીને બધા જ શહેરોનું એકસાથેનું આપણે સુએઝ કનેક્ટીંગ સિસ્ટમનું આપ્યું છે અને એના માટે પછી જે ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે એના માટેના ૭૭ કરોડ રૂપિયાના ટેન્ડરો અલગથી અત્યારે બહાર પાડવામાં આવ્યા છે બધાજ શહેરોમાં જુદા જુદા તબક્કે અત્યારે લાઇનને ઘરજોડાણ, મેઇન હોલના કામો પ્રગતિમાં છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લાં બે વરસમાં મંજૂર કરેલા વેરાવળ પાટણ શહેરની ભૂગર્ભ ગટર યોજનાનું કામ ક્યારે શરૂ કરવાનું આયોજન છે અને બીજું ગીર સોમનાથ જિલ્લાના ઉના, તાલાલા, કોડીનાર શહેરોની ભૂગર્ભ ગટર યોજનામાં કેટલી ક્ષમતા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની છે અને તે કામગીરી હાલ કયા તબક્કે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે તે શહેરની વસતિના ધોરણે જેટલું પીવાનું પાણી, ઘર વપરાશનું પાણી અથવા અન્ય ઉપયોગ માટેનું પાણી નગરપાલિકા દ્વારા અથવા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને આપવામાં આવે અને એ પાણી જે ભૂગર્ભ ગટરમાં આવે એના નિકાલ માટે અને એને રિસાયકલીંગ કરવાની દરેક શહેરોની જુદી જુદી કેપેસીટી પ્રમાણે આયોજન કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જેઠાભાઇએ જે પ્રશ્ન પુછ્યો છે એ વેરાવળ પાટણ શહેરની અંદર ૪ર એમ.એલ.ડી. ના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ આપવામાં આવ્યું છે અને દેવાસ ટાઇપ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એ એક એનું મૉડેલ છે એના પ્રમાણે કામગીરી કરવામાં આવશે અને તારીખ ૧૧–૭–૨૦૧૪ એટલે આ બે ત્રણ દિવસમાં જ આના ટેન્ડરો આવી જાય અને ખુલી જાય એ તબક્કાની કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ઉના ભૂગર્ભ ગટર યોજના માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે? કઇ એજન્સી દ્વારા અત્યારે કામ કરવામાં આવી રહ્યું છે? અને ત્રીજો પ્રશ્ન કે જે કામગીરી થાય છે તે કામગીરી નબળી થાય છે એવી કોઇ ફરિયાદો રાજય સરકારને મળી છે ખરી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે હવે આપણે એક એક શહેરવાઇઝ ટેન્ડર બહાર પાડતાં નથી. પેકેજ પાડી એક જિલ્લામાં જે નગરપાલિકા આવતી હોય, જે કામ મંજૂર થયા હોય તેના આધારે ટેન્ડર બહાર પાડીએ છીએ. એટલે ઉના નગરપાલિકાનું ટેન્ડર પણ જે સાત નગરપાલિકાઓના કામો આપવામાં આવ્યા છે તે પૈકીનું ર૧૧ કરોડ રૂપિયાનું આ બધુ આખું પેકેજ છે. એ કામ મંજૂર કરવામાં આવ્યુ છે અને તેની કામગીરી એલ.એન્ડ. ટી. કંપનીને આપવામાં આવી છે અને તેના અંગે કોઇ ફરિયાદ અમારી સમક્ષ આવી નથી.

**નર્મદા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ અરજીઓ**

* ૮૮૯૫ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વર્ષ તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪ર અરજીઓ. |
| (ર) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (ર) રર અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. રર,૦૦,૦૦૦/–. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના ગુજરાતમાં કયારથી અમલમાં મૂકવામાં આવી ? અને આ યોજના હેઠળ કયા સંજોગોમાં કેટલી સહાય આપવામાં આવે છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના ભારતીય જનતા પાર્ટીની સરકાર ર૬મી જાન્યુઆરી,૧૯૯૬માં લઇ આવી. અને તેનું સહાયતાનું ધોરણ અકસ્માતના કારણે થયેલાં મૃત્યુ અથવા શરીરના અંગોને થયેલાં નુકસાનને આધારિત નક્કી કરવામાં આવે છે. અકસ્માતના કારણે મૃત્યુ થાય તો તેને ૧ લાખ સુધીનું, અકસ્માતમાં જો બે હાથ અને એક પગ અથવા તો એક હાથ જાય, બે અંગ ખોટા થાય તો તેને પણ એક લાખ રૂપિયા અને શરીરનું એક અંગ જો ખોટું થાય તો તેને ૫૦ હજાર રૂપિયા સુધીનું વીમાનું કવચ મળે છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૧૪–૧૫ માટે કેટલા ખેડૂતોનું પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું? અને આ યોજનાના પ્રચાર પ્રસાર કરવા માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષમાં ગુજરાત સરકારે ૭૦ લાખ ખેડૂતોનું વીમા કવચ લીધેલું છે અને ૩૦ કરોડ રૂપિયા જેવી રકમ પ્રિમિયમની ભરવામાં આવે છે. આ યોજનાના પ્રચાર માટે જિલ્લાઓમાં થતી ખેડૂત શિબિરો, આકાશવાણી દૂરદર્શન ઉપર પણ તેની જાહેરાતો, કૃષિ મહોત્સવ દરમિયાન આ યોજનાની માહિતી ગામે ગામ પહોંચે તેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, જયારે ખેડૂત ખાતેદાર હોય અને અકસ્માતે ગુજરી જાય તો તેને વળતર આપવામાં આવે છે. જો ખેડૂતનું ૭/૧૨માં નામ ના હોય અને તેના સીધી લીટીના વારસદાર કોઇ ગુજરી જાય તો તેને પણ વળતર મારી જાણ મુજબ આપવામાં આવે છે. જયારે તેને વળતર આપવામાં આવે છે, ત્યારે ૭/૧૨ અને ૮-અમાં એક નોંધ પાડવામાં આવે છે. એ નોંધ જયારે પાડવામાં આવે છે ત્યારે ખેડૂત ખાતેદારે ૯૦ દિવસમાં અરજી કરવાની હોય છે, પરંતુ આ નોંધ પાડવામાં જે સમય જાય છે તેના કારણે ઘણી વખત આવા ફોર્મ ભરી શકાતાં નથી. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જેવી રીતે સરકારનો મહેસૂલનો જે હુકમ થાય કલેકટરમાં, મામલતદારના કોઇ હુકમ હોય તેની સુઓ મોટો જે રીતે નોંધ પડે છે તેવી રીતે જો કેસ મંજૂર થાય તેમાં સરકાર દ્વારા સીધી જ મામલતદાર કચેરીએ નોંધ પાડવાની કોઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું એક સૂચન છે. ખરેખર જે કોઇ માણસ અકસ્માતમાં મૃત્યુ પામે તો તેની જાણ, તેની અરજી ૯૦ દિવસ સુધીમાં કરવાની અને તેમાં કદાચ પાંચ-દસ દિવસ વહેલા મોડાં થાય તો પણ અરજી સ્વીકારવામાં આવે છે. અને એ અરજી આપ્યા પછી એની સ્ક્રૂટીની કરવામાં આવે છે એની મર્યાદા ૬૦ દિવસની હોય છે અને તેમાં તે કરવામાં આવે છે અને ૯૦ દિવસની અંદર તેનું ચૂકવણું ચેકથી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : તેનો પ્રશ્ન એ છે ગોવિંદભાઇ કે, ખાતેદાર ખેડૂત હોય તેનો દીકરો ગુજરી જાય અને દીકરાનું નામ તેમાં ના હોય તો તેને તમે તાત્કાલિક આપો છો કે નહીં ? તેની નોંધ થાય, તે નોંધ પડયા પછી ખરાઇ થાય અને પછી આપો છો, તેના બદલે ખાતેદાર ખેડૂત હોય અને તેનો દીકરો હોય કે તેનો વારસદાર હોય,

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ વારસદાર હોય તો તેને મળે છે.

અધ્યક્ષશ્રી : એને મળે છે ખરું, પણ મળવામાં વિલંબ થાય છે, એમાં તાત્કાલિક કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન સારું છે અને વિચારીશું.

અધ્યક્ષશ્રી : થાય એવું કરાવો.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એ જ હતો પ્રશ્ન, ઘણી વખતે ખેડૂત ખાતેદાર પોતે ગુજરી ગયો હોય, દીકરાનું નામ ચડ્યું ના હોય અને એ વખતે પણ આ પરિસ્થિતિ પેદા થતી હોય છે, અને સામાન્ય માણસ હોય અને એમને એ નિયમની પણ ખબર હોતી નથી કે એનું નામ પેલું કરાવવું પડે કે ના કરાવવું પડે, તો સીધી લીટીનો વારસવાર સામાન્ય રીતે ખેડૂતનો દીકરો ખેડૂત જ ગણાતો હોય છે અને આપણે ગણતા નથી, તારું નામ નથી ૭(૧૨)માં એમ કરીને અરજી કાઢી નાખતા હોય છે તો આમાં કોઇ સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત મૃત્યુ પામે તો એની જે પત્ની હોય એ અરજી કરે એટલે એને આ સહાય મળે છે. એમાં એનું નામ હોય કે ના હોય એ જરૂરી નથી હોતું અને જો પત્ની ન હોય તો એના જે વારસદાર હોય દીકરો કે દીકરી એ અરજી કરે તો એને સહાય મળે છે. આની અંદર જે અગાઉનો પ્રશ્ન હતો એ એવો હતો કે, પતિ અથવા પત્ની એ ગુજરી ગયા હોય, ખેડૂત ખાતેદાર હોય એ ગુજરી ગયો હોય તો એવી પત્ની અને જે દીકરો હોય એ પણ જો ગુજરી જાય, પ્રથમ દીકરો હોય કે પ્રથમ દીકરી હોય એ પણ ગુજરી જાય તો એને પણ આપણે સહાય આપીએ છીએ પછી એનું ૭(૧૨) કે ૮-અ માં નામની જરૂરિયાત નથી હોતી.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનામાં જે વીમાની સહાય મળે છે એમાં વારસદારને અરજી ફોર્મ સાથે કયા કયા ડોકયુમેન્ટ્સની જરૂર પડે છે અને પ્રશ્ન બીજો એ છે કે, ખાતેદાર ખેડૂતને ત્યાં મજૂર કામ કરતો હોય અને મૃત્યુ થયું હોય તો એને પણ આ વીમાનો લાભ મળે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના છે એ ખાતેદાર ખેડૂતો માટેની છે અને ખાતેદાર ખેડૂતના જે આનુષાંગિક જે જોડાણો કરવાના હોય છે, અકસ્માતે મૃત્યુ થયું હોય ત્યારે એમાં નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે, ૭/૧૨,૮(અ), હકકપત્રકનો નમૂનો, પોસ્ટમોર્ટમ રિપોર્ટ, એફઆઇઆર , પોલીસ ઇન્કવેસ્ટનું પંચનામુ, ચાર્જશીટ, તપાસનો અહેવાલ, પંચનામુ, એસડીએમનો રિપોર્ટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ, રેશનકાર્ડ, જન્મતારીખનો દાખલો, મરણના દાખલાની પ્રમાણિત નકલ, કાયમી અપંગતા હોય તો એના કિસ્સામાં એ બધી રજૂઆત કરવાની હોય છે.

**નવા રચાયેલા જિલ્લાઓની કલેક્ટર કચેરીઓમાં જૂના જિલ્લાઓમાંથી જગ્યા ફાળવવા બાબત**

* ૮૯૪૩ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નવા રચેલ જિલ્લાઓની કલેક્ટર કચેરીઓમાં જુના જિલ્લાઓમાંથી જગ્યાઓ ફાળવેલ છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો બોટાદ જિલ્લામાં કલેક્ટર કચેરી અમદાવાદ અને ભાવનગર જિલ્લામાંથી કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી, અને

(૨) (અ) અમદાવાદ

| ક્રમ | સંવર્ગ | અમદાવાદ જિલ્લામાંથી તબદીલ કરવામાં આવેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ના. મામ. | ૨૬ |
| ૨ | ક્લાર્ક | ૧૬ |
| ૩ | ટાઈપિસ્ટ | ૦ |
| ૪ | મહેસૂલી તલાટી | ૮ |
| ૫ | કા. ક. ટા. | ૦ |

(બ) ભાવનગર

| ક્રમ | સંવર્ગ | ભાવનગર જિલ્લામાંથી તબદીલ કરવામાં આવેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ના. મામ. | ૩૧ |
| ૨ | ક્લાર્ક | ૩૧ |
| ૩ | ટાઈપિસ્ટ | ૨ |
| ૪ | મહેસૂલી તલાટી | ૧૯ |
| ૫ | કા. ક. ટા. | ૧ |

(૩) આ જગ્યાઓ સામે કેટલા કર્મચારીઓ ફાળવવામાં આવ્યા ?

(૩)

| ક્રમ | સંવર્ગ | તબદીલ થયેલ જગ્યાઓ | ફાળવેલ કર્મચારીઓ | બાકી (ખાલી) જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | ના. મામ. | ૫૭ | ૩૮ | ૧૯ |
| ૨ | ક્લાર્ક | ૪૭ | ૨૯ | ૧૮ |
| ૩ | ટાઈપિસ્ટ | ૨ | ૧ | ૧ |
| ૪ | મહેસૂલી તલાટી | ૨૭ | ૧૮ | ૯ |
| ૫ | કા. ક. ટા. | ૧ | ૦ | ૧ |

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : માનનીય અધયક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ જે સાત નવા જિલ્લાની રચના કરી એ ખૂબ પ્રશંસનીય પગલું છે, પણ હું એ જાણવા માગું છું કે, જૂના જિલ્લામાંથી નવા જિલ્લામાં કર્મચારીઓ ફાળવવા અંગેની શું નીતિ છે અને બીજો પ્રશ્ન એ છે કે, જૂના જિલ્લામાંથી નવા જિલ્લામાં જગ્યાઓ ફાળવવા બાબતે શું ધારાધોરણો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારના માનનીય મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેનના સમયમાં ઓગસ્ટ, ૨૦૧૩માં રાજયની અંદર સાત નવા જિલ્લાઓની રચના કરવામાં આવી, અને સરકારે તુરત જ ફક્ત ત્રણ માસની અંદર નવા જિલ્લાઓમાં જે કર્મચારીઓ કલેકટર કચેરી અને તાલુકાઓમાં મૂકવાના થાય અને રાજય સરકારના મહેકમમાં આવતા હોય અથવા કલેકટરના મહેકમમાં આવતા હોય એમની નિમણૂક બધા જ સાતેસાત જિલ્લામાં ઓકટોબર, ૨૦૧૩માં કરી દીધી અને એ વખતે નાણા વિભાગના પરામર્શમાં મહેસૂલ વિભાગે જૂનો જે જિલ્લો હોય દા.ત. આપણા બોટાદ જિલ્લાનો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે તો બોટાદ જિલ્લો–ભાવનગર જિલ્લો અને અમદાવાદ જિલ્લો બંને જિલ્લાઓમાંથી તાલુકાઓ લઇ અને નવા બોટાદ જિલ્લાની રચના કરવામાં આવી તો નવા બોટાદ જિલ્લામાં જે મહેકમ આપવાનું થાય એ પ્રમાણસર અમદાવાદ જિલ્લો અમદાવાદમાંથી અને ભાવનગર જિલ્લામાંથી મેળવવામાં આવ્યું અને જે નવા જિલ્લા બન્યા છે એની વસતિ, એનો વિસ્તાર અને તાલુકાની સંખ્યા એ ધ્યાનમાં રાખીને મહેકમની ફાળવણી કરવાનો એક સિધ્ધાંત સાતેય જિલ્લામાં આપણે સ્વીકાર્યો છે અને એ રીતે સાતેય જિલ્લામાં મહેકમ ફાળવાઇ ગયું છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ જે ૭ જિલ્લા થયા એનું મહેકમ લગભગ એમાં કલેકટર અને ડી.એસ.પી. મૂકી દીધા છે, પરંતુ એમાં કેટલા જિલ્લાના મકાનોનું ખાતમુહૂર્ત થયું એની જાણકારી આપે.

અધ્યક્ષશ્રી : કેટલા જિલ્લાની નહીં, પરંતુ આ એક જિલ્લાની વાત છે.એક જિલ્લાનો પ્રશ્ન હોય તો કહો.

શ્રી નીતિનભાઇ ર.પટેલઃ આપણે ફકત જિલ્લાઓની રચના કરી કાગળ ઉપર એ પ્રમાણે નહીં, પરંતુ ત્યાં જે ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવું પડે, કલેકટર કચેરી ઉભી કરવી પડે, નવા તાલુકા બન્યા હોય તો તાલુકા અને મામલતદારના સેવા સદન ઉભાં કરવાં પડે, એ વ્યવસ્થા કરવા માટે પણ સતત ર વર્ષથી રાજય સરકારના દરેક વિભાગો જે વિભાગની જે કચેરી બનાવવાપાત્ર હોય એ બધા માટે બજેટની જોગવાઇ કરવામાં આવે છે અને મોટાભાગે નવા રચાનાર જિલ્લામાં સેવા સદન બનાવવા માટેનાં કામ પણ મંજૂર કરી દીધાં છે. બોટાદ જિલ્લાની વાત કરૂં તો ૭૯ર૫૦ ચોરસ મિટર જમીનની ફાળવણી કરી છે, ૧૯.૨૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને મકાનનું કામ લિન્ટર લેવલે આવી ગયું છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે જૂના જિલ્લામાંથી તબદિલ કરેલ મહેકમ ઉપરાંત મહેસૂલ વિભાગ દ્વારા બોટાદ જિલ્લામાં નવી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ઉભી કરવામાં આવેલ છે?

અધ્યક્ષશ્રીઃ આમાં જવાબમાં લખેલ જ છે કે આટલી જગ્યા બાકી છે અને આટલી ભરી દીધી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ આ મૂકયા છે એ જિલ્લા કલેકટરના મહેકમમાંથી છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એ રાજય સરકાર ફાળવણી કરે છે એ માટેનો પ્રશ્ન છે. એમાં મામલતદારની રાજય સરકાર ફાળવણી કરે છે. એ બાબતમાં માહિતી આપું તો પહેલાં જેવો જિલ્લો બને તો એમાં કલેકટર મૂકવા પડે તો એમાં કલેકટર મૂકીએ છીએ. નિવાસી અધિક કલેકટર મૂકવા પડે એ મૂકયા છે, નાયબ કલેકટરની બે જગ્યા સરકારમાંથી ભરાય છે, મામલતદાર બે જગ્યા સરકારે ફાળવી છે, નાયબ મામલતદારની ત્રણ જગ્યા હોય છે, સ્ટેનોગ્રાફર ગ્રેડ–ર ની ૧ અને સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ ની એક જગ્યા ઉપરાંત પુરવઠા, મધ્યાહ્ન ભોજન અને ઇલેકશન માટે જે જરૂરી મહેકમ જોઇએ એ પણ રાજય સરકાર પોતાના સંવર્ગમાંથી ફાળવે છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાના બે તાલુકા બોટાદ જિલ્લામાં ભેળવ્યા છે, ત્યારે ત્યાંના ખેડૂતોના આર.ટી.ઓ.ના કેસો કે

જરૂરી બીજું કામ હોય તો અમદાવાદ જિલ્લામાં જાય તો ત્યાંથી કહેવામાં આવે કે હવે તમારે એના માટે બોટાદ જિલ્લામાં જવું પડશે. તો આજની તારીખે આ બે તાલુકાના ખેડૂતોને ધરમ ધક્કા ખાવા પડે છે. તો આ માટે સરકાર કેટલા સમયમાં ખેડૂતોના આવા પ્રશ્નો હોય એ દૂર કરવા કરવા માગે છે?

શ્રી નીતિનભાઈ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર બધું કામ દીર્ઘદ્રષ્ટી અને આયોજનપૂર્વક કરે છે. આ જિલ્લાઓની ફાળવણી થઇ અને જે તાલુકાઓ જે જિલ્લામાં મૂક્યા એ તાલુકાઓ માટે નાગરિકોની પણ ઇચ્છા હતી અને જયારે કલેક્ટર કચેરીએ તો આ તાલુકા અમલમાં મૂકાયા એ વખતે જ તાલુકા જે જિલ્લામાં ગયા એ  તાલુકાનું બધું જ રેકર્ડ, એના પડતર પ્રશ્નો અને દસ્તાવેજો વગેરે હોય એ બધું જ નવા જિલ્લામાં જે તે વખતે શિફ્ટ કરી દીધું છે. તમામ પ્રકારની કામગીરી હવે નવા જિલ્લામાં જ થાય છે. તો તમે કોઇ ધરમધક્કા ખાતા હોય તો ખાતા નહીં.

**નર્મદા યોજનાની તબક્કા-૧ હેઠળ માઈનોર-સબમાઈનોર નહેરોનો કામ**

* ૮૯૭૨ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તબક્કા-૧ હેઠળ નર્મદા યોજનાની કુલ કેટલી લંબાઈની માઈનોર અને સબમાઈનોર નહેરો બાંધવાની થાય છે અને તા. ૩૧ માર્ચ-૨૦૧૪ સુધી કેટલી લંબાઈના કામ પૂર્ણ થયેલ છે,

(૧) તા.૩૧ માર્ચ-૨૦૧૪ ની સ્થિતિએ, નર્મદા યોજના તબક્કા-૧ હેઠળ મુખ્ય નહેરની ૦.૦ કી.મી. થી ૧૪૪.૫ કી.મી. વચ્ચેથી નીકળતી વિતરણ નહેરોની માઇનોર અને સબ માઇનોરની કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | કુલ લંબાઈ કિં.મી. | પૂર્ણ લંબાઈ કિ.મી. | બાકી લંબાઈ કિ.મી. | બાકાત કરવાની થતી લંબાઈ કિં.મી | બાકાત કર્યા બાદ બાકી લંબાઈ કિં.મી. |
|---|---|---|---|---|---|---|
| ૧ | માઈનોર | ૪૪૩૪.૦૦ | ૪૨૨૪.૦૦ | ૨૧૦.૦૦ | ૯૯.૦૦ | ૧૧૧.૦૦ |
| ૨ | સબ માઈનોર | ૧૧૫૬૨.૦ | ૭૯૭૮.૦૦ | ૩૫૮૪.૦૦ | ૧૫૪૦.૦૦ | ૨૦૪૪.૦૦ |

બારા-ટ્રેક્ટ વિસ્તારના ૨૮૪૭૭ હેક્ટર વિસ્તારમાં સબમાઈનોર નહેરોને બદલે ટપક સિંચાઈ/સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી કરવાની થાય છે.

(૨) બાકી રહેતી નહેરો ક્યાં સુધીમાં પૂર્ણ થશે, અને

(૨) નર્મદા યોજનાના તબક્કા-૧ હેઠળ બાકી રહેતી નહેરો પૂર્ણ કરવાના આયોજનની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | નહેરનું નામ | કામગીરી પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|
| ૧ | શાખા અને પેટા શાખા નહેરો | પૂર્ણ થયેલ છે. |
| ૨ | વિશાખા | પૂર્ણ થયેલ છે. |
| ૩ | માઈનોર | માર્ચ-૨૦૧૫-સુધીમાં |
| ૪ | સબમાઈનોર | માર્ચ-૨૦૧૭-સુધીમાં |

(૩) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ નહેરો પાછળ થયેલ ખર્ચ અને બાકી રહેતા ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | નહેરનું નામ | થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) | બાકી રહેતો ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | શાખા અને પેટા શાખા નહેરો | ૨૯૭.૭૪ | ૦ |
| ૨ | વિશાખા | ૨૯૨.૩૭ | ૦ |
| ૩ | માઈનોર | ૪૦૮.૩૧ | ૩૯.૪૧ |
| ૪ | સબમાઈનોર | ૩૬૫.૫૨ | ૩૧૯.૪૦ |
| | **કુલ** | **૧૩૬૩.૯૪** | **૩૫૮.૮૧** |

શ્રી કેતન મ. ઇનામદારઃ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે  તબકકા-૧ હેઠળ કયા કયા જિલ્લાની કેટલી કેટલી જમીનને પાણી આપવાનું આયોજન છે?

અધ્યક્ષશ્રીઃ બધા જ જિલ્લાનો નહીં આ ફકત નર્મદા જિલ્લાનો જ સવાલ છે.

શ્રી કેતન મ. ઇનામદારઃમાનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સમગ્ર રાજયનો છે. તબકકા–૧ હેઠળ કેટલા જિલ્લામાં એટલે કે કયા કયા જિલ્લાની કેટલી કેટલી જમીનને પાણી આપવાનું આયોજન છે? જિલ્લાવાર માઇનોર અને સબ માઇનોરની સંખ્યા કેટલી છે અને હાલ ફેઝ–૧ ના વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન કયા જિલ્લામાં કયા તાલુકાઓમાં કેટલી માઇનોર અને સબ માઇનોર કેનાલો છે એવો છે. ફેઝ–૧ માં છોટા ઉદેપુર, ભરૂચ, પંચમહાલ અને વડોદરા જિલ્લો આવે છે. નર્મદામાં ૧૮,૮૭૩ હેકટર, છોટા ઉદેપુરમાં ૩૯,૨૨૬ હેકટર, ભરૂચમાં ૧,૬૫,૮૮૮ હેકટર, વડોદરામાં ૨,૧૮,૮૯૭ હેકટર, પંચમહાલમાં ૩૭૨૫ હેકટર, એમ કુલ મળીને ૪,૪૬,૬૦૯ હેકટર જમીનને પિયત આપવાની વ્યવસ્થા છે. એમનો બીજો સવાલ હતો કે માઇનોર કેટલી અને સબ માઇનોર કેટલી છે, તો નર્મદામાં ૪૫ માઇનોર અને ૫૪૨ સબ માઇનોર, છોટા ઉદેપુરમાં ૧૦૭ માઇનોર અને ૧૦૯૩ સબ માઇનોર, ભરૂચમાં ૪૫૯ માઇનોર અને ૨૭૬૪ સબ માઇનોર, વડોદરામાં ૬૫૦ માઇનોર અને ૫૧૩૭ સબ માઇનોર અને પંચમહાલમાં ૧૪ માઇનોર અને ૧૦૭ સબમાઇનોર છે. એમણે પૂછયું છે કે પાણી ચાલુ છે કે કેમ? તો હા, પાણી ચાલુ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અહીં જવાબ આપ્યો છે એમાં પહેલા કોલમમાં આપ્યું છે કે માઇનોર અને સબ માઇનોર મળીને કુલ ૧૬૩૯ કિલોમીટરની લંબાઇ રદ કરવામાં આવી છે, તો આ લંબાઇ કયા વિસ્તારની રદ કરવામાં આવી છે અને કયા કારણોસર રદ કરવામાં આવી છે? આમાં પ્રશ્ન ક્રમાંક ૮૩માં આપેલ છે,

અધ્યક્ષશ્રી : બીજા પ્રશ્નની વાત નહીં કરો, આ જ પ્રશ્નમાંથી પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોન્ટ્રાવર્સીયલ છે એટલે કહું છું, જવાબમાં એમ લખેલ છે કે ટોટલ ૪૯૫૪૬.૮૯ કિલોમીટરની મુખ્ય કેનાલ, શાખા, વિ શાખા, પ્ર શાખા અને પ્ર–પ્રશાખાનું નહેરો બાંધવાનું કામ બાકી છે, અહીં જવાબમાં લખેલ છે કે શાખા, પેટા શાખા અને વિશાખાનું કામ પૂર્ણ થયેલ છે. આ બન્ને જવાબમાં વિગતો જુદી જુદી આપેલ છે.

અધ્યક્ષશ્રી : તમે બેસો, પાછળના સવાલ સાથે આ સવાલની સરખામણી કરો છો એ પદ્ધતિ યોગ્ય નથી. તમે આ સવાલમાંથી જ સવાલ પૂછી શકો, આ પદ્ધતિ ખોટી છે તમારે ૬ નંબરના સવાલમાંથી પૂછવો હોય તો સવાલ પૂછો.

શ્રી પરેશ ધાનાણી : મુખ્ય શાખા, વિશાખા, પ્ર શાખા અને પ્રપ્રશાખાનું ૪૯૫૪૬.૮૯ કિલોમીટરનું નહેરોનું કામ બાકી છે તે કામ કેટલા વર્ષમાં પૂરું કરવા માગો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સવાલ જ વાંચ્યો નથી, કેતનભાઇનો સવાલ માઇનોર અને સબ માઇનોરનો છે. શાખા, પ્રશાખાનો સવાલ નથી. મેં જવાબ આપ્યો છે કે માઇનોર અને સબ માઇનોર આટલી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નર્મદા એ સૌથી મોટો પ્રશ્ન ગુજરાત માટે છે, તો ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તબકકા ૧ માં માઇનોર અને સબ માઇનોરના કામો પૂર્ણ કરવાનો અંદાજિત સમય શું હતો અને એ કામો કયારે કયારે ચાલુ કર્યા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કામો સમયસર જ ચાલુ થયા છે અને પૂર્ણ કરવાની તારીખ કહું તો માઇનોર માર્ચ ૨૦૧૫ માં અને સબ માઇનોર માર્ચ ૨૦૧૭ માં પૂર્ણ થવાની છે.

અધ્યક્ષશ્રી : શરૂ કરવાનો મૂળ સમય કયો હતો એમ પૂછે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સમયસર જ શરૂ થયા છે અને મેં જણાવ્યું તે પ્રમાણે કામો પૂર્ણ થશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણી પાસે પાણી પૂરતું ઉપલબ્ધ છે, ૧૭,૯૩,૦૦૦ હેકટર જમીનને પાણી આપી શકવાની ક્ષમતા છે, આજની તારીખે માત્ર ૨ લાખ અને ૯ હજાર હેકટરને જ પાણી મળે છે.

અધ્યક્ષશ્રી : આ માઇનોર અને સબ માઇનોરનો બહુ મર્યાદિત સવાલ છે. જયારે તમે ટોટલ

યોજનાની વાત કરો છો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આ માઇનોર અને સબ માઇનોર નથી સાહેબ, પાણી શા માટે નથી પહોંચતું આજે એ સવાલ છે. મારો સીધો સવાલ એટલો જ છે કે એક તો આપણે માઇનોર અને સબ માઇનોરના કામો પૂરા કરવાના હતા એ ટાર્ગેટ આપણે ચૂકી ગયા છીએ તો હવે આ કામગીરી પૂરી કરવા માટે આ બજેટમાં કેટલી જોગવાઇ કરવામાં આવી છે? જે લંબાઇ બાકાત કરી, કમાન્ડ એરિયા કમી કર્યો, ત્યાંના ખેડૂતો પાણી માટે રાહ જોઇને બેઠા હતા ત્યારે એને પાણી આપવામાંથી બાકાત કર્યો અને ત્યાં સર કરીએ છીએ. ત્યાં ઉદ્યોગો આવશે, એના લીધે આ વિસ્તાર કમી કરવામાં આવ્યો છે તો એ બાકાત કરવા પાછળના કારણો શું?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અર્બન ડેવલપમેન્ટ, વધતી જતી વસતિને ધ્યાનમાં રાખીને આ કરવામાં આવેલ છે. અર્બન ડેવલપમેન્ટ અને ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટને ધ્યાનમાં રાખીને ડી કમાન્ડ કરવા માટેની વિચારણા ચાલી રહી છે. ત્યાંના ખેડૂતોએ માગણી કરી છે,ત્યારે એમના વિસ્તારનો વિકાસ થતો હોય, એમના વિસ્તારમાં ઉદ્યોગો આવતા હોય એટલા માટે માગણી કરેલ છે. કોઇ ખેડૂત ના નથી પડતો અને આ બે કારણોસર ડી કમાન્ડ કરીએ છીએ. રાજય સરકારે આ વખતના બજેટમાં નવ હજાર કરોડ રૂપિયા આ યોજના માટે ફાળવ્યા છે. જો તમારી આટલી બધી લાગણી હોય તો દરવાજા મૂકવાની મંજૂરી આઠ વર્ષ સુધી પડતર કેમ રહી?

**ભાવનગર જિલ્લામાં ફિલ્ટરથી પીવાલાયક શુધ્ધ પાણી**

* ૯૯૪૩ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના કેટલા અને કયા તાલુકાઓમાં ફિલ્ટરથી પીવાલાયક શુધ્ધ પાણી આપવામાં આવે છે, અને | (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જીલ્લાના વલ્લભીપુર અને ઉમરાળા મળી બે તાલુકાના સંપૂર્ણ ગામોને તથા ભાવનગર, મહુવા, જેસર, ગારીયાધાર, પાલીતાણા, શિહોર એમ ૬ તાલુકાઓના આંશીક ગામોને થઇને કુલ ૮ તાલુકાઓમાં ફિલ્ટરથી પીવાલાયક શુધ્ધ પાણી આપવામાં આવે છે. |
| (૨) જે તાલુકાઓમાં ફિલ્ટરથી પીવાલાયક શુધ્ધ પાણી આપવામાં ન આવતું હોય તો ફિલ્ટર પ્લાન્ટ ક્યારે બનાવવામાં આવશે ? | (૨) તબક્કાવાર ડીસેમ્બર–૨૦૧૫ સુધીમાં. |

---------

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી ભાવનગર જિલ્લાની અંદર આઠ ફિલ્ટરેશન પ્લાન્ટ હયાત છે એનું રિપેરીંગ નગરપાલિકા કરશે, પંચાયત કરશે કે પછી પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરાવવામાં આવશે એ જાણવું છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : કુલ નવ ફિલ્ટર પ્લાન્ટ છે એમાંથી ચાર ચાલુ છે અને પાંચ રિપેરીંગ કરવાના છે એના માટે રાજય સરકારે આ વખતે ૨.૯૦ કરોડની ફાળવણી કરી છે અને રાજય સરકાર એ રિપેર કરશે.

**મહેસાણા જિલ્લામાં બિયારણનાં નમૂના**

* ૮૮૯૧ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૪૫૨ નમૂના. |
| (૨) તે પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૪૪૨ નમૂના પ્રમાણિત થયા.<br>૧૦ નમૂના બિન પ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ | (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ |

અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| ક્રમ | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૧ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં |
| ૩ | ૦૫ | કાર્યવાહી ચાલુ છે. |

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે બિયારણની ચકાસણી માટે રાજયમાં કયા કયા સ્થળે પ્રયોગશાળાની વ્યવસ્થા ઉપલબ્ધ છે. મહેસાણા જિલ્લા માટે આ વ્યવસ્થા કઇ પ્રયોગશાળામાં કરેલ છે, દસ નમૂના બિન પ્રમાણિત થયા છે એના કારણો કયા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ ૪૫૨ નમૂના લેવામાં આવ્યા છે એમાંથી ૪૪૨ નમૂના મંજૂર થયેલા છે. દસ બિન પ્રમાણિત થયેલ છે. આ એ બિન પ્રમાણિતમાં ત્રણ જીનેટિક શુદ્ધતાના અને સાત સ્કુરણ શકિતમાં ફેઇલ ગયા છે એના કારણે નિષ્ફળ ગયા છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : બિયારણની ગુણવત્તાની ચકાસણી માટે નમૂના લેવાની પદ્ધતિ શું છે અને આ જે બિયારણના પ્લોટ બનાવવામાં આવે છે એ આપવાની પદ્ધતિ શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : બિયારણની ચકાસણી કરવાની હોય તો એના ત્રણ નમૂના લેવામાં આવે છે. ત્રણ વ્યકિત હાજર હોય છે. જે એક લેબોરેટરીમાં મોકલવામાં આવે છે એમની પાસે, એક સાક્ષી તરીકે રાખે છે એમની પાસે રાખે છે અને ત્રીજો જરૂર જણાય તો ફેર ચકાસણી માટે મધ્યસ્થ બિયારણ પ્રયોગશાળાને મોકલવા માટે રાખવાનો હોય છે. નમૂના લીધા પછી બનતી ત્વરાએ બિન ચકાસણી પ્રયોગશાળાને મોકલી આપવામાં આવે છે અને એણે સદર નમૂનાનું ૩૦ દિવસમાં પૃથ્થકરણ કરીને એનું રીઝલ્ટ મોકલી આપવાની જોગવાઇ છે. બીજો એમનો પ્રશ્ન છે એ બીજ નિગમનો પ્રશ્ન છે અને નિગમ પ્લોટ ફાળવતી હોય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### રાજ્યમાં નાના અને મધ્યમ કક્ષાના બંધ પડેલા એકમોની માહિતી નિભાવવા બાબત

* ૯૧૨૪ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો જે બંધ પડેલા છે તેવા બંધ એકમોની માહિતી નિભાવવામાં આવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) જી, હા. |
| (૨) જો હા તો આ માહિતી ન રાખવાના કારણો શા છે ? | (૨) એમ.એસ.એમ.ઈ.ડી. એકટ–૨૦૦૬ મુજબ કાયદાકીય જોગવાઈ ન હોવાનો કારણે બંધ થતાં એકમો જાણ કરતાં નથી. |

**જામનગર જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ ૧૦૮(૬) હેઠળ બાકી કેસ**

* ૮૯૬૦ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ જમીન મહેસૂલ નિયમોના નિયમ ૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે, તે પૈકી ૧ વર્ષ પરના કેટલા અને ૬ માસ સુધીના કેટલા કેસો છે, અને | (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ.<br>બાકી કેસો : ૧૭૭<br>૧ વર્ષ પરના : ૫૭<br>૬ માસ સુધીના : ૩૮ |
| (૨) બાકી કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) અર્ધન્યાયીક પ્રક્રિયા હોવા છતાં બનતી ત્વરાએ. |

---------

**સુરત જિલ્લામાં લોક દરબાર**

* ૯૦૦૨ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) ૨૩૪. |

---------

**મહેસાણા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ અરજીઓ**

* ૮૮૯૬ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮૫ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૬ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૧,૪૪,૦૦,૦૦૦/-. |

---------

**વાગરા તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ**

* ૯૦૩૨ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અન્વયે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં તા.૩૦–૦૪–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂા. ૧૧૮.૮૧ લાખ. |

---------

**વડોદરા શહેર અને જિલ્લામાં લોક દરબાર**

તા.૮મી જુલાઈ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

* ૯૦૦૪ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સુચના આપેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વડોદરા શહેર અને જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) ૧૪૨૬. |

---------

**અરવલ્લી જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મહેકમ**

* ૧૦૨૧૯ **ડાં. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર નીચે મુજબ મહેકમ મંજૂર થયેલ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૦૮ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર (મહિલા સહિત) | ૧૦ |
| ૩ | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૫૮ |
| ૪ | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૫ |
| ૫ | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૪ |
| ૬ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૮૬ |
| ૭ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૨ |
| ૮ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૬ |
| ૯ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૧૫ |
| ૧૦ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૩૪ |
| ૧૧ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની માહિતિ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૦૭ | ૦૧ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર (મહિલા સહિત) | ૧૦ | ૦ |
| ૩ | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૨૫ | ૩૩ |
| ૪ | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૩ | ૨ |
| ૫ | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧ | ૩ |
| ૬ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૮૦ | ૬ |
| ૭ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૨ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૬ | ૦ |
| ૯ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૧૮ | ૯૭ |
| ૧૦ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૩૪ | ૦ |
| ૧૧ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ | ૦ |

(૩) આંતર રાજ્ય સરહદ પર આવેલ આ જિલ્લા માટે કોઈ ખાસ મહેકમ ઉભું કરવામાં આવેલ છે કેમ ?

(૩) ના, જી.

---------

## અરવલ્લી જિલ્લામાં ગૌચર –ખરાબાની જમીનનું વેચાણ

* ૧૦૫૦૦ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ગૌચર–ખરાબાની જમીનો કયા હેતુ માટે કોને વેચાણથી આપવામાં આવી, અને

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ ગ્રામ પંચાયતની મંજુરી મેળવવામાં આવી છે ?

(૨) હા.

### અરવલ્લી જિલ્લામાં ગૌચર–ખરાબાની જમીનનું વેચાણ

| તાલુકો | ક્રમ | જમીનનો પ્રકાર | જમીનની વિગત | જમીનનું ક્ષેત્રફળ | કયા હેતુ માટે ફાળવવામાં આવી ? | કોને જમીનની ફાળવણી કરવામાં આવી ? | ગ્રામ પંચાયતની સંમતિ મેળવવામાં આવેલ છે કે કેમ ? |
|---|---|---|---|---|---|---|---|
| ભિલોડા | ૧. | ગૌચર | મોજે : પહાડા, તા. ભિલોડાના સ. નં. ૨૪/૧ | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| | ૨. | ગૌચર | મોજે : મઉ, તા. ભિલોડાના સ. નં. ૫૩૯ પૈકીની | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| | ૩. | ગૌચર | મોજે : ખરાડી, તા. ભિલોડાના સ. નં. ૬૨૮ પૈકીની | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| ધનસુરા | ૪. | ગૌચર | મોજે : વડાગામ, તા. ધનસુરાના સ. નં. ૯૧૯ પૈકીની | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| બાયડ | ૫. | ગૌચર | મોજે : ઉંટરડા, તા. બાયડના સ. નં. ૯૬૫ પૈકીની | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| | ૬ | ગૌચર | મોજે : શણગાલ, તા. બાયડના સ. નં. ૭૬ પૈકીની | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| | ૭. | ગૌચર | મોજે : તાલોદ, તા. બાયડના સ. નં. ૧૬૮ પૈકીની | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| મોડાસા | ૮. | ગૌચર | મોજે : ફરેડી, તા. મોડાસાના સ.નં.૭૨૭, સ. નં. ૭૩૩ સ.નં. ૭૩૫, અને ૭૪૨ ની | ૩૦, ૧૭૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| મેઘરજ | ૯. | ગૌચર | મોજે : ઈસરી, તા. મેઘરજના સ. નં. ૪૧ પૈકી ૧ ની | ૪૯૦૦ ચો.મી. | ૬૬ કે. વી. સબ સ્ટેશન માટે | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનને | હા |
| માલપુર | ૧૦. | | શુન્ય | | | | |

---------

## નવા રચાયેલ જિલ્લાઓની કલેકટર કચેરીઓમાં જૂના જિલ્લામાંથી જગ્યા ફાળવવા બાબત

* ૮૯૪૪ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નવા રચેલ જિલ્લાઓની કલેકટર કચેરીઓમાં જુના જિલ્લાઓમાંથી જગ્યાઓ ફાળવેલ છે કે કેમ, — (૧) હા,

(૨) જો હા, તો અરવલ્લી જિલ્લામાં કલેકટર કચેરી સાબરકાંઠા જિલ્લામાંથી કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી, અને — (૨)

| | |
|---|---|
| નાયબ મામલતદાર | ૯૩ |
| ક્લાર્ક | ૫૫ |
| ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૭ |
| ટાઇપીસ્ટ | ૦૮ |
| **કુલ :** | **૧૬૩** |

(૩) આ જગ્યાઓ સામે કેટલા કમર્મચારીઓ ફાળવવામાં આવ્યા ? — (૩)

| | |
|---|---|
| નાયબ મામલતદાર | ૬૯ |
| ક્લાર્ક | ૪૧ |
| ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૦ |
| ટાઇપીસ્ટ | ૦૦ |
| **કુલ :** | **૧૧૦** |

---------

## વલસાડ જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૯૦૧૩ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | ૨,૬૮,૯૪૩. |

---------

## કરજણ તાલુકામાં પશુ આરોગ્ય મેળા

* ૯૦૨૭ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩ માં વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ, | (૧) ૧૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨,૦૨૮. |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ ? | (૩) ૧૩,૩૦૦. |

---------

## મહિસાગર જિલ્લામાંથી ગૌમાંસનો જથ્થો

* ૮૩૦૭ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં ગૌમાંસનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો, અને | (૧) ૦ (શુન્ય). |
| (૨) તે અન્વયે આવા ગૌમાંસનો જથ્થો લઈ જતા કેટલા વાહનો જપ્ત કરી કેટલાની સામે કાનુની પગલાંઓ લેવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પાટણ જિલ્લામાં હક્કપત્રક નોંધોના નિકાલ બાકી બાબત

* ૮૯૫૫ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૦૨૬૦. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**ફતેવાડી યોજનાની નહેરોની સુધારણા કામગીરી**

* ૮૯૦૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાની ફતેવાડી યોજનાની નહેરોની સુધારણાની કામગીરી બાબતે કોઈ આયોજન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કામોની તા. ૩૧–૦૩–૨૦૧૪ના રોજ શું પરિસ્થિતિ છે, | (૨) કામો પ્રગતિ હેઠળ છે. |
| (૩) તે કામગીરીથી કેટલા વિસ્તારને ફાયદો થશે, અને | (૩) ૩૩,૬૦૦ હેકટર. |
| (૪) તે કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે ? | (૪) રૂા. ૧૨,૨૪૫.૦૦ લાખ. |

---------

**ભાવનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય વિકાસ માટે ગ્રાન્ટ**

* ૮૯૨૧ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, | (૧) ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ રૂા. ૧૮૭.૯૮ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) કેટલા કામ પ્રગતિમાં છે, અને | (૨) ૧૯૬ કામો પ્રગતિમાં છે. |
| (૩) કેટલા પૂર્ણ થયેલ છે ? | (૩) ૪૫૩ કામો પૂર્ણ થયેલ છે. |

---------

**દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પીવાના પાણીની સુવિધા બાબત**

* ૮૫૪૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડા–જાંબુઆ–બોરીઆલા–સીમળીયા બર્જુગ ગામોને પીવાના પાણીની કોઈ સુવિધાઓ નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ગામોને પીવાના પાણીની સુવિધા કાયમી ધોરણે મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) સ્થાનિક સોર્સ મારફતે પીવાના પાણીની વ્યવસ્થા છે. લાંબાગાળાના આયોજન તરીકે નર્મદા નદી આધારિત જુથ યોજનામાં સમાવિષ્ટ કરવાનું આયોજન છે. |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં જમીન માપણીનું રીસર્વેનું કામ**

* ૯૪૭૩ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં જમીન માપણીનું રી સર્વેનું કામ છેલ્લે ક્યારથી શરૂ થયુ,

(૧) તા. ૨૧-૧૨-૨૦૧૦ થી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા તાલુકામાં માપણીનું રી સર્વેનું કામ પૂર્ણ થયું, અને

(૨) રાજકોટ જિલ્લાના બે તાલુકા તથા મોરબી જિલ્લાના બે તાલુકાની માપણીની રી સર્વે ની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) બાકીના તાલુકાઓમાં માપણીનું રી સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે ?

(૩) રાજકોટ જિલ્લાના બાકીના તાલુકાઓમાં માપણીની કામગીરી તા.૩૦-૬-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે. મોરબી જિલ્લાના બાકીના તાલુકાઓમાં માપણીની કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.

---------

**થાનગઢ ખાતે દલિતો પર થયેલા ફાયરીંગની તપાસ બાબત**

*૯૪૭૩ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ ધ્વારા દલિતો પર થયેલા ફાયરીંગની તપાસ કરવા તા. ૩૧-૫-૨૦૧૪ સુધીમાં કોઈ તપાસ પંચ/સમિતિની રચના કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તપાસ પંચ/સમિતિની ક્યારે રચના કરવામાં આવેલ છે,

(૧) અને (૨)
ગૃહ વિભાગના તા. ૨૬-૯-૨૦૧૨ ના હુકમથી આ અંગેની તપાસ અધિકારી કક્ષાએ સોંપવામાં આવેલ.

(૩) તપાસ પંચ સમિતિ દ્વારા કોઈ અહેવાલ તૈયાર કરી અહેવાલને ઉક્ત તારીખ સુધીમાં સરકારને સુપરત કરેલ છે કે કેમ ? જો હા તો ક્યારે સુપ્રત કરેલ છે, અને

(૩) હા, જી. તા.૧-૫-૧૩ ના રોજ.

(૪) મળેલ અહેવાલ પૈકી સરકારે ક્યારે શી કાર્યવાહી કરી તેમજ સદરહુ અહેવાલ કયા તબક્કે પડતર છે ?

(૪) મળેલ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

---------

**વડોદરા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે ફાળવેલ રકમ**

* ૮૯૪૫ **શ્રી દિનેશભાઈ બા. પટેલ(પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની છેલ્લી સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે વર્ષવાર કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે વર્ષ ૨૦૧૨-૧૩માં રૂા. ૨,૩૫,૨૧,૦૬૫/- તથા વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા. ૧,૩૨,૩૩,૧૯૯/- ફાળવવામાં આવ્યા.

(૨) આ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કયા કયા સાધનોની ખરીદી માટે કરવામાં આવ્યો ?

(૨) આ રકમ પૈકી નીચે મુજબ જુદા જુદા સાધનોની ખરીદી માટે કુલ રૂા. ૨,૨૮,૨૭,૮૦૭/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

| ખરીદેલ સાધનો | વર્ષ ૨૦૧૨-૧૩ (રકમ રૂા. ) | વર્ષ ૨૦૧૩-૧૪ (રકમ રૂા. ) |
|---|---|---|
| ફાયરમેન હેલ્મેટ | ૧૩,૮૦૦ | -- |
| ઈયર મફ | ૨,૦૭૦ | -- |
| ડસ્ટ માસ્ક | ૭૮૨ | -- |
| ગમ બુટ | ૧૨,૦૭૫ | -- |
| બોયલર સુટ | ૧,૮૯,૭૫૦ | -- |

| | | |
|---|---|---|
| ટ્રાફીક વેસ્ટ | ૨,૫૩૦ | -- |
| હાઈડ્રોલીક કટર | ૪,૨૯,૫૨૫ | -- |
| સ્પ્રેડર | ૫,૪૪,૫૨૫ | -- |
| રેમ્પ | ૪,૨૩,૨૦૦ | -- |
| ઓક્સીજન માસ્ક વીથ સીલેન્ડર | ૧૩,૮૦૦ | -- |
| એરવેઝ | ૧,૭૨૫ | -- |
| રીસીપ્રોકેટીંગ સો વીથ એસેસરીઝ | ૭૫,૯૦૦ | -- |
| ઈલેક્ટ્રીક ડાયમંડ કટર | ૨,૬૨,૨૦૦ | -- |
| ફેરો ડીટેક્ટર | ૭૯,૩૫૦ | -- |
| એમ્પેક્ટ ડ્રીલ ડેવોટ | ૬,૩૨૫ | -- |
| લેજર ડીસ્ટન્સ | ૧૭,૪૮૦ | -- |
| મેજર | | |
| ડ્રીલીંગ સ્ટેન્ડ | ૯૪,૩૦૦ | -- |
| ચેન ઈલેક્ટ્રીક હોઈસ્ટ | ૩,૩૯,૦૭૮ | -- |
| હોલ મેટ્રો મેક કોર હોઝ | ૮૨,૮૦૦ | -- |
| ઈમરજન્સી રીસ્ક્યુ કીટ | ૫,૮૫,૨૩૮ | -- |
| વોટર બાઉઝર | ૭૪,૪૮,૬૬૮ | -- |
| હક આર્મ ટ્રક | ૬૪,૬૦,૫૧૨ | -- |
| મોટર સાયકલ માઉન્ટેડ વોટર મીસ્ટ ફાયર ફાઈટીંગ સીસ્ટમ | -- | ૩૬,૫૪,૦૧૮ |
| ઈમરજન્સી લાઈટ | -- | ૨૩,૮૮,૧૫૬ |
| **કુલઃ** | **૧,૭૦,૮૫,૬૩૩** | **૫૭,૪૨,૧૭૪** |

---------

**સહકારી મંડળીઓની ડૂબત લહેણા કાઢવાની જોગવાઈ દૂધ મંડળીઓને લાગુ પાડવા બાબત**

૮૫૪૭ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ સહકારી મંડળીઓએ ડૂબત લહેણા કાઢવાની જોગવાઈ કરેલ છે તે અન્વયે દુધ મંડળીઓને તે જોગવાઈ લાગુ પડતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો દુધ મંડળીઓને તે જોગવાઈ લાગુ પડે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) જોગવાઈ હોઈ કોઈ પ્રશ્ન રહેતો નથી. |

---------

**માનનીય મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓને ફાળવેલ ટેલીફોન તથા મોબાઈલ ફોનનો ખર્ચ**

૧૦૨૫૧ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનનીય મુખ્યમંત્રી અને પ્રત્યેક માનનીય મંત્રી દીઠ તેમના કાર્યાલય તથા રહેણાંક ખાતે ફાળવવામાં આવેલ ટેલિફોન બિલો પાછળ તથા મોબાઈલ ટેલિફોનના બિલો પાછળ કેટલો ખર્ચ થયો ? | *આ સાથે સામેલ પત્રક મુજબ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**નેત્રંગ તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ**

૯૦૩૧ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અન્વયે ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં તા. ૩૦-૦૪-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂા. ૨૬૫.૪૪ લાખ. |

---------

**વલસાડ જિલ્લામાં જીપ્સમ સહાય**

૮૮૯૮ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૫૦૭. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂા. ૩,૨૧,૦૦૦/-. |

---------

**વડોદરા મહાનગરપાલિકાને આંતર માળખાકીય વિકાસ માટે ગ્રાન્ટ**

૮૯૨૨ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, | (૧) વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૪૯૯.૬૨ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) કેટલા કામ પ્રગતિમાં છે, અને | (૨) ૫૧૬ કામો પ્રગતિમાં છે. |
| (૩) કેટલા પૂર્ણ થયેલ છે ? | (૩) ૧૭૪૩ કામો પૂર્ણ થયેલ છે. |

---------

**સુરત જિલ્લામાં ટામેટાનો વાવેતર માટે સહાય**

૮૮૮૫ **શ્રી પ્રફુલભાઈ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ટામેટા પાકના નવા વાવેતર માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવેલ છે ? | (૨) એકપણ નહીં. |

---------

**અમદાવાદ જિલ્લામાં કુલપાકનાં લાભાર્થી**

૮૮૮૨ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કુલપાકની ખેતી માટે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) કુલ ૨૫૭ લાભાર્થીઓને. |
| (૨) તે પેટે કેટલી રકમ ચૂકવાયેલ છે ? | (૨) રૂ.૨૪.૭૨ લાખ. |

---------

**સુરત જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબૉરેટરી**

૮૮૮૭ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ટીસ્યુકલ્ચરની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે સુરત જિલ્લામાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ટીસ્યુકલ્ચર લેબૉરેટરી ઉભી થયેલ છે, અને | (૨) એક. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂ.૫૦.૦૦ લાખ. |

---------

**ખેડા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

૯૭૪૩ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ચોરી, લૂંટ, બળાત્કાર તથા દારૂ–જુગારના કેટલા ગુના નોંધાયા, અને

(૨) તે પૈકી મહેમદાવાદ અને ખેડા તાલુકામાં કેટલા ગુના નોંધાયા અને ગુનેગારોની ધરપકડ થઈ છે કે કેમ, અને

(૩) જે ગુના ન ઉકેલ્યા હોય તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| ચોરી | લૂંટ | બળાત્કાર | દારૂ | જુગાર |
|---|---|---|---|---|
| ૩૨૯ | ૧૦ | ૩૫ | ૨૨૫૩૫ | ૧૧૪૬ |

(૨)

| મહેમદાવાદ તાલુકો | | ખેડા તાલુકો | |
|---|---|---|---|
| નોંધાયેલ ગુના | ધરપકડ થઈ | નોંધાયેલ ગુના | ધરપકડ થઈ |
| ૩૮૪૪ | ૪૨૦૫ | ૧૫૧૧ | ૧૬૮૩ |

(૩) ૧. આરોપીઓ પરપ્રાંતિય હોઈ ગુનો કરી વતનમાં ભાગી ગયેલ હોઈ પકડાયેલ નથી.

૨. ઘણી ફરીયાદમાં આરોપીઓના નામ નમૂદ ન હોય તેમજ ફરીયાદી તરફથી નામ આપવામાં આવેલ ન હોઈ આરોપી શોધવાના પ્રયત્નો ચાલુ છે.

૩. આરોપી વિરૂધ્ધના પુરાવા મેળવવા ઉપર બાકી હોવાના કારણે.

---------

**ભાંભરા પાણીમાં મત્સ્યોધોગના વિકાસ માટેની યોજના**

૮૯૧૭ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મત્સ્યોધોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૧૪ની સ્થિતિએ ભાંભરા પાણીમાં મત્સ્યોધોગના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કઈ નવી | (૧) અને (૨) : હા, જી. નીચે જણાવ્યા મુજબની બે યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. |

યોજના અમલમાં મુકવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, તા.૩૧-૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી ?

૧. શ્રીમ્પ ફાર્મના તળાવ બાંધકામ તેમજ તળાવ સુધારણા માટે નાણાકીય સહાય આપવા બાબતની યોજના અને

૨. પોલીથીન લાઈનરની ખરીદી ઉપર તથા બર્ડ ફેન્સીંગ તથા ડોગ ફેન્સીંગ ઉપર નાણાકીય સહાય આપવા બાબતની યોજના.

---------

**સુરત જિલ્લામાં ફળઝાડ વાવેતરના લાભાર્થી**

૮૮૮૩ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪ માં સુરત જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) કુલ ૨૪૯ લાભાર્થીઓ. |
| (૨) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૨૮.૪૦ લાખ. |

---------

**રાજકોટ જિલ્લામાં જીપ્સમ સહાય**

૮૮૯૭ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, | (૧) ૬૪૯૬. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૪૭,૩૯,૭૫૦/-. |

---------

**અમદાવાદ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ બનાવવાનાં લાભાર્થી**

૮૮૮૪ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪ માં કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) એક લાભાર્થી. |
| (૨) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૪૩.૧૫ લાખ. |

---------

**અમરેલી અને કુંકાવાવ તાલુકાનાં ગામોમાં ડેમ અને ગામ તળાવ ઉંડા ઉતારવા બાબત**

૯૭૭૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ મે ૨૦૧૪ની સ્થિતિએ અમરેલી અને કુંકાવાવ તાલુકાના કેટલા ગામોમાં સરકાર હસ્તકના ડેમ અને ગામતળાવ આવેલા છે, | (૧) અમરેલી તાલુકાના ચાર ગામોમાં ડેમ તથા ઓગણીસ ગામોમાં ગામ તળાવ અને કુંકાવાવ તાલુકાના એક ગામમાં ડેમ તથા ત્રેવીસ ગામોમાં ગામ તળાવ આવેલા છે. |
| (૨) તે પૈકી તા.૩૧ મે ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામના કુલ કેટલા ડેમ અને ગામતળાવને ઉંડા ઉતારવાની કાર્યવાહી કરવામાં આવી અને તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૨) છેલ્લા બે વર્ષમાં ત્રણ ગામોનાં ત્રણ ડેમ અને ૫૦ ગામોના ૬૫ ગામતળાવ રૂ.૩૭૬.૦૫૨ લાખના ખર્ચે ઉંડા ઉતારવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ બાકી રહેતા ડેમ તથા ગામતળાવને ઉંડા ઉતારવા અંગે સરકારનું શું આયોજન છે, | (૩) નાણાંકીય ઉપલબ્ધી અનુસાર તળાવો ઉંડા ઉતારવાનું આયોજન કરવામાં આવશે. |

અને

(૪) ઉપરોકત બાકી રહેતા ડેમ તથા ગામતળાવો પૈકી કેટલા ગામના કામો અંગે વિભાગને માંગણી કે દરખાસ્ત મળેલ છે ?

(૪) ડેમ માટે કોઈ માંગણી આવેલ નથી. ગામ તળાવો પૈકી ૨૭ ગામના કામો અંગે વિભાગને માંગણી કે દરખાસ્ત મળેલ છે.

---------

**નર્મદા યોજના આધારિત ઝીંઝુંવાડા શાખા–વિશાખા–પ્રશાખા નહેરનો ખર્ચ**

૯૦૩૬ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદા યોજના આધારીત ઝીંઝુંવાડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કુલ અંદાજીત ખર્ચ કેટલો છે,

(૧) નર્મદા યોજના આધારીત ઝીંઝુંવાડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કુલ અંદાજીત ખર્ચ નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | અંદાજીત ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | શાખા | ૫૨.૦૦૦ |
| ૨ | વિશાખા | ૯૧.૦૦૦ |
| ૩ | પ્રશાખા | ૧૮૧.૦૫૬ |
| | **કુલ** | **૩૨૪.૦૫૬** |

(૨) તે પૈકી તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજના આધારીત ઝીંઝુવાડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના પૂર્ણ કરવામાં આવેલ કામોની રકમ નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|
| ૧ | શાખા | ૫૨.૦૦ |
| ૨ | વિશાખા | ૯૧.૦૦ |
| ૩ | પ્રશાખા | ૯૩.૬૭ |
| | **કુલ** | **૨૩૬.૬૭** |

(૩) તાલુકાવાર કેટલા ગામોને સિંચાઈનો લાભ મળશે ?

(૩) તાલુકાવાર સિંચાઈનો લાભ મળનાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૪ |
| ૨ | બહેચરાજી | ૨૪ |
| ૩ | દેત્રોજ | ૩ |
| ૪ | માંડલ | ૨૪ |
| ૫ | દસાડા | ૪૭ |
| ૬ | સમી | ૧૦ |
| | **કુલ** | **૧૧૨** |

---------

**મેશ્વો નદી પર તાજપુર ડેમ પાસે મંજૂર થયેલ નવા ચેકડેમની કામગીરી**

૮૧૨૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ મેશ્વો નદી પર તાજપુર પાસે મંજૂર થયેલ નવીન ચેકડેમ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૧) મેશ્વો નદી પર તાજપુર કેમ્પ ગામ પાસે બૃહદ ચેકડેમનું કામ ઈજારદારશ્રી દ્વારા ચેકડેમના પાયાનું ખોદાણ કામ શરૂ કરેલ અને નહિવત કામ કરી કામ છોડી દીધેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને આ કામ ક્યારે પૂર્ણ થશે ?

(૨) સદરહું ચેકડેમ પાછળ કોઈ ખર્ચ પડેલ નથી. સદર ચેકડેમનું કામ શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવામાં આવશે.

તા.૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**જામનગર, ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકાના સન ૨૦૧૨ માં ખરીફ પાક વાવેતરના વીમાની રકમ ઓછી ચૂકવાયા બાબત**

૯૪૩૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા.૨૧-૨-૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૪૦૨ (અગ્રતા-૨) અન્વયે **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકાઓને સને ૨૦૧૨ના ખરીફ મગફળી તથા કપાસ પાકના પાક વીમાની દાવાની ચૂકવણી વીમા કંપની દ્વારા એરીયા રીડકશન ફેકટરને ધ્યાને લઈ ગણત્રી કરી ચૂકવણી કરવામાં આવેલ હોવાથી ખેડૂતોને પાક વીમાની રકમ ઓછી ચૂકવાઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા, નિયામકની કચેરી કક્ષાએથી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા મળેલ પાક આધારિત વાવેતર વિસ્તારની વિગતો વીમા કંપનીને ફકત જાણકારી અર્થે મોકલવામાં આવે છે તે હકીકત પણ સાચી છે, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો વીમા કંપનીને પાક વતારા આધારીત વાવેતર વિસ્તારના આંકડા ફકત જાણકારી અર્થે મોકલવાના શા કારણો છે, અને | (૩) વીમા કંપની દ્વારા માંગણી કરવામાં આવેલ હોવાથી. |
| (૪) ફકત જાણકારી અર્થે મોકલેલ આંકડાને આધારે ચૂકવેલ રકમને બદલે નિયમ મુજબ ગણતરી કરી મળવાપાત્ર રકમ ચૂકવાઈ તે માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે ? | (૪) - વીમા કંપની (AIC) ના તા.૨૬-૭-૨૦૧૩ના પત્ર દ્વારા રાજ્યના ૪૫ તાલુકાઓમાં નોટીફાઈડ કૃષિ પાકોના વાવેતર વિસ્તાર અને પાક વીમા હેઠળ આવરી લેવામાં આવેલ વિસ્તારમાં તફાવત હોવાથી Area Reduction Factor લાગુ કરી પાક વીમાની ગણતરી કરવા રાજ્ય સરકાર પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (NOC) ની માંગણી કરવામાં આવેલ.<br>- જેના જવાબમાં રાજ્ય સરકારના તા.૨૯-૭-૨૦૧૩ના પત્રથી, વીમા કંપનીને, NOC આપેલ ન હતું અને યોજનાની ગાઈડલાઈન મુજબ ખરીફ ૨૦૧૨ના પાક વીમાના દાવા ચૂકવવાની કાર્યવાહી કરવા જણાવેલ હતું.<br>- કેન્દ્ર સરકારના માન. કૃષિ મંત્રીશ્રીએ તા.૩૦-૭-૨૦૧૩ના પત્રથી રાજ્ય સરકારને સદર બાબતે સંમતી આપીને દાવા ચૂકવાય તેવું જણાવેલ.<br>- જેના જવાબમાં રાજ્ય સરકાર દ્વારા તા.૧૩-૮-૨૦૧૩ના પત્રથી જણાવેલ હતું કે NAIS ની ગાઈડલાઈનમાં એરીયા રીડકશન ફેકટર લગાવવાની કોઈ જોગવાઈ ન હોવાથી સદર બાબતે રાજ્ય સરકારની સંમતીનો આગ્રહ રાખી શકાય નહીં.<br>- કેન્દ્ર સરકારના તા.૩-૯-૨૦૧૩ના પત્રથી વીમા કંપની, દિલ્હીને ખરીફ ૨૦૧૨ ઋતુના પાક વીમાના દાવાની ચૂકવણી માટે એગ્રીકલ્ચર ફાયનાન્સ કોર્પોરેશન (AFC)ના અહેવાલ મુજબ એરીયા રીડકશન ફેકટર લગાવી ચૂકવવા જણાવેલ. |

– જેના જવાબમાં રાજ્ય સરકાર તરફથી તા.૧૨–૯–૨૦૧૩ના પત્રથી કેન્દ્ર સરકારના માન. મંત્રીશ્રી (કૃષિ) ને જણાવેલ કે રાજ્ય સરકાર સાથે પરામર્શ કે સંમતી લીધા સિવાય એક તરફી નિર્ણય કરીને એરીયા રીડકશન ફેકટર લગાડેલ છે, જે બાબતે ફેર વિચારણા કરી ખેડૂતોને નિયમોનુસાર ચૂકવવાપાત્ર વીમાની રકમ ચૂકવી આપવી જોઇએ. જેના કારણે રાજ્ય સરકારશ્રીના હિસ્સા મુજબ જો વધુ નાણા આપવાના હોય તો પણ આપવા સહમત છે તેમ જણાવી આ બાબતે સત્વરે નિર્ણય કરવા કેન્દ્ર સરકારશ્રીને વિનંતી કરેલ હતી.

---------

**ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ૩૨–ક માં ગયેલા દસ્તાવેજોના મૂલ્યાંકનની કાર્યવાહી**

૧૦૨૧૨ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ૩૨–ક માં ગયેલા દસ્તાવેજોનો મૂલ્યાંકન કાર્યવાહી માટે ઉના ડેપ્યુટી કલેકટરશ્રીને મોકલી આપેલ છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે અને કેટલા દસ્તાવેજો મૂલ્યાંકન માટે મોકલવામાં આવેલ છે,

(૨) છેલ્લા બે વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ ના તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ ઉના તાલુકાના કોઈ દસ્તાવેજો મૂલ્યાંકના માટે સ્ટેમ્પ ડયુટી નાયબ કલેકટરને મોકલવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં નીચે મુજબ દસ્તાવેજો મૂલ્યાંકન માટે મોકલવામાં આવેલ છે.

| વર્ષ | મૂલ્યાંકન માટે મોકલેલ કેસો |
|---|---|
| ૨૦૧૧ | ૨૮ |
| ૨૦૧૨ | ૨૦૧૧ |
| **કુલ** | **૨૦૩૯** |

(૩) મોકલવામાં આવેલ દસ્તાવેજો પૈકી કેટલા દસ્તાવેજોનું મૂલ્યાંકન કરી પરત કરેલ છે અને કેટલા દસ્તાવેજોનું મૂલ્યાંકન બાકી છે, અને

(૩)

| | |
|---|---|
| મૂલ્યાંકન કરી પરત કરેલ કેસો | ૧૪૦ |
| મૂલ્યાંકન બાકી હોય તેવા કેસો | ૧૮૯૯ |

(૪) બાકી રહેલ દસ્તાવેજોનું મૂલ્યાંકન ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૪) શક્ય તેટલું ઝડપથી.

---------

**કાકરાપાર તથા ઉકાઈ જમણાકાંઠા મુખ્ય નહેરના આધુનિકરણ બાબત**

૮૯૧૧ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કાકરાપાર જમણાકાંઠા મુખ્ય નહેર તથા ઉકાઈ જમણા કાંઠા મુખ્ય નહેરના આધુનિકરણના કામો સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કામોની સ્થિતિ શી છે,

(૨) કામો પૂર્ણ થયેલ છે.

(૩) આ કામોમાં કેટલો ખર્ચ થશે,

(૩) રૂ.૨૫૯.૧૫ કરોડ (તા.૩૧–૩–૨૦૧૪ સુધીમાં થયેલ ખર્ચ રૂ.૨૨૯.૯૦ કરોડ)

(૪) તેનાથી ક્યા ક્યા જિલ્લાના કેટલા તાલુકાઓને લાભ થનાર છે, અને

(૪)

| જિલ્લો | તાલુકાની સંખ્યા |
|---|---|
| સુરત | ૫ |

| | |
|---|---|
| ભરૂચ | ૨ |
| કુલ – | ૭ |

(૫) તે કામો કરવાથી કેટલા હેકટર સિંચાઈ વધશે ? (૫) ૨૦૦૦ હેકટર.

---------

**વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

૮૯૬૧ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | પાડવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| વલસાડ | ૨૮૯૩ | ૨૮૯૩ | ૫૨ |
| પારડી | ૧૫૮૭ | ૧૫૮૭ | ૨૦ |
| ઉમરગામ | ૧૨૯૮ | ૧૨૯૮ | ૧૦૪ |
| વાપી | ૨૬૩ | ૨૬૩ | ૧ |
| ધરમપુર | ૧૦૩૨ | ૧૦૩૨ | ૧૧ |
| કપરાડા | ૭૩૫ | ૭૩૫ | ૧૬ |
| **કુલ** | **૭૮૦૮** | **૭૮૦૮** | **૨૦૪** |

(૨) નામંજૂર કરવાના કારણો શા છે ? (૨) નિયમોનુસાર ન હોવાથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં બાગાયતી પાકોમાં મલ્ચીંગના લાભાર્થી**

૮૮૮૯ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં બાગાયતી પાકોમાં મલ્ચીંગ માટે કેટલાં લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, (૧) કુલ ૧૨૭૭ લાભાર્થીઓને.

(૨) તે અન્વયે ઉકત વર્ષમાં કુલ કેટલી રકમનો લાભ આપવામાં આવેલ છે ? (૨) કુલ રૂ.૧,૫૫,૫૫,૧૫૦/-

---------

**રાજ્યમાં પશુચિકિત્સક અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ પર નિમણૂક બાબત**

૯૫૭૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પશુચિકિત્સક અધિકારી વર્ગ–૨ ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, (૧) ૨૪૪.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ઉપર નવી નિમણૂંકો કરવામાં આવી, અને (૨) ૨૩૭

(૩) બાકી જગ્યાઓ ઉપર ક્યારે નિમણૂક કરવામાં આવશે ? (૩) ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીને ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપી શકાશે.

---------

**જૂનાગઢ જિલ્લામાં નવી શરત/ગણોતધારા હેઠળની જમીન જૂની શરતમાં ફેરવવા અરજીઓ**

૮૯૫૧ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવી શરત/ગણોતધારા હેઠળની જમીન જૂની શરતમાં ફેરવવા અંગેની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૩ (ત્રેવીસ). |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, | (૨) મંજૂર – ૯<br>નામંજૂર – ૨ |
| (૩) કેટલી પડતર રહી, અને | (૩) ૧૨ |
| (૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ? | (૪) બાકી અરજીઓ ચકાસણી હેઠળ હોઈ. |

---------

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટર યોજના**

૯૬૭૨ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં નગરપાલીકાવાર ભુગર્ભ ગટર યોજના માટે છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રોજેકટને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં નગરપાલીકાવાર ભુગર્ભ ગટર યોજના માટે છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ પ્રોજેકટની વિગતો નીચે મુજબ છે.

| નગરપાલિકાનું નામ | મંજૂર પ્રોજેકટની સંખ્યા | પ્રોજેકટની અંદાજીત રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| દાહોદ | ૧ | ૬૧૦૩.૨૨ |
| દેવગઢ–બારીયા | ૧ | ૧૬૮૩.૨૦ |
| ઝાલોદ | ૧ | ૪૬૧૮.૫૮ |

---------

**નવસારી જિલ્લામાં રાસાયણિક ખાતરનો જથ્થો**

૯૫૫૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં જરૂરીયાત સામે તાલુકાવાર કયા પ્રકારનાં રાસાયણિક ખાતરનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) રાજ્યમાં રાસાયણિક ખાતરોની તાલુકાવાર અલગથી ફાળવણી કરવામાં આવતી નથી. પરંતુ, તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં જરૂરીયાત સામે ફાળવેલ રાસાયણિક ખાતરનાં જથ્થાની વિગતો નીચે મુજબ છે.

(જથ્થો મે. ટનમાં)

| અ. નં. | ખાતરનું નામ | જરૂરીયાત | ફાળવણી |
|---|---|---|---|
| ૧ | યુરીયા | ૮૪૪૦૦ | ૫૭૨૬૫ |
| ૨ | ડી.એ.પી | ૨૫૩૫૦ | ૯૫૯૫ |
| ૩ | પોટાશ | ૨૪૫૫૦ | ૧૦૦૩૨ |
| ૪ | એન.પી.કે. | ૩૧૧૪૦ | ૨૧૬૩૮ |

(૨) રાસાયણિક ખાતરનો જથ્થો જરૂરીયાતના સમયે સમયસર નથી મળતો તેવી વ્યાપક ફરીયાદો પછી

(૨) નવસારી જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરનો જથ્થો સમયસર મળતો નથી તેવી ફરીયાદો મળેલ

સમયસર જથ્થો મળે તે માટે સરકારે શાં પગલાં લીધા ?

નથી.

પરંતુ, રાજ્યમાં ખેડૂતોને સમયસર રાસાયણિક ખાતર મળી રહે તે હેતુથી સરકાર દ્વારા નીચે મુજબનાં પગલાં લેવામાં આવે છે.

(૧) ભારત સરકારશ્રી દ્વારા દર માસે ફાળવવામાં આવતાં રાસાયણિક ખાતરનાં સપ્લાય પ્લાન મુજબનાં ખાતરનાં જથ્થાનું વિતરણ રાજ્યમાં સુચારૂ રીતે થાય તે માટે દર માસે તેમજ ખાતરની અછતની પરિસ્થિતિમાં દર પંદર દિવસે રાસાયણિક ખાતર ઉત્પાદક/વિતરક કંપનીઓ તથા સંસ્થાઓ સાથે બેઠક યોજી જે વિસ્તારમાં રાસાયણિક ખાતરની અછત હોય તે વિસ્તારમાં ખાતર મળી રહે તે માટે આયોજન કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૨) રાજ્યમાં રાસાયણિક ખાતરની અછત ન સર્જાય તે માટે ભારત સરકારશ્રી સાથે દર અઠવાડીયે યોજવામાં આવતી વીડીયો કોન્ફરન્સમાં તેમજ ખરીફ તથા રવી ઋતુમાં યોજવામાં આવતી ઝોનલ કોન્ફરન્સમાં ભારત સરકારશ્રીને રાસાયણિક ખાતરની ફાળવણી બાબતે જરૂરી રજુઆતો કરવામાં આવે છે.

(૩) પીક સીઝનમાં રાસાયણિક ખાતરની તંગી ન સર્જાય તે માટે ઓફ સીઝનમાં રાસાયણિક ખાતર વિતરક સંસ્થાઓ સાથે બેઠક યોજી રાસાયણિક ખાતર સંગ્રહ કરવા માટે આયોજન કરી તે મુજબ કાર્યવાહી કરવા સંસ્થાઓને સુચના આપવામાં આવે છે.

(૪) તેમ છતાં, કોઈ ચોક્કસ વિસ્તારમાં રાસાયણિક ખાતરની અછત હોવા અંગે રજુઆત મળે તો રાસાયણિક ખાતર ઉત્પાદક/વિતરક કંપનીઓને તાત્કાલિક જે તે વિસ્તારમાં રાસાયણિક ખાતરનો જથ્થો પુરો પાડવા માટે તાકીદ કરવામાં આવે છે તેમજ સબંધિત જિલ્લાનાં નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને જરૂરી મોનીટરીંગ કરવા પણ સુચના આપવામાં આવે છે. આમ, રાજ્યમાં રાસાયણિક ખાતરની અછતનાં નિવારણ માટે રાજ્ય કક્ષાએથી પુરતી કાળજી રાખવામાં આવે છે.

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં સુખી જળાશય યોજનાના કાર્યરત ડીવીઝનો અને તેના દ્વારા મનરેગા યોજના હેઠળ કામો**

૯૧૧૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સુખી જળાશય યોજનાના કેટલા ડીવીઝનો કયા સ્થળે કાર્યરત છે, | (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સુખી જળાશય યોજનાનું એક ડીવીઝન બોડેલી ખાતે કાર્યરત છે. |
| (૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજનામાં કેટલા કામો કેટલી રકમના કયા ડીવીઝન દ્વારા હાથ ધરવામાં આવેલ હતા, | (૨) છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજનામાં આ ડીવીઝન દ્વારા કુલ રૂા. ૬૬૨.૨૭ લાખના કુલ ૧૯૨ કામો હાથ ધરવામાં આવ્યા. |
| (૩) કેટલા કામો પૂર્ણ થયા, કેટલા બાકી છે, અને | (૩) તે પૈકી કુલ ૧૧૨ કામો પૂર્ણ થયા અને ૮૦ કામો બાકી છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૪) ઉક્ત સ્થિતિએ રૂા. ૪૦૮.૭૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

### અમરેલી જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો

૮૯૮૭ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦૧ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૧ |
| | **કુલ** | **૦૨** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂા. ૨૨૯.૦૧ લાખ.

---------

### સુરત જિલ્લામાં બાયો કન્ટ્રોલ લેબૉરેટરી

૮૮૮૮ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં રાજ્ય સરકાર ધ્વારા સહાયિત કેટલી બાયો કન્ટ્રોલ લેબૉરેટરી તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ ઉભી થયેલ છે, અને

(૧) એક પણ નહીં.

(૨) તે માટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો

૮૯૮૩ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦૬ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૮ |
| | **કુલઃ** | **૧૪** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂા. ૬૩૧.૯૩ લાખ.

---------

### વિજાપુર તાલુકામાં રીચાર્જ કુવાઓ

૮૫૮૨ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં રીચાર્જ કુવા કેટલા છે, અને

(૧) એક પણ નથી.

(૨) નવા રીચાર્જ કુવાઓ બનાવવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

(૨) ના જી.

---------

### વડોદરા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે સહાય

૮૮૭૯ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં પપૈયા પાકના નવા વાવેતર માટે સહાયની કોઈ યોજના છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા તો, તે અન્વયે આ જિલ્લાના કેટલા

(૨) કુલ ૨૪૭ ખેડૂતો

ખેડૂતોને વર્ષ ૨૦૧૩-૧૪માં સહાય ચૂકવેલ છે ?

---------

**જુનાગઢ જિલ્લામાં જેટકોને સરકારી પડતર જમીન ફાળવવા બાબત**

૮૯૫૦ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) કુલ-હે ૦૫-૦૮-૦૦ આરે. ચો. મી.જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે.

---------

**નર્મદા યોજના આધારિત ઝિઝુંવાડા શાખા-વિશાખા-પ્રશાખા નહેરનો ખર્ચ**

૮૯૬૪ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના આધારીત ઝિઝુંવાડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કુલ અંદાજીત ખર્ચ કેટલો છે,

(૨) તે પૈકી તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) તાલુકાવાર કેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના આધારીત ઝિઝુંવાડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કુલ અંદાજીત ખર્ચ નીચે મુજબ છે :-

| ક્રમ | નહેરનો પ્રકાર | અંદાજીત ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | શાખા | ૫૨.૦૦ |
| ૨ | વિશાખા | ૯૧.૦૦૦ |
| ૩ | પ્રશાખા | ૧૮૧.૦૫૬ |
| | **કુલઃ** | **૩૨૪.૦૫૬** |

(૨) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજના આધારીત ઝિઝુંવાડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના પૂર્ણ કરવામાં આવેલ કામોની રકમ નીચે મુજબ છે.

| ક્રમ | નહેરનો પ્રકાર | પૂર્ણ થયેલ કામો (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | શાખા | ૫૨.૦૦૦ |
| ૨ | વિશાખા | ૯૧.૦૦ |
| ૩ | પ્રશાખા | ૯૩.૬૭ |
| | **કુલઃ** | **૨૩૬.૬૭** |

(૩) તાલુકાવાર સિંચાઇનો લાભ મળનાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૪ |
| ૨ | બહેચરાજી | ૨૪ |
| ૩ | દેત્રોજ | ૩ |
| ૪ | માંડલ | ૨૪ |
| ૫ | દસાડા | ૪૭ |
| ૬ | સમી | ૧૦ |
| | | **૧૧૨** |

---------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી**

૮૯૭૪ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સુચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧/૩/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) ૩,૧૬૯. |

---------

**આણંદ જિલ્લાની નગરપાલિકાઓનો ગરીબ પરિવારોને સંકલિત આવાસો અને ગંદા વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત સમાવેશ**

૯૪૯૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લાની નગરપાલિકાઓનો ગરીબ પરિવારોને સંકલિત આવાસો અને ગંદા વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે. | (૧) હા, જી. |
| (૨) ઉક્ત સ્થતિએ નગરપાલિકાવાર સદર પ્રોજેક્ટને ક્યા વર્ષમાં મંજૂરી આપવામાં આવી, | (૨) સદર પ્રોજેક્ટ ને નીચે મુજબ ના વર્ષમાં મંજુરી આપવામાં આવી.<br>બોરીયાવીઃ- ૨૦૦૭<br>આંકલાવઃ- ૨૦૦૯<br>પેટલાદઃ- ૨૦૦૯<br>આણંદઃ- ૨૦૧૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ નગરપાલિકાવાર કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૩) બોરીયાવી નગરપાલિકા ના ૪૧૬ આવાસો અને આણંદ નગરપાલિકાના ૨૯૬ આવાસો પૂર્ણ થયેલા છે, જ્યારે આંકલાવ નગરપાલિકાના ૪૧૬ આવાસો અને પેટલાદ નગરપાલિકાના ૨૨૪ આવાસો પ્રગતિમાં છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને કેટલી રકમ ખર્ચ કરવામાં આવી? | (૪) સદર પ્રોજેક્ટમાં નીચે મુજબ ગ્રાન્ટની ફાળવણી અને ખર્ચ કરવામાં આવેલ છે. |

| નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| બોરીયાવી | ૭૨૧.૩૬ | ૫૪૦.૭૭ |
| આંકલાવ | ૫૩૫.૯૩ | ૨૧૮.૧૦ |
| પેટલાદ | ૩૪૮.૮૩ | ૩૫.૦૦ |
| આણંદ | ૮૫૭.૭૮ | ૬૬૯.૮૧ |

---------

**વલસાડ જિલ્લામાં નવા ચેકડેમો**

૯૧૮૪ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા ચેકડેમો બનાવવામાં આવ્યા, | (૧) તાલુકો — ચેકડેમની સંખ્યા<br>વલસાડ ૩૫<br>પારડી ૩૫<br>ઉમરગામ ૨૮<br>કપરાડા ૪૩ |

| | |
|---|---|
| ધરમપુર | ૧૫૨ |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કુલ રૂ. ૩૨૭૯.૨૪ લાખ.

(૩) તે અન્વયે જળસંચયમાં કેટલો વધારો થયો ?

(૩) ૧૭૫.૪૩૪ મી. ઘનફુટ.

---------

## ખેડા જિલ્લાની નદીઓ ઉપર પૂર સંરક્ષણ યોજનાઓ

૮૯૦૯ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાની નદીઓ ઉપર પૂર સંરક્ષણ યોજનાઓનું કોઇ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ પૂર્ણ થયેલી છે, અને

(૩) આ યોજનાઓ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તારીખ ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ૬ (છ) પૂર સંરક્ષણ યોજનાઓ પૂર્ણ થયેલ છે.

(૩) આ યોજનાઓ પાછળ તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ રૂ઼ા. ૩૩૮૪.૩૮ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## વિસાવદર સીટી સર્વેની ઓફિસ કાયમી ખુલ્લી રાખવા બાબત

૯૯૨૭ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વિસાવદર, સી.ટી. સર્વેની કચેરી અઠવાડિયે એક જ દિવસ ખુલે છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો સી.ટી. સર્વેની કચેરી કાયમી ખુલ્લી રહે અને પૂરતો સ્ટાફ રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) મેન્ટેનન્સ સર્વેયરની જગ્યાઓ જે તે શહેરમાં આવેલ મિલકતોની સંખ્યાના પ્રમાણમાં મંજુર કરવામાં આવેલ છે જે મુજબ જુનાગઢ જિલ્લાના બિલખા, મેંદરડા અને વિસાવદર તાલુકાઓ વચ્ચે એક મેન્ટેનન્સ સર્વેયરની જગા મંજુર થયેલ છે જેના કામગીરીના દિવસો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમાંક | સ્થળ | નક્કી કરેલ દિવસો |
|---|---|---|
| ૧ | મેંદરડા | સોમવાર, બુધવાર,શનિવાર |
| ૨ | વિસાવદર | મંગળવાર, ગુરૂવાર |
| ૩ | બિલખા | શુક્રવાર |

આમ, વિસાવદર સીટી સર્વે કચેરી માટે એક મેન્ટેનન્સ સર્વેયરની જગ્યા મંજુર થયેલ છે જે કામગીરી જોતાં યોગ્ય છે. આ જગ્યા ભરાયેલ છે.

---------

## આણંદ જિલ્લામાં પીવાના પાણીની અછત નિવારવા પગલા

૯૦૬૫ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની અછતને નિવારવા સરકારે શી કાર્યવાહી કરી,

(૨) પાણીનો પુરતો જથ્થો મળે તે માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) (૨) અને (૩) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન આણંદ જિલ્લામાં અછતની પરિસ્થિતિ ઉભી થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધોની નિકાલ બાકી

૮૯૫૩ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧−૦૫−૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૧૧૭૬૬. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

## દાહોદ જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ

૮૯૫૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧−૦૫−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ | પાડેલ નોંધો | નામંજુર નોંધો |
|---|---|---|---|
| દાહોદ | ૧૯૨૬ | ૧૯૨૬ | ૩૯ |
| ગરબાડા | ૬૮૦ | ૬૮૦ | ૦૩ |
| ઝાલોદ | ૧૯૨૩ | ૧૯૨૩ | ૦૮ |
| ફતેપુરા | ૧૧૦૪ | ૧૧૦૪ | ૧૧ |
| સંજેલી | ૩૭૯ | ૩૭૯ | ૦૧ |
| લીમખેડા | ૧૩૬૮ | ૧૩૬૮ | ૧૦ |
| ધાનપુર | ૬૫૪ | ૬૫૪ | ૧૨ |
| દેવગઢબારીયા | ૧૫૩૭ | ૧૫૩૭ | ૨૦ |
| **કુલઃ** | **૯૫૭૧** | **૯૫૭૧** | **૧૦૪** |

(૨) નામંજૂર કરવાનાં કારણો શા છે ?

(૨) નિયમોનુંસારની ન હોવાથી.

---------

## અરવલ્લી જિલ્લામાં વાત્રક નદી પર મોટા ચેકડેમ

૮૯૦૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૦૩−૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં વાત્રક નદીમાં વહી જતા પાણીને રોકી ભૂગર્ભ જળ ઉંચા લાવવા માટે સરકારે મોટા ચેકડેમ બનાવવાની યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, | (૨) પાંચ. |
| (૩) આ મોટા ચેકડેમની સંગ્રહ શક્તિ કેટલી છે, | (૩) પૂર્ણ થયેલ પાંચ ચેકડેમની સંગ્રહ શક્તિ ૨૬.૩૦ મીલીયન ઘનફુટ છે. |
| (૪) તેના થકી કેટલા વિસ્તારને લાભ થયો, અને | (૪) પૂર્ણ થયેલ પાંચ ચેકડેમોથી ભૂર્ગભ જળ રીચાર્જ થવાથી આશરે ૧૦૮૦ હેકટરને સિંચાઇને આડકતરો લાભ મળે છે. |
| (૫) સદરહું ચેકડેમ કેટલો ખર્ચ થયેલ છે ? | (૫) પૂર્ણ થયેલ પાંચ ચેકડેમ પાછળ કુલ રૂા. ૨૭૪.૬૬ લાખ ખર્ચ થયેલ છે. |

---------

તા.૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામ**

૮૯૩૨ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાત પાણી પુરવઠા યોજનાઓ (૧) અમરેલી (ભાગ–૨) (૨) સાવરકુંડલા (ભાગ–૨) (૩) બગસરા (૪) જાફરાબાદ (૫) ચલાલા (ભાગ–૨) (૬) લાઠી અને (૭) દામનગર એમ કુલ રૂ. ૯૦૪૮.૫૩ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) અને (૩) યોજનાઓના કામો પ્રગતિમાં છે. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે? | |

---------

**ગાંધીનગર જિલ્લામાં જીપ્સમ સહાય**

૮૮૯૯ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૨૦૧૩. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૨) રૂા. ૪૩,૪૭,૩૫૧/–. |

---------

**પંચમહાલ જિલ્લાના કડાણા, અદલવાડા, હડફ સિંચાઇ યોજનાના અસરગ્રસ્ત ખેડૂતોને જમીન સામે જમીન આપવા બાબત**

૯૯૨૪ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ૩૦ વર્ષથી પંચમહાલ જિલ્લાના કડાણા, પાનમ અદલવાડા અને હડફ સિંચાઇ યોજનામાં જે ખેડૂતોની જમીન સંપાદન થયેલ છે તેવા અસરગ્રસ્તોને જમીનની સામે જમીન મળી નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. અંશતઃ |
| (૨) જો હા, તો આ અસરગ્રસ્તોને જમીનની સનદો અને જમીનનો કબજો ક્યારે મળશે ? | (૨) શક્ય એટલું વહેલા. |

---------

**નવા રચાયેલા જિલ્લાઓની કલેક્ટર કચેરીઓમાં જૂના જિલ્લામાંથી જગ્યાઓ ફાળવવા બાબત**

૮૯૪૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નવા રચેલ જિલ્લાઓની કલેક્ટર કચેરીઓમાં જૂના જિલ્લાઓમાંથી જગ્યાઓ ફાળવેલ છે કે કેમ, | (૧) હા, |
| (૨) જો હા, તો મહીસાગર જિલ્લામાં કલેક્ટર કચેરી પંચમહાલ અને ખેડા જિલ્લામાંથી કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી, અને | (૨) (અ) પંચમહાલ |

| ક્રમ | સંવર્ગ | પંચમહાલ જિલ્લામાંથી તબદીલ થયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ના.મામ. | ૬૪ |

| | | |
|---|---|---|
| ૨ | કારકુન | ૩૭ |
| ૩ | કા.ક.ટા | ૦૫ |
| ૪ | ટાઈપિસ્ટ | ૦૪ |
| ૫ | રેવ. તલાટી | ૫૨ |

(બ) ખેડા

| ક્રમ | સંવર્ગ | ખેડા જિલ્લામાંથી તબદીલ થયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ના.મામ. | ૧૮ |
| ૨ | કારકુન | ૧૩ |
| ૩ | કા.ક.ટા | ૦૨ |
| ૪ | ટાઈપિસ્ટ | ૦૧ |
| ૫ | રેવ. તલાટી | ૧૨ |

કલેક્ટર કચેરી, પંચમહાલ દ્વારા ૩(ત્રણ) સેવક કામચલાઉ ધોરણે આ જિલ્લાને ફાળવવામાં આવેલ છે.

(૩) આ જગ્યાઓ સામે કેટલા કર્મચારીઓ ફાળવવામાં આવ્યા ?

(૩)

| ક્રમ | સંવર્ગ | તબદીલ થયેલ જગ્યાઓ | ફાળવેલ કર્મચારીઓ | બાકી (ખાલી) જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | ના.મામ. | ૮૨ | ૪૩ | ૩૯ |
| ૨ | કારકુન | ૫૦ | ૪૦ | ૧૦ |
| ૩ | કા.ક.ટા | ૦૭ | ૦૩ | ૦૪ |
| ૪ | ટાઈપિસ્ટ | ૦૫ | ૦૦ | ૦૫ |
| ૫ | રેવ. તલાટી | ૬૪ | ૧૯ | ૪૫ |

કલેક્ટર કચેરી, પંચમહાલ દ્વારા ૩(ત્રણ) સેવક કામચલાઉ ધોરણે આ જિલ્લાને ફાળવવામાં આવેલ છે.

---------

**પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામ**

૮૯૩૪ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજુર કરેલ છે, અને

(૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે?

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હારીજની પાણી પુરવઠા યોજના રૂા.૪૪૩.૬૪ લાખના ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) અને (૩) યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

**રાજ્યની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં ન્યાયાધીશો/સરકારી વકીલો માટે તાલીમ**

૮૯૯૪ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરી દ્વારા ન્યાયાધિશો/સરકારી વકીલો માટે કોઇ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે

**જવાબ**

(૧) હા, જી.

કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ન્યાયાધીશો/સરકારી વકીલોએ તાલીમ કોર્સમાં તાલીમ લીધી ?

(૨) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૪૧૦ ન્યાયાધીશો/સરકારી વકીલોએ તાલીમ કોર્સમાં તાલીમ લીધેલ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મહેસૂલ નિયમોના નિયમ-૧૦૮(૬) હેઠળ બાકી કેસ**

૮૯૫૯ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જમીન મહેસૂલ નિયમોના નિયમ-૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે, તે પૈકી એક વર્ષ પરના કેટલા અને ૬ માસ સુધીના કેટલા કેસો છે, અને

(૨) ઉક્ત બાકી કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૮૬
૧ વર્ષ ઉપરના - ૨૨
૬ માસ સુધીના - ૫૨

(૨) બનતી ત્વરાએ.

---------

**નર્મદા મુખ્ય નહેરમાંથી ચાંગાથી દાંતીવાડા - સીપુ ડેમ સુધીની પાઇપલાઇનની કામગીરી**

૮૯૦૭ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા મુખ્ય નહેરમાંથી ચાંગાથી દાંતીવાડા અને સીપુ ડેમ સુધીની પાઇપલાઇનની કામગીરી તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) તા.૩૧-૦૩-૨૦૧૪ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ પાઇપલાઇનની સાથે બનાસકાંઠા જિલ્લાના કયા કયા તાલુકાના તળાવો જોડવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) આ કામગીરીના કુલ ત્રણ સેકશન પૈકી સેકશન-૧, ચાંગાથી રામપુરા(ખીમાણા) તથા સેકશન-૨ રામપુરા (ખીમાણા) થી ભડથ સુધીની કામગીરી પૂર્ણ થયેલ છે, જ્યારે સેકશન-૩ ભડથથી દાંતીવાડા સુધીની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) રૂા. ૬૧.૦૦ કરોડ

(૩) કાંકરેજ, ડીસા અને દાંતીવાડા.

---------

**રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની રાજ્ય બહારની સંસ્થાઓએ લીધેલ મદદ**

૮૯૯૫ **ડાં. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય બહારની કેટલી સંસ્થાઓએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની મદદ લીધેલ છે, અને

(૨) ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને રાજ્ય બહારની એજન્સીઓના આવા પરીક્ષણો થકી તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) ૬૮ સંસ્થાઓએ.

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ આવક થઇઃ-

| અ.નં. | વર્ષ | થયેલ આવક |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૧,૨૬,૨૫,૪૧૧/- |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૧,૯૬,૬૨,૭૭૬/- |

---------

**ધરોઇ યોજનાની નહેરોની સુધારણા બાબત**

૮૯૦૫ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) નહેરોની સુધારણા, આધુનિકીકરણ અને

વર્ષમાં ધરોઇ યોજનાની નહેરોની સુધારણા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તેનાથી કેટલા વિસ્તારને લાભ થશે ?

નવિનીકરણ અંતર્ગત અસ્તરકામ, સ્ટ્રક્ચરોની મરામત વગેરે કામગીરી હાથ ધરેલ છે.

(૨) રૂા. ૩૧૨૫.૫૪ લાખ

(૩) ૪૮૧૦૫ હેક્ટર.

---------

**દાંતીવાડા અને સીપુ જળાશયોને નર્મદાના પાણીથી ભરવા બાબત**

૧૦૧૯૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) :** તાઃ ૨૧–૦૨–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૭૪૯૮(અગ્રતા–૧૬૦) અન્વયે **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ જળાશયોને નર્મદા આધારિત પાણીથી ભરવા બાબત માટે સેકશન–૨ રામપુરા (ખીમાણા) થી ભડથ સુધીની કામગીરી પૂર્ણ થયેલ છે તેના ટેસ્ટીંગની કામગીરી તા. ૨૮–૦૨–૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું, તો પૂર્ણ થયેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો ના, તો ક્યાં સુધીમાં પૂર્ણ થશે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સેકશન–૩ માં આશરે ૧૭૦૦ મીટર લંબાઇમાં વન વિભાગની મંજૂરી મેળવાવની બાકી હતી તે પૂર્ણ કરવા મે–૨૦૧૪ની સ્થિતિએ શી કાર્યવાહી થઇ છે, અને | (૩) વન વિભાગ દ્વારા અપાયેલ વિવિધ રૂટના વિકલ્પો પૈકી સ્થળ ચકાસણી કરી ઓછા ઝાડ કપાતા હોય તે પ્રમાણે પથરેખા નક્કી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૪) જૂન–૨૦૧૪ માં ઉક્ત જળાશયો ભરવાનું આયોજન સરકારે આયોજન કરેલ તો તા.૦૯–૦૬–૨૦૧૪ની સ્થિતિએ કેટલું પાણી ભરી શકાયેલ છે અને ન હોય તો તેના કારણો છે ? | (૪) દાંતીવાડા તા.ના ગોઢ અને સીકરીયા ગામ વચ્ચે ૧૭૦૦ મીટર લંબાઇમાં વન વિભાગ તરફથી મંજૂરી મળવાની બાકી હોઇ કામ પૂર્ણ ન થતાં દાંતીવાડા જળાશયમાં પાણી ભરી શકાયેલ નથી. સીપુ જળાશય માટે નર્મદા મુખ્ય નહેર આધારિત થરાદથી સીપુ જળાશય સુધીની પાઇપલાઇન માટે હાલ પ્રગતિ હેઠળની ટેકનો ઈકોનોમિક સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થયેથી પથરેખા નક્કી કરી, જરૂરી મંજૂરીઓ મેળવ્યા બાદ કામગીરી હાથ ધરવામાં આવશે. |

---------

**નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૮૯૨૭ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧), (૨), (૩) અને (૪) નર્મદા જિલ્લાની એક પણ ભૂગર્ભ ગટર યોજનાને મંજૂરી આપવાનું બાકી ન હોઇ, કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, | |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | |
| (૪) બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર કરવાનું આયોજન છે ? | |

---------

**ગાંધીનગર જિલ્લામાં ગામોને પીવાનું પાણી**

૯૪૫૧ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ પૈકી કેટલા ગામોને ઉક્ત સ્થિતિએ શુદ્ધ પીવાનું પાણી મળે છે, અને

(૩) બાકી રહેતાં ગામોને કેટલાં સમયમાં કઇ યોજનામાંથી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ગાંધીનગર જિલ્લાના તમામ ગામોને નર્મદા આધારીત પાણી પુરવઠો પહોંચાડવાનું આયોજન અગાઉ પૂર્ણ થઇ ગયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કેન્દ્ર સરકારની સંસ્થાઓનાં અધિકારીઓને તાલીમ**

૮૯૯૩ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ કેન્દ્ર સરકારની સંસ્થા/સંસ્થાઓ દ્વારા તેઓના અધિકારીઓને તાલીમ આપવા રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી પસંદગી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઇ સંસ્થા/સંસ્થાઓ દ્વારા પસંદગી કરવામાં આવેલ છે અને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર/રાજ્યોના કેટલા અધિકારીઓને તાલીમ આપવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (અ) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ નીચેની સંસ્થાઓ દ્વારા તેઓના અધિકારીઓને તાલીમ આપવા રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની પસંદગી કરવામાં આવેલ છે.

(૧) બ્યુરો ઓફ પોલીસ રીસર્ચ ડેવલપમેન્ટ, ભારત સરકાર, ગૃહ મંત્રાલય, નવી દિલ્હી.

(૨) નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી, ભારત સરકાર, નવી દિલ્હી

(૩) ઇન્કમ ટેક્સ વિભાગ

(૪) ડાયરેક્ટોરેટ, રેવન્યુ ઇન્ટેલીજન્સ વિભાગ

(૫) કસ્ટમ એન્ડ એકસાઇઝ વિભાગ

(૬) એર ફોર્સ

(૭) નેવલ પોલીસ (નેવી) અને

(બ) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર/રાજ્યોના કુલ-૯૫૪ અધિકારીઓને તાલીમ આપવામાં આવેલ છે.

---------

**નર્મદા કેનાલની કામગીરી અને તેનો ખર્ચ**

૧૧૦૭૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ નર્મદા કેનાલની કામગીરી અને તેનો ખર્ચ પૂર્ણ કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કની કેનાલોની પૂર્ણ થયેલ કામગીરીની લંબાઇ

(૨) કેટલી મુખ્ય નહેર, શાખા નહેર, વિશાખા નહેર, પ્રશાખા નહેર અને પ્રપ્રશાખા નહેરના કેટલા કામો ૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ બાકી છે ?

(કિ.મી.) માં અને બાકી રહેતી કામગીરીની લંબાઇ (કિ.મી.)માં વિગત નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ અંદાજીત લંબાઇ (કિ.મી.) | તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કિ.મી.) | તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ બાકી રહેલ લંબાઇ (કિ.મી.) |
|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | ૦.૦૦ |
| શાખા નહેર | ૨૫૮૫ | ૨૩૨૨.૧૫ | ૨૬૨.૮૫ |
| વિશાખા નહેર | ૫૧૧૨ | ૩૧૦૩.૦૪ | ૨૦૦૮.૯૬ |
| પ્રશાખા | ૧૮૪૧૩ | ૮૯૭૯.૦૦ | ૯૪૩૪.૦૦ |
| પ્રપ્રશાખા | ૪૮૦૫૮ | ૧૦૨૧૬.૯૨ | ૩૭૮૪૧.૦૮ |

સરદાર સરોવર યોજના હેઠળ નહેર માળખાના ઘટક ઉપર તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ રૂ.૨૧૮૬૫.૮૫ કરોડ નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામ**

૮૯૩૩ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બે (૧) ગાંધીધામ અને (૨) અંજાર ની પાણી પુરવઠા યોજનાઓ એમ કુલ રૂ.૭૫૦.૯૪ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) અને (૩) |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | ગાંધીધામ શહેરની યોજના પ્રગતિમાં છે, જ્યારે અંજારની યોજના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે સહાય**

૮૮૮૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં પપૈયા પાકના નવા વાવેતર માટે સહાયની કોઇ યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે આ જિલ્લાના કેટલા ખેડૂતોને વર્ષ ૨૦૧૩-૧૪ માં સહાય ચૂકવેલ છે ? | (૨) કુલ ૧૫૮ ખેડૂતો. |

---------

**કચ્છ જિલ્લામાં મોટા તળાવો ઉંડા કરવા બાબત**

૮૯૧૫ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલા મોટા તળાવોને ઉંડા ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) ૩૫ તળાવો. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૩૨૦.૫૯ લાખ. |
| (૩) આ કામો પૂર્ણ કરવાથી કેટલા એમ.સી.એફ.ટી. પાણીનો વધારાનો સંગ્રહ થયેલ છે ? | (૩) ૪૭.૭૮ મીલીયન ઘન ફૂટ. |

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

૯૫૨૨ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા.૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી બાળકો ગુમ થયા અંગેની ફરીયાદ નોંધાઇ, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

(૧) અને (૨) પત્રક મુજબ.

**પત્રક**

**જુનાગઢ જિલ્લોઃ-**

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | કેટલા બાળકો ગુમ થયા ? | ગુમ થયેલ બાળકો પૈકી કેટલાની ફરીયાદ નોંધવામાં આવી ? | કેટલા બાળકો મળી આવ્યા ? | કેટલા બાળકો લાપતા છે ? |
|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૧-૪-૧૨ થી તા.૩૧-૩-૧૩ | જુનાગઢ | ૨૪ | ૦ | ૨૩ | ૧ |
| | | ભેસાણ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વિસાવદર | ૧ | ૦ | ૧ | ૦ |
| | | મેંદરડા | ૧ | ૦ | ૧ | ૦ |
| | | કેશોદ | ૯ | ૦ | ૯ | ૦ |
| | | વંથલી | ૦ | ૦ | ૦ | ૦ |
| | | માણાવદર | ૨ | ૦ | ૨ | ૦ |
| | | માંગરોળ | ૧ | ૦ | ૧ | ૦ |
| | | માળીયા હાટીના | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | તા.૧-૪-૧૩ થી તા.૩૧-૩-૧૪ | જુનાગઢ | ૨૨ | ૨ | ૧૯ | ૩ |
| | | ભેસાણ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વિસાવદર | ૨ | ૦ | ૨ | ૦ |
| | | મેંદરડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | | કેશોદ | ૫ | ૨ | ૫ | ૦ |
| | | વંથલી | ૫ | ૨ | ૪ | ૧ |
| | | માણાવદર | ૧ | ૦ | ૧ | ૦ |
| | | માંગરોળ | ૫ | ૦ | ૫ | ૦ |
| | | માળીયા હાટીના | ૦ | ૦ | ૦ | ૦ |

**ગીર સોમનાથ જિલ્લોઃ-**

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | કેટલા બાળકો ગુમ થયા ? | ગુમ થયેલ બાળકો પૈકી કેટલાની ફરીયાદ નોંધવામાં આવી ? | કેટલા બાળકો મળી આવ્યા ? | કેટલા બાળકો લાપતા છે ? |
|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૧-૪-૧૨ | વેરાવળ | ૧૦ | ૯ | ૧૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | થી તા.૩૧–૩–૧૩ | તાલાલા | ૦ | ૦ | ૦ | ૦ |
| | | સુત્રાપાડા | ૨ | ૦ | ૧ | ૧ |
| | | કોડીનાર | ૧૦ | ૦ | ૯ | ૧ |
| | | ગીરગઢડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ઉના | ૭ | ૧ | ૪ | ૩ |
| | તા.૧–૪–૧૩ થી તા.૩૧–૩–૧૪ | વેરાવળ | ૫ | ૫ | ૫ | ૦ |
| | | તાલાલા | ૧ | ૧ | ૦ | ૧ |
| | | સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | | કોડીનાર | ૪ | ૧ | ૨ | ૨ |
| | | ગીરગઢડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ઉના | ૭ | ૦ | ૪ | ૩ |

---------

**નવરચિત જિલ્લાઓમાં જિલ્લા સેવા સદન માટે સરકારી પડતર જમીન ફાળવવા બાબત**

૮૯૪૭ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નવ રચિત જિલ્લાઓમાં, જિલ્લા સેવા સદન માટે સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે જમીન ફાળવવાના હુકમો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **જિલ્લો** | **હુકમની તારીખ** |
|---|---|
| અરવલ્લી | તા.૩૧–૦૧–૧૪ |
| મહીસાગર | તા.૨૪–૦૧–૧૪ |
| બોટાદ | તા.૨૭–૧૧–૧૩ |
| મોરબી | તા.૨૫–૦૩–૧૪<br>તા.૨૮–૦૫–૧૪ |
| દેવભૂમિ દ્વારકા | તા.૨૭–૦૨–૧૪ |
| છોટા ઉદેપુર | તા.૨૮–૧૧–૧૩<br>તા.૦૪–૦૨–૧૪ |

---------

**ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતામાં બિન રહેણાંક મકાનો**

૮૯૭૫ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકનાં મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **મકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૦૩ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૭ |
| | **કુલ** | **૧૦** |

(૨) કુલ રૂા.૭૮૧.૫૬ લાખ.

---------

**રાજકોટ જિલ્લામાં કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિ કિટસનું વિતરણ**

૮૯૯૨ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૩ ના કૃષિ મહોત્સવ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ-૨૦૧૨ ના કૃષિ મહોત્સવ દરમ્યાન ૬૧૫૧ ખેડૂતોને ૬૧૫૧ કૃષિ કિટસ, ૫૨૬૦ ખેડૂતોને ૫૨૬૦ બાગાયત કિટસ અને ૪૩૪૫ ખેડૂતોને ૪૩૪૫ પશુપાલન કિટસ તથા વર્ષ-૨૦૧૩ ના કૃષિ મહોત્સવ દરમ્યાન ૬૨૦૮ ખેડૂતોને ૬૨૦૮ કૃષિ કિટસ અને ૪૩૫૦ ખેડૂતોને ૪૩૫૦ પશુપાલન કિટસનું વિતરણ કરવામાં આવ્યું. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) વર્ષ-૨૦૧૨ માં રૂ.૨,૩૩,૭૦,૬૮૨ તથા વર્ષ-૨૦૧૩ માં રૂ.૧,૭૫,૯૦,૧૦૪. |

---------

## મોરબી જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામ

૮૯૩૦ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોરબી જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, અને | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોરબી જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બે પાણી પુરવઠા યોજનાઓ (૧) મોરબી ઈમરજન્સી અને (૨) માળીયા મિયાણા, એમ કુલ રૂા. ૨૬૧૪.૭૨ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) મોરબી ઈમરજન્સી યોજનાના કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે? | (૩) માળીયા મિયાણા યોજનાના કામો પ્રગતિમાં છે. |

---------

## અમદાવાદ શહેર/જિલ્લામાં દેશી/વિદેશી દારૂ પકડવા અને જુગાર પર દરોડા પાડવા બાબત

૯૮૫૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલો દેશી અને કેટલો વિદેશી દારૂ પકડવામાં આવ્યો અને કેટલી જગ્યાએ જુગાર માટેના દરોડાઓ પાડવામાં આવ્યા, | (૧) * પત્રક ''અ'' મુજબ |
| (૨) તે પૈકી કેટલા ગુનાઓ ઉકેલાયા અને કેટલા ગુનાઓ ઉકેલવાના બાકી છે, અને | (૨) * પત્રક ''બ'' મુજબ |
| (૩) તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે? | (૩) * પત્રક ''ક'' મુજબ |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ અરજીઓ

૮૮૯૪ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૩ અરજીઓ. |

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? (૩) રૂ।. ૧,૨૨,૫૦,૦૦૦/-

---------

**સુરત જિલ્લામાં સત્તામંડળ દ્વારા ટી. પી. સ્કીમો**

૮૯૨૦ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સુરત શહેરમાં છેલ્લા બે વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમો મંજૂર કરવામાં આવી ? | ૩૫ |

---------

**બોટાદ સંપ ખાતે બંધ પડેલ પમ્પીંગ મશીનરી**

૯૫૯૨ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ પાણી પુરવઠા હસ્તક બોટાદ સંપ ખાતે આવેલી પમ્પીંગ મશીનરી છેલ્લા બે વર્ષમાં કેટલી વખત બંધ પડી, | (૧) ૧૦ વખત |
| (૨) આ મશીનરી કઈ કંપનીની મૂકવામાં આવી હતી અને આ મશીનરી બંધ પડવાના કારણો શા છે, અને | (૨) - મે. ફલોરમોર પ્રા.લી. ન્યુ દિલ્હી.<br>- પમ્પના બેરીંગ, શાફટ, મોટર, સ્ટફીંગ બોક્ષ, વાલ્વ જેવા પાર્ટસ તાંત્રિક કારણોસર ખરાબ થવાથી મશીનરી બંધ પડેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર આ મશીનરીની મરામત કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) શૂન્ય |

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મહેકમ**

૯૯૬૬ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર ખાલી મહેકમ નીચે મુજબ છે :-

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પો.ઈન્સ. | ૯ | ૦૨ |
| ૨ | બિન હથિયારી પો.મહિલા ઈન્સ. | ૧ | ૦ |
| ૩ | બિન હથિયારી પો.સ.ઈન્સ. (મહિલા સહિત) | ૩૧ | ૬ |
| ૪ | બિન હથિયારી એ.એસ.આઈ. | ૫૮ | ૦ |
| ૫ | બિન હથિયારી હે.કો. | ૧૪૫ | ૨૦ |
| ૬ | બિન હથિયારી પો.કો. | ૩૦૪ | ૬૫ |
| ૭ | હથિયારી એ.એસ.આઈ. | ૪૫ | ૩ |
| ૮ | હથિયારી હે.કો. | ૮૫ | ૧૭ |
| ૯ | હથિયારી પો.કો. | ૪૯૪ | ૧૧૨ |
| ૧૦ | મહિલા એ.એસ.આઈ. | ૧૦ | ૨ |
| ૧૧ | મહિલા હે.કો. | ૩૮ | ૧૮ |
| ૧૨ | મહિલા પો.કો. | ૧૦૩ | ૨૨ |
| | **કુલઃ** | **૧૩૨૩** | **૨૬૭** |

તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજુર ખાલી મહેકમ નીચે મુજબ છે:-

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પો.ઈન્સ. | ૧૫ | ૪ |
| ૨ | બિન હથિયારી પો.મહિલા ઈન્સ. | ૧ | ૧ |
| ૩ | બિન હથિયારી પો.સ.ઈન્સ. (મહિલા | ૫૯ | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| | સહિત) | | |
| ૪ | બિન હથિયારી એ.એસ.આઇ. | ૨૨૮ | ૯ |
| ૫ | બિન હથિયારી હે.કો. | ૨૨૨ | ૧૩ |
| ૬ | બિન હથિયારી પો.કો. | ૬૧૭ | ૧૯૯ |
| ૭ | હથિયારી એ.એસ.આઇ. | ૬૨ | ૪ |
| ૮ | હથિયારી હે.કો. | ૧૨૪ | ૨૩ |
| ૯ | હથિયારી પો.કો. | ૬૧૮ | ૧૨૨ |
| ૧૦ | મહિલા એ.એસ.આઇ. | ૧૫ | ૩ |
| ૧૧ | મહિલા હે.કો. | ૪૯ | ૨૭ |
| ૧૨ | મહિલા પો.કો. | ૧૧૨ | ૩૦ |
| | **કુલઃ** | **૨૧૨૨** | **૪૪૬** |

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે :-

| **ક્રમ** | **સંવર્ગ** | **કુલ ખાલી જગ્યા** | **૬ માસ સુધીની ખાલી જગ્યા** | **૬ માસ થી ૧૨ માસ સુધી** | **૧૨ માસ થી વધુ સમયની ખાલી જગ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પો.ઇન્સ. | ૦૨ | ૦૨ | ૦ | ૦ |
| ૨ | બિન હથિયારી પો.મહિલા ઇન્સ. | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | બિન હથિયારી પો.સ.ઇન્સ. (મહિલા સહિત) | ૬ | ૫ | ૦ | ૧ |
| ૪ | બિન હથિયારી એ.એસ.આઇ. | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બિન હથિયારી હે.કો. | ૨૦ | ૨૦ | ૦ | ૦ |
| ૬ | બિન હથિયારી પો.કો. | ૬૫ | ૦ | ૦ | ૬૫ |
| ૭ | હથિયારી એ.એસ.આઇ. | ૩ | ૩ | ૦ | ૦ |
| ૮ | હથિયારી હે.કો. | ૧૭ | ૧૭ | ૦ | ૦ |
| ૯ | હથિયારી પો.કો. | ૧૧૨ | ૦ | ૦ | ૧૧૨ |
| ૧૦ | મહિલા એ.એસ.આઇ. | ૨ | ૨ | ૦ | ૦ |
| ૧૧ | મહિલા હે.કો. | ૧૮ | ૧૮ | ૦ | ૦ |
| ૧૨ | મહિલા પો.કો. | ૨૨ | ૦ | ૦ | ૨૨ |
| | **કુલઃ** | **૨૬૭** | **૬૭** | **૦** | **૨૦૦** |

તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર ખાલી મહેકમ નીચે મુજબ છેઃ-

| **ક્રમ** | **સંવર્ગ** | **ખાલી જગ્યા** | **૬ માસ સુધીની ખાલી જગ્યા** | **૬ માસ થી ૧૨ માસ સુધી** | **૧૨ માસ થી વધુ સમયની ખાલી જગ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પો.ઇન્સ. | ૪ | ૪ | ૦ | ૦ |
| ૨ | બિન હથિયારી પો.મહિલા ઇન્સ. | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | બિન હથિયારી પો.સ.ઇન્સ. (મહિલા સહિત) | ૧૧ | ૧૧ | ૦ | ૦ |
| ૪ | બિન હથિયારી એ.એસ.આઇ. | ૯ | ૪ | ૫ | ૦ |
| ૫ | બિન હથિયારી હે.કો. | ૧૩ | ૬ | ૭ | ૦ |
| ૬ | બિન હથિયારી પો.કો. | ૧૯૯ | ૨૯ | ૫૫ | ૧૧૫ |
| ૭ | હથિયારી એ.એસ.આઇ. | ૪ | ૪ | ૦ | ૦ |
| ૮ | હથિયારી હે.કો. | ૨૩ | ૮ | ૨ | ૧૩ |
| ૯ | હથિયારી પો.કો. | ૧૨૨ | ૨૨ | ૩૭ | ૬૩ |
| ૧૦ | મહિલા એ.એસ.આઇ. | ૩ | ૦ | ૦ | ૩ |
| ૧૧ | મહિલા હે.કો. | ૨૭ | ૦ | ૨૭ | ૦ |
| ૧૨ | મહિલા પો.કો. | ૩૦ | ૦ | ૩૦ | ૦ |
| | **કુલઃ** | **૪૪૬** | **૮૮** | **૧૬૩** | **૧૯૫** |

(૩) આ જગ્યાઓ તાત્કાલિક અસરથી ભરવા સરકારે શું આયોજન કરેલ છે?

(૩) ખાલી જગ્યાઓ વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

**અમરેલી જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ**

૮૯૯૮ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા. જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) અમરેલી જિલ્લામાં ૧ (એક) કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

---------

**અમદાવાદ શહેરમાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો**

૮૯૭૮ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૦૧ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૪ |
| | **કુલઃ** | **૦૫** |

(૨) કુલ રૂ઼ા. ૬૬૮.૭૭ લાખ.

---------

**અમદાવાદ શહેરમાં દેશી/વિદેશી દારૂ અને કેફી પદાર્થો**

૯૧૪૫ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ કેટલા દેશી દારૂ, વિદેશી દારૂ તેમજ કેફી પદાર્થો પકડાયા, અને | (૧) *પત્રક ''અ'' મુજબ |
| (૨) રાજ્યમાં દારૂબંધી હોવા છતાં અમદાવાદ શહેરમાંથી મોટા પ્રમાણમાં દારૂ પકડાવાના કારણો કયા છે? | (૨) રાજ્યમાં દારૂબંધી હોવાના કારણે અમદાવાદ શહેરમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ચોરી છુપીથી આવી પ્રવૃત્તિ આદરતાં હોઈ, આવી પ્રવૃત્તિને સખત હાથે નેસ્ત નાબૂદ કરવા અને આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂધ્ધ સખતમાં સખત પગલાં લેવાની કાર્યવાહી કરવાની ઝુંબેશ સ્વરૂપે અમદાવાદ શહેરમાં આ દારૂ પકડવામાં આવેલ છે અને આ પ્રથાની અમલવારી ચાલુમાં છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ધ્રોલ તાલુકાની જળસંપત્તિ હસ્તકની કચેરીઓમાં મહેકમ**

૯૨૦૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં કેટલી જળસંપત્તિ હસ્તકની | (૧) ૬ કચેરીઓ |

કચેરીઓ આવેલ છે,

(૨) ઉક્ત કચેરીમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે તે પૈકી કેટલી જગ્યાઓ કયારથી ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે — (૨) *પરિશિષ્ટ–'અ' મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવામાં આવશે? — (૩) બનતી ત્વરાએ

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામ

૮૯૧૮ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, અને | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બે પાણી પુરવઠા યોજનાઓ (૧) બારેજા નગરપાલિકા અને (૨) વિરમગામ નગરપાલિકા રૂ.૧૭૦૨.૯૨ લાખના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તેમા કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) બારેજા નગરપાલિકાની યોજના પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | (૩) વિરમગામ નગરપાલિકાની યોજના પ્રગતિમાં છે. |

---------

## તાપી જિલ્લામાં ફૂલપાકનાં લાભાર્થી

૮૮૮૧ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ફૂલપાકની ખેતી માટે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૪૧ લાભાર્થીઓ. |
| (૨) તે પેટે કેટલી રકમ ચૂકવાયેલ છે ? | (૨) રૂ.૨.૫૬ લાખ. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં હેન્ડપંપો

૧૦૨૭૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા હેન્ડપંપ તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧–૫–૨૦૧૪ સુધીમાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ બનાવવામાં આવ્યા, અને કેટલા બાકી છે, અને

(૩) બાકીના હેન્ડપંપ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : નીચેની વિગતે.

| અ.નં. | તાલુકો | મંજૂર હેન્ડપંપની સંખ્યા | બનાવેલ હેન્ડપંપ | બાકી હેન્ડપંપ |
|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૩૭ | ૩૭ | ૦૦ |
| ૨ | પોશીના | ૮૦ | ૬૩ | ૧૭ |
| ૩ | વિજયનગર | ૭૨ | ૬૬ | ૦૬ |
| ૪ | વડાલી | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૫ | ઈડર | ૦૬ | ૦૬ | ૦૦ |
| ૬ | હિંમતનગર | ૦૭ | ૦૭ | ૦૦ |
| ૭ | પ્રાંતિજ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૮ | તલોદ | ૦૫ | ૦૫ | ૦૦ |
| | **કુલઃ** | **૨૧૦** | **૧૮૭** | **૨૩** |

બાકીના ૨૩ હેન્ડપંપ જુલાઈ–૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૮૯૨૪ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, અને | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) ગાંધીધામ (૨) ભૂજ (૩) અંજાર (૪) ભચાઉ (૫) માંડવી અને (૬) રાપર એમ છ ભૂગર્ભ ગટર યોજનાઓ કુલ રૂ.૩૪૮૧૪.૭૦ લાખના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | (૨) અને (૩) : તમામ છ યોજનાના કામો પ્રગતિમાં છે |
| (૪) બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર કરવાનું આયોજન છે ? | (૪) કચ્છ જિલ્લાની કોઈપણ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાની મંજૂરી આપવાની બાકી નથી. |

---------

**નર્મદા યોજના આધારિત ખારાઘોડા શાખા–વિશાખા–પ્રશાખા નહેરનો ખર્ચ**

૮૯૬૫ **શ્રી શામજીભાઈ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદા યોજના આધારિત ખારાઘોડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કુલ અંદાજીત ખર્ચ કેટલો છે,

(૧) નર્મદા યોજના આધારીત ખારાઘોડા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કુલ અંદાજીત ખર્ચ નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | અંદાજીત ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | શાખા | ૩૩.૫૫ |
| ૨ | વિશાખા | ૧૭.૫૮ |
| ૩ | પ્રશાખા | ૬૧.૮૦ |
| | **કુલઃ** | **૧૧૨.૯૩** |

(૨) તે પૈકી તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ કામોની રકમ નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | પૂર્ણ થયેલ કામો (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | શાખા | ૩૩.૫૫ |
| ૨ | વિશાખા | ૧૭.૪૨ |
| ૩ | પ્રશાખા | ૨૦.૨૧ |
| | **કુલઃ** | **૭૧.૧૮** |

(૩) તાલુકાવાર કેટલા ગામોને સિંચાઈનો લાભ મળશે ?

(૩) તાલુકાવાર સિંચાઈનો લાભ મળનાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩ |
| ૨ | દેત્રોજ | ૨૦ |
| ૩ | માંડલ | ૧૭ |
| ૪ | દસાડા | ૧૬ |

તા.૮મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

| કુલઃ | ૫૬ |
|---|---|

---------

**જામનગર જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામો**

૮૯૩૧ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ત્રણ પાણી પુરવઠા યોજનાઓ (૧) ધ્રોલ (૨) કાલાવાડ અને (૩) સિક્કા એમ કુલ રૂ.૧૮૦૬.૦૮ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને<br>(૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | (૨) અને (૩) : ત્રણેય યોજનાની કામગીરી પ્રગતિમાં છે |

---------

**ખેડા જિલ્લામાં જેટકોને સરકારી પડતર જમીન ફાળવવા બાબત**

૮૯૪૯ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**એટ્રોસીટી એકટ હેઠળ દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ**

૮૮૩૪ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૪ સુધીમાં એટ્રોસીટી એકટ હેઠળ જેની સામે ગુન્હો દાખલ થયેલ હોય તે પૈકી કેટલા વ્યકિતઓ નિર્દોષ છૂટેલ છે, અને | (૧) ૮૬૬ |
| (૨) આ પૈકી કેટલા કિસ્સામાં પ્રથમ અપીલ સરકારશ્રીએ દાખલ કરેલ છે ? | (૨) ૪૯ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદા બ્રાન્ચ કેનાલોનાં કામ**

૮૯૦૨ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની બ્રાન્ચ કેનાલો, ડીસ્ટ્રીબ્યુટરી અને માઇનોરની કામગીરી ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની બ્રાન્ચ કેનાલો, ડીસ્ટ્રીબ્યુટરી અને માઇનોર નહેરોના કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઇ (કી.મી.) | પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.) |
|---|---|---|
| બ્રાન્ચ કેનાલ | ૧૩૭.૮૬ | ૧૩૭.૮૬ |
| પેટા બ્રાન્ચ | ૧૪.૭૦ | ૧૧.૭૦ |
| ડીસ્ટ્રીબ્યુટરી | ૪૪૮.૫૭ | ૩૯૪.૮૪ |
| માઇનોર | ૧૧૭૭.૭૭ | ૭૫૮.૭૭ |

(૨) ઉકત સ્થિતિએ માડકા, માલસણ, ગઢસીસર અને ઢીમાં બ્રાન્ચ કેનાલોમાંથી નિકળતી ડીસ્ટ્રીબ્યુટરી અને માઈનોર અને સબ માઈનોરની કામગીરી કેટલી બાકી છે,અને

(૨) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ માડકા, માલસણ, ગઢસીસર અને ઢીમા બ્રાન્ચ કેનાલોમાંથી નીકળતી ડીસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ માઈનોરની બાકી કામની વિગત નીચે મુજબ છે.

| **નહેરનું નામ** | **ડીસ્ટ્રીબ્યુટરીની બાકી લંબાઈ (કી.મી.)** | **માઈનોરની બાકી લંબાઈ (કી.મી.)** | **સબ માઈનોરની બાકી લંબાઈ (કી.મી.)** |
|---|---|---|---|
| માડકા | ૦.૦૦ | ૦.૦૦ | ૪૮૮ |
| માલસણ | ૫.૦૦ | ૫.૫૭ | ૬૨૬ |
| ગઢસીસર | ૨૯.૦૧ | ૨૧૪.૬૨ | ૬૪૯ |
| ઢીમા | ૧૦.૮૧ | ૨૬.૭૧ | ૫૩૩ |
| **કુલ** | **૪૪.૮૨** | **૨૪૬.૯૦** | **૨૨૯૬** |

(૩) આ બાકી રહેલ કામગીરી પૂરી કરવાનું શું આયોજન છે ?

(૩) બાકી રહેલ કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સુરત શહેરમાં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો**

૮૯૮૨ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરત શહેરમાં નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકનાં મકાનોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **મકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૮૦ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૧૩૦ |
| | **કુલ** | **૨૧૦** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂ.૨૯૨૯.૭૦ લાખ.

---------

**ખેડા જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાઓ**

૯૦૩૪ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૪૧.

(૨) તે પૈકી કેટલી યોજનાઓમાં પાણી પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે ?

(૨) તમામ ૪૧ યોજનાઓમાં.

---------

**ભાવનગર જિલ્લામાં નવી શરત/ગણોતધારા હેઠળની જમીન જૂની શરતમાં ફેરવવા અરજીઓ**

૮૯૫૮ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવી શરત/ગણોતધારા હેઠળની જમીન જૂની શરતમાં ફેરવવા અંગેની કેટલી અરજીઓ મળી,

(૧) ૧૨૪

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ,

(૨) મંજૂર – ૧૧૦
નામંજૂર – ૭

(૩) કેટલી પડતર રહી, અને

(૩) ૭

(૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

(૪) ચકાસણી હેઠળ હોવાથી.

---------

**લુણાવાડા તાલુકાની હીન્દોલીયા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવાયેલા ગામો**

૮૫૩૯ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં હીન્દોલીયા જૂથ પાણી પૂરવઠા યોજના મંજૂર થઈ ત્યારે આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવાયા હતા, અને

(૧) ૮૩ ગામો.

(૨) મૂળ યોજના પ્રમાણે બાકી રહી જતા ગામોને પીવાના પાણીની સુવિધા આપવા માટે કોઈ યોજનાની વિચારણા કરવામાં આવી છે ખરી ?

(૨) મૂળ યોજના પ્રમાણેના બાકી રહી જતા ૪ ગામની કામગીરી પૂર્ણ કરી હાલ પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે.

---------

**સાણંદ તાલુકાના નાની દેવતી ગામે સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૮૦૯૯ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સાણંદ તાલુકાના નાની દેવતી ગામે સરકારી જમીન સર્વે નં.૧૭૭ માં ગેરકાયદેસર રીતે દબાણ થયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૧) મોજે : નાની દેવતી તા.સાણંદના સર્વે નં.૧૭૭ વાળી જમીનમાં કોઈપણ પ્રકારનું દબાણ થયેલ નથી.

(૨) જો હા, તો આ દબાણ દૂર કરવા અને સરકારી જમીન પરત લેવા, સરકારે છેલ્લા એક વર્ષમાં શાં પગલાંઓ લીધા ?

(૨) જમીન ઉપર દબાણ થયેલ ન હોઈ દબાણ દૂર કરવાનો પ્રશ્ન નથી.

---------

**વડોદરા જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો**

૮૯૭૭ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૦૨ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૫ |
| | **કુલ** | **૦૭** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂ.૩૯૫.૩૮ લાખ.

---------

**રાજકોટ જિલ્લાનાં ગણોદ ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી**

૮૯૧૪ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

| | |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ગણોદ ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) બાંધકામ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ પૂર્ણ કરવાનું આયોજન શું છે, અને | (૨) સપ્ટેમ્બર-૨૦૧૪ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૩) ૫૨૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. |

---------

**અમરેલી જિલ્લામાં પશુઓને રસીકરણ**

૯૦૨૨ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | ૧૩,૭૪,૦૨૮. |

---------

**રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની ટાઉન પ્લાનીંગ સ્કીમ**

૮૨૯૧ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ શહેરમાં ટાઉન પ્લાનીંગ સ્કીમો કેટલા સમયથી મંજૂરી અર્થે કેટલા સમયથી પડતરમાં છે, અને | (૧) રાજકોટ શહેરમાં તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ પ્રારંભિક નગર રચના યોજના નં.૧ (રૈયા) (પ્રથમ ફેરફાર) તા.૩-૨-૨૦૧૨, થી આખરી નગર રચના યોજના નં.૨૪ (રાજકોટ) તા.૧૫-૪-૨૦૧૪ થી અને મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪ (મોટામવા) તા.૨૧-૫-૨૦૧૪ થી મંજૂરી અર્થે પડતરમાં છે. |
| (૨) આવી મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) સરકારશ્રી દ્વારા ત્વરીત મંજૂરી આપવામાં આવશે. |

---------

**ઉના તાલુકામાં પશુ આરોગ્ય મેળા**

૯૦૨૩ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩ માં જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૩૦ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૬,૧૦૧ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૯,૧૦૫. |

---------

**નર્મદા જિલ્લામાં પશુઓને રસીકરણ**

૯૦૧૬ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | ૬,૪૯,૩૦૫. |

---------

તા.૮મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા નહેર મારફત સિંચાઇનો લાભ**

૮૯૬૮ **ડૉ. ટી.ડી. માણીયા(બોટાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા નહેર મારફત તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલા હેકટરને સિંચાઇનો લાભ આપવામાં આવે છે?

**જવાબ**

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની વલ્લભીપુર શાખા નહેરનું કામ પૂર્ણ થયેલ છે. અને નહેર વિતરણ વ્યવસ્થા ના કામો પ્રગતિ હેઠળ છે. જેથી વલ્લભીપુરશાખા નહેર મારફત નિગમ દ્વારા નિયત કરાયેલ પધ્ધતિથી સિંચાઇનો લાભ આપવામાં આવતો નથી. પરંતુ વર્ષ ૨૦૦૬થી વલ્લભીપુર શાખા નહેરમાં પીવા માટે પાણી વહેવડાવવામાં આવી રહેલ છે. જેનાથી નહેરની બંન્ને બાજુ ના ખેડુતો દ્વારા સ્વવ્યવસ્થાથી આશરે ૧૯૫૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇ કરવામાં આવે છે.

---------

**વડોદરા જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ**

૯૦૨૪ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા પશુ વંધત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૩૧.

(૨) ૧૭.૦૭૬.

---------

**નર્મદા યોજના આધારિત બોલેરા શાખા–વિશાખા–પ્રશાખા નહેરનો ખર્ચ**

૮૯૬૩ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના આધારિત બોલેરા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કૂલ અંદાજીત ખર્ચ કેટલો છે,

(૨) તે પૈકી તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) તાલુકાવાર કેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના આધારિત બોલેરા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કૂલ અંદાજીત ખર્ચ નીચે મુજબ છે.

| **અ.નં.** | **નહેરનો પ્રકાર** | **અંદાજીત ખર્ચ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | શાખા | ૧૮.૮૪ |
| ૨ | વિશાખા | ૭૫.૭૮ |
| ૩ | પ્રશાખા | ૬૭.૪૭ |
| | **કૂલ** | **૧૬૨.૦૯** |

(૨) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ કામોની રકમ નીચે મુજબ છે.

| **અ.નં.** | **નહેરનો પ્રકાર** | **પૂર્ણ થયેલ કામો (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | શાખા | ૧૮.૮૪૦ |
| ૨ | વિશાખા | ૫૭.૪૧૩ |
| ૩ | પ્રશાખા | ૫૭.૬૬૨ |
| | **કૂલ** | **૧૩૩.૯૧૫** |

(૩) તાલુકાવાર સિંચાઇનો લાભ મળનાર ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ગામોની સંખ્યા** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૧૮ |
| ૨ | ચાણસ્મા | ૧૭ |
| ૩ | હારીજ | ૧૫ |
| ૪ | સમી | ૩૩ |
| ૫ | પાટણ | ૧ |
| ૬ | દસાડા | ૧ |
| | **કૂલઃ** | **૮૫** |

---------

**જામનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો**

૮૯૮૮ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકનાં મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

આ ઉપરાંત સીઆઈડી (ક્રાઈમ) ને સુદ્દઢ કરવા કાયદા સલાહકારની એક જગ્યા પણ સીઆઈડી (ક્રાઈમ) ને ફાળવવામાં આવી છે.

---------

**અમદાવાદ શહેરમાં બી.પી.એલ. લાભાર્થીઓ**

૯૧૪૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વોર્ડવાર ૦ થી વધુ અને ૧૭ થી ૨૦ના સ્કોરના કેટલા બી.પી.એલ. લાભાર્થીઓ છે,

(૨) તે પૈકી કેટલા બી.પી.એલ. કાર્ડધારકોના નામ બી.પી.એલ. યાદીમાં છે અને કેટલાના નથી અને કેટલા નામ બી.પી.એલ. યાદીમાંથી રદ થયા,

(૩) જે નામો બી.પી.એલ. યાદીમાં નથી તેનો સમાવેશ કરવા માટે સરકારે શાં પગલાં લીધાં, અને

(૪) જે નામો બી.પી.એલ. યાદીમાંથી રદ થયાં તેના કારણો કયા છે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) ૦ થી વધુ અને ૧૭ થી ૨૦ના સ્કોર મુજબની બી.પી.એલ. યાદી શહેરી વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્ષાર નિયંત્રણ માટે પગલાં**

૯૨૦૨ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્ષારનું પ્રમાણ અટકાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શાં પગલાંઓ લીધા, અને

(૨) લેવામાં આવેલ પગલાંઓ અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્ષારનું પ્રમાણ અટકાવવા તા. ૧–૦૬–૨૦૧૨ થી તા. ૩૧–૦૫–૨૦૧૩ દરમ્યાન વિસ્તરણ નહેરનાં ત્રણ, રેડીયલ કેનાલનાં ત્રણ, બંધારાનાં બે, ચેકડેમનાં ચાર અને પુનઃપ્રભરણ તળાવનાં ત્રણ મળી, કુલ ૧૫ કામો હાથ ધરવામાં આવ્યાં.

તા. ૧–૦૬–૨૦૧૩ થી તા. ૩૧–૦૫–૨૦૧૪ દરમ્યાન સ્ટોરેજ ટેન્કનું એક, ચેકડેમનાં બે, રેડીયલ કેનાલનાં બે મળી, કુલ ૫ કામો હાથ ધરવામાં આવ્યા.

(૨) તા. ૧–૦૬–૨૦૧૨ થી તા. ૩૧–૦૫–૨૦૧૩ દરમ્યાન રૂ. ૧૨૪૪.૦૪ લાખનો ખર્ચ તેમજ તા. ૧–૦૬–૨૦૧૩ થી તા. ૩૧–૦૫–૨૦૧૪ દરમ્યાન રૂ. ૪૩૩.૩૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**ધોળકા તાલુકાના નર્મદાની પ્રશાખા– પ્રપ્રશાખા નહેરોનું કામ**

૮૯૭૦ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં નર્મદાની પ્રશાખા તથા

**જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં નર્મદા યોજનાની પ્રશાખા તથા

પ્રપ્રશાખા નહેરોનું કામ કયા તબક્કે છે,

પ્રપ્રશાખા નહેરોની થયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ કિ.મી. માં | બાંધકામ થયેલ લંબાઈ કિ.મી.માં |
|---|---|---|
| પ્રશાખા નહેરો | ૩૨૮.૯૨ | ૨૩૯.૩૩ |
| પ્રપ્રશાખા નહેરો | ૮૮૨.૭૮ | ૪૩૦.૩૨ |
| **કુલ** | **૧૨૧૧.૭૦** | **૬૬૯.૬૫** |

(૨) આ કામો પાછળ કૂલ કેટલો ખર્ચ થનાર છે, અને

(૨) આ કામો પાછળ કૂલ રૂ. ૧૪૨૭૪.૦૭ લાખ ખર્ચ થનાર છે.

(૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) બાકી રહેતી પ્રશાખા તથા પ્રપ્રશાખા નહેરોની કામગીરી જુન–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## સુરત જિલ્લામાં કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિ કિટસનું વિતરણ

૮૮૯૩ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૩ના કૃષિ મહોત્સવ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલા કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું અને

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૨માં ૭૩૮૩ ખેડૂતોને ૭૩૮૩ કૃષિ કિટસ, ૬૭૫૪ ખેડૂતોને ૬૭૫૪ બાગાયત કિટસ, ૩૫૬૫ ખેડૂતોને ૩૫૬૫ પશુપાલન કિટસ તથા વર્ષ ૨૦૧૩માં ૭૩૮૬ ખેડૂતોને ૭૩૮૬ કૃષિ કિટસ અને ૩૫૬૫ ખેડૂતોને ૩૫૬૫ પશુપાલન કિટસનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

(૨) વર્ષ ૨૦૧૨માં રૂ. ૨,૬૩,૮૦,૭૨૪/- તથા વર્ષ ૨૦૧૩માં રૂ. ૧,૯૭,૮૭,૯૮૧.૫૦/-

---------

## સાબરકાંઠામાં ખેતીની જમીન બિનખેતીમાં તબદીલ બાબત

૧૦૨૭૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનો ખેતીમાંથી બિનખેતીમાં તબદીલ કરવામાં આવી,

(૧) **પત્રક–૧** મુજબ

**પત્રક–૧**

| અ.નં. | તાલુકાનું નામ | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫૮૮૧૫૧ |
| ૨ | ઈડર | ૩૦૭૯૧૫ |
| ૩ | પ્રાંતિજ | ૧૯૧૨૮૩ |
| ૪ | બાયડ | ૨૫૨૭૮૫ |
| ૫ | ખેડબ્રહ્મા | ૧૨૨૩૪૩ |
| ૬ | મેઘરજ | ૫૦૦૦૧ |
| ૭ | ભિલોડા | ૬૪૮૯૫ |
| ૮ | વિજયનગર | ૧૧૦૭૧ |
| ૯ | તલોદ | ૨૪૦૧૫૫ |
| ૧૦ | ધનસુરા | ૩૨૦૬૮૧ |
| ૧૧ | મોડાસા | ૧૬૪૬૫૫ |
| ૧૨ | માલપુર | ૩૦૨૨ |
| ૧૩ | વડાલી | ૨૧૩૭૭૦ |
| ૧૪ | પોશીના | ૦ |
| **કુલ ક્ષેત્રફળ (ચો.મી.)** | | **૨૫૩૦૭૨૭** |

(૨) તે માટે કુલ કેટલી અરજીઓ તાલુકાવાર મળી હતી અને તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી અને કેટલી પડતર છે, અને

(૨) **પત્રક–૨** મુજબ

**પત્રક–૨**

| અ.નં. | તાલુકાનું | મળેલ | મંજુર | નામંજુર | પડતર |
|---|---|---|---|---|---|

| | નામ | અરજીઓ | અરજીઓ | અરજીઓ | અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૯૦ | ૭૯ | ૧ | ૧૦ |
| ૨ | ઈડર | ૭૫ | ૬૪ | ૪ | ૭ |
| ૩ | પ્રાંતિજ | ૪૫ | ૩૬ | ૫ | ૪ |
| ૪ | બાયડ | ૨૩ | ૧૯ | ૦ | ૪ |
| ૫ | ખેડબ્રહ્મા | ૨૩ | ૨૨ | ૦ | ૧ |
| ૬ | મેઘરજ | ૧૦ | ૧૦ | ૦ | ૦ |
| ૭ | ભિલોડા | ૨૦ | ૧૯ | ૦ | ૧ |
| ૮ | વિજયનગર | ૫ | ૫ | ૦ | ૦ |
| ૯ | તલોદ | ૨૬ | ૨૨ | ૧ | ૩ |
| ૧૦ | ધનસુરા | ૩૮ | ૩૫ | ૦ | ૩ |
| ૧૧ | મોડાસા | ૩૩ | ૨૯ | ૦ | ૪ |
| ૧૨ | માલપુર | ૪ | ૪ | ૦ | ૦ |
| ૧૩ | વડાલી | ૩૧ | ૨૮ | ૨ | ૧ |
| ૧૪ | પોશીના | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૪૨૩ | ૩૭૨ | ૧૩ | ૩૮ |

(૩) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૩) વિવિધ કચેરીઓ / ખાતાના અભિપ્રાયો બાકી હોઈ પડતર છે. જે ઉપલબ્ધ થયેથી સત્વરે નિકાલ કરવાનું આયોજન છે.

---------

**નર્મદા યોજનાની ગડસીસર શાખા નહેરથી બનાસકાંઠા જિલ્લાને સિંચાઈનો લાભ**

૮૯૬૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની ગડસીસર શાખા નહેર દ્વારા બનાસકાંઠા જિલ્લાના કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ નહેરોનાં કામો કયા તબક્કે છે?

**જવાબ**

(૧) નર્મદા યોજનાની ગડસીસર શાખા દ્વારા બનાસકાંઠા જિલ્લાના વાવ અને થરાદ તાલુકાના કુલ ૨૫,૯૫૧ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે.

(૨) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગડસીસર શાખાની નહેરોના કામોદની સ્થિતિ નીચે મુજબ છે.

| **નહેરનું કામ** | **કુલ લંબાઈ (કિ.મી.)** | **પૂર્ણ થયેલ લંબાઈ કિ.મી.)** |
|---|---|---|
| શાખા નહેર | ૨૩.૦૦ | ૨૩.૦૦ |
| વિશાખા | ૬૧.૦૦ | ૩૧.૯૯ |
| પ્રશાખા | ૨૦૩.૦૦ | ૦.૦૦ |

ગડસીસર શાખા નહેરનું રૂ. ૪૨.૨૨ કરોડનું કામ પૂર્ણ થયેલ છે તથા વિશાખા નહેરોના રૂ. ૫૩.૬૫ કરોડની કિંમતના કામો પ્રગતિમાં છે. જ્યારે પ્રશાખા નહેરોના રૂ. ૮૨.૭૦ કરોડનાં કામ ટૂંક સમયમાં હાથ ધરવાનું આયોજન છે.

---------

**જામનગર જિલ્લામાં પશુઓને રસીકરણ**

૯૦૧૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૧૫,૨૪,૦૮૦

---------

**ઠાસરા તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ**

૯૦૨૯ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અન્વયે ખેડા જિલ્લાનાં ઠાસરા તાલુકામાં તા. ૩૦-૦૪-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૮ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે? | (૨) રૂા. ૧૨૧.૬૫ લાખ. |

---------

**અમદાવાદ શહેરમાં મહિલા વિરોધી ગુન્હા**

૮૮૪૯ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૧-૦૩-૨૦૧૨ થી તા.૩૧-૩-૧૪ સુધીમાં મહિલા વિરોધી ગુન્હાઓની સંખ્યા કેટલી, અને | (૧) ૫૮૮૦. |
| (૨) આ પ્રકારના ગુન્હાઓ અટકાવવા અમદાવાદ શહેરમાં પોલીસદળમાં રહેલી ખાલી જગ્યાઓ ક્યારે પુરવામાં આવશે? | (૨) ખાલી જગ્યાઓ વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે. |

---------

**થરાદ તાલુકામાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન હેઠળ સરકારી પડતર જમીન ફાળવવા બાબત**

૮૯૪૮ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન હેઠળ સરકારી પડતર જમીન ફાળવવા અંગેની કેટલી દરખાસ્ત મળી, | (૧) ૧૪ |
| (૨) તે પૈકી કેટલી મંજુર અને કેટલી નામંજુર કરેલ છે, અને | (૨) તમામ દરખાસ્તો મંજુર કરવામાં આવેલ છે. |
| (૩) મંજુર થયેલ દરખાસ્ત પૈકી કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો થયેલ છે? | (૩) હે. ૫-૬૬-૫૮ ચો.મી. |

---------

**સુરત શહેર અને જિલ્લામાં લોક દરબાર**

૯૦૦૩ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સુચના આપેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત શહેર અને જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) સુરત શહેર - ૧૫૯<br>સુરત જિલ્લો - ૨૩૪ |

---------

**ભાવનગર જિલ્લામાં લોક દરબાર**

૯૦૦૬ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સુચના આપેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે?

(૨) ૧૦૫

---------

**મહિસાગર જિલ્લામાં પીવાના પાણીની, જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા અનિયમિતતા**

૮૫૪૦ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં આવેલ જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા આપવામાં આવતા પીવાના પાણીની અનીયમીતતાની સમસ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ અનિયમિતતા દૂર કરવા સરકારે શાં પગલા લીધા?

**જવાબ**

(૧) અને (૨) મહીસાગર જીલ્લામાં કુલ ૯ જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત કુલ ૫૦૨ ગામો/૬૫૩ પરા અને ૦૧ શહેરનો સમાવેશ થયેલ છે. જે પૈકી હાલમાં ૪૩૨ ગામો/૪૦૧ પરા પાણી મેળવે છે. જ્યારે ૬૬ ગામો/૬૫ પરા અને ૦૧ શહેરના વ્યક્તિગત સોર્સમાં પુરતુ પાણી હોઈ, જુથ યોજનાનું પાણી લેતા નથી. જિલ્લાના ૧૮૪ ફળિયાઓના પાદર સુધી પાણી પહોંચાડવામાં આવે છે. પરંતુ ફળિયામાં વિસ્તરણ કરવાની જવાબદારી ગ્રામપંચાયત સંભાળતી ન હોઈ, પાણી વિતરણ કરવામાં મુશ્કેલી છે.

જ્યારે કડાણા જુથ યોજનાના ૩ ગામો અને કારંટા જુથ યોજનાના ૧ ગામ/૩ પરાની ભૌગોલિક પરિસ્થિતિ ખુબજ ઉંચી-નીચી હોઈ, વધારાના જરૂરી કામો હાથ ધરી માહે ૯/ ૨૦૧૪ સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન કરેલ છે.

---------

**સાણંદ અને બાવળા તાલુકાના ખેડુતોના ૭/૧૨ના રેકર્ડના કોમ્પ્યુટરાઈઝડ ઉતારામાં ભૂલો બાબત**

૮૧૦૦ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ સાણંદ અને બાવળા તાલુકાઓના ખેડૂતોના ૭/૧૨ના ઉતારામાં હસ્તલિખીતમાંથી કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરીમાં અનેક ભૂલો થઈ છે તે સુધારવામાં આવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આવી ભૂલો સત્વરે સુધારાય તે માટે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) અને (૨) અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં જમીનના ૭/૧૨ના ઉતારામાં હસ્તલિખીતમાંથી કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી દરમ્યાન થયેલ ક્ષતિના કિસ્સામાં તે બાબત કચેરીના ધ્યાન પર આવતાં અથવા અરજદારો તરફથી આ પ્રકારની રજૂઆત મળે ત્યારે સંબંધિત રેકર્ડની ચકાસણી કરી જે ક્ષતિ સત્વરે સુધારવાના પગલાં લેવામાં આવે છે.

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં હેન્ડપંપ**

૯૦૩૫ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલા હેન્ડપંપ મજૂર કર્યા,

(૧) ૬૨૦.

(૨) તે પૈકી કેટલા પૂર્ણ થયેલ છે, અને

(૨) તમામ ૬૨૦ સારેલ છે.

(૩) બાકી રહેતા હેન્ડપંપ પૂર્ણ કરવાનું શું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**એસ.આર.પી. જૂથ – ૮, ગોંડલ હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ**

૮૯૯૭ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવાર સભ્યો સાંસ્કૃતિક પ્રવૃતિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ એસ.આર.પી. જૂથ–૮, ગોંડલની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી. જૂથ–૮, ગોંડલની કચેરી હસ્તક ૧ (એક) કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

---------

**રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ડેવલપમેન્ટ પ્લાન સરકારમાં રજૂ કરવા બાબત**

૮૨૯૨ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા તેના વિસ્તારમાં ડેવલપમેન્ટ પ્લાન સરકારમાં ક્યારે મંજૂર અર્થે રજુ થયેલ છે, અને

(૨) આ ડેવલપમેન્ટ પ્લાનને સત્વરે મંજુરી નહી આપવાના કારણો શા છે અને કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા તેના વિસ્તારમાં ડેવલપમેન્ટ પ્લાન સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બાલાશીનોર–કપડવંજ અને વિરપુર તાલુકામાં તળાવો–કેનાલો–ઢાળિયા સાફ કરવા બાબત**

૮૩૦૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાશીનોર–કપડવંજ અને વિરપુર તાલુકાના સિંચાઈના તળાવો–કેનાલ–ઢાળિયા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વખત સાફ કરવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના બાલાશીનોર–કપડવંજ અને વિરપુર તાલુકાના સિંચાઈના તળાવો–કેનાલ–ઢાળિયા છેલ્લા બે વર્ષમાં સાફ કરવામાં આવેલ તેની વિગત *પત્રક મુજબ છે.

(૨) તેની પાછળ કુલ રૂપિયા ૧૬૬.૭૨ લાખનો ખર્ચ થયેલ છે.

**બાલાશીનોર–કપડવંજ અને વિરપુર તાલુકામાં સાફ કરવામાં આવેલ તળાવો–કેનાલો–ઢાળિયાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સમયગાળો | તાલુકાનું નામ | સાફ કરવામાં આવેલ તળાવો | સાફ કરવામાં આવેલ કેનાલ |
|---|---|---|---|---|
| ૧. | તા. ૧–૬–૨૦૧૨ થી | બાલાશીનોર | ૪ | ૧૧ |
| | તા. ૩૧–૫–૨૦૧૩ | કપડવંજ | ૨ | ૪ |
| | | વીરપુર | ૫ | ૯ |
| ૨. | તા. ૧–૬–૨૦૧૩ થી | બાલાશીનોર | ૩ | ૧૦ |
| | તા. ૩૧–૫–૨૦૧૪ | કપડવંજ | ૨ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | | વીરપુર | ૪ | ૯ |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩માં મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં એમ.ઓ.યુ.**

૧૦૨૫૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ઉદ્યોગ માટે સન ૨૦૧૩ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેટર્સ સમીટમાં મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ થયા તેમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લાના તાલુકાઓ માટે કેટલો મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ થયા, અને

(૨) આમાંથી કેટલા ઉદ્યોગ કાર્યરત થયા અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૩માં મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ કરવામાં આવેલ નથી. પરંતુ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે. જે મુજબ વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૩ માં મહેસાણા જિલ્લામાં ૬૧૨ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટન્શન તથા અમદાવાદ જિલ્લામાં ૩૩૨૬ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન થયેલ છે.

(૨) ૨૫૭૬ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. અમલીકરણ હેઠળ છે અને ૧૦૩૯ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પોલીસ સંવર્ગની મંજૂર જગ્યાઓ**

૮૧૨૭ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પોલીસ સંવર્ગની મંજૂર થયેલ જગ્યાઓની સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે અને કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પોલીસ ઈન્સ્પેકટરથી લઈને પોલીસ કોન્સ્ટેબલ સુધીના પોલીસ સંવર્ગની કુલ મંજૂર થયેલ અને તેની સામે ખાલી જગ્યાની તેમજ કેટલા સમયથી જગ્યા ખાલી છે, તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| | | | | ૬ માસ સુધી |
| ૧ | હિંમતનગર | ૩૨૮ | ૧૧૧ | ૧૧૧ |
| ૨ | વિજયનગર | ૪૮ | ૧૪ | ૧૪ |
| ૩ | તલોદ | ૭૧ | ૨૦ | ૨૦ |
| ૪ | પ્રાંતિજ | ૭૩ | ૧૦ | ૧૦ |
| ૫ | પોશીના | ૩૮ | ૧૯ | ૧૯ |
| ૬ | ખેડબ્રાહ્મા | ૧૦૧ | ૨૫ | ૨૫ |
| ૭ | વડાલી | ૪૦ | ૮ | ૮ |

(૨) ખાલી જગ્યાઓ ભરવાની વહીવટી પ્રક્રિયા દરમ્યાન જગ્યાઓ ખાલી રહેતી હોય છે. ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

---------

**જામનગર જિલ્લામાં સન ૨૦૧૨ની ખરીફ ઋતુમાં અપૂરતા વરસાદથી પશુધન બચાવવા ખેડૂતોને ઘાસચારો વાવવા માટે સહાય**

૯૪૩૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સને ૨૦૧૨ની ખરીફ ઋતુમાં અપૂરતો વરસાદ થવાથી દુષ્કાળના સમયમાં પશુધનને બચાવવા માટે જે ખેડૂત ઘાસચારો વાવશે તેને ૨૦ કિલો જુવારનું બિયારણ તથા ખર્ચ પેટે રૂા. ૨૦૦૦ રાજ્ય સરકાર ચૂકવશે તેવી જાહેરાત રાજ્ય સરકારે કરી હતી તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં આ સમયગાળામાં કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ મળવાનો થતો હતો અને આ લાભાર્થીને તા. ૩૧મી મે, ૨૦૧૪ની સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી છે તે હકીકત સાચી છે, અને

(૨) જામનગર જિલ્લામાં આ સમયગાળામાં ૬૧૧૫ ખેડૂતોને આ યોજનાનો લાભ મળવાનો થતો હતો અને લાભાર્થીને તા. ૩૧મી મે, ૨૦૧૪ની સ્થિતિએ વિનામુલ્યે બિયારણ વિતરણ સહાય રૂા. ૫૪.૨૦૩ લાખની ચૂકવેલ છે. જ્યારે એકર દીઠ રૂા. ૨૦૦૦/– લેખે ચૂકવવાની થતી સહાયની ચૂકવણી બાકી છે.

(૩) જો હા, તો આ સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૩) શક્ય તેટલા વહેલા.

---------

## છોટાઉદેપુર જિલ્લાની સુખી જળાશય યોજનાની કેનાલોની સાફસફાઈ અને રીપેરીંગ

૯૧૧૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાની સુખી જળાશય યોજનામાં છેલ્લા બે વર્ષમાં કેટલી કેનાલો સાફ કરી રીપેરીંગ કરવામાં આવી,

(૧) ૫૨.૫ કિ.મી. લંબાઈની કેનાલો સાફ કરી રીપેરીંગ કરવામાં આવી.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) રૂા. ૮૪૨.૮૪ લાખ

(૩) કેટલી કેનાલ સાફ કરવાની અને મરામત કરવાની બાકી છે, અને

(૩) ૩૦ કિ.મી. લંબાઈની શાખા, વિશાખા, પ્રશાખા, વિગેરેની મરામત તથા સફાઈ કરવાની બાકી છે.

(૪) તેની પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે ?

(૪) અંદાજે રૂા. ૫૮૧ લાખ

---------

## અમરેલી જિલ્લાની રાણીંગપરા સિંચાઈ યોજનાનું કામ

૧૦૨૩૮ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાણીંગપરા નાની સિંચાઈ યોજનાના કામ અંગે એજન્સીને વર્ક ઓર્ડર અપાયેલ છે તે ખરૂ છે,

(૧) હા, જી.

(૨) જો હા તો, આ વર્ક ઓર્ડર ક્યારે આપેલ છે અને યોજનાની શું પ્રગતિ થયેલ છે, અને

(૨) વર્ક ઓર્ડર તા. ૨૩–૨–૨૦૧૨ના રોજ આપેલ છે. ખેડૂતોની માંગણી મુજબ સ્પીલવેની જગ્યા બદલવાનાં કારણે કામ શરૂ થયેલ નથી.

(૩) વર્ક ઓર્ડર મુજબ ક્યારે કામ શરૂ કરવાનું અને પૂર્ણ કરવાનું હતું.

(૩) તા. ૨૩–૨–૨૦૧૨ થી શરૂ કરી તા. ૨૨–૧–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું હતું.

---------

## આણંદ અને ખેડા જીલ્લામાં મહી સિંચાઈ યોજનાની નહેરો પાકી બનાવવા બાબત

૯૪૯૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ મહી સિંચાઈ યોજના અંતર્ગત આણંદ અને ખેડા જિલ્લામાં સબડીવીઝન વાર કેટલી લંબાઈની નહેરોને પાકી બનાવવાની મંજૂરી ક્યારે આપવામાં આવી,

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ મહી સિંચાઈ યોજના અંતર્ગત આણંદ અને ખેડા જિલ્લામાં સબડીવીઝન વાર નહેરો પાકી બનાવવાની મંજૂરીની વિગત સામેલ ***પત્રક–૧** મુજબ છે.

(૨) તે પૈકી કઈ એજન્સીને કઈ કેનાલોને પાકી

(૨) એજન્સીવાર કેનાલો પાકી બનાવવાના અપાયેલ

બનાવવાનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો, અને

કોન્ટ્રેક્ટની વિગતો ***પત્રક-૨** મુજબ છે.

(૩) સદર એજન્સી દ્વારા ઉક્ત સ્થિતિએ કેટલું કામ પૂર્ણ કરવામાં આવ્યુ. અને કેટલું બાકી છે ?

(૩) એજન્સીના દ્વારા તા. ૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ ૪૯૮.૮૫ કિ.મી. લંબાઈની કામગીરી પૂર્ણ કરેલ છે. ૧૪૦.૨૯ કિ.મી. લંબાઇમાં કામગીરી બાકી છે. પૂર્ણ કરેલ અને બાકી કામોની વિગતો ***પત્રક-૩** મુજબ છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**આણંદ જિલ્લામાં તળાવો ઊંડા કરાવવા બાબત**

૯૦૬૮ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) તે અન્વયે જળસંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ઊંડા કરવામાં આવેલ તળાવોની વિગતો નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકો | તાલુકાવાર ઊંડા કરવામાં આવેલ તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોરસદ | ૬ |
| ૨ | પેટલાદ | ૯ |
| | **કુલ** | **૧૫** |

(૨) તેની પાછળ તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | બોરસદ | ૧૧.૨૦ |
| ૨ | પેટલાદ | ૧૭.૧૭ |
| | **કુલ** | **૨૮.૩૭** |

(૩) તે અન્વયે જળસંગ્રહ શકિતમાં કુલ ૨.૪૯ મી. ઘનફૂટનો વધારો થયો.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મોટી-મધ્યમ-નાની સિંચાઈ યોજનાઓ**

૧૦૧૯૮ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સરકાર દ્વારા મોટી મધ્યમ અને નાની સિંચાઈ યોજના બાંધવા માટે મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાઓમાં મંજૂર થયેલ ડેમો પૈકી કેટલા ડેમો બાંધવાના કામો શરૂ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો શરૂ કરવાના બાકી છે ?

**જવાબ**

(૧) તાંત્રિક દ્રષ્ટિએ અનુકુળ તથા આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ તેવી સાઈટ ઉપલબ્ધ ન હોવાથી મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

૯૮૬૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ચોરી, લૂંટ, ધાડ, બળાત્કાર અપહરણ અને આપઘાતના બનાવો બન્યા,

(૨) તે પૈકી તાલુકાવાર અને વર્ષવાર કેટલા બનાવો ઉકેલાયા અને કેટલા બનાવો ઉકેલવાના બાકી છે, અને

(૩) કયા વર્ષમાં કેટલા ઈસમો પકડાયા અને કેટલા ઈસમો પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧) ***પત્રક–૧** સામેલ છે.

(૨) ***પત્રક–૨** સામેલ છે.

(૩)

| અમદાવાદ | | |
|---|---|---|
| **સમયગાળો** | **પકડાયા** | **પકડવાના બાકી** |
| તા. ૦૧–૦૪–૨૦૧૨ થી તા. ૩૧–૦૩–૨૦૧૩ | ૩૬૪ | ૧૦ |
| તા. ૦૧–૦૪–૨૦૧૩ થી તા. ૩૧–૦૩–૨૦૧૪ | ૩૬૨ | ૨૭ |
| ગાંધીનગર | | |
| તા. ૦૧–૦૪–૨૦૧૨ થી તા. ૩૧–૦૩–૨૦૧૩ | ૪૧૬ | ૩૯ |
| તા. ૦૧–૦૪–૨૦૧૩ થી તા. ૩૧–૦૩–૨૦૧૪ | ૩૭૨ | ૧૬ |

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ સહાય**

૯૯૬૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોને કે ખેડૂતોના પરિવારોને કુલ કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨) સહાય મેળવવા માટે કુલ કેટલા અરજદારોની અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) પડતર રહેવાના કારણો શાં છે અને કેટલા સમયમાં સહાય મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૧–૪–૨૦૧૨ થી ૩૧–૫–૨૦૧૪ દરમ્યાન ૨૪૮ ખેડૂતોને કે ખેડૂતોના પરિવારોને કુલ રૂા. ૨,૪૪,૦૦,૦૦૦– સહાય ચૂકવવામાં આવી.

(૨) ૩૦૧ અરજીઓ

(૩) અરજદાર લાભાર્થી ખેડૂતો પાસેથી ખૂટતા સાધનિક કાગળો માંગવામાં આવેલ છે જે મળ્યેથી વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા નિકાલ કરવામાં આવશે.

---------

**કલ્પસર પ્રોજેક્ટ પાછળ ખર્ચ**

૧૦૨૭૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલ્પસર પ્રોજેક્ટ પાછળ કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૨–૧૩ માં રૂા. ૧૫૩૪.૯૧ લાખ અને વર્ષ ૨૦૧૩–૧૪માં રૂા. ૩૨૪.૩૧ લાખનો ખર્ચ કરવામાં

(૨) આ પ્રોજેક્ટ તા. ૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ કયા તબક્કે છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે ?

આવ્યો છે.

(૨) કલ્પસર યોજના, શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે. જે માટેના તમામ અભ્યાસો પૂર્ણ થયેથી અને અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજૂરીઓ મળ્યા બાદ યોજના સત્વરે શરૂ કરી શક્ય બને એટલી જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ભાવનગર અને વાડીનાર કોસ્ટલ પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ**

૮૮૫૧ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ સાગરતટ સુરક્ષા માટે રાત્રીના સમયે બોટ દ્વારા ભાવનગર અને વાડીનાર કોસ્ટલ પોલીસ સ્ટેશનો પરથી રાત્રિ પેટ્રોલિંગ બોટ દ્વારા કેટલા કલાકોનું છેલ્લા એક વર્ષમાં થયેલ છે ?

**જવાબ**

(૧) વાડીનાર મરીન પોલીસ સ્ટેશન દ્વારા ૧૮ કલાક પેટ્રોલિંગ થયેલ છે. ભાવનગર પોર્ટ મરીન પોલીસ સ્ટેશન પરથી પેટ્રોલિંગ થયેલ નથી.

---------

**મહીસાગર જિલ્લામાં પશુ દવાખાનાઓ**

૮૫૪૧ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કુલ કેટલા પશુ દવાખાનાઓ અને પેટા કેન્દ્રો છે, અને

(૨) ઉક્ત દવાખાના દીઠ વાર્ષિક ખર્ચ કેટલો થાય છે ?

**જવાબ**

(૧) કુલ ૨૦ પશુ દવાખાનાઓ અને ૨૦ પેટા કેન્દ્રો છે.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪માં ઉક્ત દવાખાના દીઠ વાર્ષિક ખર્ચ રૂા. ૯૧,૧૫,૫૦૫ છે. જેની વિગતો પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | પશુદવાખાનાનું નામ | વાર્ષિક ખર્ચની વિગત (વર્ષ ૨૦૧૩-૧૪) |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | લુણાવાડા | ૧૩,૯૪,૫૯૫ |
| ૨ | લુણાવાડા | વરઘરી | ૭,૩૧,૬૧૪ |
| ૩ | લુણાવાડા | કોઠંબા | ૩,૧૭,૨૦૫ |
| ૪ | લુણાવાડા | સેણાદરીયા ગોરાડા | ૬,૫૪,૩૦૮ |
| ૫ | લુણાવાડા | ચાવડીબાઈના મુવાડા | ૩,૭૧,૬૦૪ |
| ૬ | ખાનપુર | વડાગામ | ૯,૪૩,૨૩૯ |
| ૭ | ખાનપુર | પાંડરવાડા | ૧,૯૪,૯૦૦ |
| ૮ | ખાનપુર | બાકોર | ૧,૫૯,૯૨૦ |
| ૯ | સંતરામપુર | સંતરામપુર | ૧૫,૩૩,૬૭૦ |
| ૧૦ | સંતરામપુર | બટકવાડા | ૨૬,૨૨૩ |
| ૧૧ | સંતરામપુર | કાળીબેલ | ૨૬,૨૨૨ |
| ૧૨ | કડાણા | મુનપુર | ૭,૫૯,૭૭૧ |
| ૧૩ | કડાણા | માલવણ | ૨૦,૭૦૮ |
| ૧૪ | કડાણા | નાની રાઠ | ૨,૨૩,૭૭૫ |
| ૧૫ | બાલાસીનોર | બાલાસીનોર | ૯,૬૬,૫૯૦ |
| ૧૬ | બાલાસીનોર | જનોડ | ૧૯,૯૯૯ |
| ૧૭ | વીરપુર | વીરપુર | ૩,૨૦,૭૭૬ |
| ૧૮ | વીરપુર | ડેભારી | ૧૯,૯૯૯ |
| ૧૯ | સંતરામપુર | ફરતું પશુદવાખાનુ, સંતરામપુર | ૪,૦૯,૯૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | સંતરામપુર | શાખા પશુ દવાખાનું, રાફઈ | ૨૦,૪૦૦ |
| **કુલ વાર્ષિક ખર્ચ** | | | **૯૧,૧૫,૫૦૫** |

---------

**નર્મદા યોજનાની માઈનોર/સબમાઈનોર કેનાલોથી ખેતરો/ગૌચરોમાં જવાના બંધ થયેલ રસ્તાઓ**

૯૦૭૦ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની માઈનોર/સબમાઈનોર કેનાલોને કારણે ખેતરોમાં/ગૌચરોમાં જવાના રસ્તાઓ બંધ થઈ ગયા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ રસ્તાઓ બંધ થતા સરકાર દ્વારા વૈકલ્પીક વ્યવસ્થા કરવા શું આયોજન છે ? | (૨) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની માઈનોર/સબમાઈનોર કેનાલોને કારણે ખેતરોમાં/ગૌચરોમાં જવાના રસ્તાઓ સદંતર બંધ થયેલ નથી. પરંતુ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નિયમાનુસાર અવર-જવર માટેના જરૂરી નાળાના બાંધકામ પછી પણ જાહેર જનતા તરફથી અવર-જવર માટે કોઈ વધારાના પુલ/નાળાની માગણી કરવામાં આવે તો આવશ્યકતા અને જરૂરિયાત મુજબ તાંત્રિક શક્યતા તપાસીને વધારાના પુલ અથવા કેનાલ સાયફન જેવા સ્ટ્રક્ચરો બાંધવામાં આવે છે. |

---------

## અધ્યક્ષશ્રીની જાહેરાત

સભ્યશ્રીઓની અટકાયત અંગે

અધ્યક્ષશ્રી : મારી પાસે જે માહિતી આવી છે તે વાંચી સંભળાવું છું.

"From:
Office of the Supdt. of Police, Mehsana, Dated 08/07/2014.
To:
The Speaker,
Gujarat Legislative Assembly, Gandhinagar.
Respected Sir,

I have the honors to inform you that I have found it my duty, in the Exercise of my powers under section 68 of the Gujarat Police Act, to direct that Shri Shankarsinh Vaghela, Member of the Gujarat Legislative Assembly, Kapadvanj and Opposition Leader of Gujarat Assembly, Shri Rameshbhai Chavda, Member of the Gujarat Legislative Assemby, Kadi, Shri Baldevji Thakor, Member of the Gujarat Legislative Assembly, Kalol, who was Detained at 10.50 Hours on 08/07/2014 for without seeking permission they had planned for Rally and Sabha at **Chadrala** village Sim, Ta-Kadi, District Mehsana. So, we have detailed 3 persons and took them to Gandhinagar Police Head Quarters."આ માહિતી છે. (અંતરાય) હવે આ પતી ગયું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર હાઉસની કાર્યવાહીમાંથી ઉભો થાય તો હોય. આ હાઉસની કાર્યવાહી નથી. (અંતરાય) મેં આપને કહ્યું હતું. ૧૦-૫૦ કલાકે અટક કરી હતી અને તેમને ગાંધીનગર

લાવ્યા છે. આ માહિતી જ હાઉસમાં ડિકલેર કરવાની હોય. આની ચર્ચા ન હોય. (અંતરાય) તમને હું મુદ્દો ઉઠાવવા દેત, આ માહિતી ન આવી હોત તો. માહિતી આવી પછી કંઇ જરૂર નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નિયમ–૨૬૪માં સ્પષ્ટ જોગવાઇ છે કે તાત્કાલિક જાણ કરવી.

અધ્યક્ષશ્રી : બરાબર છે. અત્યારે ૧–૦૦ વાગ્યો છે. ૧૧–૦૦ વાગ્યે પકડ્યા અને ૧–૦૦ વાગ્યે જાણ કરી. (અંતરાય) કંઇ વાંધો નથી. પક્ષના નેતાને પકડી જાય તો બે–ત્રણ કલાક તો થાય ને? પોલીસ ડિપાર્ટમેન્ટ છે.(અંતરાય) હવે આ ચેપ્ટર પૂરું થઇ ગયું બલવંતસિંહ..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાંભળો તો ખરા.

અધ્યક્ષશ્રી : બોલો.. તમે કહો પછી બીજા જવાબ આપે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે ૨૬૪ મુજબ.. આજે ગાયોની ખુલ્લેઆમ..

અધ્યક્ષશ્રી : તમે આની વાત કરો ને?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું આની જ વાત કરું છું સાહેબ, પણ મને બોલવા તો દો..

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બલવંતસિંહ તમે મુદ્દા ઉપર આવો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મુદ્દા ઉપરની જ વાત કરું છું. મુદ્દો એટલા માટે મારે કહેવો પડે કે શેના માટે આ થયું છે તેની હું વાત કરું છું. (અંતરાય) આખા ગુજરાતની..

અધ્યક્ષશ્રી : તમે શેના માટે આંદોલન કર્યું એ અમારે કોઇએ જાણવાની જરૂર નથી. આંદોલન કર્યું, તેની ધરપકડ થઇ, ૧૦–૫૦ કલાકે ધરપકડ થઇ. મારી પાસે ૧–૦૦ વાગ્યે મેસેજ આવ્યો. મેં હાઉસને જાણ કરી દીધી પછી આપણો કોઇ બિઝનેસ રહેતો નથી. નેકસ્ટ. (અંતરાય) હવે કંઇ નહીં, આ નહોતું આવ્યું ત્યારે મેં તમને કહ્યું હતું, મોકો આપીશ. હવે આવી ગયું છે. (અંતરાય) બલવંતસિંહ, આમાં હોય જ નહીં..તમે શું કરવા આંદોલન કર્યું એ..(શાસકપક્ષને ઉદ્દેશીને)ભાઇ, તમારે જાણવું છે? શું કરવા આંદોલન કર્યું? (અંતરાય) કોઇએ જાણવાની જરૂર નથી. ન જ હોઇ શકે. વાજબી વાત હશે તો હું કરીશ. માનનીય રાઘવજીભાઇ..

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો છે. બજેટના તમામ પ્રકાશનો જે અમને નાણા મંત્રીશ્રીના પ્રવચન પછી આપવામાં આવે છે, તેમાં એક પુસ્તક આપ્યું છે. જેન્ડર બજેટ ૨૦૧૪–૧૫. નાણામંત્રીના પ્રવચન વખતે. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન એટલા માટે છે કે..

અધ્યક્ષશ્રી : બજેટની ચર્ચામાં તમારો વારો આવે ત્યારે કહેજો ને, અત્યારે શકિતસિંહને બોલવા દો. માનનીય શકિતસિંહ.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી શકિતસિંહ હ. ગોહિલઃ ( અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આઉં મુજી ગાલ શરૂ કરીયા તે પહેલે કચ્છજી ભૂમિને નમન કરી ચાલુ. માનનીય અધ્યક્ષશ્રી, બજેટ એ કોઇપણ રાજય શાસનની નિયત, એની દાનત એનો અરીસો છે અને આ બજેટના પ્રવચનને જોયું. સૌરાષ્ટ્રવાળાને તો સમજાય, આપણે ત્યાં કહેવત છે, કાળીયા સાથે ધોળીયો બાંધો... ..

અધ્યક્ષશ્રી : આપણે હવે હાઉસમાં કહેવત અને વાર્તાઓ બંધ કરી છે. આ નવી પદ્ધતિ છે. મેં પણ ઘણી વાર્તા કહી છે અને કહેવતો પણ ખૂબ કીધી છે. પણ એ દિવસો ગયા.

શ્રી શકિતસિંહ હ. ગોહીલ : સારું માનનીય અધ્યક્ષશ્રી, આપે ખૂબ કહી છે અને આપનો વારો આવે અને આપ બંધ કરાવો એ જરા ગમતું નથી કારણ કે આપે તો કેવી કેવી વાર્તાઓ કહી છે, જીવંત રહી છે. હું એને જ યાદ કરવા માગતો હતો. હું મારી એ વાત કરવા માગુ છું કે ચાણકયએ કહ્યું કે રાજય શાસનનું અર્થતંત્ર કેવું હોવું જોઇએ રસોઇ પીરસનારા વાસણ જેવું. એનું ઉપરથી મોઢું ખુલ્લું હોય ફટાક દઇને ભરાય, અને જયારે પીરસવાનો વારો આવેને એક નાની કટોરી છેલ્લે પડી હોય એને વ્યવસ્થિત પીરસીને આપે, આ

રીતે રાજયનું અર્થશાસન હોવું જોઇએ. આ સરકાર એનાથી ઉંધું કરે છે. છેલ્લે બેઠેલાઓનું શોષણ કરવાનું. (અંતરાય) હા એ દિલ્હી બેઠેલા કરીને ગયા છે એની જ હું વાત કરું છું, દિલ્હીવાળાને જ કહું છું.

અધ્યક્ષશ્રી : (અંતરાય) આત્મારામભાઇ તમને કંઇ થાય છે? તમારો વારો આવશે હવે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આ સરકાર એનાથી ઉંધું કરે છે. ગરીબ માણસ પાસેથી ટેકસ વધારે લેવાના અને ધનપતિઓ માટે તિજોરી ખુલ્લી રાખવાની. જાવ, લઇ જાવ, તમને ઠીક પડે તેમ કરો. શબ્દો તો બહુ સુંવાળા છે બજેટના. વચનેષુ કિં દરિદ્રમ. વાતો કરવામાં આપણને શું વાંધો? દોને. દલા તરવાડી જેવી એ માનસિકતા કામ નહીં કરીને આપે છે. ૧૭,૯૨,૦૦૦ હેકટરને નર્મદાનું પાણી પહોંચાડવાનું હતું. પાણી પૂરતું છે આપણી પાસે અને આપણે જો ત્યાં પાણી નહીં પહોંચાડીએ ને, તો આપણે જવાબદાર ગણાઇએ. આજે કેટલાને પાણી આપીએ છીએ આપણે? આપનું બજેટ પ્રકાશન કહે છે માત્ર ૨ લાખ ૯ હજાર હેકટર જમીનને તમે પાણી આપો છો. છેલ્લા આઠ વર્ષમાં વચનોમાં કહેવાયું છે નર્મદાના નીર પહોંચાડીશું. વારંવાર ટાર્ગેટ બદલાયા છે. હવે ૨૦૧૫-૧૬માં આવ્યા છીએ. કયારેક તમારા બજેટ પ્રકાશન તો તમે જૂઓ કે બે લાખ નવ હજાર હેકટર જમીનને માત્ર પાણી આપો છો, તો આટલા વર્ષથી તમે શું કરો છો?

ગુજરાત ૨૦૦૧માં. એ પહેલાના આંકડા નથી લેતો. હું તો જેની વાહ વાહ થાય ને ત્યારથી શરૂ કરું છું. ૨૦૦૧ના આંકડા આપું. ગુજરાતમાં ૨૦૦૧માં સરકારની વીજળી ઉત્પાદનની ક્ષમતા ૩૯૭૭૦ મિલિયન યુનિટ હતી. આપણે કેટલું ઉત્પાદન કરતા હતા, ૨૩૩૨૭ મિલિયન યુનિટ. ફર્સ્ટકલાસની નજીક. ૫૮.૬૫ ટકા ક્ષમતાનું વીજ ઉત્પાદન કરતા હતા. આજે ૩૧-૩-૨૦૧૪, આંકડા આપના છે. આપણી વીજ ક્ષમતા ૪૮૧૪૪ મીલીયન યુનિટની છે અને વીજળી પેદા કેટલી કરીએ સાહેબ આપણે, આપણે જે વીજળી પેદા કરીએ છીએ. ૧૫૮૫૦ મીલીયન યુનિટ. એટલે માત્ર ૩૨ ટકા વીજળી પેદા કરીએ છીએ. આપ મોટી મોટી વાત કરો છો બજેટ પ્રવચનમાં વીજળીના ઉત્પાદનની. ૩૨ ટકા એટલે ૩૫ ટકાએ પાસ થવાય. ફેલ થઇ ગયા તમે અને આ વીજળી પેદા નથી કરતા અને શું કરો છો તમે, મન ફાવે તેવા ભાવે માનીતાઓ પાસેથી વીજળી તમે ખરીદ કરો છો.

ઉદ્યોગો માટે વાયબ્રન્ટની વાત કરી છે. હું આપને એક માત્ર દાખલો આપીશ. એલ.એન્ડ ટી. નામની કંપની છે અને એમણે જુલાઇ ૨૦૦૭માં ૮ લાખ ૫૩ હજાર ૨૪૭ ચોરસમિટર જમીન કલેકટર પાસેથી માગી અને એ માગ્યા પછી જે સ્ટેટ લેવલની વેલ્યુએશન કમિટી છે (અંતરાય) એ ફેઇલ થયા, ઘણા આવ્યા હતા મને હરાવવા અને હું જીતીને આવ્યો. જે ખાડો ખોદે એ જ એમાં પડે. તમે ખાડો ખોદ્યો અને આ બેલ મુઝે માર એવું કર્યું. (અંતરાય) સૌરભભાઇ, આત્મારામભાઇ તમને ભાવનગર છોડીને ભાગેલા એવું કહે છે. આ સ્ટેટ લેવલની વેલ્યુએશન કમિટીએ કહ્યું છે કે ૨૦૨૦ રૂપિયા પ્રતિ ચોરસમિટરના ભાવે એલ.એન્ડ ટી.ને જમીન આપો. કેટલી જમીન છે? આપના મારફત આ ગૃહના માનનીય સભ્યશ્રીઓ આંકડો નોંધી લે કે ૮ લાખ ૫૩ હજાર ૨૪૭ ચોરસમિટર માટે વેલ્યુએશન કમિટી કહે છે કે ૨૦૨૦ રૂપિયા લો. કેબિનેટ મળે છે અને કેબિનેટ કહે છે નહીં, વેલ્યુએશન કમિટી ભલે ઓથોરિટી હોય પણ અમે સરકાર છીએ, અમારે પૈસાની વ્યવસ્થા કરવાની છે. ૨૦૨૦ રૂપિયાના બદલે ૭૦૦ રૂપિયા કરી દીધા. ૧૮૮ કરોડ રૂપિયા એક ઝાટકે તમે ઉડાડી દીધા. એટલાથી સંતોષ ન થયો અને એલ.એન્ડ ટી.ની ભૂખ ન ભાંગી એટલે બીજી ૧૨ લાખ ૪૧ હજાર ચોરસમિટર જમીન માગી અને વેલ્યુએશન કમિટીએ કહ્યું કે હવે ૨૮૦૦ રૂપિયા ભાવ ચાલે છે, પણ ૨૮૦૦ નહીં પણ ૭૦૦ રૂપિયા લઇ લો, ચાલશે. આંકડા મૂકશો તો ખબર પડશે. આ જ એલ.એન્ડ ટી. કંપનીએ વડોદરા જિલ્લામાં બીજી હજારો ચોરસમિટર જમીન માગી છે. આપણી કમિટી ૩૪૬ રૂપિયા કહે છે અને આપ ૧૩૪ રૂપિયામાં આપી દો છો. એક સામાન્ય ગરીબ માણસ છે એ ક્યાંક નાનું ઝૂંપડું બનાવે છે તો આ સરકારનું ડિમોલિશન આવે, બુલડોઝર આવે અને તોડી નાખો અને મોટા ઉદ્યોગપતિઓ હોય તો? એસ્સાર સ્ટીલ કંપની ૭ લાખ ૨૪ હજાર ૮૯૭ ચોરસમિટર જમીન ઉપર હજીરા, સુરત ખાતે ગેરકાયદેસર કબજો લઇને બેઠી છે. આપણે નક્કી કર્યું કે એને રેગ્યુલરાઇઝ કરવી છે. આપની વેલ્યુએશન કમિટીએ કહ્યું કે રેગ્યુલરાઇઝેશન કરવું હોય તો ૨૦૨૦ રૂપિયા લેવા જોઇએ. આપની કેબિનેટે શું કહ્યું? એસ્સાર કંપની છે,

મોટી કંપની છે એટલે ૨૦૨૦ પ્રતિ ચોરસમિટર નહીં, ૭૦૦ રૂપિયામાં પતાવટ કરો અને ૭૦૦ રૂપિયામાં એમને આપી દીધી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ પ્રવચનમાં ઉલ્લેખ છે, કૌશલ્યવર્ધન યુવાનોને રોજગારી. વાહ, શું સુંવાળો શબ્દ છે? ચોપડી ખોલીને જોઇએ તો જોવા મળે કે સરકારના ચોપડે નોંધાયેલા બેરોજગારો, સાડા સાત લાખ કરતાં વધારે શિક્ષિત બેરોજગારો સરકારના ચોપડે લખેલા હોય. એમાં પણ જ્યારે તમે એમની પરીક્ષા લો છો એમાં શું સ્થિતિ છે? રમણભાઇ, તલાટી–કમ–મંત્રીની જે પરીક્ષા લેવાય છે એમાં લાખો લેતા માણસો પકડાય છે એ તો તમારું મહોરું છે. એ કોનો એજન્ટ હતો એ હું કહેવા માગું છું. (અંતરાય) હું એકલો એમને જવાબ દેવા કાફી છું. પુરવણી ચાર્જશીટ રજૂ થઇ અને એમાં નામ આવ્યું છે એક નાસતા ભાગતા માણસનું અને એ માણસ ભારતીય જનતા પાર્ટીના મંત્રી નંદલાલ છે. આપની મંજૂરી સાથે હું વિધાનસભાના મેજ ઉપર મૂકીશ. પુરવણી ચાર્જશીટ ફાઇલ કરી છે કે આ નંદલાલ ભારતીય જનતા પાર્ટીનો મંત્રી નાણા ઉઘરાવતો હતો. તમે એને આજ સુધી સસ્પેન્ડ નથી કર્યો. એ ભા.જ.પ.નો મંત્રી જે યુવાનોના નાણા ઉઘરાવતો હતો. પુરવણી ચાર્જશીટમાં જેનું નામ છે. પોલીસ કહે છે કે એ પકડાતો નથી, એ તો નાસતો, ભાગતો ફરે છે અને માનનીય અધ્યક્ષશ્રી, કૃષિમેળામાં સ્ટેજ ઉપર અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે આ નંદલાલ બેઠો છે. માનનીય રમણભાઇ, આ એજન્ટ છે, આ જવાબ છે મારી પાસે. માનનીય અધ્યક્ષશ્રી, તાકાત હોય તો કમસેકમ આવા એજન્ટને સસ્પેન્ડ તો કરો. આ કૌભાંડનો સૂત્રધાર એ કલ્યાણસિંહ ચંપાવત નથી આ કૌભાંડનો સૂત્રધાર એ નંદલાલ ભાજપનો મંત્રીથી નથી અટકતું. આના મૂળ તો ભાજપના મૂળિયા સુધી પહોંચે તેમ છે. યોગ્ય તપાસ થવી જોઇએ. છે ત્રેવડ તપાસ કરાવવાની આપની? સોંપો સી.બી.આઇ.ને. હવે તો તમારી સેન્ટ્રલમાં સરકાર છે ને? તમે તો કહેતાં હતાંને સી.બી.આઇ. ઇશારે કામ કરે છે તો તપાસ સોંપે અને કરાવે. અરે, હિંમત હોય તો સિટિંગ જજ હાઇકોર્ટનાને કહો કે આ કૌભાંડ યુવાનોનું શોષણ કરતું મંત્રી કૌભાંડ છે. કલ્યાણસિંહ ચંપાવત જેવા મહોરાઓને પકડવાથી કાંઇ નહિ વળે. એક મિનિસ્ટરનો પી.એ. આમાં સંકળાય છે. એ મિનિસ્ટરના પી.એ.ને તમે કાઢો છો અને એ કાઢ્યાં પછી તમે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું? શક્તિસિંહ, (અંતરાય) ભાઇ, નીતિનભાઇ બેઠા બેઠા નહિ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મારી મિનિટોમાં નહિ ગણાય.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ગૃહમાં કોઇ પણ આક્ષેપ કરવા હોય તો પહેલા પુરાવા આપવા જોઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : ના તહોમતદારોમાં નહિ.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : એ કહે છે કે સામે બેઠા છે એની સામે આક્ષેપ કરવા હોય તો પહેલા કહેવું જોઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : તહોમતદારોમાં નહિ.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : એ પી.એ.ની વાત કરે છે. પહેલા આના પુરાવા આપવા જોઇએ.

અધ્યક્ષશ્રી : નહિ, નહિ. હાઉસના કોઇ સભ્ય ઉપર આક્ષેપ હોય તો પહેલા જાણ કરવી જોઇએ. બાકી તહોમતદારના નામ લઇ શકાય.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સામેના પક્ષના ધારાસભ્ય સાથે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, નહિ, હવે તમે જવાબ આપજો ને? (અંતરાય) ભાઇ, એક મિનિટ. તમારે નથી એને બોલવા દેવા? તો પછી શાંતિ રાખોને.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના કહ્યાં પછી પણ જે માનનીય મંત્રીશ્રી એ ચર્ચામાં ઉતરે છે ને એના માટે મને આ ગૃહના સભ્ય તરીકે વર્ષો રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, સ્પિકરની સામે (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે ચલાવોને આપનું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું ચલાવું તો (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારું ચલાવો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : મારું ચલાવું તો તહોમતદારોની બ્રીફ લેવાની જરૂર નથી. તહોમતદારોનું નામ લેવાય અને તહોમતદારોના નામ લેવાની પરંપરા છે આમાં ચચળાટ શું કામ થાય છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, આપનું ચાલુ રાખોને. કાંઇ વાંધો નહિ. (અંતરાય) બાકીની વાત મૂકો. ભાઇ તમારું ચાલુ રાખો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બેઠાં બેઠાં બોલે (અંતરાય) કાંઇ વાંધો નહિ. એ તો મંત્રીઓ છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, તમે બોલો એનો હું જવાબ આપું જ નહિ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : એમનો સમય આવે ત્યારે બોલે. આ બેઠાં બેઠાં બોલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, શાંતિ રાખોને. તમે ચાલુ રાખોને. તમારો સમય જાય છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી છે કે, જો આપનામાં ભ્રષ્ટાચાર સામે લડવાની નીતિમત્તા હોયને તો,

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ છે આપની.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : હા, જી. તો આજે જ જાહેરાત કરો કે હાઇકોર્ટના સિટિંગ જજ મારફત અમે આની તપાસ કરાવીશું જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. એક મંત્રીના પી.એસ. હાર્ટએટેકથી ગુજરી જાય છે. આપણને પણ દર્દ થવું જોઇએ તો આની તપાસ તો થાય. એના કોલ ડેટા મંગાવીએને તોય માનનીય અધ્યક્ષશ્રી, એક ઉચ્ચ પ્રણાલિકાઓ જળવાય છે. ક્યારેક એના તરફ નજર દોડાવાય એવી હું અપેક્ષાઓ રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે સામાન્ય માણસ પાસેથી ટેક્સ લેવાય છે. પ્રોપર્ટી ટેક્સ આપે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સુદઢ બનાવવાની વાતો કરી છે પણ આપના શાસન કેવા ચાલે છે? એક માણસની પ્રોપર્ટી અમદાવાદ શહેરમાં હોય એના માટે આજીવિકાનું બધું જ હોય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને બળવતર બનાવવાને બદલે તમે નાના માણસો માથે પોપર્ટી ટેક્સ કોયડા વિંઝવાનું કામ કરો છો એ નીતિ આપની બરાબર નથી. નીતિ સરકારની કેવી હોવી જોઇએ? સામાન્ય માણસની તરફી હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ,

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વાત છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, પ્રોપ્રર્ટી ટેક્સની વાત (અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સ્થાનિક સ્વરાજની વાત છે, બળવતર કરો છો અને શું કરો છો એની ખબર છે. માનનીય અધ્યક્ષશ્રી, આપને અહિંયાથી ગેસ નીકળે છે. કેન્દ્ર સરકાર લઇને જાય. આપણે કહીએ છીએ કે અમને આ ગેસ ઉપરથી રોયલ્ટી આપવી જોઇએ. હું પણ સંમત છું, આપણને રોયલ્ટી મળે. માનનીય અધ્યક્ષશ્રી, આ રોયલ્ટીઓ (અંતરાય) હવે લઇ આવજો ને, તમે બધું જ લઇ આવજો. આ લાવો છો ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાંથી ખનીજ નીકળે છે અને કચ્છના વિકાસની જરૂર છે. કેમ અહીંયા બેઠેલા માનનીય સભ્યશ્રીઓ એમ ન ઉદારતા બતાવે કે, અવિકસિત વિસ્તાર છે કચ્છનો, કરોડો રૂપિયાનું ખનીજ નીકળે છે તો કાંઇક રોયલ્ટી કચ્છના વિકાસ માટે અનામત આપીએ? આ લઇને તો આવો. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, આખા બજેટમાં એક શબ્દ અછત ઉપર ક્યાંય કહેવાયો નથી. મારા મત વિસ્તારમાં અર્ધઅછત છે. આખા બજેટમાં અછત પર કોઇ વસ્તુની આપણે ચિંતા ન કરીએ ? સ્કેરસિટી મેન્યુઅલને ઉઘાડીને વાંચજો તો ખરા ક્યારેક. દોઢ-દોઢ મહિના સુધી ઢોરવાડા ચલાવનારાઓને ત્યાં ઢોરવાડાની સબસિડી ના મળે, આપણને ચિંતા ના થાય ? સાત દિવસે એને ઢોરવાડાની સબસિડી મળવી જોઇએ અને માનનીય અધ્યક્ષશ્રી, એકાદો ઢોરવાડો ચાલુ કરીને તો જુઓ. અને જે કાંઇ ભૂતકાળમાં કર્યું છે, લોકોના આંસુ લૂછવા માટે કામ કર્યું છે. કેટલીક જૈન સંસ્થાઓ છે, કેટલીક સેવાભાવી સંસ્થાઓ છે, કામ કરે છે, ત્યાં ઘાસ વિતરણ કરે છે. આખા ગુજરાતમાં ક્યાંય દુષ્કાળ નથી, માત્ર ગણતરીના બે તાલુકાઓમાં હોય, અર્ધ અછત હોય,

અધ્યક્ષશ્રી : દોઢ મિનિટ છે આપની.

શ્રી શક્તિસિંહ ગોહિલ : જી. અને આપણે ઘાસ લાવીને ત્યાં પૂરું નહીં પાડીએ તો આપણે ક્યાંથી પહોંચવાના છીએ ? મારા અન્ય સભ્યશ્રીઓને એક મિનિટ વધારે મળે એટલા માટે પાંચ સેકન્ડમાં મારી વાત પૂરી કરીશ કે, જે વિસ્તારમાં ગરીબ લોકો વસે છે એની ચિંતા આપણે નથી કરતા. આપણે કેટલા વર્ષ શાસન કરીએ એ મહત્વનું નથી, કેવું શાસન કરીએ છીએ એ મહત્વનું છે. અને એટલા માટે કહું છું કે,

**"ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે,**
**ખંડેરની ભસ્મ તણી ન લાધશે".**

આ પરિસ્થિતિ થશે. એ જ શબ્દો સાથે આ બજેટ, માત્ર શબ્દોની સજાવટ હોઇ એને સમર્થન ના આપી શકીને મારી વાતને પૂરી કરું છું માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી ૨૦૧૪-૧૫નું ફેરફાર કરેલું અંદાજપત્ર લઇને આવ્યા છે એ અંદાજપત્રમાં ૨૦૧૩ અને ૧૪ ના આયોજન કરતાં એકવીસ ટકા વધારો સુચવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, ૨૦૧૪નું અંદાજપત્ર જે રજૂ કરેલું એ વખતે બીજી વાત નહીં કરું પણ છોટાઉદેપુર તાલુકામાં સાત જેટલી હાઇસ્કૂલો બાંધવા માટે ૭૦-૭૦ લાખ રૂપિયા મંજૂર કરેલા અને બીજા બધા પુલો માટેના પણ મંજૂર કરેલા, છોટાઉદેપુરની જનરલ હોસ્પિટલ માટે પણ ૪૫૦ લાખ રૂપિયા મંજૂર કરેલા અને ૨૪૦ લાખ રૂપિયા છોટાઉદેપુરની આરોગ્યની કક્ષા ઉંચી લાવવા માટે મંજૂર કરેલા પણ એ રકમ આજ સુધી વપરાઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે બીજા જે પૈસા મંજૂર કર્યા એ પૈસા ગુજરાત પેટર્નના છે, એ ગુજરાત પેટર્નના છેલ્લા ચાર વર્ષના જે પૈસા ૩૧ વિભાગોમાં ફાળવેલા એ ૩૧ વિભાગોમાં જિલ્લા ખેતીવાડી ખાતુ, કાર્યપાલક ઇજનેર, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, આરોગ્ય અધિકારી, કાર્યપાલક ઇજનેર એવા ૩૧ વિભાગોમાં ૧૭૭ કરોડ, ૮૭ લાખ અને ૬૮ હજાર રૂપિયાની ગ્રાન્ટ આ બચત છે. આ ૩૧ વિભાગોમાં ૨૦૦૯થી આજ સુધી પી.એલ.એ., ડી.ડી.ઓ. વડોદરા પાસે આ રકમ પડી છે. મેં વિધાનસભામાં નહીં, પણ તા.૧૭-૧-૨૦૧૪ના રોજની સંકલન સમિતિ, કલેકટર કચેરીની બેઠકમાં આ પ્રશ્ન મેં રજૂ કર્યોકે આ ૩૧ વિભાગોમાં ૧૭૭,૮૭,૬૮,૦૦૦/- રૂપિયા બચત છે. ત્રણ વર્ષ સુધીમાં આ રકમ નહીં ખર્ચાય તો આ રકમ લેપ્સ જવાની છે, તો આ રકમ મહેરબાની કરીને અમને આપો, તો છોટાઉદેપુર જિલ્લો હવે નવો બન્યો છે અને આ જિલ્લો પણ જે બન્યો એ લગભગ ૨૦૧૨માં બન્યો. ૨૦૧૨માં જિલ્લો બન્યા પછી મને વડોદરા જિલ્લાના ડી.ડી.ઓ.એ એમ કીધું કે છોટાઉદેપુર જિલ્લો બને અને જિલ્લો બન્યા પછી ગુજરાત સરકાર, નામદાર સરકાર તરફથી કોઇ હુકમો મળેલ નથી. ત્યાં સુધી તમામ નાણાકીય વહીવટ અત્રેથી જ કરવામાં આવશે એટલે ૧૭૭કરોડની રકમ આજ સુધી વડોદરા જિલ્લા તરફથી છોટાઉદેપુર જિલ્લાને મળતી નથી. આ રકમ ૨૦૦૯થી આજ સુધી પડેલી છે.

એવી જ રીતે બીજા કોઇપણ કામો હમણા ૩૧-૫-૧૪ના રોજ મેં માહિતી માગી તો ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪માં જે ટોટલ ગ્રાન્ટ મળી ૧૧૪,૧૭,૪૬,૦૦૦/- અને જે ખર્ચ કર્યો ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪માં ૭૬,૩૨,૮૬,૦૦૦/- કુલ બચત રહી ૩૭,૮૪,૮૯,૦૦૦/- આ અમલીકરણ અધિકારીઓ પાસે આ બચતની રકમ આજે પણ પડી છે. આ રકમ ટ્રાયબલ વિસ્તારના જે છ જેટલા તાલુકાઓ છે છોટાઉદેપુર જિલ્લો બન્યો. છ તાલુકાઓની વસ્તી આઠ લાખની છે. આખો ટ્રાયબલ વિસ્તાર છે. પ્રાયોજના વહીવટદાર અધિકારી પાસે અમલીકરણ અધિકારીઓ પાસે ૨૦૧૨-૧૩ અને ૧૪ મીની પાણી પુરવઠા યોજનાઓ ૧૭૯ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઇ. એક યોજનાના સાડા ત્રણ લાખ રૂપિયા તો મેં અધિકારીઓને એમ કીધું કે મીની પાણી પુરવઠા યોજના ૧૭૯માંથી ૩૨ ચાલુ કરી. ૩૨ યોજનાઓને હજી વિદ્યુત જોડાણ પણ કોઇને આપ્યું નથી તો મેં એમ કીધું કે આના તમે હેન્ડપંપ કરી આપો. અમારો આખો વિસ્તાર ટ્રાયબલ છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રની બોર્ડર ઉપર આવેલા આ ગામો છે. ભારે મોટી ચોરીઓ થાય, પીવાનું પાણી મળતું નથી એટલા માટે મને હેન્ડપંપની સુવિધા કરી આપો જેથી

લોકો પાણી પી શકે. પરંતુ એ એમ કહે કે આ ગુજરાત સરકાર નિર્ણય નહીં કરે ત્યાં સુધી ૧૭૯ કરોડ રૂપિયા આજની તારીખે પણ ટ્રાયબલ સબ પ્લાન છોટાઉદેપુર પાસે બચત છે એટલે જે રકમ અત્યાર સુધી બજેટમાં મોટી મોટી રકમો મૂકાઇ, પરંતુ એ રકમો વપરાયા વગર પડી રહે દા.ત. ૨૦૧૨-૧૩માં ૧૫ ટકા વિવેકાધીનની ગ્રાન્ટ જે મળી એમાં પણ ૧૬,૨૫,૭૬૪ રૂપિયા વપરાયા વગરના પડી રહ્યાં. એવી રીતે ૨૦૧૩-૧૪માં ૧૫ ટકા આયોજનની ગ્રાન્ટ મળી એમાં પણ ૩૫,૫૦,૦૦૦/- રૂપિયા આજની તારીખે બચત છે.

વોટર શેડ પ્રોજેકટમાં દરેક ગામે સાત લાખથી પચ્ચીસ લાખ રૂપિયા સુધીના કામો કરવા માટે ટ્રાયબલ વિસ્તારમાં ગ્રાન્ટો મળે છે પણ વોટર શેડ કાર્યક્રમમાં એક ગામે આ સમિતિઓ બનાવે, દસ જણ સભ્ય, એક ઉપપ્રમુખ અને એક પ્રમુખ તો જે વહાલા દવલા હોય તે જ પ્રમુખ અને ઉપપ્રમુખ બીજા ગામમાં વોટરશેડ કમિટીના કામો એ કરવા જાય અને જે સ્થાનિક પ્રમુખ, મંત્રીઓ હોય એવાને કામ પણ ન મળે. કરોડો રૂપિયાની ખાયકી આદિવાસી વિસ્તારોમાં ૩૨૦ કરોડ રૂપિયા ખર્ચવા માટે જી.એલ.ડી.સી.ને મળ્યા છે. લગભગ ૨૩૦૦૦ ખેડૂતોની જમીન સમતળ કરવા માટે આ પૈસા મળ્યા પણ જી.એલ.ડી.સી. મારફતે ખેડૂતોની જમીનો સમતળ થતી નથી અને કરોડો રૂપિયા બારોબાર ચવાઇ જાય છે.આ દરેક વખતે રજૂઆતો કરે છે, પણ અમારી રજૂઆત કોઇ સાંભળતું નથી. જે અધિકારીઓ મૂકાવવા જોઇએ. અમારો જિલ્લો બન્યો ૨૦૧૨ માં, પણ હજુ ડી.ડી.ઓ. બન્યા નથી. ડી.ડી.ઓ. ન બને ત્યાં સુધી ડી.ડી.ઓ.ની રકમ પી.એલ.એ. છોટા ઉદેપુરમાં જમા થવાની નથી. કેટલાક મામલતદાર ત્રણ-ત્રણ જગ્યાએ ચાર્જ સંભાળે છે. મામલતદાર મૂક્યા નથી. ટી.ડી.ઓ.ની જગ્યા ખાલી છે. છોટા ઉદેપુર જિલ્લો બન્યા પછી ખાલી નામનો છે. નો ડાઉટ કે ત્યાં મકાનોનાં કામ અને બીજાં કામ શરૂ થઇ ગયાં છે. જે અધિકારીઓ મૂકાવવા જોઇએ એ અધિકારીઓ ન મૂકાવાના કારણે લોકોને હાલાકી, મુશ્કેલી પડતી હોય છે અને લોકોનાં કામ થતાં નથી.

વીજળીકરણ પણ જે બિલકુલ ડીમ લાઇટ મળે. ૬૬ કે.વી.નું સબસ્ટેશન બનાવવા માટે મંજૂર થયા, પરંતુ જોજ કે રંગપુર ગામમાં સબસ્ટેશન બનાવવા માટે જે ગામમાં ડી.પી. બળી જાય અને એની રજૂઆત કરવા માટે અનેક લોકો હંમેશ માટે ઓફિસમાં જાય તો એમની રજૂઆતો મહિનાઓ સુધી પણ ડી.પી. બદલતા નથી. પોલીસની જગ્યા ભરવી જોઇએ, કારણ કે આખો વિસ્તાર ટ્રાયબલ છે. ૫૦૦ પોલીસની જગ્યા છે. ૯ પોલીસ સ્ટેશનો છે, પરંતુ ખાલી ૧૭૦ જેટલા પોલીસ કોન્સ્ટેબલો અને પી.એસ.આઇ. ની જગ્યા છે. ૨૦૦ જેટલા પોલીસની જગ્યા ખાલી છે. એના કારણે વરસાદ ન પડવાના કારણે ધાડ, લૂંટ જે મધ્યપ્રદેશના બોર્ડર ઉપર આવેલ ગામો છે, જ્યાં રોજ ધાડપાડુ, ખૂન થાય, પરંતુ પોલીસોની સંખ્યા ન હોવાના કારણે કાયદો અને વ્યવસ્થા જળવાતી નથી. ગરીબ લોકોનો માલ લૂંટાઇ જાય તેવી કાર્યવાહી અત્યારે થઇ રહી છે. આ બજેટમાં કરોડો રૂપિયા લખ્યા છે અને ફાળવ્યા છે. આનંદની વાત છે, પણ આ પૈસા પૂરેપૂરા ટ્રાયબલ વિસ્તારમાં વપરાય તેટલી જ મારી લાગણી છે. જે અધિકારીઓ, કલેકટર હોય, ડી.ડી.ઓ. કે માર્ગ મકાન વિભાગના, સિંચાઇના અધિકારીઓ હોય કે જી.ઇ.બી. ના અધિકારીઓ જે સમયસર બજેટ નક્કી કરે તે બજેટ પ્રમાણે પૂરેપૂરા પૈસા ટ્રાયબલ વિસ્તારમાં વપરાય તેવી મારી લાગણી છે. બીજું મારે કાઇ કહેવું નથી.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૪-૧૫ નું અંદાજપત્ર ૭૧૩૩૦ કરોડનું ૨૧ ટકા વધારા સાથેનું લઇને આવ્યા છે જેને હું મારું સમર્થન કરવા માટે ઉભો થયો છું.

હમણા ખૂબ જ રોમાંચક ભાષણ અમારા વિરોધ પક્ષમાંથી કરતા હતા. મારે એમને કહેવું છે. એક બાબત ઉપર એમનું ધ્યાન દોરવું છે. એક કહેવત છે કે ચોરને કહે કે તું ચોરી કર અને પોલીસને કહે કે તુ પકડ. એકબાજુ નર્મદા ડેમ ઉપર વર્ષોથી ગેટ ન મૂકવા દીધા અને બીજી બાજુ સિંચાઇની વાત કરે. ૧૭ લાખ હેક્ટર જમીન ઉપર સિંચાઇ કરવાની હતી. અમને બદનામ કરવાનો એમને કોઇ અધિકાર નથી. બીજી બાજુ હમણા એમણે કહ્યું કે ખૂબ સારો વિજય મેળવ્યો છે. આ બધી જ બાબતો જમીનની બાબતો, ભાવની બાબતો પ્રજા સમક્ષ બે વર્ષથી આ કોંગ્રેસના લોકો રજૂઆત કરતા હતા અને પ્રજાને તોડી વગાડીને કહ્યું આ

ભારતીય જનતા પાર્ટીની સરકાર ભૂલો કરે છે. હજુ હમણા લોકસભાની ચૂંટણી ગઇ છે, એની અંદર અમે પ્રજા તંત્રની પાસે ન્યાય મેળવ્યો છે. કહેતા હતા કે બધી સીટો જીતી જઇશું. અમે બધી સીટો જીતીને આવ્યા છીએ. સમ ખાવા પૂરતી એક બેઠક પણ મળી નથી. આનાથી વધારે સુપ્રીમ કોર્ટથી ઉપરની પ્રજા તંત્રએ તમને ન્યાય આપ્યો છે. છતા આટલી હિમતથી બોલો છો? બોલવાનો તમને કોઇ અધિકાર નથી એ બાબત જાણી લેવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે અમારો ભારતીય જનતા પાર્ટીનો અશ્વમેઘ યજ્ઞ બે વર્ષથી નીકળ્યો હતો. તેમણે બાંધવાનો પ્રયત્ન કર્યો હતો અને જુઓ તો સમગ્ર દેશમાં ઇવન ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને નોર્થ કયાં નથી. એક જગ્યાએ તમે શોધ્યા જડતા નથી. વિપક્ષમાં બેસવા જેટલી શક્તિ લોકસભામાં તમારી રહી નથી. પ્રજાતંત્રએ ન્યાય આપ્યો છે અને તમે અમને એમ કહો છો કે તમે ૧૭ લાખ હેકટરમાં સિંચાઇ કરી શકયા નથી. મારે આજે આ વાત નહોતી કરવી પણ આજે આ વાત કરવાની ફરજ પડી છે. ગઇકાલે શંકરસિંહ વાઘેલા વિપક્ષના નેતા કહેતા હતા કે સાબરમતી નદીમાં હોડીઓ ફેરવવા માટે પાણી આપવામાં આવે છે. મને તેમની સમજ પ્રત્યે ખૂબ ચિંતા થાય છે કે નેતૃત્વ કરવાનું કોંગ્રેસનું તો તેમણે આ લેવલ ઉપર વાત નહીં કરવી જોઇએ. ધરોઇમાંથી પાણી અમદાવાદને આપવામાં આવતું હતું. ફતેહવાડીને ધરોઇમાંથી પાણી આપવામાં આવતું હતું. ધરોઇનું પાણી અમદાવાદને આપવાનું બંધ કરીને ઉત્તર ગુજરાતને પીવાનું પાણી આપીએ છીએ. એ પાણી ફતેહવાડી જતું હોય અને વાસણા બેરેજમાં રોકાતું હોય, તે પાણી રોકાય તો તે આ નદી નથી. આ સાબરમતી નદીનું સરોવર છે. વાસણા બેરેજથી ફતેહવાડીમાં સિંચાઇ થાય છે. તેનો તેમને ખ્યાલ નથી. આ સિંચાઇ માટે આપેલું પાણી છે. તમે નર્મદા ડેમ કે ઉકાઇ ડેમ ઉપર જાઓ તો ત્યાં નદી ભરેલી પડી હોય છે. આ હોડીઓ તરવા માટેનું પાણી નથી. તમારી જોવાની પદ્ધતિ જુદી છે અને અમારી જોવાની પદ્ધતિ જુદી છે. આ રીતે તમે જોઇને દુઃખી થાઓ છો.

સરસ્વતી નદીમાં અમે પાણી ભર્યું. મને તો આનંદ થયો. માનનીય બલવંતસિંહ જતા રહ્યા. સરસ્વતી નદી અને ગંગા નદી એ બંનેને સરખાવવી જોઇએ. ગંગા નદીની અશુદ્ધિ દૂર કરવામાં આ સરકાર વિચારી રહી છે. સરસ્વતી નદીમાં જો પાણી ભરવામાં આવે તો એનું રીચાર્જીંગ એટલું વિશાળ હોય છે કે અડધા ગુજરાતને પાણી મળી રહે. અમારો વ્યુહ એવો છે કે સરસ્વતી નદીમાં પાણી લાવીએ. તેને રીચાર્જ કરીએ. તેમાંથી કૂવાઓ ભરાય અને લોકોની ખેતીવાડી થાય એવી કલ્પના કરી મીની કુંભમેળાનું નામ આપી અમે જે કંઇ કર્યુ તે અને આ પાણી જયારે સરસ્વતી નદીમાં ભરાયું ત્યારે સમગ્ર વિસ્તાર ખુશખુશાલ થયો હતો. ઇવન બલવંતસિંહ હૃદય ઉપર હાથ મૂકીને કહેજો કે તમને કેટલું ગમ્યું છે? તેની ટીકા થાય છે. તે કહે છે કે સરસ્વતીમાં તાયફો કર્યો. તમારી દૃષ્ટિ અને અમારી દૃષ્ટિ જુદી છે. મારે આપની દૃષ્ટિનો ખ્યાલ આપવો છે.

પીવાના પાણીની બાબતમાં કહેતા હતા કે દુષ્કાળ પડ્યો છે અને વ્યવસ્થા કંઇ કરી નથી. મને એમ લાગે છે કે દુષ્કાળની આગોતરી વ્યવસ્થા આજથી નહીં પંદર વર્ષથી આ સરકાર કરે છે. પીવાના પાણીની જરૂરિયાત દુષ્કાળમાં પડે તેમાં આખું આયોજન થાય છે. તમે જુઓ તો દસ વર્ષમાં સાત વર્ષ દુષ્કાળ પડે છે તે અમારી જાણમાં છે. તમારી જાણમાં ન્હોતું. અગર તમારી જાણમાં હોત તો પ્રજાને દુઃખ પડે તે દિવસે પીવાનું પાણી કયાંથી આપવું તેનો ખ્યાલ આવતો. આ કચ્છ તરફ નજર કરો તો કચ્છની અંદર બે ટકા પાણી છે અને ગુજરાતની ૨૨ ટકા વસ્તી છે. તે ૨૨ ટકાની વસ્તીને આપવા માટે આટલા વર્ષ રાજ કર્યુ તો તમે કયું આયોજન પીવાના પાણી માટે કર્યુ હતું? મને એમ બતાવો કે તમે કચ્છને પાણી આપવા માટે શું આગોતરું આયોજન કર્યુ હતું અને અમને કરિયાવરમાં આપ્યું હતું? દક્ષિણ ગુજરાતમાં ૭૦ ટકા પાણી છે અને ૩૦ ટકા વસ્તી છે. તે પાણી આખું ટ્રાન્સફર કરીને ગુજરાતના અન્ય ભાગોમાં આપવા માટેનું આયોજન આ સરકારે કર્યું છે. તેને ઘણા વર્ષો લાગ્યા છે. દુષ્કાળ પૂરો થવામાં છે, ભગવાનને પ્રાર્થના કરીએ કે ચોમાસામાં વરસાદ આવશે. ન આવે તો પણ અત્યારે આજની તારીખે ગુજરાતમાં પીવાના પાણીના લીધે કયાં સ્થળાંતર થયું તે બતાવો. વિપક્ષના નેતા એમ કહેતા હતા કે પાણીના લીધે સ્થળાંતર થવાનું છે. મારે એમ કહેવું છે કે કયું સ્થળાંતર થવાનું છે? માનનીય અધ્યક્ષશ્રી, હા એ વાત સાચી છે કે, એમણે અમને ચાર્જ આપ્યો હતો ત્યારે ૪૦૫૭ ટેન્કરોથી પાણી આપવું પડતું હતું. હું પાણી પુરવઠા વિભાગનો મંત્રી બન્યો ત્યારે ૪૦૫૭ ટેન્કરોથી પાણી

ત્યાં આપવું પડતું હતું. આજે તમારે કોઇ જગ્યાએ ટેન્કર લઇને પાણી આપવું પડતું નથી અને છતાં કોઇ જગ્યાએ ટેન્કર જુઓ તો અમને બદનામ કરો છો. તમે કચ્છમાં ગયા છો પણ કચ્છનું પાણી પણ અમારે આપવાનું છે. સુરજબારીના પુલ ઉપરથી પાઇપો નાંખીને પેલી બાજુ લઇ જવાનું જે સાહસ કર્યું છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે નહીં તો પાણી ન મળ્યું હોત. માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે મેં હિસાબ જોયેલો છે. તેઓ ૫૦ કરોડનું કામ દર વર્ષે પાણી પુરવઠામાં કરતા હતા. આજે મારે માનનીય નાણાં મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, જેણે ૩ હજાર કરોડ રૂપિયા એક વર્ષમાં પીવાના પાણી માટે બજેટ આપ્યું હતું, અને દર વર્ષ આવું બજેટ આપ્યું છે. સમગ્ર દેશ અને દુનિયા જોઇ રહી છે કે, ગુજરાતમાં પાણી સમસ્યા અને વીજળીની સમસ્યા કેવી રીતે ઉકલી? લોકો પૂછવા આવે છે, લોકો જોવા આવે છે અને છતાં અમોને એમ કહેવામાં આવે છે કે, તમે દુષ્કાળની કોઇ વ્યવસ્થા કરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમારા જેટલો સામનો કરવાની એમનામાં ક્ષમતા અને સાહસ નથી અને એટલા માટે અમારી પાર્ટી જે કામ કરે છે, દિલ્હીમાં પણ અમે બેઠાં  અને બેઠાં નથીને બૂમ પાડવાની ચાલુ કરી. માનનીય અધ્યક્ષશ્રી, બાળક જન્મે અને સીધો લડાઇમાં જાય એવું તો બની શકે જ નહીં? પણ વેઇટ એન્ડ વોચ, જેવી દશા ગુજરાતમાં તમારી થઇ એવી જ દશા સમગ્ર દેશમાં તમારી થશે એ ધ્યાન રાખજો. માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં હું આ જે બજેટ લઇને આવ્યા એને હું મારું સમર્થન આપુ છું.

શ્રી વાસણભાઇ  ગો. આહિર(અંજાર) :  आदरणीय सौरभभाई जो बजट लेकर आए है उसके समर्थन मैं अपनी बात रखना चाहता हूँ । मैं बात कर रहा था  गुजरात के विकास के बारे मे, २००२ से २०१४ तक की जो प्रगति की पारासीसी जो पूरे देश को बताई हैं उसकी दो चार बाते मै सदन के समक्ष रखना चाहता हूँ ,सभागह के समक्ष में रखना चाहता हूँ  ५० सालों में हमने देखा इस देश पर शासन करनेवालों ने कहीं  ऐसा नहीं बताया कि हम कुछ करके दिखाए लेकिन हमारे  श्री नरेन्द्रभाई मोदी ने जैसे ही गुजरात के मुख्यमंत्री का कार्यभार सम्हाला उन्होंने सकल्प किया कि मै पूरे गुजरात का दौरा करुगॉ गॉव में जावूगॉ , गुजरात के झोपडियों में जावूगॉ , तो लोग मुझे  अपना समझकर जो भेट ,सौगात देंग जो भी  राशि आएगी वह मैं सरकार के तौषाखाने में जमा  करके जो मेरे गुजरात के पिछडे हुए घर हैं, पिछडे हुए वर्ग की जो छात्राएँ हैं उनके लिए खर्च करुगॉ । यह पहला  किस्सा है कि किसी मुख्यमंत्री ने यह पूरे देश में यह पहल की हैं । और कोई छोटी मोटी रकम नहीं दी हैं कुल ८९ करोड रकम आज तक दी हैं।  यह पूरी रकम राज्य के कोष में जमा हुई हैं और इस राज्य की गरीब बेटियॉ पायलट बन रही है हमारी बेटियॉ विदेश पढाई के लिए  जा रही हैं  जो हमारे पिछडे वर्ग का मंत्रालय सम्हालते है,हमारे रमनभाई वोरा उन्होने अबकी बार इस बजट में काफी अच्छी तादाद में जोगवाईया की हैं । जो विदेश जाने के लिये १० लाख रुपये ४ प्रतिशत से दिया जाता था वह लोन को १० लाख से बढाकर १५ लाख रु कर दिया हैं ।

मै हमारी मुख्यमंत्री श्रीमती आनंदीबेन पटेल जो बजट में पिछडे हुए लोगों के लिये जो जोगवाईयॉ की हैं इसके लिये मैं उनका बहुत आभारी हूँ । पिछडे हुए लोगों ने खासकर बक्शी पंच के लोगोंने यह कभी नहीं सोचा होगा कि हमारा बेटा विदेश पढने जाएगा ,कहीं हेलिकाप्टर उडाएगा यह सब संभव हुआ हमारे लोकलाडिले ,प्रजा के प्रिय भूतपूर्व मुख्यमंत्री श्री नरेन्द्रभाई मोदी जो कि खुद भी पिछडे वर्ग से आते हैं, उस पर बहुत चर्चा की , उनकी बहुत चिन्ता की वह बजट साढे बारह हजार करोड का था हम साढे बारह करोड रुपए गरीब कल्याण मेले मे दिए । यह बात भारत ही नहीं पूरे विश्व ने गुजरातको मॉडल स्टेट माना । सालों से कच्छ के लोगों ने यह केसेट सुनी जब भी इलेक्शन आता था कहा जाता था कि कच्छ को हम विकास देंगे,कच्छ को हम केनाल देंगे ,मगर हमें मगर के ऑसू के सिवाय कुछ देखने को नहिं मिला । एक एक जन जो बोलता है ऐसे हमारे सवाए कच्छी हमारे देश के प्रधानमंत्री, हमारे सबके लाडले श्री नरेन्द्र

मोदीने कच्छ को सवाया कच्छी बनाया । आज आप लोग कच्छ का विकास देख रहे हो १२ साल में आपने ८७ बार कच्छ का प्रवास किया यह भी एक वर्ड रिकार्ड होगा।

आज कच्छ का इतना विकास हुआ है कि आज हमारी भेंस एक जमाने में १०-१५ हजार में बिकती थी कि आज मुझे सदन को बताते हुए बडी खुशी हो रही है कि वर्ड बफेलो एनीमल का जो मेला हुआ उसके बाद भेंस की किमत ३ लाख हो गई इस कीमत में भी भेंस नहीं मिल रही हैं । देश में कई हिस्से है जहॉ इलाज के लिये पैसे नहीं है गुजरात का बहुत सौभाग्य है कि गाय भैस,भेड,बकरे की भी चिंता की जाती हैं । हमारे वेटेनरी डॉक्टर बडे बडे आप्रेशन करके पशुओं की हमारे गॉय माता की जान बचा रहे हैं । यह सिर्फ गुजरात में हैं मुझे बहुत खुशी है कि कुअरभाई का मामेरा जो योजना हम लाए हैं उसमें पहले ५ हजार देते थे अब १०००० किए है एक के बजाए दो बेटियों को भी लाभ दिया जाएगा । मैं गुजरात के सभी बक्षी पंच के भाईयों और बहनों की ओर से आभार,धन्यवाद व्यक्त करता हूँ ।मुझे कहते हुए खुशी होती है कि हमारे जो पिछडे वर्ग के बेटे है उनको पढाने के लिये सरकारी छात्रालय है उसमें ३ हजार और बच्चों को हम ज्यादा एडमीशन दे सकेंगे । उसका भी आयोजन इसमें किया गया हैं । आज मैं यह बताना चाहता हूँ कि आज अगर कोई बक्षी पंच का कोई जन मानस अगर बाजार से निकलेगा किसी को भी हाथ देगा तो रिक्शा वाला को मालूम होगा कि इसके पास १० रुपए रिक्शा भाडा देने के लिये नहीं होगा । इसलिये वो आटो रिक्शा भी खडा नहीं करता था लेकिन आज गुजरात की भारतीय जनता पार्टी की सरकार ने बक्शी पंच के लोगों के लिये २५ लाख पायलट के लिये प्रावधान किया है मुझे खुशी हो रही है कि आज हमारा कच्छ जैसा कि भूतपूर्व मंत्री श्री नरोत्तमभाई ने एवं मुख्यमंत्री श्री नरेन्द्र भाई के नेतत्व में ८०० किलोमीटर की पाईप लाईन बिछाकर नारायण सरोवर तक पीने का पानी की व्यवस्था की हैं । यह हमारे लिये खुशी की बात है कि आज हमारे कच्छ में सिर्फ दरिया डूँगर और पहाड ही नही है क्योंकि हमारे जनता के अतिप्रिय नेता श्री नरेन्द्र भाई के ध्यान में आया कि नमूना रुप में बनाना है तो कच्छ के व्हाईट डेसर्ट को विश्व की बनमून तस्वीर लाकर रखूगॉ ।

आज मुझे यह कहते हुए खशी हो रही है कि हमारा जो सफेद रण है वह पूरे विश्व के लोग आकर के देख रहे हैं ,आफीन हो रहे है हमारे भारत के अभिनेता भी कह रहे है कि जिसने कच्छ नही देखा उसने कुछ नहीं देखा एक बार कच्छ में आइए और पूरे विश्व में जाकर हमारे कच्छ का संदेश दीजिए । धन्यवाद देते हुए हमारी मुख्यमंत्री श्रीमती आनंदी बेन के नेतत्व में और भी गतिशीलता है वह बढेगी ।इस बात में संदेह नहीं है । मैं इस बजट का समथन करते हुए अपनी बात पूरी करता हूँ

## પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે એમ કહ્યું હતું કે બજેટની ચર્ચા વખતે તમે વાત કરજો. સર, આ બજેટ પ્રકાશનનું જેન્ડર બજેટ ૨૦૧૪–૧૫નું પ્રકાશન નાણામંત્રીના પ્રવચન વખતે અમને આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે બજેટ પ્રકાશનનું જે કોઈ સાહિત્ય હોય તેમાં તેના પ્રકાશન નંબર સાથે છાપેલી માહિતી હોય છે. મારો પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશનનો મુદ્દો એટલો જ છે કે, અમને આપવામાં આવેલુ જેન્ડર બજેટ ૨૦૧૪–૧૫ એ અધિકૃત પ્રકાશનનો ભાગ છે કે કેમ તેની અમને માહિતી આપો.

અધ્યક્ષશ્રી : ગવર્નમેન્ટ જે કંઇ મોકલે તેને અધિકૃત જ ગણવાનું. બજેટ પ્રકાશનનો પાર્ટ બને છે કે એમને એમ ઇન્ડીવીડયુઅલ છે.

શ્રી શકિતસિંહ હ.ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ સાહિત્ય, સરકાર સાહિત્ય આપે, અમારા ખાનામાં હોય તે જુદી વાત છે. આપણી એસ્ટીમેટ કમિટીએ જે કહ્યું છે તે પ્રમાણે જયારે બજેટના પાર્ટ તરીકે આપો ત્યારે બજેટ પ્રકાશન નંબર તે તેમાં લગાવવો જોઇએ. માનનીય રાઘવજીભાઇનો મુદ્દો, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન વાજબી જ છે કે આ બજેટ પ્રકાશનનો નંબર નથી અપાયો. If it is part of budget publication, than number should have been given અને ના હોય તો કહે સરકાર તરફથી અપાયુ છે એટલે કલેરીફાઇ થઇ જાય.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વધારાનું પ્રકાશન છે. બજેટ પ્રકાશનનો ભાગ નથી.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો હું વિનંતી કરું છું કે, આ જે ચર્ચા થઇ તેમાં મારો સમય મને પૂરેપૂરો મળે અને તેમાંથી આ બાદ ના થાય.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આનંદીબેનના નેતૃત્વમાં સૌરભભાઇ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમને હું આવકારું છું અને ખાસ માર્ગ અને મકાન વિભાગમાં મારા વિચારો રજૂ કરું છું. અહીંયાથી ચાણકયની વાત થઇ અને મારે ત્યાંથી શરૂ કરવુ છે. ચાણકયએ કહેલું, સુગંધનો પ્રસાર, હવાની રૂખનો મહોતાજ હોય છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, સારાઇ બધી દિશામાં ફેલે છે તે હવાની રૂખની મહોતાજ હોતી નથી અને આજે સારાઇ સમગ્ર દેશમાં ફેલાઇ ચૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી અમારી સરકારની ઘણી બધી ટીકાઓ કરવામાં આવી છે. ત્યારે મારે ગૃહનું ધ્યાન દોરવું છે અને ગૃહને માહિતી આપવી છે કે, માનનીય શકિતસિંહએ કહ્યું કે, હું જીતીને આવ્યો છું, તો એ જીતીને આવ્યા છે તો અભિનંદન છે પણ મારે એ કહેવું છે કે, ચૂંટણી બે હતી, વિધાનસભા અને સંસદની ચૂંટણી હતી. એ તો ૭૬૪ મતે જીત્યા પણ અમારા ભાજપના સંસદસભ્યના ઉમેદવાર ૧૧૮૪૩ અબડાસાની સીટમાંથી લીડ લઇને જીત્યા છે. આને સીંગલ કર્યું કહેવાય એ મારે ધ્યાન દોરવું છે. આને સીંગલ કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, અહીયાં બે ઘટનાઓ બની. (અંતરાય) જો નેતા હોય તો એને પણ ખૂબ મતો મળ્યા હોય પણ આ તો પોતાનું કરવાવાળા છે એ તો સમજી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ બે ઐતિહાસિક ઘટનાનું સાક્ષી છે,(અંતરાય) બિલકુલ હારી ગયો હતો પણ પછી તમે જતા રહયા, ૭૭૬ મતની જે લીડ હતી જે સીમાંકન કર્યું એના લીધે, અને હજુ પણ તમને કહું છું કે આવજો, પધારજો અમે તમારું સ્વાગત કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, એમનો આક્રોશ સમજી શકાય કારણ કે કોઇને દિલ્હીમાં મંત્રી બનવું હતું, કોઇને આ હાઉસના વિરોધપક્ષના નેતા બનવું હતું પણ માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગુજરાતની જનતા જનાર્દન અને દેશની જનતા જનાર્દને આ ચુકાદો આપ્યો છે અને એ સ્વીકારવો પડે. માનનીય અધ્યક્ષશ્રી, એમનો આક્રોશ દેખાય છે. અમારે નેતા કોને ગણવા? માનનીય અધ્યક્ષશ્રી, સોનીયાજીને જઇને પૂછાવે કે એમના નેતા કોણ છે? અહીયાં પ્રજાના પ્રશ્નોની રજૂઆત આના કારણે થઇ શકતી નથી. મારે સન્માનનીય સભાગૃહ સમક્ષ એક મહત્વની વાત કરવી છે અને ધ્યાન એ દોરવું છે કે, આ સન્માનનીય તેરમી વિધાનસભાના સભ્યો એવી ઐતિહાસિક ઘટનાના સાક્ષી બન્યા છે દોઢ મહિનાની અંદર...

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### ઘરપકડ કરવામાં આવેલા સભ્યશ્રીઓને છોડી મૂકવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે.

Superintendent of Police, Gandhinagar.
8-7-2014
To,
The Speaker,
Gujarat Legislative Assembly.

Respected Sir,

I have the honor to inform you that I have found it my duty in the exercise ofmy power under section 68 of Gujarat Police Act to direct that-

Shri Shankersinh Vaghela, Member of Legislative Assembly, Kapadvanj and the Opposition Leader of Gujarat Assembly; Shri Rameshbhai Chavda, Member of Legislative Assembly, Kadi and Shri Baldevji Thakore, Member of Legislative Assembly, Kalol who was detained at 10.15 hours on 8-7-2014 by Mehsana Police at Chandrala Village sim, Taluka Kadi, District Mehsana and to maintain law and order, they were brought to Police Head Quarter, Sector 27, Gandhinagar and they were relieved at 12.45 hours today - 8-7-2014 under section 69 of the Gujarat Police Act.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ)( ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ એક એવી ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યું છે કે અને એમાં અમને બધાને ગૌરવ છે અને બધા સભ્યશ્રીઓને ગૌરવ હોવું જોઇએ. આ ગૃહના નેતાશ્રી પ્રજાવત્સલ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી જે સીધા વડાપ્રધાન બન્યા છે એનું ગૌરવ આપણને સૌને હોય એ સ્વાભાવિક છે. બીજી પણ એક ઐતિહાસિક ઘટનાનું સાક્ષી આ તેરમી વિધાનસભાનું ગૃહ દોઢ મહિનાની અંદર બન્યું છે. માનનીય નરેન્દ્રભાઇની જગ્યાએ એક એવા વહીવટીકુશળ અને નારી શક્તિ સ્વરૂપે સૌ પ્રથમવાર મહિલા મુખ્યમંત્રીશ્રી બન્યા છે એમને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં એ બનતાની સાથે જ સર્વાંગી સમાજને સ્પર્શતું એવું વિકાસલક્ષી બજેટ પણ અહીયાં લાવ્યા છે. સમગ્ર તંત્રને એક નવી દિશા આપવાનું કામ માનનીય આનંદીબહેને કર્યું છે ત્યારે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના તત્કાલિન મંત્રી આજના મુખ્ય મંત્રીશ્રી હતા. એમન શબ્દોમાં કહું તો, કોઇપણ રાજયના સર્વાંગી વિકાસ માટે તેના માર્ગ પરિવહનની વ્યવસ્થા ખૂબ જ કાર્યક્ષમ હોવી જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અદ્યતન માળખાકીય સુવિધાઓ, આર્થિક, સામાજિક અને આદ્યોગિક ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા અદા કરી છે તેમજ એ ત્રણેય ક્ષેત્રો એકબીજા સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલ છે અને ગુજરાત રાજયનું પ્રવર્તમાન માળખું બંદરો, મુખ્ય નગરો, પ્રવાસન ધામો, બીજાં રાજયો સાથે જોડતા માર્ગો વગેરેની રચના તેની પરિવહન ક્ષમતા તેમજ ગુણવત્તા એ આ રાજયનું દેશમાં સર્વશ્રેષ્ઠ છે. એટલા માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માળખાકીય સુવિધાઓ તેમજ આધુનિક સુવિધાઓ ધરાવતા સરકારી મકાનો, કચેરીઓનું નિર્માણ તેમજ એનું રિનોવેશન કરવું એ અત્યંત આવશ્યક છે. આ ગુજરાત સરકારે એ કાર્ય કર્યું છે. સરકારી કચેરીઓ જોઇએ છીએ. એવું નહોતું કે પહેલાં નદીઓ નહોતી અને ભાજપની સરકાર આવી એટલે નદીઓ આવી. આ સરકારી કચેરીઓ પહેલાં પણ હતી અને સરકીટ હાઉસ એ પણ હતાં. આપણાં બધાનો અનુભવ છે કે એ કેવી હાલતમાં હતાં? મેં કહ્યું તેમ નદીઓ એ પહેલાં પણ હતી, પરંતુ પૂલો નહોતા. આ કોંગ્રેસની સરકાર વખતે પણ નદીઓ તો હતી, પરંતુ ત્યારે કયારેય પણ એની કોઇ ચિંતા કરવામાં આવી નહોતી. ફાઇલમાં લાઇવ લાવવાનો પ્રયત્ન આ સરકારે પેતાના ગૂડ ગર્વનન્સ થકી આપ્યો છે એના માટે હું એને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ આવી વસ્તુઓ આ સરકારે પૂરી કરી છે. માર્ગ અને મકાન વિભાગના બજેટમાં આ વખતે જે રકમ લઇને આવ્યા છે એને હું ખૂબ આવકારું છું. મારે એ પણ ધ્યાન દોરવું છે કે ૧૯૮૧-૮૨ થી ૨૦૦૧ સુધીનાં ૨૦ વર્ષનું કુલ બજેટ જેમાં અમારો ૧૯૯૫થી ૧૯૯૮ સુધીનો અઢી થી ત્રણ વર્ષનો ગાળો બાદ કરીએ તો ૨૦ વર્ષમાં ૨૨૯૨.૩૬ કરોડ રૂપિયાનું બજેટ આ કોંગ્રેસ સરકારના શાસનમાં હતું તો તમે કયા મોંઢે વાત કરો છો અને મને કહેતાં આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે ૨૦૦૧-૦૨ થી

લઇને ૨૦૧૪-૧૫ ના ૧૩ વર્ષનું કુલ બજેટ ૩૩૨૬૧ કરોડ રૂપિયાનું છે. આને કહેવાય વિકાસ. આના કારણે માળખાકીય સુવિધાઓ, રોડો, રસ્તાઓ એ બધા શબ્દો તો ઠીક છે, પરંતુ મખમલી રસ્તાઓ આ સરકારે બનાવ્યા છે અને એના કારણે ખૂબ જ મહત્વનું પાસું માર્ગ અને મકાન વિભાગ જેના કારણે વિકાસની નવી ક્ષિતિજો ખુલી છે અને શહેરો અને ગામડાં ધમધમતાં થયાં છે, જીવંત થયાં છે અને આપણને વિકાસ દેખાય છે. હું એમ કહું કે આત્મા ગામડાનો અને સુવિધાઓ શહેરની. આ કટિબદ્ધતાને કારણે ગામડાંઓ જીવંત થયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના આ બજેટને હું આવકારું છું અને અભિનંદન આપું છું.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ મારફતે આર્થિક અને સામાજીક સશક્તિકરણ, યુવા રોજગારી નિર્માણ અને કૃષિ વિકાસ ક્ષેત્રે વિપુલ તકો ઉપલબ્ધ કરાવનાર જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એમના ૧૩ વર્ષના શાસનકાળમાં ગુજરાતને વિકાસની નવી ઉંચાઇએ પહોંચાડયું હતું અને વિકાસના ક્ષેત્રમાં ગુજરાત નવાં શિખરો સર કરે એનું પ્રતિબિંબ આ વર્ષના બજેટમાં જોવા મળે છે. આ વર્ષના બજેટમાં મૂળમાં ગરીબ ગ્રામીણ જનતા અને વંચિતોનો વિકાસ અને મહિલાલક્ષી વિવિધ યોજનાઓ છે. આ બજેટમાં મહિલાઓ, બાળકો અને સામાજીક ક્ષેત્ર માટે જે પ્રાવધાન કરવામાં આવેલ છે એના માટે હું ચર્ચા કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષ તરફથી કહેવાતું હતું કે તમે ૩૨ થી ૩૩ ટકા લાવ્યા. હું તો એવી રીતે કહું છું કે ૨૬ માંથી ઝીરો ટકા લાવ્યા છો તો પણ એમને સમજણ પડતી નથી અને અમને લેસન આપે છે (અંતરાય) અને એ તો ભારત દેશની જનતાએ તમને જવાબ આપી દીધો છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, એક કહેવત છે કે •(xxxxxx) પોતે (xxxxxx) કરે છે અને બીજા ઉપર આક્ષેપો કરે છે.

શ્રી શકિતસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જયારે કહેવતની શરૂઆત કરી અને મને આપે રોક્યો હતો, મેં તરત જ આપની વાત માની લીધી, અસંસદીય બાબતોના પ્રયોગોમાં આપ જોઇ લેજો, (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રી, કઇ (xxxxxx) વાત કરે છે?

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં, એ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પહેલા જ બજેટમાં સ્ત્રી સશકિતકરણ સમાજની પ્રગતિ માટે ફરજિયાત છે એ કહેવતને સાચી પાડવા માટે મહિલા અને કન્યાઓના કલ્યાણ માટે ૭૨ જેટલી યોજનાઓનું પ્રાવધાન રાખ્યું છે. આ બજેટમાં મહિલાઓ અને બાળકોના આરોગ્ય વિકાસ અને રક્ષણ માટે રૂપિયા ૨૪૩૬ કરોડની જોગવાઇ કરેલી છે. ગામમાં માધ્યમિક શાળા ન હોવાના કારણે દીકરીઓનું શિક્ષણ પ્રાથમિક કક્ષાએ અટકી ન જાય તે હેતુથી ગામની બહાર શાળામાં જવા માટે ધોરણ ૯ ની કક્ષામાં ભણતી હોય તેવી વિદ્યાર્થીનીઓને બધાને મનભાવે તેવી સુંદર કેસરી રંગની સાયકલ આપવા માટે રૂ. ૭ કરોડની જોગવાઇ કરેલ છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય જેવી ૨૬ નવી શાળાઓ અને ૨૦ નવા છાત્રાલયો શરૂ કરવા માટે ૧૨ કરોડની જોગવાઇ કરેલ છે. સરકારી પોલિટેકનીક અને ઇજનેરી કોલેજોની ગર્લ્સ હોસ્ટેલની હયાત ક્ષમતાને બમણી કરવા માટે રૂ. ૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એક મહિલાનું હ્રદય મહિલાઓ અને બાળકો પ્રત્યે કેટલું સંવેદનશીલ હોય છે તે આપણે સૌ જોઇ શકીએ છીએ. આ બજેટમાં મહિલાઓના સ્વાસ્થ્યની પણ સરસ રીતે કાળજી લેવામાં આવી છે. માતાનું આરોગ્ય અને ગર્ભાવસ્થાની સલામતી સુનિશ્ચિત કરવા માટે મમતા દિવસની વિવિધ પ્રવૃત્તિઓ માટે ૮૪૦ કરોડની જોગવાઇ કરેલ છે. ગરીબ મહિલાઓ ગર્ભાવસ્થા અને પ્રસૂતિ બાદ પૈષ્ટિક આહાર લઇ શકે તે માટે કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ જે પહેલા ૨૧૦૦ રૂપિયા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આપવામાં આવતા હતા તે વધારીને ૬૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. આમ આ સહાયમાં ત્રણ ગણા જેટલો વધારો કરવામાં આવ્યો છે.

મને જણાવતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આંગણવાડી કાર્યકરોના માનદ્ વેતનમાં દર મહિને રૂ. ૫૦૦ અને હેલ્પરના ૩૦૦ કરવા માટે રૂ. ૩૩ કરોડની જોગવાઇ કરેલ છે. અમારી સરકાર છે તે ફાર સાઈટેટ છે અને સામેવાળા નીયર સાઈટેટ છે તેમને દૂરનું કશું જોવામાં આવતું નથી. વારંવાર ડોકટરો ઓછા છે તેની રજૂઆત થાય છે. પણ આઝાદીના ૬૭ વર્ષના શાસનકાળમાં ૫૭ વર્ષ કોંગ્રેસે શાસન કર્યું છે અને આખા દેશમાં એઇમ્સ જેવી એક અને પાંચ આઇ.આઇ.ટી. જેવી ઇસ્ન્સ્ટીટયૂટ સિવાય તેનાથી વધારે આગળ વધી શકયા નથી. પણ ગુજરાત સરકારે ગયા દશકામાં ૩૦૦ ગણા કરતા વધારે સીટ વધારી છે. માનનીય અધ્યક્ષશ્રી, •(xxxxxx)

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકોર્ડમાંથી કાઢી નાખવામાં આવે છે. તમે તમારી વાત કરો.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : અને માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે ૧૮૧ મહિલા હેલ્પ લાઇન માટે ૨૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. સિવિલ સર્વીસીસમાં મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે જે મહિલાઓ પ્રીલીમ પાસ કરે તેમને ૬૦ હજાર અને મેઇન્સ પાસ કરે તેમને ૩૦ હજારની સહાય આપવામાં આવે છે. હું આપના માધ્યમથી આ ગૃહને જણાવવા માંગું છું કે આ બજેટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને સાર્થક કરતું બજેટ છે અને ભાજપ દ્વારા અપાયેલા સંકલ્પોને પરીપૂર્ણ કરવાના પ્રયાસ સ્વરૂપે છે તેથી તેમાં હું મારો સૂર પૂરાવું છું અને બધાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગતું હતું કે આ બજેટ માનનીય નીતિનભાઇ પટેલ લઇને આવશે એના બદલે માનનીય સૌરભભાઇ પટેલ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આ બજેટમાં ગુજરાતની અંદર ભૌગોલિક રીતે પછાત વર્ગોના આઠ વિસ્તારો આવેલા છે. પંચાળા, નળકાંઠા, ભાલ, ખાખરીયા ટપ્પા, ખારા પટ્ટ,ઘેડ તથા ઉકાઇ. આ બજેટમાં આર્થિક રીતે પછાત વિસ્તારો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ એ ગ્રાન્ટ નહિવત ફાળવવામાં આવે છે. મહેસાણા જિલ્લાની અંદર કડી તાલુકો તથા ગાંધીનગર જિલ્લાની અંદર કલોલ તાલુકો આવેલો છે. એની અંદર ખાખરીયા ટપ્પા નામનો વિસ્તાર આવેલો છે. આ ખાખરીયા ટપ્પા વિસ્તારની અંદર સોએક જેટલા ગામો આવેલા છે. આ સો ગામો માટે ફકત ૩૦ લાખ રૂપિયા આ વિસ્તારના વિકાસ માટે ફાળવવામાં આવેલ છે. મારી નાણામંત્રીશ્રીને વિનંતી છે કે આવા પછાત વિસ્તાર માટે થોડી વધારે ગ્રાન્ટ ફાળવવામાં આવે, જેથી એનો વિકાસ થાય એના માટે હું વિનંતી કરુ છું. આ વિસ્તારની અંદર બિલકુલ સારુ મફત ભણી શકાય તેવી સરકારી શાળાઓ, આશ્રમશાળાઓ ચાલુ થાય જેથી આ વિસ્તારના વિકાસમાં અને બાળકોના ભણતર માટેની સારી વ્યવસ્થા ઉભી થઇ શકે એવી આપને વિનંતી કરુ છું.

એ.ટી.વી.ટી. યોજના હેઠળ ગામોનો વિકાસ થાય એ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. સમગ્ર ગુજરાત રાજયમાં સન ૨૦૧૩-૧૪ની ગ્રાન્ટ વપરાઇ ગઇ અને જુદા જુદા વિસ્તારોના કામો પણ પૂરા થઇ ગયા પરંતુ આજની તારીખ સુધી કલોલ તાલુકા માટેની એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી નથી. સન ૨૦૧૪-૧૫ની ગ્રાન્ટ બીજીવાર ફાળવવા માટે દરખાસ્ત બની ગઇ, પરંતુ આ વિસ્તારમાં સો ટકા કામો બક્ષીપંચમાં થવાના હોવાના કારણે કયા કારણોસર આ સરકાર મંજૂરી આપતી નથી એ અંગે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું.

આથી આગળ વાત કરીશ કે ગઇકાલે હું આ ગૃહમાં બેઠા બેઠા શાંતિથી સાંભળતો હતો. માનનીય બાબુભાઇ પટેલ ગાયો માટે શાયરીઓ બોલતા હતા, ગાયો માટેની વાતો કરતા હતા. આપણે બધા જ હિંદુ છીએ અને સભાગૃહના તમામ સભ્યશ્રીઓ હિન્દુ ધર્મમાં માને છે. ગાયોની રક્ષા કરીએ છીએ. આપણે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગૌરક્ષાની વાત કરીએ છીએ. ગાયની અંદર ૩૩ કરોડ દેવતાનો વસવાટ થાય છે, પરંતુ આજે સમગ્ર ગુજરાતમાં ખુલ્લેઆમ ગાયોની કતલ થઇ રહી છે. કડી તાલુકાના નંદાસણ ગામની બાજુમાં ગાયોની કતલ થતી અટકાવવા માટે સરકારે રેલી કાઢવાની પણ મંજૂરી ન આપી. એ ન આપી તો કંઇ નહિ, પરંતુ ત્યાં આવેલા ગૌરક્ષકોને લાકડીઓથી બેફામ મારવામાં આવ્યા, અમારા વિરોધપક્ષના નેતાશ્રીને પણ ડિટેઇન કરવામાં આવ્યા, સાથે મને પણ ડિટેઇન કરવામાં આવ્યો. માનનીય બાબુભાઇ પટેલ કયા મોંઢે તમે ગૌરક્ષાની વાતો કરતા હતા, હિન્દુ ધર્મની વાતો કરતા હતા. અમે તો કહીએ છીએ કે તમામે તમામ એવા લોકો હોય જે ગુનેગાર હોય એને કડકમાં કડક સજા કરો તેવી વિનંતી આપના દ્વારા કરું છું.

આ તબક્કે સમગ્ર ગુજરાત રાજયની અંદર આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. અધિકારીઓ આવેલા છે. એમના દ્વારા દર મહિને એક હજાર કરોડ રૂપિયા આ રાજયમાંથી બીજા રાજયમાં ઠલવાય છે. ભ્રષ્ટાચાર કરી આ રાજયની ભોળી પ્રજાને છેતરીને જુદા જુદા રાજયોમાં ભ્રષ્ટાચાર રૂપે આ પૈસા પહોંચે છે. મારે આપના દ્વારા કહેવું છે કે દક્ષિણના એક રાજયની અંદર કોચીનમાં કચ્છમાં અદાણીનું મુંદ્રા બંદર છે એવું બંદર એક આઇ.એ. એસ. અધિકારી દ્વારા ખરીદવામાં આવ્યું છે. જો સરકાર આ બાબતમાં ગંભીર હોય તો પાંચ ભાજપના સભ્યો અને પાંચ કોંગ્રેસના સભ્યોની એક કમિટી બનાવીને એની તપાસ સરકારમાં હિંમત હોય તો કરાવે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબક્કે આપના દ્વારા કહેવું છે. મારે સરકારનું ધ્યાન દોરવું છે. •(xxxxxx) આ તબક્કે આવા અધિકારીઓ..(અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રીએ કરેલ આક્ષેપોના પુરાવા રજૂ કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા (xxxxxx) સંદર્ભમાં જે આક્ષેપો કરવામાં આવે છે, મારું સ્પષ્ટ માનવું છે કે (xxxxxx) સંદર્ભમાં તેમની પાસે કોઇ વિગતો હોય તો એ વિગતોના આધાર ઉપર કહી શકે. એમ ને એમ જ્યાંથી આ રાજયનું સંચાલન થતું હોય એ પ્રમાણેના આક્ષેપો કરવાની આ સભાગૃહમાં પરંપરા નથી અને આ પ્રમાણેના આક્ષેપો કરીને પછી કોઇ પણ પ્રકારના પુરાવા ન હોય, આ યોગ્ય થતું નથી. આપની પાસેથી અપેક્ષા છે કે (xxxxxx) સંદર્ભમાં માનનીય સભ્યશ્રી જે રીતની વાત કરે છે એ શબ્દો રેકર્ડ ઉપરથી તેમણે પાછા ખેંચવા પડે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની ચર્ચાઓ જયારે ભારતીય જનતા પક્ષ વિરોધપક્ષમાં હતો ત્યારે..(અંતરાય) તેમને બોલવાની તક મળવાની છે. ત્યારે જવાબ આપતી વખતે કહી દે કે અમે આવા ફોન નથી કરતા. માનનીય સભ્યશ્રી પાસે માહિતી હોય અને માનનીય સભ્યશ્રી અહીં ગંભીરતાપૂર્વક રજૂઆત કરતા હોય, સામા પક્ષે જવાબની તક હોય જ છે અને આ પ્રકારનું વલણ ભૂતકાળની ચર્ચાઓમાં આપ જોશો તો વારંવાર જોવા મળ્યું છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે કોઇ પ્રુફ હોય તો જ તમે મને આપજો, નહીંતર આ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાખું છું. ચલાવો આગળ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શહેરમાં ટાઉનશીપ, એફ.પી., કોઇ જમીનની અંદર ખેડૂતોને નાનો મોટો ઝઘડો હોય, એ જમીન ઉપર ખેડૂતોનો કબજો હોય, ટી.પી.ના નામે એ કબજો ખેડૂત પાસે ત્યાંને ત્યાં હોય અને અમુક અધિકારી દ્વારા એ કબજો તેની એફ.પી. બીજે આપી દઇને ખેડૂતોને પારાવાર નુકસાન કરવામાં કંઇ બાકી રહેતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબક્કે બીજી વાત કરવી છે. ગરીબ લોકોને ઘર બનાવવા માટે ઘરથાળ પ્લોટ નથી ત્યારે છેલ્લા ૧૦ વર્ષથી જુદા જુદા ગામડાંઓમાં ગામતળ હોય એ મોટા ભાગના ગામડાંઓમાં નથી. તો આ તબક્કે તમામ જિલ્લાઓમાં ગામતળની માગણી હોય એ માગણી વહેલી તકે મંજૂર કરીને જુદા જુદા ગામડાંઓમાં ગામતળ હોય ત્યારે ગરીબ લોકોને ૧૦૦-૧૦૦ વારના પ્લોટ મળી શકે. ગામડાંઓમાં વાડાઓ ૫૦-૫૦ વર્ષથી ખેડૂતોના નામે થતાં નથી. સરકાર પણ એ બાબતમાં એકવાર કહેલું

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

છે કે જેનો વાડો હોય તેના નામે કરવો. પણ આજ દિન સુધી એ વાડાઓ નામે થયા નથી ત્યારે તેનો કબજો ૫૦ વર્ષથી હોય તેની પાસેથી જે પ્રિમિયમ લેવાનું હોય તે લઇને વાડા તેમના નામે થાય.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પીપામાં તાલીમ આપવામાં આવે છે એમાં સો ટકા અનામત આપવામાં આવે છે. ખરેખર જયારે બક્ષીપંચના જે ઉમેદવાર હોય એવા બક્ષીપંચના ઉમેદવારોને ૨૭ ટકા અનામતનો લાભ આપી અને તાલીમમાં પણ ૨૭ ટકા અનામતનો લાભ આપવામાં આવે એવી આપ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ચોમાસુ આવે અને તળાવ ભરાય, તળાવ ભર્યા પછી તમે જોશો કે સમગ્ર રાજયની અંદર ખેત તલાવડી બની હોય, તળાવ ઉંડું થયું હોય, વરસાદ આવ્યાના આગલા દિવસે તમામે તમામ જગ્યાએ બિલો બની જાય, હજારો કરોડનો ભ્રષ્ટાચાર કરી અને આ કોન્ટ્રાકટરો એ તમામે તમામ બિલો પાસ કરી એમના ઘેર લઇ જતા હોય છે. વરસાદ પડે અને તળાવ ઉંડા થઇ જાય એ સિવાય કંઇ હોતું નથી. એ તબકકે જયારે જયારે તળાવો ઉંડા કરવાની વાત હોય, તળાવડીઓ ઉંડી કરવાની વાત હોય એ ચોમાસાના એક મહિના પહેલા ઉંડા થાય એવી હું આપના દ્વારા વિનંતી કરવા માગુ છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું. '' હું તમને હિંસા નહીં શીખવી શકું, કેમ કે હું પોતે જ એમાં માનતો નથી. હું તમને એટલું જ શીખવીશ કે પોતાના જીવના જોખમે પણ કયારેય અન્યાય સહન કરીશ નહીં.'' આ શબ્દો ગાંધીજીના હતા. આરોગ્યમાં ફકત ૭૨૩૦ કરોડની જે રકમ છે એ ખૂબ જ ઓછી ફાળવવામાં આવી છે. અત્યારે હાલ હોસ્પિટલો પાસેથી જે વેલ્યુએડેડ ટેકસ વસૂલ કરવામાં આવે છે એ વેચાણવેરા વિભાગથી જે દરોડા પાડવામાં આવે છે એને લઇને આજે રાજયના તબીબી આલમમાં ખૂબ જ રોષ પ્રવર્તી રહ્યો છે. ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયાની લહાણી તેત્રીસ હજાર કરોડ ટાટાને, હજાર કરોડ એસ્સારને, આ તો જયારે ડોકટરોની વાત છે, જયારે દર્દીઓની વાત છે. પચાસ ટકા રોજગારી જયાં મહિલાઓને મળે છે એવી સંસ્થાઓની વાત છે. ત્યાં આગળ આટલો બધો ઘોર અન્યાય? અમદાવાદ જયારે મેડિકલ ટુરીઝમનું હબ બનવા જઇ રહ્યું છે ત્યારે સરકારી હોસ્પિટલોમાં તો પ્રશ્નોત્તરીમાં જાણવા મળ્યું કે હોસ્પિટલો ખંડેર જેવી છે, કયાંક સ્ટાફ નથી, કયાંક ડોકટર નથી. કયાંક સાધનો નથી, સાધનો છે તો ડોકટરો નથી. તો એવા સંજોગોમાં જયારે સર્વોચ્ચ અદાલતમાંથી અપાયેલા કેટલાક સૂચનો અનુસાર દર્દીની સારવાર દરમિયાન જે આપવામાં આવતી દવાઓ, ઓકસીજન, ઇન્પ્લાન્ટસ એટલે કે જોઇન્ટસ, પ્લેટસ, બોલ્ટસ, હાર્ટના વાલ્વ, સ્ટેન્ટ, આંખના પાર્ટસ એ બધા સેલ્સ ઓફ ગુડઝ એકટ, ૧૯૩૦ની જોગવાઇ અનુસાર એને વેચાણ ગણવામાં આવતી નથી. તે સારવાર માટે અપાતી સેવાઓનો ભાગ છે. હમણા થોડા જ દિવસ પહેલા જાણવા મળ્યું હતું કે સિવિલ હોસ્પિટલમાં આવેલી આંખની હોસ્પિટલમાં પાંચ વર્ષમાં બાળ મોતીયાનું પ્રમાણ ચાર ગણું વધી ગયું છે એનું કારણ બાળકોનું કુપોષણ, મહિલાઓનું કુપોષણ એટલે કે માતાઓનું, પ્રીમેચ્યોર ડીલીવરી અને ટોર્ચ ઇન્ફેકશન હતું આ •(xxxxxx) સરકારને મારે એટલું જ કહેવાનું કે આવા બીમાર પડેલ માણસો માટે આવા વર્ક કોન્ટ્રાકટ એવું ન કહી શકાય પરંતુ આ તો મેડીકલ પ્રોસીઝર છે એમ કહેવાય.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) શબ્દનો ઉપયોગ કર્યો છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખીએ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : અત્યારે પી.એચ.સી. સી.એચ.સી.ની હાલત એટલી ગંભીર ખંડેર જેવી છે અને ડોકટરો કે પેરા મેડીકલ સ્ટાફના નામે જયારે મીંડુ છે ત્યારે આરોગ્યની સેવાઓ આ બી.જે.પી.ની સરકારમાં મધ્યમવર્ગ માટે ખૂબ જ મોંઘી દાટ જેવી બની ગઇ છે. મુખ્યમંત્રી અમૃતમ યોજના છે, પણ એ તો ફકત બી.પી.એલ. લાભાર્થીઓ માટે છે. જયારે ઘણા ગરીબ કુટુંબો જે મધ્યમ વર્ગના લોકો છે એ લોકોનું શું? અલ્હાબાદ હાઇકોર્ટનો પણ ચુકાદો આવેલ છે કે ઇન્સીડન્ટલ એટલે કે આનુષાંગિક કામગીરી છે એમાં કોઇ વેચાણનો ઇરાદો ના હોય ત્યારે સંવિધાનના આર્ટીકલની કલમ ૩૬૬(૨૯–એ) મુજબ તેને વેચાણ કહી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શકાય નહીં. ઇવન હોસ્પિટલની અંદરથી આપેલી કોઇ દવાઓ અથવા અન્ય મેડિકલની વસ્તુઓમાં પણ જો ચાર્જ બિલ લેવામાં આવે તો એના પર વેટ લઇ શકાય નહીં. ગુજરાતના નેતાઓ જો કલ્યાણ રાજયની મોટી મોટી વાતો કરતા હોય તો આ બધા પ્લાન્ટસ માટે એમણે કરમુકિત આપવી જોઇએ.

નાણાના અભાવે સરકારની સારવાર ઘણીવાર ગરીબો કે મધ્યમવર્ગના લોકો લઇ શકતા નથી. એનાથી મૃત્યુનો દર ઘણો વધારે થાય છે. અત્યારે વિનામૂલ્યે જીનેરીક દવાઓ, જીનેરીક ફોર્મમાં સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવવી જોઇએ કે જેથી ત્રીસ હજાર રૂપિયામાં જે દવાઓ હોય એ ત્રણ હજાર રૂપિયામાં પણ મળી શકે અને ચિકિત્સામાં પણ સિત્તેર ટકાનો ઘટાડો થઇ શકે. એન.એસ.એસ.ઓ. એ જણાવ્યું કે રાજેસ્થાનમાં ગેહલોતની સરકાર હતી. ગેહલોત સાહેબે એ દવાની કિંમત ૩૧૮૭ રૂપિયા હતી, એ ઘટીને ૨૫૫ રૂપિયામાં એ જ ગુણવત્તાની દવાઓ ઉપલબ્ધ કરાવી હતી. મોંઘવારીનું ગુજરાત મોડેલ એટલે શું? મારે એ કહેવું છે કે અચ્છે દિનમાં મોંઘવારી વધવાનું કારણ શું? શક્કર કે દામ ઇસલિયે બઢાયે તાં કિ જનતા કો ડાયાબિટિશ ના હો? પેટ્રોલ, ડિઝલ ઔર રેલ કે દામ ઇસલિયે બઢે, તાં કિ વોકિંગ સે જ્યાદા ફાયદો કરે? રાંધણ ગેસ કે દામ ઇસલિયે બઢે તાં કિ આપ ડાયેટીંગ કરે ઔર સુંદર દીખે? વાહ ક્યા બાત હૈ, યે હૈ અચ્છે દિન. પ્લીઝ, જનતા કો ના •(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ચાય પે ચર્ચા લોકોને હવે મોંઘી પડશે. ચા નો ભાવ કિલો દીઠ ૨૦ થી ૫૦ રૂપિયા વધી ગયો. અમૂલનું દૂધ લિટરે ૨ રૂપિયા વધ્યું. ખાંડ તો મોંઘી છે જ. કેબલ ટી.વી. પર મનોરંજન વેરો, મહિલાઓ માટે સિરિયલો, યુવાનો માટે ક્રિકેટ અને ફૂટબોલ મેચ અને જનતા માટે ન્યૂઝ ચેનલો જોવી હોય તો એના ઉપર પણ મનોરંજન વેરો લઇ અંદાજિત ૯ કરોડની વધારાની આવક થશે એમ દર્શાવ્યું છે. અબ કી બાર મહેંગી સરકારે વીજળીના ભાવ યુનિટ દીઠ ૪૫ પૈસા વધાર્યા છે. ડુંગળીનો ભાવ સતત વધતો જાય છે અને ૪૦ રૂપિયે કિલો અને બટાટા ૩૦ રૂપિયે કિલો થઇ ગયા છે. શાકભાજીના ભાવ કૂદકે અને ભૂસકે વધતા જાય છે. હજી પણ ગંભીર પરિસ્થિતિ થતી જશે. તેલિબિયાના વાવેતરમાં ઘટાડો થયો છે એના કારણે તેલનો ભાવ ૧૬૦૦ થી ૨૦૦૦ રૂપિયા ડબ્બાના થઇ ગયા છે. સ્ટેમ્પ ડ્યૂટી એક ટકાથી વધારી સાડા ત્રણ ટકા કર્યા, જંત્રી પણ વધી છે. મકાનોના ભાવ આટલા બધા વધતા હોય ત્યારે ગુજરાત હાઉસીંગ બોર્ડ આવા ગોટાળા કરે છે એ આપ સૌએ જોયું છે. આ હાઉસીંગ બોર્ડ પાસે અઢી લાખથી વધારેનો ડ્યૂ બાકી છે, આ લોકોએ બાંધકામ નિયમિત કરવા માટે અરજી કરી છે એના એન.ઓ.સી. પણ આ ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેન આપતા નથી. રાસાયણિક ખાતર પર વેટ ૫ ટકા, પેટ્રોલ પર ૨૩ ટકા, ડિઝલ પર ૨૧ ટકા, સી.એન.જી. પર ૧૫ ટકા, આ મહિલાઓ, યુવાનો અને ખેડૂતોના ખિસ્સામાંથી કરોડો રૂપિયા જ્યારે સેરવી લેવામાં આવે છે ત્યારે આ સરકાર આ બધા પર વેટ ટેક્સ ઘટાડે એવી માગણી કરીએ છીએ. નર્મદા ડેમ પર દરવાજા મૂકી વાહ વાહ તો લઇ લીધી, નર્મદાના નામે મતો પણ લઇ લીધા ત્યારે ૬૦ ટકા કેનાલ નેટવર્કનું કામ બાકી છે ત્યારે મારે એમ કહેવું છે કે અમારા વિસ્તારમાં કદાચ પેશન્ટોના ફોન એટલા નથી આવતા, એટલા ફોન લોકોના અને કાર્યકરોના આવે કે આ કેનાલમાં પાણી નથી છોડતા. થોડીવારમાં ફોન આવે આ કેનાલમાં નથી છોડતા. થોડા દિવસ થાય ત્યાં ફોન આવે કે ત્રીજી કેનાલમાં પાણી નથી છોડતા. સતત પાણી છોડવા માટેના પ્રયત્નો ચાલુને ચાલુ રાખવા પડે છે. આ બ્રાન્ચ કેનાલો બનાવી છે શા માટે? ખાલી નર્મદા નદીની પૂજા કરવા માટે તો નથી બનાવી. એટલિસ્ટ જ્યાં કેનાલ બની છે ત્યાં ખેડૂતોને પાણી આપવામાં આવે એવી વિનંતી કરવામાં આવે છે.

મારે બીજું એ કહેવું છે કે, આપણા પૂર્વ સી.એમ. કે જે અત્યારે વડાપ્રધાન બન્યા છે એમણે કેટલાક લોકોને પ્રોમિસ આપેલ હતા. જ્યાં મુખ્ય કેનાલ બની ત્યાં ૧૦૩૨ કુટુંબો એવા છે કે એમને એમણે કહેલું કે તમારા પૂત્રોને નોકરી આપીશું, પુનઃ વસવાટ કરવા માટે બે હેકટર જમીન આપીશું અને રી-સેટલમેન્ટ ગ્રાન્ટ આપીશું. મકાનો માટે પ્લોટ આપીશું અને બાંધકામ માટે ૪૫ હજાર રૂપિયા આપીશું. ડૂબમાં ગયેલ જમીન

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માટે મકાન અને આર્થિક વળતર પણ આપીશું. આ બધા લોકો રાહ જોઇને બેઠા છે. એમની માગણીઓ આજ સુધી સંતોષાઇ નથી. આયોજન પંચના નિયમ મુજબ દલિત વસતિના પ્રમાણમાં બજેટની હંમેશા ફાળવણી કરવામાં આવતી હોય છે. ગુજરાતમાં ૧૪ ટકા દલિતની વસતિ છે પરંતુ ૪.૫ ટકા જ બજેટની ફાળવણી કરવામાં આવી છે. આ જોતા લાગે છે કે આ સરકાર દલિત વિરોધી સરકાર છે. ગુજરાતનું અર્બન મોડલ પાયાની સુવિધા વિહોણું અને કુપોષિત છે. પ્રોપર્ટી ટેક્સના વિરોધમાં લોકો રસ્તા ઉપર ઉતરી ગયા છે તો પણ આ સરકારની આંખ ઉઘડતી નથી. રાજકોટમાં ગાંધીગ્રામ આવાસ ક્વાર્ટરમાં રહેતા રીક્ષાચાલકે બે સંતાનોને ફી, યુનિફોર્મ અને પુસ્તકોના અભાવે આત્મહત્યા કરી. યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં આ દેશમાં ૧૧૨૨ વિદ્યાર્થીઓમાંથી ફકત ૧૪ જ જણા પાસ થયા. શિક્ષણ માટે ૨૨,૭૭૪ કરોડ ફાળવ્યા છે એ ખૂબ ઓછા ફાળવ્યા છે. મારે એટલું જ કહેવું છે કે, વાત તો મેટ્રો ટ્રેનની કરો છો પણ એની ગતિ તો જૂઓ માલગાડી કરતાં પણ ધીમી ચાલે છે.

**અધ્યક્ષશ્રી :** આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ૩–૧૫ કલાકે ફરી મળશે.

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫)**

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ એમનું આ બજેટ લઇને આવ્યાં છે એમાં પંચાયત, ગ્રામ–ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ માટે પ્લાન અને નોનપ્લાનમાં ૫૫૧૮ કરોડ રૂપિયા ફાળવ્યાં છે. હું ગ્રામ વિકાસની વિવિધ યોજના વિશે તમારી પાસે રજૂ કરું છું.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના – મનરેગા, મિશન મંગલમ યોજના, સખી મંડળ યોજના, ઇન્દિરા આવાસ યોજના, સંપૂર્ણ સ્વચ્છતા, નિર્મળ ગુજરાત, ગોકુળ ગ્રામ યોજના, વોટરશેડ યોજના અને આમ આદમી વીમા યોજના. નિર્મળ ગુજરાત આપણા પરમપૂજ્ય ગાંધી બાપુ પણ સ્વચ્છતાના આગ્રહી હતા. નિર્મળ ગુજરાત સારા ભારતની સ્વચ્છતા માટેના એમના વિચારો હતા એમ આપણી સરકાર પણ સ્વચ્છતા અભિયાન માટે ખૂબ જ આગ્રહી છે. દરેક ઘરમાં શૌચાલયો થાય અને આપણે ગામડામાં જઇએ છીએ. રોજ સાંજનો સમય આવતા હોય ત્યારે આપણી બહેનો રસ્તા ઉપર સંડાસ–શૌચાલય માટે બેઠી હોય ત્યારે શરમજનક પરિસ્થિતિમાં મૂકાતા હોય, ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બી.પી.એલ. યાદીના લોકો માટે દરેક ઘરે શૌચાલય થાય એના માટે ૪૬૦૦ રૂપિયા ફાળવવાનું નક્કી કર્યુ છે. એ.પી.એલ. લોકો માટે ૨૦૦૦ રૂપિયા ફાળવવાનું નક્કી કર્યુ છે. શૌચાલયની કોઇ એમ શૌચાલયો કોઇ એવી કન્ઝસ્ટેડ પરિસ્થિતિ હોય કે કોઇ શૌચાલય બનાવી શકે તેવી પરિસ્થિતિ ના હોય તો સામૂહિક શૌચાલયો બનાવવા પણ ગ્રાન્ટ આપવામાં આવે છે. આપણા મુખ્યમંત્રી પાસે જ્યારે શિક્ષણનો કારભાર હતો ત્યારે આંગણવાડી અને પ્રાથમિક શાળામાં પણ શૌચાલયની એમણે શરૂઆત કરી હતી, એના માટે પણ આપણી સરકાર સારી એવી ગ્રાન્ટ આપે છે, તો ગામોમાં ગંદકી, ઉકરડા હોય તો એને દૂર કરવા માટેનું એક પ્રયોજન આમાં રાખ્યું છે. જે ગામો ૧૦૦% સ્વચ્છ હોય એને ઇનામ પદ્ધતિ પણ રાખી છે. ૧૦૦૦થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને આપણે ૫૦,૦૦૦, ૧૯૯૯ની વસ્તી ધરાવતી પંચાયતોને ૧ લાખ અને ૨૦૦૦ વસ્તી ધરાવતી પંચાયતોને આપણે ૨ લાખ રૂપિયા આપીએ છીએ અને ૫ લાખની વસ્તી ધરાવતી એવી પંચાયતોને, એનાથી વધુ વસ્તી ધરાવતી પંચાયતોને ૪ લાખ રૂપિયા આપીએ છીએ અને ૧૦ લાખથી વધુ વસ્તી જે પંચાયતો ધરાવતી હોય એને આપણે ૫ લાખ રૂપિયા સરકાર સહાય કરે છે.

મિશન મંગલમ યોજના, સખી મંડળ, એ આર્થિક રીતે ગરીબ અને સમાજમાંથી જેને કોઇ આધાર ના હોય એવી બહેનોને સંગઠીત કરીને નાના નાના એકમો બનાવી એમાં એમને કેમ કરીને ગરીબી રેખાથી બહાર નીકળે એનો એક ભગીરથ પ્રયત્ન આ સરકારે કર્યો છે. ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોને ભેગા કરી સ્વનિર્ભર જૂથો બનાવી આર્થિક પ્રવૃત્તિ માટે તાલીમ તેમજ બેંક ધિરાણ તથા સબસિડી, રિવોલ્વીંગ ફંડ આપી માળખાકીય સુવિધા આપી આવરી લેવામાં આવે છે. આ સમગ્ર ભારતમાં ગુજરાતનું મિશન મંગલમ્ ( સમય સૂચક ઘંટડી) ઇંદિરા આવાસ યોજના, આપણે ઝીરોથી ૧૬ સુધીમાં આ ઇંદિરા આવાસના મકાનો પૂર્ણ

કરેલા છે અને આપણે એમાં પ્રાથમિકતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને જે લોકો વેઠિયાઓ કે જેનો કોઇ આધાર ના હોય એ મજૂરોને પ્રાથમિકતા આપવામાં આવે છે. સો ચોરસ વારના એવા પ્લોટોમાં વીસ ચોરસ વારનું મકાન બાંધવા માટે, આવાસ માટે ૫૨,૦૦૦/- રૂપિયાની કિંમત છે. એમાં ભારત સરકારની સહાય રૂપિયા ૩૩,૭૫૦/- અને રાજ્ય સરકારની સહાય રૂપિયા ૧૧,૨૫૦/-અને લાભાર્થીઓનો શ્રમ ફાળો ૭,૦૦૦/-અને જેને ઉપર આવાસ બનાવવું હોય એના માટે ૧૫,૦૦૦/- ની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મનરેગા યોજના એ આર્થિક રીતે ગરીબ હોય કે જેને કોઇ વ્યવસાય ના હોય અને મજૂરી ન મળતી હોય એ લોકોના માટે આ મહત્વની યોજના છે. બેકારી હોય તો પણ જ્યારે એ એમ કહે કે મારે મજૂરી જોઇએ, તો સો દિવસની એને કમ્પલસરી મજૂરી આપવાનું સરકારે આયોજન કર્યું છે. એક કુટુંબમાંથી ત્રણ વ્યક્તિઓ સુધી એ મજૂરી કરવા જઇ શકે એવું આયોજન અને કદાચ કોઈપણ સંજોગોમાં કોઇ કામ ના હોય તો એને બેકારી ભથ્થું આપવાનું પણ સરકારે આયોજન કર્યું છે. અરે, ધોમધોમ ધખતો તડકો હોય તો એને છાંયડો કરી આપવાનો અને કદાચ ચાર, પાંચ કે દસ સ્ત્રી સમુદાય હોય તો એને ઘોડિયા ઘરનું પણ આપણે એમાં આયોજન કર્યું છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ)) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારનું નેતૃત્વ કરતા શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબ અને ખાસ કરીને જયારે આજે સૌરભભાઇ પટેલ, નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે એને મારું સંપૂર્ણ સમર્થન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમર્થન એટલા માટે છે, સાહેબ, ૧૯૪૭થી આ દેશને આઝાદી મળી ત્યાર પછી સ્વરાજ મળ્યા પછી ક્યારેય સુરાજ્ય આવ્યું ન હતું અને છેલ્લા તેર વર્ષોથી જ્યારથી આ ગુજરાતનું શાસન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંભાળ્યું ત્યારથી એમણે સુરાજ્યની આખી પરિભાષાનો બરાબર આખા ગુજરાતની પ્રજાને અનુભવ કરાવ્યો. માતાની કુખમાં જ્યારે બાળકનો જન્મ થાય, બાળકનો જન્મ અને માતા, અને જન્મ પછી પણ બાળક અને માતાને પૌષ્ટિક આહાર મળે, બાળક તંદુરસ્ત બને, શિક્ષિત બને, વિદ્યા પ્રાપ્ત કરે અને એક તંદુરસ્ત શિક્ષિત યુવાન, થનગનતો યુવાન જ્યારે ભણી–ગણીને બહાર નીકળે ત્યારે એને રોજગારીની શોધ હોય અને આ રોજગારીની શોધ પૂરી કરવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે કર્યું છે. આ ઓફિશીયલી આંકડા છે કે, આખા દેશની અંદર ૭૨ ટકા જેટલી રોજગારી આપવાનું કામ આપણી ગુજરાતની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે અને બાકી રહેલા ૨૮ ટકામાં આખા હિન્દુસ્તાનના તમામ લોકો આવે છે. આ જેવું તેવું કામ નથી મિત્રો. આ ગરીબીનું કલંક મિટાવવાની મથામણ કરતા એક આપણા ભારતીય જનતા પાર્ટીની સંસ્કૃતિને છાજે એ રીતનો આપણો આ વહીવટ છે. આજે જ્યારે સેંકડો લોકો ગુજરાતના વિશ્વ કક્ષાએ ઉદ્યોગપતિઓ હોય, ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો હોય, હજ્જારો લોકો હિન્દુસ્તાનના ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો, પરંતુ આ ગુજરાતની અંદર નાના નાના ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો, ગ્રામિણ ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો એના લાખ્ખો અને કરોડો લોકો છે. જેમ તમારા રાજકોટમાં કહેવાય છે કે, નાના માણસની મોટી બેન્ક, રાજકોટ નાગરિક સહકારી બેન્ક. એમ આપણે કહેવું પડે ગુજરાતમાં કે, નાના નાના ઉદ્યોગોકારોનો ગુજરાતમાં ખૂબ મોટો ફાળો છે. એ આ ફાળો આપનાર ગરીબ માણસ, આ ફાળો આપનારા બક્ષીપંચ સમાજમાંથી, અનુસૂચિત જાતિ સમાજમાંથી , અનુસૂચિત જનજાતિમાંથી અનેક લોકો સુથારી કામ, લુહારી કામ, મિસ્ત્રી કામ, ટાઇપીંગ કામ, કડિયા કામ, જરી કામ, દૂધના ફેરિયાનું કામ, નાના માણસનું ઉત્થાન કરવા માટે, તેમનું જીવન સુખી બનાવવા માટે, રોજગારીની તકોના નિર્માણ માટે, એનું કૌશલ્ય સુધારણા માટે અને એને ખાસ કરીને નાણાકીય સહાય આપવા માટે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર કટિબદ્ધ છે. આ ગરીબ માણસોની આવકમાં વધારો કરીને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનું બિડું ગુજરાત સરકારે ઉઠાવ્યું છે. આનું અમલીકરણ કરવા માટે અટલબિહારી બાજપાયીજી બેન્કેબલ યોજના, આના ઉત્થાન કરવા માટે માનવ કલ્યાણ યોજનાઆના ઉત્થાન માટે ઔદ્યોગિક સહકારી મંડળીઓને નાણાકીય સહાય આપવા માટેનું કામ. આ કામમાં પહેલા પાંચ લાખની સહાય આપવામાં આવતી હતી સેવાના ક્ષેત્રમાં, પાંચ લાખ ઉદ્યોગ ક્ષેત્રમાં, બે લાખનું ધિરાણ વેપાર ક્ષેત્રમાં જેમાં ઉદ્યોગ ક્ષેત્રમાં ત્રીસ હજારની સબસીડી, સેવા ક્ષેત્રમાં પંદર હજારની સબસીડી, વેપાર ક્ષેત્રમાં દશ હજારની સબસીડી

આપવામાં આવે છે. હાલમાં આપણી સરકારે ઉદ્યોગ ક્ષેત્રમાં આઠ લાખ, સેવા ક્ષેત્રમાં છ લાખ, વેપાર ક્ષેત્રમાં ત્રણ લાખ ધિરાણ આપવાનું અને એની અંદર ઉદ્યોગ ક્ષેત્રમાં ૬૦ હજારની સબસીડી, સેવા ક્ષેત્રમાં ૩૦ હજારની સબસીડી અને વેપાર ક્ષેત્રમાં ૨૦હજારની સબસીડીનું આયોજન કરેલું છે. ૩૧૦૦૦ ઉદ્યોગ સાહસિકોને આનો લાભ મળવાનો છે. ચાલીસ કરોડની સબસીડી આમાં ચૂકવવામાં આવશે. માનવ કલ્યાણ યોજના જેમાં મેં કહ્યું તેમ શાકભાજી વેચનાર, સુથારી કામ અને અનેક પ્રકારના નાના નાના ઉદ્યોગો ચલાવતા ૬૫૦૦૦ જેટલા પછાત કુટુંબોને લાભ આપવામાં આવે છે. ૩૨કરોડનો ખર્ચ એમાં કરવામાં આવે છે.

ઔદ્યોગિક મંડળીઓને પણ ૨૦૧૩ના વર્ષથી જે આપણે યોજના ચાલુ કરી હતી એમાં ૧૯૮૦ના પ્રમાણમાં ૪૦૦ થી ૧૦૦૦ ટકા જેટલો સુધારો કર્યો છે. એમાં પણ આપણે ત્યાં ૧૩કરોડથી વધારે રકમ ચૂકવવામાં આવે છે. એટલું જ નહીં, પણ આ ત્રણેય બેંકેબલ યોજનાને સફળ બનાવવા માટે કુટીર ઉદ્યોગ અને તાલીમ કેન્દ્ર, કારીગરોને બજાર વ્યવસ્થા, જયોતિ ગ્રામ યોજના, ઇમ્પેકટ ફી નો કાયદો, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી આને પૂરક ટેકો મળે અને ગરીબ માણસો વેપાર ધંધો કરે, રોજગારી કમાય અને એમાં ખાસ કરીને દલિત, શોષિત,પીડિત, ગરીબ આ બધા વર્ગનું જીવન નિર્વાહ સુખી થાય, સંપન્ન થાય. આપણી સોચ એ છે કે જયારે ગરીબ માણસ પોતાના કુટુંબનું કલ્યાણ તો કરે સાથેસાથે પોતાના ગામનું કલ્યાણ કરે, સાથેસાથે પોતાના શહેરનું કલ્યાણ કરે, સાથેસાથે પોતાના રાજયનો, રાષ્ટ્રનો વિકાસ કરે. આ દિશામાં ભારતીય જનતા પાર્ટીની સોચ છે અને એના માટે આપણે કહીએ છીએ કે ગરીબીનું કલંક મિટાવવા માટે જેમ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યું, ગરીબના ઘરમાં અજવાળું પ્રગટાવવાનું કામ આ કુટિર ઉદ્યોગના કામથી ચાલે છે. જેમ અહીં કહેવામાં આવ્યું હતું માનનીય શંકરસિંહે, હું ચોકકસ કહીશ કે રાજીવ ગાંધી ફાઉન્ડેશનના જે આંકડા હતા ચોકકસ ક્રાઇટ એરીયાના આધારે એમણે એમની ચેર પર્સન સોનિયાબેને ગુજરાતને નંબર–૧નું પ્રયોજન કરવામાં આવ્યું હતું.

હું કહેવા માગીશ શકિતસિંહને કે જેમણે કહ્યું હતું કે કૌશલ્ય વર્ધન આ કૌશલ્ય વર્ધન છે કે જેમણે ૭૨ ટકાની રોજગારી ગુજરાતમાં આપવામાં આવી છે. આ ઐતિહાસિક આંકડા છે. આ કદાપિ મિટાવી શકાય તેમ નથી. આપણા આખા ભારત વર્ષની વાત કરીએ તો સુશાસનનો અહેસાસ ગુજરાતની ભૂમિ ઉપરથી થયો છે. ગરીબોના ઉત્થાન માટે, એમને સ્વાવલંબી બનાવવા માટે, એમના દ્વારા સ્વાવલંબી બને એટલે બેંકની બચત થાય અને આ બેંકની બચત માટે રાષ્ટ્રની આર્થિક નીતિની અંદર પણ સુધારો થાય. ભારતીય જનતા પાર્ટીનો પૂર્વ જનસંઘ એમણે કહ્યું હતું, આપણા પંડિત દીન દયાળજીએ ‘હર હાથકો કામ, હર ખેત કો પાની’ એ સૂત્રને સાર્થક કરવા માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર આગળ વધી રહી છે. જયોતિ ગ્રામના માધ્યમથી આ વીજ કનેકશન આપવાના કારણે ગરીબના ઘરમાં દિવો પ્રગટયો છે. રોજગારી મળે છે એ વેપાર, ધંધો, ઉદ્યોગ કરે છે અને ગુજરાતની પ્રજા સમગ્ર હિન્દુસ્તાનના પ્રમાણમાં આદિજાતિ હોય, બક્ષીપંચ હોય આ રોજગારીના માધ્યમથી સમૃદ્ધ છે, સુખી છે ત્યારે મારે શકિતસિંહજીને એટલું જ કહેવું છે કે અમારી નિયત સાફ છે, અમારા દિલમાં આગ છે અને અમે આ ભૂખ્યા લોકોને જરૂરિયાત તો એમની જે ભૂખ છે એને મિટાવવા માટે ભારતીય જનતા પાર્ટીના પ્રત્યેક આગેવાનો પોતાના સમયની ક્ષણક્ષણ, દરેક ક્ષણનો આમાં ઉપયોગ કરે છે. આ બજેટ નથી, આ અંદાજ નથી પરંતુ આ ઐતિહાસિક દસ્તાવેજ છે ગુજરાતની ભૂમિ ઉપર કે જેમણે ગરીબોના કલ્યાણ માટે આગળ આવીને આ રાષ્ટ્રના હિતમાં આગળ વધી હોય ત્યારે અમે તો ગરીબ માણસોના જઠરાગ્નિને સંતોષ્યો છે. તમે જયારે ૬૦–૬૦ વર્ષથી આ ગરીબ માણસોનો જઠરાગ્નિ સંતોષ્યો નહીં એના કારણે આખા હિન્દુસ્તાનમાંથી તમે નેસ્તનાબૂદ થઇ ગયા છો. આવું સારું બજેટ લાવવા બદલ આપણા માનનીય મુખ્યમંત્રી આનંદી બહેન અને નાણામંત્રીશ્રી સૌરભભાઇને ખૂબ ખૂબ સમર્થન. અભિનંદન.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪–૧૫ માટે ‘સૌનો સાથ સૌનો વિકાસ’ ના મંત્ર સાથે રૂ. ૭૧,૩૩૦ કરોડની બજેટમાં જે જોગવાઇઓ ગુજરાત રાજયના પંદરમા અને ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી સોરભભાઇ પટેલ બંને સાથે લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને એમાં પણ ખાસ કરીને માર્ગ અને મકાન વિભાગમાં જે બજેટ ફાળવ્યું છે,

એમાં પાટનગર યોજના વિષે ગાંધીનગરમાં રહેતા તમામ નાગરિકોની સુખ સુવિધા અને સુખાકારી માટે આ સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે જે આયોજન કર્યું છે અને ૧૩ વર્ષની અંદર બજેટમાં ૧૩ ગણો વધારો કર્યો છે, તે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સાથે સાથે મારે એ પણ કહેવું છે કે ગાંધીનગરમાં રહેતા બધા જ તમે અને હું અને આ સન્માનનીય ગૃહના સૌ સભ્યશ્રીઓ એક સ્વર્ગ તરીકેની ગાંધીનગરની અનુભૂતિ કરીએ છીએ. અને આ અનુભૂતિ કરાવવા માટેનો શ્રેય જો કોઇને જતો હોય તો આપણા દેશના અને દુનિયામાં જેમણે એક નેતા તરીકે સિદ્ધિ મેળવી છે અને ભારત દેશના આજના વડાપ્રધાન એવા નરેન્દ્રભાઇ મોદી અને બહેનશ્રી આજના મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો સિંહફાળો છે. મારે બે-ત્રણ વાતો બીજી પણ કરવી છે. ગાંધીનગરમાં આપણી મૂળભૂત જરૂરિયાતો જેમાં ગાંધીનગર મોખરે રહ્યું છે. એમાં રસ્તા હોય, પાણીની વ્યવસ્થા હોય, ગટરની વ્યવસ્થા હોય, કે બિન સરકારી કે સરકારી રહેણાંકના સમારકામની વ્યવસ્થા હોય, આ બધાની પાછળ જો જબરજસ્ત પુરુષાર્થ હોય તો આપણા આજના મુખ્યમંત્રી આનંદીબેનનો સિંહફાળો એમાં રહેલો છે. ગાંધીનગર શહેર અને ગામડાને જોડતા ગાંધીનગરની અંદર આજુબાજુના જે ગામડાઓ આવેલા છે, એના ફોરલેન, સિક્સલેન સાથે જોડવાનું આ પાટનગર યોજના દ્વારા ખૂબ વિકાસ કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં પાણીના નિકાલ માટેની સમસ્યા ઉભી થઇ. એના માટે પણ ખૂબ સરસ વ્યવસ્થા આ સરકારે કરી છે અને એના માટે સુંદર આયોજન કર્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ગાંધીનગરમાં રહેતા કર્મચારી મિત્રો એમના માટે જીમખાનાની વ્યવસ્થા અને એના માટે મોટો ખર્ચ થાય અને એને પહોંચી વળવા એના માટે સરકારે સરકારના ખર્ચે સુંદર જીમખાનાની વ્યવસ્થા આ ગાંધીનગરના કર્મયોગીઓ માટે કરી છે. ગાંધીનગર શહેરમાં જે આપણા કર્મચારી બંધુઓ સરકારી ક્વાર્ટર્સમાં રહે છે, એના મરામત માટે અંદાજિત ૧૭ કરોડ નાના મકાનો માટે અને મોટા મકાનો માટે ૧૩ કરોડ રૂપિયા જેટલી જોગવાઇ કરવામાં આવી છે.

મને કહેતા ખૂબ આનંદ થાય છે કે થોડા સમય પહેલા ૨૦૧૨ માં એક ઘટના બની. મને યાદ છે. અમુક પાર્ટીના આગેવાનો ઘરનું ઘર એ લઇને નીકળ્યા હતા. ગાંધીનગર શહેરમાં અને ગાંધીનગર જિલ્લામાં દહેગામ ગામે એક મંડપ રોપ્યો હતો અને મને ખ્યાલ છે ત્યાં સુધી આ ફોર્મ લેવા માટે પડાપડી થઇ અને મંડપ ઉપર જે નેતા હતા તે ભોંયભેગા થઇ ગયેલા. આટલી પડાપડી થયેલી, પણ હું ગૌરવ સાથે કહેતા અનુભવું છું કે ગાંધીનગરની અંદર, ગાંધીનગર શહેરની અંદર કોઇને કહ્યા સિવાય ગાંધીનગરની અંદર આજના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ખાતમુહૂર્ત કર્યું અને ૮૦૦ જેટલા ફ્લેટ ગાંધીનગરની બાઉન્ડ્રી ઉપર જી.આઇ.ડી.સી.ને અડીને ફ્લેટનું ખાતમુહૂર્ત કર્યું અને લોકાર્પણ પણ આજના મુખ્યમંત્રીશ્રી અને પાટનગર યોજનાના નીતિનભાઇ પટેલ ટૂંક સમયમાં કરવા જઇ રહ્યા છે.

મહાત્મા મંદિરની વાત કરું તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ૧૯૧૫ માં પરદેશથી ભારત પાછા ફર્યા, તે ઘટનાને ૨૦૧૫માં સો વર્ષ પૂરા થવા જઇ રહ્યા છે ત્યારે ગાંધીનગરના આ મહાત્મા મંદિરની અંદર કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે આ ઉત્સવની ઉજવણી મહાત્મા મંદિરમાં કરવાની છે. ત્યારે ગાંધીનગરનું અને ગુજરાતનું શિર તે ઉંચા સ્થાને પહોંચવાનું છે. વધારે નથી કહેવું પણ એક ચોક્કસ વાત કહીશ કે નયનરમ્ય ગાંધીનગરની શોભા નિહારીને આંખ આ મારી ધન્ય થઇ જ છે. ગાંધીનગરમાં વસવાની અને પાટનગરના આ હાઉસમાં પ્રતિનિધિત્વ કરવાની તક મળી તેમાં મારું આખુંયે આખુ જીવન ધન્ય બન્યું છે અને તે બદલ ધન્યતા અનુભવું છું. આપનો ખૂબ ખૂબ આભાર. વિપક્ષના મિત્રોને પણ મારી વિનંતી કે આ બજેટને સહકાર આપો. ખૂબ સુંદર દેશ માટે, ગુજરાત માટે એક નાનામાં નાના માણસનું આ બજેટ છે. ધન્યવાદ.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને ટીમ ભાજપના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને સમર્થન સાથે મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ પૂર્ણેશભાઇએ કહ્યું કે ૫૦-૬૦ વર્ષ પહેલાં આઝાદી મળી, સ્વરાજય મળ્યું પણ સુરાજય નહોતું મળ્યું. સુરાજયની કલ્પના માટે લોકો ઝંખતા હતા. લોકોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ હતી. છેલ્લા બાર વર્ષથી ગુજરાતની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના

નેતૃત્વમાં એ જ જીવન મંત્ર સાથે કે ચલો દીપ જલાયે જહાં અભી અંધેરા હૈ. આ જીવનમંત્ર સાથે ગુજરાતના અઢાર હજાર ગામડાંઓની અંદર જયાં પ્રાથમિક સુવિધાઓના કામ, વિકાસથી વંચિત હતા, લાઇટ ન હતી, પાણી ન હતું. રસ્તા, ગટર અને રોડની સુવિધા ન હતી. તે દિશાની અંદર સતત કામ કરતા કરતા, જયાં સુરાજયની સ્થાપના માટેના કામ કરવાની શરૂઆત કરી અને તે કામને રોકવા માટે આ દેશના શાસનકર્તાઓએ નરેન્દ્રભાઇ અને મુખ્યમંત્રીની ટીમ ભાજપને રોકવા માટેના જે પ્રયત્નો છેલ્લા બાર વર્ષમાં કર્યા તે આપણે સૌ જાણીએ છીએ. આતંકવાદના, કૌભાંડના અને ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા. અનેક પ્રકારના આક્ષેપો કર્યા અને છેલ્લે બાકી હતું તો ચારિત્ર્યખંડનના પણ આક્ષેપ આ દેશના શાસનકર્તાઓએ આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ ઉપર કર્યા, પણ આનંદ એ બાબતનો થાય કે જે રીતે ગાંધીજીને એક અંગ્રેજ અફસરે ટ્રેનના ડબ્બામાંથી ઉતારી મૂકયા, આ કાળીયા માણસને કાઢો, આ ટ્રેનમાં મુસાફરી ન કરે. એ ધોળા અફસરે ગાંધીજીને ટ્રેનના ડબ્બામાંથી ઉતાર્યા પછી એ ગાંધીજીએ નકકી કર્યું હતું કે હું હવે કાગડા કૂતરાના મોતે મરીશ પણ આ દેશને આઝાદી અપાવીશ. એ આઝાદી અપાવવા માટેની જેહાદ તેમણે જગાવી. તે જેહાદના પરિણામે ૧૯૪૭માં દેશ આઝાદ થયો. એ જ પરંપરા અને એ જ પદ્ધતિથી આ જ શાસનકર્તાઓએ આદરણીય નરેન્દ્રભાઇને રોકવાનું કામ કર્યું. અહિંસક આંદોલનરૂપે બોલ્યા ચાલ્યા સિવાય વિકાસની રાજનીતિથી, વિવાદની રાજનીતિ નહી, માત્રને માત્ર વિકાસની રાજનીતિથી નરેન્દ્રભાઇએ ગુજરાતની અંદર બાર વર્ષ શાસન કર્યુ અને વિકાસનું ગ્રોથ એન્જીન સમગ્ર દેશ તરફ લઇ ગયા. તેને કોઇ રોકી ન શક્યું. •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય ભૂષણભાઇ, હવે બજેટ ઉપર આવો. બજેટમાં શું લખવું જોઇએ અને રહી ગયું છે તે બોલવાની જરૂર નથી. બજેટમાં લખેલ છે તે જ બોલો. જનરલ ચર્ચા થાય છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જ વાત કરવી હતી કે શ્રમ અને રોજગાર વિભાગની વાત કરીએ તો, છેલ્લા ૧૨ વર્ષમાં કંઇ આઇ.ટી.આઇ.ની શરૂઆત થઇ ન હતી. આઇ.ટી.આઇ. તો કેટલાય વર્ષોથી હતી. તેના મકાનો કેવા હતા. આમાં પ્રવેશ લેવા માટે કોઇ જતું ન હતું.

અધ્યક્ષશ્રી : તમે બેઠા બેઠા બોલો નહીં. તે બોલે છે તેને સાંભળો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, તે આઇ.ટી.આઇ.ની અંદર કોઇ ભણવા જતું ન હતું. પ્રવેશ લેવા જતું ન હતું. એની અંદર કોઇ ઇન્સ્ટ્રકટર ન હોય, તેની અંદર કોઇ સુવિધા ન હોય. આ આઇ.ટી.આઇ.ને આજે ફર્સ્ટ કલાસ, વર્લ્ડ કલાસ કક્ષાની આઇ.ટી.આઇ.ઓ ગુજરાતની અંદર બનાવી. ગુજરાતનો એકેય તાલુકો બાકી ન રહે તેવું આયોજન કરવામાં આવ્યું. આજે ગુજરાતના એકપણ તાલુકાની અંદર આઇ.ટી.આઇ. બાકી નથી. આ વર્ષના અંદાજ પત્રમાં પણ ૨૬ ડીમાન્ડ ઓન આઇ.ટી.આઇ.નું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ એ બાબતનો થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી બન્યા પછી જેમ પોલીસ ખાતામાં ૩૩ ટકા મહિલા અનામતની વાત કરી અને આ દેશની અંદર સૌ પ્રથમ જો મહિલા અનામતની વાત કરી હોય તો આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલે કરી. એ જ રીતે આઇ.ટી.આઇ.ની અંદર પણ મહિલા આઇ.ટી.આઇ.ની જાહેરાત કરી કે જેથી મહિલાઓ આઇ.ટી.આઇ.માં જઇ શકે, એટલા માટે સાઇકલની સુવિધા આપી. આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરવા જઇ શકે, એને માટે એસ.ટી. બસની સુવિધા આપવામાં આવી. આ રીતે અનેક પ્રકારની સુવિધાઓ કરવામાં આવી. ૫ હજાર કરતા વધારે આઇ.ટી.આઇ.ની અંદર મહિલાઓ માટેની સીટ રીઝર્વ કરવામાં આવી. જે આઇ.ટી.આઇ.ને ૮માં ધોરણ પછી પહેલી વખત કદાચ દેશમાં બન્યું હશે કે ૮ માં ધોરણ પછી બે વર્ષનો કોર્સ કરે તો એને ૧૦માંની સમકક્ષ ગણવો અને ૧૦માં પછી કે એની અંદર બે વર્ષનો કોર્સ કરે તો એને ૧૨માંની સમકક્ષ કરી અને ડીપ્લોમાં કે ડીગ્રીમાં પ્રવેશ મેળવી શકે. આવું આયોજન કદાચ દેશની અંદર થયું હોય તો પ્રથમ એક માત્ર ગુજરાત રાજયની અંદર આ આનંદીબેન પટેલની સરકારની અંદર થયું છે અને એ ગૌરવની બાબત છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આવી અનેક બાબતો આ અંદાજ પત્રમાં આ સરકાર લઇને આવી છે. જ્યારે શ્રમ અને રોજગાર વિભાગની વાત કરીએ ત્યારે એક બાજુ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતી ઉજવાતી હતી. જેમ ગરીબ કલ્યાણ મેળા કરીને ગરીબોને જે રીતે મદદ કરી હતી એવી જ રીતે ગરીબોના ઘરની અંદર સ્વરોજગારી મેળવવા માટે અને સ્વરોજગારી કેવી રીતે મળે એ દિશામાં આ રાજય સરકારે કામ કર્યું અને ૧૮૮૭ જેટલા ભરતી મેળા કરીને ૨ લાખ ૫૩ હજાર કરતા વધુ બેરોજગાર લોકોને નોકરી આપવાની અને તેના ઘરની અંદર રોજગાર આપવાનું જો કોઇ કામ કર્યું અને રોજગારનો દીવો પ્રગટાવવાનું કોઇ કામ કર્યું હોય તો આ રાજય સરકારે કર્યું છે એ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલેથી નહીં અટકતા છેલ્લા ૨૦૦૨ની સાલની વાત કરીએ તો ગુજરાત એ આખા દેશની અંદર રોજગારી આપવામાં પ્રથમ નંબરે રહ્યું છે અને એને પરિણામે એ વખતના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ એનો રાષ્ટ્રીય એવોર્ડ એ આ રાજય સરકારને આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, લશ્કરની તાલીમ હોય, એરફોર્સની તાલીમ હોય, નેવીની અંદર ભરતી મેળા થાય આવું આયોજન આ રાજય સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસથી હું આ અંદાજ પત્રની ચર્ચા અહીંયા બેઠાં બેઠાં સાંભળતો હતો, ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લા જેવું આ દેશના અગાઉના શાસનકર્તાઓએ કર્યું છે ત્યારે દેશ આખો લૂંટાઇ ગયો, દેશ બરબાદ થઇ ગયો, દેશની અંદર અંધકાર ફેલાઇ ગયો એની ચિતા ન કરી અને ચિંતા થાય તો એક ટ્રક ડુગળી લૂંટાઇ એની ચિંતા અને ચિંતન આ સભાગૃહની અંદર થાય. પાછલા વર્ષોની અંદર તિજોરી ભરીને, પટારા ભરીને રૂપિયા જતા રહ્યાં એની ચિંતા જો કદાચ કોઇએ કરી હોત તો આજે આનંદ થાત કે આપણો દેશ આજે ક્યાં પહોંચ્યો હોત. એ ચિંતા ન થઇ અને ચિંતા થઇ તો માત્ર એક ટ્રક ડુંગળીની ચિંતા થઇ. હમણા જ્યારે માનનીય શકિતસિંહ અહીંયા પ્રવચન કરતા હતા ત્યાર પછી વિરામના સમયમાં બહાર નીકળ્યા ત્યારે બે એમના જ મિત્રો મળ્યા અને મને કહે વિરોધ પક્ષના નેતાનું પ્રવચન કેવું લાગ્યું? મેં કહ્યું એ તો ગઇ કાલે બોલ્યા. તો કહે તમે ગઇ કાલે સાંભળ્યું, આજનું ના સાંભળ્યું? આવી વાત આ રાજયની અંદર કરવામાં આવે ત્યારે આ સ્પર્ધાની અંદર જ્યારે તમે તમારા નેતા નક્કી નથી કરી શકતા, તમે ટીમ નક્કી નથી કરી શકતા એવા સમયની અંદર તમે શું કામ કરી શકવાના હતા? માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર અનેક બાબતો રોજગારીની બાબતમાં આ રાજય સરકારે ચિંતા કરી છે એ ખૂબ સારી વાત છે ત્યારે હું આ અંદાજ પત્રને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભુષણભાઇ હમણા જે બોલ્યા વિપક્ષના નેતા વિશે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ટીકા નથી કરી કોઇની.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ટીકા કરીને કહ્યું કે વિપક્ષના નેતા નક્કી નથી કરી શકતા. કદાચ છેને એમને ખ્યાલ નહીં હોય અથવા એમના •(xxxxxx) એટલે ખબર નહીં હોય કે વિપક્ષના નેતા કોણ છે?

અધ્યક્ષશ્રી : એવું હશે તો જોઇ લઇશું, એવું હોય બિન પાર્લામેન્ટરી વાત હોય તો કાઢી નાંખીશું. નેકસ્ટ માનનીય અશ્વિનભાઇ,

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે અંદાજપત્ર લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. મારે એ કહેવું છે કે માનનીય સૌરભભાઇ પટેલ આ જે બજેટ લઇને આવ્યા છે. આ બજેટની અંદર જોતાં એવું લાગે છે કે દલિત બાળાઓને અને આદિવાસી બાળાઓને જે સાયકલ આપવાની વાત કરી છે એ સાયકલનો ફક્ત એક ભગવો કલર નક્કી કરવામાં આવ્યો છે. એ ભગવા કલરને લીધે આદિવાસી બાળાઓ અને દલિત બાળાઓ સ્કૂલમાં આ સાયકલ લઇ જતી નથી. એમને પોતાને શરમ આવે છે. ઘણી બાળાઓએ એ ભગવા કલરવાળી સાયકલને પ્રાઇવેટમાં જઇને કાળો કલર કરાવી લીધો છે. તમે કેમ ઉંચ નીચના ભેદભાવ રાખો છો. સ્કૂલની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અંદર જ્યારે બાળા ભણવા જતી હોય ત્યારે કોઇએ એમ ના કહેવું જોઇએ કે આ દલિત બાળા આવી, આ આદિવાસી બાળા આવી. એવું અંતર દૂર કરવા માટે આ કલર બદલવો જોઇએ એવી મારી આપના મારફતે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે.

આપને બીજી પણ એક વાત આ બજેટ વિશે કહીશ કે અત્યારે સામેના પક્ષવાળા બજેટ વિશે તો કંઇ બોલ્યા નથી પણ હું બજેટ વિશે જ બોલવાનો છું. આ બજેટ વિશે વાત કરું તો વનબંધુઓ માટે ૧૫૦૦૦ કરોડ રૂપિયાની વાત થતી હતી. ૧૮૦૦૦ કરોડ રૂપિયાની વાત થતી હતી. પણ આ બજેટ જોતાં મને ખ્યાલ આવ્યો કે આદિવાસીઓ માટે કેટલું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ માટે ૧૩૭૭ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ત્યારે મારે એ કહેવું છે કે આ ૧૪,૦૦૦, ૧૫,૦૦૦ કે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાની વાતો ક્યાં ગઇ? આ ગુજરાતની અંદર આદિવાસીઓની વસતિ ૯૦ લાખ જેટલી છે. વસતિના પ્રમાણમાં આ જે ૧૩૭૭ કરોડ રૂપિયાનું જે બજેટ છે તે ઘણું ઓછું છે. બીજી હું આપને વાત કહીશ કે આ બજેટની અંદર છાત્રાલય અને આશ્રમશાળાઓની વાત કરવામાં આવી છે. આ બજેટની અંદર આશ્રમશાળાઓ કઇ જગ્યાએ ખોલવામાં આવી છે, ગાંધીનગર ખોલવામાં આવી, મહેસાણામાં ખોલવામાં આવી, નિઝર ખોલવામાં આવી, વ્યારા અને બારડોલીમાં ખોલવામાં આવી મને એમ લાગે છે કે આ વિભાગના–ખાતાના જે વડાઓ છે એ લોકોએ પોતાના ગામ અને તાલુકાઓમાં આ આશ્રમશાળાઓ અને છાત્રાલયો વહેંચી લીધી હોય તેમ લાગે છે. આદિવાસીઓ ભણી શકે એ માટે એન્જિનીયરીંગ, મેડિકલ અને ઉચ્ચ શિક્ષણ મેળવી શકે એ માટે અમદાવાદમાં છાત્રાલય હોવું જોઇએ. વડોદરામાં છાત્રાલય હોવું જોઇએ, સુરતમાં છાત્રાલય હોવું જોઇએ. પણ કોઇ આ પંદર વરસોની અંદર અમદાવાદ, વડોદરા કે સુરતમાં કોઇપણ જગ્યાએ છાત્રાલય પોતાની માલિકીનું છાત્રાલય બનાવ્યું નથી અને એ રીતે આ આદિવાસીઓની કોઇ ચિંતા કરી નથી.

આપને હું બીજી પણ વાત કહેવા માગું છું કે, આદિવાસી સમાજની અંદર પણ આઇ.એ.એસ. આઇ.પી.એસ. અને આઇ.આર.એસ. બનવા માટે પરીક્ષા આપવા માંગે છે, આઇ.આર.એસ.ની જ્યારે પ્રિલીમીનરી પરીક્ષા આપે છે ત્યારે અનુસૂચિત જનજાતિ માટે રૂપિયા ૫૦,૦૦૦ આપવાની જાહેરાત મંત્રીશ્રીએ કરી છે અને ઓરલ ઇન્ટરવ્યુ આપે તો તેને ૨૫,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત મંત્રીશ્રીએ કરી છે, પણ આ માટે આદિવાસી માટે આદિજાતિ વિભાગની અંદર આ બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. એ બહુ દુઃખદ બાબત છે. આપને હું બીજી પણ એક વાત કહીશ કે બજેટની અંદર દર વખતે કહેવામાં આવે છે કે, આદિવાસીઓ માટે અમે આમ કરીશું તેમ કરીશું. આદિવાસી સમાજના પ્રશ્નો છે, આદિવાસી માટે આ બજેટ વિશે હું બોલું છું. આ બજેટ જોતાં આદિવાસી પાયલોટ બની શકે એના માટે કોઇપણ જોગવાઇ આ બજેટની અંદર કરવામાં આવી નથી. આદિવાસી સમાજના લોકો પણ પાયલોટ બનવા માંગે છે, પણ આ સરકાર નથી ઇચ્છતી કે આદિવાસી સમાજનો કોઇ યુવાન પાયલોટ બને. આપને એક બીજી પણ વાત કહીશ. જે આપણે વાત કરીએ છીએ. ચિરંજીવી દૂધની યોજના લાવ્યા છે. આ યોજનામાં એવુ છે તેમાં જે રૂપિયા ફાળવ્યા છે તેમને દૂધ આપવાનું ,

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી અશ્વિન કોટવાલ : દૂધ માટેની રકમ ઓછી ફાળવવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં વિદ્યાર્થીઓને એક મહિનો કે બે મહિના દૂધ આપવાથી તેને પોષ્ટિક, વિટામીન આહાર મળવાના નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત કરીશ કે આ સરકારની અંદર છાત્રાલયો, આશ્રમશાળાઓની પણ જોગવાઇ કરવી પડતી હતી કોંગ્રેસના વખતમાં સામે બેઠેલા અને અહીંયા બેઠેલાઓ પણ આશ્રમશાળાઓમાં ભણીને તેમણે અભ્યાસ લીધો છે, પણ કોંગ્રેસે જે ૧૨૦ બનાવી છે તેની અંદર વધારો કરવો જોઇએ તે આ સરકારે કર્યો નથી. આપના દ્વારા બીજી પણ હું વાત કરીશ કે, વર્ષોથી જયારે આદિવાસીઓ જંગલની અંદર પોતે વસે છે અને તેઓ જંગલની જમીનની માગણી કરે છે અને આ જંગલની જમીન ઉપર પોતે હક્ક ધરાવે છે, પોતાની માલિકીની છે પણ જંગલની જમીન પણ તેમને આપવામાં આવતી નથી. તેમને જે અપીલ કલેકટર દ્વારા કરવામાં આવે છે તેનો અપીલનો જવાબ પણ આપવામાં આવતો નથી.

હું ખાસ બીજી પણ આપને એક વાત કહીશ કે આદિવાસી વિસ્તારની અંદર આદિવાસીઓને રોજગારી મળે તે માટે મનરેગા યોજના છે. પણ મનરેગા યોજનાની અંદર એટલો બધો મોટો ભ્રષ્ટાચાર થયો છે બધી જગ્યાએ અમે રજૂઆત કરી છે ગ્રામ વિકાસ કમિશ્નરને પણ કહ્યું છે કે સાબરકાંઠામાં ભ્રષ્ટાચાર થયો છે, ત્યાં આદિવાસીઓને રોજગારી મળતી નથી અને ત્રણ ત્રણ વર્ષ સુધી આ મનરેગા યોજનાના આદિવાસીઓને પૈસા પણ નથી મળ્યાં એટલે આ પૈસા પણ તેઓને તાત્કાલિક મળે તે રીતે કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે બીજુ પણ એક કહેવા માગુ છું કે, આદિવાસી વિસ્તારોની અંદર જે ડેમો બનાવવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : બસ, બસ આપનું પૂરું થયું.

શ્રી છનાભાઇ કો. ચૌધરી(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આદિજાતિ વિભાગ, સિંચાઇની વ્યવસ્થા આ બુકમાં ૩૯૧ કરોડની જોગવાઇ કરી છે એવુ બતાવે છે. ખાસ કરીને અમારો જે આદિવાસી વિસ્તાર છે એનો મોટા ભાગે આજીવિકાનો જે આધાર છે તે ખેતીનો છે. અમારા વિસ્તારમાં ખેતી માટે પાણીની સગવડ હજુ પણ સરકારે પૂરી કરી નથી. નાના નાના ડેમો કે કૂવાઓ બનાવે છે, પણ ફકત એક સિંચાઇ થાય છે ત્યાર પછી સિંચાઇ થતી નથી. ખાસ કરીને મારા મત વિસ્તાર વાંસદા તાલુકામાં બે મધ્યમ કક્ષાના ડેમો આવેલા છે અને જે જૂથ ડેમની યોજના છે તેની આખી ઓફિસ આ વર્ષે બંધ કરી દેવામાં આવી છે. મને નવાઇ લાગે છે કે આદિવાસી વિસ્તાર છે એટલે ઓફિસ બંધ કરી અને તેનો સ્ટાફ ઉંચકી લેવામાં આવ્યો છે? અત્યારે જે ઓછો સ્ટાફ છે તે ઓછા સ્ટાફમાં એટલી બધી મુશ્કેલી પડે છે કે લોકોને પાણી કેવી રીતે પૂરું પાડવુ, તેની વ્યવસ્થા કેવી રીતે કરવી તે બાબતે મેં માનનીય મંત્રીશ્રીને અને વિભાગને પણ કાગળ લખ્યો છે કે આ જે ઓફિસ છે તે ચાલુ રહેવી જોઇએ.

આ વિસ્તારમાં જે સિંચાઇના કામો થાય છે તે કામો વધવા જોઇએ. અને તેની નહેરો પણ હજુ પાકી થઇ નથી અને પાણી લીકેજનો પ્રશ્ન છે. ઘણાં વર્ષોથી અમે પાણી લીકેજના પ્રશ્ન બાબતે ફરિયાદ કરી છે દરવાજાના લીકેજમાંથી જે પાણી જાય છે તે લગભગ બે મહિના ચાલે એટલુ પાણી લીકેજમાં જતું રહે છે તો હજુ સુધી આ બંધ થયેલ નથી તો એ પણ બંધ થવુ જોઇએ. ખાસ કરીને જે ચેકડેમો બનાવવામાં આવ્યા છે એ બધા જ ચેકડેમો પૂરાઇ ગયા છે. અને એ ચેકડેમો જો સાફ કરવામાં આવે તો પાણીનો જથ્થો લાંબા સમય સુધી રહે. અત્યારે પરિસ્થિતિ એવી છે કે, સિલ્ટીંગ થવાથી તેમાં પાણી નહીં ફકત રેતી જ ભરાઇ રહેલી છે, તો આ અમારો જે વિસ્તાર છે, તેમાં જે ચેકડેમો છે તેને ડિસિલ્ટીંગ કરીને એવી કોઇ યોજના લાવે કે જેથી અમને પાણી મળે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પાણી પુરવઠાની યોજના છે પછી મેં મારો પ્રશ્ન રજૂ કર્યો પણ મંત્રીશ્રીએ જવાબ નહીં આપ્યો પણ અત્યારે જે પાણી પુરવઠાની યોજના છે તેમાં એવી પરિસ્થિતિ છે કે ટાંકીઓ બની છે પણ તેમાં પાણી જ નથી. જે લાખ લીટર કે દોઢ લાખ લીટરની ટાંકીઓ એમની એમ પડી છે. અમે કેટલીય વખત રજૂઆત કરી કે અહીંયા તમે પાણીની વ્યવસ્થા કરીને તમે ટાંકી ભરો. પણ તેમાં પાણી આવતું નથી અને લોકો રાહ જુએ છે કે અમને પાણી કયારે મળશે. આવી ટાંકીઓ એકે એક ગામમાં હજુ પણ ઉભેલી છે તો એવી જગ્યાએ પાણી વ્યવસ્થા કરવી જોઇએ. અત્યારે વરસાદ નથી, વરસાદ લંબાયો છે અમારો આદિવાસી વિસ્તાર છે. ત્યાં પણ પાણીની એટલી બધી તકલીફ પડે છે કે લોકો ગામડે એક એક કિલોમીટર દૂર સુધી પાણી લેવા જાય છે તો આવા વિસ્તારોમાં કાયમી યોજના કે જયાં પીવાના પાણીની મુશ્કેલી દૂર થાય એવી કાયમી યોજના થવી જોઇએ. કેટલીક વખત અમે રજૂઆત કરીએ કે આ જગ્યાએથી પાણી મળશે અને અહીંથી તમે ત્યાં લઇ જઇને ટાંકીમાં પાણી આપો પણ અધિકારી મિત્રો તે માનતા નથી અને કહે છે કે પાણી મળશે પણ લોકોને બોર કે કૂવામાંથી પાણી મળતું નથી. એવાં ઘણાં ગામો છે અને ટાંકી ખાલી પડી રહે છે તો આ વિભાગમાં પાણી પુરવઠા યોજનામાં પણ એ વિસ્તારમાં વ્યવસ્થા થવી જોઇએ અને ખાસ કરીને જયાં

ટાંકી ઉભી છે અને પાણી પણ છે ત્યાં વીજળીના અભાવે કે એના વીજજોડાણના અભાવે ત્યાં પાણી નથી મળતું તો એવી જે યોજનાઓ છે એને તાત્કાલિક વીજ જોડાણ મળવું જોઇએ જેથી લોકોને પાણી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને માનનીય મંત્રીશ્રી વીજ મંત્રી છે ત્યારે મારે ખાસ કહેવું છે અને અમે ઘણીવાર ગૃહમાં પ્રશ્નો રજૂ કર્યા છે અને રજૂઆતો કરી છે કે અમારા વાંસદા તાલુકામાં અંકલાસ ૬૬ કે.વી.નું સબસ્ટેશન તૈયાર છે, પણ છેલ્લા ત્રણ વર્ષથી આનું કામ ચાલે છે પણ હજુ સુધી એ ચાલુ કરી શકયા નથી તો આ જે સબસ્ટેશન છે એ તાત્કાલિક ચાલુ કરવું જોઇએ અને જે વીજળીનો પ્રશ્ન છે, વચ્ચે અમારા ત્યાં મહામહિમ માનનીય રાજયપાલશ્રી પધારેલા ત્યારે ખેડૂતોએ આ પ્રશ્ન ઉભો કરેલો ત્યારે વીજ કંપનીએ કહેલું કે ફેબ્રુઆરી સુધીમાં અમારું આ ૬૬ કે.વી.નું સબસ્ટેશન ચાલુ કરીશું પણ આ જુલાઇ મહિનો આવ્યો પણ હજુ સુધી એ સબસ્ટેશન ચાલુ થયું નથી. આજે ખેડૂતો વીજ કનેકશન માગે છે કેટલાય ખેડૂતો વીજ જોડાણ માટે લાઇનમાં ઉભા છે તેથી વીજ જોડાણ ઝડપી મળે અને લોકોને સિંચાઇની સુવિધાઓ મળે એ માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગમાં કહે છે કે, અમે આરોગ્ય માટે ખૂબ સારી વ્યવસ્થા કરી છે પણ અમારા વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, દવાખાના છે ત્યાં ડોકટરોની જગ્યાઓ ખાલી છે અને બીજા સ્ટાફની પણ જગ્યાઓ ખાલી છે તો એ જગ્યાઓ જલ્દી ભરાય અને લોકોને એમાં સારી સુવિધા મળે એ પ્રમાણે એની વ્યવસ્થા કરવા અને એ દવાખાનામાં એ જગ્યાઓ છે એ તાત્કાલિક ભરાય એવી મારી વિનંતી છે.

સાહેબ, સામાન્ય સમયમાં જોઇએ તો અત્યારે દાખલાની પરિસ્થિતિ એવી છે કે, જાતિ અને આવકના દાખલા તો અત્યારે અમે તાલુકા પંચાયત કે મામલતદારની કચેરીએ જઇએ છીએ તો ત્યાં ૫૦૦-૫૦૦ માણસોની લાઇન લાગેલી હોય છે, લોકો બે-ત્રણ દિવસ સુધી લાઇનમાં ઉભા રહીને દાખલા મેળવે છે તો એમાં કંઇક સુધારો કરવા માગો છો કે કેમ? તો આમાં સુધારો થવો જોઇએ. આપણે જયારે જાતિનો કે આવકનો દાખલો માગીએ છીએ ત્યારે આવકના દાખલામાં તલાટી કમ મંત્રી જે કંઇ દાખલો આપે એના આધારે જ દાખલો આપવામાં આવે છે. મામલતદાર કચેરીમાં પણ તો તલાટી કમ મંત્રી દાખલો આપે તો શું વાંધો આવે? લોકોને એટલી મુશ્કેલી તો ઓછી થાય, ત્રણ ત્રણ દિવસ સુધી લોકો આંટા મારે છે અને એની પાછળ બસો - ત્રણસો કે પાંચસો રૂપિયાનો ખર્ચ થતો હોય છે તો એમાં કંઇક સુધારો કરીને દાખલો તલાટી પાસેથી જ મળવો જોઇએ એવી ખાસ મારી વિનંતી છે. જાતિનો દાખલો તો એક વખત મળી જાય પછી એની જરૂરત નથી પણ આવકનો દાખલા માટે ખૂબ તકલીફ પડે છે તો આ અંગે સરકારે વિચારવું જોઇએ અને એવી નીતિ નકકી કરી છે કે મામલતદારનો જ દાખલો ચાલે તો એમાં સુધારો કરવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ૭(૧૨) અને ૮-અમાં ખાસ કરીને પાણી લખવાની જે પદ્ધતિ છે આજે કેટલાય વર્ષોથી એ પદ્ધતિ બંધ છે અને જયારે જયારે આપણને એની જરૂર પડે ત્યારે લખાવવું પડે છે તો એ પદ્ધતિ પાછી ચાલુ કરીને તલાટીઓ પાણી લખે એવી પદ્ધતિ ચાલુ કરવી જોઇએ અને હું આ બજેટમાં સંમત થતો નથી.

શ્રી શ્રી કનુભાઇ મો. દેસાઇ (પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને એમની આગેવાનીમાં માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ જે સુંદર બજેટ લઇને આવ્યા છે અને ખાસ કરીને મહિલાઓ માટેનું જે સારામાં સારું પેકેજ એની સાથે રજૂ કરવામાં આવ્યું છે તે દિવસથી અમારી બહેનોના મોઢા ઉપર જે તાજગી દેખાય છે એ માટે સૌને અભિનંદન આપું છું અને ખાસ કરીને આ બજેટને હું મારું સમર્થન આપું છું અને વન અને પર્યાવરણના વિષય ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ માટે સંવર્ધન અને સંરક્ષણ માટે આ બજેટમાં રૂ. ૭૭૧ કરોડની જે જોગવાઇ કરવામાં આવી છે એ અત્યંત આવકારદાયક છે અને ગુજરાતનો વિકાસ આજે દેશ માટે દિશાસૂચક અને સીમાસ્તંભ બન્યો છે અને સમગ્ર દેશે જયારે ગુજરાતનું મોડેલ સ્વીકારી લીધું છે ત્યારે ગુજરાત મોડેલ ફકત ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં છવાઇ ગયેલ છે અને એનો ઉત્તમ દાખલો જોઇએ તો આપણે જયારે પણ વાયબ્રન્ટ ગુજરાત કરીએ છીએ ત્યારે વિદેશોના ઉદ્યોગકારો દિલ્હી જવાને

બદલે ગાંધીનગર આવતા હતા એ એનું ઉત્તમ ઉદાહરણ છે. રાજયનો સર્વાંગી વિકાસ કર્યો છે અને સાથે ગુજરાતના વનોનો વિકાસ કરવા માટે લોકોની આસ્થાને જોડીને પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આસ્થા જોડીને જે જે આપણાં ધાર્મિક સ્થળો છે ત્યાં વનોનું વાવેતર કરીને સાંસ્કૃતિક વન, અંબાજીમાં માંગલ્ય વન, તારંગામાં તીર્થંકર વન અને ગાંધીનગરમાં પૂનિત વન જેવાં વનો બનાવીને લોકોની આસ્થાને જોડીને વૃક્ષોનો વિનાશ અટકાવવાનું કામ કર્યુ છે. ગુજરાત અભિયાન પછી વૃક્ષોનો મહિમા વધારવા માટે વાવે ગુજરાત અભિયાન ઉપાડયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ દ્વારા રાજયમાં કુલ ૩૦.૧૬ કરોડ જેટલાં વૃક્ષો ઉછેરવામાં આવ્યાં છે અને જે છેલ્લા ૧૫ વર્ષમાં કોઇપણ વિસ્તાર હોય, જંગલ કે શહેરી વિસ્તાર હોય તેમાં પણ વૃક્ષાદિત વિસ્તારમાં ઘણો જ વધારો થયો છે અને પર્યાવરણને ઘણો જ ફાયદો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં કાંઠા વિસ્તારમાં ચેરનાં વૃક્ષો જે સુનામીની તીવ્ર અસરમાં ઘટાડો કરે છે અને દરિયાકાંઠાના લોકોના જાનમાલનું રક્ષણ કરવામાં મદદરૂપ થાય છે. દરિયાઇ જીવન સૃષ્ટિ સંવર્ધન માટે ઉત્તમ સ્થળ છે અને માછીમારો અને માછલીઓનું રહેઠાણ માટે નર્સરી છે એ વિસ્તારમાં ૨૦૦૧ માં ચેરનું વાવેતર ૯૧૧ ચોરસ કિલોમિટર હતું એ ૨૦૧૩ માં વધીને ૧૦૫૮ ચોરસ કિલોમિટર થયું છે. જે સમગ્ર વિશ્વમાં સૌથી વધારે છે અને એ માટે સમગ્ર ગુજરાત સરકાર અને વન વિભાગને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરિઝમ વિકસાવવાનો પણ પ્રયોગ અને અમલ કરવામાં આવ્યો છે અને એ સાથે લોકો વન વિભાગ અને વધારે જંગલ વિસ્તારમાં જઇને પ્રાણીઓ પણ જુએ અને પ્રાણીઓ પ્રત્યેની એક આસ્થા બાળકોમાં પેદા થાય એ પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આપણા મિત્રો વારંવાર ટીકા કરે છે કે ગુજરાતનાં વનો કપાયાં છે, પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં ૮ જેટલા ઇન્દિરા ગાંધી પ્રિયદર્શની એવોર્ડ આપણે પ્રાપ્ત કર્યા છે એનું આપણને ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ ક્ષેત્રે ગુજરાત મહારાષ્ટ્રથી છૂટું પડયા પછી ગુજરાતનો ઓદ્યોગિક વિકાસ કરવા માટે જી.આઇ.ડી.સી.ની સ્થાપના કરવામાં આવી અને એ સમયે તો ફકત જમીન જ સંપાદન કરવામાં આવતી હતી અને પ્લોટો પાડીને શેડ બનાવવામાં આવતા હતા. બીજી કોઇ જ આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી ન હતી. સ્વાભાવિક છે કે તે સમયે એન્વાયરમેન્ટ કે પર્યાવરણના પ્રશ્નો હતા એની કોઇને જાણ નહોતી, પરંતુ જેમ જેમ સમય જતો ગયો. ભોપાલ જેવી દુર્ઘટના સર્જાઇ. લિક્વિડ પ્રવાહી એફલુઅન્ટના પ્રશ્નો સર્જાયા અને ત્યારપછી જયારે ૧૦-૧૫ વર્ષ ગુજરાતમાં ત્રસ્ત વાતાવરણ હતું, પર્યાવરણના ગંભીર પ્રશ્નો ઉભા થયા હતા અને પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન હાઇકોર્ટમાં થઇ અને જસ્ટીસ કીડવાણીની બેંચે જે નિર્ણય આપ્યો અને સમગ્ર ગુજરાતમાં કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેની એક જે યોજના રજૂ થઇ અને ૧૯૯૫ થી ગુજરાતમાં જે રીતે એન્વાયરમેન્ટ અને જે રીતે ઔદ્યોગિક વિકાસ થયો છે એની સામે જે સંતુલિત વિકાસ થયો છે એ કાબેલિયતભર્યા છે અને નવી ઔદ્યોગિક પોલિસીમાં રાજયના પર્યાવરણની માવજત અને સર્વાંગી વિકાસ માટે ઔદ્યોગિક વસાહતોના પ્લાનિંગ સમયે જ એન્વાયરમેન્ટ અને એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પલાન્ટ અને સિકયોર લેન્ડ ફિલ્ડ સાઇડની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે અને એના લીધે ગુજરાતમાં સમગ્ર દેશમાંથી અને વિશ્વભરમાંથી ઉદ્યોગકારો આવે છે અને ગુજરાત સરકારનો જે આ નિર્ણય છે કે જમીન આપીને વધુ રોજગારી પેદા કરવી જેથી આખા દેશમાં અને ગુજરાતમાં ખાસ કરીને જે નક્ષલવાદને અટકાવવામાં આવ્યો છે એનું કારણ ગુજરાત સરકારની જે આ પોલીસી છે.

આ બજેટને હું આવકારું છું અને સમર્થન આપીને વિરમું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રતિપક્ષ તરફથી એમ કહેવાયું કે વચને કીં દરીદ્રેસુ, પણ આ ઉકિત એમને લાગુ પડે છે, અમને નહીં, અમે તો પ્રાણ જાય પર વચન ન જાય તે રામમાં માનનારા ભારતીય જનતા પાર્ટીના અમે સૌ છીએ. ન્યાયની બાબતમાં જયારે આજે હું બોલવા ઉભો થયો છું ત્યારે, ન્યાય અને કાયદામાં, ન્યાય સરળ, સસ્તો અને સ્પીડી હોય તો એ આવકાર દાયક છે. સૌનો સાથ અને સૌનો વિકાસ અને સૌને ન્યાય એ અતિ આવકારદાયક છે મિત્રો. મનુ ઋષિથી માંડી, ભગવાન મનુથી માંડી અને ચાણક્ય સુધીનો સમગ્ર કાયદાનો આપણે વિભાગ જોઇએ તો એક સુંદર બૂક પ્રસિદ્ધ થઇ છે

સેન્ટ્રલ ગવર્નમેન્ટ તરફથી, એનું નામ છે એન્સીયેન્ટ લીગલ હિસ્ટ્રી ઓફ ઇન્ડીયા બાય જસ્ટીસ રામા જોયસ, આ વાંચવા જેવી કિતાબ છે, એને અનુસરીને ભારતીય જનતા પાર્ટી કાયદા અને ન્યાય તંત્ર માટે ખૂબ આગવી વ્યવસ્થા ગોઠવે છે, ન્યાયની અવ્યવસ્થા એ અરાજકતાનું કારણ છે ત્યારે એ ન્યાયની વ્યવસ્થા સારી મળે, સારી રહે એટલા માટે માળખાગત સુવિધા, આધુનિકરણ, લેપટોપ, પ્રીન્ટર, GSWAN ની કનેકટીવીટી, નવા કોર્ટ બિલ્ડીંગ્સ, નવા જજીસની નિમણૂક, નવા રહેઠાણો, કેમ્પ કોર્ટને બદલે પૂર્ણ કોર્ટ, ૭ નવા જિલ્લા બન્યા છે ત્યારે સાતે સાત જિલ્લામાં નવી કોર્ટો બનાવવા માટે કુલ મળીને ૯૨૧ કરોડ રૂપિયા આ ૨૦૧૪-૧૫ના ફેરફાર વાળા અંદાજપત્રની માગણી સાથે માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, માનનીય મુખ્ય મંત્રીશ્રીના સાનિધ્યથી આવ્યા છે.

આ ૯૨૧ કરોડ રૂપિયા કદી ન સાંભળ્યા હોય તેવા આ ન્યાય તંત્ર માટે જયારે મંજૂર કર્યા છે ત્યારે આપણે માનવું પડે, આ પ્રતિપક્ષે પણ સ્વીકારવું પડે. વડોદરા ખાતે સર સયાજીરાવ ગાયકવાડના સમયથી ન્યાય મંદિરનું ઉતકૃષ્ટ બિલ્ડીંગ આપણે જોતા આવ્યા છીએ, જેમાં અદાલત છે અત્યારે. પરંતુ એ નાનું પડતું હોવાના કારણે હવે એક નવું કોર્ટ બિલ્ડીંગ ત્યાં બની રહ્યું છે, મારે આ માનનીય સભાગૃહને જણાવવું છે કે આખા ગુજરાતમાં સૌથી મોટું ન્યાય સંકુલ જો કોઇ ઉભું થશે તો એ પહેલું બિલ્ડીંગ વડોદરાનું હશે. અને એ માટે હું આ સરકારને અને નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું, કારણ કે ૧૩૦ કરોડ રૂપિયા આના માટે મંજૂર કરેલા છે. નવ નિર્મીત ૧૯ તાલુકાઓ, જેમાં પૂર્ણ સમય માટે જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટકલાસ અને સિવિલ જજ કોર્ટોની સ્થાપના કરવાની છે. મને કહેવા દો કે એ સ્વીકારવું રહ્યું, પ્રતિ પક્ષે એ વાત સ્વીકારવી રહી, કે સમગ્ર હિન્દુસ્તાનમાં કોઇ એક રાજય એવું નથી કે જેના તમામ તાલુકાની અંદર જે.એમ.એફ.સી.ની અદાલત હોય. ગુજરાતના ૨૪૮ ગામોમાં તમામ તાલુકાની અંદર આ તમામ કોર્ટો એસ્ટાબ્લીસ થવા જઇ રહી છે અને તેના માટે કાયદા વિભાગ માટે આટલું મોટું બજેટ ફાળવ્યું છે તેને હું ધન્યવાદ આપું છું.

નવા ૭ જિલ્લાઓ, છોટા ઉદેપુર, મહીસાગર, અરવલી, બોટાદ, મોરબી, દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ. આ તમામ જગ્યાએ ડીસ્ટ્રીકટ કોર્ટ સ્થાપવા માટે નાણા વિભાગે આ કાયદા વિભાગને ખૂબ મોટું ફંડ ફાળવ્યું છે. લીંક કોર્ટ, આપણે ત્યાં ઘણી લીંક કોર્ટ છે, સુરતમાં બારડોલી, કચ્છમાં અંજાર, નવસારીમાં વાંસદા, ભાવનગરમાં મહુવા, અમદાવાદમાં ધોળકા, બનાસકાંઠામાં દીયોદર અને સાબરકાંઠામાં ઇડર, આ તમામ લીંક કોર્ટોને સ્વતંત્ર કોર્ટ તરીકે એસ્ટાબ્લીશ કરવા માટે જઇ રહ્યા છીએ અને એ આ બજેટનું પરાક્રમ છે એ હું આ માનનીય સભાગૃહના સભાસદોને જણાવવા માગું છું.

મહિલા સશકિતકરણની જો વાત કરીએ તો બહેનોની જે તકલીફો અદાલતમાં છે તે હું કહીશ, આ ૧૫ વર્ષની અંદર માત્ર ૩૩ ફેમિલી કોર્ટ બની છે, જયારે આ વર્ષમાં ૨૦૧૪-૧૫ના બજેટમાં ૧૦ જિલ્લાની અંદર ૨૦ ફેમિલી કોર્ટ આપણે બનાવવા જઇ રહ્યા છીએ. એ માટે આ પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રીએ જે આયોજન સ્વીકાર્યું છે અને નાણા મંત્રીશ્રીએ જે આ નાણા ફાળવ્યા છે એ બદલ હું અભિનંદન આપું છું. હાઇકોર્ટ, જિલ્લા અદાલતો, ફેમિલી કોર્ટ, લેબર કોર્ટ, તાલુકા કોર્ટ, આ તમામ કોર્ટોની અંદર ૨૦ કરોડ રૂપિયા એના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે, ઇ ગવર્નન્સ માટે ફાળવ્યા છે. અને છેલ્લે નેશનલ લો યુનિવર્સિટી આંતરરાષ્ટ્રીય ધોરણે આપણા ગુજરાતમાં બની છે જેના માટે ૧૫૦ કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપવામાં આવી છે. એમાંથી અત્યાર સુધીમાં ૧૧૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવેલ છે અને સન ૨૦૧૪-૧૫ ના વર્ષના બજેટમાં બીજા ૩૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

સરકારી વકીલોમાં ઉત્સાહ વધે એ માટે આ સરકારે આસિસ્ટન્ટ ડાયરેકટર ઓફ પ્રોસિકયુશનની ૩૬૦ જગ્યાઓ વર્ગ-૧ થી વર્ગ-૪ની મંજૂર કરી છે. આ નવું માળખું ઉભું થાય એના લીધે ગતિ આવશે અને પબ્લિક પ્રોસિકયુટરના મહેકમ અંગેનો નિકાલ થયો છે. એમ કહેવાયું છે કે નિયત, દાનત એ બાબતનો બજેટ અરીસો છે. મારે કહેવાનું એટલું જ છે આટલુ મોટું બજેટ કાયદા ખાતાને ફાળવેલ છે એ આ સરકારે ઘણી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. એના માટે મારે અભિનંદન આપવા પડે.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૪-૧૫ ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

ખાસ કરીને ગુજરાત રાજયની પૂર્વપટ્ટીનો આદિવાસી વિસ્તાર જેમાં ૧૫ જિલ્લા અને ૫૬ તાલુકાની અંદર વહેંચાયેલો છે. વર્ષોથી ખૂબ ગરીબ હાલતમાં નિરક્ષરતાનું પ્રમાણ ખૂબ ઉંચુ છે. આ સમાજ ખૂબ ભકિત ભાવવાળો અને સાત્વિક જીવન જીવવાવાળો છે. ડુંગરાળ વિસ્તારમાં સગવડતા ન ધરાવતો વિસ્તાર એમાં આ સમાજ જીવી રહ્યો છે. ગુજરાત રાજયના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ દાખલ કરતાં હોઇએ છીએ ત્યારે વર્ષો પહેલા આદિવાસી વ્યકિતનો એક માનવ તરીકે પણ સ્વીકાર કરવામાં આવતો નહોતો. ગામડાંની અંદર પાયાની સગવડો નહોતી, નિરક્ષરતાનું પ્રમાણ વધારે હતું કારણ કે આ વિસ્તારમાં શિક્ષણની સુવિધાઓ નહોતી, ગામની અંદર શાળા ન હોય, આરોગ્યની સુવિધા ન હોય આસપાસ કોઇ હોસ્પિટલ ન હોય, રસ્તાની સુવિધા ન હોય, વીજળીની સુવિધા પણ નહોતી પરંતુ જે તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક વખત એમના પ્રવચનમાં કહ્યું હતું કે આદિવાસી સમાજના લોકો એટલા બધા નિર્બળ નથી માનસિક રીતે મજબૂત લોકો છે, શ્રમિક છે અને મહેનત કરીને જીવનાર લોકો છે ત્યારે એને સામાન્ય ટેકાની જરૂર છે એ એની જાતે ઉભો થવાનો. એના વિકાસ માટે મૂળભૂત જરૂરિયાતો અને એના હક્ક આપવા જોઇએ.

આપણે એને વર્ષો સુધી શિક્ષણ આપી શકયા નહોતા. કન્યા કેળવણી રથયાત્રા શરૂ થઇ તે પહેલા નર્મદા જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો ઘણો વધારે હતો. નિરક્ષરતાનું પ્રમાણ ઘણું જ ઉંચુ હતુ પરંતુ કન્યા કેળવણી રથયાત્રાની શરૂઆત કરી એના લીધે આ વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયાનું પ્રમાણ ઘણું જ નીચુ આવ્યું, નિરક્ષરતાનું પ્રમાણ ઘટયું, સાક્ષરતાનું પ્રમાણ વધ્યું એટલું જ નહિ આ સરકારે છાત્રાલયની સગવડો આપી, હોસ્ટેલોની સુવિધા આપી અને જે સગવડો હતી એમાં ખૂબ જ વધારો કર્યો, ડ્રાય હોસ્ટેલો, આદર્શ નિવાસી શાળાઓ તથા કવોલિટીવાળું શિક્ષણ મળે, ગુણવત્તાવાળુ શિક્ષણ મળે વધારેમાં વધારે પ્રમાણમાં મળે એના માટે સુવિધાઓ ઉભી કરી છે એમ કહેતા મને ખૂબ જ આનંદ અને ગૌરવ થાય છે. આઝાદીના આટલા વર્ષો બાદ એકલવ્ય મૉડેલની સ્કૂલો શરૂ કરવામાં આવી છે. ખેરંજામાં સૈનિક સ્કૂલ શરૂ કરી છે જેમાં આદિવાસી ભાઇઓના બાળકો અભ્યાસ કરી શકે છે. એસ.એસ.સી. હોય કે એચ.એસ.સી. હોય એમાં સોએ સો ટકા પરિણામ આદિવાસી બાળકોનું આવ્યું છે.

આરોગ્યની વાત કરી. બાળક ભણવા જાય, તેનું આરોગ્ય સારું ન હોય તો ભણી શકતું નથી. મજૂરી કરતા મા–બાપ તેને ભણવા માટે મોકલી ન શકે. તેને ખાવાની વ્યવસ્થા, તેને મજૂરીએ જવાનું હોય તેના કારણે પણ તેને પૂરતું ભોજન ન મળ્યું હોય, સારી ગુણવત્તાવાળું, આરોગ્યપ્રદ ભોજન ન મળ્યું હોય. તેના માટે મધ્યાહ્ન ભોજન યોજના સરકારશ્રીએ દાખલ કરી. હાલમાં દૂધ સંજીવની યોજનાની વાત કરી. આ યોજના માત્ર એવા ગરીબ બાળકો માટે અત્યારે આ યોજનાનો લાભ લેનારા બાળકો અમે એ ગામડાંમાં જોઇએ છીએ. એ બાળકો એટલા તંદુરસ્ત બન્યા છે અને ઘણી જગ્યાએ તેમના મા–બાપ અમને એવું કહે છે કે અમારું બાળક પહેલાં દેખતું નહોતું, હવે જોતું થયું છે. અંધાપો આવી જાય એવી બાળકની પરિસ્થિતિ હતી. તેમની તંદુરસ્તી સારી નહોતી. આજે એવા બાળકો પણ શાળામાં જાય છે. શાળામાં ભણતી બાળકીઓને જયારે સાઇકલ આપી છે. બાળકી સાઇકલનો કલર જોતી નથી. તે માત્ર સાધનથી શાળાના કિલોમીટર વધારે હોય તો બાળકીઓ સાઇકલ લઇને ભણવા જાય છે. કન્યા કેળવણી ખૂબ વધી છે. આદિવાસી બાળકીઓ ભણી રહી છે. સરકારશ્રી અનેક યોજનાઓ થકી શિષ્યવૃત્તિઓ અને જેટલું પણ ભણે, મફત શિક્ષણનું પ્રયોજન જયારે આદિજાતિ વિકાસમાં સરકારશ્રીએ દાખલ કર્યું છે. આવનારા સમયમાં આવી બાળકીઓ ખૂબ ભણવાની છે. મેડીકલ લાઇનમાં પણ બાળકીઓ અને વિદ્યાર્થીઓ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસની વાત કરું તો અત્યારે સરકારે સરદાર આવાસ યોજના હોય, ઇંદિરા આવાસ યોજના હોય, રહેવા માટે કાચા મકાન હોય, ઘર પણ ન હોય એવા આદિવાસીઓને પાકા મકાનોની માત્ર દેખાવની યોજના નહીં પણ વાસ્તવમાં પાકું ઘર આપ્યું છે. એવી આ સરકાર ખૂબ સારું બજેટ લઇને આવી છે. અનેક યોજનાઓ આજે અહીં ચર્ચા કરીએ તો ચર્ચા પણ ન થઇ શકે એટલી મોટી યોજનાઓ આદિવાસી વિસ્તારમાં થઇ છે. આવનારા સમયમાં આ સરકારે લોકોને ઉંચા લાવવા માટે જે પ્રકારના પ્રયત્નો કર્યા છે અને આ બજેટમાં સમાવેશ કર્યો છે, હું આ બજેટને સમર્થન કરું છું.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલે અહીં જે બજેટ રજૂ કર્યું છે તેના સમર્થન માટે અહીં ઉપસ્થિત થયો છું.

આ બજેટમાં સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ઉપર આ સરકારે કરેલી કામગીરી અને લોકોને થયેલા જે ફાયદાઓ છે, અનુભવો છે અને રાજય સરકારથી માંડીને ગ્રામ પંચાયત સુધી તાલુકા અને જિલ્લા લેવલ સુધી ઇ-ગવર્નન્સ ક્ષેત્રે સરકારની જે કામગીરી થયેલ છે તેની કેટલીક વાતો હું કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧-૨૦૦૨થી આ ગુજરાત સરકારે જી-સ્વાનનું માળખું બનાવ્યું અને ત્યાર પછી જે સ્ટેટ ડેટા સેન્ટરની સ્થાપના કરી તેની મદદથી, તે ઉપરાંત સાયન્સ અને ટેકનોલોજી વિભાગ હસ્તક જે જુદી જુદી સંસ્થાઓ કામ કરે છે એ બધાની કામગીરી જોઇએ તો આપણને લાગે કે ખૂબ અદભૂત કામ રાજય સરકારે કર્યું છે. ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર શરૂ કરવામાં આવેલું. ૨૦૧૩માં આઇ.ટી.સિક્યોરિટી અને તેની સ્ટાન્ડર્ડ પ્રક્રિયા સંબંધમાં I.S.O.-2000 અને I.S.O.-2001 ઇન્ફોર્મલ સિક્યોરિટી મેનેજમેન્ટ ક્ષેત્રે મેળવવામાં આવેલું. આ જી-સ્વાન અને ડેટા સેન્ટર દ્વારા રાજયના ૩૩ જિલ્લાઓ, ૨૪૮ તાલુકાઓ, ૪૫૦૦ કચેરીઓ અને ૮૦,૦૦૦ વપરાશકર્તાઓને આ માળખા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આઇ.ટી. અને ઇ-ગવર્નન્સ ક્ષેત્રે રાજય સરકારને અત્યાર સુધીમાં ૧૨૧ જેટલા એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તે ઉપરાંત E-TAAL એટલે કે ઇલેકટ્રોનિક ટ્રાન્ઝેકશન એગ્રીકેશન એન્ડ એનાલીસીસ લેયર તેના વેબ પોર્ટલ પર ગત વર્ષમાં નોંધાયેલ ૭૭.૨૧ કરોડ જેટલા ટ્રાન્ઝેકશન જે સમગ્ર દેશમાં સૌથી હાઇએસ્ટ બતાવે છે. એવી જ રીતે જી-સ્વાન અને સ્ટેટ ડેટા સેન્ટરને જોડવાથી તાલુકા કક્ષાને પણ અપગ્રેડ કરવામાં આવેલ છે. અને જુદાજુદા જિલ્લાની જે બહુમાળી બિલ્ડીંગો છે એમાં આઇ.ટી. ઇકવીપમેન્ટસ અને ફાઇનાન્સ મેનેજમેન્ટનું પણ કવરેજ આપવામાં આવેલું છે.

આપણને ખબર છે કે પહેલા રેશનીંગ કાર્ડ મેન્યુઅલી બનતા હતા અને જે સિસ્ટમ આખા ગુજરાતમાં ડીસ્ટ્રીબ્યુશનની હતી એના કારણે હજારો અને લાખો બોગસ કાર્ડ આપણને જોવા મળતા હતા. રાજય સરકારે આ જાહેર વિતરણ વ્યવસ્થામાં પણ આ બારકોડેડ સિસ્ટમ દાખલ કરીને ૧.૧ કરોડ જેટલા બારકોડેડ રેશનકાર્ડ આના માધ્યમથી અત્યાર સુધીમાં ઇશ્યુ કરવામાં આવેલા છે અને એના કારણે ઇ-ગ્રામ સેન્ટરો દ્વારા કુડ કુપનો પણ ઉપલબ્ધ થઇ શકી છે. રાજય સરકારે આ ઇ-ગવર્નન્સ દ્વારા ઉભા કરેલા માળખાની મદદથી જે પ્રોજેકટો હાથ પર લીધા છે એ પૈકી રાજય સરકાર દ્વારા મહત્વના ઇ-પ્રોજેકટસમાં આપણો તાલુકો વાઇબ્રંટ તાલુકો, આ સોફટવેરના એપ્લીકેશન દ્વારા અત્યાર સુધીમાં ૪ કરોડ કરતા પણ વધારે પ્રમાણપત્રો ડીસ્ટ્રીબ્યુટ કરવામાં આવ્યા છે એના કારણે કરોડો માનવ કલાકોની બચત આપણે ગ્રાસરૂટ લેવલ પરથી જોઇ શકીએ છીએ.

એવી જ રીતે વેલ્યુ એડેડ ટેકસ ઇન્ફરમેશન સિસ્ટમમાં પણ આનો ખૂબ મોટા પાયે ઉપયોગ કરવામાં આવેલ છે. ઇ-ગ્રામ એની અંદર ઉપયોગ કરવામાં આવે છે અને ઇ-ધરામાં તો આપણને ખબર છે કે પહેલા જે જમીનના જે રેકર્ડસ હતા એની અંદર ગોબાચારી કરીને કેટલાય લોકોની જમીનો સાથે ધોખો થયો હતો. કેટલા એની અંદર સ્કેન્ડલો થતા હતા એની અંદરથી આજે ગુજરાતના લોકોને ઇ-ધરા દ્વારા મુકિત મળી છે.

એવી જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગત ઓન લાઇન એ દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૩ લાખ કરતા વધારે ફરિયાદીઓની ફરિયાદનું નિરાકરણ આ સ્વાગત ઓન લાઇન દ્વારા કરવામાં આવ્યું છે જેને લીધે આપણને ઉચ્ચ કક્ષાના એવોર્ડો પણ મળ્યા છે. તેવી જ રીતે દરેક જિલ્લાની કલેકટર કચેરીઓના જનસુવિધા કેન્દ્રો, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એને જોડવામાં આવ્યા છે. સાથેસાથે ઇ-મમતા દ્વારા એક કરોડ કુટુંબોના નામની નોંધણી આમાં કરવામાં આવી છે.

મુખ્યમંત્રી અમૃતમ યોજના એનો પણ આમાં ખૂબ મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો છે. સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ વિભાગ એની હસ્તકની જે જુદી જુદી સંસ્થાઓ કામ કરી રહી છે જેમ કે ગુજરાત ઇન્ફર્મેટિક લિમિટેડ, આપણે જાણીએ છીએ કે આ એક એવો ટેકનિકલ વિષય છે જે નાની નાની કચેરી, નાની નાની સંસ્થાઓને પણ આનો અમલ કરવો હોય તો એ અંગેનું ટેકનિકલ માર્ગદર્શન, ટેકનિકલ ખરીદી કરવા માટેની કોઇ સુવિધા એવી ઉપલબ્ધ કરાવવા માટે માનનીય ગુજરાત સરકારશ્રીએ આ ગુજરાત

ઇન્ફર્મેટિક લિમિટેડની સ્થાપના કરી છે કે જેને આપણે સેન્ટ્રલ પરચેઝ ઓર્ગેનાઇઝેશન તરીકે પણ જાણીએ છીએ કે જે નાની નાની કચેરીઓને પણ આવા જુદાજુદા ટેકનિકલ ઇકવીપમેન્ટસ કયા ખરાદવા જોઇએ, કેવી રીતે ખરીદવા જોઇએ, કોન્ટ્રાકટ રેટથી કઇ રીતે કરવું જોઇએ એવી તમામ પ્રકારની સુવિધાઓ આ ગુજરાત ઇન્ફર્મેટિકસ દ્વારા મળે છે.

તેવી જ રીતે ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયૂટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ આ સંસ્થા દ્વારા ગુજરાતની અંદર આપણને ખબર છે કે ધરતીકંપ ૨૦૦૧માં થયો ત્યાર પછી આખા ગુજરાતની અંદર ધરતીકંપનું નામ આવે એટલે ગુજરાતના લોકો હંમેશા ટેન્શન અને ચિંતા અનુભવતા હતા આ ઇન્સ્ટીટયૂટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા ભૂકંપ વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ સઘન, ઉંડાણપૂર્વકનું અને સર્વગ્રાહી સંશોધન કરતી એક માત્ર સંસ્થા જો હોય તો એ ISR છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : આદરણીય અધ્યક્ષ સાહેબ, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ જે ગ્રામ્ય લક્ષી અને મહિલા કેન્દ્રી બજેટ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું અને ગ્રામ વિકાસ અંગે મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાત એ ૧૮૬૦૦ ગામડા ધરાવતું રાજય છે. ગામડાનો વિકાસ થાય તો જ રાજયનો વિકાસ થાય એટલે ગામડાના વિકાસ માટે આ સરકારે અનેક મહત્વપૂર્ણ પગલા લીધા છે. આત્મા ગામડાનો અને સુવિધા શહેરની. ‘‘ન ધરા સુધી ન ગગન સુધી મારે જાવું છે છેવાડાના માનવી સુધી’’ ‘‘આઓ જલાયે દિપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ’’ આ મંત્ર સાથે આ રાજ્ય સરકાર કામ કરી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે સઘન ઝુંબેશ ઉપાડી ગરીબીની રેખા નીચે આવતા લગભગ સાત લાખ જેટલા કુટુંબોને ઘર માટે પ્લોટ અને એના ઉપર મકાન બાંધવાની આર્થિક સહાય પૂરી પાડી છે. હવે સરકારે નવો અભિગમ અપનાવ્યો છે કે, જે કુટુંબો બી.પી.એલ.માં આવતા નથી પણ પોતાની માલિકીની જમીન ઉપર કાચું મકાન ધરાવતા હોય તેવા પરિવારોને તબક્કાવાર પાકું મકાન બનાવવા માટે સહાય પૂરી પાડવા માટે સરદાર આવાસ યોજના–૨ શરૂ કરી છે અને આ યોજના માટે આ બજેટમાં ૭૪૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ગામડાંનાં લોકોને પીવાનું શુદ્ધ અને મીઠું પાણી મળી રહે તેવું રાજ્ય સરકારે આયોજન કર્યું છે. ગામડાંમાં ઘર આંગણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મળી રહે તેની રાજ્ય સરકારે ચિંતા કરી છે. ગામડાંમાં લોકોને આરોગ્ય સેવા મળી રહે તેવું રાજ્ય સરકારે આયોજન કર્યું છે.

રાજ્યના ૧૮,૬૦૦ ગામડાંને જ્યોતિગ્રામ દ્વારા ૨૪ કલાક વીજળી મળે છે. જેનાથી ગામડાંમાં અનેક ઉદ્યોગ–ધંધાનો વિકાસ થયો છે અને ગ્રામ્ય જીવનમાં ગુણાત્મક સુધારો આવ્યો છે. ગામડાંના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે અને ખેતી માટે પાણી મુખ્ય જરૂરિયાત છે. આપણું એ સદભાગ્ય છે કે આપણને નમો અને નર્મદા બન્ને મળ્યાં છે. નર્મદા યોજના સાકાર થતાં અછતના કારણે ગામડાંમાંથી થતી હિજરતો અટકી છે અને ગામડાં હરિયાળા બન્યા છે. ગુજરાતના ગામડાંની જીવાદોરી સમાન નર્મદા બંધની ઉંચાઇ વધારવા અને ડેમને દરવાજા મૂકવાની મંજૂરી આપવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને કોટિ કોટિ વંદન કરું છું અને જે દિવસે ઉંચાઇ વધારવાની મંજૂરી મળી એ જ દિવસથી આ કામનો શુભારંભ કરાવવા બદલ રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને લાખ લાખ વાર ધન્યવાદ આપું છું.

માનવીના જીવનમાં મેળાઓનું અનેરું મહત્વ છે. ધાર્મિક અને સામાજિક મેળાઓ આદિકાળથી આપણે ત્યાં ઉજવાતા આવ્યા છે. આના કારણે આપણો ધાર્મિક અને સાંસ્કૃતિક વારસો જળવાઇ રહ્યો છે. ગુજરાત સરકારનું ગરીબ કલ્યાણ મેળાનું આયોજન એ દરિદ્રનારાયણની સેવા માટેનો એક મહાયજ્ઞ છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સંવેદનશીલ છે. તેઓ સંવેદનશીલ હોવાના કારણે તેમણે ગામડાંનો વિચાર કર્યો, ગામડાંના ગરીબોનો વિચાર કર્યો, છેવાડાના માનવીનો વિચાર કર્યો અને ગરીબ કલ્યાણ મેળાઓ કર્યા અને વચેટિયાઓ નાબૂદ કર્યા. વચેટિયાઓ નાબૂદ કરીને હજારો માણસોની હાજરીમાં સેંકડો કેમેરાની સામે ગુજરાત સરકારે ૧૦૯૮ ગરીબ કલ્યાણ મેળાઓ કરીને ૮૧ લાખ લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓમાં રૂપિયા ૧૨ હજાર કરોડની સહાય ચૂકવી છે અને આ બજેટમાં ગ્રામ્ય કક્ષાએ ૧૧૬ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કર્યું છે. દરિદ્રનારાયણના આશીર્વાદથી માનનીય નરેન્દ્રભાઇ મોદી આજે દેશના વડાપ્રધાન બન્યા છે અને ગરીબોના

આશીર્વાદથી આદરણીય આનંદીબેન પટેલ આ રાજ્યના મુખ્યમંત્રી બન્યા. દરિદ્રનારાયણના આશીર્વાદથી જ ગુજરાતના ૨૬ માંથી ૨૬ કમળો દિલ્હી પહોંચ્યા. આવી ગરીબલક્ષી સરકારનો વિરોધ કરનારાઓ માટે તુલસીદાસે કહ્યું છે કે, ''તુલસી હાય ગરીબ કી, કબુ ન ખાલી જાય, મુએ ઢોર કે ચામ સે લોહા ભષ્મ હો જાય'' આ સરકારનો વિરોધ કરનારાઓ હજી પણ સમજે તો સારું. આ સરકારની ગોકુળગ્રામ યોજના, સમરસ ગ્રામ યોજના, નિર્મળ ગ્રામ યોજના, જ્યોતિગ્રામ યોજના, તીર્થગ્રામ યોજના, પાવનગ્રામ યોજના, મિશન મંગલમ યોજના, મનરેગા યોજના, સરદાર આવાસ યોજના, ઇન્દિરા આવાસ યોજના, વોટર શેડ યોજના, ઇ-ગ્રામ યોજના, ર્રબન યોજના, સ્વચ્છ ગ્રામ, સ્વસ્થગ્રામ યોજના, પંચવટી યોજના, ગ્રામસભા વિગેરે જેવી વિવિધ યોજનાઓથી રાજ્યના ૧૮,૬૦૦ ગામડાંનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. જેના કારણે ગુજરાતના વિકાસનો ડંકો દેશ અને દુનિયામાં વાગ્યો છે. માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલના ગ્રામલક્ષી અને આનંદીબેનના આનંદ કરાવતા અંદાજપત્રને દિલથી આવકારું છું, એને હું મારું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૪-૧૫ નું બજેટ લઇને આવ્યાં છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમનું આ વર્ષનું બજેટ છે ૭૧૩૩૦.૪૪ કરોડ. આખા વર્ષ માટે દરેક વિભાગોમાં સદરવાર કેટલો ખર્ચો કરવો એના માટેનું આ બજેટ છે. અહીંયાં અનેક બજેટો અત્યાર સુધીમાં આપણે જોયાં છે. છેલ્લા ૧૯૯૦ અને એમાં આ ગુજરાતના વિકાસની જે વાતો છે. બજેટ દર વર્ષે બને છે. અહીંયા નર્મદા યોજનાની વાત કરી છે કે તે વખતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ એનું ખાતમુહુર્ત કરેલું પણ કાયદાકીય ગૂંચમાં યોજના અટવાયેલી હતી અને આજે જે નર્મદાનું ૯૦૦૦ કરોડનું બજેટ છે. જો એ વહેલી તકે થયું હોત તો આજે આ ગુજરાતને ઘણો બધો ફાયદો થયો હોત. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, હું એજ વાત ઉપર આવું છું કે, આ ભાજપની સરકાર ગુજરાતમાં છેલ્લા ૧૭ વર્ષથી છે અને એમનો મંત્ર છે કે – ''સૌનો સાથ, સૌનો વિકાસ'' સૌનો સાથ હોય તો ભૂતકાળના જે કાંઇ આ રાજ્યના મુખ્યમંત્રીઓ થઇ ગયા હોય એ કેશુભાઇ પટેલ, માધવસિંહ સોલંકી, બાબુભાઇ પટેલ, શંકરસિંહ જેવા અનેક મુખ્યમંત્રીઓએ આના માટે યોગદાન આપેલ છે અને આજે આપ કહો છો કે આ યોજના અમે કરી, અમે કરી. એટલે ''સૌનો સાથ, સૌનો વિકાસ'' તમારો મંત્ર જો સાચો હોય તો ''સૌનો સાથ, સૌનો વિકાસ'' એ સાચી રીતે સાર્થક કરવો જોઇએ. આજે સવારે માનનીય શકિતસિંહએ વાત કરી કે, આ રાજ્યની અંદર જે ૧૭ લાખ હેક્ટર જમીનને સિંચાઇનું પાણી મળવું જોઇએ. અત્યાર સુધીમાં ૧૭ વર્ષમાં ફક્ત ૨ લાખ હેક્ટર જમીનને સિંચાઇનું પાણી મળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એવી પણ વાત કરીશ કે રાજ્યની અંદર નર્મદા આધારિત પીવાના પાણીની યોજનાઓ ચાલે છે અને હજુ તો ૬૦% જેટલા કામો એ માઇનોર, સબમાઇનોર કે ઢાળિયાના કામો બાકી છે. અહીંયા આપે બજેટમાં કહ્યું છે કે, ૨૦૧૫-૧૬માં કામો પૂરા કરીશું પણ મારા ખ્યાલ મુજબ ૨૦૨૦-૨૨માં પૂરા થાય તો સારું. (અંતરાય) અહીંયા માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ, હું એટલા માટે વાત કરું છું કે, આપે સુજલામ્ સૂફલામ્ યોજનાની પણ વાત કરી છે. એક પેટાચૂંટણીમાં આપ પણ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં ફરેલા અને આપે એ વિસ્તાર કોરોધાકોડ જોયો હતો. નર્મદા યોજના ત્યાંથી પસાર થાય છે, મહી નદી ત્યાંથી પસાર થાય છે, સૂજલામ્ સૂફલામ્ યોજના પણ ત્યાંથી પસાર થાય છે, પણ રાજ્યના કેટલાક વિસ્તારોને અનેક વખત અહીંયા રજૂઆતો કરવા છતાં આ બજેટમાં સમાવવામાં નથી આવ્યા એટલા માટે હું બોલવા ઊભો થયો છું. અહીંયા તમે આખા રાજ્યમાં, સૌરાષ્ટ્રમાં, ઉત્તર ગુજરાત-કચ્છમાં હજારો કરોડ રૂપિયા નાંખો. એ પણ આપણા ખેડૂતો છે, પણ અનેક વખત અહીંયા રજૂઆતો કરી છે. બજેટ સત્ર ચાલુ થવાનું હતું એ પહેલા માનનીય નાણામંત્રીશ્રીનો દરેક ધારાસભ્યોને સૂચનો માટે કે વિકાસ માટેનો પત્ર આવ્યો અને એમાં એવું હતું, મને ખબર છે કે આ વિસ્તારમાં સૂજલામ્ સૂફલામ્ યોજના અથવા તો અંડર ગ્રાઉન્ડ જે સાબરકાંઠામાં પાઇપલાઇન ઠાસરા તાલુકાના તળાવમાંથી જાય છે, મેશ્વો જળાશય અને વાત્રક ભરવા માટે તો એ વખતે પણ રજૂઆત કેટલાક મિત્રોએ કરેલી, અમે પણ કરેલી એના આયોજનનો

સમાવેશ આ બેજટમાં કરવામાં નથી આવ્યો એટલા માટે આ મુદ્દો રજૂ કરવા ખાસ ઉપસ્થિત થયો છું. અહીંયા અંબાજીથી ઉંમરગામ સુધીની જે આદિવાસી પટી છે એના આશરે ૪૫ જેટલા તાલુકા આદિવાસી મિત્રોના છે. એ વિસ્તારમાં ત્યાં બંધો પણ છે એ વિસ્તારના લોકોને લીફ્ટ કરીને અથવા તો ઉંચકીને પણ ઉદવહન સિંચાઇ દ્વારા પાણી આપવું જોઇએ એનો પણ આમાં ઉલ્લેખ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જળ–સંપતિની પણ વાત કરી છે એમાં જે કલ્પસર યોજના પણ ૨૦૦૯માં કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ કરવામાં આવી હતી એનો ફિઝિબિલિટી રિપોર્ટનો પણ કરોડો રૂપિયા ખર્ચો થયો પણ આજ દિન સુધી સૌરાષ્ટ્રને પણ ઉપયોગી થાય એવી આ યોજના છે એનું પણ આ બજેટમાં કાંઇ દેખાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એ પણ વાત કરીશ કે, તળાવો, કૂવા આ બધા રિચાર્જ કરવા માટે અહીંયા આયોજન કરવામાં આવ્યું છે. એવા ગામડાના જે ગામ તળાવો ઉંડા કરવા જોઇએ, એની વાત પણ આમાં નથી. ખરેખર એનો સમાવેશ આમાં કરવો જોઇએ. આજે વરસાદ ખેંચાયો છે, ગામડાના જો મોટા તળાવો હોય અને જો એ ભરવામાં આવે તો ઘણાં સમય સુધી એ કૂવાઓમાં પાણી રહેતું હોય છે પણ એ બાબત આમાં પ્રતિબિંબિત નથી થતી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા શિક્ષણની વાત કરીશ. શિક્ષણ માટે પણ આ સરકારે કેટલી બધી યુનિવર્સિટીઓ પણ બનાવવાનું, વડોદરામાં નોલેજ યુનિવર્સિટી અને ચિલ્ડ્રન યુનિવર્સિટી, સ્ટાફ યુનિવર્સિટી અને સેન્ટ્રલ યુનિવર્સિટી આવી યુનિવર્સિટીઓ પણ બનાવવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આ સરકારમાં વિકાસની વાતો બધી બાજુ જ થાય છે પણ છેવાડાના ગામડાનો જે માણસ છે એના માટે એના શિક્ષણ માટેનું કોઇ પ્રતિબિંબ આમાં પડતું નથી. આવી સેલ્ફ ફાયનાન્સ સ્કુલ–કોલેજોમાં કોણ શું ગામડાના ગરીબ માણસના વિદ્યાર્થીઓ ભણવા જવાના છે, બહેનો ભણવાની છે? એની ચિંતા આ સરકારે નથી કરી ત્યારે ખરેખર સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો અને કોલેજો, આજે પી.ટી.સી., સી.પી.એડ, બી.એડ, એ.ટી.ડી. આ બધી બંધ થતી જાય છે. ગઇ કાલે પણ એ.ટી.ડી.ના વિદ્યાર્થીઓએ આમાં સમાવવા માટે કેટની પરીક્ષામાં સમાવવા માટે પણ એમણે રજૂઆત કરી છે. એટલે આવા જેની પાસે એ.ટી.ડી., સી.પી.એડ કોલેજ જેને આપણે કહીએ તો એની પણ ભરતી કરવામાં નથી આવતી, રાજ્ય સરકારે ભરતી બોર્ડ બનાવ્યા પછી એની કોલેજો પણ કેટલી બધી બંધ થઇ ગઇ છે એટલે આ બધું ખરેખર સરકારે ઘ્યાન રાખવું જોઇએ. સી.પી.એડના જે વિદ્યાર્થીઓ હોય એનામાં સ્પોર્ટ્સ હોય, એમનામાં જોમ અને જુસ્સો હોય એટલા માટે એને એ તાલીમ આપવામાં આવતી હોય છે અને અહીંયા જે એ.ટી.ડી. કોલેજ હોય તો એનામાં જે કલા–કૌશલ્ય હોય એ એનામાં વિકસે, ડેવલપ થાય એટલા માટે આ એ.ટી.ડી. કોલેજો હોય છે. બી.એડ કોલેજોમાં તાલીમ અપાતી હોય છે. બી.એડ કોલેજો આજે બંધ થઇ ( સમયસૂચક ઘંટડી) પી.ટી.સી. કોલેજો બંધ થઇ, આજે તમે જોજો આખા ગુજરાતની અંદર તો એટલા માટે અહીંયા ખરેખર શિક્ષણ ઉપર સરકારે ભાર મૂકવો જોઇએ.

માનનીય અધયક્ષશ્રી, ૧ થી ૯ ધોરણના બાળકોને તમે પાસ કરી દેવાના એમનો કોઇ ટેસ્ટ નહીં લેવાનો. ગામડાની કેટલીક અંદરની શાળાઓ છે, ઓછી સંખ્યાના કારણે કેટલીક શાળાઓ બંધ પણ કરી દઇએ છીએ ત્યારે એ બાળકો જશે કયાં? સાયકલ અને બીજી બધી વાત સરકારે કરી છે, આવકાર્ય છે પણ જે બાળકોને શિક્ષણ મળવું જોઇએ, ગામડાના છેવાડાના, શહેરના જે સુખી સંપન્ન લોકો છે એ તો ટયુશન કરીને અથવા તો ગમે તે રીતે ભણવાના પણ ગામડાના બાળકોની આમાં ચિંતા કાંઇ છે નહીં આ બજેટમાં એટલા માટે ખરેખર માનનીય શિક્ષણ મંત્રીએ ગામડાના બાળકોને શિક્ષણ સારું મળે, શિક્ષકોને બીજી અન્ય પ્રવૃત્તિઓમાં ન જોતરાય, શિક્ષકોને અનેક ચૂંટણીની બાબત અથવા તો બીજી કોઇ બાબત અથવા તો આ સરકારે દર અઠવાડિયે શિક્ષકોને રજા પણ ના હોય અને સતત અને સતત મિટિંગ–મિટિંગ તો એ બાળકોને ભણાવશે શું ? બાળકોને શું ભણાવશે ? તો એટલા માટે સરકારે એવા શિક્ષકોને અન્યની જોગવાઇ કરી અને આ બાળકોને શિક્ષણ પૂરું મળે એટલા માટે સરકારે ચિંતા કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે ખાનગી સ્કૂલો, કોલેજો છે એમાં તગડી ફી લેવામાં આવે છે. ગામડાના બાળકો ફી ભરી શકતા નથી, બહેનો ફી ભરી શકતી નથી અને એટલા માટે તમે અહીંયા વડોદરામાં ભલે નોલેજ યુનિવર્સિટી બનાવો, આવકાર્ય છે પણ સાથે સાથે ગામડાની પણ ચિંતા આમાં હોવી જોઇએ. જે

સુખી સંપન્ન લોકો માટે આ ચિંતા કરી છે. છેવાડાના સામાન્ય ગરીબ માણસ માટે અહીંયા ચિંતા કરવામાં નથી આવી એટલા માટે અહીંયા બજેટમાં ખરેખર આવી બાબતો લેવાય. રાજયની અંદર કેટલાક વિસ્તારો બાકી છે, જયાં શાળાઓ પૂરી છે નહીં એવા પણ ફળીયાઓ છે, એવા પણ ગામડાઓ છે, એવી શાળાઓની અંદર બાળકોને પૂરેપૂરું શિક્ષણ મળે એની પણ ચિંતા સરકારે કરવી જોઇએ, અસ્તુ.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે ૨૦૧૪–૧૫નું બજેટ લઇને આવ્યા છે એ બજેટમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યમાં અનેક આવાસ યોજનાઓ છે. એ ઇંદિરા આવાસ હોય, સરદાર આવાસ હોય, દિનદયાળ ઉપાધ્યાય આવાસ હોય અને સાથે સાથે ગામડાઓમાં જે આમ પ્રજા વસે છે, એના માટે જે ગામતળના પ્લોટોના પ્રશ્નો છે, એ પ્રશ્નો માટે તા. ૩–૬–૧૯૮૦ના રોજ ગામતળના પ્લોટો નીમ કર્યા પછી એ પ્લોટોને બેઠા દરે એટલે પાંચસોની વસ્તી હોય તો ત્રીસ પૈસા, બે હજારની વસ્તી હોય તો પિસ્તાળીસ પૈસા, ચાર હજારની વસ્તી હોય તો સાઠ પૈસા, પાંચ હજારની વસ્તી હોય તો પાંસઠ પૈસા આ જી.આર. ત્યારપછી સરકારે કોઇ સુધારાનો જી.આર. નથી કર્યો. એમ છતાં પણ ગામ તળ નીમ થયા પછી જે તે કલેકટરો અને ડી.ડી.ઓ. આ ગામતળના પ્લોટોની બજાર કિંમત પ્રમાણે જંત્રી પ્રમાણે પ્લોટોની વસૂલાત કરે છે તો એ કયા જી.આર.ના આધારે કરવામાં આવે છે. આ જી.આર. ૨૦૧૧માં સરકારશ્રીએ મુલ્યાંકન સમિતિ દ્વારા ગામતળની જમીનોનું મુલ્યાંકન કરાવવું અને એ પ્લોટો મુલ્યાંકનને આધારે આપવા.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે હમણા વાત કરતા હતા કે એસ્સાર અને એલ એન્ડ ટી.ને મુલ્યાંકન સમિતિ કરતા પણ ઓછા ભાવે જયારે આપણે જમીનો આપતા હોઇએ ત્યારે આ તો ગામતળના પ્લોટોનો પ્રશ્ન છે. જે તા. ૩–૬–૧૯૮૦નો જી.આર. છે એ બહુ જ ડીટેઇલમાં આપેલો છે કે એમાં તાલુકા વિકાસ અધિકારીને સત્તા છે અને એ સત્તાના આધારે એક અપસેટ પ્રાઇઝ નકકી કરી અને બેઠા દરે એને પ્લોટ મળે એ સામાન્ય રીતે પહેલા જે ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦માં પ્લોટ મળતા હતા એ આજે ગામડાંઓમાં પંદર હજાર, વીસ હજાર, પચ્ચીસ હજારમાં પ્લોટ મળે છે એટલે આ બાબતે તા. ૩–૬–૮૦ના જી.આર. મુજબ એની કિંમતમાં વધારો કરવો હોય તો કરીને પણ તા. ૩–૬–૮૦ના જી.આર. મુજબ આ પ્લોટો મળવા જોઇએ અને સાથેસાથે સરકારના કોઇપણ જી.આર. વગર કલેકટર અને ડી.ડી.ઓ.એ આ જંત્રીના ભાવે જયારે આની અપસેટ પ્રાઇઝ નકકી કરી છે એટલે જે લોકોને પૈસા વધારે ભોગવવા પડયા છે એ પૈસા રીકવરીમાં આપવા જોઇએ.

સાથેસાથે આ પંચાયતોમાં જે પૈસા જમા થાય છે એ પંચાયતોમાંથી પૈસા તાલુકા પંચાયત, તાલુકા પંચાયતમાંથી જિલ્લા પંચાયત અને જિલ્લા પંચાયતમાંથી કલેકટર અને કલેકટરમાંથી રકમ સરકારમાં આવે છે અને પાછી એ જ રકમ એ જ પ્રોસીઝર મુજબ પંચાયતોને અનુદાન મળે છે એટલે આ પ્રોસીઝર જે ગામતળના દરની છે એ તા.૩–૬–૮૦ના જી.આર. મુજબ એમાં સુધારો વધારો કરી અને અમલીકરણ કરવામાં આવે. ગામતળના પ્લોટો ગૌચરની જમીન જે ગામતળમાં નીમ કરવાની હોય એ પ્રાંત ઓફિસરને સત્તા હોય. એ તાલુકા પંચાયત અને પ્રાંત ઓફિસરની વચ્ચે દસ, પંદર, વીસ કિલોમીટરનું અંતર હોવાછતાં પણ આવી ગામતળની દરખાસ્તો ત્રણ ત્રણ, ચાર ચાર વર્ષ સુધી કલીયર થતી નથી તો એને તાત્કાલીક ધોરણે આવી ગામતળની દરખાસ્તો મંજૂર કરી અને એને પંચાયતને મોકલી દેવી જોઇએ. સાથેસાથે જન સેવા કેન્દ્રોમાં જે આવકના દાખલા આપવામાં આવે છે. એ દાખલાઓમાં જે ૨૦ રૂપિયા ફી લેવામાં આવે છે એમાં એજન્સીને ૧૧ રૂપિયા ચૂકવવામાં આવે છે અને સરકારમાં ૯ રૂપિયા જમા થાય છે તો આના માટેનું એક મંજૂર કરેલું મહેકમ નકકી કરી અને એમાં કાયમી કર્મચારીની નિમણૂક કરવી જોઇએ અને એ નિમણૂકના આધારે આવવું જોઇએ. સાત/બાર, ૮ અને ૬ નંબર એમાં સાત/બાર આપણે વર્ષોથી જમીન મહેસૂલમાં સાત/બાર ભેગો આપતા હતા. કોઇ ખેડૂત પ્રતિનિધિ મંડળ કે કોઇ ખેડૂતોએ સાત અને બાર બે અલગ કરવાની માગણી કરી નથી પરંતુ આ સરકારનો નિર્ણય એ સાત/બારનો ખોટો છે.

મારા વિસ્તારની વાત કરીએ તો શિક્ષણની વાત કરીએ તો વડગામ તાલુકો એવો તાલુકો છે કે જેનું હેડકવાર્ટર એ ગ્રામ પંચાયતમાં આવેલું છે. ગ્રામ પંચાયતને નગરપાલિકામાં ફેરવવા માટે જે વસ્તીનો

ક્રાઈટેરીયા છે એ ક્રાઈટેરીયા દૂર કરી અને તાલુકાના હેડ કવાર્ટરને આવો વિશેષ દરજ્જો આપવામાં આવે. સાથેસાથે જે પાણી પુરવઠાની યોજનાઓ છે એ પાણી પુરવઠાની યોજનાઓમાં જે જુથ પાણી પુરવઠા યોજના છે એનો ચાર્જ વ્યકિતદીઠ ૬૦ રૂપિયા લેવામાં આવે છે ત્યારે પંચાયતો જે વેરો લે છે, જે ગામમાં જુથ યોજના નથી એ પંચાયતો જે વેરો લે એ કુટુંબદીઠ ૧૫૦ રૂપિયા લેતી હોય છે એટલે એ કુટુંબમાં માની લો કે છ સભ્યો હોય તો ૩૦૦ ચૂકવવા પડે છે ત્યારે પંચાયતો જે વેરો લે છે એ ૧૫૦ રૂપિયા લે છે એટલે જુથ યોજનાનું પાણી કોઇ લેતું નથી એટલા માટે દરો પણ ઓછા કરી જુથ યોજનાને સક્રિય કરીને લોકોને પાણી આપવું જોઇએ. મારા વડગામ વિસ્તારમાં એક પણ કોલેજ ગ્રાન્ટેડ કોલેજ નથી કોઇપણ પ્રવાહની. બધી જ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો ચાલે છે એટલે તાલુકા કક્ષાએ પણ આવી ગ્રાન્ટેડ કોલેજો આપવી જોઇએ. બાળકોને આજે વીસ–વીસ, પચ્ચીસ કિલોમીટર પાલનપુર સુધી અભ્યાસ માટે જવું પડે છે એટલે આ વિસ્તારમાં તાલુકાના હેડકવાર્ટરદીઠ તમામ પ્રવાહની કોલેજોનું શિક્ષણ બાળકોને મળે એ માટે વ્યવસ્થા કરવી જોઇએ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વર્ષ ૨૦૧૪–૧૫ નું ફેરફાર કરેલું અંદાજપત્ર લઇને આ ગૃહ સમક્ષ જ્યારે આવ્યા છે, ત્યારે એના સમર્થનની અંદર હું ઉપસ્થિત થયો છું.

આ ફેરફાર કરેલા અંદાજપત્ર ઉપર અમારા પક્ષના સભ્ય અને સાથી પક્ષના સભ્યોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. સાથી પક્ષના વિચારોને અમે સમજી શકીએ છીએ. એમના અંદરની વેદનાને પણ અમે સમજી શકીએ છીએ.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં વધારો ન કરતા બોલીને.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : વિપક્ષના નેતાશ્રીએ ગુજરાત મૉડેલની વાહવાહેની વાતો કરી. માનનીય સભ્યશ્રી શક્તિસિંહભાઇએ નાના માણસની ચિંતા કરી. મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવાનું છે કે આ ગુજરાતની જનતા હવે આવી તમારી એક પણ વાતો માને તેમ નથી, કારણ કે આ વાતો બહુ જૂની થઇ ગઇ. નાના ઉદ્યોગો બંધ થવાની વાતો કરી, લોકો ન માન્યા. તમે ભ્રષ્ટાચારની ખૂબ વાતો કરી, લોકો ન માન્યા. ઉદ્યોગોને સસ્તી જમીન આપવાની વાત કરી, લોકોએ વાત સ્વીકારી નહીં. ઘરનું ઘર આપવાની વાત કરી અને લોકોએ સ્વીકારી નહીં. તમે એટલેથી ન અટક્યા અને તમે અમારા ઉપર વ્યક્તિગત આક્ષેપોની ઝડી વરસાવી, લોકોએ ન સ્વીકારી. ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે યે પબ્લિક હૈ, સબકૂછ જાનતી હૈ. યે પબ્લિક હૈ, સબકૂછ જાનતી હૈ. હવે મારે વિપક્ષના સભ્યશ્રીઓને એટલું જ કહેવાનું છે કે અરીસો સાફ કરવાનું બંધ કરો. ડાઘ તમારા ચહેરા ઉપર છે. જે હું વાત કરી રહ્યો છું, તેનાં કારણો પણ છે. ગરીબો પ્રત્યે સમાન દ્રષ્ટિ રાખવાની અમને સલાહ આપો છો. તમે ગરીબો પ્રત્યે, અમીરો પ્રત્યે સમાન દ્રષ્ટિ રાખો. અમારી દ્રષ્ટિમાં અને તમારી દ્રષ્ટિમાં ખૂબ ફરક છે. તમારી દ્રષ્ટિએ ગરીબ એ ગરીબ માણસ નથી. તમારી દ્રષ્ટિએ ગરીબ એ માત્ર 'મત' છે. જ્યારે અમારા માટે ગરીબ એ દરિદ્ર નારાયણ છે.

હું સામેના સભ્યશ્રીઓનું પ્રવચન સાંભળી રહ્યો હતો. હવે કેસરી કલર જોઇને ભડકવું શા માટે? ત્યારે માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, એના સમર્થનમાં હું મારી વાત અને વિષય મૂકવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે દેશ અને દુનિયાની અંદર બે વિચારધારાની જબરદસ્ત ચર્ચા ચાલે છે.

આર્થિક વિચારધારા. એક વિચારધારા એમ કહે છે કે વિકાસનો રસ્તો કયો, રાહ કયો? તો એ એમ કહે છે કે સામાજિક વિકાસ થકી આર્થિક વિકાસ કરવો. પહેલો સામાજિક વિકાસ થાય, ગરીબો સક્ષમ થાય, સમૃદ્ધ થાય અને રોજગારી ક્રિએટ થાય અને ત્યાર પછી આર્થિક વિકાસ થાય. બીજો પક્ષ એમ કહે છે કે એમ નહીં. વિકાસ જો કરવો હોય તો પહેલાં આર્થિક વિકાસ કરવો પડે. આર્થિક વિકાસ થકી સામાજિક વિકાસ થાય. મારે આ દેશ અને દુનિયાના આર્થિક પંડિતોને કહેવું છે કે આર્થિક વિકાસ થકી સામાજિક વિકાસ કે સામાજિક વિકાસ થકી આર્થિક વિકાસ. આ બંનેની વચ્ચે ગુજરાતનું જે વિકાસ મોડલ છે તેમાં આર્થિક વિકાસ પણ સાથે અને સામાજિક વિકાસ પણ સાથે. બંને વિકાસ એક સાથે થયા હોય તો તે ગુજરાત મૉડૅલ છે. આ કેમ બન્યું? તે બધાને નહીં સમજાય અને ન સમજાણું. કારણકે રાજય સરકારની આર્થિક યોજનાઓની સાથોસાથ આર્થિક ફ્લેગશીપ કાર્યક્રમો કર્યા. વાઇબ્રન્ટ ગુજરાતની ખૂબ ટીકાઓ થઇ પણ વાઇબ્રન્ટ ગુજરાતના કારણે સાચ અર્થમાં ગુજરાત વાઇબ્રન્ટ બન્યું છે. આ અમારા આર્થિક વિકાસના આર્થિક ફ્લેગશીપ કાર્યક્રમોના કારણે બન્યું છે. અમે માત્ર આર્થિક ફ્લેગશીપ કાર્યક્રમો કરીને ઉભા રહ્યા નહીં. સાથોસાથ પૅરેલલ સામાજિક ફ્લેગશીપ કાર્યક્રમો પણ આપ્યા. યોજનાની સાથોસાથ આપ્યા. તે પછી શાળા પ્રવેશોત્સવ હોય, ગુણોત્સવ હોય, ખેલ મહાકુંભ હોય, પતંગ ઉત્સવ હોય, નવરાત્રી ઉત્સવ હોય, વસંતોત્સવ હોય, ગરીબ કલ્યાણ મેળાઓ હોય, બેટી બચાવો હોય, કુપોષણ હોય, કૃષિ મહોત્સવ હોય આ બધા જ સામાજિક ફ્લેગશીપ કાર્યક્રમને કારણે સમાજના અંતિમ છેડા ઉપર બેઠેલો માણસ જાગૃત થયો અને તેના લીધે આખા દેશની અંદર ગુજરાત મૉડૅલની ચર્ચા થઇ.

મને જણાવતાં આનંદ થાય  છે કે ૨૦૧૪ની ચૂંટણી આ ગુજરાત મૉડૅલના આધાર ઉપર લડાઇ. તેનાથી વિશેષ આનંદ એ થાય કે આ મૉડૅલ ઉપર ચૂંટણી લડાઇ અને દેશની સવાસો કરોડની જનતાએ ગુજરાત મૉડૅલનો સ્વીકાર કર્યો. વિપક્ષના નેતાએ સાચુ કહ્યું કે ગુજરાત મૉડૅલની વાહવાઇ. અરે, ગુજરાત મૉડૅલની વાહવાઇ ગુજરાતની સાડા છ કરોડ જનતા નહીં પણ દેશની ૧૨૫ કરોડ જનતાએ ગુજરાત મૉડૅલની વાહવાઇ કરી છે. આ ગુજરાત મૉડૅલ શું છે? આમ સામાન્ય રીતે એવું કહેવાય કે ટોપ ટુ બોટમ. ગુજરાત મૉડૅલની અંદર ટોપ ટુ બોટમ નહીં પણ બોટમ ટુ ટોપ. નીચેથી ઉપર, નીચેથી વિકાસ શરૂ થાય અને ઉપર જાય આ ગુજરાતનું મૉડૅલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે જયારે જયારે કોઇ દેશનું કે રાજયનું બજેટ આવતું હોય ત્યારે સ્થાનિક અખબારો તેનો અભિપ્રાય અને તેનું ટાઇટલ બાંધતા હોય છે. સામાન્ય રીતે ટાઇટલ એવા હોય કે ગ્રામ્યલક્ષી, ગરીબલક્ષી, ઉદ્યોગલક્ષી  એટલે કે લક્ષી અગર તો વિરોધી. અખબારો આ રીતે તેના ટાઇટલ બાંધતા હોય છે. પણ ઇતિહાસની અંદર પહેલી વખત, ઇતિહાસની અંદર પહેલી વખત અખબારોએ જો ટાઇટલ કર્યુ હોય તો તે ગ્રામલક્ષ્મી, ગ્રામલક્ષ્મી ટાઇટલ કર્યુ. આ ગુજરાત  મૉડૅલની સૌથી

મોટી અંજલિ છે. ગુજરાત મોડૅલને સૌથી મોટી અંજલિ છે. એ શકય ત્યારે બન્યું કે ગુજરાતે માત્ર સરકારી યોજનાઓ મૂકી અને બેસી ન રહ્યા. સરકારનું જે કામ છે, રાજયનો જે વિકાસ છે એમાં સાથે જનતાને જોડી અને એવું વાતાવરણ ઉભું કર્યું કે લોકો સ્વયં જોડાય. જનશકિતના માઘ્યમ દ્વારા, જળશકિતના માઘ્યમ દ્વારા, ઉર્જાશકિતના માઘ્યમ દ્વારા, ગ્રામશકિતના માઘ્યમ દ્વારા, રક્ષાશકિતના માઘ્યમ દ્વારા આ પાંચ શકિતના પાયા ઉપર ગુજરાતનું વિકાસ મોડેલ, ગુજરાતનું આ સ્ટ્રકચર આજે મજબૂત બનીને બહાર આવ્યું છે ત્યારે આજે ગુજરાતના જે વર્તમાન પત્રો છે એ ગ્રામલક્ષ્મીનું ટાઇટલ એના અખબારની અંદર આપે છે.

માનનીય અઘ્યક્ષશ્રી, ગુડ ગવર્નન્સ એનું જે વાતાવરણ બનાવ્યું કે લોકોને પોતાની ક્ષમતાઓ મુજબ કામ કરવાનું યોગ્ય વાતાવરણ આપ્યું, બંધિયાર વાતાવરણ નહીં પણ આ સાડા છ કરોડ જનતાને પોતાની જે ક્ષમતા હોય એ, પોતાનું જે સ્કીલ્ડ હોય એ આ રાજય સરકારે વાતાવરણ આપ્યું આ ગુજરાતનું મોડેલ છે. એક દાયકાની વિકાસ યાત્રા પછી મને જણાવતા આનંદ થાય છે કે, સામાજિક કલ્યાણની પાછળ ૪૮.૭૬ ટકા, સામાજિક ક્ષેત્રની અંદર બજેટની ફાળવણી થઇ છે ત્યારે આજે આ રાજયના જે વંચિતો છે એ કવિ રાવજી પટેલને ટાંકીને આ આનંદીબેન પટેલની સરકારને બજેટના સંદર્ભે પ્રેમભર્યા શબ્દોમાં કહેતા હશે, રાવજી પટેલને ટાંકીને કે, ‘‘સાંવરીયૉરે મારો સાંવરીયો, મેં તો માંગ્યો ખોબો ને તે દીધો દરિયો. ’’ માનનીય અઘ્યક્ષશ્રી, આ બજેટની અંદર સૌથી વધારે જો પ્રાધાન્ય આપ્યું હોય તો મહિલાઓને આપ્યું છે, વંચિતોને આપ્યું છે, રોજગારીને સૌથી વધારે પ્રધાન્ય આપ્યું છે અને સામાજિક સેવાઓની મેં વાત કરી એ માનવ વિકાસને ઘ્યાનમાં રાખી અને સૌથી વધારે એને પ્રાધાન્ય આપ્યું છે.

માનનીય અઘ્યક્ષશ્રી, સામાજિક સેવાઓ પાછળ સામાજિક સેવાના મુખ્ય ત્રણ અંગ છે. શિક્ષણ, આરોગ્ય અને પીવાનું પાણી. શિક્ષણની પાછળ શિક્ષણમાં ૨૨૭૭૪ કરોડ, આરોગ્ય ૭૨૩૦ કરોડ અને પીવાનું પાણી ૩૦૦૧ કરોડ, અન્ય ૧૦૭૭૬ કરોડ એમ કુલ ૭૧૩૩૦ કરોડના બજેટમાં ૪૮.૭૬ ટકા રકમ ફાળવી અને ૩૪૭૮૧ કરોડ રૂપિયા સામાજિક સેવાઓ પાછળ ફાળવ્યા છે ત્યારે ગુજરાત મોડૅલની હું એક થોડી વાત કરવા માગુ છું. અને મેં વાત કરી છે કે, મહિલાઓ પાછળ મહિલાઓને સશકત કરવા માટે આ રાજય સરકારે જે બજેટમાં ફાળવણી કરી છે, માત્ર આર્થિક યોજનાઓની હું વાત નથી કરતો મહિલાઓની જે આર્થિક યોજનાઓ છે, વિકાસની યોજનાઓની હું વાત નથી કરતો પણ, મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક મંડળીઓ બમણી કરવાનો લક્ષ્યાંક આ સરકારે રાખ્યો છે. માનનીય અઘ્યક્ષશ્રી, વાસ્મો યોજના અન્વયે મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના આ સરકારે આ બજેટમાં મૂકી છે. મને કહેતા આનંદ થાય છે કે, આ આર્થિક યોજના નહીં પણ આ શાસનમાં મહિલાઓને ભાગીદાર જ માત્ર નહીં પણ સંપૂર્ણ શાસન મહિલાઓના હાથમાં સોંપવાનો નિર્ધાર આ સરકારે કર્યો છે અને એને માટે આ બજેટમાં જોગવાઇઓ કરી છે.

મહિલાઓ પોતે આર્થિક રીતે પગભર થાય, મહિલા સશકત બને આર્થિક રીતે એ માટે આ સરકારે મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને સહાય આપવાનું નક્કી કર્યું છે. મહિલાઓ પોતે સંપૂર્ણપણે મહિલા સંચાલિત દૂધ મંડળીઓ હોય એ દૂધ મંડળીના મકાન માટે પ્રત્યેક મકાનનો ખર્ચ ૫ લાખ રૂપિયા સરકાર આપશે. સાધનો વસાવવા માટે ૯.૭૦ લાખની મર્યાદામાં ૮૦ ટકાની સહાય આપશે. દૂધાળા પશુની ખરીદી કરવા બેન્ક લોન પર ૩ વરસ માટે પાંચ ટકાની વ્યાજ સહાય આપશે. મીલ્કીંગ મશીન માટે ૩૩,૭૫૦ તથા કટર માટે ૧૫,૦૦૦ સુધીની મર્યાદામાં ૭૫ ટકા સુધી સહાય આપશે. મહિલાઓને દૂધાળા ઢોર ખરીદવા યુનિટ કોસ્ટ જે ૩૯,૪૦૦ હતી તે વધારીને ૫૪,૪૦૦ કરી છે. પશુઓના વીમા માટે પશુઓ આપણે લેવડાવ્યા એના માટે લોન પણ આપી, પણ આ જ્યારે પશુઓ લેવામાં આવે અને એનું જ્યારે જોખમ પણ હોય છે તો એનો વીમો ઉતરાવવા માટે ૫૦૦ રૂપિયા સુધીની વીમાની પ્રીમીયમની સહાય આ રાજ્ય સરકાર ભોગવશે. સ્વ–સહાય જૂથોને મજબૂત કરવા મિશન–મંગલમ્ થકી ૧૪૬૬ કરોડના આર્થિક કારોબારનું નિર્માણ કરવું અને નિરાધાર વિધવા મહિલાઓ માટે પણ ૧૬૮ કરોડ રૂપિયાની જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે. મહિલાઓના પોષણ માટે અનેક યોજનાઓ કરી છે. પહેલાં લાભાર્થીની માથાદીઠ આવક જે સગર્ભા બહેનો અને પ્રસૂતિ બાદ પોષ્ટિક આહાર માટે હતું એના માટેની સહાય ૨૧૦૦ રૂપિયાથી વધારીને ૬૦૦૦ રૂપિયાની સહાય કરવાનો નિર્ણય આ સરકારે કર્યો છે.

માત્ર શાસનમાં ભાગીદારી કે સંપૂર્ણ શાસન નહિ. માત્ર આર્થિક સહાય જ નહિ. પણ સેવાના ક્ષેત્રોમાં પોલીસદળની ભરતીમાં ૩૩ ટકા અનામત બહેનોને આપીને બહેનોને પુરુષ સમોવડી કરવાનો પ્રયત્ન આ સરકારે આ બજેટમાં કર્યો છે. અહીં હમણાં આદિવાસી વિસ્તારની ચિંતા કરવામાં આવી. મને કહેતા આનંદ થાય છે કે, ઉમરગામથી અંબાજી સુધીનો પટ્ટો, અહીં અમારા સભ્યોએ ચિંતા પણ કરી કે ત્યાં સિંચાઇના પાણીની સગવડતા નથી. સરકાર આ બાબતમાં ચિંતિત છે. નર્મદા કેનાલ અને નર્મદા ડેમના હાંફેશ્વરથી પાઇપ લાઇન નાંખી દાહોદ, છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં લિફ્ટ ઈરીગેશન કરીને આ ત્રણેય જિલ્લામાં સિંચાઇ માટેના પાણીની યોજના કરી. અમારા તાપી અને નર્મદા વચ્ચેનો વિસ્તાર એમાં પણ ઉપરના વિસ્તારના ચાર પાંચ તાલુકાઓ, નીચે તો ઉકાઇનો કમાન્ડ મળે, પણ જ્યાં ઉકાઇનો કમાન્ડ નથી મળતો, કરજણનો કમાન્ડ નથી મળતો ત્યાં પણ લિફ્ટ ઈરીગેશન કરીને ઉકાઇ–ગોરધા લિન્ક કેનાલની યોજના આ રાજ્ય સરકારે અમલમાં મૂકી છે. આદિવાસી વિસ્તારમાં સિંચાઇ યોજના માટે ૩૯૧ કરોડ રૂપિયાની વધારાની જોગવાઇ કરી છે. પાણી પુરવઠો, પાણી પુરવઠા માટે આદિવાસી વિસ્તારમાં આ બજેટમાં ૧૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે, એ પહેલાં આદિવાસી વિસ્તારની અંદર ભૂગર્ભનું પાણી લોકો પીતા હતા, આ રાજ્ય સરકારે વધારેમાં વધારે લોકોને સરફેસ વોટર મળે, ક્વોલિટી પાણી મળે, એ માટેની ચિંતા

કરી છે, આદિવાસી વિસ્તારમાં નાના નાના ખેડૂતો, જે નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતો છે એને પરવડે એવા નાના કદના નેટ હાઉસ, પુલી હાઉસ માટે પણ આ બજેટમાં જોગવાઇ કરી છે. આદિવાસીઓમાં પણ આદિવાસી કહેવાય એવા હળપતિ લોકોને આવાસ યોજનામાં પહેલાં જે મકાનો બંધાઇ ગયા હતા પણ એ મકાન જર્જરિત થઇ ગયા હતા, નિયમ એવો હતો કે એક વખત જો હળપતિને મકાનની સહાય આપવામાં આવે તો બીજી વખત એને સહાય મળે નહિ, પણ આ રાજ્ય સરકારે માનવતાના ધોરણે આ જે હળપતિના એક વખત મકાન બની ગયા છે અને એ જર્જરિત થઇ ગયેલ હોય તો એને નવેસરથી મકાન બનાવવા માટે જે યુનિટ કોસ્ટ ૪૫,૦૦૦ હતી તે વધારીને ૭૦૦૦૦ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે. આજે હું અત્યારે આ બધી વાત મૂકી રહ્યો છું એ વંચિત વિસ્તારની અને આદિવાસી વિસ્તારની છે, ગરીબોની વાત છે એટલે અમને કહેવાનો સંપૂર્ણ અધિકાર છે કે અમે ગરીબોને દરિદ્ર નારાયણ તરીકે જોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની દૃષ્ટિએ આ બજેટની અંદર સર્વોચ્ચ, સર્વે સર્વશ્રેષ્ઠ જોગવાઇઓ કરવામાં આવી છે. પછી એ આઇ.ટી.આઇ.નું મજબૂતીકરણ હોય કે આઇ.ટી.આઇ.ની અંદર જે ૧૫૦૦૦ બેઠકો હતી.  તેમાં ૨૫૦૦નો વધારો કરી અને હવે ૧૭,૫૦૦ બેઠકો વધશે. ૧૬૫ કૌશલ્યવર્ધન કેન્દ્રો બનશે.આઇ.ટી.આઇ.માં છ માસથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડના કોર્ષમાં પાસ થતા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવશે. આઇ.ટી.આઇમાં પાસ યુવાનોને રૂપિયા એક લાખ સુધીની બેન્ક લોન ઉપર સાત ટકાની વ્યાજ સહાય અને જરૂર પડે તો બેન્કો સાથે કરીને રાજય સરકાર તેની ગેરેન્ટર બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, કડિયા કામ, સુથારી કામ, પ્લમ્બીંગ કામ વગેરે લગતી ઉચ્ચ કૌશલવાળી તાલીમ પેટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોની અંદર પણ આઇ.ટી.આઇ.ની બેઠકમાં વધારો કરવામાં આવ્યો છે. એટલુ જ નહીં પણ ૩૮૦૦ બેઠકો સાથે નવી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા શરૂ કરવાનુ પણ આ રાજય સરકારે આયોજન કર્યુ છે. જયારે રોજગાર ક્ષેત્રે સરકારે આટલુ કર્યુ હોય ત્યારે આ સરકાર ખરેખર ગરીબોની હામી છે એવુ પ્રતિપાદન થાય છે. વંચિતો માટે જે પહેલા હું કૃષિની વાત કરું છું જે વંચિતો વિસ્તાર અને કૃષિની વાત કરું છું ત્યારે અહીં વાત કરે છે કે ગુજરાતને વર્ષો સુધી ખૂબ અન્યાય થયો, ખેતીની ખૂબ ચિંતા કરી ત્યારે મારે આ માનનીય સભાગૃહને જણાવવું છે કે અમદાવાદના એરપોર્ટ ઉપર ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રી, ખેડૂતો જે શાકભાજી પકવે તેનું એકસપોર્ટ થતું હોય તેની માટે જે વિમાન મોડું આવે અને તેની શાકભાજી બગડે નહીં એ માટે રૂપિયા દસ કરોડના ખર્ચે કોલ્ડ સ્ટોરેજ બનાવ્યુ હતુ. બે વર્ષ પહેલાં આ કોલ્ડ સ્ટોરેજ બની ગયુ પણ ભારત સરકારની અંદર એરપોર્ટ ઓથોરિટીની મંજૂરી લેવાની હતી અને બે વર્ષથી આ ગુજરાતના અધિકારીઓ તેની મંજૂરી માટે દિલ્હીના આંટા મારતા હતા. કોલ્ડ સ્ટોરેજ બંધ (અંતરાય ) તમે શાંતિ રાખો, શાંતિ રાખો. કોલ્ડ સ્ટોરેજ બંધ, ખેડૂતોને હેરાનગતિ, ખેડૂતોના

શાકભાજી બગડતા પણ આ પ્રજાકીય સરકાર આવી અને એક જ વખત અધિકારી ગયા અને મંજૂરીનો કાગળ લઇને અહીંયા આવ્યા, આ સરકાર છે.

ગરીબોને, ખેડૂતોને, કૃષિ ઉત્પાદન વધારવા વિના મૂલ્યે કીટ આપવાનું આયોજન કર્યુ. કૂવા, ગોડાઉન, ગ્રીન હાઉસ, નેટ હાઉસ, ખેત યાંત્રિકરણના સાધનો લેવા માટે છ ટકાની સહાય. ખેડૂતોના ખેતરમાં ગોડાઉન, ખેડૂતોના ખેતરમાં ગોડાઉન કરવા માટે છ ટકાનું વ્યાજ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનીય સભાગૃહની અંદર એક ખૂબ સંવેદનશીલ વાત કરવી છે. જેને પોતાનું ખેતર નથી અને નદીઓના ભાંઠાની અંદર શાકભાજી અને ફ્રૂટનું વાવેતર કરી અને તેનું ગુજરાન ચલાવે છે એવા ગુજરાતના દેવીપૂજક ભાઇઓને પણ આ ગુજરાત સરકારે આ બજેટની અંદર યાદ કર્યા છે. દેવીપૂજક સમાજના જે શાકભાજી અને ફ્રૂટનું વાવેતર કરે છે તેને સારુ બિયારણ લેવા માટે આ બજેટની અંદર જોગવાઇ છે. સાવ છેવાડાનો મારો ભાઇ,મારો દેવીપૂજક ભાઇ તેના માટે આ રાજય સરકારે ચિંતા કરી છે ત્યારે અમને અધિકાર છે કે અમે ગરીબોના હામી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાયકલની વાત આવે ત્યારે અહીંયા સાયકલની ચર્ચા ના કરે તેના કલરની ચર્ચા કરે. અરે ભાઇ, કલરની ચર્ચા શા માટે કરવાની? સાયકલ વધારે આપો એમ નહીં પણ કલર આ કેમ? માધ્યમિક શાળામાં ધોરણ ૯માં ભણતી વિદ્યાર્થીઓને સાયકલ આપવાની યોજના કરી છે. કન્યા શિષ્યવૃત્તિ માટે ૨૫૦/- વધારી અને ૭૫૦/- કર્યા છે. ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની યોજના કરી છે. આવી વંચિતોની અનેક યોજનાઓ છે.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા તેજશ્રીબહેન નથી, તેઓ વાત કરી અને નીકળી ગયા. તેમણે મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાની વાત કરી અને તેમણે વાત કરી કે આનો વ્યાપ વધારવો પડે આ માત્ર બીપીએલ માટે છે. તેમણે બજેટ વાંચ્યુ નથી. બજેટ વાંચ્યા વગર જે વિષય મૂકે માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, અસંગઠિત ક્ષેત્રના કામદારોની નોંધણી કરી મુખ્યમંત્રી અમૃતમ્ યોજનામાં સમાવી લેવાનો તેણે સમાવેશ કર્યો છે. આ યોજનામાં રાજયના મધ્યમવર્ગના કુટુંબો સુધી વધારો કરી મધ્યમ વર્ગની તમામ બહેનો અને એના ૨૧ વર્ષના બાળકને મુખ્ય મંત્રી અમૃતમ યોજનામાં સમાવી લેવાનો આ રાજય સરકારે સમાવેશ કર્યો છે. આ સરકાર શ્રમિકો કે જે અત્યાર સુધી જે બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા ગરીબ પરિવારોને સરકારે કયારેય યાદ કર્યા નથી પણ બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકો માટે આ રાજય સરકારે રૂપિયા ૨૮૬ કરોડની જોગવાઇ કરી છે એટલું જ નહીં પણ આ ૨૮૬ કરોડ રૂપિયામાં શહેરી વિસ્તારમાં પોતાનું ઘર ખરીદવા માટે જે બાંધકામ ક્ષેત્રમાં શહેરી વિસ્તારમાં મજૂર છે એને ઘર ખરીદવા માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી મુખ્ય મંત્રી અમૃતમ્ યોજનામાં એને પણ જોડી લીધા એટલું જ નહીં પણ રોડ ઉપર ફૂટપાથ પર રહેતા આ ગરીબ શ્રમિકો એને જો ભાડે મકાન લેવું હોય તો ભાડે મકાન લેવા માટેની સહાયના ૨૦ કરોડ રૂપિયા. શ્રમિકોના બાળકોને એના માતા પિતા મજૂરી કરતા હોય અને બાળકો ધૂળમાં આળોટતા હોય તેવા બાળકો માટે હોસ્ટેલ માટેની પણ જોગવાઇ કરી છે એટલું જ નહીં પણ આ બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકો અને એની કોઇ વ્યવસાયિક જો કોઇ બિમારી થાય તો એને પહોંચી વળવા માટે સરકારે ચિંતા કરી છે અને એના માટે ત્રણ લાખ રૂપિયાની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસની વાત- ઘરના ઘરની વાત બહુ કરી. હું આ વાત એટલા માટે નથી કહેતો કે, અમારા સભ્યશ્રીઓ જે છે એમણે આ વાત કરી છે. વંચિતોના વિકાસ માટેની. લઘુ ઉદ્યોગની ચિંતા થઇ. લઘુ ઉદ્યોગ, માઇક્રો ઉદ્યોગ અને કુટિર ઉદ્યોગ, તમે આ બજેટને એક વખત વાંચી લેજો. સૌથી વધારે યોજના લઘુ ઉદ્યોગ, માઇક્રો અને કુટિર ઉદ્યોગ માટે આ સરકારે મૂક્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, સમયના અભાવે હું વધારે વાત કરતો નથી પણ માળખાકીય સુવિધા, જે મેં પહેલાં વાત કરી કે સામાજિક સુવિધાઓ થકી સામાજિક યોજનાઓ થકી આર્થિક યોજનાઓ અને ગુજરાતનું મોડલ છે બંનેને સાથે રાખવા આર્થિક

વિકાસ પણ અને સામાજિક વિકાસ પણ અને એને માટે રસ્તાઓ બનાવવા માટે ૧૪૪૧ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. અહીં સાંભળવા મળે છે કે, આ વર્ષની અંદર તો આટલી લંબાઇના રસ્તા હતા તો ગુજરાત સરકારે આ વર્ષમાં આટલી લંબાઇના કરી અને લંબાઇ ઘટાડી દીધી છે. ઘટાડવાનું કારણ એ છે કે, છેક ગામ સુધી કનેકટીવીટી મળે એવા બધા જ રસ્તાઓ આ ગુજરાત સરકારે કરી દીધા છે એટલે લંબાઇનો પ્રશ્ન નથી પણ હવે રસ્તાઓની પહોળાઇનો પ્રશ્ન છે. દશ ફૂટના રોડ કરવા, સાત ફૂટના રોડ કરવા વગેરે જયારે કર્યા છે ત્યારે હવે કેટલી લંબાઇના નહીં પણ કેટલી પહોળાઇના રોડ કર્યા.

આરોગ્ય ક્ષેત્રે પણ આ સરકારે એટલી જ જોગવાઇ કરી છે. માત્ર આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ જ નહીં, પણ એક નાણાકીય વ્યવસ્થાપનની દ્રષ્ટિએ પણ ગુજરાત નંબર વન છે. રાજયનો વિકાસ રાજયના સુંદર નાણાકીય વ્યવસ્થાપનને કારણે શક્ય બન્યો છે. આ બજેટની અંદર બિન ઉત્પાદક ખર્ચ ઓછો કરીને ઉત્પાદક ખર્ચની અંદર વધારે નાણાં રોકાય એ માટે રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને મને કહેતા આનંદ થાય છે કે, આ રાજય સરકારનો જે પ્લાન હોય, ૨૦૦૪માં જયારે ૯૪૯૦ કરોડ રૂપિયાનો હતો એ વધારીને ૨૦૧૩માં પાંચ વર્ષમાં પાંચ ગણો  કરી ૫૬૬૧૨ કરોડ રૂપિયા થયો, પ્લાન ખર્ચમાં પાંચ ગણો વધારો, એની સામે નોન પ્લાનમાં માત્ર બે ગણો વધારો. ૨૯૬૦૮  જગ્યાએ ૬૧૩૦૬.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં દેવાની બહુ વાત કરે છે. મહેસૂલી દેવુ ૨૦૦૪માં ૨.૮૬ ગણુ હતું એ જે ૨૦૧૩માં માત્ર ૧.૭૭ ગણુ થયું . વ્યાજનું ચૂકવણુ- બજેટની અંદર ૨૦૦૪માં ૨૬.૮૨ ટકા રકમ વ્યાજના ચૂકવણા પાછળ જતી હતી જયારે ૨૦૧૩માં એ ઘટીને આજે માત્ર ૧૪.૧ ટકા એટલે કે ૧૨.૭૨ ટકાનો ઘટાડો સરકારે કર્યો છે ત્યારે હું આ અંદાજપત્રને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રીઃ  આપનું પ્રવચન પૂરું થાય છે

અધ્યક્ષશ્રીની જાહેરાત
(ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની
બેઠક  અંગે )

અધ્યક્ષશ્રીઃ  મારે એક જાહેરાત કરવાની છે કે, આજ રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ દશ મિનિટે ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભાના ચોથા માળે આવેલા સમિતિ ખંડ-૧ માં રાખવામાં આવી છે એમાં દરેક સભ્યશ્રીને અચૂક હાજર રહેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ  સાંજના ૫-૧૫ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર, તા. ૯-૭-૨૦૧૪ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## બુધવાર, તા.૯મી જુલાઇ, ૨૦૧૪
## આષાઢ ૧૮, ૧૯૩૬ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
## અધ્યક્ષશ્રી, વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને.

## તારાંકિત પ્રશ્નો
### રાજકોટ જિલ્લામાં નવી આંગણવાડીઓ બનાવવા અંગે

* ૯૫૯૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને કેટલી આંગણવાડીઓની ઘટ છે, અને

એચબી–૨૦૬–૧

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારમાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની ડીમાંડ કરવામાં આવે છે. આદિજાતિ, કોતર ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ–અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, તે કહી શકાય નહીં.

(૨) રાજકોટ જિલ્લામાં નીચે મુજબની આંગણવાડી કાર્યરત છે.

| ક્રમ | તાલુકા | હાલ કાર્યરત કેન્દ્રો |
|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૨૮ |
| ૨ | લોધિકા | ૫૩ |
| ૩ | જસદણ | ૨૧૪ |
| ૪ | રાજકોટ | ૧૭૩ |
| ૫ | મોરબી | ૧૯૭ |
| ૬ | જામ–કંડોરણા | ૯૨ |
| ૭ | પડધરી | ૮૯ |
| ૮ | ઉપલેટા | ૧૫૭ |
| ૯ | ગોંડલ | ૨૦૮ |
| ૧૦ | જેતપુર | ૧૪૩ |
| ૧૧ | ધોરાજી | ૧૨૩ |
| ૧૨ | માળીયા | ૯૩ |
| ૧૩ | કોટડા | ૮૭ |
| ૧૪ | ટંકારા | ૮૩ |
| ૧૫ | રાજકોટ (અર્બન–૧) | ૧૭૦ |
| ૧૬ | રાજકોટ (અર્બન–૨) | ૧૬૦ |
| | **કુલ** | **૨૨૭૦** |

| | |
|---|---|
| | આંગણવાડીની ઘટ માત્ર વસ્તીના ધોરણે નક્કી ન કરી શકાય. |
| (૩) નવી આંગણવાડીઓ શરૂ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૩) રાજકોટ જિલ્લા માટે–૯૧ નવી આંગણવાડી મંજૂર કરવા માટે અત્રેથી તા. ૧૨/૦૨/૨૦૧૪ અને તા. ૧૬/૦૬/૨૦૧૪થી ભારત સરકારને મંજૂરી માટે દરખાસ્ત કરેલ છે. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, મેં રાજકોટ જિલ્લાના તાલુકાવાર વસ્તીના ધોરણે કયા તાલુકાની અંદર કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તેમ પૂછેલું, પણ એનો સ્પષ્ટ જવાબ મળેલ નથી, પરંતુ જસદણ અને વિંછિયાની અંદર ૬૦ આંગણવાડીઓની જરૂરિયાત છે, એમની માંગણી પણ છે અને એ પડતર છે તો આ ૬૦ આંગણવાડી કેન્દ્રો ક્યારે શરૂ કરવા માગીએ છીએ અને તાલુકા કક્ષાએ આઇ.સી.ડી.એસ. ઓફિસનું બિલ્ડિંગ નથી, તો આ બિલ્ડિંગ સરકાર ક્યારે બનાવવા માગે છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, નવી આંગણવાડીઓ અને જૂની આંગણવાડીઓના ધોરણો, ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે જે પ્રમાણ હોય છે. ૪૦૦ થી ૮૦૦ ની વસ્તી દીઠ એક આંગણવાડી કેન્દ્ર, ૮૦૦ થી ૧,૬૦૦ની વસ્તી દીઠ બે આંગણવાડી કેન્દ્રો, ૧,૬૦૦ થી ૨,૪૦૦ની વસ્તીએ ત્રણ આંગણવાડી કેન્દ્રો, આદિજાતિ વિસ્તાર, કોતર અને ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર હોય તો ત્યાં ૩૦૦ થી ૮૦૦ની વસ્તીએ એક આંગણવાડી કેન્દ્ર આ પ્રકારની સુવિધાઓ છે અને આ પ્રમાણે દરેક તાલુકાઓની અંદર આપણે આંગણવાડી કેન્દ્રોનું આયોજન કર્યું છે અને કામ ચાલુ છે. આઇ.સી.ડી.એસ.ની ઓફિસનું કામ પણ નવી ઓફિસોની સાથે મર્જ કરીને કરવાની વિચારણા કરી લીધી છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આંગણવાડી કેન્દ્રોમાં કઇ કઇ પ્રવૃત્તિઓ ચાલે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાંતિભાઇ આંગણવાડીઓની ખૂબ ચિંતા કરે છે અને આંગણવાડીઓમાં ઘણી બધી સુવિધાઓ એમણે કરાવી આપી છે એના માટે અભિનંદન આપું છું. બાવીસ આંગણવાડીનું કામ એમણે શરૂ કર્યું છે એટલે અભિનદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીઓની પ્રવૃત્તિઓ, આપણા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને અનેકવિધ યોજનાઓ આંગણવાડીઓમાં થાય અને આવતી કાલના ગુજરાત અને ભવિષ્યના ભારતના નિર્માણ(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ કારણની જરૂર નથી, કઇ કઇ પ્રવૃત્તિઓ થાય છે એ બોલો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : સાહેબ, એના આધારે પ્રવૃત્તિઓ છે અને એના માટે જે પ્રવૃત્તિઓ કરી છે એમાં સૌથી પહેલું મહત્વનું કાર્ય એ પૂરક પોષણ માટેનું કર્યું છે. રાજ્ય સરકાર તો કરે જ, ફરજ છે અમારી, પરંતુ લોકભાગીદારીનું એક આદર્શ ઉદાહરણ કરીને સમગ્ર જનતાને જોડીને પૂરક પોષણનું કામ પણ સુપેરે ઉપાડ્યું છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ, માતાઓને આરોગ્ય અને પોષણ શિક્ષણ આપવાની કામગીરી, રસીકરણની કામગીરી, માતાઓ અને બાળકોના આરોગ્યની તપાસ, મમતા દિવસની કામગીરી, પોષણ જાગૃતિ અભિયાન, અને વાનગી નિદર્શન, રસોઇ શો અને અન્નપ્રાસન વગેરે દિવસની ઉજવણી આપણે કરી રહ્યા છીએ.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ અલગ હોય છે. જેથી વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કહી શકાય નહીં. તો મારે જાણવું છે કે, ગ્રામ્યમાં કેટલી વસ્તીનું ધોરણ રાખવામાં આવ્યું છે, સ્લમમાં કેટલું ધોરણ વસ્તીનું રાખવામાં આવ્યું છે અને શહેરી વિસ્તારમાં કેટલું ધોરણ રાખવામાં આવ્યું છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, સભ્યશ્રી હાજર નહીં હોય, આ

પ્રશ્નનો જવાબ મેં હમણાં જ આપી દીધો છે. આપની મંજૂરીથી ફરી આપું છું કે, ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બંનેમાં ૪૦૦ થી ૮૦૦ ની વસ્તી દીઠ એક આંગણવાડી, ૮૦૦ થી ૧,૬૦૦ની વસ્તી દીઠ બે આંગણવાડી, ૧,૬૦૦ થી ૨,૪૦૦ની વસ્તી દીઠ ત્રણ આંગણવાડી કેન્દ્રો આપણે આપીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, રાજકોટ જિલ્લા માટે નવી આંગણવાડીઓની ભારત સરકારને કરેલી દરખાસ્તોની તાલુકાવાર સંખ્યા કેટલી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લા માટે નવી આંગણવાડીઓની ભારત સરકારને જે દરખાસ્ત કરેલી છે એમાં લોધીકામાં એક, જસદણમાં એકત્રીસ, રાજકોટમાં અગિયાર, જામકંડોરણામાં એક પણ નહીં, પડધરીમાં પાંચ, ઉપલેટામાં એક પણ નહીં, ગોંડલમાં બે, જેતપુરમાં ૧૪, ધોરાજી, માળીયા અને કોટડાસાંગાણીમાં એક પણ નહીં. કુલ ૬૪ આંગણવાડી રાજકોટ જિલ્લાની આપણે ભારત સરકારને મોકલી આપી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં જે આંગણવાડીઓ મંજૂર કરવામાં આવેલી છે એ આંગણવાડીઓ માટે અત્યારે હાલ બાળકોને બેસવા માટેના મકાન તૈયાર કરેલ છે કે કેમ અને બીજું, પોષણક્ષમની જે વાત કરી તેમાં જે મટીરીયલ આપવામાં આવે છે તે હલકી ગુણવત્તાવાળુ આવે છે જેથી બાળકોને કુપોષણ વધારે થાય એવું બને છે. (અંતરાય) મારી વાત સાંભળો.

અધ્યક્ષશ્રી : બધાએ મંત્રી બનવાની જરૂર નથી. એક કાફી છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે મને લાગે છે કે એમણે પ્રશ્ન જોયો જ નથી. આંગણવાડીના મકાનોનો આ પ્રશ્ન નથી. અલગથી નોટિસ આપીને કહે તો જવાબ આપીશ અને પૂરક પોષણનો પણ પૂછી શકે હું જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : જોઇને તો સૌ પૂછે. વગર જોઇને પૂછે એ જ મરદ કહેવાય.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં કુલ લાભાર્થીની તાલુકાવાર સંખ્યા કેટલી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીમાં ત્રણ પ્રકારના લાભાર્થીઓ લાભ લેતા હોય છે. છ માસથી ત્રણ વર્ષના બાળકો, ત્રણથી છ વર્ષના બાળકો, સગર્ભા ધાત્રી અને કિશોરીઓ આ બધા મળીને લોધીકામાં ૬૦૩૨ લાભાર્થી છે. જસદણમાં ૨૪૭૩૭ લાભાર્થી છે. રાજકોટમાં ૨૦૪૩૦ લાભાર્થી છે. જામકંડોરણામાં ૫૭૩૯, પડધરીમાં ૬૫૩૯, ઉપલેટામાં ૧૩૭૫૯, ગોંડલમાં ૨૧૭૮૦, જેતપુરમાં ૧૨૬૬૪, ધોરાજીમાં ૧૦૬૭૯, રાજકોટ અર્બનમાં ૧૯૨૫૬ અને રાજકોટ અર્બન-૨માં ૨૦૧૭૦ કુલ મળીને ૧૭૮૮૨૦ થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જવાબમાં જે માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૦ થી ૮૦૦ ની વસ્તીદીઠ એક આંગણવાડી આપવામાં આવે છે તો રાજકોટ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની કુલ વસ્તી જે છે એ કુલ વસ્તીના પ્રમાણે આજની તારીખે કેટલી આંગણવાડીની જરૂરિયાત છે?

અધ્યક્ષશ્રી : ઓછી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશઃ સ્લમ અને શહેરી વિસ્તારનો પણ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તો એમાં કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે એ સ્પષ્ટપણે જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : બધુંય સ્પષ્ટપણે જ જવાબ આપો. હા કે નામાં.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : બધું સ્પષ્ટપણે જ જવાબ આપીશ સાહેબ. આંગણવાડીમાં જૂઓ તો ખબર પડે પુંજાભાઇ, તાલુકાવાર મંજૂરી આંગણવાડીઓની જે કરેલી છે વસ્તીના આધાર ઉપર એમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, જરૂરિયાત કેટલી છે અને એમાંથી મંજૂર કરેલી નહીં, વસ્તીના ધોરણે સ્લમ હોય, શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, વસ્તીના આધાર પ્રમાણે જે આંગણવાડીઓ મંજૂર થઇ છે.

અધ્યક્ષશ્રી : મંજૂર નહીં, કેટલી જોઇએ.

પ્રો વસુબેન ન. ત્રિવેદીઃ નથી થઇ સાહેબ, નવી આંગણવાડીઓની જે મંજૂરી એની ભારત સરકારને (અંતરાય) મારો જવાબ તો સાંભળો પુંજાભાઇ, હું જવાબ આપું છું.

અધ્યક્ષશ્રી : એમ નહીં, બહેન, કુલ વસ્તી પ્રમાણે કેટલી જોઇએ અને કેટલી છે અથવા તો કેટલી મંજૂર કરવાના છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદીઃ લોધીકામાં મેં આગળ બતાવ્યું એ પ્રમાણે જે છે એ તો છે જ. એ સિવાય લોધીકામાં એક, જસદણમાં ૩૧, રાજકોટમાં ૧૧ (અંતરાય) સાહેબ, આ કરવા માગું છું. વસ્તીના આધારે.

અધ્યક્ષશ્રી :પુંજાભાઇ, તમને જવાબ આપે છે. જવાબ આપો.

પ્રો વસુબેન ન. ત્રિવેદીઃ માનનીય અધ્યક્ષશ્રી, જવાબ ન સાંભળવો હોય તો ન સાંભળે. હું ગૃહને જાણ કરું છું. તાલુકા પ્રમાણે જે વધારાની આંગણવાડીની આવશ્યકતા છે તે કહું છું હું. લોધીકામાં ૧, જસદણમાં ૩૧, રાજકોટમાં ૧૧, જામકંડોરણામાં એક પણ નહીં, પડધરીમાં પાંચ, ઉપલેટામાં એક પણ નહીં, ગોંડલમાં બે, જેતપુરમાં ચૌદ , ધોરાજી, કોટડાસાંગાણીમાં એક પણ નહીં. કુલ રાજકોટ જિલ્લામાં ૬૪ આંગણવાડીઓ નવી બનવા માટે જરૂરિયાત પ્રમાણે આપણે સરકારને મંજૂરી કરેલી છે.

**અમદાવાદ જિલ્લાના ઉતાવળી નદી પર પુલ બનાવવા અંગે**

* ૯૩૧૫ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાનાં ધંધુકા તાલુકાના પોલાલપુર ખસ બોટાદ રોડ ઉપર ઉતાવળી નદી બ્રીજ બનાવવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તે કેટલી રકમનું મંજૂર થયેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ તે કામ કયા તબક્કે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાના હાલના બોટાદ જિલ્લો જુદો પડયો અને રાણપુર તાલુકાના પોલાપુર ખસ બોટાદ જતો રસ્તો એમાં આવતી ઉતાવળી નદી ઉપર આવેલ કોઝ વેની સ્થિતિ કેવી છે? માર્ગ પર મંજૂર થયેલ રીસરફેસીંગ અને સ્ટ્રકચરોની શું કામગીરી છે એ જાણવા માગું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ઉતાવળી નદી ઉપર બ્રીજની વાત કરી તો ત્યાં જે રસ્તાની લંબાઇ ૨૩.૮૦ કિ.મી. છે. મુખ્ય જિલ્લો માર્ગ છે. આ રસ્તો હમણા આપણી સરકારે રીસરફેસિંગ કર્યો. લગભગ ૪૨૫ લાખની કામગીરીમાં પુલો, રસ્તા માટે ૧૯–૩–૨૦૦૦ માં બજેટેડ કામગીરી તરીકે મંજૂર કરેલ હતો.

અધ્યક્ષશ્રી : એમાં બ્રીજનું પૂછ્યું છે. બ્રીજ વિશે હોય તો કહો. એ કોઇ રસ્તાનું કામ નથી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ રસ્તા ઉપર જે કોઝ–વે આવે છે. એમણે માગણી કરી છે. કોઝ–વે હાલ સારી પરિસ્થિતિમાં છે. ૧૨ લાખ ૬૫ હજારના ખર્ચે કોઝ–વે વ્યવસ્થિત કરેલો છે. આ પુલ આવન જાવન માટે વાહન વ્યવહાર યોગ્ય છે.

અધ્યક્ષશ્રી : પોલાલપુર ઉપરની વિગતો નથી ને. તમે શરૂ જ નથી કર્યુ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર :પુલ નથી. ત્યાં કોઝ–વે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું આપના માધ્યમથી જાણવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીના સભ્યશ્રી લાલજીભાઇએ પ્રશ્ન પૂછ્યો કે ઉતાવળી નદી ઉપર પુલ ક્યારે બનાવવામાં આવશે? તો માનનીય

મંત્રીશ્રીને પ્રશ્ન છે. નદીનું નામ ઉતાવળી છે, તો સરકારને આ પુલ બનાવવા ઉતાવળ છે કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્રશ્નનો જવાબ પોલાલપુરને લગતો હોય તો પૂછો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ઉતાવળી નદી ઉપર ઉતાવળ કરવા માગે છે એમ કહ્યું તો.(અંતરાય) આ પાણી તરત નીકળી જાય.

અધ્યક્ષશ્રી : આપણે ઉતાવળી માટે કોઇ ઉતાવળ કરવાની જરૂર નથી. પોલાલપુરનો હોય તો કહો. બેસી જાઓ. પ્રશ્ન નં.૩ માનનીય બાવકુભાઇ.

**અમરેલી જિલ્લાના પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દવાઓ પાછળ ખર્ચ**

* ૯૨૮૭ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે, | (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. |
| (૨) પ્રત્યેક આરોગ્ય કેન્દ્રનો પ્રતિ માસ સરેરાશ કેટલા દર્દીઓ લાભ લે છે, અને | (૨) *પત્રક–અ સામેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનો પ્રતિ માસ સરેરાશ દવાઓનો કેટલો ખર્ચ છે ? | (૩) *પત્રક–બ સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સી.એચ.સી. અને પી.એચ.સી. માં કેટલાં સાધનો ઇન્જેક્શનો અને દવાનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો છે અને એમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પી.એચ.સી. ની અંદર જે દવાઓ આપવાના માપદંડો છે, તેમાં ૧૩૯ ટેબ્લેટ બાકીની મેડિસિન, ૧૨૨ ઇન્જેક્શન, પરચૂરણ આઇટમ ત્યાં લેવાતી હોય છે તે ૧૦૩. સર્જિકલ આઇટમો ૧૦૭ બાકીના ૨૦ જેટલાં અન્ય સાધનો હોય છે. જે એમની ડિમાન્ડ હતી ત્યાંથી દવા મોકલવામાં આવે છે. ૨૦ ટકા જેટલી ખરીદી લોકલ કક્ષાએ પી.એચ.સી. હોય તો ડી.એચ.ઓ. કક્ષાએ અને સી.એચ.સી. હોય તો તેના અધિક્ષક કક્ષાએથી ખરીદવામાં આવે છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફાર્માસિસ્ટ કેટલા છે? ફિક્સ પગારથી આઉટ સોર્સિંગથી નિમણૂક થઇ છે કે કેમ? પી.એચ.સી. માંથી સી.એચ.સી. માં કોઇ અપગ્રેડ થઇ છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : સી.એચ.સી. માં ૧૨ છે તેમાં બારે બાર ફાર્માસિસ્ટની નિમણૂક થયેલ છે. પી.એચ.સી.નો પ્રશ્ન કર્યો તો આઉટ સોર્સિંગથી લેવામાં આવેલ છે કે કેમ? તો ૧૭ જેટલા ફાર્માસિસ્ટ લીધા છે. ત્રીજો પ્રશ્ન હીરાભાઇએ પૂછ્યો એમની અગાઉ રજૂઆત હતી. તેમનો મત વિસ્તાર પી.એચ.સી. હતી તો સી.એચ.સી.માં અપગ્રેડ કરવાની વ્યવસ્થા થઇ ગઇ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલી વિધાનસભા મત વિસ્તાર અમરેલી અને કુકાવાવ તાલુકામાં કુલ ૪૧ જેટલા પી.એચ.સી. કાર્યરત છે, પણ હજુ ભૌગોલિક દ્રષ્ટિએ વિઠ્ઠલપુર, મોટા ગોખરવાડા, કેરીયાનાગસ, કુકાવાવ તાલુકાના હનુમાન, ખિજડીયા અને બરવાળા આ મોટા ગામો છે. ત્યાં પી.એચ.સી. ની જરૂરિયાત છે, તો પી.એચ.સી. ખોલવા માગો છો કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવું છે કે જે પત્રક આપ્યું હતું અમરેલી અને કુકાવાવ તાલુકાના ગ્રામીણ પી.એચ.સી. અને સી.એચ.સી. ની અંદર માસિક ૧,૬૫,૬૧૩ રૂપિયાનો સરેરાશ દર મહિને ખર્ચો કરવામાં આવેલ છે. તો અમરેલી અને કુકાવાવ તાલુકામાં વ્યક્તિદીઠ માસિક કેટલો

દવાનો ખર્ચ?

અધ્યક્ષશ્રી : વ્યક્તિદીઠ ન હોય, સેન્ટર દીઠ કહો. એવું મપાય નહિ.

અધ્યક્ષશ્રી : તે પછી બધી બાબતમાં આવે. વ્યક્તિદીઠ રસ્તામાં આવે, ઇલેક્ટ્રીસીટીમાં આવે બધામાં આવે. કેન્દ્રદીઠ પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૩ લાખ ૫૦ હજારની વસ્તી છે અને ૧ લાખ ૬૫ હજાર ૬૧૭નો માસિક ખર્ચ કરીએ છીએ. એટલે વ્યક્તિદીઠ ૫૦ થી ૬૦ પૈસા દવામાં ખર્ચી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : બસ, હવે જવાબ આપે છે. બેસો તમે જવાબ આપે છે. બે જ પ્રશ્ન પૂછો. બે પ્રશ્નોના જ જવાબ આપો. હજુ અમરેલીવાળા ચાર લોકો બાકી છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પરેશભાઇએ પહેલો પ્રશ્ન પૂછ્યો કે ૪૧ જેટલા પી.એસ.સી. કુકાવાવ અને અમરેલી બંને તાલુકામાં છે. તો તેમાં થોડુંક સુધારે અહીં આખા જિલ્લામાં ૪૧ પી.એચ.સી. છે. તે વાત કરી તે એક વિધાનસભા વિસ્તારની નથી પણ આખા જિલ્લાની છે. નંબર બે કે ત્યાં આગળ જે જનસંખ્યાના ધોરણે કેટલા પી.એસ.સી. અને સી.એચ.સી. જોઇએ તો જનસંખ્યાના ધોરણે આજની તારીખમાં અમરેલી જિલ્લામાં પી.એસ.સી. અને સી.એચ.સી.ની સંખ્યા માપદંડ કરતાં લગભગ ત્રણેક જેટલા વધારે છે. જેટલા જોઇએ તેના કરતાં પી.એચ.સી.ની સંખ્યા વધારે છે. ત્રીજી જે વાત કરી કે જનસંખ્યાના આધારે મેડિસીન અને કોઇને તાવ આવ્યો હોય તો પેરાસીટામોલ જ આપવાની હોય છે.

અધ્યક્ષશ્રી : જનસંખ્યાના આધારે ન હોય. તો પછી તેમાં રસ્તા અને બધુ આવે. માનનીય નલીનભાઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ બહુ સ્પષ્ટ હતો કે દવાખાનાઓમાં દવાની ઘટના કારણે દર્દીઓએ પ્રાઇવેટ મેડિકલમાં ખર્ચ કરવો પડે છે.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં બેસો તમે. પરેશભાઇ તમે બેસો. તમારે જે તે વખતે પૂછવું હતું. તમે પર હેડ પૂછ્યું અને તે રીતે વાત કરી છે. માનનીય નલીનભાઇ. બેસો તમે. તેમનું માઇક બંધ કરો. બેસવા માટે તમને રીકવેસ્ટ કરું પછી પૂરું થઇ જાય. ટૂંકમાં એક એક જ સવાલ પૂછજો હવે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ધારી, બગસરા અને ખાંભાની અંદર સામૂહિક આરોગ્ય કેન્દ્રની બિલ્ડીંગો ખૂબ જ જૂની અને જર્જરિત હોય આ બિલ્ડીંગો નવી બનાવવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમે આખા રાજયનો સરવે કરાવ્યો છે. તેની અંદર જયાં રીનોવેશન થઇ શકે તેવી વ્યવસ્થા હોય તો આ વખતે મોટા પ્રમાણમાં જોગવાઇ કરી છે અને સમયાંતરે સરવેના જે રિપોર્ટ આવ્યા છે, તેના લીધે રાજયની અંદર એકપણ બિલ્ડીંગ એવું નથી રાખવું કે જે એકદમ વીક હોય.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મળીને કુલ કેટલા દર્દીઓએ સારવાર લીધી અને કેટલા લેબોરેટરી ટેસ્ટ, ડીલીવરી, માઇનોર કે મેજર ઓપરેશન થયા?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ઘણોબધો છે, પણ હું આંકડા આપીશ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની અંદર જિલ્લામાં ઓ.પી.ડી. આવ્યા હોય તેની સંખ્યા ૨,૮૭,૯૫૧ની છે અને ઇનડોર પેશન્ટ એટલે કે દાખલ કર્યા છે તેવી સંખ્યા ૩૪૪૦ છે. ડીલીવરીની સંખ્યા ૩૨૩ છે પી.એચ.સી.ની અંદર અને લેબોરેટરીની અંદર ૧,૪૨,૭૮૪ ટેસ્ટ થયા છે. માઇનોર કે મેજર ઓપરેશન થયા હોય તો ૧૨૧૪ જેટલા થયા છે. કુલ મળીને પી.એચ.સી.ની અંદર ૨,૯૧,૩૯૧ જેટલા પેશન્ટ જોયા અને સી.એચ.સી.ની અંદર તેમાં ૪ લાખ ૫૨ હજાર જોયા.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે તમારે આંકડા જાણીને શું કરવું છે. કંઇ ઉણપ હોય તો તેના વિશે પૂછો. એ ઉણપ કયારે દૂર કરશો તે પ્રશ્નોત્તરીમાં હોય.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૧૨ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે તેની અંદર કેટલા એલોપેથી ડોકટરો છે અને કેટલા આયુષ ડોકટરો છે. કેટલી દવાઓ એલોપેથીક આપવામાં આવે છે અને કેટલી આયુર્વેદિક આપવામાં આવે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, દવાઓ એલોપેથીની બધી છે. ત્યાં આગળ મોટાભાગે એલોપેથી મેડીસીન આપવમાં આવે છે. બીજો પ્રશ્ન કર્યો તો પી.એચ.સી.ની અંદર હોમીયોપેથીક કે આયુર્વેદિક ડોકટર આયુષ તરીકે મૂકીએ છીએ.

**વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા કરજણ–બોરસદ રસ્તાની કામગીરી**

* ૯૩૦૧ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૩/૧૪ની સ્થિતિએ વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા કરજણ બોરસદ રસ્તાના નવીનીકરણની કામગીરી ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) કરજણ–બોરસદ રસ્તાના અનુભાગો જેવા કે પાદરા કરજણ કિ.મી. ૦/૦૦૦ થી કિ.મી. ૨૩/૦૦૦ (એસ.એચ.–૧૬૦), પાદરા–મહુવડ કિ.મી. ૧૬/૦૦૦ થી ૨૩/૫૦૦ (એસ.એચ.–૦૬) અને બોરસદ–ગંભીરા બ્રીજ કિ.મી. ૩૫/૫૮૫ થી ૫૬/૫૫૫ (એસ.એચ.–૦૬) ની લંબાઈ મળી કુલ ૫૧.૬૭ કિ.મી. લંબાઇમાં નવીનીકરણની કામગીરીની વહિવટી મંજૂરી તા. ૨૬/૬/૨૦૧૩ના રોજ આપેલ છે. |
| (૨) આ કામ માટે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, | (૨) રૂપિયા ૬૧.૦૦ કરોડ |
| (૩) આ કામ તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૩) કામ પ્રગતિમાં છે. |
| (૪) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) કરારનામાની જોગવાઈ અનુસાર તા. ૩૧/૦૧/ ૨૦૧૫ સુધીમાં |

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા કરજણ બોરસદ રસ્તાનું આ કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું, અને આજની સ્થિતિએ આ રસ્તાના બાંધકામની શું પ્રગતિ થયેલ છે, અને કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે કરજણ બોરસદ એ રસ્તાની મંજૂર થયેલી જે કામગીરી છે એની કુલ લંબાઇ ૫૧.૬૭ કી.મી.ની છે. આ રસ્તાની કામગીરી ૧.૧૧.૨૦૧૩ના રોજ શરૂ કરવામાં આવી હતી, આજની સ્થિતિએ આ રસ્તાની કુલ ૨૩.૫ મિટર લંબાઇમાં પ્રોફાઇલ કરેકશન કોર્સ, બીટુમીન્સ મકાડમ અને વેનીંગ કોટની કામગરી પૂર્ણ કરી તથા ૨૩ કી.મી.ની લંબાઇમાં જી.એસ.વી. ગ્રેડ વનની કામગીરી અને ૮ કી.મી.ની લંબાઇમાં જી.એસ.વી. ગ્રેડ ટુની કામગીરી પૂર્ણ થયેલ છે. ૧૧ પાઇપ નાળાની કામગીરી પૂર્ણ તથા એક માઇનોર પુલની કામગીરી હાલ પ્રગતિમાં છે અને આ કામમાં આજની તારીખે લગભગ ૧૩.૬૨ કરોડનો ખર્ચ થયેલ છે.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ રસ્તાના કામનું ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યું અને એને ક્યારે મંજૂર કરવામાં આવ્યું?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે એનું ટેન્ડર ૮.૫.૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવ્યું અને ૧૮.૧૦.૨૦૧૩ના રોજ આપણે સંબંધિત યોજનાના નીતિ નિયમો મુજબ એને મંજૂર કરવામાં આવ્યું.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કરજણ બોરસદ રસ્તાના નવીનીકરણ ૬૧ કરોડનું કામ છે એનું સ્પેસિફિકેશન શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આખો રસ્તો બનાવવાનો છે એ રસ્તામાં ૩ સેકશન આવે છે, સેકશન એક કરજણ પાદરા એમાં ૨૩.૨ કી.મી. લંબાઇ અને ૫.૫૦ કી.મી. પહોળાઇમાં ડામર કામ અને બંને બાજું દોઢ મિટર હાડ સોલ્ડર અને નાળાની મરામત, બીજું સેકશન છે એમાં ૭.૫ કી.મી. લંબાઇમાં અને ૧૦ મિટર પહોળાઇમાં ડામર કામ તથા બંને બાજુએ દોઢ મિટર હાડ સોલ્ડર..

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નેશનલ હાઇવે ૮ થી સીધા રાજકોટ જવા માટે જે આ રોડ બની રહ્યો છે એની ઉપર વાહનોની ખૂબ જ અવર જવર છે. આ જે રોડ બન્યો છે એના ટકાઉપણા માટે કોઇ પ્રયોજન છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાના ટકાઉપણા માટે આ રસ્તાના માળખાકીય, આલેખન રસ્તાની હયાત મજબૂતાઇ આવનાર ટ્રાફિક ભારણ, વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઇ રાષ્ટ્રીય માર્ગ અધિવેશન દ્વારા નિયત કરેલ વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવેલ છે. વરસાદી પાણીના નિકાલ માટે રસ્તા પરના યોગ્ય ઢોળાવ તથા રસ્તાની બાજુમાં ગટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે, બાંધકામ ગુણવત્તા માટે સુપરવિઝન ગોઠવવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં લીગડા–ભાલેજ–આણંદના રસ્તાની કામગીરી**

* ૯૩૦૫ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં લીગડા–ભાલેજ–આણંદના રસ્તાની કામગીરી તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે. | (૧) પ્રગતિમાં. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | (૨) રૂા. ૨૨૫૦.૦૦ લાખ |
| (૩) તે કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લીગડા–ભાલેજ–આણંદ રસ્તો એ પવિત્ર યાત્રાધામ ડાકોરને જોડતો એક ખૂબ જ અગત્યનો રસ્તો છે અને પહેલા સાડા પાંચ મિટર અને કોઇ જગ્યાએ સાડા સાત મિટર પહોળો હતો એના બદલે દસ મિટર પહોળો કરવાનું કામ આ સરકારે મંજૂર કર્યું છે તો માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, ખૂબ જ અગત્યનો રસ્તો છે એની કામગીરી કેટલી થઇ છે, અને એનો ખર્ચ કેટલો થયો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, લીગડા–ભાલેણ–આણંદ રસ્તાની જે કામગીરી છે આજની તારીખે એમાં રસ્તાની બંને બાજુના પડખામાં ૦ થી ૭ કી.મી તથા ૮.૬ થી ૧૬.૦૫ એમ ૭.૪૫ કી.મી. મળી કુલ ૧૪.૪૫ કી.મી. લંબાઇમાં મકાડમ સાથેની વાઇડનીંગની કામગીરી પૂર્ણ થયેલ છે. હયાત પુલ, ૨૩ નાળા પહોળા કરવાની કામગીરી પૈકી ૨૧ નાળા પ્રગતિમાં છે તથા એક નાળાનું અને સ્લેબડેમનું કામ પૂર્ણ થયેલ છે. હાલની સ્થિતિએ કુલ રૂપિયા ૩૪૪.૧૩ લાખની કામગીરી થયેલ છે.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને જાણવા માગું છું કે આ રસ્તો ૨૨૫૦ લાખ રૂપિયાના ખર્ચે થાય છે, તો આ રસ્તો પૂર્ણ થયા બાદ કેટલા ગામોને અને કેટલી વસતિને આનો લાભ મળવાનો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ રસ્તાની કામગીરી પૂર્ણ થતાં તે વિસ્તારના લગભગ ૧૨ ગામોની ૬,૭૭,૧૪૬ની વસતિને આનો લાભ મળશે.

**રાજકોટ અને મોરબી જિલ્લાની આંગણવાડીઓને ગેસ કનેક્શન**

* ૧૦૨૫૭ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા. ૩૧/૫/૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લાની તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન આપવામાં આવ્યા નથી અને તેના કારણો શાં છે, અને

(૧) તા. ૩૧/૫/૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લાની તાલુકાવાર નીચેની વિગતે ૧૭૬ આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા નથી. જે તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગેસ કનેક્શન આપવાના બાકી આંગણવાડીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મોરબી | વાંકાનેર | ૨૮ |
| | | મોરબી | ૨૨ |
| | | માળીયા | ૧૧ |
| | | ટંકારા | ૬ |
| ૨ | રાજકોટ | લોધિકા | ૮ |
| | | જસદણ | ૨૪ |
| | | રાજકોટ (રુ.) | ૧૫ |
| | | જામકંડોરણા | ૭ |
| | | પડધરી | ૬ |
| | | ઉપલેટા | ૭ |
| | | ગોંડલ | ૧૩ |
| | | જેતપુર | ૮ |
| | | ધોરાજી | ૩ |
| | | કોટડા | ૧૮ |
| | | **કુલ** | **૧૭૬** |

આ ૧૭૬ આંગણવાડી કેન્દ્રોમાં વર્ષ ૨૦૧૪-૧૫માં કાર્યરત થયેલ હોવાથી ગેસ કનેક્શન આપવાના બાકી છે.

(૨) આ આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એક આંગણવાડીને વાર્ષિક કેટલી ગેસની બોટલ ફાળવવાનું ધોરણ છે અને સંખ્યાની દૃષ્ટિએ હોય તો કેટલી સંખ્યાએ કેટલી બોટલ વાર્ષિક ફાળવવાનું ધોરણ છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : ગેસના સિલિન્ડરની સંખ્યા નિશ્ચિત નથી હોતી આંગણવાડીના બાળકોની સંખ્યાના આહાર બનાવવા પ્રમાણે ગેસ વપરાતો હોય છે અને એ પ્રમાણે ગેસના સિલિન્ડર આપવામાં આવતા હોય છે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા :કેટલીક આંગણવાડીમાં હજી ગેસ કનેકશન ફાળવવામાં નથી આવ્યા તો એ ક્યારે ફાળવવામાં આવશે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : આંગણવાડીઓને ગેસ કનેકશન આપવા માટે આઇ.ઓ.સી. તરફથી ડી.બી.સી. કનેકશન માટે ઘટકવાઇઝ જરૂરિયાત જેટલી હોય એ માટેના એમના ભાવપત્રક મેળવવામાં આવે છે અને એના આધારે ટોચની અગ્રતા આપી ભાવ પત્રક આવ્યેથી જેટલું પણ વહેલું બને એટલું ગેસ કનેકશન મેળવવામાં આવે છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ગેસ કનેકશન પાછળ કેટલો ખર્ચ થાય છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : દરેક આંગણવાડીને ગેસ પૂરો પાડવા માટે કુલ મળીને જે સહાય કરવામાં આવે છે તે સહાય રૂપિયા ૪,૯૨૦ ગેસ કનેકશન માટે અને ૪૬૦ રૂપિયા ગેસ સ્ટવ માટેનો ખર્ચ આ રીતે મંજૂર થયેલો ખર્ચો હોય છે.

શ્રીમતી મનિષા રા. વકીલ :માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આંગણવાડી ગેસ સુવિધા ક્યારથી પૂરી પાડવામાં આવી અને આ યોજના રાજ્ય પુરસ્કૃત છે કે કેન્દ્ર પુરસ્કૃત છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : આ ગેસની સુવિધા તારીખ ૩–૨–૨૦૦૯થી શરૂ કરવામાં આવી અને આ આખી યોજના રાજ્ય પુરસ્કૃત છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : આ આંગણવાડીઓ બનાવવા માટે જે એસ્ટીમેટ બનાવવામાં આવે છે એની સાથે વરંડો બનાવવાનું આયોજન કરવામાં આવે છે કે કેમ? વરંડો ન હોવાના કારણે આંગણવાડીની અંદર ઘણી ગંદકી ફેલાય છે,

અધ્યક્ષશ્રી : આ સવાલ ગેસ કનેક્શનનો છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : પણ આ આંગણવાડીઓને લગતો પ્રશ્ન છે,

અધ્યક્ષશ્રી : આ આંગણવાડીને લગતો નહિ ગેસ કનેક્શનને લગતો પ્રશ્ન  છે. આંગણવાડી ખરી, એમાં પણ ગેસ કનેક્શન.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : હા પણ આ આંગણવાડીઓમાં આવેલ ગેસ કનેકશનની જાળવણી માટે વરંડો તો જરૂરી હોય છેને,

શ્રી વસુબેન ન. ત્રિવેદી : આ આંગણવાડીની ડિઝાઇન અને કલર આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલ છે એમાં વરંડો છે જ.  આ પ્રશ્ન ગેસ કનેકશનનો છે. સિનિયર સભ્ય છે આ કનેકશન બાબતમાં કોઇપણ પ્રશ્ન પૂછશે તો હું જવાબ આપીશ.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલઃમાનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીના કહેવા પ્રમાણે આપણી પાસે એક પ્રિસ્ક્રાઇબ્ડ પ્રોસીજર છે, આંગણવાડી શરૂ થયા પછી આપણે આઇ.ઓ.સી.ને લખીએ છીએ અને એની પ્રોસીજર થઇને ગેસ મળે છે, આમાં સામાન્ય રીતે આપના અનુભવે જણાવશો કે કેટલો સમય જતો હોય છે અને આ સમય દરમ્યાન આ આંગણવાડીઓમાં આપણે વૈકલ્પિક વ્યવસ્થા શું કરીએ છીએ કે ગેસ કનેકશન ના આવે ત્યાંસુધી કોઇ બીજી રીતે રસોઇ બનાવે તો આંગણવાડી વર્કરને આપણે કંઇ પેમેન્ટ કરીએ છીએ.  કેરોસીન આપીએ છીએ, સ્ટવ આપીએ છીએ કે શું કરીએ છીએ?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : આ બધી જ વ્યવસ્થાઓ રાજ્ય સરકારે કરેલી છે.

અધ્યક્ષશ્રી : એ એમ પૂછે છે કે, ગેસ આપો તે દરમયાન એની પહેલાં શું વ્યવસ્થા છે? છાણાં, લાકડા, કેરોસીન શું આપો છો?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : સાહેબ એમની સરકારોમાં તો આ કશું નહોતું થતું, ચુલા કુંકીને આંખો આંધળી થઇ જતી હતી બહેનોની અને શરીરને પણ તકલીફ પડતી હતી અને હવે આ વ્યવસ્થા કરેલ છે.

**રાજકોટ જિલ્લામાં દીકરી યોજના હેઠળ થયેલ ખર્ચ**

* ૯૨૯૦ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં દીકરી યોજના હેઠળ તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) કુલ–૧૩ લાભાર્થીઓેએ લાભ લીધેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂા. ૬૭,૦૦૦/– ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસેથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, દીકરી યોજનાની રૂપરેખા શું છે ? અને આ યોજના કયારથી અમલમાં આવી ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, દીકરી યોજના ૧૯૮૭થી અમલમાં આવી અને ખાસ કરીને પરિવારની અંદર દીકરી અને દીકરાનું એક સરખુ પાલન પોષણ થાય અને ખાસ કરીને ૧–૨–૩–દીકરી ઘરની અંદર હોય અને પછી દીકરો જ જોઇએ અને જેને કારણે જે જનસંખ્યાની અંદર વધારો થતો હતો. તો દીકરી જેના ઘરની અંદર હોય તેને પ્રોત્સાહન રીતે જો એક માત્ર દીકરી હોય અને તે કુટુંબ નિયોજનનું આપરેશન કરાવે તો તેને છ હજાર રૂપિયાનું પ્રોત્સાહન અને જો બે દીકરી હોય અને તે કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે તો તેને પાંચ હજાર રૂપિયાનું પ્રોત્સાહન આપવાની વાત આની અંદર રહેલી છે. ખાસ કરીને દીકરા અને દીકરીનો જન્મદર છે તે કન્ટ્રોલ થાય અને દીકરીઓને સમાજ જીવનમાં અવતરવા માટેનું અને આગળ વધવાનો મોકો મળે તેની આ રૂપરેખા છે.

**અમરેલી જિલ્લામાં મા અમૃત્તમ યોજના અંતર્ગત હેલ્થકાર્ડ**

* ૯૭૭૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં મુખ્યમંત્રી અમૃત્તમ યોજના અંતર્ગત તાલુકાવાર કુલ કેટલા લાભાર્થીઓ પાત્ર ઠરે છે,

(૨) ઉપરોક્ત સ્થિતિએ પાત્ર ઠરતા લોકો પૈકી તાલુકાવાર કેટલા લોકોને હેલ્થકાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે, અને કેટલા બાકી છે, અને

(૩) ઉપરોક્ત સ્થિતિએ હેલ્થકાર્ડ મેળવવા માટે પાત્ર લોકોના બાકી રહેવાના કારણો શા છે, અને કેટલા સમયમાં તેમને કાર્ડ ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| **તાલુકાનું નામ** | **તા. ૩૧–૫–૧૪ ની સ્થિતિએ** | | |
|---|---|---|---|
| | **પાત્ર લાભાર્થી** | **વિતરણ કરેલ હેલ્થકાર્ડ** | **બાકી હેલ્થ કાર્ડની સખ્યા** |
| અમરેલી | ૧૦,૧૪૬ | ૫,૦૪૩ | ૫,૧૦૪ |
| બાબરા | ૯,૬૪૮ | ૫,૧૨૨ | ૪,૫૨૭ |
| બગસરા | ૪,૩૬૧ | ૨,૦૬૩ | ૨,૨૯૯ |
| ધારી | ૭,૨૮૬ | ૫,૦૧૯ | ૨,૨૬૯ |
| જાફરાબાદ | ૯,૭૭૪ | ૪,૧૦૨ | ૫,૬૭૩ |
| ખાંભા | ૯,૩૫૩ | ૪,૭૭૩ | ૪,૫૮૧ |
| કુંકાવાવ વાડીયા | ૪,૩૧૦ | ૨,૯૨૦ | ૧,૩૮૧ |
| લાઠી | ૯,૦૬૬ | ૩,૦૪૩ | ૬,૦૨૪ |
| લિલિયા | ૩,૦૪૦ | ૨,૦૪૬ | ૯૯૪ |
| રાજુલા | ૧૬,૭૩૦ | ૬,૨૭૭ | ૧૦,૪૫૪ |
| સાવરકુંડલા | ૧૦,૨૬૮ | ૪,૬૮૦ | ૫,૫૮૮ |
| **કુલ :** | **૯૩,૯૮૨** | **૪૫,૦૮૮** | **૪૮,૮૯૪** |

(૩) (૧) જે લાભાર્થી હેલ્થ કાર્ડ મેળવવા કિયોસ્ક ઉપર ગયેલ નથી તેવા લોકોને "મા" કાર્ડ મળેલ નથી.
(૨) બી.પી.એલ. કાર્ડ ધારકો કોર્પોરેશન કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ ઉભા કરેલ કિયોસ્ક ઉપર જઇને કાર્ડ મેળવી શકે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મા અમૃતમ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાની અંદર મા યોજના લાગુ થઇ ત્યારથી અત્યાર સુધીમાં હેલ્થકાર્ડ ઉપલબ્ધ નહીં થવાને કારણે જે દર્દીઓને હાડમારી પડતી હતી તેને નિવારવા માટે થઇને હું સન્માનીય ગૃહ સમક્ષ પ્રશ્ન લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગુ છું કે, 'મા' યોજના લાગુ કરી તે પહેલાં બીપીએલ દર્દીઓને વિના મૂલ્યે સારવાર આપવામાં આવતી હતી કે કેમ? મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, શહેરી ગરીબોને, શહેરી બીપીએલ યાદીમા નામ ધરાવતા લોકોનો મા યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ ? સરકારે જવાબ આપ્યો છે ૯૩,૯૮૨ લાભાર્થીઓ પૈકી માત્ર ૪૫ હજાર લોકોને જ હેલ્થકાર્ડ આપી શકયા અને ૪૮૮૯૪ કરતાં વધુ લોકો હેલ્થકાર્ડ નહીં લઇ શકયા માનનીય અધ્યક્ષશ્રી, કાર્ડ નહીં મેળવવાના કારણે મહારોગનો સામનો કરતા હોવા છતાં એ લોકો આ યોજનાનો લાભ નથી લઇ શકયા એટલે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, આ મા યોજનામાં જે હેલ્થકાર્ડ આપવાની આપણી પદ્ધતિ છે, તે તાલુકા કક્ષાએ એક જ કિયોસ્ક હોય, દર્દીએ તાલુકાના વડા મથકે જવું પડે, તેને તેનો એક દિવસનો રોજગાર ખોવો પડે, કિયોસ્ક ચાલુ હોય કે બંધ હોય આ સમસ્યામાંથી નિવારણ કરવા આને ટીકાત્મક નહીં લો મારું સૂચન

છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, આપણે તમામ બીપીએલ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપીએ છીએ તો આ હેલ્થકાર્ડ જે આપવાની યોજના છે તે બંધ કરીએ અને જે બીપીએલ યાદી છે તે યાદીમાં જે લોકો સમાવિષ્ટ હોય તેને સીધો જ આપણે મા યોજનાનો લાભ આપવા માગીએ છીકે કે કેમ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો જે પ્રશ્ન પૂછ્યો કે, બીપીએલના લાભાર્થીઓને અગાઉ સહાય મળતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, જે બીપીએલના લાભાર્થીઓને અગાઉ સારવાર મળતી હતી તે તો મળે જ છે. આ સારવાર એ બાબતની છે કે, કોઇ વધારે પડતી બિમારી હોય દા.ત. કેન્સરની, કિડનીની, હાર્ટની આ પ્રમાણે જે અસાધ્ય રોગો જે ગણવામાં આવે છે તેવી બિમારી હોય અને તેને કારણે બીપીએલના લાભાર્થીને મોટો ખર્ચ થતો હોય તો ગરીબ માણસને આવા મોટા ખર્ચમાંથી ઉગારવા માટે અગાઉના મુખ્યમંત્રીશ્રી અને અત્યારના પ્રધાનમંત્રીશ્રીએ નિર્ણય કર્યો કે, બે લાખ રૂપિયા સુધીની કેસલેશ સ્કીમ આપીને એ ગરીબને સારવાર મળે એ માટેની આ યોજના મૂકી. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે, હજુ કેટલાક કાર્ડ આપવાના બાકી છે, તો આખા રાજયવ્યાપી અમે જે અભિયાન લીધું, એક વર્ષના સમયગાળાની અંદર લગભગ ૫૦ ટકા કરતાં વધારે લોકો સુધી તો આપણે પહોંચી ગયા છીએ અને કીયોસ્કનો સવાલ છે તો તાલુકા કક્ષાએથી એક જગ્યાએથી એને કાર્ડ મળતું હોય છે હવે આમાં વ્યવસ્થા એવી કરવામાં આવી છે કે, એક કુટુંબના પાંચ સભ્યો છે તો એ પાંચે પાંચની ફીંગરપ્રિન્ટ લેવી પડે છે નહીંતર એની જગ્યાએ બીજો કોઇ લાભ લઇ જાય, ગરીબની જગ્યાએ બીજો કોઇ લાભ ન લે એટલા માટે એ વ્યવસ્થા કરી છે, પણ આવનારા સમયમાં અમે એ પણ અભિયાન લેવા જઇ રહ્યાં છીએ કે દરેક ગામ સુધી મોબાઇલ, આ કીયોસ્ક છે એને મોબાઇલની વ્યવસ્થા કરીને ગ્રામ્યકક્ષા સુધી કઇ રીતે જઇ શકાય એ જાતનો પણ એક જગ્યાએથી પ્રયત્ન અમે કરી રહ્યાં છીએ, અને આ બાબતમાં પોઝીટીવ છીએ.

અધ્યક્ષશ્રી : એક આનંદના સમાચાર છે કે આપણા હાઉસના ધારાસભ્ય માનનીય શ્રી અમિતભાઇ શાહ છે એ ઓલ ઇન્ડીયા રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ડીકલેર થયા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારો સ્પષ્ટ પ્રશ્ન હતો કે, બીપીએલ જે શહેરી ગરીબો છે એને મા યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે કે નહીં? અને મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો કે, જે હેલ્થકાર્ડ આપવામાં આવે છે એની વેલીડીટી એક વર્ષની છે એટલે દર વર્ષે એને રિન્યુ કરવું પડે તો મારો સ્પષ્ટ સવાલ છે કે, હેલ્થ કાર્ડ આપવાના બંધ કરી અને બીપીએલ યાદીમાં જે સમાવિષ્ટ લોકો હોય એને સીધો જ આ યોજનાનો લાભ આપવા માગો છો કે કેમ? હેલ્થકાર્ડને દર વર્ષે રિન્યુ કરવામાં આવે છે તો બીપીએલ યાદી માન્ય ગણીને દર્દીને લાભ આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી એમણે વાત કરી કે શહેરી વિસ્તારના કોઇ આ બીપીએલની યાદીમાં હશે તો એમને લાભ આપવામાં આવશે કે કેમ? તો હા, એમને પણ લાભ આપવામાં આવે છે. બીપીએલની અંદર ગ્રામકક્ષાએ ગ્રામ વિકાસ એજન્સી અને શહેરી કક્ષાએ પણ શહેરી વિકાસ વિભાગ દ્વારા યાદી બનાવવામાં આવી છે એમાં નોંધણી કરવામાં આવી છે ૧થી૨૦ની એમાં જેટલા નોંધાયેલા હોય એ ગ્રામીણ વિસ્તારના હોય કે શહેરી વિસ્તારના હોય એ તમામ લાભાર્થીને આ કાર્ડ મળવાપાત્ર થાય છે. (અંતરાય) વચ્ચે કોઇ જો બીપીએલમાંથી નીકળી જાય તો જ એને રદ કરવામાં આવે છે એકવાર કાર્ડ બન્યું તો દશ વર્ષ સુધી ચાલે છે એમાં કોઇ પ્રશ્ન નથી.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, અમરેલી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો અને એમાં કેટલી રકમના સારવાર ખર્ચના દાવાઓ રજૂ થયા?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાના ૭૦૦ જેટલા દરદીઓએ આ યોજના અંતર્ગત લાભ લીધો છે અને ૧,૧૦,૭૪,૦૦૦/- રૂપિયા જેટલી રકમનો આમાં લાભ આપવામાં આવ્યો છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, જે મા યોજનાનું કાર્ડ ન હોય અને બીપીએલમાં હોય તો સારવારનો જવાબ તમે આપ્યો, પણ પ્રશ્ન એ છે કે ગ્રામ્ય લેવલે જે લોકો બીપીએલ

હોલ્ડર છે પણ એમને આ યોજનાની ખબર નથી તો એના માટે લોક જાગૃતિ માટે કોઇ વ્યવસ્થા છે કે કેમ અને જે હેલ્થ વર્કરો ગામડે ગામડે ફરે છે એમના દ્વારા લોક જાગૃતિ કરીને આ કાર્ડ મળે એવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો ખૂબ સારો છે હું એને પોઝીટીવ લઉં છું. જેટલી લોક જાગૃતિ વધારે હોય એટલો આ યોજનાનો વધારે લાભ લઇ શકાય. અમે અત્યારે  હાલ એક તો અખબારોની અંદર અવારનવાર આની માહિતી આપી છે અને બીજું, જે આશા વર્કર હોય છે એના માધ્યમથી એકેએક ઘર સુધી પહોંચે અને એક હેલ્થકાર્ડ જો કોઇ આશા વર્કર ત્યાં આગળ અપાવશે, દાખલ કરાવશે તો એને ૫૦ રૂપિયાનું ઇન્સેન્ટીવ પણ આપવાની અમે જોગવાઇ કરાવી છે અને પોલીટીકલી પાર્ટી તરીકે  પણ અમે પ્રજાની અંદર જઇને જયારે સામૂહિક કાર્યક્રમ હોય ત્યારે અમે એની જાણ કરતા હોઇએ છીએ કે એનો ગરીબ લોકો લાભ લે અને માનનીય સભ્યશ્રીઓને પણ મારી વિનંતી છે કે,આની જનજાગૃતિ આપણા માધ્યમથી પણ જેટલી બને એટલી કરીએ.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, આ યોજના કયારથી અમલમાં મૂકવામાં આવી અને આ ગરીબ લોકો માટેની યોજના છે એમાં ઘણીવાર એવું બનતું હોય છે કે અભણ લોકો જયારે હોસ્પિટલમાં જાય છે ત્યારે એમાં કાર્ડમાં નામ ફેરફાર થયેલા હોય છે તો એ નામ સુધારવા માટે આપણે કોઇ આયોજન કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરીઃમાનનીય અધ્યક્ષશ્રી, આ મા અમૃતમ્ યોજનાની  શરૂઆત ૨૦૧૨ થી થઇ છે. મેં અગાઉ વાત કરી એ પ્રમાણે અને નામમાં કોઇપણ મુશ્કેલી હોય તો તાલુકા કક્ષાએ એક કીયોસ્ક મશીન ત્યાં આગળ મૂકવામાં આવ્યું હોય છે અને સિવિલ હોસ્પિટલમાં પણ એક મોટી ત્યાં આગળ પણ વ્યવસ્થા કરી છે. મામલતદારશ્રી અથવા તો જે ઓથોરિટી હોય એ ઓથોરિટીનો દાખલો  લઇને આવશે અને તેમાં જાણકારી હોય કે ના નામમાં કંઇક ફેરફાર હશે તો એમાં સુધારો થઇ શકશે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, આપણો બધાનો અનુભવ રહ્યો છે અને આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવા માગું છું કે આ યોજનામાં બી.પી.એલ. કાર્ડધારકોને આ લાભ મળે છે માત્ર એમને કાર્ડ લેવા જવું પડે છે. ગંભીર બીમારી ખાસ કરીને કેન્સર જેવી હોય એમાં બીજા કે ત્રીજા સ્ટેજમાં જ એની ખબર પડતી હોય છે.આપની ચિંતા બરાબર છે કે બીજો માણસ એનો લાભ ના લઇ જાય. આઇડેન્ટિફિકેશન વેરીફાય કરીને એટલીસ્ટ ગંભીર બિમારીના કિસ્સામાં મા  કાર્ડ ના હોય અને બી.પીએલ. કાર્ડ હોય તો પણ લાભ મળે એવી કોઇ વિચારણા કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શંકરભાઇએ ખૂબ વિગતે જવાબ આપ્યો છે. આ યોજના બી.પી.એલ. લાભાર્થીઓને લાગુ પડે છે અને આ હાઉસના માનનીય સભ્યશ્રીઓને પણ ખબર છે કે આ વર્ષના નવા બજેટમાં આ ગરીબલક્ષી યોજનાને મધ્યમવર્ગીય બનાવવા માટે જે કુટુંબની આવક ૧ લાખ ૨૦ હજાર રૂપિયાની હોય એવી મધ્યમવર્ગીય તમામ બહેનોનો એમાં ઉમેરો કરવામાં આવ્યો છે અને ૨૧ વર્ષની ઉંમરમાં સુધારો કરીને દીકરાને પણ ઉમેરવામાં આવ્યા છે. બીજી અમારી ફરજ છે કે પ્રજા માટે આ યોજના લોન્ચ કરીએ  પછી રેશન કાર્ડ હોય, બી.પી.એલ. કાર્ડ હોય અથવા તંત્ર ઉભું કરે  એમાં દરેક તાલુકામાં તાલુકા  હેલ્થ ઓફિસમાં અથવા તાલુકા પંચાયતમાં  અથવા મામલતદાર કચેરીમાં કિયોસ્ક મૂકીએ છીએ ત્યાં કોઇપણ નાગરિક આવીને બી.પીએલ. ના લાભાર્થી હોય તો પોતે કાર્ડ  બતાવીને..(અંતરાય)

(આ તબકકે શ્રી શક્તિસિંહ ગોહિલ ઉભા થઇને બોલવા જતાં)

શ્રી નીતિનભાઇ ર. પટેલઃમારો જવાબ તો સાંભળો.. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ માનનીય શક્તિસિંહ, પહેલાં તમે બેસો. (અંતરાય) તમને કહું છું કે તમે બેસો. (અંતરાય) માનનીય નીતિનભાઇ, સાંભળો, કોઇ યોજનાની વાત નથી. ગંભીર બિમારી હોય  અને એ બી.પીએલ. માં ના હોય એવા લોકોનો વિચાર કરો છો કે નહીં? હા કે ના જ કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃહું એ જ કહું છું. પહેલાં વ્યવસ્થા સમજે તો આગળ વાત થાય.(અંતરાય)

અધ્યક્ષશ્રીઃ સાંભળો ભાઇ, સાંભળવું છે કે નહીં? ના સાંભળવું હોય તો પ્રશ્ન પૂછવાનું જ બંધ કરો. (અંતરાય) એ જ જવાબ આપે છે. આમાંથી પ્રશ્ન જ ઉભો થતો નથી છતાં જવાબ આપે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ તમને મારો જવાબ નથી ગમતો એની મને ખબર છે.

અધ્યક્ષશ્રીઃ જે ગંભીર બિમારીવાળા હોય અને જે બી.પીએલ.ના નથી અને ગરીબ હોય એને કરવા માગો છો કે કેમ? હા કે ના પાડો. એ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ કોઇપણ લાભાર્થી હોય...(અંતરાય)

અધ્યક્ષશ્રીઃ પ્રશ્ન ક્રમાંકઃ ૯.. (અંતરાય) આ તો હવે એવું થયું કે આમાંથી ઉભા થતા ના હોય એવા કોઇ પ્રશ્ન જ પૂછવા ના દેવા. આ તો તમામ લોકોના હિત માટેનો પ્રશ્ન હતો એટલા માટે મેં જવાબ આપવાનું કહ્યું છે. પ્રશ્ન ક્રમાંકઃ ૯...

**રાજ્યમાં ઓવરલોડ વાહનો ભરતા વાહન માલિક સામે કાનુની કાર્યવાહી**

* ૯૪૭૮ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ (પરિવહન અનુભાગ) ન્યુ દિલ્હી, પત્ર નં. એફ નં.આર.ટી.–૧૬૦૩૧/૦૫/૨૦૧૦–ટી તારીખ ૧૮/૪/૨૦૧૨ના પત્રના વિષય ૧,૨,૩માં જણાવ્યા મુજબ તા. ૩૧/૫/૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તથા રાજ્યમાં ઓવરલોડ વહન પ્રવૃત્તિ અટકાવવા માટે એન્ફોર્સમેન્ટ ઓથોરીટીની રચના કરવામાં આવી છે કે કેમ, | (૧) ના, સદરહુ પત્રમાં એન્ફોર્સમેન્ટ ઓથોરીટીની રચના કરવા જણાવેલ નથી. |
| (૨) જો હા, તો મોટર ટ્રક વાહનમાં ઓવરલોડ માલ ભરનાર તથા ઓવરલોડ માલ ભરેલ વાહન હંકારવાની પરવાનગી આપનાર તથા ઓવરલોડ માલનું વહન કરનાર વાહન માલિક અને ચાલક સામે પ્રિવેન્સન ઓફ ડેમેઝ ટુ પબ્લીક પ્રોપર્ટીઝ એક્ટ ૧૯૮૪ની જોગવાઈ હેઠળ કેટલા ઈસમો સામે ફોજદારી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

શ્રીમતી કામીનીબેન ભૂ. રાઠોડઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંકઃ ડી.એ.–ઓવરલોડ–૫૬૪૦ તા. ૧૫–૧૨–૨૦૧૦ ના અનુસંધાને આવા ઓવરલોડની ગેરરીતિ કરનાર અને તેની સાથે સંકળાયેલ તમામ લોકો સામે સરકાર કાયદેસરનાં પગલાં ભરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરીઃ માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે એ અમારા બધાની પણ ચિંતા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ તમે બેઠાં બેઠાં બોલો એટલે એ બેઠાં બેઠાં જવાબ આપે છે. તો હવે આપણે પદ્ધતિ જ બદલી નાંખીએ કે કોઇએ ઉભા થવું જ નહીં. બેઠાં બેઠાં બોલે અને બેઠાં બેઠાં જ જવાબ પણ આપે. (અંતરાય) શાંતિ રાખો અને સવાલ પૂરતા મર્યાદિત જવાબ આપો. (અંતરાય)

શ્રી શંકરભાઇ લ. ચૌધરીઃ એમની જે ચિંતા છે એની સાથે હું સંમત થાઉં છું. નામદાર સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે આવાં ઓવરલોડ વાહનો ઉપર આપણે અંકુશ રાખવો જોઇએ. રાજ્ય સરકારે એક અભિયાન તરીકે પણ આ વાતને લીધી છે. આવા ઓવર લોડના કારણે પહેલાં તો આપણે દંડ કરીને પૂરું કરતા હતા અને અત્યારે રાજ્ય સરકારે કડક પગલાં લેવા માટે ખાસ કરીને પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કરવાની કલમ છે એના અંતર્ગત વધુ સજા કરવાની જોગવાઇ અને આવા કેસો પણ ચાલુ કર્યા છે. રાજ્યની અંદર મોટા પ્રમાણમાં કન્ટ્રોલીંગ કરવા માટેની ઝૂંબેશ પણ રાજ્ય સરકારે હાથ ઉપર લીધી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : આ ઓવરલોડ વાહનો ચેકપોસ્ટ ઉપર જતા નથી, પરંતુ બાયપાસ નીકળી જાય છે. તો આવા વાહનો માટે સરકારે કોઇ પ્રોવિઝન કર્યું છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : એક રસ્તો હોય અને બીજા રસ્તા ઉપરથી વાહન નીકળી જાય તો આવી કયાંય ફરિયાદો આવે ત્યાં આર.ટી.ઓ.ની ટીમ અવારનવાર ચેકિંગ કરીને પકડી પાડવા માટે સૂચના આપી છે. પોલીસ તંત્રને પણ સૂચિત કર્યું છે કે આવા મોટા વાહનો નાના રસ્તા ઉપરથી જતાં હોય તો આર.ટી.ઓ. ના ધ્યાન ઉપર મૂકે અને એના માટે દંડની પણ જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ (પરિવહન અનુભાગ) ન્યુ દિલ્હીના પત્ર નંબર એ.નં. આર.ટી. ૧૬૦૩૧/૦૫/૨૦૧૦–ટી તારીખ ૧૮–૪–૨૦૧૨ના પત્રના વિષય ૧,૨,૩માં શું કહેવામાં આવ્યું છે, એ માટે રાજય સરકારે શું કાર્યવાહી કરી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એ ટેકનિકલ છે અને લાંબુ છે. ટૂંકમાં કહું તો નામદાર સુપ્રીમ કોર્ટે એની અંદર એવું કહ્યું છે કે ઓવર લોડેડ વાહન જતું હોય તો એના કારણે રાજયની આવક વધતી હોય પરંતુ ઓવરલોડ વાહનના કારણે અકસ્માત થતા હોય પબ્લિક પ્રોપર્ટીને નુકસાન થતું હોય તો એમાં દંડ લો કે વાહન ડીટેઈન કરીને મૂકી દો એટલા પૂરતું નહિ, પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કરવાની કલમ છે, સેશન્સ ટ્રાયલ છે, એના અંતર્ગત પગલાં લો તેવુ કહ્યું છે.

ડો. અનિલ જોષીયારા : ચેકપોસ્ટ આવે છે એની પહેલા ઓવરલોડ વાહન છે એમાંથી ટ્રેકટરમાં સામાન કાઢી લેવામાં આવે છે અને ચેકપોસ્ટમાંથી નીકળી જાય એટલે આગળ પાછો એ સામાન ઓવરલોડ વાહનમાં ભરી દેવામાં આવે છે. આ પદ્ધતિ શામળાજી ચેકપોસ્ટ ઉપર બેરોકટોક ચાલી રહી છે એની કોઇ નોંધ પણ નથી લેતું એની કોઇ ચકાસણી પણ નથી થતી તો એ ચકાસણી કરીને જો પકડાય તો એને દંડ કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આવી કોઇ બાબત આપના ધ્યાન ઉપર આવે તો મારા ધ્યાન ઉપર મૂકજો અને અહીંયા આપે કહ્યું છે એટલે હું શામળાજી ચેકપોસ્ટ ઉપર ધ્યાન રખાવીશ.

### વલસાડ જિલ્લામાં દીકરી યોજના હેઠળ થયેલ ખર્ચ

* ૯૨૮૯ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં દીકરી યોજના હેઠળ તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૨૪૯ |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૧૨,૫૫,૦૦૦/– |

શ્રી રમણલાલ ના. પાટકર : મારા વલસાડ જિલ્લામાં દીકરી યોજના હેઠળ મારા પ્રશ્નના જવાબમાં ૨૪૯ લાભાર્થીઓ પાછળ ૧૨,૫૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવેલ છે. મારો પ્રશ્ન એ છે કે દીકરી દીકરાની સમાંતર તરીકે સાર્થક યોજના બની છે ત્યારે અમારા વલસાડ જિલ્લાના પાંચ તાલુકા છે એમાં સરકારી આંકડા પ્રમાણે દીકારા–દીકરીઓનું શું પ્રમાણ છે એ હું જાણવા માગું છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : રાજયની એવરેજ કરતાં ત્યાં આંકડો સારો છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કુટુંબ નિયોજન ભરપાઇ યોજનામાં નાણાકીય સહાયનું શું ધોરણ છે, વલસાડ જિલ્લામાં દીકરી યોજનાનો લાભ લીધો તો એમાં કોઇ કેસો થયા હોય તો એ અંગે મંત્રીશ્રી જણાવે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : કુટુંબ નિયોજન કરતાં સમયે, કોઇનું ઓપરેશન કરતાં સમયે કોઇની બેદરકારી કે એવી કોઇ ઘટનાને કારણે પ્રસુતાને નુકસાન થયું હોય કે મૃત્યું થયું તો એના માટે બે લાખ

રૂપિયા આપવાની જોગવાઇ છે. બાકી કોઇ દા.ત. આઠ દસ દિવસમાં એનું મૃત્યું થાય તો ૫૦ હજાર સુધીની સહાયની જોગવાઇ છે. એમ લાગે કે કામ નહિ કરી શકે, શસ્ત્રક્રિયા નિષ્ફળ ગઇ છે તો ૩૦ હજારની સહાયની જોગવાઇ છે. કુટુંબ નિયોજન ઓપરેશન કર્યું પરંતુ એમાં કોઇ ડોકટરની બેદરકારી હોય તો ડોકટર સામે પણ બે લાખ રૂપિયા સુધીનો દાવો કરવાની કાયદામાં જોગવાઇ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દીકરી યોજના હેઠળ કુટુંબ નિયોજન માટેના ઓપરેશન કરતા સરકારી દવાખાનાની સંખ્યા અને કુટુંબકલ્યાણ કેન્દ્રોની સંખ્યા વલસાડ જિલ્લામાં કેટલી છે અને દીકરી યોજનામાં છેલ્લા બે વર્ષમાં લાભ લેવાની સંખ્યા બાબતે રાજયમાં વલસાડ જિલ્લો કયા ક્રમે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ત્યાં જે કુટુંબનિયોજનના ઓપરેશનો થતાં હોય છે તેવી ૬૭ જગ્યાઓ છે અને ક્રમની વાત કરી તો રાજયના જે છે તેમાં વલસાડ જિલ્લો ત્રીજા ક્રમે આવે છે અને કુટુંબનિયોજન યોજના તો ખરી પરંતુ આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે જેન્ડર બજેટ મૂકયું છે તેના કારણે પણ એમાં જે જોગવાઇઓ છે તેમાં શિક્ષણની હોય, કુપોષણની સામે હોય તેના કારણે પણ દીકરીનો જન્મદર વધવાની શકયતાઓ છે અને ‘ બેટી બચાવો, બેટી વધાવો ’ અભિયાન અંતર્ગત પણ દીકરીઓને આનો ઘણો બધો ફાયદો થશે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે દીકરી યોજનામાં અમરેલીમાં ૧૩ જણાએ લાભ લીધો છે. વલસાડ જિલ્લામાં ૨૪૯ વ્યકિતઓએ લાભ લીધો છે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે વલસાડ જિલ્લો એ ટ્રાઇબલ જિલ્લો આવેલો છે, તો આ ૨૪૯ વ્યકિતઓએ લાભ લીધો છે તેમાં આદિવાસી કેટલા કુટુંબો છે અને દલિત કેટલા કુટુંબો છે, બક્ષીપંચના કેટલા કુટુંબો છે અને જનરલ કેટલા કુટુંબો છે? તેને જે રોકડ આપવામાં આવે છે એ રોકડ આપવામાં આવે છે કે બચતપત્રો આપવામાં આવે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : પહેલો જે આંકડો કહ્યો છે, જાતિવાર અલગ આંકડો મારી પાસે નથી. બીજાં પ્રશ્નની વાત કરી છે કે તેમને રોકડ આપવામાં આવે છે કે બચતપત્રો, તો તેમને બચતપત્રો આપવામાં આવે છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જયારે પી.એચ.સી. અને સી.એચ.સી.માં ઓપરેશન કરવામાં આવે છે તે દરમ્યાન જે લાભાર્થીને લાવવામાં આવે છે, અમે નજરે પણ જોયું છે અને ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં કિસ્સો પણ બન્યો છે કે ઓપરેશન કર્યા પછી કેટલાય બહેનોને નીચે સુવડાવી દેવામાં આવેલા અને ખૂબ મોટો હંગામો થયો હતો તો એવી ઘટના ન બને કે ઓપરેશન કરવા માટે બહેનોને હોસ્પિટલમાં લાવ્યા પછી તેમને લઇ જવા માટે એક ગાડીમાં આઠ–આઠ, દસ–દસ બહેનોને સાથે ભરીને લઇ જાય છે એ અગવડ ઉભી ન થાય તેના માટે કોઇ સારી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

| (૩) નાપાસ થયેલ નમૂનાઓ બાબતે શાં પગલા લેવામાં આવે છે? | (૩) નાપાસ થયેલા નમૂનાઓ બાબતે નીચે જણાવ્યા મુજબના પગલા લેવામાં આવે છેઃ–<br>ગુજરાત રાજ્યના ઉત્પાદકોના કિસ્સામાં પ્રથમ પેઢીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવે છે.<br>દવાના નાપાસ થવાના કારણને ધ્યાને લઈ પરવાના અધિકારી દ્વારા ઉત્પાદક<br>– પેઢીના પરવાના સ્થગિત કરવામાં આવે છે.<br>– પેઢીની બનાવટની મંજૂરી રદ કરવામાં આવે છે.<br>– પેઢીની બનાવટની મંજૂરી રદ કરવી અને પરવાની સ્થગિત કરવામાં આવે છે.<br>– પેઢીને સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.<br>– પેઢીને સખત ચેતવણી આપવામાં આવે છે.<br>– અન્ય રાજ્યના ઉત્પાદકોના અપ્રમાણસર જાહેર થયેલા નમૂનાઓના કિસ્સામાં જેતે રાજ્યના ઔષધ નિયંત્રકને ઉત્પાદક સામે પગલા લેવા જણાવવામાં આવે છે. |

---------

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા વીમા યોજના હેઠળ રજીસ્ટર્ડ થયેલ હોસ્પિટલ

૯૦૭૧ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાષ્ટ્રીય | (૧) સામેલ પત્રક–અ મુજબ કુલ–૬૨ હોસ્પિટલો |

સ્વાસ્થ્ય સુરક્ષા વીમા યોજના હેઠળ આણંદ જિલ્લામાં કઈ હોસ્પિટલ રજીસ્ટર્ડ થયેલ છે,

રજીસ્ટર્ડ થયેલ છે.

(૨) તે અન્વયે ખાનગી અને સરકારી હોસ્પિટલો કેટલી, અને

(૨) ૪૧ ખાનગી હોસ્પિટલો
૨૧ સરકારી હોસ્પિટલો.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો?

(૩)

| **વર્ષ** | **ખર્ચ** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂા. ૨,૨૮,૧૦,૪૯૩/– |
| ૨૦૧૩–૨૦૧૪ | રૂા. ૨,૮૧,૩૫,૪૪૫/– |

**પત્રક–અ**

| **ક્રમ** | **હોસ્પિટલ** | **ક્રમ** | **હોસ્પિટલ** |
|---|---|---|---|
| ૧ | અક્ષર સર્જીકલ હોસ્પિટલ | ૩૨ | નિશાંત આઈ હોસ્પિટલ રેતિના કેર લેસર સેન્ટર |
| ૨ | અમરદીપ મેટરનિટી હોમ એન્ડ આઈ હોસ્પિટલ | ૩૩ | નુતન જનરલ હોસ્પિટલ |
| ૩ | આરૂષી ઈએનટી સર્જીકલ હોસ્પિટલ | ૩૪ | પરિમલ નર્સિંગ હોમ આણંદ |
| ૪ | આશિર્વાદ હોસ્પિટલ | ૩૫ | પી.એચ.સી. – બદલપુર |
| ૫ | આશિષ સર્જીકલ હોસ્પિટલ | ૩૬ | પી.એચ.સી. – ભાલેજ |
| ૬ | સી.એચ.સી. અંકલાવ | ૩૭ | પી.એચ.સી. – કરમસદ |
| ૭ | સી.એચ.સી. ધર્મજ | ૩૮ | પી.એચ.સી. – નાપા |
| ૮ | સી.એચ.સી. ખંભાત | ૩૯ | પી.એચ.સી. – નાર |
| ૯ | સી.એચ.સી. મેહલાવ | ૪૦ | પી.એચ.સી. – સિસવા |
| ૧૦ | સી.એચ.સી.ઓડ | ૪૧ | પી.એચ.સી. – વદોદ |
| ૧૧ | સી.એચ.સી. રાસ | ૪૨ | પી.એચ.સી. –વિરસદ |
| ૧૨ | સી.એચ.સી. સારસા | ૪૩ | પી.એચ.સી. –ઝરોલા |
| ૧૩ | સી.એચ.સી. સોજીત્રા | ૪૪ | પ્રિયા ચિલ્ડ્રન હોસ્પિટલ |
| ૧૪ | સી.એચ.સી. તારાપુર | ૪૫ | પ્રિયા નર્સિંગ હોમ |
| ૧૫ | સી.એચ.સી. ઉમરેઠ | ૪૬ | રાજ નર્સિંગ હોમ |
| ૧૬ | સી.એચ.સી. વાસદ | ૪૭ | રાજલ સર્જીકલ હોસ્પિટલ |
| ૧૭ | ચિંતન હોસ્પિટલ | ૪૮ | એસ.એસ. હોસ્પિટલ |
| ૧૮ | દત્તુ હોસ્પિટલ | ૪૯ | સાદત સાર્વજનિક હોસ્પિટલ એન્ડ મેટરનિટી નર્સિંગ હોમ |
| ૧૯ | દીપ હોસ્પિટલ | ૫૦ | સહજાનંદ મેટરનિટી એન્ડ જનરલ હોસ્પિટલ |
| ૨૦ | હેલ્થ હોસ્પિટલ | ૫૧ | સાંઈ હોસ્પિટલ |
| ૨૧ | હીરલ હોસ્પિટલ | ૫૨ | સજીવન હોસ્પિટલ |
| ૨૨ | ઈશિતા હોસ્પિટલ એન્ડ સોનોગ્રાફી સેન્ટર | ૫૩ | શંકરા હોસ્પિટલ |
| ૨૩ | જયદીપ આઈ હોસ્પિટલ | ૫૪ | શિશુ મંગલ હોસ્પિટલ |
| ૨૪ | જમના હોસ્પિટલ | ૫૫ | શ્રી દત્ત જનરલ હોસ્પિટલ |
| ૨૫ | જયના વુમન્સ હોસ્પિટલ | ૫૬ | શ્રી મેટરનિટી એન્ડ નર્સિંગ હોમ |
| ૨૬ | જેઠવા આઈ હોસ્પિટલ | ૫૭ | શ્રી નવજીવન હોસ્પિટલ |
| ૨૭ | ખુશબુ ઈએનટી સર્જીકલ હોસ્પિટલ | ૫૮ | સુનવ મેડીકલ રીલીફ સોસાયટી સિનવ |
| ૨૮ | મારુતિ ઓથો સર્જીકલ હોસ્પિટલ | ૫૯ | યુનિટી જનરલ હોસ્પિટલ |
| ૨૯ | નવજીવન હેલ્થ હોસ્પિટલ | ૬૦ | વાત્સલ્ય ચિલ્ટ્રન હોસ્પિટલ |
| ૩૦ | નવજીવન હોસ્પિટલ | ૬૧ | વેદાંત ઈએનટી હોસ્પિટલ |
| ૩૧ | નિરમિત હોસ્પિટલ | ૬૨ | વ્યોમ ઈએનટી હોસ્પિટલ |

–––––––––

તા.૯મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓનો દર્દીએ લીધેલ લાભ**

૯૨૮૪ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૨) તે પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી?

**જવાબ**

(૧) ૩૮,૯૧૨.

(૨) ૩,૭૭૦.

---------

**રાજ્યમાં ખાનગી અને સરકારી મેડીકલ કોલેજના ફીના ધોરણો**

૯૫૭૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી તેમજ ખાનગી મેડીકલ કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની કોલેજ દીઠ કેટલી બેઠકો ઉપલબ્ધ છે, અને

(૨) ખાનગી મેડીકલ કોલેજોમાં લેવામાં આવતી ફીના ધોરણો રાજ્ય સરકાર ધ્વારા નિયત કરવામાં આવેલ છે કે કેમ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી તેમજ ખાનગી મેડીકલ કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની કોલેજ દીઠ ઉપલબ્ધ બેઠકો નીચે મુજબ છે.

| ક્રમ | કોલેજનું નામ | ઉપલબ્ધ બેઠકો |
|---|---|---|
| | **સરકારી મેડીકલ કોલેજો** | |
| ૧ | બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૨૫૦ |
| ૨ | સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | ૧૮૦ |
| ૩ | સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૧૫૦ |
| ૪ | એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર | ૨૦૦ |
| ૫ | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૧૫૦ |
| ૬ | સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૧૫૦ |
| | **ખાનગી મેડીકલ કોલેજો** | |
| ૭ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ | ૧૫૦ |
| ૮ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગોત્રી, વડોદરા | ૧૫૦ |
| ૯ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર | ૧૫૦ |
| ૧૦ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ધારપુર, પાટણ | ૧૫૦ |
| ૧૧ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ | ૧૫૦ |
| ૧૨ | સુરત મ્યુનિ. ઈન્સ્ટી. ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત | ૧૫૦ |
| ૧૩ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુ.મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ |
| ૧૪ | એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ |
| ૧૫ | સી.યુ.શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૧૦૦ |
| ૧૬ | પ્રમુખ સ્વીમી મેડીકલ કોલેજ, કરમસદ | ૧૦૦ |
| ૧૭ | ગુજરાત અદાણી ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભૂજ (કચ્છ) | ૧૫૦ |
| ૧૮ | ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ |
| ૧૯ | શ્રીમતી બા.કે. શાહ મેડીકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ, પીપરીયા, તા. વાઘોડીયા-વડોદરા (ડીમ્ડ યુનિર્વસીટી) | ૧૫૦ |

(૨) ખાનગી મેડિકલ કોલેજમાં લેવામાં આવતી ફીના ધોરણો ''ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટયુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફીકસેશન ઓફ ફીસ) એકટ-૨૦૦૭'' હેઠળની જોગવાઈ અનુસાર રાજ્ય સરકારશ્રી ધ્વારા રચાયેલ ''ફી

રેગ્યુલેટરી કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષિસ'' દ્વારા નિયત કરવામાં આવે છે.

---------

**અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

૯૨૬૧ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **મંજુર થયેલ મહેકમ** |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૪ | હેડકલાર્ક | ૦૨ |
| ૫ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૦૩ |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૬ |
| ૭ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૮ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૯ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૦ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૧ | નાયક | ૦૧ |
| ૧૨ | પટાવાળા | ૦૫ |
| ૧૩ | વોચમેન | ૦૧ |
| | **કુલઃ** | **૩૨** |

(૨) આ મહેકમ સામે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર કુલ–૦૯ જગ્યાઓ ખાલી છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૪ | હેડકલાર્ક | – |
| ૫ | સીનીયર કલાર્ક/સબ એકા. | – |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૨ |
| ૭ | ટાઈપીસ્ટ | – |
| ૮ | આંકડા મદદનીશ | – |
| ૯ | સર્કલ ઓફીસર | – |
| ૧૦ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૧ | નાયક | – |
| ૧૨ | પટાવાળા | – |
| ૧૩ | વોચમેન | ૦૧ |

| | | |
|---|---|---|
| | કુલઃ | ૦૯ |

(૩) કેટલી જગ્યાઓ ભરાયેલ છે?

(૩) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર કુલ-૨૩ જગ્યાઓ ભરાયેલ છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | - |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૪ | હેડકલાર્ક | ૦૨ |
| ૫ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૦૩ |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૪ |
| ૭ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૮ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૯ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૦ | ડ્રાઈવર | - |
| ૧૧ | નાયક | ૦૧ |
| ૧૨ | પટાવાળા | ૦૫ |
| ૧૩ | વોચમેન | - |
| | કુલઃ | ૨૩ |

---------

**રાજયમાં કોચ અને તાલીમ શિક્ષકોની ભરતી**

૯૫૧૭ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં યુવા સાંસ્કૃતિક અને રમત-ગમત વિભાગ હેઠળ મંજૂર થયેલ કોચ અને તાલીમ શિક્ષકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કોચ અને તાલીમ શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરાયેલ છે. ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી કાયમી ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ફીકસ પગાર/હંગામી ધોરણે ભરાયેલ છે, અને

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવા માંગે છે?

**જવાબ**

(૧) ૧૯૮ કોચ. તાલીમ શિક્ષકો નથી.

(૨) ભરાયેલી જગ્યાઓ ૧૪૩
કાયમી ભરાયેલી ૨૬
ફીક્સ પગાર કે હંગામી ધોરણે ભરાયેલી ૧૧૭

(૩) ખાલી જગ્યાઓ ભરતી પ્રગતીમા, ૫૫

---------

**સુરત જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ચાલતી પ્રવૃત્તિઓ**

૯૨૪૩ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ફળ, શાકભાજી, ફુલ, પશુ, પક્ષી, વાહન, કલર, આકારની ઓળખ, ચિત્રકામ, ગીત, અભિનય, વાર્તા, પેપર કટીંગ, માટીકામ, મણકા ગણત્રી, અનાજ વર્ગીકરણ, આઉટ

ડોર/ઈનડોર રમત વિગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષમાં તેનો લાભ કેટલા બાળકોને મળેલ છે?

(૨) સરેરાશ ૪૫૧૪૪ બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણનું લાભ આપવામાં આવેલ છે.

---------

**બાલાસિનોર વિરપુર કડાછલા રસ્તો પહોળો કરવા બાબત**

૮૩૧૧ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બાલાશીનોરના વિરપુર કડાછલા રસ્તો પહોળો કરવા સરકારમાં છેલ્લા બે વર્ષમાં કોના કોના તરફથી માગણીઓ મળી, અને

(૨) મળેલ માંગણીઓ પછી સરકારે આ અંગે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) મા.ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ.

(૨) ડામર સપાટીની પહોળાઈ હયાત ટ્રાફીકના ભારણને ધ્યાને લેતાં પૂરતી હોઈ, તાંત્રિક રીતે રસ્તાને પહોળો કરવાની હાલમાં જરૂરિયાત જણાયેલ નથી.

---------

**રાજ્યમાં ગંભીર બીમારીમાં દર્દીને સારવારમાં રાહત**

૯૮૬૧ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સરકારમાં ગંભીર બિમારીઓ જેવી કે કેન્સર, હૃદયની બિમારી અને કીડનીની બિમારીઓમાં બી.પી.એલ. સિવાયના મધ્યમ વર્ગના દર્દીઓને સારવારમાં સંપૂર્ણ રાહત આપવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કયારથી?

**જવાબ**

(૧) બી.પી.એલ. સિવાયના મધ્યમ વર્ગના દર્દીઓને સારવારમાં સંપૂર્ણ રાહત આપવા બાબત સરકારની વિચારણા હેઠળ છે.

(૨) આખરી નિર્ણય થયેથી.

---------

**ખેલ મહાકુંભમાં રમતવીરો પાછળ કરેલ ખર્ચ**

૯૬૨૧ **શ્રી જોઈતાભાઈ ક. પટેલ(ધાનેરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨ તથા ૨૦૧૩ દરમ્યાન ખેલ મહાકુંભમાં રાજ્યમાંથી કેટલા રમતવીરોએ ભાગ લીધો,

(૨) બનાસકાંઠા જિલ્લામાંથી કેટલા રમતવીરોએ ભાગ લીધો, અને

(૩) આ ખેલ મહાકુંભો પાછળ વર્ષદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨ માં કુલ રૂ.૧૬,૭૪,૪૫૩ અને વર્ષ ૨૦૧૩ માં કુલ ૩૧,૪૪,૩૭૦ રમતવીરોએ ભાગ લીધેલ હતો.

(૨) વર્ષ ૨૦૧૨ માં ૪૩,૫૧૪ અને વર્ષ ૨૦૧૩ માં ૧,૨૨,૩૯૯ રમતવીરોએ ભાગ લીધેલ છે.

(૩) વર્ષ ૨૦૧૨ માં કુલ રૂ.૫૦,૭૦,૮૧,૧૭૮ તેમજ વર્ષ ૨૦૧૩ માં કુલ રૂ.૫૨,૧૩,૦૩,૦૨૬/- નો ખર્ચ થયેલ છે.

---------

**કચ્છ, ભૂજ જિલ્લાના મોથાળા–કોઠારા રસ્તાને પહોળો કરવાની કામગીરી**

૯૩૦૩ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ, ભૂજ જિલ્લાના મોથાળા–કોઠારા રસ્તાને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) પ્રગતિમાં. |
| (૩) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**નવસારી જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ ખર્ચ**

૯૨૯૨ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૨–૧૩ ૩૦૭૮ લાભાર્થીઓ<br>વર્ષ ૨૦૧૩–૧૪ ૩૫૮૫ લાભાર્થીઓ<br>કુલ : ૬૬૬૩ લાભાર્થીઓ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૨–૧૩ રૂ.૬૧,૬૪,૮૦૦<br>વર્ષ ૨૦૧૩–૧૪ રૂ.૮૮,૧૬,૮૦૦<br>કુલ ખર્ચ : રૂ.૧,૪૯,૮૧,૬૦૦ |

---------

**પાટણ જિલ્લામાં હોમીયોપેથી કોલેજ અને હોસ્પિટલના બાંધકામની કામગીરી**

૯૨૭૪ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના દેથળી ખાતે નવી સરકારી હોમીયોપેથી કોલેજ તેમજ સંલગ્ન હોસ્પીટલના બાંધકામની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ.૧૨૯.૩૪ કરોડ. |
| (૩) તે કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

**રાજયમાં સ્વતંત્ર નારી અદાલતોની સ્થાપના**

૯૮૨૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્વતંત્ર નારી અદાલતો શરૂ કરવાનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અદાલતોએ શી કામગીરી હાથ ધરવાની રહે છે ? | (૨) નારી અદાલતો એટલે નારી દ્વારા, નારી માટે, નારીવાદી અભિગમ સાથે મહિલાઓને ન્યાય આપવા માટે ચાલતી પ્રક્રિયા છે. જે ગામડામાં ગરીબ, તરછોડાયેલી, દુ:ખી બહેનોને મદદ કરવાનાં શુભ આશયથી, ઘરેલું મારપીટ, ઘરેલું ઝઘડા, શંકા–કુશંકા, દારૂડીયા પતિનો ત્રાસ, એક પત્નિ પર બીજી પત્નિ, મીલકતનાં તથા જમીનને લગતા વિવાદ, ભગાડી જવાના, બાળકની સોંપણી વિગેરે જેવા કેસોમાં અર્ધન્યાયિક પ્રક્રિયાથી નિવારણ કરવાના પ્રયત્નો કરેલ છે. |
| (૩) તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ રાજ્યમાં ક્યા શહેરોમાં નારી અદાલતો કાર્યરત કરવામાં આવી છે, તથા ક્યા શહેરોમાં બાકી છે, અને | (૩) તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૦૨ તાલુકાઓમાં નારી અદાલતો કાર્યરત કરવામાં આવી છે. જેનું ***પત્રક** સામેલ છે. બાકીના તાલુકાઓમાં નારી અદાલતની રચના બાકી છે. |
| (૪) બાકી રહેલી નારી અદાલતો ક્યાં સુધીમાં | (૪) બનતી ત્વરાએ. |

કાર્યરત કરવામાં આવશે ?

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૮૫૫૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા–ધાનપુર–દેવગઢ બારીયા અને લીમખેડામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) તેમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, આવી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સા.આ. કેન્દ્ર અને પ્રા.આ. કેન્દ્રની વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **સા.આ. કેન્દ્ર** | **પ્રા.આ. કેન્દ્ર** |
|---|---|---|
| ગરબાડા | ૦૧ | ૦૭ |
| ધાનપુર | ૦૧ | ૦૬ |
| દેવગઢ બારીયા | ૦૧ | ૦૯ |
| લીમખેડા | ૦૨ | ૧૦ |
| **કુલ** | **૦૫** | **૩૨** |

(૨) સા.આ.કેન્દ્ર અને પ્રા.આ.કેન્દ્રો ખાતે સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત ***પત્રક–અ** અને ***પત્રક–બ** મુજબ છે.

સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફીસર, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે, જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જયારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી–બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકા સેવા સદનનું કામ**

૯૩૦૮ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકા ખાતે નવા તાલુકા સેવા સદનનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કેટલી અંદાજીત રકમ મંજૂર થયેલ છે, અને | (૨) રૂ.૧૦૦૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તે કામ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

તા.૯મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**બોટાદ તાલુકાના રોડને પહોળો કરવા બાબત**

૯૩૧૭ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોટાદ જિલ્લાના બોટાદ તાલુકાના બોટાદ તુરખા રંગપર અસલપર રોડને સરકાર પહોળો કરનાર છે તે વાત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ રસ્તાને પહોળો કરવાનું કામ કેટલી લંબાઈ તથા કેટલી રકમનું ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) ૨૧.૦૦ કી.મી. લંબાઈનું રૂ.૧૭૨૭.૦૦ લાખનું કામ તા.૧૩–૧–૨૦૧૪ ના રોજ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ આ કામ ક્યાં તબકકે છે ? | (૩) નકશા અંદાજ તબક્કે. |

---------

**મેશ્વો નદી પર પુલ બનાવવાની કામગીરી**

૯૩૦૪ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નરોડા–દહેગામ–હરસોલ–ધનપુરા રસ્તા પર આવેલ તાજપુર ગામ પાસે મેશ્વો નદી પર નવો પુલ બનાવવાની કામગીરી તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) પ્રગતિમાં. |
| (૨) તે કામગીરી ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે, અને | (૨) બનતી ત્વરાએ. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૩) રૂ.૧૧૩૩.૭૮ લાખ. |

---------

**ગીર–સોમનાથ તથા જૂનાગઢ જિલ્લામાં ભેળસેળના કેસો**

૧૦૫૦૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ગીર–સોમનાથ તથા જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરવાના કેટલા કેસો નોંધાયા,

(૧) ખાદ્યપદાર્થોમાં ભેળસેળના વર્ષવાર નોંધાયેલ કેસોની વિગત.

| વર્ષ ૨૦૧૨–૧૩ | | વર્ષ ૨૦૧૩–૧૪ | |
|---|---|---|---|
| જૂનાગઢ | ગીર–સોમનાથ | જૂનાગઢ | ગીર–સોમનાથ |
| ૬ | ૬ બંનેના કુલઃ ૧૨ | ૨૧ | ૨ |

વધુમાં જણાવવાનું કે, ગીર સોમનાથ જિલ્લાના તાલુકાઓ છે તે સને ૨૦૧૨–૧૩ ના સમયગાળામાં જૂનાગઢ જિલ્લાનો ભાગ હતો, અને ગીર–સોમનાથ જિલ્લો ઓકટોબર–૨૦૧૩ થી અમલમાં આવેલ છે.

(૨) આ ભેળસેળ કેવા પ્રકારની માલુમ પડી, અને ભેળસેળના કેટલા ગુન્હાઓ સાબિત થયા, અને

(૨) ખાદ્ય પદાર્થોમાં સ્ટાર્ચ, હળદર, કલર, વનસ્પતિ ઘી તથા બેકટેરીયાની હાજરી માલુમ પડેલ છે. ખંડ–૧ ના ભેળસેળના ૩૫ નમૂનાઓમાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ મુજબ એડજ્યુડીકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

(૩) આ ભેળસેળ અટકાવવા સરકારે શાં પગલાંઓ લીધા?

(૩) રાજ્યના ફુડ સેફ્ટી ઓફીસરો દ્વારા સઘન તપાસ કરવામાં આવે છે, મોબાઈલ ટેસ્ટીંગવાનથી સ્થળ ઉપર નમૂના ચકાસવામાં આવે છે, સેમિનાર યોજવામાં આવે છે, જ્યાં શંકા પડે તેના નમૂનાઓ લેવામાં આવે છે અને કસુરવારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**કચ્છ જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત ખર્ચ**

૯૨૪૨ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ નિરાધાર વિધવાઓને કેટલી રકમ સહાય તરીકે આપવામાં આવી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ નિરાધાર વિધવાઓને રૂ.૭૫૬.૬૧ લાખ રકમ સહાય તરીકે આપવામાં આવી.

(૨) તે અંગે રૂ.૩૭.૮૪ લાખ ખર્ચ પોસ્ટેજની સાથે કુલ રૂ.૭૯૪.૪૫ લાખ ખર્ચ થયો.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સીવીલ હોસ્પીટલમાં ખાલી જગ્યાઓ**

૧૦૧૯૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) :** તા.૨૪–૨–૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંકઃ ૭૪૯૯ (અગ્રતા–૪૫) અન્વયે **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાની સીવીલ હોસ્પીટલ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (પંચાયત) હસ્તક વર્ગ–૧ તથા વર્ગ–૨ ની મંજૂર થયેલ ૨૬૭ જગ્યાઓ પૈકી તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ જે જગ્યાઓ ખાલી છે તે સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને જાહેરાત આપવા માંગણીપત્રક ક્યારે મોકલવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) જે તે જિલ્લા કે હોસ્પીટલવાઈઝ/સામૂહિક આરોગ્ય કેન્દ્રવાઈઝ સીધી ભરતીના માંગણાપત્રક મોકલવામાં આવતા નથી. પરંતુ રાજ્યની સરકારી/જનરલ હોસ્પીટલો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧, ૨ ની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેનું કેડરવાઈઝ સંયુકત માંગણીપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવામાં આવે છે.

(૧) તજજ્ઞ વર્ગ–૧ ની કેડરવાઈઝ જગ્યાઓ માટે ગુજરાત જાહેર સેવા આયોગને મોકલેલ માંગણાપત્રકની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | આયોગને માંગણાપત્રક મોકલ્યા તારીખ |
|---|---|---|
| ૧ | પેડીયાટ્રીશીયન વર્ગ–૧ | તા.૫–૧–૨૦૧૨ |
| ૨ | ફીઝીશીયન વર્ગ–૧ | તા.૧૬–૭–૨૦૧૩ |
| ૩ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ–૧ | તા.૧૭–૭–૨૦૧૩ |
| ૪ | જનરલ સર્જન વર્ગ–૧ | તા.૧૭–૭–૨૦૧૩ |
| ૫ | એનેસ્થેટીસ્ટ વર્ગ–૧ | તા.૧૭–૭–૨૦૧૦ |
| ૬ | પેથોલોજીસ્ટ વર્ગ–૧ | તા.૨૩–૭–૨૦૧૦ |
| ૭ | ડેન્ટલ સર્જન વર્ગ–૧ | તા.૧૮–૧–૨૦૧૩ |
| ૮ | ડરમેટોલોજીસ્ટ વર્ગ–૧ | તા.૧૨–૧૧–૨૦૧૩ |
| ૯ | મનોરોગ ચિકિત્સક વર્ગ–૧ | તા.૨૪–૭–૨૦૧૩ |
| ૧૦ | નેત્રસર્જન વર્ગ–૧ | તા.૨૫–૨–૨૦૧૪ |
| ૧૧ | ઓર્થોપેડીક સર્જન વર્ગ–૧ | તા.૫–૬–૨૦૧૪ |
| ૧૨ | ઈ.એન.ટી. સર્જન વર્ગ–૧ | તા.૬–૯–૨૦૧૦ |
| ૧૩ | રેડીયોલોજીસ્ટ વર્ગ–૧ | તા.૫–૬–૨૦૧૪ |

(૨) તબીબી અધિકારી, વર્ગ–૨ નું તા.૧૩–૯–૨૦૧૩ અને દંતસર્જન, વર્ગ–૨ નું તા.૩–૨–૨૦૧૪ ના રોજ માંગણાપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૨) ઉકત ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા એડહોક ધોરણે કરાર આધારિત તથા બોન્ડની શરતો અનુસાર નિમણૂંક આપી તા.૩૧ મે, ૨૦૧૪ સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી ? | (૨) વર્ગ–૧ ની ૩ જગ્યા અને તબીબી અધિકારી વર્ગ–૨ ની ૨૦ જગ્યાઓ તા.૩૧ મે, ૨૦૧૪ સુધીમાં ભરવામાં આવી. |

---------

## રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવક

૯૨૫૮ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ આર.ટી.ઓ. કચેરીની માર્ચ–૨૦૧૪ના અંતે છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ તેમાં અગાઉના વર્ષના પ્રમાણમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો, | (૧) રૂ.૧૬૯.૦૯ કરોડની આવક થઈ, તેમાં અગાઉના વર્ષના પ્રમાણમાં રૂ.૧૩.૮૧ કરોડનો વધારો થયો. |
| (૨) જો ઘટાડો થયો હોય તો કેટલો ઘટાડો થયો, અને | (૨) ઘટાડો થયેલ નથી. |
| (૩) ઘટાડો થવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં સ્વામી વિવેકાનંદ કેન્દ્રોની રચના

૯૧૦૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા સ્વામી વિવેકાનંદ મંડળ કેન્દ્રોની રચના કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર સ્વામી વિવેકાનંદ મંડળ કેન્દ્રોની રચના કરવામાં આવી.

| | | |
|---|---|---|
| છોટાઉદેપુર | – | ૦૪૨ |
| પાવી જેતપુર | – | ૨૧૭ |
| નસવાડી | – | ૧૫૦ |
| સંખેડા | – | ૧૭૪ |
| કવાંટ | – | ૦૬૨ |
| **કુલ** | – | **૬૪૫** |

(૨) તેમાં કેવા પ્રકારની સહાય તાલુકાવાર આપવામાં આવી ?

(૨) સંખેડા તાલુકામાં વોલીબોલ ચેસની તથા બેડમીન્ટન કીટ આપવામાં આવી.

---------

## મહીસાગર જિલ્લા સેવા સદનનું કામ

૯૩૦૯ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવરચિત મહીસાગર જિલ્લા ખાતે નવા જિલ્લા સેવા સદનનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કેટલી અંદાજીત રકમનું, અને | (૨) રૂ.૨૦૦૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ તે કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સરકારી હોસ્પીટલોમાં સંવર્ગવાર મહેકમ

૮૫૪૮ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પીટલો, | (૧) અને (૨) : અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં આવેલ સરકારી હોસ્પીટલો, સામૂહિક આરોગ્ય |

સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

(૩) આવી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ અને તે અન્વયે ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો સામેલ *પત્રક–૧ (અ) થી **૧ (ખ)**, ***પત્રક–૨ (અ)** થી **૨ (ક)**, ***પત્રક–૩** (અ) અને ***પત્રક–૪ (અ)** માં દર્શાવ્યા મુજબની છે.

(૩) સરકારી હોસ્પીટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ ભરવા માટે કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરી ખાતે દર સોમવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે અને તેમાં પસંદગી પામેલ તજજ્ઞોને એડહોક નિમણૂંક આપવામાં આવે છે. સી.એમ. સેતુ યોજના અંતર્ગત નિષ્ણાંત તબીબોની ખાલી જગ્યાઓ સામે ખાનગી હોસ્પીટલ/કલીનીક ધરાવતાં સ્પેશ્યાલીસ્ટની સેવાઓ સરકારી હોસ્પીટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અમુક શરતોને આધિન લેવામાં આવે છે. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફીસર, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાંય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટરમાં દર્દીને સારવાર**

૯૨૮૧ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ દ્વારા તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) અમદાવાદ યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ દ્વારા તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨,૫૮,૧૫૭ દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી,

(૨) તે પૈકી નીચે મુજબના આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી.

| વિગત | તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | તા.૧–૬–૧૩ થી તા.૩૧–૫– | કુલ |
|---|---|---|---|

| | | ૧૪ | |
|---|---|---|---|
| આઉટડોર | ૧૦૩૦૫૭ | ૧૧૪૯૮૩ | ૨૧૮૦૪૦ |
| ઈન્ડોર | ૧૯૦૭૧ | ૨૧૦૪૬ | ૪૦૧૧૭ |
| કાર્ડીયાક સર્જરી | ૩૭૭૯ | ૪૫૫૯ | ૮૩૩૮ |
| કાર્ડીયાક પ્રોસીઝર | ૧૨૯૬૬ | ૧૪૩૦૪ | ૨૭૨૭૦ |

---------

**રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૯૫૯૭ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશનો આપવામાં આવ્યા અને કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવાના બાકી છે, અને

(૨) આ બાકી ગેસ કનેકશનો કેટલા સમયમાં પૂરા પાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન અપાયેલ આંગણ વાડીની સંખ્યા | ગેસ કનેકશન આપવાના બાકી આંગણ વાડીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૦૦ | ૨૮ |
| ૨ | મોરબી | ૧૭૫ | ૨૨ |
| ૩ | માળીયા | ૮૨ | ૧૧ |
| ૪ | ટંકારા | ૭૭ | ૬ |
| ૫ | લોધીકા | ૪૫ | ૮ |
| ૬ | જસદણ | ૧૯૦ | ૨૪ |
| ૭ | રાજકોટ (૩) | ૧૫૮ | ૧૫ |
| ૮ | જામકંડોરણા | ૮૫ | ૭ |
| ૯ | પડધરી | ૮૩ | ૬ |
| ૧૦ | ઉપલેટા | ૧૫૦ | ૭ |
| ૧૧ | ગોંડલ | ૧૯૫ | ૧૩ |
| ૧૨ | જેતપુર | ૧૩૫ | ૮ |
| ૧૩ | ધોરાજી | ૧૨૦ | ૩ |
| ૧૪ | કોટડા | ૬૯ | ૧૮ |
| | **કુલ** | **૧૭૬૪** | **૧૭૬** |

(૨) બનતી ત્વરાએ.

---------

**દહેગામ તાલુકામાં મેશ્વો અને વાત્રક નદી પર પુલ બનાવવા અંગે**

૯૪૭૯ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દહેગામ તાલુકામાં મેશ્વો નદી ઉપર આવેલા હરસોલી ગામે નદીનો પુલ અને વાત્રક નદી ઉપર બારીયા ગામે લો લેવર બ્રીજ બનાવવાનું સરકારનું આયોજન છે, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ તેની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હાલમાં આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યુવક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે ફાળવેલ રકમ**

૯૨૦૬ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલી કઈ પ્રવૃત્તિઓ યોજાઈ અને કેટલા રમતવીરોએ લાભ લીધો ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | તા.૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ |
|---|---|---|
| જામનગર | રૂ.૧૪,૬૭,૨૦૦ | રૂ.૪૪,૭૨,૦૦ |
| દેવભૂમિ દ્વારકા | –– | રૂ.૩૭,૦૦,૦૦૦ |

(૨) યોગાશન શિબિર, નેતૃત્વ તાલીમ શિબિર, અનુસૂચિત જાતિના યુવક–યુવતિઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાશન તાલીમ શિબિર, તાલુકા–જિલ્લા અને રાજ્ય યુવા ઉત્સવ, ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જંયતી ઉજવણી, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, બાળ નૃત્ય નાટિકા સ્પર્ધા, સાંસ્કૃતિક લોકડાયરો, તુરી બારોટ શિબિર, કલાકાર સહાય, જિલ્લા નવરાત્રી સ્પર્ધા, ઉમંગ ઉત્સવ, તાલુકા નવરાત્રી સ્પર્ધા અને દ્વારકા ઉત્સવ તેમજ રમતગમતની પ્રવૃતિઓ યોજાયેલ.

નીચે મુજબ રમતવીરોએ લાભ લીધો.

| જિલ્લાનું નામ | તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | તા.૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ |
|---|---|---|
| જામનગર | ૧,૪,૫,૧,૫૮ રમતવીરો | ૧,૪,૧,૩,૬૫ રમતવીરો |
| દેવભૂમિ દ્વારકા | –– | –– |

---------

**સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની આવક**

૧૦૬૬૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક વર્ષવાર થઇ ?

**જવાબ**

તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની વર્ષવાર આવક નીચે મુજબ થઇ.

| વર્ષ | થયેલ આવક (રૂપિયા કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૫૩.૭૫ |
| ૨૦૧૩–૧૪ | ૫૩.૯૭ |

---------

**રાજ્યમાં તાલુકા કક્ષાએ સ્પોર્ટસ સંકુલ બનાવવા બાબત**

૯૭૪૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે તાલુકા કક્ષાએ રમત ગમતના વિકાસ માટે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાનું વિચારેલ છે કે કેમ,

(૨) આ માટે સરકારે સન ૨૦૧૪–૧૫ માં બજેટમાં કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ, અને

(૩) જો ના તો સરકાર આ અંગે કઇ આયોજન કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) તાલુકા કક્ષાએ રમત ગમતના વિકાસ માટે બહુહેતુક સાંસ્કૃતિક સંકુલના નિર્માણની યોજના કરાઇ છે.

(૨) રૂ.૧૦/– કરોડની જોગવાઇ સુચવાયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**શહેરા તાલુકાના બોરડી રોડ પર પુલ બનાવવા અંગે**

૯૩૧૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના છાણી બિલીયા બોરડી રોડ પર સરકાર મોટો પુલ બનાવવા માંગે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પુલનું કામ કેટલી રકમનું ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને

(૩) તે કામ તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૬૨૫.૦૦ લાખ, જુલાઇ-૨૦૧૩ માં.

(૨) પ્રગતિમાં.

---------

**વલસાડ જિલ્લામાં આરોગ્ય તપાસ કાર્યક્રમ અંગે બાળકોને સહાય**

૯૧૮૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકો ગંભીર પ્રકારની બીમારીવાળા મળ્યા, અને

(૨) રાજ્ય સરકારે આ બાળકોની સારવાર પાછળ કેટલો ખર્ચ કર્યો અને કેટલા બાળકોની સારવાર થઇ શકી નથી ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત નીચે પ્રમાણે ગંભીર બિમારીવાળા બાળકો મળી આવ્યા.

| વર્ષ | તાલુકાનું નામ | હૃદય | કીડની | કેન્સર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ | વલસાડ | ૯ | ૫ | ૯ | ૨૩ |
| | પારડી | ૨૦ | ૦ | ૪ | ૨૪ |
| | ઉમરગામ | ૧૦ | ૪ | ૧ | ૧૫ |
| | ધરમપુર | ૬ | ૩ | ૦ | ૯ |
| | કપરાડા | ૫ | ૦ | ૦ | ૫ |
| | **કુલ** | **૫૦** | **૧૨** | **૧૪** | **૭૬** |
| ૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ | વલસાડ | ૧૦ | ૬ | ૭ | ૨૩ |
| | પારડી | ૧૧ | ૦ | ૯ | ૨૦ |
| | ઉમરગામ | ૯ | ૨ | ૧ | ૧૨ |
| | ધરમપુર | ૮ | ૨ | ૦ | ૧૦ |
| | કપરાડા | ૨ | ૧ | ૨ | ૫ |
| | **કુલ** | **૪૦** | **૧૧** | **૧૯** | **૭૦** |

(૨) રાજ્ય સરકારે વલસાડ જિલ્લાના આ બાળકોની સારવાર પાછળ ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ માં રૂ.૩૬,૬૯,૯૮૭/- તથા ૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ માં રૂ.૨૮,૫૪,૮૪૧/- મળી છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૬૫,૨૪,૮૨૮/- ખર્ચ થયેલ છે. આ પૈકી એકપણ બાળક સારવારથી વંચિત રહેલ નથી.

---------

**મહેસાણા જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના નવા ડામરના રસ્તા બનાવવા બાબત**

૧૦૬૦૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર રાજ્ય અને પંચાયત હસ્તકના ક્યા નવા રસ્તા ડામરના કરવામાં આવ્યા છે, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) *પરિશિષ્ટ-૧ મુજબ.

(૨) આ સમય દરમ્યાન ક્યા રસ્તાઓના કામો મંજૂર થયા છતાં ક્યા કારણે કામ શરૂ કરવામાં આવ્યા નથી,

(૨) *પરિશિષ્ટ–૨ મુજબ.

(૩) આ રસ્તાના કામો ક્યારે પુરા કરવામાં આવશે, અને

(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી નિયત સમય મર્યાદામાં.

(૪) રસ્તા દીઠ કેન્દ્ર સરકાર દ્વારા કેટલો હિસ્સો ફાળવવામાં આવેલ છે ?

(૪) સદર રાજ્ય સરકારશ્રીની યોજના હોઇ, કેન્દ્ર સરકાર દ્વારા કોઇ હિસ્સો ફાળવેલ નથી.

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં નવી આંગણવાડીઓના મકાન**

૯૯૬૨ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કાર્યાન્વિત કેટલા આંગણવાડીઓ જે પોતાના મકાનમાં બેસતી નથી તેમના મકાન બનાવવા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા રૂપિયાની જોગાવાઇ કરી હતી,

(૨) આ રકમમાંથી તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને કેટલા આંગણવાડીના મકાન બાંધવામાં આવ્યા, અને

(૩) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં હજુ કેટલા આંગણવાડીના મકાનો બાંધવાના બાકી છે અને ક્યા સુધીમાં બાંધવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) બે વર્ષમાં કુલ રૂ.૬૬૬.૫૭૭૫ કરોડની જોગવાઇ કરી હતી.

(૨) બનાસકાંઠામાં ૨૩૭ અને સાબરકાંઠામાં ૨૫૭ આંગણવાડીના મકાનો બાંધવામાં આવ્યા તેની પાછળ કુલ રૂ.૩૧,૦૧,૧૭,૧૪૪/– નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) સાબરકાંઠા જિલ્લામાં બાકી રહેતી ૯૨૮ અને બનાસકાંઠા જિલ્લામાં બાકી રહેલ ૧૧૮૫ આંગણવાડીના મકાન બાંધકામ જુદા–જુદા તબક્કે છે.

---------

**દાહોદ જિલ્લામાં ખાદ્ય ચીજમાં ભેળસેળ કરનાર સામે તપાસ**

૯૬૭૫ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં દૂધ, ઘી, માખણ, માવા, તેલ, ફરસાણ અને દવાના ભેળસેળવાળા કેસોમાં ફૂડ ઈન્સ્પેક્ટર દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૩) આવા વેપારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા,જી.

(૨)

| ખાદ્ય ચીજો | | દવા | |
|---|---|---|---|
| ચકાસેલ નમૂના | ભેળસેળ જણાયેલ | ચકાસેલ નમૂના | ભેળસેળ જણાયેલ |
| ૯૬ | ૬ | ૧૦૮ | ૧૧ |

(૩) (અ) ખાદ્ય ચીજોની ભેળસેળના ૬(છ) કેસો ધ્યાને આવેલ છે જેમાં ૩ માં એડજ્યુડીકેટીંગ ઓફિસર સમક્ષ કેસ દાખલ કરવાની કાર્યવાહી પૂરી કરવામાં આવેલ છે અને ૩ કેસોમાં આ કાર્યવાહી ચાલુ છે.

(બ) દવાના અપ્રમાણસર ૧૧(અગિયાર) નમૂના ધ્યાને આવેલ છે, જે પૈકી

– જેમાં ૫(પાંચ) નું ઉત્પાદન રાજ્યમાં થયેલ છે.

- ૧ કેસમાં પરવાના સ્થગિત કરેલ છે.
- ૧ કેસમાં ચેતવણી આપેલ છે.
- ૩ કેસમાં કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે,

તેઓના જવાબ આવ્યા બાદ કાર્યવાહી હાથ ધરી શકાશે.

અને

– ૬(છ) નું ઉત્પાદન અન્ય રાજ્યોમાં થયેલ હોવાથી જે તે ઉત્પાદક સામે પગલા લેવા સારૂ જે તે રાજ્યને કેસ રીફર કરવામાં આવેલ છે.

---------

**મહીસાગર જિલ્લાના ઢોલ ખાખરા છાણીમાં નવીન આરોગ્ય કેન્દ્ર ખોલવા બાબત**

૮૫૫૨ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના વિકાસશીલ ખાનપુર તાલુકાના ઉંડાણવાળા અત્યંત પછાત વિસ્તાર એવા ઢોલ ખાખરા છાણી વિસ્તારમાં સરકાર નવીન આરોગ્ય કેન્દ્ર ખોલવા માંગે છે કે કેમ, અને

(૨) આ બાબતે તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર પાસે કોઇ માંગણી આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) સને ૨૦૧૧ ની ખાનપુર તાલુકાની વસ્તી ૯૬૦૪૧ છે. વસ્તીના ધોરણો મુજબ ખાનપુર તાલુકામાં ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે. જેની સામે ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (ખાનપુર, પાંડરવાડા, વડાગામ) કાર્યરત છે. જે મુજબ નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર નથી. ઢોલ ખાખરા છાણી ગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાંડરવાડાના કાર્યક્ષેત્રમાં આવેલ હોય તેમના દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે.

(૨) હા, જી.

---------

**ખેડા જિલ્લામાં ૨૦૦,૫૦૦ કે ૧૦૦૦ ની વસ્તી ધરાવતા ગામો–પેટાપરાઓ માટે રસ્તા પાકા બનાવવા બાબત**

૧૦૫૮૫ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ૨૦૦,૫૦૦ કે ૧૦૦૦ ની વસ્તી ધરાવતા ગામો–પેટાપરાઓ કેટલા છે જેને પાકા રસ્તાઓ નથી, અને

(૨) આ રસ્તાઓ બનાવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં ૧૧૪ પરા, ૨૦૨.૯૦ કી.મી. લંબાઇના, ૫૫૯૬.૭૩ લાખના ખર્ચે મંજુર કરેલ છે જ્યારે બાકીના ૧૭૭ પરા નીચે મુજબ છે.

| તાલુકો | પરાની સંખ્યા |
|---|---|
| બાલાશિનોર | ૧૩ |
| કપડવંજ | ૫૪ |
| કઠલાલ | ૧૮ |
| ખેડા | ૧ |
| મહેમદાવાદ | ૩૮ |
| મહુધા | ૮ |
| માતર | ૧ |
| નડીયાદ | ૧૧ |
| ઠાસરા | ૨૭ |
| વિરપુર | ૬ |
| **કુલ** | **૧૭૭** |

(૨) તાંત્રિક જરૂરીયાત, અગ્રતાક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા ધ્યાને લઇ યોગ્ય સમયે વિચારણા કરવામાં આવશે.

---------

## નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ

૧૦૬૦૩ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ નડિયાદ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ નડિયાદ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છેઃ–

| સંવર્ગ | મંજુર | ખાલી | જગ્યાનું નામ | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૧૮ | ૭ | સી.ડી.એમ.ઓ. | ૩૦–૪–૨૦૧૩ |
| | | | આર.એમ.ઓ. | ૩૧–૮–૨૦૧૩ |
| | | | એનેસ્થેટીસ્ટ | ૨૭–૪–૨૦૧૩ |
| | | | ઓર્થોપેડીક સર્જન | ૧૮–૪–૨૦૧૪ |
| | | | ફીઝીશીયન | ૧૬–૭–૨૦૦૮ |
| | | | ફુલટાઇમ સર્જન | ૧૬–૭–૨૦૦૯ |
| | | | રેડીયોલોજીસ્ટ | ૬–૧૦–૨૦૦૧ |
| વર્ગ–૨ | ૨૦ | ૭ | તબીબી અધિકારી–૫ | ૨૨–૫–૨૦૧૨ |
| | | | | ૨૮–૪–૨૦૧૩ |
| | | | | ૨૯–૮–૨૦૧૩ |
| | | | | ૧૯–૧૦–૨૦૧૩ |
| | | | | ૩–૨–૨૦૧૪ |
| | | | વહીવટી અધિકારી | ૩૧–૧–૨૦૧૪ |
| | | | ક્લીનીકલ સાયકોલોજીસ્ટ | ૧૧–૫–૨૦૧૦ |
| વર્ગ–૩ | ૮૨ | ૨૨ | હેડ ક્લાર્ક | ૨૩–૧૨–૨૦૧૩ |
| | | | સીનીયર ક્લાર્ક–૨ | ૩૦–૯–૨૦૧૦ |
| | | | | ૩૦–૯–૨૦૧૧ |
| | | | જુનીયર ક્લાર્ક | ૩૧–૭–૨૦૧૩ |
| | | | કેસ રાઇટર–૨ | ૩૦–૬–૨૦૦૯ |
| | | | | ૩૧–૧૨–૨૦૧૩ |
| | | | ચીફ ફાર્માસીસ્ટ | ૨૮–૨–૨૦૧૪ |
| | | | સીનીયર ફાર્માસીસ્ટ | ૨૪–૭–૨૦૧૩ |
| | | | એક્સ–રે ટેકનીશીયન | ૨૦–૮–૨૦૧૧ |
| | | | લેબ. ટેકનીશીયન–૨ | ૨૨–૫–૨૦૧૨ |
| | | | | ૩૧–૩–૨૦૧૪ |
| | | | લેબ. આસીસ્ટન્ટ | ૧૭–૯–૨૦૧૨ |
| | | | એમ્બ્યુલન્સ ડ્રાયવર | ૨૮–૮–૨૦૧૨ |
| | | | ઇલેક્ટ્રીશીયન | ૧–૧–૨૦૧૧ |
| | | | રીસેપ્શનીસ્ટ | ૬–૪–૨૦૦૭ |
| | | | મેટ્રન | ૩૦–૮–૨૦૧૨ |
| | | | હેડનર્સ | ૩૦–૬–૨૦૧૨ |
| | | | સ્ટાફનર્સ–૨ | ૨૨–૫–૨૦૧૨ |
| | | | | ૩૧–૫–૨૦૧૨ |
| | | | લેડી હેલ્થ વીઝીટર | ૩૦–૧૧–૨૦૦૪ |
| | | | એ.એન.એમ.–૨ | ૩૦–૬–૨૦૦૪ |
| | | | | ૩૧–૭–૧૯૯૮ |
| વર્ગ–૪ | ૪૭ | ૦૦ | –– | –– |
| **કુલઃ** | **૧૬૭** | **૩૬** | **––** | **––** |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના

(૨) – વર્ગ–૧ અને ૨ ના ડૉક્ટરોની જગ્યાઓ યોગ્ય

| | |
|---|---|
| કારણો શા છે અને કેટલા સમયમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી ખાલી છે.<br>– વર્ગ–૩ ની જગ્યાઓ નિવૃત્ત/બઢતીના કારણે ખાલી પડેલ છે.<br>– આ ખાલી જગ્યાઓ ભરવા ડૉક્ટર વર્ગ–૧ માટે દર સોમવારે ઇન્ટરવ્યુ થાય છે. અને ડૉક્ટર વર્ગ–૨ માટે દર મંગળવારે ઇન્ટરવ્યુ થાય છે. તેમાં ઉપલબ્ધ થાય તો તે મુજબ ભરવાનું આયોજન છે. વધુમાં, C.M.SETU યોજના હેઠળ બહારથી તજજ્ઞ ડૉક્ટરોની સેવાઓ લેવામાં આવે છે. વર્ગ–૩ ની ભરતી માટે પ્રક્રિયા હાથ ધરેલ છે. |

---------

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બાળકોને સારવાર**

૧૦૨૩૫ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં ડીસટ્રોફી રોગવાળા બાળકોને જરૂરી સ્ટીમસેલ સારવાર આપવા માટેનો સમાવેશ કરવા અંગે કોઇ વિચારણા કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મસ્કુલર ડીસટ્રોફી રોગવાળા બાળકોને સ્ટીમસેલ સારવાર માટેનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવા શી કાર્યવાહી થયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પીટલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આઉટ સોર્સીંગથી સેવાઓ પૂરી પાડવા બાબત**

૧૦૫૯૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પીટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કઇ સેવાઓ આઉટ સોર્સીંગ /કોન્ટ્રાક્ટ પધ્ધતીથી પૂરી પાડવામાં આવે છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ એજન્સી મારફતે કયા પ્રકારની સેવાઓ લેવામાં આવી છે, અને<br>(૩) સદર એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?<br>(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.) | (૧), (૨) અને (૩)<br>– સીવીલ હોસ્પીટલની વિગતો સામેલ ***પત્રક–એ** માં દર્શાવ્યા મુજબની છે.<br>– સામુહિક આરોગ્ય કેન્દ્રોની વિગતો સામેલ ***પત્રક–બી** અને ***પત્રક–સી** માં દર્શાવ્યા મુજબની છે.<br>– પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગતો સામેલ ***પત્રક–ડી** અને ***પત્રક–ઇ** માં દર્શાવ્યા મુજબની છે. |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આંગણવાડીઓના ખર્ચ**

૧૦૨૨૧ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા તાલુકાવાર આંગણવાડીની વિગતો નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | આંગણવાડીઓની સંખ્યા | બાળકોની સંખ્યા | તા.૩૧-૫-૧૩ની સ્થિતિએ થયેલ ખર્ચ રૂા. | તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ થયેલ ખર્ચ રૂા. |
|---|---|---|---|---|
| ખેડબ્રહ્મા | ૩૬૮ | ૩૧૨૪૫ | ૫૪૫૯૪૦૦૦ | ૫૬૨૪૧૦૦૦ |
| વિજયનગર | ૨૩૮ | ૧૧૮૬૫ | ૨૦૦૩૦૪૦૦ | ૨૧૩૫૭૦૦૦ |
| હિંમતનગર | ૩૪૦ | ૧૯૬૨૧ | ૩૬૦૨૫૨૦૦ | ૩૫૩૧૭૮૦૦ |
| ઇડર | ૩૭૯ | ૨૦૧૮૩ | ૩૬૩૭૨૬૦૦ | ૩૬૩૨૯૪૦૦ |
| પ્રાંતિજ | ૨૧૭ | ૧૨૦૭૬ | ૨૨૩૮૮૪૦૦ | ૨૧૭૩૬૮૦૦ |
| વડાલી | ૧૪૫ | ૭૩૮૦ | ૧૦૬૯૭૪૦૦ | ૧૩૨૮૪૦૦૦ |
| તલોદ | ૧૯૦ | ૧૧૯૦૯ | ૨૦૩૬૮૮૦૦ | ૨૧૪૩૬૨૦૦ |
| **કુલ** | **૧૮૭૭** | **૧૧૪૨૭૯** | **૨૦૦૪૭૬૮૦૦** | **૨૦૫૭૦૨૨૦૦** |

(૨) ઉક્ત સ્થિતિએ આ આંગણવાડીઓમાં તાલુકાવાર કેટલા બાળકો છે, અને

(૩) અને તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) અને (૩) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી તાલુકાવાર આંગણવાડીની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આંગણવાડીઓની સંખ્યા | બાળકોની સંખ્યા | તા.૩૧-૫-૧૩ની સ્થિતિએ થયેલ ખર્ચ રૂા. | તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ થયેલ ખર્ચ રૂા. |
|---|---|---|---|---|
| ભિલોડા | ૪૫૨ | ૨૧૬૮૮ | ૩૯૩૪૨૬૦૦ | ૩૯૦૩૮૪૦૦ |
| મેઘરજ | ૨૪૪ | ૧૬૦૦૬ | ૨૫૫૫૮૨૦૦ | ૨૮૮૧૦૮૦૦ |
| બાયડ | ૨૬૦ | ૧૫૨૨૩ | ૨૭૯૯૩૬૦૦ | ૨૭૪૦૧૪૦૦ |
| મોડાસા | ૨૪૦ | ૧૫૪૭૫ | ૨૭૪૪૮૨૦૦ | ૨૭૮૫૫૦૦૦ |
| માલપુર | ૧૪૯ | ૮૩૬૩ | ૧૫૦૦૩૦૦૦ | ૧૫૦૫૩૪૦૦ |
| ધનસુરા | ૧૨૨ | ૭૮૦૪ | ૧૩૩૭૫૮૦૦ | ૧૪૦૪૭૨૦૦ |
| **કુલ** | **૧૪૬૭** | **૮૪૫૫૯** | **૧૪૮૭૨૧૪૦૦** | **૧૫૨૨૦૬૨૦૦** |

---------

**પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવેથી ઓરણ તરફના રસ્તાનું પેવર કામ**

૮૧૨૮ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવેથી અનવરપુરા ઓરણ તરફનો રસ્તો ક્યારે પેવર કરવામાં આવ્યો, અને

(૨) આ રસ્તો પેવર કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) સને ૨૦૦૬-૨૦૦૭માં.

(૨) આ રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.

---------

**આણંદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા ફાળવેલ રકમ**

૯૦૭૨ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવેલ છે.

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૨-૧૩ તાલુકાવાર રમતગમત ક્ષેત્રે ફાળવાયેલ રકમ | વર્ષ-૨૦૧૩-૧૪ તાલુકાવાર રમતગમત ક્ષેત્રે ફાળવાયેલ રકમ |
|---|---|---|
| આણંદ | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |

| | | |
|---|---|---|
| ખંભાત | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |
| આંકલાવ | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |
| તારાપુર | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |
| ઉમરેઠ | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |
| બોરસદ | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |
| પેટલાદ | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |
| સોજીત્રા | ૯૫૦૦/- | ૧૨૫૦૦/- |
| **કુલ** | **૭૬૦૦૦/-** | **૧૦૦૦૦૦/-** |

(૨) ફાળવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૨) ફાળવેલ રકમનો પૂરેપૂરો ખર્ચ થયેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૯૫૭૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) આ બાળકોને ''પોષણયુક્ત આહાર'' પૂરો પાડવા માટે સરકારે શાં પગલાં ભર્યા, અને

(૩) બાળક દીઠ કેટલો પોષણયુક્ત આહાર આપવામાં આવે છે, તેનો ખર્ચ બાળક દીઠ કેટલો છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાની તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૪૯૮૯ | ૫૦૫ | ૫૪૯૪ |
| ૨ | દહેગામ | ૨૯૪૯ | ૩૧૪ | ૩૨૬૩ |
| ૩ | કલોલ | ૩૭૦૪ | ૪૭૩ | ૪૧૭૭ |
| ૪ | માણસા | ૧૩૧૬ | ૮૨ | ૧૩૯૮ |
| | કુલ | ૧૨૯૫૮ | ૧૩૭૪ | ૧૪૩૩૨ |

(૨) અને (૩) આ બાળકોને ''પોષણયુક્ત આહાર'' પૂરો પાડવા માટે સરકારશ્રી દ્વારા લીધેલ પગલાંની વિગત નીચે મુજબ

- ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ટેક હોમરેશન તરીકે પ્રિમિક્ષના માસિક ૧૦ પેકેટ આપવામાં આવે છે. તથા અન્ય બાળકો માટે ૭ પેકેટ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, બપોરનું ગરમ ભોજન અને પોષણયુક્ત ન્યુટ્રીકેન્ડી તથા અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ઓછા વજનવાળા અને અતિ ઓછા વજન વાળા તમામ બાળકો માટે ત્રીજા ભોજન તરીકે કેલેરી અને પ્રોટીન સભર ૫૦ ગ્રામનો રૂા.૩/- ના ખર્ચે આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને

દરરોજનું ૧૭૮ ગ્રામ THR (૨૮ દિવસ માટે) તથા અન્ય બાળકોને દરરોજનું ૧૨૫ ગ્રામ THR (૨૮ દિવસ માટે)આપવામાં આવે છે.

- અતિ ઓછા વજનવાળા બાળકો માટે પ્રતિ દિવસ પ્રતિ લાભાર્થી દીઠ રૂા.૯/- ની મર્યાદામાં તથા અન્ય બાળકો માટે વધુમાં વધુ રૂા.૬/- મળવાપાત્ર છે. તેમજ લાભાર્થી દીઠ માસિક રૂા.૧૦ મુજબ ફળનો ખર્ચ કરવામાં આવે છે.

---------

**કપડવંજ તાલુકાના નદી પરના ડીપની જગ્યાએ પૂલ બાંધવા અંગે**

૮૩૧૨ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કપડવંજ તાલુકાના કેટલા રસ્તા પર નદી પર ડીપ બનાવવામાં આવ્યા છે, અને | (૧) ૧૨ રસ્તા પર નદી પર ડીપ બનાવવામાં આવ્યા. |
| (૨) સરકાર ડીપની જગ્યાએ પૂલ બાંધવા માંગે છે કે કેમ | (૨) તાંત્રિક જરૂરીયાત, આંતરિક અગ્રતાક્રમ અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી હોસ્પીટલ, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ**

૯૮૬૨ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી હોસ્પીટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | |
|---|---|
| વર્ગ-૧ | ૧૮૭ |
| વર્ગ-૨ | ૨૪૮ |
| વર્ગ-૩ | ૨૬૮૨ |
| વર્ગ-૪ | ૧૨૯૯ |
| કુલ | ૪૪૧૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ભરાયેલી છે.

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧૦૨ |
| વર્ગ-૨ | ૧૬૭ |
| વર્ગ-૩ | ૨૧૭૩ |
| વર્ગ-૪ | ૧૨૬૮ |
| કુલ | ૩૭૧૦ |

તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે જેની વિગતો સામેલ ***પત્રક** મુજબ છે.

| | |
|---|---|
| વર્ગ-૧ | ૮૫ |
| વર્ગ-૨ | ૮૧ |
| વર્ગ-૩ | ૫૦૯ |
| વર્ગ-૪ | ૩૧ |
| કુલ | ૭૦૬ |

(૩) આવી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ઉપરોક્ત ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. વર્ઇ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટ સોર્સથી લેવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં નવા રસ્તાઓ માટે ફાળવેલ રકમ**

૯૬૧૯ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાલકાંઠા જિલ્લામાં નવા રસ્તાના વિકાસના કામો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કયા કામો પૂર્ણ થયાં અને કેટલા કામો પ્રગતિમાં કે પડતર છે ?

**જવાબ**

(૧) રૂ।.૧૩૫૨૯.૨૯ લાખ.

(૨) **પરિશિષ્ટ–૧** મુજબના કામો પૂર્ણ થયા / ૧૫ કામો પ્રગતિમાં, ૩૮ કામો હવે શરૂ થનાર છે.

**પરિશિષ્ટ–૧**

| **પુર્ણ કામો** |
|---|
| લક્ષ્મીપુરા રબારી ગોળીયા રોડ |
| ઢોલીયા છાપરફળી રોડ |
| એસ.એચ.થી નીચલાઘોડા રોડ |
| નીચલાઘોડાથી મુળીવાસ રોડ |
| એસ.એચ.થી પડાણી રોડ |
| ડેરીથી વાવઘરા રોડ |
| ભીલડી પાલડી સોનીથી રામવાસ રોડ |
| મોરીયા નાગેલ રોડ |
| રંગપુર કાકરબોરાવાસથી ગોઠડા રોડ |
| મોટા પીપોદરાથી કોશીચાપરા રોડ |
| નવાવાસ રંગપુર જીતપુર રોડ થી પ્રજાપતિવાસ ઠાકોરવાસ રોડ |
| રંગપુર ભવાનગઢ રોડ થી કાકરબોરાવાસ રોડ |
| પુંજપુર બળવંતપુરા રોડ થી નુરપુર એપ્રોચ રોડ |
| લક્ષ્મીપુરા સમુહલગ્નની વાડીથી રામજીનગરને જોડતો રસ્તો |
| રામપુરા સદરપુર રોડ |
| ખુણીયાથી ઘાંઘુ રોડ |
| પમરૂથી નાગફણા રોડ |
| ચારડાથી વાંકલ કૃપા રોડ |

---------

**જામનગર શહેરમાં આંતર રાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ સ્ટેડીયમ બાંધવા બાબત**

૧૦૬૫૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર શહેરમાં આંતર રાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ સ્ટેડીયમ બાંધવા રાજ્ય સરકારે તા.૩૧ મે ૨૦૧૪ની સ્થિતિએ કોઇ વિચારણા હાથ ધરી છે કે કેમ,

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો તેની શી વિગતો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ સ્ટેડીયમ ક્યાં સુધી બાંધવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૮૫૫૫ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં ડોકટરો હાજર રહેતા નથી અને અન્ય સ્ટાફ કામગીરી કરે છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ડોકટરો શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં હાજર રહે તેવું આયોજન સરકાર કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) અને (૨)
આ મુજબની કોઈ ફરિયાદ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર–સોમનાથ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૧૦૫૧૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે અને કેટલા સમયમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર, સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગત અનુક્રમે *પત્રક–બ તથા *પત્રક–અમાં દર્શાવ્યા મુજબની છે.

(૨) સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી ફણ કામગીરી લેવામાં આવે છે.વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

તા.૯મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા તાલુકાના રસ્તા રીપેર કરવાનો ખર્ચ**

૧૦૨૦૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તથા ડીસા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પંચાયત અને રાજ્ય હસ્તક કેટલા અને કયા રસ્તાઓને રીપેર કરવામાં આવ્યા અને | (૧) અને (૨)<br>*પરિશિષ્ઠ મુજબ |
| (૨) આ રસ્તાઓનું રસ્તાવાર રીપેર ખર્ચ કેટલો થયેલ છે? | |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં ૨૫૦ વસ્તીવાળા ગામોના રસ્તા/નાળાના રીપેર અંગે**

૯૧૦૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૨૫૦ જેટલી વસ્તીવાળા ગામોમાં છેલ્લા સાત વર્ષથી તુટી ગયેલા રસ્તા નાળાને રીપેર કરવા ડામરના બનાવવા માટે સરકારને કેટલા કામોની દરખાસ્ત નાખી છે, | (૧) અને (૨)<br>૮ રસ્તા પર નાળા રીપેર કરવા રૂા. ૫૦૩.૦૦ લાખની દરખાસ્ત મળેલ છે. |
| (૨) આ રસ્તાઓ પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને | |
| (૩) આ રસ્તાઓ ડામરના કયારે બનશે? | (૩) આ રસ્તાઓ હયાત ડામર સપાટીના છે. |

---------

**દહેગામ તાલુકાના ડામરથી વંચિત પેટાપરા અને ગામો**

૯૪૮૩ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દહેગામ તાલુકાના કયા કયા પેટાપરા અને ગામો ડામર રોડથી વંચિત છે, અને | (૧) *સામેલ પરિશિષ્ટ મુજબ |
| (૨) ડામર રોડથી વંચિત પેટાપરા અને ગામોમાં કયારે ડામર રોડની સુવિધા મળશે? | (૨) તાંત્રીક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના રસ્તાનું રીકાર્પેટ કરવા અંગે**

૯૭૪૭ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકાના સાત વર્ષ કરતા વધુ સમય થયા હોય તેવા પંચાયત હસ્તક તેમજ સ્ટેટ હસ્તક કયા કયા રસ્તાઓનો સમાવેશ થાય છે, | (૧) પરિશિષ્ટ ૧ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ રીકાર્પેટ થયેલ છે કે કેમ, અને | (૨) અને (૩)<br>૫ રસ્તાનું રૂા. ૧૪૪.૦૦ લાખનું રીકાર્પેટ મંજુર થયેલ છે. |
| (૩) આ અંગે સરકારે રીકાર્પેટીંગ માટે કેટલા બજેટની ફાળવણી કરેલ છે? | |

**પરિશિષ્ટ ૧**

| તાલુકો | રસ્તાનું નામ |
|---|---|
| **પંચાયત હસ્તક** | |
| મહેમદાવાદ | મહેમદાવાદ એકેદમી રોડ |
| મહેમદાવાદ | વાંઠીવાળી એ. રોડ |
| મહેમદાવાદ | પથાવત એ. રોડ |
| મહેમદાવાદ | વાઘાવત એ. રોડ |
| મહેમદાવાદ | સણસોલી શીવપુરા એ. રોડ |
| મહેમદાવાદ | સાદરા મલાતજ નેનપુર રોડ |
| મહેમદાવાદ | નેનપુર હલધરવાસ બાર મુવાડા રોડ |
| મહેમદાવાદ | આમસરણ જુના ગામતળ રોડ |
| મહેમદાવાદ | આમસરણ રોહીસા રોડ |
| **રાજ્ય હસ્તક** | |
| મહેમદાવાદ | બિલોદરા સિહુંજ સરસવણી રોડ |
| મહેમદાવાદ | મહેમદાવાદ કઠલાલ રોડ |
| મહેમદાવાદ | સરસવણી હલદરવાસ રોડ |
| મહેમદાવાદ | ખેડા મહેમદાવાદ મહુધા રોડ |
| **પંચાયત હસ્તક** | |
| ખેડા | બીડજ એ. રોડ |
| ખેડા | ખેડા કેમ્પ બ્રાન્ચ રોડ |
| ખેડા | સાંખેજ સમાદરા કાજિપુરા રોડ |
| ખેડા | નાયકા શ્રીજીપુરા ચિત્રાસર રોડ |
| ખેડા | સારસા બીડજ રોડ |
| **રાજ્ય હસ્તક** | |
| ખેડા | ખેડા મહેમદાવાદ મહુધા રોડ |
| ખેડા | બારેજા બારેજડી રોડ |
| ખેડા | બારેજા ખેડા (નવાગામ-નાયકા રોડ) |

---------

## વલસાડ જિલ્લામાં સર્પદંશના બનાવોથી મૃત્યુ

૯૧૮૮ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સર્પદંશના કેટલા બનાવો છેલ્લા બે વર્ષમાં નોંધાયા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં સર્પદંશના કુલ ૨૮૧૮ કેસો નીચે મુજબ નોંધાયા છે.

| ક્રમ | માસનું નામ | વલસાડ | પારડી | ઉમરગામ | ધરમપુર | કપરાડા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જુન ૨૦૧૨ થી મે ૨૦૧૩ | ૪૪ | ૦ | ૯ | ૧૧૩૧ | ૨૫૬ | ૧૪૪૦ |
| ૨ | જુન ૨૦૧૩ થી મે ૨૦૧૪ | ૬૦ | ૦ | ૦૫ | ૧૦૪૭ | ૨૬૬ | ૧૩૭૮ |
| | **કુલ** | **૧૦૪** | **૦** | **૧૪** | **૨૧૭૮** | **૫૨૨** | **૨૮૧૮** |

(૨) તે અન્વયે કેટલા દર્દીઓના મૃત્યુ થયા?

(૨) વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ સર્પદંશથી કુલ ૨૧ દર્દીઓના મૃત્યુ થયાં.

| ક્રમ | માસનું નામ | વલસાડ | પારડી | ઉમરગામ | ધરમપુર | કપરાડા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જુન ૨૦૧૨ થી મે ૨૦૧૩ | ૧ | ૦ | ૦ | ૧૧ | ૩ | ૧૫ |
| ૨ | જુન ૨૦૧૩ થી મે ૨૦૧૪ | ૦ | ૦ | ૦ | ૬ | ૦ | ૬ |
| | **કુલ** | **૧** | **૦** | **૦** | **૧૭** | **૩** | **૨૧** |

---------

## મહેસાણા જિલ્લામાં વિધવા અને નિરાધાર સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૦૬૦૧ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં વિધવા અને નિરાધાર સહાય યોજના અંતર્ગત તાલુકાવાર અને વર્ષવાર કેટલી અરજીઓ મળી છે,

(૧)

| અનુ. | તાલુકાનું નામ | તા.૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩ | તા.૧-૬-૧૩ થી તા.૩૧-૫-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વિસનગર | ૨૦૪ | ૯૭ | ૩૦૧ |
| ૨ | વિજાપુર | ૧૮૨ | ૧૩૨ | ૩૧૪ |
| ૩ | વડનગર | ૪૬૩ | ૨૨૩ | ૬૮૬ |
| ૪ | સતલાસણા | ૧૦૪ | ૫૯ | ૧૬૩ |
| ૫ | ખેરાલુ | ૧૪૧ | ૧૧૭ | ૨૫૮ |
| ૬ | કડી | ૧૭૬ | ૨૩૪ | ૪૧૦ |
| ૭ | બેચરાજી | ૭૮ | ૫૮ | ૧૩૬ |
| ૮ | મહેસાણા | ૫૦૮ | ૮૫૦ | ૧૩૫૮ |
| ૯ | ઉંઝા | ૧૮૪ | ૧૨૪ | ૩૦૮ |
| | **કુલ** | **૨૦૪૦** | **૧૮૯૪** | **૩૯૩૪** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર અને તાલુકાવાર મંજૂર કરવામાં આવી,

(૨)

| અનુ. | તાલુકાનું નામ | તા.૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩ | તા.૧-૬-૧૩ થી તા.૩૧-૫-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વિસનગર | ૧૫૨ | ૭૭ | ૨૨૯ |
| ૨ | વિજાપુર | ૧૩૮ | ૧૧૩ | ૨૫૧ |
| ૩ | વડનગર | ૬૫ | ૧૩૭ | ૨૦૨ |
| ૪ | સતલાસણા | ૬૦ | ૪૬ | ૧૦૬ |
| ૫ | ખેરાલુ | ૬૨ | ૯૦ | ૧૫૨ |
| ૬ | કડી | ૮૪ | ૧૬૦ | ૨૪૪ |
| ૭ | બેચરાજી | ૪૮ | ૩૯ | ૮૭ |
| ૮ | મહેસાણા | ૧૦૩ | ૪૩૫ | ૫૩૮ |
| ૯ | ઉંઝા | ૯૮ | ૬૫ | ૧૬૩ |
| | **કુલ** | **૮૧૦** | **૧૧૬૨** | **૧૯૭૨** |

(૩) બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે, અને

(૩) બનતી ત્વરાએ

(૪) મંજૂર થયેલ અરજીઓમાંથી કેટલી મહિલાઓ તાલુકાવાર વિધવા અને નિરાધાર પેન્શન મળેલ છે?

(૪) મંજૂર થયેલ અરજીઓમાંથી ૧૯૭૨ મહિલાઓને નીચે મુજબ તાલુકાવાર વિધવા અને નિરાધાર પેન્શન મળેલ છે

| અનુ. | તાલુકાનું નામ | મંજૂર થયેલ પેન્શન |
|---|---|---|
| ૧ | વિસનગર | ૨૨૯ |
| ૨ | વિજાપુર | ૨૫૧ |

| | | |
|---|---|---|
| ૩ | વડનગર | ૨૦૨ |
| ૪ | સતલાસણા | ૧૦૬ |
| ૫ | ખેરાલુ | ૧૫૨ |
| ૬ | કડી | ૨૪૪ |
| ૭ | બેચરાજી | ૮૭ |
| ૮ | મહેસાણા | ૫૩૮ |
| ૯ | ઉંઝા | ૧૬૩ |
| | **કુલ** | **૧૯૭૨** |

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં રસ્તાનું રીસરફેસીંગ**

૯૯૬૩ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાત વર્ષથી રીસરફેસીંગ થયેલ ન હોય તેવા ગ્રામ્ય માર્ગોના રસ્તાઓના રીસરફેસીંગ યોજના અંતર્ગત તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા રસ્તાઓનું રીસરફેરીંગ કરવામાં આવ્યું,

(૨) આ રીસરફેસીંગ પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

(૩) કેટલા રસ્તાઓ રીસરફેસીંગ કરવાના બાકી છે, અને

(૪) બાકી રસ્તાઓનું રીસરફેસીંગ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૦૦ રસ્તા.

(૨) રૂ।. ૭૬૯૯.૧૦ લાખ.

(૩) અને (૪)
રસ્તાની સ્થિતિ, ટ્રાફીકનું ભારણ, જરૂરીયાત અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર વિચારણા કરવામાં આવશે.

---------

**દાહોદ જિલ્લામાં પ્રાથમિક/સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૯૯૭૬ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટર, નર્સ, લેબ ટેકનીશીયન, એકસ–રે ટેકનીશીયન, સ્વીપર, ડ્રાઈવરનું કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

(૨) ઉપરોક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨)
તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટર, નર્સ, લેબ ટેકનીશીયન, એકસ–રે ટેકનીશીયન, સ્વીપર, ડ્રાઈવરનું મંજૂર થેલ મહેકમ અને ખાલી જગ્યાની વિગત *પત્રક–અ અને *પત્રક–બમાં દર્શાવ્યા મુજબની છે.

(૩) સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની

વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મહિસાગર જિલ્લામાં વિધવા સહાય અંગેની અરજીઓ**

૮૫૫૩ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિધવા સહાયની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર થઇ, અને કેટલી નામંજૂર થઇ,

(૩) મંજૂર થયેલ તમામ અરજીઓને નાણા ચૂકવવામાં આવ્યા છે કે કેમ, અને

(૪) જો બાકી હોય તો તેના શા કારણો છે?

**જવાબ**

(૧)

| અનુ. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
| ૧ | લુણાવાડા | ૧૮૭ | ૧૪૨ | ૩૨૯ |
| ૨ | સંતરામપુર | ૪૪ | ૨૭ | ૭૧ |
| ૩ | ખાનપુર | ૧૯ | ૩૫ | ૫૪ |
| ૪ | કડાણા | ૩૯ | ૩૨ | ૭૧ |
| ૫ | બાલાસિનોર | ૫૧ | ૪૦ | ૯૧ |
| ૬ | વિરપુર | ૪૯ | ૩૮ | ૮૭ |
| | **કુલ** | **૩૮૯** | **૩૧૪** | **૭૦૩** |

(૨)

| મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|
| ૫૬૦ | ૯૯ | ૪૪ |

(૩) મંજૂર થયેલ તમામ અરજીઓને સહાયના નાણા ચૂકવવામાં આવ્યા છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજુલા તાલુકાના રસ્તાઓની કામગીરી**

૧૦૨૩૬ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકાના (૧) રાજુલા ખાખબાઇ રોડ (૨) રાજુલા–વડલી–મોટા રીંગણીયાણા–ડુંગર રોડના કામો ૨૦૦૯/૧૦ ના વર્ષમાં નાબાર્ડ મરૂન વિલેજ યોજના નીચે મંજૂર છે તે ખરૂ છે,

(૨) જો હા, તો આ મંજૂર થયેલ રસ્તાઓની કામગીરી શરૂ કરી પૂર્ણ કરાયેલ છે કે કેમ, અને

(૩) કામગીરી શરૂ નહી કરવાના શું કારણો છે, અને રસ્તાની કામગીરી પૂર્ણ કરાવવા શું આયોજન છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં રમતગમત સંકુલની સુવિધા પુરી પાડવા બાબત**

૧૦૫૯૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં રમતગમત સંકુલ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તેવા સંકુલની સુવિધા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી,

**જવાબ**

(૧) આણંદ જિલ્લાના આણંદ તાલુકાના મોજે બાકરોલ ખાતે જિલ્લા રમત સંકુલનું નિર્માણ કરવામાં આવેલછે.
સાંસ્કૃતિક સંકુલ બનાવાયેલ નથી.

(૨) છેલ્લા બે વર્ષમાં રમતગમત સંકુલ માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવેલ છે.

વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ. ૫૦૫.૮૫ લાખ
વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૫.૦૦ લાખ

(૩) સરકાર ઉક્ત સુવિધાથી વંચિત તાલુકાઓમાં સુવિધા આપવા માંગે છે કે કેમ, અને

(૩) હા, જી. ચાલુ વર્ષમાં રૂ. ૧૦/- કરોડની જોગવાઇ બહુહેતુક તાલુકા સાંસ્કૃતિક સંકુલ માટે કરાયેલી છે.

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

(૪) ક્રમિક રીતે ફંડ ઉપલબ્ધિ અનુસાર.

---------

**રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાં પ્રોફેસરની ખાલી જગ્યાઓ**

૧૦૨૨૨ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં કોલેજ અને ફેકલ્ટી વાઇઝ પ્રોફેસર, એસોસીએટ પ્રોફેસર, અને આસીસ્ટન્ટ પ્રોફેસરની કુલ કેટલી જગ્યાઓ મંજુર કરવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કોલેજ વાઇઝ અને ફેક્લ્ટી વાઇઝ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આવી ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં કોલેજ અને ફેકલ્ટી વાઇઝ પ્રોફેસર, એસોસીએટ પ્રોફેસર, અને આસીસ્ટન્ટ પ્રોફેસરની કુલ મંજુર અને ખાલી જગ્યાઓની માહિતી આ સાથે સામેલ ***પત્રક-૧**, ***પત્રક-૨**, ***પત્રક-૩**, ***પત્રક-૪**, ***પત્રક-૫** અને ***પત્રક-૬** માં દર્શાવ્યા મુજબ છે.

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**પ્રાંતિજ તાલુકના ગઢીજીવણપુર ગામના રસ્તાનું પેવરકામ**

૮૩૧૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ પ્રાંતિજ તાલુકાના ગઢીજીવણપુર ગામનો રસ્તો છેલ્લે ક્યારે પેવર કરવામાં આવ્યો, અને

(૨) આ રસ્તો પેવર ન થયો હોય તો તેના કારણો શા છે, અને કેટલા સમયમાં તેને પેવર કામ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ગ્રામ્ય પંચાયત હસ્તકનો આ રસ્તો ૩૦૦ મીટરનો હયાત મેટલ સપાટીવાળો છે.

(૨) ગ્રામ્ય પંચાયત હસ્તકનો રસ્તો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વાસદથી બગોદરા છ માર્ગીય હાઈવેનું કામ**

૯૦૭૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વાસદ થી બગોદરા છ માર્ગીય હાઇવેનું કામ ક્યા તબક્કે છે, અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) તે અન્વયે કેટલુ કામ પૂર્ણ થયું છે તથા કોન્ટ્રાક્ટરને કેટલી રકમ ચૂકવી આપેલ છે, અને

(૩) સદર કામ કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) કામ પ્રગતીમાં છે, આ કામ બીઓટી ધોરણે કન્સેસનરે પોતાના ખર્ચે કરવાનું થતું હોવાથી કોઇ રકમ મંજૂર કરવાની રહેતી નથી.

(૨) કામ હાલ પ્રગતિમાં છે. બી.ઓ.ટી. ધોરણે કન્સેસનરને પોતાના ખર્ચે કામગીરી કરવાની રહેતી હોય, કોઇ રકમ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા. ૧૬-૫-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

તા.૯મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી વર્કર/હેલ્પર/તેડાગરની ખાલી જગ્યા**

૯૫૭૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જગ્યાઓ આંગણવાડી વર્કર/હેલ્પર/તેડાગરની ખાલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્કરની ખાલી જગ્યાઓ | હેલ્પર/તેડાગરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦ | ૬ |
| ૨ | દહેગામ | ૩ | ૪ |
| ૩ | કલોલ | ૩ | ૧૩ |
| ૪ | માણસા | ૮ | ૧૧ |
| | **કુલ** | **૧૪** | **૩૪** |

(૨) આ જગ્યાએ નવી નિમણૂંકો ક્યારે કરવામાં આવશે?

(૨) બનતી ત્વરાએ.

---------

**બાલાસિનોર, કપડવંજ તાલુકામાં પુલનાળા બનાવવા રજૂઆત**

૮૫૯૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બાલાસિનોર, કપડવંજ તાલુકામાં કેટલા પુલનાળા બનાવવા છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી માગણીઓ આવી, અને

(૧) ૯ પુલ નાળા માટે સાત માંગણીઓ આવી.

(૨) મળેલ માંગણીઓ પછી સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) બે માંગણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

૮૫૫૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કેટલા રસ્તાઓ દાહોદ જિલ્લામાં તાલુકાવાર લીધેલ છે, અને

(૧) સામેલ **પરિશિષ્ટ** મુજબ.

**પરિશિષ્ટ**

દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

| અ. નં. | તાલુકો | રસ્તાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | કુલ |
| ૧ | દાહોદ | ૦ | ૩૩ | ૭ | ૪૦ |
| ૨ | ગરબાડા | ૦ | ૦ | ૬ | ૬ |
| ૩ | ઝાલોદ | ૦ | ૩૬ | ૨૦ | ૫૬ |
| ૪ | સંજેલી | ૦ | ૩ | ૬ | ૯ |
| ૫ | ફતેપુરા | ૦ | ૩૩ | ૧૫ | ૪૮ |
| ૬ | લીમખેડા | ૦ | ૧૯ | ૧૮ | ૩૭ |
| ૭ | ધાનપુર | ૦ | ૧૫ | ૧૩ | ૨૮ |
| ૮ | દે.બારીઆ | ૦ | ૩૫ | ૧૨ | ૪૭ |
| કુલ | દાહોદ જિલ્લો | ૦ | ૧૭૪ | ૯૭ | ૨૭૧ |

(૨) તે અન્વયે કેટલી એન.જી.ઓને આ કામ

(૨) કોઈપણ નહિ.

સોંપેલ છે?

---------

**પાલનપુર તાલુકાના ગઢથી સામઢી માર્ગ માટે નાળા પુલીયા તથા મેટલ કામ કરવા અંગે**

૧૦૨૦૧ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાલનપુર તાલુકાના ગઢથી સામઢી દેદરા હનુમાન કોપનો શેર માર્ગને ચોમાસામાં મોટરેબલ રાખવા માટે નાળા પુલીયા તથા મેટલકામ કરવા સરકાર માગે છે કે કેમ,

(૨) જો હા, તો તે માટે શું આયોજન તા. ૩૧ મે–૨૦૧૪ની સ્થિતિએ કરવામાં આવેલ છે, અને

(૩) તેને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) નોન પ્લાન રસ્તો હોઇ, હાલ આયોજન નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**છોટાઉદેપુર જિલ્લાના વિધવા બહેનોના પેન્શન યોજના અંતર્ગત ચૂકવણી**

૯૧૦૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને વિધવા પેન્શન યોજના હેઠળ સુધરેલા ધોરણે પેન્શન ચૂકવવામાં આવે છે.

(૨) કેટલી વિધવા બહેનોને હજુ નાણાં ચૂકવાયા નથી, અને

(૩) તાલુકાવાર કેટલા નાણા ચૂકવાયા છે.

**જવાબ**

(૧)

| અનુ. | તાલુકાનું નામ | વિધવા બહેનોને પેન્શન ચૂકવણી |
|---|---|---|
| ૧ | નસવાડી | ૧૦૨ |
| ૨ | છોટાઉદેપુર | ૨૧૮ |
| ૩ | ક્વાંટ | ૧૦૨ |
| ૪ | જેતપુર પાવી | ૧૦૩ |
| ૫ | સંખેડા | ૩૯૯ |
| | **કુલ** | **૯૨૪** |

(૨) મંજૂર થયેલ તમામ વિધવા લાભાર્થી બહેનોને નાણા ચૂકવવામાં આવેલ છે.

(૩) તાલુકાવાર નીચે મુજબ રૂ. ૭.૮૭ લાખ ચૂકવાયા છે.

| અનુ. | તાલુકાનું નામ | ચુકવેલ નાણાં (લાખમાં) |
|---|---|---|
| ૧ | નસવાડી | ૦.૮૭ |
| ૨ | છોટાઉદેપુર | ૧.૮૫ |
| ૩ | ક્વાંટ | ૦.૮૭ |
| ૪ | જેતપુર પાવી | ૦.૮૮ |
| ૫ | સંખેડા | ૩.૪૦ |
| | **કુલ** | **૭.૮૭** |

---------

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)
## ડુંગળી અને બટાટાની સંગ્રહાખોરી રોકવા બાબત

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ચોમાસાની સિઝન આવી ગયા છતાં દેશ અને રાજ્યમાં સમયસર પૂરતો વરસાદ નહીં થવાના કારણે તાજેતરમાં આવશ્યક ચીજવસ્તુઓના ખાસ કરીને ડુંગળી અને બટાટાના ભાવમાં વધારો થતો રોકવા રાજ્ય સરકારે આવશ્યક ચીજવસ્તુ ધારા, ૧૯૫૫ હેઠળના ગુજરાત આવશ્યક ચીજવસ્તુ વેપાર

(નિયમન) આદેશ, ૧૯૭૭ હેઠળ ડુંગળી અને બટાટાને આવરી લેવાનું નક્કી કરેલ છે. જેથી રાજ્ય સરકાર ડુંગળી અને બટાટાનો સંગ્રહકર્તા વેપારીઓ પાસેથી ઉઘડતો સ્ટોક, વેચાણ અને બંધ જથ્થાની વિગતો તપાસી શકાશે. વધુમાં જરૂર જણાયે રાજય સરકારે ડુંગળી અને બટાટામાં વાજબી સ્ટોક મર્યાદા દાખલ કરવાનું વિચારેલ છે, જેથી વેપારીઓ ડુંગળી અને બટાટાનો નફાખોરીના આશયથી સંગ્રહ ન કરે અને આમ પ્રજાને ડુંગળી, બટાટાનો જથ્થો સરળતાથી વાજબી ભાવે ઉપલબ્ધ થાય તે જોવા સરકાર કટિબદ્ધ છે.

### બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ત્રીજા અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### અંદાજ સમિતિના અહેવાલની રજૂઆત

**ડો. નીમાબેન બી. આચાર્ય(પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

**શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) :** માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૧૪-૧૫ની અંદાજપત્ર જોગવાઇઓ લઇને આવ્યા છે અને જેનું વાર્ષિક આયોજન ૭૧,૩૩૦ કરોડ કરતાં વધારે જોગવાઇ સાથેનું છે ત્યારે હું આજના પ્રસંગે ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ ૫૦ લાખમાંથી ૧ કરોડ કરી તે માટે તમામ ધારાસભ્યો વતી નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બજેટ રજૂ થતું હોય ત્યારે સરકારને ક્યાં વેટ નાખવો, ક્યાં ટેક્સ વધારવો, શું કરવું એ ઉદ્યોગગૃહો સાથે જોડાયેલાઓને લાભો આપવા અને આમ પ્રજાને શું લાભો આપવા એ માટેની અંદાજપત્રમાં રજૂઆત જ્યારે થતી હોય છે, ત્યારે ઉદ્યોગપતિઓની સાથે મિટિંગ કરીને એમને શું રાહત આપવી, એમને શું પ્રોબ્લેમ છે જેથી કરીને એમને નુકસાન ન થાય. આ મિટિંગો માનનીય નાણામંત્રીશ્રી મારફત થતી હોય છે. પરંતુ રાજ્યની ૬ કરોડની જનતા અને એમને શું તકલીફ છે એના માટેની કોઇ મિટિંગ ન થતી હોય,પણ એના ભાગરૂપે ૬ કરોડની જનતા જે પ્રતિનિધિને જીતીને વિધાનસભા ગૃહમાં મોકલે છે ત્યારે એ પ્રતિનિધિઓ એ રાજ્યની ૬ કરોડની જનતા વતી આ વિધાનસભા ગૃહની અંદર એનો અવાજ રજૂ કરે છે. સ્વાભાવિક છે કે શાસક પક્ષમાં હોઇએ એટલે બજેટની વાહવાહ કરવી જોઇએ પણ વિપક્ષમાં હોવાના કારણે ૧૦૦% વાહવાહ ના કરવી જોઇએ પણ સરકારની જ્યાં ભૂલ હોય, પ્રજા ઉપર જ્યાં ટેક્સનો ભાર થતો હોય, પ્રજા જ્યાં પીસાતી હોય ત્યારે વિપક્ષ તરીકે અમારી જવાબદારી છે અને એ જવાબદારીના ભાગરૂપે આ ચર્ચામાં હું ભાગ લઇ રહ્યો છું. રાજ્ય સરકાર ટેક્સ નાંખે છે પણ ટેક્સના ભાગરૂપે ૨૦૦૮-૦૯ થી ૨૦૧૨-૧૩ સુધીમાં આ રાજ્ય સરકારની મહેસૂલી આવકમાં ૨૭૦૮૯૯ કરોડની પાંચ વર્ષમાં મહેસૂલી આવક થયેલી છે. કરવેરાની બાબતમાં ૨૦૦૮ થી ૨૦૦૯માં ૨૧૯૭૩૦ કરોડ કરતા પણ વધારે સરકારને આવક થયેલી છે. વેચાણવેરામાં વેટની આવકમાં પણ છેલ્લા પાંચ વર્ષમાં ૬૨૬૭ કરોડની આવક થઇ છે ત્યારે ખાસ કરીને વેટની આવક ૧૨૮૬૦૦ કરોડ કરતા પણ વધારે થઇ છે. આમ, કુલ છેલ્લા પાંચ વર્ષમાં ૨૪૪૮૩૧ કરોડની જ્યારે આવક થઇ છે ત્યારે એકબાજુ સરકારશ્રીએ જે સ્ટેમ્પ ડ્યુટી ઉપર વેટ નાંખ્યો છે ૧%ની સ્ટેમ્પ ડ્યુટી ઉપર ૨.૫% વેટ નાંખીને ૩.૫% કર્યો છે ત્યારે ૨૦૦૮-૦૯ થી ૨૦૧૨-૧૩ સુધીમાં રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યુટીની આવક પેટે ૧૭૦૪૮.૬૬ કરોડની જ્યારે આવક થઇ છે ત્યારે આ સ્ટેમ્પ ડ્યુટી જે ૨.૫% વેટ

નાંખ્યો છે. અમારી માગણી છે કે આ ૨.૫%નો ટેકસ સરકારે પાછો ખેંચી લેવો જોઇએ. કારણ કે સરકારને એની અંદર આવક છે એ ૧૭૦૦૦ કરોડ કરતા પણ વધારે આવક પાંચ વર્ષમાં થયેલી છે માટે આ ૨.૫% નાંખેલો વેટ સરકારે દૂર કરવો જોઇએ.

ખાસ કરીને વીજળીની વાત થઇ હોય ત્યારે વીજળીના વેરાની આવકમાં પણ છેલ્લાં પાંચ વર્ષમાં ૧૬૩૦૦ કરોડ કરતા વધારે આવક આ રાજ્ય સરકારને થયેલી છે. ખાસ કરીને પેટ્રોલ–ડિઝલ, રાસાયણિક ખાતર અને કપાસ એમાં રાજ્ય સરકારને ૨૦૦૭–૦૮ થી ૨૦૧૩–૧૪માં પેટ્રોલ ઉપર ૨૩% , ૨% સેસ સાથે ૨૫% અને ડિઝલમાં ૨૩%, ગેસમાં ૧૫ % એમ કરીને ૨૦૦૭–૦૮ થી ૨૦૧૩ સુધીમાં ગુજરાતની ૬ કરોડની જનતા પાસેથી ૩૪૪૯૨ કરોડ કરતા પણ વધારે રકમ આ રાજ્ય સરકારે વેટના માધ્યમથી, પેટ્રોલ–ડિઝલના માધ્યમથી લીધેલી છે. ગેસના માધ્યમથી ૧૧૯૮૧ કરોડ કરતા પણ વધારે આવક એ વેટ દ્વારા રાજ્ય સરકારે પ્રજા પાસેથી લીધેલી છે. રાજ્ય સરકાર ખેડૂતની વાત કરે છે, ખેડૂત ઉપર નાંખેલો ૫% વેટ ના આધારે રાસાયણિક ખાતર ઉપર ૨૦૦૯–૧૦ થી ૨૦૧૩–૧૪ સુધીમાં લગભગ ૧૦૦૦ કરોડ કરતા પણ વધારે રાસાયણિક ખાતર ઉપર આ સરકારે આવક લીધેલી છે.

કપાસની આપણે વાત કરીએ, તો કપાસની અંદર છેલ્લા ૨૦૧૦–૧૧માં ૨૦૦૦ કરોડ કરતા પણ વધારે વેટની આવકના ભાગરૂપે કપાસ ઉપર લીધેલી છે. રાજ્યની દૃષ્ટિએ વાત કરીએ તો છેલ્લા ૨૦૦૯–૧૦ની અંદર જે રીતે દિન–પ્રતિ–દિન આ સરકારનું દેવું વધતું જાય છે અને દેવાની ચુકવણી પેટે ૨૦૦૯–૧૦ થી ૨૦૧૩–૧૪માં ૨૫૦૦૦કરોડ કરતા પણ વધારે રકમ આ રાજ્ય સરકારે જાહેર દેવું ચૂકવ્યું છે. વ્યાજની રકમ પણ ૫૪૭૦૦ કરોડ કરતા પણ વધારે રકમ વ્યાજ પેટે આ રાજ્ય સરકારે ચૂકવણી કરેલી છે. આમ આજે જ્યારે ૨૦૧૩–૧૪ની વાત કરીએ છીએ ત્યારે ૧૫૦૧૫૩ કરોડનું દેવું આ રાજ્ય સરકાર પર છે અને ગયા ૨૦૧૨–૧૩ ના ભાગરૂપે ૮૮.૯૯ % હતું એના ભાગરૂપે આજે ૧૧૯.૦૪ % નો આ રાજ્ય સરકારે દેવાની અંદર વધારો કર્યો છે. ૨૦૧૪–૧૫ ની સરખામણીમાં જે દેવું વધવા જઇ રહ્યું છે ૧૭૦૦૦૦૦ લાખ કરતા પણ વધારે આ રાજ્ય સરકારનું દેવું વધવા જઇ રહ્યું છે ત્યારે ૨૦૧૪–૧૫ની અંદર ૨૦૧૪–૧૫માં ૧૩૪.૯૬ ટકાનો વધારો એ રાજ્ય સરકાર આ ગુજરાતની પ્રજા ઉપર ઠોકવા દેવા જઇ રહી છે. વર્ષવાર ચર્ચા કરીએ તો જે રીતે અંદાજ મુજબ ૨૦૧૪–૧૫માં વાર્ષિક દેવું ૨૪,૮૯૭ થવા જઇ રહ્યું છે, માસિક દેવું ૨,૦૭૪ કરોડ રૂપિયા જવા થઇ રહ્યું છે અને દૈનિક દેવાની વાત કરીએ તો ૬૮.૨૧ કરોડ રૂપિયા આ રાજ્ય સરકાર દર દિવસે, દરરોજ ૬૮.૨૧ કરોડ રૂપિયા ચૂકવવા માટે જઇ રહી છે. એ રીતે વ્યાજની ચૂકવણીની વાત કરીએ તો વાર્ષિક વ્યાજની ચૂકવણીમાં ૧૫૧૩૪ કરોડની સામે, માસિક ૧,૨૬૧ કરોડ રૂપિયા દર મહિને આ રાજ્ય સરકાર ચૂકવશે અને એની સામે રોજ ૪૧.૬૫ કરોડ રૂપિયા આ રાજ્ય સરકાર ચૂકવવા જઇ રહી છે.

ખાસ કરીને દેવું વધવાનું ભારણ, ઉર્જા વિભાગની અંદર ૫,૦૯૭ કરોડનું જયારે આયોજન કર્યું છે ત્યારે રાજ્ય સરકારે જે પોતાના રાજ્ય સરકાર હસ્તકના જે વીજ મથકો છે એની જે ક્ષમતા છે, જે મેગા યુનિટ પેદા કરવાની જે ક્ષમતા છે, દિન–પ્રતિદિન આ રાજ્ય સરકારમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. અને ૨૦૦૮–૦૯થી ૨૦૧૩–૧૪ સુધીમાં આ રાજ્ય સરકારે પ્રાયવેટ એકમો હોય, ખાનગી સાહસો હોય, અન્ય સ્ત્રોત હોય અથવા તો જે કેન્દ્રના જે સાહસો છે એની પાસે રાજ્ય સરકારે વીજળીની ખરીદી કરેલી છે. અને આ વીજળીની ખરીદીમાં ૨૦૦૮ થી ૨૦૧૪ સુધીમાં ૨,૩૧,૮૨૧ મિલિયન યુનિટ વીજળી આ રાજ્ય સરકારે, પ્રાયવેટ એકમો પાસેથી ખરીદી છે અને તેના ભાગરૂપે ૭૦૩૧૫.૩૧ કરોડ રૂપિયાની વીજળીની ખરીદી આ રાજ્ય સરકારે ભોગવી છે, એમ ૭૦,૦૦૦ કરોડ કરતાં પણ વધારે આ રાજ્ય સરકાર ઉપર વીજળી ખરીદવાના લીધે બોજો પડેલ છે. એક બાજુ રાજ્ય સરકાર વીજળી ખરીદે છે, બીજી બાજુ વીજળીના સ્ત્રોતમાં ગુજરાતના જે એકમો છે એ એકમોમાં વધારો ના થવાના કારણે આ ભારણ ગુજરાતની પ્રજા ઉપર પડી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાજુ ગૃહ વપરાશના ગેસના જે સિલિન્ડરો છે, એ ઇન્ડિયન ગેસ હોય કે, ભારત ગેસ હોય એ સિલિન્ડરો ઉપર સંપૂર્ણ વેરા માફી આપવામાં આવી છે. ત્યારે હાલમાં ગુજરાત સરકાર દ્વારા મોટા શહેરોની અંદર જે પાઇપ લાઇન નાખવામાં આવી રહી છે, એ પાઇપ લાઇન મારફતે જે રાંધણ ગેસ

આપવામાં આવી રહ્યો છે એ રાંધણ ગેસ ઉપર આ રાજ્ય સરકાર ૧૨.૫ વેટ, અને ૨.૫ સેસ એમ કરીને કુલ ૧૫ ટકા જેટલો વેરો આ રાજ્ય સરકાર રાંધણ ગેસના જે પાઇપ લાઇનથી આપી રહી છે એમાં ચિંતા કરે અને અમારી માગણી છે કે, જે રીતે કેન્દ્ર સરકાર રાંધણ ગેસ ઉપર સંપૂર્ણ ટેક્સની માફી આપે છે એમ આની અંદર આપે વિચારવું જોઇએ અને ટેક્સમાં થોડી રાહત આપવી જોઇએ એવી માનનીય નાણા મંત્રીને મારી વિનંતી છે. કારણ કે, વર્ષોથી હું ધારાસભ્ય તરીકે છું અને આપને ઉર્જા મંત્રી તરીકે હું જોઉં છું, મને તો એવું લાગે છે કે, ઉર્જા મંત્રી તરીકે તમારું એમ.ઓ.યુ. થઇ ગયું હોય અને આ વિભાગ આપની પાસે જ હોય એવું મને લાગી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આ સભાગૃહની અંદર માનનીય મુખ્યમંત્રી શ્રી જ્યારે મહિલા તરીકે બેઠા છે ત્યારે ગૃહ વિભાગની ૧૩૯૮ કરોડના પ્લાન સાથેની ૪૦૬૦ કરોડની જોગવાઇ સાથે અને

અધ્યક્ષશ્રી : ભાઇ તમે કહ્યું ને કે, માનનીય મુખ્યમંત્રી મહિલા તરીકે બેઠા છે એમ નહીં મહિલા મુખ્યમંત્રી બેઠા છે એમ કહો.

શ્રી શૈલેષ મ. પરમાર : મહિલા મુખ્ય મંત્રી ચાલો સાહેબ. મહિલા બાળ વિભાગમાં ૩,૪૩૬ કરોડની જોગવાઇ કરી છે ત્યારે આ રાજયની અંદર એક મહિલા મુખ્ય મંત્રી હોય, મહિલાઓના નામે કાલે એક મંત્રીશ્રી એક વાત કરી રહ્યા હતા કે, છાપામાં જયારે બજટ રજૂ થયું ત્યારે એવું આવ્યું હતું કે, ગ્રામ લક્ષ્મી મોડેલ. હું આ ગ્રામ લક્ષ્મી મોડેલની બાબતમાં આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે, ૨૦૦૧ થી ૨૦૧૩ સુધીમાં આ રાજ્યની અંદર લગભગ ૪,૯૮૧ મહિલાઓ ઉપર આ બળાત્કાર થયેલા છે. ૧૨,૯૧૮ મહિલાઓના અપહરણ થયેલા છે. સ્ત્રી મર્યાદાઓનું અપમાન ૧,૩૬૫ કેસોમાં બનેલું છે. દેશની અંદર ૫૦૨ લોકોના મોત થયેલા છે, આજે પણ આ રાજ્યની અંદર ૩,૭૦૦ કરતાં પણ વધારે મહિલાઓ આજે લાપતા છે ત્યારે અને સામૂહિક બળાત્કારની વાત કરીએ તો ૭૬ કેસોની અંદર સામૂહિક બળાત્કાર આ રાજ્યની અંદર બનેલા છે. આપણે બજેટમાં મહિલાઓને રક્ષણ, સશક્તિકરણની વાત કરતા હોઇએ,પોલીસની ભરતીની અંદર ૩૩ ટકા અનામતની વાત કરતા હોઇએ. મારે દુઃખ સાથે કહેવું છે કે બળાત્કારના રેશીયાની અંદર ઉત્તર પ્રદેશની અંદર ૯૩.૪ ટકાનો રેશીયો છે. બિહારની અંદર ૭૯.૮ ટકા રેશીયો છે જયારે ગુજરાતની અંદર ૯૬.૯ ટકાનો રેશીયો છે. આ દુઃખ સાથે મારે કહેવું પડે છે.

મહિલા પોલીસમાં ૩૩ ટકા અનામત આપવાની વાત છે એને અમે આવકારીએ છીએ પણ સામે એ પણ મારે કહેવું છે કે આ રાજયમાં પી.આઇ., પી.એસ.આઇ.ની ૧૧૯૯૭ જગ્યાઓમાંથી લગભગ ૧૧૦૦ જગ્યાઓ આજની તારીખમાં ખાલી છે. પોલીસ કોન્સ્ટેબલોની જે જગ્યાઓ છે ૫૨૦૦૦ કરતા પણ વધારે એની અંદર આજે દસ હજાર કરતા પણ વધારે જગ્યાઓ ખાલી છે. ગુજરાત રાજયમાં જે રીતે મહિલાઓ સામેના અપરાધો વધતા જાય છે એમાં ૩૦ ટકાનો વધારો થઇ રહયો છે. બેઠા બેઠા આપણે એમ કહેતા હોઇએ કે આ રાજયમાં ગુનાખોરીનું પ્રમાણ ઘટયું છે. મારે રાજયના ગૃહ પ્રધાન જયારે અહીં બેઠા છે ત્યારે આ હાઉસને કહેવું છે કે રાજયની પોલીસની દ્રષ્ટિએ આપણે વાત કરીએ તો ૬૫૩ વ્યકિત ઓ દીઠ આ રાજયમાં એક પોલીસ રક્ષણ આપે છે જેના કારણે આ રાજયની અંદર ગુનાખોરીનું પ્રમાણ દિન–પ્રતિદિન વધતું જાય છે. આ હાઉસની અંદર બધા મિત્રોએ ઘણી બધી ચર્ચાઓ કરી છે.

બજેટની અંદર પશુપાલન ક્ષેત્રમાં નવી પહેલ તરીકે રાજયમાં ગૌ અભ્યારણ્ય પ્રોજેકટનો રાજયમાં અમલ થાય એના માટે નિષ્ણાતો દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવશે. ગૌ સેવા હોય કે ગૌચર વિકાસની સ્થાપનાની વાત હોય આ જે રીતની બજેટમાં વાત કરી છે. આ રાજયની અંદર ૨૦૦૬ થી ૨૦૧૪ સુધીમાં ગુજરાત વિધાનસભાની અંદર રજૂ થયેલા જે આંકડા છે એ આંકડાના આધારે હું કહેવા માગું છું કે આ રાજયની અંદર ૨૦૦૬ થી ૨૦૧૪ની અંદર ૮,૪૦, ૩૫૯ કિલો ગૌનુ માંસ આ ગુજરાતની ભા.જ.પા.ની સરકારમાં પકડાયું છે. અમારા નેતા ગૌ વંશને માટે આંદોલન કરવા જાય. આ રાજયની પોલીસ એ આંદોલન કરવા માટે એની મંજૂરી ન આપે એનાથી મોટી શરમજનક વાત નથી. એ મુંગુ પ્રાણી છે જેને ગૌ માતા તરીકે આપણે પૂજીએ છીએ. તેમછતાં પણ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે એક બહાનુ કાઢીને એની મંજૂરી આપવાની વાત થતી નથી. કાલે કહેતા હતા કે આ રાજય સરકાર પશુઓના મોતિયાના પણ ઓપરેશન કરાવે છે. મારે તો કહેવું છે કે મોતિયાનું ઓપરેશન સરકાર કરાવે કારણકે આજે રાજયની અંદર ગૌમાંસના ૭૮ કેસો જ

નોંધાયા છે. ગૌ માંસના કુલ કેસો ૧૬૩ નોંધાયા છે. આ રાજયના વિધાનસભાગૃહની અંદર જયારે કાયદા ઘડાતા હોય અને કાયદા અમલમાં આવતા હોય ત્યારે મારે કહેવું છે કે પિંક ક્રાંતિની વાત કરનારા લોકો, ગુલાબી ક્રાંતિની વાત કરનારા લોકો, અમારા રાજયમાં એકટની નહીં, પણ એકશનની જરૂર છે. એ આજના પ્રસંગે હું કહેવા માંગું છું. બીજી એક વાત કરીશ મત્સ્ય ઉદ્યોગની અંદર રાજય સરકારે ૮૭ કરોડની જોગવાઇ કરી છે. ૨૦૧૨–૧૩ ની અંદર ૨૪૨૦૦૦ ટન મત્સ્ય ઉદ્યોગના નિકાસ માટે ૨૯૦૦કરોડ જેટલી આવક મેળવી છે. (સમય સૂચક ઘંટડી) એક જ મિનિટમાં પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : બીજાની એક મિનિટ કપાશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મરઘા વિકાસની વાત કરું તો ૨૦૧૧–૧૨માં ૧૪૨૫૯ ની સામે ૧૩–૧૪માં ઉત્પાદન થયુ ૧૫૫૦૦ ઇંડાના ઉત્પાદનમાં વધારો થયો. જેની સામે કપાસની વાત કરીએ લાખ ટનમાં ૨૮ લાખ ટન કપાસની સામે ૨૫.૭૮ લાખ ટન કપાસ ઉત્પન્ન થયું. આમ ઇંડાની આ રાજયમાં પેદાશ વધુ થઇ અને કપાસની ઘટી. રાજય સરકારને, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જે વેટ છે એમાં રાજયની પ્રજાલક્ષી વિચારીને રાહત આપો એવી આપ સૌને વિનંતી કરું છું. આભાર.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, એમાં મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું. હું આંકડાની માયાજાળમાં પડવા માગતો નથી. પોલિટીકલ ઓબ્ઝર્વેશન કરવા માગતો નથી. તમે બોલશો તો ચાલુ કરી દઇશ. હું કહું છું કે પોલિટિકલ ઓબ્ઝર્વેશન મારે કરવું નથી, જે વાસ્તવિકતા છે તે હું રજૂ કરીશ. જ્યારે સમય આવે છે, ત્યારે આ પાર્ટી હોય કે પેલી પાર્ટી હોય, હંમેશ માટે ગ્રામ્ય લેવલે કે શહેરી લેવલે દિન–પ્રતિદિન શિક્ષિત બેરોજગારોની સંખ્યા વધતી જાય છે. દહાડે દહાડે સંખ્યા વધતી હોય તેના કારણે તેના માતા–પિતા ચિંતા કરતા હોય છે. દીકરો મોટો થાય, દીકરી પણ મોટી થાય અને નોકરી નથી મળતી, એના કારણે ઘણી વખત છોકરો આડા રસ્તે જાય છે. મારી જાણ પ્રમાણે કહું રાજ્યની અંદર રોજગાર કચેરીની અંદર ૩૧ મી માર્ચ ૨૦૧૪ ના રોજ કુલ ૭.૬૮ લાખ શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. એમાંથી ૦.૫૪ લાખ અર્ધ શિક્ષિત છે. બાકી ૭.૧૪ લાખ શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. જે નથી નોંધાયેલા તે તો હજારોની સંખ્યાની અંદર, લાખોની અંદર શિક્ષિત બેરોજગારો નોકરીની શોધમાં ફરતા હોય છે. આ સરકારની અંદર ઘણી વખત સાંભળ્યું છે શિક્ષિત બેરોજગારો માટે ઉદ્યોગો લાવવાના છીએ. આ માટેના અમે એમ.ઓ.યુ. કર્યા છે. ઉદ્યોગો આવશે, એટલે સરકારના નીતિ નિયમ પ્રમાણે ૮૦ ટકા નોકરીઓ અમે શિક્ષિત બેરોજગારોને આપવાના છીએ, એવા વચન પણ આપવામાં આવેલા છે. શિક્ષિત બેરોજગારો આશા રાખી રાખીને પ્રયત્નો કર્યા, પણ અત્યાર સુધી રાજયની અંદર શિક્ષિત બેરોજગારોની દહાડે દહાડે સંખ્યા વધતી જાય છે.

મેં બજેટમાં જોયું તો તેમાં આયોજન કરવામાં આવ્યું છે કે સ્વામિ વિવેકાનંદ રોજગાર ભરતી મેળા કરવાનું અને એની અંદર એમણે ૩ લાખ રોજગારી આપવાનું લખ્યું છે. મંત્રી હોય કે જે અધિકારી હોય તેમને મારે પૂછવું છે કે ભરતી મેળા એટલે શું? ભરતી મેળા એટલે કારખાના કે એના અધિકારી મારફતે કે રોજગાર કચેરી મારફતે એની પાસે આંકડા મંગાવવાના અને કેટલી ભરતી કરવાની છે માહિતી આપો. એ માહિતી આપે એના કારણે મેળાઓ કરવામાં આવે. શિક્ષિત બેરોજગારોને બોલાવવામાં આવે અને એની અંદર ઓછું ભણેલા, વધારે ભણેલા હોય, જેણે માગણી કરી હોય તે માગણીના અનુસંધાનમાં એનું ઈન્ટર્વ્યૂ લઇને એક પત્ર આપવામાં આવે. એ પત્ર લઇને એમ કહેવામાં આવે આ એપ્રેન્ટિસની પરીક્ષા તારી અમૂલ ડેરીની અંદર છે. આ કાગળ લઇને અમૂલ ડેરીમાં જવાનું એટલે એપ્રેન્ટિસ તરીકે દાખલ કરી દેશે. આવા કાગળો આપવામાં આવે છે. દરેક જગ્યાએ ઉદ્યોગોની અંદર, કારખાનામા, ફેક્ટરી કે સહકારી માળખામાં જતા હોય છે. ત્યારે એ કાગળ લઇને ફર્યા કરે છે અને એને નોકરી મળતી નથી. એપ્રેન્ટિસ એ નોકરી નથી. ટ્રેનિંગ એ નોકરી નથી. ઉચ્ચક પગાર એ નોકરી નથી. છતા એવું નામ આપીને બતાવ્યું છે કે ૩ લાખ શિક્ષિત બેરોજગાર યુવાનોને નોકરી આપવાની જાહેરાત કરી છે. હું ચોક્કસ પણે કહીશ કે આ ખોટું છે. આ શિક્ષિત બેરોજગારોને છેતરવાનું હોય તેવું દેખાય છે. કોઇ કાયમી નોકરી નથી. એટલે સરકારને નમ્ર વિનંતી કરવાની કે શિક્ષિત બેરોજગારોનો કોઇ વિચાર કરો, જેથી નોકરી મળે. મેં પેપરમાં વાંચ્યું હતું કે સરકારની અંદર આટલા આટલા વર્ષોની અંદર

ખાલી જગ્યા પડવાની છે. એની અંદર શિક્ષિત બેરોજગારોને નોકરી આપવાના છે. મેં પેપરમાં જોયું હતું કેટલી નોકરી અપાઇ? કેટલી ખાલી જગ્યાઓ છે મને ખબર નથી. આ બધુ જોઇને લાગે છે કે શિક્ષિત બેરોજગારોને ખરેખર નોકરી આપવા માટેના પ્રયત્ન કરવા જોઇએ. મેઇન પ્રશ્ન મારા મનમાં છે. વાસ્તવિકતા છે, એટલા માટે કહું છું.

કાયદો અને વ્યવસ્થાની બાબતમાં, કાયદો અને વ્યવસ્થાની અંદર અગાઉના સભ્યએ વાત કરી છે. એમાં હું વારંવાર પડવા માગતો નથી. નશાબંધી ખાતું છે. એમાં બે શબ્દો કહેવાના છે. કાયદો અને વ્યવસ્થા બાબતમાં નશાબંધી બાબતમાં મારે ચોક્કસપણે કહેવું પડે કે દિન–પ્રતિદિન ગામડાની અંદર ગામડા ભાંગતા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કેટલાય એવા ગામ જોયા છે કે જયાં નાનું ગામ હોય, દારૂનો અડ્ડો ચાલતો હોય, બેફામ જયારે દારૂ વેચાતો હોય ત્યારે તેના રવાડે ચડી જઇ યુવાન મિત્રો કે જેની ઉમર ૩૦–૪૦ વર્ષની હોય છે તે ૩૦–૪૦ વર્ષની ઉંમર સુધી જીવે છે અને પછી મરી જાય છે. તે દારૂના કારણે થાય છે. કેટલાય ગામની અંદર તમે તપાસ કરો તો ૪૦ વર્ષ ઉપરનો એકપણ છોકરો ગામડાંની અંદર જોવા મળતો નથી. આને કોણ અટકાવશે સાહેબ ? હું માનું છું ત્યાં સુધી શહેરની અંદર પણ મારે કહેવું પડે અને તેમાં પછી આણંદ હોય, નડિયાદ હોય કે અમદાવાદની અંદર હોય. હું જાતે બતાવવા માટે તૈયાર છું. એક એક એરીયાની અંદર દારૂના અડ્ડાની અંદર ગાડીઓ પડી હોય છે, ઉઘાડે ચોક બાર ચાલતા હોય, હજારો માણસો ટર અને ગાડીઓ લઇને અંદર બેસીને મહેફિલ ઉડાડતા હોય પણ આપણી પોલીસ તે બાજુ જતી હોય તેવું મને દેખાતું નથી. બીજા રાજયો કરતાં ગુજરાતની અંદર વધારેમાં વધારે દારૂનો વપરાશ થાય છે, વધારેમાં વધારે દારૂ પીવાય છે. છતાંય આપણે એમ કહીએ છીએ કે, ગુજરાતની અંદર દારૂબંધી છે. હું માનું છું ત્યાં સુધી સરકારે જાગવાની જરૂર છે. બાકી નવયુવાન મિત્રો નહીં ટકી શકે. કારણકે નોકરી નથી મળતી એટલે આડે રસ્તે જાય છે. આ આડે રસ્તે જવાને બદલે અમારા ગામડાંની પરિસ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે. તેના મા–બાપ પણ તેને અટકાવી શકતા નથી. તેને બીજી કોઇ સૂઝ અને સમજ નથી, કોઇ રોજીરોટી નથી મળતી તેના કારણે આ પરિસ્થિતિ થાય છે. બહેનોનું અપમાન થાય એટલે કદાચ ના કહી શકું પણ હું માનું છું ત્યાં સુધી કોઇ જગ્યાએ ગામડાંની અંદર બહેનો પણ આ વિષયમાં પડેલ છે. મને શરમ આવે છે. બહેનોની જો વાત કરતા હોય તો મારે નમ્રપણે અપીલ કરવી પડે.

અહીં સહકાર મંત્રી બેઠેલા છે. સહકાર મંત્રી દૂધના ધંધાની બાબતમાં જે મંડળીઓ છે તે મંડળીઓ ડબલ કરી નાંખીએ. દા.ત. મારા અમૂલની અંદર, ખેડા અને આણંદ જિલ્લાની અંદર ૧૨૦૦ મંડળીઓ છે. રેવન્યુ ગામની અંદર એક મંડળી બનાવવાની હોય અને રજીસ્ટ્રાર એક મંડળીની મંજૂરી આપે. તેને ડબલ કરવાથી દૂધ નથી વધી જતું. મંડળીઓ ડબલ કરવાથી રોજીરોટી નથી મળી જવાની. બીજા અનેક મુદ્દા મૂકયા છે કે ગાય, ભેંસ લેવા માટે લોનની અને વ્યાજની વાત કરી છે. દૂધ મંડળીના મકાનના બાંધકામની બાબતમાં તેમણે વાત કરી છે. અનેક એવા મુદ્દા મૂકયા છે, ત્યારે મારે સહકાર મંત્રીને એટલી વિનંતી કરવાની કે જો ગામડાને ટકાવી રાખવું હોય, ગામડું ભાંગીને શહેરમાં જે આવે છે તેને અટકાવવું હોય તો દૂધના ધંધા સિવાય બીજો કોઇ વિકલ્પ ગામડાંમાં હોય તેવું મને દેખાતું નથી.

જે વિધવા બહેનો છે, અગાઉ કહ્યું તેમ દારૂના ધંધાને કારણે રાજયની અંદર દિવસે દિવસે વિધવા બહેનોની સંખ્યા વધતી જાય છે. તે બહેનોને એક જાનવર કોઇ સંસ્થા મારફતે, દૂધસંઘો મારફતે સરકાર તેને પૈસા આપે, તેને લોન આપે અને તે પૈસા વસુલ કરવાની જવાબદારી સંઘના ચેરમેન અને એમ.ડી. લઇ શકે છે. આવી બેનને એક જાનવર મળશે તો તેનો દહાડો પૂરો થશે તેના બાળકનો દહાડો પૂરો થશે તેવું હું માનું છું.

સમય ઓછો છે એટલે જી.ઇ.બી. માટે માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરીશ કે રાજીવ ગાંધી વીજળીકરણ યોજના અને બી.પી.એલ. કનેકશનમાં આપણે ૫૦ રૂપિયામાં કનેકશન આપતા હતા તે સ્કીમ બંધ કરી છે. તે સ્કીમ અધૂરી રહી છે. ગ્રામ્ય લેવલની અંદર થાંભલા પડયા છે. વાયરો ખેંચી કાઢ્યા છે. તે પરિપત્ર થયો તેના કારણે અધિકારીઓ કામ કરવાની ના પાડે છે. ૫૦ રૂપિયાની પહોંચો આપેલી છે તેને પણ

ના પાડે છે. બીજો જી.ઇ.બી.એ પરિપત્ર એવો કાઢ્યો છે કે કોઇપણ ગામની અંદર એન.એ. થયેલ ગામતળ નહીં હોય તેને કનેકશન આપવામાં નહીં આવે. સીમ વિસ્તારમાં પણ એન.એ. કરીને ૨૦ થી ૨૫ મકાનો હશે તેને જ ઘર કનેકશન આપવામાં આવશે તેનો માનનીય મંત્રીશ્રીએ પરિપત્ર કાઢયો છે. મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ગામડાંની અંદર ગામતળ ન હોય એટલે ખેડૂત છે તેને સીમમાં જવું પડે છે. તેને કનેકશન અગાઉના વર્ષોમાં મળતા હતા તે રીતે કનેકશન આપવા માટે આ જે પરિપત્ર કર્યો છે તે રદ કરો. સીંગલ ફેઇઝના જે કનેકશન ખાસ તો દૂધના ધંધાની બાબતમાં ગ્રામ્ય લેવલે ખેતરની અંદર બે કે પાંચ ગાયો રાખીને નાનો તબેલો બનાવીને જયારે ધંધો કરતો હોય ત્યારે તેને સીંગલ ફેઇઝ કનેકશન આપવા માટે અમારા નટવરસિંહે દસેક વખત રજૂઆત કરી છે તેવા કનેકશન આપો તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય રામસિંહભાઇ આપનું પૂરું થાય છે. માનનીય ઋષિકેશભાઇ પટેલ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત

શ્રી શક્તિસિંહજી હ.ગોહિલ (કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલી માર્ચ ૧૯૭૯ના રોજ આ જ ગૃહમાં જે નિર્ણય અપાયો છે એના આધાર પરનો મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હું અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણય વાચું છું. ''બજેટ માનનીય ધારાસભ્યશ્રીઓને અપાય છે તે બજેટ એક જાહેર મિલકત છે, બજેટ એ આખા વર્ષની એક આરસી છે એની અંદરની ભૂલોના કારણે ધારાસભ્યશ્રીઓને મુશ્કેલી પડે એ વાત પણ સમગ્ર રાજયમાં, પાના ૩૯ થી મેં શરૂ કર્યું અને પાના નં.૪૦ પર વાચું છું. છેલ્લે ત્રણ લાઇન મેં વાંચી. હવે પાના નં.૪૦ જૂઓ, રાજયમાં જે આપણું ખર્ચ થવાનું છે તે ખર્ચ અંગે અવળી રીતે ક્યારેક મુશ્કેલીમાં મૂકાઇ જઇએ એવી પરિસ્થિતિ સર્જાય I would wish not to take the House so lightly. આમાં અગાઉ પણ જે ચેતવણી આપવામાં આવી છે એ મુજબ હું જરૂર ઇચ્છું અને માનનીય મંત્રીશ્રીને જરૂર કહું કે, આપે ભૂલ કરનાર પ્રત્યે પગલાં લેવા જ જોઇએ. બજેટ ૧૬મી તારીખે રજૂ થયું. વિધાનસભા આખા ગુજરાતની ઉચ્ચ સંસ્થા હોય તો આ ધારાસભા છે ખરેખર તો ભૂલ ના જ રહેવી જોઇએ, ભૂલ થોડી પણ રહે તો એ ક્ષમ્ય નથી છતાં પણ હ્યુમન એરરને સ્થાન આપીએ તો પણ ત્રણ દિવસની અંદર આ કામ પૂર્ણ થઇ જ જવું જોઇએ.'' માનનીય અધ્યક્ષશ્રી, પહેલી તારીખે બજેટ રજૂ થયું. મારા પીજીયન બોકસમાં મને આજે સુધારો પ્રાપ્ત થાય છે. ૧૮ પાના છે એરરના, નાની મોટી ભૂલો કે એકાદુ પેઇઝ નહીં, મારા નેતાએ, મારા સભ્યોએ અને મેં બજેટ પરની આખી ચર્ચા અમારી કરી લીધી એ પછી ૧૮ પાના ભરપુર ભૂલોનો ઍરેટાનો સુધારો અમને મળે, માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું છે એ પ્રમાણે ત્રણ દિવસ કરતા વધારે સમય વીતી ગયો છે ત્યારે ભૂલો રહી હોય તો રાખનાર સામે પગલાં લેવા માટે ભૂતકાળમાં અધ્યક્ષશ્રીએ કડક સૂચના આપી છે એ જ રીતે આપના તરફથી આદેશ થાય એવી માનનીય અધ્યક્ષશ્રી, અપેક્ષા રાખુ છું.

અધ્યક્ષશ્રી : આની અંદર જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકૂશ છે એ બૂક છે એની અંદર કહ્યું કે, આવી કોઇ એરર હોય તો એ ત્રણ દિવસની અંદર રજૂ કરી દેવી જોઇએ. તો આપ ડીપાર્ટમેન્ટને સ્પષ્ટ સૂચના આપજો. એક તો એરર ન રહેવી જોઇએ, એરર પહેલા ચકાસીને પછી જ બજેટ રજૂ કરવું જોઇએ અને એરર હોય તો ભવિષ્યની અંદર એ સુધારવા માટે ત્રણ દિવસ કરતા વધુ સમય ન લેવો જોઇએ એવી સ્પષ્ટ સૂચના આપવી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રી આદરણીય આનંદીબેનના નેતૃત્વમાં આદરણીય નાણામંત્રી સૌરભભાઇ જે પ્રજાલક્ષી અને સતત વિકાસની ગતિ જે ગુજરાતની ચાલુ છે એને વેગવંતી બનાવતું આ બજેટ જ્યારે રજૂ કર્યું છે ત્યારે તેને આવકારવા અને સરકારની કામગીરી અને સરકારમાં જે પ્રોવિઝન છે એની વાત કરવા અને મારા વિચારો રજૂ કરવા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અકબર અને ટોડરમલના જમાનાથી લગભગ મહેસૂલ વિભાગની શરૂઆત થઇ, ખેડૂતોની જમીનોની માપણી થઇ એના પટ્ટાઓ આપવાની શરૂઆત થઇ. એ જ વ્યવસ્થા મહેસૂલ

તંત્રની ગોઠવાવાની શરૂઆત અકબરના જમાનાથી થઇ અને અંગ્રેજોના સમયમાં આને થોડા સુધારા સાથે એ આખી વ્યવસ્થા આખા દેશમાં અમલી બનાવવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, એ જ જમીનની માપણી થઇ હતી અને વર્ષો સુધી એ જમીનની માપણી આખા દેશમાં ફરી ક્યારેય નથી થઇ પરંતુ ગુજરાતે પહેલી વખત એનો અમલ કર્યો છે અને આખા દેશની અંદર તમામ જિલ્લાઓની નવેસરથી જમીનોની માપણી થાય અને એ માપણીમાં વખતોવખત સમય જતા ભાઇઓ ભાગ પડ્યા હોય, ભૌગોલિક પરિસ્થિતિમાં કોઇ ફેરફાર થયો હોય, રેકર્ડ ઉપર જમીન શું બોલતી હોય, સ્થળ ઉપર જમીન શું હોય આ તમામ વિસંગતતાઓ દૂર કરવા માટે આજે આ સરકારે પહેલ કરી છે, અને ગુજરાત રાજ્યમાં લગભગ ૩૩માંથી ૩૨ જિલ્લાઓમાં આની શરૂઆત થઇ ચૂકી છે, ફક્ત એકાદ જિલ્લો, કદાચ આણંદ બાકી છે અને આ વખતે એનો પણ સમાવેશ થઇ જશે અને એની પણ તૈયારીઓ જ્યારે સરકારે કરી છે ત્યારે આની ડીઝીટલ માપણી અને સરવેનું કામ પૂર્ણ થયા પછી સ્થળ ઉપર જમીન હોય, રેકર્ડ ઉપર જમીન હોય એની વિસંગતતા હોય તે મળી રહે અને તે દૂર થાય અને ક્યાંય એમાં ફેરફાર ના હોય એ રીતે આખા રેકર્ડ તૈયાર કરવાનું દેશમાં સૌપ્રથમ વખત ગુજરાત સરકારે નક્કી કર્યું છે.

હાલમાં ખેતીમાંથી બિનખેતી કરવા માટે સરકારે ૯૦ દિવસની સમય મર્યાદા નક્કી કરી છે અને એમાં પણ સુધારો કરીને રહેણાંક હેતુ માટે ૩૦ દિવસ અને વાણિજ્ય માટે ૪૫ દિવસની સમય મર્યાદા નક્કી કરી છે અને એ રીતે એ ઝડપી બને અને લોકોને ઉપયોગી કેવી રીતે થવાય એના માટેના પરિપત્રો આ સરકારે કર્યા છે. સાથે સાથે મારી એક વિનંતી પણ છે કે, સરકારે પરિપત્રો કર્યા હોય, નિયમો હોય ત્યારે આ બાબત થોડીક કડકાઇથી આનું ફોલોઅપ થાય અને ૯૦ દિવસની મર્યાદામાં આ બિનખેતી મેળવવાની અરજીનો હા કે ના માં એનો જવાબ મળે અને એનું થોડુંક મોનીટરીંગ થઇ જાય એવી મારી વિનંતી પણ છે. રેવન્યુ વિભાગ દ્વારા જે ઠરાવો થયા હોય, ઘણી વખત સમયની સાથે એ અપ્રસ્તુત બનતા હોય, સમયના તકાજા સાથે એ ઠરાવો મેળ ના ખાતા હોય ત્યારે આ સરકારે રેવન્યુના તમામ જે ઠરાવો છે એને રિવ્યુમાં લઇ અને પ્રજાને જ્યાં અગવડ પડતી હોય, હાલમાં કામમાં ના આવતા હોય એવા ઠરાવો રદ કરી અને પ્રજાની હાલાકી દૂર કરવા અને વહીવટ સરળ કરવા માટેની પ્રક્રિયા પણ આ સરકારે કરી છે.

વારંવાર કહેવાય છે કે ગૌચર ખાઇ ગયા, ગૌચર ઓછું થયું, ગૌચર ઉદ્યોગોને આપી દીધું પરંતુ મારે ગર્વની સાથે કહેવું છે કે, ગૌચર નીતિમાં પણ ગામનું ગૌચર ના ઘટે અને સાર્વજનિક કામ માટે પણ જે રીતે સરકારી પંચાયત, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા સંચાલિત શાળા, દવાખાના, વિદ્યુત બોર્ડ વિગેરે માટે પણ ગૌચરની જમીનની ફાળવણી થાય તેટલી સરકારી જમીનને ગૌચરમાં ભેળવ્યા પછી આ ગૌચર ઓછું ના થાય એનું ધ્યાન પણ આ સરકાર રાખી રહી છે. બિન સરકારી શાળા, દવાખાના અથવા તો કોઇ એન.જી.ઓ. જેવી સંસ્થાએ જ્યારે કોઇ અન્ય જગ્યાએ જગ્યા ઉપલબ્ધ ના હોય અને જગ્યા માંગી હોય ત્યારે તેમને પણ જે જમીન ફાળવવાની નીતિ છે તેમાં બીજી ખાનગી જમીન એને ખરીદીને આપવી પડે અને ગૌચરની જમીનની કિંમત પણ સરકાર વસૂલ લે અને એ પછી એ જમીન એને આપવામાં આવે છે. ઉદ્યોગોને જે જમીન ફાળવવામાં આવે અને એમાં વચ્ચે ક્યાંક ગૌચરની જમીન આવી જાય અને એના સિવાય ઉદ્યોગ શક્ય ના હોય તો એ ઉદ્યોગકારને ખાનગી જમીન ખરીદી ગ્રામ પંચાયત જો ઠરાવ કરે તો એને આપવી પડે અને એની કિંમત સરકારને ચૂકવવી પડે, અને સાથે સાથે ૩૦ ટકા જેટલી રકમ એ ગૌચરના વિકાસ માટે પંચાયતમાં અથવા તો સરકારમાં જમા કરાવવી પડે એવી નીતિ આ સરકારની છે. આક્ષેપો કરવા એ વાત જુદી છે પરંતુ ગૌચરની અંદરથી પણ કોઇ સરકારી કે પ્રાઇવેટ કંપનીને પાઇપલાઇન નાંખવી હોય તો પણ એને ૩૦ ટકા જેટલી રકમ સરકારશ્રીને આપવી પડતી હોય છે અને એ પંચાયત હસ્તક થતી હોય છે.

આ સરકાર સમજે છે કે કાયદા પ્રજાના ફાયદા માટે હોય છે. એમની સુખાકારી માટે હોય છે. નહિ કે પ્રજા કાયદા માટે. જ્યારે જ્યારે જરૂર પડી અને મહેસૂલ જેવો વિભાગ જે સામાન્યજનને સ્પર્શતો હોય, ગુજરાતના તમામ નાગરિકોને મહેસૂલ વિભાગની જરૂર પડતી હોય અથવા તો મહેસૂલ વિભાગ સાથે જોડાવાનું થતું હોય ત્યારે સરકારે પ્રજાને હાલાકી ઓછી કરવામાં અને જરૂર પડે તો કાયદામાં પણ ફેરફાર કરવાનું કામ પણ આ સરકારે કર્યું છે. લગભગ વરસ બે વરસ પહેલાં જ ગણોતિયા ખરીદ કિંમત ભરી જમીન માલિક બની શકે તે માટેની સમય મર્યાદા ૧૯૮૬ સુધીની હતી, આ વાત સરકારના ધ્યાનમાં આવી. અને

કેટલાય ગણોતિયાઓ, કાયમી ગણોતિયાઓ કે જેમને ખબર નહોતી કે આ નવ નંબરનું ફોર્મ અમે ભર્યુ નથી એટલે અમારો હક્ક અમે જમીન ખરીદી શકતા નથી તેના માટે સમય–મર્યાદા વધારી અને ૨૦૧૩ સુધી કરી. અને છતાં પણ બાકી રહી ગયા હોય તેમના માટે ખાસ સુધારો કરી મુદત તારીખ ૩૧–૮–૨૦૧૪ સુધીની કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના આ પ્રયત્નોથી ૩૧,૦૦૧ ગણોતિયા પૈકી ૨૪,૨૩૨ ગણોતિયાઓએ પૈસા ભરી અને ખેડૂતનો કાયદેસરનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. હજુ પણ ૭,૨૩૧ જેટલા ગણોતિયાઓ બાકી છે. મારે સરકારશ્રીને વિનંતી કરવી છે કે, આવતા સમયમાં જયારે આ મુદત ૩૧–૮–૨૦૧૪માં પૂરી થતી હોય ત્યારે મામલતદાર કક્ષાએ જે બાકી રહી જતા હોય એવા ગણોતિયાઓનો સુઓમોટો કરી આમને પણ ભવિષ્યમાં કોઇ તકલીફો ઉભી ના થાય, લીટીગેશનો ઉભા ના થાય તેના માટે તેમને કાયમી ગણોતિયાનો દરજ્જો મળે અને તે પૈસા ભરી અને ૯ નંબરનું ફોર્મ મેળવી અને તે કાયમી ખેડૂત બની શકે એવો લાભ આપવાની વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ટૂકડા પડતા હતા અને ટૂકડા હતા એટલે તેની આજુબાજુવાળો ખેડૂત જ ખરીદી શકે, બીજા કોઇને વેચી ના શકે એવી પરિસ્થિતિ હતી. તેનું આર્થિક શોષણ થતું તેના બાજુવાળાને ખબર જ હોય કે આ જમીન બાજુવાળો મારા સિવાય બીજાને વેચી નથી શકવાનો એટલે તેનું આર્થિક શોષણ થાય, માગે એવા ભાવે તેને જમીન આપવી પડે એવી સ્થિતિ હતી. એના કારણે આ ટૂકડાધારામાં પણ ફેરફાર કરી અને ખેડૂત પોતાનો ટૂકડો હોય તે ગમે તેને વેચી શકે અને તેના દ્વારા તેનુ આર્થિક શોષણ બંધ થયુ અને પરિણામે જયારે જયારે તેને વેચવાની જરૂર પડે અને સારી કિંમત તેને મળી શકે એવી વ્યવસ્થા પણ આ સરકારે તેના ધ્યાનમાં આવ્યું એટલે તરત કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે હાલ સરકારે..

અધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તો મારે થોડાક સૂચનો કરવા છે તે કરી લઉં. મહેસૂલ વિભાગની અંદર હાલમાં પાંચ કરોડની જંત્રી વેલ્યુ ૪૦ ટકા પ્રમાણે બે કરોડ સુધીની પ્રિમિયમની ફાઇલોની કલેકટર કક્ષાએ મંજૂરી આપવામાં આવે છે. એમાં ૧૯૫૦થી ટાઇટલ જોવામાં આવે છે સરકારશ્રીને વિનંતી છે જો શકય હોય તો ૩૦ વર્ષના ટાઇટલ જોઈ અને આ કાર્યવાહી આગળ ધપાવવામાં આવે. એન.એ.થયેલા હોય અને એને હેતુફેર કરવાની જરૂર પડે તો રિવાઇઝ એન.એ.લેવાની જરૂર ના પડે ફકત કન્વર્ઝન ટેકસ ભરી અને નવેસરથી નકશા મંજૂર કરાવી અને હેતુફેર કરી આપવામાં આવે. હમણાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પેઇડ એફ.એસ.આઇ.માં હપ્તા કરી આપ્યાં છે. બે વર્ષના હપ્તા કરી અને તે રકમ બિલ્ડર, ખેડૂત ભરી શકે એની વ્યવસ્થા કરી આપી છે. મારી વિનંતી છે કે, નવી જૂની શરતની જે હાલ, જે જંત્રી પ્રમાણે પ્રિમિયમના દરો લેવામાં આવે છે તેમાં પણ આ બાબતે કંઇ વિચારી શકાય. કલેકટરશ્રીની નવી શરતની પ્રિમિયમની મંજૂરી બાદ સરકારશ્રીમાં જે દરખાસ્ત આવે અને સરકારશ્રીમાં દરખાસ્ત આવ્યા પછી એક માસની મુદ્દતમાં જો આ ફાઇલોનો ઝડપથી નિકાલ થાય તો એ અનુકૂળતા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇમ્પેકટ ફીનો કાયદો લાવ્યા પછી વધારાના નવા ખોટા બાંધકામ ના થાય તે માટે નાની નગરપાલિકાઓમાં બી.યુ.ની બહુ વ્યવસ્થા હોતી નથી. મારી વિનંતી છે કે, નગરપાલિકાઓમાં પણ બી.યુ.પરમિશન દાખલ કરી અને બી.યુ. પરમિશન પછી જ ગટર, પાણી અને વીજળીના તેને કનેકશન મળે એવી વ્યવસ્થા કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ૭૦(ઓ) માં જે રીતે સુધારો કર્યો એ રીતે ૮૪–(અ) નીચે જૂની શરત થયેલી જમીનો કે જેના ઘણાં વેચાણો થયા છે, માલિકી હક્કો બદલાયા છે, રેવન્યુ રેકર્ડ ઉપર નવા માલિકો દાખલ થયા છે તેવી જમીનને નવેસરથી.

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે. તમારા સૂચનો જ છે અને તમારી સરકાર છે તેને કહેજો, ના માને એવુ થોડું હોય?

ડો.ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તેમજ પ્રથમ તો ખરાં પણ સક્ષમ મહિલા મુખ્યમંત્રી એવા આનંદીબહેન પટેલના નેતૃત્વ નીચે ગુજરાત સરકારના મંત્રી મંડળના સૌથી વજનદાર મંત્રી અને સૌથી વધારે ફાયનાન્સ વિભાગમાં જેમની માસ્ટરી છે એવા નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગયા વર્ષ કરતાં લગભગ સવાયુ બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને સૂર પૂરાવવા ઉભો થયો છું.

બજેટના મુખ્ય મુખ્ય વિભાગોમાં કૃષિ વિભાગ હોય, ઉદ્યોગ વિભાગ હોય, સામાજિક સેવાઓ હોય આ દરેકમાં સૌથી અગત્યનો વિભાગ હોય તો એ સામાજિક સેવાઓ કહી શકાય પરંતુ ગુજરાત સરકાર સામાજિક સેવાઓ પાછળ ઓછો ખર્ચ કરે છે એવું ભૂતકાળમાં કહેવાતું પણ સામાજિક સેવાઓ પાછળ આ વર્ષના બજેટમાં ગયા વર્ષે ૪૨ ટકા હતું પણ આ વર્ષે સામાજિક સેવાઓ પાછળ ટોટલ બજેટથી લગભગ રાઉન્ડ ફીગરમાં કહી શકીએ તો અર્ધુ બજેટ ફાળવીને ગુજરાત સરકારે માનવતાવાદી અને સંવેદનશીલવાદી અભિગમ વ્યકત કર્યો છે. સામાજિક સેવાઓમાં શિક્ષણ વિભાગ, શિક્ષણ, પોષણ, આરોગ્ય અને કલ્યાણકારી યોજનાઓ, આ બધી યોજનાઓ પૈકી સૌથી અગત્યનો વિભાગ શિક્ષણ આવે અને શિક્ષણ વિભાગમાં પણ એવું સરસ મજાનું અને આંકડાકીય રીતે ખૂબ મોટું બજેટ ફાળવ્યું. શિક્ષણ વિભાગમાં લગભગ ટોટલ બજેટના ૧૭ ટકા, એ પણ એક અભિનંદનને પાત્ર છે કે શિક્ષણ પાછળ સરકાર કેટલી ચિંતિત છે અને કેટલી જાગૃત છે. હવે સામાજિક વિભાગમાં શિક્ષણ અગત્યનું, શિક્ષણ વિભાગમાં પ્રાથમિક શિક્ષણ સૌથી અગત્યનું. આપણે પ્રાથમિક શિક્ષણ ઉપર બહુ ભાર આપતા હોતા નથી, આઝાદી પછી લગભગ આગળના ૫૦ વર્ષમાં મોટા ભાગે પ્રાથમિક શિક્ષણની ઉપેક્ષા અને અવગણના જ કરવામાં આવી છે પરંતુ છેલ્લા દશ–પંદર વર્ષથી ગુજરાતની વાત કરીએ તો છેલ્લા ૧૫ વર્ષમાં પ્રાથમિક શિક્ષણને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે અને પ્રાથમિક શિક્ષણ જ ખૂબ અગત્યનું એટલા માટે છે કે, ભારતનું ભવિષ્ય બાળકોના હાથમાં છે અને પ્રાથમિક શાળાના કાર્યકાળ દરમિયાન બાળકનું સાચુ ઘડતર થતું હોય, સાચું શિક્ષણ મળતું હોય અને એ એના જીવનમાં આજીવન રહેતું હોય એટલે પ્રાથમિક શિક્ષણની અગત્યતા પણ ખૂબ છે એટલે પ્રાથમિક શિક્ષણ માટે પણ આપણી સરકાર ખૂબ ચિંતિત છે.

શિક્ષણ એ કોઇપણ સમાજનો પ્રગતિનો માપદંડ છે. શિક્ષણ દ્વારા પોષણ, આરોગ્ય બધા જ વિભાગમાં જે અસમાનતા છે એ દૂર કરી શકાય એટલે શિક્ષણને પ્રાધાન્ય આપવા માટેની ગુજરાત સરકારે જે ચિંતા કરી છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. જે કેટલીક નોંધપાત્ર વ્યવસ્થાઓના કારણે ગુજરાત રાજય સમગ્ર દેશમાં અને વિશ્વમાં પણ ઉદાહરણરૂપ બન્યું છે તે પૈકીની એક વિશેષતા છે રાજયના પ્રાથમિક શિક્ષણમાં જોવા મળેલી સિદ્દિઓ સમગ્ર ભારતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જોવા મળેલ અનુકરણીય સિદ્દિઓ બદલ ગુજરાત રાજય ગૌરવ લઇ શકે એવી સ્થિતિ આજે જોવા મળે છે. સમગ્ર રાજયની કુલ લગભગ૩૩ હજાર પ્રાથમિક શાળાઓમાં RTE એકટનો અમલ થયેલો જોવા મળે છે. એક કિલોમીટરની ત્રિજયામાં પ્રાથમિક શિક્ષણ અને ત્રણ કિલોમીટરની ત્રિજયામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની અમલવારી કરી અને એવું અમલ કરનાર ગુજરાત રાજય પ્રથમ રાજય છે. પ્રાથમિક શિક્ષણમાં સો ટકા નામાંકન અને સો ટકા સ્થાયીકરણના હેતુઓ સિદ્ધ કરવા માટે એના પ્રયત્નોના ભાગરૂપે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય શરૂઆત ૨૦૦૨માં શરૂ થઇ અને એ વખતે આપણા અત્યારના માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ શિક્ષણ મંત્રી હતા અને એ શુભ શરૂઆત એમણે ૨૦૦૨–૦૩માં કરેલી.

શાળા પ્રવેશોત્સવની વાત કરીએ તો એવું એક અગત્યનું પરિબળ છે, એવો અગત્યની ઉત્સવ છે કે જેમાં લોકભાગીદારી – જનભાગીદારી જ્ઞાનશક્તિ અને જનશક્તિનો સુભગ સમન્વય જોયો હોય તો એ શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ છે. દર વર્ષે લગભગ સત્રની શરૂઆત થાય ત્યારે છ દિવસમાં લગભગ ટોટલ પ્રાથમિક શાળાઓ આપણા ગુજરાતની ૩૩ હજાર પ્રાથમિક શાળાઓમાં છ દિવસમાં એક પણ શાળા બાકી ન રહે એ રીતે આખા કાર્યક્રમનું આયોજન થાય છે અને આયોજનમાં બાળકોને પ્રોત્સાહન આપવા અને એમનો ઉત્સાહ વધારવા માટે લગભગ અહીંયાં જે બેઠેલા દરેક એમએલએ, માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડી મંત્રીમંડળ પૂરેપૂરુ, સચિવો, ઉપસચિવો, એમએલએ, આઇએએસ, આઇપીએસ અધિકારીઓ, ટૂંકમાં દરેક બોર્ડ–

નિગમના ચેરમેન અને પદાધિકારીઓ સાથે દરેક ૩૩ હજાર સ્કૂલની એકવાર વીઝીટ લેતા હોય છે એટલે આ બહુ અગત્યનું છે અને આ એક ભગીરથ કામ છે. એ ગુજરાત સરકાર દર વર્ષે કરી રહી છે. સાથે સાથે એ કાર્યક્રમની વિશેષતા એ છે કે, એનું સંચાલન અને વક્તવ્ય બાળકોને સોંપવામાં આવે છે એટલે એકસ્ટ્રા કરીક્યુલીવ એકટીવીટી માટે આ બહુ અગત્યનું છે. બાળકો દ્વારા સંચાલન થાય અને મહાનુભાવોના જીવન વિશે કે સાંપ્રત સમસ્યા વિશે પ્રવચન આ બાળકો જ આપે, સાથે યોગાસનો નિદર્શન કરે, ટૂંકમાં બાળકોનો સર્વાંગી વિકાસ માટેનો જ આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ છે એ બહુ અગત્યનો છે, સાથે સાથે એ જ રીતે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અનેક પરિણામલક્ષી પગલાં લીધાં છે જેમાં લગભગ ૧.૫ લાખ જેટલા વિદ્યા સહાયકોની પારદર્શક ભરતી કરવામાં આવી છે. આ પારદર્શક શબ્દ એ બહુ જ અગત્યનો છે. કારણ કે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓન લાઇન ભરતી કરવામાં આવી છે અને સાથોસાથ ઓન લાઇન બદલી માટેનો પ્રયોગ પણ ચાર જિલ્લામાં કરવામાં આવ્યો છે અને ખૂબ જ સફળતાપૂર્વક ૫૦૦ જેટલા શિક્ષકોની પારદર્શક બદલી કરીને એનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાઠવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક શાળામાં પૂરતા વર્ગખંડોનું બાંધકામ કરવામાં આવેલ છે જેના લીધે વર્ગખંડોની ઘટ એ ભૂતકાળની બાબત બની ગઇ છે. એટલે અંદાજે ૧ લાખ જેટલા વર્ગખંડોનું બાંધકામ કરીને તેમને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવેલ છે. એ જ રીતે ૭૧ હજાર જેટલી શાળાઓમાં સ્વચ્છતા સંકુલોનું બાંધકામ કરીને શિક્ષણની સ્થાથીકરણની દિશામાં ઉપયોગી અને અસરકારક ઉત્તમ પગલાં લીધાં છે. અંદાજે ૩૦ હજાર જેટલી શાળાઓને કમ્પાઉન્ડ વોલથી સુરક્ષિત કરી છે, વિજ્ઞાનની પ્રયોગશાળાઓ, લાકડાની બેંચો, કોમ્પ્યુટરની સુવિધા, વીજળીકરણ, પાણીની વ્યવસ્થા, અન્ય ઇન્ફ્રાસ્ટ્રકચર વગેરે પૂરેપૂરું પૂરું પાડીને આવી આધુનિક સુવિધાઓથી શાળાઓ સજ્જ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ બજેટને મારું સમર્થન કરીને વિરમું છું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૪-૧૫નું બજેટ લઇને આવ્યા છે એમાં મારો વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં આ રાજયના બજેટમાં ૧૯૫૭ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવેલ છે. ગત વર્ષના બજેટ કરતાં આ વખતે ૩૫ ટકા વધારે જોગવાઇ કરવામાં આવેલ છે એ બદલ હું તેમને અભિનંદન આપું છું. આ વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા સાહેબે આ રાજયમાં અનુસૂચિત જાતિઓના વિકાસ માટે વિવિધ યોજનાઓ બનાવી છે. અમે અનુસૂચિત જાતિઓના ગુજરાતના બધા જ લોકો ગાયકવાડ પરિવાર, વડોદરાનો આભાર માનીએ છીએ કારણ કે તેમણે બાબા સાહેબ આંબેડકરને ઉચ્ચ શિક્ષણ લેવા માટે વિદેશ મોકલ્યા હતા. આવી રીતે તેમની મદદથી અને તેમની મારફતે સ્કોલરશીપના આયોજનથી તેઓ વિદેશમાં ગયા અને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવીને પરત ભારત આવ્યા ત્યારે અન્ય દેશોએ તેમને કહ્યું હતું કે તમે અમારા દેશમાં આવો અને અમને માર્ગદર્શન કરો. અમારા દેશના વિકાસ માટેની યોજનાઓ બનાવો, પરંતુ બાબા સાહેબ તેમને કહી દીધું કે જે દેશમાં મારો જન્મ થયો છે, જે દેશમાં હું જન્મ્યો છું એ દેશનો જ હું વિકાસ કરીશ અને તેમણે ભારતનું બંધારણ ઘડયું અને બંધારણ ઘડયા પછી બાબા સાહેબે દેશની અનુસૂચિત જાતિના વિભાગમાં અનુસૂચિત જાતિના લોકો માટે જે યોજનાઓ બનાવી એ યોજનાઓનો દેશમાં અમલ થયો છે. મને કહેતાં દુઃખ થાય છે કે ગુજરાતની કુલ વસતિ ૬ કરોડની છે એમાં અનુસૂચિત જાતિના લોકો ની સંખ્યા ૪૦ લાખની છે. જયારે બાબા સાહેબનું અવસાન થયું એ પછી દિલ્હીમાં સેન્ટ્રલ હોલમાં બાબા સાહેબના એક તૈલચિત્ર મૂકવાની વાત આવી ત્યારે કોંગ્રેસ સરકારે આ તૈલચિત્ર મૂકવાનું કૃત્ય એવું કર્યુ કે એમનું તૈલચિત્ર મૂકવાની ના પાડી દીધી. આજે અમને આનંદ એટલા માટે થાય છે કે ભારતીય જનતા પક્ષની સરકાર દેશમાં બની અને દેશના વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઇ બન્યા અને બાબા સાહેબનું તૈલચિત્ર ત્યાં સેન્ટ્રલ હોલમાં મૂકવામાં આવ્યું. કહેવાનો મતલબ એ છે કે મારે સામેના લોકોને કહેવું છે કે અનુસૂચિત જાતિના લોકો માટેની યોજનાઓ આ ભાજપની સરકાર ગુજરાતમાં આવ્યા બાદ જ બની છે અને એનું ઋણ ચૂકવવા માટે અનુસૂચિત જાતિના લોકો પાસે શબ્દો નથી

કારણ કે બાબા સાહેબના પરિવાર સાથે જે યોજનાઓ સંકળાયેલી છે એની અમલવારી રાજય સરકારના બજેટમાંથી થાય છે. આ વખતે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે ૬૪૬ કરોડ રૂપિયાના ખર્ચથી આધુનિક સુવિધાયુકત સ્વામી વિવેકાનંદ સમર્થ છાત્રાલયનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે તેમાં ૫ હજાર જેટલા સુવિધાયુકત સમર્થ છાત્રાલયના બાંધકામ પાછળ ૨૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. ધોરણ ૬ થી ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા માટે શિષ્યવૃત્તિનો દર ૨૫૦ થી વધારીને ૭૫૦ રૂપિયા કરવાની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

ગઇકાલે સામેના સભ્યશ્રીએ કેસરીયા સાઇકલની વાત કરી. સાઇકલનો કલર કેસરી છે. અમે અમારા વિસ્તારમાં જતા હોઇએ કે શાળા પ્રવેશોત્સવમાં જતા હોઇએ ત્યારે એ વિસ્તારની કન્યાઓ કહેતી હોય છે કે રાજયની છ કરોડની જનતાના દિલમાં કેસરીયો કલર બેસી ગયો છે એના દિલમાંથી કેસરીયો અવાજ નીકળી રહ્યો છે એ કોઇ કાઢી શકે તેમ નથી. એનું પરિણામ લોકસભાની રાજયની ૨૬ સીટો આપીને જનતાએ બતાવ્યું છે. તમે સાઇકલનો કલર કાળો કરાવી દેશો તો પણ લોકોના દિલમાં બેઠેલો કેરસીયો કયારેય કાઢી શકવાના નથી.

શિષ્યવૃત્તિ યોજનાની વાત કરુ તો રાજયના ૨ લાખ ૩૭ હજાર વિદ્યાર્થીઓને ૬૮૭ લાખનો ફાયદો થયો છે. અનુસૂચિત જાતિનો વિદ્યાર્થી કદાચ ગ્રેજયુએટ થયા પછી, એન્જિનિયર થયા પછી મેડિકલમાં ગયા પછી સાધન ખરીદવા માટે રાજય સરકાર ૩ હજાર રૂપિયા સહાય આપતી હતી એમાં વધારીને અનુક્રમે ૫૦૦૦ અને ૧૦,૦૦૦ કર્યા છે. મેડિકલમાં એડમિશન મળી જાય સાધનો પણ મળી જાય, એને રહેવાનું મળી જાય પણ એના ફૂડ બિલ માટે પહેલા ૬૦૦ રૂપિયા હતા એમાં વધારો કરીને એક હજાર રૂપિયા કરવામાં આવ્યા છે. એના માટે રાજય સરકારે આ બજેટમાં ૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ જે દસ લાખ રૂપિયા આપવામાં આવતા હતા એમાં વધારો કરીને ૧૫ લાખ કરવામાં આવ્યા છે એના માટે રાજય સરકારે ૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આ યોજના હેઠળ ૧૫૭૧ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિના લોકોને પહેલા ટ્રક ડ્રાઇવરનું લાયસન્સ મળ્યું હોય પરંતુ એને બેન્ચ નંબર નહોતા મળતા એના લીધે એસ.ટી. નિગમમાં તથા સરકારી વિભાગોમાં ડ્રાઇવર તરીકે નોકરી નહોતી મળતી એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મળવાને લીધે અનુસૂચિત જાતિના લોકોને સરકારી નોકરીઓ મળવા લાગી છે એ બદલ હું સરકારને અભિનંદન પાઠવું છું. સાથે સાથે અભિનંદન એટલા માટે આપવા માગું છું કે કોમર્શિયલ પાયલટની તાલીમ માટે અત્યાર સુધી ૨૦ લાખ રૂપિયાની રાહત દરની લોન આપવામાં આવતી હતી એમાં વધારો કરીને હવે ૨૫ લાખ રૂપિયા સુધીની રાહતદરની લોન આપવાનું આ સરકારે નક્કી કરેલ છે. કુલ ૪૬ વ્યકિતઓએ કોમર્શિયલ પાયલટની તાલીમ લીધી છે એની પાછળનો ખર્ચ ૭ કરોડ ૬૨ લાખ રૂપિયા થયો છે. દલિત સમાજના બાળકોને ડોકટર, એન્જિનિયર કે પાયલટ બનવું હોય તો એના માટે રાજય સરકારે જુદી જુદી યોજનાઓ બનાવી છે પરંતુ અનુસૂચિત જાતિના લોકોને વ્યવસાય કરવો હોય તો વ્યવસાયના સ્થળ માટે દસ લાખ સુધીની બેંક લોન પર ૪ ટકાથી વધારાના વ્યાજની રકમ ત્રણ વર્ષ માટે રાજય સરકાર ભોગવશે તે માટે સરકારે ૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અગાઉના વર્ષોમાં કોંગ્રેસ સરકાર હતી ત્યારે ભારતીય જનતા પાર્ટીના મતદારો ઘોડિયામાં ઝૂલતા હતા એને આજે વર્ષો વીતી ગયા, અનુસૂચિત જાતિના બાળકો આજે આગળ આવ્યા છે એ આજે ૧૮ કે ૨૧ વર્ષના થયા છે ત્યારે એને સમજણ પડી, અમે અગાઉના બૂઝર્ગોને સમજાવી નહિ શકયા પરંતુ અત્યારની પેઢીએ જે મતદાન કર્યું એના લીધે ભારતીય જનતા પાર્ટીને ગુજરાતની ૨૬ માંથી ૨૬ બેઠકો અપાવી છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ દ્વારા અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આ દેશમાં ૬૫ ટકા યુવાધન છે અને ૬૫ ટકા યુવાધન હોય ત્યારે સ્વાભાવિક છે કે એમનુ યોગદાન આ લોકશાહીના બંધારણમાં ખૂબ મોટું હોય અને આ વર્ષે આપણે જોઇ પણ શકયા છીએ.

તાજેતરમાં લોકસભાની ચૂંટણી આવી એમાં યુવાધને કૌશલ્ય દ્રષ્ટીએ મતદાન કર્યું. અને તેના કારણે સમગ્ર ભારતમાં એક નવું રાજકીય પરિવર્તન આપ્યું છે એ યુવાધન ઉપર રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં જે યુવાધન છે તે યુવાધનમાં છૂપાયેલી સુશુપ્ત શક્તિઓને બહાર કાઢવા માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમનો એક વિચાર રજૂ કર્યો અને એ વિચાર હતો ખેલ મહાકુંભ. તેના કારણે સમગ્ર ગુજરાતમાં રમતોની એક નવી દિશા લોકોને જાણવા મળી. આના આધાર ઉપર ગામડું હોય, શહેર હોય, જિલ્લો હોય, તાલુકો હોય કે આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી એ રમતમાં લોકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો છે. તેના કારણે આજે એક પ્રતિભા શોધ થઇ છે તેમાં હું એક દાખલો આપવા માગું છું. અમારા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના તડગામ ગામના ધનંજય માંગેલા કરીને એક બાળક ગુજરાતના રમતવીરોમાં ગુજરાતમાં પ્રથમ આવ્યો અને તેમણે ભારત કક્ષાએ ત્રીજા નંબરનો કાંસ્ય પદક મેળવ્યો છે. એક ગામડાંનો બાળક દેશમાં ત્રીજા નંબર સુધી આવતો હોય ત્યારે આ ખૂબ જ ગૌરવની બાબત છે અને એ વિદ્યાર્થીને હું અભિનંદન આપું છું. આ બાબતે રમતગમત અને સાંસ્કૃતિક વિભાગની જોગવાઇ કેટલી, તો તેમાં કુલ જોગવાઇ ૩૫૫ કરોડ રૂપિયાની કરી છે. આ જોગવાઇ કરવામાં આવી છે તેમાં કેટલીક નવી વ્યવસ્થા પણ આ વર્ષે કરવામાં આવી છે. પંડિત દિનદયાળ ઉપધ્યાય અને વિવેકાનંદ સંસ્થા–માઉન્ટ આબુ. આ બન્ને દ્વારા જે યુવાનોને તાલીમ આપવામાં આવે છે એ તાલીમના ખર્ચ પેટે બજેટમાં ૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જેમ ટેલેન્ટ પ્રતિભા શોધ, યુવાનોમાં રહેલી સુશુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે ૧૫ જિલ્લામાં સ્પોર્ટસ ઓથોરિટી રચવામાં આવી છે અને તેમાં તાલીમાર્થીઓને અભ્યાસ અને તેમના રહેઠાણની વ્યવસ્થા, ભોજનની વ્યવસ્થા અને ખેલ તાલીમ આપવા માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. યુવા ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચ દ્વારા તેમને તાલીમ આપવામાં આવે છે અને એ તાલીમનો જે ખર્ચ થવાનો છે તેમાં પણ બજેટમાં ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વડોદરા ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એક સ્પોર્ટસ સંકુલ ઉભું કરવામાં આવનાર છે. તેના માટે પણ રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત ક્ષેત્રે ત્રણ વિભાગ પડે છે. એક સાહસિકતા પ્રવૃત્તિ. સાહસિકતા એટલે યુવાનો અને યુવતીઓમાં કેટલીક અથાગ શક્તિઓ પડેલી હોય છે પરંતુ એ બહાર આવી શકતી નથી. તેના માટે જે સંસ્થા છે, એક વિવેકાનંદ સંસ્થા અને પંડિત દિનદયાળ સંસ્થા દ્વારા તેમને પર્વતારોહણની તાલીમ આપવામાં આવે છે. એટલે કે પહાડ ઉપર ચડવા માટે અને તેમાં પરિભ્રમણ કરવા માટે એપ્રિલથી જૂન અને સપ્ટેમ્બરથી માર્ચ એ રીતે વર્ષમાં બે વાર તેમને તાલીમ આપવામાં આવે છે. તેમને ૧૦ દિવસ ત્યાં જ રહેવાનું છે અને પહાડમાં પરિભ્રમણ કરવાનું છે. ત્યાર પછી ગુજરાતના ડુંગરાળ વિસ્તારમાં પરિભ્રમણ. આપણે જાણીએ છીએ કે દૂરથી ડુંગર રળિયામણા દેખાતા હોય છે. પરંતુ તેમાં પહાડી પથ્થર હોય છે, જંગલ હોય છે, જાનવરો હોય છે અને તેમાં જયારે ૩૦ દિવસ સુધી રહીને ડુંગરાળ વિસ્તારમાં જયારે પરિભ્રમણ કરવાનું હોય છે ત્યારે નવા નવા અનુભવો પણ તાલીમાર્થીઓને થતાં હોય છે. તે જ રીતે હિમાલય અને માઉન્ટ આબુ સુધી ચડીને પરિભ્રમણ કરવાની પણ યોજના અમલમાં છે. તેમાં દાર્જીલીંગ, મનાલી અને કાશી આ ત્રણ જગ્યાઓ ઉપર ૧૬ દિવસ સુધી તેના લાભાર્થીઓ હોય એ ત્યાં રહી શકે છે. પરિભ્રમણ કરી શકે છે. તેને રહેવા માટેની અને ટોટલ વ્યવસ્થા સરકાર તરફથી પૂરી પાડવામાં આવે છે. શિખર આરોહણ એ..

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી રમણલાલ ના. પાટકર : આ રીતે ગુજરાતમાં જે ટોટલ રમતો છે. આ રમતોની અંદર અત્યારે ખૂબ જ જાગૃતતા આવી છે અને એમાં જયારે અમે તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ જોઇ રહ્યા છીએ ત્યારે ખાસ કરીને યુવાનો પોતાની જે કુશળતાપૂર્વક રમત રમે છે એમાં વોલીબોલ, ટૂંકી દોડ, લાંબી દોડ, ૧૫૦૦ મિટર દોડ, ગોળાફેંક, કબડ્ડી, ગેડીદડો , રસ્સાખેંચી, લાકડ ફેરવી, નારિયેળ ફેંક, કુસ્તી હરિફાઇ, માટલાફોડ, લંગડી, ખાંડના લાડવા ખાવાની હરિફાઇ, આ પ્રકારે અનેક જાતની હરિફાઇઓ

આ વખતે ગામડાની અંદર અમે જોઇ છે. દેવગઢબારીયાની અંદર ટોટલ ગયા વખતે વર્ષ ૨૦૧૩–૧૪ની અંદર ૫૧૮૮ લાભાર્થીઓએ ભાગ લીધો હતો અને એમને ૧,૩૧,૦૦૦ના ઇનામો પણ આપ્યા હતા.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ વર્ષ ૨૦૧૪–૧૫નું જે અંદાજપત્ર ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ચાણકયએ કીધું છે કે કોઇપણ રાજયના સુશાસન માટે એના નાણાની સુયોગ્ય વ્યવસ્થાએ પાયાનો સિદ્ધાંત છે. ચાણકયએ એ પણ કીધું છે કે ગામડાના છેવાડાના વ્યકિતને સન્માનજનક જીવડાવવા માટે રાજયની મહાજનની આવકોનો ખર્ચ થાય, આ બજેટની અંદર ઘણીબધી અપેક્ષાઓ છ કરોડ ગુજરાતીઓને હતી. આપણા ગૃહમાં દરેક સૂચનોને ટીકાઓ તરીકે ગણવામાં આવે છે પણ આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે કયારેય વ્યકિતની ટીકા ન થતી હોય એની વિચારધારાની ટીકા થતી હોય. કયારેય નામ સામે વાંધો ના હોઇ શકે, એની નીતિઓ સામે વાંધો હોઇ શકે. ગુજરાતની સામાજીક અને આર્થિક સમીક્ષાનો અહેવાલ હું વાંચતો હતો. ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજયની અંદર શાસન કરી રહી છે અને વારંવારના બજેટમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે હંમેશા રાજય બચાવવાનો પ્રયાસ કર્યો છે, રાજયને સન્માનજનક સ્થિતિએ લઇ જવા માટેનો પ્રયાસ નથી થતો. (અંતરાય) આ બજેટની અંદર સરકારે જે વારંવારની જોગવાઇઓ કરી, રાજયના ૧૮,૨૨૫ જેટલા ગામડાઓ એ તૂટતા ગયા, પીસાતા ગયા, એનું દુઃખદર્દ વધ્યું, ગામડાના ગરીબ લોકોની પરસેવાની કમાણી એ માત્ર ૩૪૮ જેટલા શહેરો પાછળ ખર્ચાઇ, (અંતરાય) સેન્સસ ૨૦૧૧ના આકડા મુજબ, છેલ્લા દસ વર્ષમાં રાજયમાં ૧૯ ટકા જેટલો વસ્તી વધારાનો દર આવ્યો એમાં સરકાર સમીક્ષા રીપોર્ટમાં સ્વીકારે છે કે આ જે વધારો થયો ૨૦૧૧ સેન્સસ મુજબ એમાં શહેરની વસ્તી ૪૨.૬ ટકા અને ગામડાની વસ્તીથી ૫૭.૪ ટકા એટલે આજે ગુજરાતમાં સાડા ત્રણ કરોડ ગુજરાતીઓ ૧૮૨૨૫ ગામડામાં વસે છે પણ આ રાજયની નીતિનું પ્રતિબિંબ આ આંકડાઓ કહે. સરકારે જે બજેટમાં વારંવાર નાણાની ફાળવણી કરી એણે હંમેશા શહેરોની ચિંતા કરી એટલે દસ વર્ષમાં શહેરોનો વસ્તી દર ૩૬ ટકા જેટલો વધ્યો જયારે શહેરોની સરખામણીએ ગામડાનો વસ્તી દર માત્ર ૯.૩ ટકા વધ્યો. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે શું ગુનો કર્યો છે આ ગુજરાતના અઢાર હજાર ગામડાઓએ કે એને અન્યાય કરવામાં આવે છે?

ગામડાનું પ્રાથમિક ચિત્ર જો કોઇ કલાકાર દોરે તો આજે પણ ગુજરાતના ગામડાની અંદર એ ગામના રોડ વચ્ચેથી ગટર જો ના દોરે તો ગામડું ના દેખાય. માનનીય સૌરભભાઇ જાણે છે કે દરેક ગામડાંની મુખ્ય ત્રણ સમસ્યાઓ છે. એક ગામડાંની વચ્ચેથી ગટર પસાર થતી હોય, બીજું ગામના કૂવે મારી બહેને હેલો માથે મૂકીને પાણી ભરવા જવું પડતું હોય, (અંતરાય) અને ત્રીજું ગામડાંની અંદર સાંજે વાળું કરવું હોય અને લાઇટ જતી રહે અને વળી પાછું દીવો અને ફાનસ સળગાવવું પડે. આવી ગામડાંની પરિસ્થિતિ છે. મારું સૂચન છે માનનીય નાણામંત્રીને કે ભારત સરકારની નિર્મળ ભારત યોજના અંતર્ગત જે ગામડાંમાં વ્યક્તિગત શૌચાલયો પૂરા થઇ ગયા હોય એમને ગામની વસતિની દ્રષ્ટિએ ૭ લાખથી ૩૫ લાખ સુધી ભૂગર્ભ ગટર માટે ફાળવી શકે છે. પૂરતી રકમ છે. હવે તો મોસાળે જમણવાર અને પીરસનાર એ જ છે. દીવ, દમણ અને દિલ્હી સુધી કોંગ્રેસ નામનો એક પણ બમ્પ નથી. હવે ભારતીય જનતા પક્ષની સરકારમાં જે કોંગ્રેસની ટીકાઓ કરી અને પોતાની કમીઓ છૂપાવતા હતા એ હવે એમને રોકવાવાળું કોઇ નથી. મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે વ્યક્તિગત શૌચાલયો પૂરા થાય ત્યાં જ ગટરની ફાળવણી થાય તો ગામડાના ૨–૫–૧૦ લોકોની નિષ્કાળજીના કારણે શું આખા ગામની સમસ્યાઓનું નિરાકરણ ન થઇ શકે? આના માટે રાજ્ય અને રાષ્ટ્રની નીતિમાં ફેરફાર કરીને ગામડાંને ભૂગર્ભ ગટરના નાણાં ફાળવવા જોઇએ. મારી વિનંતી છે.

પીવાના પાણીની સમસ્યા માટે. આ ગૃહમાં વારંવાર કહેવામાં આવે કે હવે ટેન્કર ફ્રી ગુજરાત થઇ ગયું છે. આજે વિધાનસભા ગૃહમાં વળી પાછું સરકાર સ્વીકારે કે આ ગુજરાતમાં ૧૯૬૦ની આઝાદી થી આજે ૨૦૧૪ પછી પણ મારી બહેનોને હેલ લઇને ટેન્કરમાંથી પાણી ભરવા માટે લાઇનમાં ઉભા રહેવું પડે એવું ચિત્ર સોશિયલ મિડિયામાં આવે છે અને મંત્રીમહોદય સુધી પણ પહોંચ્યું છે. આ લોકોની અને મારી બહેનોની અપેક્ષા છે કે સારા દિવસો આવ્યા છે એટલે એને પાણી ભરવા જવું નહીં પડે. ભારતીય જનતા પક્ષની સરકાર

એના ગોળામાં સીધી ચકલી ખોલે અને ગોળો ભરાઇ જાય એવી વ્યવસ્થા કરવામાં સરકાર નિષ્ફળ ગઇ. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આજે પણ ગામડાંની અંદર સ્ટ્રીટ લાઇટ, કોઇપણ ગામડામાં જાઓ રાત્રે ગામની શેરીઓમાં અંધારું હોય. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આ કોઇ કથા નથી કરતા, બરાબર છે, બરાબર છે એવું ન બોલો. મહેરબાની કરીને બધા બોલવાનું બંધ રાખો. તમને ગમે કે ન ગમે પણ સાંભળવું જ પડશે.

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભૌગોલિક સ્થિતિએ એવો પ્રદેશ છે, સુંદર મજાનો પ્રદેશ છે કે ત્યાં સૌર ઉર્જાથી ગામડાંની જાહેર વીજળીનો વપરાશ છે એનો આપણે ગામડાંને લાભ આપી શકીએ. ભારત સરકારની યોજનામાં માત્ર ૨૫ ટકા રૂપિયાનું જો ગુજરાત સરકાર રોકાણ કરે તો ગ્રામ્ય કક્ષાએ આપણી શાળાઓ છે, દવાખાના છે, પંચાયત ઘર છે એના ઉપર સૌર પેનલો લગાવીએ અને એ ગામડું જ પોતે વીજળી ઉત્પન્ન કરે. દિવસે એ સરકારને વીજળી આપે અને રાત્રે સરકાર એ ગ્રામ પંચાયતને વીજળી આપે તો દરેક ગામડાંની ગલીઓની અંદર સ્ટ્રીટ લાઇટ એ વીજળીના ઝગમગાટે આપણી શેરીઓ ઝગમગતી હોય. દવાખાનાની અંદર, આપણા પંચાયત ઘરની અંદર આપણી વીજળીની જરૂરિયાત છે, શાળાની અંદર વીજળીની જરૂરિયાત છે એ પૂરી થઇ શકે. પણ એનો સમાવેશ ન થઇ શક્યો.

ગામના રસ્તાઓ, આંતરિક રસ્તાઓની ચર્ચા કરું છું. આ અમદાવાદ મહાનગરની અંદર કોઇ સોસાયટી હજી ચાર દિવસ પહેલા બની હોય અને એ ૨૦ ટકા લોકફાળો ભરે તો એની સોસાયટીમાં પાકા બ્લોક રોડ થઇ જાય, સી.સી. રોડ થઇ જાય, પેવર રોડ થઇ જાય. પણ મારા ગામડાંના ગરીબ માણસે શું પાપ કર્યું છે કે આજે પણ ગામડાંની અંદર પાકા રોડ તો દૂર રહ્યાં, ગામના રસ્તાની અંદર ગટરો ઉભરાતી હોય એવી પરિસ્થિતિ? શા માટે ગામડાં સાથે આ સરકાર ભેદભાવ રાખવા માગે છે? ગ્રામ્ય શિક્ષણ એ પણ, માનનીય અધ્યક્ષશ્રી, આપ જ્યાંથી પ્રતિનિધિત્વ કરો છો એ અમારા સૌરાષ્ટ્રનું પાટનગર છે, આજે ગુજરાતના ગામડાંની અંદર કોઇ ખેડૂત, દલિત અને ગરીબના ઘેર જન્મતું બાળક (અંતરાય) એને ડોકટર (અંતરાય)પછાતના ઘરે જન્મતું બાળક (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મિનિટ ફાળવી છે.

અધ્યક્ષશ્રી : ૧૦ મિનિટ ફાળવી છે એ બરાબર છે. ૨-૦૬એ શરૂ કર્યું છે ૨-૧૭એ પૂરું થાય.

શ્રી પરેશ ધાનાણી : તો આ સરકારે ગામડાઓ સાથે ભેદભાવ દૂર કરવો જોઇએ. આપણું અર્થતંત્ર કૃષિ ઉપર છે અને આજે જગતનો તાત કુદરતની મહેરબાનીથી એના કૂવામાં પાણી હોય અને ઓરવણુંની અંદર એને વાવેતર કરવું હોયને તો અપુરતી વીજળીના અભાવે એનો વાવેલો પાક નિષ્ફળ ગયેલો છે અને આ સરકાર અહીંયા વારંવાર જાહેરાત કરે છે કે વીજળી સરપ્લસ છે તો માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમથી વિનંતી કરું છું કે પાકિસ્તાનને પછી વીજળી આપજો. તમને દીવ-દમણથી દિલ્હી સુધી વગર બમ્પની સત્તા આપનારા ગુજરાતના ખેડૂતો છેને એની ચિંતા કરો, એના ઊભા પાકને બચાવવા માટે ખુટતી વીજળી આપો. માનનીય અધ્યક્ષશ્રી, આજે અછતના ઓળા ઉપસ્થિત થયા છે ત્યારે (સમય સૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : ચંદ્રિકાબહેન, (અંતરાય) નહિ, નહિ. અગાઉથી કહ્યું છે કે એક મિનિટ છે. (અંતરાય) નહિ, નહિ, ચંદ્રિકાબહેનનો સમય કાપોમાં, પછી રાખો. વિભાગની વાતમાં કહેજો.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યાં છે તેના ઉપર મારાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સાંભળતાં હું એક આદિવાસી ધારાસભ્ય તરીકે મને આનંદ થાય છે પણ બીજીબાજુ આ બજેટના આંકડા વાંચતા મને દુ:ખ થાય છે. કારણ કે, એક દાહોદ જિલ્લાનો મારો આદિવાસી વિસ્તાર મધ્યપ્રદેશની હરોળમાં, રાજસ્થાન અને મહારાષ્ટ્રની બોર્ડરમાં મારાં જે ગામડાં આવેલા છે. આદિવાસીની ગ્રાંટો જે મારા વિસ્તારમાં ફાળવવાની હોય છે ત્યારે આ બજેટના આંકડામાં જ્યારે મારા આદિવાસીમાં આજે પાણી નથી અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે ત્યારે અમારાં ગામમાં એક વિધિ કરવામાં આવે છે. કારણ કે, અમારાં ગામડામાં વરસાદ ના આવતો હોય ત્યારે આદિવાસીમાં વિધિ કરવામાં આવે છે.

અમારાં ગામમાં જે જાતર કરવામાં આવે છે, એમાં એ ગામનો એક ભૂવો લાવે છે. ભૂવાને એક પહેલી ચિંતા થઇ જાય છે કે, હું ૧૦૦ માણસોની વચ્ચે બેસીસ અને ગામનો જે પટેલ હોય એ પૂછશે કે ભાઇ, પાણી ક્યારે આવશે અને વર્ષ કેવું જશે? એવું મને પૂછવામાં આવશે એટલા માટે આ બજેટ આ મંત્રીશ્રી લઇને આવ્યાં છે ત્યારે ભૂવો ઘૂણતો હોય ત્યારે એ ઘર બાજુ નાંખે, એ સીમબાજુ નહિ નાંખે એ પોતાના જે વ્હાલા માણસો છે એની સામે નાંખે છે. આજે આ આદિવાસી (અંતરાય) આવશે મારા ભાઇ, આદિવાસી વિસ્તારમાં આ કુલ ગુજરાતમાં મારા નાના બાળકો અને મહિલાઓ આજે કુષોષણમાં પિડાઇ રહ્યાં છે ત્યારે આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે દાહોદ જિલ્લામાં માનનીય આપણા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે મને આનંદ થાય છે કે અમારા પહેલા મહિલા મુખ્યમંત્રીશ્રી બન્યાં છે ત્યારે અમારી મહિલાઓના પ્રશ્નો સાંભળશે ત્યારે મારા આદિવાસીનો વનબંધુનો પ્રશ્ન આવ્યો ત્યારે આદિવાસીની ગ્રાન્ટમાંથી વનબંધુ બનાવ્યાં. વનબંધુ બનાવતાં બનાવતાં પાંચ વર્ષમાં આદિવાસી બનાવ્યાં. અમારાં વનબંધુનો પ્રશ્ન સાંભળવામાં ના આવે એટલા માટે અમારાં આદિવાસીઓનું મોઢું બંધ કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતાં દુ:ખ થાય છે કે આંગણવાડીના જે નાના નાના બાળકો કુપોષણમાં હોય છે ત્યારે મુખ્યમંત્રીશ્રી અને મહિલા–બાળવિકાસ મંત્રીશ્રીને દાહોદ દોડીને આવવું પડે છે. ૨૬ તારીખે, ગુજરાતમાં બધા મેળાઓ કરી ચૂક્યાં છે ત્યારે આજે કુપોષણ મહિલાઓનો મેળો અને બાળકોનો મેળો ૨૬ તારીખે અમારાં મુખ્યમંત્રી અને આપના સૌના લોકલાડિલા એટલે અમારાં તો બાળકોને અધિકારીઓને દતક આપવા પડ્યાં. કેમ આપવું પડ્યું? એક આદિવાસી વિસ્તાર છે અને આદિવાસીની સેવા કરવાવાળા અને સંભાળ કરવાવાળા કોઇ નથી, એટલા માટે આજે તમે સરકારની વાહવાહ કરો છો ત્યારે દુ:ખ સાથે કહેવું પડે છે કે અમારો આદિવાસી વિસ્તાર ઉંમરગામથી માંડીને અંબાજી સુધીનો વિસ્તાર, અમે વારંવાર, મને આ ગૃહમાં સાત વર્ષ સુધી મેં આ પાણી માટે પણ ઘણી બધી રજૂઆતો કરી છે ત્યારે મારા માનનીય મંત્રીશ્રીએ ગઇ વખતના બજેટમાં નીતિનભાઇ હતા ત્યારે મને બાંહેધરી આપી હતી, મૌખિક કે, (અંતરાય) મારા દાહોદ જિલ્લામાં આજે પણ બહેનો બે–બે કિલોમિટર માથે બેડા લઇને ચાલે છે ત્યારે એક બહેન તરીકે હું દુ:ખની વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ પાણી માટે તમે ઘણા બધા મોટા આંકડાઓ ફાળવ્યા છે. હું આંકડાની માયાજાળમાં નથી પડતી પણ આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સુવિધા અને પાણીની સુવિધા આપ પૂરી પાડો એવી મારી માગણી છે. મારા આગળના જે ધારાસભ્ય હતા, મારા ભાઇશ્રી ડાંગના માજી ધારાસભ્યશ્રી વિજયભાઇ, આગલા બજેટમાં એવું બોલ્યા હતા કે, સાહેબ, અમારા આદિવાસીનું કલ્યાણ થઇ ગયું, મારા ડાંગમાં તો કાજુની ખેતી થાય છે. ( સમયસૂચક ઘંટડી) સાહેબ, આજે આ કાજુની ખેતી કરવાવાળા મારા ભાઇ, હું હમણાં જ બે પાંચ દિવસમાં શિરડીબાજુ નીકળી હતી ત્યારે મારો ભાઇ વિજય, ટોપલીમાં કાંઇક લઇને બેઠા હતા ત્યારે પૂછ્યું બસ સ્ટેન્ડ ઉપર કે, ભાઇ આ શું છે? તમે તો કાજુની ખેતી થાય એવું કહેતા હતા ને ? તો ભાઇ મારો એમ કહે છે કે, આ તો મગફળી છે બહેન. કારણ કે, પાણીના લીધે આજે કાજુ પણ સૂકાઇ ગયા છે એવી અમારી બધાની પરિસ્થિતિ છે સાહેબ. એટલે આ ગૃહમાં મને દુ:ખ થાય છે એટલે એક આદિવાસી ધારાસભ્ય તરીકે મારી માગણી છે કે, પીવાના પાણીની તમામ સુવિધા અમારા જિલ્લામાં પૂરી પાડવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ, દૂધ સંજીવની યોજના જે પાંચ તાલુકાઓમાં મારા દાહોદ જિલ્લામાં દાખલ કરી હતી ત્યારે એને વધારીને બાર તાલુકામાં કરી છે પણ હું સરકારને એમ પૂછવા માગુ છું કે, જે પાંચ તાલુકાઓમાં આપણે આ દાખલ કરી હતી યોજના, એમાં કેટલા છોકરા–છોકરીઓ તંદુરસ્ત થયા અને કેટલા નબળા રહ્યા એના આંકડા તમારી પાસે હોય તો આપો, કારણ કે, એક આદિવાસી વિસ્તારની મજાક કરવામાં આવે છે એટલે આ દુ:ખ સાથે કહેવું પડે છે. મારા આદિવાસી વિસ્તારના જે લોકો છે, હમણાં મારા ભાઇશ્રી કહેતા હતા કે, છવ્વીસે– છવ્વીસ જીત્યા પણ કેવી રીતે જીત્યા છો એ તો તમે જાણો ? મારા વિસ્તારના જે મત લેવામાં આવ્યા અને મારા આદિવાસી વિસ્તારને ગેરમાર્ગે દોરવામાં આવ્યો, મારા વિસ્તારને ત્રણ–ત્રણ દિવસ સુધી દારૂ ના ઉતર્યો. માનનીય અધ્યક્ષશ્રી, આ દારૂ પીવડાવીને મારા આદિવાસીને ખરાબ કર્યા છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીના કેબીનેટ મંત્રી અમારા પૂજ્ય વડિલ શ્રી સૌરભભાઇ જે નાણા બજેટ લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે એ નર્મદાની છે. આજે આપણે સૌ જાણીએ છીએ કે, નર્મદા યોજના ખેડૂતો માટે જીવાદોરી છે. સૌ સાથે મળી અને નર્મદાની જે વાત કરતા હતા વર્ષોથી આ વિધાનસભામાં કે, આપણે સાથે મળી અને નર્મદાની રજૂઆત કરી અને આ પાટિયા ચડાવવાની જે વાત લઇ અને મૂરબ્બી આપણા,અત્યારના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ ત્યારે વિધાનસભામાં મુખ્યમંત્રી તરીકે બેઠા હતા ત્યારે અવાર નવાર કહેતા કે, આ પાટિયા ચડાવવાની મંજૂરી લઇ આવો, ઉદ્ઘાટન કરો, તમારું નામ લખો, અમે મહેમાન તરીકે આવીશું પણ મારા સામે બેઠેલા ભાઇઓને મનમાં સૂઝ્યું નહીં. વડાપ્રધાન થયા પછી માત્ર સત્તર દિવસમાં આ પાટિયાની મંજૂરી આપી. દરવાજા ચઢાવવાની જે મંજૂરી આપ્યા પછી, મને યાદ છે કે, આજથી ચૂંટણી પહેલાં અમે નર્મદા ડેમ ઉપર આખા પરિવાર સાથે ગયા હતા ત્યારે મારો આઠમા ધોરણમાં ભણે એ બાબો બોલ્યો કે, આ પાટિયા પપ્પા કેટલા વર્ષથી સડે છે, આ દરવાજા ? એને મેં કહ્યું કે, પંદર વર્ષથી દરવાજા પડ્યા છે, એ ચઢાવવાની મંજૂરી નથી આપતા. આ દેશના વડાપ્રધાને આ સત્તર દિવસમાં જે મંજૂરી આપી એને આપણે સૌ અભિનંદન આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સામેના સભ્યશ્રી જે વાત કરતા હતા કે, કેનાલના કામ અધુરા છે, ડેમના કામ અધુરા છે પણ મારા સામેના સભ્યશ્રીને હું એક યાદ કરું કે, જ્યારે મોરબી હોનારત આવી ત્યારે ડેમ તૂટ્યો આ સરકારની બેદરકારીથી ત્યારની સરકારની બેદરકારીથી એનું કામ ૧૦ વર્ષ સુધી પૂરું ન કર્યું ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ ત્યાં આવ્યા ત્યારે એમણે જે સેવા કરી એનું ફળ અત્યારે એમને દિલ્હીમાં મળ્યું છે અને અમારી જે નર્મદા યોજના છે.

અધ્યક્ષશ્રી : અમારી નહીં, બધાની છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયાઃ આપણી છે. એમાંથી સરકાર પાણી પૂરું પાડે છે.સભ્યોને ખ્યાલ નથી આમ નીકળે તો સાબરમતી, આમ નીકળે તો સરખેજ ઉપર કેનાલ ચાલે છે. બરોડા જાય તો ત્યાં પણ કેનાલ ચાલે છે. પાણી કયાં જાય છે. એ પાણી પીવા માટે જાય છે. પાણી ખેતી માટે જાય છે. મને યાદ છે. મોરબી, માળીયા, ધાંગધ્રા, હળવદ ત્યાં જે પાણી મળે છે એના માટે હું સરકારને અભિનંદન આપું છું. પીવાનું પાણી આપે છે. મેં વર્ષોથી ગઇ ટર્મમાં જે રજૂઆત કરી કે એક જ માળીયાવાળી જે કેનાલ છે એના આધારે સૌરાષ્ટ્રને પાણી મળે છે પણ ખેડૂત માટે મને એક યોજના મંજૂર કરી દો તો ચારસો કરોડના ખર્ચે બાજુમાં પીવાના પાણીની પાઇપલાઇન નાખી અને આ કેનાલ ખેડૂતને આપી અને ખેડૂત વાપરે છે. ગયા વર્ષમાં અમારા મંત્રીશ્રી બાબુભાઇ જયારે ખાતમૂહુર્ત કરવા આવ્યા ત્યારે એક સાદુરકા કેનાલથી પાણી જામનગરને મળે, રાજકોટને મળે અને કચ્છને મળે અને પાણી ખરેખર પીવા મળે. મારા સામે બેઠેલા ભાઇઓને હું એટલી વિનંતી કરું કે *(xxxxxx) બધા જોવે છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, એ શબ્દો કાઢી નાખો. (xxxxxx)

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫માં જયારે આપણે ચૂંટાયા ત્યારે અહીંયા જે વિધાનસભામાં બોલતા એ ઓછા માણસો જોતા હતા. અત્યારે તો દેશ અને દુનિયા જુએ છે તો આપણે જે સાચું નથી બોલતાને એના પરિણામ છવ્વીસે છવ્વીસ શું કામ ગઇ એનો વિચાર કરવો પડે. કાલે એક મારી સામે બેઠેલા (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : નર્મદા ઉપર બોલો. ધારાસભ્ય ઉપર નહીં.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : અને *(xxxxxx) તો બીજું શું ન કરતા હોય(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, ચંદ્રીકાબેન બોલ્યા કે દારુ પીવડાવીને જીત્યા એ બધુ ચાલુ રહ્યું અને કાંતિભાઇ વાત કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓલા જનરલી વાત કરે, આ સ્પેસિફિક નામ લઇને બોલે છે. કોઇનું નામ લઇને નહીં, તમે નામ લઇને બોલી શકો, પણ પહેલેથી નોટિસ આપવી જોઇએ. સભ્યને જાણ કરવી જોઇએ, અધ્યક્ષને જાણ કરવી જોઇએ. બીજી વાત ઉપર આવો. (અંતરાય)

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રી અત્યારે જે આનંદીબેન મુખ્યમંત્રી છે એ ત્યારે મહેસૂલ મંત્રી હતા ત્યારે એકએક તાલુકાએ જઇ અને કેનાલમાં કઇ રીતે જમીન સંપાદન થાય એમાં સહયોગ કર્યો. સામે બેઠેલા મારા ભાઇઓના ટેકેદારો જમીન સંપાદન ન થાય એમાં પણ રસ લે છે. કેનાલ કેમ જલદી ન થાય એમાં પણ પથ્થર નાખે છે. આજથી પંદર દિવસ પહેલા મારે જાહેરમાં કહેવું છે મારી પાસે આધાર છે. (xxxxxx)

અધ્યક્ષશ્રી : એ કોઇ આક્ષેપ નહીં, કાંતિભાઇ. વગર નામે બોલો. જે હાઉસમાં હાજર નથી એનું નામ ન લેવાય. આ શબ્દો કાઢી નાંખો.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : એ અરજી પાછી ખેંચાવી, પાછી ખેંચાવી પછી પંદર દિવસમાં કામ ચાલુ થવાનું અહીંયા (xxxxxx) પાણી સહિયારું છે. પાણી તમારા વિસ્તારમાં જાય છે. રાઘવજીભાઇ નથી, મારે કહેવું હતું .

અધ્યક્ષશ્રી : ન હોય તો ઘરે જઇને કહી આવજો.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : સૌની યોજના સહિયારી છે તો જમીન સંપાદનમાં એમણે પણ સહકાર આપવો જોઇએ. આ બજેટમાં ૯૦૦૦ કરોડની જોગવાઇ કરી છે. આપણે સૌ જાણીએ છીએ પૈસા વાપરતા વાર લાગે પણ છતાં આ રાજયના તમામ ૧૮૨ ધારાસભ્યો બેઠા હોઇએ અને જો નકકી કરીએ કે જમીન સંપાદનમાં પૂરતો સહકાર આપીશું તો આ યોજના ઝડપી ચાલુ થાય. આ યોજના ઝડપથી ચાલુ ન કરવા માટે સ્થાનિક કાર્યકર્તા અમે જાતા હોઇએ તાલુકામાં ત્યારે નકકી કરતા હોય, ખેડૂતોને બોલાવતા હોય, આનંદીબહેન આવ્યા હતા કે જમીન સંપાદનમાં બધા સહકાર આપો તો ગામના એવા બે પાંચ જણા હોય આપણને ખબર હોય કે કોના કાર્યકર્તા છે. એ વિરોધ કરે, એ કામ ન કરવા દે, એના આધારે આ નર્મદાની યોજનાનું કામ મોડું થાય છે તો મારી ઇચ્છા એવી છે કે આજે સાથે મળી અને નર્મદાની જે યોજના છે એ જલદી પૂર્ણ થાય એમાં અહીં તો સહકાર આપો. સહકાર આપવાની તમને ટેવ જ નથી. હમણા અમારા બહેન કહેતા હતા જુઓ વર્ષો પહેલા ટેન્કર ચાલતા હતા. બોરનું પાણી પીવાથી દાંત ખરાબ થઇ ગયા હતા, પગ ખરાબ થઇ ગયા હતા. પૂછો અમારા બાપુને એમના બાપુજી ત્રણ મહિના વર્ષમા.

અધ્યક્ષશ્રી : કાંતિભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરી ૩–૧૫ કલાકે ફરી મળશે.

**(વિરામ ૨–૩૦ થી ૩–૧૫)**

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વર્ષ–૨૦૧૪–૧૫ નું બજેટ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. છેલ્લાં ૧૨ વર્ષથી ચાલતી ભારતીય જનતા પાર્ટીની સરકાર યોજનાઓ દર વર્ષે નવાં નવાં નામો મૂકીને ખૂશ કરવામાં આવે છે. વિકાસની વાતો પણ કરવામાં આવે છે, પણ કર્મચારીઓની ભરતીના બડે અચ્છે દિન. શિક્ષણની વાતો થાય. અમારા આદિવાસી કપરાડા જેવા વિસ્તારોમાં શિક્ષક વગરની શાળાઓ ચાલે છે. મારી પાસે માહિતી સાથે છે. કપરાડા તાલુકામાં ૫૦ શાળામાં એમાં એક શાળામાં ફકત એક શિક્ષકથી ૩૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

કરતા હતા. જેમાં ૫૦ માંથી ૪ શાળામાં એક વર્ષ સુધી વગર શિક્ષકે ચાલે, એટલે સરકારને જે વાસ્તવિકતા છે તે તરફ ધ્યાન દોરવા માગું છું. પાણી પુરવઠા યોજના જેમાં ન્યુ ગુજરાત પેટર્ન ટ્રાયબલમાં મંજૂર કરવામાં આવે. સરકારની સીધી યોજના હોય, પરંતુ જયાં સુધી સરકાર ટેન્ડર પ્રક્રિયા એમાં પાઇપ અને મોટર ખરીદીને ન આવે ત્યાં સુધી યોજના કશા કામની નથી. ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવીને જે કઇ સ્ટેન્ડ પોસ્ટ બનાવીને ૬ મહિના, વર્ષો સુધી લોકોને રાહ જોવી પડે અને પછી તે તૂટી જાય ત્યાં સુધી રાહ જોવી પડે છે, ત્યારે મારે આદરણીય પાણી પુરવઠા મંત્રીનું અને નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જે ઇલેક્ટ્રિક મોટર, પાઇપ ખરીદવાની પ્રક્રિયા જિલ્લા મથકે અથવા સર્કલને જવાબદારી સોંપવી જોઇએ, કારણ કે રાજય સરકારમાં છેલ્લા ૬ મહિનાથી બોર રિપેર કરવા માટે એક્ઝિક્યુટિવ એન્જિનિયરને ફોન કરીએ તો કહે કે પાઇપ નથી. જેમાં માર્ચ, એપ્રિલ, મે, જૂન મહિનાઓમાં છેલ્લા તબક્કામાં કે આખરી સીજનમાં પાઇપ ન મળે તો પછી રિપેર કેવી રીતે કરી શકવાના? ત્યારે મારે સરકારનું આ બાબતે ધ્યાન દોરવાનું છે.

તે જ પ્રમાણે માનનીય આપણા મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને ૨૦૦૭ માં નાનાપોઢામાં એક જાહેર સભા કરેલી અને મુખ્યમંત્રી જાહેરાત કરે એટલે લગભગ પ્રાણ, વચન જેવું હોય છે. ૩ ગામ વચ્ચે એક આદિવાસી વિસ્તારમાં એક પાયલોટ બનાવીશ. એક સ્વપ્ન છે કે ૩ ગામ મળીને એક પાઇલોટ બનાવીશ. ૩ ગામ વચ્ચે પાઇલોટ બનાવવા માટે સાયન્સ સ્કૂલ, કોલેજ હોવી જોઇએ. આજે વલસાડની અંદર ૧૭ લાખની વસ્તી છે. ૩૦ વર્ષ અગાઉની એક જ સાયન્સ કોલેજ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં, ઇન્ડસ્ટ્રિયલ વિસ્તાર હોય ઉંમરગામ, સરી ગામ, વાપી, વલસાડ જેવા ઇન્ડસ્ટ્રિયલ વિસ્તાર હોય અને તેમાં ફકત એક ગ્રાન્ટેડ સાયન્સ કોલેજ છે, તો એના માટે આદરણીય રમણભાઇ મહેનત કરી રહ્યા છે પણ મેળ પડતો નથી. નાણા મંત્રીશ્રીને વિનંતી કરવાની કે વલસાડ જિલ્લામાં એની કેપેસિટી ફકત ૪૦૦ વિદ્યાર્થીઓની છે. એમાં મીનીમમ ૪ થી ૫ હજાર વિદ્યાર્થીઓ નીકળે છે. ભલે અન્ય ફેકલ્ટીમાં જતા હશે. કોઇ એન્જિનિયરિંગ કે મેડિકલમાં જાય, પણ સામાન્ય રીતે બી.એસ.સી. કરવા માટે સાયન્સ કોલેજની સુવિધા ૧૭ લાખની વસ્તી પ્રમાણે ફકત એક જ કોલેજ છે.

એ જ પ્રમાણે રાજયના મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન જયારે ૧૯–૧–૧૨ ના દિવસે વલસાડની અંદર સદભાવ યાત્રા દરમ્યાન સાયન્સ કોલેજ ઉપર આવીને જાહેરાત કરી હતી.આવીને એમ જાહેરાત કરી હતી કે ૧૧૦૦ કરોડ રૂપિયાનું તમને પેકેજ મળશે. ૧૧૦૦ કરોડ સાંભળીને અમે પણ ખુશ થઇ ગયા. કારણકે મુખ્યમંત્રી જાહેરાત કરી ગયા અને ૧૧૦૦ કરોડ મળવાના એટલે વલસાડ જિલ્લાના ખૂણેખૂણાના રસ્તા, પાણીની સુવિધાઓ છે તે બધી મળશે. તેનાથી અમે પણ ખુશ થઇ ગયા, પણ ૨૦૧૩ના અંતમાં પૂછવામાં આવ્યું કે આ ૧૧૦૦ કરોડમાંથી કેટલા પૈસા આવ્યા. તેને પેકેજ તરીકે જાહેર કર્યા હતા. બજેટમાં જે જોગવાઇ હોય એ તો આવે જ છે. આ તો પેકેજ તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી એટલે અમે પણ ખુશ થઇ ગયા, પણ માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કાળુ પદીયું પણ ના આવ્યું. કલેકટરને પૂછવામાં આવ્યું તો કહે કે એવી કોઇ જોગવાઇ જ નથી. મારી આપ સૌને અને સરકારને વિનંતી છે કે જવાબદાર મુખ્યમંત્રી આવી જાહેરાત કરી ગયા પછી જો એક રૂપિયાની જોગવાઇ ન થતી હોય તો પછી જાહેરાતનો શું મતલબ?

એક બીજી વલસાડ જિલ્લાના ડી.જી.વી.સી.એલ. અને માનનીય નાણામંત્રીશ્રી એ જ વિભાગ સંભાળે છે ત્યારે ડી.જી.વી.સી. એલ.માં ગ્રામ્ય વિસ્તાર હોય તો મીનીમમ ૧૬ હજાર ગ્રાહક અને શહેરી વિસ્તાર હોય તો મીનીમમ ૨૫ હજાર ગ્રાહકે એક પેટા કચેરી, સબ ડીવીઝનલ કચેરી ફાળવવી જોઇએ. વલસાડ જિલ્લાની અંદર જાહેરાત થઇ ગયા પછી દોઢ થી બે વર્ષની અંદર તેને ફાઇનાન્સ વિભાગમાંથી મંજૂરી ન મળવાના કારણે વાપી શહેરી વિસ્તાર અને વાપી ગ્રામ્ય વિસ્તાર તથા કપરાડા એમ ત્રણ ડીવીઝનલ ઓફીસ વલસાડ જિલ્લામાં શરૂ થઇ શકી નથી. તેની એમ.ડી. કચેરીથી તેની મંજુરી મળી ગઇ છે પણ આજદિન સુધી તેની શરૂઆત કરવામાં આવી નથી.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના પહેલા મુખ્યમંત્રી અને પહેલા નાણામંત્રી સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યા છે તે બજેટ વિરોધપક્ષની દૃષ્ટિએ

બરાબર નહીં હોય પરંતુ આ બજેટમાં નાનામાં નાના માણસને, નાના બાળકથી માંડીને પ્રૌઢ સુધી, નાના ઉદ્યોગકારો હોય તે બધાને લાભકર્તા આ બજેટ છે. જેને મારી દ્દષ્ટિએ ફૂલ ગુલાબી બજેટ કહી શકાય તેવું બજેટ નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે તેને અભિનંદન આપું છું અને મારો ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીના હાથમાં જે કંઇ કામ આવે તે કામ સકસેસફુલ અત્યાર સુધીના વર્ષોમાં કરતા રહ્યા છે. અગાઉની સરકારના વખતમાં ગામડાંઓમાં ૧૨ કલાક પણ વીજળી ન્હોતી મળતી તેની જગ્યાએ અત્યારના નાણામંત્રી સૌરભભાઇએ ૧૮ હજાર ગામડાંઓમાં ૨૪ કલાક વીજળી આપી અને ગામડાં ઝળહળતાં કર્યા છે. તેમ આ બજેટ પણ છેવાડાના માનવી સુધી તેના ઘરના દિવા અને ઘરમાં ઉજાસ પાથરશે તેવું હું અને મારા સાથી મિત્રો પણ સ્વીકારી રહ્યા છીએ.

હું એક એવા વિભાગની વાત કરવા જઇ રહ્યો છું કે જે વિભાગ દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યું હોય તે વિભાગ છે તે બિન નિવાસી ગુજરાતીઓનો પ્રભાગ. તે પ્રભાગ અહીં રાજયના સામાન્ય વહીવટ વિભાગ તરફથી શરૂ કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગ તરફથી આ પ્રભાગ શરૂ કરવામાં આવેલ છે અને આ એન.આર.જી. અને એન.આર.આઇ. વિભાગ શરૂ કરવાનો મૂળ હેતુ ગુજરાત અને ગુજરાત બહાર વસતા જે ગુજરાતીઓ છે એની એક યાદી બને અને ગુજરાત બહાર વસતા લોકો ગુજરતમાં આવે ત્યારે એને કોઇ મુશ્કેલીઓ હોય તો એમાં ગુજરાત સરકાર મદદગાર થઇ શકે એના માટે થઇને આ પ્રભાગ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રભાગમાં દેશના બધા રાજયોની એક મિટીંગ કરીને જેટલા ગુજરાતીઓ દેશના અન્ય રાજયોમાં વસતા હોય કે વિદેશમાં વસતા હોય એ દરેક ગુજરાતીઓની એક યાદી બનાવેલ છે અને આ યાદીમાં ૧,૭૬,૦૮૦ લોકોની એક યાદી બનાવેલ છે અને એમાં ૪૯૩ રાજય બહાર જે ગુજરાતી સમાજો હોય એ સમાજોની યાદી અને વિદેશમાં જે ૨૨૫ ગુજરાતી સમાજો છે એ ગુજરાતી સમાજોની યાદી બનાવી છે એ યાદી આ રાજય સરકારે બનાવી છે એ માટે અગાઉના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ જે આજે આપણા દેશના વડા પ્રધાન છે એ અને આજના અમારા એન.આર.જી. મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાને હું અભિનંદન આપુ છું કે, એક ગુજરાતીઓની જે આટલી મોટી યાદી બનાવી એ બદલ અભિનંદન. સાથે સાથે વિદેશમાં અને ગુજરાતની બહાર દેશના અન્ય ભાગોમાં વસતા લોકો છે એને એક ગુજરાત કાર્ડ આપવામાં આવે છે જેથી તેઓ ગુજરાતમાં આવે ત્યારે એને કંઇ પણ મુશ્કેલી હોય તો કોઇ પણ સરકારી ખાતામાં જઇને એ પોતાની રજૂઆત કરી શકે છે અને એ કાર્ડના હિસાબે એને એક ઓળખ મળે છે અને સરકાર અને સરકારના દરેક ખાતા દ્વારા એને મદદગાર થઇ શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલું એક સંગઠીત કામ કરવા માટે આ રાજય સરકારે જ્યારે મહેનત કરી અને આવું સરસ કામ કર્યું છે ત્યારે દેશ અને દુનિયામાં વસતા લોકોની એક ડિમાન્ડ ઉભી થઇ કે આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી આવું સરસ કામ કરે છે તો એ અમેરિકામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે •(xxxxxx) અમેરિકાના પ્રમુખ ઓબામાને કે, આ નરેન્દ્રભાઇ મોદીને વિઝા ન આપતા.

અધ્યક્ષશ્રી : કોઇ આક્ષેપ ન કરો આપણે બજેટ ઉપર જ વાત કરોને.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : પરંતુ આ ગુજરાતની અને દેશની પ્રજાએ નક્કી કરી લીધું કે આ નરેન્દ્રભાઇ મોદીને વગર વિઝાએ અમેરિકામાં મોકલવાના છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) :માનનીય અધ્યક્ષશ્રી, બહેન શ્રીમતી આનંદીબેનના વડપણ હેઠળની વિકાસશીલ સરકારના નાણામંત્રીશ્રી આદરણીય સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યા છે તેના પૂર્ણ સમર્થન સાથે અનુસૂચિત જાતિ કલ્યાણના વિષયને લઇને મારા વિચારો ગૃહ સમક્ષ વ્યક્ત કરું છું. અનુસૂચિત જાતિના કલ્યાણનું ગત વરસનું બજેટ ૬૧૦.૫૧ કરોડ રૂપિયાનું હતું ચાલુ વરસના બજેટમાં ૧૫૩.૪૭ કરોડ રૂપિયાનો વધારો કરીને રૂપિયા ૭૬૩.૯૮ કરોડનું વિચાર્યું છે.

"ચલો જલાએ દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ"

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આ પંક્તિને ચરિતાર્થ કરવાનું ગુજરાતની સરકારે કામ કર્યું છે. સોમવારે આ ગૃહની અંદર વિપક્ષના આગેવાન શ્રી જોઇતાભાઇ પટેલે એવું કહેલું કે આ બજેટની અંદર એકપણ દલિત કે આદિવાસી નવા છાત્રાલયની મંજૂરી નથી મળી. આપના રેકર્ડમાં પણ હશે. પણ એ સમયે નીતિનભાઇએ પણ કહ્યું હતું કે બજેટનું પૂરું વાચન જો કર્યું હોત તો આ શબ્દો ના આવ્યા હોત, પણ ચાલુ બજેટની અંદર ૪ સરકારી છાત્રાલયની વિચારણા કરી છે, એના માટે રૂપિયા ૪ કરોડના બજેટની પણ જોગવાઇ કરી છે. આ ઉપરાંત ૧૫ નવા અનુદાનિત છાત્રાલયની પણ જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે. હાલમાં ૫૮૨ અનુદાનિત છાત્રાલયો ગુજરાતમાં ચાલી રહ્યા છે અને ૭૩ સરકારી છાત્રાલયો પણ કાર્યરત છે, રાજ્ય સરકારે ચાલુ બજેટમાં અનુદાનિત છાત્રાલયમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો પણ કર્યો છે. પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ગુજરાતના ૬૦૦૦૦ દલિત વિદ્યાર્થીઓ માટે ૧૦૫ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય આનંદીબેનના નેતૃત્વ વાળી ગરીબલક્ષી સરકારે છેવાડાના ગરીબમાં પણ ગરીબ લોકોની ચિંતા કરી છે, દલિત સમાજ માટે જન્મથી મરણ સુધીની યોજનાઓ આ સરકારે બનાવી છે, ગરીબ પરિવારમાં કોઇનું મૃત્યુ થાય તો એ પરિવાર માટે એટલું અસહ્ય હોય છે કે કાઠીના પણ એમની પાસે પૈસા નથી હોતા, ઉપર આભ અને નીચે જમીન એ પ્રકારનું દોહ્યલું જીવન એમનું હોય છે, ત્યારે આ સરકારે એમની પણ ચિંતા કરીને જે ૨૫૦૦ રૂપિયા મરણોત્તર સહાય હતી, એમાં બેવડો વધારો કરીને ૫૦૦૦ની સહાય કરી છે. ધોરણ –૧૧ અને ૧૨માં અપાતી ટ્યુશન ફીની સહાયમાં પણ ૨૫,૦૦૦ થી વધારીને ૩૦,૦૦૦ રૂપિયાની જોગવાઇ કરી છે, હમણાં મારા સાથી ધારાસભ્યશ્રી રમેશભાઇએ જે વાત કરી એ પ્રમાણે પૂજ્ય બાબાસાહેબ આંબેડકરને જો વડોદરાના રાજવીએ વિદેશ અભ્યાસ માટે ન મોકલ્યા હોત તો દલિતોના જે મસિહા અને ભારતનું જેને ગર્વ છે એવા ડો. બાબાસાહેબ આંબેડકરની શું સ્થિતિ હોત તે આપણે સૌ જાણીએ છીએ અને એ જ બાબત આગળ કરીને રાજ્ય સરકારે ડો. આંબેડકર વિદેશ અભ્યાસ લોનની પણ યોજના અમલી બનાવી છે, તે રકમ રૂપિયા ૧૦ લાખથી વધારીને ચાલુ વરસના બજેટમાં ૧૫ લાખ રૂપિયાની જોગવાઇ કરી છે અને જેના માટે ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મને કહેતા આનંદ થાય છે કે અત્યારસુધીમાં રાજ્ય સરકારે ૭૧૩ દલિત વિદ્યાર્થીઓને સહાય આપી વિદેશ ભણવા માટે મોકલ્યા છે. દલિત સમાજના લોકો કોમર્શિયલ પાયલોટ બને તે માટેની જોગવાઇ પણ ૨૦ લાખ રૂપિયા સુધીની હતી તે વધારીને વર્તમાન બજેટમાં આ રકમ ૨૫,૦૦,૦૦૦ રૂપિયા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ સમાજો માટે વિમાન ચલાવવાની વાત તો દૂર રહી પણ દૂરથી જયારે વિમાન આકાશમાં હોય ત્યારે તે ગરીબો વિમાનને જોઇને આનંદીત થતા હતા કે જો આ વિમાન જાય, જો આ વિમાન જાય. પણ આ રાજય સરકારે વિમાન જોવાની વાત તો કયાંય રહી પણ આજદિન સુધીમાં ૬૦ વિદ્યાર્થીઓને પાયલોટ બનાવ્યા કે જેઓ વિમાન ચલાવી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિપક્ષના એક સભ્ય જેમણે એવું કહ્યું કે ગામડું તૂટતું ગયુ છે, ગામડું બરબાદ થઇ ગયું છે. ત્યારે હું એક દાખલો આપવા માગું છું કે, મારું ગામ અહીંયાથી ૨૦ કિલોમીટર જ દૂર છે જાખોરા ગામ. ૧૯૭૫માં આ ગૃહની અંદર મારા ગામના સભ્ય હતા જેઠાભાઇ પટેલ.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : મુરબ્બી બાબુભાઇ જશુભાઇ પટેલ તે વખતે મુખ્યમંત્રી હતા. એ સમયે ધારાસભ્ય બન્યા પછી ૧૯૭૫માં તેઓ જયારે ચાર પૈડાંવાળું સાધન લાવ્યા તો તેને જોવા માટે આખું ગામ ચડયું હતું કે જેઠાભાઇ ગાડી લાવ્યા. આજે મારા ગામમા ૭૬ ગાડી છે. માનનીય અધ્યક્ષશ્રી, તે સમયે હું જયારે ભણ્યો ત્યારે અંધારામાં ભણ્યો હતો. ફાનસના અજવાળે ભણ્યો હતો અને મારા ગામમાં જયારે સ્ટ્રીટ લાઇટ આવી તો ગામના લોકોએ અમારા ધારાસભ્ય જેઠાભાઇનું તે સમયે સન્માન કરેલુ કે સ્ટ્રીટ લાઇટ આવી. હવે આજે સ્ટ્રીટ લાઇટની વાત તો કયાંય રહી ગામડે ગામડે, ઘેર ઘેર ચોવીસ કલાક વીજળી. આ જો શકય બન્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આજે નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટની ચારે તરફથી જે પ્રશંસા થઇ રહી છે, તમામ વર્ગોની સ્વીકૃતિ મળી છે તેમાં પણ દલિત સમાજ માટે જે વિશેષ જોગવાઇ કરવા બદલ માનનીય મુખ્યમંત્રી, માનનીય નાણામંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું અને મારું પૂર્ણ સમર્થન જાહેર કરું છું.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫નું સાચા અર્થમાં કલ્યાણકારી રાજ્યને અનુરૂપ, સર્વ સમાવેશક અને વિકાસલક્ષી બજેટ નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ લઇને આવ્યા છે ત્યારે હું તેને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ જેમણે મહિલા અને બાળ કલ્યાણ વિભાગમાં વર્ષો સુધી સફળ રીતે કામગીરી કરી તેના અનુભવની છાંટ આ બજેટમાં સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. હું વિશ્વાસ સાથે કહી શકુ કે આ બજેટ સમાજના બધાજ વર્ગોને ચાહે તે ખેડૂત હોય, દૂધ ઉત્પાદક હોય, વેપારી હોય કે ઉદ્યોગકાર હોય શોષિત, પીડિત, વંચિત આ તમામને વિકાસની એક નવી દિશા ચીંધનારુ બની રહેશે તેમાં કોઇ બેમત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું વિશેષ કરીને આજે માર્ગ વાહન-વ્યવહાર અંગેની વાત કરવા માગુ છું. એસ.ટી.ના હુલામણા નામથી જાણીતું ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન રોજના ૨૮ લાખ કિલોમીટરનુ સંચાલન કરે છે અને અંદાજે ૨૪ લાખ મુસાફરોને પરિવહનની સેવાઓ પૂરી પાડે છે. મુસાફરોને સુવિધા મળી રહે તે માટે રાજ્યના મહત્વના ચાર શહેરો પૈકી અમદાવાદ ખાતે ૨, સુરત ખાતે ૧, વડોદરા ખાતે ૨, મહેસાણા ખાતે ૧ તેમજ વડનગર ખાતે ૧ એમ કુલ સાત બસ સ્ટેશનોને આંતરરાષ્ટ્રીય કક્ષાના નમૂનેદાર બસ સ્ટેશન બનાવવાનું નક્કી કરેલ છે. તે પૈકી વડોદરા ખાતેના ૨ બસ ટર્મિનલ તારીખઃ૧૪-૨-૨૦૧૪થી કાર્યરત કરવામાં આવેલ છે અને અન્ય ૫ બસ ટર્મિનલની કામગીરી હાલ પ્રગતિમાં છે. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન રાજ્ય સરકારશ્રી તરફથી ફાળવેલ રૂપિયા ૩૦ કરોડની રકમમાંથી ૨૨ સ્થળો ખાતે જૂના અને જર્જરિત બસ સ્ટેશનોની જગ્યાએ નવીન પાકા બસ સ્ટેશનો બનાવવાની કાર્યવાહી પણ પ્રગતિમાં છે. તમામ ડેપો ખાતે હિસાબોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે. એસટી નિગમના ૧૬ વિભાગો, ૧૦૦ ડેપો તેમજ મધ્યસ્થ કચેરીને જીસ્વાનથી  કનેકટ કરવામાં આવ્યાં છે અને તમામ ૧૨૫ ડેપો ખાતે કોમ્પ્યુટરાઇઝ પાસ આપવાની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે.

અગાઉ મુસાફરોને એડવાન્સ ટીકીટ મેળવવા માટે જે તે બસસ્ટેશન ઉપર જવું પડતું હતું પરંતુ હાલમાં મુસાફરો ગમે ત્યાંથી ગમે ત્યાં પ્રવાસ કે યોજના અંતર્ગત એસટીના કોઇપણ બસસ્ટેશનથી બુકિંગ કરી શકે છે. વધુમાં, ઇન્ટરનેટ પર ઘેર બેઠાં એડવાન્સ ટિકિટ મેળવવા માટે ઓનલાઇન ઇટિકિટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને વિદ્યાર્થિનીઓ માટે તો એમની શાળા-કોલેજમાં જ ફ્રી પાસ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. એસટીની પરિવહન સેવાઓ લોકાભિમુખ બને તેમજ મહત્તમ પ્રવાસીઓ તેનો લાભ લે તે માટે એસટી નિગમ દ્વારા જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. માસિક, ત્રિમાસિક પાસ માટે ૪૦ ટકા સુધીની રાહત, નાના બાળકો વિના મૂલ્યે મુસાફરી કરી શકે તે માટે જે પહેલાં ત્રણ વર્ષની વય મર્યાદા હતી તે વધારીને પાંચ વર્ષની કરવામાં આવી, મુસાફર દીઠ લગેજની મર્યાદા પહેલાં ૧૫ કિલો હતી તે વધારીને ૨૫ કિલો કરવામાં આવી, એક્સપ્રેસ બસોના સમયપત્રકને વેબસાઇટ ઉપર ઓનલાઇન કરવામાં આવી. આદિજાતીના આંતરીયાળ વિસ્તારને જે નાના રસ્તાઓ હોય ત્યાં ૩૦૩ મીનીબસો સંચાલનમાં મૂકવામાં આવી છે, સાગરખેડૂ વિસ્તાર માટે અલગ કલરસ્કીમ સાથેની ૩૪૮ બસો સંચાલનમાં મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદથી વડોદરા, રાજકોટ, ભાવનગર તથા સુરત જવા માટે અતિ આધુનિક ૨૨ વોલ્વો બસની સુવિધા પણ કરવામાં આવી છે. પ્રવાસી જનતાને સમયસર અને વધુ આરામદાયક મુસાફરીની સુવિધાઓ મળી રહે તે માટે વધુ બસ, સારી બસના સંકલ્પ હેઠળ છેલ્લા નવ વર્ષમાં બસોની ખરીદી માટે રાજ્ય સરકારશ્રી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬થી શરૂ કરીને અત્યાર સુધીમાં રૂ. ૧૯૦૯ કરોડની લોન સહાય ફાળવવામાં આવી છે. આ સહાયમાંથી અત્યાર સુધીમાં ૧૨૨૫૩ નવી બસો ખરીદીને સંચાલનમાં મૂકવામાં આવી છે અને હાલમાં ૧૦૫૦ નવી બસો ખરીદવાની કાર્યવાહી ચાલુ છે. આ પ્રમાણે નવી બસો મૂકવાને લીધે અગાઉ ૨૦૦૫-૦૬માં આશરે ૮૦ ટકા ઓવરએઝ બસો હતી તે ઘટીને હાલમાં માત્ર ૨ ટકા ઓવરએઝ બસો રહી છે અને પ્રવાસીઓનો પ્રવાસ વધુ સલામત બન્યો છે.

સાહેબ, ગુજરાતમાં કાટમાળ ખસેડવામાં જો આટલાં વર્ષો થાય તો રેલવે તો આખા દેશમાં પથરાયલી છે માત્ર ચાલીસ દિવસમાં રેલવે મંત્રીશ્રીનો ઘેરાવો કરવો એ કદાચ વધારે પડતું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, એસટી નિગમ વધુને વધુ કાર્યક્ષમ બને તેમજ પ્રજાની સારી સેવા કરી શકે તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં પણ વિશેષ આર્થિક આયોજન કરવામાં આવેલ છે. ગ્રામ્ય જોડાણ મજબૂત થાય તે માટે ૯૫૦ નવી બસો સંચાલનમાં મૂકવા માટે રૂ. ૧૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જિલ્લા અને તાલુકા મથકમાં હયાત બસસ્ટેશનોના આધુનિકરણ માટે રૂ. ૯૦ કરોડનું આયોજન કર્યું છે. વિદ્યાર્થીઓને આપવામાં આવતા કન્સેસન પાસ તેમજ તમામ ગામડાઓને એસટી જોડાણ પૂરા પાડવા માટે રૂ. ૭૧૪ કરોડની સહાય, આમ અંદાજિત રૂપિયા ૧૪૦૦ કરોડની સહાય લોન અને મૂડી રાજય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજયમાં કુલ ૧૮૬૧૮ ગામડાઓ પૈકી ૧૮૧૮૬ ગામોને એસટીની સુવિધાથી સાંકળવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં માનનીય નાણા મંત્રીશ્રીએ માર્ગ વાહન વ્યવહાર ક્ષેત્રે ખૂબ જ ક્રાંતિકારી નિર્ણય લીધો છે. હાલમાં ટીકીટના વેચાણના ૧૭.૫ ટકા ઉતારુ વેરો લેવામાં આવે છે, આ ક્રાંતિકારી પગલું ભરીને આ ઉતારુ વેરો ઘટાડીને માત્ર ૭.૫ ટકા કરવાની દરખાસ્ત માનનીય નાણાં મંત્રીશ્રીએ કરી છે આનાથી બસ ભાડામાં ૧૦ ટકાનું ભારણ વધશે પરિણામે મુસાફરોને ભાડામાં મોટી રાહત મળશે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉતારુ વેરો ઘટાડવાથી કદાચ આ રાજય સરકારની આવકમાં વાર્ષિક ૧૫૦ કરોડ રૂપિયાનો ઘટાડો થશે પણ રાષ્ટ્રને ખૂબ જ મોટો ફાયદો થયો છે. મેં અગાઉ કહ્યું તેમ સારી અને નવી બસો, સલામત પ્રવાસ, વોલ્વો જેવી આધુનિક બસો અને ભાડામાં ઘટાડો, પરિણામે વધુને વધુ લોકો એસટી સેવાનો લાભ લેશે અને વ્યક્તિગત વાહનોનો વપરાશ ઘટશે. પરિણામે પેટ્રોલ અને ડીઝલમાં બચત થશે અને મોંઘાભાવનું ક્રુડઓઇલ ખરીદવામાંથી દેશ બચશે અને વિદેશી હુંડિયામણ પણ બચશે અને આ રીતે પેટ્રોલ બચાવો, દેશ બચાવોનું સૂત્ર ચરિતાર્થ કરવા ગુજરાત સરકાર જઇ રહી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે એને હું પુનઃઅનુમોદન આપું છું અને વિરમું છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૪-૧૫ નું જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજય જયારે પોતાનું બજેટ રજૂ કરે છે ત્યારે એ બજેટના વિકાસ ઉપરથી ખબર પડે છે કે રાજયનો વિકાસ કયા તબક્કામાં છે અને એ રાજયની આર્થિક નીતિ, આદ્યૌગિક નીતિ, એના સામાજીક અને આર્થિક સુધારણાની નીતિ આ બધી બાબતોનો ખ્યાલ આવે છે. રાજયના વિકાસનો દર વધે, એનો જી.ડી.પી. વધે, રાજયની આવક વધે, પર કેપિટા ઇન્કમ વધે, પણ છતાં એવું જોવામાં આવે છે કે માનવ સૂચક આંક એ રાજયનો બહુ નીચો અને નીચો હોવાનું કારણ રાજયના બજેટ દ્વારા આરોગ્ય વિષયક, પાણી વિષયક, રહેણાંક વિષયક બાબતોની સુવિધાઓ, આરોગ્ય વિષયકની સુવિધાઓ, શિક્ષણની સુવિધાઓ એવી જે સામાજીક સુધારા માટેના સમાજ સુધારા માટેનું ખર્ચ હોય, સામાજીક ખર્ચ, સોશ્યલ એકસપેન્ડીચર એ બધી બાબતોમાં રાજય કેટલું ધ્યાન આપે છે એના ઉપર આ માનવ સૂચક આંકનો આધાર હોય છે. ઘણાં એવાં ગરીબ રાજયો છે કે જેમણે શિક્ષણ, પાણી, રહેણાંક, આરોગ્ય આ બધી બાબતો ઉપર પૂરતું લક્ષ આપીને માનવ સૂચક આંક ઉંચો લઇ જવાનું કામ કરેલ છે. ગુજરાતમાં આ પ્રયત્ન થયો છે, પરંતુ જેટલો થવો જોઇએ એટલો થયો નથી આના કારણે આ દેશના કેરાલા, ગોવા, દિલ્હી, આસામ અને ઉત્તરાંચલ જેવાં રાજયો છે એ રાજયો કરતાં આપણો આ માનવ સૂચક આંક નીચો છે અને એટલા માટે આ પ્રયત્નો કરવાની જરૂર હોય છે.

માનનીય અદ્ધ્યક્ષશ્રી, આ ગૃહમાં ઘણી વખત પુનઃવસનના પ્રશ્નોને લીધે નર્મદા યોજનાની ઘણી ચર્ચા થઇ છે ત્યારે એના અનુસંધાનમાં મારે એક વાત કરવી છે કે જે કોઇ સિંચાઇ યોજનાઓ બને છે એ તમામ સિંચાઇ યોજનાઓ એ જે આદિવાસી વિસ્તારોમાં બને છે ત્યાં એ લોકો મોટેભાગે જંગલ વિસ્તારમાં રહેતા હોય છે અને એ વિસ્તારમાં આ યોજનાઓ બનતી હોય છે અને આ યોજનાઓ બને છે ત્યારે યોજના પૂરી થાય ત્યાં સુધી પુનઃવસનનું કામ જે ઝડપે થવું જોઇએ એ ઝડપે થતું નથી અને એના પરિણામે આ વિસ્તારમાં વસતા લોકોને બધી જ રીતે ઘણું સહન કરવું પડતું હોય છે અને એનો ઉત્તમ દાખલો એ ઓરિજનલ પંચમહાલ જિલ્લો અને અત્યારનો દાહોદ જિલ્લો છે એ જિલ્લામાં ૧૯૭૮-૭૯ માં હડફ, કબૂતરી

અને અદલવાડા આ ત્રણ યોજનાઓ એ ૧૯૭૯ માં પૂરી થઇ હતી અને ૧૯૮૦ માં ફોરેસ્ટ એકટ આવવાને કારણે જે પરિસ્થિતીનું નિર્માણ થયું એમાં આખા ૮૦૦ કુટુંબો આ ત્રણ યોજનામાં અસરગ્રસ્ત હતાં.અને ૧૦૫૮ હેકટર જમીન આદિવાસી ભાઇઓની ડૂબાણમાં ગયેલ અને એમાં કુલ ૮૦૦ કુટુંબો હતા. એ બે તાલુકાના સામેલ હતા એક શહેરા તાલુકાના ખાડિયા, બાહીર અને સદનપુર ગામ ત્યાં વસાવવામાં આવ્યા, જયારે બીજા ગોધરા તાલુકાના વાવડીકુંજ કાલીયાવાવ, , સબનલપુર અને પાંડવા આ ચાર ગામોમાં વસાવવામાં આવ્યા. જે તે સમયે ૫૪૫ હેકટર જમીન જ સંપાદન કરવામાં આવી હતી જયારે ડૂબાણમાં ૧૦૫૮ હેકટર જમીન ગઇ હતી, જયારે બાકીની જમીન જામનગર અને રાજકોટ જિલ્લામાંથી આપવાની બાકી પડતર છે. વન અને પર્યાવરણ વિભાગ અને કેન્દ્ર તરફથી ઉપરોકત ગામોની જમીન રીઝર્વ ફોરેસ્ટ એકટ હેઠળ આવતી હોવાના કારણે એની ટેકનિકલ મંજૂરી ૨૦૧૩માં મળી અને ત્યારબાદ વન અને પર્યાવરણ વિભાગે ૧૪ જેટલી શરતોને આધિન આ જમીન આપવા માટે વાત કરી. બીજું સિંચાઇ વિભાગે વન વિભાગને ૮૪ કરોડ રૂપિયા આપવાના થાય એ વખતે આ માટે જરૂરી જોગવાઇ કરવામાં આવી નહોતી પરંતુ માનનીય સૌરભભાઇને અભિનંદન આપું કે પહેલીવાર બજેટની અંદર ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આટલા વર્ષો પછી આ જોગવાઇ થઇ છે પરંતુ એ પણ પૂરતી નથી. મારી લાગણી છે કે લગભગ ૩૫ વર્ષ પછી આ પ્રશ્નનો સુખદ અંત આવે. અમારા એ વિસ્તારના ત્રણ જિલ્લા થયા છે દાહોદ જિલ્લો, પંચમહાલ જિલ્લો અને મહિસાગર જિલ્લો અમલમાં આવ્યો છે ત્યારે આ ત્રણેય જિલ્લામાંથી ચૂંટાયેલા તમામ સભ્યશ્રીઓની આ લાગણી છે એનું કારણ છે કે ત્યાંનો કોઇ ખેડૂત ફસાઇ ગયો હોય અને એને ડાર સર્ટિફિકેટ જોઇતું હોય પણ જમીન એના નામે ન હોવાને કારણે એને ડાર સર્ટિફિકેટ મળતું નથી એટલે જામીન આપીને એ છૂટો પણ નહિ થઇ શકે, વરસો સુધી આ સ્થિત ચાલી, એને લોન જોઇતી હોય તો પણ ન મળે. આ અંગેની રજૂઆત અનેકવાર સબંધિત મંત્રીશ્રીને કરવામાં આવી છે. આ પ્રશ્ન ત્રણ વિભાગને લગતો છે એક તો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, રેવન્યુ ડિપાર્ટમેન્ટ, અને ઇરિગેશન ડિપાર્ટમેન્ટ. આ ત્રણેય વિભાગ ભેગા થાય તો જ આ પ્રશ્નનું નિરાકરણ આવે, માટે મારી લાગણી એ છે કે બીજાના લાભાર્થે આ લોકોની જમીન ગઇ એના લીધે બીજા લોકોને એનો લાભ મળ્યો, એમનો વિકાસ થયો, એમનો આર્થિક રીતે સુધારો થયો, એમને સિંચાઇનો લાભ મળ્યો છે. પરંતુ જે અસરગ્રસ્તો છે જે પીડિતો બને છે એને ઉપર લાવવાના પ્રયત્નો એટલા ઝડપથી કરવામાં આવતા નથી અને પછી આપણે એમ કહીએ કે દરવાજાની મંજૂરી ન મળી, હાઇટ વધારવાની મંજૂરી ન આપી, સ્વાભાવિક છે કે આ રીતે યોજના ખોરંભે પડતી હોય છે ત્યારે આ વસ્તુને ધ્યાને રાખવી જોઇએ.

બીજી એક વાત એ છે કે અંબાજીથી માંડીને ઉંમરગામ સુધી આદિવાસી વિસ્તાર આવેલ છે અને આ બધા તાલુકા આદિવાસી વસતિથી ભરેલા છે અને તમામ તાલુકાની અંદર જોવા જઇએ તો ૧૯૮૭માં આઇ.જી. પટેલ કમિટીએ એક રિપોર્ટ આપેલો એમાં ૫૪ તાલુકાનું અગ્રતાક્રમ પ્રમાણે લિસ્ટ બનાવ્યું, ૧૩૩ તાલુકાઓને વિકાસની દ્રષ્ટિએ અતિ પછાત તાલુકાઓ હતા. ૫૪ તાલુકા પૈકી આ જે ૩૩ તાલુકા હતા એ ૩૩ તાલુકામાંથી ૨૧ તાલુકા આદિવાસી વિસ્તારવાળા તાલુકા હતા. ત્યારબાદ ૧૮ વર્ષ બાદ ફરીથી જયારે કોલગી સમિતિએ સન ૨૦૦૫માં રિપોર્ટ આપ્યો એમાં પણ ૫૪ તાલુકામાં બે તાલુકાઓ નવા ઉમેરાયા. બાકીના બધા એના એ જ. આ ૧૩૩ પૈકી બે તાલુકા ઘોઘંબા અને ઉંમરપાડા. એકનો ક્રમ ૪ છે અને બીજાનો દસમો ક્રમ છે મને કહેતા દુઃખ થાય છે કે બાકીના તાલુકાઓનો કોઇ ક્રમ બદલાયો નથી. વિકાસની દ્રષ્ટએ ૧૮ વર્ષ પછી આ તાલુકાઓ પછાતને પછાત જ રહ્યા છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડિડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના માર્ગદર્શન નીચે અમારા માનનીય નાણાંમંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૪-૧૫ની..

અધ્યક્ષશ્રી : તમને સાત મિનિટ આપે. તેમાં એક મિનિટ પ્રસ્તાવનામાં જાય છે..

શ્રી મોતીલાલ પૂ. વસાવા : ૭૧,૩૩૦.૪૪ કરોડની વાર્ષિક યોજના લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. વાત કહેવામાં આવે છે કે ‘ દાને દાને પે લીખા હૈ ખાને વાલે કા નામ’ તેમ ‘ પન્ને પન્ને પે લિખા હૈ ગરીબો કે વિકાસ કા નામ’

અધ્યક્ષશ્રી : હજી બોલો, ' અક્ષર અક્ષર પે લીખા હૈ વાંચને વાલે કા નામ' ...

શ્રી મોતીલાલ પૂ. વસાવા : એ સાહેબ, રેકર્ડમાં લખાવી દેજો.. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતનું જે અંદાજપત્ર છે, સામેથી ઘણા બધા વકતાઓએ ખૂબ સારી વાત પણ કરી છે. હમણાં માનનીય હીરાભાઇ જે વાત કરતા હતા, મને ખરેખર આનંદ થયો કે જે યોજના કોંગ્રેસની સરકારમાં બનાવવામાં આવી હતી અને તેનો સુખદ અંત જયારે હમણાં આવી રહ્યો છે ત્યારે ખરેખર આ સરકારને અભિનંદન આપવા જેવા છે. તે વખતે જેટલી મોટી યોજનાઓ બની છે અને એ યોજનાઓ માટે ફોરેસ્ટની જમીન અસરગ્રસ્ત લોકોને આપવા માટે તા. ૨૫-૧૦-૮૦એ ફોરેસ્ટનો કાયદો આવ્યો તેના પહેલાં ૧૯૭૮-૭૯માં જે યોજના બની હતી તેમાં જો જમીનો ડીલીટ કરી નાખી હોત તો કેટલાય આદિવાસીઓ આજે પગભર થઇ ગયા હોત. પણ આ વિચાર જે તે વખતે સરકારમાં આવ્યો નહોતો. કેટલાક મિત્રોએ સામેથી વાત કરી હતી કે અમારા સૂચનોને ટીકાઓ ગણવામાં આવે છે. જયારે આ હાઉસમાંથી આપણાં મુખ્યમંત્રીશ્રી તેમનું છેલ્લા દિવસનું પ્રવચન કરીને દેશના વડાપ્રધાન બનવા જઇ રહ્યા હતા ત્યારે મારે આ મિત્રોને કહેવું છે કે તેમની તે વાત તે દિવસે જો સાંભળી હોત, તેમણે વાત કરી હતી કે હું સામેના મારા મિત્રોને કહું છું કે તમે ઘણીવાર એમ કહો છો કે અમારી વાત સ્વીકારવામાં આવતી નથી. પરંતુ સરકારની યોજનાઓ, અમે બનાવેલી યોજનાઓ તમે તેનું મનોમંથન કરજો અને પછી તમને ખ્યાલ આવશે કે આ વાત તો મેં જ કરી હતી. મેં જ રજૂઆત કરી હતી. એ વાત જે તે વખતે અમારા નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે બે વાત ઉપર આપનું ધ્યાન દોરવું છે કે આજે જયારે પ્રશ્નોત્તરીમાં ઘણા બધા સિનિયર ધારાસભ્યશ્રીઓ માહિતી માટે કહે કે આ યોજનાઓની તો ખબર નથી. આ યોજનાઓની માહિતી મળતી નથી. ગુજરાતનો કોઇ ખૂણો બાકી નથી. કોઇ રોડ બાકી નથી. કોઇ શહેર બાકી નથી. અમારા માહિતી વિભાગે ૪૦x૬૦ના મોટા મોટા બેનર લગાવેલા છે અને બેનર ઉપર અમારા આદરણીય નેતાઓના ફોટા લગાવેલા છે, પણ સાહેબ ફોટો જોઇ લે પછી અમારા વિરોધપક્ષના લોકો બાકીનું નીચે શું લખ્યું છે એ વાંચે જ નહીં. અમારો ફોટો ન જૂઓ, અમારા વડાપ્રધાનનો ફોટો ન જૂઓ, અમારા મુખ્યમંત્રીનો ફોટો ન જૂઓ પણ ગરીબોની યોજનાઓની માહિતી જે આપી હોય તેનો તમે અભ્યાસ કરો અને તે માહિતીનો તમે ગામડે ગામડે પ્રચાર અને પ્રસિદ્ધિ કરો. ફાયદો તમને થવાનો છે. તમે પ્રચાર કરશો, પણ ના, સાહેબ. કારણ કે વાત કરીએ તો કહેવું પડે કે આ તો સરકારની યોજના છે. તો લોકો પૂછે કે ભાઇ, સરકાર કોની? તો પછી બોલતા બંધ થઇ જાય. એટલે તો પ્રચાર કરાય ના. એટલે મારી વિનંતી છે. અમારા માહિતી વિભાગ મારફતે જે કંઇ યોજનાઓનો પ્રચાર કરવામાં આવે છે એ ગામડે ગામડે આપણા બધા ચૂંટાયેલા લોકો જો પહોંચાડીશું તો એ ગુજરાતનું જે સૂત્ર છે 'સૌનો સાથ સૌનો વિકાસ'આ દેશના ઇતિહાસમાં લખાઇ જવાનું છે.

માહિતી વિભાગે આ વખતે ૯૬ કરોડ રૂપિયા સોશીયલ મીડીયા મારફતે આપ્યા છે. કારણ કે હવે તમે નહીં વાંચીને પ્રચાર નહીં કરશો તો ચાલશે કારણ કે હવે નેટવર્કીંગ જે મીડીયા, ઇલેકટ્રીક મીડીયા, મોબાઇલ, સોશીયલ મીડીયા, ફેસબુક, ટયુટર આજે એટલું બધું આવી ગયું છે આજે ગામડાઓની અંદર લોકો તમે અમારી યોજનાનો પ્રચાર નહીં કરશો તો પણ ઘરે ઘરે ગામે ગામ અમારી યોજનાઓ પહોંચી જવાની છે. માહિતી વિભાગે છેલ્લા ઘણા વર્ષોથી આ ગુજરાતની અંદર છેવાડાના માનવીને સરકારી યોજનાનો લાભ કેમ મળે એના માટે ખૂબ પ્રચાર અને પ્રસિદ્ધિ કરી છે. આજે ગામડાંની અંદર લોકો ના સમજી શકે, લોકો વાંચી ના શકે, લોકોને એનું હિન્દી અથવા એનું અંગ્રેજી, ગુજરાતી સમજી ના શકે પણ આજે પણ અમારા ગામડાંની અંદર આદિવાસી વિસ્તારમાં માહિતી વિભાગ દ્વારા અમારી ભાષામાં ભવાઇ કરીને, આદિવાસી ભાષામાં નાટકના સ્વરૂપમાં સરકારની યોજનાઓ, મા અમૃતમ યોજનાનો લાભ કેવી રીતે લેવો, બીજી યોજનાઓનો લાભ કેવી રીતે લેવો એ બધું ગામડાંની અંદર બતાવવામાં આવે છે.

આજે ધોરણ-દસ અને બારમાં જે દીકરા દીકરીઓના મા-બાપને અમારો દીકરો દસમું બારમું પાસ થશે તો અમારે શું કરવું, બહુ મોટો પ્રશ્ન મુંઝવતો હતો એના માટે પણ આ સરકાર દર વર્ષે રીઝલ્ટ આવતા પહેલા એક માર્ગદર્શીકા, પુસ્તીકા દરેક વાલીઓને એના ગામ પહોંચાડે છે, એટલે મારી મારા સભ્યોને વિનંતી

છે કે ખરેખર તમે આ યોજનાઓનો અભ્યાસ કરો, અમારા બહેન કહેતા હતા કે ગામડાંની અંદર દારૂ આપીને ચૂંટણીઓ જીતવામાં આવે છે પણ અમારે તો ચંદ્રિકાબેનને કહેવું છે (અંતરાય) અમારા કરતા વધારે તમે જીત્યા છો પણ એક વાત કહું (અંતરાય) બેન વાત સાંભળો, બેસો બેન. અમારા કરતા વધારે તમે જીત્યા છો, પણ એક વાત આ હાઉસને કહુ છું કે છેલ્લા ત્રણ ટર્મની ચૂંટણીઓ વિધાનસભા, લોકસભા અને ફરી વિધાનસભાની જોજો, આખા ગુજરાતની અંદર, આદિવાસી વિસ્તારની અંદર મતદાનની ટકાવારી ૮૯ ટકા સુધી થઇ છે. એનું કારણ શું? આપણને એમ લાગે કે એનું કારણ ચૂંટણી કમિશ્નરે જાહેરાત કરી એ છે? જો જાહેરાત કરી હોત એના લીધે મતદાન થયું હોય તો શહેરના ભણેલા લોકોએ ખૂબ મતદાન કર્યુ હોત પણ એનું પરિણામ એ છે કે આદિવાસી વિસ્તારમાં રેકોર્ડ બ્રેક મતદાન, ઉંચી ટકાવારી, અંબાજીથી ઉમરગામ સુધી, અમારો આદિવાસી ગામમાં રહેતો થયો. કેમ રહેતો થયો, આ સરકારે એને વીજળી આપી, એ સરકારે એને સિંચાઇની સુવિધા આપી, સરકારે એને શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરી, સરકારે રોજગારી ઉપલબ્ધ કરી, ગામડા ખાલી થઇ ગયા હતા આ કોંગ્રેસના રાજયમાં અને તે વખતે ૪૫ ટકા મતદાન થતું હતું. તે પણ પેલું પીવડાવીને, એમને એમ નહોતું થતું. આ વિકાસથી થયું છે અને આ વિકાસને લીધે આજે ગામડાંઓની ટકાવારી આજે ઉંચી થઇ છે. એટલા માટે આપને મારે કહેવું છે કે આજે પરેશભાઇ આવીને બેઠા છે અને કહે છે કે ગામડાંમાં ફાનસ સળગાવવામાં આવે છે, દીવા સળગાવવામાં આવે છે. દેડીયાપાડા કે ઉમરગામ કે અંબાજીના બજારમાં આદિવાસી વિસ્તારમાં જાવ, કોઇ ફાનસ શું દીવો વેચાતો નથી મળતો. દીવાળીની અંદર આદિવાસી હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે દીવા કરવા માટે કોડીયા મૂકવાના હોય એ પણ બનતા નથી, એ પણ બંધ થઇ ગયા. એ પણ લાઇટથી જ અમારા ઉંડાણના ગામોમાં રોશની કરે છે. આવી વીજળીની સુવિધા ખૂબ સારી રીતે ઉપલબ્ધ કરવામાં આવી છે. અમારા કેટલાક સભ્યોએ કીધું હતું કે મુખ્યમંત્રી સાહેબ જે તે વખતે ત્રણ ગામ–ચાર ગામ– પાંચ ગામનું એક એકમ બનાવીશું. સાહેબ એમને ખબર નથી કલસ્ટર બની ગયા છે અને કલસ્ટર બન્યા પછી એટીવીટી બની ગઇ છે અને વિકાસના કામો આજે ગામડે ગામડે થઇ રહ્યા છે. એટલે મારે આપને વિનંતી છે કે કલસ્ટર બની ગયા છે શ્રી જોષીયારાજી, ગામડે ગામડે વિકાસ થયો છે.

**શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહમાં અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચામાં પ્રથમ વખત હું મારી વાત રજૂ કરી રહી છું, ત્યારે આ લોકશાહીના મંદિરને હું વંદન કરું છું અને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું, ટ્રાયબલ પોકેટમાંથી આવું છું અને મારો તાલુકો મોરવાહડફ છે. આ બજેટમાં આદિજાતિ વિકાસ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ કરતાં ૪૪ ટકા વધારા સાથે વર્ષ ૨૦૧૪–૧૫માં કુલ ૧૩૭૭ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે તે ખરેખર બિરદાવવા પાત્ર છે. કોઇપણ રાજ્ય કે રાષ્ટ્ર હોય એનો સર્વાંગી વિકાસ શિક્ષણ વગર શક્ય નથી. આદિજાતિ વિસ્તાર આર્થિક રીતે પછાત છે અને એની નબળી આર્થિક સ્થિતિ વિદ્યાર્થીઓના શિક્ષણની આડે ન આવે તે માટે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રહેવાની, જમવાની અને શિક્ષણની ત્રિવિધ પ્રકારની મફત સુવિધા પૂરી પાડી તેઓ ઉચ્ચ શિક્ષણ મેળવે અને અન્ય જે શિક્ષિત લોકો છે તે સમાજની હરોળમાં ઉભા રહી શકે તેવા શુભાશયથી રાજ્ય સરકારે આદિવાસીઓના છેવાડાના વિસ્તારમાં આદર્શ નિવાસી શાળાની યોજના અમલમાં મૂકી છે. આવી ૪૪ આદર્શ નિવાસી શાળા ચાલે છે. હાલ રાજ્યમાં વર્ષ ૨૦૧૪–૧૫માં ચાલું શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૯ થી ૧૨ માં કુલ ૫૬૭૯ બાળકો ત્યાં અભ્યાસ કરીને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહ્યા છે.

મારે શિક્ષણ વિશે કહેવું છે અને કહેતા આનંદ થાય છે કે આ સરકારે અનુસૂચિત જનજાતિના ધોરણ ૬ થી ૧૨માં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓ નામાંકિત પ્રાઇવેટ શાળામાં પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકે તે માટે ટેલેન્ટ પુલ યોજના માટે અગાઉ ૬૦ હજારની જોગવાઇ કરી હતી તે અત્યારે ૮૦ હજારની જોગવાઇ કરી છે તે અભિનંદનને પાત્ર છે. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં પ્રાથમિક શાળા હોય છે ત્યાં દીકરા–દીકરીઓ બન્ને

સાથે અભ્યાસ કરે છે, પણ  માધ્યમિક શાળા હોય છે એ ઘરથી દૂર હોય એના કારણે દીકરીઓનું શિક્ષણ પ્રાથમિક કક્ષાએ અટકી ન જાય તે માટે સરકારશ્રી દ્વારા વિદ્યા સાધન સહાય યોજના હેઠળ ધોરણ ૯માં ભણતી ગરીબી રેખા નીચે જીવતી અનુસૂચિત જનજાતિની કન્યાઓને મફત સાઇકલ ભેટ આપવામાં આવે છે. એના માટે ૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

આ વાત મને કહેતા ગૌરવ થાય છે કે આદિજાતિ વિસ્તારમાં પછાત બાળકોમાં જે પોષણક્ષમતા ઓછી હોય છે તેવા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે બાળકોને દરરોજ ૨૦૦ એમ.એલ. ફ્લેવર્ડ મિલ્કની દૂધ સંજીવની યોજના અમલમાં મૂકી છે. મારે કહેવું છે કે સામેના પક્ષેથી ચંદ્રિકાબેન કહેતા હતા કે, દાહોદમાં કુપોષિત બાળકો માટે મુખ્યમંત્રીશ્રી દોડીને આવ્યા હતા. મારે કહેવું છે કે આ બાળકોના કુપોષણની વાત છે એ ભાવાત્મક અને સંવેદનશીલ વાત છે. આ સરકાર માટે પોતાની કટિબદ્ધતા અને સંવેદનશીલતાનો પ્રશ્ન છે ત્યારે આજે અધિકારીઓ અને કર્મચારીઓ પણ બીજાના બાળકોને પોતાના બાળકો સમજીને તેમની પાછળ પોતાના બાળકો હોય એ રીતે પોતાનો સમય અને યોગદાન આપે છે. આ સરકાર કર્મયોગીની સરકાર છે અને કર્મયોગી પદ્ધતિથી ચાલે છે તેના કારણે સરકાર સાથે કર્મચારી પણ સંવેદનશીલ બન્યો છે. આ વિષય અંગે બહેનશ્રીને ખબર નહીં પડે. રાજ્ય સરકારે ટ્રાયબલ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણને ખૂબ જ મહત્વ આપ્યું છે. ટ્રાયબલ વિસ્તારમાં વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં વાતચીત સારી રીતે કરી શકે, ઉત્તરોત્તર એમાં સુધારો થાય એ માટે સેટકોમ પોગ્રામની શરૂઆત ૨૦૦૯માં આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત સ્કુલોમાં કરવામાં આવી હતી અને હાલમાં આ પોગ્રામ હેઠળ ગુજરાત રાજ્યના ૧૩ આદિજાતિ જિલ્લાઓમાં ૨૦૦ જેટલી શાળાઓમાં અભ્યાસ કરતા ૯૦૦૦ જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યાં છે જે ખરેખર બિરદાવવાને પાત્ર છે.

Gujarat State Tribal Development Residential Education Society દ્વારા આદિવાસી વિસ્તારમાં કુલ ૮૫ શાળાઓ ચલાવવામાં આવે છે અને એમાં ૨૯ એકલવ્ય Model Residential School, ૪૩ એકલવ્ય Residential School અને ૧૨ જેટલી Model school અને ૧ Sainik School ચલાવવામાં આવે છે. આ શાળાઓ છે એના દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે કાર્યરત છે. વર્ષ ૨૦૧૩–૧૪માં  ૭૦૦૦લાખની જોગવાઇ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૪માં તેનાથી વધારે ૭૧૪૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી હર્ષદકુમાર માધવજીભાઇ રિબડિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે સૌ પ્રથમવાર આ ગૃહમાં ઊભો થયો છું ત્યારે ગૃહને વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય સદસ્યશ્રીઓએ વિકાસની બહુ વાતો કરી છે. હું સદસ્યશ્રીઓને કહેવા માગુ છું કે હું પેટા ચૂંટણીમાં હમણાં જ વિસાવદર વિધાનસભા વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યો છું. એ વિસ્તારની અંદર તમે આવો તો વિકાસની તમને ખબર પડશે. એ વિસ્તારે તમને સૌ પ્રથમવાર બે બે વાર મુખ્યમંત્રી આપ્યાં છે, એ વિસ્તારે તમને રાજ્ય કૃષિમંત્રી આપ્યાં છે. એ વિસ્તારની અંદર જૂના જમાનાનું દવાખાનું છે. એ દવાખાનાની અંદર એકજ ડોકટર છે. કોઇનો ડિલિવરી કેસ આવ્યો હોય કે કોઇને ઊલ્ટી થાતી હોય તો ૪૨ કિલોમિટર દૂર જૂનાગઢ હોસ્પિટલે રિફર કરવામાં આવે છે, આને વિકાસ કહેવાનો છે? મારા વિસ્તારની અંદર એસ.ટી.ડેપોની માગણીમાં આંદોલનો કરી કરીને કેટલાય વડિલો શહિદ થઇ ગયા, કેટલાય યુવાનો (અંતરાય) મને ખબર છે કે આ વિસ્તારની અંદર જો તમે એસ.ટી.ડેપો ના કરી શક્યા હોય, તમે બે બે વાર મુખ્યમંત્રી આ વિસ્તારમાંથી બનાવ્યાં છે ત્યારે મારે એ વિસ્તારની અંદર ઘણું કહેવું છે, પણ મારો મૂળ પ્રશ્ન એ છે કે આવનારા બજેટની અંદર માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમથી ખેડૂતોના ઊભા પાકને રોઝ અને ભૂંડ દ્વારા કરવામાં આવતી નુકસાનીમાં બજેટ દ્વારા જોગવાઇ થાય તે બાબતે સરકારશ્રીનું ધ્યાન દોરવા માગુ છું.  રોઝ અને ભૂંડ દ્વારા ગુજરાતના ખેડૂતોને ભારે નુકસાન થઇ રહ્યું છે. રાત–દિવસ બિચારો ખેડૂત કાળી–

મજૂરી કરીને પોતાના પાકનું જ્યારે રક્ષણ કરી રહ્યો હોય એમાં જો એક ઝોલું આવી જાયને તો આ રોઝડા અને ભૂંડડા દ્વારા આ ખેડૂતોના ઊભા પાકનો કચ્ચરઘાણ કરી નાંખવામાં આવે છે. એ ખેડૂત બિચારો ૧૦ વિઘાનો ખેડૂત હોય, એને બીજો કોઇ આજીવિકાનો આધાર ના હોય, એને કોઇ બીજું કારખાના ના ચાલતા હોય એનું સમગ્ર ગુજરાન ૧૦ વિઘાની ખેતી ઉપર હોય છે ત્યારે એક ઝોકું આવવાથી એની ૧૦ વિઘાની ખેતીના પાકનો જો કચ્ચરઘાણ નીકળી જાતો હોય તો હું એ કહેવા માગું છું કે અહીંયા એની આખા વર્ષની કમાણી એની ૧૦ વિઘાના ખેતર ઉપર જો એ માણસ કરતો હોય તો આપણી જ આખા વર્ષની કમાણી કોઇક લઇ જાય તો આપણને કેવું દુ:ખ થાય? ત્યારે આપના માધ્યમથી હું કહેવા માગુ છું કે, આ રોઝ અને ભૂંડ, વન્ય પ્રાણીઓ કોઇ એક્સીડન્ટમાં જો મૃત્યું પામે ખેડૂતના ખેતરમાં તો વન વિભાગ દ્વારા ખેડૂતોને વન્ય પ્રાણી સંરક્ષણ ધારાની કલમ-૨(૧૬), ૯(૫૧)માં ફિટ કરી દેવામાં આવે છે. આ કલમની અંદર પચીસ હજારનો દંડ અને સાત વર્ષની જેલની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્દોષ ખેડૂતોને એમાંથી બચાવવા માટે સરકાર શું વિચારે છે ? એ બાબતે પણ હું કહેવા માગુ છું. વન્ય પ્રાણીઓ દ્વારા અમારા કિસાનોને, અમારી એક લાખની ભેંસ હોયને એને જો વન્ય પ્રાણી દ્વારા મારણ કરવામાં આવે તો એનું વળતર ફકત પાંચથી નવ હજાર રૂપિયામાં આવે છે. મારી એંસી હજારની કિંમતની ગાય હોય અને એનું મારણ કોઇ સિંહ કે દિપડા દ્વારા કરવામાં આવે તો એને અઢી થી પાંચ હજાર રૂપિયા ફક્ત વળતર આપવામાં આવે છે. અમારો ચાળીસ હજારનો બળદ એનું જો સિંહથી મારણ કરવામાં આવે તો એનું વળતર ત્રણ થી ચાર હજાર રૂપિયામાં આવે છે. હું કહેવા એ માગુ છું કે, વન્ય પ્રાણી કોઇ ખેડૂતના ખેતરની અંદર જો એક્સીડન્ટ થાય તો એ ખેડૂત ઉપર ખોટી રીતે એને ફસાવીને એની એફ.આઇ.આર. ફાડવામાં આવે છે. ત્યારે આજે વન્ય મંત્રીને હું એ કહેવા માગુ છું કે, વન્ય પ્રાણી દ્વારા ખેડૂતોના માલ ઢોરને જ્યારે મારણ કરવામાં આવે, વન્ય પ્રાણી દ્વારા ખેડૂતના ઉભા પાકનો કચ્ચરઘાણ કરવામાં આવે (સમયસૂચક ઘંટડી) ત્યારે અમારા ખેડૂતોએ કોની પાસે એફ.આઇ.આર. ફડાવવા જવી ? આ પ્રાણીઓ છે એ વન ખાતાના છે. દિપડો અમને ક્યાંક રંજાડ કરી ગયો, અમે પાણી વાળતા હોઇએ, તો અમારે દિપડા ઉપર ફરિયાદ કરવી કે રોઝડા ઉપર ફરિયાદ કરવી?

માનનીય અધ્યક્ષશ્રી, હું એક દિવસ ટી.વી. જોતો હતો, આપણા સંસદ સભ્ય પરેશભાઇ રાવલ એ ટી.વી.માં મને દેખાયા, દિવસે જોતો હતો હું. માનનીય અધ્યક્ષશ્રી, એની એક દુકાન પડી જાય છે, ભૂકંપ આવવાથી દુકાન પડી જાય છે. એટલે એ વિમા કંપનીને કહે છે કે, ભાઇ આ દુકાન પડી ગઇ તો કહે કે, આમાં તમારા લિસ્ટમાં તમે ચેકમાં નથી કે આ ભૂકંપથી પડી છે. તો કહે કે, આ જવાબદારી કોની ? તો એ કહે કે, એ તો ભૂકંપ આવ્યો એ તો ભગવાનની જવાબદારી . માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન ઉપર ફરિયાદ કરે છે. ત્યારે હું આ કેસમાં એ કહેવા માગુ છું કે, આ ભૂંડો અને રોઝડા કોના છે ? વન વિભાગના છે. વન વિભાગ કહે છે કે, અમારા નથી. અમારા રેવન્યુ સર્વે નંબરમાં તમે આવવા જ શું કામ દો છો ? તમારા રોઝડા અને ભૂંડો તમારા જંગલમાં લઇ જાવ, તમને સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપે છે. માટે જો અમારે ફરિયાદ કરવાની થશે તો અમે એફ.આઇ.આર. ફડાવીશું તમારી ઉપર. કારણ કે, જેમ પરેશભાઇ રાવલની વાત, ભગવાન ઉપર ફરિયાદ કરી શકતા હોય તો અમારા ખેડૂતને નુકસાની થશે તો એ જંગલ ખાતા કે, ફોરેસ્ટ ખાતાના જે કાંઇ વિભાગના અધિકારીઓ આવશે એની ઉપર એફ.આઇ.આર. ફાટશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બાબતો કહેવાની છે પણ માનનીય સભ્યશ્રીઓ ગરીબોની બહુ ચિંતા કરે છે તો હું એ કહું છું કે, આ રોઝ-ભૂંડવાળો પ્રશ્ન, બિચારા ખેડૂત રાત-દિવસ મહેનત કરીને તો આની પણ થોડી ચિંતા કરે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય સભાગૃહની અંદર આપની પરવાનગીથી ડાયનેમિક નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ જે ૨૦૧૪-૧૫નું બજેટ લાવ્યા છે તે વિશે વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજ્ય છે કે, જે આપણા ભારત દેશના નવ દરિયાઇ રાજ્યો પૈકીનું એક મહત્વનું દરિયા કિનારાનું રાજ્ય છે. આ ગુજરાતના દરિયા કિનારાની અંદર લાંબામાં લાંબો

૧,૬૦૦ કિલો મિટરનો દરિયા કિનારો ધરાવતું આ ગુજરાત રાજ્ય એક મહત્વનું રાજ્ય છે. આપણા ભારત દેશમાં કુલ ૧૮૫ જેટલા નાના અને મધ્યમ કક્ષાના બંદરો આવેલા છે.જેમાંથી ગુજરાતના દરિયાકિનારા ઉપર ૪૪ બંદરો આવેલા છે. જે કુલ બંદરોના ૨૩ ટકા થાય છે. આ બંદરો પૈકી આપણા કચ્છમાં આવેલું કંડલા પોર્ટ એ મહાબંદર છે જેનો વહીવટ ભારત સરકાર વતી કંડલા પોર્ટ ટ્રસ્ટ હસ્તક છે. એવી જ રીતે દિવ અને દમણ એ બે નાના બંદરો કેન્દ્ર શાસિત છે. આમ ગુજરાત રાજયમાં ૪૧ નાના અને મધ્યમ કક્ષાના અને ખાનગી બંદરો રાજ્ય સરકાર હસ્તક છે. આમ ગુજરાત રાજયમાં કુલ ૪૧ બંદરો પૈકીના ૧૧ મધ્યમ કક્ષાના બંદરો, ચાર ખાનગી બંદરો તેમજ ૨૬ નાના બંદરો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. ગુજરાત અધિનિયમ ક્રમાંક–૩૦/ ૧૯૮૧ અન્વયે મધ્યમ તથા નાના બંદરોનો વહીવટ, સંચાલન અને નિયંત્રણ ગુજરાત મેરી ટાઇમ બોર્ડ હસ્તક મૂકાયેલ છે. આ અધિનિયમ અનુસાર નીચે દર્શાવેલ કામગીરી ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. બંદરો પર માલસામાનની હેરાફેરી કરવી, બંદરો પર જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી, બંદરો પરથી મહેસૂલ પોર્ટ ડ્યૂટી તથા ચાર્જીસ વસુલ કરવા, મધ્યમ કક્ષાના બંદરો અને લઘુ બંદરોનો વહીવટ, નિયંત્રણ અને સંચાલન ઈન્ડીયન પોર્ટ એકટ મુજબ કરવા, બંદરોના સ્વાસ્થ્યનું નિયમન, અમલીકરણ કરવું અને બંદરોની સીમા મર્યાદા તથા માલસામાન ચડાવવા, ઉતારવા માટેની બંદરો હસ્તકની જગ્યાઓ જાહેર કરવી વગેરે કામગીરી કરવામાં આવે છે. ખાનગી ક્ષેત્ર દ્વારા હજીરા, દહેજ, સિકકા, બેટદ્વારકા, પીપાવાવ, જખૌ, કચ્છ, ઓખા જેવા બંદરોનો રૂ.૮૮૯૮ કરોડના ખર્ચે વિસ્તૃતીકરણનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તદુપરાંત ભાવનગર નજીક અલંગ, સોસીયા અને સચાણા ખાતેના શીપ બ્રેકીંગ યાર્ડની કામગીરી ગુજરાત મેરી ટાઇમ બોર્ડના નિયંત્રણ હેઠળ છે. રાજયના મધ્યમ કક્ષાના ૪૧ બંદરો ખાનગી બંદરો સહિતના તે પૈકીના ૧૩ બંદરોમાં ટ્રાફિક માલસામાનની હેરાફેરી મુખ્યત્વે થાય છે. ગુજરાત રાજયમાં ૨૦૦૧માં ૭૩૧.૮૦ લાખ ટનથી માંડી ૨૦૧૨–૧૩માં ૨૮૭૮.૧૭ લાખ ટન, ૨૦૧૩–૧૪માં ૩૦૯૯.૪૬ લાખ ટન થઇ ટ્રાન્સપોર્ટેશનમાં ઉત્તરોત્તર વધારો થયેલો છે. આમ ગુજરાત રાજય દેશના રાજયકક્ષાના વહાણવટા ક્ષેત્રમાં પ્રથમ સ્થાન ધરાવે છે. સરકારશ્રીની આ દીર્ઘદ્રષ્ટિથી ખાનગીક્ષેત્ર દ્વારા મૂડીરોકાણથી અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પરિણામે ભવિષ્યમાં આયાત નિકાસનો વેપાર દરિયાઇ માર્ગે ખૂબ જ વિકસવાનો છે ત્યારે ગુજરાતના બંદરો ઉપર યોગ્ય સગવડતા ઉભી કરવામાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : અરવિંદભાઇ, બે મિનિટ છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બંદરોને ડેવલપ કરવા માટે ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા ઓદ્યોગિક પોતાની જેટીનું બાંધકામ કરી સંચાલન અને નિભાવના ધોરણો મંજૂર કરવામાં આવ્યા છે. આ બજેટ દ્વારા સર્વાંગી વિકાસ ધ્યાને રાખી ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ સૂત્રને સાર્થક કરવા માટે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ૪૩૫૮.૨૦કરોડ, ગ્રામિણ વિકાસ ૨૩૧૦.૩૦કરોડ, ખાસ વિસ્તાર કાર્યક્રમ ૨૨૩.૮૪ કરોડ, સિંચાઇ અને પુર નિયંત્રણ ૧૩૦૩૫.૨૨કરોડ, ઉર્જા ક્ષેત્રે ૫૦૯૭.૩૫ કરોડ, ઉદ્યોગ અને ખનીજ ક્ષેત્રે ૨૨૨૩.૪૨કરોડ, પરિવહન વાહન વ્યવહાર ક્ષેત્રે ૫૬૩૮કરોડ, સંદેશા વ્યવહાર ક્ષેત્રે ૭૬૧.૫૮કરોડ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રે ૫૪૪.૨૫કરોડ, સામાન્ય આર્થિક સેવાઓ ક્ષેત્રે ૨૨૩૭.૦૯કરોડ અને સામાજિક સેવાઓ ક્ષેત્રે ૩૪૭૮૧.૫૦ કરોડ અને સામાન્ય સેવાઓ ક્ષેત્રે ૧૧૮.૬૫કરોડ આમ કુલ મળી રૂ. ૭૧૩૩૦.૪૪કરોડનું બજેટ જે રાજયના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ લાવ્યા છે તેને હું આવકારું છું અને અનુમોદન આપું છું. આ ગૃહને પણ વિનંતી કરું છું કે આપણે સૌ સાથે મળીને આ સરસ મઝાના બજેટને સર્વાનુમતે સ્વીકારીએ.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૪–૧૫ નું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

હું જ્યારે વિધાનસભાનો એક પ્રતિનિધિ છું. આપણે આપણી આ વિધાનસભાની અંદર આપણા ટેકેદારો, આપણા મિત્રો થકી ચૂંટાયા છીએ, ત્યારે આપણે આપણા વિસ્તારના પ્રાણ પ્રશ્નોની રજૂઆત સારી રીતે કરીએ. માનનીય મંત્રીશ્રી બજેટમાં જે કઇ લાવ્યા છે. એમાં આપણા વિસ્તારની જે કઇ કમીઓ રહી ગઇ હોય. એમાં વખાણ કરો વાંધો નહિ. તમે સરકારમાં બેઠા છો વખાણ કરો. વખાણ કરતા કરતા ટીકાઓ,

સૂચનો સારાં આપો કે આવતા બજેટમાં આટલું કરજો. શિક્ષણની વાત કરું તો ૨૨,૭૭૪ કરોડ કુલ બજેટના ૧૭ ટકા આ વિભાગ માટે ફાળવવામાં આવ્યા છે. માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા શિક્ષણ મંત્રીશ્રી ખૂબ સારા શિક્ષણકાર પણ છે. શિક્ષણની અંદર અખતરા ન હોય. શિક્ષણ સારી રીતે ચાલે, શાંતિથી ચાલે, સારી રીતે શિક્ષકો બાળકોને ભણાવે એવું હોવું જોઇએ, પણ આપે જોયું હશે કે અત્યાર સુધી વાત આવે તમે ૫૦ વર્ષ સુધી કશુ ન કર્યુ. કશું ન કર્યું આ વાત મોટા ભાગે આવે છે, પણ હવાલો તમારા હાથ ઉપર આવ્યો છે. શિક્ષણ એવું હોવું જોઇએ. શિક્ષણ એ જરૂરિયાત છે. શિક્ષણથી આખા સમાજ અને આખા રાજયની પ્રગતિ એના કારણે થતી હોય છે. તમે આજે જુઓ યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. ની એવી ઉચ્ચ લેવલની પરીક્ષાઓ હોય એમાં ગુજરાતી કેટલા પાસ થાય છે. જો સારું શિક્ષણ હોય આપણે ૧૭ ટકા શિક્ષણની પાછળ ફાળવતા હોઇએ તો કેમ વધારે પાસ ન થાય.

પહેલા વાત કરું તો પ્રાયમરી શિક્ષણની અંદર અત્યારે પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે. એમાં જયારે માનનીય તમારા કોઇ અધિકારી આવતા હોય, પદાધિકારી આવતા હોય તે દિવસનું દ્રશ્ય જોવા જેવું હોય છે. સરસ મજાનું બાળક એને તૈયાર કરી ટોપી, તીલક કરીને બાળકને સ્કૂલમાં લાવવામાં આવતું હોય છે, ત્યાર પછી એની કમિટી આખા ગામના છોકરા બધા આવતા હોય. ત્યાંથી આપણો સમય પૂરો થઇ ગયો પછી બાળક કેવી રીતે ભણે છે. શિક્ષકો ભણાવે છે કે કેમ? એની જવાબદારી પૂરી કરે છે કે કેમ? ૧ થી ૭ ધોરણના બાળકોને આજે પણ લખતા-વાંચતા આવડતું નથી. એવું તમે જોજો. હમણા સરકાર એક સરસ મજાનો કાર્યક્રમ લાવી છે. પરેશભાઇ ગામડાની વાત કરતા હતા. ગામડાનું શિક્ષણ કથળી ગયું હોય એવું છે. આ કાર્યક્રમ છે પ્રજ્ઞા વર્ગો. ગઇ વખતે ૭૫૦૦ અને આ વખતે ૮૫૦૦ પ્રજ્ઞા વર્ગો શરૂ કરવામાં આવશે. પ્રજ્ઞા વર્ગો એટલે શું? ભાર વગરનું ભણતર. વિદ્યાર્થી ઘેરેથી જાય તો એણે કોઇ વસ્તુ લઇ જવાની નહિ. એને શાળામાંથી સ્લેટ, પેન આપવામાં આવે. પહેલા ધોરણ સુધી અખતરા કર્યા. આ ચોથા ધોરણ સુધી કરશે. તો જે વિદ્યાર્થી શાળામાં જાય અને કશું જ ન લઇ જાય. શાળાના શિક્ષકો પ્રમાણિકતા પૂર્વક, નિષ્ઠાપૂર્વક કેવી રીતે ભણાવે છે એ તો બધાને ખ્યાલ છે. શહેરની અંદર મા-બાપ હોય અને તેઓ બાળકોને ભણાવવા ખૂબ જ પ્રયત્નશીલ રહે. કે.જી., સિનિ.કે.જી.થી માંડીને ઉચ્ચ લેવલનું શિક્ષણ ભણાવે. આ બાજુ ગામડાના છોકરાને ભાર વગરનું ભણતર. દફતર જ નહિ લાવવાનું. છોકરા ભણે જ નહિ અને મજૂર ન થાય તો બીજું શું થાય. ભવિષ્યમાં મજૂર જ થવાના. એટલે તમે આ એક કરી રહ્યા છો એ ન કરતા, પણ એના કરતા શિક્ષકોની જવાબદારી વધારી દો. જે શિક્ષક ભણાવે છે એ વર્ગના બાળકોને ભણતા ગણતા ન આવડે તો એના ઉપર શિક્ષાત્મક પગલાં લો. બધા ઉત્સવો કરો છો તેમાં શિક્ષકોને દૂર રાખો, તે કાર્યક્રમોમાંથી તેમને દૂર રાખો. શિક્ષકોને તેમનું પોતાનું કાર્ય કરવા દો તો જ સારુ શિક્ષણ મળશે. આપ ગુજરાત મોડૅલની વાત કરો છો તો ગુજરાત મોડૅલ કરતાં કેરાલાનું શિક્ષણનું મોડૅલ અહીં અખત્યાર કરો. સારુ શિક્ષણ આપવું હોય તો કેરાલા જઇ આવો. કેરાલાની અંદર શાકભાજી વેચતી બહેન હોય તે પણ અંગ્રેજી ભણે છે. આજે મારા જેવા ડબલ ગ્રેજયુએટને દસ વાકયો અંગ્રેજીના બોલતા આવડતા નથી. કયાં આપણું શિક્ષણ છે આ? કોઇ શિક્ષણ નથી. એ જ રીતે માધ્યમિક હોય, ઉચ્ચત્તર માધ્યમિક હોય, હાયર જે શિક્ષણ છે તેમાં પણ આ જ તકલીફ છે. આપણે સેમીસ્ટર પદ્ધતિ લાવ્યા. આ પદ્ધતિમાં ત્રણ જ મહિના ભણવાનું. રીઝલ્ટ જલદી આવે નહીં. પરીક્ષાનો અભ્યાસક્રમ સારી રીતે ચાલે નહીં. સ્કૂલ અને કોલેજો પરીક્ષાઓ લેતા લેતા એક અખાડા જેવી જ બની ગઇ હોય. આખું વર્ષ આ જ કરવાનું. ઓછું ભણવાનું, લિમિટેડ ભણવાનું. એટલે આ સેમીસ્ટર પદ્ધતિને વહેલામાં વહેલી તકે વિદાય કરો. સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓ છે તે તમે જોઇ રહ્યા છો. સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓ ધીરે ધીરે મોટા ભાગની બંધ થતી જાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અરવિંદભાઇ રાઠોડ .

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪-૧૫નું બજેટ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ આ ગૃહમાં લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ખાણ અને ખનીજ વિશે મારા વિચારો આ ગૃહમાં રજૂ કરું છું. ધરતીના પેટાળમાં ખાણો અને ખનીજો આવેલી છે, તે કુદરતની સંપત્તિ છે. ધરતીમાંથી કિમતી વસ્તુઓનો ભંડાર આપણને આપણા ગુજરાતમાંથી મળે છે. ધરતીમાંથી કોલસો મળે છે, પેટ્રોલ મળે છે, ગેસ મળે છે, ડીઝલ મળે છે અને પત્થર મળે છે. આવી અનેક ખનીજ સંપત્તિ આ ધરતીના પેટાળમાંથી મળે છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ ચાલુ વર્ષે બજેટની અંદર ૭૨૩૧.૨૮ લાખની જોગવાઇ કરી છે. ત્યારે મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે અંબાજી અને દાંતા ખાતે સ્ટોન આર્ટિઝન માર્બલ પાર્ક બનાવવા માટેની સરકારે જાહેરાત કરી છે. આ સ્ટોન આર્ટિઝન માર્બલ પાર્કમાં સ્ટોનમાંથી મૂર્તિઓ ઘડનારાને તાલીમ આપવા માટે ૭૦૦ લાખની જોગવાઇ કરી છે. એક કવિએ સરસ વાત કરી છે કે ભોજનમાં ભક્તિ ભળે તો પ્રસાદ બની જાય છે, ગીતમાં ભક્તિ ભળે તો ભજન બની જાય, માણસમાં ભક્તિ ભળે તો સંત અને મહાપુરુષ બની જાય. ગાંધીજી, વલ્લભભાઇ પટેલ અને સ્વામી વિવેકાનંદ જેવા સંતો અહીં પાક્યા છે ત્યારે પત્થરને કોઇ સારો કારીગર મળે અને તેની મૂર્તિ બનાવવામાં આવે અને તેમાં ભક્તિ ભળી જાય તો પત્થરની મૂર્તિ ભગવાન બની જાય છે. આવા પત્થરો અંબાજી અને ધ્રાંગધ્રામાંથી મળ્યા છે ત્યારે સરકારશ્રીએ સુંદર આયોજન કરીને વર્ષ ૨૦૧૪–૧૫માં ખનીજ સંશોધન અને ખનીજ વહીવટ માટે કુલ ૫૧૫૩.૮૮ લાખની જોગવાઇ કરી છે. તમામ જિલ્લાની કચેરીઓને આધુનિકરણ કરવા માટે ૧૫૦ લાખની જોગવાઇ કરી છે. એ.ટી.વી.ટી અંતર્ગત માઇન્સ સુપરવાઇઝરની જગ્યાઓ ઉભી કરવા માટે ૬૨.૧૩ લાખની જોગવાઇ કરી છે. નવા જિલ્લા માટેની નવી જગ્યાઓ માટે રૂ. ૧૪૨.૧૩ લાખની જોગવાઇ સરકારશ્રીએ કરી છે. કચ્છ જિલ્લામાં જીઓ પાર્ક સ્થાપવા માટે ૨૬ લાખની જોગવાઇ કરી છે. ખાણ ખનીજ વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ માટે રૂ.૨૫૦૦ લાખની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અધિકારીશ્રીઓ અને કર્મચારીઓના પગાર તેમજ કચેરી ખર્ચ માટે રૂપિયા ૩૨૨.૬૬ લાખની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે. લિઝોની સિસ્ટમ, ઓડિટ અને મંત્રી મોનેટરીંગ માટે રૂપિયા ૧૪ લાખની જોગવાઇ, ખનિજસભર વિસ્તારોમાં પબ્લિક ડોમેઇનમાં મૂકવા માટે ૧૦ લાખની જોગવાઇ, અંબાજી અને ધાંગધ્રા ખાતે સ્ટોન આર્ટીઝન પાર્ક માર્બલ સેન્ડ ઝોનમાંથી મૂર્તિઓ ઘડનાર કારીગરોને તાલિમ આપવા માટે રૂપિયા ૭૦૦ લાખની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે. આંતરરાષ્ટ્રીય સ્ટોન રીસર્ચ સેન્ટર માટે રૂપિયા ૫૦૦ લાખની જોગવાઇ, જી.એમ.આર.ડી.એસ. દ્વારા શોધી કાઢવામાં આવેલ રોયલ્ટી વિઝનમાં કેસોની રકમ પેટે ૧૫ ટકા હિસ્સાની રકમ ચૂકવવા માટે રૂપિયા ૭૦૦ લાખની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે. બિન અધિકૃત ખોદકામ માટે જાહેર જનતા તરફથી છૂપી માહિતી મળી રહે તે બાબત પ્રોત્સાહનરૂપે રોકડ પુરસ્કાર આપવા માટે ૧ લાખની જોગવાઇ રાખવામાં આવે છે. કચ્છ જિલ્લા માટે મોજણી દ્વારા નકશાકામ અન્વયે ખાતા દ્વારા હાથ ધરાતી સંશોધન યોજનાઓ માટે રૂપિયા ૧૫૦૦ લાખની જોગવાઇ, નવી લેબૉરેટરીના ખર્ચ માટે અને નવી લેબૉરેટરીના નવીન સાધનો ખરીદવા માટે રૂપિયા ૨૬૫ લાખની જોગવાઇ કરેલી છે. લેબૉરેટરીના મકાન બાંધકામ માટે ૩૦૦ લાખની જોગવાઇ, ગોડાઉનના બાંધકામ માટે ૩૮ લાખની જોગવાઇ કરી છે. આમ મળીને કુલ વાર્ષિક યોજના માટે માનનીય નાણામંત્રીશ્રીએ ૭૨૩૧.૮૮ લાખની જોગવાઇ કરી છે. આમ આટલી જોગવાઇ આ સરકારે અને માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે ત્યારે આ બજેટમાં જે જોગવાઇ કરી છે એને હું સમર્થન આપુ છું અને મનનીય નાણામંત્રીશ્રીને હું અભિનંદન આપુ છું.

શ્રી કેતન મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને એમના નેતૃત્વ હેઠળ આપણા સન્માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું. આજે મને એક વાત કહેતા બહુ આનંદ થાય છે કે, જ્યારે આ સરકારે ૯ જિલ્લા અને ૨૭ તાલુકા એકદમ અલગ કરીને આપ્યા ગુજરાતની આ જનતાને એનો હું સાક્ષી છું કે સાવલી તાલુકો ભૌગોલિક દ્રષ્ટિએ બહુ મોટામાં મોટો તાલુકો આ ગુજરાત રાજયનો એક ભાગ હતો અને એક તાલુકો હતો. આદરણીય વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબને જયારે મેં વિનંતી કરી કે સાહેબ, મારો તાલુકો ભૌગોલિક દષ્ટિએ બહુ મોટો તાલુકો છે અને એમાં ઘણી અગવડ વહીવટી રીતે પડે છે. માનો નહીં તમે કે એક

મહિનાની અંદર સાવલી તાલુકામાથી દેથડ તાલુકો અલગ આપવાનું કામ આદરણીય વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કર્યું. હું એમના માટે કહું કે ૮.૯.૨૦૧૩ ના રોજ દેથડ તાલુકો અલગ જાહેર કર્યો અને ૧૩.૯.૨૦૧૩ના રોજ મામલતદાર કચેરી અને મામલતદાર ત્યાં અલગ મૂકી આપ્યા માત્ર પાંચ જ દિવસની અંદર. મારે વિપક્ષના સદસ્યોને જણાવવું છે કે, નરેન્દ્રભાઇનું છેલ્લું પ્રવચન જો કોઇએ સાંભળ્યું હોય તો હું તમને એક વસ્તુ કહીશ એમાં સમગ્ર ગૃહને સાહેબે આવરી લીધા હતા અને એમાં એક વાત કરી હતી કે, આજે ગુજરાત મૉડેલ જે બન્યું છે એ ગુજરાત મૉડેલના તમામ સદસ્યો એક ભાગ છે, તમારું સૂચન પણ અમે ધ્યાનમાં લઇ અને એનું કામ પણ અમે તાત્કાલીક અમલમાં મૂકતા હતા. મારે આ સરકારને અભિનંદન આપવા છે કે, એમણે મોટામાં મોટું કામ તો એક એવું કર્યું છે કે આદરણીય વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ સાહેબ, એમણે વિપક્ષ જ નથી મૂક્યો. નરેન્દ્રભાઇના કામ એવા હતા કે વિપક્ષ જેવું અત્યારે છે જ નહીં કારણ કે અત્યારે વિપક્ષને પણ વિપક્ષની ભૂમિકા ભજવવી પડતી હોય છે પણ એ જાતે પણ જાણે છે કે અમારે કંઇ બોલવા જેવું આ સરકારમાં ખાસ રહેતું નથી પણ જો આ ન કરે તો એમને પોતાને ફાવે નહીં. આ બજેટમાં ડાયરેકટ પબ્લિક ટચ પબ્લિકને જે બેનીફીટ મળે એ આ નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એ તમને ઉદાહરણરૂપ કહું કે જે બી.પી.એલ. લાભાર્થીઓને અત્યાર સુધી માં અમૃતમ યોજનાનો લાભ મળતો હતો એની અંદર ઘણી સમસ્યાઓ એવી હતી કે બી.પી.એલ. લાભાર્થી સિવાય પણ બીજા કોઇને કેવી રીતે લાભ અપાય.

હું નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું કે એમણે મહિલાઓ અને ૨૧ વરસની ઉંમર સુધીની દરેક વ્યક્તિને મા અમૃતમ્ યોજનાનો લાભ મળી શકે છે. એ ડાયરેક્ટ પબ્લિક ટચ કહેવાય. આ પૈસા ડાયરેક્ટ પબ્લિક જોડે જાય છે એના માટે હું નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. વચન આપ્યું હોય અને વચન જો પાળ્યું હોય એવું જો ઉદાહરણ હોય તો ૨૦૧૨ની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કાચા મકાનોને પાકા મકાન બનાવી આપવાનું વચન આપ્યું હતું ૩ લાખ લોકોને આવરી લઇને ૩ લાખ કુટુંબોને આ કાચા મકાનના પાકા મકાનોની યોજનાની આ વખતે નાણામંત્રીશ્રીએ જે જોગવાઇ કરી છે એ માટે હું નાણામંત્રીશ્રીને ફરી એક વખત અભિનંદન આપું છું. બીજી એક વસ્તુ તમને કહું કે મેં તમને જે દેથડ તાલુકાની વાત કરી, આ તાલુકાની અંદર આજે મેં તમને જે કહ્યું કે તાલુકો જુદો પડી ગયો મને લાગે છે કે ત્યાં આઠ મહિના પછી એનું ઓપનીંગ પણ થશે. તો વિચાર કરો કે આટલું વહેલું જો પરિણામ મળતું હોય તો એ પરિણામ ભારતીય જનતા પાર્ટીની આ સરકારને મળે છે.

બીજી એક વાત તમને કહુ કે હું જ્યારે ચૂંટાઇને આવ્યો ત્યારે દરેક સદસ્યની એક માગણી હતી કે ભાઇ આપણી ગ્રાન્ટ જે ૫૦ લાખ રૂપિયા છે એ વધારીને એક કરોડ રૂપિયા કરો હવે આ સૂચન હતું ગઇ વખતના બજેટનું આ સરકારે આ વખતના બજેટમાં ડાયરેક્ટ ડબલ કરીને એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ કરી નાંખવાની વાત કરી છે એ માટે હું આપણા બધાય વતી આ સરકારને અભિનંદન આપું છું. એ.ટી.વી.ટી. ગ્રાન્ટ, એ.ટી.વી.ટી.નું આયોજન, તમે એક વસ્તુ વિચારો કે દરેક જગ્યા પર બે તાલુકા દીઠ એક પ્રાન્ત અધિકારી. સરકાર આ જે નીતિ લાવી છે એનાથી સીધો ફાયદો એ થાય છે કે ડાયરેકટ કલેકટર કચેરીની અંદર લોકોને ધક્કા ફેરા ખાવા પડતા હતા એની જગ્યાએ પોતાના જ તાલુકાની અંદર ડાયરેક્ટ પ્રાન્ત અધિકારીને કલેકટરશ્રીની સત્તા સોંપવામાં આવી છે અને બધાજ કામ પ્રાન્ત કરી શકે એવી એક જોગવાઇ કરવામાં આવી છે. તેથી આ બધી વસ્તુને લઇને આપણે એવું જોઇ શકીએ છીએ કે ભાઇ આ સરકાર ખરેખર નાનામાં નાના માણસની ચિંતા કરે છે.

મને બીજી એક વસ્તુ કહેતા પણ આનંદ થાય છે કે, ખેડૂત ખાતેદારોને મહેસૂલી રેકર્ડની નકલ જે માત્ર તેઓને તેમના જે તે તાલુકાના ઇ–ધારા કે ઇ–ગ્રામની ઓફિસેથી મળતી હતી પરંતુ હવે સમગ્ર રાજ્યની અંદર ગમે તે ઇ–ધારા કે ઇ–ગ્રામ કેન્દ્ર હોય ત્યાંથી કોઇપણ માણસ કલેકટ કરી શકશે. આવી યોજનાઓ ગુજરાત સરકાર જ કરી શકે અને ગુજરાત રાજ્યમાં જ શક્ય છે. બીજી એક વાત કહુ કે સ્વચ્છ ગામ સ્વાસ્થ્ય યોજના એટલે ગામડાને સ્વચ્છ કરવા એની પાછળ નાણામંત્રીશ્રીએ ૬૬ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મને એ વસ્તુનો પણ આનંદ થાય છે કે નાનામાં નાનું ગામ સ્વચ્છ રહે અને નાનામાં નાના ગામની અંદર એ પૈસા વપરાય

એના માટે આપણી આ સરકારે ખરેખર ખૂબ નાનામાં નાની ચિંતા કરી છે. બીજી એક વાત આપને કહું કે ગુજરાતની પ્રજા ખૂબ બુદ્ધિશાળી છે, ખૂબ હોંશિયાર છે. આ ગુજરાતની જનતા માટે દરેક જણ એવું કહે કે હિંમતવાન અને બુદ્ધિશાળી જનતા જો હોય તો એ ગુજરાતની જનતા છે. તો મારે વધુ ના કહેતા એક વસ્તુ મારે ખાસ કહેવી છે કે, અત્યારસુધીનું શાસન જો ગુજરાતની જનતાને અનુકૂળ આવ્યું હશે અને ગુજરાતની જનતાને આ શાસન પર પૂરેપૂરો ભરોસો હશે તો જ દિવસેને દિવસે પરિણામમાં ફરક આવે છે આ વખતે ૨૬માંથી ૨૬ સીટો આપણી ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીની સરકારને સોંપી છે. તો એ માટે મારે ફરી આ ગુજરાતની જનતાને પણ અભિનંદન આપવા છે. સમગ્ર ગૃહના સભ્યોને પણ અભિનંદન આપવા છે અને આ ગુજરાત મોડેલની અંદર વિપક્ષોનો પણ ફાળો હોય એવું આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી કહે છે પણ તમે સૂચન કરો છોને ગુસ્સે થાઓ છો અને અહીંયા આગળ સૂચનનો અમલ થાય છે અને પ્રજાને તાત્કાલિક લાભ મળે છે એટલે સરકાર તરત જ તમારા સૂચનનો અમલ કરે છે એટલું કહીને મારી વાણીને વિરામ આપું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, લોકપ્રિય માનનીય મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ સન્માનનીય ગૃહમાં ૨૦૧૪-૧૫નું જે બજેટ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ લઇને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું. આ સન્માનનીય ગૃહમાં આ બજેટની અંદર જે જોગવાઇ, ખાસ કરીને મારો મત વિસ્તાર જ્યાંથી હું ચૂંટાઇને આવું છું એ વિસ્તાર આદિવાસી વિસ્તાર હોઇ અને એ વિસ્તારની અંદર આદિવાસી સમાજને ખૂબ અનુકૂળ રહે એવી યોજના મુખ્યમંત્રી મા અમૃતમ્ યોજના આવેલ છે. સમગ્ર આદિવાસી સમાજના મધ્યમ વર્ગના લોકો માટેની સાચા અર્થમાં મા સ્વરૂપે સફળ નિવડેલી યોજના માટે જોગવાઇ રૂપિયા ૧૬૦ કરોડની કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના માધ્યમથી સમગ્ર ગુજરાત રાજયની મધ્યમ વર્ગની અને આદિવાસી સમાજના લોકોને આ યોજના એક મા સ્વરૂપે જયારે મદદરૂપ થતી હોય ત્યારે હું આ નાણામંત્રીશ્રી માનનીય સૌરભભાઇને અભિનંદન આપુ એટલા ઓછાં છે. હું એટલા માટે અભિનંદન આપુ છું કે, કહેવત એમ કહેવાય છે કે માગ્યા વગર મા પણ પીરસતી નથી.

અધ્યક્ષશ્રી : કહેવત હવે રહેવા દો, કહેવત સારી પણ આવે અને જરાક અળખામણી પણ આવે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગરીબી રેખાની નીચે આવતા લોકોને આ યોજનાનો લાભા મળતો હતો પરંતુ હવે ૧ લાખ ૨૦ હજાર રૂપિયાની જે આવકની મર્યાદામાં પણ જેને એનો લાભ મળવાનો છે એ પરિવાર, સમગ્ર પરિવારને જયારે લાભ મળવાનો છે ત્યારે એ યોજનાનો લાભ સમગ્ર છેવાડાના માનવી સુધી પહોંચવાનો છે. મેં કહ્યું તેમ ૧૦૮ જેવી યોજના આ સરકારે આપી, વનબંધુ કલ્યાણ જેવી યોજના આપી, શિક્ષણ ક્ષેત્રે પણ અનેક યોજનાઓ આપી, કૃષિ ક્ષેત્રે, સિંચાઇ ક્ષેત્રે, ગરીબ કલ્યાણ મેળા ૦ થી ૨૦ સુધીના લાભાર્થીઓને આવાસ યોજના જેવી અનેક મહાન ભગીરથ યોજનાઓ પણ આપવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, એથીય વધુ આ સરકારને જયારે એવુ લાગ્યુ કે કાચા ઘરના અને જે બીપીએલમાં સમાવિષ્ટ નહીં થતા એવા લોકોને પણ આ સરકાર તરફથી ૭૪૪ કરોડ રૂપિયા જેટલુ આયોજન કરીને કાચા ઘરને પાકા ઘરની યોજના આપવાનુ આયોજન કરવામાં આવેલ. આ બધી યોજનાના કારણે આપણા લોકલાડીલા આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આજે તેમના આશીર્વાદ પ્રાપ્ત કરી આ દેશના વડાપ્રધાન બન્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય અનેક ક્ષેત્રમાં ખૂબજ ઝડપથી પ્રગતિ કરી રહેલ છે. વિકાસની સાથે સાથે પર્યાવરણીય સંતુલન જાળવી રાખવુ તે પણ એટલુ જ અગત્યનું છે. જેથી કે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં વિકાસ અને પર્યાવરણીય સંતુલન એક સિક્કાની બે બાજુ બનીને ટકાઉ વન વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહે. લોકોનો સહકાર મળી રહે તે માટે વન વિભાગે કેટલીક પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ કરી સ્થાનિક લોકોને પ્રોત્સાહન આપેલ છે. જેમ કે, ૩૩૪૪ જે એફ.એફ કમિટી સામાજીક વનીકરણ વિકાસ

માટેની ૮૧૧ સમિતિઓ, ૩૨૧ ઇકો ડેવલપમેન્ટ સમિતિઓા અને ૩૩૬૫ સહાય જૂથોનું ગઠન કરેલ છે. તેને પણ રોજી આપવાનુ આ વન વિભાગ તરફથી, આ સરકાર તરફથી આયોજન કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ આનંદ થાય છે કે, આ વન વિભાગ તરફથી ૬૩ હજાર જેટલા ખેડૂતોને વન અધિકાર પત્રો આપ્યા છે. આજે તેઓ સારી રીતે ખેતી કરી શકે તે માટે જમીન સમતળ કરવા, સિંચાઇના કામો કરવા, કૃષિ વિષયક સહાય આપવા માટે આદિજાતિ વિભાગમાં ૯ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરી વન વિભાગના ખેડૂતોને ન્યાય આપવાનુ ભગીરથ કાર્ય થયેલ છે. સર્વાંગી વિકાસવાળુ, જનલક્ષી બજેટને આવકારતા મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપી મારુ સમર્થન આપુ છું.

શ્રી શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા (પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુજરાત રાજયના ગૌરવ સમા એવા ઉદ્યોગપતિ નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ચૂંટાયા પછી આ બીજા બજેટમાં જયારે માનનીય સૌરભભાઇ સાહેબનો પત્ર મળ્યો કે આપના વિસ્તારના વિકાસના જે કંઇ કામો હોય એનાં આપ સૂચનો મોકલી આપશો. મેં પણ પત્ર આવ્યો એના બીજા જ દિવસે અમારા આ સી.એલ.પી.ની ઓફિસમાં આવી તાત્કાલિક પત્ર લખ્યો અને મને પણ એમ હતું કે, સૌરભભાઇ સાહેબ, અમારા વિસ્તારના વિકાસ કામોના જે સૂચન છે, ભલે અમે કોંગ્રેસમાંથી ચૂંટાયા હોઇએ, પણ એ એને અગ્રિમતા આપશે પણ જયારે બજેટ રજૂ થયું ત્યારે બજેટના તમામ પાનાં ફેરવી જોયા પણ ક્યાંય દેખાયું નહીં કે આપણા જે સૂચનો હતા એ ક્યાંય લેવામાં આવ્યાં નહીં એનું ખરેખર દુઃખ થયું પણ આવનારા દિવસોમાં પણ નાણા મંત્રીશ્રી કદાચ અમારી વાત ધ્યાને લેશે એવી હું અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારનો ક્રમાંક –૩૩ છે અને આ બજેટના પાન નંબર– ૩૩માં ગૃહ વિભાગના જે બજેટની વાત છે એમાં એક વાક્ય છે કે, ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દેશભરમાં અગ્રિમસ્થાને છે. બીજી વાત છે કે, સુરક્ષા સેતુની કામગીરી આગળ ધપાવવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ. આ બંને વાક્યો ઉપર વાત કરું તો અમારા જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે પણ આપણા ગુજરાત રાજયના ગૃહ મંત્રીશ્રી આદરણીય રજનીભાઇ અમારા પ્રભારી મંત્રી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા મત વિસ્તારના બાજુના ગામમાં એક બળાત્કારનો કેસ બની ગયો. એક સાડા ત્રણ વર્ષની નાની બાળકી ઉપર બળાત્કાર થયો ત્યારે હમણાં જ ગઇકાલે માનનીય સભ્ય શ્રીમતી નિર્મળાબેન વાધવાણી તેમજ બીજા સભ્યશ્રીઓ વાત કરતા હતા કે તમે આવો બળાત્કાર થાય તો તાળીઓ પાડો છો, તો ખરેખર તાળીઓ અમે નથી પાડતા પણ આ મુદ્દો ઉઠે અને આવા જઘન્ય કૃત્ય કરવાવાળાને ફાંસીની સજા થાય એવી હું તો વ્યક્તિગત માગણી કરું છું. અમે આવું કૃત્ય કદી કરતા નથી કે અહીં આવી અમે પાટલીઓ થપથપાવીએ અને કોઇ આનંદ લેતા નથી બેન, પણ અમારી વાત એ છે કે, આવા જઘન્ય કૃત્ય કરવાવાળા સામે પગલાં લેવાં જોઇએ અને શ્રી પ્રદિપસિંહ બાપુ પણ અમારા ત્યાંના પ્રભારી મંત્રી રહેલા છે અને કાયદો અને ન્યાયતંત્ર એમની પાસે છે અને જયારે રજનીભાઇ સાહેબ પાસે ગૃહ વિભાગ હોય ત્યારે બંનેએ આ વિભાગમાં ધ્યાન આપી અને અલગ ફાસ્ટ ટ્રેક કોર્ટ રચી, જેમ દિલ્હીની શિલા દીક્ષીત સરકારે દામિની રેપ કેસમાં તાત્કાલિક આરોપીઓને પકડી અને જેવી રીતે ફાંસીની સજા કરાવેલી એમ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી પણ એમાં પહેલ કરી આ બળાત્કાર કરનાર આરોપી સામે સખત પગલાં લે એવી હું માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબે ૨૦૧૩–૧૪નું જયારે બજેટ રજૂ કર્યું ત્યારે એમને ૫૦૦થી ઓછી વસતિ ધરાવતા ગામડાઓને જોડવા માટે ૨૫૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલી, જયારે માનનીય સૌરભભાઇ સાહેબે એમાં કાપ મૂકયો, કદાચ સૌરભભાઇ સાહેબને ગામડામાં થોડુંક ઓછું બેસતું હશે અને એમને શહેરો પ્રત્યે પ્રેમ વધારે હશે પણ એમાં કાપ મૂકીને ૧૬૦ કરોડ રૂપિયાની

જોગવાઇ કરી. આજે ઘણાં ગામડાંઓ એવાં છે કે, પેટા પરાંઓની અંદર ૫૦૦થી વસતિ ઓછી હોય આવા પેટાપરાંની ૫૦૦થી ઓછી વસતિવાળા ગામડાઓમાં જયારે સ્ટેટ હાઇવે અને એમડીઆરથી જોડાયેલાં ગામડાંઓ હોય, આ ગામડાંઓમાં ચોમાસા દરમિયાન જો કોઇ બાળકો શિક્ષણ લેવા જતાં હોય કે કોઇને આરોગ્ય વિશે કોઇ તકલીફ ઉભી થાય ત્યારે આવાં ગામડાંઓમાંથી જો કોઇ બીમાર વ્યક્તિને લાવવો હોય તો કાં તો એને ઉચકીને લાવવો પડે કાં તો ખાટલામાં બેસાડી, ખાટલામાં નાખી સુવાડી અને સ્ટેટ હાઇવે કે એમડીઆરના માર્ગ સુધી લાવવો પડે. આપણે ભલે રસ્તાઓ પહોળા કરીએ પણ જયાં સામાન્ય ગામડાની પ્રજા છે એને ખાસ કરીને એ જોવાનું હોય છે કે, એમને કંઇ સુવિધા મળે ત્યારે આવા જે એક એક કિલોમીટરના બાકી રસ્તાઓ– જે ગામ જોડાયાં ન હોય એવાં ગામડાંને તાત્કાલિક જોડવામાં આવે એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘરના ઘરની ફોર્મ ભરવાની વાત થઇ. સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓમાં હસી–મજાક થાય, ભલે આપને સત્તા આપી પણ અમે પણ જોયું છે કે જયારે ચૂંટણી અગાઉ કોંગ્રેસે ઘરના ઘરના ફોર્મ બહાર પાડ્યા એટલે તમારા પેટમાં તેલ રેડાયું એટલે તમે ફોટો પાડવાની યોજના દાખલ કરી. અને એ ફોટા પાડવાની યોજનામાં તમારા ગામડાંમાં પરિપત્ર એ સરકારી હોય અને એ પરિપત્ર કરીને સરકારે તલાટીઓને મોકલ્યો અને તલાટી સાથે ગામડાંના મળતિયા સાથે ગયા અને બધાએ જઇને ફોટા પડયા અને આજે પણ એ ફોટા લઇને બહેનો અમારી પાસે આવે છે કે અમને મકાન મળ્યાં નથી. તો અમે કહ્યું કે આ ફોટા મોટા કરીને મુખ્યમંત્રીશ્રીને મોકલાવો તો એના ઓર્ડર થઇને આવશે. તો આજે આવી પરિસ્થિતિ છે ગામડામાં. તો આવી કોઇપણ જાહેરાત થાય તો એની અમલવારી બરાબર રીતે થવી જોઇએ અને આજે આપણે બધા અહીં બેઠા છીએ એ બધા જાણીએ છીએ કે આપણા ઘેર પણ બાથરૂમ એકલું જ ૪૦ હજારનું હશે. તો આ ૪૦ હજારની સહાયમાં મકાન કેવી રીતે થઇ શકવાનાં છે?

અધ્યક્ષશ્રીઃ માનનીય મહેન્દ્રસિંહ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં સરકારની કામગીરી અને સરકારની વ્યાખ્યા કરવામાં આવી છે. પ્રજા ટેકસ ભરે છે અને એ ટેકસ કેવી રીતે પ્રજા સુધી પાછો જાય છે એ હું જણાવવા માગું છું. એમાં એવું કહેવામાં આવે છે કે સરકારી તિજોરીમાં પ્રજાના જમા થયેલા પૈસા એ વિકાસના કામરૂપે લોકો સુધી જાય એ રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી, બસ સેવા આ વ્યાખ્યાને છેલ્લા ૧૩ વર્ષથી ભારતીય જનતા પક્ષની સરકારે યર્થાથ સાબિત કરી બતાવ્યું છે. કોઇપણ પ્રકરની પક્ષાપક્ષી નહીં, કોઇ જ્ઞાતિના કોઇપણ જાતના ભેદભાવ સિવાય છેલ્લા ૧૩ વર્ષમાં માનનીય નરેન્દ્રભાઇ અને અત્યારના માનનીય આનંદીબહેને એ વ્યાખ્યાને પૂરેપૂરી રીતે યર્થાથ સાબિત કરી બતાવી છે. આ બજેટ પણ રજૂ થયા પછી બધા લોકોએ એને આવકાર્યુ છે, તમામ વર્ગના લોકોએ એને આવકાર્યુ છે. વિકાસની તમામ સેવાઓ અને ખાસ કરીને સામાજીક સેવાઓ અને કૃષિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આપણું અર્થતંત્ર એ કૃષિ આધારિત છે અને કૃષિને જેટલી મજબૂત બનાવીશું એટલું અર્થતંત્ર વધારે મજબૂત થશે. છેલ્લા ૧૩ વર્ષમાં ગુજરાત અને આખો દેશ એનો સાક્ષી છે કે કૃષિ મહોત્સવ જેવા અનેક કાર્યક્રમો દ્વારા આ રાજયનું અર્થતંત્ર ભૂતકાળમાં કયારેય નહોતું એટલું સદ્ધર થયું છે. સમાજમાં ૫૦ ટકા વસતિ ધરાવતી મહિલાઓને આ બજેટમાં પહેલી જ વાર મહત્વનું સ્થાન મળ્યું છે એવા બજેટને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૩ વર્ષના ઝડપી વિકાસને વધારે ઝડપી બનાવવા માટેની જોગવાઇવાળું આ બજેટ છે. માનનીય નરેન્દ્રભાઇના ૧૩ વર્ષના શાસનમાં સર્વાંગી વિકાસ અને સમતોલ વિકાસ થયો છે અને એ સમતોલ વિકાસને આનંદીબહેન અને સૌરભભાઇ પટેલના શાસનમાં સોનામાં સુંગંધ ઉમેરવાનું કામ થયું છે અને એના કારણે જ સમગ્ર દેશની પ્રજાએ અમને પહેલી જ વાર સ્પષ્ટ રીતે બહુમતિ આપી હોય તો એ અમારી કામગીરીના આધાર ઉપર આપવામાં આવી છે. દેશમાં પહેલી જ વાર આ સ્પષ્ટ બહુમતિ મળી છે, રાજયમાં તો ૨૦૦૨ માં, ૨૦૦૭ માં અને ૨૦૧૪ માં બહુમતિ મળી છે, પરંતુ પહેલી જ વાર દેશમાં ૨૮૨ બેઠકો સાથેની સ્પષ્ટ બહુમતિ પ્રજાએ અમને આપી છે. ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ બેઠકો મળી છે એ એમને એમ મળી નથી. (અંતરાય) મશીનો નહીં, એ અમારી મહેનતનું પરિણામ છે. એ કૃષિ મહોત્સવ હોય, પતંગ મહોત્સવ હોય, શાળા પ્રવેશોત્સવ હોય કે નવરાત્રી મહોત્સવ હોય અને જયારે ચૂંટણીઓ થઇ

ત્યારે તો તમારી સરકાર હતી એટલે મશીનોમાં કાંઇપણ થયું હોય તો એ તમારું યોગદાન છે. અમારુ યોગદાન નથી. નવરાત્રી મહોત્સવ હોય, રણોત્સવ હોય, ગરીબ કલ્યાણ મેળા હોય, સાગર ખેડૂ યોજના હોય, વનબંધુ કલ્યાણ યોજના હોય આ બધી કલ્યાણલક્ષી યોજનાઓ, વહીવટી સુધારણા, સ્વાગત ઓનલાઇન કાર્યક્રમને તો આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો છે. આ બધા જ કાર્યક્રમો સામાન્ય ગરીબ પ્રજાને દેખાયા પરંતુ સામેવાળાને ન દેખાયા. આ બધા કાર્યક્રમોને કારણે સાથે સાથે એમાં રાજય સરકારની પ્રમાણિકતા અને પ્રજા પ્રત્યેની પ્રતિબદ્ધતા, વહીવટી કુશળતાને કારણે દેશમાં આ પ્રકારની પરિસ્થિતિ ઉભી થઇ. સામેવાળાએ સંતોષ માન્યો ભાજપ કોમવાદી છે, સરકાર સાંપ્રદાયિક છે, સરકાર ઉદ્યોગપતિઓની છે. ગોધરામાંથી બહાર જ ન આવ્યા, પ્રજાને પહેલા કામ દેખાયા જયારે તેઓ ૧૪ વર્ષ સુધી ગોધરા ભૂલી શકયા નહિ, પ્રજાએ આ પસંદ ન કર્યું, પ્રજાએ તેમને જવાબ આપ્યો. અમે નરેન્દ્રભાઇના ભવ્ય વારસાને આ બજેટ દ્વારા આગળની કામગીરી ભવ્યતાથી ભવ્ય કરવા માગીએ છીએ એનો આ પુરાવો છે. એમા સિદ્ધિઓ છે, સંવેદના છે અને સ્વપ્ના પણ છે. કોઇપણ બજેટમાં ૪૮ ટકા જેટલી સામાજિક સેવાઓનો હિસ્સો હોય તેવું ભાગ્યે જ બનતું હોય છે. આ બજેટમાં આપણે બે પાયાની વસ્તુ ખાસ જોવા મળે છે. કૃષિમાં ૧૮ ટકાનો વધારો જયારે શિક્ષણમાં ૧૭ ટકાનો વધારો. એના કારણે આગળના દિવસોમાં થયું છે એને આગળ વધારવા માટે નર્મદા, સુજલામ સુફલામ, સિંચાઇ સુવિધા, જળ સંચય, કૃષિ ઉત્પાદન, ખેડૂતોની આવક, નવા વાવેતર વિસ્તાર એને આગળ વધારવા માટેનું આયોજન છે. આ બધાજ કામને કારણે આખા રાજયના ગામડાંથી માંડીને શહેરના બધા લોકોના જીવન ધોરણ ઉંચા આવ્યા છે. આજે ગામડાંમાં જઇએ તો બપોરે કૃષિ મહોત્સવ હોય, પ્રવેશ મહોત્સવ હોય બપોરના સમયે સાહેબ મારે ત્યાં આવોને ઘેર એ.સી. છે. આજથી પંદર વર્ષ પહેલા આ સુવિધા નહોતી, શેના કારણે આ થયું છે. આજે એ.સી., ટી.વી. ફ્રીજ ખેડૂત સમૃદ્ધ બન્યો છે એને લાભ મળ્યો છે એટલા માટે એનુ જીવન ધોરણ ઉંચુ આવ્યું છે. એની આવકમાં વધારો થયો છે, સાઇકલ ફેરવનાર માણસ મોટર સાઇકલ ફેરવે છે, મોટર સાઇકલ ફેરવનાર આજે ફોરવ્હીલર, હવે તો નેનો આવી ગઇ છે. ચાર પૈડાવાળા વાહનો આવ્યા છે. હમણાં મારા મુરબ્બીએ કહ્યું પંદર વીસ વર્ષ પહેલા મારા ગામમાં એક પણ સાઇકલ નહોતી આજે ૭૬ ગાડીઓ છે, આ કેવી રીતે થયું છે.

મારી સામેના મિત્રો સરદાર સરોવરની ટીકા કરતા હોય છે. રાજય સરકાર અને સરદાર સરોવરે એક પણ દિવસનો વ્યય કર્યા સિવાય જેટલો પણ સમય મળે છે એ તમામ સમયનો પૂરો ઉપયોગ કરીને શાખા, મુખ્ય નહેર, પ્રશાખા, માઇનોર, સબમાઇનોર એ બધાનું કામ કરીને આ રાજયની ખેતીને સમૃદ્ધ બનાવી છે. માનનીય શકિતસિંહ કહેતા હતા કે બે લાખ હેકટરને પાણી મળ્યું છે. ના બે લાખ હેકટરને નહિ, ૯ લાખ ૭૬ હજાર હેકટરમાં સિંચાઇની સુવિધા થઇ છે અને આ સુવિધા વધારવા માટે આ વખતે આ બજેટની અંદર નવ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગામડું આબાદ તો ખેતી આબાદ અને ખેતી આબાદ તો ગામડું આબાદ, એ લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય નરેન્દ્રભાઇ કહેતા હતા, ગરીબ કલ્યાણ મેળામાં કહેતા હતા કે ગરીબી સામે લડવાનું એક હથિયાર છે એ શિક્ષણ છે. અને એ હથિયારને પૂરેપૂરો ઉપયોગ કરીને આ રાજયની પ્રજા વધારેમાં વધારે સમૃદ્ધ કેવી રીતે બને એ દિશામાં આગળ વધારવા માટે પ્રજાને શિક્ષિત બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા. પ્રયત્નો શરૂ કર્યા પહેલાની સ્થિતિ મારે તમને કહેવી છે. ૨૦૦૧-૦૨માં આ સમાજના માત્ર ૭૫ ટકા બાળકોનું નામાંકન થતું હતું. આઝાદીના ૫૨-૫૫ પછી ૫૫ ટકા બાળકો આ સમાજના શાળાએ જતા હતા એમાંથી પણ ૧ થી ૫ ધોરણ પૂરુ કરે એ પહેલા ૨૦ ટકા બાળકો ઉઠી જતા હતા. ૧ થી ૭ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરે તે પહેલાં ૩૭ ટકા બાળકો ઉઠી જતા હતા. આ પ્રવેશ મહોત્સવ, જેની તમે ટીકા કરો છો, તેના કારણે ૧૨ વર્ષ પૂરા થયા, તો ૭૫ ટકા બાળકોનું નામાંકન થતું હતું, શાળાએ જતા હતા. આજે ૯૯ ટકા બાળકોનું નામાંકન થાય છે. જે ૨૦ ટકા ડ્રોપઆઉટ હતો તે ૨ ટકા થયો છે. જે ૩૭ ટકા ડ્રોપ આઉટ હતો તે ૭ ટકા થયો છે. એટલા માટે રાજયના શિક્ષણ મંત્રી તરીકે મેં એક સ્લોગન આપ્યું છે. ' ૧૦૦ ટકા

નામાંકન અને ૦ ટકા ડ્રોપ આઉટ.' આ સ્લોગનમાં મારે તમારા બધાનો સહકાર જોઇએ છે કારણ કે આ સમાજના બાળકો છે. બધાના બાળકો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળા. આ પ્રકારની યોજના ભૂતકાળમાં તમારી સરકારમાં પણ હતી, પણ તેનો સીધો લાભ ગરીબો સુધી મળતો નહોતો. એ લાભ વચેટીયાઓ લઇ જતા હતા અને હવે સીધેસીધું આયોજન કરીને અધિકારીઓ, મંત્રીઓ, ધારાસભ્યો, તેમાં તમને પણ બોલાવીએ છીએ અને કેટલાક કોંગ્રેસના ધારાસભ્યો આ કૃષિ મહોત્સવ, પ્રવેશ મહોત્સવ અને ગરીબ કલ્યાણ મેળામાં આવે છે પણ ખરા. અમે એમના હસ્તે આ ગરીબ કલ્યાણ મેળાની કીટ્સ અને કેશ અપાવડાવીએ છીએ. એ રકમ માત્ર ચાર વર્ષના ગાળામાં ૧૦૯૮ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન, ૮૧.૨ લાખ લાભાર્થીઓને સીધો લાભ મળ્યો છે અને ૧૨ હજાર ૫ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. તેના કારણે જે ભૂતકાળમાં એ મજૂર હતા એ કડિયા થયા છે. કડિયા હતા એ કોન્ટ્રાકટર થયા છે. જેને ૫-૨૫ હજારની સહાય મળી એ સહાયનો જેણે પ્રમાણિકતાપૂર્વક ઉપયોગ કર્યો તો એ મજૂરી છોડીને કયાંકને કયાંક નાના-મોટા કામમાં જોડાઇને એ દરજી હોય, મોચી હોય, સુથાર હોય, લુહાર હોય, કડિયા હોય તે સદ્ધર થયા છે.

આ બધા જ કામની સાથે સાથે હમણાં બહેન ચંદ્રિકાબહેને દાહોદની થોડી ટીકા કરી. એ કાર્યક્રમમાં એ પણ હાજર હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે મુખ્યમંત્રી બન્યા પછી એક ખૂબ સારો, સમાજલક્ષી અને કુપોષણથી મુક્ત કરવાનો વિચાર જાહેર કર્યો છે. સમારંભોમાં આપણને બધાને હાર-તોરા કરવામાં આવે છે. બુકે આપવામાં આવે છે. આપણે હાર-તોરા આગળ મૂકી દઇએ છીએ. બુકે પાછળ મૂકી દઇએ છીએ. એ ૨૦૦ રૂપિયાનો હોય, ૫૦૦ રૂપિયાનો હોય. મુખ્યમંત્રીશ્રીએ સમાજને અપીલ કરી છે. જે સ્વાગત કરનારા લોકો છે તેને અપીલ કરી છે. એ ૫૦૦ રૂપિયા હારમાં કે બુકેમાં ન ખર્ચતા તેના બદલે કઠોળ લાવજો, ફળફળાદિ લાવજો અને કોઇ ઉદ્યોગપતિ સ્વાગત કરવા આવે તો તેને કહીએ છીએ કે તમે સૂકો મેવો લાવજો. એ કઠોળ, ફળફળાદિ, સૂકો મેવો આવે છે એ, એ જ વિસ્તારની આંગણવાડીઓને ત્યાંથી પહોંચાડી દેવામાં આવે છે. એ દિવસે દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે મને કહેતા આનંદ અને ગૌરવ છે કે ૨૫ લાખ રૂપિયા એક દિવસમાં કેશ અને કાઇન્ડમાં આ કામ માટે મુખ્યમંત્રીને આપવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજના, બધા જ મિત્રોએ ઘણી બધી વાતો કરી છે પણ મારે થોડી વિગતે વાત કરવી છે. આ યોજનાના અમલ પછી રાજય સરકારે અને ઉર્જા વિભાગે સરવે કરાવ્યો છે. જેની દુકાન સાંજે ૬-૦૦ વાગ્યે બંધ થઇ જતી હતી એ દરજી, લુહાર, સુથાર, મોચી, ઠંડાપીણાં, પાન-બીડી ગલ્લાવાળા સામાન્ય માણસ. એ ૬-૦૦ વાગ્યે દુકાન બંધ થઇ જાય, કારણ કે લાઇટ બંધ થઇ જાય. ૨૪ કલાક લાઇટ ચાલુ રહેવાથી તેનો ધંધો રાત્રે ૧૧-૦૦, ૧૨-૦૦ વાગ્યા સુધી ચાલે. નવરાત્રિ હોય, નવું વર્ષ હોય, લગ્નપ્રસંગ હોય આવા સમયે જે દરજીની આવક હતી તેના કરતા ત્રણથી ચારગણી વધી છે. જે મોચી, સુથાર, લુહાર, કડિયાની આવક જે હતી તેના કરતા અનેકગણી વધી છે. જીવનધોરણ સુધારવામાં આ બધા જ કામોથી ખૂબ મોટી સફળતા મળી છે. ગામે ગામ પીવાના પાણી, મધ્યાહન ભોજન યોજનામાં આધુનિકતા લાવી ગરીબ બાળકો ભણતા થયા અને ચોવીસ કલાક વીજળી મળવાને કારણે મોટો સામાજીક ફેરફાર થયો હોય તો એ ફેરફાર એ છે કે ભૂતકાળમાં બોર્ડની પરીક્ષામાં રાજકોટ, સુરત , વડોદરા, અમદાવાદના વિદ્યાર્થીઓ એક થી દસમાં કે એકથી પંદરમાં આવતા હતા. જયોતિગ્રામ યોજના શરૂ થયા પછી એ જ ગ્રેડની અંદર ગ્રામ્ય વિસ્તારના કોઇ તાલુકાના કે ગામડાના વિદ્યાર્થીઓ એ ગ્રેડ મેળવીને એક થી દસ કે વીસમાં આવે છે એનું જો કોઇને શ્રેય જતું હોય તો એ જયોતિ ગ્રામ યોજનાને જાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે અને આ વિકાસલક્ષી બજેટને આગળ વધારવા માટે આ બજેટમાં પણ જોગવાઇ છે.

બેરોજગારીની વાત થતી હતી પણ યુ.પી.એ.ની સરકારના આંકડા અમે અનેક વખત અહીંયા કહી ગયા છીએ, યુ.પી.એ. સરકારના આકડા કે ૧૦૦ બેરોજગારને રોજગારી મળે છે તો એમાં ૭૨ એ ગુજરાત આપે છે અને બાકીના ૨૮ છે એ રેસ્ટ ઓફ ધ કંટ્રી આપે છે. આ વાઇબ્રંટ ગુજરાત, કૃષિ મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ અનેકવિધ કાર્યક્રમો દ્બારા આ સમાજના બેકાર લોકોને એમાંથી રોજી મળે છે. રણોત્સવની વાત કરીએ તો કહે કે તમે તો બધા ફતવા કરો છો. નવરાત્રી મહોત્સવની વાત કરી તો કહે કે ફતવા કરો છો. આ

બધામાંથી નવરાત્રિ મહોત્સવ કર્યો તો દેશવિદેશના લોકો અહીંયા આવ્યા, અહીંયા અઠવાડિયું રોકાયા, ધ લોંગેસ્ટ હોલી ફેસ્ટીવલ ઈન ધ વર્લ્ડ વાંચીને દુનિયાના લોકો અહીંયા આવીને લાખો રૂપિયાનું રોકાણ કરીને ગયા. રણોત્સવમાં ત્યાંનું ધોડવા નામનું ગામ છે, મુસલમાન લોકોનું ગામ છે એ ભૂખે મરતું ગામ હતું, જયારથી આ રણોત્સવની શરૂઆત કરી છે ત્યારથી એ આખું ગામ, બન્ની આખો વિસ્તાર માલામાલ થઇ ગયો છે.

માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આ બધા કામો દ્વારા ગુજરાતને સીધી રોજગારી એ એગ્રીકલ્ચરમાંથી મળી, સોશિયલ સેકટરમાંથી મળી, સર્વીસમાંથી મળી, ઉદ્યોગમાંથી મળી અને આ બધા ઉત્સવો દ્વારા આ સમાજના જે તે ધંધો કરનારા લોકોને પણ રોજગારી મળી છે. ગુજરાત ટેકનોલોજીની દિશામાં આગળ વધી રહ્યું છે અને છેલ્લા બાર–તેર વર્ષની અંદર સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આખા દેશમાં સૌથી વધારે શ્રેષ્ઠ કામગીરી અહીંયા આ ગુજરાતમાં કરી છે અને એના ભાગરૂપે આવતા દિવસોની અંદર ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયૂટ, બાયસેગની સ્થાપના થઇ છે. એણે આખા દેશમાં ખૂબ મોટી ચાહના પણ મેળવી છે અને એના ભાગરૂપે આવતા દિવસોની અંદર ૨૦૧૫માં એક ઇન્ટરનેશનલ સેમીનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગતિશીલ ગુજરાત, માત્ર સો દિવસની અંદર મહિલાઓનું સશકિતકરણમાં કામગીરી, પોષણયુકત ગુજરાત, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન, ગરીબ કલ્યાણ મેળા, મહેસૂલી કાર્ડ અદ્યતન કરવું, સમયબદ્ધ ભરતી, ગુજરાત અર્બન મીશન, કર્મયોગી તાલીમ વગેરે કાર્યક્રમો દ્વારા આવતા દિવસોમાં પણ આ બજેટ આધારીત કામગીરીના ભાગરૂપે આગળની કામગીરી આ રાજય સરકાર કરી રહી છે. આ પ્રગતિશીલ અને વિકાસશીલ બજેટને હું સમર્થન આપું છું.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવું છે, માનનીય શકિતસિંહે જે બજેટ પ્રકાશનમાં શુદ્ધિપત્રક અંગે એક પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો હતો, આ પત્રક નિયમો પ્રમાણે વિધાનસભાના ગૃહમાં વિભાગ દ્વારા પહોંચાડવામાં આવ્યું હતું, એટલે પોઇન્ટ ઓફ ઓર્ડરમાં ફેરફાર થાય એવી વિનંતી.

અધ્યક્ષશ્રી : સવાલ એ છે કે બજેટ રજૂ થયાના ત્રણ દિવસે દેવું કે માગણીઓ ઉપરની ચર્ચા કરતા પહેલા ત્રણ દિવસ દેવું એ છે, આના માટે બન્ને નિર્ણય છે. ભૂતકાળના અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો છે બજેટ રજૂ થયાના ત્રણ દિવસમાં, ત્યાર પછી જે સુધારો કરીને બીજો નિર્ણય આપ્યો છે કે માગણીઓ રજૂ થાય એ પહેલા ત્રણ દિવસે આપવું. માગણીઓ પ્રમાણે બરાબર છે. ભવિષ્યમાં આપણે આ રીતે ધ્યાન રાખશું અને આ જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એની અંદર ડીસીસનની અંદર નીચે નોંધ પણ લખીશું, નીચે નોંધ લખવાની કે બજેટ રજૂ થયા પહેલા નહીં પરંતુ માગણીઓ રજૂ થાય એ પહેલા ત્રણ દિવસમાં આ રજૂ કરવું જોઇએ એવી નોંધ પણ આપણે લખી દઇશું.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૦–૭–૨૦૧૪ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૪**
**આષાઢ ૧૯, ૧૯૩૬ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ ગુજરાતનું જે રીતે બજેટ લઇને આવ્યા છે એમાંય ખાસ કરીને જે મહિલાઓ માટેની રોજગારી માટેની વાત કરી છે અને હું છેલ્લા ચાર દિવસથી સાંભળી રહ્યો છું. માનનીય મંત્રીશ્રીઓ અને શાસક પક્ષના સદસ્યશ્રીઓ આ બજેટને ગુજરાતનું વિકાસ મોડલ, આજે ગુજરાત કેવો વિકાસ કરી રહ્યું છે, આજે ગુજરાત કઇ ગતિમાં જઇ રહ્યું છે એની મોટી મોટી વાતો મેં સાંભળી છે. આજે ગુજરાત મોડલથી ભારત સુધી કદાચ પહોંચી ગયા હશે પણ કયા સંજોગોમાં, કઇ રીતે? વાસ્તવિક ગુજરાતનું મોડલ કેવું છે એ હું વાસ્તવિકતા જણાવું છું. મારે ખાસ કરીને નાણામંત્રીશ્રીને કહેવું છે કે ગુજરાતનું મોડલ કોને કહેવાય જેની અંદર દિનપ્રતિદિન વધારો થાય. ગુજરાત પ્રગતિ કરે તો ચોકકસ આપણને એમ લાગે કે આજે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે. સૌથી પહેલા પાંચ વર્ષના ડેટા જોતા હશો એકંદરે ઘરગથ્થુ ઉત્પાદનના સૌરભભાઇ સાહેબ, આપના માધ્યમથી આપે જે બુકમાં આંકડા આપ્યા છે, એના આંકડા અમે કહીએ છીએ કે પાંચ વર્ષમાં પાંચ ટકા ઘટાડો થયો છે. આ વાસ્તવિકતા છે. (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : શેનો ઘટાડો થયો છે? (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એકંદરે ઘરગથ્થુ ઉત્પાદનમાં એનાથી આગળ વાત કરું. આપણી ઔદ્યોગિક નીતિની વાત કરીએ તો ઔદ્યોગિક વિકાસના સેકટરની વાત થઇ. આપણને એમ થાય કે કદાચ ઔદ્યોગિક ક્ષેત્રે ક્રાંતિ કરી હશે પણ એમાં પણ પાંચ વર્ષમાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. આંકડા જોતાં ૨૦૦૯–૧૦માં ૨૯.૪૦ ટકા હતો તો આજે ૨૦૧૨–૧૩ની અંદર ઘટીને ૨૫ ટકા થયો છે. આ સ્પષ્ટ બતાવે છે. શું આ ગુજરાતનું વિકાસ મોડલ છે? મારે એમને પૂછવું છે. એનાથી આગળ વધીને કહું તો કોઇ મંત્રીશ્રીએ બતાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં ગુજરાતે જબરજસ્ત ક્રાંતિ કરી છે. મારે એમને આંકડા દ્વારા બતાવવું છે. ત્રણ વર્ષના આંકડા જોઇશું તો ૨૦૧૦–૧૧માં ૧૮ ટકા હતા આ સરકારમાં અને ગુજરાતના વિકાસ મોડલમાં ૨૦૧૨–૧૩માં ૧૪.૬૦ટકા થયા એ બતાવે છે કે ચાર ટકાનો એની અંદર ઘટાડો થયો છે. શું આ ગુજરાતનું વિકાસ મોડલ છે? મારે સમજવું છે અને આપણે એમ કહેતા હતા કે ગુજરાતનું મોડલ સમગ્ર દેશમાં ચાલે પણ દેશના સેવા ક્ષેત્રમાં, સમગ્ર ભારતનું ૬૦ ટકા છે અને ગુજરાતનું માત્ર ૪૮ ટકા છે શું આ વિકાસ આપણા ગુજરાતનું વિકાસ મોડલ છે?

મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આટલા ક્ષેત્રમાં ઘટાડો થતો હોય, એકબાજુ ગુજરાતની અંદર દિનપ્રતિદિન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડતી હોય અને છતાં માનનીય નાણામંત્રીશ્રીએ ગુજરાતમાં કેટલો બધો કર નાખ્યો છે ૧૦ વર્ષમાં ગુજરાતના વિકાસ મોડલમાં ૧૮૯ ટકા કરોમાં વધારો કરવામાં આવ્યો છે. આ તમારા આંકડા છે. હું સૌરભભાઇને બતાવીને આવ્યો છું કે હું જેના પર બોલું છું. વેટમાં ૧૦ વર્ષમાં ૪૬૬ ટકા વધારો કર્યો છે ગુજરાત સરકારે. સ્ટેમ્પ ડયુટી નોંધણીમાં ૪૬૧ટકા વધારો કર્યો છે, મોટર વ્હીકલમાં ૧૨૩ ટકા વધારો કર્યો છે.જમીન મહેસૂલમાં ૮૩ ટકા વધારો કર્યો છે. મનોરંજન કરમાં ૧૨૫ ટકા આવા અનેક કરવેરાઓની અંદર આટલો મોટો વધારો કર્યો છે, છતા મને થાય કે આ સરકારે સમગ્ર આખા ભારતમાં ૧ ટકો ૨૦૦૫ માં ટેક્સ લાવ્યા હતા, ત્યારે એવું નક્કી કર્યુ હતું કે એકાદ–બે વર્ષ સુધી આને

ચલાવીશું. આજે ૨૦૦૫ નો ટેક્સ આજે ૨૦૧૪-૧૫ થવા આવ્યા છે. ૧૦-૧૦ વર્ષ સુધી એક ટકો ટેક્સ આ ગુજરાત સરકાર ઘટાડતી નથી, જેના કારણે ગુજરાતના વેપારીઓ જે શેઠ કહેવાતા, ગુજરાતનો વેપારી એક માલિક તરીકે હતો અને ટેક્સ ભારણના કારણે આજે ગુજરાતના વેપારીઓ ગુમાસ્તાથી ખરાબ પરિસ્થિતિની અંદર ગુજરાતમાં રહ્યા છે. આ ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આજે ગુજરાતના વેપારીઓને તનતોડ મહેનત કરવી પડે છે, એટલા માટે કે ટેક્સનું ભારણ સમગ્ર દેશની અંદર ગુજરાતમાં વધારે છે. અને કદાચ મને લાગ્યું હોત કે આટલો બધો ટેક્સ લઇને ગુજરાતે પ્રગતિ કરી હોત. ગુજરાત કદાચ આગળ ગયું હોત તો મને લાગત. જ્યારે જ્યારે નાણા મંત્રીશ્રીઓ આવ્યા છે, ત્યારે બજેટ લાવે ત્યારે એની અંદર વાતો કરે. અમે આટલી ખાધ કરીશું. આ પરિસ્થિતિનું નિર્માણ કરીશું. ગઇ વખતે કહ્યું હતું ૭૦૪ કરોડ રૂપિયાની ખાધ બતાવી હતી. ત્યારે મેં મારા ભાષણમાં કહ્યું હતું કે આ ખાધ ૨૫૦૦ કરોડ રૂપિયા થશે. ૨૦૧૩-૧૪ માં આજે નીતિનભાઇને પૂછો ૨૫૦૦ કરોડના બદલામાં ૨૪૮૯ કરોડ થઇ. નાણા મંત્રી કેવા હોય. એકવાર કહે એમાં નાનકડું વેરીએશન હોય, પણ આટલા બધા કરોડો રૂપિયાનું વેરીએશન હોઇ શકે? અને ૨૩૨૯ કરોડની જે વાત કરી છે. આ મારા શબ્દો લખી રાખજો. આવતી વખતે ૩૫૦૦ કરોડ રૂપિયાથી વધારે આ અંદાજ વાસ્તવિક પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે.

મારે કહેવું છે કે આ દેશની પરિસ્થિતિનું નિર્માણ આટલા કરવેરા છતા ગુજરાતના ઘણા સેક્ટરોમાં આપણે પાછળ જઇ રહ્યા છીએ. તો કયા પ્રકારનું ગુજરાતનું દેવું વધી રહ્યું છે? આજે દિન-પ્રતિદિન દેવું વધતું વધતું ૧ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયાએ આ ગુજરાતનું દેવુ પહોંચ્યું છે. આ કઇ પરિસ્થિતિના નિર્માણમાં આપણે જઇ રહ્યા છીએ, જેના કારણે આ સંજોગો ઉભા થયા છે. મારા મિત્ર વાત કરતા હતા કે ગુજરાતનું એક બાળક જન્મે અને આજે સૌરભભાઇના રાજમાં ૨૮,૦૦૦ ના દેવાદાર સાથે જન્મે, તેવી સ્થિતિ આજે ગુજરાતમાં પેદા થઇ ગઇ છે. કોઇપણ દેશ આ વિકાસ મૉડેલથી જુએ તો ગુજરાતની અંદર પરિસ્થિતિનું નિર્માણ એવું લાગે આ શું વિકાસ મૉડેલ છે? જે રીતે દેવુ વધતું જાય, વ્યાજની રકમ કેટલી વધતી ગઇ. ધીમે ધીમે કરતા વ્યાજ એક સમયે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા વ્યાજ ચુકવવાનો વારો આવશે, તેવી સ્થિતિ ગુજરાતની થવાની છે. ૫૦૦ કરોડ, ૨૦૦ કરોડ અમારી વિધવા બહેનોને આપવાના હોય આ સરકાર સાંભળે નહિ. રાહતના પ્લોટ આપવાના હોય આ સરકાર સાંભળે નહિ. ૨૦-૨૦ હજાર કરોડ રૂપિયાનું દેવુ કયા સંજોગોની અંદર વધી રહ્યું છે. સરકારને વિનંતી કરવાની છે કે આવનારા સમયમાં ઘણા બધા લોકો કહેતા હતા કે આ તિજોરીની અંદર ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ ન થાય કે વિકાસના પૈસા આપવા બાબતમાં પણ રહે નહિ. વહીવટમાં દિન-પ્રતિદિન પગારોમાં ૧૫૦૦ કરોડનો વધારો છે. એવા સંજોગો પેદા થયા છે.

મારે સરકારને ખાસ કરીને કહેવું છે કે આપણે વાતો કરતા હતા કે ખેડૂતોને અમે ચિંતા કરીએ છીએ. આજે ગુજરાતનું વિકાસ મૉડેલ બહારના રાજયમાં જુઓ અને આંકડાની પરિસ્થિતિનું નિર્માણ જુએ. ૨૦૧૨-૧૩ માં ખેડૂતોને ૩૬૦૦ કરોડ રૂપિયા આજે સબસિડી મળતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં મને સમજણ નથી પડતી કે ૧૮ હજાર ગામડાંઓ હોય અને ૭૦ ટકા લોકો ખેતી પર નભતા હોય ત્યારે તેવા સંજોગોમાં દિન પ્રતિદિન ખેડૂતોને સબસિડીમાં વધારો આપવો જોઇએ. આજે એમનો આંકડો કહે છે કે ૨૦૧૩-૧૪માં ઘટાડયા અને ૨૦૧૪-૧૫માં માત્ર ૩૦૦૦ કરોડ રૂપિયા કર્યા એટલે છેલ્લા બે-ત્રણ વર્ષની અંદર ૬૦૦ કરોડ રૂપિયા ખેડૂતોના ઘટાડયા છે. શું આ ગુજરાતનું વિકાસ મૉડેલ છે? આપણને એમ થાય કે આ ખેડૂતો માટેની ચિંતા કરવાવાળી સરકાર છે. ઘણીવાર મનમાં પ્રશ્ન ઉપસ્થિત થતો હોય છે અને આજે મને કહેતાં એમ થાય છે કે, દરેક આવશ્યક ચીજ વસ્તુઓ કે જે સેવાકીય પ્રવૃત્તિ હોય છે તેમાં પણ દિન પ્રતિદિન આ સરકાર ઘટાડો કરતી રહી છે. આજે સરકારમાં ઘટાડાના સંજોગો જોઇએ, આ સરકારમાં ગરીબોની વાત ચોકકસ થાય. ગરીબોના આવાસની યોજનામાં આ સરકારે ૧૫૮ કરોડ રૂપિયા ઘટાડો કર્યો છે. આ ગરીબ લોકો આપની વાતોમાં અને જે તે સંજોગોમાં એમને એમ થયું કે આ સરકાર કંઇક કરશે. આમની કેન્દ્રમાં સરકાર આવશે, ગુજરાતમાં સરકાર આવશે એટલે અમારું કંઇક સારુ કરશે. આ સરકારે ૧૫૮ કરોડનો ઘટાડો કરી બતાવ્યો છે.

નાની સિંચાઇ અને ખેડૂતો માટે ટપક સિંચાઇની પદ્ધતિની વાત થાય છે. તેની અંદર ૨૯૬ કરોડ રૂપિયા આ સરકારે ઘટાડયા છે. આજે વીજળી શક્તિ પરિયોજનાની અંદર ૧૧૩ કરોડ રૂપિયા ઘટાડયા છે. માર્ગ અને પુલોની બધા સભ્યો વાતો કરતા હોય છે. સરકારે આ બધી યોજનાઓમાં ઘટાડયા હશે. આજે ટ્રાફીક વધી ગયો છે. દિન પ્રતિદિન વાહનોમાં આવકો વધી. નીતિનભાઇ સાહેબ આપે તેમાં ૧૬૨ કરોડ રૂપિયા ઘટાડયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની જે યોજના છે તેની અંદર ૭૪ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. આદિજાતિની અંદર આપણને એમ થાય કે સરકાર આમાં પણ કંઇક ચિંતા કરે. આ અંબાજીથી માંડીને ઉમરગામ સુધી આદિવાસીની વસ્તી હોય તેમાં વનબંધુ યોજનાના નામે સરકારે મોટી મોટી જાહેરાતો નિયમ.૪૪ નીચે કરી. ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં મેં જોયું અને તેમાં એમ કહેવામાં આવે કે સરકાર ૧૫ હજાર કરોડ રૂપિયા વાપરવાની છે. ૧૫ હજાર કરોડ રૂપિયા કયા તો જે બજેટમાં વપરાય તે. માત્ર મોટી મોટી જાહેરાતો થાય અને તેના કારણે પરિસ્થિતિનું નિર્માણ એવું થાય છે કે લોકો લોભાઇ જાય છે. તે કહે છે કે ૧૫ હજાર કરોડ અમને મળવાના છે. તે પ્રમાણે લોકો વોટ પણ આપી દેતા હોય છે. વાસ્તવિકતા જયારે જોવામાં આવે ત્યારે પ્રશ્નો દેખાય છે. આ સ્થિતિનું નિર્માણ થયું છે તેના કારણે આજે આદિજાતિમાં પણ ૧૪૫ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. આજે ચિરંજીવી યોજના છે તેની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. મિશન મંગલમ્ યોજનાની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. અમારા દલિત સમાજના ભાઇઓ છે અને દલિત સમાજ માટે આંબેડકર સાહેબનું નામ લઇ મીઠી મીઠી વાતો કરે છે પણ જયારે આપવાની વાત થાય ત્યારે તેમાં આજે ઘટાડો કર્યો છે. ઘણીવાર આપણને એમ થાય કે આ ગુજરાતનું વિકાસ મોડૅલ તે એવા મોડૅલ તરફ જઇ રહ્યું હોત અને વિકાસ કરતા હોત પણ આ બધી યોજનાઓમાં આજે ઘટાડો કર્યો છે. મહત્વની યોજનાની વાત નર્મદા માટેની થાય. અમને ગૌરવ છે કે નર્મદાનું ખાતમૂર્હુત અમે કર્યુ હતું અને આટલા સુધી નર્મદાને પહોંચાડી હોત તો તે અમે કર્યુ હતું. નર્મદાના નામે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ શાંતિ રાખો. એક મિનિટ સાંભળો. ૧૯૬૧માં કોંગ્રેસે જ કર્યુ હતું એમ કહે છે એ. તમે કહેજો ને કે ટાઇમસર પૂરું નહોતુ કર્યુ. બરાબર છે. નીતિનભાઇ બોલે તેમના સામુ નહીં જોવાનું. એક નંબરનું સાંભળવાનું જ નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ એ કહેવું છે કે નર્મદાની યોજનાની અંદર જયારથી કર્યુ ત્યારથી જેટલું કામ થયું તે અમારી સરકારે કર્યું. આજે અમે વિપક્ષની પાટલી પર બેસીને પણ જયારે જયારે નર્મદાનો સાથ સહકાર માગ્યો ત્યારે અમે આપ્યો છે. જ્યારે જ્યારે નર્મદામાં સાથ સહકાર માગ્યો ત્યારે અમે આપ્યો છે. ૨૦૦૫ની અંદર આ સરકારે એમ કહ્યું હતું કે અમે નર્મદાનું કામ પરિપૂર્ણ કરીશું. આજે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સમગ્ર ગુજરાત પછાત થઇ રહ્યું છે એનું સૌથી મોટું જો કારણ હોય તો આ સરકારની બિન આવડતના કારણે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫માં પૂરી ના થઇ અને આજે ૨૦૧૪માં સરકારે મને જવાબ આપ્યો છે કે ૬૬ ટકા કામો આજે નહેરોના બાકી છે. મારે પૂછવું છે અને અંતરાત્માને પૂછીને તેઓ દિલથી એમ કહે કે, આજે પણ નર્મદામાં જે પાણી છે અને જેટલી હદે નર્મદાની હાઇટ છે એટલી હદે આજે પણ આપણે સમગ્ર ગુજરાતના લોકોને પાણી આપી શકાય એવી સ્થિતિમાં છીએ. ભલે કોઇ ગમે તે વાતો કરતું હોય પણ વાસ્તવિકતા આ છે. જયાં સુધી નહેરોના કામ નહીં થાય ત્યાં સુધી કોઇ દિવસ ગુજરાતનો વિકાસ થવાનો નથી, વાતોથી ન થાય અને મારે આંકડા સાથે કહેવું છે કે, આ સરકાર ૯ હજાર કરોડ રૂપિયા વાપરવાની વાત કરે પણ તમે એમના આંકડા જુઓ ૯ હજાર કરોડમાંથી ૩ હજાર કરોડ રૂપિયા તો વ્યાજમાં ચૂકવાય છે. આ રીતે ૩ હજાર કરોડ રૂપિયા વ્યાજમાં ચૂકવાતા હોય ત્યારે બાકીના ૬ હજાર કરોડ રૂપિયામાં પણ આ સરકાર ૫૧ ટકા જ પૈસા વાપરે છે ત્યારે મારે પૂછવું છે કે, આ ૬ હજાર કરોડનું બજેટ અમે સર્વાનુમતે મંજૂર કરીને આપતા હોઇએ ત્યારે આપને કોણ એ પૈસા વાપરતા રોકે છે કે આપ ૫૧ ટકા જ પૈસા વાપરો છો? જ્યાં સુધી આ મહત્વનું નહેરોનું કામ નહીં થાય ત્યાં સુધી વાતોમાં જ માત્ર વિકાસ મોડેલ થશે વાસ્તવિક વિકાસ મોડેલ ના થઇ શકે. આખા દેશમાં હમણા જ ભુપેન્દ્રસિંહ સાહેબ, હું તમને કહું ગુજરાતના મોડેલની આ બધા ગમે તે વાતો કરતા હોય પણ, સોલંકીકાળથી માંડીને આ ગુજરાતનું મોડેલ વિકાસ મોડેલ જ છે અને ૧૨૦૦ વર્ષ પહેલા પણ ગુજરાત વિકાસ કરતું હતું માટે તમે જુઓ છો કે રાણકી વાવ ૧૨૦૦ વર્ષ

પહેલાની છે એને કેન્દ્ર સરકારે હેરિટેઝમાં જાહેર કરી છે આથી જ ખ્યાલ આવે છે કે ૧૨૦૦ વર્ષ પહેલા પણ ગુજરાત વિકાસનું મોડેલ હતું.

મારે કહેવું છે કે, જે લોકો ગુજરાતના વિકાસના મોડેલના નામે કેન્દ્રની અંદર પહોચ્યા છે ત્યારે આજે જે ગુજરાતની સ્થિતિ છે એમાં આ રેલવેનું બજેટ આવ્યું, અમે જોયું, અમારા વખતમાં દસ વર્ષમાં ૧૦ થી ૧૧ ટ્રેનો મળતી હતી આજે આ વિકાસ મોડેલ ગુજરાતને માત્ર ૫ ટ્રેન મળી. હું તમને બધાને કહું છું કે જે દસ વર્ષથી ગુજરાતનો વિકાસ જે પ્રમાણે અહીંયા બતાવતા હતા અને વાતો કરતા હતા અમદાવાદને પશ્ચિમ રેલવેનું વડું મથક બનાવવાની અને હમણા એક માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે ૧૦ કરોડ રૂપિયા અમે કેન્દ્રમાંથી તરત લઇ આવ્યા ત્યારે મારે એમને કહેવું છે કે, કેન્દ્રમાં આપણા અનેક પૈસાઓ છે અને આ વડું મથક બનાવવાના અને એવા બીજા અનેક કામો છે આપ ઝડપથી એ પૂરા કરાવો. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સૌરભભાઇ પટેલને એક વિનંતી કરવી છે કે, રીયાલીટીમાં જો આ પ્રકારનું વિકાસ મોડેલ ગુજરાતમાં હશે તો મારે આપને વિનંતી છે કે, સમગ્ર ૧૨૫ કરોડની જનતાને ખબર પડશે કે ખરેખર આ વિકાસનું મોડેલ હતું? તો જે લોકો આજે ગુજરાતની ઇજ્જત કરે છે એ ૫ વર્ષ પછી પરિસ્થિતિનું નિર્માણ એવું થાય કે ગુજરાતી તરીકે લોકો આપણને ધિક્કારે નહીં એ જોજો એવી વિનંતી.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, જે અંદાજ પત્રની જોગવાઇઓ લઇને આવ્યા છે એમાં ગૃહ વિભાગ માટે રૂપિયા ૧૩૯૮ કરોડના પ્લાન સાથે ૪૦૬૦ કરોડની જે જોગવાઇ કરી છે એને હું અભિનંદન આપુ છું અને એને હું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ૧૫માં અને પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ નીચે પોલીસ દળની ભરતીમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો નીતિ વિષયક નિર્ણય કરવામાં આવ્યો છે એ માટે પણ હું રાજય સરકારને અને ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપુ છું.આ બહુ ક્રાંતિકારી નિર્ણય કરવામાં આવ્યો છે કારણકે જે કોઇ કુટુંબમાંથી ભલે કોન્સ્ટેબલ કક્ષાની ભરતી થાય પણ એમાં જ્યારે એક મહિલા આ હોદ્દો ધારણ કરશે ત્યારે આ સમાજમાં અને કુટુંબમાં લોકો એને માન અને ગૌરવભેર જોશે. મહિલાઓ માટેની લોકોની જે દ્દષ્ટિ છે એ પણ બદલાઇ જશે. ૩૩ ટકા અનામત કરવા માટે હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રી દ્વારા ખૂબજ સારા પગલાં લેવામાં આવી રહ્યા છે, એમાંય ખાસ કરીને દરેક પોલીસ સ્ટેશનની અંદર મહિલા સેલની રચના કરવામાં આવી છે અને ૧૦૭૮ જેટલી જગ્યાઓ આગામી અંદાજપત્રની અંદર મંજૂર કરવા માટેની દરખાસ્ત મૂકવામાં આવી છે.

આ સરકાર મહિલાઓ માટે ખૂબજ સંવેદનશીલ છે. હમણાં હું વિભાગની માહિતી જોતો હતો દેશનું પાટનગર દિલ્હી એમાં આઇ.પી.સી. નીચે જે ક્રાઇમ રેટ છે એ ૧૨૪ છે. મહિલાઓ માટેના જે ગુનાઓ ગુજરાતની અંદર બને છે એનો દર 52 છે એની સામે દિલ્હીમાં ૧૪૬ ક્રાઇમ રેટ છે. આપણું જે રાજ્ય છે એમાં ૧૬૪૦ કિલોમીટર જેટલો દરિયા કિનારો હોવાના કારણે બાર જેટલા કોસ્ટલ મરીન સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે. આગામી બજેટની અંદર મરીન કમાન્ડો ફોર્સ જે બટાલીયન મંજૂર કરવાની દરખાસ્ત મૂકવામાં આવેલ છે અને કોસ્ટલ સિક્યોરિટી માટે ૩૦ બોટ, ૩૨ જીપો અને ૧૨૫ મોટરસાયકલની જોગવાઇ પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એ સરહદી રાજ્ય છે, ગુજરાત સરકારને મારે અભિનંદન આપવા છે કે પાકિસ્તાન સાથેની જે બોર્ડર હતી એમાં ફેન્સીંગનું જે મહત્વપૂર્ણ કામ છે તે પૂર્ણ કરવામાં આવેલ છે. કચ્છ પૂર્વની અંદર ૪૩ કિલોમીટર, કચ્છ પશ્ચિમની અંદર ૬૩ કિલોમીટર, બનાસકાંઠામાં ૮૫ કિલોમીટર અને પાટણમાં ૫૫ કિલોમીટરની ફેન્સીંગ પૂર્ણ કરવામાં આવેલ છે. મારે એ પણ જણાવવું છે કે ગુજરાત સરકાર પોતે ત્રાસવાદને ધ્યાનમાં લઇને ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ કન્ટ્રોલ એક્ટ લાવેલી. આ ગૃહે તેને પસાર પણ કરેલું પણ જે તે વખતની કેન્દ્રની સરકારે આ મંજૂર કરેલ ન હતું. જે પ્રકારનો કાયદો મહારાષ્ટ્રમાં હતો, જે જોગવાઇઓ મહારાષ્ટ્ર સરકારના કાયદામાં હતી તે જ પ્રકારની જોગવાઇઓ ગુજરાતના કાયદામાં સૂચવવામાં આવેલી હોવા છતાં પણ એને મંજૂરી નહિ આપેલી અને આડકતરી રીતે ત્રાસવાદ માટેની જે પ્રવૃત્તિ છે એને નાબૂદ કરવાનો જે કાર્યક્રમ હતો એને ટેકો આપેલો નથી એ બાબતની પણ નોંધ લેવી જોઇએ.

આજે પોલીસદળના આધુનિકરણને મહત્વ આપવામાં આવી રહ્યું છે. આગામી બજેટની અંદર ૧૨૨ કરોડ રૂપિયાની ફાળવણી કરી આપણે આધુનિકરણ કરવા માટે જઇ રહ્યા છીએ. ૪૫૭ જેટલા પોલીસ સ્ટેશનોને જીસ્વાન કનેક્ટીવિટીથી અને ૫૫૮ પોલીસ સ્ટેશનોને કે.વી. બેન્ડનું જોડાણ આપવામાં આવેલું છે. ૩૯ જેટલા બોમ્બ ડિટેક્શન સ્કવોર્ડની સ્થાપના કરવામાં આવી છે. ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પોલીસ તંત્રને આપણે નવા વાહનો આપવા માટેની વ્યવસ્થા કરવાના છીએ. અમદાવાદ જે વિસ્તારમાંથી હું આવું છું એ મેગાસિટી અમદાવાદને પણ મોર્ડનાઇઝેશન કરવા માટે ૧૬.૭૨ કરોડની ફાળવણી કરવા માટે હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું.

ગુનાખોરી નાબૂદ કરવા માટે અને નિયંત્રીત કરવા માટે ફોરેન્સીક સાયન્સનો વિષય ખૂબ મહત્વનો છે, ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. રાજ્ય સરકાર આગામી બજેટમાં ૩૫ કરોડ રૂપિયાની ફાળવણી ન્યાય સહાયક વિજ્ઞાન માટે કરવાની છે. ગાંધીનગરની જે પ્રયોગશાળા છે એ આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડની બનાવવામાં આવી છે. એ ઉપરાંત પ્રાદેશિક પ્રયોગશાળાઓ પણ સ્થાપવામાં આવેલી છે.માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર ગૌમાંસની માટેની વાતો કરનારા ભાઇઓને મારે જણાવવુ છે કે, રાજય સરકારે તેના પરિક્ષણ માટે મોબાઇલ લેબૉરેટરીની વ્યવસ્થા કરેલી છે. અને leopard voice analysis, cyber crime detection system, telephone forensic પધ્ધતિ, brave electrical oscillation signature profiling, automated finger printing, narco analysis જેવા કેસો જે છે તે બધાની વ્યવસ્થા અહીંયા કરવાના કારણે રાજ્ય બહારથી પણ ૩૫૦ જેટલા કેસો ગુજરાતની અંદર મોકલવામાં આવેલા હતા. જે સી.બી.આઇ.માટે આપ વાત કરતા હતા તે સી.બી.આઇ.ના ૨૯૩ જેટલા કેસોની અંદર પણ રાજ્ય સરકારની આ સંસ્થા દ્વારા મદદ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનો અભિગમ લોકોની ભાગીદારી વધારવાનો છે. આ સરકાર લોકો માટે છે અને એટલા જ માટે રાજય સરકારે સુરક્ષા સેતુ સોસાયટીની સ્થાપના કરી છે અને આગામી બજેટની અંદર ૫૦ કરોડ રૂપિયાની ફાળવણી તેના માટે કરવાની છે. પોલીસ અને લોકો વચ્ચે એક સેતુ બંધાય, વિશ્વાસ ઉભો થાય અને પરસ્પર સહયોગથી કામગીરી થાય તે માટે આ સોસાયટીની રચના તમામ જિલ્લા અને પોલીસ કમિશ્નરમાં કરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે, ટૂંક સમયની અંદર આ સોસાયટી દ્વારા ૧૦૪૦ જેટલી મહિલાઓ કે જે ગુન્હામાં સંડોવાયેલી હતી એના પુનઃસ્થાપનના કાર્યક્રમો હાથ ઉપર લેવામાં આવ્યા છે.૧૦૯૧ મહિલા હેલ્પ લાઇન દ્વારા મહિલાઓને સહાય આપવામાં આવે છે અને ૫૦ હજાર જેટલી મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત પોલીસ પ્રત્યે આદર, સન્માન અને વિશ્વાસ ઉભો થાય તે માટે ૫૦ હજાર બાળકોની પોલીસ સ્ટેશનની મુલાકાતની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજયની અંદર ૨૩ હજાર જેટલા પોલીસ મિત્રોની નિમણૂક કરવામાં આવી છે અને તેમની મદદથી ૧૫૦ રકતદાન કેન્દ્રો પણ ઉભા કરવામાં આવેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજય સરકારને અભિનંદન આપવાના છે કે ૧૭ જેટલા નવા પોલીસ સ્ટેશનોની સ્થાપના આગામી વર્ષમાં કરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. ૭ જેટલા સબ ઇન્સ્પેકટરો જે છે તે લોકોને ઇન્સ્પેકટર કક્ષામાં અપગ્રેડ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. ૮ જેટલી નવી આઉટ પોસ્ટ મંજૂર કરવા માટેની દરખાસ્ત કરવામાં આવી છે. જે ભરતીની વાત કરી છે તેમાં ૧૨૩૬ જેટલા મહેકમની પણ મંજૂરી આપવામાં આવી છે. વર્ગ–૧ની ૨૦ જેટલી જગ્યાઓ અધિક્ષકની મંજૂર કરવામાં આવી છે. રાજય સરકારે જે સાત નવા જિલ્લાઓ સ્થાપ્યા છે તેમાં પણ પોલીસ અધિક્ષકની સાત જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે અને ૧૪ જેટલા નાયબ પોલીસ અધિક્ષકની જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવનાર વર્ષની અંદર ૨૫૦ જેટલા પોલીસ સબ ઇન્સ્પેકટરો અને ૩૫૦૦ જેટલા લોકરક્ષકની મંજૂરી આપવા માટેની દરખાસ્ત છે. રહેણાંક અને બિનરહેણાંક માટે પોલીસ હાઉસીંગ નિગમની આપણે રચના કરી છે. પોલીસ આવાસ માટે ૨૯૮ કરોડની ફાળવણી પણ બજેટમાં સૂચવવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાફિકની જે સમસ્યા છે તેના માટે પણ ૫ કરોડ અને ૧૨ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ગૃહ ખાતાની જે દરખાસ્તો અંદાજપત્રમાં સૂચવવામાં આવી છે તેને હું સમર્થન આપું છું અને રાજય સરકારને અભિનંદન આપું છું.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ તે સમગ્ર ગુજરાત માટે ગૌરવનો દિવસ છે. ગુજરાતથી શરૂ કરી કેન્દ્ર સુધી આજે ગુજરાતના પનોતા પુત્ર દેશનું સૂકાન સંભાળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી અને ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તે ૨૦૧૪–૨૦૧૫નું ફેરફાર કરેલ બજેટ એ વર્ષોનું પ્રણાલિકાગત બજેટ નથી. આ બજેટ વાત્સલ્ય, હૂંફ, સંવેદના અને આપણાપણાના ભાવને વ્યકત કરતુ બજેટ છે. કારણ કે ગુજરાતના ઇતિહાસના પાને પહેલીવાર મહિલા નેતૃત્વ સમગ્ર ગુજરાતની પ્રજાને એક પરિવાર કુટુંબની જેમ ધ્યાને રાખીને આ સર્વગ્રાહી બજેટ લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને આ ધરતીના છોરું આપણું ગુજરાત સૌનો સાથ સૌનો વિકાસ, સામાજિક સદ્ભભાવનાના પ્રણેતા, નિરાધારના આધાર, તંદુરસ્ત લોકશાહી અને લોક સશક્તિકરણના માંધાતા તથા વિકાસ પુરુષ, સમરસ ગ્રામ, ગ્રામસભા, તીર્થગામ, જયોતિગ્રામ, ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ તથા ગરીબ કલ્યાણ મેળાના દીર્ઘદ્રષ્ટા પૂર્વ મુખ્ય મંત્રીશ્રી અને દેશના વર્તમાન વડા પ્રધાન માનનીય સન્માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાતને તપ, ત્યાગ, તર્પણ અને સમર્પણ ભાવે કંડાર્યું છે.આ કંડારેલા ગુજરાતને સમૃધ્ધ ગુજરાતનો ઓપ આપવાનું કામ, ગતિશીલ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા શક્તિસ્વરૂપના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી અને આ ગૃહના નેતા માનનીય આનંદીબહેનના નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરવા આગળ વધી રહ્યું છે. આપણા ગુજરાતના માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેને વર્ષોની તડકી–છાંયડી જોઇ છે અને એનો અનુભવ પણ એમણે કર્યો છે. ગ્રામ્ય જીવન હોય, ગ્રામ્ય સમાજ હોય, શહેરી જીવન હોય અને મહિલા જીવન હોય તેઓ એના પ્રત્યક્ષ સાક્ષી રહ્યાં છે અને એટલે જ આ બજેટ એ સર્વગ્રાહી સ્વીકૃતિનું પ્રતિબિંબ પાડતું બજેટ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ બજેટના ૪૩૩૭૯ કરોડ રૂપિયા એટલે કે ૪૮ ટકાથી વધુ બજેટ આર્થિક સામાજિક સેવા મજબૂતાઇ, નારી સશક્તિકરણ, નારી સમાનતા તેમજ ગ્રામ્યલક્ષી આપી ગતિશીલ ગુજરાતને વેગ આપવાની સાથે સામાજિક સંવેદનાના દર્શન કરાવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગ એ આપણી લોકશાહી દેશની ત્રિસ્તરીય બંધારણ વ્યવસ્થા છે. ભારત દેશ એ ગામડાંનો બનેલો દેશ છે. ગ્રામ્ય સંસદ દ્વારા સ્વરાજય પછી સુરાજયની દિશામાં આગળ વધવું, આ દેશને વિકાસ અને પ્રગતિશીલ દિશામાં જોડવો એવું પૂજ્ય ગાંધી બાપુનું એક સ્વપ્ન રહ્યું છે. આજે ગૌરવથી આપણે કહી શકીએ કે, ગુજરાતના માનનીય મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં મિશન મંગલમ, નારી સશક્તિકરણ, નારી સમાનતા, ત્રણ લાખ યુવક–યુવતીઓને નોકરી આપવાના અને દશ લાખથી પણ વધુ પાકા મકાન આપવાનો સંકલ્પ અને એની કૃતનિશ્ચયતા એ સમાજના ગરીબ અને નબળા વર્ગના હૃદય અને ગરીબી માટેની ભાવનામાં સાક્ષી આપતું બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય જીવનમાં કૃષિ અને પશુપાલન દ્વારા સધ્ધરતા લાવી ગ્રામ્ય વિકાસમાં ભૌતિક સુવિધાઓની ઉપલબ્ધતા સાથે પણ ગામડાના વિવિધ વર્ગના સમાજના લોકોને પગભર કરવાનો એમાં આરોગ્ય હોય, પીવાના પાણીના પ્રશ્નો હોય કે ગામ લોકોમાં સરકારી કામકાજ માટે જિલ્લા– તાલુકા સ્તરના વહીવટી તંત્રને પૂરતી સુવિધા આપી અને સંગીન કરવાના પ્રયત્નો હોય. આત્મા ગ્રામ્યનો હોય, જીવન ગ્રામ્ય હોય પણ સુવિધા એ શહેર જેવી મળે એ આ સરકારની કટિબધ્ધતા રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની અનેક વિવિધ યોજનાઓ મારફત કરોડો રૂપિયા બજેટમાં મૂકીને વિકાસ બજેટના દર્શન કરાવવાનું કામ આ સભાગૃહના નેતા અને નાણા મંત્રીશ્રીએ આ સરકારને દીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે પાછલા ત્રણ દિવસથી જે ચર્ચાઓ ચાલી રહી છે એમાં અમારા સામે બેઠેલા વિપક્ષના મિત્રોએ આ બજેટની ટીકા કરી છે કે આ વિકાસશીલ બજેટ નથી, આ ગરીબલક્ષી બજેટ નથી, આ ગ્રામ્યલક્ષી બજેટ નથી. તો જો મારા આ મિત્રોએ નજીકથી બજેટ વાંચ્યું હોત અને સમજયા હોત તો આખેઆખું બજેટ એ ગુજરાતના સમાજને, નબળા અને પછાતવર્ગને, મધ્યમવર્ગને, દલિત, આદિવાસી,

બક્ષીપંચ કે પીડિત કે વંચિત એ લોકોની તેમની વેદનાઓ, તેમની સંવેદનાઓ અને એના ઉદ્ધાર અને ઉત્થાન માટે આયોજન કરેલું આ બજેટ માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે. આ બજેટના સંદર્ભમાં ગુજરાત સરકારે ૧૦ લાખ પાકાં મકાનો આપવાનો જે સંકલ્પ કર્યો હતો એ સંકલ્પના સંર્દભમાં સામા પક્ષના મિત્રો કહેતા હતા કે આ ૧૦ લાખ મકાનો કયાંથી આપશો? તો આજે ગૌરવથી કહી શકાય તેમ છે,સ્વાભિમાનથી કહી શકાય કે ફકત ૨ જ વર્ષના સમયગાળામાં ૭,૨૯,૦૦૦ મકાનો પૂરાં કરીને આ સરકારની કટિબદ્ધતા દિનપ્રતિદીન ગુજરાતના વિકાસની ગતિ આગળ ધપાવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંનો વિકાસ કેવો હોય, ગામડાં કેવાં બને? તો ગુજરાતનું ગામડું એ સાદું અને પરંપરાગત જીવતું ગામડું નહીં, પરંતુ આધુનિક ગામડું બને એ માટે ઇ–ગ્રામ વિશ્વ ગ્રામની યોજના દ્વારા આજે ગામડાંમાં બેઠેલો સરપંચ કે ચૂંટાયેલો પ્રતિનિધ એ વિશ્વ સાથે વાતો કરી શકે છે. એ ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ દ્વારા ગુજરાતના ગામડાંને ૨૧ મી સદી તરફ લઇ જવાની પહેલ કરવાનું કામ ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં દિનપ્રતિદીન આગળ વધી રહ્યું છે ત્યારે આ બજેટના સંર્દભમાં પંચાયત વિભાગમાં અને ગુજરાતના ગામડાના વિકાસમાં માનનીય નાણામંત્રીશ્રી અને ગૃહના નેતાશ્રી જે બજેટ લઇને આવ્યાં છે એને અનુમોદન આપું છું અને એમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અંદાજપત્ર સન ૨૦૧૪–૧૫નું ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને નાણાંમંત્રીશ્રી સૌરભભાઇ પટેલ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને તે અંગે મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયની આબાદી માત્ર તેના ઉદ્યોગ અને ધંધામાં માપી શકતા હોય, પરંતુ પાયામાં ખેતી એ મુખ્ય વસ્તુ છે અને એટલા માટે જ કહેવાતું કે "ખેડ, આતર અને પાણી એ લાવે સમૃદ્ધિ તાણી." તો જે રાજયનું કૃષિ ખાતું એ વ્યવસ્થિત અને આબાદ હોય તો રાજયની આબાદી હોય છે. અમારા ગોંડલ રાજયની વાત કરું તો અમારા રાજા ભગવતસિંહજી એવું કહેતા કે મારા રાજયમાં તો સોનાનાં ઝાડવાં છે. એ સમયમાં સૂવર્ણ જયંતી મહોત્સવ ઉજવવામાં આવતો હતો અને એ સમયે તેમાં અનેક રાજયોના રાજા મહારાજાઓ આવ્યા હતા અને તેમને જયારે કહેવામાં આવ્યું કે દરેક રાજય પોતપોતાના રાજયની વિશેષતા કહે ત્યારે ભગવતસિંહજીએ કહ્યું કે મારા રાજયમાં તો સોનાનાં ઝાડવાં છે અને ત્યારે વાંકાનેરના મહારાજા ત્યાં ઉપસ્થિત હતા તેમણે કહ્યું કે તો એ સોનાનાં ઝાડવાં અમને બતાવો કે કેવાં અને કયાં છે? એટલે મહારાજા ભગવતસિંહજીએ કહ્યું કે આ જે મારા ખેડૂતો અહીં બેઠેલા છે એ જ મારાં સોનાનાં ઝાડવાં છે. એ જ રીતે ગુજરાતમાં આજે ખેતી એટલી બધી સમૃદ્ધ છે કે ૨૦૦૧ માં ૧૪,૭૬૩ કરોડ રૂપિયાની ઉપજ હતી એ ૨૦૧૨ માં ૧,૧૮,૦૯૩ કરોડ રૂપિયાની ઉપજ થઇ છે. એ જ બતાવે છે કે આ રાજયની કૃષિ કેટલો વિકાસ પામી છે, પરંતુ એના પાયામાં પાણી, વીજળી, ઇરિગેશન, પાકી કેનાલો અને નર્મદા બંધ છે.

માનનીય સભ્યશ્રી બલવંતસિંહજી વાત કરતા હતા કે નર્મદાનું ૧૯૬૨ માં ખાતમુહૂર્ત થયું હતું. તો જો આ યોજના સમયમર્યાદામાં પૂરી થઇ શકી હોત તો તો ગુજરાત આજે કયાંય હોત.પણ ૧૯૯૫ સુધી કાંઇ કર્યું નહીં, ૮૫ મીટરની હાઇટ હતી તે આજે ૧૨૧ મીટર સુધીની હાઇટ થઇ હોય તો તે આ ભારત દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીને આભારી છે. આ નર્મદા બંધની ઉંચાઇ વધારવા માટે રાજયના મુખ્ય મંત્રી સહિત સંતો અને મહંતોએ ઉપવાસ ઉપર ઉતરવું પડયું અને તેના કારણે એ વખતની કેન્દ્ર સરકારને ઝૂકવું પડયું અને ઉંચાઇ વધારવા માટેની મંજૂરી આપવી પડી, આ એ વખતની યુ.પી.એ. સરકારની વાત છે. ખેતી સમૃદ્ધ થાય છે ત્યારે ગામડાંમાં આપોઆપ સમૃદ્ધિ આવે છે. આજે ગુજરાતના ૧૮ હજાર ગામોમાં થ્રી ફેઇઝ કવોલીટી પાવર મળતો હોય તો તે રાજયના ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલે આ ગુજરાતને ઉર્જાવાન બનાવ્યું છે અને તેના કારણે આજે નિયમિત રીતે ૮ કલાક થ્રી ફેઇઝ વીજળી મળે છે. આપના રાજયમાં તો બે બે કે ચાર ચાર કલાક વીજળી આવતી હતી અને પાછી જતી રહેતી હતી, વીજળી વેરણ બની જતી હતી, તે આજે વીજળી સ્થિર બની છે અને ૮ કલાક મળતી થઇ છે. ગુજરાતના મુખ્ય પાકો જેવા કે ધાન્ય, તેલીબીયા, કઠોળ અને કપાસનું ઉત્પાદન સો લાખ મેટ્રીકટન સુધી પહોંચ્યું છે આ બધા કૃષિ સમૃદ્ધિના આંકડાઓ છે. તેલીબીયા પાકોના ઉત્પાદનમાં વર્ષ ૨૦૦૧ માં ૧૨.૭૩ લાખ મેટ્રીક ટન ઉત્પાદન હતું તે પાંચ ગણું વધીને

આજે ૭૦ લાખ મેટ્રીક ટન થયું છે, દીવેલા, જીરું, ઇસબગુલના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં આપણે મોખરાનું સ્થાન ધરાવીએ છીએ. ધાન્ય પાકોમાં ગુજરાતમાં ૨૦૧૧–૧૨માં આપણે સૌથી વધુ ઉત્પાદન ૧૦૦ લાખ મેટ્રીક ટન મેળવેલ હતું અને ભારત સરકાર દ્વારા ધાન્ય પાકોમાં સારું ઉત્પાદન મેળવવા બદલ કૃષિ કમાન્ડેશન એવોર્ડ પ્રાપ્ત થયેલ હતો અને તે યુ. પી.એ.ની સરકારે આપેલો છે તમે સમજો, અને જરા જોતા જાઓ, રાજયમાં મગફળી પાક સૌરાષ્ટ્ર વિસ્તારમાં થાય છે અને વર્ષ ૨૦૧૩–૧૪માં પ્રતિ હેકટર ૨૯૨૩ કિલોગ્રામની ઉત્પાદકતા સાથે દેશમાં સૌથી વધુ ઉત્પાદન મેળવવાની સિદ્ધિ ગુજરાતના ખેડૂતોએ મેળવેલ છે. ડૂંગળીના ઉત્પાદનમાં ગુજરાત આખા ભારતમાં પ્રથમ કક્ષાનું રાજય છે કે જે ડૂંગળીનું મોટામાં મોટું ઉત્પાદન કરે છે અને એમાં સૌરાષ્ટ્રમાં દેશના ૮૦ ટકા ડી હાઇડ્રેશન યુનિટ આવેલા છે.

જુનાગઢની કેસર કેરી એકસ્પોર્ટ કરવા માટે સરકારે આખી સુવિધા ઉભી કરી છે અને કેરીના પાકને વધારે સારું ઉત્પાદન મળે તે માટે રાજયએ ઘણી એવી યોજનાઓ કરી છે અને તેના કારણે કેસર કેરી આજે એકસ્પોર્ટ પણ થાય છે. બાગાયતમાં હું મારા મતવિસ્તારની વાત કરું તો વર્ષ ૨૦૧૩–૧૪માં અમારા ધોરાજી વિસ્તારે સારી કામગીરી કરેલ છે. ધોરાજી વિસ્તાર કૃષિ ક્ષેત્રે સૂકા અને અર્ધ સૂકા વિસ્તારની ખેત આબોહવા ધરાવે છે. જેમાં મુખ્યત્વે ખરીફ પાકો તરીકે કપાસ અને મગફળી જેવા પાકો લેવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓના લીધે આ વિસ્તારના ખેડૂતો ચીલાચાલુ ખેતીમાંથી બહાર નીકળી બાગાયત વિકાસ લક્ષી કાર્યક્રમોના કારણે ખેડૂતોના ખેત–ઉત્પાદન અને જીવન ધોરણમાં છેલ્લા દસ વર્ષમાં ઘણો વધારો જોવા મળેલ છે જેની આછેરી ઝલક જણાવું તો ધોરાજી તાલુકાના ઉદકીયા ગામે ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત શ્રી કૈલાસભાઇ દુદાભાઇ ભલાણીએ બે વર્ષ પહેલા પોતાની જમીનમાં સરકારશ્રીની પ્રોત્સાહક સહાયના લીધે ગ્રીન હાઉસ ઉભું કરેલું જેના કારણે શાકભાજીના પાકો, જેવા કે ટમેટા, કાકડી અને મરચાનું બમ્પર એટલે કે અંદાજીત બમણાથી પણ વધારે ઉત્પાદન મેળવી રાજયનો કૃષિ વિકાસ દર વધારવામાં સિંહ ફાળો આપેલ છે. તેમજ રાજયના નાગરિકોની પોષણ સુરક્ષામાં પણ વધારો કરેલ છે.

આ જ રીતે ધોરાજી તાલુકાના ભુતવડ, ભોળા, સુપેડી અને જમનાવડ ગામના ખેડૂતોએ સૌને ગમે એવા ફૂલો જેવા કે ગુલાબ, રજનીગંધા, લીલી, સ્પાઇડર લીલી, ગલગોટા, ખાદલિયા, ગોલ્ડનરોઝ વગેરેની ખેતી કરી અને પોતાના કુટુંબ ઉપરાંત ગ્રામ્ય ખેત મજૂરોને રોજગારી પૂરી પાડેલ છે. તેમજ પોતાના ભાવથી વેચાણ અને સેવા પૂરી પાડેલ છે. જેમાં તેની નવી પેઢીએ ધંધાકીય સાહસીકતા કેળવેલ છે અને સારા એવા નફાની ખેતી કરેલ છે. ધોરાજી ગામના પ્રગતિશીલ ખેડૂત એવા હરસુખભાઇ રાણાભાઇ હિરપરાએ સુગંધિત પાકો જેવા કે પમારોઝા, સીટ્રોનેલા, બ્લેક તુલસી, લેમનગ્રાસ, મેંથા, ખસ, પચોલીની ખેતી કરી પોતાના જ ખેતર ઉપર ગુજરાત સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ લઇ ડીસ્ટીલેશન યુનિટ બેસાડી તેમાંથી સુગંધીત તેલ તૈયાર કરી ઉંચા ભાવે સુવાસનું વેચાણ કરેલ છે. હું તો કોંગ્રેસના મિત્રોને કહું છું કે આપ આવો અને ધોરાજી વિસ્તારમાં જુઓ કે અમારા ખેડૂતો કેવી રીતે ખેતી કરે છે અને સરકારની યોજનાનો લાભ લઇ અને ખેડૂતો કેટલા સમૃદ્ધ થયા છે. ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામના ખેડૂતશ્રી પંકજકુમાર ચીમનભાઇ વેગડાએ આજથી ત્રણેક વર્ષ પહેલા ગુજરાત સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ લઇ બે હેકટરથી પણ વધારે જમીનમાં દાડમ અને જામફળીનું ટપક સાથે વાવેતર કરેલ છે. જેમાં તેમણે ટપક મારફત અછતના સમયમાં પાણી પૂરું પાડવા અંદાજીત ત્રણ લાખ લિટરનો પાણી સંગ્રહનો ટાંકો બનાવેલ છે. જેના કારણે ગુણાવત્તાસભર ઉત્પાદન અને ઉત્પાદકતા મેળવેલ છે અને આજુબાજુના ખેડૂતોને એક નવો રાહ ચીંધેલ છે.

ઉપલેટા તાલુકાના તણસ્વા ગામના ખેડૂતોએ સમૂહમાં બાગાયત ખેતીનું ગૃપ બનાવી ટીસ્યુ કલ્ચર ખારેક, દાડમ અને નવી સંશોધિત બોરની જાતો વાવેતર કરી સૂકા વિસ્તારના ખેડૂતોને બાગાયતી ખેતી તરફ વાળવામાં સહકાર આપેલ છે. આમ ગુજરાત સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ અને દૂરંદેશીના લીધે ખેડૂતો નવી નવી ટેકનોલોજી અપનાવતા થયા અને ગુજરાતના વિકાસમાં પાયાના કાર્યકર થઇ અને વિકાસયાત્રાને સફળ બનાવવામાં સિંહફાળો આપેલ છે.

છેલ્લે એટલું જ જણાવવાનું કે સરકારની કૃષિ નીતિના બળ સ્વરૂપે ખેડૂતોને ખૂબ જ ફાયદો થયો છે એ બદલ સરકારશ્રીને અભિનંદન પાઠવી મારી વાત પૂરી કરું છું.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

ગત ચૂંટણી પહેલા ગુજરાતની છ કરોડની જનતા અચ્છે દિન આવશે તેવી આશા રાખીને બેઠી હતી પરંતુ જયારે ગુજરાત સરકારનું બજેટ આવ્યુ, કેન્દ્રનું રેલ્વે બજેટ આવ્યું અને આજે કેન્દ્રનું બજેટ આવશે. આ બે બજેટ જોઇને તો લોકોની આશા ઉપર પાણી ફરી વળ્યું હોય તેવી લોકોને છેતરામણીની લાગણી દેખાઇ રહી છે.

બજેટ વિશે અહીંયા ઘણી વાતો થઇ. અમારા દંડકશ્રીએ ખૂબ સારી વાત કરી કે આજે ગુજરાતમાં જન્મ લેનાર બાળક ૨૮ હજાર કરોડ જેટલું દેવું માથે લઇને જન્મે છે. આવતા વર્ષે ગુજરાતનું દેવું ૧ લાખ ૭૦ હજાર કરોડ જેટલું થવા જઇ રહ્યું છે. મેં બજેટના આંકડા જોયા તો ચાલુ વર્ષના બજેટમાં એટલે કે વર્ષ ૨૦૧૪–૧૫ ના વર્ષમાં ૨૪૮૯૭ કરોડનું દેવું લેવાનું સરકારે જાહેર કર્યું છે અને એની સામે વ્યાજ અને મુદ્દલની ચૂકવણીની રકમ જોઇએ તો ચાલુ વર્ષે ૨૦૬૪૬ કરોડની થવા જાય છે. આમ જોવા જઇએ તો સાદી ભાષામાં વ્યાજ ચૂકવવામાં પણ દેવું લેવું પડે છે. મેં આપણા દેશના ૧૭ રાજયોના બજેટના આંકડાનો અભ્યાસ કર્યો તો ગુજરાતનું મહેસૂલ ખર્ચ છે એમાં ૧૬.૮ ટકા રકમ એટલે કે ૨૦૬૪૬ કરોડ જેટલી રકમ ફકત વ્યાજ અને મુદ્દલની ચૂકવણીમાં ચાલુ વર્ષે જવાની છે. ગામડાંની ભાષામાં કહીએ તો જેટલું વધારે વ્યાજ ચૂકવે એ દેવાદાર કહેવાય. આ ૧૭ રાજયોમાં ગુજરાતનો દેવાદાર તરીકે પહેલેથી ત્રીજો નંબર છે. એટલે દેવાની અંદર ગુજરાત નંબર વન બનવાની દોડમાં હોય તો હું દુઃખ સાથે આ બજેટને સમર્થન આપી શકતો નથી.

અહીંયા બજેટ પ્રવચનમાં ખૂબ સારું સારું કહેવામાં આવે છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર વંચિતોના વિકાસ માટે કામ કરે છે. સામાજિક વિકાસ માટે કામ કરે છે, સામાજિક સેવાઓ પાછળ ખૂબ મોટી રકમ ફાળવવામાં આવી છે. ચોક્કસ આવકારીએ કે રકમ મોટી ફાળવી છે. પરંતુ સન ૨૦૦૮–૯ થી લઇને સન ૨૦૧૩–૧૪ એટલે કે પાંચ વર્ષના આંકડા જોઇએ તો આ રાજય સરકારે બજેટમાં જે સામાજિક સેવાઓ માટે રકમ ફાળવવામાં આવે છે એમાં એક પણ વર્ષ સો ટકા રકમનો ખર્ચ કરવામાં આવ્યો નથી. ખાલી બજેટમાં મોટી રકમની જોગવાઇ કરવામાં આવે છે જયારે વર્ષના અંતે ખર્ચ જોઇએ તો એક પણ વર્ષમાં સો ટકા રકમ ખર્ચ કરવામાં આવી નથી, આ જ રાજય સરકારની ગરીબો, વંચિતો અને સામાજિક વિકાસ માટેની માનસિકતા દર્શાવે છે. બીજા રાજયોમાં સામાજિક સેવાઓ માટે રકમ ફાળવવામાં આવે છે. મેં ૧૨ રાજયોના બજેટ જોયા એ પછી સૌથી છેલ્લો નંબર ગુજરાતનો આવે છે.બીજા અનેક પછાત રાજયો છે, ઓરિસ્સા, ઝારખંડ, છત્તીસગઢ હોય, ઉત્તર પ્રદેશ હોય, બિહાર હોય, આંધ્ર હોય એવા અનેક રાજયો કરતા આપણે સામાજીક સેવાઓ માટે ખૂબ ઓછી રકમ ફાળવીએ છીએ અને જે રકમ ફાળવવામાં આવે છે એ પણ આપણે પૂરેપૂરી ખર્ચ કરતા નથી. મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે ચાલુ વર્ષે જે બજેટ આપણે સામાજીક સેવાઓ માટે ફાળવ્યું છે એ વર્ષના અંતે ૧૦૦ ટકા રકમ ખર્ચ થાય એવું ચોક્કસ એના પર મોનીટરીંગ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજય વિકસિત, પ્રગતિશીલ હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષના જે ધોરણો છે એ મુજબ આદર્શ રાજય એટલે કે નં.૧ રાજય કયારે બને? જયારે જે તે રાજયમાં કોઇ પણ નાત, જાત, ધર્મ કે વિસ્તારના ભેદભાવ વગર દરેક નાગરિક શિક્ષિત અને તંદુરસ્ત હોય, તેને રહેવા છત હોય, શુદ્ધ પર્યાવરણ હોય, પીવાના પાણી અને સ્વચ્છતાની સગવડ હોય, રોજગારીની તકો હોય અને નિર્ભય રીતે જીવી શકે. આજે આપણે નં.૧ તો કહીએ છીએ પણ આપણાં રાજયની શિક્ષણની જ વાત કરીએ તો થોડા દિવસ પહેલાં પ્રવેશ ઉત્સવમાં ગયા. ચોક્કસ અમે પણ શિક્ષણને પ્રોત્સાહન આપવામાં માનનારા છીએ. કોઇ પણ રાજકીય પક્ષાપક્ષીથી પર રહીને પ્રવેશ મહોત્સવમાં જઇએ છીએ. પ્રવેશ ઉત્સવમાં ગયા અને એક સ્કૂલના શિક્ષકને પૂછ્યું કે આ ઉત્સવ ઉજવવા માટે કેટલી રકમ સરકાર તરફથી મળે છે? સાહેબ, ૫૦૦ રૂપિયાની

ગ્રાન્ટ સરકાર જે તે શાળાને પ્રવેશ ઉત્સવ ઉજવવા આપે છે અને કહેવામાં આવે કે સરસ મજાનો મંડપ બનાવો. સ્ટેજ બનાવો, બાળકોને નોટો–ચોપડીઓ અને દફતરની સગવડ આપો. સ્કૂલના શિક્ષકો આજુબાજુથી લોકોને હાથ જોડી વિનંતી કરીને શાળામાં સગવડ કરીને કાર્યક્રમ કરે છે. સાહેબ, દુઃખ સાથે કહેવું પડે કે એક કાર્યક્રમમાં એક આઇ.પી.એસ. અધિકારી મારી સાથે હતા. એમના હાથે એક દાતાનું સન્માન કરાવ્યું કે આ દાતાએ આજે મંડપનો અને બધો ખર્ચ આપ્યો છે. બીજે દિવસે પેપરમાં ફોટો આવ્યો કે આઇ.પી.એસ. અધિકારીના હાથે બુટલેગરનું સન્માન થયું. આ વાસ્તવિકતા છે. મારે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે ખૂબ મોટી રકમ આપણે શિક્ષણ પાછળ ફાળવી છે ત્યારે આવનારા વર્ષોમાં પણ પ્રવેશ ઉત્સવ થાય કે આવા કોઇ પ્રોત્સાહક કાર્યક્રમો છે તેના માટે રકમ ફાળવીએ, જેથી કરીને કોઇની સામે આપણે હાથ લાંબો કરવા ન જવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ છેલ્લા વર્ષોમાં સ્કૂલના ઓરડા બન્યા છે. ભૌતિક સુવિધાઓ વધી છે પણ તેની સામે અંતરિયાળ ગામડાંના છેવાડાના વિસ્તારમાં આજે પણ શિક્ષકો નથી, આજે પણ ઓરડા નથી, આજે પણ શિક્ષણ કથળી રહ્યું છે. આજે સરકારી પ્રાથમિક શાળા છે તેમાં કોણ જાય? કે જે ગરીબ વર્ગના બાળક પાસે બીજો કોઇ વિકલ્પ નથી. જેની પાસે મોંઘી ફી આપવાની સદ્ધરતા નથી. એવા વાલીના બાળકો જ આજે સરકારી પ્રાથમિક શાળામાં જઇ રહ્યા છે. પહેલાં કદાચ સગવડ ઓછી હતી પણ શિક્ષણની કવોલિટી હતી તે ખૂબ સારી હતી, તેના કારણે જ અહીં ઘણાં બધા લોકો સરકારી શાળામાંથી ભણીને પણ બેઠાં છે. મારી આપને વિનંતી છે કે ખાલી આપણે રકમ ફાળવવાના બદલે, ઓરડા બનાવવાના બદલે કવોલિટીવાળું શિક્ષણ સરકારની પ્રાથમિક શાળાઓમાં અપાય એના પર પૂરતું ધ્યાન આપવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વાત કરીએ તો સરકારે ભરતી બોર્ડ બનાવ્યું. આજે પાંચ વર્ષ જેટલો સમય થયો. તેમ છતાં પણ રાજયમાં ભરતી નહીં થવાને કારણે આજે હજારોની સંખ્યામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. આજે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું શિક્ષણ જાણે ખાડે ગયું હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઉચ્ચતર શિક્ષણની જો વાત કરીએ, સરકારે પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાખ્યા હોય એવી પરિસ્થિતિ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે થઇ છે. સેલ્ફ ફાયનાન્સના બહાને, સેલ્ફ ફાયનાન્સના નામ હેઠળ ભ્રષ્ટાચાર કરવાની અને શિક્ષણના નામે લૂંટ ચલાવવાની હાટડીઓ ખોલવાની આપણે છૂટ આપી છે. આજે કોઇ પણ ગરીબ વર્ગનો વિદ્યાર્થી હોય તેને આગળ ભણવું હોય, ઉચ્ચતર શિક્ષણ મેળવવું હોય તો તે આજે તેના માટે એક સ્વપ્ન બની ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી જવાબદારી છે કે અંતરિયાળના વિસ્તાર હોય કે દરેક તાલુકો હોય, કોમર્સ હોય, આર્ટસ હોય, સાયન્સ હોય તો એના માટેની સરકારી કોલેજો ખોલવી જોઇએ, એનો ખર્ચ આપણે ભોગવવો જોઇએ, જેથી કરીને ગરીબ વિદ્યાર્થી સેલ્ફ ફાયનાન્સના બદલે સસ્તામાં સારું શિક્ષણ મેળવીને પોતે સારી આર્થિક સદ્ધરતા મેળવી શકે.

આરોગ્યની વાત કરીએ, તો આરોગ્યમાં બજેટ તો ખૂબ મોટું ફાળવવામાં આવ્યું છે પણ કેવો વહીવટ આરોગ્ય માટે ચાલે છે અને આરોગ્ય માટે સરકારની કેવી પ્રાથમિકતા છે એનો દાખલો મારા જિલ્લાનો જ આપવા માગુ છું. આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવે લગભગ સત્તર વર્ષ જેટલો સમય થઇ ગયો. છેલ્લા દસ વર્ષથી આ ગૃહમાં ધારાસભ્ય તરીકે દર વર્ષે પ્રશ્ન પૂછું કે આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલની સગવડ છે તો જવાબ મળે ના, બનાવવા માગો છો તો કહે કે હા, કયારે બનાવશો તો કહે કે ટૂંક સમયમાં બનાવીશું. જમીન ઉપલબ્ધ થયે બનાવીશું. સત્તર વર્ષથી આ સરકારને ગરીબ દર્દીઓ માટે સિવિલ હોસ્ટિલ બનાવવાની જમીન નથી મળતી એ પછી તો કેટલાય ટાટા, કેટલાય અદાણી આવ્યા, કેટલાય એલ.એન્ડ ટી આવ્યા, કેટલાય રાહેજા આવ્યા, જેમને રાતોરાત જમીનો મળી ગઇ અને આ ગરીબ દર્દીઓ માટે સત્તર વર્ષથી સિવિલ હોસ્પિટલ બનાવવાની જમીન નથી મળતી, અહીંયા ખૂબ વાતો કરવામાં આવી કે અમે લોકોને ઘરનું ઘર આપીશું. આ સરકારે સત્તર વર્ષ રાજ કર્યુ, ૧૯૯૫થી આજદિન સુધી એમને ગુજરાતના ગરીબોને માથે છત નથી એવું કયારેય ના દેખાયું, કોંગ્રેસે ઘરનું ઘર યોજના જાહેર કરી, એમને બીક લાગી કે આ લોકો આવશે અને અમારી સરકાર ફરી નહીં આવે એટલે જાહેર કર્યુ કે ૫૦ લાખ મકાનો આપીશું, ઘેર ઘેર માણસો મોકલી,

એમના મળતીયાઓ મોકલી અને ફોટા પડાવ્યા, ફોટા પાડવામાં પણ ભ્રષ્ટાચાર થયો, આજે ફોટા પાડે બે-બે વર્ષ થયા હજુ કોઇના માથે છત આવી નથી. આ બજેટમાં સરદાર આવાસ-બેના નામે ઘર બનાવવાની જાહેરાત કરી પણ જે રીતે મોંઘવારી વધી રહી છે, જે રીતે આટલા સમયમાં સિમેન્ટ હોય, રેતી હોય, ઇંટો હોય કે કપચી હોય એના ભાવ વધી રહ્યા છે. આમાંથી બેઠેલો એક પણ વ્યકિત એમ કહે કે ચાલીસ હજારની રકમમાં જો કોઇનું મકાન બને તો આપણે એમને સલામ કરીએ. ચાલીસ હજારની રકમ ખાલી બતાવવાની, એક લાખની યુનિટ કોસ્ટ આપણે નકકી કરીએ અને ચાલીસ હજારની રકમ આપવાની વાત કરીએ આ ગરીબોની મજાક છે. ખાલી ચૂંટણીમાં મત લેવા માટે ફોટા પાડયા હતા. ચૂંટણીમાં વચનો આપ્યા કે મકાનો આપીશું પણ બે વર્ષ પછી પણ ચાલીસ હજાર રૂપિયા આપીને આપણે લોકોને ઉલ્લુ બનાવીએ છીએ. હમણાં થોડા આકડાં જોયા, કે લગભગ વિવાદિત અને બિનવિવાદિત વેરા વસૂલવાની જે બાકી રકમ છે લગભગ ૨૯ હજાર કરોડ જેટલી રકમ ગુજરાતના ગણ્યાં ગાંઠ્યા ઉદ્યોગપતિ પાસેથી વસૂલવાની છે.

**શ્રીમતી મનિષા રા. વકીલ(વડોદરા)** : Respected Speaker, sir, I stand here to share my views for the impetus budget presented by our Finance Minister Shri Saurabhbhai Patel.

Respected Speaker, sir, A provision of Rs.22,774 crore is made for the education sector including plan and non-plan which is about 17% of the total budget. Respected sir, it is my privilege to share a news paper headline where they have named our Hon'ble Chief Minister Smt. Anandiben Patel as an Iron Lady of Gujarat. She has rightly said – Vision without action is a day dream and action without vision is a nightmare. With a vision to increase enrollment in schools in the year 2001 our present Chief Minister and then Education Minister, under the leadership of our present Prime Minister Shri Narendrabhai Modi, launched Shala Praveshotsav, which is still the flagship programme of the Education all over India. In the year 2002 there were only 155 schools but it has increased to 644 schools, that means increment of 315%. Granted schools has increased from 3510 to 5492 that means increment of 56.46%. This is called, we can say "Vikas". School is like a second home to children where they are nurtured for future India and good thoughts. With such a good thought efforts were put up for education upliftment.

માનનીય અધ્યક્ષશ્રી, હું હમણાં જ એક ગામની શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગઇ હતી. ત્યાં પ્રાથમિક શાળામાં ભણતી દીકરીઓ મળી. એમની માતાઓને ચિંતા હતી કે હવે એમની દીકરીઓ કેવી રીતે માધ્યમિક શાળામાં જશે? કેમ કે શાળા થોડી દૂર હતી. જેનું હૃદય એક માતાનું હોય અને જેને દીકરીઓની સતત ચિંતા થતી હોય એવા અમારા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે એમની વેદના સમજી અને ગામડાંની દીકરીઓનું શિક્ષણ અટકે નહીં તે હેતુથી ગામની બહારની શાળામાં ધોરણ-૯માં ભણતી દીકરીઓને સાઇકલ આપવા માટે નવી યોજના કરી અને એના માટે રૂપિયા ૭ કરોડની ફાળવણી કરી છે. એક સમય એવો હતો કે ગુજરાત શિક્ષણથી વંચિત હતું અને આજે ગુજરાત શિક્ષણથી સંચિત બન્યું છે એ આપણને જોવા મળ્યું છે. એટલે જ કહેવાનું મત થાય છે, 'આંખ એ ધન્ય છે'. હું વડોદરા શહેરની ધારાસભ્ય છું અને મને હર્ષની લાગણી થાય છે. અમારા નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું કે અમારા વડોદરાને રૂપિયા ૪૦૦ કરોડથી વધુના નવા પ્રોજેક્ટસ આપ્યા છે. Hon'ble Speaker, Sir, the Chief Minister of Gujarat has gifted Vadodara with educational hub which will be built at Chakori village in Padra Taluka wherein there will be

children university, teachers university and sports university in a single place with common infrastructure, one of its kind in Gujarat and in India.

Respected Speaker, Sir, Government has paid a tribute of Shri Sayajirao Gaikward by providing a provision of Rs. 7 crores to the engineering faculty of MS University better known of Kalabhavan to develop infrastructure facilities of the institution. I would also like to add up further that Government has also planned a GSFC University in Jaspur village near Padra where the students are imparted knowledge of fertilizers.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધર્યું છે અને શિક્ષકોને પણ ગૌરવનો અનુભવ થાય છે. બાળકોને ક્વોલિટી એજ્યુકેશન મળી રહે તે માટે સરકારે કેન્દ્રીયકૃત ભરતી અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩માં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૮૫ આચાર્યો અને ૨૦૧૩માં સરકારી ઉચ્ચ માધ્યમિક શાળામાં ૩૦૭ શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૦૧૩માં બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૨૩૩ શિક્ષકોની ભરતી પ્રક્રિયા હમણાં પણ ચાલુ છે.

હાલમાં જ ફેસબુકના સી.ઇ.ઓ. Sheril Sandeberg ભારતની મુલાકાતે આવ્યા હતા અને એમણે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી વિશે કહ્યું કે, શ્રી નરેન્દ્ર મોદી એવા વડાપ્રધાન છે કે જેમણે ટેકનોલોજીના ઉપયોગથી આજના યુવાનોને રાષ્ટ્ર પ્રત્યે જાગૃત કરીને રાજકારણની સાચી વ્યાખ્યા સમજાવી છે. આવા ટેકનોલોજી સેવી વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતના બાળકો દુનિયામાં કદમથી કદમ મિલાવીને ચાલી શકે અને ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે એ માટે દરેક શાળામાં કમ્પ્યુટરો આપ્યા. આ વર્ષના બજેટમાં કમ્પ્યુટરના શિક્ષણ માટે રાજ્યની ૫૯૬૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કમ્પ્યુટર, ટી.વી.,ડિશ એન્ટેના, પ્રિન્ટર, સ્કેનર, ફર્નિચર, ઇન્ટરનેટની સુવિધા આપી છે. આને કહેવાય વિકાસ.

મારા સાથી પક્ષના ધારાસભ્યશ્રી કહેતા હતા કે શિક્ષણ બહુ પાછળ રહી ગયું છે. ગઇ કાલે પણ કહેતા હતા કે બોજ વધી ગયો છે. સ્કૂલ બેગનો ભાર બહુ ઓછો ગયો છે પણ એવું નથી. લર્નિંગ બાય ડુઇંગનો જે કન્સેપ્ટ છે એ આજકાલ ઇનોવેટીવ આઇડિયા છે. Traditional method of teaching is nowhere now. ટ્રેડિશનલ મેથર્ડમાં એવું હતું કે રોજ લર્નિંગ થતી હતી અને ખાલી ગોખવામાં આવતું હતું. પણ હવેનો જમાનો લર્નિંગ બાય ડુઇંગનો છે. જ્યારે તમે કોઇ કામ કરતા હોય ત્યારે તમે શીખી શકો પણ જો તમે ગોખણપટ્ટી કરેલ હોય તો તમે અમુક દિવસ પછી ભૂલી જતા હોય છે. તો આ કન્સેપ્ટ પીઓગેટ કન્સેપ્ટ એજ્યુકેશનમાં કહેવામાં આવે છે અને આખી દુનિયાએ જ્યારે એનો સ્વીકાર કર્યો છે ત્યારે ગુજરાતી પણ પાછળ નથી રહ્યાં અને લર્નિંગ બાય ડુઇંગ કન્સેપ્ટથી પ્રજ્ઞા કલાસીસ ચાલુ કરવામાં આવ્યા છે. આ આજના જમાનાની જરૂરિયાત છે. ટ્રેડિશનલ ટીચિંગ જેઓ પહેલા ભણ્યા હોય એમને આ સમજ નહીં પડે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૧૪-૧૫નું પ્રથમ મહિલા મુખ્યમંત્રી આદરણીય આનંદીબેનના નેતૃત્વમાં આદરણીય મંત્રીશ્રી સૌરભભાઇ જે અંદાજપત્ર લઇને આવ્યાં છે એના ઉપર મારા સામાન્ય વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

આ અંદાજપત્ર સદભાવ, સમભાવ, સમદષ્ટિ અને સમન્યાય ભરેલું છે. નિરંજનભાઇને વાત કરું તો માનનીય પ્રતિપક્ષના સભ્યએ ગઇ વખતે વાત કરી, પરેશભાઇ વાત કરી, બળવંતસિંહભાઇએ કરી. એક ચિત્રકાર હતો. ખૂબ સુંદર મજાનું ચિત્ર દોરતો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : વાર્તા નહિ, વાર્તા સિવાય એમને એમ કહો. ભાવાર્થ સીધે સીધો કહી દો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : ચિત્રમાં ભૂલ શોધવાનું કામ કોઇને સોંપીએ તો ૧૦૦ ભૂલો શોધી કાઢે પણ સકારાત્મક દષ્ટિકોણ હોય તો એમ આદરણીય સૌરભભાઇ જે બજેટ લેઇને આવ્યાં છે, એ મેં વાત કરી એમ સદભાવ, સમભાવ, સમન્યાયી અને સમદષ્ટિકોણવાળું છે. હું જળસંપત્તિ વિભાગ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

જળસંપત્તિ, જળ વ્યવસ્થાપન અને જળસંચય ક્ષેત્રે આપણે જે સૃદઢ આયોજનના કારણે આપણને જે લાભ થયો છે અને એમાંય વિશેષ હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું. ઉત્તર ગુજરાત કાયમી અર્ધઅછતવાળો વિસ્તાર છે અને એમાં ૨૦૦૦ની સાલમાં જે આપણે સરદાર સરોવર જળસંચય યોજના જાહેર કરી. ૬૦:૪૦નો એ વખતે લાભાર્થીનો રેશિયો હતો અને એમાં આપણે એક પ્રભાવી હથિયાર તરીકે ચેકડેમો બનાવવાનું આયોજન શરૂ કર્યુ. મને ઘણો જ આનંદ થાય છે કે ચેકડેમના માધ્યમથી આપણે જે કુવાઓના ભૂગર્ભજળમાં જે ૩ થી ૫ મીટરનો વધારો થયો એનું મૂળ કારણ આ જળસંચય યોજનાઓનો સંસ્કૃત્તમાં એક સરસ શબ્દ છે કે, 'દીર્ઘ પશ્ચતમ્ મા રશ્વમ્, મા પશ્ચત્ અભ્રમ:' નરેન્દ્રભાઇ મોદીએ એક દીર્ઘદૃષ્ટિ રાખીને એમણે આ જે ચેકડેમોની યોજનાઓ અમલમાં મૂકી એ ચેકડેમ યોજનાઓ થકી આપણે છેલ્લા બે વર્ષની અંદર મોટી નદીઓમાં ૧૦૦૦ ચેકડેમોનું જે આયોજન આ વિભાગ દ્વારા કરેલ છે. લગભગ જળ સંપત્તિ વિભાગ દ્વારા ૯૦૦૦૦ ઉપરાંત ચેકડેમો બનાવ્યાં અને બીજી બધી યોજનાઓ થઇ લગભગ ૧૬૫૦૦૦ નાના–મોટા ચેકડેમો બનાવ્યાં એ આપણા માટે ગૌરવની વાત છે. સમગ્ર દેશે આ કામગીરીની નોંધ લીધી છે. જે પ્રજાની વિકાસ માટેની અપેક્ષા અને ઝંખના હતી એને પરિપૂર્ણ કરવા જળ ખૂબ મહત્વનો સ્રોત આપણા માટે છે ત્યારે એ દિશામાં આપણે ખૂબ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને આના કારણે આપણને અપેક્ષિત પરિણામ પણ મળ્યાં છે. જે જગ્યાએ ચેકડેમો શક્ય નથી ત્યાં તળાવો ઊંડા કરવાની કામગીરી વિભાગ દ્વારા કરવામાં આવી છે. તળાવો માટેના આંકડા આપું તો સાહેબ, ૯૦:૧૦ની સ્કીમ અમલમાં હતી એમાં અત્યાર સુધી ૧૦૩૬૨ તળાવો બનાવવામાં આવ્યાં છે. ઉત્તર ગુજરાતની અંદર નર્મદાના વધારાના પૂરનું પાણી જે વહી જતું હતું એને આપણે ઉત્તર ગુજરાતમાં એક મિલિયન એકરફીટ પાણીનો વપરાશ કરવા માટે આપણે ૧૪ જેટલી ઉદ્દવહન પાઇપલાઇન યોજનાઓ અમલમાં મૂકી. એમાં લગભગ ૮ પાઇપલાઇનો ૧૬૫૩ કરોડના ખર્ચે આપણે પૂર્ણ કરી છે. અને આગામી દિવસોમાં બીજા (સમયસૂચક ઘંટડી) ૧,૩૮૨/- કરોડના કામો પ્રગતિમાં છે. અમારા ઉત્તર ગુજરાતની વાત કરીએ તો સાબરકાંઠાની અંદર દાંતીવાડા, ધરોઇ, સીપુ યોજના, ગુહાઇ, હાથમતી અને બીજી યોજનાઓના આધુનિકરણ માટે ૧૭૭/- કરોડ રૂપિયા આપણે ખર્ચ કરવા માગીએ છીએ. એમાં ૩૬,૦૪૮ હેકટર વિસ્તારને લાભ અપાયો. અત્યાર સુધી આ જે, ચેક ડેમો અને જે તળાવોના કારણે લગભગ ૬૦,૦૦૦ હેકટર ઉપરાંત સિંચાઇને લાભ થયો છે અમારા સાબરકાંઠા અને ઉત્તર ગુજરાતમાં અને આજે દર વર્ષે આ જે યોજનાઓના કારણે સિંચાઇનો જે લાભ ખૂબ વિશેષ પ્રમાણમાં મળશે એનાથી આપે જે વાત કરી કે, ગામડાઓ તૂટી રહ્યા છે, એની જગ્યાએ ગામડાઓ સુદ્રઢ બને છે અને ગામડાઓ સમૃદ્ધ બનશે અને જે આપણું સ્વપ્ન છે એ સ્વપ્ન પૂરું થશે.

શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નાણાં મંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બાર–તેર વર્ષથી ગુજરાતનું બજેટ આવે છે અને સ્વાભાવિક ગુજરાતની છ કરોડની જનતા જે અનુભવ કરે છે અને તે જ પ્રકારનું અને તેનાથી સવાયું અને સુંદર બજેટ આ વખતે લઇ આવનાર આદરણીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ અને સન્માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો સમગ્ર ગુજરાતની છ કરોડની જનતા વતી હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બાર વર્ષોથી ગુજરાતનો જે વિકાસ જે ગતિથી, હું તો કહીશ કે, બૂલેટની ગતિ છે એમ, થોડા દિવસોમાં ગુજરાત પણ બૂલેટ ટ્રેનનો અનુભવ કરવાનું છે. (આ તકે વિપક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર તેમના સ્થાનેથી બેઠાબેઠા કાંઇક બોલતાં) મેટ્રો પણ જોજો, શૈલેષભાઇ આપણે સાથે જઇશું, આપણે આ સભાગૃહમાં બેઠા હોઇશું ને ત્યારે હું અને તમે, આપણે સાથે મેટ્રોમાં સફર કરીશું. (અંતરાય) હજુ તો શૈલેષભાઇ થોડી રાહ જુઓ સવારના ૯.૪૨ થઇ છે, ૧૧.૦૦ વાગવા દો, આ કેન્દ્રનું બજેટ ચાલે ને, તો શું થવાનું છે મિત્રો ? હું જે વાત કરતો હતો કે, જે ગતિથી વિકાસ કર્યો છે ગુજરાતે, દેશની જનતાએ પણ નક્કી કર્યું છે કે, એમને પણ આ ગુજરાતના જેવો વિકાસ જોઇએ છે અને એટલે જ ૨૦૧૪ની ચૂંટણીમાં આ સમગ્ર ગુજરાત સહિત સમગ્ર દેશ કેસરિયો થયો અને સન્માનનીય મુખ્યમંત્રી આપણા જૂના એવા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ નવું બજેટ રજૂ કરવાની એક તક આપી છે. (અંતરાય)

હું એ જ વાત કરતો હતો શૈલેષભાઇ, કે જ્યારે બજેટની ચર્ચા પર અત્યારે વાત કરીએ છીએ ત્યારે સમગ્ર ભારત વર્ષમાં આઝાદી પછી આ પહેલું એવું બજેટ કેન્દ્રનું આવવાનું છે, કે જોઇને તમે બધા તો ઠીક પણ દેશની ૧૨૧ કરોડની જનતા જેની આતુરતાપૂર્વક આઝાદી પછી પહેલીવાર રાહ જોઇ હતી, એવું બજેટ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ અને એમની ટીમ આપવાના છે. ગુજરાતના પ્રજાજનોને કહ્યું કે, આ બજેટથી સમગ્ર ભારતના સ્વજનો એ અભિભૂત, મિત્રો થવાના છે. આ જ બજેટના કારણે ગુજરાતે છેલ્લા તેર વર્ષોથી શાંતિ, સલામતી અને સમૃદ્ધિ જે જોઇ હતી તે આગામી દિવસોમાં સમગ્ર દેશ એને નિહાળવાનો છે. મિત્રો અત્યાર સુધીમાં મને ખ્યાલ છે કે, ભૂતકાળમાં જે બજેટો બનતા હતા, એ રજૂ થાય અને એની અમલવારી થતી હતી તો ક્યાંક એનો કોઇ પરિવાર એ દીકરો કે શાહજાદા હોય કે જમાઇના પરિવાર માટે આ કાર્યક્રમો થતા હતા. આજે જે બજેટ રજૂ થાય એ જોજો અને એમાંથી આંખ ઉઘડશે.(અંતરાય) જોજો તમે, હમણાં ૧૧.૦૦ વાગ્યે બજેટ તો રજૂ થવા દો. સવારથી બલવંતસિંહે ચાલુ કર્યું, ૮.૩૦ વાગ્યે બેટીંગ. સવાર સવારમાં થોડું સાચું બોલ્યા હોત તો આખો દિવસ સારો જાત. (અંતરાય) સાહેબ, હું એમના માટે જ કહું છું, ગુજરાતની પ્રજા જેમને મહાજન સમજે છે એમને ગુમાસ્તા બનાવી દીધા. અરે, એવું નથી. આ ગુજરાતની પ્રજાને ખબર છે તમે ક્યાં છો એટલે તમને ત્યાં બેસાડ્યા એમાં ગુમાસ્તા શું કામ બનાવી દીધા ? એમ નહીં, ડાહી ડાહી વાતો કરી, નર્મદાની પણ વાત કરતા હતા. મારી વિનંતી છે કે, તમે એમ કહેતા હતા કે, નર્મદાને ૧૯૬૧થી ચાલુ કરી, એ સુધારો અધ્યક્ષશ્રી કોણે કર્યો ? ૧૯૬૧થી તમે જ જવાબ આપજો, પંચાવન વર્ષ થયા. અહીં તો મુખ્યમંત્રી વડાપ્રધાન બન્યા એના પાંચ દિવસમાં જ નર્મદા ડેમના દરવાજાની મંજૂરી આપી. આ ૫૫ વર્ષમાં કર્યું હોતને તો આજે ગુજરાત કયાંય ગયું હોત એટલે હું વિશેષ વાત નથી કરતો.

હું ઉર્જાક્ષેત્રની થોડી વાત કરવા માગું છું આ બજેટમાં. ઉર્જા ક્ષેત્રની વાત આવશે એટલે સીધો કરંટ ત્યાં સામે લાગવાનો છે મને ખ્યાલ છે પણ મારે એમાં નથી પડવું પણ આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે જે છેલ્લા બાર વર્ષથી સરકારની દીર્ઘદ્રષ્ટિ અને આગોતરા આયોજનની નીતિને કારણે વિવિધ પગલાં અમે લીધાં છે અને એમાં જે રાજય વીજ ઉત્પાદનમાં સ્વનિર્ભર થયું. આજે ગુજરાત એ વીજ ઉત્પાદનમાં સ્વનિર્ભર થયું છે. આજે ગુજરાત એ વીજ સરપ્લસ રાજય બન્યું છે. તમે કહેતા હતાને કે નંબર–૧ની હોડ એ બધા આંકડા બતાવે છે કે ગુજરાત વીજ સરપ્લસ એક જ રાજય છે આખા દેશમાં. ગુજરાત વીજ વિતરણની કંપનીમાં રાજયના ૧.૩૫કરોડથી વધારે વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પૂરો પાડે છે. જે તે વખતે દેશના શાસકો હતા તમે એમાં ભ્રષ્ટાચારમાં અમુક વિભાગોને તળીયા જાટક કરી નાખ્યા હતા પણ આ વિભાગને જો સારો રાખ્યો હોતને તો તમે પણ દેશની ઉર્જાને કંઇક આપી શકયા હોત. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતની હાલની જે સ્થાપિત વીજ ક્ષમતા છે એ ૨૨૭૮૯ મેગાવોટ છે એ પૈકી ૧૮૫૧૦નો પરંપરાગત સ્ત્રોત અને ૪૨૭૯ એ બિન પરંપરાગત સ્ત્રોતમાંથી આવે છે. (અંતરાય) સરકારી જ આવશે બધી જોઇ લેજો. હું ઘણી બધી વીજ વિતરણની વ્યવસ્થા પર વાત કરવા માગું છું. સોલાર એગ્રીકલ્ચર પંપની વાત કરવા માગું છું. અમુક યોજના તો સરકાર આમાં એવી લાવ્યા છે કે તમે ભૂતકાળમાં વિચારી પણ ન શકયા હોત. આ એ જ સૂર્ય હતો. ૫૦ વર્ષથી તમે રાજય કર્યું તો આ સોલાર એગ્રીકલ્ચર પંપ તમે લાવી શકયા હોત ત્યારે સરકારી અને બિન સરકારીમાં પડયા વગર તમે પ્રજાનું ભલું કરી શકયા હોત પણ પહેલી વાર એવી સરકાર છે કે જે સોલાર એગ્રીકલ્ચર પંપ લઇને પણ આવ્યા છે અને એના કારણે દેશની ખેતીવાડીને પણ કામ થવાનું છે. રાજયના ગરીબોની ચિંતાની વાત કરો છો ૬૨૦૦૦ થી વધારે વીજ જોડાણો, ૪૦કરોડના ખર્ચે આ દેશની, ગુજરાતની જનતાને પૂરું પાડવામાં આવે છે. શહેજાદા ગરીબ ઘરમાં જતા હતા, વાતો કરતા હતા શહેજાદા, બહાર આવીને બેસતા હતા લાઇટ નથી એ શહેજાદાને કહો કે ૬૨૦૦૦ ઘરને ૪૦કરોડ રૂપિયે પૂરી પાડવાના છીએ. ગરીબોનું વાતોથી પેટ નથી ભરાતું. વધુ વિકાસ કરવાની કામની તક, ગુજરાત સરકાર જેવું વિઝન જોઇએ. શહેજાદા ૪૪ના થયા. પૂરી ૪૪ સીટ તો લઇ આવો પછી ખબર પડે કે દેશ કેવી રીતે ચલાવાય છે? કિસાન હિતની વાતો કરતા હતા, એ ખુશી યોજના લઇને જયારે અમારા નાણામંત્રી આવ્યા છે અને ઉર્જાના વિભાગની પણ જે જવાબદારી સંભાળી છે એ ખુશી યોજનાના અમલથી પણ આ ગુજરાતના ખેડૂતોનું હિત જોયું છે. કલાઇમેટ ચેન્જની રાઘવજીભાઇ બે દિવસ પહેલા વાત કરતા હતા કે કલાઇમેટ ચેન્જ વિભાગ શું

છે? અરે, સમગ્ર ભારતનું કલાઇમેટ ચેન્જ થઇ ગયું ત્યાં સુધી તમને ખબર ના પડી અને ગુજરાતનું કલાઇમેટ ચેન્જ શું છે હજુ તમે એમ વિચારો છો? કલાઇમેટ ચેન્જ રજૂ કરનાર વિભાગ જ ગુજરાત એશિયાનું પહેલું રાજય છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં રાજયના નાણામંત્રી માનનીય સૌરભભાઇ પટેલ સાહેબ ૨૦૧૪-૧૫નું બજેટ લઇને આવ્યા છે ત્યારે આ બજેટ પર મારા વિચારો રજૂ કરું છું. હું ધન્યવાદ આપું છું માનનીય નાણામંત્રીશ્રીને કે જેમણે બાંધકામમાં સંકળાયેલા મજૂર વર્ગને નાણાકીય સહાય આપવાની જોગવાઇ કરી છે. એમાં ૨૮૬કરોડની જોગવાઇ કરી છે પણ માત્ર ને માત્ર બાંધકામ સાથે સંકળાયેલા મજૂરોની જ ચિંતા કરી છે. મારા ડાંગ જિલ્લાના ચાલીસ હજાર શેરડી કાપવા માટેના મજૂરો ઘરબાર છોડીને, બાળકોને છોડીને પરગામ શેરડી કાપવા માટે જાય છે. ત્યારે આ ચાલીસ હજાર મજૂરો માટે આ બજેટમાં કોઇપણ જાતની જોગવાઇ કરવામાં આવી નથી. આ ચાલીસ હજાર મજૂરોના બાળકો પણ શિક્ષણથી વંચિત રહે છે. આ ચાલીસ હજાર મજૂરોના બાળકોને વૈદકીય સહાયની જરૂર પડે છે.ગુજરાતના ૪૦,૦૦૦ મજૂરોના બાળકોને આંગણવાડીની જરૂર પડે છે. આ જોગવાઇ જે રીતે માનનીય નાણા મંત્રીશ્રી બાંધકામના મજૂરો માટેની ચિંતા કરી છે. એ રીતે મારા ડાંગના ૪૦,૦૦૦ મજૂરો જેઓ શેરડી કાપવાના ધંધાથી માંડીને તમામ ક્ષેત્રે છે, તેમની પણ ચિંતા કરવાની જરૂર છે. એ પણ આ બજેટમાં જોગવાઇ કરે એવી મારી માગણી છે.

મારે દુઃખ સાથે કહેવું છે કે આ ગુજરાતને શરમાવે તેવી બાબત છે. ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓ કે જેઓને ૨૦૧૩-૧૪ ના વર્ષની શિષ્યવૃત્તિ આજસુધી ચુકવવામાં આવી નથી. મને શરમ લાગે છે કે આ સભાગૃહ કદાચ નહિ જાણતું હોય કે આ શિષ્યવૃત્તિ કયા કારણોસર ન ચૂકવવામાં આવી? જે ચૂકવવામાં નથી આવી તો તેનાં માટે શાં પગલાં લીધાં. શાળાના બાળકોના વાલીઓ વર્ષો સુધી રાહ જુએ છે કે અમારા બાળકોને ગણવેશ કેમ નથી મળ્યો, શિષ્યવૃત્તિ કેમ નથી મળી? મારી વિનંતી છે કે આ શિષ્યવૃત્તિ જેમની ભૂલના કારણે ગયા વર્ષની શિષ્યવૃત્તિ નથી ચૂકવી તો તેમની સામે કાયદેસરનાં પગલાં લઇને કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ અને તાત્કાલિક ધોરણે આ શિષ્યવૃત્તિ મારા ડાંગના બાળકોને મળે તેવી જોગવાઇ કરવી જોઇએ.

આ બજેટમાં સાપુતારાના વિકાસ માટે ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સભાગૃહમાં અગાઉના સત્રમાં કેટલાક મારા સાથી સદસ્યશ્રીઓએ ઉલ્લેખ કર્યો હતો કે સાપુતારા એ સૌની આંખના તારા. મારે કહેવું છે કે સાપુતારા એ સાત પુડાની ગિરિમાળા વચ્ચે આવેલ ગુજરાતનું એકમાત્ર પ્રવાસ સ્થળ છે અને ત્યાં દિવસે દહાડે પ્રવાસીઓના એક્સિડંટ થાય છે. દરરોજ એક એક્સિડંટ થાય છે. એ એક્સિડંટમાં ઘણીવાર જે પણ પીડિત છે તેમને સારવાર માટે ત્યાંથી ૪૦ કિ.મી. દૂર આહવા કે જ્યાં સિવિલ હોસ્પિટલ છે ત્યાં લઇ જવામાં આવે છે. અને જો ત્યાં પણ સારવાર ન થતી હોય તો સુરત, વલસાડ, નવસારી લઇ જવામાં આવતા હોય છે. મારી માગણી છે કે જે રીતે બીજી બધી જગ્યાએ જુદા જુદા એક્સિડન્ટલ ઝોન છે, ત્યાં આગળ ટ્રોમા સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે. તે રીતે મારા સાપુતારામાં પણ ટ્રોમા સેન્ટર શરૂ કરે તો મારા ડાંગના નહિ, પણ સમગ્ર ગુજરાતના એક લાખ જેટલા પ્રવાસીઓ દર વર્ષે આવે છે, એ લોકોને એક્સિડંટ વખતે દવા અને અન્ય સારવાર તાત્કાલિક મળી શકે.

મને કહેતા આનંદ થાય છે કે ભારત દેશ એક કૃષિ પ્રધાન દેશ છે. અને આ વર્ષે કૃષિ, શિક્ષણલક્ષી જોગવાઇમાં બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતનો ખેડૂત વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે અને આ ગુજરાતનો યુવા વર્ગ વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટે શીખે એના માટે કૃષિ યુનિવર્સિટી ૪ જેટલી સ્થાપના કરવામાં આવી છે અને એમાં ડાંગની વઘઇ ગામે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ડાંગમાં આવેલ કૃષિ યુનિવર્સિટીમાં માત્રને માત્ર ડાંગનો એક જ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. મારી રજૂઆત છે કે ડાંગમાં કૃષિ યુનિવર્સિટી આવેલી છે, ત્યાં ભરતી માટે ડાંગમાં એક અનામત સીટો ફાળવવામાં આવે અને ડાંગના વિદ્યાર્થીઓને કૃષિનું જ્ઞાન મળી શકે. આ ગૃહના માજી સભ્યશ્રી વિજયભાઇ કહેતા હતા કે હું ડાંગથી જ્યારે ગાંધીનગર આવું છું, ત્યારે બાય રોડ આવું છું તો મને લાગે છે કે પ્લેન દ્વારા

ગાંધીનગર આવું છું.માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં દુઃખ થાય છે કે ડાંગથી ગાંધીનગર માટે નહીં પણ સમગ્ર ડાંગના જે રસ્તાઓ છે તે રસ્તા પર તે સભ્યશ્રી ફરતા તો તેમને ખબર પડતી કે આ રસ્તાઓ ઉપર પ્લેનમાં જવાય છે કે ખાડા ટેકરામાં ઉબડ ખાબડ રસ્તા પર જવાય છે. તેના કારણે જ તે ડાંગમાં ફરી નહીં શકયા અને ઘેરભેગા થઇ ગયા છે.

મારી બીજી માગણી છે કે ડાંગમાં આદિવાસી ગરીબ માણસો છે તેમના મકાન કોઇ દિવાના કારણે કે શોર્ટ સર્કિટના કારણે બળી જાય, સળગી જાય તો તેને માત્રને માત્ર ૪૫૦૦ રૂપિયાની સહાય કરવામાં આવે છે. બીજા શહેરોમાં કોઇ કોમી રમખાણોમાં એકાદ કપડું, એકાદ દુકાન સળગી જાય તો તેને લાખો રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવે છે. જયારે ડાંગમાં એક ઝૂંપડું સળગી જાય, સંપૂર્ણ નાશ પામે તો તેને માત્રને માત્ર ૨૨૫ રૂપિયા ચૂકવવામાં આવે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ માનનીય નાણામંત્રી સૌરભભાઇ પટેલ વર્ષ ૨૦૧૪-૧૫નું જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા રાજયના સર્વાંગી વિકાસ માટે ગામડાંથી લઇ શહેર સુધી સાંકળીને જોડતા રસ્તાઓ માટેની વિવિધ યોજનાઓ જેમાં પ્રગતિપથ, વિકાસપથ, તાલુકા મથકથી તાલુકા સુધી વિકાસપથ, પ્રવાસીપથ, કિસાનપથ અને તાલુકાથી તાલુકાને જોડતા રસ્તાઓ, જિલ્લા મથકેથી નજીકના જિલ્લા મથકને જોડતા રસ્તાઓ, બંદરને જોડાણ અને ઉદ્યોગોને જોડતા રસ્તાઓ જેવા કામો રાજય સરકારે મંજૂર કરેલા છે. ચોમાસા દરમ્યાન વિખૂટા પડતા કામો માટે આ સરકારે ઓછામાં ઓછો એક બારમાસી રસ્તો મળે તેના માટેની મરુણ વિલેજ યોજના અમલમાં મૂકી, જેના પરિણામો ખૂબ સારા મળ્યા છે. વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૭૭૫.૨૫ કરોડની જોગવાઇ કરી અને તેમાં દરવર્ષે ઉત્તરોત્તર તેમાં વધારો કરતા કરતા વર્ષ ૨૦૧૩-૧૪માં ૪૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. રાજયની અંદર આજે ૧ લાખ ૧૩ હજાર ૭૧૬ કિલોમિટરના માર્ગનું રાજયવ્યાપી નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે. ૩૮૪૨ કિલોમિટરના નેશનલ હાઇવે રસ્તા બનાવવામાં આવ્યા છે. ૧૭૮૬૪ કિલોમિટરના રાજય ધોરીમાર્ગ રસ્તા બનાવવામાં આવ્યા. ૨૦૫૬૪ કિલોમિટરના મુખ્ય જિલ્લા માર્ગ બનાવવામાં આવ્યા. ૭૧૪૪૬ કિલોમિટરના ગ્રામ્ય અને જિલ્લા માર્ગો બનાવવામાં આવ્યા. માર્ગ અને મકાન વિભાગ હેઠળ પ્લાન અને નોન પ્લાનની જોગવાઇ રૂ.૭૯૫૧ કરોડ ૨૦૧૪-૧૫ના વર્ષની કરવામાં આવી છે. તેમાં રાજય ધોરીમાર્ગને દ્વિમાર્ગી કરવા માટે ૨૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અંદાજિત રૂ.૧૪૪૧ કરોડના ખર્ચે ૪૨૩ કિલોમિટરની લંબાઇના ફોરલેન, સીકસલેન માર્ગો કરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. રૂ.૧૫૩૪ કરોડના ખર્ચે ૧૦૭૦ કિલોમિટરની લંબાઇના ૧૦ મીટરના પહોળા રસ્તા કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. રૂ.૪૭૩ કરોડની અંદાજિત રકમના ૩૯ પ્રગતિ હેઠળના પ્રગતિપથ અને અન્ય પુલો માટે રૂ.૧૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભરૂચ અંકલેશ્વરને જોડતા ગોલ્ડન બ્રીજની બાજુમાં જૂના નેશનલ હાઇવે પર ફોરલેન પુલ બનાવવા માટેની આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. મહાત્મા મંદિર ફેઝ-૨ માટે રૂ.૧૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેમજ સ્વર્ણિમ પાર્ક બનાવવા માટે રૂ.૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયની અંદર નવરચિત ૭ જિલ્લાઓ અને ૨૨ તાલુકાઓની રચના સાથે સેવાસદનના બાંધકામ માટે ૫૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. સેવા સદનના બાંધકામ માટે રૂપિયા ૯૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

એ જ રીતે નવરચીત ૭ જિલ્લા અને ૨૨ તાલુકામાં અધિકારીઓના રહેણાંકના મકાનો માટે ૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હયાત રસ્તાની જરૂરિયાત પ્રમાણે રીસરફેસના કામો માટે રૂપિયા ૪૯૧ કરોડની જોગવાઇ કરી વિશ્વબેન્ક સહાયીક ગુજરાત રાજય માર્ગ યોજના ૨ હેઠળ રસ્તાઓના મજબૂતીકરણના કામ માટે રૂપિયા ૩૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બિન આદિજાતિ વિસ્તારના ૫૦૦ થી ઓછી વસતિ ધરાવતા તેમજ આદિજાતિ વિસ્તારના ૨૫૦ થી ઓછી વસતિ ધરાવતા રસ્તાઓ બનાવી ગામો અને પરાઓને જોડી શકાય તે માટે ૧૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેત પેદાશોનું ઝડપી વહન થઇ શકે એટલા માટે કિસાન પથ યોજના બનાવી અને એ અંતર્ગત ગામડાંને જોડવા

માટેની પણ જોગવાઇ કરવામાં આવી છે. રાજયમાં ઉત્તર–દક્ષિણ અને પૂર્વ–પશ્ચિમ આદિજાતિ વિસ્તાર અને રાજયને જોડતા હાઇસ્પીડ રોડ દ્વારા જોડાણનું આયોજન કરેલ છે અને પ્રગતિ પથ યોજના હેઠળ રાજયના ઉત્તર–દક્ષિણ અને પૂર્વ–પશ્ચિમના આદિજાતિ પ્રભુત્વ વાળા વિસ્તારોને માર્ગોથી જોડીને વિકાસના પ્રવાહમાં ભેળવવાનું અગાઉ ક્યારેય વિચાર્યું ન હોય જે વર્તમાન સરકારે કરી બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિ પથ યોજના હેઠળ ૯ લાંબા અંતરના કોરીડોરની કુલ લંબાઇ ૩૭૧૦ કી.મી.ની કામગીરી પૂર્ણ કરેલ છે અને આ રાજય સરકાર દ્વારા પ્રથમવાર પ્રગતિ પથનું નિર્માણ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, પીપાવાવ–અંબાજી–આબુ રોડ માટે ૫૩૨ કી.મી.ના રૂપિયા ૪૩૦.૩૮ કરોડનું આયોજન કરેલ છે, રાધનપુર–શામળાજી ૨૯૧ કી.મી.ના રસ્તા માટે ૧૧.૧૮ કરોડ રૂપિયા અને નારાયણ સરોવર–દાહોદ ૭૭૯ કી.મી.ના રૂપિયા ૪૯૨ કરોડ અને દ્વારકા–ડાકોર ૪૮૫ કી.મી.રૂપિયા ૪૧૧ કરોડ તથા સુરત–આહવા ૧૫૬ કી.મી.ના રૂપિયા ૨૧૨.૧૫ કરોડની જોગવાઇ કરી છે. આમ અનેક રસ્તાઓ પ્રગતિ પથમાં સમાવી અને રાજયના નેટવર્કને જોડવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિ પથ યોજના બનાવવાના કારણે ગુજરાતના એક છેડેથી બીજા છેડે પ્રતિ કલાક ૮૦ કી.મી.ની ઝડપે વાહન ચલાવી શકાય છે એવા રસ્તાઓની સુવિધા ઉપલબ્ધ થઇ છે. સીધા જોડાણ મળતા વેપાર ઉદ્યોગ અને બંદરોનો પણ વિકાસ થયો છે. અંતર ઘટતા પેટ્રોલ–ડિઝલ અને અન્ય ઇંધણની બચત પણ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ અંતર્ગત વિકાસ યોજના જાહેર કરવામાં આવેલી જે અનુસાર શહેરી વિસ્તારોમાંથી પસાર થતા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના જે રસ્તાઓ હતા એ રસ્તાઓની પહોળાઇ વધારવા અને ફૂટપાથ બનાવવા માટેનું પણ આયોજન કરવામાં આવે છે.

શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની સમક્ષ મારી વાત રાખવા માટે હું પહેલી વખત ઉપસ્થિત થયો છે. ગુજરાતના પ્રણેતા આદરણીય માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગુજરાત રાજયનું વર્ષ ૨૦૧૪–૨૦૧૫નું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મીઠાં ઉદ્યોગના સંદર્ભમાં મારા વિચારો વ્યકત કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણા ખાદ્ય ખોરાકની મોટા ભાગની વસ્તુઓ આપણને ખેતીના માધ્યમથી ઉપલબ્ધ થાય છે. પરંતુ જગતના તમામ પ્રકારના ભોજનમાં વપરાતું મીઠું જેના વગર ભોજન સ્વાદિષ્ટ નથી બનતું. એ કુદરતે બનાવેલા ખારા પટમાં પાણી અને સુર્યપ્રકાશના કારણે ઉત્પન્ન થતું હોય છે, આમ માનવીના ભોજનમાં મીઠાનું આગવું મહત્વ છે, આ ગુજરાતની ગૌરવવંતી વિધાનસભામાં, આ ગૃહમાં જેમની પ્રતિમા મૂકવામાં આવી છે એવા અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીએ આ દેશમાં મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો. આમ હિંદુસ્તાનની આઝાદીની લડતમાં, એમાં પણ સત્યના આગ્રહ માટે મીઠાના નામે સત્યાગ્રહ થયો. આ રીતે આઝાદીના ઇતિહાસમાં પણ મીઠાનું સ્થાન અને આગવું મહત્વ છે. ભારતના બંધારણ અનુસાર મીઠું એ કેન્દ્રનો વિષય છે અને તેનો યુનિયન લિસ્ટ–૭માં શિડ્યૂલમાં ૫૮માં ક્રમે સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૬૦૦ કિલોમીટર દરિયાનો વિસ્તાર ધરાવતા ગુજરાત રાજ્યમાં આમ તો વિશ્વના મીઠાના ઉત્પાદનમાં ચીન અને અમેરિકા પછી ભારત દેશનું ત્રીજું સ્થાન અને નંબર છે. સમગ્ર દેશના કુલ મીઠાના ઉત્પાદનના ૭૭ ટકા મીઠું ગુજરાત રાજ્ય પકવે છે. એમાંથી ૩૩ ટકા જેટલું મીઠું હું જ્યાંથી આવું છું એ મારો કચ્છ જિલ્લો આ દેશને પૂરું પાડે છે. મીઠાના ઉદ્યોગ દ્વારા અંદાજે એક લાખ જેટલી વ્યક્તિઓને સીધી અને આડકતરી રોજગારી મળતી હોય છે. ગુજરાત રાજ્યની અંદર સંખ્યાબંધ કુદરતી ખાણની પ્રકૃતિની સવલતના કારણે મુખ્યત્વે કચ્છ જિલ્લો અને તે સાથે કુલ્લે ૧૫ જિલ્લાની અંદર મીઠાનું ઉત્પાદન થાય છે. ગુજરાત રાજ્યની અંદર ૨૫૦૦ જેટલા મીઠાના એકમો આવેલા છે અને ૪,૨૭,૫૭૬ એકર જમીનની અંદર મીઠું પકવવામાં આવે છે. ૩૦૧ જેટલા આયોડાઇઝેશન પ્લાન્ટ છે, ૪૭ જેટલી સોલ્ટની રિફાઇનરી છે. બાર જેટલા મીઠા આધારિત મોટા ઉદ્યોગો આવેલા છે. લગભગ ૬૦૦૦૦ જેટલા ડાયરેક્ટ અને એનાથી વધુ ઇનડાયરેક્ટ અનેક લોકો આ મીઠાના ઉદ્યોગ સાથે જોડાયેલા છે. ૧૯૯૫માં આ રાજ્યનું મીઠાનું ઉત્પાદન ૮૮.૨૪ લાખ મે. ટન હતું જે વધીને વરસ ૨૦૧૩–૧૪માં ૧,૮૦,૦૯૬ લાખ મે.ટન એટલે લગભગ ડબલ જેટલું થયું છે.

મારા મિત્ર શક્તિસિંહજી બે દિવસ પહેલાં વાત કરી રહ્યા હતા. **"ભૂખ્યાજનોની જઠરાગ્નિ જાગશે"** મારે એમને કહેવું છે કે ભૂખ્યાજનોની જઠરાગ્નિ જાગી ગઇ છે અને એ તમને ભરખી ગઇ છે. કારણકે તમે આજ દિવસ સુધી આ ગુજરાતની અંદર ક્યારેય ગરીબોની ચિંતા નહોતી કરી. અગરિયાઓની ચિંતા નહોતી કરી, સમાજના છેવાડાના માનવીની ચિંતા નહોતી કરી. અમે તો એક ગરીબની અંદર દરિદ્રનારાયણના દર્શન કરીએ છીએ અમે તો અમારા પાર્ટીના સ્થાપક દિનદયાળજીએ અંત્યોદયનો સિદ્ધાંત આપ્યો છે એટલે છેલ્લાં એક દાયકાથી આ ગુજરાતની અંદર મીઠાના અગરિયાઓ માટે અનેક યોજનાઓ આવી છે એમના આવાસો, એમના બાળકોના અભ્યાસ માટેની સુવિધાઓ એમને રાશનની સગવડો, એમને પીવાના પાણીની સગવડો આપી છે. આ વરસના બજેટની અંદર માતબર ૧૦ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવી છે. ડિઝલ મશીનની જગ્યાએ સોલાર પંપ એમને આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આમ તો આ સફેદ રણની અંદર માત્ર અગરિયાઓ જતા હોય છે. પરંતુ આદરણીય નરેન્દ્રભાઇની દીર્ઘ દ્રષ્ટિના કારણે આ મીઠાના સફેદ રણની અંદર દેશ અને દુનિયાના પ્રવાસીઓએ કચ્છની ધરતી પર આવવાનું શરૂ કર્યું છે. અનેક લોકો અનેક સહેલાણીઓ જેઓ આ મીઠાના રણનું સૌંદર્ય જોવા માટે કચ્છની ધરતી ઉપર આવી રહ્યા છે. પૂનમની ચાંદની રાત્રે હીરા જેમ ચમકતા કચ્છના રણને જોવા માટે લાલન્વિત થાય છે. એના માટે આખા દેશની અંદર એક સુત્ર પણ ગાજતું થયું છે. **"કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા"** આટલું કહીને મારું પ્રવચન પૂરું કરું છું.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેની ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. તૈયાર ઘરમાં તમે પેસી ગયા છો તમે બનાવો તો ખબર પડે કે કેમ ઘર બને છે.

**" પીપળ પાન ખરંતાં, હસતી કુંપળીચાં,**
**મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીચાં. "**

એટલે ખબર નથી પણ આ કોંગ્રેસે આઝાદી અપાવી છે. કોંગ્રેસે કેટલા બલિદાન આપ્યા છે તેનો તો વિચાર કરો. તમે એક બલિદાન આપ્યુ હોય તો એમ લાગત કે તમે બલિદાન આપ્યુ. કોંગ્રેસે કેટલી બધી સરસ યોજના બનાવી છે પણ તેનો પણ તમે અમલ કરતા નથી. તમે જુઓ આ દેશમાં ટેકનોલોજી કોણ લાવ્યું ? કોંગ્રેસ ટેકનોલોજી લાવી. તમે એક તો લાવી જુઓ. આ ટેકનોલોજી આવી એટલે વિકાસ થયો. તમે જુઓ પેલા માધવસિંહ સોલંકી મધ્યાહ્ન ભોજન લાવ્યા. આખા ગુજરાતમાં નહી, ઓલ ઈન્ડિયામાં દાખલ કર્યુ. દસમું પાસ, બારમું પાસ એવા હજારો, અબજો લોકોને રોજી રોટી મળી. અમારા ત્રિભૂવનદાસ અમૂલ ડેરી લાવ્યા તો તેનાથી આખા ગુજરાતમાં કેટલા લોકોને રોજી રોટી મળી, તમે એક શાકભાજીનુ કરો તો પણ બહુ થઇ ગયુ. તેનાથી પણ કેટલાય લોકોને રોજી રોટી મળે અને નાના અને સીમાંત ખેડૂતોને બિચારાને તેમના ભાવ મળે. તમે કહો છો નર્મદા, નર્મદા, નર્મદા આમ ના કર્યુ અને તેમ ના કર્યુ. અલ્યા, પેટા શાખાઓ અને શાખાઓ પૂરી કરો તો પણ બહુ થઇ ગયુ. અમારા વખતે પૂરી થશે, તમે તો પૂરી કરવાના જ નહીં. આ પેટા શાખાઓ અને શાખાઓ પૂરી કરો તો પણ પાણી મળે પણ કાંઇ દરવાજા મૂકચે પાણી મળવાનું છે ? તમે બધા જે ઉત્સાહમાં ખર્ચ કરો છો તેના કરતા લોકોના કલ્યાણમાં ખર્ચ કરો. વધારે જે જરૂર પડે તે તો ખેતીવાડીમાં પડે છે અને અમારા સૌરભભાઇ તો લાઇટ આપતાં જ નથી, આઠ કલાક લાઇટ આપે છે તો તેમાં શું કરવાનું ? ખેતી એ એક ફેકટરી છે. બધી ફેકટરીઓ બંધ થઇ જાય પણ ખેતીની ફેકટરી બંધ ના રહે અને અમારા નાના અને સીમાંત ખેડૂતોને શું જોઇએ? મોટા મોટા ખેડૂતોને બિચારાને હેરાન કરે, ટાઇમે પાણી જ ના આપે, તો આ કરો. આ પંદર વર્ષથી બાકી છે પણ નથી કરતા આ કરે તો કેટલા લોકોને રોજી રોટી મળે અને તેને નોકરીએ જવું ના પડે. તમે જુઓ તો આ મહીસાગર, વાત્રક, સાબરમતીમાં કેટલા નાના અને સીમાંત ખેડૂતોની જમીન જતી રહી છે. આ આપણું જમીન વિકાસ નિગમ કેટલાય વર્ષથી બેસી રહ્યું છે. અમારા વખતે તે ચાલુ હતુ પણ તમે તેને બેસાડી રાખ્યું છે. કેટલી બધી મશીનરી છે તો એ બધી રિપેર કરાવો તો પણ નાના અને સીમાંત ખેડૂતોને જમીન મળે. તમે આ કરાવતા નથી અને ખાલી જમીન વિકાસ નિગમ, એ બધા લોકો બેસી રહ્યા છે. શું કામ બેસાડી રાખ્યું છે ? તમે તેનો ઉપયોગ કરો અને મોટી મોટી વાતો કરો છો કે અમે આમ કર્યુ અને તેમ કર્યુ. લાખો લોકોને, લાખો નાના અને સીમાંત ખેડૂતોને તેની જમીન પાછી મળે. એ પોતાના નામે છે પણ એ

કોતરોમાં જતી રહી છે તેને સીધી કરો, અમે તો ઘણી કરી પણ તમે આ બંધ કરી દીધુ (અંતરાય) અલ્યા, ભાઇ સાંભળો. જેટલું ફૂલ ખીલે છે એટલું તે કરમાય છે તે સમજો. અમારો પણ સમય વહેલો મોડો આવવાનો છે તમે એમ ના સમજતા, આ તમને કંઇ લખી આપ્યું નથી. બરાબર, એટલે અમારો પણ સમય આવવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમે જુઓ આરોગ્યમાં તો આખા ગુજરાતમાં ડોકટરો નથી. શું કામ નથી ? તમે જુઓ માધ્યમિક, કોલેજોમાં સેલ્ફ ફાયનાન્સ, કોણ ભણવાનું હતુ ? તમે જુઓ માધવસિંહ સોલંકીએ કન્યાઓ માટે મફત શિક્ષણ. જયાં સુધી ભણવું હોય ત્યાં સુધી મફત શિક્ષણ. પણ અત્યારે દીકરીઓ માટે લાખ્ખો રૂપિયા ખર્ચ્યા પછી પણ શું મળ્યું? તો આ તો કરો ભાઇ, મોટી મોટી શું કામ વાતો કરો છો? એ વાતો બંધ કરો અને આવું કરો, તો તમને એમના આશીર્વાદ મળશે, અમને તો મળશે પણ તમને પણ મળશે એટલા માટે વિચારો. ખેતીમાં વિચારો. અમારા સૌરભભાઇ પાછા શહેરી વિસ્તારમાં જે રહેતા હોય એ લોકો, એનું વીજળીકરણ બંધ કરી દીધું. એવો જી.આર. તમે શું કરવા કાઢ્યો? શહેરમાં બિચારા વરસાદ પાણી હોય તો દીવા બહાર રહે તો ઓલવાઇ જાય. તો એ તો કરો ભાઇ, એ જી.આર. તો ખેંચી લો. એ.સી.માં બેસી રહેવાથી ખબર નહીં પડે પણ ફરો તો ખબર પડે. એ.સી.માં ના બેસી રહેવાય. પહેલાંના રાજા–મહારાજા તો ચાદર ઓઢીને બધે ફરતા હતા અને લોકોની વાતો સાંભળતા હતા કે લોકોને શું મુશ્કેલીઓ છે પણ અત્યારના રાજાઓ તો એ.સી.માંથી બહાર નથી નીકળતા એટલે એ.સી.માંની બહાર નીકળતાં શીખો. (અંતરાય) એ બહુ ચાલવાનું નથી અને આ જે જમીનો કોતરમાં ગઇ છે એ જમીનની જેમ તમારું બેસી રહ્યું છે. એમાં રૂપિયા ફાળવો તો લોકોને બિચારાઓને એને પોતાની જમીન મળે. તો આ કરજો માનનીય સૌરભભાઇ. આ કહ્યું. બધું પોલંપોલ છે, તમે મહેકમ જ જુઓને, ૫૦ ટકા મહેકમ એકેય ડિપાર્ટમેન્ટમાં નથી. એ મહેકમ કયારે પૂરશો? બે અગત્યની વસ્તુ છે. શિક્ષણ અને આરોગ્ય, તો એમાં તો મહેકમ પૂરો જલદી. ભણશે શું વિદ્યાર્થીઓ? પ્રોફેસરો નથી. તમે જુઓ, જીઇબી બોર્ડ છે. એમાં તમારા કેટલા એકમો બંધ છે? સરકારી એકમ બધાય બંધ છે. પૂછી જુઓને એમને ભાઇ, મારી જોડે આવો તો હું બતાવું કે કેટલા સરકારી એકમો બંધ છે અને જીઇબીની વાતો કરો છો કે જીઇબી આમ? તો બહાર વીજળી વેચી ખાવાની અને ખેડૂતોને વીજળી આપવાની નહીં આ કેવી રીતે ચાલશે? અને પાછા તમે કહો છો કે બહુ આગળ આવ્યા છીએ અને બધું કરી લીધું. તમે તો કશું કર્યું નથી ભાઇ, અમારું બધું કરેલું છે અને તમે એમાં ફેરફાર કરો છો એ તમારી વાત છે. તમે કશું કર્યું નથી. બધું અમારું કરેલું છે એમાં જ તમે ફેરફાર કરો છો, સ્કૂલો ન હતી? રોડ ન હતા? આ બધું ન હતું? નહેરો ન હતી? બધું હતું, તમે એક નહેર તો બનાવી જુઓ. એક બંધ તો બાંધી જુઓ તો ખબર પડે કે કેવી રીતે થાય છે. એક બંધ બાંધી જુઓ. ડેરી જુઓ અને શાકભાજીનું બનાવી જુઓ તો ખબર પડે કે કેવી રીતે બને છે એ? આ તો મોટી મોટી વાતો કરવાની, આ માનનીય સભ્યશ્રીઓ, બોલ્યા કે આમ કર્યું તેમ કર્યું, તો શું કર્યું? બહાર ફરો તો ખબર પડે કે કેટલા લોકો ગરીબ છે. એ.સી.માં બેસી રહેવાથી ખબર ન પડે. કોઇ હરાવી શકે છે અમને? કોઇની તાકાત છે હરાવવાની? આ છઠ્ઠી ટર્મ છે. છઠ્ઠી ટર્મ છે. કોઇને હરાવવાની તાકાત નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વર્ષ ૨૦૧૪–૧૫નું ફેરફારવાળું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ બજેટમાં જુદા જુદા શબ્દો દ્વારા સુંવાળું અને હુંફાળું બજેટ આપવા માટેની કોશીશ કરી છે પણ વાસ્તવમાં જોઇએ તો આ બજેટ સંપૂર્ણપણે નિરાશાજનક અને દિશાવિહીન લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં ક્ષાર પ્રવેશ માટે ૯૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે ત્યારે મારે કહેવું છે કે, ભાવનગરથી લઇને કચ્છ સુધી દરિયાઇ પટ્ટો છે અને એ દરિયાઇ પટ્ટામાં દરિયાના ખારા પાણી દિનપ્રતિદિન આગળ આવતા જાય છે અને એ આગળ આવવાને કારણે ખેડૂતોની ફળદ્રુપ જમીન બગડતી જાય છે, ખેતીનું ઉત્પાદન પૂરેપૂરું થતું નથી અને એવા સમયે ભૂતકાળમાં ૧૯૮૪માં ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા આ ખારા પાણીને અટકાવવા માટે બંધારા, સ્પ્રેડીંગ કેનાલો અને આ પ્રકારની ભલામણો કરવામાં આવી હતી ત્યાર પછી છેલ્લા પંદર વર્ષથી આપની સરકાર જયારે શાસન આ રાજયમાં કરે છે ત્યારે મારે સરકારને

પૂછવું છે કે આ ઉચ્ચ સ્તરીય સમિતિ મારફતે ભલામણ જે કરી હતી એ પ્રમાણે આ ક્ષાર પ્રવેશ અટકાવવા માટે કેટલાં કામો કર્યા છે? મારા વિસ્તારને લાગે વળગે છે ત્યાં સુધી પાંચપીપળવા અને વાસજ ટ્રાયડલ રેગ્યુલેટર માટે જમીન સંપાદન કર્યા સિવાય કોન્ટ્રાકટરને કામ સોંપવામાં આવ્યું. બારમા નાણા પંચમાંથી આ કામો માટે ૮ કરોડ રૂપિયાની રકમ મળી, ૯ કિલોમિટરનું કામ થઇ ગયું અને આગળ કામ કરવાનું હતું એ આ જમીન સંપાદન નહીં થવાને કારણે જમીન ન મળવાને કારણે કોન્ટ્રાકટ રદ કરવામાં આવ્યો અને એ રદ કર્યા પછી ૨.૫ કરોડ રૂપિયા જેવા ખર્ચ વ્યર્થ ગયો છે ત્યારે આની જવાબદારી કોની? જમીન સંપાદન થાય એ પહેલાં આ એજન્સીને કામ અને વર્ક ઓર્ડર કેવી રીતે આપવામાં આવ્યો અને બારમા નાણા પંચે આ પૈસા આપ્યા હતા એ વણવપરાયેલા પડી રહ્યા છે ત્યારે મારે ધ્યાન દોરવું છે કે આ બજેટમાં ક્ષાર પ્રવેશ અટકાવવા માટે જે જોગવાઇ કરી છે એ અપૂરતી છે. તો એનાથી વિશેષ જોગવાઇ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વરસાદ ખેંચાતાં અત્યારે ખેડૂતો ચિંતામાં છે. આપણું અર્થતંત્ર એ વરસાદ આધારિત છે અને એ વરસાદ આધારિત છે ત્યારે કૃષિને વધુને વધુ પ્રાધાન્ય આપીએ તો જ આપણા અર્થતંત્રને સારી રીતે વેગ આપી શકાય. ઉચ્ચ વિકાસ દર સાધવા માટે, ઉચ્ચ વિકાસ દર લાવવા માટે કૃષિને પ્રાધાન્ય અપાય તો જ ઉચ્ચ વિકાસ દર હાંસલ કરી શકાય, તો જ ફુગાવો ઘટશે અને વિકાસદર જો ના હાંસલ કરી શકાય તો ફુગાવો વધશે અને સમગ્ર દેશમાં આજે આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે કૃષિને વધુને વધુ પ્રાધાન્ય અપાય એ જરૂરી છે. અહીં એના પ્રાધાન્ય માટે જે જોગવાઇ કરવામાં આવી છે એ અપૂરતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં ટ્રેકટરોની સબસિડી ખેડૂતોને આપવા માટેની વાત કરી છે, પણ હજુ ગયા વર્ષની ૬૧૭ જેટલા ખેડૂતોની સબસિડી ચૂકવવાની બાકી છે એ પણ ધ્યાન સાથે સાથે દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગ માટે ૮૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને ૮૭ કરોડ રૂપિયાનું હુંડિયામણ કમાવી આપવામાં બંદરોની કામગીરી મહતવની છે. એમાં જૂનાગઢમા જિલ્લામાંથી નવા થયેલ સોમનાથ–ગીર જિલ્લામાં મોટામાં મોટું બંદર વેરાવલ આવેલ છે અને જૂનાગઢ જિલ્લાનું માંગરોલ બંદર છે, તો આ બંદરોને વધુમાં વધુ વેગ આપવો જોઇએ. એના માટે આ બજેટમાં જે જોગવાઇ કરેલ છે એ અપૂરતી છે તો એમાં પણ વધારો કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડૂ યોજના એ બહુ સારું નામ આપ્યું છે, પરંતુ સાગરખેડૂ તરીકે ઓળખાતા જે માછીમારો દરિયામાં માછીમારી કરવા જાય છે ત્યારે પાકિસ્તાન દ્વારા છાશવારે આપણા આ માછીમાર ભાઇઓની ધરપકડ થાય છે ત્યારે હું સરકારને અને માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ આંતરરાષ્ટ્રીય જળ સીમા છે એ જળ સીમા આપણા માછીમાર ભાઇઓ ના ઓળંગે એટલા માટે કોઇ સેટેલાઇટ સિસ્ટમ ગોઠવવામાં આવે જેથી કરીને આપણા માછીમારો જયારે માછીમારી માટે જાય ત્યારે એમને એનાથી ખબર પડી જાય અને એ આ જળ સીમા ના આળંગે અને એ પકિસ્તાન મારફતે થતી આવી હેરાનગતિથી બચી શકે. આના માટે ભૂતકાળમાં કેન્દ્ર સરકારે નાણાકીય જોગવાઇ પણ કરી હતી, નાણાં પણ આપેલ હતાં છતાં રાજય સરકાર દ્વારા આવી કોઇ વ્યવસ્થા નહોતી કરી ત્યારે મારી વિનંતી છે કે આ આંતર રાષ્ટ્રીય જળસીમા ના ઓળંગે એના માટે આવી સેટેલાઇટ વ્યવસ્થા ગોઠવવામાં આવે જેથી કરીને માછીમારો પાકિસ્તાન સીમામાં ના જાય.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા આ માછીમારો પાકિસ્તાન સરકાર મારફતે જે પકડાય છે અને તેમને પાકિસ્તાનની જેલમાં રાખવામાં આવે છે. તો એ જયારથી પકડાય છે અને જયારે છૂટે છે એ દરમ્યાન તેમને દૈનિક વેતન અને ભથ્થું રાજય સરકાર આપે છે. એમાં રાજય સરકારે વધારો કરેલ છે, પરંતુ આજનો ભાવવધારો અને મોંઘવારી જોતાં એ અપૂરતું છે તો એ દૈનિક ભથ્થામાં પણ વધારો થાય એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ માટે બજેટમાં કહેવામાં આવ્યું છે કે ૧,૪૪,૮૬૪ પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવામાં આવી છે તો એ સારી વાત છે. ૨૧૫૯ મુખ્ય શિક્ષકોની ભરતી કરવામાં આવી છે એ પણ સારી વાત છે, તો આપણે આ ભરતી કરીએ છીએ, પરંતુ એની સામે જે રિટાયર થાય છે એની તો કોઇ

વાત જ કરતા નથી. એ જે રિટાયર થાય છે એના આધારે તો આ ખાલી જગ્યાઓ પડે છે. તો આટલી ભરતી કર્યા પછી પણ આ રિટાયર થવાને લીધે જગ્યાઓ તો એટલી જ ખાલી રહે છે. તો હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપણે પ્રાથમિક શિક્ષણમાં બે ભાગ કર્યા છે એમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ.૬ થી ૮ એમાં અત્યારે જે વ્યવસ્થા કરી એમાં આજે પાંચ વર્ષ થઇ ગયા પછી પણ આપણે સમાનતા લાવી શકયા નથી, આજે પણ ૧ થી ૫ ધોરણમાં ઓવર સેટઅપ છે પરંતુ ધોરણ ૬ થી ૮ માં વિષયો ભણાવવા માટે શિક્ષકો નથી, ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો નથી અને શિક્ષકોના અભાવે જે વિદ્યાર્થીઓએ સાયન્સ કરીને ઉચ્ચ કારકીર્દી નિર્માણ કરવાની છે એવા વિદ્યાર્થીઓને આ શિક્ષકો ન મળવાને કારણે એમનું ભાવી અદ્ધરતાલ રહે છે. તેથી મારી રાજય સરકારને નમ્રતાપૂર્વક વિનંતી છે કે આ બે ભાગ કર્યા તેને પાંચ વર્ષ થઇ ગયા છતાં આજે ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો મળતા નથી. ત્યારે મરી વિનંતી છે કે ધોરણ ૧૨ સાયન્સ કરેલા જે ઉમેદવારો તેવા ઉમેદવારો આજે આપણા રાજયમાં ઘણી બધી સંખ્યામાં છે. અને તેમણે પી.ટી.સી. કરેલ છે. ૧૨ સાયન્સ પી.ટી.સી. કરેલા છે તો આ ૧૨ સાયન્સ પી.ટી.સી. કરેલા વિદ્યાર્થીઓની ભરતી કરવા માટે રાજય સરકાર ગંભીરતાપૂર્વક વિચારણા કરે કે જેથી કરીને આવા બેરોજગાર નવ યુવાનોને રોજગારી આપી શકાશે અને ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો પણ મળી રહેશે. એટલે રાજય સરકારને મારી ફરી વિનંતી છે કે આ ધોરણ ૬ થી ૮ માં જે ઘટ છે અને જિલ્લા કક્ષાએ જે કેમ્પ થાય છે એક જિલ્લામાં ઘટ છે અને એક જિલ્લામાં વધ છે તેનો સપ્રમાણ રેશીયો આપણે પાંચ વર્ષ થયા છતાં કરી શકયા નથી. તેથી મારી વિનંતી છે કે આ માટે ગંભીરતાપૂર્વક વિચારણા કરે.

તેનાથી આગળ વધીને કહેવા માગું છું કે જયારે શાળાઓ ખુલે છે ત્યારે પાઠયપુસ્તકો બજારમાં ન મળે, આ રાજયની આનાથી વધુ અવ્યવસ્થા બીજી કઇ હોઇ શકે? સ્કૂલો ખુલે, આપણે શાળા પ્રવેશોત્સવ ઉજવીએ, પણ એ વિષયના પાઠયપુસ્તકો આપણે સમયસર આપી શકીએ નહી, સરકારને ખબર જ છે, આગોતરું આયોજન કરી શકાય તેમ છે, ૧૫મી જુને વેકેશન ખુલવાનું જ હોય, અને ત્યારે જે તે વિષયના પુસ્તકો બજારમાં ન મળતા હોય તો આનાથી બીજી કમનસીબી બીજી શું હોઇ શકે? હું વિનંતી કરું છું કે, દર વર્ષે સ્કૂલો ખુલે ત્યારે જે જે ધોરણોના પાઠય પુસ્તકોની જરૂરિયાત હોય તે પુસ્તકો વિદ્યાર્થીઓને સમયસર મળી જવા જોઇએ એ પ્રકારનું આયોજન રાજય સરકાર કરે તેવી અપેક્ષા છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ૨૪૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને સરકારને કહેવું છે, બે દિવસ પહેલા અને ગઇ કાલે પણ પ્રશ્નોત્તરીમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ મારફત જે યોજનાઓ ચાલે છે એમાં આજે રાજયમાં દર ત્રીજું બાળક કુપોષણથી પિડીત છે. સ્ત્રી પુરુષનો રેશીયો દિન પ્રતિદિન ઘટતો જાય છે. બેટી બચાવો, બેટી બચાવોના આંદોલનો કરીએ છીએ છતાં પણ પરિણામ લક્ષી સફળતા સુધી આપણે પહોંચી શકયા નથી. આવા સમયે જે આંગણવાડીઓ ચાલે છે એમાં માનનીય મંત્રીશ્રીએ ગઇ કાલે જવાબ આપવામાં જે રીતે છટકવાની કોશીશ કરી છે, ત્યારે વાસ્તવિક બાબત પણ હું રજૂ કરવા માગું છું. માનનીય મંત્રીશ્રી અને સરકારનું ઘ્યાન દોરવા માગું છું કે રાજયની વસતિ છે તે કુલ વસતિને ઘ્યાનમાં રાખીને ભારત સરકારની જે માર્ગદર્શિકા છે અને ગઇકાલે જે જવાબ આપ્યો તે પ્રમાણે ૪૦૦ થી ૮૦૦ ની વસતિએ એક આંગણવાડી મંજૂર કરવામાં આવે છે, એ ધોરણો પ્રમાણે ૭૫૪૮૦ આંગણવાડીની જરૂરિયાત રાજયમાં છે. જયારે રાજય સરકારે મંજૂર કરી છે ૫૨૧૩૭ આંગણવાડીઓ. અને તેની સામે ૫૦૨૨૫ આંગણવાડી કેન્દ્રો આજે ચાલુ છે અને કાર્યરત છે. ત્યારે મારે બહુ ગંભીરતાપૂર્વક કહેવું પડે કે દોઢ કરોડની વસતિને આંગણવાડીની સુવિધાથી વંચિત રાખવાનું કામ આ રાજય સરકારે કર્યું છે, આ રેકર્ડ આધારિત હું વાત કરી રહ્યો છું. વાર્ષિક ૩૦૦ પોષણક્ષમ દિવસ આપવાના હોય છે તે પણ પૌષ્ટિક આહાર પૂરતો આપવામાં આવતો નથી. ત્યારે વહેલામાં વહેલી તકે, કોઇ એક તાલુકો માગણી કરે કે એક જિલ્લો માગણી કરે અને આપીએ એમ નહીં, પણ કુલ વસતિના પ્રમાણમાં જે આંગણવાડીની જરૂરિયાત છે તેવા રાજયના તમામ જિલ્લાઓનું સંકલન કરી અને વિભાગ દ્વારા ભારત સરકારને એક સાથે દરખાસ્ત કરવામાં આવે કે જેથી કરીને આ દોઢ કરોડની વસિત જે વંચિત રહી ગઇ છે તેને આંગણવાડીની સુવિધા મળી શકે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦)

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, જેલની વાત આવે એટલે ભલભલાનો પસીનો છૂટી જાય. આ જેલમાં જ આપણા કર્મયોગી કૃષ્ણનો જન્મ થયેલો અને જેલ એટલે કેદખાનું. આપણી સરકારે જેલ વિભાગને ત્રણ ભાગમાં વહેંચીને એના માટે ઘણી બધી કામગીરી કરી છે.

જેલની વાત કરીએ તો સૌથી પહેલા જેલ બિલ્ડિંગ અને એની અંદર આવેલ બેરેકો. બીજો ભાગ જેલના કર્મચારીઓ અને જેલના અધિકારીઓ છે એમનો વસવાટ અને ત્રીજો ભાગ છે કેદખાનું. કેદીઓની વાત કરીએ તો એમાં પણ કાચા કામના કેદીઓ અને પાકા કામના કેદીઓ. સન ૨૦૧૦માં સ્વર્ણિમ ગુજરાતની વાત આવી, આ સ્વર્ણિમ ગુજરાતમાં આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ સાક્ષરતા માટે કામ કર્યું. સાક્ષરતા અભિયાન અંતર્ગત કમ્પલસરી શિક્ષણની વાત કરી. સાક્ષર નહોતા એવા કેદીઓને સાક્ષર કરવામાં આવ્યા. જે સાક્ષર છે અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માગે છે એના માટે પણ આયોજન કરવામાં આવ્યું. સન ૨૦૧૦થી લઇને વાત કરીએ તો ૨૨,૩૦૮ કેદીઓમાંથી ૧૪૪૫૨ કેદીઓને સાક્ષર કરવામાં આવ્યા. એના માટે લીગલ એડવાઇઝરની જોગવાઇ કરી.

હાલ ગુજરાતમાં કુલ ૨૬ જેલો આવેલી છે. જેમાં ચાર મધ્યસ્થ જેલ, જિલ્લા જેલ, ખાસ જેલ, ઓપન જેલ, સબજેલ જેમાં મહિલાઓ માટે જુદી કામગીરી કરવામાં આવેલ છે. ઘણીવાર એવા સમાચાર આવતા હતા કે કેદીઓને કોર્ટમાં લઇ જવા લાવવા પડતા હતા અને એમાં ઘણીવાર કેદીઓ ભાગી જતા હતા. એટલે સરકારે જેલની અંદર જ વિડિયો કોન્ફરન્સ દ્વારા જેલમાં બેઠા બેઠા જ કેસ ચાલે તેવી વ્યવસ્થા ઉભી કરી છે એના લીધે કેદીઓને લાવવા લઇ જવાની માથાકૂટ ઓછી થાય, સમય બચે અને સાથે સાથે ઘણીવાર કેદીઓ ભાગી જતા હતા એનું પ્રમાણ પણ ખૂબ ઓછું થયું છે. સાથે સાથે જેલમાં નવા આયોજન પછી સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે જેથી જેલની અંદર કોઇપણ પ્રવૃત્તિ થતી હોય તો એના ઉપર ધ્યાન રાખી શકાય. સાથે સાથે કેદીઓને સજા થાય છે ત્યારે એ સમાજથી દૂર થઇ જતો હોય છે અને જયારે સજા પૂરી થાય ત્યારે એ પાછો સમાજમાં આવતો હોય છે તેવા સમયે તેની અંદર એક પ્રકારની હિન ભાવના પેદા થાય છે. એવા કેદીઓના પુનઃવસન માટે એને તાલીમ અને રોજગારી આપીએ છીએ. રોજગારીની સાથે સાથે કૌશલ્ય વર્ધન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે ઘણી બધી યોજનાઓ લાવીએ છીએ. જેલની અંદર જે વસ્તુઓ પેદા થાય છે એને નવી બ્રાન્ડ ઉદય નામ આપવામાં આવેલ છે. જેલની અંદર જ આપણે ગૌશાળા બનાવેલ છે અને ગૌશાળા મારફત ગૌ મુત્રમાંથી અર્ક બનાવીને એક આયુર્વેદિક ઔષધી બનાવીએ છીએ જે ઉપરોકત બ્રાન્ડથી વેચીએ છીએ. સાથે સાથે આપણે કેદીઓને ભણાવીએ છીએ એના માટે ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી, ડો. બાબાસાહેબ આંબેડકર યુનિર્વસિટી મારફત અભ્યાસ કરે છે. અત્યાર સુધી એવું થતું હતું કે કેદી કોઇ શિક્ષણ લે, ડીગ્રી પ્રાપ્ત કરે એમાં કેદીનો નંબર લખવામાં આવતો હતો જયારે એ કેદી જાહેર જીવનમાં પબ્લિક વચ્ચે આવે ત્યારે હિન ભાવના એનામાં ન રહે એટલે એને જયારે સર્ટિફિકેટ આપીએ છીએ ત્યારે કેદીનો નંબર નથી લખતા ફકત નામ લખીએ છીએ. જેનાથી એ સ્વમાનભેર ફરીથી સમાજમાં જીવી શકે. ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં ૨૦૧૦માં ૨૫૫ કેદીઓએ, ૨૦૧૧માં ૩૭૯૪ કેદીઓએ, ૨૦૧૨માં ૨૬૦૭ કેદીઓએ અને ૨૦૧૩માં ૪૨૭૨ કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું, જયારે ઇંદિરા ગાંધી ઓપન યુનિવર્સિટીમાં ૨૦૧૦માં ૫૬, ૨૦૧૧માં ૩૨૧, ૨૦૧૨માં ૮૦૮ અને ૨૦૧૩માં ૪૬૫૫ કેદીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. સાથે સાથે આપણે જેલોમાં એક ગોલ્ડન ગોલ નક્કી કરેલ છે. જેમાં સાક્ષરતા અભિયાન નીચે આ બધી કાર્યવાહી કરીએ છીએ. સતત શિક્ષણ અને પુનઃવસન માટેની કામગીરી કરીએ છીએ.

સાથે સાથે જે વેચાણ માટેની જુદી જુદી વ્યવસ્થા કરેલી છે અને હવે પછી આપણે બજેટમાં જોગવાઇ કરીને ગાંધીનગર, વલસાડ અને દાહોદમાં ૨૨ કરોડના ખર્ચે નવી જેલો બનાવવા જઇ રહ્યા છીએ. જેલોની સુધારણા માટે સી.સી. ટી.વી. કેમેરા, વિડિયો કોન્ફરન્સ માટે ૧૪ કરોડની જોગવાઇ કરેલી છે. જેલો શહેરની

બહાર હોય. હાલમાં ભાવનગર, બરોડા અને જુનાગઢમાં શહેરની વચ્ચે જેલ છે તે શહેરની બહાર લઇ જવાનું આયોજન કરવામાં આવેલું છે. એટલે માત્ર શિક્ષિત સમાજના લોકોને નહીં પણ જે લોકો સમાજથી જુદા પડી ગયા છે તેમને શિક્ષણ મળે અને પુનઃ કેદીઓ વસવાટ કરે, એ હાર્ડકોર ક્રિમિનલ હોય કે સામાન્ય ક્રિમીનલ હોય તે લોકો માટેની વ્યવસ્થા જેલ વિભાગમાં કરેલી છે. જેલ માટે જે બજેટની ફાળવણી કરી છે તેના માટે હું માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન અને માનનીય નાણામંત્રી સૌરભભાઇને અભિનંદન આપું છું.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા ગુજરાત રાજયના મુખ્યમંત્રી માનનીય આનંદીબહેન પટેલના નેતૃત્વમાં નાણામંત્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા મત વિસ્તારના અનુસંધાનમાં મત્સ્ય ઉદ્યોગ વિભાગની વાત કરવી છે. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયા કિનારો કુદરતી રીતે પ્રાપ્ત થયો છે ત્યારે નાણામંત્રી ૮૬૫૯ લાખની મત્સ્ય ઉદ્યોગ વિભાગની માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું. હમણાં જ ભાઇશ્રી અમિતભાઇ અને બલવંતભાઇએ વાત કરી કે ' અચ્છે દિન આ હી ગયે ', તો મારે એ વાતનો ખુલાસો એટલા માટે કરવો છે કે આ ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાનનો જયારે વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કાર્યક્રમ યોજવામાં આવ્યો ત્યારે સાર્ક દેશના વડાપ્રધાનોને આમંત્રિત કર્યા અને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ જયારે આ દેશના વડાપ્રધાનની શપથવિધિમાં આવ્યા ત્યારે અમારા વિસ્તારના ૧૫૧ માછીમારો પાકિસ્તાનની જેલમાંથી છોડાવીને દેશના વડાપ્રધાન બનતાની સાથે સ્વદેશ પાછા ફર્યા. અમે તેમને આવકારવા જયારે રેલવે સ્ટેશન–વેરાવળ મુકામે ગયા ત્યારે ૫૦૦થી ૬૦૦ લોકો એ વિસ્તારના મોટા ભાગના ગરીબ માછીમાર લોકો હતા. તેમના પરિવારો મળ્યા. તેઓએ તેમની આંખમાં આંસુ સાથે કહ્યું કે આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી બન્યા, આજે અમારો પરિવાર ભેગો થયો છે. ' અચ્છે દિન ' તો તેના માટે આવ્યા જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મત્સ્ય ઉદ્યોગ વિભાગની વાત કરવી છે. મત્સ્ય ઉત્પાદન ૨૦૦૧માં ૨ લાખ મેટ્રિકટન હતું તે ૨૦૧૩–૧૪માં ૬ લાખ ૯૪ હજાર મેટ્રિકટન થવા પામેલ છે. રાજય સરકારે ઘણીબધી સવલતો આપી છે. મારે એ વાત કરવી છે કે ગુજરાત રાજયમાં મત્સ્ય ઉદ્યોગ એક એવો ઉદ્યોગ છે કે જેના દ્વારા એકથી દોઢ લાખ લોકો સાઇડમાં એની રોજીરોટી મેળવે છે ત્યારે જે મત્સ્ય ઉદ્યોગમાં ઉત્પાદન અને તેની નિકાસ કરવામાં ૨૦૦૧–૦૨થી જે નિકાસ કરી. ૧.૩૨ લાખ મેટ્રીક ટનની નિકાસ કરી અને ૬૨૫ કરોડનું હૂંડિયામણ આ દેશને જમા કર્યુ. મારે કહેવું છે કે એમાં પ્રોત્સાહિત કરીને આ માછીમાર લોકોએ આધુનિક રીતે ફીશીંગ કરી અને ૨૦૧૩–૧૪ની અંદર જે ૧.૩૨ લાખ મેટ્રીક ટન હતું એ નિકાસ ૨.૪૨ લાખ થવા પામી છે અને આજે હૂંડિયામણ ૨૯૨૯.૬૧ કરોડ રૂપિયા ભારત દેશમાં હૂંડિયામણ કમાવી આપે છે. ગરીબ લોકો એ ગરીબ લોકો છે એને પોતાની જમીન અને ખારલેન્ડની જમીનોમાં મત્સ્ય ઉદ્યોગ બીજ ઉત્પાદન કરવાની જે કામગીરી છે એ આ સરકારે શરૂ કરી અને મફતમાં બીજ ઉત્પાદન ગરીબ માછીમારને મફત આપે છે. આજે ૮૫,૯૪,૦૦૦ જે બીજ ઉત્પાદન કરે છે ગરીબ માછીમારોને મફત આપવામાં આવે છે. આ ગુજરાત રાજયની અંદર ખેતીની જમીન નથી, રહેણાક નથી આ ખારલેન્ડની જમીન છે એ રાજય સરકારે પુખ્ત વિચારણા કરી ૯૩૬૫ હેકટર જમીન અનામત કરી અને આ જમીનમાંથી ૫૭૫૭.૬૫ હેકટર જમીન ૧૦૯૫ ગરીબ માછીમારોને મફતમાં આપી. આપી એની સાથે ૧૦,૦૦૦ માછીમાર ભાઇઓ એમાંથી રોજીરોટી કમાય છે. ગુજરાતમાં જયારે આ દેશનો માછીમાર બીજા દેશના આંતરદેશીય વિસ્તારમાં જયારે પ્રવેશ કરે છે એની ઓળખ માટે બાયોમેટ્રીક કાર્ડ બનાવવાની આખા દેશમાં જયારે વ્યવસ્થા કરવાની થઇ, ગુજરાત રાજયે સોએ સો ટકા આ કામગીરી પૂરી કરી. ૧,૨૦,૬૬૩ કાર્ડ ધારકોના રજીસ્ટ્રેશનની કામગીરી પૂરી કરી છે.

પુંજાભાઇએ વાત કરી કે માછીમાર લોકો ફીશીંગ કરીને જળસીમાથી જયારે પાકિસ્તાનમાં પકડાય છે, અત્યાર સુધીમાં ૫૩૬૬ માછીમારો આ પાકિસ્તાનની જેલમાં પકડાયા અને ત્યાં જેલમાં હતા એમાં રાજય સરકારની કુનેહભરી રીતને હિસાબે ૫૧૭૦ માછીમારોને પરત લાવ્યા છીએ. માછીમાર પાકિસ્તાનમાં હોય, એનો પરિવાર નિરાધાર થઇ જાય, આ રાજય સરકારે પહેલ કરી ૧૫૦ રૂપિયા દૈનિક વેતન તરીકે એના

પરિવારને ચૂકવે છે, એના માટે ૨૫૦ લાખનું આયોજન પણ કર્યું છે. પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં માછીમારો ૫૩૬૬ જેમ પકડાણા એમ ૮૭૩ બોટો પકડાણી અને આજે પાકિસ્તાનના કબજામાં છે. એક બોટની કિંમત ૩૦ થી ૩૫ લાખ રૂપિયાની એક બોટ જયારે હોય એ બોટો પડી છે પરંતુ આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આવ્યાની સાથે સત્તરમે દિવસે જયારે નર્મદા બંધના જે દરવાજાની મંજૂરી આપી એમ માછીમારો માટે ૧૫ જણાનું પ્રતિનિધિમંડળ આવતી ૧૫મી તારીખે પાકિસ્તાન જઇ કરોડો રૂપિયાની બોટો પરત લાવવાની કામગીરી શરૂ કરી છે. માછીમારોને બીજી મદદ કરવા માનનીય નાણામંત્રીશ્રીએ એવી કામગીરી કરી છે કે ગુજરાતના ગરીબ માછીમારને મદદ કરવા માટે તેમને જે ડીઝલનો વપરાશ થાય છે આ ડિઝલના વપરાશમાં વેટની રાહત આપી છે. આ રાહત કેટલી છે? ગયા વર્ષે ૯૦ કરોડ રૂપિયા માછીમારોને ચૂકવાયા છે અને આ વર્ષે ૮૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. માછીમારો જ્યારે દરિયામાં જાય ત્યારે ઉપર આભ અને નીચે દરિયો હોય છે. જીવનું જોખમ લઇ અને જ્યારે મત્સ્યોદ્યોગનું કામ કરતા હોય એને વીમાથી સુરક્ષિત કરવાનું કામ કોઇએ કર્યું હોય તો ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને સૌરભભાઇ પટેલે ૨ લાખ રૂપિયાના વીમાની યોજનાથી શરૂઆત કરી છે. તેનું પ્રિમિયમ પણ રાજ્ય સરકાર ભરે છે. પીવાના પાણી માટે કહું તો વેરાવળ વિસ્તાર છે, માંગરોળ છે. (અંતરાય)

**ઉપાધ્યક્ષશ્રી :** આપનો સમય પૂરો થાય છે.

**શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫નું વર્ષ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કૃષિ વર્ષ તરીકે જાહેર કર્યું છે. સાથોસાથ રાજ્યના નાણામંત્રીશ્રી પણ કૃષિ વિકાસને વેગ આપવા માટે આ બજેટની અંદર ઘણી બધી યોજનાઓ લઇને આવ્યા છે તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને એક ખેડૂત તરીકે આ બજેટને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં કૃષિ વર્ષ જાહેર કરીને કૃષિ ક્ષેત્રે નવી ટેકનોલોજીને અપનાવવા માટે આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન આપવા માટે ખેડૂતો મોટા પાયે રોકાણ કરે અને ધિરાણ દ્વારા સુવિધાઓ ઉપલબ્ધ કરે એ હેતુથી તેમના ઉપર વ્યાજનું ભારણ ઘટાડવા માટે સરકારશ્રીએ બેંક મારફત કૃષિ ક્ષેત્રે નોંધનીય વિકાસ થઇ શકે તે હેતુથી ગ્રીન હાઉસ, નેટ હાઉસ, પ્રોસેસિંગ યુનિટ અને સંબંધિત ખાતા મારફતે સહાય આપવામાં આવે છે. તે યુનિટ માટે ખેડૂતે લીધેલ ધિરાણના વ્યાજ પર ૬ ટકા બેંક એટેન્ડ સહાય જે લાભાર્થીના બેંક લોન એકાઉન્ટના સંબંધિત ખાતામાં બાગાયત, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ તેમજ જી.જી.આર.સી. મારફત અમલવારી કરીને જમા લાભ આપવામાં આવે છે. તે માટે ૨૫૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે. આમ, ખેડૂતોને લોનના વ્યાજમાં રાહત મળશે. કૃષિ વિકાસ વર્ષ અંતર્ગત વિસ્તરણ અને જાહેર વ્યવસ્થા માટે કૃષિ મેળા પ્રદર્શનના હેતુસર પુસ્તિકા, ફોલ્ડર, ગોષ્ઠી, દસ્તાવેજી ફિલ્મો બતાવવા માટે પેનલોનું નિર્માણ કરવા રૂપિયા ૧૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. આથી ગુજરાતના કૃષિ વિકાસના મીઠાં ફળ વિશાળ ખેડૂત આલમ સુધી પહોંચાડી શકાશે.

રાજ્યની ખાદ્ય સુરક્ષા માટે રાજ્યના બજેટમાં પ્રથમવાર જોગવાઇ કરેલ છે. કેન્દ્ર પુરસ્કૃત યોજના એન.એફ.એસ.એમ. યોજના, ઘઉં, ચોખા, કઠોળ, બરછટ અનાજ અને વાણિજ્યિક પાક કપાસ અને શેરડી અંતર્ગત વિવિધ ઘટકમાં સહાય આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી મળનાર ફંડનો ઉપયોગ કરી આ હેતુથી ૨૦૧૪-૧૫ માટે જનરલ ખેડૂત માટે રૂપિયા ૬૧૯૭.૨૨ લાખ, અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે રૂપિયા ૭૫૨.૭ લાખ અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે રૂપિયા ૨૪૭.૫૭ લાખની રાજ્યના બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. આનાથી ખેડૂતને ખૂબ ફાયદો મળશે. કૃષિ ઉત્પાદનનું સાતત્ય જાળવવા માટે ઉપયોગી એવા અછતયુક્ત કુદરતી સ્ત્રોતોનું રક્ષણ અને જાળવણીયુક્ત વપરાશને પ્રોત્સાહિત કરવા માટે ફિલ્ડ સરવે દ્વારા જમીનોના સ્ત્રોતોનું મોનિટરીંગ કરી આલ્કલાઇન એસિડિક સલા ઇન જેવા પડકારાત્મક જમીનના પ્રશ્નો દૂર કરવા અને નિવારવા કાર્યક્ષમ પાણી વ્યવસ્થાપન મારફતે ડ્રીપ દીઠ વધુ પાક મેળવવા અને દેશની ખાદ્ય અનાજની વધતી જરૂરિયાતને પહોંચી વળવા માટે ઓછા વરસાદવાળા વિસ્તારમાં ખેતીના વિકાસ સાથે ઉપયોગી સ્રોતના રક્ષણ અને જાળવણી કરવાના હેતુથી મહત્વની પ્રવૃત્તિ માટે National Mission for Agriculture યોજનામાં સામાન્ય ખેડૂતો માટે રૂ.૨૨૭૦૦ લાખ, અનુસૂચિત જનજાતિના

ખેડૂતો માટે ૧૮૦૦ લાખ અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે રૂ.૫૦૦ લાખની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે આનાથી લાંબાગાળાની ટકાઉ ખેતીને પ્રોત્સાહન મળશે. કુદરતી સંસાધનનો મહત્તમ ઉપયોગ કૃષિ વિકાસમાં કરી શકાશે. હાલમાં રાજ્યમાં ઉપલબ્ધ સંગ્રહશક્તિમાં વધારો કરવા રાજ્ય સરકારે બજેટમાં ૨૦૦ કરોડ જેવી માતબર રકમની જોગવાઇ કરેલી છે. જેમાં ના-બાર્ડના વેરહાઉસિંગ infrastructure facilities અંતર્ગત રાજ્યમાં વિવિધ સ્થળોએ આવેલ સીડ ફાર્મ, ખાતર, બિયારણ તથા ખેત ઉત્પાદનના સંગ્રહ માટે ગોડાઉન બાંધવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા રૂ.૨૦૦૨૮.૭૦ લાખની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. આ સુવિધા ઊભી થતાં ખેડૂતોને તેમની ખેતપેદાશો મોટા પાયા પર સંગ્રહ કરી શકશે. ઉપરાંત ખેડૂતો માટે અગત્યના કૃષિ ઇનપૂટ જેવા બિયારણ, ખાતર સીઝન પહેલા સંગ્રહ કરવા ખેડૂતો સમયસર બિયારણ, ખાતર મેળવી શકશે.

ચાલુ ચોમાસાની શરૂઆતની સ્થિતિને ધ્યાનમાં રાખીને ઘાસચારાની સામાન્ય રીતે વર્તાતી અછત, અલનીનોની અસરના કારણે થનાર નબળા ચોમાસાની આગાહીને કારણે રાજ્યના પશુધનને નિભાવવા ઘાસચારાના ઉત્પાદન અને રાજ્યના ખેડૂતોને વિનામૂલ્યે ઘાસચારાનું બિયારણ પૂરું પાડવું જરૂરી અને આવશ્યક છે તે બાબતને ધ્યાનમાં લેતા ચાલુ વર્ષે ૨૦૧૪-૧૫ માટે નવી બાબત તરીકે રૂ.૨૦૦૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. સરકારશ્રીની કૃષિલક્ષી નીતિના ફળસ્વરૂપે છેલ્લા દસકામાં કૃષિક્ષેત્રમાં રાજ્યમાં જે ક્રાંતિકારી બદલાવ આવેલ છે તે દીર્ઘદ્રષ્ટિભર્યા કૃષિલક્ષી બજેટને કારણે, સુયોજિત ખેડૂત નીતિના કારણે કૃષિક્ષેત્રે હરણફાળ ભરી કૃષિક્ષેત્રે ક્રાંતિકારી સિદ્ધિઓ હાંસલ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન કુલ ૫૦ લાખ ૫૯ હેકટર વિસ્તારમાં ફળઝાડના નવા વાવેતર થયેલ છે. જે પૈકી કુલ ૨૯ લાભાર્થીઓને ૪.૯૭ લાખ રૂપિયા સહાયની ચુકવણી કરવામાં આવેલ છે, જેમાં ટીશ્યું કલ્ચરમાં જામફળ, લીંબું જેવા ફળપાકોનો સમાવેશ થાય છે. માનનીય મિત્રોને વિનંતી છે કે, જામફળ ખાવા હોય તો સાવરકુંડલાના નાવલીમાં પધારે બહુ સરસ જોવા મળશે. આ તાલુકામાં બાગાયત ક્ષેત્રે વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન પાક સંરક્ષણ સાધનો જેવા કે બેટરી સ્વરૂપે ચાલતા સ્પેરસ્પાર્ટસની ખરીદી માટે ૧૧૧ લાભાર્થીઓને કુલ ૨.૧૪ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. (સમય સૂચક ઘંટડી)

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ૨૦૧૪-૧૫નું જે બજેટ નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ લઇને આવ્યાં છે એમાં મારાં વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યાં છે એ બજેટની ચોપડી જ્યારે મેં જોઇ ત્યારે મને એમ થયું કે ખૂબ સારું છે. પરંતુ એની અંદર વાંચતા એવું માલુમ પડ્યું કે આખા રાજ્યમાં ખેડૂતોને ખેતી કરવા માટે ખૂબ સારી મદદ મળવાની છે. ખેડૂતોને પાણી મળવાનું છે, એ જોતાં માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં પણ ખેડૂતો રહે છે અને તે પણ આદિવાસી ખેડૂતો રહે છે. એ ખેડૂતોને પણ ખેતી કરવા માટે પાણી જોઇએ છે. અમારા વિસ્તારમાં ઉકાઇ ડેમ આવ્યો છે અને એ ઉકાઇ ડેમનું પાણી અમને પણ મળે, માનનીય મંત્રીશ્રી ગણપતભાઇને પણ મળે એવી હું આશા રાખતો હતો પણ મને પણ પાણી નહીં મળે અને એમને પણ નહીં મળે એવી હાલત થઇ ગઇ. એટલે માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે નાણા મંત્રીશ્રી ખૂબ મોટા વિશાળ દિલના છે એવું જયારે સામેની પાટલીવાળા મિત્રો કહેતા હતા એટલે ઉકાઇ ડેમની જે જમણા કાંઠાની નહેર છે એમાંથી જે રીતે સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણી આપવામાં આવ્યું છે પાઇપ નાખીને, પમ્પીંગ કરીને જે રીતે પાણી આપવામાં આવ્યું છે એ રીતે જંખવાવમાં પણ એમના વિસ્તારમાં પાણી જઇ શકે તેવું છે. તે જ રીતે ડાબા કાંઠામાંથી જે રીતે પાણી પંદર કે વીસ કિલોમિટર સોનગઢ અને વ્યારા તાલુકાને લાગે વળગે છે, પમ્પીંગ કરીને પાઇપ લાઇન નાખીને જો પાણી આપવામાં આવે તો ખેડૂતોનો ઉદ્ધાર થાય તેમ છે. પરંતુ એમાં કોઇ ચોક્કસ જોગવાઇ કરવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું જોઇએ કે, જે રીતે અત્યારે જે પરિસ્થિતિ ઉભી છે અને વર્ષો પહેલાંની જે પરિસ્થિતિ હતી અમારી, માનનીય મંત્રીશ્રી કાંતિભાઇ આદિજાતિ મંત્રી છે અમારા અને એમના જ ગામની જો વાત કરું તો ડોસવાડા ગામમાં જે તળાવ છે એ આજે બાર બાર ફૂટ જેટલું પૂરાઇ ગયું છે

અને પાણી એમાં રહેતું નથી. નીચે પાણીથી ખેડૂતો અગાઉ એ લોકો ખેતી કરતા હતા અને તે પણ નાના અને મધ્યમ વર્ગના ખેડૂતો ખેતી કરતા હતા, આજે એ પરિસ્થિતિ નથી. તો હું માનનીય સૌરભભાઇ, જે બહોળા દિલના છે એવું જે કહેવાય છે, તો નાના દિલવાળાને પણ થોડી ગ્રાન્ટ આપે, અને બંને મંત્રીઓ સંકલન કરીને એ તળાવ ઉંડું થાય તો જે પાણીથી તરસતા નાના ખેડૂતો છે એ લોકો પાણીથી ખેતી કરવામાં વંચિત ના રહે એટલા માટે એવી કોઇ યોજના ચોક્કસ બનાવવા માગે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે હું સાંભળતો હતો, એ અમારા પ્રભારી અને માનનીય મંત્રીશ્રી નાનુભાઇ વાનાણી સાહેબ, કે જેઓ એમ કહેતા હતા કે, અમે તો ઓટલો ઉતરીએ એટલે અમારે તો આર.સી.સી. રસ્તો છે, ડામર રસ્તો છે. પણ માનનીય નાનુભાઇ તમે અમારા પ્રભારી છો, વ્યારાથી સરાકેવડી સુધી તમે જઇને જુઓ વાયા ડોલારા, ધામણદેવી થઇને કે, ત્યાં વર્ષો પહેલાં બસ ચાલતી હતી એ બસ પણ આજે બંધ થઇ ગઇ છે. અને આજે ધામણદેવીથી ચાકધરા અને તકિઆંબા થી બોરકસ સુધી પાંચ પાંચ કિલો મિટરનો જે રસ્તો છે એ રસ્તા માટે પણ રજૂઆત કરીને હું થાકી ગયો છું. તેમ છતાં પણ એ રસ્તા આજે નથી થયા અને બહાનું કરવામાં આવે છે કે, આ તો પર્યાવરણ વિભાગને લાગે વળગે છે. પણ પર્યાવરણ વિભાગને લાગતું વળગતું નથી, એક પણ ઝાડ કપાતું નથી. (અંતરાય) આજે તો કાયદો બનાવી દીધો કોંગ્રેસ સરકારે કાયદો બનાવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, કાયદો બનાવ્યો છે, કાયદાનો સદુપયોગ કરો કે જેથી ત્યાંના લોકોને સુવિધા અને સગવડ મળે એટલે તમે ખાસ (અંતરાય) એ તો કાયદો બનાવી ગયા નીતિનભાઇએ તો કાયદો બનાવ્યો અને તમારે પાલન કરવાનું છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એટલે તમે લોકો એનો સદુપયોગ કરો એ કાયદાનો અમલ કરો, અમલવારી કરશો તો નાનામાં નાના માણસને આની સુવિધા અને સગવડ મળવાની છે એટલે માનનીય નાનુભાઇને પણ ખાસ મારી વિનંતી છે માનનીય ગણપતભાઇ મંત્રી છે અને માનનીય કાંતિભાઇને વિનંતી છે તમે બધા સાથે મળીને આનું કોઇ નિરાકરણ લાવો. ફરી વાર બસ ચાલુ થાય અને એ રસ્તો બને એ દિશામાં કાર્ય કરો તો ચોકકસ નાના ખેડૂતો અને મધ્યમ વર્ગના જે ખેડૂતો છે એ ખેડૂતો શાકભાજી પકવશે, કોઇ ફળફળાદિ પકવશે. તેઓ અનાજ પકાવીને વ્યારા સુધી માર્કેટ યાર્ડમાં જયારે વેચવા જશે ત્યારે તમને યાદ કરશે કે ફલાણાભાઇ માનનીય મંત્રી હતા એમણે આ સગવડ પૂરી પાડી એનાથી વેળાસર અમે વેચાણ કરવા માટે જઇએ છીએ.

ઘણીબધી બીજી પણ મુશ્કેલીઓ છે. આ રસ્તો નહીં બનવાથી જે માણસ અડધો કલાકમાં વ્યારા આવી શકે છે એ વ્યકિત આજે ફરીને જાય છે. બે કલાક લાગે છે. પૂર્ણા નદી પર સરસ મઝાનો અત્યારે પુલ પણ થયો અને માનનીય મંત્રીશ્રીએ એનું ઉદઘાટન પણ કર્યું પણ એ પુલ પણ અત્યારે ફકત જોવાનો જ છે. સીધા માણસ આવી નથી શકવાના કેમ, તો પાંચ કિલોમીટર ધામણદેવીથી સાગધરા આવા રસ્તાને જોડતો આ જે રસ્તો નથી બન્યો એટલે ખાલી લોકોએ જોઇ જ લેવાનો છે એટલે એ પણ રસ્તો થાય એવી મારી ખાસ માનનીય મંત્રીશ્રી ગણપતભાઇને નમ્ર વિનંતી છે. એમના બજેટમાં જે આવે છે. ૨૦ ટકા જે ગ્રાન્ટ મળે છે એમના હવાલે જે છે એમાંથી એ જોગવાઇ કરે છે. તમે નાળીયેર ફોડજો અમે નહીં ફોડીએ પણ લોકોને સગવડ અને સુવિધા પૂરી પાડો એ દિશામાં કરવા માટે તમે વિચારજો. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ સરકારમાં એ રસ્તા ઉપર બસ ચાલતી હતી એ બસ આજે બંધ થઇ ગઇ. વ્યારાથી ઢોંગીયાનમાં બસ, સરાકેવડી બસ એ બસો ચાલતી હતી એ બસો બંધ થઇ ગઇ એટલે હું આ બજેટને સમર્થન આપી શકતો નથી.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આદરણીય આનંદીબેનના માર્ગદર્શન હેઠળ આદરણીય નાણામંત્રીશ્રી સોરભભાઇ કૃષિલક્ષી બજેટ લઇને આપણી વચ્ચે આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. સહકારી પ્રવૃત્તિઓની વાત કરીએ તો સહકારી પ્રવૃત્તિ એ રાજયમાં આવેલા મહદ અંશે નીચેના સ્તરના લોકોને સ્પર્શતી અને તેની સાથે જોડાયેલા લોકોના આર્થીક ઉત્થાન માટેની લોકશાહી ઢબે ચાલતી આ પ્રક્રિયા છે. રાજયમાં જુદા જુદા પ્રકારની ૭૦૦૦૦ કરતા પણ વધારે સહકારી મંડળીઓ હાલ કાર્યરત છે જેમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી હોય, સેવા સહકારી મંડળી હોય, મત્સ્ય ઉદ્યોગની મંડળી હોય કે મજૂરોની મંડળી હોય આ તમામ મંડળીઓને કારણે ગામડાંઓ સુધી સહકારી પ્રવૃતિનો ખૂબ મોટો વિકાસ સમગ્ર ગુજરાતમાં થયો છે

અને એના કારણે આર્થિક વ્યવસ્થામાં પણ ખૂબ મોટો ફરક આ સમગ્ર ગુજરાતમાં આવ્યો છે. સહકારી સંઘો, ગુજરાત રાજય સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ નં. ૬૯ મુજબ શિક્ષણ ફંડ ઉઘરાવીને આ સહકારી મંડળીઓમાં નોકરી કરતા કર્મચારીઓ, અધિકારીઓ અને પદાધિકારીઓ એને શિક્ષણ આપવાનું કામ, એને શિક્ષણથી સુસજ્જ કરવાનું કામ આ સરકાર દ્વારા ખૂબ સારી રીતે સમગ્ર ગુજરાતમાં કરવામાં આવે છે. આ સહકારી પ્રવૃત્તિઓના પ્રચાર અને પ્રસારનું કામ પણ સરકાર દ્વારા કરવામાં આવે છે.

આ સરકાર દ્વારા કિસાનોને વ્યાજબી દરે ધિરાણ મળી રહે તે હેતુથી કૃષિ ધિરાણનું સરળીકરણ પણ કરવામાં આવેલ છે અને વૈદ્યનાથન કમિટીની જે ભલામણો હતી એનો અમલ કરવા બદલ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારને હું અભિનંદન પાઠવું છું. કૃષિ ધિરાણ માળખાને મજબૂત કરવા માટે રીવાઇવલ પેકેજ અમલમાં મૂકીને સેવા સહકારી મંડળીઓને, જિલ્લાની સહકારી બેંકોને આર્થિક રીતે સદ્ધર બનાવવાનું કામ આ સરકારે કર્યું છે અને કિસાનોને સાત ટકાના દરે કૃષિ ધિરાણ મળી રહે અને કિસાન પોતે સમયસર દેવું ભરે એના માટે વ્યાજમાં પણ રાહત આપવાની જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે. ખેડૂતો તથા રત્નકલાકારોના વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂતોને સહકારી કૃષિ ધિરાણ માળખા મારફતે વ્યાજ રાહત આપવાની આ સરકારે યોજના અમલમાં મૂકેલ છે. આ વર્ષના બજેટમાં ૬૮ કરોડ રૂપિયાની જોગવાઇ અલગથી આ સરકાર દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં સહકારી ધિરાણના અમલીકરણની જવાબદારી સહકાર વિભાગ સંભાળે છે, ત્યારે સમગ્ર ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત ગુજરાત નાણા ધીરધાર કરવા માટેનો કાયદો ૨૦૧૧ માં ભારતીય જનતા પાર્ટીની સરકાર અમલમાં લાવી. જેના કારણે સમગ્ર ગુજરાતના શોષણખોરો, વ્યાજખોરો માટે કડકમાં કડક જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે. એના કારણે અગાઉના વર્ષોમાં આ શોષણખોરો અને વ્યાજખોરોના કારણે કેટલાય લોકો આત્મહત્યા કર્યાના દાખલા આપણને બધાને ખબર છે. એના માટે સરકારે આટલો સરસ કાયદો લાવીને શોષણખોરો તથા વ્યાજખોરોના ત્રાસમાથી મુક્ત કરવાનું કામ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

આ સરકારનો ખેડૂતલક્ષી અભિગમ અને એના લીધે આજે સમગ્ર ખેડૂત પોતાનું અનાજ ખેતરમાં પકવે અને એના પોષણક્ષમ ભાવ મળે તેના માટે ૪૦૦ થી વધારે બજાર સમિતિઓ ગુજરાતમાં અસ્તિત્વમાં છે. ૪૬ થી વધારે બજાર સમિતિઓ આદિવાસી વિસ્તારમાં સરકાર દ્વારા ઉભી કરવામાં આવી છે. એ સમિતિઓની અંદર આધુનિક સવલતો મળે તે માટે રાજ્ય સરકારનો મહત્તમ ફાળો બજાર સમિતિમાં રહેલો છે. રાજયમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ખૂબ મોટું નેટવર્ક સમગ્ર ગુજરાતમાં ચાલે છે. મારા આદરણીય વડીલ વિપક્ષના સભ્યશ્રી રામસિંહભાઇ કાલે કહેતા હતા કે પોતે આણંદ અમૂલના ચેરમેન છે. એ વાત કરતા હતા કે ભારતીય જનતા પાર્ટીની સરકાર રોજગારી મેળાઓ યોજીને નોકરી મેળવનારને અમૂલમાં મોકલે છે. રામસિંહભાઇની વાત સાચી હતી. આ સરકાર પારદર્શકતાથી વહીવટ કરે છે. જેના માર્કસ કે મેરિટ વધારે હોય તે ભલે કોઇપણ જાતિનો કે ધર્મનો હોય તેણે ભાજપને મત આપ્યો હોય કે ન આપ્યો હોય, પણ આ સરકારમાં જેના માર્કસ અને મેરિટ વધારે એને નોકરી મળે છે. અમારા મંત્રીશ્રી કે વિભાગે કદાચ તમારે ત્યાં મોકલ્યા હશે. ખબર નહિ હોય કે અમૂલમાં કયારેય પણ ભરતી થાય તો આજે પણ કોઇ દિવસ જાહેરાત આવતી નથી અને એણે ગોઠવ્યું હોય તો નોકરી મળે. કદાચ ખબર નહિ હોય અને તમારે ત્યાં મોકલ્યા હશે. બાકી બીજું કોઇ કારણ નથી.

ભાજપની સરકારમાં જ્યારથી ૧૯૮૦ ની અંદર ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઇ. સર્વ ધર્મ સમભાવ, સામાજિક સમરસતા, દરિદ્ર નારાયણની સેવા એ જ અમારો મંત્ર અને ભારત માતાના પરમ વૈભવના શિખર ઉપર લઇ જવાનું લક્ષ એના લીધે આ જ સંકલ્પ સાથે ૬ એપ્રિલ, ૧૯૮૦ ના દિવસે ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઇ. ૩૪ વર્ષેની યુવાન વયે આજે સમગ્ર દેશની અંદર સીંગલ લાર્જેસ્ટ પાર્ટી પૂર્ણ બહુમતિ સાથે અમારી સરકાર બનાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. ભાજપના લોકો કોને મત આપે છે એ કશું જોયા વિના ફકત સમગ્ર ગુજરાતનો વિકાસ અને અમારા નરેન્દ્રભાઇનો મંત્ર ગુજરાતના વિકાસ સાથે સમગ્ર દેશનો વિકાસ આ મંત્ર લઇને ચાલ્યા છે, એટલા માટે સમગ્ર દેશમાં શાસન થયું છે. તમે કહો છો૧૨૫ વર્ષ જૂની કોંગ્રેસ. આજે એમને વિપક્ષનું પદ મેળવવા માટે આજે કાયદાના પુસ્તકો

શોધવા પડે એ પરિસ્થિતિમાં મૂકવાનું કામ આજે સમગ્ર ગુજરાતની અંદર થયું છે. તો આપે બધાને વિનંતી છે કે સહકારી ખાતા ધારા અને વહીવટી માળખું ખૂબ સારી રીતે સમગ્ર ગુજરાતની અંદર અમલમાં છે. રાજય કક્ષાએ જોગવાઇ છે. વિભાગીય કક્ષાએ અમદાવાદ, વડોદરા, રાજકોટ એમ ૩ જગ્યાએ વિભાગીય કચેરી અમલમાં છે અને જિલ્લા, ગ્રામ્ય કક્ષાએ સહકારી મંડળીઓની નોંધણી માટે જિલ્લા પંચાયતને સત્તા આપવામાં આવી છે, ત્યારે બોર્ડ ઓફ નોમીનીઝ જેવી સંસ્થાઓ ઉભી કરીને કોર્ટ બનાવીને સહકારી સંસ્થાના કારોબારમાં કઇક આઘુપાછું થયું હોય તો તેને માટેની જોગવાઇ સમગ્ર ગુજરાત સરકાર દ્વારા ખૂબ સારી રીતે ચલાવવામાં આવે છે. કદાચ કોઇને બોર્ડ નોફ નોમીનીઝ સંસ્થા કે કોર્ટ દ્વારા અન્યાય દેખાય તો એના માટે લવાદી દાવા દાખલ કરીને બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં દાવો રજૂ કરવામાં આવે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને તેના સમર્થનમાં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજયમાં મહિલાઓ અને બાળ વિકાસની હંમેશ માટે વિશેષ ચિંતા કરવામાં આવી છે. આદિકાળથી અપાલા ઘોષા જેવી વિદેશી નારીઓથી લઇને એકવીસમી સદીની કલ્પના ચાવલા જેવી આકાશને આંબનારી નારીઓએ ભારતીય સંસ્કૃતિની યશગાથાને ઉજાગર કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે કે જયાં નારીનું સન્માન થાય છે, જયાં નારીશક્તિની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો પણ વાસ હોય છે. આપણા ગુજરાતમાં પણ મહિલાઓના વિકાસને હંમેશાં વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. તે માટે થઇને મહિલા અને બાળ વિકાસ વિભાગ સદૈવ કાર્યરત રહ્યો છે. અહીંયાં પ્રતિપક્ષમાંથી એક સભ્યશ્રી સ્ત્રી ભૃણહત્યા, બેટી બચાવો અને આંગણવાડીની ચિંતા કરતા હતા અને આજે અહીં પ્રેક્ષક ગેલેરીમાં દીકરીઓનું વિશેષ પ્રમાણ છે, દીકરીઓ આ સભાગૃહ જોવા આવી છે ત્યારે આ સભાગૃહમાં મારે એક વાત કરવી છે. આપણા દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા અને શાસનધુરા સંભાળતાંની સાથે જ તેમને ખબર પડી કે સમાજમાં દીકરીઓની ઘટ પડે છે. શા માટે દીકરીઓની ઘટ પડે છે? તપાસ કરવામાં આવી તો ખબર પડી કે જે સારા સાધનો સારા માટે વિકસાવવામાં આવ્યા હતા તે જ સાધનોને દૂરુપયોગ કરી જે ગર્ભવતી સ્ત્રી હોય તેનું ગર્ભ પરિક્ષણ કરી અને ખબર પડે કે ગર્ભમાં રહેલું બાળક દીકરી છે તો માતાની કુખને જ કબ્રસ્તાન કરી નાંખવામાં આવતું. આવું અપકૃત્ય ગુજરાતમાં થતું હતું. તે અપકૃત્યને અટકાવવા માટે થઇને નરેન્દ્રભાઇ મોદી અને તેમની સરકારની ટીમે એક ઝૂંબેશ ઉપડીને સ્ત્રી ભૃણહત્યા અટકાવી અને બેટી બચાવોનું આંદોલન ચાલુ કર્યુ. તે આંદોલન હજું ચાલુ જ છે ત્યારે આપણે સૌ જનપ્રતિનિધિ છીએ તો આવા અપકૃત્યો જયાં પણ થતા હોય ત્યાં પક્ષાપક્ષી ન વિચારે અને સરકાર આવા જે સફળ આયોજન કરે છે તેમાં આપણે સહકાર આપીએ.

સાથેસાથે આંગણવાડીની ચિંતા કરતા હતા કે તેઓ યાદ કરે કે અગાઉના સમયમાં આંગણવાડીઓનું સ્વરૂપ કેવું હતું? આંગણવાડીઓમાં આવતા બાળકો માટે ઓરડાઓ કેવા હતા, તેમને કેવો પોષણયુકત આહાર આપવામાં આવતો હતો? તે યાદ કરો અને અત્યારના સમયમાં કેવું છે તે જુઓ. આપણે જનપ્રતિનિધિ છીએ તો આપણા વિસ્તારમાં જે આંગણવાડીઓ ચાલતી હોય તે આપણે જોવા જવું જોઇએ અને તેની તપાસ કરવી જોઇએ. તેની તપાસ કરીએ તો તે બાળકોના આશીર્વાદ આપણને પણ મળે. આ વિભાગના નેજા તળે રાજયની મહિલાઓ અને બાળકોના આરોગ્યની તંદુરસ્તી અને વિકાસ માટે થઇને અનેકવિધ યોજનાના સફળ અમલીકરણ દ્વારા સૌનો સાથ અને સૌના વિકાસનું જે સૂત્ર છે તે સૂત્રને ચરિતાર્થ કરવામાં આવ્યું છે. આપણા પૂર્વ મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૧માં જયારે શાસનધુરા સંભાળી ત્યારે મહિલા અને બાળ વિકાસના વિભાગને અલગ રીતે શરૂ કરવામાં આવ્યો અને બેનશ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન દ્વારા આ વિભાગમાં આંગણવાડી, બાળ મૃત્યુદર, સગર્ભા અને ધાત્રી માતાઓના સ્વાસ્થ્યની ચિંતા, બાળકોમાં રહેલ કુપોષણ નિવારણ માટે સરકાર ત્યારથી સતત પ્રયત્નશીલ રહી છે અને ધાત્રી માતાઓ વિશેની ચિંતા અને બાળકોમાં રહેલી રહેલ કુપોષણ નિવારણ માટે સરકાર સતતને સતત પ્રયત્નશીલ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, બાળકો, કિશોરીઓ

તથા સગર્ભા અને ધાત્રી માતાઓના ક્ષેત્રમાં નવતર શરૂઆત કરીને ગુજરાત રાજયએ આ દેશના રાજયોને એક નવો રાહ ચીંધ્યો છે. વર્ષ ૨૦૧૪–૧૫ના આ બજેટમાંથી જે વિવિધ વિભાગ અન્વયે જે વિવિધ નાણાકીય ફાળવણી અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓની જે જાહેરાત કરવામાં આવી છે જે કુલ યોજનાઓમાંથી ૭૨ યોજનાઓ એવી છે કે જેનો સો ટકા લાભ મહિલાઓ અને કન્યાઓને થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતનું આ બજેટ છે એ ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન દ્વારા મહિલાકેન્દ્રી બજેટ છે ત્યારે એક મહિલા જનપ્રતિનિધિ તરીકે હું તેમને લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર બજેટમાં જે કુલ જોગવાઇ થઇ છે તેમાંથી ૪૦ ટકાથી પણ વધુ ફાળવણી મહિલાઓના આર્થિક, સામાજિક અને સશક્તિકરણના વિકાસ માટે કરવામાં આવી છે. એક વાત આ સભાગૃહને જણાવતા વિશેષ આનંદ એ પણ થાય છે કે, જે રાજયની આંગણવાડીની કાર્યકર, વર્કર, હેલ્પર બેન હોય તેમને જે તેનું માસિક માનદ્ વેતન હોય તેમાં કાર્યકર બહેનને રૂપિયા ૫૦૦નો વધારો, હેલ્પરને રૂપિયા ૩૦૦નો વધારો વર્કરને પણ રૂપિયા ૩૦૦નો વધારો કરવામાં આવ્યો છે. સાથે સાથે એ વાત જણાવતા પણ મને આનંદ થાય છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે આંગણવાડીમાં જે બહેન નોકરી કરતી હોય તેને સમાજમાં સન્માન મળે અને એ બહેનને એક સ્થાન આપવા માટે થઇને માતા યશોદાના નામથી નવાજવામાં આવે છે અને જે આંગણવાડીમાં શ્રેષ્ઠ કામગીરી કરે તેને માતા યશોદા એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે.  સાથે સાથે એક વાત એ પણ કહીશ કે આપણા મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ મુખ્ય મંત્રી બન્યા ત્યારે અનેક લોકો એમનું સન્માન કરવા આવતા હતા ત્યારે એમણે કહ્યું કે, મારું સન્માન ફુલોના બૂકે કે કિંમતી ચીજ વસ્તુઓથી ન કરો.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, આ સત્રની અંદર આદરણીય મુખ્ય મંત્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન નીચે માનનીય મંત્રી સૌરભભાઇ પટેલ જ્યારે આ સભાગૃહમાં અંદાજ પત્ર લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો હું રજૂ કરું છું. ગુજરાત રાજય સરકારના સહયોગથી જી.એસ.પી.સી. રાજયની અંદર, ભારતની અંદર અને બહાર પેટ્રોકેમિકલ્સ માટે ખૂબ અદભૂત કામગીરી કરી રહી છે અને આ બજેટની અંદર પણ એનો શ્રેષ્ઠ સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૦૧૪–૧૫માં વિવિધ જગ્યાએ સંશોધન કરવા બ્લોક અને કૂવાઓનું સારકામ કરવા માટે આ વર્ષની અંદર ખૂબ સારી જોગવાઇ કરવામાં આવી છે. ૩૫ જગ્યાએ સંશોધનની અંદર ૨૬ જગ્યાએ જમીન પર અને ૯ જગ્યાઓ પર સમુદ્રની અંદર ગેસ અને કાચા તેલની શોધ કરવા માટેનું એક બહુ મહત્વનુ સાહસ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સાહસ છે અને સરકાર દ્વારા ભારતની અંદર આ શ્રેષ્ઠ કામગીરી થઇ રહી હોય તો એ ગુજરાતની અંદર જ થઇ રહી છે. એવી જ રીતે તારાપુરમાં જી.એસ.પી.સી. દ્વારા ૩૫ કૂવામાં ૯ તેલના કૂવાની શોધ કરવામાં આવી છે અને એક ગેસના કૂવાની ત્યાં શોધ કરીને અને એ રીતે મહત્વની કામગીરી કરવામાં આવી છે.  ઓ.એન.જી.સી.ના જૂના ૩ કૂવાઓને શારકામ કરી અને ફરીથી એની અંદર તેલ પ્રાપ્ત કરવા માટેની પણ એક મહત્વની કામગીરી થઇ રહી છે. ગેસ ગ્રીડમાં પણ ગુજરાતની અંદર ભારતમાં નંબર વનની કામગીરી થઇ રહી છે ત્યારે ૨૧૬૩ કિલોમીટરનું ગેસ લાઇનનું માળખું અન્ડરગ્રાઉન્ડ બિછાવી રાજ્યના ૨૦ જિલ્લાઓને આ ગેસ પ્રાપ્ત થાય એના માટેનો એક પ્રયત્ન આદરવામાં આવ્યો છે.  ઘણી જગ્યાએ આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.  વલસાડ, સુરત, અમદાવાદ, નવસારી, ભરૂચ, વડોદરા, આણંદ, ખેડા, ગાંધીનગર મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, કચ્છ, અમરેલી, જામનગર વિગેરે જિલ્લાઓની અંદર આ ગેસલાઇન દ્વારા એમને ગેસ પ્રાપ્ત થઇ શકે એવી મહત્વની કામગીરીનું પણ આની અંદર આયોજન કરવામાં આવ્યું છે.  આ ઉપરાંત ૩૬૭ કિલોમીટરની અન્ડરગ્રાઉન્ડ ગેસની લાઇન નાંખવાની કામગીરી પ્રગતિમાં છે અને ૪૩૫ કિલોમીટરનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જી.એસ.પી.એલ.ની આગેવાની નીચે ૩ કંપનીઓ –ઇન્ડિયન ઓઇલ કોરપોરેશન લીમીટેડ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમના સંયુક્ત સાહસ દ્વારા પણ ૧૭૪૬ કિલોમીટર અને ૨૪૧૦ કિલોમીટરની લાઇનો બિછાવી અને સમગ્ર ગુજરાતની અંદર આ ગેસ પ્રાપ્ત થઇ શકે એ માટેની મહત્વની કામગીરી થઇ રહી છે.  જી.એસ.પી.સી. કંપની દ્વારા રાજ્યના અનેક સ્થળોએ કામગીરી થઇ રહી છે ત્યારે

૩૯૦ સ્થળો ઉપર શહેરમાં નેટવર્ક ઉભું કરી અને શહેરોને ગેસ આપવા માટેની એક ખૂબ સરસ કામગીરી થઇ છે. માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ વાત કરતા હતા ત્યારે તેમને જણાવવાનું કે વિકાસની વાત, જ્યારે આ અન્નપૂર્ણા જેવી દેવીઓ ઘેર રસોઇ બનાવતી હોય અને એમને ગેસ લાઇન દ્વારા જ્યારે ગેસ પ્રાપ્ત થતો હોય એ ગેસથી રસોઇ બની ગઇ હોય અને માનનીય વિરોધપક્ષના સદસ્ય ઘેર આવે અને કહે કે ચાલો જમી લઇએ તો આ વિકાસ નથી તો શું છે? એ જમતા જમતા વાત તો કરે પણ વિકાસની વાત ના કરી શકે, પણ મનમાં બોલી જાય. સત્યનારાયણની કથામાં બ્રાહ્મણ દાદા કહે છે કે મનમાં મમઃ બોલો એ રીતે મનમાં બોલી જાય, વિકાસ તો થયો છે પણ હું કહી શકતો નથી. જી.એસ.પી.સી. ગેસમાં ૪.૩૩ એમ.એમ.એસ.સી. એમ.ડી. દ્વારા ૩૯૫ પરિવારોને આ ગેસના જોડાણો પ્રાપ્ત થયાં છે. ૧૪૦૦ વેપારી, બિનવેપારીને આ ગેસનો લાભ મળ્યો છે અને ૧૭૦૦ ઔદ્યોગિક ગ્રાહકોને આ ગેસ પ્રાપ્ત થયો છે.

પર્યાવરણ ક્ષેત્રે પર્યાવરણની જાળવણી કરવા માટેનું આ જી.એસ.પી.સી. દ્વારા ખૂબ ભગીરથ કામ થયું છે અને ભારત નહિ પણ દુનિયા નોંધ લઇ શકે એટલી સરસ કામગીરી કરવા માટે સરકાર કટિબદ્ધ છે ત્યારે ૭૪૦૦૦ થી વધુ વાહનો સી.એન.જી.થી ચાલે છે. પર્યાવરણને બચાવવા માટેની ખૂબ મહત્વની કામગીરી આના દ્વારા થઇ રહી છે. મુંદ્રા ખાતે ટર્મિનલ કરી અન્ડરગ્રાઉન્ડ ટેન્ક બનાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. સાથે સાથે જી.પી.પી.સી. સોલાર પ્રોજેક્ટ ઉર્જામાં ૫ મેગાવોટ અને વીન્ડ પાવર માટે પણ આ સરકાર દ્વારા વિચારવામાં આવ્યું છે, જ્યારે આવનારા દિવસોમાં ૭૦.૫ મેગાવોટ વીજળી એમાંથી આપણે પ્રાપ્ત કરી શકીશું અને આવનારા દિવસોમાં જે કાર્બન ક્રેડિટ મેળવવાની છે એમાં ગુજરાત અગ્રેસર રહેશે. માત્ર આ વાત નહિ પરંતુ આવનારા દિવસોમાં ભારતને નહીં પણ દુનિયાને શ્રેષ્ઠ માર્ગદર્શકો, શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો પ્રાપ્ત થાય તે હેતુસર પંડિત દીનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી પણ આ ગુજરાતની ધરતી ઉપર માનનીય નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન નીચે સ્થાપવામાં આવી છે. વિશ્વ કક્ષાની ઉર્જા અને શિક્ષણ પ્રાપ્ત કરવા માટે તેલ અને ગેસના સંશોધન ક્ષેત્રે આ યુનિવર્સિટી દુનિયા માટે મહત્વની રહેવાની છે એ રાજય સરકારની દેન છે. રાજયને ભારતનું પેટ્રોકેપિટલ ઓફ ઇન્ડિયા એટલે પેટ્રોલિયમનું હબ એ ગુજરાત બનવા જઇ રહ્યું છે ત્યારે માનનીય સૌરભભાઇ આ બજેટ જે લઇને આવ્યા છે તેમને મારું પૂર્ણ અનુમોદન છે અને આ વાત કહેતાં હું હર્ષ અને ગૌરવની લાગણી અનુભવુ છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેતા પહેલાં માનનીય સભાગૃહના ધ્યાને મૂકવાનું છે કે, ગુજરાત બધી બાબતોમાં નંબર વન થવા જતું હોય તેવુ લાગે છે. રાજયમાં હત્યા, લૂંટ, અપહરણ, બળાત્કાર, દેશી-વિદેશી દારૂની હેરાફેરી, જુગાર, વેટખોરી, ઘરફોડ ચોરી, વાહન ચોરીઓ વગેરેએ માઝા મૂકી છે અને તેમાં કદાચ નંબર વન થાય તો આશ્ચર્ય પામવા જેવુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ તંત્ર મૂકપ્રેક્ષક બન્યુ છે. ખાસ કરીને, છેલ્લા છ એક માસમાં બાળવિરોધી અપરાધોએ તો માઝા મૂકી છે. જામનગર શહેર અને જિલ્લામાં અને અમારો નવો જિલ્લો બન્યો દેવભૂમિ દ્વારકા. જિલ્લામાં છેલ્લા આઠેક માસથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે ભાંગી પડી હોવાથી ગુન્હેગારો બેખોફ બન્યા છે. સામાન્ય પ્રજાની જાન-માલની સુરક્ષા ખતરામાં આવી હોય તેવી ચિંતાજનક સ્થિતિ સર્જાય છે. છેલ્લા છ માસના મોટાભાગના કેસો આજે પણ અનડિટેક્ટ છે. ડિટેક્ટ કેટલા થયા હશે તેનો રેકોર્ડ તો મોટો છે પણ અનડિટેક્ટ જેટલા ગુન્હા છે તેમાં જામનગર શહેરમાં સરાજાહેરમાં થોડા સમય પહેલાં ટાઉનહોલ વિસ્તારમાં ત્યાં સાડા સાત લાખની ચોરી થઇ હતી તે પણ અત્યારે અનડિટેક્ટ છે. કે.વી.રોડ ઉપર જામનગર શહેરમાં ચાર લાખની, ગ્રેનમાર્કેટમાં સ્કૂટરની ડેકીમાંથી દસ લાખની આ બધા ગુન્હા અનડિટેક્ટ છે. ઉપરાંત સુમેર કલબ રોડ ઉપર ઘરમાંથી છ લાખની અને પટેલ પાર્કમાંથી ઘરમાંથી સાડા પાંચ લાખ રૂપિયાની ચોરી થઇ તે તમામ ગુન્હાઓ અનડિટેક્ટ છે અને એક પણ આરોપી પકડાયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, થોડા સમય પહેલા દ્વારકા પાસે ફિશરીઝના ડાયરેકટરની હત્યા થઇ હતી. આ બનાવને પાંચ–છ માસ થઇ ગયા હોવા છતાં અત્યાર સુધી અનડિટેકટ છે. અમારા રાઘવજીભાઇના મત વિસ્તાર સિકકામાં,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બજેટ ઉપર આવો બજેટ ઉપર.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સિકકામાં એક પંજાબી શખ્સે માત્ર પાંચ વર્ષના બાળકની ક્રૂર હત્યા કરી. એટલુ જ નહીં તેના કટકા કરી અને સૂટકેશમાં ભર્યા આ પણ એક ગંભીર ગુન્હો આચરેલો હતો. થોડા સમય પહેલાં અમારે જામનગરની નજીક લાલપુર બાયપાસ પાસે રોડ પર ત્રણ વર્ષના માસુમ બાળકની લાશ મળી હતી. જેમાં પી.એમ.રિપોર્ટમાં બાળકી ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો, જેનો અપરાધી આજદિન સુધી અનડિટેકટ છે. અમારે મેઘજીભાઇ ચાવડા જામનગર જિલ્લામાં ધ્રોલ–જોડિયા વિસ્તારમાં ચૂંટાયેલા તેમાં લતીપર રોડ ઉપર થોડા સમય પહેલાં અગિયાર વર્ષની બાળા ઉપર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. તેમાંથી પણ હજુ એક તહોમતદાર અનડિટેકટ છે. ગયા ગુરુવાર અને ત્રીજી તારીખ બેટ–દ્વારકા અમારે દ્વારકા જિલ્લામાં ગયા અઠવાડિયામાં જ ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કરી, તેના ઉપર બળાત્કાર ગુજારી, સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરી અને કાળજુ કંપાઇ જાય તે રીતે ઠંડે કલેજે હત્યા કરી લાશ ફેંકી દેવામાં આવી છે. આ ગુનાહીત કૃત્યના અપરાધી પણ આજ દિન સુધી અનડીટેક્ટ છે, ઘણા મિત્રો ગૌમાતાની પણ ચિંતા કરે છે પણ જામનગર શહેરમાં ગઇ તા. ૪થી જુલાઇએ સાત મૂંગા પશુઓ ઉપર એસિડ ફેંકવામાં આવ્યું હતું, એમાંથી પાંચ ગાયમાતા અને બે બળદ હતા, તો એને પણ પોલીસ હજુ સુધી શોધી નથી શકી.

રાજયમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં, હમણાં માનનીય સાથી સદસ્ય કહેતા હતા પણ જામનગર અને રાજકોટ આવો તો ખ્યાલ આપને ખ્યાલ આવશે કે, ખાનગી નાણાં ધીરનાર શાહૂકારો અને એમના ત્રાસથી લોકો કેટલા ત્રાહિમામ પોકારી ગયા છે. આવા વ્યાજખારો– શાહૂકારોથી, અનેક લોકોને આપઘાતો પણ કરવા પડ્યા છે તો ખરેખર કાયદામાં આ જોગવાઇ હોય તો કડક હાથે પગલાં લેવાં જોઇએ. સૌરાષ્ટ્રમાં જમીનના પ્લોટો, ગેરકાયદેસર કબજો લેવા, મૂળ માલિકો પાસેથી પૈસા પડાવવા, બળજબરીથી કબજો રાખવો, ખોટા દસ્તાવેજો બનાવી લેવા આવા અસંખ્ય બનાવોથી આખું સૌરાષ્ટ્ર ભયગ્રસ્ત બન્યું છે. ભૂમાફિયાઓના ત્રાસથી લોકો ભયભીત થયા છે પણ પોલીસ તંત્રના પેટમાં પાણી પણ હલતું નથી. આ ઘટનાએ વધુ એક વખત પુરવાર એવું કર્યું છે જામનગર અને દ્વારકા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માત્ર પડી ભાંગી નથી પણ ભાંગીને ભૂક્કો થઇ છે. આમ, પોલીસ તંત્ર સરિયામ નિષ્ફળ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી અહીંયા હાજર નથી અને આપને પણ હું વિનંતી કરવા માગું છું કે, ગૃહ મંત્રી આવા અમુક કાયદામાં કડક હાથે કામ લેવા માગે છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, મારો સંપૂર્ણ શહેરી વિસ્તાર હોવાથી એક વર્ષ પહેલાં જામનગર શહેરનો નગરસીમ વિસ્તાર આવેલ છે સરકારે મહાનગર પાલિકામાં સમાવેશ કરેલ છે પણ આજ દિન સુધી રોડ, ગટર, સફાઇ, આરોગ્ય, શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ નથી, નગરસીમ વિસ્તારની સમાવેશ આવ્યા પછી આવી સુવિધાઓ સરકારે કેટલા સમયમાં પૂરી કરવાની હોય છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર શહેરી વિસ્તાર હોવાથી ફરિયાદ સંકલનમાં કમિશનર ગેરહાજર હોવાથી, માનનીય પ્રભારી મંત્રીશ્રી અમારા જામનગરના માનનીય બાબુભાઇ બોખરીયા સાહેબ અને તે વખતના સહપ્રભારી માનનીય વાસણભાઇ આહીર સાહેબ એ બંનેની હાજરીમાં કમિશનરશ્રીએ કહ્યું હતું કે, દર ત્રણ મહિને હું શહેરમાં અલગથી ફરિયાદ સંકલનની મિટીંગ બોલાવીશ પણ અંદાજે નવ માસ જેટલો સમય થવા આવ્યો છે અને બંને મહાનુભાવો અહીં હાજર છે. અત્યાર સુધી પણ કમિશનરે એક પણ ફરિયાદ સંકલન બોલાવેલ નથી તો આ બોલાવેલ નથી તો આ કમિશનર આવા હુકમનું પાલન ન કરતા હોય તો આવા કમિશનર ઉપર કોઇ પગલાં લેવા સરકાર માગે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, ટેન્કર મુક્તની પણ વાત આવી હતી કે ગુજરાત સરકાર ટેન્કર મુકત છે ત્યારે મારો વિસ્તાર જામનગર શહેરમાં બેડી વિસ્તાર આવેલ છે. બેડી વિસ્તારમાં અત્યારે પણ ટેન્કરથી પાણી જાય છે તો આવા વિસ્તારને સરકાર પાઇપલાઇનથી પાણી પૂરું પાડવા માગે છે કે કેમ?

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રી અને અમારા ટેકનોક્રેટ ખૂબ જ અભ્યાસુ એવા નાણા મંત્રી શ્રી સૌરભભાઇ બજેટ જે લઇને આવ્યા છે એમાં હું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગ ઉપર મારે વાત કરવી છે અને માનનીય અધ્યક્ષશ્રી, નવા વિચારો, નવા આયામો, નવી નવી વાતો અને બાકી બધુ માણસના જીવનને જીવંતતા બક્ષે છે એના અભાવમાં જીવન લગભગ નિર્જીવ બની જતું હોય છે તો એના માટે કંઇક નવીનતા ઇચ્છતું હોય ત્યારે એના માટે પ્રવાસ કરવો પડે અને પ્રવાસ કરવાનું મન ત્યારે થાય કે જયારે રાજય એ અંગેની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થતી હોય ત્યારે આપણે પ્રવાસ કરી શકીએ છીએ. એમ કહેવામાં આવે છે કે, ગુજરાતીઓ બેસ્ટ ટુરીસ્ટ છે. આજે તમે જયાં જાઓ ત્યાં તમને ગુજરાતીઓ મળે છે. દસ વર્ષ પહેલાં ગુજરાતમાં કદી ટુરીસ્ટ ડેસ્ટીનેશન ન હતું પરંતુ મને કહેવાનું મન થાય છે કે કે જયારે આજે સમગ્ર દેશની એક તમન્ના અને તાકાતના પ્રણેતા એવા ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રીશ્રી હતા અને ૨૦૦૬ ના વર્ષને જયારે પ્રવાસન વર્ષ નકકી કરવાનું થયું અને અભિતાભ બચ્ચનને એના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાનું નકકી થયું ત્યારે આ પ્રવાસન વિભાગને એક ઉદ્યોગ તરીકે સ્વીકારવાની તમામ ગુજરાતીઓને ફરજ પડી છે એમ કહું તો ખોટું નથી. ૨૦૦૨–૨૦૦૩ માં માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ જોયું છે અને આપ પણ વર્ષોથી આ ગૃહના સભ્ય હતા. એ વખતે ફકત ૭ કરોડ રૂપિયાનું બજેટ ૨૦૦૨– ૨૦૦૩ માં હતું અને આજે ૧૦૦ ગણા વધારા સાથે ૬૫૦ કરોડ રૂપિયાનું બજેટ આ વિભાગને ફાળવવામાં આવ્યું છે. આજે તમામ સભ્યશ્રીઓને આના માટે પાટલી થપથપાવવા સિવાય બીજો કોઇ રસ્તો નથી એમ કહું તો ખોટું નથી. અને એના માટે આદરણીય સૌરભભાઇ પટેલનો હું ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ દિવસ આ પ્રવાસન વિભાગ નફો કરે એ વાત સ્વીકારતા નહોતા અને આજે આપણે જોઇએ તો મને આ ગૃહને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે છેલ્લા ચાર વર્ષથી આ પ્રવાસન વિભાગ નફો કરી રહ્યું છે અને ૩૫ કરોડ રૂપિયાનો નફો ગયા વર્ષે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નરેન્દ્રભાઇ હોય કે આનંદીબેન કે સૌરભભાઇ પટેલ હોય, એ પહેલાં પણ સાપુતારા હોય, ગીર હોય કે કચ્છનું રણ હોય એ બધી જગ્યાએ આપણે સૌદર્યલક્ષી રીતે જોવા ગયા હતા, પરંતુ આજે વચ્ચે ગીરમાં જવાનું થયું અને હું ગયો ત્યારે મેં એક ગાઇડને પૂછયું કે તમને આમાંથી રોજના કેટલા રૂપિયા મળે છે. તો તેણે કહ્યું કે ૧૦ વર્ષ પહેલાં ૬૦ થી ૭૦ રૂપિયા મળતા હતા અને આજે સહેલાઇથી ૧૦૦૦ થી ૨૦૦૦ રૂપિયા કમાઉ છું. આપ પણ એના નજીકથી સાક્ષી રહ્યા છો.

માનનીય અધ્યક્ષશ્રી, આપના જિલ્લાની બાજુમાં જ સાપુતારા ગિરીમથક આવેલ છે.એ ખરેખર આજે ગુજરાતકી આંખોકા તારા બની ગયું છે. આજે સાપુતારામાં મોન્સુન ફેસ્ટીવલનું જયારે આયોજન થાય છે એમાં એક જમાનો હતો કે ૧૦ ટકા જ એની ઓકયુપન્સી રહેતી હતી અને આજે આ મોન્સુન ફેસ્ટીવલમાં જગ્યા મળતી નથી. સૌરભભાઇ જયારે એનું ઉદ્ઘાટન કરે છે ત્યારે અગાઉની ૧૦ ટકા ઓકયુપન્સીની જગ્યાએ આજે લોકો બહાર સૂઇને દિવસો ગુજારે છે. તો આ રીતે વર્ષો અગાઉની જુદી વાત હતી અને આજે એની જુદી વાત છે.

એનાથી વિશેષ માનનીય ચંદ્રિકાબેન કહેતાં હતાં અને આદિવાસીઓની વાત કરતાં હતાં. તો જયારે આ મોન્સુન ફેસ્ટીવલ જયારે યોજાય છે ત્યારે ૨–૪ રૂપિયામાં મળતો મકાઇનો ડોડો એની કિંમત આ મોન્સુન ફેસ્ટીવલમાં ૨૬ રૂપિયાની થઇ જાય છે અને આ રીતે આદિવાસી ભાઇઓ એમાંથી આ ઉદ્યોગ મારફતે આર્થિક ઉપાર્જન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ એક વાત કરવી છે કે જે સોર્સ એક સારામાં સારો સેલ્સમેન એ એસ્કિમોમાં જઇને ફ્રીઝનું વેચાણ કરી આવે તો એ સારામાં સારો સેલ્સમેન ગણાય છે. આજે જયારે આ

કચ્છનું રણ તો પંકજભાઇથી માંડીને છેડા સાહેબ પણ બેઠા છે. એ પહેલાં પણ હતું અને અત્યારે પણ છે, પરંતુ રણોત્સવ મારફતે આજે આ સફેદ રણ હિન્દુસ્તાનનું તોરણ બની ગયું છે એમ કહું તો ખોટું નથી. આપણે કાંકરીયા કાર્નિવલની વાત કરીએ છીએ. તો આજે ખાસ કરીને મોટી સંખ્યામાં આપણે ત્યાં આગળ જોવા જઇએ છીએ. આપણે એક જમાનામાં આવું કાર્નિવલ જોવા માટે દુબઇ અને સીંગાપોર જતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી સારામાં સારી વાત આ બજેટમાં કહી છે તે આઇ.ઓ.સી. સાથે વે સાઇડ એમેનીટીસની વાત લઇને આવ્યા છે. અમારી બહેનો અને માતાઓ જયારે પ્રવાસ કરે છે ત્યારે એમના ફ્રેસનેસ માટે મોટી તકલીફ હોય છે. તો એના માટે આજે આઇ.ઓ.સી. સાથે પેટ્રોલપંપોની બાજુમાં આવાં વે સાઇડ એમેનીટીસ માટે આ જે ૧૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે એ આવાં પ્રવાસીઓ માટે ખૂબ જ આર્શીવાદરૂપ થશે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક ઉત્સવો સાથે દુનિયાભરનાં પ્રવાસીઓ જોડાય એની પહેલવહેલી શરૂઆત ભારતીય જનતા પક્ષની સરકારે કરી છે અને એ રીતે આપણા પતંગોત્સવની શરૂઆત કરી ત્યારે એમાં અનેક બીજા દેશો અને ૧૦ રાજયો જોડાયાં છે. મારે વિશેષ વાત કરવી નથી, પરંતુ ૧૦ લાખ રૂપિયાનું રોકાણ કોઇપણ ધંધામાં થાય તો એમાંથી ૧૮ જેટલી જોબ ક્રિએટ થાય છે. એગ્રિકલ્ચરમાં થાય તો ૪૫ ટકા જોબ ક્રિયેટ થાય, પ્રવાસનમાં થાય તો ૭૫ થી ૮૦ ટકા જોબ ક્રિયેટ થાય છે. તેના દાખલા મોજૂદ છે માનનીય અધ્યક્ષશ્રી, અને તે પણ જમીન સંપાદન અને પર્યાવરણના પ્રશ્નો વગર. છેલ્લે આપનો વધુ સમય નથી બગાડતો, પણ માનનીય બલવંતસિંહને મારે છેલ્લે એક શાયરી અર્પણ કરીને મારી વાત પૂરી કરીશ.

''પૂરી ઉમ્ર ગલતિયાં કરતે રહે, ધૂલ તો થી ચેહરે પે, ઔર આયના સાફ કરતે રહે''

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર આ વિધાનસભા ગૃહમાં લાવવાની મને જે તક મળી તેના માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેનનો હું આભાર વ્યકત કરું છું. ઘણા બધા સભ્યોએ આજે ભાગ લીધો, પોઝીટીવ વાત કરી, નેગેટીવ વાત કરી, કન્સ્ટ્રકટીવ વાત પણ કરી અને એમના વિચારો રજૂ કર્યા, પણ આનંદની વાત એ હતી કે આ ચાર દિવસની ચર્ચામાં એક પણ વ્યકિતને ઝોકું આવ્યું નથી. આ જ બતાવે છે કે આપણા સભ્યોમાં કેટલો ઉત્સાહ છે. પ્રજા માટે કેટલી કામ કરવાની ઇચ્છા છે. મિત્રો, માનનીય સભ્યશ્રી બલવંતસિંહે ગુજરાત મોડેલની વાત કરી, ગુજરાત મોડેલ કોને કહેવાય? તેના માટે હું વાત કરવા માગું છું. ગુજરાતની વસતિ કેટલી? પાંચ ટકા, ગુજરાતનો વિસ્તાર કેટલો? ૬ ટકા, પાંચ ટકા વસતિ અને છ ટકા વિસ્તારમાં દેશની ૧૦ ટકા ફેકટરીઓ આવેલી છે અને દેશનું ૧૬ ટકા ઉત્પાદન થાય છે. આ ગુજરાત મોડેલ છે. સૌથી અગત્યનું કે દેશનું ૨૫ ટકા એકસ્પોર્ટ ગુજરાત કરે છે. સ્ટોક માર્કેટનું ૩૦ ટકા કેપીટલાઇઝેશન ગુજરાતમાં છે, બીજું તમે જે માથાદીઠ આવકની વાત કરો છો, તો છેલ્લા દસ પંદર વર્ષમાં ગુજરાતમાં જે શાસન આવ્યું તે જોઇએ તો ૨૦૦૧-૦૨ ના વર્ષમાં રાજયની માથાદીઠ આવક ૧૯૮૨૩ હતી, અને કેન્દ્રની માથાદીઠ આવક ૧૭૭૮૨ હતી. એટલે માત્ર બે હજારનો ફર્ક કેન્દ્ર અને ગુજરાતની વચ્ચે હતો. આજે ૨૦૧૨-૧૩માં જોઇએ તો કેન્દ્રની માથાદીઠ આવક ૬૭૮૩૯ રૂપિયા છે તેની સામે ગુજરાતની માથાદીઠ આવક ૯૬૯૭૬ રૂપિયા છે. માનનીય બલવંતસિંહજી, આ ગુજરાત મોડેલ છેલ્લા દસ વર્ષમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ બનાવ્યું છે.

એથી પણ આગળ વધીને કહું તો માત્ર ઉદ્યોગોની વાત નથી. શિક્ષણમાં જોઇએ તો ૨૦૦૧-૦૨ માં ૬૯.૧૪ ટકા સાક્ષરતાનો દર હતો. તે ૨૦૧૧ માં ૭૮.૦૩ ટકા થયો છે. સ્ત્રી સાક્ષરતાની વાત કરીએ તો ૨૦૦૧-૦૨માં ૫૭.૮૦ ટકા હતો તે ૨૦૧૧માં ૬૯.૬૮ ટકા થયો છે. ડ્રોપ આઉટ રેશીયો જોઇએ તો તમારા વખતમાં ૨૨.૧૧ ટકા હતો તે આજે ૨.૦૪ ટકા થયો છે. આ છે ગુજરાત મોડેલ. માતા મૃત્યુ દર ૨૦૦૧-૦૨ માં ૨૦૨ હતો તે આજે ૧૨૨ થયો છે. બાળ મૃત્યુ દર ૨૦૦૧-૦૨ માં ૬૦ હતો તે આજે ફકત ૩૮ થયો છે. એટલે ગુજરાત દેશની રાજધાની બન્યું છે. ગ્રોથ એન્જિન છે અને તેના કારણે જી.એસ.ડી.પીના માપદંડની વાત કરી, તો તે પણ કહું કે તમારા સમયમાં ૨૦૦૧-૦૨ માં ગુજરાતનો હિસ્સો ૫.૨ ટકા હતો, આજે દેશના જી.એસ.ડી.પી. માં ગુજરાતનો હિસ્સો ૭.૫ ટકા થયો છે. એટલે માનનીય બલવંતસિંહજીએ સવારના ૮-૩૦

વાગ્યે પહેલી શરૂઆત કરી હતી એની વિશે થોડી માહિતી આપું તો ખ્યાલ આવશે. તેમ છતાં ગુજરાત વિશે આપને વધારે જાણવું હોય તો એ પાછળથી આપી શકીશ.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ફાયનાન્શિયલ પેરામિટર્સની વાત કરી. પાયા કોના ઉપર બેઇઝ થાય અને એના ઉપર આખું આયોજન થાય. કયા કેટલો ખર્ચ કરવો એ તમારી નાણાકીય સ્થિતિ ઉપર જાય છે. કયાં પૈસો વાપરવો, પ્લાન સાઇઝ, ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીમાં બધા જ મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા આ બધાનો સરવાળો કરીએ તો ૫૫ હજાર કરોડ હતો, ખાલી આ એક જ વર્ષના ૫૯ હજાર કરોડ અને ૭૧,૩૩૦ કરોડ, ૨૧ ટકા, પેલા ૫૫ હજાર કરોડ ૪૨ વર્ષમાં, ૭૧ હજાર કરોડ એક વર્ષમાં અને આપના જ જયારે મુખ્યમંત્રીશ્રીઓ અહીંયા બેસીને પ્રવચનો કરતાં હતા ત્યારે એનો પ્લાન સાઇઝ ૪૫૦૦ કરોડ એનાથી અમારા નર્મદાનો બમણો છે નવ હજાર કરોડ, એટલે આપ કલ્પના કરો કે અમે લોકો કેટલી મહેનત કરી અને આ પ્રમાણેનું કામ કર્યું છે.

સ્ટેડેલી બજેટ સાઇઝ ઇન્ક્રીઝ થાય છે, ટેકસીસ નાખ્યા વગર થાય છે, ૬૦૩૫૮ કરોડ જે સન ૨૦૦૯-૧૦માં હતું એ ૨૦૧૪-૧૫ ૧ લાખ ૩૩ હજાર ૪૬૫ કરોડ થયું છે. વિકાસલક્ષી કેટલો હોય, ડેવલપમેન્ટ ખર્ચ અને નોન ડેવલપમેટ ખર્ચ બહુ અગત્યનો છે. અમે ખોટા ખર્ચા કરતાં નથી. એ ખોટા ખર્ચા ન કરવાના કારણે આજની તારીખે વિકાસ વધારે થઇ શકયો છે. અમને જયારે મળ્યું અને ખાસ કરીને ભૂકંપ આવ્યો, તકલીફો રાજયને હતી અને એ ૨૦૦૪-૦૫ ની અંદર જે પ્લાન એકસ્પેન્ડીચર અને નોન પ્લાન એકસ્પેન્ડીચરમાં જે તફાવત હતો. પ્લાન એકસ્પેન્ડીચર ૯૪૯૦ હતો અને નોન પ્લાન એકસ્પેન્ડીચર ૨૯૬૦૮ હતો. સારી વ્યવસ્થા ગોઠવી, સારો વહીવટ કર્યો એના લીધે પ્લાન એકસ્પેન્ડીચર આજે ૭૧૩૩૦ છે અને નોન પ્લાન એકસ્પેન્ડીચર ૬૮૯૪૬ છે. એટલે પ્લાન એકસ્પેન્ડીચરમાં છ ગણો વધારો કર્યો અને નોન પ્લાનમાં ખાલી બમણો થયો. આ છેલ્લા દસ વર્ષની અંદર કરવામાં આવ્યું છે એટલે પગાર થી માંડીને આ ઉત્સવો પણ આવી ગયા, તમે કહો છો એ બધું ભેગું કરીએ તો બમણું થયું પરંતુ પ્લાન છ ગણો કર્યો. ડેવલપમેન્ટ અને નોન પ્લાન ડેવલપમેન્ટની વાત કરુ, તો આ વર્ષે ૩૭ હજાર નોન પ્લાન ડેવલપમેન્ટમાં વપરાય છે અને ૯૩ હજાર કરોડ રૂપિયા ડેવલપમેન્ટ માટે વપરાય છે એટલે કે અઢી ગણો વધારો થયો છે. તમે કોઇપણ રાજયનું બજેટ જૂઓ, આ બજેટ કાઢો અને તમને આવા પેરામીટર મળે તો હાઉસમાં લેતા આવજો, નહિ મળે. પોતાના આવકના સાધનો ઉભા કર્યો છે. કેન્દ્ર ઉપર આ સરકાર આધાર રાખતી નથી. હવે તો ઘી કેળા થઇ ગયા, તમને ખબર ન હોય તો સારા સમાચાર આપું સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ગુજરાતને જેટલીજીએ ૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તમારા યુપીએ સરકારમાં દસ વર્ષમાં લઇ આવવા હતા ને? એટલે ગુજરાત માટે અચ્છે દિન આ ગયે હૈ. પોતાના રેવન્યુ ૨૦૦૪-૦૫ માં ૧૨૯૫૯ કરોડ હતા અને ૨૦૧૪-૧૫ માં ૭૨,૫૮૧ કરોડ રૂપિયા થયા છે. અને આ સારી કલેકશન ડ્રાઇ કરવાથી લોકોની આવક વધવાથી એના કારણે ટેકસની આવક વધી છે.

વિરોધપક્ષના નેતા અહીંયા હાજર નથી. એમણે વિષયની વાત કરી કે રાજયનો કૃષિ વિકાસ દર દસ થી અગિયાર ટકા છે. પરંતુ ફુગાવાને ધ્યાને લેતા એક ટકાથી પણ ઓછો વિકાસદર છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિકાસદર કે રાજયનો વિકાસદર છેલ્લા દસકામાં 10% and above આવ્યો છે અને તેના કારણે શાકભાજીના પાકોનું ઉત્પાદન ૨૦૦૦-૨૦૦૧માં ૩૦.૬૬ લાખ મેટ્રિકટન હતું જે ૨૦૧૦-૨૦૧૧માં ૮૬ લાખ મેટ્રિકટન થયું છે. આ એગ્રીકલ્ચર ગ્રોથ વગર ન થાય. ફળ પાકોનું ઉત્પદન ૨૩.૫૦ હતું તે ૨૦૧૦-૨૦૧૧માં ૭૪ થયું છે અને કપાસનું ઉત્પાદન ૧૨ લાખ ટનથી ૧૦૩ લાખ ટન થયું છે. આવી તો મારી પાસે આખી યાદી છે. આ બતાવે છે કે એગ્રીકલ્ચર ગ્રોથ અત્યારે આપણે ત્યાં કેટલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મિત્રોએ દેવાની વાત કરી. ઘણા બધા મિત્રોએ વાત કરી. મારે આપને એટલું જ કહેવું છે, દેવું શેનાથી મપાય? આજે નાની પેઢી હોય તો નાનું દેવું લે અને મોટી કંપની હોય તો મોટું દેવું લે છે. રાજય સરકાર દેવું લે એવું કેન્દ્ર સરકાર દેવું લે છે. આ જે દેવું લે છે તેની અંદર તેના પેરામીટર્સ હોય છે. આ રાજય સરકારે Financial Responsibility Act કર્યો હતો અને અહીં આપણે નક્કી કર્યું હતું કે આ FRBM Act હેઠળ આપણે આપણી નાણાંકીય વ્યવસ્થાની અંદર કાળજી રાખવી. દેવું GSDPની

સાથે કમ્પેરીઝન થાય કે રાજયનું GSDP કેટલું છે? અને એ GSDPના ટકામાં તમારું દેવું કેટલું છે? ૨૦૦૪-૦૫માં ભૂકંપ અને એ બધાને કારણે આપણું દેવું ઘણું વધી ગયું હતું GSDPના કારણે. એ વખતે ૨૮.૪૮ ટકા હતું. આજે ૨૦૧૪-૧૫માં ૧૯.૧૩ ટકા છે અને આપણી કેપેસિટી કેટલી છે? આજની તારીખમાં ૨૭.૧ સુધી રીઝર્વ બેંકની ગાઇડલાઇન પ્રમાણે કેન્દ્રની મંજૂરી સાથે આ વિધાનસભાએ મંજૂર કરેલા તેના ૨૭.૧ના નોર્મ્સની સામે અત્યારે આપણે ૧૯.૧૩ ટકા આવીએ છીએ. Public Debt of GSDPનો દર સાલ આપણે સુધારો કરતા થયા છીએ. એવી જ રીતથી Interest Payment on Public Debt - જે પબ્લિક પાસે આપણે વ્યાજ આપીએ છીએ અને એ આવકની સામે કેટલું છે? ફાયનલી એની કમ્પેરીઝન કે આ તાકાત છે તમારી ખર્ચ કરવાની કે નહીં તમારી આવકની સામે. પહેલાં ૨૦૦૪-૦૫માં ૨૬.૮૨ ટકા હતું એ ઘટાડીને ૨૦૧૪-૧૫માં ૧૩.૩૩ આવ્યું છે. એટલે તમારી શક્તિ બતાવે છે. આ કોઇ રાજયની આટલી કેપેસિટી તમને જોવા નહીં મળે. એવી જ રીતે આવકની સામે પબ્લિકનું દેવું ગણો. જે ૨૦૦૪-૦૫માં ૨.૮૬ હતું એ અત્યારે ૧.૬૫ આવી ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજું સભ્યશ્રીઓને કહેવું છે કે આપે જે કોઇ વિષયમાં આ વિધાનસભામાં દેવાની મંજૂરી આપી છે, મારે આપને કહેવું છે એ પ્રમાણે અમે દેવું લીધું નથી. ૨૦૧૨-૧૩માં ૨૨ હજાર કરોડના દેવાની મંજૂરી આપી હતી. તેની સામે ૧૯ હજાર કરોડ લીધું. ૨૦૧૩-૧૪માં ૨૬ હજાર કરોડની મંજૂરી આપી હતી તેની સામે પણ ૧૯ હજાર કરોડ લીધું. એટલે જરૂર પડે તો અમે લઇએ છીએ અને એક વસ્તુ યાદ રાખજો. આ સંપૂર્ણપણે જે દેવું લઇએ છીએ એ માત્રને માત્ર ડેવલપમેન્ટ એકસપેન્ડીચર માટે લઇએ છીએ. વિકાસના ખર્ચા માટે લઇએ છીએ. નોન ડેવલપમેન્ટ એકસપેન્ડીચર માટે લેતાં નથી. આ સરકારનું જે ડેવલપમેન્ટ રોડ, પાણી, ગટર તેના માટે લઇએ છીએ અને સૌથી અગત્યનું, આ રાજય રેવન્યુ સરપ્લસ છે. ૨૦૧૧-૧૨માં ૩,૨૧૫ કરોડ હતું, ૨૦૧૨-૧૩માં ૫,૫૭૦ કરોડ હતું. આ વર્ષે ૬,૮૩૭ કરોડ કર્યું છે. આજની તારીખમાં આપના જ રાજય મહારાષ્ટ્રમાં આ વખતે રેવન્યુ ડેફીસીટ ૪૧૦૦ કરોડ કરી છે.૪૧૦૦ કરોડ, એટલે આજે તમે જે અહીંયા સૂચનો આપ્યાને એ સૂચનો ત્યાં આપ્યા હોત તો વધારે સારું રહ્યું હોત.

મારે બલવંતસિંહને કહેવું છે કે ખાસ એમણે જી.એસ.ડી.પી.ની વાત કરી જી.એસ.ડી.પી.માં ૭,૭૭,૦૦૦ કરોડ રૂપિયાનું આપણું જી.એસ.ડી.પી. ૨૦૧૩-૧૪નું છે. આપ વિચાર કરો, દર વર્ષે કેટલું વધે છે ૨૦૧૨-૧૩માં ૬,૭૦,૦૦૦ હતું. ૬,૭૦,૦૦૦નું ૭,૭૩,૦૦૦ થયું. એના આગલા વર્ષે ૫,૯૪,૦૦૦ હતું. આ જી.એસ.ડી.પી.નો ગ્રોથ આખા હિન્દુસ્તાનના કયા રાજયમાં છે જરા લાવીને બતાડો? કોઇ રાજયમાં નથી અને આનું મૂળ કારણ છે કે નીતિ બનાવી છે, નીતિનું અમલીકરણ કરીએ છીએ અને સોશિયલ સેકટરને લાભ આપીએ છીએ અને એટલે આ જી.એસ.ડી.પી. વધે છે.

હમણાં શંકરસિંહભાઇએ વાત કરી કે મોટા ઉદ્યોગો પાસેથી રૂપિયા નથી લેવાતા. આ આવકમાં વધારો છે ને મોટા ઉદ્યોગો પાસેથી પૈસા કઢાવીએ છીએ એટલે આવે છે. આ એસ્સાર કંપનીની જે એમણે વાત કરી, મારે કહેવું છે કે એસ્સાર કંપની પાસેથી આ સરકારે કોર્ટમાં જઇ સુપ્રિમ કોર્ટ સુધી લડી ૬,૧૬૫ કરોડ રૂપિયા, એમાં ૫૫૧૦ કરોડ રૂપિયા આ રાજય સરકારે લીધા છે. આ ટીમ ગુજરાત છે. આ ટીમ ગુજરાતને કારણે ૨૬માંથી ૨૬ આવી છે. (અંતરાય) ટેકસેશન પ્રપોઝલની વાત કરું હું આ ગઇસાલના બજેટના નેતાઓના બજેટના પ્રવચન જોતો હતો. મેં કીધું કે બલવંતસિંહ શું બોલ્યા હતા જરા જોઇએ તો ખરા, અને બલવંતસિંહ મને યાદ છે અને મેં વાંચ્યું તો તમે ઇનપુટ ટેકસ ક્રેડીટની વાત કરી. જો ગઇ સાલ તમે ઇનપુટ ટેકસ ક્રેડીટની વાત કરીને કહી શકતા હોવ કે તમારે ઘટાડવું જોઇએ તો આ વખતે અમે ઘટાડયું છે તો તમે અમને અભિનંદન કેમ ના આપો? તમે જ કહ્યું છે, તમારા જ શબ્દો છે જોઇ લો, અરે હિંમત હોવી જોઇએ કે સરકારે સારું કર્યુ છે, આ એક ટકો ૬૦૦ કરોડનો લાભ આપ્યો છે ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. ૫૦ લાખના એક કરોડ કર્યા તો એમણે અભિનંદન આપ્યા એવી તાકાત હોવી જોઇએ. તમે જોઇ લો, તમારા કેટલાય નેતાઓ ઇનપુટ ટેકસ માટે બોલ્યા છે. પરંતુ આ બાજુ કંઇક સારું થાય એવું તમે કહી જ નથી શકતા? તમારે એટલા તો વખાણ કરવા જોઇએ કે આ જે પ્રમાણેના લાભો આપ્યા છે, હોશિયારીપૂર્વક

ટેકસીસ લીધા છે, કોની પાસેથી? ટેકસીસ એવા લોકો પાસેથી લીધા છે કે દોઢસો કરોડ ગુજરાત બહારથી લીધા એલ.પી.જી.ના આપણે નહીં એ દોઢસો કરોડ એમની પાસેથી લઇ અને પ્રજાની તિજોરીમાં નાખ્યા છે.

અહીંયા કીધું સભ્યશ્રીઓએ કે વેટની આવક વધે છે, વેટની આવક વધે છે, વધે છે તો અમારા માટે સારું કહેવાય. સ્ટેમ્પ ડયૂટીની આવક વધે છે, સારું કહેવાય. આજે વેટની અને સ્ટેમ્પ ડયૂટીની આવક સારા મેનેજમેન્ટના કારણે વધી છે. એટલે આ જે એલ.પી.જી. ઇનપુટ ટેકસ ક્રેડીટમાં ૩૨૨ કરોડ છ મહિનામાં લાભ આપ્યો છે. કુલ ૬૪૪ કરોડ આપ્યા છે. એલ.પી.જી.ની અંદર દોઢસો કરોડનો વર્ષે આવકમાં વધારો કર્યો છે. ગુજરાતના બાકી લોકોના ટેકસો લઇને અને આજે આ જે વર્કસ કોન્ટ્રાકટનો જે નો વિષય હતો એમાં કોણ આવ્યું? જે લોકો વર્ષોથી ભાગતા ભાગતા ફરતા હતા અને મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આ વર્કસ કોન્ટ્રાકટના કારણે જેટલા બિલ્ડરો છે ને એના નાક દબાવી દબાવીને અમે પૈસા કઢાવવાના છીએ અને આવતા છ–બાર મહિનાની અંદર તમને પરિણામ મળશે. અને કેટલા રૂપિયા આવે છે ને એ આપને જાણવું હશે તો હું આ વિધાનસભામાં કહીશ.

સ્ટેમ્પ ડયૂટીની વાત કરું. આ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટની અંદર લૂપહોલ હતા. એક ટકાની અંદર સરકારની સ્ટેમ્પ ડ્યૂટી આવતી હતી એના સાડા ત્રણ ટકા કર્યું એ હોંશિયારી કહેવાય. કંપનીની પેઢીમાં કરોડો રૂપિયાની મૂડી મૂકે અને ૧૦ હજાર ટેક્સ લેવાય એ ટેક્સમાં અમે સાડા ત્રણ ટકા કર્યું. આના કારણે આવતા દિવસોમાં આવક વધવાની. આ લુપહોલ્સ કલબ કરી અને માનનીય શૈલેષભાઇ એમ કહે કે અઢી ટકા તમે વધાર્યા. તમે કોની ભલામણ કરો છો? શૈલેષભાઇ, જે માણસો રાજ્ય સરકારની તિજોરીમાં લુપહોલ્સ શોધીને પૈસા ભેગા કરે છે એની ભલામણ કરો છો? આ લુપહોલ્સ અમે બંધ કર્યા, જે છટકબારી હતી એ બંધ કરી. માનનીય શક્તિસિંહભાઇ કહેતા હતા કે આ રાજ્ય સરકાર કડક બને અને નાના અને ગરીબ માણસો ઉપર કૃપાદ્રષ્ટિ રાખે એ ચાણક્યનું અર્થશાસ્ત્ર છે. મને એમ કહો કે આ ૧૭.૫ ટકા હતા એના ૭.૫ ટકા કર્યું એનો ૨૦ લાખ લોકોને લાભ નથી મળ્યો? ૨૦ લાખ લોકોને એસ.ટી.નો લાભ તમને યાદ ન આવ્યો? આપણે સમજીએ કે આમાંથી કોઇ એસ.ટી.માં નહીં ફરતું હોય એટલે આપણને લાભ ન મળ્યો, પણ રોજના ૨૦ લાખ લોકોને લાભ મળશે. આ નાના માણસને લાભ આપ્યો છે. ગરીબોને લાભ આપ્યો છે. અહીંયા અમારા વિરોધ પક્ષના નેતા અને ઘણા સભ્યશ્રીઓ પેટ્રોલિયમ પ્રોડક્ટસ માટે બોલ્યા કે પેટ્રોલિયમ પ્રોડક્ટસમાં ગેસ અને ગેસના ટેક્સેશન માટે બોલ્યા. ૯૫ ટકા રાજ્યોની અંદર ટેક્સનો સ્લેબ આંધ્રપ્રદેશમાં ૧૪.૫ ટકા, કર્ણાટક ૧૪.૫ ટકા, કેરાલા ૧૪.૫ ટકા, બિહાર ૨૦ ટકા, ઓરિસ્સા ૧૩.૫ ટકા, ત્રિપુરા ૧૪.૫ ટકા, અરૂણાચલ પ્રદેશ ૨૦ ટકા, મધ્યપ્રદેશ ૨૦ ટકા છે. પેટ્રોલિયમમાં તામિલનાડું ૨૭ ટકા, આંધ્રપ્રદેશ ૩૧ ટકા, કર્ણાટક ૨૫ ટકા, આસામ ૨૭.૫ ટકા, મધ્યપ્રદેશ ૨૭ ટકા, છત્તીસગઢ ૨૫ ટકા, ગુજરાત ૨૩ વત્તા ૨ ટકા અને ગોવામાં ટેક્સ ઓછો છે. એમાં કોઇ સવાલ નથી. પરંતુ મહારાષ્ટ્રનું જોઇએ તો ૨૬ ટકા. ગુજરાતના ૨૩ ટકાની સામે મહારાષ્ટ્રમાં જોઇએ તો ૨૬ ટકા ટેક્સ છે. સરખામણી કરો તો સરખા સરખા જોડે કરો. રાજસ્થાન ૨૬ ટકા છે. ઉત્તરપ્રદેશ ૨૬.૫૫ ટકા છે. સરખામણી કરો તો સરખા સરખાની કરો. ગોવામાં ખેડૂતો માટે ૪૦૦૦ કરોડની સબસિડી નથી અપાતી.

ફર્ટિલાઇઝરની વાત કરું તો સભ્યશ્રીઓને જાણ કરીશ કે વેટના રેટની ગાઇડલાઇન સંપૂર્ણપણે એમ્પાવર કમિટી કરે છે અને મોટાભાગના રાજ્યો એ માને છે અને ઘટાડવા એ ડીવિએશન કહેવાય. ૯૯ ટકા કોઇ ડીવિએશન કરતું નથી. આજે ફર્ટિલાઇઝર ઉપર આસામ ૫ ટકા, બિહાર ૪ ટકા, આંધ્રપ્રદેશ, ગોવા, જમ્મુ અને કાશ્મિર, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણીપુર, મેઘાલય, મિઝોરમ, ઓરિસ્સા, રાજસ્થાન, ત્રિપુરા અને વેસ્ટ બેંગાલ આ બધે ૫ ટકા અને ગુજરાત પણ ૫ ટકા. એટલે મહેરબાની કરીને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને જાણ કરવી છે કે વેટનો કાયદો અમે લાવ્યાં છીએ તમે તો લાવ્યાં જ નથી શું? અને આખા બજેટની અંદર ઘણાં બધા સભ્યોએ જુદા જુદા વિચારો રજૂ કર્યા. મહિલાઓ વિષે વાત થઇ. અમારાં ચંદ્રિકાબેન, મને બહુ દુઃખ થાય જણાવતાં અને અમારાં રાઘવજીભાઇ, તમે જેન્ડર બજેટ બતાવ્યું. આજે જેન્ડર બજેટ બતાવ્યું એમાં તમે ટેકનીકલ વિષય પકડ્યો. પરંતુ તમે અંદર ખોલીને જોયું હોતને તો તમને ખ્યાલ આવત કે વ્યાજનો પહેલી વખત જેન્ડર બજેટ એટલે મહિલાઓ માટેની

બધીજ યોજનાઓ જુદી આપી એની વાત કરું છું. આ તમારા એકેય કોંગ્રેસના રાજ્યોએ નથી કર્યું અને તમે વ્યાજ જુઓ ત્યારે ખ્યાલ આવશે કે મહિલાઓને કેટલું પ્રાધાન્ય આપ્યું છે અને ચંદ્રિકાબેને જોયું હોત તો એમને બિલકુલ દુ:ખ થયું ના હોત. આ પહેલી વખત થયું છે. કોઇ બીજા રાજ્યોએ કર્યુ હોય એ માહિતી મારી પાસે નથી. પરંતુ ખાલી આપને, સભ્યશ્રીઓને જાણ કરું કે આની અંદર ૮૭ યોજનાઓ માત્ર ૧૦૦% મહિલાઓની છે અને આ ૮૭ યોજનાઓમાં ગઇ સાલ ૬૨૮ કરોડ આપ્યાં હતા એની સામે ૨૮% નો વધારો કરી ૮૦૦ કરોડ આપ્યા છે આ બહેનોની યોજનાઓ માટે અને જે ૪૦૮ યોજનાઓ જે બીજી છે એમ થઇને ૪૯૫ યોજના છે. આ ૪૦૮ યોજનાની અંદર ૩૪૬૪ કરોડ થઇ ૪૩૩૭ કરોડ એટલે ૮૭૩ કરોડનો વધારો. એટલે બાકીની આ જે કીધીને ૪૦૮ એમાં ઓછામાં ઓછું મહિલાને ૩૦% થી ૯૯% સ્કીમમાં ફાળો હોય છે અને આ મહિલા ધારાસભ્યોએ ખાસ અભિનંદન આપવા જોઇતા હતા. ૩૩% મહિલાઓને પોલીસ ફોર્સમાં, ક્યારેય કોઇએ વિચાર્યુ છે? અને આંગણવાડીની બહેનોની ચિંતા વિષે એક સભ્યએ તો બોલવું જોઇતું હતુંને ભાઇ કે આંગણવાડી બહેનોના વેતનમાં વધારો કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને કહેવું છે કે, આ વખતે જ્યારે બજેટ બનાવ્યું ત્યારે લોકોની આવક કેમ વધે? રોજગારીની તકો કેમ વધે? એ ધ્યાનમાં રાખીને પ્રાયોરિટી આપી છે અને minute to minutest વિષયની અંદર ધ્યાન રાખ્યું છે. તમે વિચાર કરો કે ડ્રીપ ઇરિગેશન આપણે સૌ જાણીએ છીએ કે પાણી સૌથી મોટો ઇસ્યુ છે અને પાણી બરાબર વપરાય એ માટે આ વખતે ડ્રીપ ઇરિગેશનમાં ૪૬૫ના ૨૦૦ કરોડ વધારી ૬૬૫ કરોડ કર્યા છે અને આનો લાભ ખેડૂતને મળવાનો છે. તમે નાના નેટ હાઉસની વાત કરો. નાના નાના તમને લાગે જીજીઆરસીએ ૧૦ કરોડની યોજના મૂકી છે, આ પાયલોટ પ્રોજેકટ મૂક્યો છે. જીજીઆરસીએ છેલ્લા વર્ષ–બે વર્ષથી એમના જીએસએફસીના કેમ્પસમાં નાના પાંચ–સાત નેટ હાઉસ બનાવ્યાં છે અને એની અંદર શાકભાજી કેવી રીતથી મોટી સાઇઝની થાય એના માટે અનેક સેમ્પલ કર્યા છે અને આ નાના ખેડૂતો આપવા માટે આ પાયલોટ પ્રોજેકટમાં મૂક્યો છે અને આને કારણે ખેડૂતોને ઇન્ફ્રાસ્ટ્રકચર માટે ૬% ઇન્સેન્ટીવ વ્યાજ સહાય આપીએ છીએ. કૂવાથી માંડીને બધું જ આવે અને મને સમજાવો આપ સૌ તો રૂરલ સેકટરમાંથી આવો છો. ખેડૂતોને સૌથી વધારે જરૂરિયાત શું પડે? એનું ગોડાઉન હોય તો એનો પાક મૂકી શકે, માલ મૂકી શકે, એને ભાવ સારો મળી શકે. આ વખતે ખેડૂતોને ખેતરોમાં ગોડાઉન માટે નાબાર્ડ સાથે બેસીને અને નાબાર્ડ સાથે વ્યવસ્થા કરી,ડિઝાઇન કરી નાબાર્ડ સબસિડી આપે, સરકાર સબસિડી આપે, ઉપરથી વ્યાજ મૂકાય એ પ્રમાણેની ગોઠવણ કરી છે. હવે આનાથી વધારે શું સેન્ટ્રલ અને સ્ટેટસ્ ભેગું થઇને કરી શકે ? અને લોન એટલે આપીએ છીએ કે, એનું આપણો ખેડૂત એની ધીમે ધીમે કરીને ભરપાઇ કરી શકે અને સૌથી અગત્યનું ગોડાઉન ખેડૂતો માટે અગત્યના છે. એટલે મારે કૃષિમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, એમણે ખેતરોમાં ગોડાઉનો ઉભા કર્યા, તાલુકા મથક ઉપર ગોડાઉનો કરવાનું નક્કી કર્યું અને સૌથી વધારે ઇતિહાઇમાં જોઇ લેજો, એક વર્ષમાં તાલુકા લેવલ ઉપર સરકાર દ્વારા ૧.૨ લાખ મેટ્રિક ટન માટે ગોડાઉનની વ્યવસ્થા માટે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

નાના માણસો માટે કર્યું છે. અમારા એક સભ્ય શૈલેષભાઇ બોલ્યા, ઉદ્યોગપતિઓ જોડે મિટિંગ અને એ બધું ગોઠવ્યું છે. અરે, મારા સાહેબ, આ ઉદ્યોગપતિઓ માટેની યોજના છે ? આ લઘુઉદ્યોગ પ્રોત્સાહન યોજના, માનનીય અધ્યક્ષશ્રી, સહકારી મંડળીઓ સાથે બેઠક કરી છે, લઘુઉદ્યોગો સાથે બેઠક કરી છે, અનેક અનેક દૂધ મંડળીઓ જોડે છે, અનેક લોકો સાક્ષી છે, આ જેઠાલાલ સાક્ષી છે અને એ મિટિંગો કર્યા પછી છેવાડાના નાના માણસને શું જરૂરિયાત છે એ ધ્યાનમાં રાખીને બજેટ બનાવ્યું છે અને એટલે જ તમે જુઓ લઘુઉદ્યોગ માટે જી.આઇ.ડી.સી.ની એસ્ટેટ એમાં પચાસ ટકા સહાય, જે પ્રમાણે લઘુ એટલે આ સિસ્ટમ માટે ડેવલપર બનાવે તો ડેવલપરને સહાય અને સૌથી અગત્યનું પચાસ ટકા રેન્ટની સહાય. આનાથી વધારે શું કરી શકાય લઘુઉદ્યોગ માટે ? અને અમે લોકોએ નક્કી કર્યું છે કે, આવતા ત્રણ વર્ષની અંદર એક લાખ નવા યુનિટો ઉભા કરીશું. કોટેજ ઇન્ડસ્ટ્રીઝ, ગૃહ ઉદ્યોગ (અંતરાય ) નટુજી પકડી રાખજો નહીંતો આ બાજુ આવી જાવ. મારા મિત્ર છે સાહેબ, અને અમારો પ્રેમ જ જુદો છે. એમને એક જ વસ્તુ જોઇએ છે અને હું આપતો નથી.

કોટેજ ઇન્ડસ્ટ્રીઝ માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતે વર્ષમાં અમે વાયબ્રન્ટ ટાઇપનો મેળો કર્યો હતો અહીંયા અને બધા લોકોને બોલાવ્યા હતા અને એક મેસિવ ડ્રાઇવ કરી પછી બધા વર્કસને મળ્યા અને પછી પૂછ્યું કે, શું તકલીફ છે તમારી ? એટલે એમણે કહ્યું કે, વર્કીંગ કેપિટલની તકલીફ છે. બધા પચાસ હજાર લોકો રજીસ્ટર્ડ છે. મેં બેન્કો સાથે મિટિંગ કરી છે અને બેન્કોને કહ્યું છે કે, તમારે આમને પૈસા આપવા પડશે. એક લાખ સુધી વર્કીંગ કેપિટલ કરવાનો ઇરાદો છે અને એટલે આ યોજના કરી છે અને એની અંદર સાત ટકા વ્યાજ સહાય આપીશું. આ ઉપરાંત માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં પહેલી વખત થયું છે. કયારેય તમે જોયું છે કે, રાજ્ય સરકાર ગેરંટી આપવા તૈયાર હોય. પહેલી વખતે, અને એ કેમ આપે છે એ પણ હું તમને કહું (અંતરાય) બેન્કો, અરે, ગેરંટી (અંતરાય) અરે, ભાઇ વ્યક્તિગતની વાત કરું છું. વ્યક્તિગત તમે લોન લો અને તમને ગેરંટી આપે એવો એક કિસ્સો બતાવો ? દૂધ, હમણાં અમારા પરેશભાઇ. પરેશભાઇ પણ નથી, બધા બેટીંગ કરીને જતા રહ્યા, ગામડા તૂટી જાય છે, લોકો શહેર તરફ જાય છે અને રામસિંહભાઇ, દૂધના ધંધા સિવાય કોઇ વિકલ્પ દેખાતો નથી, બરાબર કે નહીં? આ ધ્યાનમાં રાખીને અમે કર્યું છે, મહિલાઓની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ડબલ કરવાનો નિર્ણય કર્યો છે અને આ ઉપરાંત પંચાયત વિભાગે નક્કી કર્યું છે કે, દરેક ગામમાં ત્રણસો વાર જગ્યા આપવાની અને એ ત્રણસો વાર પર એને બિલ્ડિંગ, પાંચ લાખ સુધી પચાસ ટકા સહાય આપવાની એ ઉપરાંત એંશી ટકા સહાય નવ લાખ સિતેર હજાર સુધી ઓટોમેટિક મિલ્ક મશીન, બલ્ક મિલ્ક કુલર માટે આ મંડળીઓને આપવાના.હવે આ દૂધ ઉત્પાદન વધે કે ના વધે? તમારા પ્રવચનમાં બે શબ્દો વખાણના બોલ્યા હોત તો અમને સારું ના લાગ્યું હોત?

સૌથી વધારે વ્યકિતગત મહિલાઓ માટે પાંચ ટકા વ્યાજ જે એનીમલ્સ ખરીદે ત્રણ ટકા ઇન્ટરેસ્ટ વધારે અને ઇન્સ્યોરન્સ માટે ૫૦૦ રૂપિયા અને મિલ્કીંગ મશીન માટે ૭૫ આ પણ અમૂલ જોય એમ.ડી અને બધા લોકો જોડે વાત કરી અને ટ્રાયેંગલ ફોર્મેશન કરી દૂધ એ લોકો લે એ પ્રમાણે ગોઠવણ કરીને આ સ્કીમની ગોઠવણ કરી છે. (અંતરાય) અરે, લોન આપશે. લોન આપવા માટે તો અમે બેઠા છીએ. એટલે પરેશભાઇને જ કહેવું હતું કે ગામડાં નહીં તૂટે અને એ માટે અમે આમાં એનીમલ હસબન્ડરીમાં ખૂબ મહેનત કરીશું.

રોજગારીની તકો વધારવા માટે આઇ.ટી.આઇ. ૧૯ અને સૌથી ઇમ્પોર્ટન્ટ આઇ.ટી.આઇ.ની મારે એક જ વિષયની વાત કરવી છે. આઇ.ટી.આઇ.ના છોકરાઓની વાત કરું. ૧૯ આઇ.ટી.આઇ. અમે નકકી કરી છે દરેક તાલુકામાં અને સૌથી ઇમ્પોર્ટન્ટ બે વર્ષ પહેલા ૪૮૦ કરોડનું બજેટ હતું. આ વર્ષે ૧૧૫૧ કરોડ કર્યા. આ બે વર્ષમાં આટલો મોટો જમ્પ. (અંતરાય) ૧૯ આઇ.ટી.આઇ. આપણે બે જોડે ફરવા નીકળીશું આઇ.ટી.આઇ.ની અંદર બરાબર? અને મહિલા આઇ.ટી.આઇ. તો જુદુ.

અધ્યક્ષશ્રી : એના ભેગા જાશો તો તમારું પણ ભૂલવી દેશે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬ ગવર્મેન્ટ આઇ.ટી.આઇ. ઓન ડીમાન્ડ. આ ઓન ડીમાન્ડનું આપને સમજાવું કે ઉદ્યોગો કહે કે માણસો અમારે ખૂટે છે એટલે ઉદ્યોગો કહે કે આ બનાવો એટલે ફટ લઇને અમે આઇ.ટી.આઇ.ને ડીમાન્ડ કરીએ. આપ સમજયા? આનાથી ઉદ્યોગો દા.ત. ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી એ લોકો એમ કહે કે અમને માણસો મળતા નથી તમે તાત્કાલીક કંઇક કરો એટલે એ આઇટીઆઇ અને ઓટોમોબાઇલ સેકટરની અમે સ્ટેજ્યુડીક આઇ.ટી.આઇ. કરીએ. ઉદ્યોગોને ભાગીદાર બનાવીએ. આવી ૨૬ આઇ.ટી.આઇ. ઓન ડીમાન્ડ આ પ્રમાણેનું કર્યું છે. સ્ટાઇપેન્ડમાં ૨૦૦ થી ૪૦૦ કર્યા. બહેનોને સાઇકલો આપી. આઇ.ટી.આઇ.ના છોકરાઓને એસ.ટી. બસનું કન્સેશન આપ્યું. છોકરાઓને ટેબ્લેટ આપી જે કોમ્પ્યુટરમાં ભણ્યા હોય અને સૌથી ઇમ્પોર્ટન્ટ પંડિત દીનદયાળજીના નામે અમે યોજના કરી કે કોઇપણ આઇ.ટી.આઇ.નો છોકરો ભણીને બહાર નીકળે અને એને કોઇ ધંધો કરવો હોય તો એક લાખ રૂપિયા સુધીની યોજનામાં સાત ટકા વ્યાજ સહાય અને આની અંદર પણ બેંકોને ગેરંટી આપવા રાજ્ય સરકાર તૈયાર થશે. આ ચારે વસ્તુની જે વાત કરી રોજગારીની, આમાં કયા મોટા ઉદ્યોગને લાભ થયો? આ બધા નાના ઉદ્યોગને લાભ થયો અને નાના લોકોની જો આવક વધે તો રાજયનું સ્ટાન્ડર્ડ ઓફ લીવીંગ ગામડાંઓમાં સુધરે. એ ધ્યાનમાં રાખીને કર્યું છે. હવે એ હું કાલે કહીશ તમને. આજે નથી કહેવું હમણા જ દિલ્હીથી કાગળ આવ્યો છે. હું નિયમ-૪૪ હેઠળ નિવેદન કરીશ એટલે તમને એનો હિસાબ કિતાબ મળી જશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બોલવાનું નહીં. દરેકને હાઉસમાં આવવાનો અને જવાનો વ્યકિતગત અધિકાર છે. કોઇ ટીકા નહીં.

શ્રી સૌરભ પટેલ : વર્કર્સ, કન્સ્ટ્રકશન વર્કર્સ, આમાં તો કોઇ કરોડપતિ નથી ને? આ કન્સ્ટ્રકશન વર્કર્સ માટે, એમના મકાન માટે ૨૦૦ કરોડ રૂપિયા કોણ આવે કન્સ્ટ્રકશન વર્કર્સમાં? સુથાર, (અંતરાય) બરાબર છે, પણ વાપરીએ છીએ ને?

અધ્યક્ષશ્રી : આપ જવાબ આપોને, પછી પ્રશ્ન પૂછવો હશે તો એકાદ સભ્યશ્રીને પૂછવા દઇશું.

શ્રી સૌરભ પટેલઃ ૨૦૦ કરોડ રૂપિયા હાઉસીંગ સેકટર ઉપર એ લોકો રોડ ઉપર ન રહે એટલે રેન્ટેડ એકોમોડેશન માટેનો પણ વિચાર કર્યો છે. એમના છોકરાઓ ભણે એટલા માટે હોસ્ટેલનો પણ વિચાર કર્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ માનનીય જોષીયારા, જવાબ આપવા દો.

શ્રી સૌરભ પટેલઃ કાયદામાં વેટની જોગવાઇ છે. સ્ટેમ્પ ડ્યૂટીની જોગવાઇ છે, ઇલેકિટ્રસિટી ડ્યૂટીની પણ જોગવાઇ છે. એટલે કાયદામાં જોગવાઇ છે અને વેટની રેવન્યુ ઉભી કરીએ તે પ્રમાણે આવકથી અમે આ લોકોનો વિચાર કરી એમના માટે સારી યોજના બનાવી છે. આ રાજયની અંદર છેલ્લાં ૧૦ વર્ષની અંદર કમનસીબ હતું કે આપણી રાજયની પ્રજા ડિપોઝિટોનો નિયમ શું છે રેશિયો ૧ રૂપિયો પ્રજા ડિપોઝિટ મૂકે તો એની સામે ૧ રૂપિયો એડવાન્સ મળવો જોઇએ. આને સી.ડી. રેશિયો કહેવાય. કમનસીબમાં ૧૦૦ રૂપિયા મૂકીએ અને આપણને ૭૦ મળતા, ૭૫ મળતા. છેલ્લાં ૩ વર્ષથી ઝઘડા કર્યા છે અને એના કારણે આ કન્વેન્સનલ સી.ડી. રેશિયોમાં ૨૦૧૩ માં ૭૫ ટકા હતા તે ૨૦૧૪ માં ૮૦ ટકા આવ્યા છે. હું કેમ વાત કરું છું. બધી યોજનાઓ મૂકી છે એ યોજનાઓ વીકર સેકશન લોકોને પૈસા આપતા નહોતા. કેન્દ્ર સરકારે, આર.બી.આઇ.એ વીકર સેક્શનની નીતિ જે બનાવી છે કે ગરીબો માટે આટલા ટકા તમારે એડવાન્સ આપવા પડે એ વીકર સેકશનના ૧૦ ટકાની સામે માત્ર ૭.૨૪ ટકા આપતા હતા અને એગ્રીકલ્ચરમાં ૧૮ ટકાની સામે ૧૬ ટકા આપતા હતા. એટલે આ બધી યોજનાઓ બનાવી છે. નક્કી કર્યુ છે કે ગુજરાતનો રૂપિયો ગુજરાતમાં જ રહેશે અને એ તમે વીકર સેકશન આપવાના છો, તે વીકર સેકશનનો ટાર્ગેટ તમારે પૂરો કરવાનો છે, એટલે આજે મેં આઇ.ટી.આઇ.ના છોકરાઓની વાત કરી, ગૃહ ઉદ્યોગની વાત કરી, લઘુ ઉદ્યોગની વાત કરી. આ બધુ એટલે આપણે એમને પ્રોત્સાહન આપીએ છીએ કે વીકર સેકશનનું ખૂબ એડવાન્સીસ વધે. એગ્રીકલ્ચર સેક્ટરનું એડવાન્સીસ વધે.

અહીયા ઘણી બધી વાતો થઇ. વાત થઇ કે સોશ્યલ સેક્ટરમાં રૂપિયા નથી વપરાતા. સોશ્યલ સેક્ટરમાં ૨૦૧૩-૧૪ માં ખાલી શિક્ષણમાં ૨૦૧૩-૧૪ થી ૨૦૧૪-૧૫ ની અંદર ૩૩ ટકાનો વધારો થયો છે. અને હેલ્થમાં ૫૦૦૦ નો ૭,૦૦૦ એટલે ૩૦ ટકાનો વધારો થયો છે. એટલે પ્લાન પ્લસ નોન પ્લાનની કલ્પના કરો કે અમે સોશ્યલ સેક્ટરમાં કેટલો રાઇટ આપ્યો છે. અને સૌથી મહત્વનું અમારા જે સભ્યશ્રીઓએ વાત કરી ને કે તમારો ખર્ચ નથી સોશ્યલ સેક્ટરમાં એ ફાળવવો જોઇએ. ૨૦૧૦-૧૧ માં ૯૦ ટકા ખર્ચ થયો છે. ૨૦૧૧-૧૨ માં ૯૬ ટકા થયો છે અને ૨૦૧૨-૧૩ માં પણ ૯૬ ટકા થયો છે. હવે આ સ્પેન્ડિંગ નથી તો શું છે? આ સોશ્યલ સેક્ટરનું સ્પેન્ડિંગ છે.

આદિવાસીઓની ચિંતા કરી. અમારા મંત્રીશ્રી રમણલાલ એમનું પ્લાન પ્રોવિઝન વંચિતોનો વિકાસ. ૧૯૫૭ કરોડનું બજેટ છે. ૩૫ ટકાનો વધારો છે. અને અમારા અશ્વિનભાઇ આદિવાસી માટે બજેટ ઓછું છે એમ કહેતા હતા. અશ્વિનભાઇ, ૨૦૧૩-૧૪ કરતા ૪૪ ટકાનો વધારો છે. ૧૩૭૭ કરોડ. એટલે આપ જે ચિંતા કરો છો, એટલી જ અમે ચિંતા કરીએ છીએ. સૌથી મહત્વનું અમારા બહેન તેજશ્રીબેન બી.પી.એલ. યાદી એટલા માટે મા અમૃતમ યોજના છે. આ યોજના કોના માટે છે? ગરીબોથી ગરીબ માટે. પહેલા બી.પી.એલ. કુટુંબ લીધા. પછી આપણે એનો વ્યાપ વધાર્યો. વ્યાપ વધારીને શું કર્યુ? ૨૧ વર્ષની ઉંમરના લઇએ એટલે કોઇપણ મહિલા અને બાળ ૨૧ વર્ષની અંદર આવી જાય. છોકરો કે ચંગમેન.

સૌથી મહત્વનું આપ સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે કે જે આ કોન્ટ્રેકટેડ વર્ક છે ને જે અમારે ત્યાં રજિસ્ટર્ડ થયેલા છે, તે બધાને અમે મા અમૃતમ યોજનામાં લીધા છે, એટલે એટલો વ્યાપ વધ્યો છે. એનાથી એક

પગલું આગળ જઉં તો પહેલી વખત અનઓર્ગેનાઇઝ સેકટર માટે દરવાજો ખોલ્યો છે. અનઓર્ગેનાઇઝ સેકટર એટલે શું? આપણો જે વર્કફોર્સ છે તે સંપૂર્ણપણે મોટાભાગે અનઓર્ગેનાઇઝ સેકટરમાં ગણાય છે. દા.ત. નકકી કરીએ કે બધા રીક્ષાવાળાને આપવું છે, તો આ રાજયના રીક્ષાવાળાના લાઇસન્સ હોય તે લાઇસન્સ ઉપર આપણે તેને નોંધણી આપી શકીએ અને તે વર્કફોર્સમાં ગણાય. આ તો આપને એક નાનો દાખલો આપું છું. એટલે આ મા અમૃતમ્ યોજના ગરીબો માટેની યોજના છે. એકસાથે મોટો દરવાજો ના ખોલી શકાય. તેની ધીમે ધીમે સરસ વ્યવસ્થા ગોઠવવી પડે, હોસ્પિટલોને રજીસ્ટર કરવી પડે અને તે પ્રમાણે ખોલાય. સરકાર તેના માટે કટિબદ્ધ છે. કોઇપણ સંજોગોમાં મા અમૃતમ્ યોજના સૌથી પોપ્યુલર યોજના, સારી રીતે ચાલે અને ધીમે ધીમે નાના નાના દરેક લોકોનો આની અંદર સમાવેશ થાય તેના માટે અમે પ્રયત્ન કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બે–ચાર વિષયોની વાત કરી લઉં. અમારા વિરોધપક્ષના નેતાએ સરદાર સરોવરની વાત કરી. મારે એમને એટલું જ કહેવું છે કે સરદાર સરોવરની અંદર પાણી જે નકકી કરે છે..

અધ્યક્ષશ્રી : ત્રણ જ મિનિટ છે માનનીય મંત્રીશ્રી આપની પાસે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ જ મિનિટ છે?

અધ્યક્ષશ્રી : બપોર પછી બીજી બેઠક છે. અત્યારે નથી. એક પ્રશ્ન પૂછવા દઇશ. તમને નહીં પણ બીજાને પૂછવા દઇશ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઓઇલ રોયલ્ટીની વાત કરી લઉં. આ ઓઇલ રોયલ્ટી આ ગુજરાત ભાજપની સરકારને તમારા યુ.પી.એ.વાળા નહોતા આપતા. કોર્ટમાંથી કેસ જીતી આવ્યા અને જે તે જીતવાના કારણે ૨૦૦૦ કરોડની આવક વધી ગઇ છે. ૭૦૦ કરોડમાંથી ૨૭૦૦ કરોડ . આ અન્યાય, આ થપ્પડો, યાદ કરો થપ્પડો. ગેસના કનેકશનો ભાવનગર, ૪૮ કલાકમાં માનનીય શક્તિસિંહ કહેતા હતા કે હું તમને દિલ્હીથી મંજૂરી લઇ આપીશ. ૪૮ કલાકમાં સાહેબ, ત્રણ વર્ષ થયા ન આવ્યું અને બીડ ખોલ્યું તો હમણાં અમને મળ્યું. ત્રણ વર્ષનો અન્યાય થયો. ભાવનગર એ જ પ્રમાણે જામનગરમાં અમે ૫૦ હજાર કનેકશનો આપીશું. આનંદની વાત કરી લઉં. ગોલ્ડન બ્રીજનું ખાતમૂર્હુત થયું. કંઇ ના થયું. અમારા ધારાસભ્યએ માગણી કરી અંકલેશ્વર–ભરૂચ તો અમે ચાલુ કર્યુ. સૌથી મહત્વનું પ્રવાસી ભારતીય દિવસ, કેટલા વર્ષોથી ચાલે છે પ્રવાસી ભારતીય દિવસ? યુ.પી.એ.ના પ્રધાનમંત્રી અને તમને બધાને ગુજરાત તરફ નજર ના પડી કે ગુજરાતમાં કરીએ. મને કહેતાં આનંદ થાય છે કે આ વખતે પ્રવાસી ભારતીય દિવસ આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇએ ગુજરાતમાં યોજવાનું નક્કી કર્યુ છે. અચ્છે દિન આ ગયે. બલવંતસિંહજી ગુજરાત કે ભી અચ્છે દિન આ ગયે હૈ. યાદ રાખો કે અત્યાર સુધીમાં મહિનાની અંદર કેટલા વિષયો અમે પૂરા કર્યા. ખેડૂતોના પાક વીમાનો વિષય એક વર્ષ એકસ્ટેન્શન કરાવ્યો. જે તમારી સરકારે ખેડૂતો માટે •(xxxxxx) કર્યુ હતું. નર્મદા ડેમની હાઇટ વધારીને આવ્યા. મારા વણાકબોરીનો થર્મલ પાવર પ્રોજેકટ, ત્રણ વર્ષથી તમે એન્વાયરમેન્ટ કલીયરન્સ નહોતું આપ્યું. એન્વાયરમેન્ટ કલીયરન્સ મળી ગયું. સ્ટેચ્યુ ઓફ યુનીટી ૨૦૦ કરોડ રૂપિયા આવ્યા. શ્રી ભરતસિંહ મંત્રીએ ત્યાં ધુવારણની અંદર હું મંત્રી છું અને હું પ્રોજેકટ નાંખીશ. પાંચ વર્ષ નીકળી ગયા પણ એન.ટી.પી.સી.એ કંઇ ના આપ્યું. બુલેટ ટ્રેન એટલે અચ્છે દિન ગુજરાતકે લીયે આ ગયે. ઓઇલ રોયલ્ટી લઇ આવીશું. બધું જ લાવીશું. ગુજરાતનો જી.એસ.ડી.પી.માં રેટ વધવાનો છે. આટલી મારી વાત પૂરી કરી સૌ સભ્યશ્રીઓએ સહકાર આપ્યો તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ પરમાર. પ્લીઝ હવે પ્રશ્ન પૂછે છે. શાસક પક્ષે ના પૂછવાનો હોય. ઝડપ કરજો. એક પ્રશ્ન આપ લો અને એક પ્રશ્ન પાછલા બ્લોકમાંથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વેટના દર છે તે કેન્દ્ર સરકાર તેના નોમ્સ પ્રમાણે નકકી કરે છે. મંત્રીશ્રી પાસે જાણવું છે કે, જે રીતે રાંધણગેસના સીલીન્ડર ઉપર સંપૂર્ણ સબસિડી છે તો અત્યારે આપ જે અમદાવાદ શહેર ,ભાવનગર અને બીજા શહેરોમાં અને ખાસ કરીને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અમદાવાદ શહેરમાં રાંધણગેસ ઉપર જે ૧૫ ટકા ટેક્સ લેવામાં આવે છે તે ટેક્સને આપ ઘટાવડા માગો છો કે કેમ? શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વસ્તુ તો સ્પષ્ટતા કરું કે કેન્દ્ર સરકાર વેટના દર નક્કી નથી કરતી. એમ્પાવર્ડ કમિટી એ ગાઇડ લાઇન્સ આપે છે અને બધા મંત્રીશ્રીઓ બેસીને નક્કી કરે છે કે, આપણે આ પ્રોડકટનો આટલો દર રાખવો જોઇએ અને જે બીજી વાત કરી એ સૂચન છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ઇ–પ્લાન્ટ જે નાંખવાની વાત હતી, હોસ્પિટલોમાં જે ડોકટરો વાપરે છે ઓકસીજન, દવાઓ અને ઇ–પ્લાન્ટ એના વેટના દર ઘટાડવા માગે છે કે કેમ? અને એ રીતે અલ્ટીમેટલી દર્દીઓને જ ફાયદો થતો હોય છે તો કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : એ માગણી ઉપર ચર્ચા ચાલે ત્યારે પૂછી લેજો. બીજા કોઇને પૂછવું હોય તો બોલો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે સાણંદ તાલુકામાં નેનો અને ફોર્ડ કંપનીને જે જમીન આપવામાં આવી છે તે જમીન બિલકુલ મફતના ભાવે આપેલ છે અને તેમાં સ્ટેમ્પ ડ્યુટી તથા અન્ય કરવેરાઓ જે માફ કરી અને જે જમીન નેનો અને ફોર્ડ કંપનીને આપી છે એમાં સ્ટેમ્પ ડ્યુટી, કરવેરા લેવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે નિયમ પ્રમાણે આપી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું અને સૂચન કરવા માગુ છું કે, આદિવાસી ટ્રાયબલ વિસ્તારમાં જાનવરો ઉપર જે યુનિટ દીઠ સબસિડી અને જે લોન આપવામાં આવે છે એમાં વધારો કરવા માગે છે કે કેમ? કારણ કે વર્ષો પહેલાની મોંઘવારી અને આજની મોંઘવારીમાં ઘણો બધો ફરક છે ત્યારે યુનિટ દીઠ સબસિડી ફકત ૧૦ હજાર મળે છે એના બદલે ૨૫ હજાર રૂપિયા કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે યુનિટ કોસ્ટમાં વધારો કર્યો છે, અને સબસિડીમાં પણ વધારો કર્યો, એ આ બાબત માગણી વખતે આવશે, પણ તમારા માટે અચ્છે દિન આયેંગે.

અધ્યક્ષશ્રી :અંદાજ પત્ર પરની ચર્ચા પૂરી થાય છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧–૦૩ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બીજી બેઠક**
**ગુરૂવાર, તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૧૪**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યુ**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ધોરણ-૮ની કન્યાઓને મફત સાયકલ સહાય**

*૧૦૫૪૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ-૮ની કન્યાઓને મફત સાયકલ આપવા માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી તથા કેટલી છોકરીઓને વર્ષવાર લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

| ક્રમ | વર્ષ | જોગવાઈ (રૂ. લાખમાં) | કન્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૬૨૫.૦૦ | ૨૯૨૬૯ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૬૮૫.૦૦ | ૧૧૪૧૫૧ |
| | **કુલ** | **૧૩૧૦.૦૦** | **૧૪૩૪૨૦** |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવો છે કે, એક તો મેં જે પ્રશ્ન પૂછ્યો છે, એમાંથી એકનો જ જવાબ આપ્યો છે એની કોપી મારી પાસે છે મારા બીજા પ્રશ્નનો જવાબ આપ્યો જ નથી. તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં જોગવાઇ સામે વર્ષવાઇઝ કેટલી ગ્રાન્ટ વાપરીને ખર્ચ કરવામાં આવ્યો? બીજો પ્રશ્ન એ છે કે પાત્રતા ધરાવતી કન્યાઓ પૈકીની કેટલી કન્યાઓને લાભ આપવાનો બાકી છે?

શ્રી રમણલાલ વોરા : બન્ને પ્રશ્નોના જવાબ એકસાથે છે. તમે કેટલી કન્યાઓને સાયકલ મળી એની વાત કરી છે તો એમાં અનુસૂચિત જાતિની કન્યાઓ અને વિકસતી જાતિની કન્યાઓ આ બન્ને પ્રશ્ન ભેગો છે અને એટલા માટે બન્નેનો ભેગો જવાબ આપ્યો છે. અનુસૂચિત જાતિની કન્યાઓની વાત કરીએ તો વર્ષ ૨૦૧૨-૧૩માં અને ૨૦૧૩-૧૪માં કુલ ૪૭૯.૫૪ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી અને એટલો જ ખર્ચ કરવામાં આવ્યો અને ૧૮૭૬૩ કન્યાઓને સાયકલ આપવામાં આવી. વિકસતી જાતિની અંદર ૨૦૧૨-૧૩માં ૬૫૩.૧૭ લાખ રૂપિયા ૨૦૧૩-૧૪માં ૨૪૫૧.૭૫ લાખ એટલે કુલ ૩૧૦૪.૯૨ લાખ અને સાયકલની સંખ્યા કુલ ૧,૨૪,૬૫૭ એટલે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની બન્નેનો મળીને કુલ ખર્ચ ૩૫૮૪.૪૫ લાખ રૂપિયા અને ૧,૪૩,૪૨૦ સાયકલો આપવામાં આવી. કોઇ સાયકલ આપવાની બાકી રહેતી નથી. બધી સાયકલો આપી દેવામાં આવી છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા :માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, જોગવાઇ ૧૩ કરોડ ૧૦ લાખ રૂપિયાની છે અને કન્યાઓ ૧,૪૩,૪૨૦ છે, તો આ સાયકલો જે ખરીદવામાં આવે છે તેના ટેન્ડરો બહાર પાડવામાં આવે છે? અને જો હા તો કઇ એજન્સી પાસેથી આ સાયકલો ખરીદવામાં આવે છે?

શ્રી રમણલાલ વોરા : આ સાયકલો ગુજરાત સરકારની સંસ્થા ગ્રીમકો દ્વારા ખરીદવામાં આવે છે. સરકારની સંસ્થા છે અને ગ્રીમકો દ્વારા જ આ ટેન્ડરો બહાર પાડીને એ લોકો સાયકલ અમને સપ્લાય કરે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે જવાબ આપ્યો છે તે પ્રમાણે વરસ ૨૦૧૨-૧૩માં ૬૨૫ લાખમાં ૨૯૨૬૯ સાયકલો આવી તો ૨૦૧૩-૧૪માં ૬૮૫ લાખમાં ૧,૧૪,૧૫૧ સાયકલ કન્યાઓને કેવી રીતે આપી શકાય?

શ્રી રમણલાલ  વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બહેનશ્રીની મુંઝવણ વાજબી છે. પહેલાં ગુજરાતમાં ધોરણ–૮માં ભણતી કન્યાઓને આપણે સાયકલો આપતા હતા અત્યારે પ્રાયમરી અને અપર પ્રાયમરી એટલે ધોરણ ૬, ૭ અને ૮ એટલે ધોરણ ૮ ને બદલે ધોરણ ૯ ની કન્યાઓને સાયકલ આપવામાં આવે છે એક વાત અને બીજી વાત પહેલાં ગ્રામ્ય કક્ષાએ ૨.૫ કિલોમીટરની મર્યાદામાં આવતી બાલિકાઓને અને શહેરી વિસ્તારમાં ૩ કિલોમીટરની મર્યાદામાં આવતી બાલિકાઓને સાયકલ આપવામાં આવતી નહોતી, રાજ્યના આદરણીય તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રીએ આ બહેનોને સાયકલ આપવાની અંતર મર્યાદા રદ કરી હોવાના કારણે આ બહેનોને સાયકલો વધારે મળે છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિ આ ત્રણેયને ભેગા કરીએ તો લગભગ એક લાખ કરતાં વધારે બાલિકાઓને સાયકલો વધારે મળવા માંડી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે જોગવાઇ બતાવી છે તે ૬ કરોડ અને ૨૫ લાખ અને ૨૦૧૨–૧૩માં ૬ કરોડ ૮૫ લાખ અને તેની સામે જે સંખ્યા છે તે પ્રશ્નાર્થ ઉભો કરે એવું છે કે આટલી જોગવાઇમાં આટલી તો આટલી જોગવાઇમાં આટલી કેમ **?**

અધ્યક્ષશ્રી : જોગવાઇ નહીં ખર્ચ હોય તેની સામે આવે. જોગવાઇ કરી હોય ૬૨૫ કરોડ અને એટલો ખર્ચ ના થયો હોય.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જોગવાઇ કરી સાઇકલો વધારે આપવાની થઇ, તો સુધારેલી જોગવાઇ પ્રમાણે જોગવાઇ વધારે કરવી પડે, પૂરતા પ્રમાણે સાઇકલો આપવી જોઇએ. જ્યારે નાણામંત્રીશ્રી પૂરક જોગવાઇઓ મૂકે છે અને જ્યારે આપણે પ્રશ્ન ઉઠાવીએ છીએ ત્યારે આ બાલિકાઓને આપણે જે સાયકલો આપીએ છીએ એ બાલિકાઓ સાયકલથી વંચિત ના રહે એટલા માટે એ જોગવાઇમાં સુધારેલી જોગવાઇ કરીને એમાં વધારો કરવામાં આવે છે. દરેક બાલિકાઓને સાયકલ મળે તેનો પૂરતો પ્રયાસ કરવામાં આવે છે.

શ્રી અશ્વિન  કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, અનુસૂચિત જનજાતિની બાળાઓને મેં જ્યારે પ્રશ્ન પૂછયો હતો ત્યારે માનનીય મંત્રીશ્રી એમ કહેતા હતા કે ભગવા કલરની સાઇકલો આપવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી એમ કહેતા હતા કે ભગવા કલરની સાયકલો એટલા માટે આપવામાં આવે છે કે, રાત્રે...

અધ્યક્ષશ્રી :  તમારો જ સવાલ અને તમારો જ જવાબ? તમે સવાલ પૂછો.

શ્રી અશ્વિન  કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગુ છું કે, અનુસૂચિત જનજાતિ માટેની જે સ્કૂલો ચાલે છે તે રાત્રે ચાલે છે કે દિવસે ચાલે છે ? કેમ કે તેઓ એમ કહેતા હતા કે ભગવો કલર છે તે રાત્રે જોઇ શકાય એટલે ભગવા કલરની સાઇકલો આપવામાં આવે છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિ પૂરતો મર્યાદિત છે. અનુસૂચિત જનજાતિનો પ્રશ્ન મારા વિભાગ હસ્તક નથી.

ડો. અનિલ  જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં જવાબ આપ્યો પણ એમણે આ ખુલાસો નહીં કર્યો કે ૨૦૧૩–૧૪માં સાહેબ રકમ એટલી છે ૬૮૫ અને પેલી ૬૨૫. ૬૨૫માં સાહેબ ૨૯,૨૬૯ સાઇકલો મળે છે જ્યારે એ જ રકમમાં ૧,૧૪,૧૫૧ સાઇકલો મળે છે. તો આ કેટલી પૂરક જોગવાઇ તેમને કરવી પડી ?

અધ્યક્ષશ્રી :  એ ખર્ચ નથી લખ્યો એ જોગવાઇ કરી છે. જોગવાઇમાં બચત પણ રહે. ભાઇ, જોગવાઇમાં ખર્ચ કેટલો છે તે કહો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે જોગવાઇ કરવામાં આવી હતી ૬૨૫ની જે આંકડો લખીને આપ્યો છે. સુધારેલી જોગવાઇ પ્રમાણે ૩૧૦૪.૯૨ અને અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિ બન્નેની થઇને ૩૫૮૪.૪૫ કરોડની સુધારેલી જોગવાઇ કરવામાં આવી.

તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

**વાલોડ તાલુકા ખાતે મુખ્ય ન્યાયાધીશ માટે આવાસનું બાંધકામ**

* ૯૩૨૪ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાના વાલોડ તાલુકા ખાતે મુખ્ય ન્યાયાધીશ માટે આવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૩૫,૫૭,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૧૮–૧૧–૨૦૧૩થી શરૂ કરેલ છે. |

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, વાલોડ તાલુકા ખાતે આ જે કવાર્ટર બનાવવાના છે તે કોના માટે છે? તેમાં શું શું સગવડો છે ? અને..

અધ્યક્ષશ્રી : ભાઇ,એવો સવાલ ના હોય. મકાન બાંધકામનું હોય, પછી તેમા કેટલા રૂમ છે, કેટલા હોલ, કેટલા બાથરૂમ છે, કેટલા સંડાસ છે આવી વિગત ના પૂછાય. તમારે બીજી કોઇ માહિતી જોઇતી હોય તો પૂછો.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ ન્યાયાધીશનુ જે મકાન છે તેનુ બાંધકામ કેટલી સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે ? અને આની કોઇ સમય મર્યાદા નકકી કરવામાં આવી છે કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૧૬–૯–૨૦૧૩ના રોજ ટેન્ડર બહાર પાડયા છે અને ૧૩ જેટલી પાર્ટીઓએ તેમાં ભાગ લીધો હતો. તેને વહીવટી મંજૂરી આપી દીધી છે અને હાલમાં આ કામ પ્રગતિ હેઠળ છે. આ કામ ૧૭–૯ના પૂર્ણ થનાર છે.

**રાજ્યમાં યોજાયેલ કાનૂની શિબિરો**

* ૯૩૫૨ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જુદા જુદા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કાનૂની શિબિરો ભરવામાં આવી? | તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૫૧૧૪ કાનૂની શિબિરો ભરવામાં આવી. |

શ્રી અજયકુમાર જ. ચોક્સી : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કાનૂની શિબિરો એટલે શું અને તેઓ ઉદ્દેશ શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણના આર્ટીકલ ૩૯(એ) હેઠળ રાજયને તેના નાગરિકોને આર્થિક કે અન્ય અક્ષમતાને કારણે તેઓ ન્યાયથી વંચિત ન રહે અને સરખી તક અને મફત અને નિષ્પક્ષ ન્યાય મળે એવી કાનૂની સહાય માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. એમાં લીગલ સર્વિસ ઓથોરીટી, ૧૯૮૭ની કલમ (ઇ) હેઠળ સમાજના નબળાવર્ગને તેમના અધિકારો બાબતે શિક્ષિત કરવા ગ્રામ્ય વિસ્તાર, ઝુપડપટ્ટી વિસ્તાર, શહેરી વિસ્તારની અંદર જુદા જુદા કાનૂની સહાય કેમ્પ રાખવામાં આવે છે. આની આવશ્કયતા એટલા માટે છે કે, કાયદાનું અજ્ઞાન એ એનો બચાવ નથી. કોઇના દ્વારા પોતે કાયદાથી વાકેફ ના હોય એના કારણે એ ભૂલ કરી બેસે એવા સંજોગોમાં સમાજની અંદર આ પ્રમાણેનું પ્રશિક્ષણ કરવું એના માટે કાનૂની શિબિરો કરવામાં આવે છે અને ખાસ કરીને આપણે જે જુદા જુદા કાયદાઓમાં સુધારાઓ કરીએ છીએ એ સમાજના નબળામાં નબળા વર્ગનો માણસ એનાથી વાકેફ થાય એના માટે કાનૂની શિબિરો કરવામાં આવે છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી એ જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં કેટલી કાનૂની શિબિરો થઇ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાઇકોર્ટના પરામર્શમાં અને કાનૂની સત્તા સેવા મંડળના માધ્યમથી આ રાજયની અંદર મહત્તમ કાનૂની..

અધ્યક્ષશ્રીઃ કેટલી શિબિરો થઇ એ કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૧૧માં ૮,૦૫૭, ૨૦૧૨માં ૩,૦૬૪, ૨૦૧૩માં ૭,૦૦૧ આમ, ત્રણ વર્ષમાં કુલ ૨૨૧૨૨ જેટલી કાનૂની શિબિરો કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે, ગ્રામ્ય વિસ્તાર હોય, શહેરી વિસ્તાર હોય જયાં ગરીબ માણસો રહેતા હોય એમને કાનૂની સલાહ મળે એ માટે કાનૂની શિબિરો યોજવામાં આવે છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ જે કાનૂની શિબિર યોજવામાં આવે છે ત્યારે એના માટે જે કાનૂની શિબિર યોજાય ત્યારે આવી શિબિરો યોજવા પાછળ સરકાર દ્વારા કોઇ ખર્ચ કરવામાં આવે છે કે કેમ અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આ કાનૂની શિબિરમાં લીગલ પ્રેકટીસ કરતા એડવોકેટ, લીગલ સર્વિસના કર્મચારીઓ જે હાજર રહેતા હોય છે એમને કોઇ વેતન આપવામાં આવે છે કે કેમ? અને ત્રીજો પ્રશ્ન છે કે, હું પણ લીગલ એડવોકેટ તરીકે ગયેલો છું. તો રજાના દિવસે જે કર્મચારી હાજર રહે એને કોઇ વળતર રજા આપવામાં આવે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ પણ પ્રકારનું વેતન ચૂકવવામાં નથી આવતું, એ માનદ વેતનના આધારે સમાજના ન્યાયાધીશો, નિવૃત્ત ન્યાયાધીશો, સમાજના પ્રશિક્ષિત લોકો, સામાજિક આગેવાનો આ બધાના માધ્યમથી લીગલ સર્વિસ ઓથોરીટીમાં કાયદાથી એ પ્રશિક્ષિત બને એના માટે આ કાનૂની શિબિરો કરવામાં આવે છે. આના માટે મેં જેમ કહ્યું તેમ એને કોઇ માનદ વેતન ચૂકવવામાં નથી આવતું પણ રાજય સરકારે કાનૂની સત્તા સેવા મંડળને એને પોતાની આંતરિક વ્યવસ્થા મજબૂત બને એના માટે જયારે જે આવશ્યકતા હોય એ સેક્રેટરીની જગ્યાની જરૂર હોય કે અન્ય કોઇ જગ્યાની હોય તો જયારે નામદાર હાઇકોર્ટ દ્વારા રાજય સરકાર પાસે આવે છે કે એના માટેની આનુષાંગિક જગ્યાઓ રાજય સરકાર મંજૂર કરીને નામદાર હાઇકોર્ટને કહેતી હોય છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પંચમહાલ જિલ્લાની અંદર કયા કયા તાલુકાની અંદર આવી શિબિરો યોજવામાં આવી અને એનાથી કેટલા લોકોને લાભ થયેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એ માહિતી જિલ્લાવાઇઝ નથી પણ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારે એક વાત કરવી છે કે, આ શિબિરો ગ્રામસભાઓ, કોલેજો, સ્કૂલો અને શ્રમિક વિસ્તારોમાં કરવામાં આવે છે અને આ શિબિરોમાં જુદા જુદા કાયદાઓના સંદર્ભમાં એમને બધાને વાકેફ કરવામાં આવે છે. ખેડૂતોને લેન્ડ રેવન્યુ કોડની જોગવાઇઓ અન્વયે ગામના ૭-૧૨ અને ૮-અ ના ઉતારા હોય એની સમજ અપાય છે. હમણાં જ સન્માનનીય સભાગૃહમાં નિર્ણય લીધો છે કે...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારી પાસે પંચમહાલ જિલ્લાનો જવાબ હોય તો આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એ પ્રકારનો જવાબ અલગથી આમાં માગ્યો નથી.

### બોડકદેવ ખાતેના જજીસ બંગ્લોઝની મરામત

* ૯૩૬૫ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બોડકદેવ ખાતેના જજીસ બંગ્લોઝની મરામત માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે? | (૨) રૂ. ૯૯,૫૮,૩૦૦/- |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,મારે જાણવું છે કે બોડકદેવ ખાતે હાલ કેટલા જજીસ બંગલા છે, એમાં શું સગવડ છે અને એના રિનોવેશન માટે શા માટે આવશ્યકતા ઉભી થઇ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હાઇકોર્ટના નામદાર જજીસને તેમને રહેવા માટેની સુવિધા થઇ શકે એના માટે બોડકદેવ ખાતે ગુજરાત હાઇકોર્ટથી ચાર કિલોમિટરના અંતરે ૩૦ જેટલા બંગલા બનાવવામાં આવ્યા છે અને એ ૩૦ બંગલામાં ન્યાયમૂર્તિઓ રહે છે અને અમુક કમિશનો પણ ત્યાં બેસતા હોય છે. આ બંગલાઓ ૧૯૯૩ માં બનાવવવામાં આવ્યા હતા અને ૧૯૯૨માં એ બનાવ્યા પછી નાનું મોટું રિનોવેશન અને અન્ય આવશ્યકતાઓ ઉભી થવાને કારણે આ ખર્ચ રિનોવેશન માટે એની પાછળ કરવામાં આવે છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : મારે જાણવું છે કે હાઇકોર્ટના નામદાર જજીસ માટે આ બોડકદેવ ખાતેના બંગલાઓ કઇ કેટેગરીના બનાવવામાં આવ્યા છે અને એમાં કઇ સવલતો આપવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હાઇકોર્ટના નામદાર જજીસ માટે એફ–૨ કેટેગરીના મકાનો તેમને પ્રદાન કરવામાં આવે છે અને એ નામદાર જજીસ પેતાના ઘરે પણ કામ કરી શકે, એના માટે એમાં વિવિધ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. એમાં એક ઓફિસ રૂમ, એક ડાઇનિંગ રૂમ, એક ડ્રોઇંગ રૂમ, ચાર બેડરૂમ, એક સરવન્ટ રૂમ આમ કરીને કુલ ૮ જેટલા રૂમની એમાં સુવિધા હોય છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : મારે જાણવું છે કે આ કામનાં ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યાં, એમાં કેટલી એજન્સીઓએ ભાગ લીધો અને આ કામ શા ભાવે આપવામાં આવ્યું છે?ટેન્ડર નકકી કરેલા ભાવ કરતાં વધારે કે ઓછા ભાવનું હતું?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ કામનું ટેન્ડર તા. ૧–૨–૨૦૧૪ ના રોજ બહાર પાડવામાં આવેલ હતું. એમાં કુલ ત્રણ પાર્ટીઓના ટેન્ડર નિયમાનુસાર સ્વીકારવા પાત્ર ઠરેલ હતા અને એમાં સૌથી લોએસ્ટ ૬૩,૭૭,૯૧૪ રૂપિયાના ભાવનું મળ્યું. આ કામની અંદાજીત કિંમત ૭૩ લાખ રૂપિયાની હતી. એટલે ૧૨.૮૨ લાખ રૂપિયા જેટલું જેટલું નીચે આ કામ મંજૂર કરવામાં આવ્યું છે.

**અમરેલી જિલ્લામાં તબીબી, ડિપ્લોમા અને ઈજનેરીના વિદ્યાર્થીઓને સહાય**

* ૯૩૮૪ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં અમરેલી જિલ્લામાં તબીબી, ડિપ્લોમા અને ઈજનેરીના વિદ્યાર્થીઓને અભ્યાસના સાધનો ખરીદવા કેટલી સહાય મંજૂર કરવામાં આવી, અને | (૧) રૂ. ૧,૦૭,૫૫૩/- |
| (૨) કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી? | (૨) ૪૫ |

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : મારે જાણવું છે કે અમરેલી જિલ્લાના ૪૫ વિદ્યાર્થીઓને ૧,૦૭,૫૫૩ રૂપિયાની સાધન સામગ્રી આપવામાં આવી છે. તો આ યોજના કયારે અમલમાં આવી અને આ સાધન સામગ્રી આપવાના અમલ વખતે શું દર હતો અને એમાં કયારે કયારે કેટલો વધારો કરવામાં આવ્યો?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૭–૯૮ માં ઈજનેરી અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧ હજાર રૂપિયાની સાધન સામગ્રી આપવામાં આવતી હતી. ૨૦૦૬–૦૭ માં એમાં વધારો કરીને ૨૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા અને ૨૦૦૭–૦૮ માં એમાં વધારો કરીને ૩ હજાર રૂપિયા કરવામાં આવ્યા અને અત્યારે પ્રત્યેક વિદ્યાર્થીદીઠ ૩ હજાર રૂપિયાની સાધન સામગ્રી આપવામાં આવે છે. મારે એ પણ કહેવું છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ સાથે જયારે અમે મારા વિભાગની ચર્ચા કરવા માટે નીકળ્યા ત્યારે તેમણે પૂછયું કે ૩ હજાર રૂપિયામાં ઇજનેરીના વિદ્યાર્થીઓને શું મળે? ત્યારે હવે મારે જાણ

કરવી છે કે અત્યાર સુધી ૩ હજાર રૂપિયાની જે સાધન સહાય મળતી હતી તે હવે આગામી બજેટથી ૧૦ હજાર રૂપિયા સુધીની સાધન સહાય આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સાધન સહાય યોજનાની પત્રતાના ધોરણો શું છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક એન્જિનિયરીંગ કોલેજમાં મેરીટ પ્રમાણે ભરતી થતી હોય છે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પણ તેમાં એડમિશન લેતા હોય છે, તે તમામ વિદ્યાર્થીઓને સાધન સહાય આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ ૪૫ વિદ્યાર્થીઓ પેટે ૧,૦૭,૫૫૩ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં કહ્યું કે એક વિદ્યાર્થી દીઠ ૩ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. હવે નવા બજેટથી ૧૦ હજાર રૂપિયા કરવામાં આવ્યા છે. દસ હજાર લેખે ગણીએ તો તો ૪ લાખ ૫૦ હજાર રૂપિયા ઉપર આંકડો પહોંચે, પણ ૩ હજાર રૂપિયા લેખે ગણીએ તો પણ ૧ લાખ અને ૩૫ હજાર રૂપિયા ૪૫ વિદ્યાર્થીઓ માટે થાય. જયારે આમાં ૧,૦૭,૫૫૩ રૂપિયા જ સહાય ચૂકવવામાં આવેલી છે. એટલે એમાં વિદ્યાર્થી દીઠ ૭૦૦ રૂપિયાનો ડિફરન્સ આવે છે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીની જરૂરિયાત પ્રમાણે સાધન સહાય ચૂકવવામાં આવતી હોય છે. કોઇ વિદ્યાર્થીને સાધન ૨૭૦૦ રૂપિયાનું આવ્યું હોય તો ૨૭૦૦ રૂપિયા રાજય સરકાર ચૂકવે છે. દરેકને ૩ હજાર ચૂકવી દેવા તેવો મતલબ નથી.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં તાલુકાવાઇઝ કેટલી અરજીઓ આવી અને કેટલી રકમ ફાળવવામાં આવી?

શ્રી રમણલાલ વોરા : અમરેલી જિલ્લામાં ધારી તાલુકામાં ૩ અરજીઓ મળી હતી અને ત્રણેય મંજૂર કરવામાં આવેલી છે, અમરેલીમાં ૪૨ અરજીઓ મળી હતી અને ૪૨ મંજૂર કરવામાં આવેલી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે છે એવું માનનીય મંત્રીશ્રીએ કહ્યું. તો વિકસતી જાતી એટલે કે બક્ષી પંચના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે છે કે કેમ? અને ન મળતો હોય તો તેવો લાભ આપવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : હાલ પૂરતી આ યોજના ફકત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદીત છે. બાકી એમનું સૂચન છે.

**સાગબારા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે મકાનનું બાંધકામ**

* ૯૩૨૬ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા જિલ્લાના સાગબારા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૩૫,૯૯,૫૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૨૬–૦૨–૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કામ કરતી સરકારનો આ નમૂનો છે.

અધ્યક્ષશ્રી : કોઇ પ્રસ્તાવના નહીં, પ્રશ્ન પૂછો તમારો.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી વર્ષ ૨૦૧૩–૧૪ માં કવાર્ટર્સ માટેની જોગવાઇ કરવામાં આવી છે, તો આ જે કવાર્ટર્સ બન્યા છે તે કઇ કેટેગરીના બન્યા છે? અને હવે તૈયાર થઇ ગયા છે તો કાયદા મંત્રીશ્રી લોકાર્પણ માટે કયારે પધારવાના છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સાગબારા એટલે રાજયનો એકદમ છેવાડાનો તાલુકો અને ત્યાં રાજય સરકાર દ્વારા ન્યાયિક અધિકારીઓને રેસીડેન્સીયલ સુવિધા ઉપલબ્ધ થાય તેના માટે સાગબારા ખાતે ડી-૧ કેટેગરીનું કવાર્ટર્સ બનાવવામાં આવેલ છે, સાગબારા ખાતે ત્યાં જે જજીસ હતા તે ભાડાના મકાનમાં રહેતા હતા, એટલે પ્રિન્સિપલ સિવિલ જજની એક કોર્ટ ત્યાં કાર્યરત થઇ અને આ મકાન બનાવવાના કારણે સાનુકૂળતાથી તેઓ પોતે ત્યાં રહી શકે તેના માટે ડી-૧ કેટેગરીનું ત્યાં મકાન બનાવવામાં આવ્યું છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : સાગબારા તાલુકાના આ કામના ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા, એમાં કેટલી એજન્સીઓએ ભાગ લીધો અને આ કામના ભાવ આપવામાં આવેલ છે એ ટેન્ડરની રકમ કરતાં વધારે છે કે ઓછા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ ન્યાયિક કવાર્ટરનું કામ ૩૫,૯૯,૫૦૦ રૂપિયાનું હતું. તા. ૮-૧-૨૦૧૪ના રોજ એનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતું એમાં કુલ બે એજન્સીઓએ ભાગ લીધો હતો. એ કામ ૩૦.૫૧ લાખના ભાવે આપવામાં આવેલ છે એટલે કે ટેન્ડરની મૂળ કિંમત કરતાં ૮.૮૮ ટકા ઓછા ભાવે આ કામ મંજૂર થયેલ છે. આ કામ નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં પૂરું થવાનો અંદાજ છે.

**વિંછીયા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૯૫૯૬ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વિંછીયા તાલુકા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે સરકારે કેટલી રકમની જોગવાઈ ક્યારે કરી છે, અને | (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૪-૧૫ના ફેરફાર કરેલ બજેટમાં નવ નિર્મિત તાલુકા માટે રૂ. ૫,૦૦,૦૦,૦૦૦/-ની જોગવાઈ સૂચવેલ છે જેમાં વિંછીયાનો સમાવેશ થાય છે. |
| (૨) આ કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવશે ? | (૨) નામ. હાઈકોર્ટ તરફથી દરખાસ્ત મળ્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે વિંછીયા તાલુકા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના કામ માટે નામદાર હાઇકોર્ટને કોણે કયારે કયારે રજૂઆત કરી અને કોર્ટ બિલ્ડિંગ કયા સ્થળ ઉપર કયારે શરૂ થવાનું છે, અને કેટલા સમયમાં આ પૂર્ણ કરવાનું આયોજન છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જયારે નરેન્દ્રભાઇ મોદી આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમણે સત્તાના વિકેન્દ્રીકરણ માટે અને સમગ્ર ગુજરાતમાં જયાં આવશ્યકતા હતી એ પ્રમાણે નવા તાલુકાની જાહેરાત કરી હતી, એ પ્રમાણે વિંછીયા છે એ જસદણ તાલુકામાંથી અલગ પાડેલો ભાગ છે. હાલ રાજયના ૨૪૮ પૈકી ૨૨૯ તાલુકાની અંદર કોર્ટની સ્થાપના કરી છે અને જે બાકીના ૧૯ તાલુકાઓ છે, જેમાં કોર્ટ નહોતી એ સરકાર દ્વારા આ નવી કોર્ટો ઉભી કરવાની નવી બાબતનું આયોજન છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં આ બધા જ ૨૪૮ તાલુકાઓમાં કોર્ટો ઉભી કરીને સમગ્ર રાજયમાં તાલુકા કક્ષાએ કોર્ટ બને તેવો રાજય સરકારનો નિર્ધાર છે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : વિંછીયા તાલુકામાં જે કોર્ટ મંજૂર કરવામાં આવી છે તો એને કોર્ટ કયારે આપવામાં આવશે અને આ કોર્ટ બનવાથી ત્યાંની પ્રજાને કેટલો ફાયદો થવાનો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : નવા રચિત તાલુકાઓ માટે કોર્ટના કામ માટે ચાલુ નાણાકીય વર્ષમાં પાંચ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે, જે અન્વયે નામદાર હાઇકોર્ટ તરફથી દરખાસ્ત મળ્યેથી આ કોર્ટ બનાવવાની કામગીરી કરવામાં આવશે. આ કોર્ટ બનવાથી લિટીગેટરને તાલુકા મથકે ઝડપી અને બિન ખર્ચાળ ન્યાય મળશે. આ સન્માનનીય સભાગૃહમાં આ વખતે સિવિલ જજની નાણાકીય હકુમત

વધારીને પાંચ લાખ કરવા માટે આ એકટમાં સુધારો કરવામાં આવેલ છે. જેના કારણે અત્યાર સુધી એના માટે જિલ્લા મથકે જવું પડતું હતું એના બદલે હવે તાલુકા મથકે ન્યાય મળશે તેવો ફાયદો થવાનો છે.

**બનાસકાંઠા જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય**

* ૯૩૭૮ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના માટે વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલી અરજીઓ મળી, અને | (૧) સંસ્થા ૭<br>યુગલ ૬૦ |
| (૨) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) સંસ્થા ૩.૧૨ લાખ<br>યુગલ ૬.૦૦ લાખ |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : સાતફેરા સમૂહ લગ્ન યોજનાનો હેતુ શું છે અને આ યોજના કયારે શરૂ કરવામાં આવી, આ યોજના શરૂ કરવામાં આવી ત્યારે કેટલી સહાય ચૂકવવામાં આવતી હતી?

શ્રી રમણલાલ ઈ. વોરા : સામજિક રીતે દેખાદેખીને કારણે બિનજરૂરી ખર્ચો ન થાય અને બધા લોકો સમૂહ લગ્નની પ્રથા અપનાવે તેવા શુભ આશયથી રાજય સરકારે ૧-૪-૧૯૯૮થી આ યોજના અમલમાં મૂકી હતી. જયારે આ યોજના અમલમાં મૂકી ત્યારે યુગલ દીઠ ૧ હજાર રૂપિયા આપવામાં આવતા હતા અને જે સંસ્થા કામ કરતી હોય એને ૨૫ હજાર રૂપિયા આપવામાં આવતા હતા.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તામિલનાડુમાં ઘણાં લાંબા સમયથી મહિલા મુખ્યમંત્રી છે. અહીં પણ ૧૫મા મુખ્યમંત્રી તરીકે મહિલા મુખ્યમંત્રી બિરાજમાન છે. તામિલનાડુમાં જે ધોરણે સમુહ લગ્ન યોજનામાં લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે એ પ્રમાણેનો લાભ આપણે અહીં આપવામાં આવશે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : મેં પહેલાં કહ્યું તે પ્રમાણે જયારે આ યોજના શરૂ કરવામાં આવી ત્યારે યુગલ દીઠ ૧૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. અત્યારે યુગલ દીઠ ૨૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. તેની સાથે સાથે કુંવરબાઇના મામેરા પેટેની યોજનામાં પહેલાં જે ૫,૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. તે હવે ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. સાતફેરા સમુહલગ્ન યોજના અંતર્ગત જે બહેનોના લગ્ન થતાં હોય તેને કુંવરબાઇના મામેરા પેટેના ૧૦,૦૦૦ રૂપિયા, સમુહલગ્નમાં તેણે લગ્ન કર્યા છે એટલે બીજાં ૧૦,૦૦૦, એટલે દરેક યુગલના ૨૦,૦૦૦ રૂપિયા અને જે સંસ્થાઓ કામ કરતી હતી તેને ૨૫,૦૦૦ રૂપિયા મળતા હતા તેના બદલે હવે ૫૦,૦૦૦ રૂપિયા આ રાજય સરકાર આપે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તામિલનાડુમાં શું આપે છે એ પ્રશ્ન પૂછનારને પણ ખબર નથી અને જવાબ આપનારને પણ ખબર નથી. કંઇક હોવું તો જોઇએ ને કે ૪૦,૦૦૦ કે ૫૦,૦૦૦ કેટલા આપે છે. તામિલનાડુમાં આપો છો એટલા આપો છો કે નહીં? મંત્રીએ જવાબ આપી દીધો અહીં શું આપે છે.. એ તો કુર્યાત સદા મંગલમ્..

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : સાત ફેરા સમુહલગ્ન યોજના હેઠળની સહાયમાં છેલ્લે કયારે વધારો કરવામાં આવ્યો?

શ્રી રમણલાલ ઈ. વોરા : મેં અગાઉ કહ્યું એ પ્રમાણે પહેલાં ૫,૦૦૦ હતા. તા. ૧૩-૪-૨૦૧૨થી ૫૦૦૦ રૂપિયાને બદલે ૧૦,૦૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : સાતફેરા સમુહલગ્ન યોજના છે તેની પાત્રતા માટેના માપદંડ શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : કાયદાની જોગવાઇ મુજબ દીકરીની ઉંમર ૧૮ વર્ષની હોવી જોઇએ. દીકરાની ઉંમર ૨૧ વર્ષની હોવી જોઇએ. તેના લગ્નનું રજિસ્ટ્રેશન હોવું જોઇએ. તેના લગ્ન માટેની કંકોતરી છપાવવી જોઇએ અને રાજય સરકારે જે આવક મર્યાદા નિશ્ચિત કરી છે એ આવક મર્યાદાનું પ્રમાણપત્ર હોવું જોઇએ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે સાત સંસ્થાઓને સહાય આપી, તો આ સાત સંસ્થાઓ કઇ કઇ હતી અને સંસ્થા દીઠ ૫૦,૦૦૦ હતા તો કુલ સાડાત્રણ લાખ રૂપિયા થાય. તો એક સંસ્થાને ૩૮,૦૦૦ ઓછા મળ્યા, તો એ કઇ સંસ્થાને ઓછા મળ્યા? તો ૩૮,૦૦૦ એ સંસ્થાને આપવા માગો છો કે કેમ? અને કઇ કઇ કઇ સંસ્થા હતી?

શ્રી રમણલાલ ઇ. વોરા : પહેલાં મેં જવાબમાં કહ્યું છે કે યુગલદીઠ ૨૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. તેનો અર્થ એવો થયો કે ધારો કે ૧૨ યુગલ હોય તો ૨૪,૦૦૦ રૂપિયા મળે. એ સંસ્થાને ૨૫,૦૦૦ રૂપિયા મળે. એટલે એ પ્રમાણે તમે હિસાબ કરવા જાવ તો તમારો આંકડો મળે નહીં. જે સંસ્થાઓ આપી છે તેમાં પહેલી છે વાલ્મિકી પછાત વર્ગ ચેરીટેબલ ટ્રસ્ટ–થરા, તાલુકો કાંકરેજ. એક સંસ્થા હતી તેને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવેલા છે, વાલ્મિકી સમાજની હોવાના કારણે. ધાનેરા તાલુકા રોહીત સમાજ સમુહ લગ્નોત્સવ સમિતિ, ૧૫ યુગલ હતા. એક સંસ્થા હતી. તે સંસ્થાને દોઢ લાખ રૂપિયા યુગલોના આપવામાં આવ્યા છે. ૩૨,૦૦૦ રૂપિયા એ સંસ્થાને આપવામાં આવ્યા છે. ૧.૮૨ આપવામાં આવ્યા છે. પ્રમુખશ્રી ધાણદા રોહીત સમાજ ટ્રસ્ટ–પાલનપુર, જેમાં સંસ્થાને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવેલા છે. પ્રમુખશ્રી બનાસકાંઠા ધાણદા વણકર સમાજ વિકાસ મંડળ–પાલનપુર લીંબોઇ તાલુકો–વડગામને પાંચ યુગલો હતા. યુગલના ૧૦,૦૦૦ મળ્યા છે...

અધ્યક્ષશ્રી : બસ, આવી ગયું, રમણભાઇ. તેમનો પૂછવાનો ભાવાર્થ એ કે સાત કોને આપ્યા તે તમારા ધ્યાનમાં છે ને..

શ્રી રમણલાલ ઇ. વોરા : જી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે લગ્નના ફેરા ચાર હોય તો આમાં તમે સાત ફેરા દર્શાવ્યા છે લગ્નના, તો આ નામ સુધારવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના ઘડવૈયા મહામાનવ ડો. બાબાસાહેબ આંબેડકર અને ગુજરાત સરકારને લાગે વળગે છે ત્યાં સુધી ૧૯૯૫ પહેલા આ રાજ્ય સરકારમાં બાબાસાહેબ આંબેડકરના નામની એક પણ યોજના નહોતી. આજે ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ડોકટર બાબાસાહેબ આંબેડકર અને એમના તમામ પરિવારજનોના નામે આ યોજના મૂકવામાં આવી છે. આ યોજનાનું નામ છે માઇ રમાબાઇ સાતફેરા સમૂહલગ્ન યોજના, ડોકટર બાબાસાહેબ આંબેડકરના ધર્મપત્નીના નામની આ યોજના મૂકવામાં આવી છે. યોજનાનું નામ છે માઇ રમાબાઇ સાતફેરા સમૂહલગ્ન યોજના.

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે લગ્નના ચાર ફેરા હોય, આ સાતનું નામ કેમ. આ પોણાબે ગણા લગન થયા એમ કહેવાય.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સાત ફેરાની અંદર ફેરા માટે એક યુગલને બે હજાર રૂપિયા આપવામાં આવે છે. એ યુગલ સાત ફેરા ફરે કે ચાર ફેરા ફરે પણ એક ફેરાના બે–બે હજાર રૂપિયા આપવા માગો છો? જેટલા ફેરા ફરે એટલા બે–બે હજાર રૂપિયા આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી: એ તો પરણવાવાળા પચીસ ફેરા ફરે. એ તો ફરે જ રાખે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તામિલનાડુની અંદર સવા તોલો સોનાનું કન્યાને મંગળસુત્ર સરકારશ્રી તરફથી આપવામાં આવે છે તો એ મુજબ મંગળસુત્ર આપવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના પહેલા કોંગ્રેસ સરકારમાં મંગળસૂત્રના નામની યોજના હતી અને રૂપિયા ૩૦ આપવામાં આવતા હતા અને તામિલનાડુમાં શું યોજના છે એની મને પૂરતી વિગત નથી, હું ચોકકસ એ યોજનાની માહિતી મગાવીશ અને એ યોજનાની જો જરૂરિયાત લાગશે અને અહિંયા અમલ કરવા જેવું લાગશે તો કરીશ, પરંતુ મારી જાણકારી છે ત્યાં સુધી કોંગ્રેસ સરકારમાં કયાંય પણ તામિલનાડુ જેવી આ યોજના અમલમાં નથી.

**ઉના ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૯૩૬૨ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકા ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૭૧,૫૩,૫૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૦૨–૦૬–૨૦૧૪થી શરૂ કરેલ છે. |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ઉના ખાતે હાલ જૂની કોર્ટ હયાત છે છતાં પણ વધારાના કોર્ટ બિલ્ડીંગની આવશ્યકતા શા માટે ઉભી થઇ અને તે કરવાનું પ્રયોજન શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર સૌનો સાથ સૌનો વિકાસ અને સૌને ન્યાય મળે એના આધાર ઉપર ચાલતી આ સરકાર છે. ઉના ખાતે જે હયાત કોર્ટ છે એ ૩૦ વર્ષથી ત્યાં કાર્યરત છે અને એમાં હાલ ચાર કોર્ટ કાર્યરત છે. આ ઉના ખાતેની કોર્ટમાં બીજા પાંચ સિવિલ જજ કક્ષાના તાલીમી જજ અત્યારે કાર્યરત છે. એ પૈકી એક જજને રેગ્યુલર પોસ્ટીંગ આપવાનું થાય છે અને એના માટે વધુ એક કોર્ટ બનાવવા માટેની આવશ્યતા થઇ, આ વધારાની કોર્ટનું મકાન ઉભું કરવાથી આ બધી જ કોર્ટો એમાં સમાવિષ્ટ થઇ શકશે, એક જગ્યાએ થઇ શકશે અને એ લીટીગન્સને અને ન્યાયાધિશને સાનુકૂળતાથી કામ કરવા માટેની ફેસીલીટી ઉભી થશે એના માટે આ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે ઉના તાલુકા ખાતેના કામના ટેન્ડર કયારે બહાર પાડવામાં આવેલ, તેમાં કેટલી એજન્સીઓએ ભાગ લીધેલ અને આ કામ શા ભાવે આપવામાં આવેલ? તે ટેન્ડર કરતા વધારે રકમ હતી કે કેમ? ઓછી રકમ હતી અને આ કામ કયારે પૂર્ણ થનાર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ઉના ખાતેના આ કામમાં ૭૧,૫૩,૫૦૦ રૂપિયાની મંજૂરી આપવામાં આવી હતી. આનું ટેન્ડર ૩–૩–૨૦૧૪ના રોજ બહાર પાડવામાં આવેલું. અને એમાં બે એજન્સીઓએ ભાગ લીધો હતો. આ કામે ટેન્ડરની મૂળ કિંમત સામે ૫૧.૪૫ લાખમાં એટલે ૧૧.૪૭ ટકા ઓછા ભાવે આ કામને મંજૂર કર્યું હતું અને આમાં ઓછા ભાવના કારણે લગભગ ૫.૯૧ લાખના ચોખ્ખા ઓછા ભાવે ટેન્ડર મંજૂર થયું છે. આ કામ જે અંદાજ છે એ પ્રમાણે ડિસેમ્બર–૨૦૧૪માં ઉનામાં પૂર્ણ થવાનો અંદાજ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ **:** મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ બાંધકામ કયા તબક્કે છે અને કયારે પૂરું કરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મેં જવાબ આપી દીધો છે કે ડિસેમ્બર–૨૦૧૪માં કામ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ **:** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાલ જે વ્યવસ્થા છે એમાં વધારો કરવા માટે સરકારે પૈસા ફાળવ્યા છે એને હું આવકારું છું. જે વ્યવસ્થા છે એમાં તાલુકાની વસતિ અને ગીર ગઢડા તાલુકામાંથી અલગ પડ્યો છે એમાં જે વ્યવસ્થા છે અને સરકારે વધારાની વ્યવસ્થા કરી છે. છતાંપણ ત્યાં વ્યવસ્થાઓ અપૂરતી છે, હજી અપૂરતી છે એમાં સરકાર વધારો કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી **:** અપૂરતીમાં વધારો નહીં, અપૂરતીમાં વધારો થાય તો વધારે અપૂરતી થાય. જે વ્યવસ્થાઓ અપૂરતી છે એ પૂર્ણ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા **:** હાઇકોર્ટના નોર્મ્સ હોય છે અને દર ૫૦૦ કેસે એક જજ ઉપલબ્ધ કરાવતા હોય છે. અત્યારે જે વધારાના એક જજ મળવાના છે એના માટે, ૪ છે અને બીજા વધારાના એક

એટલે અત્યારે જે પેન્ડીંગ કેસો છે એના સાપેક્ષમાં આ વ્યવસ્થા પૂરતી છે. ક્રમશઃ કદાચ એમાં કેસોનો વધારો–ઘટાડો થશે અને એના ડિસ્ટ્રીક્ટ જજ દ્વારા હાઇકોર્ટમાં કહેવામાં આવશે અને જો આવશ્યકતા હશે તો આ રાજ્ય સરકાર ખુલ્લા મને કોર્ટના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે કોઇ કચાશ રાખશે નહીં.

શ્રી હર્ષદભાઇ રીબડિયા : હું આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારો ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લો દરિયાઇ પટ્ટી વિસ્તાર છે. અમારે ત્યાં અવાર નવાર વાવાઝોડું આવતું હોય છે અને ફ્લડમાં બિમારીના ખાટલા વધારે હોય છે ત્યારે મારા વિસ્તારમાં એક જ કોર્ટનું બિલ્ડીંગ છે. દવાખાનું બિસ્માર હાલતમાં છે ત્યારે આવી બિમારીમાં ખાટલા વધી જાય છે તો કોર્ટમાં આવા ખાટલા મૂકવા દેવાશે કે કેમ?

અધ્યક્ષશ્રી **:** આને રિલેવન્ટ નથી.

**બારડોલી તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૯૩૭૫ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૬,૫૦,૮૨,૩૦૮/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૦૧–૦૭–૨૦૧૨થી શરૂ કરી તા. ૩૦–૦૫–૨૦૧૩ના રોજ પૂર્ણ થયેલ છે. |

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર **:** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બારડોલી ખાતે અગાઉ કઇ કક્ષાની કેટલી કોર્ટો હતો અને હવે કેટલી કોર્ટો કાર્યરત થશે? તેમાં શું સુવિધાઓ હશે અને તેનાથી શું શું ફાયદાઓ થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા **:** બારડોલી ખાતે ૬ કરોડ ૫૦ લાખ ૮૨ હજાર ૩૦૮ રૂપિયાના ખર્ચે આ સુવિધાઓ ઉભી કરવામાં આવનાર છે. માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇએ પૂછ્યું તેમ અગાઉ ફેબ્રુઆરી ૨૦૧૨ સુધી માત્ર ૩ કોર્ટ જ કાર્યરત હતી. જેમાં ૪ સિનિયર સિવિલ જજ કાર્યરત હતા. સરકારે એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજની કોર્ટ મંજૂર કરતાં હાલ કાર્યરત નવા બિલ્ડીંગમાં ૩ કોર્ટ બેસી શકે તેમ છે અને જૂની કોર્ટમાં પણ ૩ જજ બેસી શકે એની સામે એક એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ, એક પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ, એક સિનિયર સિવિલ જજ, બે સિવિલ જજ એમ કુલ ૫ કોર્ટ કાર્યરત છે. જેથી નવી કોર્ટની જરૂરિયાત ઉભી થતાં આ નવા બિલ્ડીંગમાં વધારાની ત્રણ કોર્ટ બનાવેલી છે. જૂની ૩ હતી અને નવી ૩ એમ બારડોલી મુકામે કુલ ૬ કોર્ટનું પ્રોવિજન કરેલ છે અને એના કારણે ૬ કોર્ટો પેન્ડીંગ કેસોની સરખામણીમાં ત્યાં પૂરતી સુવિધાઓ ઉભી થઇ જશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, પ્રશ્નોત્તરીમાં એવો જવાબ આપવામાં આવ્યો છે કે, બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવી તે હીકીકત સાચી છે? એટલે જવાબમાં 'હા' લખ્યું છે અને પાછળ જે જવાબ આપ્યો છે, બાંધકામ ક્યારે શરૂ થયું? તો એમાં લખ્યું છે કે તા.૧–૭–૨૦૧૨ થી શરૂ કરી તા.૩૦–૫–૨૦૧૩ ના રોજ પૂર્ણ કરેલ છે. એટલે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ૨૦૧૩–૧૪ માં થયું અને ૨૦૧૨–૧૩ માં પૂર્ણ થયું તો શું કોઇ ચમત્કાર થયો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૬ – ૨૬ બેઠકો આપી ગુજરાતની પ્રજાએ ચમત્કાર કરી દીધો છે. બલવંતસિંહભાઇએ જે કહ્યું – એ બલવંતસિંહના કહેવા પ્રમાણે આ કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું? તો તા.૧–૭–૨૦૧૨ થી શરૂ કરી તા.૩૦–૫–૨૦૧૩ ના રોજ પૂર્ણ કરેલ છે. હવે જે બજેટના કામો હોય છે એક વર્ષમાં દર્શાવવામાં નથી આવતા. દર વર્ષે જેમ કામનો વિકાસ થાય તેમ એની અંદર એની ફાળવણી કરવામાં આવે છે. આ કામની રિવાઇઝ મંજૂરી તા. ૧૬–૭–૨૦૧૩ નાં રોજ આપી એ

પહેલા આ જગ્યાએ તા.૧૯–૯–૨૦૦૯ માં ૨,૮૮,૦૪૬/– એની મંજૂરી અગાઉ આપેલી હતી. એટલે જે મૂળ કામ હતું એ મૂળ કામમાં જે રિવાઇઝ એસ્ટિમેટ આવ્યો એટલે આ કામ ૨૦૦૯ના વખતનું છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઇકોર્ટ દ્વારા વખતો વખત એમાં સુધારા–વધારા સાથે નવા પ્લાન, નવા એસ્ટિમેટ હોય છે એમાં મૂળ પ્લાન રિવાઇઝ થઇને એ અંદાજ મંજૂર કરવામાં આવે છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયેલ છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં નવું કોર્ટ બિલ્ડીંગ બનાવવા માટે છેલ્લા બે વર્ષથી જમીનની માગણી મૂકેલ છે, એ હજુ સુધી સંતોષાતી નથી તો જમીનની માગણી ક્યારે સંતોષાશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ડાંગનો છે?

**ગાંધીનગર જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ સહાય**

* ૯૩૮૬ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૩ |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરી છે, અને | (૨) ૧૬ |
| (૩) કેટલી અરજીઓમાં કેટલી સહાય ચૂકવી ? | (૩) વિજ્ઞાન પ્રવાહ–૧૩ રૂ. ૧,૬૨,૦૦૦/-<br>સામાન્ય પ્રવાહ–૦૩ રૂ. ૨૪,૦૦૦/-<br>**કુલ રૂ. ૧,૮૬,૦૦૦/-** |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ધોરણ ૧૧–૧૨માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્યૂશન સહાય આપવાની યોજના કયારથી અમલમાં છે અને ટ્યૂશન સહાય મેળવવા માટે એની પાત્રતાના માપદંડો શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨–૦૩ના સમયથી આ ટ્યૂશન સહાય યોજના અમલમાં છે. ધોરણ ૧૦માં માધ્યમિક શાળામાં જે વિદ્યાર્થીઓએ ગુણ મેળવેલા હોય છે એના ૭૫% કરતા વધારે ગુણ મેળવેલા હોય એ વિદ્યાર્થીઓનો આમાં સમાવેશ કરવામાં આવતો હોય છે. આવક મર્યાદા હોય છે. વિજ્ઞાન પ્રવાહમાં જે વિદ્યાર્થી હોય એની આવક મર્યાદા ૧.૫૦ લાખની છે. સામાન્ય પ્રવાહમાં કોઇ વિદ્યાર્થી હોય તો એની આવક મર્યાદા ૬૦૦૦૦ હોય છે. જે ટ્યૂશન ક્લાસ ચાલતા હોય છે એની પાકી પહોંચ આપવાની હોય છે અને ધોરણ ૧૧માં વિદ્યાર્થી અભ્યાસ કરતો હોય તો એના આચાર્યનું પ્રમાણપત્રની આપવાનું હોય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગાંધીનગર તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં કેટલા કુમાર અને કેટલી કન્યાઓને ખાનગી ટ્યૂશન સહાયનો લાભ આપવામાં આવ્યો છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાની અંદર વિજ્ઞાન પ્રવાહમાં ૯ અને સામાન્ય પ્રવાહમાં ૧ એમ ૧૦ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે સાયન્સ ૧૧–૧૨ ના વર્ગો સરકારશ્રીએ મંજૂર કરેલા છે અને એ વર્ગોની અંદર શિક્ષકોની ભરતી કરેલ નથી જેના કારણે બાળકો આ સ્પર્ધામાં ભાગ લઇ શકતા નથી, પણ સાહેબ એમને શિક્ષણ મળતું નથી, શિક્ષકો ના હોય એ શિક્ષણથી વંચિત રહે છે તો એમાં સરકાર શું કરવા માગે છે ? સાહેબ, કુદરતી ન્યાયનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : ના, ના. એ આમાં ન આવે. ગાંધીનગરનો પ્રશ્ન છે, ગાંધીનગરનું પૂછો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : આખા રાજ્યનો પ્રશ્ન છે. ગાંધીનગર પૂરતું જ્યાં શિક્ષકો ના હોય જેના કારણે આ લાભ રાજ્યની અંદર અને ગાંધીનગરમાં મળતો નથી, વિદ્યાર્થીઓ લાભથી વંચિત રહે છે.

અધ્યક્ષશ્રી : એવું ના હોય બેસો તમે. ના હોય, ભાઇ જિલ્લામાંથી આખા રાજ્યનો પ્રશ્ન ના પૂછાય. આ જિલ્લાનું પૂછોને. આ જિલ્લાનું પૂછો ફરીથી પૂછે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સાહેબ, જો સ્કૂલની ૬૦ની સ્કૂલોમાં શિક્ષકો સરકારશ્રીએ ભર્યા નથી, જેના કારણે વિદ્યાર્થીઓને લાભ મળતો નથી એવી કેટલી સ્કૂલો છે ? ગાંધીનગરની વાત છે.

અધ્યક્ષશ્રી : ગાંધીનગરમાં એવુ કાંઇ નથી.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે? સરકાર આ રકમમાં વધારો કરવા વિચારે છે કે, કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન કે, કેટલાય વર્ષોથી આ યોજના અમલમાં છે, એનો પ્રચાર અને પ્રસાર ઓછો થયો હોય એવું લાગે છે. કારણ કે, હજારોની સંખ્યામાં અનુસૂચિત જાતિના લોકો ભણતા હોય ત્યારે તેત્રીસને જ એમાં સહાય આપવામાં..

અધ્યક્ષશ્રી : ગાંધીનગરનો જ આ પ્રશ્ન છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : ગાંધીનગર જિલ્લાનું જ પૂછ્યું છે.

અધ્યક્ષશ્રી : ગાંધીનગર જિલ્લાનો જ જવાબ આપવાનો, એ સિવાય નહીં.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્યૂશન સહાય યોજનામાં ધોરણ–૧૦માં માધ્યમિક શિક્ષણ બોર્ડમાં જે વિદ્યાર્થીઓ ૭૫ ટકા લાવ્યા હોય એમાં પહેલા ૨૫૦ વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ આપવામાં આવે છે. એમણે કહ્યું એ પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે.

મારે આનંદ સાથે કહેવું છે કે, આ વર્ષે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં જે ૨૫૦ વિદ્યાર્થીઓને આપણે લાભ આપવાના હતા એના બદલે હવે ૧,૦૦૦ વિદ્યાર્થીઓને આનો લાભ આપવાનો છે. સાથે સાથે વિજ્ઞાન પ્રવાહમાં જે વિદ્યાર્થીઓને ધોરણ–૧૧માં ૧૨,૫૦૦/- , ધોરણ–૧૨માં ૧૨,૫૦૦/- એમ કુલ ૨૫,૦૦૦/- રૂપિયાની સહાય આપવામાં આવતી હતી, આવતા વર્ષથી હવે નવા બજેટથી આ મર્યાદામાં ૨૫,૦૦૦/-ના બદલે ૩૦,૦૦૦/- સુધી મર્યાદા કરીને, ૫,૦૦૦/- નો વધારો કરવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મંત્રીશ્રીએ જવાબમાં ૩૩ વિદ્યાર્થીઓએ અરજી કરી. માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલની અંદર વિદ્યાર્થીઓને બરાબર વ્યવસ્થિત રીતે આ સરકારના કહેવા પ્રમાણે ભણાવવામાં આવે છે, અને વ્યવસ્થિત રીતે જો ભણાવવામાં આવતા હોય તો આ વિદ્યાર્થીઓને ટ્યૂશન રાખવાના કારણો શા, કે જેથી કરીને આપણે સહાય ચૂકવવી પડે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિના કારણે એ પોતે પોતાનો અભ્યાસક્રમ બરાબર કરી શકતા હોતા નથી અને એની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અન્ય વિદ્યાર્થીઓની બરોબરીમાં એ વધારે સારા ગુણ પ્રાપ્ત કરી શકે, પોતાનું ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકે તે માટે રાજ્ય સરકારે આ માટેની યોજના કરેલી છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો લાભ આદિવાસી અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને આપવા માગો છો કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો કેટલી શાળામાં નથી અને એ શિક્ષકો નહીં હોવાના કારણે આપણે આ વિદ્યાર્થીઓને વિશેષ ટ્યૂશન સહાય આપી અને ભણાવવા પડે છે?

અધ્યક્ષશ્રી : એ શિક્ષણ વિભાગનો પ્રશ્ન છે, કેટલા શિક્ષકો છે કે નહીં ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આ મારા વિભાગનો પ્રશ્ન નથી પરંતુ ફરીથી હું તમને સમજાવી દઉં, ધોરણ–૧૦ની અંદર માધ્યમિક શાળામાં ૭૫ ટકાથી વધારે અને પહેલા ૨૫૦ વિદ્યાર્થીઓને આપતા હતા એને જ આ યોજનાનો લાભ આપવામાં આવતો હતો. હવે ૨૫૦ના બદલે ૧,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવશે. ૨૫,૦૦૦/- ના બદલે ૩૦,૦૦૦/-ની સહાય આપવામાં આવશે, ૫,૦૦૦/-નો વધારો કરવામાં આવશે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટ્યુશન પ્રથામાં જે વિદ્યાર્થીઓને સબસીડી આપવાની વાત છે, સહાય આપવાની વાત છે એ સરકારની નીતિની વિરુદ્ધમાં નથી? સરકાર એક બાજુ એમ કહે છે કે ટ્યુશન કરવા જ નહીં.

અધ્યક્ષશ્રી : તમે પ્રોફેસર છોને? તમે ભણાવો છોને છોકરાને?

શ્રી હીરાભાઇ હ. પટેલ : હાજી. ટ્યુશન નથી કરતો.

અધ્યક્ષશ્રી : એ તો આમણે કીધું કે બરાબર ભણાવતા ન હોય તો જ ટ્યુશનની જરૂર.

શ્રી હીરાભાઇ હ. પટેલ : એક બાજુ આપણે ટ્યુશનીયા શિક્ષકોને પકડીને શિક્ષા કરવાની વાત કરીએ અને બીજી બાજુ ટ્યુશનને પ્રોત્સાહન આપીએ એ સરકારની આ નીતિ અત્યારે હાલમાં પ્રવર્તમાન છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પુખ્ત વિચારણાને અંતે ૨૦૦૨થી ૨૦૦૩માં બાર વર્ષ પહેલા આ નીતિ અમલમાં મૂકી છે. તમે જે પ્રશ્ન પૂછ્યો છે એ મારા વિભાગનો નથી પરંતુ મારી જે જાણકારી છે એ પ્રમાણે જે શિક્ષક જે શાળામાં નોકરી કરતો હોય એ જ શાળાના વિદ્યાર્થીઓના ટ્યુશન કલાસ એ રાખી ન શકે અને એ રાખે તો એની સામે રાજય સરકાર કાર્યવાહી કરતી હોય છે. અલગ જે લોકો પ્રોફેશનલ રીતે ટ્યુશન કલાસ ચલાવતા હોય છે એને રાજય સરકાર માન્યતા આપતી હોય છે.

**દાહોદ જિલ્લામાં વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય**

* ૯૩૯૪ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪ માં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૬૪,૪૭૫ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૬૪,૪૭૫ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૧,૯૩,૪૨,૫૦૦ /–રકમની સહાય ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય ના મંજુર કરવામાં આવી? | (૩) એકપણ નહીં. |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકા અને લીમખેડા તાલુકામાં ૨૦૧૪ ની સ્થિતિએ ગણવેશ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીઓને મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની અંદર ૮૧૩ અરજીઓ કુલ મળી એ તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૨૪૩૯૦૦ ની સહાય ફતેપુરામાં ચૂકવવામાં આવી. માનનીય સભ્યશ્રીએ લીમખેડા તાલુકાની પણ માહિતી માગી છે. લીમખેડા તાલુકાની અંદર ૧૬૭૫૨ અરજીઓ મળી, એ તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂ. ૫,૨૫,૬૦૦/–ની સહાય તમામે તમામ અરજદારોને ચૂકવવામાં આવી.

શ્રી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગણવેશ સહાય યોજનામાં સહાયમાં છેલ્લે કયારે અને કેટલો વધારો કરવામાં આવ્યો?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વખતોવખત આ સહાયમાં વધારો કરવામાં આવતો હોય છે. તા.૧૦–૪–૨૦૧૨ના ઠરાવથી જે ૨૦૦ રૂપિયા સહાય આપવામાં આવતી હતી એની અંદર ૧૦૦ રૂપિયાનો વધારો કરીને અત્યારે ૩૦૦ રૂપિયા સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગણવેશ સહાય યોજનાની અંદર વાર્ષિક આવક કેટલી હોય છે અને બીજું, ગણવેશ સહાય યોજનામાં શું શું ધોરણો હોય છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશ સહાય યોજનાની અંદર ગ્રામીણ વિસ્તારની અંદર ૨૭૦૦૦ ની આવક મર્યાદા છે અને શહેરી વિસ્તારની અંદર ૩૬૦૦૦ ની આવક મર્યાદા છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને એક વિદ્યાર્થીદીઠ કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ આવી એ તમામે તમામ મંજૂર કરવામાં આવી અને દાહોદ જિલ્લાની અંદર ૧,૯૩,૪૨,૫૦૦ રૂપિયાની સહાય પણ ચૂકવવામાં આવી છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ આપ્યો છે એ મુજબ ૧,૯૩,૪૨,૫૬૪ એટલે વ્યકિત દીઠ ત્રણ સો રૂપિયા જ ગણવેશ સહાય આપવામાં આવે છે. મોંઘવારી વધી છે ત્રણ સો રૂપિયામાં તો ખાલી ચડ્ડી પણ નથી સીવડાવી શકાતી એટલે પાટલુન અને બુસ્કોટ થાય એના માટે ગણવેશ સહાય વધારવા માગીએ છીએ કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ માત્ર ૧૫૦ રૂપિયા ચૂકવવામાં આવતી હતી પરંતુ વખતોવખત જેવી રીતે મોંઘવારી વધી એના કારણે ત્રણ સો રૂપિયા સહાય ચૂકવીએ છીએ.

અધ્યક્ષશ્રી : **પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.**

# અતારાંકિત પ્રશ્નો

# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### નસવાડી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૯૩૨૯ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નસવાડી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૫,૦૦,૫૦,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) આ કામની સુધારેલી વહીવટી મંજૂરી મળ્યા બાદ ટેન્ડર પ્રકિયા પૂર્ણ કરી આ કામનો ઈજારો નક્કી થયેથી ત્વરિત શરૂ કરવામાં આવશે. |

---------

### વાલીયા તાલુકામાં ન્યાયિક અધિકારી માટે નિવાસનું બાંધકામ

* ૯૩૬૧ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વાલીયા તાલુકામાં ન્યાયિક અધિકારીના નિવાસના મકાનના બાંધકામ માટે નાણાકીય | (૧) હા, જી. |

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૩–૧૪માં મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૭૬,૦૩,૭૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૨૨–૦૫–૧૪થી શરૂ કરેલ છે. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ

* ૯૪૦૦ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં સાબરકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૨,૩૦,૭૪૭ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચુકવી, અને | (૨) ૨,૩૦,૭૪૭ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૭૨૯.૫૯ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરી? | (૩) એકપણ નહીં. |

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની કોર્ટોમાં ખાલી જગ્યાઓ

* ૧૦૬૧૮ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી કોર્ટો કઈ જગ્યાએ કાર્યરત છે. | (૧) જામનગર જિલ્લામાં નીચે મુજબ કોર્ટો કાર્યરત છે. |

| | **મથકનુંનામ** | **કોર્ટની સંખ્યા** |
|---|---|---|
| (અ) | એપેલેટ કોર્ટ | |
| | જામનગર | ૦૬ |
| | ખંભાલીઆ | ૦૧ |
| (બ) | સીનીયર ડીવીઝન કોર્ટ | |
| | જામનગર | ૧૫ |
| | ખંભાલીઆ | ૦૨ |
| (ક) | જુનીયર ડીવીઝન કોર્ટ | |
| | જામનગર | ૦૯ |
| | ખંભાલીઆ | ૦૩ |
| | કલ્યાણપુર | ૦૧ |
| | ભાણવડ | ૦૧ |
| | લાલપુર | ૦૧ |
| | જામજોધપુર | ૦૧ |
| | ધ્રોલ | ૦૧ |
| | જોડીયા | ૦૧ |
| | કાલાવડ | ૦૧ |
| | દ્વારકા | ૦૧ |
| (ડ) | ઔદ્યોગિક અદાલત | |
| | જામનગર | ૦૧ |
| (ઈ) | મજુર અદાલત | |
| | જામનગર | ૦૧ |
| | **કુલ** | **૪૬** |

એચબી–૨૧૯–૨

દેવભૂમિ દ્વારકામાં ન્યાયિક જિલ્લો જાહેર કરેલ નથી તેથી જિલ્લા કોર્ટ અસ્તિત્વમાં નથી.

(૨) તેમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે, અને

(૨) જામનગર જિલ્લામાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| **ક્રમ નં.** | **જગ્યાનું નામ** | **સંવર્ગવાર મંજુર થયેલ જગ્યાઓ** |
|---|---|---|
| (૧) | ડીસ્ટ્રીકટ જજ/જોઈન્ટ ડીસ્ટ્રીકટ જજ | ૨ |
| (૨) | સીનીયર સીવીલ જજ | ૧૭ |
| (૩) | જુનીયર સીવીલ જજ | ૨૦ |
| (૪) | જજ, ઔદ્યોગિક અદાલત | ૧ |
| (૫) | જજ, મજૂર અદાલત | ૧ |
| (૬) | પ્રાઈવેટ સેક્રેટરી | ૧ |
| (૭) | અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ-૧ | ૬ |
| (૮) | ગુજ. સ્ટેનો ગ્રેડ-૧ | ૧ |
| (૯) | રજીસ્ટ્રાર, ડીસ્ટ્રીકટ કોર્ટ | ૧ |
| (૧૦) | એડી. રજીસ્ટ્રાર/રજીસ્ટ્રાર | ૧ |
| (૧૧) | અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ-૨ | ૧૬ |
| (૧૨) | ગુજ. સ્ટેનો ગ્રેડ-૨ | ૧૯ |
| (૧૩) | સેક્રેટરી, પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ | ૧ |
| (૧૪) | હેડ કલાર્ક /નાજીર /સુપ્રીન્ટેન્ડેન્ટ (ડેપ્યુટી રજીસ્ટ્રાર) | ૯ |
| (૧૫) | સીનીયર કલાર્ક/પીઆરઓ/શીરસ્તેદાર | ૬૯ |
| (૧૬) | જુનીયર કલાર્ક/ લાયબ્રેરીયન / ઝેરોક્ષ ઓપરેટર | ૧૯૪ |
| (૧૭) | બેલીફ | ૪૮ |
| (૧૮) | ડ્રાઈવર | ૪ |
| (૧૯) | હવાલદાર | ૨ |
| (૨૦) | બુક બાઈન્ડર | ૧ |
| (૨૧) | નાયક | ૬ |
| (૨૨) | પટાવાળા/ વોચમેન/જેલ વોર્ડર | ૧૧૪ |
| (૨૩) | લીફ્ટમેન/સ્વીપર/વોટર સર્વર/ પટાવાળા | ૪૨ |
| | **કુલ મંજુર થયેલ જગ્યાઓ** | **૫૭૬** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે. કેટલી જગ્યાઓ ખાલી છે ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) જામનગર જિલ્લામાં સંવર્ગવાર ભરાયેલી અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| **ક્રમ નં.** | **જગ્યાનું નામ** | **ભરાયેલી જગ્યાઓ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|
| (૧) | ડીસ્ટ્રીકટ જજ | ૨ | ૦ |
| (૨) | સીનીયર સીવીલ જજ | ૧૭ | ૦ |
| (૩) | જુનીયર સીવીલ જજ | ૨૦ | ૦ |
| (૪) | જજ, ઔદ્યોગિક અદાલત | ૧ | ૦ |
| (૫) | જજ, મજૂર અદાલત | ૧ | ૦ |
| (૬) | પ્રાઈવેટ સેક્રેટરી | ૧ | ૦ |
| (૭) | અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ-૧ | ૧ | ૫ |
| (૮) | ગુજ. સ્ટેનો ગ્રેડ-૧ | ૧ | ૦ |
| (૯) | રજીસ્ટ્રાર, ડીસ્ટ્રીકટ કોર્ટ | ૧ | ૦ |
| (૧૦) | એડી. રજીસ્ટ્રાર/રજીસ્ટ્રાર | ૧ | ૦ |
| (૧૧) | અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ-૨ | ૬ | ૧૦ |
| (૧૨) | ગુજ. સ્ટેનો ગ્રેડ-૨ | ૧૫ | ૪ |
| (૧૩) | સેક્રેટરી, પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ | ૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| (૧૪) | હેડ કલાર્ક /નાજીર /સુપ્રીન્ટેન્ડેન્ટ (ડેપ્યુટી રજીસ્ટ્રાર) | ૮ | ૧ |
| (૧૫) | સીનીયર કલાર્ક/પીઆરઓ/શીરસ્તેદાર | ૫૬ | ૧૩ |
| (૧૬) | જુનીયર કલાર્ક/ લાયબ્રેરીયન / ઝેરોક્ષ ઓપરેટર | ૧૨૨ | ૭૨ |
| (૧૭) | બેલીફ | ૪૭ | ૧ |
| (૧૮) | ડ્રાઈવર | ૪ | ૦ |
| (૧૯) | હવાલદાર | ૨ | ૦ |
| (૨૦) | બુક બાઈન્ડર | ૦ | ૧ |
| (૨૧) | નાયક | ૬ | ૦ |
| (૨૨) | પટાવાળા/ વોચમેન/જેલ વોર્ડર | ૭૦ | ૪૪ |
| (૨૩) | લીફ્ટમેન/સ્વીપર/વોટર સર્વર/ પટાવાળા | ૪૧ | ૧ |
| | **કુલ જગ્યાઓ** | **૪૨૪** | **૧૫૨** |

ખાલી જગ્યાઓ ભરવા અંગે ગુજરાત હાઈકોર્ટની તારીખ ૦૭–૦૨–૨૦૧૪ની ઓન લાઇન જાહેરાત દ્વારા અંગ્રેજી/ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ અને ગ્રેડ–૨, આસીસ્ટંટ અને પટાવાળાની ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે. જ્યારે બાકીની ખાલી જગ્યાઓ જિલ્લા અદાલત/નામદાર હાઈકોર્ટ દ્વારા આયોજન કરીને ભરવાની રહે છે. જગ્યાઓની મંજુરી રાજ્ય સરકારે આપેલી છે. જે અંગે જગ્યા ભરવા રાજ્ય સરકારે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

---------

**ગુજરાત હાઈકોર્ટ ખાતે સોલર સીસ્ટમના નવા કનેકશન**

* ૯૩૬૬ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હાઈકોર્ટ ખાતે ફ્લોરીંગની મરામત અને સોલર સીસ્ટમના નવા કનેકશન અને અન્ય સુધારા વધારાના કામો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે? | (૨) રૂ. ૫,૫૪,૪૫,૨૦૦/ |

---------

**જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૯૩૯૮ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૩–૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા એક નાણાકીય વર્ષમાં જુનાગઢ જિલ્લામાં વિકસિત જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૫૫૯ |
| (૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજુર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૨) મંજુર અરજીઓ ૫૧૪<br>ચૂકવેલ સહાય રૂ. ૫૦.૬૫ લાખ |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરી, અને | (૩) ૪૫ |

| | |
|---|---|
| (૪) આ અરજીઓ કયા કારણોસર નામંજુર કરવામાં આવી? | (૪) ૯ અરજી વધુ આવક હોવાથી<br>૨ અરજી નિયત સમય મર્યાદા બહાર મળેલ હોવાથી<br>૯ અરજી અગાઉ આ યોજના હેઠળ લાભ મળેલ હોવાથી<br>૨૫ અરજી લગ્ન રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી |

---------

**રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૯૩૮૨ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા
કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ ૨૦૧૨-૧૩માં ૮૯<br>વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૬૯૬<br>**કુલ** **૧૭૮૫** |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી છે, અને | (૨) ૧૭૧૩. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪૨,૩૨,૭૯૧/- |

---------

**ભિલોડા ખાતે ભરથરી સમાજના પરિવારોને પ્લોટ અને આવાસો આપવા બાબત**

* ૧૦૨૨૪ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથકે આવેલ ભરથરી સમાજના તમામ પ્લોટ અને ઘરવિહોણા પરિવારોની રજુઆતો સંબંધી અરજીઓ સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત મળી,<br>(૨) આ ગરીબ પરિવારોને સરકારનું કયાં સુધીમાં પ્લોટ અને આવાસો આપવાનું આયોજન છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ તેઓને પ્લોટ અને આવાસો ન આપવાના કારણો શા છે? | (૧), (૨) અને (૩) પ્લોટ ફાળવણી અંગેની બાબત મહેસુલ વિભાગ સંબંધિત છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કાર્યક્ષેત્રાધિકાર હેઠળની બાબત નથી. પરંતુ પ્લોટ ફાળવણી માટેની નિયામકશ્રી, વિકસતિ જાતી કલ્યાણની કચેરીને એક રજુઆત મળેલ હતી. રજુઆત કર્તાને સંબંધિતો તરફથી પ્લોટ ફાળવણી થયેથી અત્રેના ખાતા દ્વારા અમલીત પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ આવાસ ફાળવણી માટે વિચારણા હાથ ધરી શકાય. |

---------

**જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવા મળેલ અરજીઓ**

* ૯૩૩૭ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ આવી, | (૧) ૩૦૬૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી સાયકલો ભેટ આપવામાં આવી, અને | (૨) ૩૦૬૫ |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ? | (૩) એકપણ નહીં. |

---------

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવા માટેની મંજૂરી**

* ૧૦૮૮૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન બનાવવાની મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) તાલુકા મથકે ડૉ. આંબેડકર ભવન બાંધવાની હાલ કોઈ યોજના અમલી નથી. |
| (૨) જો હા, તો કયા તાલુકાઓમાં ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેના બાંધકામ માટે કેટલી રકમ કયા હેડે મંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ તાલુકાવાર કરવામાં આવેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નલીયા તાલુકામાં નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૯૩૬૪ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના નલીયા તાલુકામાં કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ઼ા. ૫,૮૬,૦૫,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) આ કામનો વર્ક ઓર્ડર તા. ૦૧–૦૩–૨૦૧૪ના રોજ આપેલ છે અને કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

---------

**વ્યારા તાલુકા ખાતે કોર્ટ બિલ્ડીંગને જિલ્લા કક્ષાની કોર્ટમાં તબદીલ કરવા બાબત**

* ૯૩૨૫ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાના વ્યારા તાલુકા ખાતે હાલની કોર્ટ બિલ્ડીંગને જિલ્લા કક્ષાની કોર્ટમાં તબદીલ કરવા અંગેના વિસ્તરણના કામને નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ઼ા. ૬,૯૯,૬૨,૫૮૧/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૦૬–૦૨–૧૩ થી શરૂ કરીને તા.૦૫–૦૨–૧૪ ના રોજ પૂર્ણ કરેલ છે. |

---------

એચબી–૨૧૯–૩

**નડિયાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટ ખાતે ઓવર હેડ વોટર ટેન્ક માટે મંજૂરી**

* ૯૩૫૬ **ડાૅ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) નડિયાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટ ખાતે ઓવર હેડ વોટર ટેન્ક માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે ? | (૨) રૂા. ૬૦,૫૦,૦૦૦/- |

---------

**હારીજ તાલુકામાં ન્યાયિક અધિકારી માટે નિવાસનું બાંધકામ**

૯૩૬૭ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના હારીજ તાલુકામાં ન્યાયિક અધિકારીના માટેના નિવાસના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૨૯,૧૮,૫૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૨૮-૦૫-૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. |

---------

**ગુજરાતી ભવન બાંધવા માટે સહાય**

૯૩૪૮ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય બિનનિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજ્ય સરકારની સહાયની યોજના અમલમાં છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉક્ત યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૨) ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/ખરીદી કે વિસ્તરણના ખર્ચના ૨૫ ટકા અથવા રૂા. ૧૦ લાખ, જે ઓછું હોય તેટલી રકમ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા કેટલા ગુજરાતી સમાજોને સહાય આપવામાં આવી ? | (૩) ૪ (ચાર). |

---------

**આણંદ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય**

૯૩૯૬ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩-૧૪માં વિકસતી જાતીના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૨,૦૯,૩૦૧. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૨,૦૯,૩૦૧ વિદ્યાર્થીઓને રૂા. ૬,૨૭,૯૦,૩૦૦-ની સહાય ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય નામંજુર કરવામાં આવી ? | (૩) એકપણ નહીં. |

---------

**વંથલી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

૯૩૬૩ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૪,૧૭,૪૭,૫૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી ઈજારો નક્કી થયા બાદ ત્વરિત શરૂ કરવામાં આવશે. |

---------

**કચ્છ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ**

૯૩૩૬ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪માં કચ્છ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ આવી, | (૧) ૨૦૨૪. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી સાયકલો આપવામાં આવી, અને | (૨) ૧૯૫૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ? | (૩) ૭૩. |

---------

**આસિસ્ટંટ પબ્લિક પ્રોસિક્યુટરની ખાલી જગ્યાઓ**

૯૩૪૨ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં આસિસ્ટંટ પબ્લીક પ્રોસિક્યુટર વર્ગ–૨ નું કુલ કેટલું મંજુર થયેલ મહેકમ છે, | (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં આસિસ્ટંટ પબ્લીક પ્રોસિક્યુટર વર્ગ–૨ નું કુલ મંજુર થયેલ મહેકમ ૮૮૦ (આઠસો એંશી) છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૩૨૧ (ત્રણસો એકવીસ) જગ્યાઓ ભરાયેલ છે અને ૫૫૯ (પાંચસો ઓગણસાઠ) જગ્યાઓ ખાલી છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપવામાં આવ્યું છે. |

---------

**ગોત્રી ખાતે ન્યાયિક અધિકારીના નિવાસોનું બાંધકામ**

૯૩૫૭ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ગોત્રી ખાતે ન્યાયિક અધિકારીના નિવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં | (૨) રૂા. ૪૨,૦૦,૦૦,૦૦૦/- |

આવી છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી ત્વરિત શરૂ કરવામાં આવશે.

---------

**ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય**

૯૩૮૦ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ માં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૨૮ |
| ૨ | મહુધા | ૦૮ |
| ૩ | કઠલાલ | ૦૯ |
| ૪ | કપડવંજ | ૧૮ |
| ૫ | બાલાસિનોર | ૨૬ |
| ૬ | વિરપુર | ૦૮ |
| ૭ | ઠાસરા | ૩૩ |
| ૮ | માતર | ૨૦ |
| ૯ | મહેમદાવાદ | ૨૧ |
| ૧૦ | ખેડા | ૧૯ |
| | **કુલ** | **૧૯૦** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ૧૮૮.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂા. ૪,૭૦,૦૦૦/-.

---------

**છોટા ઉદેપુર તાલુકા ખાતે ન્યાયિક અધિકારીના નિવાસોનું બાંધકામ**

૯૩૨૭ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) છોટા ઉદેપુર તાલુકા ખાતે ન્યાયિક અધિકારીના નિવાસ સ્થાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂા. ૪૪,૬૨,૦૦૦/-.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) તા. ૨૮-૦૨-૨૦૧૪ થી શરૂ કરેલ છે.

---------

**વલસાડ તાલુકા ન્યાયિક અધિકારીઓના આવાસનું બાંધકામ**

૯૩૭૭ **શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં વલસાડ તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ

(૧) હા, જી.

| | |
|---|---|
| ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવી છે, તે હકીકત સાચી છે, | |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા. ૨૫-૬-૧૩ ના રોજ ૨,૦૫,૪૫,૫૦૦/- ના ડી-૧ ના આવાસ તથા તા. ૧૮-૧૦-૧૩ના રોજ રૂા. ૭૫,૪૬,૯૦૦/- ઈ-૧ ના આવાસ એમ કુલ રૂપિયા ૨,૮૦,૯૨,૪૦૦/- ની મંજૂરી આપેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ડી-૧ના આવાસનું ટેન્ડર મંજુર થયેથી કામ શરૂ કરવામાં આવશે. ઈ-૧ ના આવાસનું ટેન્ડર મંજૂર થયેલ છે. ઈજારદારને ડિપોઝીટ ભરવા જણાવેલ છે. ડિપોઝીટ ભર્યા બાદ વર્ક ઓર્ડર આપ્યેથી કામ શરૂ કરવામાં આવશે. |

---------

**બોડકદેવ ખાતે ન્યાયિક અધિકારીઓ માટે નિવાસનું બાંધકામ**

૯૩૬૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બોડકદેવ ખાતે ન્યાયિક અધિકારીના નિવાસના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૮,૭૮,૩૩,૫૮૯/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) કામ પ્રગતિમાં છે. |

એચબી-૨૧૯-૪

---------

**જામનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે નવા છાત્રાલય બાબત**

૧૧૦૬૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓને સરકારી છાત્રાલયમાં પુરતા પ્રમાણમાં પ્રવેશ આપવામાં આવતો નથી તે હકીકત સરકારના ધ્યાન પર છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આર્થિક રીતે નબળી સ્થિતિના વિદ્યાર્થીઓને સુવિધા ઉપલબ્ધ કરાવવા નવી કુમાર-કન્યા છાત્રાલય બનાવવા સરકારનું શું આયોજન છે, અને | (૨) જામનગર ખાતે સમરસ છાત્રાલયના બાંધકામ માટે રૂા. ૨૬૪૦.૦૦ લાખનું આયોજન છે. |
| (૩) ઉક્ત સુવિધા ક્યાં સુધીમાં પૂર્ણ કરવા માંગો છો ? | (૩) જેમ બને તેમ જલદી. |

---------

**પંચમહાલ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ**

૯૪૦૩ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪ માં પંચમહાલ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક | (૧) ૨,૫૪,૩૨૬ |

શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવત્તિ ચૂકવી, અને

(૨) ૨,૫૪,૩૨૬ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૭૬૯.૬૨ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી.

(૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજુર કરી ?

(૩) એકપણ નહીં.

---------

**સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ ચુકવેલ સહાય**

૯૭૫૦ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૧) ૧૭૧.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી રકમની સહાય ચૂકવી, અને

(૨) ૧૬૯
રૂા. ૪,૨૨,૫૦૦/–.

(૩) કેટલી અરજીઓ પડતર છે તથા પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

(૩) કોઈ અરજી પડતર નથી.

---------

**નસવાડી ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોનું બાંધકામ**

૯૩૨૮ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં નસવાડી ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂા. ૪૭,૭૯,૦૦૦/–.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) ટેન્ડર માંગેલ છે. ટેન્ડર પ્રક્રિયા પુર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી ત્વરિત શરૂ કરવામાં આવશે.

---------

**પંડિત દીન દયાળ આવાસ અને ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય**

૧૦૮૫૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પંડિત દીન દયાલ આવાસ અને ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર થઈ તથા કેટલી અરજીઓ પડતર છે, અને

(૧) અને (૨) : પત્રક અ મુજબ

**પ ત્ર ક– અ**

પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૮૮ | ૨૮૫ | ૩ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૩૦ | ૩૦ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૧૫ | ૧૫ | ૦ | ૦ |
| ૪ | આંકલાવ | ૧૫૩ | ૧૪૩ | ૧૦ | ૦ |
| ૫ | તારાપુર | ૩૬ | ૩૬ | ૦ | ૦ |
| ૬ | ખંભાત | ૮૦ | ૮૦ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | પેટલાદ | ૮૦ | ૮૦ | ૦ | ૦ |
| ૮ | સોજીત્રા | ૮૩ | ૮૧ | ૨ | ૦ |
| | **કુલ** | **૭૬૫** | **૭૫૦** | **૧૫** | **૦** |

ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **મંજુર અરજીઓ** | **નામંજુર અરજીઓ** | **પડતર અરજીઓ** |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૦૪ | ૦૪ | ૦ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૦૮ | ૦૮ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૧૪ | ૧૩ | ૧ | ૦ |
| ૪ | આંકલાવ | ૧૬ | ૧૬ | ૦ | ૦ |
| ૫ | તારાપુર | ૦૦ | ૦૦ | ૦ | ૦ |
| ૬ | ખંભાત | ૨૬ | ૨૪ | ૨ | ૦ |
| ૭ | પેટલાદ | ૧૬ | ૧૬ | ૦ | ૦ |
| ૮ | સોજીત્રા | ૧૩ | ૧૩ | ૦ | ૦ |
| | **કુલ** | **૯૭** | **૯૪** | **૩** | **૦** |

(૩) ઉક્ત અરજીઓ નામંજુર થવાના કારણો શા છે ?

(૩) પત્રક બ મુજબ

પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ નામંજૂર કરેલ અરજીઓ નીચે મુજબ છે.

૧૧ અરજીઓ રહેવા લાયક મકાન ધરાવતા હોવાથી
૦૨ અરજીઓ અગાઉ અન્ય ખાતામાંથી સહાય મેળવેલ હોઈ
૦૨ અરજીઓ અરજદાર અન્ય સ્થળે રહેતા હોવાથી.

ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ નામંજુર કરેલ અરજીઓ નીચે મુજબ છે.

૦૧ અરજી રહેવા લાયક મકાન ધરાવતા હોવાથી
૦૧ અરજી સરદાર આવાસ યોજના હેઠળ લાભ લીધેલ હોવાથી
૦૧ અરજદાર લાભ લેવા માગતા ન હોવાથી.

---------

**છાપરી ખાતે કોર્ટમાં વધારાનું બાંધકામ**

૯૩૩૩ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના છાપરી ખાતે કોર્ટના હાલના મકાનનાં વધારાના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૭,૪૨,૦૦,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૨૮/૦૨/૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

૯૩૮૯ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ–૨૦૧૨–૧૩ અને વર્ષ–૨૦૧૩–૧૪માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ ૨૦૧૨–૧૩માં – ૩૯<br>વર્ષ ૨૦૧૩–૧૪માં – ૧૦૮૬. |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી છે, અને | (૨) ૧૧૨૫. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૨૩,૨૭,૭૫૬/–. |

---------

**ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય**

૧૦૫૧૧ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસો બનાવવાનું આયોજન હતું,

(૨) તે અન્વયે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) કેટલા આવાસો નામંજૂર કરવામાં આવ્યા તેના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકા | તા. ૦૧/૦૬/૨૦૧૨ થી તા. ૩૧/૦૫/૨૦૧૪ દરમ્યાન આવાસો બાંધવાનું લક્ષ્યાંક |
|---|---|---|
| જુનાગઢ | જૂનાગઢ | ૬૦ |
| | વંથલી | ૨૦ |
| | કેશોદ | ૩૦ |
| | માણાવદર | ૨૦ |
| | માંગરોળ | ૩૦ |
| | વિસાવદર | ૨૦ |
| | મા.હાટીના | ૪૦ |
| | મેંદરડા | ૨૦ |
| | ભેસાણ | ૨૦ |
| ગીર સોમનાથ | વેરાવળ | ૩૦ |
| | સુત્રાપાડા | ૧૦ |
| | કોડીનાર | ૩૦ |
| | ગીર ગઢડા | ૧૦ |
| | ઉના | ૨૪ |
| | તાલાળા | ૨૦ |
| | **કુલ** | **૩૮૪** |

(૨) ૯૬.

(૩) ૧૨૫, નિયમોમાં કરેલ જોગવાઈ મુજબની લાયકાત ન ધરાવતા હોવાથી.

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય**

૯૧૦૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ દરેક તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ દરેક તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે :–

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૪૮ |
| ૨ | કવાંટ | ૩૧ |
| ૩ | જેતપુર પાવી | ૫૧ |
| ૪ | નસવાડી | ૦૭ |
| ૫ | સંખેડા | ૨૨ |
| ૬ | બોડેલી | ૦૦ |
| | **કુલ** | **૧૫૯** |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજુર કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૪૫ |
| ૨ | કવાંટ | ૨૯ |
| ૩ | જેતપુર પાવી | ૪૬ |
| ૪ | નસવાડી | ૦૭ |

| | | |
|---|---|---|
| ૫ | સંખેડા | ૧૯ |
| ૬ | બોડેલી | ૦૦ |
| | **કુલ** | **૧૪૬** |

(૩) ઉક્ત પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩) રૂા. ૫,૨૧,૪૫૦/– (અંકે રૂપિયા પાંચ લાખ એકવીસ હજાર ચારસો પચાસ પુરા)ની સાધન સહાય ચૂકવવામાં આવેલ છે.

---------

**તાપી જિલ્લામાં વાલોડ તાલુકા ખાતે ન્યાયાલયના કર્મચારીઓ માટેના આવાસોનું બાંધકામ**

૯૩૨૨ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં વાલોડ તાલુકા ખાતે ન્યાયાલયના સ્ટાફ માટેના આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| એસબી–૩૧૯–૫ (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૨,૯૯,૭૩,૨૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) જમીનની ફાળવણી થયા બાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી શરૂ કરવામાં આવશે. |

---------

**રામેશ્વર તીર્થસ્થાનનો વિકાસ**

૯૩૪૫ **શ્રી મોહનભાઇ ઘ. ઢોડીયા(મહુવા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તાપી નદી કિનારે રામ પગદંડી પૈકીનું રામેશ્વર મહત્વનું તીર્થસ્થાન આવેલ છે તેના વિકાસ અર્થે તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કોઈ કાર્યવાહી કરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી કાર્યવાહી કરી છે ? | (૨) રામેશ્વર વિકાસની કામગીરી ગુજરાત સરકારના ડ્રીમ પ્રોજેક્ટ રામાટ્રેલ (રામ પગદંડી) હેઠળ કરવામાં આવી રહી છે. અંદાજીત રૂા. ૩૦ કરોડનો રામાટ્રેલ પ્રોજેક્ટ મંજુર કરેલ છે જે માટે રૂા. ૨૩.૨૦ કરોડનું અનુદાન ગુજરાત પ્રવાસન નિગમ લિ. ને આપવામાં આવેલ છે. આ પૈકી રામેશ્વર સુરતના વિકાસ અર્થે પ્રથમ તબક્કાની કામગીરી માટે રૂા. ૬,૦૦,૯૮,૩૭૫/– નું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જેની કામગીરી પ્રગતિમાં છે. આ કામગીરીમાં શ્રી રામેશ્વર મંદિરમાં કિનારાનું ધોવાણ અટકાવવાનું કમ્પાઉન્ડ વોલ, રામકુંડનું કામ, ટોયલેટની કામગીરી કરેલ છે. બીજા તબક્કાની કામગીરીમાં મંદિર નિર્માણ સહ સંકુલ વિસ્તૃતિકરણ બ્યુટી ફિકેશન તેમજ યાત્રીનિવાસ સુવિધા, ઘાટ બ્યુટી ફિકેશન વગેરે કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લાની મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં નવી લીફ્ટની કામગીરી**

૯૩૬૯ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાની મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં નવી લીફ્ટ નાખવાની કામગીરી માટે નાણાંકીય વર્ષ | (૧) હા, જી. |

૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે ? | (૨) રૂા. ૨,૨૮,૦૯,૩૪૦/-

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં બિનનિવાસી ગુજરાતી સમિતિની બેઠકો**

૯૯૫૬ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં જિલ્લા કક્ષાની બિનનિવાસી ગુજરાતી સમિતિઓની કુલ કેટલી બેઠકો કઈ તારીખે બોલાવવામાં આવી,

(૧)

| જિલ્લો | મળેલ બેઠક | તારીખ |
|---|---|---|
| સાબરકાંઠા | ૧ | ૧૦/૦૬/૨૦૧૩ |
| બનાસકાંઠા | ૧ | ૩૦/૦૩/૨૦૧૩ |

(૨) આ સમિતિઓમાં મુખ્યત્વે શા નિર્ણયો લેવામાં આવ્યા, અને

(૨) બંને જિલ્લામાં બેઠકમાં કોઈ પ્રશ્નો રજુ થયા ન હતા તેથી નિર્ણય લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ન હતો.

(૩) બેઠકો મળી ન હોય તો તેનાં કારણો શાં છે ?

(૩) બંને જિલ્લામાં બેઠક મળેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ ખાતે જૂની હાઈકોર્ટમાં વકીલો માટે શેડના કામ માટે મંજુરી**

૯૩૫૫ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમદાવાદ ખાતે જૂની હાઇકોર્ટમાં વકીલો માટે શેડ અને અન્ય આનુષાંગિક વધારાના કામો માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૧,૩૨,૭૪,૦૦૦/-.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) કામ પ્રગતિમાં છે.

---------

**અમદાવાદ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય**

૯૩૮૧ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ માં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીટી | ૧૧૭૭ |
| ૨ | દશક્રોઈ | ૨૭ |
| ૩ | ધોળકા | ૬૬ |
| ૪ | બાવળા | ૧૮ |
| ૫ | ધંધુકા | ૮૭ |
| ૬ | બરવાળા | ૧૪ |
| ૭ | રાણપુર | ૦૮ |
| ૮ | વિરમગામ | ૪૩ |
| ૯ | માંડલ | ૩૭ |
| ૧૦ | દેત્રોજ | ૩૨ |
| ૧૧ | સાણંદ | ૨૦ |

| | કુલ | ૧૫૨૯ |
|---|---|---|

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને — (૨) ૧૪૫૦

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? — (૩) રૂ. ૩૬,૨૫,૦૦૦/-

---------

**ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય**

૯૩૯૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪ માં વિકસતી જાતીના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૫૫,૯૧૦. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૫૫,૯૧૦ બાળકોને રૂ. ૧,૬૭,૭૩,૦૦૦ /–ની સહાય ચૂકવવામાં આવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય નામંજૂર કરવામાં આવી? | (૩) એકપણ નહીં. |

---------

**દાહોદ જિલ્લામાં અનુસુચિત જાતિના કુમાર અને કન્યા છાત્રાલયો**

૧૦૩૦૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના કુલ કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો છે, અને

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | છાત્રાલય | | કુલ |
|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | |
| ૧ | દાહોદ | ૧ | ૦ | ૧ |
| ૨ | ઝાલોદ | ૨ | ૧ | ૩ |
| ૩ | દેવગઢબારીયા | ૦ | ૧ | ૧ |
| ૪ | સંજેલી | ૧ | ૦ | ૧ |
| ૫ | લીમખેડા | ૧ | ૦ | ૧ |
| | **કુલ** | **૫** | **૨** | **૭** |

(૨) આ છાત્રાલયોમાં ઉક્ત સ્થિતિએ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે? — (૨) ૧૭૫.

---------

**અમરેલી જિલ્લામાં મંજૂર કરેલ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ**

૯૩૯૧ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં અમરેલી જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૧,૬૪,૨૭૨. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૧,૬૪,૨૩૨ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૫૦૮.૦૮ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરી? | (૩) ૪૦ વિદ્યાર્થીઓની. |

---------

**અંબાજી ખાતે એકાવન આદ્યશક્તિ પીઠનું નિર્માણ**

તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

૯૩૪૪ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અંબાજી ખાતે એકાવન આદ્યશક્તિ પીઠનું નિર્માણ કરવામાં આવ્યું છે આ હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે શી કામગીરી કરવામાં આવી, અને | (૨) એકાવન આદ્યશક્તિ પીઠનું નિર્માણ કરવા નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે. |

| ક્રમ | કરેલ કામગીરી | વિગત |
|---|---|---|
| ૧ | શક્તિ પીઠના મંદિર | ૪૭ |
| ૨ | શક્તિ પીઠની ગુફા | ૩ |
| ૩ | પરિક્રમા પાથ–વે લંબાઈ | ૨૮૫૦ રર્નીંગ મીટર |
| ૪ | શક્તિ પીઠ સંકુલની સંખ્યા | ૨૦ |
| ૫ | વિશ્રામસ્થળની સંખ્યા | ૧૧ |
| ૬ | ટોયલેટ બ્લોક | ૩ |
| ૭ | પીવાના પાણીની વ્યવસ્થા | ૫ |
| ૮ | કેન્ટીન/કાફેટેરીયા | ૨ |
| ૯ | પ્રવેશદ્વાર | ૨ |
| ૧૦ | પાણી સપ્લાય માટેની પાઇપ લાઇન | ૩૧૫૦ રર્નીંગ મીટર |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) છેલ્લા બે વર્ષમાં ઉક્ત સ્થિતિએ રૂપિયા ૩૩.૪૮ કરોડનો ખર્ચ થયેલ છે. સમગ્ર ભારત વર્ષમાં એક માત્ર એવા તેમજ ''એક જ સ્થળે અને એક સાથે'' શ્રી એકાવન આદ્યશક્તિ પીઠના દર્શનની તક આપનારા આ પ્રોજેક્ટ, કુલ રૂપિયા ૬૧.૫૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ**

૯૩૯૯ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૨,૩૦,૪૩૫. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચુકવી, અને | (૨) ૨,૩૦,૪૩૫ બાળકોને રૂ. ૬૯૪.૧૭ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરી? | (૩) એકપણ નહીં. |

---------

**લેબર અને ઔદ્યોગિક કોર્ટ, ભાવનગરના બાંધકામ માટે મંજૂરી**

૯૩૪૧ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ લેબર અને ઔદ્યોગિક કોર્ટ, ભાવનગરના બાંધકામ માટે સરકાર દ્વારા મંજુરી આપેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી મંજૂરી આપેલ છે? | (૨) રૂ. ૫,૩૩,૬૧,૦૦૦/– તા. ૨૮–૧૨–૨૦૧૧ ના રોજ. |

---------

એચબી–૨૧૯–૬

**સુરેન્દ્રનગર જિલ્લામાં તબીબી, ડિપ્લોમાં અને ઇજનેરીના વિદ્યાર્થીઓને સહાય**

અતારાંકિત પ્રશ્નો

૯૩૮૫ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં સુરેન્દ્રનગર જિલ્લામાં તબીબી, ડિપ્લોમાં, અને ઇજનેરીના વિદ્યાર્થીઓને અભ્યાસના સાધનો ખરીદવા કેટલી સહાય મંજૂર કરવામાં આવી, અને | (૧) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ રૂ. ૩૦,૦૦૦/- ની સહાય મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી? | (૨) અનુસૂચિત જાતિના ૧૦ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી. |

---------

**અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ સહાય**

૯૩૮૮ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪માં તાલુકાવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓની લોન ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | સીટી | ૨૭ |
| ૨ | ધોળકા | ૦૧ |
| | **કુલ** | **૨૮** |

(૨) ૨૫.

(૩) ૨૫ અરજીઓની રૂ. ૨૫૦.૦૦ લાખ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો**

૧૦૨૭૮ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટેના છાત્રાલયો કેટલા અને કયા કયા સ્થળે આવેલા છે.

(૨) ઉક્ત છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ માટેના છાત્રાલયોને મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

સામજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ૨ અને વિદ્યાર્થીનીઓને માટે ૧ એમ કુલ –૩ સરકારી છાત્રાલયો આવેલા છે. તેમજ વિદ્યાર્થીઓ માટે ૪૩ અને વિદ્યાર્થીનીઓ માટે ૨ એમ મળી કુલ ૪૫ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો આવેલા છે. આ છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની અંગેની વિગતોનું પત્રકમાં સામેલ છે.

(૩) એક પણ નહીં.

**પત્રક**

| **અ.નં.** | **છાત્રાલયનું નામ** | **છાત્રાલયનું સ્થળ** | **તાલુકો** | **વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની સંખ્યા** |
|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓ (કુમાર) માટેના સરકારી છાત્રાલય, સાબરકાંઠા. | | | | |

તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

| અ.નં. | છાત્રાલયનું નામ | છાત્રાલયનું સ્થળ | તાલુકો | વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સરકારી કુમાર છાત્રાલય | હિંમતનગર | હિંમતનગર | ૪૦ |
| ૨ | સરકારી કુમાર છાત્રાલય | ઈડર | ઈડર | ૪૦ |
| વિદ્યાર્થીનીઓ (કન્યા) માટેના સરકારી છાત્રાલય, સાબરકાંઠા. | | | | |
| ૧ | સરકારી કન્યા છાત્રાલય | હિંમતનગર | હિંમતનગર | ૪૫ |
| વિદ્યાર્થીઓ (કુમાર) માટેના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય, સાબરકાંઠા. | | | | |
| ૧ | લીંબચધામ બક્ષીપંચ કુમાર છાત્રા. | હિંમતનગર | હિંમતનગર | ૩૨ |
| ૨ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | હિંમતનગર | હિંમતનગર | ૩૦ |
| ૩ | કુમાર છાત્રાલય પેઢમાલા | પેઢમાલા | હિંમતનગર | ૪૮ |
| ૪ | જીવન શિક્ષણ બક્ષીકુમાર છાત્રાલય | વૃંદાવન | હિંમતનગર | ૪૫ |
| ૫ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | ભોલેશ્વર | હિંમતનગર | ૪૮ |
| ૬ | કે. પી. કુમાર છાત્રાલય | મોતીપુરા | હિંમતનગર | ૨૦ |
| ૭ | સ્વામી વિવેકાનંદ બક્ષી પંચ કુમાર છાત્રાલય | ઈડર | ઈડર | ૪૦ |
| ૮ | સંસ્કાર કુમાર છાત્રાલય | રતનપુર | ઈડર | ૫૬ |
| ૯ | વિદ્યાર્થી મંદિર છાત્રાલય | ઉમેદગઢ | ઈડર | ૫૦ |
| ૧૦ | બક્ષી પંચ કુમાર છાત્રાલય | મુડેટી | ઈડર | ૪૩ |
| ૧૧ | જ્ઞાનતીર્થ બક્ષીપંચ કુમાર છાત્રાલય | છાપી | ઈડર | ૪૦ |
| ૧૨ | એકલવ્ય બક્ષી કુમાર છાત્રાલય | બડોલી | ઈડર | ૫૦ |
| ૧૩ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | ગોલવાડા | ઈડર | ૪૫ |
| ૧૪ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | નરસિંહપુરા | ઈડર | ૬૮ |
| ૧૫ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | પોશીના | ઈડર | ૨૫ |
| ૧૬ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | છાપી | ઈડર | ૫૮ |
| ૧૭ | સંતોકકૃપા કુમાર છાત્રાલય | પ્રાંતિજ | પ્રાંતિજ | ૧૦૫ |
| ૧૮ | રણદીપ બક્ષીકુમાર છાત્રાલય | પ્રાંતિજ | પ્રાંતિજ | ૨૭ |
| ૧૯ | રણદીપ કુમાર છાત્રાલય | વાઘપુર | પ્રાંતિજ | ૪૮ |
| ૨૦ | શીવમ કુમાર છાત્રાલય | સીતવાડા | પ્રાંતિજ | ૩૦ |
| ૨૧ | સંકેત કુમાર છાત્રાલય | રાસલોડ | પ્રાંતિજ | ૭૭ |
| ૨૨ | હરીકૃપા કુમાર છાત્રાલય | તલોદ | તલોદ | ૬૦ |
| ૨૩ | બક્ષી કુમાર છાત્રાલય | દોલતાબાદ | તલોદ | ૫૫ |
| ૨૪ | સંસ્કાર ભારતી બક્ષીકુમાર છાત્રાલય | મોતેસરી | તલોદ | ૬૦ |
| ૨૫ | સરસ્વતી બક્ષી કુમાર છાત્રાલય | મહીયલ | તલોદ | ૪૦ |
| ૨૬ | શ્રીમતી વિમળાબેન કુમાર છાત્રાલય | જોરાજીના મુવાડા | તલોદ | ૨૫ |
| ૨૭ | નવજીવન કુમાર છાત્રાલય | અંદ્રોખા | વિજયનગર | ૪૦ |
| ૨૮ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | પરોસડા | વિજયનગર | ૪૮ |
| ૨૯ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | ખેડબહ્મા | ખેડબ્રહ્મા | ૫૦ |
| ૩૦ | નિકેતન બક્ષીપંચ કુમાર છાત્રાલય | ખેડબહ્મા | ખેડબ્રહ્મા | ૨૦ |
| ૩૧ | ઠાકરડા જાતિ બક્ષી કુમાર છાત્રાલય | ખેડબહ્મા | ખેડબ્રહ્મા | ૨૦ |
| ૩૨ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | ખેડબહ્મા | ખેડબ્રહ્મા | ૪૮ |
| ૩૩ | પાર્થકુમાર છાત્રાલય | ખેડબહ્મા | ખેડબ્રહ્મા | ૭૫ |
| ૩૪ | ઉપેન્દ્ર ત્રિવેદી કુમાર છાત્રાલય | લક્ષ્મીપુરા | ખેડબહ્મા | ૯૦ |
| ૩૫ | બક્ષી કુમાર છાત્રાલય | ગુંદેલ | ખેડબહ્મા | ૫૭ |
| ૩૬ | સરસ્વતી બક્ષી કુમાર છાત્રાલય | ગલોડીયા | ખેડબ્રહ્મા | ૫૦ |
| ૩૭ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | નવી મૈતાલ | ખેડબ્રહ્મા | ૫૦ |
| ૩૮ | મહારાણા પ્રતાપ બક્ષી કુમાર છાત્રાલય | વડાલી | વડાલી | ૩૦ |

| અ.નં. | છાત્રાલયનું નામ | છાત્રાલયનું સ્થળ | તાલુકો | વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૩૯ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | વડાલી | વડાલી | ૨૫ |
| ૪૦ | શ્રી વાળીનાથ બક્ષીપંચ કુમાર છાત્રાલય | વડાલી | વડાલી | ૪૦ |
| ૪૧ | સંસ્કાર કુમાર છાત્રાલય | ડોભાડા | વડાલી | ૩૦ |
| ૪૨ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | વાડોઠ | વડાલી | ૫૦ |
| ૪૩ | છત્રપતિ શિવાજી બક્ષીપંચ કુમાર છાત્રાલય | કુબા ધરોલ | વડાલી | ૪૨ |
| વિદ્યાર્થીનીઓ (કન્યા) માટેના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય, સાબરકાંઠા. | | | | |
| ૧ | જીવન સૌરભ કન્યા છાત્રાલય | અનેરા | હિંમતનગર | ૩૦ |
| ૨ | સરસ્વતી કન્યા છાત્રાલય | બડોલી | ઈડર | ૪૦ |

---------

**જામનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય**

૯૩૭૯ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં જામનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૬૬૬. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી તેમજ કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૪૨ મંજૂર<br>૨૪ ના મંજૂર. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૬૩,૨૦,૦૦૦/-. |

---------

**ગાંધીનગર જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગનું રીપેરીંગ અને નવીનીકરણ**

૯૩૭૦ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગના રીપેરીંગને નવીનીકરણ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે? | (૨) રૂ.૬૧,૬૧,૨૦૦/-. |

---------

**વડોદરા જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય**

૯૩૯૨ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૧,૫૩,૨૦૩. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૧,૫૩,૨૦૩ વિદ્યાર્થીઓને રૂ.૪,૫૯,૬૦,૯૦૦/- ની સહાય ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય નામંજૂર કરવામાં આવી ? | (૩) એકપણ નહીં. |

---------

### રાજ્યમાં જિલ્લા કક્ષાએ આંબેડકર ભવનો

૯૦૭૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા કક્ષાના કેટલા આંબડેકર ભવનો બનાવવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ મંજૂર થયેલા કેટલા આંબેડકર ભવનો ક્યા જિલ્લા કક્ષાએ બનાવવાના બાકી છે ?

**જવાબ**

(૧) ૧૬.

(૨) કુલ–૧૦
(૧) નર્મદા (૨) આણંદ (૩) સાબરકાંઠા (૪) ખેડા (૫) ભરૂચ (૬) પંચમહાલ (૭) નવસારી (૮) ડાંગ (૯) દાહોદ (૧૦) તાપી.

---------

### ધાનપુર ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

૯૩૩૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૩,૪૩,૪૬,૭૫૬/-.

(૩) તા.૨૬–૨–૧૪ થી શરૂ કરેલ છે.

---------

### બનાસકાંઠા જિલ્લાની અદાલતોમાં ખાલી જગ્યાઓ

૧૦૯૧૪ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ક્યા પ્રકારની કેટલી અદાલતો આવેલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે જણાવ્યા મુજબની અદાલતો આવેલી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | કોર્ટનું નામ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | મુખ્ય જિલ્લા અદાલત | ૦૧ |
| ૨ | | બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ | ૦૩ |
| ૩ | | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ | ૦૧ |
| ૪ | | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ | ૦૧ |
| ૫ | | બીજા વધારાના સીનીયર સીવીલ જજ | ૦૪ |
| ૬ | | વધારાની સીવીલ કોર્ટ | ૦૮ |
| ૭ | ડીસા | બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ | ૦૪ |
| ૮ | | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ | ૦૧ |
| ૯ | | બીજા વધારાના સીનીયર સીવીલ જજ | ૦૨ |
| ૧૦ | | વધારાની સીવીલ કોર્ટ | ૧૦ |
| ૧૧ | ધાનેરા | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | | વધારાની સીવીલ કોર્ટ | ૦૧ |
| ૧૩ | દિયોદર | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |
| ૧૪ | | વધારાની સીવીલ કોર્ટ | ૦૧ |
| ૧૫ | શિહોરી | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |
| ૧૬ | થરાદ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |
| ૧૭ | | વધારાની સીવીલ કોર્ટ | ૦૧ |
| ૧૮ | વાવ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |
| ૧૯ | દાંતા | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |
| ૨૦ | | વધારાની સીવીલ કોર્ટ | ૦૧ |
| ૨૧ | અમીરગઢ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |
| ૨૨ | | વધારાની સીવીલ કોર્ટ | ૦૧ |
| ૨૩ | વડગામ | પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ | ૦૧ |
| | | **કુલ** | **૪૮** |

(૨) ઉપરોકત સ્થિતિએ અદાલતોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) ઉપરોકત સ્થિતિએ અદાલતોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે, અને

| **ક્રમ** | **સંવર્ગનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૧ |
| ૨ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૫ |
| ૩ | રજીસ્ટ્રાર | ૦૧ |
| ૪ | એડીશનલ રજીસ્ટ્રાર | ૦૧ |
| ૫ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧૧ |
| ૬ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૦૮ |
| ૭ | સેક્રેટરી ટુ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ | ૦૧ |
| ૮ | હેડ કલાર્ક/નાઝીર/સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૯ |
| ૯ | સીનીયર કલાર્ક/પીઆરઓ/શિરસ્તેદાર | ૪૩ |
| ૧૦ | જુનીયર કલાર્ક | ૧૩૪ |
| ૧૧ | લાયબ્રેરીયન | ૦૩ |
| ૧૨ | ઝેરોક્ષ ઓપરેટર | ૦૧ |
| ૧૩ | બેલીફ | ૪૨ |
| ૧૪ | ડ્રાયવર | ૦૫ |
| ૧૫ | હવાલદાર | ૦૨ |
| ૧૬ | બુક બાઈન્ડર | ૦૨ |
| ૧૭ | નાયક | ૦૬ |
| ૧૮ | પ્યુન/વોચમેન/લીફટમેન/જેલ વોર્ડર/સ્વીપર/વોટર સર્વર્સ | ૭૨ |
| | **કુલ** | **૩૪૭** |

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી જગ્યાઓ ખાલી છે, તથા ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) સંવર્ગવાર ભરાયેલ તથા ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **ભરાયેલ જગ્યાની સંખ્યા** | **ખાલી જગ્યાની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | –– | ૦૧ |
| ૨ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૫ | –– |
| ૩ | રજીસ્ટ્રાર | ૦૧ | –– |
| ૪ | એડીશનલ રજીસ્ટ્રાર | ૦૧ | –– |
| ૫ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૦૪ | ૦૭ |
| ૬ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૦૮ | –– |
| ૭ | સેક્રેટરી ટુ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ | ૦૧ | –– |
| ૮ | હેડ કલાર્ક/નાઝીર/ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૭ | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૯ | સીનીયર કલાર્ક/ પીઆરઓ/ શિરસ્તેદાર | ૪૨ | ૦૧ |
| ૧૦ | જુનીયર કલાર્ક | ૧૦૫ | ૨૯ |
| ૧૧ | લાયબ્રેરીયન | ૦૨ | ૦૧ |
| ૧૨ | ઝેરોક્ષ ઓપરેટર | ૦૧ | -- |
| ૧૩ | બેલીફ | ૪૨ | -- |
| ૧૪ | ડ્રાયવર | ૦૫ | -- |
| ૧૫ | હવાલદાર | ૦૨ | -- |
| ૧૬ | બુક બાઇન્ડર | ૦૧ | ૦૧ |
| ૧૭ | નાયક | ૦૬ | -- |
| ૧૮ | પ્યુન/વોચમેન/લીફ્ટમેન/જેલ વોર્ડર/સ્વીપર/વોટર સર્વર્સ | ૫૫ | ૧૭ |
| | **કુલ** | **૨૮૮** | **૫૯** |

ખાલી જગ્યાઓ ભરવા અંગે ગુજરાત હાઇકોર્ટની તા.૭-૨-૨૦૧૪ની ઓન લાઇન જાહેરાત દ્વારા અંગ્રેજી/ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ આસીસ્ટન્ટ અને પટાવાળાની ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે. કાર્યવાહી પૂર્ણ થયેથી ભરવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ**

૯૩૨૩ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪ માં મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૨,૩૨,૪૦૨. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૨,૩૨,૪૦૨ બાળકોને રૂ.૬૮૫.૭૨ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા બાળકોની શિષ્યવૃત્તિ નામંજૂર કરી ? | (૩) એકપણ નહીં. |

---------

**ભાડેલા જ્ઞાતિને જાતિના દાખલા આપવા બાબત**

૯૧૩૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ખારવા-ભાડેલા જ્ઞાતિના લોકોનો સમાવેશ કરવામાં આવેલ છે, પરંતુ રાજુલા તાલુકા કક્ષાના જનસેવા કેન્દ્રમાં સોફ્ટવેર પ્રોગ્રામમાં તે મુજબનો ફેરફારનો સમાવેશ કરેલ ન હોવાથી ઉકત જ્ઞાતિના અરજદારોને જાતિના દાખલા મળી શકતા નથી, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ઉકત બાબતે જરૂરી સુધારો કરવા શી કાર્યવાહી થયેલ છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જનસેવા કેન્દ્રોમાંથી ભાડેલા જ્ઞાતિના અરજદારોને જાતિના દાખલા સહેલાઇથી મળી શકે તે માટે શું આયોજન છે? | |

---------

## ખેડા જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના અન્વયે સહાય

૧૦૬૦૪ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ડૉ.આંબેડકર આવાસ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લાભાર્થીઓને આવાસ સુવિધાઓ આપવામાં આવી,

(૨) તે અન્વયે બાકી રહેતા લાભાર્થીઓને ક્યારે આવાસ સુવિધા આપવામાં આવશે, અને

(૩) ઉકત સ્થિતિએ આ આવાસ સુવિધા પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| વર્ષ | ફાળવેલ આવાસ |
|---|---|
| તા.૧–૬–૨૦૧૨ થી તા.૩૧–૫–૨૦૧૩ | ૩૪ |
| તા.૧–૬–૨૦૧૩ થી તા.૩૧–૫–૨૦૧૪ | ૨૮ |
| **કુલ** | **૬૨** |

(૨) નિયમોની જોગવાઈ મુજબના બધા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રૂ.૨૭,૯૦,૦૦૦/-.

---------

## રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

૯૪૦૧ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા એક નાણાકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં વિકસતિ જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને

(૪) આ અરજીઓ ક્યા કારણોસર નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૩૮.

(૨) મંજૂર અરજીઓ ૨૯૩
ચૂકવેલ સહાય રૂ.૨૯.૦૦ લાખ.

(૩) ૪૫.

(૪) ૨૨ અરજી વધુ આવક હોવાથી.
૧૪ અરજી સમય મર્યાદા બહાર મળેલ હોવાથી.
૩ અરજી અગાઉ આ યોજના હેઠળ લાભ મળેલ હોવાથી.
૬ અરજી લગ્ન રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી.

---------

## બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિની કન્યાઓ માટે કન્યા છાત્રાલયો

૯૬૨૩ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના કન્યા છાત્રાલયો ક્યાં કેટલા સમયથી કાર્યરત છે, પ્રત્યેક છાત્રાલયમાં કન્યાઓની સંખ્યા કેટલી છે, અને

(૨) આ પ્રત્યેક છાત્રાલયને ઉકત સ્થિતિએ સને ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ ના વર્ષમાં કેટલું અનુદાન આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના કુલ–૧૦ ગ્રાન્ટ ઈન એઈડ કન્યા છાત્રાલયો અને ૨ સરકારી કન્યા છાત્રાલયો મળી કુલ–૧૨ કન્યા છાત્રાલયો કાર્યરત છે. (***પત્રક–૧** સામેલ છે.)

કન્યાઓની સંખ્યા–૪૨૫ (***પત્રક–૨** સામેલ છે.)

(૨) વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂ.૨૩.૧૦ (લાખ)
વર્ષ ૨૦૧૨–૧૩ માં રૂ.૪૫.૮૯ (લાખ)
અનુદાન આપવામાં આવેલ છે. (***પત્રક–૩** સામેલ છે.)

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**વડગામ તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

૯૩૭૩ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૫,૮૯,૦૬,૯૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૧૨–૫–૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**રાજ્યના બાર એસોસીએશનોને ઈ–લાયબ્રેરીની સુવિધા**

૯૩૩૯ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં આવેલ તમામ બાર એસોસીએશનને ઈ–લાયબ્રેરીની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) તે માટે રૂ.૨,૨૨,૫૦,૦૦૦/– રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ સહાય**

૧૧૦૪૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી નામંજૂર કરી તથા કેટલી પડતર છે,

**જવાબ**

(૧) અને (૨) :

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાંતિજ | ૩૪૦ | ૩૪૦ | ૦ | ૦ |
| ૨ | તલોદ | ૮૪૨ | ૮૪૨ | ૦ | ૦ |
| ૩ | હિંમતનગર | ૮૨૫ | ૮૨૫ | ૦ | ૦ |
| ૪ | ઈડર | ૧૦૩૩ | ૧૦૩૩ | ૦ | ૦ |
| ૫ | ખેડબ્રહ્મા | ૨૧૮ | ૨૧૮ | ૦ | ૦ |
| ૬ | વડાલી | ૩૬૪ | ૩૬૪ | ૦ | ૦ |
| ૭ | વિજયનગર | ૪૩ | ૪૩ | ૦ | ૦ |
| ૮ | મોડાસા | ૪૮૩ | ૪૮૩ | ૦ | ૦ |
| ૯ | માલપુર | ૨૨૬ | ૨૨૬ | ૦ | ૦ |
| ૧૦ | મેઘરજ | ૨૮૦ | ૨૮૦ | ૦ | ૦ |
| ૧૧ | બાયડ | ૪૫૨ | ૪૫૨ | ૦ | ૦ |
| ૧૨ | ભિલોડા | ૫૬૭ | ૫૬૭ | ૦ | ૦ |
| ૧૩ | ધનસુરા | ૨૧૩ | ૨૧૩ | ૦ | ૦ |
| | **કુલ :** | **૫૮૮૬** | **૫૮૮૬** | **૦** | **૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે તથા તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪) ઉકત સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૪) રૂ.૧૩૮૪.૧૪ લાખ.

---------

**ધોળકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

૯૩૩૧ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૭,૯૯,૩૧,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૧૬–૧–૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

એચબી–૨૧૯–૮

---------

**ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે ચાલતા છાત્રાલયો માટે થતો ખર્ચ**

૧૦૮૯૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ચાલતા છાત્રાલયોમાં વિદ્યાર્થીદીઠ અપાતો ખર્ચ શું છે, અને | (૧) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં વિદ્યાર્થીદીઠ અપાતો ખર્ચ (નિભાવગ્રાન્ટ) રૂ.૧૦૦૦/- છે. |
| (૨) ઉકત છાત્રાલયોના કર્મચારીઓના વેતનમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવ્યો, તેમજ ઉકત સ્થિતિએ આ કર્મચારીઓને શું વેતન ચૂકવવામાં આવે છે ? | (૨) ઉકત છાત્રાલયોના કર્મચારીઓના વેતનમાં તા.૧–૪–૨૦૧૪ થી વધારો કરી નીચે મુજબ વેતન ચૂકવવામાં આવે છે. |

| કર્મચારી | લાયકાત | માનદવેતનનો દર (માસિક ફીકસ રૂ.) |
|---|---|---|
| ગૃહપતિ/ ગૃહમાતા | ૧. નોન એસ.એસ.સી.<br>૨. એસ.એસ.સી. પાસ<br>૩. એસ.એસ.સી. અને પી.ટી.સી. અથવા એસ.એસ. સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ<br>૪. સ્નાતકગૃહપતિ<br>૫. સ્નાતક અને ગૃહપતિ તરીકે પાંચ વર્ષનો અનુભવ અથવા તાલીમી સ્નાતક | ૪૫૦૦/-<br>૪૫૦૦/-<br>૪૫૦૦/-<br>૫૫૦૦/-<br>૫૫૦૦/- |
| મુખ્ય રસોયા | -- | ૩૦૦૦/- |
| મદદનીશ રસોયા | -- | ૨૫૦૦/- |
| ચોકીદાર | -- | ૨૫૦૦/- |

---------

### નખત્રાણા તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

૯૩૭૬ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકા ખાતે નવું કોર્ટ બિલ્ડીંગ બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૩,૪૦,૮૦,૫૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) સુધારેલી વહીવટી મંજૂરી મળ્યા બાદ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી ઇજારો નક્કી થયા બાદ શરૂ કરવામાં આવશે. |

---------

### પારડી ખાતે ન્યાયિક અધિકારી અને કર્મચારીઓના મકાનના બાંધકામ માટે મંજૂરી

૯૩૫૯ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકા ખાતે ન્યાયિક અધિકારી અને કર્મચારીઓના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૫,૧૬,૫૮,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૪–૩–૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

### ભાવનગર જિલ્લામાં મંજૂર કરેલ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ

૯૩૯૦ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૩,૫૨,૯૫૯ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૩,૫૨,૯૫૯ વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૩.૩૮ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરી ? | (૩) એકપણ નહીં. |

---------

### ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ સહાય

૯૩૮૭ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજનામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૮૩૧૬ |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૨૪,૯૪,૮૦૦/– |

---------

**લીગલ લીટરેસી સેક્રેટરીની મંજૂર કરેલ જગ્યાઓ**

૯૩૫૩ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ જિલ્લા કાનુની સેવા સત્તામંડળ અને તાલુકા કાનુની સેવા સત્તામંડળ ખાતે લીગલ લીટરેસી સેક્રેટરીની જગ્યાઓ મંજૂર કરી છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જગ્યાઓ મંજૂર કરેલ છે ? | (૨) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ–૨૪ જગ્યાઓ મંજૂર કરેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના**

૯૩૯૩ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪માં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી છે, | (૧) ૦૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી તથા કેટલી નામંજૂર કરી, અને | (૨) ૦૬ મંજૂર<br>૦૧ નામંજૂર. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા.૩૦.૦૦ લાખ |

---------

**ભાવનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

૯૪૦૨ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ–૨૦૧૩–૧૪ માં ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ આવી, | (૧) ૭૦૫૮. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની સાયકલ મંજૂર કરી સાયકલો આપવામાં આવી, અને | (૨) ૭૦૪૩ અરજી મંજૂર કરી<br>૭૦૪૩ કન્યાઓને સાયકલો આપવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૧૫. |

---------

**આસિસ્ટંટ પબ્લિક પ્રોસિક્યુટર વર્ગ–૨ની બઢતી મેળવવાપાત્ર જગ્યા**

૧૦૨૦૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કાયદા વિભાગ હસ્તક ફરજો બજાવતા આસિસ્ટંટ પબ્લિક પ્રોસિક્યુટર વર્ગ–૨ કઇ જગ્યા પર બઢતી મેળવવાપાત્ર છે, અને | (૧) કાયદા વિભાગ હસ્તક ફરજો બજાવતા આસિસ્ટંટ પબ્લિક પ્રોસિક્યુટર વર્ગ–૨ને કોઇ જગ્યા પર બઢતી આપવાની જોગવાઇ નથી, અને |
| (૨) આ જગ્યાઓ ભરવા માટે સરકારે કરેલ આયોજનની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વાગરા તાલુકા ખાતે નવી કોર્ટ મકાનનું બાંધકામ**

૯૩૭૨ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકા ખાતે કોર્ટના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં | (૧) હા, જી. |

| | |
|---|---|
| મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા.૧,૦૮,૫૦,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા.૩-૦૩-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓને સાયકલ સહાય**

૯૩૩૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ-૨૦૧૩-૧૪ માં રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ આવી, | (૧) ૬૩૫૧. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજી મંજૂર કરી સાયકલો આપવામાં આવી, અને | (૨) ૬૩૦૫. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૪૬. |

---------

**રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ**

૯૩૩૮ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૩-૧૪ માં રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૨,૨૩,૬૨૮. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૨,૨૩,૬૨૮ બાળકોને રૂા.૬૫૯.૯૩ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા બાળકોની શિષ્યવૃત્તિ નામંજૂર કરી ? | (૩) એક પણ નહીં. |

---------

**ગુજરાત હાઈકોર્ટ ખાતે બિલ્ડીંગમાં ફાયર ડીટિકશન અને પ્રોટેકશન સીસ્ટમ**

૯૩૭૪ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે બિલ્ડીંગમાં ફાયર ડીટિકશન અને પ્રોટેકશન સીસ્ટમના કામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂા.૨,૦૩,૯૫,૪૦૦/-. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના વિદ્યાર્થીઓને અપાતા ફ્રીશીપ કાર્ડ**

૧૦૫૫૬ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સ્વ નિર્ભર માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે, તે હકીકત સાચી | (૧) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર સંસ્થાઓમાં એસ.એસ.સી. પછીના અભ્યાસ કરવા માટેની ટ્યુશન ફી ભરવામાંથી મુકિત આપવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આવી ટ્યુશન ફી ભરવાની મુક્ત આપવામાં આવી નથી. |

છે,

(૨) આ વિદ્યાર્થીઓને ફ્રીશીપ કાર્ડ આપવાનું ધોરણ નક્કી કર્યા બાદ વિદ્યાર્થી દીઠ કેટલી નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવી છે, અને

(૩) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા ખાનગી સંસ્થાઓને ફ્રીશીપ કાર્ડ સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમની ફી ચૂકવવામાં આવી ?

(૨) અનુસૂચિત જાતિ માટે સરકારશ્રી/યુનિવર્સિટી/ફી સમિતિ દ્વારા નક્કી કરેલ નાણાંકીય મર્યાદા મુજબ શિક્ષણ ફી મંજૂર કરવામાં આવે છે. જ્યારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે પ્રશ્ન ઉપસ્થત થતો નથી.

(૩) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે મહેસાણા જિલ્લામાં ફ્રીશીપ કાર્ડ માટે રૂા.૨,૭૦,૦૦૦/- ફી ચૂકવવામાં આવેલ છે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં કોઇ ફી ચૂકવવામાં આવેલ નથી. જ્યારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનોને વીમા કવચ હેઠળ સહાય**

૧૦૮૬૪ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના ''વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનોને વીમા કવચ'' યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા વિકલાંગોનો કેટલી રકમનો વિમો ઉતારવામાં આવ્યો, અને

(૨) આ વીમાની રકમનું પ્રિમીયમ સરકારે કેટલું ભર્યું તેમજ આ પ્રિમીયમ સરકારે કેટલા વરસ સુધી ભરવાનું રહે છે ?

**જવાબ**

(૧) તા.૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩ સુધીમાં ૩,૦૦,૦૦૦ તથા તા.૧-૬-૧૩ થી તા.૩૧-૫-૨૦૧૪ સુધીમાં ૩,૧૦,૦૦૦ વિકલાંગોનો દરેકનો રૂા. એક લાખનો વિમો ઉતારવામાં આવેલ છે.

(૨) કુલ-રૂા.૩૯,૫૦,૦૦૦/- નું પ્રિમીયમ ભરેલ છે, જે દર વર્ષે ભરવાનું રહે છે.

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ**

૧૦૨૫૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ક્યા તાલુકાઓમાં આશ્રમશાળાઓ કાર્યરત છે, અને

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના નીચેના તાલુકાઓમાં આશ્રમશાળાઓ કાર્યરત છે.

| **તાલુકો** | **અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓ** | **વિકસતિ જાતિની આશ્રમશાળાઓ** |
|---|---|---|
| ઈડર | ૩ | ૨ |

| | | |
|---|---|---|
| પ્રાંતિજ | ૧ | ૩ |
| ખેડબ્રહ્મા | ૦ | ૪ |
| હિંમતનગર | ૪ | ૫ |
| તલોદ | ૧ | ૧ |

(૨) તલોદ તાલુકાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ગામોને માધ્યમિક શિક્ષણની સુવિધા જેમાં નથી તેવા ગામોમાં નવિન આશ્રમશાળાઓ શરૂ કરવાનું આયોજન છે કે કેમ ?

(૨) હાલમાં કોઇ આયોજન નથી.

---------

**રાજ્યની કોર્ટોના પડતર કેસોનો નિકાલ કરવા લીધેલ પગલાં**

૯૦૭૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જુદી જુદી કોર્ટોમાં પડતર રહેલ કેસોનો નિકાલ કરવા અને લોકોને ઝડપી ન્યાય મળે તે માટે સરકારે ક્યા પગલાં લીધાં ?

એચબી–૨૧૯–૧૫

**જવાબ**

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરેલ છે. તે માટે ન્યાયધિશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ નવી જગ્યાઓ મંજુર કરેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયધિશોની કોર્ટ ૩૪ સીનીયર સિવિલ જજની કોર્ટ અને ૪૩ સિવિલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં આવેલ કોર્ટોમાં માળખાગત સુવિધાઓ જેવી કે ઝેરોક્ષ મશીન, ફેક્ષ મશીન, ફરનીચર, ઇન્ટરકોમ ફેસેલીટી, મોબાઇલ સ્ટોરેજ સિસ્ટમ, લેન પ્રિન્ટર, કોમ્પ્યુટર પુરી પાડવામાં આવેલ છે. આ માટે રૂ.૨૧,૪૨,૧૫,૦૦૦/– નો ખર્ચ થયેલ છે. સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં કોર્ટ બિલ્ડીંગ, ન્યાયધિશો અને સ્ટાફના રહેણાંકના મકાનો વગેરે માટે રૂ.૬૯૦ કરોડની વહીવટી મંજુરી આપેલ છે. રાજ્યના તાબાના તમામ ન્યાયધિશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેદમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે. તથા સને ૨૦૧૩–૧૪ વર્ષ દરમ્યાન ન્યાયધિશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયલય સહિતના ન્યાયલયો માટે રૂ.૪૫૦/– કરોડના ખર્ચે લેપટોપની સુવિધા પુરી પાડેલ છે. તે જ રીતે એ.પી.પી. ઓ માટે રૂ.૨/– કરોડના ખર્ચે લેપટોપ ઇ–લાયબ્રેરીની સુવિધા પુરી પાડેલ છે. તેમજ એ.પી.પી. ઓને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં દિવસની સઘન તાલીમ પુરી પાડેલ છે જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૪) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓ સને ૨૦૧૩ માં અનુક્રમે કુલ ૧૦૯૮૯ લોક અદાલતો યોજવામાં આવેલ. સને ૨૦૧૩ માં ૪૧૬૭૦૭ કેસો પૈકી ૨૨૩૩૬૧ કેસોનો નિકાલ થયેલ છે અને ૧૩૯.૯૪ કરોડનો એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે.

(૫) રાજ્યમાં આવેલ ૨૨ જિલ્લાઓમાં મીડીયેશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે જેમાં સમાધાનલાયક કેસો મુકવામાં આવે છે. આ પદ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય

છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછુ કરવામાં મદદ કરે છે.

---------

**રાજુલા તાલુકાના મજાદર ગામનું નામ કાગધામ તરીકે નામાંકન કરવા બાબત**

૯૧૨૭ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજુલા તાલુકાના મજાદર ગામનું નામ કાગધામ તરીકે નામાંકન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂરી અપાયેલ છે કે કેમ, અને | (૧) બાબત વિચારણા હેઠળ હતી. |
| (૨) જો હા, તો મજાદર ગામનું નામ કાગધામ નામાંકન કરવા માટેની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) ઉપર મુજબ. |

---------

**સરસ્વતી સાધના યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં સહાય**

૧૧૦૪૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરસ્વતી સાધના યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓની કેટલી અરજી તાલુકાવાર મળી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી ના મંજૂર કરી તથા કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા રૂપિયાની કેટલી સાયકલો આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓઃ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૦૨ | ૧૫૭ | ૧૫૯ |
| ૨ | ઇડર | ૩૦ | ૨૩૯ | ૨૬૯ |
| ૩ | વડાલી | ૦૫ | ૭૮ | ૮૩ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૪ | ૩૬ | ૫૦ |
| ૫ | પ્રાંતિજ | ૦૦ | ૬૬ | ૬૬ |
| ૬ | તલોદ | ૦૧ | ૭૪ | ૭૫ |
| ૭ | વિજયનગર | ૧૮ | ૧૫ | ૩૩ |
| ૮ | મોડાસા | ૦૩ | ૯૦ | ૯૩ |
| ૯ | બાયડ | ૦૯ | ૫૮ | ૬૭ |
| ૧૦ | ભીલોડા | ૦૩ | ૭૬ | ૭૯ |
| ૧૧ | ધનસુરા | ૦૨ | ૩૭ | ૩૯ |
| ૧૨ | માલપુર | ૦૩ | ૦૯ | ૧૨ |
| ૧૩ | મેઘરજ | ૩૦ | ૧૦ | ૪૦ |
| | **કુલઃ** | **૧૨૦** | **૯૪૫** | **૧૦૬૫** |

(૨)

| ક્રમ | વર્ષ | મંજુર | ના મંજુર | પડતર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૧૨૦ | ૦ | ૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૯૪૫ | ૦ | ૦ |
| | **કુલઃ** | **૧૦૬૫** | **૦** | **૦** |

(૩)

| ક્રમ | વર્ષ | રૂપિયા | સાયકલની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૨૯૫૪૭૦.૦૦ | ૧૨૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૨૩૩૫૫૨૯.૦૦ | ૯૪૫ |
| | **કુલઃ** | **૨૬૩૦૯૯૯.૦૦** | **૧૦૬૫** |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં ચૂકવેલ આંતરજ્ઞાતિય લગ્ન સહાય**

૧૦૨૬૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી તથા કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, તથા તેનાં કારણો શાં છે?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | તા.૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૩૩ | ૨૫ | ૫૮ |
| ૨ | મોરબી | ૭ | ૫ | ૧૨ |
| | **કુલઃ** | **૪૦** | **૩૦** | **૭૦** |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ | | તા.૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ | | કુલ તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર અરજીઓ | ચૂકવેલ સહાય | મંજુર અરજીઓ | ચૂકવેલ સહાય | મંજુર અરજીઓ | ચૂકવેલ સહાય |
| ૧ | રાજકોટ | ૩૧ | ૧૫.૫૦ | ૨૪ | ૧૨.૦૦ | ૫૫ | ૨૭.૫૦ |
| ૨ | મોરબી | ૭ | ૩.૫૦ | ૫ | ૨.૫૦ | ૧૨ | ૬.૦૦ |
| | **કુલઃ** | **૩૮** | **૧૯.૦૦** | **૨૯** | **૧૪.૫૦** | **૬૭** | **૩૩.૫૦** |

(૩) શૂન્ય.

---------

**અમરેલી જિલ્લામાં લઘુમતી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

૯૭૮૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં લઘુમતી સમાજના વિદ્યાર્થીઓને પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે મળતી શિષ્યવૃત્તિ યોજનામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલી અરજીઓ આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી અને કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર કુલ–૨૦,૨૯૦ અરજીઓ આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુલ અરજીઓ |
|---|---|
| અમરેલી | ૪,૨૦૬ |
| કુંકાવાવ | ૫૯૦ |
| લાઠી | ૧,૨૭૩ |
| બાબરા | ૯૯૭ |
| ધારી | ૧,૪૪૧ |
| બગસરા | ૧,૦૫૬ |
| ખાંભા | ૯૦૨ |
| રાજુલા | ૨,૧૨૩ |
| જાફરાબાદ | ૧,૬૧૭ |
| સાવરકુંડલા | ૪,૧૫૨ |
| લીલીયા | ૧,૯૩૩ |
| **કુલઃ** | **૨૦,૨૯૦** |

(૨) ૨૦,૧૩૧ અરજીઓ મંજુર કરી
૧૫૯ અરજીઓ નામંજુર કરી
એક પણ અરજી પડતર નથી.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ ૨૦૧૨-૧૩ રૂ.લાખમાં | વર્ષ ૨૦૧૩-૧૪ રૂ.લાખમાં | કુલ રૂ.લાખમાં |
|---|---|---|
| ૨૦.૮૧ | ૧૪૧.૩૯ | ૧૬૨.૨૦ |

---------

## વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન

અધ્યક્ષશ્રી : આજે સન ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૨૦૦૧, ૨૦૦૧-૨૦૦૨ અને ૨૦૦૨-૦૩ ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન છે. આ માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવતા સભાગૃહના ધ્યાન ઉપર મૂકવાનું કે વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૩(૪) ની જોગવાઇ મુજબ વધારાના ખર્ચની માગણીઓની બાબતમાં અંદાજપત્રમાની માગણીઓ બાબતમાં જે કાર્યરીતિ અનુસરવામાં આવે છે તે જ કાર્યરીતિ અધ્યક્ષ તેમાં ફેરફાર કરે તે સિવાય અનુસરવામાં આવે છે. વિધાનસભાએ મંજૂર કરેલ નાણા કરતા કોઇ વર્ષમાં વધારે ખર્ચ થઇ ગયો હોય તો તેવા કિસ્સામાં ઉંડી તપાસ કરીને તે ખર્ચને નિયમિત કરવા માટે જાહેર હિસાબ સમિતિ ગૃહને ભલામણ કરે છે. આ ભલામણ પછી ગૃહે મંજૂર કરેલા ખર્ચ કરતા થયેલ વધારાના ખર્ચને નિયમિત કરવા સારુ આ વધારાની માગણીઓ રજૂ કરવામાં આવે છે. આમ આ ખર્ચ તો ક્યારનો ય થઇ ગયેલ છે. ઉપરાંત વધારાના ખર્ચ સંબંધમાં જાહેર હિસાબ સમિતિએ વિગતવાર તપાસ કરીને તેનો અહેવાલ પણ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો હોવાથી હવે તો બંધારણીય જોગવાઇ પ્રમાણે આ ખર્ચ નિયમિત કરવો જરૂરી છે, તેથી સરકાર સભાગૃહ પાસે આવી છે. આવી જાહેર હિસાબ સમિતિએ થયેલા વધારાના ખર્ચ સંબંધે ઉંડાણપૂર્વક તપાસ કરેલ હોવાથી પ્રસ્થાપિત પરંપરા અનુસાર વધારાના ખર્ચની માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા કરવામાં આવતી નથી અને માગણીઓ સીધી ગૃહના મત ઉપર મૂકવામાં આવે છે, તેથી હું નાણામંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ રજૂ કરવા વિનંતી કરું છું.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩ ના વર્ષ માટેના વધારાના *ખર્ચની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવું છું.

સન ૧૯૯૯-૨૦૦૦ ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૯-૨૦૦૦ ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૪,૭,૮,૯,૧૦,૧૭,૧૮,૨૨, ૨૩, ૪૨,૫૫, ૫૬, ૬૬, ૬૭, ૭૪, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૦ રજૂ કરું છું.

**વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૪,૭,૮,૯,૧૦,૧૭,૧૮, ૨૨, ૨૩, ૪૨,૫૫, ૫૬, ૬૬, ૬૭, ૭૪, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

સન ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

---

* સન ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩ ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ વધારાના અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૦–૨૦૦૧ ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંકઃ ૭, ૮, ૯, ૧૨, ૨૧, ૨૫, ૩૮, ૪૨, ૪૬, ૬૬, ૬૭, ૭૪, ૮૦, ૮૧, ૮૬, ૮૮, રજૂ કરું છું.

**વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૭, ૮, ૯, ૧૨, ૨૧, ૨૫, ૩૮, ૪૨, ૪૬, ૬૬, ૬૭, ૭૪, ૮૦, ૮૧, ૮૬, ૮૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

સન ૨૦૦૧–૨૦૦૨ ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૧–૦૨ ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૭, ૧૨, ૩૬, ૬૧, ૬૬, ૭૩, ૭૫, ૮૨ અને ૧૦૨ રજૂ કરું છું.

**વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૭, ૧૨, ૩૬, ૬૧, ૬૬, ૭૩, ૭૫, ૮૨ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

સન ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૦૨–૦૩ના વર્ષ માટેની વધારાની ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૩૦, ૪૦, ૪૨, ૪૬, ૬૧, ૬૯, ૭૩, ૭૮, ૮૦, ૮૬, અને ૧૦૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૩૦, ૪૦, ૪૨, ૪૬, ૬૧, ૬૯, ૭૩, ૭૮, ૮૦, ૮૬, અને ૧૦૪ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : નેકસ્ટ. સામાન્ય રીતે બિનસરકારી કામકાજ તે બપોર પછી હોય છે.

**વિરામનો સમય રદ કરવા બાબત**

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બિન સરકારી કામકાજ જે છે તે રિસેસ રદ કરીને પૂર્ણ કરીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સંમત છીએ.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય રદ કરવામાં આવે છે અને બિન સરકારી કામકાજ હાથ ધરવામાં આવે છે.

## બિનસરકારી સંકલ્પો

રાજયના સર્વાંગી વિકાસ માટેની વિવિધ યોજનાઓના લક્ષ્યાંકો સમય મર્યાદામાં સિદ્ધ કરવા બાબત

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) :માનનીય અધ્યક્ષશ્રી, દેશના પ્રગતિશીલ રાજયોમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. છેલ્લા દશકા દરમિયાન ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓનાં સોપાનો સર કરેલ છે. જે પૈકી ઔદ્યોગિક વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ, આરોગ્ય ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ, શૈક્ષણિક ક્ષેત્રે નવી ક્ષિતિજો, શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરી એવી અનેક માળખાકીય સુવિધાઓ, વનબંધુ અને સાગરખેડૂ જેવી અનેક યોજનાઓ દ્વારા ગુજરાત સતત પ્રગતિના શિખરો સર કરી રહેલ છે. ગુજરાતની આ વિકાસયાત્રાને વધુ વેગવંતી બનાવવાના નિર્ધાર સાથે ૧૦૦ દિવસ લક્ષ્યાંકનો આ સરકારે નિર્ધાર કરેલ છે. જે અંતર્ગત મહિલાઓના સશક્તિકરણ માટે મિશન મંગલમ્ જેવી યોજના હેઠળ ૪૦૦૦ નવા જૂથોની રચના, હાઉસિંગ અને રોજગારીના લાભાર્થીઓને આવરી લેતા ૫૦૦૦ સેલ્ફ હેલ્પ ગૃપની રચના તેમજ શહેરી મહિલા સંમેલનો થકી મહિલાઓના સશક્તિકરણનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિધવા બહેનો માટે કલ્યાણકારી અભિગમ અને મહિલા સુરક્ષા સમિતિનો વ્યાપ વધારવાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરાંત સુરક્ષાસેતુ યોજના હેઠળ ૨૬૦૦૦ બહેનોને સ્વરક્ષણની તાલીમ આપવાનું પણ આયોજન છે. જરૂરિયાતવાળા બાળકોના આરોગ્યની ચકાસણી, આંગણવાડીની બહેનોને તાલીમ, દૂધ સંજીવની યોજના હેઠળ આદિજાતિ તાલુકાઓમાં બાળકોને ફલેવર્ડ દૂધનું વિતરણ જેવી

બાળપોષણ યોજનામાં પણ ૧૦૦ દિવસનો સરકારનો લક્ષ્યાંક છે. વધુમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન હેઠળ ૨૫૦૦ ગામોમાં ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન, નગરપાલિકાઓને આવા વ્યવસ્થાપન માટે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે સાધનોની ફાળવણી, ૫૦,૦૦૦ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ કરવા અને ૮૫,૦૦૦ નવા શૌચાલયો મંજૂર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ ૧૦૦ દિવસમાં તાલુકા કક્ષાએ સ્વાગત કાર્યક્રમનું સુદ્ઢઢીકરણ, નવા ૨૫ જનસેવા કેન્દ્રોની મંજૂરી, દરેક નગરપાલિકા અને પ્રાંત કક્ષાએ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન, ૫૦૦૦ જેટલા વનબંધુઓને અધિકારપત્ર અર્પણ કરી જાહેર સેવા વ્યવસ્થાપનનું સુદ્ઢઢીકરણ કરવા રાજય સરકાર કટિબદ્ધ છે. ૧૦૦ દિવસમાં વારસાઇ માટેની પડતર નોંધો અને અન્ય તમામ પડતર નોંધોનો નિકાલ, આદિજાતિ વિસ્તારોમાં વારસાઇ નોંધો પાડવા માટે ખાસ ઝૂંબેશ, બાકી કમી જાસ્તી પત્રક ઝૂંબેશ સ્વરૂપે ગ્રામ દફતરી અમલ કરવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મહેસૂલ રેકર્ડ અદ્યતન કરવાનું આયોજન, વર્ષ દરમિયાન રાજય સરકાર હેઠળ આવતી જુદી જુદી ૨૦,૦૦૦ જગ્યાઓ પર નવી ભરતી કરી વહીવટને સુદ્ઢઢ બનાવવા પણ સરકાર કટિબદ્ધ બની છે. નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના હેઠળ રૂ.૭૮૦ કરોડના પ્રોજેકટના વર્ક ઓર્ડર અને પીવાના શુદ્ધ પાણી માટે રૂ.૨૩૦ કરોડના પ્રોજેકટને મંજૂરી આપી, ગુજરાત અર્બન મિશન હેઠળ શહેરોમાં માળખાકીય સુવિધાઓ વધુ સદ્ઢઢ બનાવવા સરકારે આયોજન કરેલ છે. એફોર્ડેબલ હાઉસીંગ યોજના હેઠળ રાજયમાં ૧ લાખ નવા મકાનો માટે આયોજન કરવામાં આવેલ છે તથા રાજયની ૫૦૦ સ્માર્ટ શાળાઓમાં ઇ–લર્નીગનો અમલ, તમામ શાળાઓમાં આગામી ૧૦૦ દિવસોમાં નિર્મળ શાળા અભિયાન, રોજગાર ભરતી મેળા જેવા અનેકવિધ પગલાં સાથે ગુજરાત વધુ ગતિશીલ બની રહ્યું છે, ત્યારે સમાજના તમામ વર્ગો રાજય સરકારના આ અભિયાનને સુપેરે પરિપૂર્ણ કરવા સાથ અને સહકાર આપે સાથે સાથે રાજય સરકાર પણ આ લક્ષ્યાંકો નિયત દિવસોમાં સિદ્ધ કરવા વધુ અસરકારક પગલાં ભરે તે માટે આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વમાં ટી.વી.ઈફેકટ, ફેસબૂક, વોટ્સ એપ, બ્લોક, ટવીટર, એસ.એમ.એસ., ઇન્ટરનેટ જેવી અનેક આધુનિક ટેકનોલોજીના કારણે ઝડપ વધી છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સમગ્ર દુનિયા આજે એક સંદેશ એક છેડેથી બીજે છેડે આખી દુનિયામાં જો ક્યાંય પણ આપવો હોય તો એક સરળ ઘટના છે અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આજે જેમ બૂલેટ ટ્રેનની ઝડપ આખા હિન્દુસ્તાનની જનતા ઝંખી રહી છે તેવી જ રીતે ગુજરાત સરકાર પણ ૧૦૦ દિવસોમાં આ મહત્વના કામ પૂર્ણ કરીને દુનિયાની જે ઝડપ છે એ ઝડપે, તેજ ગતિએ જે રફતાર લોકો જેને પૂજે છે, તે જ ઝડપથી ગુજરાત સરકાર કામ કરવા માગે છે અને તેનું સ્વાગત કરવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પ ૧૦૦ દિવસનો છે, ૨૪૦૦ કલાક અને કામના ૮૦૦ કલાકથી ૧૦૦૦ કલાક. ગુજરાત સરકારનો નિર્ધાર મહિલા સશક્તિકરણ અને મિશન મંગલમ્ યોજના, બાળકોના આરોગ્યની ચકાસણી, આંગણવાડીના બહેનોને તાલીમ, દૂધ સંજીવની યોજના આદિજાતિ તાલુકામાં, મહાત્મા ગાંધીજી સ્વચ્છતા અભિયાન, શૌચાલયો, સ્વાગત કાર્યક્રમનું સરળીકરણ, ગરીબ કલ્યાણ મેળા, જાહેર સેવા વ્યવસ્થાપન, વારસાઇની પડતર નોંધો, નવી ભરતી, ભૂગર્ભ ગટર યોજના, શુધ્ધ પીવાનું પાણી, અર્બન યોજનાઓમાં માળખાકીય સુવિધાઓ, એફોર્ડેબલ હાઉસીંગ યોજના, નિર્મળ શાળા, સ્માર્ટ શાળા અનેક સેવાના કામો લઇને આવનારા ૧૦૦ દિવસોમાં સરકાર આ કામ પૂરા કરવાનો સંકલ્પ કરે છે, નિર્ધાર વ્યકત કરે છે. ભાજપ સરકાર આ પ્રજાભિમુખ વહીવટ કરવા સંકલ્પબધ્ધ સેવાનો સંકલ્પ એ જ આજનો આ સમયનો તકાદો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો હતો કે, જ્યારે એક તલાટીને મળવું હોય તો એના કરતા સરળ તો મુખ્યમંત્રી હતા. એ જમાનાની વાત કરીએ તો તલાટી ગામનો રાજા, કોઇ કામ થાય નહીં, પડતર નોંધો, સરકારી તંત્રમાં લોકો ધક્કા ખાય, ગામના દફતરે તલાટી બેસે-નહીં બેસે એના કોઇ સમયનું ઠેકાણું નહીં, મહિનાઓ સુધી ન આવે, એન્ટ્રી પડતા વાર લાગે, વરસે વરસે પણ એન્ટ્રી સર્ટીફાઇડ થાય નહીં, રજિસ્ટ્રાર લઇને મામલતદાર પાસે તલાટી જાય, મામલતદાર સહી કરે નહીં કરે, એમાં અમુક એન્ટ્રીમાં કવેરી રહી જાય

તો ત્યાર પછીના બધા જ લોકોના દિવસો પરિપૂર્ણ થતા હોવા છતાં પણ એ એન્ટ્રી પડે નહીં. મને કહેવા દો કે એ તલાટીઓ તે જમાનામાં મર્સીડીસ ગાડી લઇને ફરતા હતા એ જમાનો આજે ગયો. એ જમાનામાં ૧૩–ડી ની નોટિસનું મેનેજ કરી લેતા હતા અને યોગ્ય અરજદાર પાસે નોટિસ પણ પહોંચતી ન હતી પણ આજે જમાનો બદલાયો છે, ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે. આ શાસનમાં ઇ–ધારા આપણે લાવ્યા, મામલતદારને સત્તા સોંપી અને તમામ રેકર્ડ કોમ્પ્યુટરાઇઝડ કર્યા, ખેડૂત પોથી આપી, ફોટા સાથેનું મહેસૂલ પત્ર આપ્યું, દસ્તાવેજોમાં પણ આજે આપણે બે મિનિટમાં દસ્તાવેજ પરત આપે છે. કોંગ્રેસના શાસનમાં વીસ વીસ વર્ષે અસલ દસ્તાવેજ મહેસૂલમાં આવતા ન હતા. આપણે ૧૯૮૯–૯૦થી રેકર્ડ કોમ્પ્યુટરાઇઝડ કરવાનું શરૂ કર્યું અને ૨૦૦૪થી ઓન લાઇન કરીને સમગ્ર મહેસૂલની અંદરની જે પદ્ધતિ હતી એને પારદર્શક બનાવી છે.

ખેડૂત ખાતેદારનો હક તબદિલ કરવા માટે ૪૨ પ્રકારના ફેરફાર હોય છે. એ વેચાણ હોય, એ વીલના મારફત વારસાઇ હોય, મરણના મારફત વારસાઇ હોય કે બીજી અનેક પ્રકારની એની નોંધો પાડવાની હોય ત્યારે હજાર હજાર ગામડાઓની અંદર આપણે આ કામ સરળતાથી કરી શકીએ એના માટે આ વારસાઇ હક મળે એના માટે ગુજરાત સરકાર ખૂબ પ્રમાણિકતાથી કામ કરીને ૩૦ દિવસમાં એ એન્ટ્રી પ્રમાણિત કરીને લાખો કરોડો પ્રત્યેક ખેડૂતોના હિતનું કામ કરે છે અને એને લોન જોઇતી હોય, મોર્ગેજ મેળવવા માટે જોઇતી હોય ૭/૧૨, એને પ્રોપર્ટી કાર્ડ રજૂ કરવાનું હોય, એના બાળકોના અભ્યાસ અર્થે રજૂ કરવાની હોય ત્યારે આ ૭/૧૨ અને ૬ની એન્ટ્રી એ ગરીબ માણસનું હાર્ટ છે અને એ એને તરત એફોર્ડેબલ થાય છે ઓન લાઇનના માધ્યમથી આ ક્ષતિ દૂર કરવાનું, વારસાઇ કરીને આપણે એને લોન કે જામીનમાં આ ૭/૧૨ તાત્કાલિક પૂરી પાડીએ, જમીન વળતરના કેસમાં પણ એને આ ૭/૧૨ અને ૬ સરળતાથી મળે. ૩૦–૬–૨૦૧૪ના રોજ ૧,૩૦,૬૨૨ કેસો શોધી કાઢવામાં આવ્યા છે. ૨૬,૩૦૪ વારસાઇની પણ આપણે નોંધ આપણે કરેલ છે ત્યારે આ કામ દ્વારા સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે.

રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પૂર્ણેશકુમાર મોદી ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસનો જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને એ અંગે મારા વિચારો વ્યક્ત કરવાની રજા માગું છું.

સમગ્ર દેશની અંદર એક પેરામીટર આપણે જો વિકાસનું જોઇએ તો વસતિ વૃદ્ધિ દર જે છે એ સમગ્ર દેશનો ૧૭.૭ ટકા છે. જ્યારે ગુજરાતનો વસતિ વૃદ્ધિ દર જે છે એ ૧૯.૩ ટકા છે. એનો મતલબ એ થયો કે સમગ્ર દેશમાંથી ગુજરાતમાં લોકો રોજગારી માટે અને સારું જીવન જીવી શકે એની શોધ માટે આવતા હોય છે અને એટલા જ કારણે શહેરોનો જે વસતિ વૃદ્ધિ દર છે એ ગુજરાતમાં ૩૬ ટકા છે. થોડા સમય પહેલાં ભાઇશ્રી ધાનાણી કહેતા હતા કે ગુજરાતની અંદર શહેરોમાં વસતિ વધારે છે પણ એનું કારણ એ છે કે, વિકાસ માટેની જે તકો છે એ ગુજરાતે ઉપલબ્ધ કરેલી છે. ઘરગથ્થું ઉત્પાદનની અંદર પણ આપણે જોઇએ તો ચાલુ ભાવે ૧૨.૭ ટકાનો વૃદ્ધિ દર આપણને જોવા મળે છે જ્યારે દેશનો વૃદ્ધિ દર જે છે એ ૪.૫ ટકા કરતાં પણ ઓછો છે. ગુજરાતની જે ગતિશીલતા છે એ આપણે માથાદીઠ આવકમાં પણ જોઇ શકીએ. સમગ્ર દેશની અંદર ચાલુ ભાવે માથાદીઠ આવક ૬૭૮૩૯ રૂપિયા છે એની સામે ગુજરાતની અંદર માથાદીઠ આવક રૂપિયા ૯૬,૯૭૬ છે. ગુજરાત તમામ ક્ષેત્રે વિકાસ કરી રહેલ છે અને ગુજરાત સરકારે આ ગતિશીલ ગુજરાતને વધારે વેગવાન ગતિશીલ બનાવવા માટે ૧૦૦ દિવસનો કાર્યક્રમ નક્કી કર્યો છે.

રાજ્ય સરકારને હું અભિનંદન આપવા માગું છું કે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યની અંદર જે ગામડાઓ છે એવા ૨૫૦૦ ગામડાઓની અંદર ઘન અને પ્રવાહી કચરાની વ્યવસ્થાપન કરવા માટેની જોગવાઇ કરી છે. નિર્મળ ગામ અભિયાન ૨૦૦૭–૦૮માં આપણે લીધું હતું એના અંતર્ગત આગળ જઇને આ ૨૫૦૦ ગામડાઓની અંદર વ્યવસ્થાપન ઉભું કરવામાં આવશે. રાજ્યની અંદર જે નગરપાલિકાઓ છે એ તમામ નગરપાલિકાઓની અંદર આજે ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધારે રકમના સાધનો રાજ્ય સરકાર આગામી ૧૦૦ દિવસની અંદર ઉપલબ્ધ કરનાર છે. આ બાબતે ખૂબ આનંદ થાય છે કે આજે ગુજરાતની અંદર સામાન્ય રીતે મહાનગરપાલિકામાં તો આપણે આંતરમાળખાકીય સુવિધા જોઇ શકીએ છીએ, પણ

નગરપાલિકાઓ જે છે એમાં રાજયમાં આવેલી ૧૪૯ નગરપાલિકાઓમાં દરેકની અંદર આજે પાણી અને ગટર વ્યવસ્થા માટેની સુવિધા ઉપલબ્ધ કરવા માટેની કોશિશ કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે સોલીડ વેસ્ટ માટે જે આદેશ આપ્યો હતો અને જે નિયમો ૨૦૦૦માં બનાવ્યા છે એનું પાલન થાય એ માટેની કાર્યવાહી કરીને ઝીરો વેસ્ટ સીટી બનાવવા માટેની કાર્યવાહી રાજ્ય સરકારે હાથ પર લીધી છે.

આજે નગરપાલિકા માટે ભૂગર્ભ ગટર યોજના માટે ૭૮૦ કરોડ રૂપિયા જેટલી રકમ અને પીવાના પાણી માટે ૨૩૦ કરોડ રૂપિયાની રકમ રાજ્ય સરકારે ફાળવી છે. રાજ્ય સરકારે ગુજરાત અર્બન મિશન મારફતે ગટર યોજના અને પાણી માટે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવા માટે પ્રયત્નો કરેલા છે. ગામડાઓની અંદર પણ ર્બન પ્રોજેકટ નીચે ૨૫૦ ગામોની અંદર ગટર વ્યવસ્થા કરવા માટેની વ્યવસ્થા કરી છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે રાજ્ય સરકારે ગતિશીલ ગુજરાત અંતર્ગત મહાનગરપાલિકા અને નગરપાલિકાના તમામ સફાઇ કામદારોનો મેડિકલ ચેક અપ કરવા માટેનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે ૨૦૦૯થી ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ કર્યા હતા અને આગામી દિવસોમાં તમામ પ્રાંત અને નગરપાલિકાઓની અંદર ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવશે. વનબંધુ કાર્યક્રમ નીચે ૫૦૦૦ જેટલા આદિવાસી ભાઇ બહેનોને અને કુટુંબોને અધિકારપત્રો આપવા માટેનું આયોજન છે. તેથી માનનીય ધારાસભ્યશ્રી આ પ્રસ્તાવ લઇને જે આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પૂર્ણેશભાઇ મોદી જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પહેલેથી જ સમૃદ્ધ છે અને આ સમૃદ્ધ ગુજરાતમાં જે ઉદ્યોગોની વાત તેમણે કરી આ ઉદ્યોગોમાં આ ગુજરાત ૧૯૯૧–૯૨માં નંબર વન હતું, તે વખતે મૂડીરોકાણ સૌથી વધારે હતું. આજે વાયબ્રન્ટ ગુજરાત જે સમીટ જે છ જેટલા કર્યા છતાંય આજે આપણે પાંચમા ક્રમે છીએ. મૂડીરોકાણ સૌથી ઓછું છે ત્યારે પરિસ્થિતિ એ છે કે, તેનાથી જે રોજગારી મળવી જોઇએ તે રોજગારી મળી શકતી નથી. જે કામ આપણે ચૌદ વર્ષમાં ના કરી શકયા તે આજે સો દિવસમાં કરવાની વાત આ સંકલ્પમાં લઇને આવ્યા છે ત્યારે મારે એમની પાસેથી એ જ જાણવું છે કે, ખરેખર જે લોકોની જરૂરિયાત છે તે જરૂરિયાત પ્રમાણેનું કામ થઇ શકયુ નથી. ખાસ કરીને મહિલા અને બાળવિકાસમાં જે કૂપોષણની જે અત્યારે સૌથી વધુ કુપોષણ ગુજરાતમાં અને તે ૫૦ ટકા કુપોષણ ટ્રાયબલ વિસ્તારમાં છે. એના માટે સુપ્રીમ કોર્ટે પણ ગાઇડ લાઇન આપી છે અને આ જે પૂરક પોષણ જે તાજો મળવો જોઇએ, છતાં આજની તારીખ સુધી ચાર–ચાર મહિના સુધી તેમના ટેન્ડરો ખુલી શકતા નથી, તો આ કઇ સરકાર? ચાર મહિના સુધી જેના ટેન્ડરો ના ખુલે તો આ પોષણ તેમને કઇ રીતે આપવામાં આવે છે? અને બીજુ સાહેબ, આ પોષણ આપવા માટે જે પદ્ધતિ છે ૨૦૦૯થી ઘઉં અહીંયાથી રાજસ્થાન મોકલાય, ત્યાં કોટા દાલમીલમાં જાય, ત્યાંથી પાછા એ તૈયાર કરે અને સાહેબ કોઇ ડેઇટ પણ નહીં લખવાની. આ વિભાગના, આ સરકારના મંત્રીએ પણ સ્વીકાર્યુ છે સાહેબ, જે પેકેટ બને છે તે પેકેટમાં કોઇ ડેઇટ નથી હોતી. નથી તેની પ્રોડકશન ડેઇટ કે નથી એકસ્પાયરી ડેઇટ તો આવો જે માલ આવે છે અને જે માલ સરકાર સ્વીકારે છે આ પદ્ધતિ ખોટી છે, આ ગેરકાયદેસર પ્રવૃત્તિ છે. સરકારે આટલા વર્ષો સુધી ચલાવી અને તેના લીધે બાળકોને આજે કુપોષણમાં સપડાવુ પડયુ છે. જયારે સભ્યશ્રી સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે મંત્રીશ્રીને અનુરોધ કરો કે આમાં કોઇ ફેરફાર કરે. લગભગ ૫૯૨ કરોડ રૂપિયા જેવી મોટી રકમ અને આ વખતે તો ૯૪૭ કરોડ રૂપિયા જયારે આપણે ફાળવીએ છીએ ત્યારે આનો સદ્ઉપયોગ થવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરી કે આંતરરાષ્ટ્રીય કક્ષાની આરોગ્યની સુવિધા, સાહેબ ગામડાંમા ડોકટરો નથી, સાધનો પણ પૂરતાં નથી. પહેલા જે પ્રાયમરી સુવિધાઓ દર્દીઓને મળવી જોઇએ તે પહેલાં પૂરી કરો પછી આપણે આગળ વાત કરીએ. આ વન અધિનિયમ ૨૦૦૬ પ્રમાણે તેમણે કહ્યું કે સો દિવસમાં પાંચ હજાર અધિકાર પત્રો આપીએ. આ જે કાયદો છે તે ૨૦૦૬ વન અધિનિયમ, ૨૦૦૯થી આપણે અમલ કરી રહ્યા છીએ. સમગ્ર દેશમાં સૌથી ઓછું જો કામ થયુ હોય તો આપણા ગુજરાતમાં થયુ છે. ૧,૯૨,૦૦૦ જે અરજીઓ આવી તેમાં ફકત અને ફકત ૬૩ હજારના ૩૩ ટકા પણ કામ નથી કરી શકયા.

એટલે મારી વિનંતી છે સાહેબ, કે આ કામ વહેલી તકે પૂર્ણ કરો. જે લોકો પાસે ડોકયુમેન્ટસ છે તે ડોકયુમેન્ટ ચેક કરીને જલદીમાં જલદી આ અધિકારપત્રો આપવા જોઇએ.

મહેસૂલી રેકોર્ડ અદ્યતન કરવાની બાબત તેમાં અત્યારે સરવે પણ થઇ રહ્યો છે. આ ઘણાં વર્ષો પહેલાં અંગ્રેજો વખતે પણ સરવે થયો હતો. તે વખતે સાહેબ સાંકળોથી સરવે થતો આજે સાહેબ લેટેસ્ટ ટેકનોલોજી આવી ગઇ, દૂરબીન આવી ગયા. દૂરબીન આવી ગયા તો એ વખતે જે સરવે થયો તેમાં ચોકકસ મારા મત પ્રમાણે જમીન વધવી જોઇએ. સરકાર સ્વીકારે છે કે પાંચ ટકા જમીન વધવી જોઇએ તો આ રેકોર્ડ અદ્યતન કરવુ જોઇએ. સાહેબ, આજે તો ભાઇઓ ભાગ પડી ગયા. જૂના વખતનું જે રેકર્ડ હતુ તે એક વડિલના નામે હતુ. આજે બીજા તેમના ભાઇઓના ભાગે જમીન પડી ગઇ. તો મારી વિનંતી છે અને બે જ બાબત તેમાં કહેવી છે કે, એક તો તેને લેન્ડમાર્ક કરો અને બીજુ અદ્યતન કરવુ હોય જે ખેડૂત ખરેખર અત્યારે કમાતો હોય, જે તેનો ભાઇ હોય, અને તેણે જે માપણી કરી છે તેનું માપ જોઇ અને તેને અધિકારપત્ર આપવુ જોઇએ.

બીજુ, સાહેબ  મામલતદાર ઓફિસમાં આજે પરિસ્થિતિ એ છે કે, ૭/૧૨, ૮(અ) ઉતારા, નમૂના નંબર-૬ અને આવકનો દાખલો, જાતિનો દાખલો દરેક બાબતમાં આજે વીસ રૂપિયાનો સ્ટેમ્પ કરવો પડે છે. વીસ રૂપિયા અને ત્રણ રૂપિયા બીજા વધારાના લેવાય છે એમ કરીને સાહેબ ટોટલ ૨૦૦/- રૂપિયાથી ઓછું થતું નથી. ત્યારે મારી મંત્રીશ્રીને પણ વિનંતી છે કે, આ બધી પદ્ધતિ બદલી નાંખો એટલા માટે કે આ પૈસામાંથી અગિયાર રૂપિયા સરકારના પક્ષે જાય છે અને નવ રૂપિયા જે કોઇ કોન્ટ્રાકટર હોય તેના ખાતે જાય છે. ત્યારે આ કોન્ટ્રાકટરો શાના માટે આપણે રાખીએ  છીએ? આ માણસો એવા છે સાહેબ કે તેને કોઇ જાતનો સરકારી હોદ્દો નથી હોતો ત્યારે આમા ઘણાં ગોટાળા થાય છે અને ઘણા ગોટાળા બહાર આવે છે ત્યારે આ માણસોને કાઢી નાખો અને સરકારી માણસો દ્વારા આ કામ કરાવો કે જેથી આમાંથી બચત થઇ શકે અને આ પૈસા લેવાનું આપણે બંધ કરીએ.  સાહેબ, રૂર્બન પ્રોજેકટમાં એમ કહેવામાં આવે છે કે, શહેરની સુવિધાઓ ગામડાંમાં આપવી તો છેલ્લા ત્રણ વર્ષમાં અત્યારે ગામડામાં જુઓ તો આ રૂર્બન પ્રોજેકટ જે ચાલે છે એમાં એ ખાડા ખોદી નાખ્યા અને આજે ત્યાં જે સીમેન્ટ, ક્રોક્રીટનો રસ્તો થવો જોઇએ એ નથી થયો. આજે લોકોને સાધન કાઢવાની મુશ્કેલી પડી ગઇ છે. એટલે આ જે પ્રોજેકટ હોય એ સો દિવસ નહીં પણ એક વર્ષમાં આપ પૂર્ણ કરો એવી મારી વિનંતી છે.

સાહેબ, આ વનબંધુ યોજના માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ ફેબ્રુઆરી, ૨૦૦૭માં એમ કહ્યું હતું કે, ટાઇમબાઉન્ડ પ્રોગ્રામ પાંચ વર્ષમાં ૧૫  હજાર કરોડ તમારા માટે, અને દસ મુદ્દાઓ આપ્યા સાહેબ, અને ૨૫૦થી ઓછી વસતિવાળા તમામ ગામ-ફળિયાઓને પાકા રસ્તાઓથી જોડી દેવાની વાત કરી હતી. આજે છઠ્ઠું વર્ષ અને સાતમું વર્ષ જાય છે આજે એ પૈસા વપરાઇ ગયા અને એ રસ્તાઓ બન્યા નહીં. આ તો સો દિવસની વાત કરો છો પણ આટલા છ-છ વર્ષ સુધી પણ ગામડાઓને રસ્તાઓ મળી શકયા નથી. એ જ રીતે પીવાના પાણીમાં ઘેરઘેરે નળ, રસોડા સુધી નળથી પાણી આપશે એમ કહેલું  પણ  આજે પણ અમને તો રસોડા સુધી નથી મળતું પણ હેન્ડપંપથી પણ પાણી નથી મળતું, સાહેબ, આજે હેન્ડપંપ કરવા જઇએ ત્યારે એમ કહેવામાં આવે છે કે બે ગુંઠા જમીન લખી આપો. આ તો ૭૩ (એએ) જમીન છે. તમે એવી કેવી રીતે અપેક્ષા રાખી શકો કે ૭૩(એએ) વાળો માણસ કે જેની પાસે અર્ધો એકર કે એક એકર જમીન છે એ કેવી રીતે પોતાના બે ગુંઠા લખશે?  થોડુંક લોજીક દોડાવીને આ બે ગુંઠાનું છે એ બંધ કરો અને એનો  કોઇ બીજો ઉકેલ લાવો કે જેથી કમસેકમ આ કામ ઝડપી બને. નહીં તો કદાચ મને તો એમ લાગે છે કે, આ એક બહાનુ મૂકીને આ પરિપત્ર કરી અને સરકારને એમ હોય કે આનાથી કામ ન થાય તો ચાલશે. લોકોને જે થવું હોય તે થાય, તો આ એમને એક બાબત મૂકી છે.

સાહેબ, સિંચાઇની પણ એવીને એવી વ્યવસ્થા છે કે અમારા વિસ્તારમાં કરોડો રૂપિયા વપરાઇ ગયા, પણ સિંચાઇની સુવિધા આજની તારીખે પણ મળી નથી. સાહેબ, RTE આવે છે. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો પ્રાયમરી વિભાગમાં મળવા જોઇએ, આજે ઇંગ્લીશ શબ્દ ન હોવાના કારણે, ગયા વખતે પણ મેં વિધાનસભામાં કહ્યું હતું કે તમે ઇંગ્લીશ વર્ડ વાપરો, તમે શું કામ ભાષા શબ્દ વાપરો છો? ભાષા શબ્દ વાપરવાને લીધે આજે પરિસ્થિતિ એ થાય છે કે, સંસ્કૃતવાળાને સારા ટકા હોવાના લીધે એ પહેલો સીલેકટ

થાય છે અને ઇંગ્લીશવાળો સીલેકટ થઇ શકતો નથી અને એના લીધે પ્રાયમરી વિભાગમાં ઇંગ્લીશના ટીચર નથી મળી શકતા, એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આમાં થોડોક ફેરફાર કરો. ભલે ઓછા ટકા હોય પણ ઇંગ્લીશવાળો તમે શિક્ષક રાખશો તો શિક્ષણનું ધોરણ સુધરશે.

બીજું, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકમાં પણ આજે ભરતી કરવામાં નથી આવી એના લીધે શિક્ષણ કથળ્યું છે તો વિનંતી છે કે, આમાં જે સંસ્થાઓ છે, જે સંસ્થાઓ માગણીદારો છે, એમને તાત્કાલિક ભરતી કરવાની અથવા તમારું જે કંઇ કેન્દ્રીયકૃત ભરતી હોય તો કેન્દ્રીયકૃત કરીને આ શિક્ષકોની ભરતી કરો એવી મારી વિનંતી છે અને સંકલ્પને સમર્થન આપતો નથી.

ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી માનનીય પૂર્ણેશકુમાર મોદી ગતિશીલ ગુજરાત સો દિવસનો જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ એ સતત અને નિરંતર પ્રક્રિયા છે. વિકાસ એ વીઝનથી થાય છે. વિકાસ એ કયારેય વિવાદથી થતો નથી. વિકાસ એ વાયદાથી પણ થતો નથી. વિકાસ એ વિશ્રાંતથી થતો નથી. વિકાસ વચનોથી પણ થતો નથી, વિકાસ એ વ્યવહારુ કાર્યકુશળતાથી થાય છે. વિકાસ વિશ્વાસથી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બાર વર્ષથી ગુજરાતની અંદર આદરણિય નરેન્દ્રભાઇના શાસનથી શરૂઆત કરીને ગુજરાતની વાત કરીએ તો એ દરેક ક્ષેત્રની અંદર ગુજરાતે, એમાં આરોગ્ય ક્ષેત્ર હોય, કૃષિ, શિક્ષણ, મહિલા-બાળ વિકાસ, ઉદ્યોગ, ઉર્જા, યાત્રાધામ, મત્સ્યોધોગ, વનબંધુ, આદિજાતિ વિકાસ આ બધા જ ક્ષેત્રોની અંદર સિધ્ધિઓના સોપાનો સર કરેલા છે અને જેને પરિણામે આ ગુજરાત આજે દેશનું એક મોડલ સ્ટેટ બની ગયું અને ગ્રોથ એન્જીન બન્યું છે. એના પરિણામે આજે દેશ અને વિદેશમાંથી લોકો આ મોડલ સ્ટેટ ગુજરાતને જોવા અને તેના અભ્યાસ માટે આવે છે એ આપણે સૌ જાણીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આનંદીબહેન પટેલ મુખ્યમંત્રીશ્રી બન્યાં અને વિકાસશીલ વાયબ્રન્ટ ગુજરાતમાંથી ગતિશીલ ગુજરાતના ૧૦૦ દિવસોનો એક લક્ષ્યાંક રજૂ કર્યો. એવું નકકી કર્યુ કે આવનાર ૧૦૦ દિવસમાં આ કાર્ય ગુજરાતમાં કરવું છે અને એ કામની શરૂઆત પણ કરી દીધી છે. ખૂબ જ ટૂંકાગાળામાં વર્ષોથી પડતર પ્રશ્ન જે નર્મદા ડેમના દરવાજા મૂકવાનો ચાલતો હતો એની દિલ્હી પહોંચીને રજૂઆત કરી અને એની સાથે જ ટૂંક સમયમાં એની મંજૂરી મળી અને જે દિવસે આની મંજૂરી મળી તે દિવસે જૂનાગઢમાં સવારે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ચાલતો હતો અને ત્યાં એમને ખબર પડી તો મારે સૂર્યાસ્ત પહેલાં જ આ કામની શરૂઆત કરાવી દેવી છે એમ નકકી કરીને તાબડતોબ જૂનાગઢથી નર્મદા ડેમ ઉપર પહોચ્યાં અને એક પણ મિનિટનો સમય ગુમાવ્યા વિના આ કાર્યનો શુભારંભ કરાવ્યો એ જ આ ગુજરાત સરકારની કામ કરવાની પ્રતિબધ્ધતા બતાવે છે.

મહિલા પોલીસમાં ૩૩ ટકાની ભરતી હોય એ દિશામાં પણ આગળ વધી ગયાં. એમના ૧૦૦ દિવસના સંકલ્પની વાત કરીએ તો મિશન મંગલમ્ યોજના અંતર્ગત ચાર હજાર મહિલા જૂથોની રચના કરીને, આરોગ્યની ચકાસણી કરીને તથા તે અંગે રિવોલ્વિંગ ફંડની વ્યવસ્થા ઉભી કરીને ૬ જિલ્લામાં સફળ મહિલા સંમેલનો કરીને આ મિશન મંગલમમાં મહિલા જૂથ એકત્રિત કરી ચાર હજાર જૂથોને એકત્રિત કરવા માટે તાલીમ પૂરી પાડીને આ સખી મંડળોની મિશન મંગલમની બચત યોજના બનાવીને, એમને આંતરિક ધિરાણ કેવી રીતે મળી રહે તેમની આર્થિક જરૂરિયાતો સંતોષાય અને એ સ્વનિર્ભર થાય અને આ જુદી જુદી સેવા સહાય દ્વારા આર્થિક રીતે સાંકળી લેવાની દિશામાં પણ ઝડપી કામગીરી શરૂ થઇ ગઇ છે. હાઉસિંગની વાત હોય, એફોર્ડેબલ હાઉસિંગની વાત હોય, ગુજરાતમાં જે પણ શહેરોમાં ઝૂંપડપટી આજે છે ત્યાં જયાં ઝૂંપડું ત્યાં મકાન આપવાની યોજનાની શરૂઆત કરી દીધી છે અને ૧ લાખ મકાનોની જયાં ઝૂંપડું હોય ત્યાં ૨૫ ચોરસ મિટરનું પાકું મકાન મળી રહે અને તેમાં પાણી, લાઇટ, ગટરની સુવિધાવાળું મકાન મળી રહે અને એ મકાનમાં સ્વાસ્થયની સુવિધા, આંગણવાડીની સુવિધા, શાળાની સુવિધા મળી રહે એ દિશામાં એફોર્ડેબલ હાઉસિંગમાં પણ કામગીરી કરવાની શરૂઆત થઇ ગઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કસ્તુરબા દેસાઇ યોજનાની વાત કરું તો સો દિવસના આ કાર્યક્રમમાં બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે અને જે પોષણક્ષમ બાળકો નથી એ દરેકે દરેક બાળકના આરોગ્યની તપાસણી થાય અને એ ચકાસણી થયેલ બાળકોમાં જે જે આરોગ્ય વિષયક ખામીઓ હોય તો એની આગળની સારવાર માટે એને સુવિધા મળી રહે એના પ્રયત્નો કરવામાં આવે છે અને એવા બાળકોને આઇવીલની ટેબલેટ આપીને એમને પોષણક્ષમ બનાવવાની શરૂઆત થઇ ગઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની સુરક્ષા સમિતિનો વ્યાપ વધારવા માટે સુરક્ષા યોજના અન્વયે ૨૬ હજાર બહેનોને તાલીમ આપવાની કામગીરી આ રાજય સરકારે શરૂઆત કરી દીધી છે. અસંખ્ય બહેનોને સ્વરક્ષાના હેતુથી રાઇફલ તાલીમ જેવી તાલીમની શરૂઆત કરી અને કરાટે અને ઝૂડો જેવી તાલીમ લેવા માટેની કામગીરી શરૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં જે ૧૦૦ દિવસની કામગીરીની વાત છે. એમાં મહિલાઓનો આત્મ વિશ્વાસ વધારવા માટેની, એ બૂટલેગરો સામે કેવી રીતે લડી શકે, સિનીયર સીટીજનોની સુરક્ષા કેવી રીતે થઇ શકે, મહિલાઓ માટેની ૧૦૯૧ ની પોલીસની હેલ્પ લાઇન હોય જે દ્વારા પોલીસને મિત્ર બનાવવા, પોલીસની મદદ કેવી રીતે મેળવવી એ અંગેની જાગૃત્તિ મળી રહે એવા અનેકવિધ કાર્યોની શરૂઆત આ સો દિવસના સંકલ્પમાં થઇ ગઇ છે. આંગણવાડી બહેનોને તાલીમ આપવાનું, એમને કર્મયોગી બનાવવાનું અને જરૂરિયાતવાળી તમામ કિશોરીઓને પણ આઇ.એફ.એ. ની ગોળીઓ વિતરણ કરવાનું કામ કરવાનું અને દૂધ સંગીતા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં ૧૪ તાલુકાઓમાં  ૫ લાખ બાળકોને ફ્લેવર દૂધ મળે એ દિશામાં કામગીરી થાય...

અધ્યક્ષશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતના સન્માનનીય સભ્ય શ્રી પૂર્ણેશભાઇ મોદી જે બિન સરકારી સંકલ્પ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું. ગતિશીલ ગુજરાતનો લક્ષ્યાંક સો દિવસ, કોઇપણ કોર્પોરેટ હાઉસ હોય, કોઇ કંપનીઓ હોય, ફેકટરીઓ હોય કે ખાનગી કચેરીઓ હોય તો એમાં તો કોઇ લક્ષ્યાંક આપણે જોયા છે, પણ સરકાર કોઇ લક્ષ્યાંક નકકી કરે, ગતિશીલ ગુજરાત સો દિવસ, તેના માટે આદરણીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેન પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આને કહેવાય તંત્રને આપેલી દિશા. પણ ચૂંટણી પહેલા જે ચાલતુ હતુ, દિશા બદલો અને દશા બદલો, એ દશા નહીં, પણ સાચા અર્થમાં વહીવટી તંત્રને સુદ્રઢ કરવા માટે ગતિશીલ ગુજરાતમાં સો દિવસનો લક્ષ્યાંક આપ્યો છે. આપણા નેતા અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગઇ કાલે જ બુલેટ ટ્રેઇનની ગુજરાતને ભેટ આપી છે. એવી જ રીતે આદરણીય મુખ્યમંત્રી આનંદીબહેને બુલેટ ટ્રેઇનની ગતિ જેટલો જ ગતિશીલ ગુજરાતમાં લક્ષ્યાંક આપ્યો છે.

ગતિશીલતા એટલે શું? સમગ્ર વહીવટી તંત્રનું સુદ્રઢીકરણ કરીને સમગ્ર તંત્ર દ્વારા સમય મર્યાદામાં સરકારી યોજનાઓનું અમલીકરણ કરવાનું, સમગ્ર તંત્ર દ્વારા સમગ્ર સમાજને સ્પર્શતા પ્રશ્નોને વાચા આપવી, તમામ ક્ષેત્રે તમામ વર્ગોના વિકાસ થકી જનભાગીદારીથી સમાજનું ઉત્થાન કરવું. સંવેદનશીલ સમાજ બનાવવો, વિશ્વસનીયતાનું વાતાવરણ ઉભું કરવું. આ બધું ગુજરાતના લક્ષ્યાંકમાં આવી જાય છે. એટલા માટે હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. કોંગ્રેસ પાસે તો ન હતી આવી ગતિ, ન હતી આવી ગતિશીલતા કે ન હતો આવો લક્ષ્યાંક, એટલા માટે જ એમના શાસનમાં ગુજરાત પાછળ રહી ગયું. અને કોંગ્રેસના આગેવાનોની ગતિનો લક્ષ્યાંક ચોકકસ સિદ્ધ થયો હશે. પણ ગુજરાતની જનતા આજે પણ તેને ભૂલી નથી. અને કદાચ એટલા માટે જ હળવી ભાષામાં, સૌરભભાઇની ભાષામાં કહું તો ગત લોકસભામાં ૨૬ માંથી ઝીરો આપી અને ગુજરાતની સમગ્ર જનતાએ કોંગ્રેસને ડિટેકટ કરી નાખી છે. જેથી આજે પણ શોધ્યા જડતા નથી. તેઓ કહેતા હતા કે ડિટેકટ નથી થતા, પણ ડિટેકટ તો તમે નથી થતા.

આ લક્ષ્યાંકના ખૂબ અગત્યના અંગો જોઇએ તો બેરોજગાર યુવાનો માટે સો દિવસમાં ૩૪૭ રોજગાર ભરતી મેળાઓ દ્વારા ૭૫૦૦૦ જેટલા યુવાનોને રોજગારીની તકો આ ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકમાં મૂકવામાં આવી છે. પહેલા તો ખબર જ નહોતી કોઇ નોકરીદાતાને, કારખાનેદાર કે ફેકટરી વાળા હોય, તેમને

ખબર નહોતી કે આ જિલ્લામાં એમને જોઇતા હોય તેવા યુવાનો છે. સરકારે નક્કી કર્યું અને ખાલી જગ્યાઓ મેળવી અને સંબંધિત નોકરી દાતાઓ અને રોજગારી મેળવવા માટેના ઉમેદવારોને એક મંચ ઉપર એકત્રિત કરી અને રોજગારી પૂરી પાડવામાં આવશે. આ પ્રકારની વ્યવસ્થાથી જે યુવાનો બેરોજગાર છે, જે ફેક્ટરીમાં જે પ્રકારની એમને રોજગારીની જરૂર છે એવા યુવાનો આમાં આવવાના છે, અને ૩૪૭ ભરતી મેળાના આયોજનથી સમગ્ર રાજયમાં ૬૦,૦૦૦ રોજગાર ઇચ્છુક ઉમેદવારોને સીધી રોજગારી મળવાની છે. તેના માટે ભાજપની સરકાર અને મુખ્ય મંત્રી આનંદીબહેન પટેલને હું અભિનંદન આપું છું. ૧૫ હજાર ઉમેદવારોને એપ્રેન્ટીસમાં થાળે પાડવામાં આવશે. માનનીય રાઘવજીભાઇ અહીં બેઠા છે. તેઓ વાત કરતા હતા હવામાનની મારે કહેવું છે કે રાજયના સમાજરૂપી તમામ હવામાન ખાતાની સ્થિતિ એ ભાજપની સરકારને તો ખબર જ છે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં માનનીય સૌરભભાઇએ વાર્ષિક યોજના સ્વરૂપ ૭૧૩૩૦.૪૪ કરોડ રૂપિયાની જોગવાઇ લઇને આવ્યા છે. હવામાન ખાતાની તમને તો ખબર નથી એટલા માટે તમે ભારે પછડાટ કાયમ ખાતા આવ્યા છો.

શિક્ષણમાં પણ અનેક આયામો ઉમેર્યા છે. શિક્ષણ ક્ષેત્રે પણ અનેક લક્ષ્યાંકો સિદ્ધ કરવાની નેમ સાથે ગતિશીલ ગુજરાત આગળ વધી રહ્યું છે ત્યારે ૫૦૦ સ્માર્ટ શાળાઓ ઇ-લર્નીંગ દ્વારા એમને તારીખ ૧૧-૮-૧૪થી તબક્કાવાર ઇ-લર્નીંગ શરૂ કરવામાં આવશે. આને કહેવાય ગતિશીલતા. આને કહેવાય લક્ષ.

કેલેન્ડરમાં સમયબદ્ધ સરકારની ભરતી થાય, ૨૦ હજાર જેટલા સરકારી કર્મચારીઓની પારદર્શકતાથી ભરતીને વહીવટી તંત્રમાં આ કર્મચારીઓને આપીને એક નવી દિશાની ગતિ આપવાની વાત છે, ખાલી વાતો નથી. આ ભરતીની જાહેરાત ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૧૦-૬-૧૪ના રોજ કુલ ૩૫૧ જગ્યાઓની પ્રસિદ્ધિ ઓલ રેડી કરી દેવામાં આવી છે. આને કહેવાય ગતિશીલતા. ૧૬૨૯૭ જગ્યાઓમાં માગણી પત્રક વિવિધ સંવર્ગ ૧ થી ૩ ના જે તે ભરતી એજન્સીઓ હોય ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગુજરાત પંચાયત સેવા મંડળને મોકલી દેવામાં આવેલ છે. મારે વિનંતી કરવી છે સમગ્ર સભાગૃહને કે જે આ બિન સરકારી સંકલ્પ અમારા આદરણીય પૂર્ણેશભાઇ લઇને આવ્યા છે, એને આ સભાગૃહ સમર્થન કરે અને આ ગતિશીલ ગુજરાત લક્ષ પ્રાપ્ત કરે.

. ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી જે સંકલ્પ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભી થઇ છું.

હું સભાગૃહને જણાવવા માગું છું કે ગુજરાત પહેલેથી જ વિકાસશીલ છે જ. '' જયાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે ગુજરાતી''આપણો ગુજરાતી ગમે તે દેશમાં જાવ તો ઠેરઠેર એમની વેપારી કુનેહના લીધે જોવા મળશે. વેપાર તથા સાહસિકતામાં ગુજરાતી પ્રખ્યાત છે અને દેશના ખૂણે ખૂણે એ હોય જ છે. તમે ગમે તે દેશમાં જાવ તો તમને ગુજરાતી બંદો મળે જ. આપણા ગુજરાતીઓ સાથે સાથે ખૂબ જ લાગણીશીલ અને ભોળા પણ છે. એટલે મારે ખાસ કહેવાનું કે, કારણ કે જે રીતે આંકડાની માયાજાળ રૂપી ગિફ્ટ બોકસ પેક કરવામાં આવે છે અને જે રેપરથી રેપ કરવામાં આવે છે અને આયોજનના સુંદર સુંદર નામ આપવામાં આવે છે એ આ આપણી ભોળી ગુજરાતની જનતા ઘણીવાર સમજી શકતી નથી. શબ્દોરૂપી જે ડેકોરેટ કરવામાં આવે છે ગુલાબનું ફૂલ મૂકીને અને રીબીન બાંધીને એ રીતે આ રીબીન જયારે ખોલીએ ત્યારે ઘણીવાર અંદરથી નવી નવી વાતો જાણવા મળતી હોય છે. એ આપણી ભોળી જનતા સમજી શકતી નથી. કારણ કે આજનું જે બજેટ છે વિભાગ ક, એમાં ૧૩ નંબરના પાના ઉપર જોઇએ તો દૂધ સંજીવની યોજના એ લખેલ છે એ પ્રમાણે કહું તો સાત આદિવાસી તાલુકામાં ૪૮ હજાર બાળકોને બે વખત દૂધ ૧.૬૫ કરોડના વાર્ષિક ખર્ચે આપવામાં આવતું હતું એટલે એનું એનાલીસીસ કરીએ તો ૯૪ પૈસાનું દૂધ થાય, ૪૦ રૂપિયે લિટર દૂધ હોય તો અડધી ચમચી દૂધ બાળકને ભાગમાં ન આવે. એનાથી આગળ વાત કરું તો હવે એનો વ્યાપ વધારીને હવે સાત તાલુકામાંથી ૧૭ તાલુકા કર્યા તો હવે તો એક ટીપું દૂધ બાળકના ભાગમાં નહિ આવે.

આપણા ભારતીય જનતા પાર્ટીના એક મોવડીએ વાત કરેલી કે અહીંયા ગુજરાતમાં મહિલાઓ કૂપોષિત એટલે છે કે ડાયટીંગ કરે છે. ખરેખર ડાયેટીંગ કરનાર મહિલાઓ ડ્રાયફ્રુટ, ફ્રુટ અને દુધ પીને

ડાયેટીંગ કરતી હોય છે. આપણી આદિવાસી મહિલાઓ અને અમારા નળકાંઠાની પઢાર અને કોળી પટેલ મહિલાઓ જૂએ તો એ બહેનોને બે ટાઇમ ખાવા મળતું નથી એટલે ભૂખમરાના લીધે કૂપોષણ છે એની આપણને શરમ આવવી જોઇએ અને આવી વાત ન કરવી જોઇએ. નાના નાના આદિવાસી બાળકો અને ભૂલકાની વાત થઇ છે ત્યારે પહેલા એક કહેવત હતી કે ‘‘તાલી પાડે છોકરા અને મામા લાવે ટોપરા’’. પણ હવે તો ‘ તાલી પાડે છોકરા અને દિવસો આવ્યા છે કપરાં’ આ સ્ત્રીઓ, તરૂણીઓ, બાળકોમાં કૂપોષણના કારણે મૃત્યુઆંક વધતો જાય છે. તેના લીધે હજાર પુરુષોએ ૯૧૯ સ્ત્રીઓ ગુજરાતમાં રહી છે. જેમાં કેરાલાનો દર હજાર પુરુષોએ ૧૦૮૪ સ્ત્રીઓ છે. કારણ કે ત્યાં એજ્યુકેશનનું પ્રમાણ વધારે છે. પોંડીચેરી, તામિલનાડુ અને અનેક રાજયોમાં પણ સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે.

બીજું, મારે એ ખાસ ધ્યાન દોરવાનું કે–

પ્રજા સુખે સુખં રાજા, પ્રજાનાં ચ હિતે હિતમ્
નાત્મં પ્રિયં હિતં રાજાઃ પ્રજાનાં તુ પ્રિયં હિતમ્

અર્થાત્ કે પ્રજાના સુખે સુખી અને પ્રજાના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ જૂએ તેને સાચો રાજા અને સાચો શાસકકર્તા કહેવાય. હાલ જે ખેડૂતોની દયનીય સ્થિતિ છે, અત્યારે દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરો ખેડૂતોની ચિંતા કરવાના બદલે જે રીતે ઉજવણીઓમાં મસ્ત છે એ બહુ દુઃખદ બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વારંવાર બી.જે.પી.ના ધારાસભ્યો જે વાત કરી રહ્યા છે કે ૨૬માંથી ૨૬ સીટો. એક જમાનો હતો ૧૯૮૪માં કે જયારે આખા ભારતમાં ભારતીય જનતા પાર્ટીની ફકત બે જ સીટો હતી. જયારે હમણાં ચૂંટણી હતી ત્યારે તમે તો ૧૫૧ સીટની વાતો કરતા હતા. (અંતરાય) તમારો ટાર્ગેટ ૧૫૧નો હતો, પરંતુ જયારે ગુજરાતમાં માધવસિંહભાઇ સોલંકીની સરકાર હતી તે વખતે ૧૪૯ સીટો હતી અને તોય કોંગ્રેસે કયારેય અભિમાન કર્યું નથી કે કયારેય છકી ગયા નથી.

પીપળ પાન ખરંતા, હસતી કૂંપળીયા,
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા.

એક બાજુ તમે સફેદ રણની વાત કરો છો. એક બાજુ તમે અગરીયાઓની વાત કરો છો. સાગરખેડૂ યોજનાઓની વાત કરો છો ત્યારે, અત્યારે ઝાલાવાડમાં આખા દેશનું ૭૦ ટકા મીઠું ઉત્પન્ન થાય છે. ત્યાં અત્યારે રેલ ભાડુ ૧૪.૨ ટકા અને નૂરભાડુ ૬.૫ ટકા વધતા આ મીઠું અત્યારે કડવું થઇ ગયું છે. મીઠા ઉદ્યોગને ૬ કરોડનો...

અધ્યક્ષશ્રી : મીઠું ખારું જ હોય. એને થવાની જરૂર નહીં.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : કડવું થઇ ગયું છે..

અધ્યક્ષશ્રી : ખાટું થઇ ગયું..

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : કડવું થઇ ગયું... આ ભારતીય જનતા પાર્ટીના માનનીય સભ્યોને યાદ કરાવું કે ગાંધીજીએ આ મીઠાના ટેકસ માટે થઇ અને દાંડી યાત્રા કરેલી અને ચપટી મીઠું લઇ અને સત્યાગ્રહ કરેલો અને બ્રિટિશ સલ્તનતના પાયા હચમચી ગયા હતા એ એમણે ભૂલવું ન જોઇએ. મારે એ ખાસ કહેવાનું કે ગુજરાત અર્બન મિશન. શહેરોમાં માળખાકીય સુવિધાઓ ઉભી કરીશું, તેમાં વાત કરી. વાસ્તવિકતા એ છે કે રાજીવ આવાસ યોજના હેઠળ ઝૂંપડા મુકત આયોજન કરવાની યોજના આજે પડતી મૂકવામાં આવી છે તે બહુ દુઃખની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓમાં સ્માર્ટ લર્નીંગની જે વાત કરી, પરંતુ હાલ શાળાઓમાં વાસ્તવિકતા એ છે કે કોમ્પ્યુટર પણ હોતા નથી. કોમ્પ્યુટર હોય તો બ્રોડબેન્ડ કનેકટીવીટી હોતી નથી. કનેકટીવીટી હોય તો ઇલેકટ્રીસિટી હોતી નથી. ઇલેકટ્રીસિટી હોય તો કોમ્પ્યુટરના ટીચર હોતા નથી. સાથે સાથે એ પણ વાત કરી લઉં કે આ કોમ્પ્યુટરની શોધ માનનીય સ્વ. વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની દેન હતી. એ વખતે કોમ્પ્યુટરની ક્રાંતિ કરી ત્યારે ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ તેનો વિરોધ કરેલો હતો અને આજે તેના માટે એ લોકો વાહ–વાહ લઇ રહ્યા છે. લાભકારક રોજગારી મેળવવા માટેની કુશળતાનો આંક ઉંચે લઇ

જઇશું તેની આમાં જે વાત કરી છે, વાસ્તવિકતા એ છે કે શિક્ષિત બેરોજગારની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે અને એક બાજુ શાળાઓમાં શિક્ષકોની ઘટ હોય છે. તો તેને બેલેન્સ કરવાનું આ સરકાર ધ્યાને લેતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પમાં બીજી વાત કરી કે અમે ભરતી મેળા કરીશું, પરંતુ તેના માટે કોઇ નક્કર આયોજન નથી. ભારતીય જનતા પાર્ટીની સ્પષ્ટ બહુમતી હોવા છતાં કોંગ્રેસના ધારાસભ્યોને લઇ અને ભરતી કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનની જે વાત કરવામાં આવી, અત્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં શહેરો, નગરો, ગામો એ બધા સ્વચ્છતાના ધોરણે તમે જુઓ તો તમે જોઇ શકશો કે કેટલા ઉકરડા અને ગટરો ઉભરાય અને હવે તો ચોમાસુ આવશે ત્યારે રોગચાળો પણ ફાટી નીકળે છે. ગુજરાતમાં આજે ૫૦ હજાર કરતા વધુ લોકો એવા છે જે માથે મેલુ ઉપાડવાની પદ્ધતિથી હજુ પણ પોતાનું જીવન ગુજારે છે ત્યારે નિર્મળ ભારત અભિયાન હેઠળ રાજય સરકારે આપેલું જો ફંડ વાપરવામાં આવે તો આ ગરીબો અને અનુસૂચિત જાતિના લોકોને સહાય મળે એમ છે.

જાહેર સેવા વ્યવસ્થાનું સુદ્રઢીકરણ કરવાની જે વાત કરવામાં આવી એમાં મારું કહેવું છે કે અત્યારે સરકાર ઇ–ગ્રામ, ઇ–કનેકટીવીટી એ પ્રયોગોમાં સો ટકા રાજયની વ્યવસ્થામાં આવી નથી. જેના કારણે કરોડોના ખર્ચે ટાટા કન્સલ્ટન્સીની સેવા લેવી પડે છે બીજી બાજુ આધારકાર્ડ, ઇ–ફરીયાદો વગેરેનું નિરાકરણ થતું નથી. જી.પી.એસ.સી. માં રોજગારી માટે જે ઓનલાઇન પરીક્ષાઓ પાસ કરવાની પ્રથા સરકારે અભરાઇએ ચડાવી દીધી છે આથી તમામ જાહેર સેવાઓ ઓન લાઇન કરે અને જેમાં તલાટી ભરતી કૌભાંડ જેવું ન થાય એના માટે થઇ અને બધું ઓન લાઇન કરે અને આવી રીતે હાઉસિંગ બોર્ડની પણ જે યોજના હોય એ પણ ઓન લાઇન કરે અને એમ કરીને ભ્રષ્ટાચાર અને જે મુશ્કેલી છે એ દૂર કરે, એટલે હું સંકલ્પને સમર્થન આપતી નથી.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેજશ્રીબહેને જે માહિતી ગૃહ સમક્ષ રજૂ કરી અંદાજપત્ર ભાગ–કની પાના નં.૧૩ની, બહેને એવું કહ્યું કે માત્ર ૯૪ પૈસા એક બાળક દીઠ એક ટાઇમના દૂધના પૈસા ચૂકવવામાં આવે છે. એમનું ગણિત કદાચ ભૂલભરેલું હોય એમ લાગે છે.

અધ્યક્ષશ્રી : આમાં ચર્ચા ન હોય. એ જે બોલ્યા ને, એ જવાબ આપતી વખતે રમણભાઇ જવાબ આપશે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩ રૂપિયા અને ૫૮ પૈસા ચૂકવીએ છીએ. એક ટંકના એક વિદ્યાર્થીના અને ગૃહને •(xxxxxx) વાત કરે છે.

રમણલાલ વોરા (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના આદરણીય સભ્ય ભાઇશ્રી પૂર્ણેશભાઇ મોદી ગતિશીલ ગુજરાતનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એ આજના ગુજરાતની પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં જે સો દિવસનો પ્રસ્તાવ આવ્યો છે એ મને લાગે છે કે યથાયોગ્ય છે. સમગ્ર દેશની અંદર ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં સમગ્ર હિન્દુસ્તાનભરમાં ગુજરાતનું મોડેલ ચાલ્યું. એક માત્ર નેતા તરીકે નરેન્દ્રભાઇ મોદી ઉપસી આવ્યા અને આ ગુજરાત મોડેલના કારણે સમગ્ર દેશની જનતાએ આજે એ સ્થિતિ પેદા કરી કે દિલ્હીની પાર્લામેન્ટમાં કોંગ્રેસમાં વિરોધ પક્ષમાં બેસવાની ભૂમિકામાં પણ આ દેશની જનતાએ એમને રાખ્યા નથી. આ સ્થિતિ મિત્રો ગુજરાત મોડેલના કારણે થઇ છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં છેલ્લા ૧૪ વર્ષમાં જે કામો થયા છે એ કામોનો એક સિલસિલો ચાલીએ તો પણ માનનીય મુખ્યમંત્રીશ્રી કે મંત્રીશ્રીઓના અઢાર કલાક ઓછા પડે છે. આ સો દિવસ ગતિશીલ ગુજરાતની જે સો દિવસની વાત કરી છે એ માત્ર આનંદીબેન પટેલના પોતાના વિઝનનું એકમાત્ર ટ્રેલર છે અને જયારે કોંગ્રેસના બન્ને આગેવાનો અને વિશેષ કરીને ડોકટર સાહેબના વ્યવસાય સાથે સંકળાયેલા મિત્રો છે એટલે બહુ ટીકા કરવી બરોબર નહીં. એ વ્યવસાય કેમ નહીં ચાલ્યો, શું નહીં ચાલ્યો એ એમનો વિષય છે. બીજા કોઇ બોલ્યા હોત તો એમને હું જરૂર જવાબ આપેત.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

તેજશ્રીબેનને હું જવાબ આપવા માગતો નથી. બહેનનો આદર કરું છું. અડધી ચમચી એમણે વાત કરી ત્યારથી જ મને અંદાજ આવી ગયો કે આમાં બહુ જવાબ આપવા જેવું નથી.

મિત્રો આનંદીબેનના નેતૃત્વમાં સો દિવસની બે–ચાર બાબતો મારે આપના ધ્યાન પર મૂકવી છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતને જે નેતૃત્વ પૂરું પાડીને ગયા છે, ૨૦૧૨, ૨૬મી ડીસેમ્બરના દિવસે ગુજરાત સરકારનું ગઠન થાય, એના મંત્રીમંડળની શપથવિધિ થાય અને માત્ર ૧૨ દિવસમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટનો કાર્યક્રમ મહાત્મા મંદિરમાં ૧૦૧ દેશોના પ્રતિનિધિઓ સાથે થાય, આ ગુજરાત સરકાર કરી શકે. આ પછી ચૂંટણીના દિવસો આવ્યા અને આચારસંહિતા લાગી. કૃષિ મહોત્સવ ચાલ્યો, કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ચાલ્યો. વિધાનસભાનું સત્ર ચાલુ છે અને વિધાનસભાનું સત્ર પૂરું થશે ત્યાં ૧૫મી ઓગષ્ટનો કાર્યક્રમ આવશે. જે જિલ્લા અને તાલુકામાં આ કાર્યક્રમ થવાનો છે ત્યાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ નવા કામોના લોકાર્પણ કરશે. નવા કામોનો શિલાન્યાસવિધિ કરશે. ૧૫મી ઓગષ્ટનો આ કાર્યક્રમ શરૂ થાય એ પહેલાં પહેલી વખત સરકાર પ્રજાના દ્વારે કાર્યક્રમ હોય, લોક દરબારનો કાર્યક્રમ હોય, લોક સંપર્કસેતુ કાર્યક્રમ હોય, લોકોની વચ્ચે જઇને લોકોના પ્રશ્નોને સાંભળીને એના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું કામ આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે અમને સોંપ્યું છે. દરેક તાલુકાના વડા મથકે પ્રભારી મંત્રીશ્રી જાય, લોકોના પ્રશ્નો સાંભળે અને ત્યાં શક્ય હોય તો તેનો સ્થળ ઉપર ઉકેલ કરે. એ કાર્યક્રમ પૂરો થાય ન થાય ત્યાં ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ ચાલું થશે. મારો કહેવાનો મતલબ છે કે સીલસીલાબદ્ધ કાર્યક્રમો જ્યારે આ રાજ્ય સરકાર કરી રહી છે ત્યારે હજી તો દિવસો ગયા છે.

છેલ્લા ઘણા વર્ષોથી આ જ સભાગૃહમાં આપણે બધાએ સાથે મળીને એક વાત કરી હતી કે નર્મદા ડેમના દરવાજા ન મૂકાય તો આપણે પ્રતિનિધિમંડળ સ્વરૂપે, અમે આવીએ અને તમે નેતૃત્વ લઇને તમારા નેતાઓને કહેજો. આદરણીય નરેન્દ્રભાઇએ એવું કહ્યું હતું કે તમે કહો એના નામની તકતી મૂકીશું પણ દરવાજાને મંજૂરી આપો. આ શક્ય ન બન્યું. માત્ર ૧૭માં દિવસે દેશના પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ દરવાજા મૂકવાની મંજૂરી આપી. આ દરવાજા ભારતીય જનતા પક્ષ માટે નથી, આ દરવાજા ભારતીય જનતા પક્ષના કાર્યકર્તા માટે નથી પણ ગુજરાતની જનતાના પીવાના પાણી માટે અને ખેડૂતો માટે આ દરવાજા મૂકવાની નેમ છે. માત્ર ૧૭ દિવસમાં કામ કર્યું હોય અને આનંદીબેન પટેલના નેતૃત્વમાં આ કામ થયું છે. આપણે બધા જાણીએ છીએ કે સરદાર વલ્લભભાઇ પટેલને ધ્યાનમાં રાખીને આપણે સમગ્ર વિશ્વનું ઉંચામાં ઉંચું ૧૮૨ મિટરનું સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવી રહ્યા છીએ. હજી તો મેં કહ્યું એમ દિવસો ગણાય છે ત્યારે દેશના વડાપ્રધાનશ્રીએ આ બજેટમાં જાહેરાત કરી કે ગુજરાતની ધરતી ઉપર બનનારા આ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે દિલ્હીની સરકાર ૨૦૦ કરોડ રૂપિયા આપશે. આ બતાવે છે કે એક દાયકાની યુ.પી.એ.ની સરકાર અને એક દાયકાથી રાજ્ય સરકારની અનેકવિધ માગણીઓ અને ગણતરીના દિવસો પૂરા થાય અને કેન્દ્ર સરકાર તમને મંજૂરીઓ આપે છે.

બુલેટ ટ્રેનની વાત થઇ. સૌથી પહેલો લાભ ગુજરાતને મળ્યો. પાક વીમાની યોજના ખેડૂતો માટે તમે કરેલું •(xxxxxx) દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સૌથી પહેલા પાક વીમાની યોજનાના જૂના જે માપદંડો હતા એ સાથે ગુજરાતના ખેડૂતોને મદદ કરવાનું કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે કર્યું છે. અમદાવાદ મેટ્રો માટે ૧૦૦ કરોડની ફાળવણી કરી છે. આ દિવસોની અને કલાકોની વાત કરું છું. ૧૦૦ દિવસની વાત નથી કરતો. શ્રીમતી આનંદીબેન પટેલે આની પહેલાં અનેક વિભાગો સંભાળ્યા છે. સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું છે. મહિલાઓ માટે એમને પહેલેથી રૂચિ રહી છે. કુપોષણની ઘણી વાતો થઇ. પહેલેથી ગુજરાત તો સમૃદ્ધ હતું, પહેલેથી સમૃદ્ધ હતું તો કુપોષણ કેમ હતું ? કારણ શું હતું ? છેલ્લા ૧૦ વર્ષમાં બાળકો કુપોષિત થયા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે એક કલાકમાં પૂરું કરવાનું હોય છે. બે મિનિટ બાકી છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હજી તો પ્રસ્તાવના ચાલે છે. કુપોષણની વાત થતી હોય ત્યારે શ્રીમતી આનંદીબેન પટેલે સૌથી પહેલો વિષય વાંચે ગુજરાત થકી બુકે નહીં બુકનો અભિગમ અપનાવ્યો. આજે આદરણીય મુખ્યમંત્રીશ્રી ક્યાંય પણ જાય છે તો કહે છે કે મને ભેટ સોગાદની જરૂર નથી પણ કુપોષિત બાળકો માટે મને કંઈક એવી ભેટ આપો કે જેથી હું એ આંગણવાડીના બાળકોને આપી શકું અને આંગણવાડીના બાળકો કુપોષણમાંથી બહાર આવે. મિત્રો, સમગ્ર ગુજરાતની જનતાને જાગૃત કરવાનું કામ શ્રીમતી આનંદીબેન પટેલે કર્યુ છે, એક મુદ્દાનો કાર્યક્રમ આ કુપોષિત બાળકોને પોષિત કરવાનું જનજાગરણનું કામ બેન શ્રીમતી આનંદીબેન પટેલે કર્યુ છે. મહિલાઓનું સશક્તિકરણ પોલીસ ખાતામાં ૩૩%ની ભરતી માત્ર ભરતી નહિ એની સાથે મહિલાઓનું સશક્તિકરણ કેવી રીતે થાય એના માટેની અનેકવિધ યોજનાઓ પહેલા ચાલતી હતી એમાં વધારે બળ આપીને એ કામ બેન શ્રીમતી આનંદીબેન પટેલે કર્યુ છે.

મહાત્મા ગાંધીજીની દોઢસોમી જન્મ જયંતિ આવવાની તો હજુ વાર છે. પરંતુ એ આવે એ પહેલા **'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'** મહાત્મા ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવા માટે ગ્રામ્ય કક્ષાથી માંડીને, તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષા સુધી મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનનું કામ આદરણીય આનંદીબેન પટેલના નેતૃત્વમાં થઇ રહ્યું છે. હમણાં મહેસૂલ વિભાગની વાત થઇ હતી. કાયદામાં જોગવાઈ છે કે દર ૩૦ વર્ષે આ થવું જોઇએ. ટોડરમલ જમાનાથી હિન્દુસ્તાની ધરતી પર આજદિન સુધી ક્યારેય નથી થયું તેવું પહેલું કામ ગુજરાતની ધરતી પર શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં થયું છે અને રેકર્ડ અદ્યતન કરવાનું કામ આજે પણ ચાલુ છે. અર્બન શહેરી માટેની તેમણે માનનીય મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે સસ્તા દરે લાખોની સંખ્યામાં મકાનો આપવાનું બીડું એમણે ઝડપ્યું છે. માત્ર બીડું ઝડપ્યું એમ નહિ, મકાનો આપવાની શરૂઆત પણ એમણે કરી છે. ગુજરાતના કોઇ પણ કર્મચારી એ કર્મચારી નહિ પણ કર્મયોગી છે. સરકાર અને કર્મયોગી બંને રથના પૈડાં એકી સાથે ચાલે એના માટેના તમામ પ્રયત્નો બેન શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વની અંદર થયા છે ત્યારે ૧૦૦ દિવસ એ માત્ર ટેલર છે. ૪૮ યોજનાઓના ૧૧ મુદ્દાઓની સાથે રાજ્ય સરકારની તમામ યોજનાઓ જે ચાલતી હતી એ યોજના એ જનતાએ એક ગુજરાતની નારી શક્તિનું પ્રદર્શન થાય એના માટેની આ યોજનાઓ જ્યારે પૂર્ણેશભાઇ મોદી લઇને આવ્યાં છે ત્યારે એમના સંકલ્પને સહર્ષ સ્વીકારું છું અને બધા જ મિત્રો સ્વીકારે એવી વિનંતી કરું છું.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે**.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ અંગે

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે–

''સને ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારે અનેક રજવાડાઓથી ટૂકડાઓમાં દેશ વહેંચાયેલો હતો. આવા દેશી રજવાડાઓના સમૂહવાળા દેશને ભારત માતાના પનોતા પુત્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલે પોતાની વહીવટી કૂનેહ, આત્મસૂઝ અને દ્રઢ નિર્ણય શક્તિના બળે, આ રજવાડાઓને એક છત્ર હેઠળ લાવી અશક્યને શક્ય બનાવી એક અખંડ ભારતનું નિર્માણ કર્યુ. આવા મહાન સપૂતની યાદમાં સરદાર સરોવર યોજનાના બંધના સ્થળેથી આશરે ૩ કિ.મિ. દૂર હેઠવાસમાં નર્મદા નદીમાં આવેલ સાધુ બેટ ઉપર ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સાથેના સ્મારકના નિર્માણનો સરકારે જે સંકલ્પ કર્યો છે તે ખરેખર પ્રશંસનીય છે. રાષ્ટ્રીય સ્મારક નિર્માણ સાથે પ્રતિમા તથા હયાત રસ્તાને જોડતો પુલ રાષ્ટ્રીય સ્મારકથી કેવડીયા સુધી પાકો રસ્તો, મેમોરીયલ વિઝીટર સેન્ટર, મેમોરીયલ ગાર્ડન, હોટલ અને કન્વેન્શન સેન્ટરની પણ કામગીરી થશે. દુનિયામાં હાલની પ્રતિમાઓ કરતાં સૌથી ઊંચી એટલે કે ૧૮૨ મીટરની ઊંચાઇ ધરાવતી પ્રતિમા સ્થાપિત કરવા માટે ક્વોલિટી એન્ડ કોસ્ટ બેઇઝ પ્રવૃત્તિ, તેમજ આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતા નિષ્ણાત ઇજનેરોની મદદ પણ લેવાશે. આ સ્મારકના નિર્માણ કાર્યમાં ભારતના દરેક ગામમાંથી વપરાયેલ

ખેત ઓજારના એકઠા કરેલા લોખંડના ઉપયોગની સાથે ભારતના ખેડૂતોની ભાવનાને પણ લક્ષમાં લેવામાં આવી છે. સીમાચિહ્નરૂપ આ પ્રતિમા તથા રાષ્ટ્રીય સ્મારકના નિર્માણ કાર્ય સાથે, કેવડિયા કોલોની તથા આસપાસના આદિવાસી વિસ્તારમાં પ્રવાસનની સવલતોનો વિકાસ થશે અને તેને પરિણામે સ્થાનિક આદિવાસી વિસ્તારમાં લોકોને આજીવિકાના સાધનો ઉપલબ્ધ થશે. આથી આ " ICON BASED DEVELOPMENT" પ્રોજેક્ટ પૂર્ણ થશે ત્યારે ગુજરાત વિશ્વના મહાનતમ સ્થળોની ગણનામાં સ્થાન પામશે. સ્ટેચ્યુના બાંધકામ અંગે ટેકનિકલ ઇવેલ્યુએશન અને ફાયનાન્સીયલ કમ્પેરિઝનની પ્રક્રિયાને અનુસારીને સ્ટેચ્યુના બાંધકામની કામગીરી થશે. ભારતના પનોતા પુત્ર સરદાર પટેલની સ્મૃતિને ચિરંજીવ રાખનાર આ સ્મારકની સાથોસાથ નવી પેઢીને એક ઉત્તમ અને અનુકરણીય વારસો આપવા સાથે માત્ર ગુજરાત કે દેશ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ આવા મહાન વ્યક્તિત્વથી પરિચિત થાય અને આ સ્મારક સ્વયં અખંડિતતાનો એક આગવો સંદેશ પ્રસરાવે તે માટે જરૂરી અસરકારક પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે હું સંકલ્પ લઇને આવ્યો છું ત્યારે, ૧૩૮મી જન્મ જયંતિના અવસરે જયારે એનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું ત્યારે તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, ભૂમિ પૂજન વખતે એક વાત કહી હતી. ભારતની એકતા, ભારત માતાની ભક્તિ છે. ભારત માતાના દૂધમાં દરાર ના હોઇ શકે. પ્રાંતવાદ, કોમવાદ સંઘર્ષ ભારત માતાની એકતા સામે સંકટ પેદા કરે છે. હિન્દુસ્તાનની નવી પેઢી ઇતિહાસને સાચા અર્થમાં સમજે અને જાણે તે માટે ઇતિહાસની આ વિરાસતનું સમાજ વ્યવસ્થામાં ગૌરવ થવું જોઇએ, એવી વાત દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાસ કરીને આ સંકલ્પ લાવવા પાછળ સાહેબ, આ જે સ્ટેચ્યુ બની રહ્યું છે એ મારા જિલ્લામાં છે અને મારા જિલ્લાની અંદર સરદાર સરોવર યોજના બની છે ત્યાં મારા વિસ્તારના આદિવાસી લોકોએ આ યોજનાની અંદર ખૂબ મોટો સહયોગ આપ્યો છે. ઘણા બધા લોકોએ અમારા સમાજને ઉશ્કેરવાના પ્રયત્નો કર્યા હતા કે, આ યોજના ના બને પણ માનનીય અધ્યક્ષશ્રી, ડુંગરોની અંદર, જંગલમાં જે જીવન જીવતા હતા અને સરકારે એમને અસરગ્રસ્ત તરીકે જ્યાં વસાવ્યા ત્યાં સાહેબ આજે મારા આદિવાસી કુટુંબના લોકો ડ્રિપથી ખેતી કરે છે, પાકા મકાનોમાં રહે છે અને સાહેબ ટ્રેકટરો અને વાહનો વાપરે છે. આનાથી ખુશ થઇને મને લાગ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી આ એક ખરેખર જે બની રહ્યું છે, એનાથી મારો આદિવાસી વિસ્તાર જે છે એની સાથે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર આ ચારેય રાજ્યોની બોર્ડર જોડાયેલી છે અને આ ચારેય રાજ્યોની બોર્ડરના લોકો ત્યાં કેવડિયાની આજુબાજુ રહે છે. ત્યારે મારે આ સભાગૃહને જણાવવાનું છે કે, હમણાં અમારા મંત્રીશ્રી રમણભાઇ સાહેબે કહ્યું કે, કેન્દ્ર સરકારે ૨૦૦ કરોડ રૂપિયા આપ્યા છે, અભિનંદન છે. ગુજરાત સરકારે પણ આના માટે ૫૦૦ કરોડ રૂપિયા આ વર્ષે ફાળવ્યા છે, સરકારને અભિનંદન છે. એટલા માટે કે, હમણાં પ્રદિપસિંહજી બેઠા હતા મારી આગળ, હમણાં એ ગયા કાંઇક કામે. સાહેબ, એમની આગેવાનીમાં અમે જ્યારે હૈદરાબાદ ગયા અને મુખ્યમંત્રીશ્રીને અમે મળ્યા, "લોહા કલેકશન" માટે અને એમને વાત કરી કે, અમે આના માટે આવ્યા છીએ. ત્યારે મુખ્યમંત્રી રેડ્ડી સાહેબ હતા એમણે કહ્યું કે, ૧૮૨ મિટર સ્ટેચ્યુ બનાવશો લોકો એક વાર જોઇને જશે પછી બીજી વાર ન આવે પણ તમારા મગજમાં અથવા તમારી સરકાર પાસે એવું કંઇક છે કે લોકોને વારંવાર આવવાનું મન થાય. સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે વારંવાર આવવાનું મન થાય. ત્યારે અમારા પ્રદિપસિંહજી, હસમુખભાઇ અને બધા મિત્રો હતા (સમય સૂચક ઘંટડી) સાહેબ, બે મિનિટમાં પૂરું કરીશ. તો અમે કીધું સાહેબ, સ્ટચ્યુ ઓફ યુનિટી ૧૮૨ મીટરનું સ્ટેચ્યુ જ નહીં, એગ્રીકલ્ચર રીસર્ચ સેન્ટર બનવાનું છે ત્યાં ગુજરાતના ખેડૂત જ નહીં, ભારત વર્ષના ખેડૂતો ત્યાં ટ્રેનીંગ લેશે અને નવી નવી ટેકનોલોજી અને પદ્ધતિઓ શીખશે. આદિવાસી રિસર્ચ સેન્ટર બનશે ત્યાં ચારેય રાજયના આદિવાસીઓ ડુંગરાળમાં રહે છે ત્યાં સિંચાઇની સુવિધા નથી, ખેતીની સુવિધા, શિક્ષણની સુવિધા નથી એ લોકો રિસર્ચ સેન્ટરમાં આવશે અને નવું નવું જાણશે. એ રીતે પ્રવાસનની વાત

કરી કે પ્રવાસનનો પણ એ રીતે વિકાસ થશે. એક વર્ષની અંદર નવ લાખ લોકોએ સરદાર સરોવરની મુલાકાત લીધી. ઈકો ટુરીઝમમાં પચાસ હજાર લોકોએ મુલાકાત લીધી એટલે મારે આપને કહેવું છે કે પ્રવાસનની અંદર અમારા મુખ્યમંત્રી સાહેબે કીધું હતું કે ત્યાં વેલી ઓફ ફ્લાવર બનાવવામાં આવે. ચાના બગીચા જોવા માટે લોકો આસામ અને ઉંટી જાય છે પણ ડેમ્પમાંથી સ્પ્રીંકલરથી ત્યાંના પહોડોમાં ચાના બગીચા બનાવવામાં આવે તો વિકાસ થઇ શકે તેમ છે. એક સરકીટ બનાવવામાં આવે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન આ ચારેય રાજયોની એક સરકીટ બનાવવામાં આવે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી વિધાનસભાના સભ્ય મોતીલાલભાઇ જે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો સંકલ્પ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત કરું છું. ભારતની એકતાનું રાષ્ટ્રીય સ્મારક એટલે સ્ટેચ્યૂ ઓફ યુનિટી. ભારતની એકતા માટે જેણે જીવન ખપાવી દીધું એવા અખંડ ભારતના શિલ્પી આદરણીય સરદાર વલ્લભભાઇ પટેલની સ્મૃતિને ચિરંજીવી રાખવાનું કામ તો આમાં છે જ પરંતુ સાથેસાથે સ્વામિ વિવેકાનંદજીએ કહ્યું છે nothing can ay before a determined mind મકકમ મનોબળની સામે કશું પણ ટકી શકતું નથી આવા મકકમ મનોબળના જે જ્ઞાતા હતા, જેમનામાં મકકમ મનોબળ ભરપુર ભરેલું હતું એવા સરદાર વલ્લભભાઇ પટેલની મકકમ મનોબળની એક મૂર્તિ સમાન આ એક શિલ્પ બનવાનું છે, આ સ્મારક બનવાનું છે. આ જે સ્મારક બનવાનું છે એ સ્મારકની અંદર આવનાર પેઢીઓને વારસાની અંદર આપણે ઉચ્ચ, અનુકરણીય કામ આપી શકીએ એવું આની અંદર તત્વ સમાયેલું છે અને આ જે બાંધકામ થવાનું છે અથવા તો સ્મારક બનવાનું છે એનો શિલાન્યાસ

''બાધાએઁ કબ બાંધ સકી હૈ, આગેં બઢને વાલોંકો,
વિપદાએઁ કબ રોક સકી હૈ, પથ પર ચલને વાલોંકો''

ઘણી બધી વિપદા આવી છતાં પણ નરેન્દ્રભાઇ વડાપ્રધાન પદ સુધી પહોંચી શકયા છે એવા વડાપ્રધાનના હસ્તે એ વખતે તત્કાલીન મુખ્યમંત્રી હતા એમના હસ્તે આ શિલાન્યાસ થયો છે અને આ શિલાન્યાસ થયો છે એ માત્ર બાંધકામનો શિલાન્યાસ નથી થયો, માત્ર પ્રતિમાનો શિલાન્યાસ નથી થયો, માત્ર સ્મારકોનો શિલાન્યાસ નથી થયો, શિલાન્યાસ થયો છે એક ભારત, શ્રેષ્ઠ ભારત એની સંકલ્પનાનો શિલાન્યાસ થયો છે. વિશ્વની સૌથી ઉંચી, ૧૮૨ મીટર ઉંચી આપણે બધા જાણીએ છીએ કે અમેરિકાની અંદર સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી, સ્વાતંત્ર્યની દેવી અહીંથી ઘણા બધા લોકો અમેરિકા ગયા હશે. અમેરિકા ગયા પછી એમણે જો સ્વાતંત્ર્યની દેવીની મુલાકાત ન લીધી હોય તો અમેરિકાની મુલાકાત નથી લીધી એવું સમજવામાં આવે છે. આ એના કરતાં પણ બમણી પ્રતિમા અને જયારે કોઇ દેશ વિદેશના પ્રવાસીઓ ભારતની અંદર આવશે ત્યારે આ મૂર્તિ અથવા તો સ્મારકની મુલાકાત લીધા વગર જશે તો લોકો એવું માનશે કે તમે ભારતની મુલાકાત લીધી નથી. ભારતનું ગૌરવ અને ગુજરાતનું ગૌરવ વધારનાર આ પ્રતિમા આપણા બધાનું ગૌરવ વધારે છે.

આ પ્રતિમાનું જે બાંધકામ છે એ વિશ્વ કક્ષાની ભુકંપપ્રુફ અને ઉંચાઇના પ્રશ્નોનો સામનો કરી અને એને સુસંગત રીતે આ પ્રતિમા અથવા તો આ બાંધકામ બનવાનું છે. આંતરરાષ્ટ્રીય ટેન્ડરોની પદ્ધતિ મુજબ ડિઝાઇન કન્સલ્ટન્ટો અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ દ્વારા આ ટેન્ડરો મંગાવાયા છે. વિશ્વબેંક દ્વારા નિર્ધારિત થયેલ કવોલીટી એન્ડ કોસ્ટ બેઈઝ પદ્ધતિથી આનું બાંધકામ થનાર છે. માત્ર ૪૨ મહિનાની અંદર આ સ્મારકનું બાંધકામ પૂર્ણ થનાર છે અને ડીફેકટ લાયેબીલીટીઝ પિરિયડ ચાર વર્ષનો રાખવામાં આવ્યો છે. ૧૫ વર્ષ સુધી એનું મેઈન્ટેનન્સ અને રિપેરિંગનું કામ આ કોન્ટ્રાકટરોને આપવાનું છે. મારા પૂર્વ વક્તા મોતીલાલભાઈ અને મંત્રીશ્રીએ વાત કરી તેમ આ બજેટની અંદર ૫૦૦ કરોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉ આ રાષ્ટ્રીય સ્મારક માટે અગાઉની કેન્દ્ર સરકાર પાસે વાત કરવામાં આવેલી, પરંતુ આ વાત એ રીતે કરું છું કે એ લોકોએ એવું માનેલું કે હાથ ફેલાતે માંગે તો ખુદાકી ખુદાઇ દૂર નહિ હૈ. આપ માગે ઓર વોહ દે યે બાત ઉન્હે મંજૂર નહી હૈ. અત્યાર સુધી આ સ્મારક માટે રાષ્ટ્રીય નેતા એના માટે માગવામાં આવેલ, પરંતુ કોંગ્રેસના લોકોએ કાણી પાઇ પણ કેન્દ્ર સરકારમાંથી આપેલ નહિ. માત્ર ૩૯-૪૦ દિવસમાં નરેન્દ્રભાઈએ ગુજરાતના સપૂત શાસન ઉપર બેઠા છે. પહેલા બજેટમાં એકાદ-બે કરોડ નહિ, પરંતુ ૨૦૦ કરોડ જેવી

માતબર રકમ આ સ્ટેચ્યુ માટે ફાળવવામાં આવી છે. આ કામ કરવા માટેનાં ઘણાં બધાં કારણો સાથેનું એક કારણ કહું કે આ દેશની અંદર આઝાદીના સમયમાં સરદાર વલ્લભભાઇ પટેલે ખૂબ યોગદાન આપ્યું. એ પછી અશક્ય જેવું કામ ૫૬૨ રજવાડાઓને એકત્રિત કરવાનું કામ જે અશક્ય કામ એ કામ સરદાર વલ્લભભાઇ પટેલે કરેલું. આના કારણે દેશ અને દુનિયાની અંદર સરદાર વલ્લભભાઇ પટેલનો ખૂબ ઉંચો સંકલ્પ હતો. એ વખતના વડાપ્રધાન જેમણે સરદાર વલ્લભભાઇ પટેલે પોતાની અનિચ્છા ગાંધીજીના કહેવાથી વ્યક્ત કરેલી અને પોતે વડાપ્રધાન બનેલા એવા ગાંધી પરિવારની વાત કરું તો આ ગાંધી પરિવાર તેમને એવું હતું કે જો સરદાર વલ્લભભાઇ પટેલનું નામ કયાંય પણ હશે તો આ લોકોને ધ્યાનમાં રહેશે અને ગાંધી પરિવાર ભૂલાઇ જશે.

આ ગૃહમાં કહેવું છે કે ૪૫૦ થી વધારે યોજનાઓ, સ્મારક, રસ્તા, એરપોર્ટ વગેરેને ગાંધી પરિવારના નામથી જોડેલ છે. ઘણી બધી જગ્યાએ નામ છે. દિલ્હીમાં ગાંધી પરિવારના દિવંગત સભ્યો એમના સ્મારકો તાત્કાલિક બનાવવામાં આવ્યા છે. જેવા દિવંગત થયા તાત્કાલિક દિલ્હીમાં સ્મારક બનાવ્યું છે. પરંતુ સરદાર વલ્લભભાઇ પટેલનું સ્મારક કયાંય નથી. ૪૫૦ યોજનાઓ છે, પણ સરદાર વલ્લભભાઇ પટેલના નામની એક પણ યોજના નથી. ગાંધી પરિવારના અવસાન બાદ તરત જ એમને ભારત રત્ન આપવામાં આવતો હતો. જ્યારે સરદાર વલ્લભભાઇ પટેલના મૃત્યુ બાદ ૪૦ વર્ષ સુધી ભારત રત્ન આપવામાં ન આવ્યો અને છેક ૧૯૯૦ માં ભારત રત્ન આપવા માટેનું કામ કોંગ્રેસે પરાણે કરવું પડ્યું. સરદાર વલ્લભભાઇ પટેલના મૃત્યુમાં પણ રાજકારણ. મૃત્યુ બાદ અગ્નિસંસ્કાર કરવાના હતા. આટલા મોટા મહાપુરુષ જેમણે ભગીરથ કાર્ય કર્યા. ભારતને એક બનાવ્યું. એમને જ્યારે અગ્નિસંસ્કાર દિલ્હીમાં આપવાના હતા, ત્યારે રાજકારણ રમાયું. છેક મુંબઇ જઇને અગ્નિસંસ્કાર આપવા પડ્યા. આટલો બધો દ્વેષ સરદાર વલ્લભભાઇ પટેલ ઉપર રાખવામાં આવ્યો છે. ગુજરાતની જીવાદોરી સમાન આ નર્મદા યોજના જયાં આગળ સ્ટેચ્યુ બનાવવા જઇએ છીએ. નર્મદા યોજનાનું નામ આપ્યું. નામ અપાયું અને ૫-૫ દાયકા સુધી આ યોજના ખોરંભે કોંગ્રેસના લોકોએ પાડી દીધી. જો આની પાછળ ગાંધી પરિવારનું નામ હોત તો પરિસ્થિતિ જુદી હોત. આ જ રીતે સંસદની પરિસરની અંદર તૈલ ચિત્ર મૂકવાની વાત કોંગ્રેસ કયારેય આગળ ન આવી. જે એન.ડી.એ. સરકારની અંદર મૂકવામાં આવ્યું. એટલા માટે દેશ અને દુનિયાની અંદર ખબર પડી કે ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઇ પટેલનું યોગદાન કેટલું છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્ય મોતીભાઇ વસાવા જે સંકલ્પ લઇને આવ્યા છે, એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આ ગુજરાતમાંથી બે મહાનુભાવો આ રાષ્ટ્રમાં જાહેર જીવનમાં ચમકતા સીતારા સાબિત થયા છે. એમાંના એક છે પૂજય મહાત્મા ગાંધીજી અને બીજા સરદાર વલ્લભભાઇ પટેલ. આ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા મૂકાતી હોય અને એક અદભૂત પ્રતિમા મૂકાતી હોય તો એમાં કોઇ વિરોધ કરે નહિ અને એવો કોઇ અણસમજુ ગુજરાતી હોઇ શકે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ હું મારા સન્માનનીય મિત્રોને કહેવા માગું છું કે આ રાજકીય અવલોકનો કરવાનો સમય નથી. આ નામ જ અમારા માટે તો એવું છે કે જે ૨૫-૨૫ વર્ષ સુધી ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના પ્રમુખ રહ્યા હતા. આ વલ્લભભાઇ પટેલ ગુજરાત કોંગ્રેસના ૨૫ વર્ષ સુધી તો પ્રમુખ હતા. આ વલ્લભભાઇ પટેલ એ વ્યક્તિ છે કે મહાત્મા ગાંધીજીએ જેની પસંદગી દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે કરી હતી. દેશની તે વખતની પરિસ્થિતિ હતી. તે વખતની દેશની જે પરિસ્થિતિ હતી કે જવાહરલાલજીની વૈશ્વિક પ્રતિભાનો લાભ મળે અને વલ્લભભાઇની સમજ, સૂઝ તેની કામ કરવાની શકિતનો લાભ આ દેશને મળે અને આ દેશ એક અને અખંડ રહે. એટલા માટે મહાત્મા ગાંધીજીએ તેમની પસંદગી નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે કરી હતી. એ વલ્લભભાઇ પટેલની પ્રતિમાનો આ સવાલ છે. ત્યારે ગુજરાત સરકારના આ પ્રતિમા મૂકવાના પગલાંને તો અમે આવકારીએ છીએ અને અમે કહેવા માગીએ છીએ કે આ વલ્લભભાઇ પટેલ એ જ વ્યકિત છે કે જેણે મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે અમદાવાદને આધુનિક અમદાવાદનું સ્વરૂપ આપ્યું છે. આ એ જ વલ્લભભાઇ પટેલ છે કે બારડોલીની લડત હોય, ખેડાનો સત્યાગ્રહ હોય, બોરસદનો સત્યાગ્રહ હોય, ધાનપુરનો ઝંડાનો સત્યાગ્રહ હોય. આઝાદીની

લડતના વખતે આ વલ્લભભાઇ પટેલ દેશનો ચમકતો સિતારો હતો. આ વલ્લભભાઇ પટેલ એ જ વ્યક્તિ છે કે યરવડાની જેલમાં મહાત્મા ગાંધીજીએ એમ કહ્યું હતું કે વલ્લભભાઇ તો મારી મા છે. આ વલ્લભભાઇ પટેલ એ જ વ્યક્તિ છે..

અધ્યક્ષશ્રી : વચ્ચે કોઇ બોલશો નહીં. તેની વાત તમે સાંભળો. એ અત્યારે તરફદારી કરે છે પછી શું કરવા બોલો છો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વલ્લભભાઇ એ જ વ્યક્તિ છે કે જેણે નર્મદા નદી ઉપર બંધ બાંધવાનું સ્વપનું સેવ્યું હતું. આ મૂળ વિચાર સરદાર વલ્લભભાઇ પટેલનો હતો. ભાઇકાકાને તેમણે આ કામગીરી સોંપી હતી. આ વલ્લભભાઇ પટેલ એ જ વ્યક્તિ છે કે જેણે આણંદ જિલ્લાના દૂધ ઉત્પાદક ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે એટલે સહકારી ક્ષેત્રે દૂધ ઉદ્યોગ વિકસાવવા માટેનું આયોજન કર્યુ હતું અને અમૂલ ડેરીની સ્થાપના ત્રિભોવનદાસ પટેલને લઇને સોંપાઇ હતી. આ વલ્લભભાઇ પટેલ એ જ વ્યક્તિ છે કે જેના હિસાબે આપણને કંડલા પોર્ટ ટ્રસ્ટ મળ્યું. આ વલ્લભભાઇ પટેલ એ જ વ્યક્તિ છે કે જેણે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો.

અધ્યક્ષશ્રી : તમે ધીમે બોલો. છેક દિલ્હી પાર્લામેન્ટ સુધી સંભળાય એટલો અવાજ છે. શાંતિથી બોલો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ વલ્લભભાઇ પટેલ માટે કોઇ ગુજરાતીને, આ દેશમાં વસતા કોઇ માણસને ગૌરવ ન હોય તેવો સવાલ જ ઉભો નથી થતો. આ સન્માનનીય મિત્રોને કહેવાનું છે કે તમે કયાંકને કયાંક રાજકીય અવલોકનો કરો છો. કયાંકને કયાંક રાજકીય લાભ લેવાની પ્રવૃત્તિ કરો છો. તમે આખા દેશમાંથી લોખંડ ઉઘરાવ્યું. •(xxxxxx) તેનો વાંધો નથી અને લોખંડ ઉઘરાવો તેનો વાંધો નથી. તમે તો એની સાથે ભારતીય જનતા પાર્ટીનો ચૂંટણી પ્રચાર પણ કર્યો હતો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. (xxxxxx) એક મિનિટ રાઘવજીભાઇ (xxxxxx)શબ્દ કાઢી નાંખો. (xxxxxx) શબ્દ નહીં. જે ખેડૂતોએ વાપરેલું ઓજાર હોય તે લીધું હતું. (xxxxxx) બેસો તમે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : હું મારા સન્માનનીય સભ્યશ્રીઓને કહેવા માગું છું કે અમદાવાદને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકેનું નામ આપવાની વાત હતી તેના નામકરણનો વિધી હતો ત્યારે શું કામ તમે બધા તેનો વિરોધ કરવા ગયા હતા તે હું તમને પૂછવા માગું છું. તેનાથી પણ આગળ વધી તત્કાલિન કેન્દ્રીય મંત્રી અને માજી સાંસદ દિનશાભાઇ પટેલ જે સરદાર વલ્લભભાઇ પટેલ સ્મારક ટ્રસ્ટ સંભાળે છે. તેની આગેવાની હેઠળ આ ટ્રસ્ટ ઘણીબધી પ્રવૃત્તિ કરે છે. હું રાજય સરકારને પૂછવા માગું છું કે તમે કોઇ દિવસ તેને ગ્રાન્ટ આપી છે ખરી? તેની પ્રવૃત્તિ માટે કેન્દ્ર સરકારે ગ્રાન્ટ આપી છે. વલ્લભભાઇ પટેલનું જીવન અને કવન જીવંત રહે તેના માટે કેન્દ્ર સરકારે પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ આપી છે તેના પરિણામે તે ટ્રસ્ટની પ્રવૃત્તિ ચાલુ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું કે દેશના તમામ લોકો ઇચ્છે છે કે, સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા બને. આ પ્રતિમા ભવ્ય બને, વિશ્વસ્તરની બને એના માટે તમે ૫૦૦ કરોડને બદલે ૧૦૦૦ કરોડ વાપરો એમાં અમારો કોઇ વાંધો હોઇ શકે નહીં પણ એને તમે રાજકારણ સાથે ન જોડો. વલ્લભભાઇ પટેલ અમારા હતા, ગુજરાતના હતા, આપણા બધાના હતા. પણ આ વલ્લભભાઇ પટેલ એ છે મારે મિત્રોને યાદ અપાવવું છે ભૂતકાળનું પણ કે, (xxxxxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેચ્યુ ભવ્ય બને, આ સ્ટેચ્યુના સ્થળે ગુજરાતી, દરેક ભારતીય અને દુનિયાના દરેક ખૂણે ખૂણેથી પ્રવાસીઓ આવે એના માટે પૂરી સગવડ સચવાય, આપણું ગૌરવ વધે. સાથોસાથ વલ્લભભાઇના જીવન અને કવન ઉપરથી બધાને રાષ્ટ્રપ્રેમી થવાની પ્રેરણા મળે એના માટે જે કાંઇ કરવું પડે એ રાજય સરકાર કરે, ભવ્ય પ્રતિમા બનાવે અને વલ્લભભાઇનું નામ દેશ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અને દુનિયાની રાહમાં કાયમ અમર રહે એના માટેની કોઇ પણ પ્રવૃતિને મારા પક્ષનો અને મારો સંપૂર્ણ ટેકો છે. આ સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોતીભાઇ વસાવા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બિલ, બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એક એવો યોગ છે, આજના દિવસે આ સંકલ્પ છે અને આજે જ આપણા કેન્દ્રના બજેટની અંદર તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને આજના આ દેશના વડા પ્રધાને આજે આ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ૨૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે, આ સાબિતી છે કે એમનો આત્મા અહીંયા છે. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઇ પટેલ એટલે એક પ્રખર રાષ્ટ્રભક્ત જેઓએ બ્રિટિશ રાજયના અંત પછી જયારે દેશ આઝાદ થયો ત્યારે ૫૬૨ જેટલા રજવાડાઓને રાષ્ટ્રના મખ્ય પ્રવાહમાં સાંકળવા માટે પ્રતિબદ્ઘ હતા. એક કુશળ વહીવટકર્તા જેમણે નવા આઝાદ હિન્દુસ્તાનને સુદ્રઢ બનાવ્યું. એક અનોખા મહામાનવ જેમણે પથદર્શક બનીને દેશને એકતાની રાહ અને દિશા બતાવીને સમગ્ર રાષ્ટ્રને સુશાસનનું પ્રતિક આપ્યું. સમગ્ર વિશ્વમાં સન્માનીત સરદારને ઉચ્ચતમ ભાવાંજલિ અર્પણ કરવા ગુજરાત આ સર્જી રહ્યું છે. જયારે ખાતમૂર્હુત હતું ત્યારે તત્કાલીન મુખ્ય મંત્રી અને આજના આ દેશના વડા પ્રધાને સરદાર સાહેબ માટે ભારતની એકાત્મકતાને આદર આપવાની ભાવનાને કાંઇક આ રીતે દર્શાવી હતી, આમાં મને લાગે છે કે બધો જ જવાબ આવી જાય છે. એમણે કહ્યું કે, " ભાષા અનેક ભાવ એક, રાજય અનેક રાષ્ટ્ર એક, પંથ અનેક લક્ષ્ય એક, બોલી અનેક સ્વર એક, રંગ અનેક તિરંગા એક, સમાજ અનેક ભારત એક, રિવાજ અનેક સંસ્કાર એક, યોજના અનેક મકસદ એક, કાર્ય અનેક સંકલ્પ એક, રાહ અનેક મંઝિલ એક, પહાનામા અનેક પ્રતિભા એક, ચહેરા અનેક મુસ્કાન એક" આ સ્ટેચ્યુસ ઓફ યુનિટી એ આવતી કાલના ભારતનું પ્રતિક બનનાર છે. એને બીજી રીતે કહીએ તો આ સ્મારક એક આઇકોન ઓફ યુનિટી તરીકે પ્રસ્થાપિત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાવરીબેન જયારે યોજનાઓ જણાવતા હતા, મારા સાથી મિત્રોને કહું કે લાખો યોજના ગાંઘી અને નહેરુ પરિવારના નામ પર છે. ગવર્મેન્ટ સ્કીમ, પ્રોજેકટ એવોર્ડ,સ્કોલરશીપ આ એટલા માટે કહુ છું કે માનનીય સભ્યશ્રીઓના ઘ્યાનમાં રહે કે કેટલી બધી લાખ્ખો યોજનાઓ ગાંઘી પરિવાર અને નહેરૂ પરિવારના નામ પર છે. સ્ટેડિયમ, ટુર્નામેન્ટ, ટ્રોફીઝ, એરપોર્ટ, પોર્ટસ, યુનિવર્સિટીઝ, એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટ, પ્રોગ્રામ્સ, કોલેજીસ, નેશનલ પાર્ક, સેન્ચ્યુરીઝ, મ્યુઝિયમ્સ, હોસ્પિટલ્સ, મેડિકલ ઇન્સ્ટીટ્યુટ, ફેસ્ટીવલ્સ, રોડ, બિલ્ડીંગ અને પ્લેસીસ અને આવી અનેક અનેક યોજનાઓ જ્યારે ગાંઘી અને નહેરૂ પરિવારના નામ પર છે ત્યારે તમે એને સમર્થન આપો એ ખૂબ સ્વાભાવિક છે અને મારે ખાસ કહેવું છે કે જ્યારે દેશમાં આ સાત લાખ ગામડાઓની અંદર લોખંડ ઉઘરાવવા ગયા ત્યારે કોંગ્રેસના પ્રતિનિધિએ સ્ટેટમેન્ટ્સ કરેલું કે આ ભંગાર ઉઘરાવવા જાય છે, ભંગાર ઉઘરાવવા જાવ છો આ શબ્દો હતા, આના વિચારો કયા છે એની પાછળનો ભાવ તમે નથી સમજ્યા. પ્રત્યેક ગામમાંથી ખેડૂતના ઓજારનો ટૂકડો અને ત્યાંની માટી, દરેક ગામને, દરેક વ્યકિતને એવો ભાવ થાય કે આ પ્રતિમાની અંદર, આ સ્મારકની અંદર મારું યોગદાન છે, મારા ગામનું યોગદાન છે. આ,આ ભાવ સાથે જોડાયેલું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર પટેલના વ્યકિતત્વને વિશ્વ સાક્ષાત્કાર કરાવવા માટે પ્રત્યેક કિસાન, પ્રત્યેક નાગરિક ભારતવાસી તરીકે સ્વાભિમાન લઇ શકે એવા ઉત્તમ સંકલ્પ સાથે વિશ્વની આ સૌથી ઉંચી પ્રતિમા નિર્માણ થનાર છે. આજે સરદાર સાહેબ હોત તો આ પોકાર પ્રત્યેક ભારતીયનો તેમને યાદ આવત. રાષ્ટ્રની પ્રત્યેક સમસ્યાના સમાઘાન માટે સરદાર ફોર્મ્યુલા જ સાચું હથિયાર છે. હું ફરીથી દોહરાવું છું કે રાષ્ટ્રની પ્રત્યેક સમસ્યા અને સમાઘાન માટે સરદાર ફોર્મ્યુલા જ સાચું હથિયાર છે, એવો વિશ્વાસ એમના પ્રભાવની લોખંડી ઓળખ છે. સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટને આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની જવાબદારી સોંપવામાં આવશે. જેમ રાઘવજીભાઇએ કહ્યું તેમ આ ટ્રસ્ટમાં શિક્ષણ, બુનિયાદી સુવિઘા, જનજાતિ કલ્યાણ, હેલ્થ, સોશિયલ, ઇકોનોમિક આવી અનેક અનેક સવલતો આની અંદર આ સંશોઘન અને વિકાસ તથા આવી અનેક સામાજિક પ્રવૃત્તિઓ પણ આની સાથે સાંકળી લેવામાં આવી છે.

સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા સરદારની જેમ ફરી એકવાર સમગ્ર રાષ્ટ્રને એક કરવાનું ભગીરથ કાર્ય સફળતા પૂર્વક પાર પાડશે. આ પ્રતિમા દેશની ભાવિ પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બનનાર છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી જે વિશ્વનું સૌથી ટોલેસ્ટ સ્ટેચ્યુ એ સરદાર સરોવર બંધથી ૩.૩૨ કિલોમીટરના અંતરે સાધુ બેટ પર નિર્માણ થનાર છે. જેમ વિભાવરીબેને કહ્યું અમેરિકાના સ્વતંત્ર દેવીની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિમાથી બે ગણી ઉંચી છે. બીજી જે વિશ્વની અંદર પ્રતિમાઓ છે, હું જણાવવા માંગીશ માનનીય સભ્યશ્રીઓને કે સ્પ્રીંગ ટેમ્પલ બુદ્ધા, કે જે પ્રતિમા ચાઇનામાં છે તેની હાઇટ ૧૫૩ મીટર છે, ઉસીકુ ડાયેબીટ્સુ જે જાપાનમાં પ્રતિમા છે એની હાઇટ ૧૨૦ મીટરની છે, સ્ટેચ્યુ ઓફ લિબર્ટી– જે યુ.એસ.એ. માં છે તે ૯૩ મીટરની હાઇટ પર છે. મધરલેન્ડ કોલ્સ, રશિયામાં એક પ્રતિમા છે તેની હાઇટ ૮૫ મીટરની છે, ક્રાઇસ્ટ ધ રીડીમર જે પ્રતિમા બ્રાઝીલમાં છે તેની હાઇટ ૩૮ મીટર છે, ત્યારે આપણે ગર્વ સાથે કહી શકીશું કે આપણી જે પ્રતિમા બનનાર છે તે સ્ટેચ્યુ ઓફ યુનિટીની હાઇટ ૧૮૨ મીટરની થનાર છે. આ વિરાટ સ્મારકની ઉંચાઇ દુનિયાને નવી દિશા બતાવશે. આ પ્રતિમાની ઉંચાઇ કેવળ મીટર કે ફુટમાં નહિ પરંતુ એને શૈક્ષણિક, ઐતિહાસિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક મૂલ્યો સાથે અધિક છે. આવનારી સદીઓ માટે આ પ્રેરણા સ્ત્રોત બનનાર છે અને છેલ્લે દેશની વિવિધ કોમ, સમાજ, વર્ગ રાષ્ટ્ર ભાવનાને એકતાંતણે બાંધી સંગઠિત કરી શક્તિશાળી રાષ્ટ્ર બનાવવા માટે આરંભાયેલા એકતાનો યજ્ઞ છે. ભારતને જોડવાનું આ અભિયાન, ભારતની એકતાને વિશ્વમાં વિરાટ સ્મારક બનનાર છે અને દેશની એકતા અને દેશની શ્રેષ્ઠતા આ સરદાર સ્મારક વિશ્વનું વિરાટ સ્મારક બનશે માનનીય સભ્યશ્રી મોતીભાઇ વસાવા જે આ સંકલ્પ લઇને આવ્યા છે એને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું અને બધા જ સભ્યો આને સ્વીકારે એવી લાગણી વ્યક્ત કરું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાસદ મોતીભાઇ વસાવા આજે જે સંકલ્પ લઇને આવ્યા છે એ અદભૂત સંકલ્પનો જે વિચાર આ એક વીર ગુજરાતીને આવેલો. જે આજે દિલ્હીના તખ્તા ઉપર બેઠા છે એવા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના આજના દિવસે જેમ અમારા મિત્રએ કહ્યું કે ૨૦૦ કરોડનું અનુદાન કેન્દ્ર સરકાર તરફથી આપવાનું નક્કી થયુ છે. આ એક સુભગ સુમેળ છે. મને કહેવા દો કે આજે પહેલીવાર ગુજરાતની કોંગ્રેસ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસથી અલગ પડી છે અને માત્ર સરદારના કારણે અલગ પડી છે. તમને ઠપકો ત્યાંથી મળે તો થોડો સાંભળી લેજો. એનુ કારણ એ છે કે, ચૂંટણી પહેલાં તમે કરેલી એ ભૂલ, ચૂંટણી પહેલાં તમે કહેલો ભંગાર એ તમામ ખેડૂતોને અસર કરી ગયો અને માટે છવ્વીસે છવ્વીસ સીટ ગુજરાતની અમને મળી છે.

માનનનીય અધ્યક્ષશ્રી, આ અભિમાન નથી આ ગુજરાતની પ્રજાનું સ્વમાન છે, આ સ્વાભિમાન છે. ખેર, દેર સે આયે કોંગ્રેસવાલે દૂરસ્ત આયે. આ વાત ઉપર થોડીક તો સમજણ પડી સારી વાત છે. આદરણીય સરદાર પટેલ વકીલ હતા અને સમગ્ર હિન્દુસ્તાનના વકીલોને તેનું ગૌરવ છે. હું એક બહુ મહત્વની વાત કહેવા જઇ રહ્યો છું. જગતમાં મેં સાંભળ્યુ છે કે કોઇ અદાલતમાં વિશ્વાસ ના હોય તો તમે એવુ કહી શકો કે મને આ જજમાં વિશ્વાસ નથી તો તમારો કેસ બદલાય જાય. પણ આખે આખી અદાલત એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલાય જાય એવુ વિશ્વમાં કયાંય બન્યુ હોય તો એ બોરસદમાં બનેલું. માનનીય સરદાર પટેલ બેરિસ્ટર હતા, વકીલ હતા, ફોજદારી વકીલાત કરતા હતા અને તેમનુ ખૂબ નામ હતુ. બોરસદની અંદર બધાજ કેસો છૂટી જવા માંડયા ત્યારે અધિકારીઓએ પૂછયું કે આ કેસો કેમ છૂટી જાય છે ? તો કહે અહીં સરદાર પટેલ વકીલાત કરે છે. તો કહે એક કામ કરો આ બોરસદની કોર્ટ ખસેડીને આણંદ લઇ જાવ કે જેથી આ સરદાર પટેલ વકીલાત કરવા આવે નહીં. કોર્ટ આણંદ લઇ ગયા અને જાણીને સભાગૃહને ખૂબ આનંદ થશે કે, માનનીય સરદાર પટેલ આણંદ આવીને વકીલાત કરવા લાગ્યા. એક વર્ષમાં બ્રિટિશ સરકાર થાકી ગઇ અને આણંદની કોર્ટ પાછી બોરસદ લઇ ગયા. આવુ જગતમાં કયાંય જોવા નહીં મળે એવો આ જ્ઞાની પુરુષ, આત્મા વગરના શરીરનું જેમ મહત્વ નથી એવી રીતે રાષ્ટ્રભકત વગર આ દેશનું મહત્વ રહેતું નથી. માટે ફ્રાન્સે અને આ જેની વાત થાય છે Tallest statue of America i.e. Statue of Liberty ની જે વાત કરીએ છીએ તે હકીકતમાં અમેરીકાનું નથી તેને ફ્રાન્સે ભેટમાં આપેલુ. એક દેશે બીજા દેશને ભેટમાં આપેલુ. આપણા રાષ્ટ્રે સરદાર પટેલને ૬૫ વર્ષ સુધી કાંઇ આપ્યુ નહીં અને માટે માનનીય નરેન્દ્રભાઇને આ વિચાર આવ્યો કે

આવા મહાપુરુષને, આવા રાષ્ટ્રભકતને અંજલિ કઇ હોઇ શકે ? સૌથી ઉંચામાં ઉંચુ એક સ્ટેચ્યુનું ભવ્ય નિર્માણ થાય. કારણ કે તે ખેડૂત પુત્ર હતા, ખેડૂત હતા, આ રાષ્ટ્રના નિર્માતા હતા અને માટે દરેક ગામે ગામથી એક ઓજાર, ખેતીનો ઓજાર એકઠું કરવાનો જે પ્રયાસ હતો તેમાં તમે જે અવિચારી શબ્દ વાપર્યા તેના કારણે પણ આ હિન્દુસ્તાનના લોકોએ કોંગ્રેસને જવાબ આપ્યો અને માટે આજે વડાપ્રધાન થઇને માનનીય નરેન્દ્રભાઇ ત્યાં બિરાજયા છે. મને કહેવા દો કે સ્વતંત્ર ભારતના શિલ્પી કોણ? આ પ્રશ્નનો જવાબ આપવાની કોઇ જરૂર નથી આપણે સૌ જાણીએ છીએ કે Sardar - the Iron Man. જેમ લોહીની અંદર લોહતત્વની જરૂર હોય છે એવી રીતે રાષ્ટ્રભકતની અંદર એક ખુમારી, એ લોહપુરુષ હતા એ તેમની ખુમારી હતી.

સરદાર સાહેબે શું કહ્યું, સરદાર સાહેબે કહ્યું એ બહુ સાંભળવા જેવું છે મારા માનનીય ધારાસભ્યશ્રીઓ, ‘‘સત્તાધીશોની સત્તા તેમના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે, જયારે મહાન દેશભકતોની સત્તા તેમના મૃત્યુ પછી જ ખરો અમલ ચલાવે છે’’ અને એ અમલ ચાલુ થઇ ગયો છે. ના લાઠી ચલી, ના ખૂન બહા, ના ગોલી ચલી, ના લાશે બીછી અને તેમ છતાંય ૫૬૨ રજવાડા એકી ઝાટકે ભેગાં કરીને મા ભારતીના ચરણોમાં આપી દીધા એવા સરદાર પટેલની ભાવાંજલિને સલામ છે. જર્મનીમાં એક બિસ્માર્ક થઇ ગયા, જેમણે ૨૮ રાજયોને તલવારના ઝાટકે ભેગાં કરેલાં, જયારે આપણા સરદાર વલ્લભભાઇની કુનેહથી, એમની વહીવટી સૂઝ સમજથી, દુરોગામી દ્રષ્ટિથી અને મને એમ કહેવા દો કે જેમ કહ્યું છે અને બંધ બેસતી પાઘડી બેસાડવાની છૂટ છે. શ્રી એસ. કે. પાટીલે કહ્યું હતું કે–**" વૈસે ઉપરસે દિખને મેં કઠોર લગતે થે "** આપણા માનનીય નરેન્દ્રભાઇ માટે પણ એવું લાગતું હતું.

**" વૈસે ઉપરસે દિખને મેં કઠોર લગતે થે,**
**પર ઉનકા હૃદય સ્નેહ ઔર દયાસે ભરપૂર થા,**
**બુધ્ધિમાન હોને કે સાથ હી ઉનમેં વિનોદવૃત્તિ ભી બહૂત થી,"**

અને માટે જ રાહત ઇન્દોરીએ કહ્યું હતું કે–

**" કિસીકો ન હો સકા, ઉનકા કદકા અંદાજા,**
**કિસીકો ન હો સકા, ઉનકા કદકા અંદાજા,**
**જો આસમાન થા મગર શેરકી તરહ ચલતા થા."**

ક્ષમા સાથે, ધન્યવાદ.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોતીભાઇ વસાવા જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. મારા માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે સરદાર સાહેબ માટે કોઇ વિરોધ ન કરી શકે એ સભ્ય એ બોલ્યા છે, એમને હું મારા તરફથી પૂરેપૂરું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭માં દેશની આઝાદી સમયે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની વહીવટી કુશળતા કુનેહથી અખંડ ભારતનું નિર્માણ થયું. એ સરદાર સાહેબની પ્રતિમા બનાવવા માટે ૨૦૧૦ની અંદર ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ જે જાહેરાત કરી, ૧૮૨ મીટરની ઉંચાઇ ૨૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે જે પ્રતિમા બનાવવા માટે ગુજરાતની અંદર એમણે એક પહેલ નાખી, સાચું જ કહીશ, ખેડૂતો અને બીજા મિત્રોને પણ વાત કરી, અધિકારીઓને પણ વાત કરી કે દરેક જણ લોખંડનો એક ટૂકડો આ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા બનાવવા માટે તમે આપો. એવી જે પહેલ નાખી અને એને કારણે ગુજરાતની અંદર કેટલું લોખંડ આવ્યું અને કેટલો ખર્ચ થયો એ મને ખબર નથી પણ માનનીય અધ્યક્ષશ્રી, આ વાત સાચી છે કે, આ રીતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ વાત કરી હતી.

સરદાર સાહેબ અમારા ખેડા જિલ્લાના હતા. નડીયાદના વતની હતા. નડીયાદની અંદર એમનો જન્મ થયો હતો. મને લાગે છે કે નડીયાદની અંદર એમનો જન્મ થયા પછી કરમસદની અંદર એમણે કર્મભૂમિ બનાવી અને કરમસદની અંદર જ અત્યારે પણ એમનું રહેવાનું મકાન પણ છે અને અનેક વસ્તુઓ જોવા માટે ત્યાં હજારો લોકો ત્યાં જાય છે. સરદાર પટેલ ખેડૂતના દીકરા હતા. તે ખેડૂતના દીકરાના નાતે હું માનું છું ત્યાં સુધી ખેડા જિલ્લાની અંદર સૌ પ્રથમ અમૂલ ડેરીનો પાયો નાખ્યો ખેડૂતો માટે અને આજની તારીખની અંદર

ખૂબ અમૂલનું નામ દેશ અને દુનિયાની અંદર બન્યું હોય તો સરદાર સાહેબના નામે બન્યું છે. નર્મદાનો પાયો નાખવાનું કામ પણ સરદાર સાહેબને હાથે થયું હતું એ પણ હું યાદ કરું છું. સરદાર સાહેબના શબ્દો મને યાદ આવે છે. એ ખેડૂતના પુત્ર હોવાના કારણે એ કાયમને માટે કહેતા હતા કે, આ ધરતી ઉપર જો કોઇને છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય તો એ ખેડૂતના દીકરાને છાતી કાઢીને ચાલવાનો અધિકાર છે બાકી બીજા કોઇને નહીં. એ લોખંડી પુરૂષ માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે આખા રજવાડાં એક કરીને દેશને એક બનાવવાનું કામ કરી ગયા એને માટે માનનીય અધ્યક્ષશ્રી, મારી ઇચ્છા ન હતી પણ સામેના મિત્રો થોડુંક રાજકીય અવલોકન કરી ગયા, માનનીય રાઘવજીભાઇએ કહ્યું તેમ રાજકીય તરીકે અખાડો નથી. આને માટે અવલોકન નહીં કરવું જોઇએ છતાંય બે મિત્રો જે વાત કરી ગયા એ હું માનું છું ત્યાં સુધી એ બરોબર નથી. સરદાર સાહેબ માટે એમ કહેવામાં આવ્યું કે, એમને ભારત રત્ન ન આપવામાં આવ્યો. સરદાર સાહેબને કોંગ્રેસે અન્યાય કર્યો, બીજી યોજનાઓ પણ કોઇપણ ન બનાવી, કોઇ નામ બનાવ્યું હોય તો એના માટે પણ કોંગ્રેસવાળાએ ના કર્યું. આ હળહળતુ જૂઠું છે. હું માનું છું ત્યાં સુધી અમદાવાદમાં ટ્રસ્ટ ચાલે છે, કરમસદની અંદર ટ્રસ્ટ ચાલે છે, બારડોલીની અંદર સરદાર પટેલ ટ્રસ્ટ ચાલે છે. કરમસદની અંદર હું પણ વર્ષોથી એક ટ્રસ્ટી તરીકે કામગીરી કરું છું. એ ટ્રસ્ટની અંદર મારે કહેવું જોઇએ કે આટલા વર્ષથી ભાજપવાળા સરકારમાં બેઠા છે ત્યારે એક પણ રૂપિયો આપ્યો હોય તો મને યાદ કરાવે કે આ ટ્રસ્ટની અંદર એમણે મદદ કરવા માટે પ્રયત્ન કર્યો હોય. એક રૂપિયો કોઇ દિવસ આપ્યો નથી. ભાઇ શ્રી રાઘવજીભાઇએ કહ્યું એ વાત સાચી, તમે બોલ્યા માટે મારે બોલવું પડે છે કે અમદાવાદના એરપોર્ટની અંદર સરદાર વલ્લભભાઇ પટેલનું નામ આપવાનું થયું ત્યારે કાળાવાવટા કોણે બતાવ્યા હતા? કોણે બતાવ્યા હતા? શા માટે બતાવ્યા હતા, શા માટે સરદાર સાહેબ ઉપર તમે પ્રેમ બતાવો છો? મને આનંદ થાત, પરંતુ તમે વિરોધ કરવામાં કોઇપણ જગ્યાએ બાકી રાખ્યું નથી. હું માનું છું ત્યાં સુધી એ આપણા બધાના હતા અને તેમના માટેની આ વાત થાય છે ત્યારે હું પણ આને અનુમોદન આપું છું , પરંતુ મને એક ચિંતા થાય છે કે જયારે સામાવાળા પોલિટીકલ માઇલેજ લેવાના હોય ત્યારે ૧૦ મા મહિનામાં તમે જાહેરાત કરી હતી. (અંતરાય) રામમંદિર બનાવવા માટે ઇંટો અને પૈસા તમે ઉઘરાવ્યા હતા એ કયાં ગયા? એનો અત્યાર સુધી કોઇ હિસાબ તો આપ્યો નથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રામસિંહભાઇ, આ રીતે વિવાદાસ્પદ નહીં, એ કોન્ટ્રાડીકટરી થતું હતું એટલે અગાઉ પણ મેં બોલવા દીધું નથી. તો તમે પણ ના બોલો. (અંતરાય) ત્યારે પણ મેં એમને રોકયા છે. આ સર્વાનુમતે થાય એ હેતુથી તમે આમાં આગળ વધો, નહીંતર તમે બે ચાર વસ્તુ બોલ્યા તો એમાં હજુ પણ આગળ વિવાદ થશે. મેં બોલવાની ના પાડી અને શાંતિથી બેઠા છે. (અંતરાય) તમને સૂચના આપું છું, તમે શાંતિથી બેસો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ જ વિવાદમાં પડવા માગતો નથી. મેં કહ્યું તે પ્રમાણે સરદાર સાહેબ અમારા જિલ્લાના હતા એનું અમને ગૌરવ છે, પરંતુ મારી નમ્ર વિનંતી છે કે માનનીય દિનશા પટેલ વર્ષોથી આ વિધાનસભામાં સભ્ય હતા, મંત્રીશ્રી હતા અને કેન્દ્રમાં પણ ગયા અને ત્યાં પણ મંત્રી તરીકે કામગીરી કરી છે, અમદાવાદમાં પણ અમદાવાદનાં મોટાં ટ્રસ્ટોમાં હતા અને સારી રીતે કામગીરી બજાવી છે. તેમની પણ એક એવી લાગણી હતી કે સરકાર આ સરદારની પ્રતિમા પાછળ આટલા બધા ૨૫૦૦ કરોડ રૂપિયા ખર્ચતી હોય એના કરતાં એની મર્યાદામાં એની પ્રતિમા બનાવે, એની પાછળ મર્યાદિત પૈસા ખર્ચે અને વધારાના જે પૈસાની બચત થાય એ ખેડૂતો માટેની કેનાલો માટે, પાણી માટે કે દવાખાનાં માટે વાપરે એવી શ્રી દિનશા પટેલે પણ મને વાત કરી હતી અને જાહેરમાં પણ વાત કરી હતી. સરદાર પટેલ માટે કોંગ્રેસે ઘણી જગ્યાએ એમની પ્રતિમાઓ મૂકેલી છે, બીજાં રાજયોમાં પણ એમની પ્રતિમાઓ છે. કોઇ એમ કહે કે સરદારને અન્યાય થયો છે તો એ ખોટી વાત છે. મારી પણ નમ્ર વિનંતી છે કે ગુજરાત સરકારે જયારે આ નિર્ણય કર્યા છે ત્યારે કેન્દ્ર સરકારનો આજે મેસેજ આવ્યો છે ત્યારે ૨૦૦ કરોડ રૂપિયા તેમણે આજના બજેટમાં આના માટે મંજૂર કર્યા છે અને અહીંથી પણ ૫૦૦ કરોડ રૂપિયાનું પેકેજ મંજૂર કર્યુ છે ત્યારે એને હું મારું સમર્થન આપું છું, પરંતુ શકય બને તો જે કોઇ બીજા આગેવાનોનાં સૂચનો આવે એનો શકય બને ત્યાં સુધી અમલ કરો એટલી જ વિનંતી છે.

રમણલાલ વોરા (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રી મોતીભાઇ વસાવા જે સ્ટેચ્યુ ઓફ યુનિટી માટેનો સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબનો સંકલ્પ લઇને આવ્યા છે અને આ ગૃહના લગભગ તમામ સભ્યશ્રીઓએ એને સમર્થન કર્યુ છે. જો કે બન્ને બાજુથી થોડીક વાતો થઇ છે, પરંતુ સાત્વિકતાપૂર્વક હું એકપણ રાજકીય અવલોકન આ દિશામાં કરવા માગતો નથી. સન ૨૦૧૦ માં સ્વર્ણીમ વર્ષ નિમીત્તે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના અત્યારના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ નકકી કર્યુ હતું કે સરદાર વલ્લભભાઇ પટેલનું સરદાર સરોવર ડેમ ઉપર સાધુબેટ ઉપર વિશ્વમાં ઉંચામાં ઉંચી પ્રતિમા ૧૮૨ મિટરની સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ મૂકાશે અને એ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે ઓળખાશે અને એ વાતને સમર્થન આપવા માટે એને સાર્થક કરવા માટે, એ માત્ર આ પુસ્તકીયા પાના ઉપર ના રહે એના માટે ગુજરાત સરકારે પોતાના બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને દિલ્હીમાં પણ આજે જયારે કેન્દ્રીય બજેટ રજૂ થયું છે એમાં પણ આના માટે ૨૦૦ કરોડ રૂપિયા આ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ખર્ચવાના છે.

આ સરદાર વલ્લભભાઇ પટેલ જેમના માટે સમગ્ર દેશ અને દુનિયા ગૌરવ લઇ શકે છે. આપણે એમ કહીએ કે સરદાર વલ્લભભાઇ પટેલ આપણા હતા તો પણ મને લાગે છે કે આપણે સરદાર વલ્લભભાઇ પટેલનું અપમાન કરી રહ્યા છીએ. સરદાર વલ્લભભાઇ પટેલ એ વિશ્વ પુરુષ હતા, યુગ પુરુષ હતા, મહા માનવ હતા અને ગુજરાતનું અને સમગ્ર વિશ્વનું એક ગૌરવ હતા. સરદાર વલ્લભભાઇ પટેલને આપણે આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સ્વરૂપે શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ ત્યારે આ માત્ર ૧૮૨ મિટરનું સ્ટેચ્યુ નથી. રાજય સરકારની કલ્પના એ પ્રકારની છે કે જયાં સાધુ બેટ ઉપર સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ ઉભું થાય તેની આજુ બાજુ આદિવાસી વિસ્તાર આવેલો છે ત્યાં રીસર્ચ સેન્ટર પણ થાય, માત્ર ગુજરાતના નહીં પણ સમગ્ર હિન્દુસ્તાન ભરના ખેડૂતોને આ રીસર્ચ સેન્ટર દ્વારા કેવી રીતે માહિતી પહોંચે, પોતાના વિભાગમાં જે પ્રકારની જરૂરિયાત છે તે પ્રકારના સંશોધનો થાય અને તે સંશોધનો આખા વિશ્વમાં જાય એ પ્રકારની વ્યવસ્થા આ સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે જોડાયેલી છે. આ માત્ર ૧૮૨ મિટરનું સ્ટેચ્યુ નથી, તેની સાથે શૈક્ષણિક હબ જોડાયેલું છે. અનેક યુનિવર્સિટીના માધ્યમથી રીસર્ચ સેન્ટર ઉભું થાય, શૈક્ષણિક હબ ઉભું થાય અને માત્ર ગુજરાતને નહીં પણ સમગ્ર હિન્દુસ્તાનને તેનો લાભ મળે તે પ્રકારનું સ્ટેચ્યુ ઓફ યુનિટી છે. જયારે સરદાર સાહેબને આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલ લોહ પુરૂષ હતા તે બધા જ સ્વીકારે છે, ૫૬૨ રજવાડાઓનું એકત્રિકરણ એમણે કર્યું તે પણ બધા સ્વીકારે છે. તેની સાથે બીજી એક વાત એ પણ જોડવી છે કે સરદાર પટેલના એક બોલ ઉપર, તેમની એક વાત ઉપર, એક કિસાન પુત્ર, ભૂમિ પુત્ર અને પટેલ પુત્રના નામ ઉપર ૫૬૨ રજવાડાઓએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું. આજે આપણે પોતાના ખેતરના શેઢા ઉપર કોઇ વ્યકિત ચાર દિવસ જો ચાલીને નીકળે, તો આપણે ચાલવા દેતા નથી, એમને તરત જ કહી દઇએ કે ભાઇ બહુ દિવસ થયા, આ રોજનું થયું આ રીતે પેધો પડે તે ચાલે નહીં. રોજ અહીંથી નહીં ચાલવાનું. ત્યારે આવા સંજોગોમાં એ ૫૬૨ રજવાડાઓ ઘડીના છઠ્ઠા ભાગમાં આ દેશની એકતા અને અખંડિતતા ખાતર દેશના ભૂમિ પૂત્ર માટે સર્વસ્વ ન્યોછાવર કરી દીધું તેઓ પણ વંદનના અધિકારી છે, અભિનંદનના અધિકારી છે. એટલા માટે આજે એમને પણ હું યાદ કરું છું.

સરદાર પટેલનું નામ બિસ્માર્ક જમર્ની, કે જેમણે તલવારની ધાર ઉપર રજવાડાઓનું એકત્રિકરણ કર્યું. સરદાર સાહેબનું એ કામ નહોતું. અને છતાં ઇતિહાસના પાના ઉપર ભારતના બિસ્માર્ક વલ્લભભાઇ પટેલ એમ કહેવાય, ત્યારે એ ઇતિહાસને પણ ફરીથી લખવાની જરૂર છે. બિસ્માર્ક અને સરદાર વલ્લભભાઇની સરખામણી કયારેય થઇ શકે નહીં, કયારેય હોઇ શકે નહીં, આવા મહાપુરુષનું ૧૮૨ મિટરનું સ્ટેચ્યુ બનાવવા માટે માત્ર રકમ છે તે રૂપિયાથી તોલવાથી શ્રદ્ધાંજલિ ન હોઇ શકે, બીજા ૨૫૦ કરોડ રૂપિયા કાઢવાના થશે તો આ દેશની જનતા એ આપવાની છે. તેની પાછળ આપણો ધ્યેય સારો હોવો જોઇએ, તેની પાછળનો મકસદ સારો હોવો જોઇએ. લોકો માટે હોવો જોઇએ, ગુજરાતના ખેડૂતો માટેનો હોવો જોઇએ. લોકોના આમ જીવન માટે હોવો જોઇએ. રકમની કિંમત નથી. અને આવા શુભ આશય સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જયારે આ સ્વપ્ન સેવ્યું છે ત્યારે આદરણીય સભ્યશ્રી મોતીભાઇ વસાવા આ

સંકલ્પ લઇને આવ્યા છે  એ સંકલ્પને રાજય સરકાર વતીથી હું સ્વીકારું છું. સમર્થન આપું છું. એમણે જે ભાવના વ્યકત કરી છે તે ભાવના આ ગૃહના તમામ સભ્યોના પોતાના હૃદયમાં પડેલી છે. એ તમામ સભ્યોની ભાવનાને એકત્રિત કરીને સર્વાંગી વિકાસ તરીકે સરદાર વલ્લભભાઇ પટેલને સાચી શ્રદ્ધાંજલિ આપવાનો પ્રયાસ કરીએ. આટલી વાત સાથે બધાનો ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

**સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૪ વાગ્યે પુરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૧મી જુલાઇ  ૨૦૧૪ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષયસૂચિ | | ચોથી શ્રેણી |
|---|---|---|
| **પુસ્તક.૧૪ )** | **વિષય** | **પાના નંબર** |


| | | |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | સભ્યશ્રીએ કરેલ આક્ષેપોના પુરાવા રજૂ કરવા અંગે | ૨૬૧ |
| | રાજ્યમાં નવી આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન | ૨૨ |
| | રાજ્યમાં યોજાયેલ કાનૂની શિબિરો | ૪૨૨ |
| | સુરત જિલ્લામાં પશુઓને રસીકરણ | ૨૦૩ |
| | સુરત જિલ્લામાં ફળઝાડ વાવેતરના લાભાર્થી | ૧૬૬ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના રસ્તા પહોળા કરવા અંગે | ૩૦૭ |
| | અરવલ્લી જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મહેકમ | ૧૫૮ |
| | નર્મદા યોજનામાં, શાખા–પ્રશાખા–પ્રપ્રશાખા બનાવવાનું આયોજન | ૧૯૮ |
| | ભિલોડા ખાતે આંબેડકર ભવનના નિર્માણ બાબત | ૪૭૦ |
| | ભિલોડા ખાતે ભરથરી સમાજના પરિવારોને પ્લોટ અને આવાસો આપવા બાબત | ૪૩૮ |
| | ભિલોડા તાલુકામાં લક્ષ્મણપુરા અને નવલપુર ખાતે સબસ્ટેશનો મંજૂર કરવા બાબત | ૮૮ |
| | મેઘરજ તાલુકામાં મનરેગા યોજનામાં લેબર અને મટીરીયલ કોમ્પોનન્ટમાં થયેલ | ૩૪ |
| | રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાં પ્રોફેસરની ખાલી જગ્યાઓ | ૩૩૯ |
| | સરદાર આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને ફાળવેલ રકમ | ૬૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આંગણવાડીઓના ખર્ચ | ૩૨૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૧૯ |
| અમિત ચૌધરી | મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન આપવા બાબત | ૨૯૬ |
| | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં આંબેડકર ભવન બનાવવાની દરખાસ્તો | ૪૭૯ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના વિદ્યાર્થીઓને અપાતા ફ્રીશીપ કાર્ડ | ૪૬૨ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેત વિષયક વિજ જોડાણની પડતર અરજીઓ | ૩૫ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જમીન માપણીની રી–સર્વેની કામગીરી | ૨૧૫ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વિજ–સબસ્ટેશન ઊભા કરવાનું આયોજન | ૮૯ |
| | ગાંધીનગર જિલ્લામાં ગામોને પીવાનું પાણી | ૧૮૧ |
| | રાજ્યે ખનીજ વીજ કંપનીઓ અને સેન્ટ્રલ પુલમાંથી ખરીદેલ વીજળી | ૭૦ |
| અમિત અ. ચાવડા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૩૮૭ |
| | અંબાજી યાત્રાધામમાં થયેલ આવક | ૪૮૩ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં વસાહત/કોલોની સ્વરૂપે સરદાર આવાસ બનાવવા | ૮૪ |
| | આણંદ અને ખેડા જીલ્લામાં મહી સિંચાઈ યોજનાની નહેરો પાકી બનાવવા બાબત | ૨૨૭ |
| | આણંદ જિલ્લાની નગરપાલિકાઓનો ગરીબ પરિવારોને સંકલિત આવાસો અને ગંદા | ૧૭૫ |
| | આણંદ જિલ્લામાં રમતગમત સંકુલની સુવિધા પુરી પાડવા બાબત | ૩૩૮ |
| | આણંદ જિલ્લામાં લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગો સ્થાપવા મંજૂરી બાબત | ૨૦૯ |
| | આણંદ જિલ્લામાં વાહનોને હાઈ સીક્યુરીટી નંબર પ્લેટ આપવા બાબત | ૩૦૬ |
| | આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પીટલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય | ૩૨૮ |
| | ઈન્દિરા ગાંધી વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૭૦ |
| | પંડિત દીન દયાળ આવાસ અને ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય | ૪૪૪ |
| | રાજ્ય સરકારનું દેવું | ૨૫ |
| | રાજ્યમાં બી. પી. એલ. યાદીનો સર્વે | ૬૪ |
| અરૂણસિંહ અ. રણા | આમોદ તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ | ૧૯૭ |
| | ભરૂચ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જુથની રચના | ૩૪ |

| પુસ્તક.૧૪ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | મહીસાગર જિલ્લા સેવા સદનનું કામ | ૩૨૦ |
| | વાગરા તાલુકા ખાતે નવી કોર્ટ મકાનનું બાંધકામ | ૪૬૧ |
| | વાગરા તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ | ૧૫૭ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ બનાવવાનાં લાભાર્થી | ૧૬૬ |
| | બોડકદેવ ખાતેના જજીસ બંગ્લોઝની મરામત | ૪૨૩ |
| | રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો | ૪૯ |
| અરવિંદભાઇ કે. લાડાણી | ઉના ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૪૨૯ |
| | જૂનાગઢ જિલ્લાને પોરબંદર જિલ્લા સાથે જોડતા રસ્તાને પહોળો કરવા અંગે | ૩૦૪ |
| | જુનાગઢ જિલ્લામાં જેટકોને સરકારી પડતર જમીન ફાળવવા બાબત | ૧૭૪ |
| | જુનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો | ૨૦૮ |
| | બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત | ૩૬૮ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | અરવલ્લી જિલ્લામાં વાત્રક નદી પર મોટા ચેકડેમ | ૧૭૭ |
| | ગોધરા આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ | ૨૯૪ |
| | પંચમહાલ જિલ્લામાં પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી | ૨૧૨ |
| | પંચમહાલ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક | ૫૮ |
| | બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત | ૩૭૦ |
| અશ્વિન કોટવાલ | કલ્પસર પ્રોજેક્ટ પાછળ ખર્ચ | ૨૨૯ |
| | રાજ્યમાં વીજળી વેચવા બાબત | ૭૫ |
| | સભ્યશ્રીએ કરેલ આક્ષેપોના પુરાવા રજૂ કરવા અંગે | ૨૫૪ |
| | સરસ્વતી સાધના યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં સહાય | ૪૮૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની આવક | ૩૨૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખેતીવાડીના વીજ એસ્ટીમેટ ભરાયા છતાં કનેકશનો આપવા | ૫૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખનીજ ચોરી પકડવાના કિસ્સા | ૯૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ સહાય | ૪૫૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી અમૃત્તમ યોજના હેઠળ થયેલ ખર્ચ | ૨૯૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ હેઠળ સહાય | ૪૭૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં હેન્ડપંપો | ૧૯૦ |
| | સાબરકાંઠામાં ખેતીની જમીન બિનખેતીમાં તબદીલ બાબત | ૨૨૧ |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામ | ૨૧૨ |
| | ગાંધીનગર જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગનું રીપેરીંગ અને નવીનીકરણ | ૪૫૩ |
| | ગાંધીનગર જિલ્લામાં જીપ્સમ સહાય | ૧૭૮ |
| | ગાંધીનગર જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો | ૧૭ |
| | ગાંધીનગર શહેરના આંતરિક રસ્તાઓનો રીપેર પાછળ ખર્ચ | ૨૯૩ |
| | સભ્યશ્રીએ કરેલ આક્ષેપોના પુરાવા રજૂ કરવા અંગે | ૨૫૧ |
| ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ | રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની ટાઉન પ્લાનીંગ સ્કીમ | ૧૯૫ |
| | રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્બારા ડેવલપમેન્ટ પ્લાન સરકારમાં રજૂ | ૨૨૫ |
| | રાજ્યમાં નાના અને મધ્યમ કક્ષાના બંધ પડેલા એકમોની માહિતી નિભાવવા બાબત | ૧૫૬ |
| | વિકલાંગ વ્યકિતઓના કુટુંબીજનોને વીમા કવચ હેઠળ સહાય | ૪૬૩ |
| ઇશ્વરભાઇ ઢે. પટેલ | ધરમપુર તાલુકાના વિલ્સન હીલને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત | ૪૯ |

| પુસ્તક.૧૪ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | વલસાડ જિલ્લામાં આરોગ્ય તપાસ કાર્યક્રમ અંગે બાળકોને સહાય | ૩૨૪ |
| | વલસાડ જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૨૯૭ |
| | વલસાડ જિલ્લામાં નવા ચેકડેમો | ૧૭૫ |
| | વલસાડ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ | ૨૦૯ |
| | વલસાડ જિલ્લામાં સર્પદંશના બનાવોથી મૃત્યુ | ૩૩૫ |
| ઇશ્વરભાઇ ર. પરમાર | કાકરાપાર તથા ઉકાઈ જમણાકાંઠા મુખ્ય નહેરના આધુનિકરણ બાબત | ૧૬૯ |
| | તાપી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો | ૩૬ |
| | બારડોલી તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૪૩૦ |
| | બારડોલી તાલુકામાં પશુ આરોગ્ય મેળા | ૨૦૪ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | નેત્રંગ તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ | ૧૬૪ |
| | ભરૂચ અને વડોદરા જિલ્લાને જોડતા આમોદ–કરજણ રસ્તાની કામગીરી | ૨૯૪ |
| | ભરૂચ જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખાસ પ્રોત્સાહક અનુદાન આપવા અંગે | ૫૮ |
| | ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય | ૪૪૯ |
| ઋષિકેશ ગ. પટેલ | ધરોઇ યોજનાની નહેરોની સુધારણા બાબત | ૧૮૦ |
| | બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત | ૩૪૭ |
| | મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૪૪ |
| | મહેસાણા જિલ્લામાં લોક દરબાર | ૨૧૪ |
| | મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય | ૪૪૫ |
| કેતન મ. ઇનામદાર | બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત | ૩૭૧ |
| | નર્મદા યોજનાની તબક્કા–૧ હેઠળ માઈનોર–સબમાઈનોર નહેરોનો કામ | ૧૫૩ |
| | વડોદરા જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ | ૧૯૬ |
| | વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના | ૪૬૧ |
| | વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ | ૧૮ |
| કનુભાઇ મો. દેસાઇ | પારડી ખાતે ન્યાયિક અધિકારી અને કર્મચારીઓના મકાનના બાંધકામ માટે મંજૂરી | ૪૬૦ |
| | વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૬૦ |
| | વલસાડ જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ | ૨૦૪ |
| | વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૧૭૦ |
| | વાપી તાલુકા સેવા સદનનું કામ | ૩૧૦ |
| | સભ્યશ્રીએ કરેલ આક્ષેપોના પુરાવા રજૂ કરવા અંગે | ૨૫૭ |
| કરમશીભાઇ વિ. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૧૩૫ |
| | નર્મદા યોજનાની માઈનોર/સબમાઈનોર કેનાલોથી ખેતરો/ગૌચરોમાં જવાના બંધ | ૨૩૧ |
| | સાણંદ અને બાવળા તાલુકાના ખેડુતોના ૭/૧૨ના રેકર્ડના કોમ્પ્યુટરાઇઝ્ડ | ૨૨૪ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં ખેતીવાડી વિજ જોડાણની પડતર અરજીઓ | ૯૦ |
| | સાણંદ અને બાવળા તાલુકામાંથી ગેર કાયદેસર રીતે માટી ખોદકામની ફરીયાદો | ૭૪ |
| | સાણંદ તાલુકાના નાની દેવતી ગામે સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ | ૧૯૪ |
| | સાણંદ તાલુકાની ગ્રામ પંચાયતોને સેસની રકમ ફાળવવા બાબત | ૪૪ |
| કેશુભાઇ હી. નાકરાણી | ભાવનગર જિલ્લામાં નવી શરત/ગણોતધારા હેઠળની જમીન જૂની શરતમાં ફેરવવા | ૧૯૩ |
| | ભાવનગર જિલ્લામાં મંજૂર કરેલ પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ | ૪૬૦ |
| | ભાવનગર જિલ્લામાં લોક દરબાર | ૨૨૩ |

| પુસ્તક.૧૪ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં વાયર | ૩૭ |
| કેશાજી શિ. ચૌહાણ | નર્મદા મુખ્ય નહેરમાંથી ચાંગાથી દાંતીવાડા – સીપુ ડેમ સુધીની પાઇપલાઇનની | ૧૮૦ |
| | બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટર યોજના | ૨૧૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં નાના–મોટા પુલના મંજૂર કામો | ૨૯૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ માનવદિન | ૮૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન | ૬૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય | ૪૨૭ |
| | સભ્યશ્રીએ કરેલ આક્ષેપોના પુરાવા રજૂ કરવા અંગે | ૨૬૨ |
| કાંતિલાલ શી. અમૃતિયા | બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત | ૩૫૭ |
| | મોરબી જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામ | ૧૮૬ |
| | મોરબી જિલ્લામાં કાર્યરત સબ સ્ટેશનો | ૫૨ |
| | રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓને સાયકલ સહાય | ૪૬૨ |
| કાન્તીભાઇ કા. ખરાડી | બનાસકાંઠા જિલ્લાની અદાલતોમાં ખાલી જગ્યાઓ | ૪૫૪ |
| | શ્રી અંબાજી મંદિરના વિકાસ માટે કરેલ ખર્ચ | ૪૭૪ |
| કામીનીબા ભુ. રાઠોડ | દહેગામ તાલુકાના ડામરથી વંચિત પેટાપરા અને ગામો | ૩૩૪ |
| | દહેગામ તાલુકામાં મેશ્વો અને વાત્રક નદી પર પુલ બનાવવા અંગે | ૩૨૨ |
| | રાજ્યમાં ઓવરલોડ વાહનો ભરતા વાહન માલિક સામે કાનુની કાર્યવાહી | ૨૮૫ |
| કિરીટસિંહ જી. રાણા | નર્મદા યોજના આધારિત ઝીંઝુંવાડા શાખા–વિશાખા–પ્રશાખા નહેરનો ખર્ચ | ૧૬૭ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો | ૬૬ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક | ૨૮ |
| કિશોરસિંહ બા. ચૌહાણ | અમદાવાદ જિલ્લાની મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં નવી લીફ્ટની કામગીરી | ૪૪૭ |
| | ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ રીસર્ચ સેન્ટરનું નવીનીકરણ/વિસ્તરણ | ૨૮૭ |
| | નર્મદા યોજના આધારિત ઝિંઝુંવાડા શાખા–વિશાખા–પ્રશાખા નહેરનો ખર્ચ | ૧૭૪ |
| | રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજનામાં લાભાર્થીને પ્લોટ આપવા માટે સહાય | ૪૫ |
| | વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં નર્મદા નહેરની કામગીરી | ૨૦૮ |
| ગ્યાસુદ્દીન હ. શેખ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૨૨૯ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગૂમ થયેલ બાળકો | ૨૧૭ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા/ઝૂંપડપટ્ટીઓની ગણતરી | ૬૪ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વેચાણ વેરા/વેટ વસુલવાની બાકી સિમેન્ટ | ૮૫ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી હોસ્પીટલ, પ્રાથમિક અને સામુહિક | ૩૩૧ |
| | અમદાવાદ શહેર/જિલ્લામાં દેશી/વિદેશી દારૂ પકડવા અને જુગાર પર દરોડા | ૧૮૬ |
| | ખાનગી ઉદ્યોગ ગૃહો પાસે વીજળી ખરીદવા બાબત | ૨૫ |
| | રાજ્યમાં ગંભીર બીમારીમાં દર્દીને સારવારમાં રાહત | ૩૧૫ |
| ગૌતમભાઇ રા. ચૌહાણ | ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના રસ્તાનું રીકાર્પેટ કરવા અંગે | ૩૩૪ |
| | ખેડા જિલ્લાની સરકારી ગાડીઓમાં લાલ અને પીળી લાઈટના ઉપયોગ માટે અધિકૃત | ૨૯૨ |
| | ખેડા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૧૬૫ |
| | ખેડા જિલ્લામાં ગૌચરની જમીનો ઉપર દબાણ | ૨૭ |
| | ખેડા જિલ્લામાં ભૂમાફીયા વિરૂધ્ધ ફરીયાદો | ૨૦૨ |
| | બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત | ૩૬૯ |

| પુસ્તક.૧૪ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | રાજ્યમાં તાલુકા કક્ષાએ સ્પોર્ટસ સંકુલ બનાવવા બાબત | ૩૨૩ |
| | સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ ચુકવેલ સહાય | ૪૪૪ |
| ચંદ્રિકાબેન છ. બારીયા | બજેટમાં રહેલી ભૂલો અંગેના સુધારા વિલંબથી રજૂ કરવા બાબત | ૩૫૫ |
| | દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પીવાના પાણીની સુવિધા બાબત | ૧૬૧ |
| | દાહોદ જિલ્લામાં અનુસુચિત જાતિના કુમાર અને કન્યા છાત્રાલયો | ૪૪૯ |
| | દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ | ૩૧૭ |
| | દાહોદ જિલ્લામાં કૃષિ તત્કાલ વીજ કનેકશન હેઠળ મળેલ દરખાસ્ત | ૩૨ |
| | દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજ–રેતી ચોરી કરતા જપ્ત કરેલ વાહનો | ૬૯ |
| | દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ૩૪૦ |
| | દાહોદ જિલ્લામાં બક્ષીપંચના કુમાર અને કન્યા છાત્રાલયો | ૪૭૨ |
| | દાહોદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૩૩૩ |
| | દાહોદ જિલ્લામાં સફેદ પથ્થરની લીઝ આપવા બાબત | ૮૮ |
| | દાહોદ શહેરને કડાણા જળાશયનું પાઇપલાઇનથી પાણી | ૨૦૦ |
| ચીમનભાઇ ધ. સાપરીયા | જામનગર જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ ૧૦૮(૬) હેઠળ બાકી કેસ | ૧૫૭ |
| | જામનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો | ૧૯૭ |
